તેથી, હવે, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૫-ની પેટા-કલમ (૨)ના ખંડ (ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણા વિભાગનું તારીખ: ૩૧મી માર્ચ, ૨૦૦૬નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએચએન-૩૫)વીએટી-૨૦૦૬-(એસ.૫) (૨) (૧)-ઠ. નીચે પ્રમાણે સુધારે છે :-

સદરહુ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં,-

(૧) અનુક્રમાંક. ૬૭ ઉપરની નોંધ કમી કરવી.

(૨) અનુક્રમાંક. ૬૮ ઉપરની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી:-

નોંધ ક્રમાંક.	**વેચાણો અથવા ખરીદીઓના વર્ગ.**	**સમગ્ર વેરો અથવા તેના કોઈ ભાગમાંથી મુક્તિ.**	**નિયંત્રણ અને શરતો, કોઈ હોય તો તે.**
૧	૨	૩	૪
"૬૮	અધિનિયમની અનુસૂચિ ૩ની નોંધ ૬માં ઉલ્લેખ કર્યા પ્રમાણે અન્ય કોઈ પ્રકારની મોટર સ્પિરિટના વેચાણો.	વેરાની રકમ રૂપિયે ચોવીસ પૈસા કરતાં વધુ હોય તેટલે સુધી.	........".

આ જાહેરનામાની જોગવાઇઓ, સન ૨૦૧૬ના જાન્યુઆરી મહિનાની ૫મી/૬ઠ્ઠી તારીખની મધ્યરાત્રીથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 8

વાર્ષિક લાવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, JANUARY 25, 2016/MAGHA 5, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા **તારીખ : ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૫** ના ગુજરાત સરકારના **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ**-ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જી/એસએચ/૨૮/વાયએસપી / ૧૦૨૦૧૩/૨૪૪૦ (૬)/બી**- નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the District Sports Officer, Class III, Recruitment Rules, 2015.

જિલ્લા રમતગમત અધિકારી, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ સુધારવા સંબંધી

જાહેરનામું.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર ૩૦/૧૨/૨૦૧૫.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જી/એસએચ/૨૮/વાયએસપી/૧૦૨૦૧૩/૨૪૪૦(ક)/બી:– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, જિલ્લા રમતગમત અધિકારી, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ–

૧. આ નિયમો જિલ્લા રમતગમત અધિકારી, વર્ગ ૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. જિલ્લા રમતગમત અધિકારી, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫માં, નિયમ ૪માં, પેટા–નિયમ (ક)માં, "૩૦ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૩૫ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

રાહુલ પટેલ,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 9

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, JANUARY 25, 2016/MAGHA 5, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના** તારીખ : ૦૯-૧૨-૨૦૧૫ના સરકારી જાહેરનામા **ક્રમાંક : (૧) જીએચ/વી/૨૦૧૫નો ૩૨૮/યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬(૧)-એલ** અને **(૨) જી/એચ/વી/૨૦૧૫નો ૩૩૦/યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬(૩)-એલ** ના ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યા છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Town Planning and Urban Development Act, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

બ્લોક નં. ૧૪, ૯મો માળ,

સચિવાલય, ગાંધીનગર. ૦૯/૧૨/૨૦૧૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંકઃ જીએચ/વી/૨૦૧૫નો ૩૨૮/યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬(૧)-એલઃ-ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંકઃ ૨૭મા) (જેનો આમાં હવે પછી, ''સદરહુ અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૬ની પેટા-કલમ (૧) હેઠળ, તારીખઃ ૩૦.૦૧.૧૯૭૮ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચબી-૨૦-યુડીએ-૧૧૭૭-૬૪૬(૨)-ક્યુ-થી નવસારી નગરપાલિકાને વિસ્તાર વિકાસ સત્તામંડળ તરીકે મુકરર કરવામાં આવેલ હતી;

અને નવસારી વિસ્તાર વિકાસ સત્તામંડળ તરીકે મુકરર કર્યા પછી અને આજુબાજુના વિસ્તારની અંદર વિકાસ વધી ગયા પછી, તે વિસ્તારના આયોજીત વિકાસની જરૂર જણાય છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૨૨ની પેટા-કલમ (૧), (૨), (૨-ક), કલમ ૨૨ની પેટા-કલમ ૫, કલમ ૨૩ની પેટા-કલમ ૩ અને કલમ ૧૦૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી;-

(૧) આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૩માં નિર્દિષ્ટ કરેલ વિસ્તારોને શહેરી વિકાસ વિસ્તાર (જેનો આમાં હવે પછી, ''સદરહુ શહેરી વિકાસ વિસ્તાર'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તરીકે જાહેર કરે છે;

(૨) નવસારી વિસ્તાર વિકાસ સત્તામંડળના વિસ્તારોનું એકીકરણ કરે છે અને નવસારી શહેરી વિકાસ સત્તામંડળ માટે અનુસૂચિના કોલમ ૩માં નિર્દિષ્ટ કરેલા વિકસિત વિસ્તારોની અને આવા વિકસિત વિસ્તારોની હદોની વ્યાખ્યા કરે છે;

(૩) સદરહુ શહેરી વિકાસ વિસ્તારો માટે ''નવસારી શહેરી વિકાસ સત્તામંડળ'' તરીકે ઓળખાતા સત્તામંડળની રચના કરે છે અને તે નીચેના સભ્યોનું બનશે અને સત્તામંડળના મુખ્ય મથક તરીકે નવસારી-ને જાહેર કરે છે.

૧	અધ્યક્ષ	અધ્યક્ષ (રાજય સરકારે નીમવાના)
૨	સચિવ/અગ્ર સચિવ/અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ અથવા નાયબ સચિવના સંવર્ગથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુકત	હોદ્દાની રૂએ સભ્ય
૩	મુખ્ય નગર નિયોજક અથવા સિનિયર (પ્રવર) નગર નિયોજકથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના પ્રતિનિધિ.	હોદ્દાની રૂએ સભ્ય
૪	કલેકટર, જિલ્લો નવસારી	હોદ્દાની રૂએ સભ્ય
૫	જિલ્લા વિકાસ અધિકારી, નવસારી, જિલ્લો : નવસારી	હોદ્દાની રૂએ સભ્ય
૭	પ્રમુખ, નવસારી નગરપાલિકા,	સભ્ય
૮	પ્રમુખ, નવસારી જિલ્લા પંચાયત, નવસારી,	સભ્ય
૯	સિટી એન્જિનિયર, નવસારી નગરપાલિકા	હોદ્દાની રૂએ સભ્ય
૧૧	મુખ્ય કારોબારી સત્તાધિકારી	રાજય સરકારે નીમવાના મુખ્ય કારોબારી સત્તાધિકારી/સભ્ય સચિવ

(૪) નવસારી વિસ્તાર વિકાસ સત્તામંડળની મિલકતો અને હકો, નવસારી વિસ્તાર વિકાસ સત્તામંડળના હોતા બંધ થવાનું અને તે નવસારી શહેરી વિકાસ સત્તામંડળમાં નિહિત હોવાનું જાહેર કરે છે.

અનુસૂચિ

જિલ્લાનું નામ	તાલુકા	ગામ/નગરનું નામ
૧	૨	૩
નવસારી	નવસારી	નવસારી (નગરપાલિકા અને મહેસૂલી વિસ્તાર), આડદા, આમડપોર, આમરી, આસુંદર, ભટાઇ, છાપરા (ભાગ), દાંતેજ, ધામણ, ધારાગીરી, ઇટાળવા, કાદિપોર, કસ્બાપાર, મોગર, મોલધરા, મુનસાડ, નસીલપોર, ઓણચી, પડઘા, પરતાપોર, પરથાન, પેરા, પીનસાડ, સરઇ, સરોના, સીસોદ્રા (ગણેશ), સુપા, તેલાડા, તીઘરા, ઉન, વેજલપોર, વીરાવળ, વીરવાડી, વાડા, જમાલપોર, ચોવીસી, છાપરા, કબિલપોર, કાલીયાવાડી, જલાલપોર (સી.ટી.)
	જલાલપોર	આલક, અલુરા, અરસાણ, આસણા, આટ, ભાઠા, ભીનાર, ભુતસાડ, બોદાલી, બોરસી, છીણમ, ચોખડ, ડાભેલ, ડાલકી, દાંતી, દેલવાડા, દીપલા, એરુ, એથાણ, હાંસાપોર, કડોલી, કાળકાછા, કરાડી, કરણખાટ, ખંભલાવ, કોલાસણા, કોઠમડી, કુચેદ, મછાડ, મગોબ, મંદીર, માણેકપોર, માંગરોળ, મરોલી, મટવાડ, મીરઝાપોર, નાડોદ, નીમલાઇ, પારડી (આલક), પરસોલી, પરુજણ, પેથાણ, પોંસરા, રણોદરા, સડોદરા, સાગરા, સંદલપોર, સીમળગામ, સીમલક, સીસોદ્રા (આલક), ટંકોલી, તવડી, ઉભરાટ, વડોલી, વાંસી, વેસ્મા, વાડા, વિજલપોર (મ), મહુવર (સી.ટી.)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

નીલા મુન્શી,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
હોદ્દાની રૂએ સંયુકત સચિવ.

Notification

Under

The Gujarat Town Planning and Urban Development Act, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૦૯/૧૨/૨૦૧૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંકઃ જીએચ/વી/૨૦૧૫નો ૩૩૦/યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬(૩)-એલઃ- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૪)માં નિર્દિષ્ટ કરેલા ગામોની હકૂમતની અંદરના વિસ્તારોના યોગ્ય વિકાસ અથવા પુન:વિકાસનો ઉદ્દેશ, તેનો સમાવેશ સુરત શહેરી વિકાસ સત્તામંડળના વિકાસ વિસ્તાર સાથે કરીને શ્રેષ્ઠ રીતે પાર પાડવો જાહેર હિતમાં જરૂરી છે;

અને અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા વિસ્તારો માટે આયોજિત વિકાસ જરૂરી છે;

અને કઠોર ગ્રામ પંચાયતને, તારીખ. ૩૦.૦૧.૧૯૭૮ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચબી -૨૦-યુડીએ-૧૧૭૭-૬૪૬(૨)-ક્યુ.થી વિસ્તાર વિકાસ સત્તામંડળ તરીકે મુકરર કરવામાં આવી હતી;

અને હજીરા અને આજુબાજુના વિસ્તારને વિકાસ વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા અને તેના માટે તારીખ. ૧૨.૧૦.૧૯૮૫ના જાહેરનામા ક્રમાંક જીએચવી/૧૨૧/યુડીએ-૧૧૮૧-૫૧૦૦-વી.થી શહેરી વિકાસ સત્તામંડળની રચના કરવામાં આવી હતી;

અને તારીખ. ૨૮.૦૮.૧૯૯૭ના જાહેરનામા ક્રમાંક જીએચવી/૧૦૬/૧૯૯૭/યુડીએ/૧૦૯૭/ એમ/૮૬/કે.થી તારીખ. ૨૮મી ઓગસ્ટ, ૧૯૯૭થી અમલમાં આવે તે રીતે હજીરા વિસ્તાર વિકાસ સત્તામંડળનું વિસર્જન કરવામાં આવ્યું હતું;

અને તારીખ. ૨૮મી ઓગસ્ટ, ૧૯૯૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચવી/૧૯૯૭ના ૧૦૭/ યુડીએ/૧૦૯૭/એમ-૮૬/કે.થી આદેશ કરવામાં આવ્યો હતો કે રાજ્ય દ્વારા હજીરા વિસ્તાર વિકાસ સત્તામંડળનું વિસર્જન થયેથી કરવાના તમામ કાર્યો, જિલ્લા કલેક્ટર સુરત, જિલ્લો સુરત-એ કરવા જોઇશે અને રાજ્યના નગર આયોજન વિભાગના મદદનીશ નગર આયોજકે તેમને મદદ કરવી જોઇશે.

અને સુરત અને આજુબાજુના વિસ્તારને વિકાસ વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા અને તેના માટે તારીખ. ૩૦.૦૧.૧૯૭૮ના જાહેરનામા ક્રમાંક જીએચબી-૨૦-યુડીએ-૧૧૭૭-૬૪૬(૨)-ક્યુ.થી શહેરી વિકાસ સત્તામંડળની રચના કરવામાં આવી હતી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંકઃ ૨૭મા)ની કલમ ૨૨ની પેટા-કલમ (૨ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી;-

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં ઉલ્લેખ કર્યા પ્રમાણેના વિસ્તારને શહેરી વિકાસ વિસ્તાર તરીકે જાહેર કરે છે;

૨. કઠોર વિસ્તાર વિકાસ સત્તામંડળ અને હજીરા વિસ્તાર વિકાસ સત્તામંડળની મિલકતો અને હકો, તેઓના હોતા બંધ થવાનું અને તે સુરત શહેરી વિકાસ સત્તામંડળમાં નિહિત હોવાનું જાહેર કરે છે.

૩. સદરહુ અધિનિયમની કલમ ૨૨ની પેટા-કલમ (૧) હેઠળ તારીખ. ૩૦/૦૧/૭૮ના જાહેરનામા ક્રમાંક જીએચબી/૨૧/યુડીએ.૧૧૭૭/૬૪૨(૩)-ક્યુ ૨.થી સુરત શહેરી વિકાસ સત્તામંડળના વિકાસ વિસ્તારમાં જાહેર કરેલા વિસ્તારોનો સમાવેશ કરીને તેનું એકીકરણ કરે છે અને આવા વિસ્તાર માટે

સુરત શહેરી વિકાસ સત્તામંડળ, નીચેના સભ્યોનું બનશે,

૧	અધ્યક્ષ	અધ્યક્ષ (રાજ્ય સરકારે નીમવાના)
૨	સચિવ/અગ્ર સચિવ/અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ અથવા નાયબ સચિવના સંવર્ગથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના નામનિયુક્ત	હોદ્દાની રૂએ સભ્ય
૩	મુખ્ય નગર નિયોજક અથવા સિનિયર (પ્રવર) નગર નિયોજકથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેમના પ્રતિનિધિ.	હોદ્દાની રૂએ સભ્ય
૪	કલેક્ટર, સુરત, જિલ્લો સુરત	હોદ્દાની રૂએ સભ્ય
૫	જિલ્લા વિકાસ અધિકારી, સુરત, જિલ્લો સુરત	હોદ્દાની રૂએ સભ્ય
૬	સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્થાયી (સ્ટેન્ડિંગ) સમિતિના અધ્યક્ષ	સભ્ય
૭	પ્રમુખ, સુરત જિલ્લા પંચાયત, સુરત.	સભ્ય
૮	પ્રમુખ, કનકપુર નગરપાલિકા	સભ્ય
૯	પ્રમુખ, કનસાડ નગરપાલિકા	સભ્ય
૧૦	સિટી એન્જિનિયર, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન	હોદ્દાની રૂએ સભ્ય
૧૧	મુખ્ય કારોબારી સત્તાધિકારી	રાજ્ય સરકારે નીમવાના મુખ્ય કારોબારી સત્તાધિકારી/સભ્ય સચિવ

અનુસુચિ

નંબર	જિલ્લાનું નામ	તાલુકા	ગામ/નગરનું નામ
૧	૨	૩	૪
૧	સુરત	ચોર્યાસી	દામકા, ભટલાઇ, વાંસવા, રાજગરી, મોરા, લીમલા, સુંવાલી, હજીરા
		ઓલપાડ	તેના, બરબોધન, દિહેણ, ભાંડૂત, સેલુત, નરથાણ, વેલુક, કાસલા ખુર્દ, કાસલા બુજરંગ, કાછોલ, ઓરમા, જાફરાબાદ, માસ્મા, અસ્નાબાદ, ઇશનપોર, ઓલપાડ, કરમલા, અટોદરા, આંધી, ગોલા, મોરથાણ, અછારણ, સાંઢિયેર, પરીઆ, માધર, ખલીપોર, સીથાણ, કંથરાજ, ઓભલા, ભારૂંડી, સિવાણ, સાયણ (સીટી), કુડસદ, સ્યાદલા, કારેલી, કન્યાસી, પીંજરત્ત, દેલાડ, અરિયાણા.
		પલસાણા	જોળવા, દસ્તાન, બગુમરા, સાંકી, તુંડી, બલેશ્વર, ભુતપોર, ગલુડા, ઇસરોલી, પલસાણા, કણાવ, જાત ભરથાણા, માખીંગા, ઇટાળવા
		માંગરોલ	પીપોદરા
		કામરેજ	નનસાડ, કોળી ભરથાણા, શેખપુર, વેલંજા, ઘલુડી, અંત્રોલી, થારોલી, ચોર્યાસી, ભૈરવ, આંબોલી (સીટી), કઠોર, ઘોરણ, પારડી, આખાખોલ, કરજણ, ખોલેશ્વર, કામરેજ, દેલોદ, ડુંગરા, ચલા, જીઓર, ઘાતવા, નેત્રંગ, ધારૂઠા, જોખા, આસ્તા, સેગવા, મોરથાણા, સીમાડી, માંકણા, વલણ, અલુરા, વાસંદા-રૂંઢી, પાલી, પરબ, હલધરૂ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

નીલા મુન્શી,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
હોદ્દાની રૂએ સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 10

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, JANUARY 25, 2016/MAGHA 5, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **કાયદા વિભાગ-ના તારીખ : ૯ઠ્ઠી નવેમ્બર, ૨૦૧૫ના** સરકારી જાહેરનામા **ક્રમાંક : જીકે / ૪૧ / ૨૦૧૫ / જેએસઆર / ૧૯૮૨ / ૯૯૪ / ડી (પાર્ટ-૩)** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Gujarat State Judicial Service Rules, 2005.

ગુજરાત રાજ્ય ન્યાયિક સેવા નિયમો, ૨૦૦૫ સુધારવા સંબંધી

જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી નવેમ્બર, ૨૦૧૫.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીકે/ ૪૧/ ૨૦૧૫/ જેએસઆર/ ૧૯૮૨/ ૯૯૪/ ડી (પાર્ટ-૩) :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૩૪ સાથે વાંચતા અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કર્યા પછી, આથી, ગુજરાત રાજ્ય ન્યાયિક સેવા નિયમો, ૨૦૦૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

(૧) આ નિયમો ગુજરાત રાજ્ય ન્યાયિક સેવા (૨-જા સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

(૨) ગુજરાત રાજ્ય ન્યાયિક સેવા નિયમો, ૨૦૦૫-માં, નિયમ ૭માં,-

(૧) પ્રથમ પરંતુકમાં, "અનામત" એ શબ્દને બદલે, " અનામત રાખવું જોઇશે" એ શબ્દો મૂકવા ;

(૨) પ્રથમ પરંતુકમાં, "(અંધ, ઓછી દૃષ્ટિ અને શ્રવણશક્તિની અશક્તતા સિવાય)" એ કૌંસ અને શબ્દો કમી કરવા ;

(૩) બીજા પરંતુકમાં, "અને કોઇપણ વર્ગમાં" એ શબ્દોથી શરૂ થતાં અને " અનામત સામે ગણતરી કરવી જોઇશે." એ શબ્દોથી પૂર્ણ થતાં ભાગને કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. વોરા,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 11

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, JANUARY 25, 2016/MAGHA 5, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગ**-ના **તારીખ : ૮મી જાન્યુઆરી, ૨૦૧૬**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : (જીએચએન-૫) વીએઆર-૨૦૧૬ (૩૭)-ઠ** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Gujarat Value Added Tax Rules, 2006.

ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ સુધારવા સંબંધી

જાહેરનામું.

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૮મી જાન્યુઆરી, ૨૦૧૬.

ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંક : (જીએચએન-૫) વીએઆર-૨૦૧૬(૩૭)-ઠ :- ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯લા)ની કલમ ૯૮ની પેટા-કલમ (૪)ના પરંતુક હેઠળ નિયમો કરવા અને તેની પૂર્વ પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલાં લેવાનું તેને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯લા)ની કલમ ૯૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૧૯માં, પેટા-નિયમ (૪ક) પછી, નીચેનો પેટા- નિયમ દાખલ કરવો :-

"(૪કક)(ક) કોઇ પ્રોત્સાહન યોજના હેઠળ હકદારી પ્રમાણપત્ર ધરાવતા દરેક રજિસ્ટર થયેલા વેપારીએ, તે વેરા પ્રોત્સાહનનો લાભ મેળવે ત્યાં સુધી, પેટા-નિયમ (૧)માં જોગવાઇ કરેલી રીતે, જેમાં વેપારીએ વેરા ભરતિયા સામે વેચાણ કરેલા માલનું અને વેરા ભરતિયા સામે ખરીદી કરેલા માલનું વર્ણન આપવાનું હોય, તેવા નમૂના ૨૦૩કમાં, તેણે મેળવેલ વેરા પ્રોત્સાહનનું માસિક પત્રક પણ પૂરું પાડવું જોઇશે અને આવું પત્રક જે મહિનાને લગતું હોય તે મહિનાના પૂરા થયાના ત્રીસ દિવસની અંદર ફાઇલ કરવું પડશે.

(ખ) આવા વેપારીએ ઉપર ઉલ્લેખેલ વેરા પ્રોત્સાહન મળવાનો લાભ પૂરો થયેથી, પેટા-નિયમ (૨)ની જોગવાઇઓ મુજબ પત્રક પૂરું પાડવાનું રહેશે.

(ગ) કમિશનર, કોઇ પ્રોત્સાહન યોજના હેઠળ વેરા પ્રોત્સાહનના હેતુ માટે વેપારીએ મેળવેલ અને તેણે (વેપારીએ) રજૂ કરેલ પત્રકોને જાહેર પરિપત્રના માધ્યમથી નિર્દિષ્ટ કરી શકશે."

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૨૦માં, પેટા-નિયમ (૪) પછી, નીચેનો પેટા-નિયમ દાખલ કરવો :-

"(૪ક)(ક) નિયમ ૧૯ના પેટા-નિયમ (૪કક)માં ઉલ્લેખેલા રજિસ્ટર થયેલા દરેક વેપારીએ, નમૂના ૨૦૩માં વાર્ષિક પત્રક પૂરું પાડવું જોઇશે અને નમૂના ૨૦૩ખ અથવા યથાપ્રસંગ, નમૂના ૨૦૪માં પણ વાર્ષિક પત્રક પૂરું પાડવું જોઇશે.

(ખ) કમિશનર, કોઇ પ્રોત્સાહન યોજના હેઠળ વેરા પ્રોત્સાહનના હેતુ માટે વેપારીએ મેળવેલ અને તેણે (વેપારીએ) રજૂ કરેલ પત્રકને જાહેર પરિપત્રના માધ્યમથી નિર્દિષ્ટ કરી શકશે.".

૪. સદરહુ નિયમોમાં, નમૂના ૨૦૩ અને નમૂના ૨૦૪-ને બદલે, નીચેના નમૂના મૂકવા :-

"નમૂનો ૨૦૩

(જુઓ નિયમ ૧૯નો પેટા-નિયમ (૪) અને નિયમ ૨૦નો પેટા-નિયમ (૪ક))

..................મહિનો/ વર્ષ માટેનો માસિક/ વાર્ષિક વેરામાફી પત્રક

(રકમ રૂપિયામાં)

૧	વેપારીનું નામ.	
૨	સરનામું.	
૩	રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર નંબર.	
૪	હકદારી પ્રમાણપત્ર નંબર.	
૫	હકદારી પ્રમાણપત્રમાં મંજૂર કરેલી રકમ.	
૬	મહિના/ વર્ષની શરૂઆતમાં વેરા પ્રોત્સાહનની ઊઘડતી સિલક.	
૭	મહિના/ વર્ષમાં દાવો કરેલા રિફંડની રકમ.	
૮	મહિના/ વર્ષ માટે ભરવાપાત્ર મૂલ્ય વર્ધિત વેરાની રકમ (વેરા શાખ સિવાય).	
૯	મહિના/ વર્ષ માટે ભરવાપાત્ર કેન્દ્રીય વેચાણવેરાની રકમ.	
૧૦	કુલ વેરા પ્રોત્સાહન (૭ + ૮ + ૯).	
૧૧	મહિના/ વર્ષને અંતે વેરા પ્રોત્સાહનની સિલક (૬-૧૦).	

એકરાર

હું .... એકરાર કરું છું કે ઉપરની માહિતી સાચી અને ખરી છે.

સ્થળ :

તારીખ : (અધિકૃત સહી કરનાર)

નમૂનો ૨૦૪

(જુઓ નિયમ ૧૯નો પેટા-નિયમ (૪) અને નિયમ ૨૦નો પેટા-નિયમ (૪ક))

..................મહિનો/ વર્ષ માટેનું માસિક/ વાર્ષિક વેરા વિલંબ પત્રક

(રકમ રૂપિયામાં)

૧	વેપારીનું નામ.	
૨	સરનામું.	
૩	રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર નંબર.	
૪	હકદારી પ્રમાણપત્ર નંબર.	
૫	હકદારી પ્રમાણપત્રમાં મંજૂર કરેલી રકમ.	
૬	મહિના/ વર્ષની શરૂઆતમાં વેરા પ્રોત્સાહનની ઊઘડતી સિલક.	
૭	મહિના/ વર્ષ માટે ભરવાપાત્ર મૂલ્ય વર્ધિત વેરાની રકમ.	
૮	મહિના/ વર્ષ માટે ભરવાપાત્ર કેન્દ્રીય વેચાણવેરાની રકમ.	
૯	વિલંબિત કરવાનો કુલ વેરો (૭ + ૮).	
૧૦	મહિના/ વર્ષને અંતે વેરા પ્રોત્સાહનની સિલક (૬-૯).	

એકરાર

હું .... એકરાર કરું છું કે ઉપરની માહિતી સાચી અને ખરી છે.

સ્થળ :

તારીખ : (અધિકૃત સહી કરનાર) ".

૫. સદરહુ નિયમોમાં નમૂનો ૨૦૩ પછી, નીચેના નમૂના દાખલ કરવા :-

"નમૂનો ૨૦૩ક

(જુઓ નિયમ ૧૯નો પેટા-નિયમ (૪કક))

.... મહિના માટે વેરા પ્રોત્સાહનનું માસિક પત્રક

(ક) વેરા પ્રોત્સાહનની ઉપલબ્ધતા.

(રકમ રૂપિયામાં)

૧	વેપારીનું નામ.	
૨	સરનામું.	
૩	રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર નંબર.	
૪	હકદારી પ્રમાણપત્ર નંબર.	
૫	હકદારી પ્રમાણપત્રમાં મંજૂર કરેલી રકમ.	(૧) કપાસ લોઢવાની પ્રવૃત્તિ (Ginning activitiy) માટે : રૂા. .... (૨) અન્ય પ્રવૃત્તિઓ માટે : રૂા. ....
૬	મહિનાની શરૂઆતમાં વેરા પ્રોત્સાહનની ઊઘડતી સિલક.	(૧) કપાસ લોઢવાની પ્રવૃત્તિ (Ginning activitiy) માટે : રૂા. .... (૨) અન્ય પ્રવૃત્તિઓ માટે : રૂા. ....
૭	મહિનામાં દાવો કરાયેલ રિફંડની રકમ. (નીચેના (ગ)માં ઉલ્લેખેલ યાદી મુજબ)	(૧) કપાસ લોઢવાની પ્રવૃત્તિ માટે : રૂ........ (૨) અન્ય પ્રવૃત્તિઓ માટે: રૂ........
૮	મહિનામાં વેરા ભરપાઇની રકમ. (નીચેના (ખ)માં ઉલ્લેખેલ યાદી મુજબ)	(૧) કપાસ લોઢવાની પ્રવૃત્તિ માટે : રૂ........ (૨) અન્ય પ્રવૃત્તિઓ માટે: રૂ........
૯	મહિના માટે ચૂકવવાપાત્ર મૂલ્ય વર્ધિત વેરાની રકમ.	(૧) કપાસ લોઢવાની પ્રવૃત્તિ માટે : રૂ........ (૨) અન્ય પ્રવૃત્તિઓ માટે: રૂ........
૧૦	મહિના માટે ચૂકવવાપાત્ર કેન્દ્રીય વેચાણ વેરાની રકમ.	(૧) કપાસ લોઢવાની પ્રવૃત્તિ માટે : રૂ........ (૨) અન્ય પ્રવૃત્તિઓ માટે: રૂ........
૧૧	વેરા પ્રોત્સાહનોની કુલ રકમ (૭+૮).	(૧) કપાસ લોઢવાની પ્રવૃત્તિ માટે : રૂ........ (૨) અન્ય પ્રવૃત્તિઓ માટે: રૂ........
૧૨	મહિનાને અંતે વેરા પ્રોત્સાહનની સિલક (૬−૧૧)	(૧) કપાસ લોઢવાની પ્રવૃત્તિ માટે : રૂ........ (૨) અન્ય પ્રવૃત્તિઓ માટે: રૂ........

(ખ) એકમે ઉત્પાદિત કરેલ વેરા પ્રોત્સાહનો માટે હકદાર હોય તેવા માલનું વેચાણ દર્શાવતું પત્રક. (વેરા ભરતિયા સામે)

(બીજી કોલમમાં લાગુ પડતા માલની કક્ષા દર્શાવવી)

INDEX

અનુ ક્રમાંક.	લૉઢેલો કપાસ/ લૉઢેલા કપાસ સિવાયનો અન્ય.	વેરા ભરતિયા નંબર.	તારીખ.	જેની પાસેથી માલ વેચેલ હોય તે રજિસ્ટર થયેલા વેપારીનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર નંબર સહિત નામ.		વેરાપાત્ર માલના વેચાણનું ટર્નઓવર.				
				(ક)		(ખ)				
				નામ	રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર નંબર	ચીજવસ્તુ કોડ સહિત માલનું વર્ણન.	માલનું મૂલ્ય.	વેરો	વધારાનો વેરો.	કુલ.
૧										
૨										
૩										
	કુલ.									

(ગ) વેરા પ્રોત્સાહનો માટે હકદાર થયેલા હોય તેવા પ્રોત્સાહન મેળવેલા એકમોએ માલના ઉત્પાદનમાં વપરાયેલા વેરા પ્રોત્સાહનો માટે હકદાર હોય તેવા માલની ખરીદી દર્શાવતું પત્રક. (વેરા ભરતિયા સામે)

(બીજી કોલમમાં લાગુ પડતા માલની કક્ષા દર્શાવવી)

અનુ ક્રમાંક	લોઢ્યા વગરનો કપાસ/ લોઢ્યા વગરના કપાસ સિવાયનો અન્ય	વેરા ભરતિયા નંબર.	તારીખ.	જેની પાસેથી માલ ખરીદયો હોય તે રજિસ્ટર થયેલા વેપારીનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર નંબર સહિત નામ		વેરાપાત્ર માલના વેચાણનું ટર્નઓવર.				
				(ક)		(ખ)				
				નામ	રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર નંબર	ચીજવસ્તુ કોડ સહિત માલનું વર્ણન	માલનું મૂલ્ય	વેરો	વધારાનો વેરો	કુલ
૧										
૨										
૩										
	કુલ.									

એકરાર

હું, ...(મોટા અક્ષરમાં નામ), આથી એકરાર કરું છું કે ઉપરની યાદીઓ અને કોષ્ટકોમાંની માહિતી સાચી અને ખરી છે અને તેમાં કોઇ જ વિગત છૂપાવવામાં આવી નથી.

વધુમાં, હું એકરાર કરું છું કે અમારા ધંધા અથવા ગોદામ (ગોડાઉન)ના સ્થળનો ઉપયોગ, યોગ્યતા પ્રમાણપત્રમાં પાત્રતા ધરાવતા માલ તરીકે જણાવેલો હોય તેવા કોઇપણ માલ અથવા પાત્રતા ધરાવતા માલના ઉત્પાદન માટે કાચા માલ તરીકે વપરાયેલો હોય તેવા માલનું વેચાણ, ખરીદી અથવા સંગ્રહ કરવાના હેતુથી અન્ય કોઇ વેપારી દ્વારા કરવામાં આવ્યો નથી.

સ્થળ : અધિકૃત સહી કરનારની સહી.
તારીખ : નામ.
દરજ્જો.

નમૂનો ૨૦૩ખ

(જુઓ નિયમ ૨૦નો પેટા-નિયમ (૪ક))

.............થી ....ની મુદત સુધી વેરા પ્રોત્સાહનોનું વાર્ષિક પત્રક

વેરા પ્રોત્સાહનો લીધેલ.

(રકમ રૂપિયામાં)

૧	વેપારીનું નામ.	
૨	સરનામું.	
૩	રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર નંબર.	
૪	હકદારી પ્રમાણપત્ર નંબર.	
૫	હકદારી પ્રમાણપત્રમાં મંજૂર કરેલ રકમ.	(૧) કપાસ લોઢવાની પ્રવૃત્તિ માટે: રૂ........ (૨) અન્ય પ્રવૃત્તિઓ માટે: રૂ........
૬	વર્ષની શરૂઆતમાં વેરા પ્રોત્સાહનની ઉઘડતી સિલક	(૧) કપાસ લોઢવાની પ્રવૃત્તિ માટે: રૂ........ (૨) અન્ય પ્રવૃત્તિઓ માટે: રૂ........
૭	વર્ષ દરમિયાન દાવો કરાયેલ રિફંડની રકમ.	(૧) કપાસ લોઢવાની પ્રવૃત્તિ માટે: રૂ........ (૨) અન્ય પ્રવૃત્તિઓ માટે: રૂ........
૮	વર્ષ દરમિયાન વેરા ભરપાઇની રકમ.	(૧) કપાસ લોઢવાની પ્રવૃત્તિ માટે: રૂ........ (૨) અન્ય પ્રવૃત્તિઓ માટે: રૂ........
૯	વર્ષ માટે ચૂકવવાપાત્ર મૂલ્ય વર્ધિત વેરાની રકમ.	(૧) કપાસ લોઢવાની પ્રવૃત્તિ માટે: રૂ........ (૨) અન્ય પ્રવૃત્તિઓ માટે: રૂ........
૧૦	વર્ષ માટે ચૂકવવાપાત્ર કેન્દ્રીય વેચાણ વેરાની રકમ.	(૧) કપાસ લોઢવાની પ્રવૃત્તિ માટે: રૂ........ (૨) અન્ય પ્રવૃત્તિઓ માટે: રૂ........
૧૧	વેરા પ્રોત્સાહનોની કુલ રકમ (૭+૮).	(૧) કપાસ લોઢવાની પ્રવૃત્તિ માટે: રૂ........ (૨) અન્ય પ્રવૃત્તિઓ માટે: રૂ........
૧૨	વર્ષના અંતે વેરા પ્રોત્સાહનની સિલક (૬-૧૧).	(૧) કપાસ લોઢવાની પ્રવૃત્તિ માટે: રૂ........ (૨) અન્ય પ્રવૃત્તિઓ માટે: રૂ........

એકરાર

હું, ...(મોટા અક્ષરમાં નામ), આથી એકરાર કરું છું કે ઉપરની યાદીઓ અને કોષ્ટકોમાંની માહિતી સાચી અને ખરી છે અને તેમાં કોઇ જ વિગત છૂપાવવામાં આવી નથી.

વધુમાં, હું એકરાર કરું છું કે અમારા ધંધા અથવા ગોદામ (ગોડાઉન)ના સ્થળનો ઉપયોગ, યોગ્યતા પ્રમાણપત્રમાં પાત્રતા ધરાવતા માલ તરીકે જણાવેલો હોય તેવા કોઇપણ માલ અથવા પાત્રતા ધરાવતા માલના ઉત્પાદન માટે કાચા માલ તરીકે વપરાયેલો હોય તેવા માલનું વેચાણ, ખરીદી અથવા સંગ્રહ કરવાના હેતુથી અન્ય કોઇ વેપારી દ્વારા કરવામાં આવ્યો નથી.

સ્થળ : અધિકૃત સહી કરનારની સહી.
તારીખ : નામ.
દરજ્જો."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 12

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, JANUARY 27, 2016/MAGHA 7, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી, જાન્યુઆરી, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા** વિભાગના તારીખ : **૧૫મી જાન્યુઆરી, ૨૦૧૬**ના સરકારી **જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૬) વીએટી-૨૦૧૬-એસ.૫(૨)(૪૭)-ઠ**-નો, ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Government Notification, Finance Department No.(GHN-35)- VAT-2006-(S.5) (2) (1) –TH, dated the 31st March, 2006.

નાણા વિભાગનું તારીખ : ૩૧મી માર્ચ, ૨૦૦૬નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએચએન-૩૫)- વીએટી-૨૦૦૬-(એસ.૫) (૨) (૧)- ઠ. સુધારવા સંબંધી

જાહેરનામું.

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જાન્યુઆરી, ૨૦૧૬.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંકઃ (જીએચએન-૬) વીએટી-૨૦૧૬-એસ.૫(૨)(૪૭)-ઠ :- ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી જણાય છે ;

તેથી, હવે, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણા વિભાગનું તારીખ : ૩૧મી માર્ચ, ૨૦૦૬નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએચએન-૩૫)- વીએટી-૨૦૦૬- (એસ.૫) (૨) (૧)- ઠ, નીચે પ્રમાણે સુધારે છેઃ-

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક ૧૦૧ ઉપરની નોંધમાં, કોલમ ૪માં, ‘‘૧૪મી જાન્યુઆરી, ૨૦૧૬ ’’ એ શબ્દો અને આંકડાને બદલે, ‘‘૧૪મી જાન્યુઆરી, ૨૦૧૭’’ એ શબ્દો અને આંકડા મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.મેકવાન,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 13

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, JANUARY 27, 2016/MAGHA 7, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૧૩-૦૧-૨૦૧૬ના ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (૧) જીયુ-૨૦૧૬-(૧) બીઆરટી/૧૦૨૦૦૯/૬૩૫/ડી-૩ અને (૨) જીયુ-૨૦૧૬-(૨) બીઆરટી/૧૦૨૦૦૯/૬૩૮/ડી-૩. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Royalty Inspector, Class III, Recruitment Rules, 2015.

રોયલ્ટી ઈન્સ્પેક્ટર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખ: ૧૩-૦૧-૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંક: જીયુ-૨૦૧૬-(૧) બીઆરટી-૧૦૨૦૦૯-૬૩૫-ડીડ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, રોયલ્ટી ઈન્સ્પેક્ટર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો રોયલ્ટી ઈન્સ્પેક્ટર, વર્ગ ૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. રોયલ્ટી ઈન્સ્પેક્ટર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫માં, નિયમ ૪માં, ખંડ (ક)માં, "૩૨ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૩૭ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એસ.પ્રજાપતિ,

સરકારના સંયુક્ત સચિવ.

Notification

Regarding

Amendment to the Mines Supervisor, Class III, Recruitment Rules, 2015.

માઈન્સ સુપરવાઈઝર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખ: ૧૩-૦૧-૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંક: જીયુ-૨૦૧૬-(૨) બીઆરટી/૧૦૨૦૦૯/૬૩૮/ડીડ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, માઈન્સ સુપરવાઈઝર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો માઈન્સ સુપરવાઈઝર, વર્ગ ૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. માઈન્સ સુપરવાઈઝર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫માં, નિયમ ૩માં, ખંડ (ક)માં, "૩૦ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૩૫ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એસ.પ્રજાપતિ,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 14

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, JANUARY 27, 2016/MAGHA 7, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ-ના તારીખ : ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : બીઆરટી-૧૦૨૦૦૯/૬૩૭/ડી-૩નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Corrigendum
to
The Government Notification, Industries and Mines Department No. BRT-102009-637-D.3 dated 23-10-2015.

ઉદ્યોગ અને ખાણ વિભાગના તારીખઃ૨૩-૧૦-૨૦૧૫ના સરકારી જાહેરનામા ક્રમાંક . બીઆરટી-૧૦૨૦૦૯-૬૩૭-ડી.૩નું શુદ્ધિપત્ર.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ બીઆરટી-૧૦૨૦૦૯-૬૩૭-ડી.૩:-ભૂસ્તરીય મદદનીશ, વર્ગ-૩, ભરતી (રદ કરવા બાબત) નિયમો, ૨૦૧૫ સંબંધી ઉદ્યોગ અને ખાણ વિભાગના તારીખઃ ૨૩-૧૦-૨૦૧૫ના સરકારી જાહેરનામા ક્રમાંક . બીઆરટી-૧૦૨૦૦૯-૬૩૭-ડી.૩-માં, નિયમ ૧માં, પેટા-નિયમ (૨)માં, "રોયલ્ટી ઈન્સ્પેક્ટર, વર્ગ ૨" એ શબ્દો અને આંકડાને બદલે, "રોયલ્ટી ઈન્સ્પેક્ટર, વર્ગ ૩" એ શબ્દો અને આંકડા તરીકે વાંચવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

અશોક આઈ. શાહ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 15

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, JANUARY 29, 2016/MAGHA 9, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૫મી જાન્યુઆરી, ૨૦૧૬ના ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીપી-૧-આરઆરએસ-એમકેએમ-૧૦૨૦૧૩/૧૭૯૧(૬)-છ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

...... Class-II, Directorate ...... Rules, 2015.

...... તીય ઔષધપદ્ધતિ અને હોમિયોપથી ......

...... ભાગ,

...... જાન્યુઆરી, ૨૦૧૬.

...૧૩-૧૭૯૧(ક)-ક:ભારતના સંવિધાનના અનુચ્છેદ ...
...ના, ભારતીય ઔષધપદ્ધતિ અને હોમિયોપથી નિયામકની કચેરી, ...
રા... ...તબીબી અધિકારી (હોમિયોપથી)/તબીબી અધિકારી (હોમિયોપથી), ...
જગા ૫... ...કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ ... અધિકારી (હોમિયોપથી)/તબીબી અધિકારી (હોમિયોપથી), વર્ગ ૨, ...
ઔષ... નિયામકની કચેરી, ભરતી નિયમો, ૨૦૧૫ક હેવાશે.

૨. ભારતીય ... અને હોમિયોપથી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય – હેઠળ, સામાન્ય રાજ્ય સેવામાં, ...
તબીબી અધિ... ...મિયોપથી)/તબીબી અધિકારી (હોમિયોપથી), વર્ગ ૨ ની જગા ઉપરની નિમણૂક,-

(ક) (૧) જેણે ભારતીય ઔષધ પદ્ધતિ અને હોમિયોપથી નિયામકની કચેરીની તાબાની સેવાઓમાં, હોમિયો... તબીબી અધિકારી, વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા સાત વર્ષ સુધી કામ કર્યું હોય;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુ... કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય; અને

(૩) હોમિયોપથી કેન્દ્રીય કાઉન્સિલ અધિનિયમ, ૧૯૭૩ની બીજી અનુસૂચિમાં સમાવિષ્ટ કરેલ હોમિયોપ... પદવી ધરાવતી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુ... ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને... જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ ક... મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

3. નિયમ ૨માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે,ઉમેદવાર-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અ... અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય મર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી

અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી ... યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ 3 હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે ... થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થાની હોમિયોપથી કેન્દ્રીય કાઉન્સિલ અધિનિયમ, ૧૯૭૩ની ... અનુસૂચિમાં સમાવિષ્ટ કરેલ હોમિયોપથીની પદવી ધરાવતો હોવો જોઇશે;

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, કોમ્પ્યુ... ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી (પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા) નિયમો, ૧૯૭૦ની જોગવાઇઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે,પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષાનિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલો ઉમેદવાર, સીધી પસંદગી માટે તેની અરજીના સમયે તે એવી રીતે રજિસ્ટર થયેલ ન હોય, તો તેણે, ગુજરાત હોમિયોપેથિક અધિનિયમ, ૧૯૬૩ હેઠળ ગુજરાત હોમિયોપેથિક કાઉન્સિલમાં પોતાનું રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

૯. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી.જી.વણઝારા,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 16

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, JANUARY 29, 2016/MAGHA 9, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૧૬મી ડિસેમ્બર, ૨૦૧૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીજી-૭૯-૨૦૧૫-વીડીઆર-૨૦૦૬-૨૯૯૬-ઈ.૧.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Government Notification, Education and Labour Department No. GH/SH/197/BPA-1070/19560(1)-P, dated the 1st April, 1975.

શિક્ષણ અને મજૂર વિભાગનું તારીખ: ૧લી એપ્રિલ, ૧૯૭૫નું સરકારી જાહેરનામું ક્રમાંકઃ જીએચ/એસએચ/૧૯૭/બીપીએ-૧૦૭૦/૧૯૫૬૦(૧)-પી. સુધારવા સંબંધી

જાહેરનામું.

ગૃહ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખ: ૧૬મી ડિસેમ્બર, ૨૦૧૫.

ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક. જી.જી/૭૯/૨૦૧૫/વીડીઆર/૨૦૦૬/૨૯૯૬/ઈ.૧:- ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫માં)ની કલમ ૬ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે તેને અન્ય તમામ સત્તા આપીને, ગુજરાત સરકાર, આથી, શિક્ષણ અને મજૂર વિભાગનું તારીખ: ૧લી એપ્રિલ, ૧૯૭૫નું સરકારી જાહેરનામું ક્રમાંકઃ જીએચ/એસએચ/૧૯૭/બીપીએ-૧૦૭૦/૧૯૫૬૦(૧)-પી. નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક. ૩૮ ઉપરની નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી:-

અનુ-ક્રમાંક		અધિકારીનો હોદ્દો	ક્યાં વિસ્તારમાં સત્તા વાપરી શકાશે તે	કંઇ સત્તા વાપરી શકાશે તે
		(૧)	(૨)	(૩)
"૩૯.	(૧)	(૧) મેનેજર, મેસર્સ હોરિઝોન હોસ્પિટાલિટી, પીજ ચાર રસ્તા, એન.એચ.(નેશનલ હાઇવે)-૮, નડિયાદ, જિલ્લો- ખેડા.	મેસર્સ હોરિઝોન હોસ્પિટાલિટી, પીજ ચારે રસ્તા, એન. એચ. (નેશનલ હાઇવે)-૮- નડિયાદ, જિલ્લો- ખેડાના મકાનો.	કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલી, હોટલમાં રોકાયેલી હોય અથવા ન રોકાયેલી હોય તે વ્યકિતને મુલાકાતીઓની પરમિટ અથવા સહેલાણીઓની પરમિટ આપવા માટે કલમો ૪૬ અને ૪૬અ હેઠળની સત્તા.
		(૨) મેસર્સ હોરિઝોન હોસ્પિટાલિટી, પીજ ચાર રસ્તા, એન. એચ.(નેશનલ હાઇવે)-૮-નડિયાદ, જિલ્લો-ખેડા ખાતે નિમાયેલા નશાબંધી અને આબકારી સબ-ઇન્સ્પેકટર.	ઉપર મુજબ	ઉપર મુજબ
	(૨)	(૧) મેનેજર, મેસર્સ નારાયણી હોટેલ્સ એન્ડ રિસોર્ટ્સ પ્રા. લિ., ગાંધીનગર.	મેસર્સ નારાયણી હોટેલ્સ એન્ડ રિસોર્ટ્સ પ્રા.લિ., ગાંધીનગરના મકાનો.	કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલી, હોટલમાં રોકાયેલી હોય અથવા ન રોકાયેલી હોય તે વ્યકિતને મુલાકાતીઓની પરમિટ અથવા સહેલાણીઓની પરમિટ આપવા માટે કલમો ૪૬ અને ૪૬અ હેઠળની સત્તા.
		(૨) મેસર્સ નારાયણી હોટેલ્સ એન્ડ રિસોર્ટ્સ પ્રા.લિ., ગાંધીનગર ખાતે નિમાયેલા નશાબંધી અને આબકારી સબ-ઇન્સ્પેકટર.	ઉપર મુજબ	ઉપર મુજબ

INDEX

અનુ-ક્રમાંક	અધિકારીનો હોદ્દો		ક્યાં વિસ્તારમાં સત્તા વાપરી શકાશે તે	કંઇ સત્તા વાપરી શકાશે તે
	(૧)		(૨)	(૩)
	(૩)	(૧) મેનેજર, મેસર્સ શ્રી ગુરુકૃપા શ્રદ્ધા રીયાલિટિઝ પ્રા.લિ., હોટેલ્સ ધ ફર્ન રેસિડન્સી, રાજકોટ.	મેસર્સ શ્રી ગુરુકૃપા શ્રદ્ધા રીયાલિટિઝ પ્રા. લિ.ના મકાનો, હોટેલ્સ ધ ફર્ન રેસિડન્સી, રાજકોટ.	કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલી, હોટલમાં રોકાયેલી હોય અથવા ન રોકાયેલી હોય તે વ્યકિતને મુલાકાતીઓની પરમિટ અથવા સહેલાણીઓની પરમિટ આપવા માટે કલમો ૪૬ અને ૪૬અ હેઠળની સત્તા.
		(૨) મેસર્સ શ્રી ગુરુ કૃપા શ્રદ્ધા રીયાલિટિઝ પ્રા. લિ., હોટેલ્સ ધ ફર્ન રેસિડન્સી, રાજકોટ ખાતે નિમાયેલા નશાબંધી અને આબકારી સબ-ઈન્સ્પેક્ટર.	ઉપર મુજબ	ઉપર મુજબ
	(૪)	(૧) મેનેજર, મેસર્સ નીલમબાગ હોટેલ્સ વિજય મહેલ હોટેલ્સ પ્રા.લિ., નીલમબાગ, ભાવનગર.	મેસર્સ નીલમબાગ હોટેલ્સ વિજય મહેલ હોટેલ્સ પ્રા. લિ., નીલમબાગ, ભાવનગરના મકાનો.	કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલી, હોટલમાં રોકાયેલી હોય અથવા ન રોકાયેલી હોય તે વ્યકિતને મુલાકાતીઓની પરમિટ અથવા સહેલાણીઓની પરમિટ આપવા માટે કલમો ૪૬ અને ૪૬અ હેઠળની સત્તા.
		(૨) મેસર્સ. નીલમ-બાગ હોટેલ્સ વિજય મહેલ હોટેલ્સ પ્રા.લિ., નીલમબાગ, ભાવનગર ખાતે નિમાયેલા નશાબંધી અને આબકારી સબ-ઈન્સ્પેક્ટર.	ઉપર મુજબ	ઉપર મુજબ."

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

સી. બી. ભગત,
સરકારના સંયુકત સચિવ,
ગૃહ વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 17

वार्षिक લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, JANUARY 29, 2016/MAGHA 9, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તારીખ : ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ-૨૦૧૫-૫૫-બીઆરટી-૧૦૨૦૧૪-૧૦૩૨-ડી.૨ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Superintendent (Training), Class III, Recruitment Rules, 2015.

સુપરિન્ટેન્ડેન્ટ(તાલીમ), વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૫ સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખ:૨૧મી ડિસેમ્બર, ૨૦૧૫.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીયુ/ ૨૦૧૫/ ૫૫/ બીઆરટી/ ૧૦૨૦૧૪/ ૧૦૩૨/ડી-૨:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુક મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજયની તાબાની સેવામાં, સુપરિન્ટેન્ડેન્ટ (તાલીમ), વર્ગ૩-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા માટે નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો સુપરિન્ટેન્ડેન્ટ (તાલીમ), વર્ગ-૩ ભરતી નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજયની તાબાની સેવામાં, સુપરિન્ટેન્ડેન્ટ (તાલીમ), વર્ગ-૩-ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજય-ની તાબાની સેવામાં, મદદનીશ પ્રશિક્ષક, વર્ગ-૩-ના સંવર્ગમાં ઓછામાં ઓછું પાંચ વર્ષ કામ કર્યું હોય; અને

(૨) સરકાર ઠરાવે તેવી ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાયકે ઉપર પેટા-ખંડ (૧) નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. સીધી પસંદગીથી અને બઢતીથી કરવાની નિમણૂક અનુક્રમે ૧:૧ના પ્રમાણમાં કરવી જોઇશે.

૪. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય મર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી નીચેના વિષયો પૈકીના કોઇપણ એક વિષયમાં એન્જિનિયરિંગ અથવા ટેકનોલોજીમાં પદવી ધરાવતો હોવો જોઇશે;

(૧) ઓટોમોબાઇલ (૨) કેમિકલ (૩) કોમ્પ્યુટર (૪) ઇલેક્ટ્રિકલ એન્ડ ઇલેક્ટ્રોનિક્સ (૫) ઇલેક્ટ્રિકલ (૬) ઇન્ફોર્મેશન ટેકનોલોજી (૭) ઇન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ (૮) મિકેનિકલ (૯)મેકાટ્રોનિક્સ (૧૦) મેટલર્જી (૧૧) પ્લાસ્ટિક ટેકનોલોજી (૧૨) પાવર ઇલેક્ટ્રોનિક્સ (૧૩) ટેક્સટાઇલ પ્રોસેસિંગ ટેકનોલોજી (૧૪) ટેક્સટાઇલ મેન્યુફેકચરિંગ ટેકનોલોજી,

અથવા

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી ઉપર ખંડ (૧)માં જણાવ્યા પ્રમાણેના વિષયો પૈકીના કોઇપણ એક વિષયમાં એન્જિનિયરિંગ અથવા ટેકનોલોજીમાં ડિપ્લોમા ધરાવતો હોવો જોઇશે; અને

(ક) કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં,મદદનીશ પ્રશિક્ષક, વર્ગ-૩ના દરજ્જાથી ઊતરતી ન હોય તેવી જગા પરનો આશરે બે વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે;

અથવા

(ખ) કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, મદદનીશ પ્રશિક્ષક, વર્ગ-૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા પરનો, સરકારમાં અથવા સ્થાનિક સત્તામંડળોમાં અથવા સરકાર હસ્તકના બોર્ડમાં અથવા કોર્પોરેશનમાં અથવા ભારતમાં કાયદાથી સ્થાપિત લિમિટેડ કંપનીમાં સંબંધિત ક્ષેત્રમાંનો, આશરે બે વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે.

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯-કની જોગવાઇઓ લાગુ પડશે.

૬. પસંદગી પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. બઢતીથી અથવા સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૮. પસંદગી પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. બી. મુનિ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 18

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, JANUARY 30, 2016/MAGHA 10, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૬ના ગુજરાત સરકારના નાણા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૧૦)-વીએટી-૨૦૧૫-એસ-૧૧-(૬)(૫)-ઠનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Government Notification, Finance Department No.(GHN-14) VAT-2010-S.11 (6) (2)-TH, dated the 29th June, 2010.

નાણા વિભાગનું તારીખ: ૨૯મી જૂન, ૨૦૧૦નું સરકારી જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૧૪) વીએટી-૨૦૧૦-એસ.૧૧ (૬) (૨)-ઠ. સુધારવા સંબંધી

જાહેરનામું.

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૬.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંક. (જીએચએન-૧૦) વીએટી-૨૦૧૫-એસ.૧૧ (૬) (૫)-ઠ:- ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી, હવે, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯૫)ની કલમ ૧૧ની પેટા-કલમ (૬)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણા વિભાગનું તારીખ: ૨૯મી જૂન, ૨૦૧૦નું સરકારી જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૧૪) વીએટી-૨૦૧૦-એસ.૧૧ (૬) (૨)-ઠ. નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક. ૨-ની નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી:-

નોંધ ક્રમાંક	**માલનું વર્ણન**	**સમગ્ર અથવા આંશિક વેરા શાખને પાત્ર ન હોવા બાબત.**	**નિયંત્રણ અને શરતો, કોઈ હોય તો.**
૧	૨	૩	૪
"૩	તમાકુમાંથી બનાવેલ સિગારેટ	સમગ્ર વેરો	આંતરરાજ્ય વેપાર અને વાણિજ્ય વ્યવહાર દરમિયાન માલ વેચવામાં/ફરીથી વેચવામાં આવે, ત્યારે ઈનપુટ વેરા શાખ ઘટાડવામાં આવશે.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 19

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, FEBRUARY 2, 2016/MAGHA 13, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી ફેબ્રુઆરી, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તારીખ : ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૬ના સરકારી **જાહેરનામા ક્રમાંક :** જીયુ-૨૦૧૬-૧૩-બીઆરટી-૧૦૨૦૦૭-૨૬૩૨-ડીનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Chief Industrial Advisor, Class-I, Recruitment Rules, 2009.

મુખ્ય ઔદ્યોગિક સલાહકાર, વર્ગ-૧ ભરતી નિયમો, ૨૦૦૯ સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખ: ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૬.

ક્રમાંકઃ જીયુ/ ૨૦૧૬/ ૧૩/ બીઆરટી/ ૧૦૨૦૦૭/ ૨૬૩૨/ ડી-૧:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, મુખ્ય ઔદ્યોગિક સલાહકાર, વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૦૯ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો મુખ્ય ઔદ્યોગિક સલાહકાર, વર્ગ-૧ ભરતી (પ્રથમ સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. મુખ્ય ઔદ્યોગિક સલાહકાર, વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૦૯માં, નિયમ ૩માં,-

(૧) ખંડ (ક)માં, "૫૨ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૪૫ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા;

(૨) ખંડ (ખ)માં, પેટા-ખંડ (૨)માં, "પીએચ.ડી. પદવી ધારકો માટે આશરે પંદર વર્ષનો અનુભવ અને અનુસ્નાતક પદવી ધારકો માટે આશરે વીસ વર્ષનો અનુભવ" એ શબ્દોને બદલે, "પીએચ.ડી. પદવી ધારકો માટે આશરે આઠ વર્ષનો અનુભવ અને અનુસ્નાતક પદવી ધારક માટે આશરે દસ વર્ષનો અનુભવ" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એસ.પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 20

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, FEBRUARY 3, 2016/MAGHA 14, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૫મી જાન્યુઆરી, ૨૦૧૬ના ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-એસએચ-૧-૨૦૧૫-એમકેએમ-૧૦૨૦૧૪-૩૬૨૪૮-છનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Probation Officer, Class III, Recruitment Rules, 2016.

પ્રોબેશન (પરિવીક્ષા) અધિકારી, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખ: ૫મી જાન્યુઆરી, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીએચ-એસએચ-૧-૨૦૧૫-એમકેએમ-૧૦૨૦૧૪-૩૬૨૪૮-છ : ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, પ્રોબેશન (પરિવીક્ષા) અધિકારી, વર્ગ૩ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો પ્રોબેશન (પરિવીક્ષા) અધિકારી, વર્ગ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો, પ્રોબેશન (પરિવીક્ષા) અધિકારી, વર્ગ૩ એટલે આ નિયમો સાથે જોડેલા એનેક્ષરમાં સમાવિષ્ટ જગાઓ.

૩. સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, પ્રોબેશન (પરિવીક્ષા) અધિકારી, વર્ગ૩ની જગા ઉપરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઇશે..

૪. નિયમ ૩-માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય મર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી મુખ્ય વિષય તરીકે સામાજિક કાર્ય અથવા સમાજશાસ્ત્ર અથવા મનોવિજ્ઞાનમાં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે;

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૫. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક-ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

INDEX

એનેક્ષર

(જુઓ નિયમ ૨)

અનુક્રમાંક.	**જગાનું નામ**
(૧)	પ્રોબેશન (પરિવીક્ષા) અધિકારી, વર્ગ ૩;
(૨)	જિલ્લા પ્રોબેશન (પરિવીક્ષા) અધિકારી, વર્ગ ૩;
(૩)	કેસ વર્કર, વર્ગ ૩;
(૪)	લાયઝન (જનસંપર્ક) અધિકારી, વર્ગ ૩;
(૫)	પુરૂષો અને સ્ત્રીઓ માટેના રાજ્યગૃહના મદદનીશ અધીક્ષક, વર્ગ ૩;
(૬)	સામુહિક સંચાલક, વર્ગ ૩;
(૭)	પ્રોબેશન (પરિવીક્ષા) અધિકારી–સહ–અધીક્ષક, વર્ગ ૩.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એલ. ભગોરા,

સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 21

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, FEBRUARY 3, 2016/MAGHA 14, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૨૩મી ડિસેમ્બર, ૨૦૧૫ના ગુજરાત સરકારના **શિક્ષણ વિભાગના** સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચ-એસએચ-૨૦૧૫ નો ૫૧-બીઆરટી-૧૨૨૦૧૪-૧૭૪૩-એલ.**નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
The Auditor Group 1, Class III Recruitment Rules, 2015.

ઓડિટર ગ્રૂપ ૧, વર્ગ ૩ ભરતી નિયમો, ૨૦૧૫ સંબંધી

જાહેરનામું.

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખઃ ૨૩મી ડિસેમ્બર, ૨૦૧૫.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીએચ/એસએચ/૨૦૧૫નો ૫૧/બીઆરટી/૧૨૨૦૧૪/૧૭૪૩/એલઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, શાળા અને મધ્યાહન ભોજન કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, ઓડિટર ગ્રૂપ ૧, વર્ગ ૩ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો, ઓડિટર ગ્રૂપ ૧, વર્ગ ૩ ભરતી નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. શાળા અને મધ્યાહન ભોજન કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, ઓડિટર ગ્રૂપ ૧, વર્ગ ૩ ની જગા ઉપરની નિમણૂક, જેણેઃ-

(ક) (૧) શાળા અને મધ્યાહન ભોજન કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, મુખ્ય કારકુન (હેડ કલાર્ક), હિસાબનીશ અથવા સિનિયર ઓડિટર, વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (ક)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, લેખિતમાં કારણોની નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (ક)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે-તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે;

3. નિયમ ૨-માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે

ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે; અથવા સરકારે તે તરીકે માન્ય કરેલ તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેની પૂરતી જાણકારી ધરાવતો હોવો જોઈશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯– ક ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર.એ.પ્રજાપતિ,
સરકારના ઉપસચિવ,

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 22

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, FEBRUARY 4, 2016/MAGHA 15, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ફેબ્રુઆરી, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા **તારીખ ૨૨મી જાન્યુઆરી, ૨૦૧૬ના** ગુજરાત સરકારના **ઉદ્યોગ અને ખાણ વિભાગના** સરકારી જાહેરનામા **ક્રમાંક : જીયુ-૨૦૧૬-૧૦-બીઆરટી-૧૦૨૦૦૭-૧૪૨૩-ડી-૨** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Mechanic, Class III, Recruitment Rules, 2015.

મિકેનિક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર ૨૨મી જાન્યુઆરી, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીયુ/૨૦૧૬/૧૦/બીઆરટી/૧૦૨૦૦૭/૧૪૨૩/ડી-૨:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, મિકેનિક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો મિકેનિક, વર્ગ ૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. મિકેનિક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫માં, નિયમ ૩માં, ખંડ (ક)માં, "૨૮ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૩૩ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. બી. મુનિ,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 23

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, FEBRUARY 4, 2016/MAGHA 15, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ફેબ્રુઆરી, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા **તારીખ ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૬ના** ગુજરાત સરકારના **માહિતી અને પ્રસારણ વિભાગના** સરકારી જાહેરનામા **ક્રમાંક : (જીએચટી-૨૦૧૬-૨)એમએનઆર-૧૦૨૦૧૬-૬૯-એ.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Entertainments Tax Act, 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ

જાહેરનામું.

માહિતી અને પ્રસારણ વિભાગ,

૨/૯, સરદાર ભવન,

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૬.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંકઃ (જીએચટી/૨૦૧૬/૨) એમએનઆર/૧૦૨૦૧૬/૬૯/એઃ– ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા) (જેનો આમાં હવે પછી, ''અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૨૯ની પેટા-કલમ (૧)ના ખંડ (ક) અને (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મેસર્સ સુરાણી પિક્ચર્સ, મુંબઇ-એ નિર્માણ કરેલી હિન્દી ફિચર ફિલ્મ **''ચોક એન ડસ્ટર (CHALK N DUSTER)''** પ્રદર્શિત કરવાને, નીચેની શરતોને અધીન રહીને, અધિનિયમની કલમ ૩ હેઠળ લેવાપાત્ર કરના ૧૦૦ ટકા જેટલો મનોરંજન કર ભરવામાંથી મુક્તિ આપે છે.

(૧) મનોરંજન કર ભરવામાંથી આ મુક્તિ, આ જાહેરનામાની પ્રસિદ્ધિની તારીખથી મળી શકશે.

(૨) પ્રવેશ દરો, લેવાપાત્ર કરની રકમ જેટલા ઘટાડવા.

(૩) મનોરંજન કર ભરવામાંથી આ મુક્તિ, અધિનિયમની જોગવાઇઓ અનુસાર મળી શકશે.

(૪) ઉપર જણાવેલી શરતો પૈકીની કોઇ પણ શરતના, અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓના ભંગના પ્રસંગે, નિયત અધિકારીએ, અધિનિયમની કલમ ૩૦ હેઠળ પગલાં લેવા જોઇશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એલ.પટેલ,
સરકારના સંયુક્ત સચિવ,
માહિતી અને પ્રસારણ વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 24

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, FEBRUARY 4, 2016/MAGHA 15, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ફેબ્રુઆરી, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા **તારીખ ૧૮મી જાન્યુઆરી, ૨૦૧૬ના** ગુજરાત સરકારના **સામાન્ય વહીવટ વિભાગના** સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએસ-૫-૨૦૧૫-સીઆરઆર-૧૧-૨૦૧૫-૩૬૫૬૦-જી.૫** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Senior Clerk, Class III, in the subordinate service of the Non Secretariat Departments and Offices of the State of Gujarat, Recruitment Rules, 2015.

ગુજરાત રાજ્યના બિન-સચિવાલય વિભાગો અને કચેરીઓની તાબાની સેવામાં, સિનિયર કારકુન, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ સુધારવા સંબંધી

જાહેરનામું.

સામાન્ય વહીવટ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી જાન્યુઆરી, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીએસ/૫/૨૦૧૫/સીઆરઆર/૧૧/૨૦૧૫/૩૬૫૬૦/જી.૫ :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત રાજ્યના બિન-સચિવાલય વિભાગો અને કચેરીઓની તાબાની સેવામાં, સિનિયર કારકુન, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત રાજ્યના બિન-સચિવાલય વિભાગો અને કચેરીઓની તાબાની સેવામાં, સિનિયર કારકુન, વર્ગ ૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત રાજ્યના બિન-સચિવાલય વિભાગો અને કચેરીઓની તાબાની સેવામાં, સિનિયર કારકુન, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫માં, નિયમ ૫માં, ખંડ (ક)માં, "૩૦ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૩૫ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ.એચ.મનસુરી,
સરકારના નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 25

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, FEBRUARY 4, 2016/MAGHA 15, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ફેબ્રુઆરી, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તારીખ ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી-એસએચ-૦૧-વાયએસપી-૧૦૨૦૧૩-૨૪૪૦ (૭)-બી-**નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Prant Yuva Vikas Adhikari, Class III, Recruitment Rules, 2015.

પ્રાંત યુવા વિકાસ અધિકારી, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ સુધારવા સંબંધી

જાહેરનામું.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જી/ એસએચ/ ૦૧/ વાયએસપી / ૧૦૨૦૧૩ /૨૪૪૦ (૭)/ બીઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, પ્રાંત યુવા વિકાસ અધિકારી, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો પ્રાંત યુવા વિકાસ અધિકારી, વર્ગ ૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. પ્રાંત યુવા વિકાસ અધિકારી, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫-માં, નિયમ (૩)માં, પેટા-નિયમ (ક)માં, "૩૧ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૩૬ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

રાહુલ પટેલ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 26

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, FEBRUARY 4, 2016/MAGHA 15, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ફેબ્રુઆરી, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના** તારીખ ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-વી-૨૦૧૬નો ૧૮-ડીપીસી-૧૦૯૭-૧૩૮૪-પાર્ટ-૨-વી-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Metropolitan Planning Committees Act, 2008.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ હેઠળ

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૬.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮.

ક્રમાંક: જીએચ/વી/૨૦૧૬નો ૧૮/ ડીપીસી/૧૦૯૭/ ૧૩૮૪/ પાર્ટ-૨/વી:- ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૮ના ગુજરાત અધિનિયમ ક્રમાંક. ૧૮મા)ની કલમ ૧ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ તરીકે સન ૨૦૧૬ના જાન્યુઆરી મહિનાની ૨૧મી તારીખ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કેતન સુથાર,

સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 27

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, FEBRUARY 4, 2016/MAGHA 15, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ફેબ્રુઆરી, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તારીખ ૧૮મી જાન્યુઆરી, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ-૨૦૧૬-૬-બીઆરટી-૧૦૨૦૧૪-૧૦૩૧-ડી.૨-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Assistant Instructor, Class III, in the Commissionerate of Cottage and Rural Industries, Recruitment Rules, 2016.

કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરીમાં, મદદનીશ પ્રશિક્ષક (આસિસ્ટન્ટ ઇન્સ્ટ્રક્ટર), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી જાન્યુઆરી, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જીયુ/ ૨૦૧૬/ ૬/ બીઆરટી/ ૧૦૨૦૧૪/ ૧૦૩૧/ ડી. ૨:–ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, મદદનીશ પ્રશિક્ષક (આસિસ્ટન્ટ ઇન્સ્ટ્રક્ટર), વર્ગ ૩ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છે :–

૧. આ નિયમો કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરીમાં, મદદનીશ પ્રશિક્ષક (આસિસ્ટન્ટ ઇન્સ્ટ્રક્ટર), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, મદદનીશ પ્રશિક્ષક (આસિસ્ટન્ટ ઇન્સ્ટ્રક્ટર), વર્ગ ૩ની જગા ઉપરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨માં જણાવેલી જગા ઉપર નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,–

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર, અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ગુજરાત ટેકનિકલ પરીક્ષા બોર્ડ અથવા ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલો એન્જિનિયરિંગ અથવા ટેકનોલોજીમાં ડિપ્લોમા ધરાવતો હોવો જોઇશે; અથવા

(૨) સરકારે માન્ય કરેલી સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થામાંથી સંબંધિત વ્યવસાયમાં બે વર્ષનો વ્યવસાય પ્રમાણપત્ર અભ્યાસક્રમ પાસ કરેલો હોવો જોઇશે અને સરકારી અથવા સ્થાનિક સંસ્થા અથવા સરકાર હસ્તકના બોર્ડ અથવા કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીનો, આ નિયમો સાથે જોડેલા એનેક્ષર ૧માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના સંબંધિત વ્યવસાયમાં આશરે બે વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક–ની જોગવાઇઓ લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

એનેક્ષર ૧

(જુઓ નિયમ ૩ (ખ) (૨))

ક્રમાંક	વ્યવસાય
૧.	સુથારીકામ/ રાચરચીલું બનાવવાનું કામ (ફર્નિચર મેકિંગ).
૨.	વેલ્ડીંગ (રેણકામ)/ સ્ટીલગેસ એન્ડ ફેબ્રિકેશન.
૩.	ટેઈલરિંગ (સિલાઇકામ) અને કટિંગ, માસ્ટર કટર (મુખ્ય વેતરનાર), એમબ્રોઇડરિ (ભરતકામ) અને ફેન્સિ વર્ક (નકશી કામ), રેડિ મેડ ગાર્મેન્ટ મેકિંગ (તૈયાર કપડાં બનાવવા તે).
૪.	ટર્નર (ખરાદીકામ કરનાર)/ ફિટર (જોડકામ કારીગર).
૫.	ઇલેક્ટ્રોપ્લેટિંગ.
૬.	ટેક્સ્ટાઇલ વીવીંગ (વણાટકામ).
૭.	વાયરમેન/આર્મેચર મોટર રીવાઇન્ડિંગ/ ઇલેક્ટ્રિશિયન.
૮.	ઓટો રિપેર્સ.
૯.	રેડિયો, ટી.વી. મિકેનિક/ ઇલેક્ટ્રોનિક કન્સ્યૂમર્સ.
૧૦.	કોયર(કાથી), બ્રશ મેકિંગ અને મોનોફિલામેન્ટ.
૧૧.	પ્રિન્ટિંગ કંપોઝિંગ અને બાઇન્ડિંગ/ડી.ટી.પી. સ્ક્રીન પ્રિન્ટિંગ .
૧૨.	રેફ્રિજરેશન અને એર-કંડિશન.
૧૩.	પ્લમ્બિંગ અને પાઇપ ફિટિંગ.
૧૪.	કેમિકલ (રાસાયણિક).

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. બી. મુનિ,

સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 28

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII]　　SATURDAY, FEBRUARY 6, 2016/MAGHA 17, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી, ફેબ્રુઆરી, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૬ના ગુજરાત સરકારના નાણા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએન-૦૭)વીવીકે ૧૨૦૯-૫૭૯-૬૩. નો, ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Gujarat Accounts Services, Class II and the Gujarat Commercial Tax Services, Class II, Combined Competitive Examination Rules, 2013.

ગુજરાત હિસાબી સેવા, વર્ગ-૨ અને ગુજરાત વાણિજ્યિક વેરા સેવા, વર્ગ-૨ સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૩ સુધારવા સંબંધી

જાહેરનામું.

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ (જીએન-૦૭) વીવીકે-૧૨૦૯-૫૭૯-૬૩:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત હિસાબી સેવા, વર્ગ-૨ અને ગુજરાત વાણિજ્યિક વેરા સેવા, વર્ગ-૨ સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૩ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત હિસાબી સેવા, વર્ગ-૨ અને ગુજરાત વાણિજ્યિક વેરા સેવા, વર્ગ-૨ સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત હિસાબી સેવા, વર્ગ-૨ અને ગુજરાત વાણિજ્યિક વેરા સેવા, વર્ગ-૨ સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૩માં, નિયમ ૧૨માં, પેટા-નિયમ (૧)માં, ખંડ (ક)માં, "આંકડાશાસ્ત્ર અથવા ગણિતશાસ્ત્ર (વિષય) સાથે વિજ્ઞાનના સ્નાતક અથવા આંકડાશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અથવા ગણિતશાસ્ત્ર સાથે વિનયનના સ્નાતક" એ શબ્દોને બદલે, "મુખ્ય વિષય તરીકે ગણિતશાસ્ત્ર અથવા આંકડાશાસ્ત્રમાં વિજ્ઞાનના સ્નાતક અથવા મુખ્ય વિષય તરીકે આંકડાશાસ્ત્ર અથવા અર્થશાસ્ત્ર અથવા ગણિતશાસ્ત્રમાં વિનયનના સ્નાતક" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એચ.પંડ્યા,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 29

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, FEBRUARY 6, 2016/MAGHA 17, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી, ફેબ્રુઆરી, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના** તારીખ : **૨૧મી જાન્યુઆરી, ૨૦૧૬ના** સરકારી **જાહેરનામા ક્રમાંક : કેવી-૧૭-૨૦૧૬-એએમએન-૨૦૨૦૦૦-૭૧૨૨-પી- નો**, ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification
Under
The Gujarat Provincial Municipal Corporations Act,1949.

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૬.

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક: કેવી-૧૭-૨૦૧૬-એએમએન-૨૦૨૦૦૦-૭૧૨૨-પી:-મ્યુનિસિપલ કમિશનર-એ જણાવ્યું છે કે અમદાવાદ શહેરના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સેવા હડતાલનો આશરો લે તેવી સંભાવના છે;

અને ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ,૧૯૪૯(જેનો આમાં હવે પછી,"સદરહુ અધિનિયમ"તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની અનુસૂચિ-કના પ્રકરણ ૪ માં વર્ગ-૧, ૨, ૩-માં જણાવેલી અને સદરહુ અધિનિયમની કલમ ૬૨-માં જણાવેલી આવશ્યક સેવાઓમાંની કોઇપણ સેવા બજાવવામાં રૂકાવટ થવાથી અથવા તેના બંધ થવાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના શહેરમાં સમુદાયના જીવનની સલામતી અથવા તેમના આરોગ્ય અથવા તેમના માટે જરૂરી એવી આવશ્યક સેવાઓની જાળવણીને પ્રતિકૂળ રીતે અસર થશે.

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૬૨થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી જાહેર કરે છે કે અમદાવાદ શહેરમાં કટોકટી પ્રવર્તે છે અને તેના પરિણામે, સદરહુ અધિનિયમની અનુસૂચિ-ક ના પ્રકરણ ૪ માં, વર્ગ-૧, ૨ અને ૩માં જણાવેલી આવશ્યક સેવામાંના કોઇપણ સભ્યે, તત્સમયે અમલમાં હોય તેવા કોઇપણ કાયદા અથવા કરારમાં ગમે તે મજકૂર હોય તે છતાં, તારીખ ૨૬.૦૧.૨૦૧૬ના રોજ અને તે તારીખથી શરૂ થતી ૧૮૦ દિવસની મુદત માટે;

(ક) પોતાની ફરજો બજાવવામાં તેને અશકત બનાવે તેવી માંદગી અથવા અકસ્માતના કિસ્સામાં હોય તે સિવાય, પોતાની ફરજો છોડીને ચાલ્યા જવું નહિ અથવા તેવી ફરજો ઉપર ગેરહાજર રહેવું નહિ અથવા,

(ખ) પોતાની ફરજો બજાવવામાં બેદરકારી રાખવી નહિ અથવા તે બજાવવાની ના પાડવી નહિ અથવા જાણીબૂઝીને તે ફરજો, અમદાવાદ શહેરના મ્યુનિસિપલ કમિશનરના અને અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સેવાના ટ્રાન્સપોર્ટ મેનેજરના અભિપ્રાય પ્રમાણે બિનકાર્યક્ષમ હોય તેવી રીતે બજાવવી નહિ.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

અશોકસિંહ પરમાર,
સરકારના નાયબ સચિવ,

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 30

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, FEBRUARY 6, 2016/MAGHA 17, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી, ફેબ્રુઆરી, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ : ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૫ના** સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૨૦૧૫નો ૩૪૦/એનપીએલ-૪૫૧૧-૨૨૨૮-એમ-નો, ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
Amendment to the Gujarat Municipalities (Registration of voters) Rules, 1994.

ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૬.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩.

ક્રમાંકઃ કેવી-૨૦૧૫નો ૩૪૦/એનપીએલ-૪૫૧૧-૨૨૨૮-એમ:- ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૨૭૭ની પેટા-કલમ (૩)ના પ્રથમ પરંતુક હેઠળ નિયમો કરવા અને તેની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલાં લેવાનું અને તેના માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે,ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૯ની પેટા-કલમ (૨ક) સાથે વાંચતા, કલમ ૨૭૭ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) (દ્વિતીય સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) નિયમો,૧૯૯૪માં, નિયમ ૪માં, પેટા-નિયમ (૧)માં, “તૈયાર કરેલ, સુધારેલ અને આખરે પ્રસિદ્ધ કરેલ” એ શબ્દોને બદલે, “તૈયાર કરેલ અને સુધારેલ” એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. વી. શાહ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 31

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, FEBRUARY 6, 2016/MAGHA 17, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી, ફેબ્રુઆરી, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ : ૧૮મી ડિસેમ્બર, ૨૦૧૫ના શુદ્ધિપત્ર ક્રમાંક : જીએચ/વી/૨૦૧૫નો ૩૩૬/યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬(૩)-એલ નો, ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

CORRIGENDUM

to

The Government Notification, Urban Development and Urban Housing Department No.GH/V/330 of 2015/UDA-102014-5026(3)-L, dated 09.12.2015.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૦૯.૧૨.૨૦૧૫ ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચ/વી/૨૦૧૫નો ૩૩૦/યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬(૩)-એલ.નું

શુદ્ધિપત્ર.

ગુજરાત સરકાર,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ડિસેમ્બર, ૨૦૧૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંકઃ જીએચ/વી/૨૦૧૫નો ૩૩૬/યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬(૩)-એલઃ-ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૨૨ની પેટા-કલમ (૨) (ક) હેઠળ સુરત શહેરી વિકાસ સત્તામંડળમાં, વિસ્તારના સમાવેશ અને એકીકરણ સંબંધી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૦૯.૧૨.૨૦૧૫ ના સરકારી જાહેરનામા ક્રમાંકઃજીએચ/વી/૨૦૧૫નો ૩૩૦/યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬(૩)-એલ.માં નીચેનો સુધારો કરવામાં આવેછેઃ-

૧. જાહેરનામામાં, અનુક્રમાંક ૫ પછી, નીચેના સભ્યને ઉમેરવામાં આવે છેઃ-

મ્યુનિસિપલ કમિશનર, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન	હોદ્દાની રૂએ સભ્ય

૨. અનુસૂચિમાં, તાલુકા ઓલપાડના ગામ‘‘અરિયાણા’’ને કમી કરવામાં આવે છે.

૩. અનુસૂચિમાં, ‘‘પલસાણા’’તાલુકામાં દર્શાવેલ ‘‘જાત ભરથાણા’’ ગામને કમી કરવામાં આવે છે અને ‘‘કામરેજ’’ તાલુકામાં ઉમેરવામાં આવે છે.

૪. અનુસૂચિમાં, ‘‘સિથાણા’’ અને‘‘ઉમરા’’ગામને ઓલપાડ તાલુકામાં ઉમેરવામાં આવે છે, ‘‘તાંતીથૈયા’’ ગામને પલસાણા તાલુકામાં ઉમેરવામાં આવે છે અને ‘‘નવીપારડી’’ ગામને કામરેજ તાલુકામાં ઉમેરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

નીલા મુન્શી,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને હોદ્દાની રૂએ સંયુક્ત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 32

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, FEBRUARY 8, 2016/MAGHA 19, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન સચિવાલય, ગાંધીનગર, ૮મી, ફેબ્રુઆરી, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : **૪થી જાન્યુઆરી, ૨૦૧૬ના** ગુજરાત સરકારના **માર્ગ અને મકાન** વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજે-૨૦૧૬નો ૧/જીએબી/૧૨૨૦૦૯/૩/ઈ. નો, ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Superintending Engineer (Civil), Class I in the Gujarat Engineering Service Recruitment Rules, 2016.

ગુજરાત ઇજનેરી સેવામાં, અધીક્ષક ઇજનેર (સિવિલ), વર્ગ ૧ ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

માર્ગ અને મકાન વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, જથી જાન્યુઆરી, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જીજે - ૨૦૧૬નો ૧ / જીએબી / ૧૨૨૦૦૯ / ૩ / ઇ;- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, માર્ગ અને મકાન વિભાગ હેઠળની ગુજરાત ઇજનેરી સેવામાં, સામાન્ય રાજ્ય સેવા, વર્ગ ૧માં, અધીક્ષક ઇજનેર (સિવિલ)ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો, ગુજરાત ઇજનેરી સેવામાં, અધીક્ષક ઇજનેર (સિવિલ), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. માર્ગ અને મકાન વિભાગ હેઠળની ગુજરાત ઇજનેરી સેવામાં, અધીક્ષક ઇજનેર (સિવિલ) વર્ગ ૧ની જગા ઉપરની નિમણૂક, જેણે,-

(ક) (૧) માર્ગ અને મકાન વિભાગ હેઠળની ગુજરાત ઇજનેરી સેવામાં, કાર્યપાલક ઇજનેર (સિવિલ) વર્ગ ૧ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણ યુનિવર્સિટીમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી હોવાનું જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સિવિલ એન્જિનિયરિંગની પદવી ધરાવતો હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય જણાયેલી, "ખૂબ સારા"નો આધાર-ચિહ્ન (બેન્ચ માર્કસ) ધરાવતી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલ અનુભવ ધરાવતી વ્યકિત બઢતી માટે ઉપલભ્ય નથી અને તેના કરતા ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, લેખિતમાં કારણોની નોંધ કરીને, ઉપર ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતા ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપી શકશે.

૩. બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

સ્મિતા શાહ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 33

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, FEBRUARY 8, 2016/MAGHA 19, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન સચિવાલય, ગાંધીનગર, ૮મી, ફેબ્રુઆરી, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : **૨૫મી જાન્યુઆરી, ૨૦૧૬ના** ગુજરાત સરકારના **ઉદ્યોગ અને ખાણ વિભાગના** સરકારી **જાહેરનામા ક્રમાંક : જીયુ/૨૦૧૬/૧૧/બીઆરટી/૧૦૨૦૧૪/૧૦૩૫/ડી.૨ નો**, ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Office Superintendent Class III, Recruitment Rules, 2016.

કચેરી અધીક્ષક વર્ગ ૩ ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૫ મી જાન્યુઆરી, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જીયુ/૨૦૧૬/૧૧/બીઆરટી/૧૦૨૦૧૪/૧૦૩૫/ડી.૨:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, કચેરી અધીક્ષક વર્ગ ૩ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો, કચેરી અધીક્ષક વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, કચેરી અધીક્ષક વર્ગ ૩ની જગા ઉપરની નિમણૂક,-

(ક) (૧) જેણે કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, મુખ્ય કારકુન, વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય;

(૨) ઠરાવેલ ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય; અને

(3) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

INDEX

૩. નિયમ ૨-માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ પદવી ધરાવતો હોવો જોઇશે અથવા સરકારે માન્ય કરેલ તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે.

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેની પૂરતી જાણકારી ધરાવતો હોવો જોઇશે;

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક-ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. બઢતીથી અથવા સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ.બી.મુનિ,

સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 34

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, FEBRUARY 10, 2016/MAGHA 21, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તારીખ : ૪થી ફેબ્રુઆરી, ૨૦૧૬ના જાહેરનામા ક્રમાંક : જીપી-૫-આરઆરએસ-૧૦૨૦૦૯-૧૬૩૦-છ.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Librarian, Class-III, Directorate of Indian System of Medicine and Homoeopathy Recruitment Rules, 2016.

ગ્રંથપાલ,વર્ગ ૩, ભારતીય ઔષધપધ્ધતિ અને હોમિયોપથી નિયામકની કચેરી,ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૪થી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીપી-૫-આરઆરએસ-૧૦૨૦૦૯-૧૬૩૦-છ:-ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ભારતીય ઔષધપધ્ધતિ અને હોમિયોપથી નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, ગ્રંથપાલ, વર્ગ ૩ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો, ગ્રંથપાલ, વર્ગ ૩, ભારતીય ઔષધ પધ્ધતિ અને હોમિયોપથી નિયામકની કચેરી, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ભારતીય ઔષધ પધ્ધતિ અને હોમિયોપથી નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, ગ્રંથપાલ, વર્ગ ૩ની જગા ઉપરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર-

(ક) ૩૬ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય કરેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર કરેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થાની પદવી ધરાવતો હોવો જોઇશે; અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે; અને

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય કરેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર કરેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન (લાયબ્રેરી એન્ડ ઇન્ફર્મેશન સાયન્સ)માં પદવી ધરાવતો હોવો જોઇશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯૬ ની જોગવાઇઓ લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી.જી.વણઝારા,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 35

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, FEBRUARY 10, 2016/MAGHA 21, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાન્ય વહીવટ વિભાગ**-ના **તારીખ : ૪થી જાન્યુઆરી, ૨૦૧૬**ના સરકારી જાહેરનામા ક્રમાંક : **જીએસ/૨૦૧૫/૨/બીઆરટી/૧૦૨૦૧૫/૩૧૫/કે**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Gujarat subordinate service, Class III (Combined Competitive Examination) Rules, 2015.

ગુજરાત તાબાની સેવા, વર્ગ ૩ (સંયુકત સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૧૫ સંબંધી

જાહેરનામું.

સામાન્ય વહીવટ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૦૪-૦૧-૨૦૧૬.

<u>ભારતનું સંવિધાન</u>

ક્રમાંકઃ જીએસ/ ૨૦૧૫/ ૨/ બીઆરટી/ ૧૦૨૦૧૫/ ૩૧૫/ કે :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, રાજય સરકારની તાબાની સેવામાં, કચેરી સહાયક (ઓફિસ આસિસ્ટન્ટ), વર્ગ ૩ અને કારકુન, વર્ગ ૩ની જગા પર ભરતી માટેની પદ્ધતિનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.-** (૧) આ નિયમો ગુજરાત તાબાની સેવા, વર્ગ ૩ (સંયુકત સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

(૨) તે પરિશિષ્ટ-ક-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, ગુજરાત તાબાની સેવા, વર્ગ ૩ની જગાને લાગુ પડશે.

૨. **વ્યાખ્યા.**-આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''પરિશિષ્ટ'' એટલે આ નિયમોને જોડેલું પરિશિષ્ટ;

(ખ) ''મંડળ'' એટલે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર;

(ગ) ''પરીક્ષા'' એટલે પરિશિષ્ટ-ક-માં નિર્દિષ્ટ કરેલી જગા પરની સીધી ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા અને તેમાં લેખિત કસોટી અને કોમ્પ્યુટર નિપુણતા કસોટીનો સમાવેશ થાય છે;

(ઘ) ''સરકાર'' એટલે ગુજરાત સરકાર;

(ચ) ''ખાતાં અથવા કચેરીઓના વડા'' એટલે પરિશિષ્ટ-ખમાં જણાવેલ હોય તે સિવાયના રાજ્ય સરકારના ખાતાં અથવા કચેરીઓના વડા;

(છ) ''સંબંધિત ભરતી નિયમો'' એટલે પરિશિષ્ટ-ક-માં નિર્દિષ્ટ કરેલી જગા માટે સરકારે ઠરાવેલા ભરતી નિયમો.

૩. **શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા.-**

(૧) સંબંધિત ભરતી નિયમો હેઠળ ઠરાવેલી, પરિશિષ્ટ-કમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની જગા પરની નિમણૂક માટેની જરૂરી શૈક્ષણિક લાયકાત, બીજી લાયકાતો અને આવશ્યકતાઓ ધરાવતો હોય તેવો ઉમેદવાર પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર ગણાશે.

(૨) પરીક્ષામાં પ્રવેશ માટેના ઉમેદવારે, મંડળ જાહેરખબરમાં નિર્દિષ્ટ કરે તેવી તારીખે સંબંધિત ભરતી નિયમોમાં ઠરાવવામાં આવે તેવી, ઓછામાં ઓછી વય પ્રાપ્ત કરેલી હોવી જોઈશે અને મહત્તમ વય પ્રાપ્ત કરેલી હોવી જોઈશે નહિ.

૪. **માંગણી પત્રક તૈયાર કરવા માટેની કાર્યરીતિ.-**

(૧) દર વર્ષે, પરિશિષ્ટ-ખમાં જણાવેલી હોય તે સિવાયની તમામ કચેરીઓએ, આ નિયમોના પરિશિષ્ટ-ગમાં નિર્દિષ્ટ કર્યા મુજબના પત્રકમાં અથવા સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી વખતોવખત નક્કી કરે તે રીતે, જાન્યુઆરી મહિનાથી શરૂ થતા આગામી વર્ષ માટે, કારકુન, વર્ગ ૩ની જગા પરની નિમણૂક માટેની

વ્યક્તિઓની તેમની જરૂરિયાતો દર્શાવતું માંગણી પત્રક, વર્ષમાં મોડામાં મોડું માર્ચ મહિનાની ૧લી તારીખ સુધીમાં, સચિવાલયના તેમના સંબંધિત વિભાગોને મોકલવું જોઈશે.

(૨) સચિવાલયના સંબંધિત વિભાગોએ, ત્યાર પછી, વર્ષમાં મોડામાં મોડું એપ્રિલ મહિનાની ૧લી તારીખ સુધીમાં, આ નિયમોના પરિશિષ્ટ-ઘમાં નિર્દિષ્ટ કર્યા મુજબના પત્રકમાં અથવા સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી નક્કી કરે તે રીતે, જાન્યુઆરી મહિનાથી શરૂ થતા આગામી વર્ષ માટે, તેમના વહીવટી નિયંત્રણ હેઠળની તમામ કચેરીઓ માટેનું કારકુન, વર્ગ ૩ની જગા પરની નિમણૂક માટેની વ્યક્તિઓની તેમની કુલ જરૂરિયાત દર્શાવતું, એકત્રિત માંગણી પત્રક મંડળને મોકલવું જોઈશે.

(૩) સામાન્ય વહીવટ વિભાગે, ત્યાર પછી, વર્ષમાં મોડામાં મોડું એપ્રિલ મહિનાની ૧લી તારીખ સુધીમાં, આ નિયમોના પરિશિષ્ટ-ચમાં નિર્દિષ્ટ કર્યા મુજબના પત્રકમાં અથવા સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી નક્કી કરે તે રીતે, જાન્યુઆરી મહિનાથી શરૂ થતા આગામી વર્ષ માટે, સચિવાલયના તમામ વિભાગો માટે, કચેરી સહાયક (ઓફિસ આસિસ્ટન્ટ), વર્ગ ૩ની જગા પરની નિમણૂક માટેની વ્યક્તિઓની તેમની જરૂરિયાત દર્શાવતું, એકત્રિત માંગણી પત્રક મંડળને મોકલવું જોઈશે.

(૪) ઉમેદવારોની (જગાની સંખ્યાની) અપેક્ષિત જરૂરિયાતોનો અંદાજ, કોઈ ચોક્કસ તારીખે વિદ્યમાન હોય તેવી ખાલી જગાઓની ખરેખરી સંખ્યા અથવા ઊભી થવાનો સંભવ હોય તેવી જગાઓ પર આધારિત રહેશે નહિ, પણ આ નિયમો લાગુ પડતા હોય તેવી કચેરીઓએ, રાજીનામાં અને અન્ય કારણોસર ખાલી થનાર સંભવિત જગાઓ તથા અપેક્ષિત વિકાસ વગેરેને કારણે ઊભી થનાર નવી જગાઓના આધારે ભૂતકાળના અનુભવ પરથી, તેમની સંભવિત ભરતીનો અંદાજ તૈયાર કરવો જોઈશે. આમ, આ અંદાજ પેટા-નિયમ (૨) અને (૩)માં દર્શાવ્યા પ્રમાણેના ચોક્કસ સમયગાળા દરમિયાન ખાલી થનાર જગાઓની ચોક્કસ ઉપલબ્ધ સંખ્યાનો અંદાજ જ ગણાશે નહિ, પણ તે સમયગાળા દરમિયાન સંબંધિત જગાની અપેક્ષિત જરૂરિયાતોનો સંપૂર્ણ આંકડાકીય (સંખ્યાત્મક) અંદાજ ગણાશે. આ અંદાજ (માંની સંખ્યા), વર્ષના જાન્યુઆરી મહિનાથી ડિસેમ્બર મહિના સુધીના એક વર્ષની ખરેખરી જરૂરિયાત અથવા ભરતી વર્ષમાં આપેલી મંજૂરી કરતાં વધુ ન હોય તેની અત્યંત કાળજી લેવી જોઈશે.

૫. પરીક્ષા યોજવા બાબત.-

(ક) મંડળે, સચિવાલયના વિભાગો પાસેથી માંગણી પત્રક મળ્યેથી, દર વર્ષે જૂન અથવા જુલાઇ મહિનાના પ્રથમ સપ્તાહમાં, રાજ્યમાં બહોળો ફેલાવો ધરાવતા મુખ્ય સમાચારપત્રોમાં જાહેરખબર પ્રસિદ્ધ કરીને, (સંબંધિત) જગા પરની નિમણૂક માટેના પાત્ર ઉમેદવારો પાસેથી ઠરાવેલા નમૂનામાં અરજી મંગાવવી જોઈશે.

(ખ) જે વિભાગ અથવા કચેરીઓમાં ખાલી જગા ભરવાની હોય તે વિભાગ અથવા કચેરીઓના વડા અંગે જાહેરખબરમાં કચેરીઓના વડા પ્રમાણે અને સચિવાલય (ના વિભાગ)-પ્રમાણે નિર્દેશ કરવો જોઈશે અને ઉમેદવારે આ જાહેરખબરના સંદર્ભમાં મંડળને પોતાની અરજીઓ મોકલવાની રહેશે.

(ગ) મંડળે, અરજી મંગાવવાની અને અરજીઓની ચકાસણી કરવા માટેની કાર્યરીતિ નક્કી કરવી જોઇશે.

(ઘ) મંડળે, સામાન્ય રીતે વર્ષમાં એક વખત સપ્ટેમ્બર અથવા ઓક્ટોબર મહિનામાં ઉમેદવારની પસંદગી કરવા માટેની પરીક્ષા, યોજવી જોઈશે.

(ચ) કઈ તારીખે, કયા સમયે અને સ્થળે પરીક્ષા યોજવામાં આવશે તે બાબત મંડળ દ્વારા નક્કી કરવામાં આવશે.

(છ) ઉમેદવારે, મંડળ જાહેર કરે તેવી તારીખે, સમયે અને સ્થળે, સ્વ-ખર્ચે, પરીક્ષાના તમામ તબક્કે ઉપસ્થિત રહેવું પડશે.

૬. પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની અરજી.-

(ક) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માંગતા ઉમેદવારે, મંડળ દ્વારા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેટલી સમયમર્યાદાની અંદર, સરકાર દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવે તેટલી ફી સાથે અરજી કરવાની રહેશે.

(ખ) મંડળ આદેશ કરે તેવી રીતે ફી ભરવાની રહશે. એક વખત ભરવામાં આવેલી ફી પરત કરવામાં આવશે નહિ અથવા આગામી પરીક્ષા માટે રાખી મૂકવામાં આવશે નહિ.

(ગ) અરજી પાછી ખેંચવા અંગેની અને ફી પરત આપવા અંગેની ઉમેદવારની વિનંતી કોઈ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ.

૭. મંડળનો નિર્ણય આખરી ગણાશે.-

(૧) (ક) ઉમેદવાર, પરિશિષ્ટ-કમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની જગા માટેના ભરતી નિયમો હેઠળની જરૂરી લાયકાત ધરાવે છે અને બીજી તમામ જરૂરિયાતો પરિપૂર્ણ કરે છે;

(ખ) તેણે અરજી સાથે જરૂરી ફી ભરેલી છે;

(ગ) ઉમેદવાર તમામ બાબતોમાં યોગ્યતા (પાત્રતા) ધરાવે છે અને તેણે તમામ જરૂરિયાતોનું પાલન કરેલ છે,

તે બાબતોની મંડળને ખાતરી થાય તે સિવાય, કોઈ પણ ઉમેદવારને પરીક્ષામાં ઉપસ્થિત રહેવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

(૨) પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવારની પાત્રતાના સંદર્ભમાં મંડળનો નિર્ણય આખરી ગણાશે.

(૩) પાછળથી, કોઈ પણ સમયે, ઉમેદવાર પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે અપાત્ર જણાય, તો તેની ઉમેદવારી રદ થયેલી ગણાશે અને તેની પસંદગી થઈ ગયેલ હોય અને નિમણૂક થઈ ગયેલ હોય, તો તેની નિમણૂક શરૂઆતથી જ રદબાતલ ગણાશે અને તેની સેવા તરત જ સમાપ્ત કરવામાં આવશેઃ

પરંતુ આવી કોઈપણ નિમણૂક સમાપ્ત કરી શકાશે નહિ સિવાય કે તેને સુનાવણીની આપવામાં આવી હોય.

૮. પરીક્ષાના સંચાલન અને નિયમન બાબત.-

મંડળે, પોતે અપનાવેલી કાર્યરીતિ અને તે અર્થે કરવામાં આવેલા સરકારના હુકમને સુસંગત રહીને અને પરીક્ષક, સુપરવાઈઝરની નિમણૂક, તેમને ચૂકવવાપાત્ર મહેનતાણાં અને પરીક્ષાના સંચાલનને લગતી તમામ બાબતોનું નિયમન કરવું જોઈશે.

૯. પરીક્ષા પદ્ધતિ.-

(ક) મંડળે, ઉમેદવારો પાસેથી અરજી મળ્યા બાદ, આ નિયમો અનુસાર અરજીની ચકાસણી કરવી જોઈશે અને યોગ્યતા ધરાવતા ઉમેદવારોને (પાત્ર ઉમેદવારોને) લેખિત કસોટી માટે બોલાવવા જોઈશે.

(ખ) મંડળ દ્વારા નક્કી કરવામાં આવે તેટલા લઘુત્તમ લાયકી ગુણ લેખિત કસોટીમાં, મેળવેલ હોય તેવા ઉમેદવારોને જ મંડળ દ્વારા યોજવામાં આવનાર કોમ્પ્યુટર નિપુણતા કસોટી માટે બોલાવવામાં આવશે.

(ગ) કોમ્પ્યુટર નિપુણતા કસોટી માટે બોલાવવામાં આવેલા ઉમેદવારોની સંખ્યા સામાન્ય રીતે માંગણી પત્રકમાં જણાવવામાં આવેલી ખાલી જગાની સંખ્યા કરતાં ત્રણ ગણી હોવી જોઈશે.

(ઘ) મંડળે, લેખિત કસોટીમાં સફળ થયેલા ઉમેદવારો(ના નામ)ની યાદી જાહેર કરવી જોઈશે.

(ચ) લેખિત કસોટીના પોતાના ગુણની પુનઃચકાસણી કરાવવા ઈચ્છતો ઉમેદવાર, લેખિત કસોટીનું પરિણામ જાહેર થયાની તારીખથી પંદર (૧૫) દિવસની મુદતની અંદર, મંડળ નકકી કરે તેટલી ફી સાથે, મંડળને અરજી કરી શકશે.

૧૦. પરીક્ષાનો અભ્યાસક્રમ.-

લેખિત કસોટી અને કોમ્પ્યુટર નિપુણતા કસોટી માટેનો અભ્યાસક્રમ પરિશિષ્ટ-છ-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે.

૧૧. લાયકી ધોરણ અને ગુણ બાબત.-

લેખિત કસોટી અને કોમ્પ્યુટર નિપુણતા કસોટી માટેનું લાયકી ધોરણ મંડળ દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવશે - જો જરૂરી હશે, તો અનામત અને બિન-અનામત કક્ષાના ઉમેદવારો માટે અલગ લાયકી ધોરણ નક્કી કરવામાં આવશે. તેમ છતાં, મંડળ દ્વારા નક્કી કરવામાં આવે તેવું લઘુત્તમ લાયકી ધોરણ, કોઈ પણ સંજોગોમાં, દરેક કસોટી માટે ૪૦% ગુણ કરતાં ઓછું હોવું જોઈશે નહિ. મંડળે નક્કી કરેલા લાયકી ધોરણ અનુસાર લેખિત કસોટીમાં લાયક ઠરેલ ઉમેદવારને જ કોમ્પ્યુટર નિપુણતા કસોટી માટે બોલાવવામાં આવશે.

૧૨. પરીક્ષાનું માધ્યમ.-

જેના માટે લેખિત કસોટીમાં પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી હોય તેવા અંગ્રેજી ભાષાના પ્રશ્નોના ભાગ સિવાય, પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે. ઉમેદવારે કોમ્પ્યુટર નિપુણતા કસોટી અંગ્રેજી અને ગુજરાતી બંનેમાં આપવાની રહેશે.

૧૩. પરીક્ષા ફી.-

(૧) દરેક ઉમેદવારે, પેટા-નિયમ (૨) હેઠળ મુક્તિ આપવામાં આવેલ હોય તે સિવાય, આ નિયમો હેઠળ પોતે કરેલી અરજીના સંબંધમાં, મંડળ ઠરાવે તેવી રીતે, સરકાર નક્કી કરે તેટલી પરીક્ષા ફી મંડળને ચૂકવવી જોઈશે અને આવી અરજીની સાથે આવી રીતે ચૂકવેલી ફીનો દસ્તાવેજ જોડવો જોઈશે.

(૨) સરકારના હુકમો મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અથવા વિચરતી અને વિમુક્ત આદિજાતિના સભ્ય હોય અથવા અશક્ત વ્યક્તિ હોય તેવા ઉમેદવારને, પેટા-નિયમ (૧) હેઠળ ઠરાવેલી ફી ચૂકવવામાંથી મુક્તિ આપવામાં આવશે.

૧૪. પરીક્ષા ખંડમાં અમુક સાધનોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ (મનાઈ).-

(ક) ઉમેદવારે પરીક્ષાના તમામ પ્રશ્નપત્રોના જવાબ સ્વ-હસ્તાક્ષરમાં આપવાના રહેશે.

(ખ) ઉમેદવારને સેલ્યુલર ફોન, કેલ્ક્યુલેટર, પેજર, ટેબલેટ, આઇ-પેડ અથવા સંદેશા-વ્યવહારના બીજા કોઈ પણ ઈલેક્ટ્રોનિક સાધનો પોતાની સાથે લઈ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૫. શિસ્તવિષયક કાર્યવાહી.-

કોઈ પણ ઉમેદવાર,-

(ક) પોતાની ઉમેદવારી માટે કોઈપણ રીતે ટેકો મેળવવા માટે; અથવા

(ખ) બીજાનું નામ ધારણ કરવા માટે; અથવા

(ગ) બીજી કોઈ વ્યક્તિ પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે; અથવા

(ઘ) બનાવટી દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા માટે; અથવા

(ચ) ભૂલવાળા અથવા ખોટા હોય તેવા અથવા મહત્ત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે; અથવા

(છ) પરીક્ષા માટે પોતાની ઉમેદવારીના સંબંધમાં બીજા કોઇ નિયમ વિરુદ્ધના અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે; અથવા

(જ) પરીક્ષા દરમિયાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે; અથવા

(ઝ) લખાણોમાં અર્થહીન (બેહૂદી) ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અસંગત (અપ્રસ્તુત) બાબત લખવા માટે; અથવા

(ટ) પરીક્ષા ખંડમાં બીજી કોઈ રીતે ગેરવર્તણૂક કરવા માટે; અથવા

(ઠ) પરીક્ષાના સંચાલન માટે મંડળે કામે રાખેલ કર્મચારીવર્ગને હેરાન કરવા અથવા શારીરિક રીતે નુક્સાન કરવા માટે; અથવા

(ડ) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા તે પૈકીના કોઇપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથાપ્રસંગ, મદદગારી કરવા માટે; અથવા

(ઢ) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશ પ્રમાણપત્રમાં ઠરાવવામાં આવેલી અને નિર્દિષ્ટ કરવામાં આવેલી કોઇપણ સૂચનાનો ભંગ કરવા માટે,

દોષિત ઠર્યો હોય અથવા મંડળે તેને દોષિત જાહેર કરેલ હોય, તે, તેની સામે ફોજદારી કાર્યવાહી કરવાને પાત્ર થશે, તે ઉપરાંત

(૧) તે, જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી મંડળ દ્વારા તેને ગેરલાયક ઠરાવવાને; અથવા

(૨) (ક) મંડળ દ્વારા કોઈપણ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે અથવા સંબંધિત જગા પરની તેની ઉમેદવારી માટે; અથવા

(ખ) સરકાર દ્વારા તેના પોતાના હેઠળના કોઇપણ રોજગારમાંથી તે, કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત રહેવાને પાત્ર થશે:

પરંતુ તે/ તેણી તે અર્થે કરવા માંગતા હોય તેવી લેખિત રજૂઆત કરવાની તેને તક આપ્યા સિવાય અને સામાન્ય વહીવટ વિભાગના સચિવ (કર્મચારીગણ)ની પૂર્વ-મંજૂરી લીધા સિવાય, પેટા-ખંડ (ક) અથવા (ખ) હેઠળની કોઈ શિક્ષા કરી શકાશે નહિ; અથવા

(૩) તે સરકારી સેવામાં હોય, તો સંબંધિત નિયમો હેઠળ શિસ્તવિષયક કાર્યવાહીને પાત્ર થશે.

૧૬. કોમ્પ્યુટર નિપુણતા કસોટીમાં ઉપસ્થિત રહેવામાં ચૂક થયે અપાત્રતા.-

લેખિત કસોટીમાં લાયક ઠરેલ હોય અને કોમ્પ્યુટર નિપુણતા કસોટી માટે બોલાવવામાં આવ્યો હોય, પરંતુ નિર્દિષ્ટ તારીખે અને સમયે કોમ્પ્યુટર નિપુણતા કસોટીમાં ઉપસ્થિત રહેવામાં ચૂક કરે તેવો ઉમેદવાર પસંદગીને પાત્ર ગણાશે નહિ.

૧૭. પસંદગી યાદી કઈ રીતે તૈયાર કરવી.-

(૧) કોમ્પ્યુટર નિપુણતા કસોટીમાં હાજર રહેલા તમામ ઉમેદવારોનું પરિણામ, મંડળ દ્વારા, લેખિત કસોટી અને કોમ્પ્યુટર નિપુણતા કસોટીના અંતે દરેક ઉમેદવારે મેળવેલા એકંદર (કુલ) ગુણના આધારે ગુણવત્તા ક્રમમાં તૈયાર કરવામાં (ગોઠવવામાં) આવશે, જેમાં ઉમેદવારોના નામ, બેઠક ક્રમાંક અને તેમણે મેળવેલા કુલ ગુણ નિર્દિષ્ટ કરવામાં આવશે અને તે પરિણામ નોટિસ બોર્ડ અને / અથવા વેબ સાઈટ પર પ્રસિદ્ધ કરાવવામાં આવશે અને આવી રીતે પ્રસિદ્ધ કરેલા પરિણામની નકલ સરકારના સામાન્ય વહીવટ વિભાગને અને સચિવાલયના સંબંધિત વિભાગને મોકલવામાં આવશે.

(૨) મંડળે, મંડળ દ્વારા નક્કી કરવામાં આવે તે રીતે, ઉમેદવારોની ગુણવત્તા મુજબ, તેમને વ્યક્તિગત રીતે બોલાવવા જોઈશે.

(૩) મંડળે, જગા અથવા વિભાગ અથવા યથાપ્રસંગ, જિલ્લા માટેના ઉમેદવારના વિકલ્પ અથવા તેમની પસંદગી અંગે તેમને પૂછવું જોઈશે અને ઉમેદવારની ગુણવત્તા અને પસંદગી પ્રમાણે, મંડળે, માંગણી પત્રક મુજબની ખાલી જગાની સંખ્યાના પ્રમાણમાં, સંબંધિત જગા અથવા વિભાગ અથવા યથાપ્રસંગ, જિલ્લા માટેની પસંદગી યાદી તૈયાર કરવી જોઈશે.

(૪) અનામત કક્ષાનો ઉમેદવાર તેની પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે, પણ પોતે આપેલા પસંદગી પ્રમાણે તેને સંબંધિત જગા અથવા વિભાગ અથવા યથાપ્રસંગ જિલ્લો મળતો ન હોય અને અનામત કક્ષાના ઉમેદવાર તરીકે આવા ઉમેદવારની પસંદગી પ્રમાણે સંબંધિત અનામત કક્ષાની જગા, વિભાગ અથવા

યથાપ્રસંગ, જિલ્લામાં ઉપલભ્ય હોય, તો આવા ઉમેદવારની આવી અનામત જગા ઉપર, તે જગા, વિભાગ અથવા યથાપ્રસંગ, જિલ્લામાં ફાળવણી કરવી જોઈશે. આવી અનામત જગા, આવી કક્ષાના અનામત ક્વોટા સામે ભરાયેલી જગા તરીકે ગણવામાં આવશે.

(૫) મંડળે, માંગણીપત્રક મુજબની ખાલી જગાની સંખ્યાના પ્રમાણમાં, સૌ પ્રથમ સંબંધિત વિભાગ અથવા યથાપ્રસંગ, સંબંધિત જિલ્લા માટેની, સામાન્ય કક્ષાની જગાઓ માટેની યાદી તૈયાર કરવી જોઈશે અને ત્યારબાદ, સંબંધિત વિભાગ અથવા યથાપ્રસંગ, સંબંધિત જિલ્લા માટેની, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની અનામત કક્ષાની જગાઓ માટેની યાદી તૈયાર કરવી જોઈશે.

૧૮. પસંદગી યાદી તૈયાર કરવા બાબત.-

(૧) મંડળે, નિયમ ૧૭ અનુસાર, સંબંધિત જગા અથવા વિભાગ અથવા યથાપ્રસંગ, સંબંધિત જિલ્લા માટેની પસંદગી યાદી, માંગણીપત્રક મુજબની ખાલી જગાની સંખ્યાના પ્રમાણમાં, લેખિત કસોટી અને કોમ્પ્યુટર નિપુણતા કસોટીના અંતે દરેક ઉમેદવારે મેળવેલા એકંદર (કુલ) ગુણના આધારે ગુણવત્તા ક્રમમાં તૈયાર કરાવડાવવી જોઈશે.

(૨) મંડળે, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, મહિલાઓ, અશકત વ્યકિતઓ (સરકારના હુકમ મુજબ)અને ભૂતપૂર્વ સૈનિકોના સફળ ઉમેદવારોના નામોની આવા વર્ગ માટે અનામત રાખેલી ખાલી જગાની સંખ્યાના પ્રમાણમાં અને માંગણીપત્રક મુજબ સંબંધિત જગા અથવા સંબંધિત વિભાગ અથવા યથાપ્રસંગ, સંબંધિત જિલ્લા માટેની યાદી તૈયાર કરવી જોઈશે.

૧૯. પરીક્ષાનું પરિણામ.–

મંડળે, પરીક્ષાનું પરિણામ નીચે મુજબના બે ભાગમાં જાહેર કરવું જોઇશે:–

ભાગ ૧: (ક) મંડળે, સફળ ઉમેદવારોનું પરિણામ તેમના નામો, બેઠક ક્રમાંક અને ઉમેદવારે મેળવેલા કુલ ગુણ દર્શાવીને ગુણવત્તાક્રમમાં ગોઠવવું જોઇશે અને જગા અને વિભાગ અથવા જિલ્લાની અને તે અંગેની ફાળવણી, નોટિસ બોર્ડ અને/ અથવા વેબસાઇટ પર મૂકવી જોઇશે અને આ રીતે પ્રસિદ્ધ કરેલા પરિણામની નકલ સરકારના સામાન્ય વહીવટ વિભાગને તે જ દિવસે મોકલવી જોઇશે. મંડળે, પરિણામ રાજપત્રમાં પ્રસિદ્ધ કરાવવું જોઇશે અને આ રીતે રાજપત્રમાં પ્રસિદ્ધ કરેલા પરિણામની નકલ, ૧૦ નકલ સાથે સરકારના સામાન્ય વહીવટ વિભાગને અને સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગને અને સંબંધિત ખાતાઓને મોકલવી જોઇશે .

(ખ) મંડળે, સફળ ઉમેદવારોને, પરિણામની જાણ મંડળ નક્કી કરે તેવી રીતે વ્યકિતગતપણે કરવી જોઇશે. મંડળે, સફળ ઉમેદવારોને પરિણામની જાણ કર્યા પછી તેવા ઉમેદવારો સાથે તે પછીનો કોઇપણ પત્રવ્યવહાર કરવો જોઇશે નહિ.

ભાગ ૨: મંડળે, અસફળ ઉમેદવારો કે જેમનો સમાવેશ ભાગ ૧–માં કરવામાં આવેલ નથી, તેમની યાદી, તેમના નામો, બેઠક ક્રમાંક અને તેમણે મેળવેલા કુલ ગુણ દર્શાવીને તૈયાર કરવી જોઇશે અને તેને મંડળના નોટિસ બોર્ડ અને/ અથવા વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવી જોઇશે.

૨૦. ભલામણ અને ફાળવણી.–

મંડળે, મંડળને મોકલવામાં આવેલ તેમની માંગણીપત્રમાં જણાવેલી તેમની જરૂરિયાતો અનુસાર, સચિવાલયના સંબંધિત વિભાગોમાં નિમણૂકને પાત્ર હોય તેવા ઉમેદવારોની ભલામણ કરવી જોઇશે. સચિવાલયના સંબંધિત વિભાગે, ત્યાર પછી, માંગણીપત્રકમાં જણાવેલી તેમની જરૂરિયાતો અનુસાર તેના વહીવટી નિયંત્રણ હેઠળની સંબંધિત કચેરીઓમાં ઉમેદવારોની ફાળવણી કરવી જોઇશે. ત્યારબાદ સંબંધિત નિમણૂક કરનાર સત્તામંડળોએ, આ

રીતે ફાળવેલા ઉમેદવારોની નિમણૂકોના હુકમો કરવા જોઇશે અને આવા હુકમો સંબંધિત ઉમેદવારોને, રજિસ્ટર્ડ રસીદી ટપાલ (RPAD) દ્વારા મોકલવા જોઇશે.

૨૧. નિમણૂક અંગેનો કોઈ હક મળશે નહિ.–

પરીક્ષામાં માત્ર સફળ થવાથી જ ઉમેદવારને નિમણૂક અંગેનો કોઈ હક મળશે નહિ અને નિમણૂક કરનાર સત્તાધિકારીને જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી એવી ખાતરી થાય કે ઉમેદવાર બધી રીતે જગા પરની અને જાહેર સેવા માટેની નિમણૂક માટે યોગ્ય છે, ત્યાં સુધી કોઇ ઉમેદવારની નિમણૂક કરવામાં આવશે નહિ.

૨૨. તબીબી કસોટી.–

નિમણૂક માટે ભલામણ કરવામાં આવેલ હોય તેવા ઉમેદવારે, ગુજરાત મુલકી સેવાઓ (સેવાની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨–ની જોગવાઇઓ અનુસાર તબીબી તપાસ કરાવવાની રહેશે.

૨૩. નિમણૂક.–

પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂક, મંડળે તૈયાર કરેલ ગુણવત્તા યાદીમાંના તેમના ક્રમ મુજબ ચુસ્ત રીતે કરવાની રહેશે.

૨૪. જગા પર હાજર થવા બાબત.–

સંબંધિત જગા પર નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારે, નિમણૂકનો હુકમ મળ્યાની તારીખથી ૩૦ દિવસોની અંદર તેમના નિમણૂકના સ્થળ પર હાજર થવાનું રહેશે. ઉમેદવાર, ૩૦ દિવસોની અંદર તેમના નિમણૂકના સ્થળ પર હાજર થવામાં ચૂક કરે, તો તેની નિમણૂકનો હુકમ રદ થશે. તેમ છતાં, એવું સાબિત કરવામાં આવે કે ઉમેદવાર તેના કાબૂ બહારના કારણોને લીધે ૩૦ દિવસોમાં નિમણૂકના સ્થળે હાજર થઇ શક્યો ન હતો, તો, સક્ષમ અધિકારી, કારણોની લેખિતમાં નોંધ કરીને, ૩૦ દિવસો પૂરા થઇ ગયા પછી પણ આવા ઉમેદવારોને નિમણૂકના સ્થળ પર હાજર થવાની છૂટ આપી શકશે. તેમ છતાં, આવા ઉમેદવારની પ્રવરતા, આ અર્થે કરેલા સરકારી હુકમો અનુસાર નિર્ધારિત કરવી જોઇશે.

૨૫. પૂર્વ–સેવા તાલીમ.–

(૧) સંબંધિત જગા માટે પસંદ કરવામાં આવેલ ઉમેદવારોએ, તેમની નિયમિત નિમણૂક થાય તે પહેલાં, પૂર્વ–સેવા તાલીમ લેવાની રહેશે અને સરકાર ઠરાવે તેવા તાલીમ અને પરીક્ષા નિયમો અનુસાર નિર્દિષ્ટ કરેલ મુદત અને તકોમાં તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૨) સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ–ના કમિશનર, આ નિયમો હેઠળ સંબંધિત જગાઓ પર નિમણૂક આપવા માટે પસંદ કરવામાં આવેલા ઉમેદવારો માટે પૂર્વ–સેવા તાલીમ આપવાની અને તાલીમાંત પરીક્ષા લેવાની ગોઠવણ કરશે. જેમાં ઉમેદવારોની નિમણૂક કરવામાં આવી હોય તેવી સંબંધિત કચેરીઓએ, આવા ઉમેદવારોને સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા હેઠળના તાલીમ કેન્દ્રોમાં તાલીમ માટે મોકલવાના રહેશે.

૨૬. ખાતાકીય પરીક્ષા.–

(૧) સંબંધિત જગા માટે પસંદ કરવામાં આવેલા ઉમેદવારે તેની નિમણૂક પછી, ખાતાકીય પરીક્ષા, હોય તો, તે સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેવા ખાતાકીય પરીક્ષા નિયમોમાં નિર્દિષ્ટ કરેલી મુદતમાં અને તકોમાં પાસ કરવાની રહેશે.

(૨) નિમણૂક પછી ઉમેદવારે, સરકારે વખતોવખત કરેલા નિયમો અને હુકમો અનુસાર હિન્દી અથવા ગુજરાતીની પરીક્ષા પાસ કરવાની રહેશે.

૨૭. નિયંત્રક સત્તાધિકારી.–

સરકારના સચિવ, સામાન્ય વહીવટ વિભાગ (કર્મચારીગણ), આ નિયમોના અમલ માટે નિયંત્રક અને સંકલન સત્તાધિકારી રહેશે. તે અપવાદરૂપ સંજોગોમાં ઉમેદવારોને સચિવાલયના એક વિભાગ હેઠળની કચેરીમાંથી બીજા વિભાગમાં ફાળવવા અથવા પુન: ફાળવવા માટેની પણ સત્તા ધરાવતા અધિકારી ગણાશે.

૨૮. સંદિગ્ધતાના કિસ્સામાં અર્થઘટન.–

આ નિયમોના અર્થઘટન બાબતમાં કોઇ પણ પ્રશ્ન ઊભો થાય તો, તે પ્રશ્ન નિર્ણય અર્થે સરકારના સામાન્ય વહીવટ વિભાગના સચિવશ્રીને મોકલવો જોઇશે અને તે બાબતમાં તેમનો નિર્ણય આખરી રહેશે.

૨૯. અપવાદ.–

ગુજરાત બિન–સચિવાલય કારકુનો, વર્ગ ૩ (સીધી ભરતી કાર્યપદ્ધતિ) નિયમો, ૨૦૧૪ અને કચેરી સહાયક (ઓફિસ આસિસ્ટન્ટ), વર્ગ ૩, નિયમો, ૨૦૧૪ આથી, રદ કરવામાં આવે છે :

પરંતુ (નિયમો) આવી રીતે રદ થવા છતાં, આવી રીતે રદ કરેલા કોઇ નિયમ હેઠળ કરેલા કૃત્ય અથવા લીધેલાં કોઇ પગલાંને અસર થશે નહિ:

વધુમાં, આ નિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, આ નિયમોના આરંભ પહેલાં, ગુજરાત બિન–સચિવાલય કારકુનો, વર્ગ ૩ (સીધી ભરતી કાર્યપદ્ધતિ) નિયમો, ૨૦૧૪ અથવા કચેરી સહાયક (ઓફિસ આસિસ્ટન્ટ), વર્ગ ૩, નિયમો, ૨૦૧૪ હેઠળ શરૂ કરવામાં આવેલ કોઇપણ કાર્યવાહી પૂરી ન થાય ત્યાં સુધી, તે (કાર્યવાહી) કાયદેસર ગણાશે.

પરિશિષ્ટ–ક

(જુઓ નિયમો ૧(૨) અને ૩(૧))

અનુક્રમાંક	જગાનું નામ
૧.	સચિવાલયના વિભાગોમાં કચેરી સહાયક (ઓફિસ આસિસ્ટન્ટ), વર્ગ ૩.
૨.	પરિશિષ્ટ–ખમાં જણાવેલી કચેરીઓ અને પંચાયત સેવા પસંદગી મંડળ અથવા સમિતિઓના કાર્યક્ષેત્રમાં આવેલી હોય તેવી કચેરીઓ સિવાયની રાજ્ય સરકારની અન્ય તમામ કચેરીઓમાં, કારકુન વર્ગ ૩.

પરિશિષ્ટ–ખ

(જુઓ નિયમો ૨(ચ) અને ૪(૧))

(૧) ગુજરાત રાજ્યની ન્યાયિક અદાલતો.

(૨) ગુજરાતના રાજ્યપાલશ્રીના સચિવની કચેરી.

(૩) ગુજરાતના રાજભવનના ગૃહનિયામકની કચેરી.

(૪) ગુજરાત રાજ્ય સૈનિક, નાવિક અને વિમાની બોર્ડના સચિવની કચેરી, અમદાવાદ.

(૫) જિલ્લા સૈનિક, નાવિક અને વિમાની બોર્ડના સચિવની કચેરી, અમદાવાદ, વડોદરા અને સુરત.

(૬) સંપર્ક અધિકારીની કચેરી, મુંબઇ.

પરિશિષ્ટ–ગ

(જુઓ નિયમ ૪ (૧))

................................કચેરીમાં..........................થી..........................સુધી આગામી ભરતી વર્ષમાં ભરવાની થતી ...., વર્ગ–૩ની ખાલી જગાઓની સંખ્યા દર્શાવતું પત્રક.

અનુ. ક્રમાંક	જગાનું નામ અને જગાનું પગાર ધોરણ	અપેક્ષિત ખાલી જગાઓ			અપેક્ષિત ખાલી જગાઓની કુલ સંખ્યા (કોલમ ૩+૪+૫)	સીધી ભરતીથી ભરવાની જગા	ખાલી જગાઓ (કોલમ ૭)ની કુલ સંખ્યાનું સામાન્ય અને અનામત કક્ષાની જગાઓમાં વિભાજન.				ખાલી જગાઓની કુલ સંખ્યા (કોલમ ૭) માંથી નિયમો મુજબ (નીચેના વર્ગો) માટે અનામત રાખવાની જગાઓની સંખ્યા					
		ખરેખર ખાલી જગાઓ ની સંખ્યા	ભરતી વર્ષ દરમિયાન ઉભી થવાની શકયતા હોય એવી જગાઓની સંખ્યા	નિવૃત્તિ, બઢતી, રાજીનામું વગેરેને કારણે ખાલી પડનાર જગાઓની સંખ્યા			સામાન્ય	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ	સ્ત્રીઓ				શારીરિક ખોડ-ખાંપણવાળા / અપંગ વ્યકિતઓ	ભૂતપૂર્વ સૈનિકો
											સામાન્ય	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ		
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭
૧	(.....૩)															

INDEX

પરિશિષ્ટ-ધ

(જુઓ નિયમ ૪(૨))

સચિવાલયના ....વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળની કચેરીઓમાં આગામી ભરતી વર્ષમાં ભરવાની થતી ...., વર્ગ-૩ની ખાલી જગાઓની સંખ્યા દર્શાવતું પત્રક.

અનુ. ક્રમાંક	વિભાગના વડાની કચેરીનું નામ	જગાનું નામ અને જગાનું પગાર ધોરણ	અપેક્ષિત ખાલી જગાઓ			અપેક્ષિત ખાલી જગાઓની કુલ સંખ્યા (કોલમ ૪+૫+૬)	સીધી ભરતીથી ભરવાની જગા	ખાલી જગાઓ (કોલમ ૭)ની કુલ સંખ્યાનું સામાન્ય અને અનામત કક્ષાની જગાઓમાં વિભાજન.				ખાલી જગાઓની કુલ સંખ્યા (કોલમ ૭) માંથી નિયમો મુજબ (નીચેના વર્ગો) માટે અનામત રાખવાની જગાઓની સંખ્યા					
			ખરેખર ખાલી જગાઓની સંખ્યા	ભરતી વર્ષ દરમિયાન ઉભી થવાની શકયતા હોય એવી જગાઓની સંખ્યા	નિવૃત્તિ, બઢતી, રાજીનામું વગેરેને કારણે ખાલી પડનાર જગાઓની સંખ્યા			સામાન્ય	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ	સ્ત્રીઓ				શારીરિક ખોડ-ખાંપણવાળા/ અપંગ વ્યકિતઓ	ભૂતપૂર્વ સૈનિકો
												સામાન્ય	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ		
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮
૧			(.....૩)														

35-12

પરિશિષ્ટ-ચ

(જુઓ નિયમ ૪(૩))

સચિવાલયના વિભાગમાં આગામી ભરતી વર્ષમાં ભરવાની થતી કચેરી સહાયક (ઓફિસ આસિસ્ટન્ટ), વર્ગ-૩ની ખાલી જગાઓની સંખ્યા દર્શાવતું પત્રક.

અનુ. ક્રમાંક	સચિવાલયના વિભાગનું નામ	જગાનું નામ અને જગાનુંપગાર ધોરણ	અપેક્ષિત ખાલી જગાઓ			અપેક્ષિત ખાલી જગાઓની કુલ સંખ્યા (કોલમ ૪+૫+૬)	સીધી ભરતીથી ભરવાની જગા	ખાલી જગાઓ (કોલમ ૭)ની કુલ સંખ્યાનું સામાન્ય અને અનામત કક્ષાની જગાઓમાં વિભાજન.				ખાલી જગાઓની કુલ સંખ્યા (કોલમ ૭) માંથી નિયમો મુજબ (નીચેના વર્ગો) માટે અનામત રાખવાની જગાઓની સંખ્યા					
			ખરેખર ખાલી જગાઓની સંખ્યા	ભરતી વર્ષ દરમિયાન ઉભી થવાની શકયતા હોય એવી જગાઓની સંખ્યા	નિવૃત્તિ, બઢતી, રાજીનામું વગેરેને કારણે ખાલી પડનાર જગાઓની સંખ્યા			સામાન્ય	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ	સ્ત્રીઓ				શારીરિક ખોડ-ખાંપણવાળા/અપંગ વ્યકિતઓ	ભૂતપૂર્વ સૈનિકો
												સામાન્ય	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ		
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮
૧	સામાન્ય વહીવટ વિભાગ	કચેરી સહાયક (રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે ૧૯૦૦)															

INDEX

પરિશિષ્ટ –છ

(જુઓ નિયમ ૧૦)

ભાગ ૧: લેખિત કસોટી માટેનો અભ્યાસક્રમ **૨ કલાક**

૧.	ગુજરાતનો ઇતિહાસ અને સંસ્કૃતિ	૨૫ ગુણ
૨.	ગુજરાતી વ્યાકરણ	૨૫ ગુણ
૩.	અંગ્રેજી વ્યાકરણ	૨૫ ગુણ
૪.	ભારત અને ગુજરાતની પ્રવર્તમાન બાબતો, સામાન્ય વિજ્ઞાન, જથ્થાત્મક અભિરુચિ (એપ્ટીટયુડ કવોન્ટીટેટીવ)	૫૦ ગુણ
૫.	પરિશિષ્ટ–જ–માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારીને લગતી કમ્પ્યુટરની થિયરી	૨૫ ગુણ
૬.	જાહેર વહીવટ અને ભારતનું સંવિધાન	૫૦ ગુણ
	કુલ	**૨૦૦ ગુણ**

નોંધ:

૧ હેતુલક્ષી (વૈકલ્પિક) પ્રકારની લેખિત કસોટીમાં, મલ્ટીપલ ચોઇસ કવેશ્ચન (MCQ) અને ઓ.એમ.આર. (ઓપ્ટિકલ માર્ક રીડર) પદ્ધતિનો સમાવેશ થશે.

૨ દરેક પ્રશ્ન ૧ ગુણનો રહેશે.

૩ ઉમેદવારે તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૪ ખોટા જવાબ સાથે (પ્રશ્નનો) જવાબ આપવાનો પ્રયાસ કરેલો હોય તેવા દરેક પ્રશ્નના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

૫ દરેક પ્રશ્નમાં, ‘‘પ્રયાસ નહિ કરેલ (નોન એટેમ્પ્ટેડ)’’નો એક વિકલ્પ રહેશે. ઉમેદવાર જવાબ આપવા માગતો ન હોય, તો તે આ વિકલ્પ પસંદ કરી શકશે. ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે, તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહિ.

૬ ઉમેદવારે પ્રશ્નમાં આપેલા વિકલ્પો પૈકીનો કોઇ વિકલ્પ પસંદ કર્યો ન હોય, તો પછી, તેના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

ભાગ ૨ કોમ્પ્યુટર ક્ષમતા કસોટી માટેનો અભ્યાસક્રમ **૧ કલાક અને ૩૦ મિનિટ**

૧.	ગુજરાતી ટાઇપિંગ કસોટી	૨૦ ગુણ
૨.	અંગ્રેજી ટાઇપિંગ કસોટી	૨૦ ગુણ
૩.	પરિશિષ્ટ–ઝ–માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારીને લગતી કમ્પ્યુટરની પ્રાયોગિક કસોટી	૬૦ ગુણ
	કુલ	**૧૦૦ ગુણ**

નોંધ: ટાઇપિંગની ઝડપ, એક કલાકમાં ચોકસાઇપૂર્વક ઓછામાં ઓછા ૫૦૦૦ કી ડિપ્રેશન કરવાની હોવી જોઇશે.

પરિશિષ્ટ–જ

(જુઓ પરિશિષ્ટ–છ)

(૧) ઓપરેટિંગ સિસ્ટમ અને ઓફિસ પ્રોડક્ટિવિટી ટૂલ્સ.

(૧) માઇક્રોસોફ્ટ વિન્ડોઝ

(૨) અદ્યતન લાક્ષણિકતાઓ સહિત એમએસ વર્ડ

(૩) એમએસ(માઇક્રોસોફ્ટ) આઉટલુક

(૪) ફાઇલ અને ફોલ્ડર મેનેજમેન્ટ .

(૫) ઇન્ટરનેટની જાણકારી, ઉપયોગિતા અને ઇ–મેઇલ.

(૬) વાઇડ એરિયા નેટવર્ક, વાયરલેસ LAN (લોકલ એરિયા નેટવર્ક) અને LAN (લોકલ એરિયા નેટવર્ક)–ની WAN (વાઇડ એરિયા નેટવર્ક) સાથે જોડાણ કરવા અંગેની સમજ.

(૭) ઇન્ટરનેટ એક્સ્પ્લોરરની ઉપયોગિતા અને જુદા જુદા વિકલ્પો (options)/ ઉપલબ્ધ સેટિંગ્સ (settings) હોય તો તેની માહિતી.

(૮) પીડીએફ ફાઇલ (Protected Document File)ની સંક્ષિપ્તમાં માહિતી અને ઉપયોગિતા.

(૯) માઇક્રોસોફ્ટ ઓફિસ

(૨) માઇક્રોસોફ્ટ ઓફિસ ઇન્ડિક (ગુજરાતી)

(૧) એમએસ (માઇક્રોસોફ્ટ) ઓફિસ ઇન્ડિક વિષેની પ્રસ્તાવના.

(૨) ડેસ્કટૉપ, માઉસ, કી–બોર્ડ વગેરે વિષેનો પરિચય.

(૩) વર્ડ (Word Application) કેવી રીતે ચાલુ કરવી? વર્ડ (Word Application) ચાલુ કરવાની પદ્ધતિઓ.

(૪) અંગ્રેજીમાંથી ગુજરાતી ભાષામાં કેવી રીતે બદલવું.

(૫) ગુજરાતી કી–બોર્ડ વિષેનો પરિચય.

(૬) ગુજરાતી આઇએમઇ (IME) વિષેનો પરિચય. રેમિંગટન અને ટ્રાન્સલિટરેશન (લિપ્યાંતર) કી–બોર્ડ વચ્ચેનો તફાવત.

(૭) કી–બોર્ડનો ઉપયોગ કંઇ રીતે કરવો. ટ્રાન્સલિટરેશન (લિપ્યાંતર) કી–બોર્ડ શું છે?

(૮) ટ્રાન્સલિટરેશન (લિપ્યાંતર) કી–બોર્ડથી વિવિધ અક્ષરો અને શબ્દો કઇ રીતે ટાઇપ કરવા.

(૯) આઇએમઇ (Input Method Editor) હેલ્પ (સહાય)નો ઉપયોગ કઇ રીતે કરવો? ગુજરાતીમાં જોડણી (સ્પેલિંગ)– વ્યાકરણ ચકાસણીનો ઉપયોગ કઇ રીતે કરવો?

(૧૦) સ્માર્ટ ટેગ એટલે શું? થિસોરસ એટલે શું?

(૧૧) મેન્યૂ (Menu) અંગેજીમાંથી ગુજરાતીમાં કઇ રીતે બદલવું?

(૧૨) ટીબીઆઇએલ (Transliterator Between Indian Languages) converter–થી ASCII ફોન્ટને Unicode ફોન્ટમાં કન્વર્ટ કરવા(બદલવા).

(૩) ટ્રબલશૂટિંગ, ઇન્સ્ટોલેશન અને તેનો શ્રેષ્ઠ ઉપયોગ

(૧) સ્ટૉરેજ ડિવાઇસની સમજ.

(૨) ડીવીડી (DVD)/સીડી (CD) /રોમ (ROM) અને ફ્લોપીનો ઉપયોગ કેવી રીતે કરવો.

(૩) ડીવીડી (DVD)/સીડી (CD)-ને બર્ન(બર્ન) કરવી.

(૪) ફ્લેશ ડ્રાઇવ, પેન ડ્રાઇવમાં અને તેમાંથી ડેટા લેવો.

(૫) લોકલ એરિયા નેટવર્કમાંથી ડેટા અને રિસોર્સિસનો ઉપયોગ કરવો.

(૬) ઇન્ટરનેટ પરથી ડેટા અપલોડિંગ અને ડાઉનલોડિંગ માટે એફટીપી(FTP)નો ઉપયોગ કરવો.

(૭) સ્કેનર પરની માહિતી અને સ્કેનર સોફ્ટવેરનો ઉપયોગ / કોન્ફિગરેશન.

(૪) ઇન્સ્ટોલેશન્સ :

(૧) એમએસ (માઇક્રોસોફ્ટ) ઓફિસ વગેરે જેવા બેઝિક (મૂળ) સોફ્ટવેર ઇન્સ્ટોલ કરવા.

(૨) સીડી (CD) બર્નિંગ સોફ્ટવેર (નીરો(Nero) વગેરે)

(૩) પ્રિન્ટર્સ ઇન્સ્ટોલ કરવા અથવા ઉમેરવા (જોડવા).

(૪) ફોન્ટ ઇન્સ્ટોલ કરવા અથવા ઉમેરવા.

(૫) સાઉન્ડ ડ્રાઇવર્સ ઇન્સ્ટોલ કરવા.

(૬) કોઇપણ નવા હાર્ડવેર માટે ડ્રાઇવર્સ ઇન્સ્ટોલ કરવા.

(૭) નવું સોફ્ટવેર ઇન્સ્ટોલ કરવું અને કન્ટ્રોલ પેનલનો ઉપયોગ કરી તેને રીમૂવ કરવું.

(૫) બેસ્ટ પ્રેક્ટિસિસ.

(૧) જનરલ સિક્યોરિટી કન્સેપ્ટ્સ (સલામતીની સામાન્ય સમજ) (પાસવર્ડ પ્રોટેક્શનને લગતી સમસ્યાઓને આવરી લેવી, નવો પાસવર્ડ બનાવવાની માર્ગદર્શક સૂચનાઓ (ગાઇડલાઇન્સ), આપવામાં આવેલા એકાઉન્ટના પ્રોટેક્શન (સલામતી) ને લગતી માર્ગદર્શક સૂચનાઓ (ગાઇડલાઇન્સ)).

(૨) ડિસ્ક ક્લિનઅપ.

(૩) એન્ટિ વાયરસ સોફ્ટવેરનું નિયમિત અપડેટિંગ .

(૪) સ્કેન્ડડિસ્ક (Scandisk).

(૫) નીચેની બાબતોને સમાવિષ્ટ કરીને વિગતવાર રીતે બેકઅપ (Backup)

(ક) એપ્લીકેશન દ્વારા બેકઅપ (Backup).

(ખ) યુટિલિટિઝ એન્ડ ટૂલ્સ (ઉપયોગિતા અને સાધનો) દ્વારા બેકઅપ (Backup).

(ગ) રેકોર્ડ રિટેન્શન .

(૬) ટ્રબલશૂટિંગ (Troubleshooting):

(૧) ટ્રબલશૂટિંગ ટૂલ્સ.

(૨) ટ્રબલશૂટિંગ વાયરસિઝ(Viruses).

(3) ટ્રબલશૂટિંગની પદ્ધતિઓ(રીતો).

(૪) કોમ્પ્યુટર ચાલુ કરવામાં આવતી સમસ્યાઓ.

(૫) ઓએસ (Operating System), નેટવર્ક –નું ટ્રબલશૂટિંગ.

(૬) કોમ્પ્યુટર Boots થયા પછીની સમસ્યાઓ.

પરિશિષ્ટ-ઝ

(જુઓ પરિશિષ્ટ –છ)

પ્રયોગાત્મક કસોટી (પ્રેક્ટિકલ ટેસ્ટ)

(૧)	વર્ડ ફાઇલમાં ટેન્ડર નોટિસ તૈયાર કરવી	૩૦ ગુણ
(૨)	પૂરી પાડેલ માહિતી (ડેટા) ઉપરથી પ્રેઝન્ટેશન માટે સ્લાઇડ તૈયાર કરવી	૧૦ ગુણ
(૩)	એક્સેલ સ્પ્રેડશીટ તૈયાર કરવી અને ગાણિતિક ફૂટ પ્રશ્નના જવાબ આપવા	૧૦ ગુણ
(૪)	વર્ડ ડોક્યુમેન્ટ (દસ્તાવેજ)માં આપેલ ભૂલ તપાસ અને સ્પેલિંગ સુધાર તેમજ અન્ય કાર્યો. –કોમેન્ટ દૂર કરવી –સ્પેલિંગ ચકાસણી –બોલ્ડ–દૂર કરવા (પરિચ્છેદ ફરી લખવો) વગેરે.	૧૦ ગુણ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દેવી પંડ્યા,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 36

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, FEBRUARY 12, 2016/MAGHA 23, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૬ના ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ-ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૨૦૧૬નો ૧૬-ઈએલઈ-૧૦૨૦૧૧-૩૦૧૧-પી** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Bombay Provincial Municipal Corporations (Registration of Electors) Rules, 1994.

મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૬ .

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંકઃ કેવી–૨૦૧૬નો ૧૬/ઇએલઇ/૧૦૨૦૧૧/૩૦૧૧/પીઃ– ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઇના ૫૯મા) (જેનો આમાં, હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૫૬ની પેટા–કલમ (૨)ના પ્રથમ પરંતુક હેઠળ નિયમો કરવા અને તેની પૂર્વ–પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલાં લેવાનું તેના માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૧૪ સાથે વાંચતા, કલમ ૪૫૬ની પેટા–કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો, ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) નિયમો, ૧૯૯૪માં, નિયમ ૪માં, પેટા–નિયમ (૧)માં, "તૈયાર કરી, સુધારી અને આખરે પ્રસિદ્ધ" એ શબ્દોને બદલે, "તૈયાર કરી પ્રસિદ્ધ" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

અશોકસિંહ પરમાર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 37

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, FEBRUARY 18, 2016/MAGHA 29, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૬

તારીખઃ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૬ના ગુજરાત **વિધેયક ક્રમાંક : ૧**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

GUJARAT BILL NO. 1 OF 2016.

THE GUJARAT STAMP (AMENDMENT) BILL, 2016.

A BILL

further to amend the Gujarat Stamp Act, 1958.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧ .

ગુજરાત સ્ટેમ્પ (સુધારા) વિધેયક, ૨૦૧૬.

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજયના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. આ અધિનિયમ ગુજરાત સ્ટેમ્પ (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા.

સન ૧૯૫૮નો મુંબઇનો ૬૦મો. ૨. ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે)માં, કલમ ૧૭માં, વિદ્યમાન પરંતુક પછી, નીચેનો પરંતુક ઉમેરવો :- સન ૧૯૫૮ના મુંબઇના ૬૦મા અધિનિયમની કલમ ૧૭નો સુધારો.

સન ૧૯૫૬ના ૧લો. ''વધુમાં, લેખ જેટલે સુધી કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩૯૪ હેઠળ હાઇકોર્ટના હુકમથી કંપનીઓની પુનઃરચના અથવા જોડાણ (એકીકરણ)ને લગતો હોય તેટલે સુધી, હાઇકોર્ટના હુકમની તારીખથી ત્રીસ દિવસની અંદર સ્ટેમ્પ મારવો (લગાડવો) જોઇશે.''.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૩માં, પેટા-કલમ (૧)માં, ખંડ (ક)માં, નીચેનો પરંતુક દાખલ કરવો :- સન ૧૯૫૮ના મુંબઇના ૬૦મા અધિનિયમની કલમ ૫૩નો સુધારો.

''પરંતુ મુખ્ય નિયંત્રણ મહેસૂલ અધિકારીને ખાતરી થાય કે આવી વ્યકિતને, ઉપર નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર, પૂરતા કારણોસર અરજી રજૂ કરતાં અટકાવવામાં આવી હતી, તો તેઓ (મુખ્ય નિયંત્રણ મહેસૂલ અધિકારી), દર ત્રીસ દિવસ અથવા તેના ભાગ માટે એક હજાર રૂપિયાની બિન-રિફંડપાત્ર રકમની ચુકવણી કર્યેથી, ત્યાર પછીની વધુ નેવું દિવસની મુદતની અંદર તેવી વ્યકિતને અરજી રજૂ કરવાની પરવાનગી આપી શકશે.''.

INDEX

ઉદ્દેશો અને કારણો

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૧૭થી બીજી બાબતોની સાથોસાથ એવી જોગવાઇ કરવામાં આવી છે કે જેના ઉપર ડયુટી લેવાની હોય અને જે રાજયમાંની કોઇ વ્યકિતએ કરી આપવાના હોય તેવા તમામ લેખો ઉપર તે કરી આપવાની અગાઉ અથવા તે કરી આપતી વખતે અથવા ત્યાર પછી તરત જ, તે (લેખો) કરી આપ્યાના દિવસ પછીના તરતના કામકાજના દિવસે સ્ટેમ્પ મારવો જોઇશે. હવે, કંપનીઓની પુનઃરચના અથવા જોડાણ (એકીકરણ)ના સંબંધમાં, કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩૯૪ હેઠળ હાઇકોર્ટ દ્વારા કરવામાં આવેલ દરેક હુકમ, સદરહુ અધિનિયમની કલમ ૨(જ) હેઠળ એક માલિકી ફેરખત છે અને તેમ હોવાથી કલમ ૧૭ની જોગવાઇઓ, આવા માલિકી ફેરખતને પણ લાગુ પડે છે અને તેથી, કંપનીઓ માટે ઓછામાં ઓછું ત્યાર પછીના કામકાજના દિવસે, હાઇકોર્ટના આવા હુકમ ઉપર સ્ટેમ્પ લગાડવાનું જરૂરી હોય છે. તેમ છતાં, હાઇકોર્ટ દ્વારા આવો હુકમ કરવામાં આવે તે જ દિવસે હાઇકોર્ટનો હુકમ ઉપલભ્ય થાય નહિ અને હાઇકોર્ટના હુકમની નકલ મેળવવામાં થોડો સમય જતો હોવાથી, હાઇકોર્ટના હુકમ ઉપર સ્ટેમ્પ લગાડવામાં સમયમર્યાદાનું પાલન કરવું કંપનીઓ માટે મુશ્કેલ હોય છે અને તેથી, તે (કંપનીઓ) દંડ ભરવાને પાત્ર (જવાબદાર) બને છે. તેથી કંપનીઓએ, હાઇકોર્ટનો હુકમ મળ્યાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર હાઇકોર્ટના આવા હુકમ ઉપર સ્ટેમ્પ લગાડવાનું જરૂરી રહેશે તે મતલબનો કલમ ૧૭માં પરંતુક દાખલ કરવા ધાર્યું છે.

સદરહુ અધિનિયમની કલમ ૫૩થી બીજી બાબતોની સાથોસાથ એવી જોગવાઇ કરવામાં આવી છે કે સદરહુ કલમમાં વર્ણવેલી કલેકટરે વાપરવાની સત્તા, મુખ્ય નિયંત્રણ મહેસૂલ અધિકારીના નિયંત્રણને અધીન રહેશે અને તે સદરહુ અધિકારીએ, કલેકટરના હુકમ (મળ્યાની)ની તારીખથી નેવું દિવસની મુદતની અંદર અરજી કરવામાં આવી ન હોય, તો આ સંબંધમાં કોઇપણ અરજી વિચારણામાં લેવી જોઇશે નહિ. મુખ્ય નિયંત્રણ મહેસૂલ અધિકારીને એવી ખાતરી થાય કે અરજદારને પૂરતા કારણસર અરજી કરતાં અટકાવવામાં આવ્યો હતો, તો કલેકટરના હુકમ સામે તેમને (મુખ્ય નિયંત્રણ મહેસૂલ અધિકારીને) અરજી કરવામાં વિલંબ, જો કંઇ થયેલ હોય, તો તે અંગે માફી આપવાની સત્તા મુખ્ય નિયંત્રણ મહેસૂલ અધિકારીને આપવાનું જરૂરી જણાયું છે. સદરહુ અધિનિયમની કલમ ૫૩માં સદરહુ મતલબનો સુધારો કરવા ધાર્યું છે.

આ વિધેયકથી, ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

તારીખ : ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૬. **નીતિન પટેલ.**

સી. જે. ગોઠી,
ગાંધીનગર, ગુજરાત સરકારના સચિવ,
તારીખ : ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૬. વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 38

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, FEBRUARY 18, 2016/MAGHA 29, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૬

તારીખ: ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૬ ના **ગુજરાત રાજપત્ર, (અસાધારણ)** માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન **૨૦૧૬** ના ગુજરાત **વિધેયક ક્રમાંક : ૨** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 2 OF 2016.

THE GUJARAT LAND REVENUE (AMENDMENT) BILL, 2016.

A BILL

further to amend the Gujarat Land Revenue Code, 1879.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છેઃ-

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨ .

ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) વિધેયક, ૨૦૧૬.

ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૧૮૭૯નો મુંબઇનો ૫મો. ૨. ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (જેનો આમાં હવે પછી, ‘‘મુખ્ય અધિનિયમ’’ તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૪૮માં,- સન ૧૮૭૯ના મુંબઇના ૫મા અધિનિયમની કલમ ૪૮નો સુધારો.

(૧) પેટા-કલમ (૧)માં, ખંડ (ચ)ને બદલે, નીચેનો ખંડ મૂકવોઃ-

‘‘(ચ) અન્ય કોઇ હેતુ માટે અથવા અન્ય જુદા જુદા બિન-ખેતીવિષયક હેતુઓ માટે.’’

;

(૨) પેટા-કલમ (૨)માં, ‘‘બીજા કોઇ હેતુ માટે ઉપયોગ કરવાની’’ એ શબ્દોથી શરૂ થતા અને ‘‘બીજા કોઇ હેતુ માટે ઉપયોગ કરવામાં આવે ત્યારે’’ એ શબ્દોથી પૂરા થતા ભાગને બદલે, ‘‘બીજા કોઇ હેતુ અથવા હેતુઓ માટે ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવી હોય અથવા પરવાનગી આપવામાં આવેલી ગણાય અથવા કલેક્ટરની પરવાનગી પ્રથમ

INDEX

મેળવ્યા સિવાય અથવા યથાપ્રસંગ, કલમ ૬૫થી અથવા કલમ ૬૫-ક થી ઠરાવેલી મુદત પૂરી થાય તે પહેલાં, બીજા કોઈ હેતુ માટે અથવા જુદા જુદા હેતુઓ માટે ઉપયોગ કરવામાં આવે, ત્યારે'' એ શબ્દો મૂકવા ;

(૩) પેટા-કલમ (૩)માં, ''બીજા કોઈ હેતુ'' એ શબ્દો પછી, ''અથવા જુદા જુદા હેતુઓ'' એ શબ્દો દાખલ કરવા.

સન ૧૮૭૯ના મુંબઈના ૫મા અધિનિયમની કલમ ૬૫નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૫માં,-

(૧) પેટા-કલમ (૧)માં, પ્રથમ પરિચ્છેદમાં, ''બીજા કોઈ હેતુ માટે'' એ શબ્દો પછી, ''અથવા બીજા જુદા જુદા હેતુઓ માટે'' એ શબ્દો દાખલ કરવા;

(૨) પ્રથમ પરિચ્છેદની હાંસિયા નોંધમાં, ''બીજા કોઈ હેતુ માટે'' એ શબ્દો પછી, ''અથવા બીજા જુદા જુદા બિન-ખેતીવિષયક હેતુઓ માટે'' એ શબ્દો ઉમેરવા.

સન ૧૮૭૯ના મુંબઈના ૫મા અધિનિયમની કલમ ૬૫ક-નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૫ક-માં,-

(૧) ''બીજા કોઈ બિન-ખેતીવિષયક હેતુ માટે'' એ શબ્દો પછી, ''અથવા બીજા જુદા જુદા બિન-ખેતીવિષયક હેતુઓ માટે'' એ શબ્દો દાખલ કરવા;

(૨) હાંસિયા નોંધમાં, ''બીજા (બિન-ખેતીવિષયક) હેતુ માટે'' એ શબ્દો અને કૌંસ પછી, ''અથવા બીજા જુદા જુદા બિન-ખેતીવિષયક હેતુઓ માટે'' એ શબ્દો ઉમેરવા.

સન ૧૮૭૯ના મુંબઈના ૫મા અધિનિયમની કલમ ૬૫ખનો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૫ખ-માં, પેટા-કલમ (૧)માં, ખંડ (ખ)માં, પેટા-ખંડ (૧)માં, પરિચ્છેદ (ખ)માં, બાબત (૬)ના બીજા પરંતુકમાં, ''રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી,'' એ શબ્દોને બદલે ''કલેકટર,'' એ શબ્દ મૂકવો.

સન ૧૮૭૯ના મુંબઈના ૫મા અધિનિયમની કલમ ૬૭કનો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૭ક-માં,-

(૧) પેટા-કલમ (૧)માં,-

(૧) ખંડ (ક)માં, ''બીજા કોઈ હેતુ માટે'' એ શબ્દો પછી, ''અથવા બીજા જુદા જુદા હેતુઓ માટે'' એ શબ્દો દાખલ કરવા;

(૨) ખંડ (ખ)માં, ''બીજા કોઈ હેતુ માટે'' એ શબ્દો પછી, ''અથવા બીજા જુદા જુદા હેતુઓ માટે'' એ શબ્દો દાખલ કરવા;

(૨) પેટા-કલમ (૨)માં,-

(૧) ''બિન-ખેતીવિષયક હેતુ'' એ શબ્દો જયાં જયાં આવતા હોય ત્યાં તે શબ્દો પછી, ''અથવા બીજા જુદા જુદા બિન-ખેતીવિષયક હેતુઓ'' એ શબ્દો દાખલ કરવા;

(૨) ખંડ (ખ)માં, ''કોલમ (૩) અથવા (૪)માંની'' એ શબ્દો, કૌંસ અને આંકડા ને બદલે, ''કોલમ (૩) અથવા (૪) અથવા (૫)માંની'' એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવા;

(૩) પેટા-કલમ (૨ક)માં,-

(૧) ''બિન-ખેતીવિષયક હેતુ'' એ શબ્દો જયાં જયાં આવતા હોય ત્યાં તે શબ્દો પછી, ''અથવા બીજા જુદા જુદા બિન-ખેતીવિષયક હેતુઓ'' એ શબ્દો દાખલ કરવા;

(૨) ''નીચેના કોષ્ટકના કોલમ'' એ શબ્દોને બદલે, ''નીચેના કોષ્ટકના કોલમ (૩) અથવા (૫)'' એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવા.

(૪) પેટા-કલમ (૩)માં, વિદ્યમાન કોષ્ટકને બદલે, નીચેનો મજકૂર મૂકવો :-

''કોષ્ટક

અનુ. ક્રમાંક.	જે વિસ્તારમાં જમીન આવેલી છે તે વિસ્તાર.	જમીનના ચોરસ મીટર દીઠ રૂપાંતર વેરાનો દર		
		જમીનનો ઉપયોગ કામચલાઉ બિન-ખેતીવિષયક હેતુ અથવા રહેણાકના હેતુ અથવા સખાવતી હેતુ માટે કરવાનો હોય ત્યારે.	જમીનનો ઉપયોગ ઔદ્યોગિક હેતુ અથવા કોઇ બીજા હેતુ માટે કરવાનો હોય ત્યારે.	જમીનનો ઉપયોગ બીજા જુદા જુદા બિન-ખેતી વિષયક હેતુઓ માટે કરવાનો હોય ત્યારે
૧	૨	૩	૪	૫
૧.	છેલ્લી વસ્તી ગણતરી પ્રમાણે એક લાખથી વધુ નહિ તેટલી વસ્તીવાળા ગામો, મ્યુનિસિપલ બરો, જાહેર કરેલા વિસ્તારો અને શહેરો.	રૂા.૨.૦૦	રૂા.૬.૦૦	રૂા. ૮.૦૦
૨.	છેલ્લી વસ્તી ગણતરી પ્રમાણે એક લાખથી વધુ વસ્તીવાળા મ્યુનિસિપલ બરો, જાહેર કરેલા વિસ્તારો અને શહેરો.	રૂા. ૧૦.૦૦	રૂા.૩૦.૦૦	રૂા.૪૦.૦૦''.

INDEX

ઉદ્દેશો અને કારણો

ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમ ૬૫થી, બીજી બાબતોની સાથોસાથ, ખાતેદાર પોતાની ખેતીની જમીનનો બીજા કોઈ હેતુ માટે ઉપયોગ કરવા ઈચ્છતો હોય તે માટેની કાર્યરીતિની જોગવાઈ કરી છે. સદરહુ અધિનિયમની કલમ ૬૫કથી, બીજી બાબતોની સાથોસાથ, ખાતેદાર પોતાની જમીનનો ઉપયોગ એક બિન-ખેતીવિષયક હેતુમાંથી બીજા બિન-ખેતીવિષયક હેતુ માટે કરવા ઈચ્છતો હોય તેવા કિસ્સામાં અનુસરવાની કાર્યરીતિ માટે જોગવાઈ કરી છે. એવું અનુભવાયેલ છે કે હાલમાં ખાતેદાર તેની બિન-ખેતીવિષયક જમીનના હેતુને બીજા બિન-ખેતીવિષયક જમીનના હેતુમાં બદલવા ઈચ્છતો હોય, ત્યારે તેણે કલમ ૬૫માં જોગવાઈ કર્યા પ્રમાણેની જ કાર્યરીતિમાંથી પસાર થવું પડે છે અને તેને પરિણામે ખાતેદારને, બીજા બિન-ખેતીવિષયક હેતુ માટે જમીનનો ઉપયોગ કરવા માટેની પરવાનગી મેળવવામાં અતિશય વિલંબ થવા જેવી ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ મુશ્કેલીના નિવારણ માટે, એક કરતાં વધારે જુદા જુદા બિન-ખેતીવિષયક હેતુઓ માટે ખેતીની જમીનનો ઉપયોગ કરવાની પરવાનગી આપતી જોગવાઈ કરીને સદરહુ અધિનિયમની કલમ ૬૫ની જોગવાઈઓ સુધારવા ધાર્યું છે અને તે જ રીતે, એક કરતાં વધારે જુદા જુદા બિન-ખેતીવિષયક હેતુઓમાં બિન-ખેતીવિષયક જમીનનો ઉપયોગ કરવા માટેની પરવાનગી આપતી જોગવાઈ કરવા માટે કલમ ૬૫કની જોગવાઈઓ પણ સુધારવા ધાર્યું છે. આ બાબત, જમીનના ઉપયોગનો હેતુ બદલવા માટેની કાર્યરીતિના સરલીકરણમાં પરિણમશે અને ખાતેદારની મુશ્કેલીઓ ઓછી થશે.

સદરહુ અધિનિયમની કલમ ૬૫ખ, જે અમુક જમીનોના ખરેખર ઔદ્યોગિક હેતુ માટેના ઉપયોગને લગતી છે, તેનાથી એવી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ રચાયેલ કોઈ વિકાસ સત્તામંડળની હકૂમતની અંદરના વિસ્તારના ઘેરાવાના પાંચ કિલોમીટરની અંદર આવેલી ન હોય એ શરત પરિપૂર્ણ થતી હોય, તો જમીનના ખરેખર ઔદ્યોગિક હેતુ માટે ઉપયોગને મુકિત આપવાની સત્તા રાજ્ય સરકારને મળે છે. કલમ ૬૫ખ સુધારવા ધાર્યું છે, જેથી કરીને મુકિત આપવાની એવી સત્તા, કલેકટરને સોંપી શકાય. અમુક પારિણામિક સુધારા પણ આવરી લેવામાં આવ્યા છે.

સદરહુ અધિનિયમની કલમ ૬૭કથી, અમુક વિસ્તારોમાં જમીનના ઉપયોગ બદલવા માટે ખાતેદાર દ્વારા રૂપાંતર વેરો ભરવાની જોગવાઈ કરી છે. એક કરતાં વધુ બિન-ખેતીવિષયક હેતુઓ માટે બિન-ખેતીવિષયક પરવાનગી આપવા ધાર્યું છે. સાથે સાથે, રૂપાંતર વેરાના વિદ્યમાન દરો વધારવા ધાર્યું છે, વિદ્યમાન કોષ્ટક બદલવા ધાર્યું છે.

આ વિધેયકથી, ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

નીતિન પટેલ,

INDEX

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૬.	**નીતિન પટેલ.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. ગોઠી,

ગાંધીનગર,	ગુજરાત સરકારના સચિવ,

તારીખ: ૧૮મી માર્ચ, ૨૦૧૬.	વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 39

वार्षिक लवाजमनो दर रू. ३५००/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, FEBRUARY 18, 2016/MAGHA 29, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

તારીખ : ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૬ ના ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૩ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT BILL NO. 3 OF 2016.

THE GUJARAT ELECTRICITY DUTY (AMENDMENT) BILL, 2016.

A BILL

further to amend the Gujarat Electricity Duty Act, 1958.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૩ .

ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) વિધેયક, ૨૦૧૬.

ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. આ અધિનિયમ ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા.

સન ૧૯૫૮નો મુંબઈનો ૪૦મો. ૨. ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી, ‘‘મુખ્ય અધિનિયમ’’ તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૩માં, પેટા-કલમ (૨)માં, ખંડ (૫-ક)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:- સન ૧૯૫૮ના મુંબઈના ૪૦મા અધિનિયમની કલમ ૩નો સુધારો.

‘‘(૫-ક) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અર્થે નિર્દિષ્ટ કરે તેવા કોઈ વીજળીશક્તિના બિન-પરંપરાગત અથવા પુન:પ્રાપ્ય સ્રોત દ્વારા વીજળીશક્તિ ઉત્પન્ન કરે તે પ્રસંગે;’’.

INDEX

ઉદ્દેશો અને કારણો

ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩ની પેટા-કલમ (૨)ના ખંડ (૫-ક)થી, સૌર-શક્તિ, પવન શક્તિ અથવા બાયોમાસ શક્તિથી વીજળીશક્તિ ઉત્પન્ન કરવામાં આવે ત્યારે, વિદ્યુત શુલ્ક ભરવામાંથી મુક્તિ આપવા માટેની જોગવાઈ કરી છે. તેમ છતાં, તાજેતરના સમયમાં એવું જણાયેલ છે કે સૌર શક્તિ અથવા બાયોમાસ શક્તિ જેવા બિન-પરંપરાગત અથવા પુનઃપ્રાપ્ય સ્રોતો દ્વારા જ વીજળીશક્તિ ઉત્પન્ન કરવામાં આવતી નથી, પરંતુ હાઈડલ એનર્જી, વેસ્ટ-ટુ-એનર્જી, જિઓ-થર્મલ એનર્જી, ટાઈડલ એનર્જી વગેરે જેવા બીજા બિન-પરંપરાગત અને પુનઃપ્રાપ્ય સ્રોતો મારફત પણ હવે વીજળીશક્તિ ઉત્પન્ન કરવામાં આવે છે. આવા વધુ ને વધુ બિન-પરંપરાગત અને પુનઃપ્રાપ્ય સ્રોતો મારફત વીજળીશક્તિ ઉત્પન્ન કરવામાં આવતી રહે તે ફક્ત રાજ્યના જ હિતમાં નથી, પરંતુ તે દેશના હિતમાં પણ છે અને તેના માટે આવી વીજળીશક્તિના વધુમાં વધુ ઉત્પાદનને પ્રોત્સાહન આપવાનું જરૂરી જણાયું છે. તેથી, કઈ વીજળીશક્તિને બિન-પરંપરાગત અથવા પુનઃપ્રાપ્ય વીજળીશક્તિ તરીકે ગણવી તે બાબત, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરવાની સરકારને સત્તા આપવા માટે સદરહુ અધિનિયમની ઉપર્યુક્ત જોગવાઈ યોગ્ય રીતે સુધારવા ધાર્યું છે, જેથી કરીને તે વીજળીશક્તિને વિદ્યુત શુલ્ક ભરવામાંથી મુક્તિ આપી શકાય.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

સૌરભ પટેલ,

INDEX

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :-

કલમ ૨.- આ કલમથી બદલવા ધારેલી અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૨)ના ખંડ (૫-ક)થી, રાજ્ય સરકારને, કઈ વીજળીશક્તિને બિન-પરંપરાગત અથવા પુનઃપ્રાપ્ય વીજળીશક્તિના સ્ત્રોતો તરીકે ગણવી તે બાબત, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૬. **સૌરભ પટેલ.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. ગોઠી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,
તારીખ : ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Ex. IX--39-1 (SIS-11)

Extra No. 40

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, FEBRUARY 19, 2016/MAGHA 30, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શિક્ષણ વિભાગના**-

(૧) તા. ૧૪-૫-૨૦૧૫ના ક્રમાંક : જીએચ/એસએચ/૧૫/૨૦૧૩/પીવીએસ/૨૦૧૫/૧૬/એસ.

(૨) તા. ૧૪-૫-૨૦૧૫ના ક્રમાંક : જીએચ/એસએચ/૧૬/૨૦૧૩/પીવીએસ/૨૦૧૫/૧૭/એસ. અને

(૩) તા. ૧૫-૫-૨૦૧૫ના ક્રમાંક : જીએચ/એસએચ/૧૭/૨૦૧૫/પીવીએસ/૨૦૧૫/૧૬૦/એસ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

રા. અ. રાઠોડ,

(I/C) સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Professional Diploma Coursesof Engineering and Technology (Regulation of Admission and Payment of Fees) Rules, 2013.

એન્જિનિયરિંગ અને ટેકનોલોજીના વ્યાવસાયિક ડિપ્લોમા અભ્યાસક્રમો (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ સુધારવા સંબંધી

જાહેરનામું.

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૪મી મે, ૨૦૧૫.

ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭.

ક્રમાંક: જીએચ/એસએચ/૧૫/૨૦૧૩/પીવીએસ/૨૦૧૫/૧૬/એસ.– ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮ના ગુજરાતના ૨જા)ની કલમ ૪ સાથે વાંચતા, કલમ ૨૦ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, એન્જિનિયરિંગ અને ટેકનોલોજીના વ્યાવસાયિક ડિપ્લોમા અભ્યાસક્રમો(પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી)નિયમો, ૨૦૧૩વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છેઃ-

1. આ નિયમો એન્જિનિયરિંગ અને ટેકનોલોજીના વ્યાવસાયિક ડિપ્લોમા અભ્યાસક્રમો (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) (સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. એન્જિનિયરિંગ અને ટેકનોલોજીના વ્યાવસાયિક ડિપ્લોમા અભ્યાસક્રમો(પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી)નિયમો, ૨૦૧૩ (જેનો આમાં હવેપછી "સદરહુ નિયમો"તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૯માં, પેટા–નિયમ (૨)માં, ખંડ (૨)માં, "રૂ.૪.૫ લાખ" એ અક્ષરો, આંકડા અને શબ્દને બદલે,"રૂ.૬.૦૦ લાખ" એ અક્ષરો, આંકડા અને શબ્દ મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦માં, પેટા–નિયમ (૨)માં,–

(૧) બાબત (ગ)માં, અંતે આવતો શબ્દ"અને'' કમી કરવો;

(૨) બાબત (ઘ) પછી, નીચેની બાબતો ઉમેરવીઃ–

''(ચ) લાયકી પરીક્ષામાં મેળવેલ ગુણની ટકાવારી,

(છ) જન્મ તારીખ (વધુ ઉંમર ધરાવતા ઉમેદવારને અગ્રતા આપવામાં આવશે).''.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૧૩માં, પેટા–નિયમ (૧)માં કોષ્ટકમાં,–

(૧) નોંધ ૨માં,પેટા–નોંધ(૫)માં, **"ડ્રાફ્ટ્સમેન મિકેનિક"** એ શબ્દોને બદલે, **"ડ્રાફ્ટ્સમેન મિકેનિકલ"** એ શબ્દો મૂકવા;

(૨) નોંધ ૬માં,પેટા–નોંધ(૧)માં,**"મિકેનિક મેઈન્ટેનન્સ (કેમિકલપ્લાન્ટ)"**એ શબ્દોને બદલે,**"મેઈન્ટેનન્સ મિકેનિક (કેમિકલપ્લાન્ટ)"**એ શબ્દો મૂકવા.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૪માં, પેટા–નિયમ (૩) પછી, નીચેનો પેટા–નિયમ ઉમેરવોઃ–

''(૪) કોઈપણ કોલેજ અથવા સંસ્થાએ ઉમેદવારના અસલ દસ્તાવેજો અથવા પ્રમાણપત્ર પોતાની પાસે રાખવા નહિ. તેનો (આવી જોગવાઈનો) ભંગ થવાના કિસ્સામાં, કોલેજ અથવા સંસ્થા, નિયમ ૨૩માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનીશિક્ષાને પાત્ર થશે.".

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૧૫માં,–

(૧) પેટા–નિયમ (૫)ને બદલે, નીચેના પેટા–નિયમો મૂકવા:–

''(૫) ઉમેદવારે નોંધણી (રજિસ્ટ્રેશન) પત્રની પ્રિન્ટ–આઉટ મેળવવાની રહેશે અને તેની પર સહી કરવી જોઈશે અને નોંધણી (રજિસ્ટ્રેશન) પત્રમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના જરૂરી પ્રમાણપત્રો અને દસ્તાવેજના પુરાવાની સ્વ–પ્રમાણિત નકલો સહિત તે (નોંધણીપત્ર) સહાય કેન્દ્ર ખાતે રજૂ કરવું જોઈશે. ઉમેદવારે, પ્રવેશ સમિતિ નિર્દિષ્ટ કરે તેટલી સમયમર્યાદાની અંદર, સહાય કેન્દ્ર-

ખાતે, નોંધણી (રજિસ્ટ્રેશન) પત્ર સાથે જોડેલા અસલ પ્રમાણપત્રો અને દસ્તાવેજોના પુરાવા, ખરાઈ માટે રજૂ કરવા પડશે. પ્રવેશ સમિતિએ અધિકૃત કરેલી વ્યક્તિએ તે માટેની સ્વીકૃતિની પહોંચ આપવી જોઈશે.

(૬) સહાય કેન્દ્ર પોતાને જરૂરી જણાય તેવા કોઈ પણ અસલ પ્રમાણપત્ર અથવા દસ્તાવેજના પુરાવા પ્રવેશ પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી પોતાની પાસે રાખી શકશે અને તેની પહોંચ આપી શકશે. આવા સહાય કેન્દ્રએ, પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી, અસલ પ્રમાણપત્ર અથવા દસ્તાવેજના પુરાવા, ઉમેદવારને પરત કરવા જોઈશે.

(૭) પેટા-નિયમ (૫)માં ઠરાવેલી સમય મર્યાદાની અંદર, નોંધણી (રજિસ્ટ્રેશન)ના સમયે, પ્રવેશના હેતુ માટે જરૂરી અસલ પ્રમાણપત્રો અને દસ્તાવેજના પુરાવા રજૂ કરી શકે તેમ ન હોય તેવો ઉમેદવાર, નીચેની શરતોને અધીન રહીને, પ્રવેશ માટે નોંધણી (રજિસ્ટ્રેશન) કરાવી શકશે :-

(૧) ઉમેદવારે પ્રવેશ સમિતિને સિક્યોરિટિ ડિપોઝિટ તરીકે રૂ.૫,૦૦૦/-(રૂપિયા પાંચ હજાર)ની ચુકવણી કર્યેથી. ઉમેદવાર કામકાજના પાંચ દિવસની મુદતની અંદર જરૂરી દસ્તાવેજો રજૂ કરે, તો તેને, વહીવટી ખર્ચ પેટે રૂ.૫૦૦/-(રૂપિયા પાંચસો) બાદ કરીને, સિક્યોરિટિ ડિપોઝિટની બાકીની રકમનું રિફંડ આપવામાં આવશે.

(૨) ઉપર્યુક્ત પ્રમાણેની સમયમર્યાદાની અંદર, અસલ પ્રમાણપત્રો અને દસ્તાવેજના પુરાવા રજૂ ન કરવાના કિસ્સામાં, નોંધણી (રજિસ્ટ્રેશન) રદ કરી શકાશે અને સિક્યોરિટિ ડિપોઝિટ જપ્ત કરી શકાશે.".

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૧૬માં, પેટા-નિયમ (૬)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

"(૬) પેટા-નિયમ (૫) હેઠળ ફરમાવ્યા પ્રમાણેની ટ્યૂશન ફીનીઓન-લાઇન ચુકવણી કર્યેથી અથવા પ્રવેશ સમિતિએ નિર્દિષ્ટ કરેલી બેંકની કોઈ પણ શાખામાં તે ફી ભર્યેથી, ઉમેદવારને આપેલા પ્રવેશને બહાલી મળશે. ઉમેદવારે પ્રવેશ-સ્લિપ (Admission Slip)ની પ્રિન્ટ-આઉટ મેળવવા માટે પોતાના એકાઉન્ટમાં લોગ-ઈન કરવાનું રહેશે. ઉમેદવાર ઉપર જણાવ્યા પ્રમાણેની ઠરાવેલી સમય મર્યાદાની અંદર ટ્યૂશન ફી ન ભરે, તો તેને આપેલો પ્રવેશ રદ થયેલો ગણાશે. એવો ઉમેદવાર પરામર્શ (કાઉન્સેલિંગ)ના ત્યાર પછીના તબક્કામાં તે જ સંસ્થામાં તે જ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવાને પાત્ર થશે નહિ." ;

૮. સદરહુ નિયમોમાં, નિયમ ૧૭માં, પેટા-નિયમ (૩)માં, "તેનો પ્રવેશ" એ શબ્દો પહેલાં "પ્રવેશ સમિતિએ નિર્દિષ્ટ કરેલી સમયમર્યાદાની અંદર" એ શબ્દો દાખલ કરવા.

૯. સદરહુ નિયમોમાં, નિયમ ૧૯માં, પેટા-નિયમો (૨), (૩) અને (૪) કમી કરવા.

૧૦. સદરહુ નિયમોમાં, નિયમ ૨૧માં,-

(૧) પેટા-નિયમ (૨) કમી કરવો;

(૨) વિદ્યમાન પેટા-નિયમ (૩)ને પેટા-નિયમ (૨) તરીકે ફરી નંબર આપવો અને આવી રીતે ફરી નંબર આપેલા પેટા-નિયમ (૨)માં,-

(૧) પરિચ્છેદ (ક)માં "તે આવી ઉમેદવારી પાછી ખેંચવા માટે પ્રવેશ સમિતિને લેખિતમાં વિનંતી કરી શકશે" એ શબ્દોને બદલે, "તે ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા માટે પ્રવેશ સમિતિની વેબસાઇટ પર પોતાના એકાઉન્ટમાં લોગ-ઈન કરી શકશે અને પ્રવેશ સમિતિએ નિર્દિષ્ટ કરેલી સમયમર્યાદાની અંદર પ્રવેશ રદ કરવા માટે વિનંતી રજૂ કરી શકશે" એ શબ્દો મૂકવા;

(૨) પરિચ્છેદ (ખ)ને બદલે, નીચેનોપરિચ્છેદ મૂકવો:-
"(ખ) ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા પૂરી થાય તે પછી અને ખાલી બેઠકો પર પ્રવેશની સૂચિની જાહેરાત પહેલાં,કોઇપણ ઉમેદવાર દ્વારા પરિચ્છેદ (ક)માં જોગવાઇ કર્યા પ્રમાણેની રીતે તેની ઉમેદવારી પાછી ખેંચવામાં આવેલ હોય, તો સંસ્થા દ્વારા આવી ખાલી થયેલી બેઠક ભરવામાં આવે તે શરતને અધીન રહીને, પ્રવેશ સમિતિના આદેશો મુજબ અને એ.આઇ.સી.ટી.ઈ. (AICTE)-ના પ્રવર્તમાન નિયમો મુજબ, તેણે ભરેલી ફી, રિફંડ કરવી જોઈશે.";

(3) પરિચ્છેદ (ખ) પછી, નીચેના પરિચ્છેદો ઉમેરવા:-

"(ગ) ખાલી બેઠકો ઉપરનો (માટેનો) પ્રવેશ પૂરો થયા પછી, ગમે તે કોઇ કારણસર, પોતાની ઉમેદવારી પાછી ખેંચવા ઇચ્છતા ઉમેદવારે, તેને જેમાં પ્રવેશ આપવામાં આવ્યો હોય તે કોલેજ અથવા સંસ્થાને રૂબરૂ લેખિત વિનંતી કરી શકશે,પણ ઉમેદવાર પ્રવેશ મેળવવા માટે તેણે ભરેલી ફી, રિફંડ મેળવવા માટે હકદાર રહેશે નહિ.

(ઘ) વિદ્યાર્થીની વિનંતી પરથી, કોલેજ અથવા સંસ્થાસ્તરે પ્રવેશ રદ કરવાના કિસ્સામાં, તે (વિદ્યાર્થી) ચાલુ સેમેસ્ટર માટેની ફી ભરવા માટે જવાબદાર રહેશે અને કોઇપણ કોલેજ અથવા સંસ્થાએ ત્યાર પછીના સેમેસ્ટર (સત્રો) માટેની ફીની માંગણી કરવી નહિ.".

૧૧. સદરહુ નિયમોમાં, નિયમ ૨૨ને બદલે, નીચેનો નિયમ મૂકવોઃ–

"૨૨. ખાલી બેઠકો.–

(૧) ગુણવત્તા યાદીમાં જેમના નામ હોય તેવા તમામ ઉમેદવારોને પ્રવેશ આપ્યા પછી અથવા ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી, બેઠકો ખાલી રહે, તો સંસ્થાઓએ, આવી ખાલી બેઠકો, પેટા–નિયમ (૨)માં ઠરાવેલી રીતે અને પ્રવેશ સમિતિના આદેશો અનુસાર સામાન્ય ગુણવત્તા યાદી (common merit list) તૈયાર કરીને ભરવી જોઈશે.

(૨) પ્રવેશ સમિતિએ, રાજ્યમાં બહોળો ફેલાવો ધરાવતા હોય તેવા અગ્રગણ્ય સમાચારપત્રોમાં જાહેરાત દ્વારા, વેબ–સાઈટ ઉપર અને પોતાને અનુકૂળ જણાય તેવા અન્ય સાધનો દ્વારા, ખાલી બેઠકો અંગેની વિગતો પ્રદર્શિત કરવી જોઈશે. સંસ્થાઓએ, આવી ખાલી બેઠકો,યોગ્ય ઉમેદવારો પાસેથી અરજી મંગાવીને અને નીચે પ્રમાણેના ક્રમમાં આંતરિક ગુણવત્તા યાદી (inter-se merit list)તૈયાર કરીને ભરવીજોઈશે:–

(૧) જેમના નામ પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં હોય તેવા ઉમેદવારોના નામ,

(૨) જેમણે ગુજરાત રાજ્યમાંથી લાયકી પરીક્ષા પાસ કરેલી હોય પણ પૂરક પરીક્ષા દરમિયાન લાયકી પરીક્ષા પાસ કરેલ હોય તેવા ઉમેદવારો સહિત ઓનલાઈન પ્રવેશ દરમિયાન જેની નોંધણી થઈ ન હોય તેવા ઉમેદવારોના નામ,

(૩) મૂળ ગુજરાતના ઉમેદવારોને અગ્રતા આપીને, જેમણે અન્ય રાજયોના માન્ય બોર્ડમાંથી બહારથી લાયકી પરીક્ષા પાસ કરેલી હોય તેવા ઉમેદવારોના નામ.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

નિકુંજ જાની,
સરકારના ઉપસચિવ.

Notification
Regarding
Amendment to the Certificate Courses to Professional Diploma Courses (Regulation of Admission and Payment of Fees) Rules, 2013.

પ્રમાણપત્ર અભ્યાસક્રમોમાંથી વ્યાવસાયિક ડિપ્લોમા અભ્યાસક્રમો (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ સુધારવા સંબંધી
જાહેરનામું.

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૪મી મે, ૨૦૧૫.

ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭.

ક્રમાંક: જીએચ/એસએચ/૧૬/૨૦૧૩/પીવીએસ/૨૦૧૫/૧૭/એસ.– ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮ના ગુજરાતના ૨જા)ની કલમ ૪ સાથે વાંચતા, કલમ ૨૦ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, પ્રમાણપત્ર અભ્યાસક્રમોમાંથી વ્યાવસાયિક ડિપ્લોમા અભ્યાસક્રમો (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો, પ્રમાણપત્ર અભ્યાસક્રમોમાંથી વ્યાવસાયિક ડિપ્લોમા અભ્યાસક્રમો (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) (સુધારા)નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. પ્રમાણપત્ર અભ્યાસક્રમોમાંથી વ્યાવસાયિક ડિપ્લોમા અભ્યાસક્રમો (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩માં, પેટા–નિયમ (૨) પછી, નીચેનો પેટા–નિયમ ઉમેરવોઃ-

" (3) વ્યાવસાયિકડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા ઉમેદવારે, સંબંધિત યુનિવર્સિટીના તત્સમાન ડિપ્લોમા અભ્યાસક્રમોના પ્રથમ વર્ષના વિષયો પાસ કરવાના રહેશે એ શરતે, પ્રવેશ સમિતિ દ્વારા તેને પ્રવેશ આપવામાં આવશે અને સંબંધિત યુનિવર્સિટી દ્વારા નોંધણી કરવામાં આવશે.".

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦માં, પેટા-નિયમ (૨)માં," ₹ ૪.૫ લાખ"એ અક્ષરો, આંકડા અને શબ્દને બદલે, " ₹ ૬.૦૦ લાખ" એ અક્ષરો, આંકડા અને શબ્દ મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૧૩માં, પેટા-નિયમ (૬)ને બદલે, નીચેના પેટા-નિયમો મૂકવા:-

"(૬) ઉમેદવારે નોંધણી (રજિસ્ટ્રેશન) પત્રની પ્રિન્ટ-આઉટ મેળવવાની રહેશે અને તેની પર સહી કરવી જોઈશે અને નોંધણી (રજિસ્ટ્રેશન) પત્રમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના જરૂરી પ્રમાણપત્રો અને દસ્તાવેજના પુરાવાની સ્વ-પ્રમાણિત નકલો સહિત તે (નોંધણીપત્ર) સહાય કેન્દ્ર ખાતે રજૂ કરવું જોઈશે. ઉમેદવારે, પ્રવેશ સમિતિ નિર્દિષ્ટ કરે તેટલી સમય-મર્યાદાની અંદર, સહાય કેન્દ્ર ખાતે, નોંધણી (રજિસ્ટ્રેશન) પત્ર સાથે જોડેલા અસલ પ્રમાણપત્રો અને દસ્તાવેજોના પુરાવા, ખરાઈ માટે, રજૂ કરવા પડશે. પ્રવેશ સમિતિએ અધિકૃત કરેલી વ્યક્તિએ તે માટેની સ્વીકૃતિની પહોંચ આપવી જોઈશે.

(૭) સહાય કેન્દ્ર પોતાને જરૂરી જણાય તેવા કોઈપણ અસલ પ્રમાણપત્ર અથવા દસ્તાવેજના પુરાવા પ્રવેશ પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી પોતાની પાસે રાખી શકશે અને તેની પહોંચ આપી શકશે. આવા સહાય કેન્દ્રએ, પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી, અસલ પ્રમાણપત્ર અથવા દસ્તાવેજના પુરાવા, ઉમેદવારને પરત કરવા જોઈશે.

(૮) પેટા-નિયમ (૬)માં ઠરાવેલી સમય-મર્યાદાની અંદર, નોંધણી (રજિસ્ટ્રેશન)ના સમયે, પ્રવેશના હેતુ માટે જરૂરી અસલ પ્રમાણપત્રો અને દસ્તાવેજના પુરાવા રજૂ કરી શકે તેમ ન હોય તેવો ઉમેદવાર, નીચેની શરતોને અધીન રહીને, પ્રવેશ માટે નોંધણી (રજિસ્ટ્રેશન) કરાવી શકશે :-

(૧) ઉમેદવારે પ્રવેશ સમિતિને સિક્યોરિટી ડિપોઝિટ તરીકે રૂ.૫,૦૦૦/-(રૂપિયા પાંચ હજાર)ની ચુકવણી કર્યેથી. ઉમેદવાર કામકાજના પાંચ દિવસની મુદતની અંદર જરૂરી દસ્તાવેજો રજૂ કરે, તો તેને, વહીવટી ખર્ચ પેટે રૂ.૫૦૦/-(રૂપિયા પાંચસો) બાદ કરીને, સિક્યોરિટિ ડિપોઝિટની બાકીની રકમનું રિફંડ આપવામાં આવશે.

(૨) ઉપર્યુકત પ્રમાણેની સમય-મર્યાદાની અંદર, અસલ પ્રમાણપત્રો અને દસ્તાવેજના પુરાવા રજૂ ન કરવાના કિસ્સામાં, નોંધણી (રજિસ્ટ્રેશન) રદ કરી શકાશે અને સિક્યોરિટિ ડિપોઝિટ જપ્ત કરી શકાશે.".

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૪માં,

(૧) પેટા-નિયમ (૬)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

"(૬) પેટા-નિયમ (૫) હેઠળ ફરમાવ્યા પ્રમાણેની ટ્યૂશન ફીની ઓન-લાઈન ચુકવણી કર્યેથી અથવા પ્રવેશ સમિતિએ નિર્દિષ્ટ કરેલી બેંકોની કોઈપણશાખામાં તે ફી ભર્યેથી, ઉમેદવારને આપેલા પ્રવેશને બહાલી મળશે. ઉમેદવારે પ્રવેશ-સ્લિપ (Admission Slip)ની પ્રિન્ટ-આઉટ મેળવવા માટે પોતાના એકાઉન્ટમાં લોગ-ઈન કરવાનું રહેશે. ઉમેદવાર ઉપર જણાવ્યા પ્રમાણેની ઠરાવેલી સમય-મર્યાદાની અંદર ટ્યૂશન ફી ન ભરે, તો તેને આપેલો પ્રવેશ રદ થયેલો ગણાશે. એવો ઉમેદવાર પરામર્શ (કાઉન્સેલિંગ)ના ત્યાર પછીના તબક્કાઓમાં તે જ સંસ્થામાં તે જ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવાને પાત્ર થશે નહિ." ;

(૨) પેટા-નિયમ (૭) પછી, નીચેનો પેટા-નિયમ ઉમેરવો:-

"(૮) કોઈપણ કોલેજ અથવા સંસ્થાએ ઉમેદવારના અસલ દસ્તાવેજો અથવા પ્રમાણપત્રો પોતાની પાસે રાખવા નહિ. આવી જોગવાઈનો ભંગ થવાના કિસ્સામાં, કોલેજ અથવા સંસ્થા, નિયમ ૨૧માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની શિક્ષાને પાત્ર થશે.".

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૧૫ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

"૧૫. ફી.-(૧) જેને સરકારી અથવા સહાયિત કોલેજ અથવા સંસ્થામાં પ્રવેશ મળે તેવા ઉમેદવારે, સરકાર નક્કી કરે તેટલી ફી, પ્રવેશ સમિતિ નક્કી કરે તેવા તબક્કે ભરવી પડશે.

(૨) જેને બિનસહાયિત કોલેજો અથવા સંસ્થાઓમાં પ્રવેશ મળે તેવા ઉમેદવારે, અધિનિયમની કલમ ૯ હેઠળ રચાયેલી ફી નિયમન સમિતિ, બિનસહાયિત કોલેજો અથવા સંસ્થાઓ માટે નકકી કરે તેટલી ફી, પ્રવેશ સમિતિ નક્કી કરે તેવા તબક્ક ભરવી પડશે.

(૩) પ્રવેશ મેળવીને ફી ભર્યા પછી, કોઈ ઉમેદવાર પ્રવેશ સમિતિએ નિર્દિષ્ટ કરેલી સમયમર્યાદામાં તેનો પ્રવેશ રદ કરાવે તે કિસ્સામાં, પ્રવેશની પ્રક્રિયા પૂરી થયા પછી, તેણે ખાલી કરેલી બેઠક કોઈ બીજા ઉમેદવાર દ્વારા ભરવામાં આવે એ શરતે, તેણે ભરેલી ફી તેને રિફંડ કરવામાં આવશે.

(૪) પ્રવેશ મેળવીને ફી ભર્યા પછી કોઈ ઉમેદવાર ફેર ગોઠવણી (રિશફલિંગ) પ્રક્રિયામાં બીજા અભ્યાસક્રમમાં અને/અથવા કોલેજમાં અથવા સંસ્થામાં તેના પ્રવેશની ફેરબદલી કરે તે કિસ્સામાં, તેણે, ફીનો તફાવત, કોઈ હોય, તો તે પ્રવેશ મેળવતી વખતે ભરવો જોઈશે અથવા યથાપ્રસંગ, પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી, ફીનો કોઇ તફાવત હોય તો, તેને ફીનું રિફંડ આપવું જોઈશે.".

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૧૭માં, પેટા-નિયમો (૨),(૩) અને (૪) કમી કરવા.

૮. સદરહુ નિયમોમાં, નિયમ ૧૯ માં,

૧. પેટા-નિયમ (૨)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવોઃ-

"(૨) ઉમેદવાર દ્વારા ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા પૂરી થાય તે પહેલાં, પોતાના એકાઉન્ટમાં લોગ-ઈન કરી ઓનલાઈન રદ કરવાનો ઉપયોગ કરીને ગમે તે કારણસર, પ્રવેશ સમિતિએ નિર્દિષ્ટ કરેલી સમય-મર્યાદાની અંદર તેની ઉમેદવારી પાછી ખેંચવામાં આવે તો. આવા કિસ્સામાં, પ્રવેશ સમિતિ દ્વારા આવી ખાલી થયેલી બેઠક ભરવામાં આવે તે શરતને અધીન રહીને, આવા ઉમેદવારને ફી, કોઈ લીધેલી હોય તો તે, રિફંડ કરવી જોઈશે.";

(૨) પેટા-નિયમ (૩)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવોઃ-

"(૩) ઉમેદવાર દ્વારા ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા પૂરી થાય તે પછીઅને ખાલી જગાઓ પર પ્રવેશની યાદી(શિડ્યુલ)ની જાહેરાત પહેલાં, પોતાના એકાઉન્ટમાં લોગ-ઈન કરી ઓનલાઈન રદ કરવાનો ઉપયોગ કરીને ગમેતે કારણસર, પ્રવેશ સમિતિએ નિર્દિષ્ટ કરેલી નિયત કરેલી સમય-મર્યાદાની અંદર તેની ઉમેદવારી પાછીખેંચવામાં આવે તો. આવા કિસ્સામાં, સંસ્થા દ્વારા આવી ખાલી થયેલી બેઠક ભરવામાં આવે તે શરતને અધીન રહીને, પ્રવેશ સમિતિના આદેશો મુજબ અને એ.આઈ.સી.ટી.ઈ. (AICTE),નવી દિલ્હી-ના પ્રવર્તમાન નિયમો મુજબ, ફી, રિફંડ કરવી જોઈશે.";

(૩) પેટા-નિયમ (૪)ને બદલે, નીચેના પેટા-નિયમો મૂકવા:-

"(૪) ખાલી બેઠકો ઉપરની (માટેની) પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી, ગમે તે કારણસર, પોતાની ઉમેદવારી પાછી ખેંચતા ઉમેદવારે, તેને જેમાં પ્રવેશ આપવામાં આવ્યો હોય તે કોલેજ અથવા સંસ્થાને રૂબરૂ લેખિત વિનંતી કરી શકશે, આવા કિસ્સામાં ઉમેદવાર પ્રવેશ મેળવવા માટે તેણે ભરેલી ફી, કોઈ હોય તો તે, રિફંડ મેળવવા માટે હકદાર રહેશે નહિ.

(૫) વિદ્યાર્થીની વિનંતી પરથી, કોલેજ અથવા સંસ્થા સ્તરે પ્રવેશ રદ કરવાના કિસ્સામાં, તે (વિદ્યાર્થી) ચાલુ સેમેસ્ટર માટેની ફી ભરવા માટે જવાબદાર રહેશે અને કોઇપણ કોલેજ અથવા સંસ્થાએ ત્યાર પછીના સેમેસ્ટર (સત્રો) માટેની ફીની માંગણી કરવી નહિ.".

૯. સદરહુ નિયમોમાં, નિયમ ૨૦ને બદલે, નીચેનો નિયમ મૂકવોઃ-

"**૨૦. ખાલી બેઠકો.-** (૧) ગુણવત્તા યાદીમાં જેમના નામ હોય તેવા તમામ ઉમેદવારોને પ્રવેશ આપ્યા પછી અથવા ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા પૂરી થયા પછી, બેઠકો ખાલી રહે, તો સંસ્થાઓએ, આવી ખાલી બેઠકો, પેટા-

નિયમ (૨)માં ઠરાવેલી રીતે અને પ્રવેશ સમિતિના આદેશો અનુસાર સામાન્ય ગુણવત્તા યાદી (common merit list) તૈયાર કરીને ભરવી જોઈશે.

(૨) પ્રવેશ સમિતિએ, રાજ્યમાં બહોળો ફેલાવો ધરાવતા હોય તેવા અગ્રગણ્ય સમાચાર પત્રોમાં જાહેરાત દ્વારા, વેબ-સાઈટ ઉપર અને પોતાને અનુકૂળ જણાય તેવા અન્ય સાધનો દ્વારા, ખાલી બેઠકો અંગેની વિગતો પ્રદર્શિત કરવી જોઈશે. સંસ્થાઓએ, આવી ખાલી બેઠકો,યોગ્ય ઉમેદવારો પાસેથી અરજી મંગાવીને અને નીચે પ્રમાણેના ક્રમમાં આંતરિક ગુણવત્તા યાદી (inter-se merit list)તૈયાર કરીને ભરવી જોઈશે:-

(૧) જેમના નામ પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં હોય તેવા ઉમેદવારોના નામ, અને

(૨) જેમણે ગુજરાત રાજ્યમાંથી લાયકી પરીક્ષા પાસ કરેલી હોય પણ ઓનલાઈન પ્રવેશ દરમિયાન જેની નોંધણી થઈ ન હોય તેવા ઉમેદવારોના નામ, અને

(૩) મૂળ ગુજરાતના ઉમેદવારોને અગ્રતા આપીને, જેમણે ગુજરાત રાજય બહારથી લાયકી પરીક્ષા પાસ કરેલી હોય તેવા ઉમેદવારોના નામ.".

૧૦. સદરહુ નિયમોમાં, અનુસૂચિ ૧માં, કોલમ (૩)માં નિર્દિષ્ટ કરેલ **આઈ.ટી.આઈ. (ITI)** પ્રમાણપત્ર અભ્યાસક્રમોમાં,

(૧) નોંધ ૨માં, પેટા-નોંધ(૫)માં, **"ડ્રાફ્ટ્સમેન મિકેનિક"** એ શબ્દોને બદલે, **"ડ્રાફ્ટ્સમેન મિકેનિકલ"** એ શબ્દો મૂકવા;

(૨) નોંધ ૬માં,પેટા-નોંધ(૧)માં, **"મિકેનિક મેઈન્ટેનન્સ (કેમિકલ પ્લાન્ટ)"**એ શબ્દોને બદલે, **"મેઈન્ટેનન્સ મિકેનિક (કેમિકલ પ્લાન્ટ)"** એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

નિકુંજ જાની,
સરકારના ઉપસચિવ.

Notification

Regarding

Amendment to the Bachelor of Engineering and Technology (Regulation of Admission and Payment of Fees) Rules, 2013.

બેચલર ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેક્નોલોજી (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ સુધારવા સંબંધી

જાહેરનામું.

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૫મી મે, ૨૦૧૫.

ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭.

ક્રમાંકઃ જીએચ/ એસએચ/ ૧૭/ ૨૦૧૫/ પીવીએસ/૨૦૧૫/૧૬૦/ એસ.:- ગુજરાત વ્યાવસાયિક ટેકનિકલ શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮ના ગુજરાતના ૨જા)ની કલમ ૪ સાથે વાંચતા, કલમ ૨૦ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, બેચલર ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેક્નોલોજી (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો બેચલર ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેક્નોલોજી (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) (દ્વિતીય સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. બેચલર ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી, (પ્રવેશ નિયમન અને ફીની ચુકવણી) નિયમો, ૨૦૧૩ (જેનો આમા હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૫માં, પેટા-નિયમ (૬)માં ખંડ (૫) પછી નીચેનો ખંડ ઉમેરવો:-

''(૬) ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ (સન ૨૦૦૯ના ગુજરાતના ૮મા હેઠળ સ્થપાયેલ GSFC યુનિવર્સિટી-ને નીચે મુજબની મંજૂરી આપવી જોઇશે:-

(ક) મંજૂર થયેલી કૂલ બેઠકોની પચાસ ટકા બેઠકો, પ્રવેશ સમિતિ-એ ગુજરાત રાજયમાં આવેલી શાળાઓમાંથી લાયકી પરીક્ષા પાસ કરી હોય, અને તત્સમાન શૈક્ષણિક વર્ષમાં માટે યોજવામાં આવેલી જી (JEE) (મુખ્ય) પરીક્ષામાં ઉપસ્થિત રહયા હોય તેવા ઉમેદવારોમાંથી, પ્રવેશ સમિતિ-એ તૈયાર કરેલી ગુણવત્તા યાદીના આધારે સરકારી બેઠકો તરીકે ભરવી જોઇશે;

(ખ) પચાસ ટકા બેઠકો, જેમણે ભારતમાં (ગુજરાત રાજય સહિત)માં આવેલી શાળાઓમાંથી લાયકી પરીક્ષા પાસ કરી હોય અને તત્સમાન શૈક્ષણિક વર્ષ માટે યોજાયેલી જી (JEE) (મુખ્ય) પરીક્ષામાં ઉપસ્થિત રહયા હોય તેવા ઉમેદવારોમાંથી, જીએસએફસી (GSFC) યુનિવર્સિટી-એ ભરવી જોઇશે. આ બેઠકો માટેની ગુણવત્તા યાદી, જી (JEE) (મુખ્ય) પરીક્ષામાં મેળવેલ પર્સન્ટાઇલ ગુણ (આંક)-ને આધારે તૈયાર થશે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

એમ.કે.પટેલ ,
સરકારના ઉપસચિવ.

INDEX

Extra No. 41

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, FEBRUARY 19, 2016/MAGHA 30, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૨૧મી ઑગસ્ટ, ૨૦૧૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ-ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૨૦૧૫નો ૨૫૦-એનપીએલ-૪૫૧૧-૨૨૨૮-એમ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

રા. અ. રાઠોડ,

(I/C) સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Gujarat Municipalities (Registration of Voters) Rules, 1994.

ગુજરાત નગરપાલિકા (મતદારોની નોંધણી) નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ૨૧મી ઓગસ્ટ, ૨૦૧૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંકઃ કેવી-૨૦૧૫નો ૨૫૦-એનપીએલ-૪૫૧૧-૨૨૨૮-એમ :- ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૨૭૭ની પેટા-કલમ (૩)ના પ્રથમ પરંતુક હેઠળ નિયમો કરવા અને તેની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલાં લેવાનું તેના માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૨૭૭ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત નગરપાલિકા (મતદારોની નોંધણી) નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો,ગુજરાત નગરપાલિકા (મતદારોની નોંધણી)(સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. ગુજરાત નગરપાલિકા (મતદારોની નોંધણી)નિયમો, ૧૯૯૪ (જેનો આમાં હવે પછી, ‘‘સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ ૪, ૫, ૬ અને ૭ ને બદલે, નીચેના નિયમો મૂકવા:-

“૪. **પ્રારંભિક મતદાર યાદી તૈયાર કરવા અને તેની પ્રસિદ્ધિ બાબત:-** મતદાર નોંધણી અધિકારીએ, રાજ્ય ચૂંટણી પંચ દ્વારા એ રીતે આદેશ કરવામાં આવ્યે, નીચેની રીતે નગરપાલિકાના દરેક વોર્ડ માટે મતદાર યાદીનો મુસદ્દો તૈયાર કરવો જોઇશે:-

(૧) તે સમયે અમલમાં હોય તેવા લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના ૪૩મા)ની જોગવાઇઓ, અનુસાર, તૈયાર કરેલી, સુધારેલ અને આખરે પ્રસિદ્ધ કરેલી ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની મતદારયાદીને, પ્રારંભિક મતદાર યાદીના હેતુ માટે આધાર તરીકે લેવી જોઇશે.

(૨) પ્રારંભિક મતદાર યાદીમાં ભૌગોલિક હદોની અંદર રહેતી તમામ વ્યક્તિઓ/મતદારોના નામોનો સમાવેશ થશે અને તે, નગરપાલિકાની મુદત પૂરી થવાના બે મહિના પહેલાં નગરપાલિકાના દરેક વૉર્ડમાં પ્રદર્શિત કરવી જોઇશે.

(૩) પ્રારંભિક મતદાર યાદીની નકલ, મુખ્ય કચેરીમાં તેમજ તમામ ઝોનલ અને વૉર્ડ કચેરીઓમાં અથવા લોકો જોઇ શકે તે માટે મતદાર નોંધણી અધિકારી નક્કી કરે તેવા સહેલાઇથી દેખાઇ આવે એવા બીજા કોઇ સ્થળે તેને પ્રદર્શિત કરવા માટે સંબંધિત નગરપાલિકાને મોકલવી જોઇશે.

૫. **પ્રારંભિક મતદાર યાદીમાં સુધારો:-** આ અર્થે રાજ્ય ચૂંટણી પંચે ઠરાવ્યા પ્રમાણેના નમૂના (ફોર્મ)માં અરજદારે મતદાર નોંધણી અધિકારીને અરજી કર્યેથી અથવા પોતાની મેળે તેમને એવી ખાતરી થાય કે પ્રારંભિક મતદાર યાદી, ગુજરાત વિધાનસભાના સંબંધિત મતદાર વિભાગની મતદારોની યાદીના કોઇ ભાગ સાથે મળતી આવતી નથી, તો તે, તેને સુધારશે અને તે હેતુ માટે તેવી પ્રારંભિક મતદાર યાદીમાં કોઇ નોંધ કમી કરી શકશે અથવા તેમાં ઉમેરો કરી શકશે.

૬. **આખરી મતદાર યાદીની પ્રસિદ્ધિ:-** (૧) ત્યારપછી મતદાર નોંધણી અધિકારી,-

(ક) પ્રારંભિક મતદાર યાદીમાં પાછળથી જોવા મળેલી કોઇપણ કારકુની અથવા મુદ્રણ ભૂલ અથવા તેમાંની બીજી અચોકસાઇ સુધારશે;

(ખ) નિયમ ૫ હેઠળ જેમના નામો મતદાર યાદીમાં સમાવવામાં આવ્યા હોય તેવી વ્યક્તિઓના નામોના સુધારા દર્શાવતી યાદી તૈયાર કરશે;

INDEX

(ગ) લોકો જોઇ શકે તે માટે નગરપાલિકાની મુખ્ય કચેરીમાં અથવા મતદાર નોંધણીઅધિકારી યોગ્ય ગણે તેવા સહેલાઇથી દેખાઇ આવે એવા બીજા કોઇ સ્થળે તેને પ્રદર્શિત કરવા માટે તેવી સુધારા યાદી સંબંધિત નગરપાલિકાને મોકલશે;

(ઘ) ખંડ (ગ) હેઠળ યાદી મોકલ્યાના દસ દિવસની અંદર મળેલ કોઇપણ રજૂઆતની વિચારણા કરશે, સુધારા યાદી, કોઇ હોય, તો તે સહિત મતદાર યાદી પ્રસિદ્ધ કરશે અનેલોકો જોઇ શકે તે માટે પોતાની કચેરીના નોટિસ બોર્ડ ઉપર પ્રદર્શિત કરશે.

(૨) તેવી પ્રસિદ્ધિ થયેથી, સુધારા યાદી સહિત મતદાર યાદી, નગરપાલિકા માટેની આખરી મતદાર યાદી ગણાશે.

(૩) જેમના નામો આખરી મતદાર યાદીમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હોય માત્ર તેવી વ્યક્તિ જ, તે વોર્ડમાંથી ચૂંટણી વખતે મત આપવા હકદાર રહેશે.

(૪) ચૂંટણી માટે ઉમેદવારી રજૂ કરવાની છેલ્લી તારીખના દસ દિવસ પહેલાંથી નગરપાલિકાની ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા પૂરી થાય ત્યાં સુધી, આખરી મતદાર યાદીમાં અથવા સુધારા યાદી, કોઇ હોય, તો તેમાં કોઇ ઉમેરો અથવા ફેરફાર અથવા સુધારો કરવો જોઇશે નહિ.

૭. **આખરી મતદાર યાદીની નકલ પૂરી પાડવા બાબત,–** (૧) આખરે પ્રસિદ્ધ થયેલી

આખરી મતદાર યાદી અથવા તેના ભાગની નકલની જરૂર હોય તેવી કોઇપણ વ્યક્તિને, ગુજરાત રાજ્ય વિધાનસભાના મતદાર વિભાગની મતદાર યાદીની નકલ જે દરેપૂરી પાડવામાં આવે છે તે દરેપૂરી પાડવી જોઇશે.

(૨) મતદાર નોંધણી અધિકારીએ, રાજ્ય ચૂંટણી પંચ સમક્ષ નોંધાયેલા દરેક માન્ય રાજકીય પક્ષને, સુધારા યાદી, કોઇ હોય તો, તે સહિતની આખરી મતદાર યાદીની બે નકલો, વિના મૂલ્યે, પૂરી પાડવી જોઇશે.

(૩) મતદાર નોંધણી અધિકારીએ, સુધારાયાદી, હોય તો, તે સહિતની આખરી મતદાર યાદીની નકલ રાજ્ય ચૂંટણી કમિશનને મોકલવી જોઇશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

યોગેશ રાવલ,
સરકારના નાયબ સચિવ

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 42

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, FEBRUARY 19, 2016/MAGHA 30, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ : ૮મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના જાહેરનામા ક્રમાંક : (જીએન-૧૨)-વીવીકે-૧૨૦૩-૧૦૧૭ (ભાગ-૨)-ઠ-૩.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

રા. અ. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

Notification

re

amendment to the Assistant Commissioner of Commercial Tax, Class I Recruitment Rules, 2008.

મદદનીશ વાણિજિયક વેરા કમિશનર, વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૦૮ સુધારવા સંબંધી

જાહેરનામું.

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૮મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક :- (જીએન-૧૨) વીવીકે-૧૨૦૩-૧૦૧૭ (ભાગ-૨)-ઠ-૩:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજયપાલ, આથી, વાણિજિયક વેરા કમિશનરની કચેરીમાં મદદનીશ વાણિજિયક વેરા કમિશનર, વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૦૮ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો મદદનીશ વાણિજિયક વેરા કમિશનર, વર્ગ-૧, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. મદદનીશ વાણિજિયક વેરા કમિશનર, વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૦૮ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ ૩ ને બદલે નીચેનો મજકૂર મૂકવો :-

''૩. નિયમ ૨ ના પેટા-નિયમ (ક)ના ખંડો (ક) અને (ખ) અને નિયમ ૨ ના પેટા-નિયમ (ખ) હેઠળ બઢતીથી, ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે બઢતીથી અને સીધી પસંદગીથી કરવાની નિમણૂક અનુક્રમે ૬:૧:૩ ના પ્રમાણમાં કરવી જોઇશે.''.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪માં, ખંડ (ક)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

''(ક) ૨૦ વર્ષથી ઓછી અને ૪૦ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ) માંનો કોઇ મજકૂર, ઉપર ઠરાવેલ વયમર્યાદામાં છૂટછાટના સંબંધમાં હોય તેટલે સુધી, લાગુ પડશે નહિ:

વધુમાં ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપી શકાશે;''.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

કે. એચ. પંડયા,

સરકારના સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 43

વાર્ષિકલવાજમનોદરરૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, FEBRUARY 22, 2016/PHALGUNA 3, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

તારીખ : ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૬ ના ગુજરાત વિધેયક ક્રમાંક: ૪ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

GUJARAT BILL NO. 4 OF 2016.

THE REGISTRATION (GUJARAT AMENDMENT) BILL, 2016.

A BILL

further to amend the Registration Act, 1908 in its application to the State of Gujarat.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છેઃ-

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૪.

રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૬.

ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલા પૂરતો રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

૧. (૧) આ અધિનિયમ રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૧૯૦૮નો ૧૬મો. ૨. ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલા પૂરતો રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮માં, કલમ ૧૭માં, પેટા-કલમ (૧)માં, ખંડ (જ) પછી, નીચેના ખંડો ઉમેરવા :- સન ૧૯૦૮ના ૧૬મા અધિનિયમની કલમ ૧૭નો સુધારો.

"(ઝ) કોઇ સ્થાવર મિલકતના બાંધકામ અથવા તેના વિકાસ અથવા તેની તબદીલી કરવા અથવા નામફેર કરવા માટે પ્રવર્તક (પ્રમોટર) અથવા વિકાસકારને અધિકૃત કરતો ગમે તે નામે ઓળખાતો હોય તેવો કોઇ લેખ;

(ટ) કોઇ ભાગીદાર અથવા ભાગીદારો, સ્થાવર મિલકતના સ્વરૂપમાં તેનો અથવા તેમનો હિસ્સો લાવે, ત્યારે ભાગીદારીની રચના કરવાને લગતો કરાર;

(ઠ) જે ભાગીદાર, ભાગીદારીમાં પોતાના હિસ્સા તરીકે તે મિલકત લાવ્યો હોય તેવા ભાગીદાર સિવાયના અન્ય કોઇ ભાગીદારો દ્વારા ભાગીદારીનું વિસર્જન થયે, જે લેખથી કોઇ સ્થાવર મિલકત પોતાના હિસ્સા તરીકે લઇ લેવામાં આવે તેવો કોઇ લેખ.".

ઉદ્દેશો અને કારણો

કેન્દ્રીય અધિનિયમ છે તેવા રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ની કલમ ૧૭થી અને સદરહુ કલમમાં વર્ણવ્યા પ્રમાણે દસ્તાવેજોના ફરજિયાત રજિસ્ટ્રેશન માટે જોગવાઇ કરી છે. હાલમાં, જે લેખથી પ્રવર્તક અથવા વિકાસકારને અધિકૃત કરવામાં આવ્યા હોય તે લેખ અથવા તેમણે કોઇ સ્થાવર મિલકતની તબદીલી કરી હોય તે લેખને ફરજિયાત રજિસ્ટર કરાવવો તેમના (પ્રવર્તક અથવા વિકાસકાર) માટે ફરજિયાત નથી. આ પ્રકારના લેખને ફરજિયાત રીતે રજિસ્ટર કરવા લાયક બનાવવો જરૂરી જણાયું છે, જેથી કરીને, તેના સંદર્ભમાં જાહેર રેકર્ડ રહેશે અને તે, નાણાકીય અનિયમિતતાઓ નિવારવા માટે સહાય કરશે.

તે જ રીતે, ભાગીદારીની રચનાને લગતો લેખ, ફરજિયાતપણે રજિસ્ટર કરાવવો પણ જરૂરી નથી. જે ભાગીદાર, ભાગીદારીમાં પોતાના હિસ્સા તરીકે પોતાની મિલકત લાવ્યો હોય તેવા ભાગીદાર સિવાયના અન્ય કોઇ ભાગીદારો દ્વારા, ભાગીદારીનું વિસર્જન થયે, જે લેખથી કોઇ સ્થાવર મિલકત પોતાના હિસ્સા તરીકે લઇ લેવામાં આવે તેવા કોઇ લેખને પણ ફરજિયાત રીતે રજિસ્ટર કરાવવો જરૂરી નથી. ઉપરના સદરહુ લેખોને ફરજિયાત રીતે રજિસ્ટર કરાવવા જરૂરી જણાયું છે, જેથી કરીને, સ્થાવર મિલકતના સંબંધમાં કોઇ લેવડદેવડ રજિસ્ટર થઇ શકે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ સુધારવા ધાર્યું છે.

તારીખ : ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬. **નીતિન પટેલ .**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. ગોઠી,

ગાંધીનગર,
તારીખ : ૨૨ મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 44

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, FEBRUARY 22, 2016/PHALGUNA 3, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

તારીખઃ **૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં** અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૬ના ગુજરાત **વિધેયક ક્રમાંક : ૫**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 5 OF 2016.

THE RIGHT TO FAIR COMPENSATION AND TRANSPARENCY IN LAND ACQUISITION, REHABILITATION AND RESETTLEMENT (GUJARAT AMENDMENT) BILL, 2016.

A BILL

further to amend the Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation and Resettlement Act, 2013 in its application to the State of Gujarat.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૫.

જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૬.

ગુજરાત રાજ્યને લાગુ પડતા જમીન સંપાદન, પુનઃ સ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ, ૨૦૧૩ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ જમીન સંપાદન, પુનઃ સ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૧૩નો ૩૦મો.

સન ૨૦૧૩ના ૩૦મા અધિનિયમની કલમ ૨-નો સુધારો.

૨. જમીન સંપાદન, પુનઃ સ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (જેનો આમાં હવે પછી, ‘‘મુખ્ય અધિનિયમ’’ તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨માં, પેટા-કલમ (૨)માં, બીજા પરંતુક પછી, નીચેનો પરંતુક દાખલ કરવો :-

INDEX

"વળી, કલમ ૧૦કમાંની યાદીમાં દાખલ કરેલ પરિયોજના (પ્રોજેકટ) અને તેમાં નિર્દિષ્ટ કરેલા હેતુઓ માટે કરેલા જમીનના સંપાદનને, આ પેટા-કલમના પ્રથમ પરંતુકની જોગવાઈઓમાંથી માફી આપવી જોઈશે.".

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦પછી, નીચેની કલમ દાખલ કરવી :- સન ૨૦૧૩ના ૩૦મા અધિનિયમમાં નવી કલમ ૧૦ક દાખલ કરવા બાબત.

અમુક પરિયોજના (પ્રોજેકટ)ને માફી આપવાની રાજય સરકારની સત્તા.

"૧૦ક. રાજય સરકાર, જાહેર હિતમાં, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના પ્રકરણ ૨ અને પ્રકરણ ૩ની જોગવાઈઓને લાગુ પાડવામાંથી નીચેની પરિયોજનાઓ (પ્રોજેકટ) પૈકી કોઈપણ પરિયોજનાને માફી આપી શકશે :

(ક) સંરક્ષણ અથવા સંરક્ષણ ઉત્પાદન માટેની બનાવટ સહિત, ભારતની અને તેના દરેક ભાગની રાષ્ટ્રીય સુરક્ષા અથવા તેના સંરક્ષણ માટે આવશ્યક હોય તેવી પરિયોજના;

(ખ) વીજળીકરણ સહિત ગ્રામીણ આંતરમાળખું ;

(ગ) પરવડી શકે તેવા આવાસન (ગૃહનિર્માણ) અને ગરીબ લોકો માટે આવાસન ;

(ઘ) રાજય સરકાર અને તેના અન્ડરટેકિંગ દ્વારા સ્થાપવામાં આવેલા ઔદ્યોગિક કોરિડોર(આવા કિસ્સાઓમાં, આવા ઔદ્યોગિક કોરિડોર માટે, મુકરર કરેલી રેલવે લાઈન અથવા રસ્તાની બન્ને બાજુએથી એક કિલોમીટર સુધીની જમીન સંપાદન કરવી જોઈશે); અને

(ચ) જમીનની માલિકી સરકારમાં નિહિત થવાનું ચાલુ હોય, ત્યારે જાહેર-ખાનગી ભાગીદારી હેઠળની પરિયોજનાઓ સહિત આંતરમાળખાકીય પરિયોજનાઓ:

પરંતુ રાજય સરકારે, જાહેરનામું બહાર પાડતાં પહેલાં, આવી પરિયોજના માટે જરૂરી ઓછામાં ઓછી ખુલ્લી (ઉજ્જડ) જમીનને ધ્યાનમાં લઈને, સૂચિત સંપાદન માટેના જમીનનો વિસ્તાર સુનિશ્ચિત કરવો જોઈશે.".

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૩ પછી, નીચેની કલમ દાખલ કરવી:- સન ૨૦૧૩ના ૩૦મા અધિનિયમમાં નવી કલમ ૨૩ક દાખલ કરવા બાબત.

હિતસંબંધ ધરાવતી વ્યક્તિઓની સહમતીના કિસ્સામાં, કલેક્ટરે તપાસ કર્યા સિવાય, ચુકાદો આપવા બાબત.

"૨૩ક. (૧) કલમ ૨૩માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કાર્યવાહીના કોઈપણ તબક્કે, કલેક્ટરને એવી ખાતરી થાય કે જમીનમાં હિતસંબંધ ધરાવતી, પોતાની સમક્ષ ઉપસ્થિત થયેલી તમામ વ્યક્તિઓએ, કલેક્ટરના ચુકાદામાં સમાવિષ્ટ કરવાની બાબતો અંગે, રાજય સરકારે કરેલા નિયમોમાં ઠરાવેલા નમૂનામાં, લેખિતમાં સહમતી આપેલ છે, તો તેઓ

વધુ તપાસ કર્યા સિવાય, આવી સહમતીની બોલીઓ અનુસાર ચુકાદો આપી શકશે.

(૨) આ અધિનિયમની બીજી જોગવાઈઓ અનુસાર, પેટા-કલમ (૧) હેઠળની કોઈ જમીન માટે વળતર નક્કી કરવાની બાબત, કોઈપણ રીતે, તે જ વિસ્તાર અથવા બીજા વિસ્તારમાં આવેલી બીજી જમીનોના સંબંધમાં વળતર નક્કી કરવાની બાબતોને અસર કરશે નહિ.

સન ૧૯૦૮નો ૧૬મો.

(૩) રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પેટા-કલમ (૧) હેઠળ કરવામાં આવેલી કોઈપણ સહમતી, તે અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન કરવાને પાત્ર ગણાશે નહિ.''.

સન ૨૦૧૩ના ૩૦મા અધિનિયમની કલમ ૨૪નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૪માં, પેટા- કલમ (૨)માં, વિદ્યમાન પરંતુક પછી નીચેનો પરંતુક દાખલ કરવો:-

''વધુમાં, આ પેટા-કલમમાં ઉલ્લેખેલી મુદતની ગણતરી કરતી વખતે, કોઈ કોર્ટ દ્વારા બહાર પાડેલા કોઈ મનાઈ (સ્ટે) અથવા મનાઈ હુકમના કારણે જમીનના સંપાદન માટેની કાર્યવાહી, જે કોઈ મુદત અથવા મુદતો દરમિયાન અટકાવવામાં આવેલી હોય તેવી કોઈ મુદતને અથવા મુદતોને અથવા કબજો લેવા માટે ટ્રિબ્યુનલના ચુકાદામાં નિર્દિષ્ટ કરેલી મુદતને અથવા કબજો લેવામાં આવેલ હોય, પણ કોર્ટમાં અથવા આ હેતુ માટે નિભાવવામાં આવતા કોઈ મુકરર કરેલા ખાતામાં વળતર જમા પડી રહેલું હોય તેવી મુદતને બાકાત કરવામાં આવશે.''.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૧ પછી, નીચેની કલમ દાખલ કરવી:- સન ૨૦૧૩ના ૩૦મા અધિનિયમમાં નવી કલમ ૩૧ક દાખલ કરવા બાબત.

દીર્ઘકાલીન પ્રકારની (linear nature) પરિયોજના માટે રાજ્ય સરકારે ઊચક રકમ ચૂકવવા બાબત.

''૩૧ક. આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, એક સો એકરથી ઓછી હોય તેટલી જમીન તેના પોતાના ઉપયોગ માટે સંપાદિત કરવાની હોય, ત્યારે અથવા કલમ ૧૦ની પેટા-કલમ (૪)ના પરંતુકમાં ઉલ્લેખેલ હોય તેવી દીર્ઘકાલીન પ્રકારની પરિયોજનાના કિસ્સામાં જમીન સંપાદિત કરવાની હોય, ત્યારે રાજ્ય સરકારને, કલમ ૨૭ હેઠળ નક્કી કર્યા પ્રમાણેની વળતરની રકમના પચાસ ટકા જેટલી ઊચક રકમ, અસરગ્રસ્ત કુટુંબોને, પુનઃસ્થાપન અને પુનર્વસવાટ ખર્ચ તરીકે ચૂકવવાની સત્તા રહેશે.''.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૦માં, પેટા-કલમ (૨)માં, ‘‘બીજી કોઇ કટોકટી માટે જરૂરી હોય તેટલા લઘુતમ વિસ્તાર સુધી’’ એ શબ્દો પછી, ‘‘અથવા કેન્દ્ર સરકારે રાજય સરકારને આપેલા આદેશોનું પાલન કરવા સુધી’’ એ શબ્દો ઉમેરવા. સન ૨૦૧૩ના ૩૦મા અધિનિયમની કલમ ૪૦નો સુધારો.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૬માં, પેટા-કલમ (૬)માં, સ્પષ્ટીકરણમાં, ખંડ (ખ)માં, પેટા-ખંડ (૧) કમી કરવો. સન ૨૦૧૩ના ૩૦મા અધિનિયમની કલમ ૪૬નો સુધારો.

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૮૭ને બદલે, નીચેની કલમ મૂકવી:- સન ૨૦૧૩ના ૩૦મા અધિનિયમની કલમ ૮૭ બદલવા બાબત.

સરકારી કર્મચારીઓએ કરેલા ગુના.

‘‘૮૭. આ અધિનિયમ હેઠળનો કોઇ ગુનો કોઇ વ્યકિતએ કર્યો હોય અને એવો કહેવાતો ગુનો કર્યાના સમયે તે વ્યકિત કેન્દ્ર સરકાર અથવા યથાપ્રસંગ, રાજય સરકારની નોકરીમાં હોય અથવા રહેલ હોય, ત્યારે કોર્ટે એવા ગુનાની ન્યાયિક નોંધ લેવી જોઇશે, પરંતુ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૯૭માં ઠરાવેલી કાર્યરીતિ અનુસરવાની રહેશે.’’. સન ૧૯૭૪નો ૨જો.

ઉદ્દેશો અને કારણો

કેન્દ્ર સરકારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ, ૨૦૧૩ અધિનિયમિત કરેલ છે. ગુજરાત ઔદ્યોગિક રીતે પ્રગતિશીલ રાજ્ય છે અને વધુ ને વધુ રોકાણ રાજયમાં આવી રહયું છે. રાજ્ય સરકાર, ઉદ્યોગસાહસિકો માટે પાયાની તમામ સુવિધાઓ અને આંતરમાળખું પૂરું પાડવાનો ઈરાદો ધરાવે છે. તેમ છતાં, તેવું અનુભવાયેલ છે કે જેમાં જમીન સંપાદન કરવા માટેની ઘણી કડક જોગવાઈઓ છે તેવો સદરહુ અધિનિયમ અમલમાં આવ્યા પછી, જમીન સંપાદન કરવાની કાર્યવાહી, ઘણી લાંબી અને મુશ્કેલ બની ગયેલ છે. તેથી, જેની જમીનોનું સંપાદન કરવામાં આવતું હોય તેવી કોઈપણ વ્યક્તિઓના અધિકારોમાં દખલ કર્યા સિવાય, જમીન સંપાદનના કાર્યપદ્ધતિવિષયક ભાગને અડચણ વિનાનો અને સરળ બનાવવાનું જરૂરી જણાયું છે.

તદનુસાર, સામાજિક પ્રભાવ અને જાહેર હેતુ નક્કી કરવાની બાબતને લગતી હોય તેવી અધિનિયમના પ્રકરણ ૨-ની જોગવાઈઓ તેમજ ખાદ્ય સુરક્ષાનું સંરક્ષણ કરવા માટેની ખાસ જોગવાઈને લગતી હોય તેવી અધિનિયમના પ્રકરણ ૩ની જોગવાઈઓ લાગુ પાડવામાંથી અમુક પરિયોજના (પ્રોજેક્ટ)ને માફી આપવા ધાર્યું છે. આ પરિયોજના (પ્રોજેક્ટ)ની સાથેસાથે વીજળીકરણ, પરવડે તેવા આવાસન (એફૉર્ડેબલ હાઉસિંગ) અને ગરીબ લોકો માટે આવાસન (ગૃહનિર્માણ), વગેરે સહિત ભારતની રાષ્ટ્રીય સુરક્ષા અથવા તેના સંરક્ષણ, ગ્રામીણ આંતરમાળખા માટે આવશ્યક હોય તેવી પરિયોજના (પ્રોજેક્ટ)નો સમાવેશ થાય છે. તે મતલબની જોગવાઈ દાખલ કરવા પણ ધાર્યું છે કે જમીનમાં હિતસંબંધ ધરાવતી, પોતાની સમક્ષ ઉપસ્થિત થયેલી વ્યક્તિએ, ચુકાદામાં સમાવિષ્ટ કરવાની બાબતો અંગે લેખિતમાં સહમતી આપેલ હોય, ત્યારે કલેક્ટર વધુ તપાસ કર્યા સિવાય, આવી સહમતીની બોલીઓ અનુસાર ચુકાદો આપી શકશે. સદરહુ અધિનિયમની કલમ ૨૪(૨)થી જોગવાઈ કરી છે કે જૂના અધિનિયમ એટલે કે જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ હેઠળ, સન ૨૦૧૩ના અધિનિયમના આરંભના પાંચ વર્ષ અથવા તેના કરતાં વધારે વર્ષ પહેલાં ચુકાદો આપવામાં આવ્યો હોય, પણ જમીનનો પ્રત્યક્ષ કબજો લેવામાં આવ્યો ન હોય અથવા વળતર ચૂકવવામાં આવેલ ન હોય, ત્યારે સદરહુ કાર્યવાહી રદ થયેલી છે એમ ગણાશે. તે મતલબની જોગવાઈ દાખલ કરવા ધાર્યું છે કે પાંચ વર્ષની સદરહુ મુદતની ગણતરી કરતી વખતે, કોર્ટના કોઈ મનાઈ અથવા મનાઈ હુકમના કારણે જે કોઈ મુદત અથવા મુદતો માટે જમીનનું સંપાદન અટકાવવામાં આવ્યું હોય તેવી કોઈ મુદતને અથવા મુદતોને અથવા જમીનનો કબજો લેવામાં આવેલ હોય, પણ આ હેતુ માટે કોઈ કોર્ટમાં વળતર જમા પડી રહેલું હોય, ત્યારે આવી મુદતને બાકાત કરવામાં આવશે. તે મતલબની જોગવાઈ દાખલ કરવા પણ ધાર્યું છે કે એક સો એકર કરતાં ઓછી હોય તેવી જમીન તેના પોતાના ઉપયોગ માટે સંપાદિત કરવાની હોય, ત્યારે અથવા દીર્ઘકાલીન પ્રકારની હોય તેવી પરિયોજના (પ્રોજેક્ટ) માટે જમીન સંપાદિત કરવાની હોય, ત્યારે રાજય સરકારને, વળતરની રકમના પચાસ ટકા જેટલી ઊચક રકમ અસરગ્રસ્ત કુટુંબોને, પુનઃસ્થાપન અને પુનર્વસવાટ ખર્ચ તરીકે ચૂકવવાની સત્તા રહેશે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

નીતિન પટેલ,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૩.- આ કલમથી દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૦ક-થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમના પ્રકરણ ૨ અને પ્રકરણ ૩ લાગુ પાડવામાંથી અમુક પરિયોજના (પ્રોજેક્ટ)ને માફી આપવાની સત્તા મળે છે.

કલમ ૪.- આ કલમથી દાખલ કરવા ધારેલી નવી કલમ ૨૩ક-થી, રાજ્ય સરકારને, હિતસંબંધ ધરાવતી વ્યક્તિઓએ ચુકાદામાં સમાવિષ્ટ કરવાની બાબતો અંગે સહમતી આપેલી હોય, ત્યારે કલેક્ટરે તપાસ કર્યા સિવાય, જે નમૂનામાં ચુકાદો આપવો જોઈશે તે નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬. **નીતિન પટેલ.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. ગોઠી,

ગાંધીનગર, ગુજરાત સરકારના સચિવ,

તારીખ : ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬. વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 45

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, FEBRUARY 25, 2016/PHALGUNA 6, 1937

Separate paging is givrn to this Part in order that it may be filed as a Separate Compilation

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-ક અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

GUJARAT BILL NO. 6 OF 2016.

THE SMALL AND MARGINAL FARMERS (WELFARE) BILL, 2015.

A BILL

to provide for certain welfare measures for the small and marginal farmers of the State and for the constitution of a welfare fund for their benefits and for matters connected therewith and incidental thereto.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૬ .

નાના અને સીમાંત ખેડૂતો (કલ્યાણ) વિધેયક, ૨૦૧૫.

રાજયના નાના અને સીમાંત ખેડૂતો માટે અમુક કલ્યાણવિષયક પગલાં (લેવા) માટેની અને તેમના લાભ માટે કલ્યાણ ફંડની રચના કરવા માટેની તથા તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજયના સડસઠમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત નાના અને સીમાંત ખેડૂતો (કલ્યાણ) અધિનિયમ, ૨૦૧૫ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને વ્યાપ્તિ.

(૨) તે સમગ્ર ગુજરાત રાજયને લાગુ પડે છે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો- વ્યાખ્યા.

(ક) "અકસ્માત" એટલે ખેતીવિષયક કામગીરીના સમયગાળા દરમિયાન, કોઇ ખેતીવિષયક યંત્રસામગ્રી દ્વારા ખેડૂતને થતો અકસ્માત અને તેમાં આવી યંત્રસામગ્રી, વૃક્ષ પરથી અથવા કૂવાની અંદર પડી જવાના અથવા વીજળીના ઝટકા (electric shock), સર્પદંશ અથવા કોઇ અન્ય વન્ય અથવા પાળેલા પ્રાણી દ્વારા કરવામાં આવતા હુમલાનાં કારણે થતી ઇજાનો સમાવેશ થાય છે;

(ખ) "ખેતીવિષયક કામગીરી" માં ખેતી, બાગાયત, કોશેટા-ઉછેર, ઘેટાં, બકરાં, ઢોર, દુધાળાં ઢોરના ઉછેર, મરઘાં-ઉછેરને લગતી કોઇપણ કામગીરીનો અથવા ખેતી સાથે સંકળાયેલી અથવા તેના આનુષંગિક બીજી કોઇ કામગીરીનો સમાવેશ થાય છે;

(ગ) "કમિશનર" એટલે કલમ ૭ હેઠળ નિમાયેલા કમિશનર;

(ઘ) "ફંડ" એટલે કલમ ૪ હેઠળ રચાયેલું નાના અને સીમાંત ખેડૂતોનું કલ્યાણ ફંડ;

(ચ) "સીમાંત ખેડૂત" એટલે અઢી એકરથી વધુ ન હોય તેટલા વિસ્તારની બિન-પિયતની અથવા પિયત ખેતીની જમીનની માલિક હોય તેવી કોઇ વ્યકિત અને તેમાં ભાગિયા અથવા ગણોત પદ્ધતિ હેઠળ બીજાની માલિકીની જમીનમાં ખેતી કરતી હોય તેવી વ્યકિતનો સમાવેશ થાય છે;

(છ) "આંશિક અશકતતા" એટલે તે અકસ્માત થતાં પહેલાં ખેડૂત જે કામગીરી કરવા માટે સક્ષમ હોય તે કામગીરી કરવાની તેની ક્ષમતામાં કામચલાઉ રીતે ઘટાડો કરે તેવી અશકતતા;

(જ) "કાયમી અશકતતા" એટલે તે અકસ્માત થતાં પહેલાં ખેડૂત ખેતીને લગતી તમામ કામગીરી અને બીજી કામગીરી કરવા માટે સક્ષમ હોય તે કામગીરી કરવા માટે તેને સંપૂર્ણ રીતે અસમર્થ કરે તેવી કોઇ અશકતતા;

(ઝ) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું; અને

(ટ) "નાના ખેડૂત" એટલે પાંચ એકરથી વધુ ન હોય તેટલી બિન-પિયતની અથવા પિયત ખેતીની જમીનની માલિક હોય તેવી કોઇ વ્યકિત અને તેમાં ભાગિયા અથવા ગણોત પદ્ધતિ હેઠળ બીજાની માલિકીની જમીનમાં ખેતી કરતી હોય તેવી વ્યકિતનો સમાવેશ થાય છે.

3. રાજય સરકારે, બનતી ત્વરાએ પણ આ અધિનિયમના આરંભની તારીખથી એક વર્ષથી મોડું નહિ તેવી રીતે, નાના અને સીમાંત ખેડૂતો માટે સર્વાંગી કલ્યાણ નીતિ ઘડવી જોઇશે અને ઠરાવવામાં આવે તેવી રીતે તેનો અમલ કરાવવો જોઇશે.

રાજય સરકારે નાના અને સીમાંત ખેડૂતો માટે કલ્યાણ નીતિ ઘડવા બાબત.

૪. (૧) રાજય સરકારે, આ અધિનિયમના હેતુ માટે, "નાના અને સીમાંત ખેડૂતોના કલ્યાણ ફંડ" તરીકે ઓળખાતા ફંડની રચના કરવી જોઇશે.

(૨) ફંડનું પ્રારંભિક નાણા ભંડોળ, ઠરાવવામાં આવે તેવી રીતે રાજય વિધાનમંડળ દ્વારા આ અર્થે કાયદાથી યોગ્ય રીતે વિનિયોગ કર્યા પછી, રૂપિયા એકસો કરોડનું રહેશે.

(૩) કોઇ વ્યકિત અથવા સંસ્થા દ્વારા આપવામાં આવે તેવા અનુદાન અથવા દાન પણ આ ફંડમાં જમા કરવા જોઇશે.

(૪) ફંડનો વહીવટ ઠરાવવામાં આવે તેવી રીતે રાજય સરકાર દ્વારા કરવામાં આવશે.

(૫) આ અધિનિયમ હેઠળ ચૂકવવાપાત્ર દરેક વળતર, ઠરાવવામાં આવે તેવી રીતે આ ફંડમાંથી ચૂકવવું જોઇશે.

રાજય સરકારે નાના અને સીમાંત ખેડૂતોના કલ્યાણ ફંડની રચના કરવા બાબત.

૫. (૧) ખેતીવિષયક કામગીરી દરમિયાન, કોઇ નાના અથવા સીમાંત ખેડૂતને કોઇ અકસ્માતના કારણે કોઇ ઇજા પહોંચે, તો તેવો ખેડૂત ફંડમાંથી વળતર મેળવવાને હકદાર રહેશે.

અકસ્માતના કિસ્સામાં વળતર બાબત.

(૨) કાયમી અથવા આંશિક અશક્તતામાં પરિણમતી ઇજા માટે, પેટા-કલમ (૧) હેઠળ ચૂકવવાપાત્ર વળતરની રકમ, આંશિક અશક્તતાના કિસ્સામાં પચાસ હજાર રૂપિયાથી ઓછી નહિ અને કાયમી અશક્તતા અથવા મૃત્યુના કિસ્સામાં એક લાખ રૂપિયાથી ઓછી નહિ તે બાબતને અધીન રહીને, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, વખતોવખત નિર્દિષ્ટ કરે તેટલી રહેશે.

(૩) મૃત્યુના કિસ્સામાં, આ અધિનિયમ હેઠળ ચૂકવવાપાત્ર વળતર, મૃત્યુ પામેલા ખેડૂતના પત્નીને અથવા બાળકોને અથવા તેના કાયદેસરના વારસદારને ચૂકવવું જોઇશે:

પરંતુ મૃત્યુ પામેલી વ્યક્તિ અપરિણીત હોય તે કિસ્સામાં, વળતર તેના માતાપિતાને ચૂકવવું જોઇશે.

વળતરનો દાવો કરવા માટેની કાર્યરીતિ.

૬. આ અધિનિયમ હેઠળ વળતર મેળવવાને પાત્ર હોય તેવી દરેક વ્યક્તિએ, ઠરાવેલા નમૂનામાં, તેમાં ઠરાવવામાં આવે તેવી વિગતો આપીને, કમિશનરને અરજી કરવી જોઇશે:

પરંતુ અરજદાર નિરક્ષર હોય તેવા કિસ્સામાં, કમિશનરે, અરજદારને યોગ્ય રીતે નમૂનો ભરાવવો જોઇશે.

કમિશનરોની નિમણૂક .

૭. (૧) રાજ્ય સરકારે, રાજપત્રમાં જાહેરનામાથી, વળતરની ચુકવણી માટેના દાવા માટેની અરજી સ્વીકારવા અને તેનો નિકાલ કરવા આવશ્યક જણાય તેટલી સંખ્યામાં કમિશનરોની નિમણૂક કરવી જોઇશે.

(૨) અરજી મળ્યેથી, કમિશનરે દાવા અંગે પોતાને યોગ્ય જણાય તેવી તપાસ કરાવવી જોઇશે અને ખેડૂતનું મૃત્યુ અથવા તેને ઇજા અકસ્માતના કારણે થયેલ છે તેમ જણાય, તો તેમણે (કમિશનરે) દાવો કરનારને ચૂકવવાની વળતરની રકમ અંગે નિર્ણય કરવો જોઇશે અને આવો નિર્ણય કર્યા અંગેના કારણોની લેખિતમાં નોંધ કરવી જોઇશે:

પરંતુ કમિશનરે દાવા માટેની અરજી દાખલ કર્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર, (વળતરની) રકમ આખરી કરવી જોઇશે અને છૂટી કરવી જોઇશે.

દીવાની કોર્ટની હકૂમતને બાધ.

૮. તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇપણ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઇપણ દીવાની કોર્ટને કમિશનર દ્વારા લેવામાં આવેલા કોઇપણ નિર્ણય અંગે પતાવટ કરવાની, તે અંગે ચુકાદો આપવાની અથવા તેની તજવીજ કરવાની અથવા આ અધિનિયમ હેઠળ વહોરેલી કોઇપણ જવાબદારીનો અમલ કરવાની હકૂમત રહેશે નહિ.

ઉદ્દેશો અને કારણો

રાજ્યમાં લાખો નાના અને સીમાંત ખેડૂતો છે. તેઓ ખૂબ જ ગરીબ છે, પરંતુ કૃષિ ક્ષેત્રના સંબંધમાં તેમનું યોગદાન ગૌણ નથી. કૃષિવિષયક કામગીરી કરતી વખતે, તેઓને ઇજાઓ પહોંચે છે જે ઘણી વાર આંશિક અથવા કાયમી અશક્તતામાં પરિણમે છે અને ઘણા કિસ્સામાં, તેઓ તેમના પરિવારને છોડીને મૃત્યુ પણ પામે છે. આ મહત્વની બાબત છે કે સામાજિક સુરક્ષા યોજનાઓ, સંગઠિત શ્રમિક વર્ગને લાગુ પાડવામાં આવેલ છે, ત્યારે નાના અને સીમાંત ખેડૂતોને આવી યોજનાઓ હેઠળ આવરી લેવામાં આવેલ નથી. જેના પરિણામે કોઇ ખેડૂતને કોઇ ગંભીર અકસ્માત થાય છે અને ગંભીર ઇજા થાય છે અથવા આવી ઇજાથી મૃત્યુ પામે છે, ત્યારે તે અને તેની ગેરહાજરીમાં, તેના પરિવારના સભ્યોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. હકીકતમાં, આવા ખેડૂતનો પરિવાર બરબાદ થઇ જાય છે. આવા ખેડૂતો માટે કોઇ સામાજિક સુરક્ષા માળખું નથી.

તેથી, તેવું જરૂરી છે કે નાના અને સીમાંત ખેડૂતોને કૃષિવિષયક કામગીરી દરમિયાન અકસ્માત થાય, તો વળતર સ્વરૂપે કેટલાક પ્રકારની સામાજિક સુરક્ષા પૂરી પાડવામાં આવે. આથી, નાના અને સીમાંત ખેડૂતોના કલ્યાણ માટે ફંડની રચના કરવા ધાર્યું છે.

આથી, આ વિધેયક.

ગાંધીનગર, બલવંતસિંહ રાજપૂત,
તારીખ: ૧૫મી મે, ૨૦૧૫. વિ.સ.સ.

૯. કમિશનરના નિર્ણયની તારીખથી ત્રણ મહિનાની અંદર અપીલ કરવામાં આવી હોય, તો અપીલ હાઇકોર્ટમાં રજૂ કરવી જોઇશે. અપીલ.

૧૦. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે. નિયમો કરવાની સત્તા.

(૨) ખાસ અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આ અધિનિયમથી સ્પષ્ટ રીતે આવશ્યક હોય અથવા મંજૂરી આપવામાં આવી હોય તેવી નિયમોથી ઠરાવવામાં આવે તે તમામ બાબતો અથવા તે પૈકીની કોઇપણ બાબત માટે જોગવાઇ કરવા માટે તેવા નિયમો કરી શકાશે.

(૩) આ કલમથી મળેલી નિયમો કરવાની સત્તા, પૂર્વ પ્રસિદ્ધિ પછી કરેલા નિયમોની શરતને અધીન રહેશે.

(૪) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, ત્રીસ દિવસ સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે અને જે સત્રમાં તે નિયમો એ રીતે મૂકવામાં આવે તે સત્રમાં અથવા ત્યાર પછી, તરત આવતા સત્ર દરમિયાન રાજય વિધાનમંડળ તેમાંથી એવો ફેરફાર કરે અથવા રાજય વિધાનમંડળ જે કંઇ રદ કરે તેને અધીન રહેશે.

(૫) રાજ્ય વિધાનમંડળ જે કંઇ રદ કરે અથવા ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવું જોઇશે અને ત્યારબાદ તે અમલમાં આવશે.

નાણાકીય યાદી

વિધેયકની કલમ ૪થી, નાના અને સીમાંત ખેડૂત કલ્યાણ ફંડની રચના માટેની જોગવાઇ કરી છે. કલમ ૭થી, ખેડૂતોને વળતરની ચુકવણી કરવા માટે કમિશનરોની નિમણૂક માટેની જોગવાઇ કરી છે. તેથી, આ વિધેયક અધિનિયમિત કરવામાં આવે તો રાજ્યના એકત્રિત ફંડમાંથી ખર્ચ થશે. એવો અંદાજ કાઢવામાં આવ્યો છે કે રાજ્યના એકત્રિત ફંડમાંથી દર વર્ષે આવર્તક ખર્ચ તરીકે આશરે રૂપિયા એકસો કરોડનો ખર્ચ થવાની સંભાવના છે.

રૂપિયા પાંચ કરોડનો બિન-આવર્તક ખર્ચ થવાની પણ સંભાવના છે.

ગાંધીનગર, બલવંતસિંહ રાજપૂત,
તારીખ: ૧૫મી મે, ૨૦૧૫. વિ.સ.સ.

ધારાકીય સત્તા સોંપવાની યાદી

વિધેયકની કલમ ૧૦થી, રાજ્ય સરકારને, આ વિધેયકના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે. નિયમો વિગતની બાબતો સાથે જ સંબંધિત હોવાને કારણે, ધારાકીય સત્તાની સોંપણી સામાન્ય પ્રકારની છે.

ગાંધીનગર, બલવંતસિંહ રાજપૂત,
તારીખ: ૧૫મી મે, ૨૦૧૫. વિ.સ.સ.

ગાંધીનગર, ડી. એમ. પટેલ,
તારીખ: ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬. સચિવ,
ગુજરાત વિધાનસભા.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 46

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, FEBRUARY 25, 2016/PHALGUNA 6, 1937

Separate paging is given to this part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than Those published in other parts.

સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-ક, અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

GUJARAT BILL NO. 7 OF 2016.

THE ABOLITION OF BEGGING BILL, 2015.

A BILL

to provide for abolition of begging and for matters connected therewith or incidental thereto.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૭.

ભિક્ષા નાબૂદી વિધેયક, ૨૦૧૫.

ભિક્ષા નાબૂદી માટે અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ ભિક્ષા નાબૂદી અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો- વ્યાખ્યા.

(ક) ''સરકાર'' એટલે ગુજરાત સરકાર;

(ખ) ''ભિક્ષુક'' એટલે જે ભિક્ષા/ ભીખ માંગતી હોય તેવી વ્યક્તિ (ભિખારી);

(ગ) ''ભિક્ષા (ભીખ) માંગવી'' એટલે-

(૧) રેલવે, બસ સ્ટોપ, રસ્તાની બાજુઓ અથવા જાહેર જનતાની અવરજવર હોય તેવા કોઇ બીજા સ્થળ સહિત જાહેર સ્થળમાં ભિક્ષા માંગવી અથવા મેળવવી ;

(૨) ભિક્ષા માંગવા અથવા ભિક્ષા લેવાના હેતુથી પોતાનો અથવા કોઇ બીજી વ્યક્તિનો અથવા પશુનો કોઇ જખમ/ ઘા, વિકૃતિ/ ખોડ અથવા વ્યાધિ (વિશિષ્ટ રોગ) ખુલ્લો મૂકવો અથવા પ્રદર્શિત કરવો ;

(૩) ભિક્ષા માંગવાના અથવા લેવાના હેતુ માટે પોતાની જાતનો પ્રદર્શનીય વસ્તુ તરીકે ઉપયોગ કરવા દેવો ;

પરંતુ તેમાં-

(૧) કોઇ જાહેર સ્થળે કળા અથવા સંગીત અથવા નૃત્ય અથવા બજાણિયાના ખેલ અથવા ચિત્ર કળાનું કાર્ય કરીને નાણા અથવા ખોરાક અથવા બક્ષિસ માંગવાનો અથવા મેળવવાનો ; અને

(૨) કોઇ ધર્મ સાથે સંકળાયેલી કોઇ ધાર્મિક પ્રણાલી અથવા રિવાજના સંબંધમાં નાણા અથવા ખોરાક અથવા કોઇ નૈવેદ્ય માંગવાનો અથવા લેવાનો,

સમાવેશ થતો નથી;

(ઘ) ''બાળક'' એટલે જેણે અઢાર વર્ષની ઉંમર પૂરી કરી ન હોય તેવો કોઇ છોકરો અથવા છોકરી;

(ચ) ''બાળગૃહ'' એટલે કિશોર ન્યાય (બાળકની સંભાળ અને રક્ષણ બાબત) અધિનિયમ, ૨૦૦૦ હેઠળ સ્થપાયેલું બાળગૃહ; સન ૨૦૦૦નો ૫૬મો.

(છ) ''ઠરાવેલું'' એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું ;

અને

(જ) "સ્વીકાર કેન્દ્ર" એટલે કલમ ૫ હેઠળ સ્થપાયેલું કેન્દ્ર.

૩. કોઈપણ વ્યકિત દ્વારા કોઈપણ રીતે ભિક્ષા માંગવાને, આથી, નાબૂદ કરવામાં આવે છે. ભિક્ષા નાબૂદી.

૪. જે કોઈપણ વ્યકિત, પોતાની સંભાળમાં, કસ્ટડીમાં અથવા હવાલામાં રહેલા બાળક સહિત કોઈ વ્યકિતને ભિક્ષા માંગવા માટે દબાણ કરે અથવા પ્રોત્સાહન આપે, તેવી વ્યકિતને દશ વર્ષની મુદત સુધીની સખત કેદની શિક્ષા થશે અને તે દંડને પણ પાત્ર થશે. ભિક્ષા માટે કોઈ વ્યકિતને દબાણ કરવા અથવા પ્રોત્સાહન આપવા માટે શિક્ષા.

૫. (૧) ભિક્ષા માંગતી જણાયેલ કોઈપણ વ્યકિતની પોલીસે ધરપકડ કરવી જોઈશે અને આવી દરેક ધરપકડ કરતાં પહેલાં, સંબંધિત પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવતા (ઈન-ચાર્જ) અધિકારીએ પોતે, ધરપકડ કરેલ ભિક્ષુકના સાચાપણા અંગે ખાતરી કરવી જોઈશે. ધરપકડ કરેલા ભિક્ષુકોને સ્વીકાર કેન્દ્રમાં મોકલવા બાબત.

(૨) ભિક્ષા માંગવાના આધાર પર ધરપકડ કરેલા બાળક સિવાયની બીજી કોઈપણ વ્યકિતને, સરકાર દ્વારા દરેક જિલ્લામાં સ્થાપવામાં આવનાર સ્વીકાર કેન્દ્રમાં મોકલવો જોઈશે, જેમાં આવી વ્યકિતને પોતાના પુનઃ સ્થાપન માટેની સુવિધાઓ પૂરી પાડવી જોઈશે.

સ્પષ્ટીકરણ.- આ કલમના હેતુ માટે, પુનઃ સ્થાપન માટેની સુવિધાઓમાં તબીબી સંભાળ, પોષણ અને ભિક્ષુકોને લાભપ્રદ રોજગાર પૂરા પાડવાના હેતુથી કૃષિવિષયક અથવા ઔદ્યોગિક અથવા અન્ય વ્યવસાયની તાલીમ આપવાનો સમાવેશ થાય છે.

(૩) ભિક્ષા માંગવાના આધાર પર ધરપકડ કરેલા કોઈપણ બાળકને બાળગૃહમાં મોકલવા જોઈશે.

(૪) બાળગૃહમાં મોકલેલ દરેક બાળકને વિના મૂલ્યે ખોરાક, તબીબી સંભાળ અને શિક્ષણ પૂરા પાડવા જોઈશે.

૬. (૧) રાજય સરકારે ભિક્ષુકોના કલ્યાણ માટે ભિક્ષુક કલ્યાણ ફંડ તરીકે ઓળખાતા ફંડની રચના કરવી જોઈશે. ભિક્ષુકોના કલ્યાણ ફંડની રચના.

INDEX

(૨) દરેક ભિક્ષુકને, કલ્યાણ ફંડમાંથી, સ્વરોજગાર માટે ઠરાવવામાં આવે તેવી રીતે એવી નાણાકીય સહાય પૂરી પાડવી જોઇશે.

ભિક્ષૂકો માટે યોજનાઓ, પ્લાન ઘડવા બાબત.

૭. (૧) સરકારે, ભિક્ષુકોને રોજગારની તકો પૂરી પાડવાના હેતુથી, પોતે ઉચિત ગણે તેવા, શિક્ષણની જોગવાઈ માટેના પ્લાન સહિત એવા પ્લાન તૈયાર કરવા જોઈશે અને એવી યોજનાઓ ઘડવી જોઈશે અને દરેક જિલ્લામાં તેવું યોગ્ય આંતર-માળખું (ઈન્ફ્રાસ્ટ્રકચર) ઉભું કરવું જોઈશે.

(૨) સરકારે, વૃદ્ધ, અશકત, અસહાય અને નિરાધાર વ્યકિતઓ ભિક્ષા માંગવામાં જોડાય નહિ તે સુનિશ્ચિત કરવા માટે તેઓને અનાજ, આશ્રયસ્થાન અને રક્ષણ પૂરું પાડવા માટે દરેક જિલ્લામાં નિરાશ્રિત ગૃહો ઊભા કરવા જોઈશે.

અપંગ બનાવવા માટે શિક્ષા.

૮. (૧) ભિક્ષા માંગવાના અથવા ભીખ લેવાના હેતુ માટે પોતાને અથવા બીજી વ્યકિતઓને અપંગ બનાવનાર કોઈપણ વ્યકિતને દશ વર્ષની મુદત સુધીની સખત કેદની શિક્ષા થશે.

(૨) કોઈ વ્યકિત, ભિક્ષા માંગવા અથવા ભિક્ષા લેવાના હેતુ માટે કોઈ બાળક અથવા સ્ત્રી અથવા સાઠ વર્ષથી વધુ વયની કોઈપણ વ્યકિતને અપંગ બનાવવાની ક્રિયા કરે, ત્યારે તેને દશ વર્ષથી ઓછી નહિ તેટલી મુદત સુધીની કેદની શિક્ષા થશે.

ગુનો પોલીસ અધિકાર હેઠળનો અને બિનજામીન પાત્ર હોવા બાબત.

૯. તત્સમયે અમલમાં તેવા કોઇ બીજા કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, આ અધિનિયમ હેઠળનો ગુનો પોલીસ અધિકાર હેઠળનો અને બિન-જામીનપાત્ર ગુનો ગણાશે.

નિયમો કરવાની સત્તા.

૧૦. (૧) સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા નિયમોથી, આ અધિનિયમથી સ્પષ્ટપણે ફરમાવેલ હોય અથવા મંજૂરી આપેલ હોય, તેવી નિયમોથી ઠરાવવાની તમામ અથવા તે પૈકીની કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકશે.

(૩) આ કલમ હેઠળ નિયમો કરવાની સત્તા, પૂર્વ-પ્રસિદ્ધિ પછી કરેલા નિયમોની શરતને અધીન રહેશે.

(૪) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે સત્રમાં તે નિયમો એ રીતે મૂકવામાં આવે તે સત્ર અથવા તેની તરત પછીના સત્ર દરમિયાન, રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા રાજ્ય વિધાનમંડળ તેમાં એવો ફેરફાર કરે તેને અધીન રહેશે.

(૫) રાજ્ય વિધાનમંડળ એવી રીતે જે કાંઇ રદ કરે અથવા કોઈ ફેરફાર કરે તે *રાજપત્ર*માં પ્રસિધ્ધ કરવામાં આવશે અને તેમ થયે તે અમલમાં આવશે.

ઉદ્દેશો અને કારણો

સરકારે કલ્યાણકારી પગલાં લીધા હોવા છતાં, ભિક્ષા/ ભીખ માંગવાની સમસ્યા સમગ્ર રાજ્યમાં, ખાસ કરીને મુખ્ય (મેટ્રોપોલિટન) શહેરો અને શહેરી વિસ્તારોમાં ઘટયા વગર ચાલુ છે.

વિદ્યમાન કાયદાકીય માળખુ ભિક્ષા માંગવાની સમસ્યાને અંકુશમાં રાખવા માટે અપૂરતું જણાયેલ છે અને ઇચ્છિત પરિણામો સિદ્ધ કરવા નિષ્ફળ રહેલ છે. હાલમાં, ભિક્ષા માંગવાની સમસ્યામાં ગુનાહિત પ્રવૃત્તિ સંકળાયેલ છે.

તેથી, ભિક્ષા માંગવાની સમસ્યાને પહોંચી વળવા માટે અને સમાજમાં ભિક્ષા માંગવામાં સંકળાયેલી વ્યકિતઓને ગૌરવયુકત જીવનની ખાતરી આપતું હોય તેવું વાતાવરણ ઊભું કરવા માટે ખાસ કાયદો અધિનિયમિત કરવાનું જરૂરી જણાયું છે.

આથી, આ વિધેયક

ગાંધીનગર **બલવંતસિંહ રાજપુત**
તારીખઃ ૧૫મી મે, ૨૦૧૫ **વિ.સ.સ.**

નાણાકીય યાદી

વિધેયકની કલમ ૫થી, રાજ્ય સરકાર દ્વારા ''સ્વીકાર કેન્દ્રો''ની સ્થાપના માટેની જોગવાઇ કરી છે. કલમ ૬થી, રાજ્ય સરકારે ''ભિક્ષુક કલ્યાણ ફંડ''ની રચના કરવા માટેની જોગવાઇ કરી છે. કલમ ૭થી, યોજનાઓ ઘડવા માટે અને દરેક સ્વીકાર કેન્દ્રમાં યોગ્ય આંતરમાળખું પૂરું પાડવા માટે અથવા ભિક્ષુકો માટે રોજગારીની તકો ઊભી કરવાના હેતુથી દરેક જિલ્લામાં સ્થપાનાર નિરાશ્રિતગૃહ માટે જોગવાઇ કરી છે. રાજ્ય સરકારને, સ્વીકાર કેન્દ્રો, નિરાશ્રિતગૃહની સ્થાપના માટે અને આવા કેન્દ્રોમાં યોગ્ય આંતરમાળખું ઊભુ કરવા માટે રાજ્યના એકત્રિત ફંડમાંથી ખર્ચ થશે. વિધેયક અધિનિયમિત કરવામાં આવે તો, રાજ્યના એકત્રિત ફંડમાંથી ખર્ચ કરવાનો થાય છે. દર વર્ષે આશરે રૂપિયા એક સો કરોડનો આવર્તક ખર્ચ થવાનો સંભવ છે.

રૂપિયા વીસ કરોડનો અનાવર્તક ખર્ચ થવા પણ સંભવ છે.

ગાંધીનગર બલવંતસિંહ રાજપુત
તારીખઃ ૧૫મી મે, ૨૦૧૫ વિ.સ.સ.

ધારાકીય સત્તા સોંપવાની યાદી

વિધેયકની કલમ ૧૦થી, રાજ્ય સરકારને, વિધેયકના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે. નિયમો માત્ર વિગતોની બાબત સાથે જ સંબંધિત હોવાને કારણે, ધારાકીય સત્તાની સોંપણી સામાન્ય પ્રકારની છે.

ગાંધીનગર
તારીખ: ૧૫મી મે, ૨૦૧૫

બલવંતસિંહ રાજપુત
વિ.સ.સ.

ગાંધીનગર.
તારીખ : ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ડી.એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 47 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, FEBRUARY 25, 2016/PHALGUNA 6, 1937

Separate paging is given to this part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than Those published in other parts.

સભ્યશ્રી પરબતભાઈ પટેલ તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-ક, અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

GUJARAT BILL NO. 8 OF 2016.

THE GUJARAT PREVENTION AND CONTROL OF TRAFFIC NUISANCES BILL, 2016.

A BILL

to provide for strict implementation of provisions relating to traffic in city areas of the State and to provide for certain measure for prevention and control of traffic nuisances and matters related thereto.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૮.

ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક, ૨૦૧૬.

રાજ્યના શહેરી વિસ્તારોમાં ટ્રાફિકને લગતી જોગવાઈઓના ચુસ્ત અમલીકરણ માટેની તથા ટ્રાફિક ઉપદ્રવના નિવારણ અને નિયંત્રણ માટેના અમુક પગલાં લેવા માટેની અને તેને લગતી બાબતો માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

INDEX

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

અવિચારી અથવા બેદરકારીપૂર્વક વાહન ચલાવવા બાબત.

૨. તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, જે કોઈ વ્યક્તિ, કોઈપણ જાહેર સ્થળે, નીચે જણાવેલા ગુના પૈકીનો કોઈપણ ગુનો કરે, તે, દોષિત ઠર્યેથી, ઓછામાં ઓછા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા વધુમાં વધુ પંદર દિવસની કોઈપણ પ્રકારની કેદની શિક્ષાને પાત્ર થશે:

પરંતુ અવિચારી અથવા બેદરકારીપૂર્વક વાહન ચલાવવાના કિસ્સામાં, યોગ્ય સત્તાધિકારી પોતે ઉચિત ગણે તેટલી મુદત માટે ડ્રાઈવિંગ લાઈસન્સ રદ કરી શકશે.

(૧) જે કોઈપણ વ્યક્તિ, અવિચારી અથવા બેદરકારીપૂર્વક, કોઈપણ વાહન ચલાવે અથવા તેમાં સવારી કરે અથવા તેને ધકેલે;

(૨) જે કોઈપણ વ્યક્તિ, વાહન ચલાવવામાં બેદરકારી અથવા ઉપેક્ષા દાખવીને, રાહદારીઓ અથવા બીજી વ્યક્તિઓને કોઈપણ નુક્સાન પહોંચાડે અથવા તેમના માટે અડચણ પેદા કરે;

(૩) જે કોઈપણ વ્યક્તિ, કોઈ વાજબી કારણ સિવાય અને કોઈ વ્યક્તિ માટે જોખમ અથવા અડચણ ઊભું કરવાના હેતુથી, રસ્તાની નજીક અથવા રસ્તાની ડાબી બાજુ સિવાય, કોઈ વાહન ચલાવે, વાહન ખેંચીને લઈ જાય અથવા તેને ધકેલે;

(૪) કોઈપણ વાહનનો હવાલો ધરાવનાર કોઈ વ્યક્તિ, રસ્તાની નજીક અથવા રસ્તાની ડાબી બાજુ સિવાય, કોઈ વાહનને છોડીને જાય;

(૫) જે કોઈપણ વ્યક્તિ, અવરોધ ઊભો કરવાના હેતુથી, માલ ચઢાવવા અથવા ઉતારવા માટે જરૂરી હોય તેટલા સમયથી વધુ સમય માટે, તે હેતુ માટે નક્કી કરેલા સ્થળો સિવાયના સ્થળોએ, કોઈ વાહન રહેવા દે અથવા ઊભું રાખે અથવા કોઈ સાર્વજનિક રસ્તાના મુક્ત અવરજવરના માર્ગ પર બીજી કોઈપણ રીતે ઈરાદાપૂર્વક અવરોધ ઊભો કરે અથવા અવરોધ ઊભો કરાવડાવે;

(૬) જે કોઈપણ વ્યક્તિ, પીધેલી હાલતમાં અને પોતાની જાતની તથા પોતે જે વાહન ચલાવતી હોય તે વાહનની સંભાળ લેવા માટે અસમર્થ જણાય અથવા કોઈ હુલ્લડખોર, અવ્યવસ્થિત અથવા અસભ્ય વર્તણૂક માટે કસૂરવાર જણાય.

સ્પષ્ટીકરણ.- આ કલમમાં, ''જાહેર સ્થળ'' એટલે સાર્વજનિક રસ્તો હોય કે ન હોય, તેવા રસ્તા, શેરી અથવા માર્ગ સહિતનું કોઈ સ્થળ અને જાહેર જનતાને જ્યાં પ્રવેશ આપવામાં આવતો હોય તેવું કોઈ ઉતરાણ સ્થળ અથવા જાહેર જનતાને જેનો ઉપયોગ કરવાનો અધિકાર હોય અથવા જેના પરથી પસાર થવાનો અધિકાર હોય તેવું કોઈ સ્થળ.

૩. (૧) કોઈપણ પોલીસ અધિકારી, પોતાના અભિપ્રાય પ્રમાણે, આ અધિનિયમથી શિક્ષાપાત્ર ગણવામાં આવ્યો હોય તેવો કોઈ ગુનો કરતી કોઈપણ વ્યક્તિની, વોરન્ટ સિવાય ધરપકડ કરી શકશે. ગુનો થયો હોવાનું જણાયે વોરન્ટ સિવાય ધરપકડ કરવા બાબત.

(૨) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની જોગવાઈઓ, કરવામાં આવેલી ધરપકડ અને લેવામાં આવેલા બોન્ડને એવી રીતે લાગુ પડશે જાણે કે કરવામાં આવેલી ધરપકડ અને લેવામાં આવેલ બોન્ડ સદરહુ અધિનિયમ હેઠળ કરવામાં અને લેવામાં આવેલ હોય. સન ૧૯૭૪નો ૨જો.

૪. રાજ્ય સરકાર, ટ્રાફિક ઉપદ્રવના સંદર્ભમાં ઈચ્છિત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, આ અધિનિયમ હેઠળના કેસોનો નિયત સમયમર્યાદામાં નિકાલ કરવા માટે, કોઈપણ વિદ્યમાન કોર્ટને ખાસ કોર્ટ તરીકે મુકરર કરી શકશે. ખાસ કોર્ટ મુકરર કરવા બાબત.

ઉદ્દેશો અને કારણો

તાજેતરના ભૂતકાળમાં, ખાસ કરીને શહેરી વિસ્તારોમાં અને શહેરોમાં, ''ધૂમ'' પ્રકારે બેદરકારીપૂર્વક વાહન ચલાવીને, રસ્તા પરથી પસાર થતા નાગરિકોને નુક્સાન પહોંચાડવાની અને તેમના માટે અડચણ ઊભી કરવાની ઘણી ઘટનાઓ બનેલ છે. લોકો દ્વારા ટ્રાફિકના વિનિયમોનું પાલન કરવામાં આવતું નથી, જેને કારણે હાડમારી ઊભી થાય છે અને કેટલીક વખત તે જીવલેણ (પ્રાણઘાતક) સાબિત થાય છે અને જાનહાનિમાં પણ પરિણમે છે.

વાહનોના ગેરકાયદે પાર્કિંગના કિસ્સા પણ બને છે, જેને કારણે નાગરિકો માટે અડચણ ઊભી થાય છે.

યોગ્ય પગલાં લેવાના અને દોષિત વ્યક્તિને શિક્ષા કરવાના હેતુ માટે પણ, આ વિષયના સંદર્ભમાં કાયદો ઘડવાનું અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ સત્તાધિકારીને આપવામાં આવેલી સત્તા ઉપરાંત બીજી કેટલીક સત્તા આપવાનું જરૂરી જણાયું છે.

તેથી, આ વિધેયક.

ગાંધીનગર, **પરબતભાઈ પટેલ,**
તારીખઃ ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૬. **વિ.સ.સ.**

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થયા છે :-

કલમ ૧. - આ કલમની પેટા કલમ (૩)થી રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

ગાંધીનગર, **પરબતભાઈ પટેલ,**
તારીખઃ ૨૫મી જાન્યુઆરી, ૨૦૧૬. **વિ.સ.સ.**

ગાંધીનગર. ડી.એમ. પટેલ,
તારીખ : ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬. સચિવ,
ગુજરાત વિધાનસભા

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 48

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, FEBRUARY 25, 2016/PHALGUNA 6, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી શંભુજી ઠાકોરે તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-ક અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

Gujarat Bill No. 9 of 2016.

THE GUJARAT SCHOOL GOING PUPILS HEALTH PROGRAMME BILL, 2016.

A BILL

to provide for health check up and treatment to the school going pupils in the State.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૯.

ગુજરાત શાળાએ જતા વિદ્યાર્થીઓના આરોગ્ય કાર્યક્રમ વિધેયક, ૨૦૧૬.

રાજયમાં શાળાએ જતા વિદ્યાર્થીઓના આરોગ્ય તપાસ અને સારવાર માટે જોગવાઇ કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજયના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત શાળાએ જતા વિદ્યાર્થીઓના આરોગ્ય કાર્યક્રમ અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો- વ્યાખ્યા.

(ક) ''અધિનિયમ'' એટલે ગુજરાત શાળાએ જતા વિદ્યાર્થીઓના આરોગ્ય કાર્યક્રમ અધિનિયમ, ૨૦૧૬.

(ખ) ''ટુકડી'' એટલે સંબંધિત તાલુકા માટે તબીબી આરોગ્ય તપાસ ટુકડી.

(ગ) ''શાળાએ જતા વિદ્યાર્થીઓ'' એટલે કોઇપણ સરકારી અથવા ખાનગી શાળામાં નોંધાયેલા ધોરણ ૧૨ સુધીના વિદ્યાર્થીઓ.

આરોગ્ય તપાસની ટુકડી.

૩. (૧) દરેક તાલુકામાં, સંબંધિત તાલુકામાંના શાળાએ જતા વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ માટે તબીબી આરોગ્ય તપાસ ટુકડી રહેશે.

(૨) તબીબી આરોગ્ય તપાસ ટુકડી નીચેના સભ્યોની બનશે :-

(૧) તાલુકા તબીબી અધિકારી

(પ્રમુખ)

(૨) તાલુકા શિક્ષણ અધિકારી

(ઉપ-પ્રમુખ)

(૩) સંબંધિત તાલુકાના તમામ સરકારી તબીબી અધિકારીઓ (સભ્યો)

(૪) સંબંધિત તાલુકાના તમામ સરકારી તબીબી તકનિકવિદ્ (સભ્યો)

કાર્યો.

૪. તબીબી આરોગ્ય તપાસ ટુકડીના કાર્યો નીચે મુજબના રહેશે :-

(૧) તાલુકાની તબીબી આરોગ્ય તપાસ ટુકડી, દર છ મહિને નિયમિતપણે તાલુકાના શાળાએ જતા તમામ વિદ્યાર્થીઓનું (તબીબી) પરીક્ષણ કરશે અને તેમની તપાસ કરશે.

(૨) આરોગ્ય તપાસ અને તબીબી પરીક્ષણમાંના રિપોર્ટ (અહેવાલો), શાળા દ્વારા મોકલેલા શાળા પ્રગતિ અહેવાલ સાથે તમામ વિદ્યાર્થીના માતાપિતાને મોકલવા જોઇશે.

(૩) ટુકડીએ કોઇપણ રોગથી પીડાતા અથવા અસ્વસ્થ જણાયેલા વિદ્યાર્થીઓને દવા પણ લખી આપવી જોઇશે અને સારવાર પૂરી પાડવી જોઇશે.

(૪) ટુકડીને કોઇ ગંભીર માંદગી જણાયેલી હોય જેને તાકીદની સારવારની જરૂર હોય તે કિસ્સામાં, ટુકડીએ શાળાના આચાર્ય, વિદ્યાર્થીના માતાપિતાને તરત જ જાણ કરવી જોઇશે અને જરૂરી દવા અને આરોગ્ય સારવાર તાત્કાલિક પૂરી પાડવી જોઇશે.

મફત આરોગ્ય સહાય.

૫. અસ્વસ્થ જણાયેલા અથવા કોઇ માંદગીથી પીડાતા તમામ વિદ્યાર્થીઓને સરકારી હોસ્પિટલમાંથી મફત તબીબી સારવાર અને દવા પૂરી પાડવી જોઇશે.

INDEX

ઉદ્દેશો અને કારણો

કોઈપણ રાષ્ટ્રનું ભવિષ્ય સ્વસ્થ બાળપણમાં રહેલું હોય છે, જે રાષ્ટ્રના ભવિષ્યના નાગરિક છે. એવું કહેવામાં આવે છે કે રોગના નિદાનને લગતા ઉપાય કરવા કરતાં રોગને અટકાવવો વધુ સારી બાબત છે. કોઈપણ પ્રકારની માંદગી શરૂઆતના તબક્કે શોધી કાઢવામાં આવે તો તેનું ખૂબ સરળતાથી અને અસરકારક રીતે નિદાન કરી શકાય છે. આ સંબંધમાં, તે બાબત અગત્યની છે કે શાળાએ જતા યુવાન બાળકો માટે આરોગ્ય તપાસનો નક્કર કાર્યક્રમ સરકાર દ્વારા હાથ ધરવામાં આવે અને ગરીબ વિદ્યાર્થીઓને તબીબી સારવાર અને સહાય માટે અસરકારક પગલાં લેવા જોઈએ.

આ વિધેયકથી તે માટેની જોગવાઈ કરી છે.

ગાંધીનગર, શંભુજી ઠાકોર,

તારીખઃ ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૬. વિ.સ.સ.

નાણાકીય યાદી

કલમ ૫ની જોગવાઈઓ અમલમાં લાવવામાં આવે તો રાજ્યના એકત્રિત ફંડમાંથી ખર્ચ થશે. આશરે રૂા.૨ કરોડનું આવર્તક પ્રકારનું વાર્ષિક ખર્ચ થશે તેવો અંદાજ છે.

ગાંધીનગર, શંભુજી ઠાકોર,

તારીખઃ ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૬. વિ.સ.સ.

ધારાકીય સત્તા સોંપવાની યાદી

કલમ ૧ની પેટા-કલમ (૨)થી, રાજય સરકારને, અધિનિયમની જોગવાઈઓ જે તારીખે અમલમાં આવશે તે તારીખ રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરવાની સત્તા મળે છે.

ગાંધીનગર, શંભુજી ઠાકોર,

તારીખ: ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૬. વિ.સ.સ.

ગાંધીનગર, ડી. એમ. પટેલ

તારીખ: ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬. સચિવ,

ગુજરાત વિધાનસભા.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 49

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, FEBRUARY 25, 2016/PHALGUNA 6, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્ય શ્રીમતી ભાનુબેન બાબરીયાએ તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-ક અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

Gujarat Bill No. 10 of 2016.

THE GUJARAT CHIEF MINISTERS' AMRITAM (MA) HEALTH SERVICES BILL, 2016.

A BILL

to make provision for Free Medical Services to the Family below poverty line and also to persons in certain income group and for matters connected therewith.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૧૦.

ગુજરાત મુખ્યમંત્રી અમૃતમ્ (મા) આરોગ્ય સેવાઓ વિધેયક, ૨૦૧૬.

ગરીબી રેખાની નીચેના પરિવાર અને અમુક આવકવાળા જૂથની વ્યકિતઓને પણ મફત તબીબી સેવાઓ પૂરી પાડવાની અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજયના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત મુખ્યમંત્રી અમૃતમ્ (મા) આરોગ્ય સેવાઓ વિધેયક, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે તરત જ અમલમાં આવશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો- વ્યાખ્યા.

(ક) ''અપીલ અધિકારી'' એટલે સચિવ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર;

(ખ) ''માન્ય હોસ્પિટલો'' એટલે આ અધિનિયમના હેતુ માટે કલમ ૪ હેઠળ વખતોવખત રાજય સરકારે માન્ય કરેલી રાજયમાંની ખાનગી હોસ્પિટલો;

(ગ) ''કમિશનર'' એટલે કમિશનર, આરોગ્ય અને તબીબી સેવાઓ;

(ઘ) ''સક્ષમ અધિકારી'' એટલે તબીબી ખર્ચના બિલોને મંજૂર કરવા માટેના અધિકૃત તબીબી અધિકારી;

(ચ) ''ઠરાવેલું'' એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું ;

(છ) ''માન્ય હોસ્પિટલ'' એટલે રાજયમાંની તમામ સરકારી હોસ્પિટલો અને સરકારી હોસ્પિટલો સાથે જોડાયેલી તબીબી કોલેજો;

(જ) ''કલમ '' એટલે આ અધિનિયમની કલમ.

અમુક વર્ગ અથવા વ્યકિતઓને જોગવાઈઓ લાગુ પાડવા બાબત.

૩. આ અધિનિયમની જોગવાઇઓ, ગરીબી રેખા નીચેની વ્યકિતઓને અને રાજય સરકાર, તે અર્થે જાહેરનામું બહાર પાડીને નિર્દિષ્ટ કરે તેવી અમુક આવક જૂથની વ્યકિતઓને પણ લાગુ પડશે.

હોસ્પિટલોમાં મફત તબીબી સારવાર પૂરી પાડવા બાબત.

૪. (૧) રાજય સરકાર, કલમ ૩ હેઠળ આવરી લીધેલી વ્યકિતઓને માન્ય હોસ્પિટલોમાં મફત તબીબી સારવાર પૂરી પાડશે.

(૨) રાજય સરકાર, વખતોવખત જાહેરનામું બહાર પાડીને, કલમ ૩ હેઠળ આવરી લીધેલી કોઇ વ્યકિત, જે હોસ્પિટલમાં મફત સારવાર મેળવવાને હકદાર થશે તેવી માન્ય હોસ્પિટલોની યાદી પણ પ્રસિદ્ધ કરશે.

ખર્ચ ભરપાઈ કરવા બાબત.

૫. રાજય સરકાર, સક્ષમ અધિકારીના અધિકાર હેઠળ, રાજય સરકાર ઠરાવે તેવી રીતે અને તેટલે સુધી માન્ય હોસ્પિટલોમાં લીધેલી તબીબી સારવારનું ખર્ચ ભરપાઇ કરશે :

પરંતુ સક્ષમ અધિકારીના નિર્ણયથી નારાજ થયેલી કોઇ માન્ય હોસ્પિટલ, ખર્ચ-ભરપાઇનો હુકમ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, અપીલ અધિકારીને અપીલ કરી શકશે.

મર્યાદાનું પ્રમાણ.

૬. આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઇપણ કેસમાં ખર્ચ-ભરપાઇની ઊપલી મર્યાદા, પરિવાર માટે, વાર્ષિક બે લાખ રૂપિયાથી વધુ હોવી જોઇશે નહિ.

રાજય અમલીકરણ સમિતિ.

૭. (૧) રાજય સરકાર, ઉપર્યુકત યોજના માટે, સચિવ, જાહેર આરોગ્યના અધ્યક્ષપણા હેઠળ સાત સભ્યોની બનેલી રાજય અમલીકરણ સમિતિની નિમણૂક કરશે :

પરંતુ સાત સભ્યોમાંથી ઓછામાં ઓછા ત્રણ સભ્યો તબીબી વ્યવસાયમાંથી, એક મહિલા સભ્ય અને એક સભ્ય બિન-સરકારી સંગઠન (N.G.O.)માંથી હોવા જોઇશે.

(૨) રાજય અમલીકરણ સમિતિ, આ અધિનિયમ હેઠળ યોજનાના અસરકારક અમલીકરણ માટેના તમામ નીતિવિષયક નિર્ણયો લેશે.

નિયમો કરવાની સત્તા.

૮. રાજય સરકાર, આ અધિનિયમના ઉદ્દેશો પાર પાડવા માટે, રાજપત્રમાં જાહેરનામા દ્વારા નિયમો કરી શકશે.

INDEX

ઉદ્દેશો અને કારણો

રાજ્ય સરકારે, કાળજીપૂર્વકની વિચારણા કર્યા પછી, રાજ્યમાં ગરીબી રેખા નીચે જીવતાં પરિવારો અને અમુક આવક જૂથની વ્યકિતઓને કોઈપણ ખર્ચ વિનાની તબીબી સેવાઓ પૂરી પાડવા મુખ્ય મંત્રી અમૃતમ્ (મા) યોજનાનો અમલ કર્યો છે.

ઉપર્યુક્ત યોજનાના અસરકારક અમલીકરણ માટેની કાનૂની જોગવાઈઓ કરવાનું જરૂરી જણાયું છે.

તેથી, આ વિધેયક

ગાંધીનગર,
તારીખ: ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ભાનુબેન બાબરિયા,
વિ.સ.સ.

ધારાકીય સત્તા સોંપવાની યાદી

વિધેયકની કલમ ૮થી, રાજ્ય સરકારને, અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

ગાંધીનગર,
તારીખ: ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ભાનુબેન બાબરિયા,
વિ.સ.સ.

નાણાકીય યાદી

આ વિધેયક અધિનિયમિત કરવામાં આવે અને અમલમાં લાવવામાં આવે તો, ગુજરાત રાજયના એકત્રિત ફંડમાંથી આવર્તક અને બિન-આવર્તક સ્વરૂપનો ખર્ચ થશે. હાલમાં, નિશ્ચિત રકમ નક્કી કરવાનું શકય નથી.

ગાંધીનગર,
તારીખ: ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ભાનુબેન બાબરિયા,
વિ.સ.સ.

ગાંધીનગર,
તારીખ: ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ડી. એમ. પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 50

©

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, FEBRUARY 25, 2016/PHALGUNA 6, 1937

Separate paging is givrn to this Part in order that it may be filed as a Separate Compilation

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી શબ્દશરણ તડવીએ તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-ક અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

GUJARAT BILL NO. 11 OF 2016.

THE GUJARAT PROHIBITION OF SMOKING AND SPITTING BILL, 2016.

A BILL

to provide for prohibiting use of tobacco and spitting in places of public work or use in public service vehicles in the State of Gujarat and to make provisions for other matters connected therewith.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૧ .

ગુજરાત ધૂમ્રપાન અને થૂંકવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક, ૨૦૧૬.

ગુજરાત રાજયમાંના જાહેર મકાનો અથવા વપરાશના સ્થળોમાં અને સાર્વજનિક સેવાના વાહનોમાં તમાકુના ઉપયોગ અને થૂંકવા પર પ્રતિબંધ મૂકવાની જોગવાઈ કરવા અને તેની સાથે સંકળાયેલી બીજી બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત ધૂમ્રપાન અને થૂંકવા પર પ્રતિબંધ મૂકવા બાબત અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય, તે સિવાય- વ્યાખ્યા.

(ક) ''વિજ્ઞાપન'' એટલે કોઈપણ નોટિસ, પરિપત્ર, ભીંતપત્ર, ચોપાનિયું, હોર્ડિંગ પર પ્રદર્શન કરવું અથવા તેમાં કોઈપણ દ્રશ્ય, શ્રાવ્ય, સ્મોક ગેસ, લખાણના સાધનો, સ્ટિકર, પ્રતિક, રંગો, લોગો, વ્યાપાર ચિહ્ન/ પ્રતિક, ટી-શર્ટ, બૂટ, રમતગમતના સાધનો, રમતો, ગિઅરકેપ, કોથળીઓ, ટેલિફોન બૂથ વગેરે જવા સાધનોથી કરવામાં આવતી, જોઈ શકાય એવી કોઈપણ રજૂઆત અથવા પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ધૂમ્રપાન અથવા તમાકુ ચાવવા માટે ઉત્તેજન આપવાની અસર કરતા હોય એવા બીજા કોઈપણ સાધનનો સમાવેશ થાય છે અને ''વિજ્ઞાપન'' એ શબ્દપ્રયોગનો અર્થ તદ્નુસાર કરવો.

(ખ) ''અધિકૃત અધિકારી'' એટલે આ અધિનિયમની કલમ ૪ હેઠળ અધિકૃત કરેલ વ્યક્તિ;

(ગ) ''ચાવવું'' એટલે તમાકુ, ગલ (તમાકુ) ચાવવી, તમાકુની પેસ્ટ, તમાકુવાળી સોપારી, પાન મસાલા, જરદા, ગુટકા અને એના જેવી વસ્તુઓનો ઉપયોગ કરવો;

(ઘ) ''સરકાર'' એટલે ગુજરાત સરકાર;

(ચ) ''રાજપત્ર'' એટલે ગુજરાત સરકારી રાજપત્ર;

(છ) ''જાહેર મકાન અથવા તેના ઉપયોગ માટેનું સ્થળ'' એટલે આ અધિનિયમની કલમ -૩ હેઠળ તે તરીકે જાહેર કરેલ સ્થળ અને તેમાં સભાગૃહ, સિનેમા/ પરિષદ/ સમારંભ ખંડો, દવાખાનાનાં મકાન, આરોગ્ય સંસ્થાઓ, આનંદ પ્રમોદના કેન્દ્રો, રેસ્ટોરાં, ભોજનગૃહો, હોટેલ, લોન્જીસ, અન્ય પ્રતિક્ષા લોન્જીસ, સરકારી કચેરીઓ, કોર્ટના મકાનો, શૈક્ષણિક સંસ્થાઓ, પુસ્તકાલયો, બસ-મથકો, ફેરી-બોટ, પૂજાના સ્થળો, દરિયાકિનાર, સ્પોર્ટસ સ્ટેડિયમ અને તેના જેવા બીજા સ્થળો જેની જાહેરજનતા મુલાકાત લેતી હોય તેનો સમાવેશ થાય છે, પરંતુ તેમાં બીજી ખુલ્લી જગાનો સમાવેશ થતો નથી.

(જ) ''સાર્વજનિક સેવાના વાહનો'' એટલે મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ વ્યાખ્યા કર્યા પ્રમાણેનું વાહન; સન ૧૯૮૮નો ૫૯મો.

(ઝ) ''ધૂમ્રપાન'' એટલે સિગારેટ, સિગાર, બીડીના સ્વરૂપમાં અથવા અન્યથા ચલમ, રેપર અથવા બીજા કોઈપણ સાધનોની મદદથી કોઈપણ સ્વરૂપમાં તમાકુનું ધૂમ્રપાન કરવું ;

(ટ) ''થૂંકવું'' એટલે ચાવ્યા પછી અથવા ચાવ્યા વગર મોમાંથી સ્વેચ્છાએ થૂંક બહાર કાઢવું અથવા છીંકણી સૂંઘ્યા પછી અથવા સૂંઘ્યા વગર, નાકમાંથી લીંટ કાઢવું.

જાહેર મકાનો અથવા વપરાશના સ્થળો જાહેર કરવા બાબત.

૩. સરકાર, આ અધિનિયમના આરંભ પછી બનતી ત્વરાએ અને ત્યારપછી વખતોવખત, રાજપત્રમાં જાહેરનામાંથી, આ અધિનિયમના હેતુ માટે ગુજરાતમાં કોઈપણ સ્થળને જાહેર મકાન અથવા વપરાશના સ્થળ તરીકે જાહેર કરી શકશે.

૪. (૧) સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, એક અથવા તેથી વધુ વ્યક્તિઓને, અધિકૃત અધિકારીઓ તરીકે અધિકૃત કરી શકશે જેઓ આ અધિનિયમ હેઠળ કામ કરવાને સક્ષમ ગણાશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ અધિકૃત કરેલી દરેક વ્યક્તિ ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની કલમ ૨૧ના અર્થ મુજબ રાજયસેવકો છે તેમ ગણાશે.

આ અધિનિયમ હેઠળ કામ કરવા માટે અધિકારીઓને અધિકૃત કરવાની સરકારની સત્તા.

૫. કોઈપણ વ્યક્તિ કોઈપણ જાહેર મકાનો અથવા વપરાશના સ્થળોમાં ધૂમ્રપાન કરી શકશે નહીં અથવા થૂંકી શકશે નહીં.

જાહેર મકાનો અથવા વપરાશના સ્થળોમાં ધૂમ્રપાન કરવા અને થૂંકવા પર પ્રતિબંધ મૂકવા બાબત.

૬. મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ ની જોગવાઈઓને બાધ આવ્યા સિવાય, કોઈપણ વ્યક્તિ જાહેર સેવા માટેના વાહનોમાં મુસાફરી કરતી વખતે અથવા તેનો ઉપયોગ કરતી વખતે ધૂમ્રપાન કરી શકશે નહિ અથવા થૂંકી શકશે નહિ.

જાહેર સેવા માટેના વાહનોમાં ધૂમ્રપાન કરવા અને થૂંકવા પર પ્રતિબંધ મૂકવા બાબત.

૭. તત્સમયે અમલમાં હોય એવા બીજા કોઈપણ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઈપણ વ્યક્તિ, કોઈપણ સ્થળે અને કોઈપણ જાહેર સેવા માટેના વાહનોમાં, તમાકુની બનાવટો અથવા કોઈપણ બીજા નામથી વર્ગીકૃત કરેલ હોય તેવી તમાકુવાળી બીજી બનાવટોના ધૂમ્રપાન અથવા ચાવવાને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ઉત્તેજન આપતા હોય એવા કોઈપણ પદાર્થની જાહેરાત કરી શકશે નહિ અથવા કરાવી શકશે નહિ.

ધૂમ્રપાન કરવા અને તમાકુ ચાવવા અંગેની જાહેરાત પર પ્રતિબંધ મૂકવા બાબત.

૮. કોઈપણ વ્યક્તિ, તમાકુવાળી ટૂથપેસ્ટ તમાકુવાળી સોપારી, પાનમસાલા, જરદા, છીંકણી, ગુટકા સહિત સિગારેટ, બીડી, ચાવવાની તમાકુ, ગલ (તમાકુ) તમાકુની પેસ્ટ અથવા નિકોટીન અને/ અથવા તમાકુ ધરાવતું ધૂમ્રપાન અને/ અથવા ચાવવાનું બીજું કોઈપણ દ્રવ્ય એકવીસ વર્ષથી ઓછી ઉંમરવાળી હોય તેવી કોઈ વ્યક્તિને વેચી શકશે નહિ.

સગીરોને સિગારેટ વગેરે વેચવા પર પ્રતિબંધ મૂકવા બાબત.

૯. કોઈપણ વ્યક્તિ, પોતે અથવા પોતાના વતી કોઈ વ્યક્તિ દ્વારા, કોઈ પૂજાના સ્થળ અથવા કોઈપણ કોલેજ, શાળા અથવા બીજી શૈક્ષણિક સંસ્થાની આસપાસના ૧૦૦

સિગારેટ વગેરેના સંગ્રહ વેચાણ, અને વિતરણ પર પ્રતિબંધ મૂકવા બાબત.

INDEX

મીટરના વિસ્તારની અંદર, સિગારેટ, બીડી, ચાવવાની તમાકુ, ગલ (તમાકુ), તમાકુની પેસ્ટ, તમાકુવાળી સોપારી, પાનમસાલા, ઝરદા, ગુટકા, છીંકણી અથવા બીજા કોઇપણ ધૂમ્રપાનના અથવા તમાકુવાળા દ્રવ્યનો સંગ્રહ, વેચાણ અથવા વિતરણ કરી શકશે નહિ.

બોર્ડ પ્રદર્શિત કરવા અને તેનું પ્રદર્શન કરવા બાબત.

૧૦. જાહેર મકાનો અથવા વપરાશના દરેક સ્થળના માલિકે અથવા મેનેજરે અથવા તેનો હવાલો ધરાવતી વ્યક્તિએ, જાહેર જનતા દ્વારા મુલાકાત લેવાતી અથવા વપરાતી હદની અંદર અને બહારની બાજુએ સહેલાઇથી દેખાઇ આવે એવા સ્થળ અથવા સ્થળોએ એવું જણાવતું બોર્ડ પ્રદર્શિત કરવું જોઇશે અને તે દર્શાવવું જોઇશે કે તે સ્થળ ''નો સ્મોકિંગ એન્ડ નો સ્પિટીંગ ઝોન'' છે અને ''ધૂમ્રપાન કરવું/ થૂંકવું એ ગુનો છે.''

જોગવાઇનું ઉલ્લંઘન કરતી વ્યક્તિને શિક્ષા કરવા બાબત.

૧૧. (૧) કલમો ૫, ૬, ૯ અથવા ૧૦નું ઉલ્લંઘન કરતી કોઇપણ વ્યક્તિ એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર ગણાશે અને બીજા અને ત્યાર પછીના ગુનાના પ્રસંગે, ઓછામાં ઓછા બે હજાર રૂપિયાના દંડની શિક્ષા કરી શકાશે, જે પાંચ હજાર રૂપિયા સુધી વધારી શકાશે.

(૨) જે કોઇ વ્યક્તિ કલમો ૭ અને ૮ની જોગવાઇઓનો ભંગ કરે તેને એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા કરી શકાશે અને બીજા અને ત્યારપછીના ગુના પ્રસંગે ત્રણ માસ સુધીની કેદની અથવા ઓછામાં ઓછા પાંચ હજાર રૂપિયાના દંડની શિક્ષા કરી શકાશે, જેને દસ હજાર રૂપિયા સુધી વધારી શકાશે અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે.

ઉલ્લંઘન કરનાર વ્યક્તિને બહાર કાઢવાની સત્તા.

૧૨. કોઇપણ અધિકૃત અધિકારી અથવા સબ ઇન્સ્પેક્ટરના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય એવા કોઇપણ પોલીસ અધિકારી, આ અધિનિયમની કોઇપણ જોગવાઇનું ઉલ્લંઘન કરે તે વ્યક્તિને જાહેર મકાન અથવા વપરાશના સ્થળમાંથી બહાર કાઢી મૂકી શકશે અને જાહેર સેવા માટેના વાહનના કોઇપણ ડ્રાઇવર/ કંન્ડક્ટર, આ અધિનિયમની કોઇપણ જોગવાઇનું ઉલ્લંઘન કરે, તો કોઇપણ વ્યક્તિને જાહેર સેવાના વાહનમાંથી બહાર કાઢી મૂકી શકશે.

કોર્ટ ગુનાની ન્યાયિક નોંધ લેવાને અને તેની ઇન્સાફી કાર્યવાહી કરવાને સક્ષમ ગણાશે.

૧૩. (૧) જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસની કોર્ટ સિવાયની કોઇપણ કોર્ટ આ અધિનિયમ હેઠળના કોઇ ગુનાની ન્યાયિક નોંધ લઇ શકશે નહિ અને તેની ઇન્સાફી કાર્યવાહી કરી શકશે નહિ.

(૨) કોઇપણ કોર્ટ, કોઇ અધિકૃત અધિકારી અથવા તમાકુના ઉપયોગ/ થૂંકવાના ઉદ્દેશ અને તેના નિયમન અંગે કામ કરતા માન્ય બિનસરકારી સંગઠનના અધિકૃત પ્રતિનિધિએ કલમો ૫, ૬ અને ૯ હેઠળના ગુનાઓના સંબંધમાં લેખિતમાં ફરિયાદ કરેલ હોય સિવાય અથવા તમાકુના ઉપયોગ/ થૂંકવાના ઉદ્દેશ અને તેના નિયમન અંગે કામ કરતા માન્ય બિનસરકારી સંગઠનના અધિકૃત પ્રતિનિધિઓ અથવા સબ ઇન્સ્પેક્ટરથી ઊતરતા દરજ્જાના ન હોય એવા પોલીસ અધિકારીએ કલમ ૭, ૮, ૯

અને ૧૦ હેઠળના ગુનાઓના સંબંધમાં લેખિતમાં રિપોર્ટ કરેલ હોય તે સિવાય, કોઇપણ કોર્ટથી કોઇ ગુનાની ન્યાયિક નોંધ લઇ શકાશે નહિ.

સન ૧૯૭૪નો ૨જો. **૧૪.** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં ગમે તે મજકૂર હોય તે છતાં, આ અધિનિયમની કલમો ૫, ૬, ૭, ૮ અને ૯ હેઠળના ગુનાઓ પોલીસ અધિકારના અને જામીનપાત્ર ગણાશે. કેટલાક ગુનાઓ પોલીસ અધિકારના અને જામીનપાત્ર ગણવા બાબત.

સન ૧૯૭૪ નો ૨જો. **૧૫.** આ અધિનિયમના હેઠળના તમામ ગુનાઓની ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ હેઠળ સંક્ષિપ્ત કાર્યવાહી માટે જોગવાઇ કરી હોય તે રીતે સંક્ષિપ્ત કાર્યવાહી કરવી જોઇશે. ગુનાઓની સંક્ષિપ્ત કાર્યવાહી બાબત.

૧૬. સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, એવો આદેશ કરી શકશે કે આ અધિનિયમ હેઠળ પોતે વાપરી શકે તેવી કોઇપણ સત્તા, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા અધિકારી પણ વાપરી શકશે અને એવી કોઇ શરત હોય તો તેને અધીન રહેશે. સત્તા સોંપણી.

૧૭. (૧) સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમ હેઠળ કોઇ ગુનો કોઇ વ્યક્તિએ કર્યો હોવાની શંકા હોય તેની પાસેથી, તેવા ગુનાની માંડવાળ પેટે એક હજાર રૂપિયાથી ઓછા નહિ તેટલા પરંતુ પાંચ હજાર રૂપિયા સુધીની રકમની ચુકવણી કર્યે, કરેલ કોઇપણ ગુનાની માંડવાળ કરવા માટે અધિકૃત અધિકારીને અથવા સબ ઇન્સ્પેકટરથી ઊતરતા દરજ્જાના ન હોય એવા પોલીસ અધિકારીને સત્તા આપી શકશે. ગુનાની માંડવાળ.

(૨) આવા અધિકારીને આવી રકમની ચુકવણી કર્યે, ગુનો કરનાર વ્યક્તિ જો કસ્ટડીમાં હોય, તો તેને છોડી મૂકવી જોઇશે અને આવા ગુનેગાર સામે વધુ કાર્યવાહી હાથ ધરી શકાશે નહિ.

INDEX

ઉદ્દેશો અને કારણો

વૈજ્ઞાનિક રીતે એવું પુરવાર થયેલી જાણીતી હકીકત છે કે વિધેયકમાં ઉપર જણાવેલ કોઈપણ પ્રકારની તમાકુનું સેવન કરતી વ્યક્તિ, મોંના પોલાણ, ફેફસાંના કેન્સર અને ગેસ્ટ્રો ઈન્ટેસ્ટિનલ ટ્રેક જેવા જીવલેણ રોગથી, તમાકુનું સેવન ન કરતી વ્યક્તિ કરતાં વધુ પીડાતી હોય છે. તેથી, એ બાબત સાચી છે કે તમાકુનું કોઈપણ સ્વરૂપમાં સેવન આરોગ્યને ચોક્કસપણે હાનિકારક અને જોખમકારક છે.

ધૂમ્રપાન માત્ર સેવન કરતી વ્યક્તિને જ નુકસાનકારક નથી પરંતુ વ્યસની સાથે રહેતી અથવા તેની સાથે કામ કરતી અન્ય વ્યક્તિને પણ એટલું જ અથવા તેનાથી વધુ નુકસાનકારક છે.

અહીંતહીં થૂંકવાથી અને લીંટ કાઢવાથી ઘણા જીવાણુંજન્ય અને વિષાણૂજન્ય અને હવાથી ફેલાતા બીજા રોગો થતા હોવાના કારણે તે જનસમુદાયને જોખમકારક અને ગંભીર ખતરારૂપ છે.

ગ્રાહકો માટે આ તમાકુની બનાવટો પેક કરવા માટે વપરાતી પોલીથીનની સામગ્રી, ઘન કચરામાં અને ગટર વ્યવસ્થાને બંધ કરવામાં વધારો કરે છે. ધૂમ્રપાનથી હવાના પ્રદૂષણમાં વધારો થાય છે.

તમાકુના વ્યસનીઓ અને તેના ગ્રાહકો તમાકુની આવી મોંઘી બનાવટો ખરીદવામાં પોતાની અડધી કમાણી અને આવકનો દુર્વ્યય કરે છે. તેનાથી કુટુંબના ખર્ચ માટે કંઈ વધતું નથી અને તે ગરીબી તરફ દોરી જાય છે.

તેથી, ગુજરાત રાજયમાં જાહેર સ્થળ ઉપર ધૂમ્રપાન અને થૂંકવાની મનાઈ કરવી જાહેર જનતાના જાહેર હિત માટે જરૂરી છે.

તેથી, આ વિધેયક.

ગાંધીનગર, **શબ્દશરણ તડવી,**
તારીખઃ ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૬. **વિ.સ.સ.**

INDEX

ધારાકીય સત્તા સોંપવાની યાદી

કલમ (૧)ની પેટા-કલમ (૩)થી રાજ્ય સરકારને, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

ગાંધીનગર,
તારીખઃ ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૬.

શબ્દશરણ તડવી,
વિ.સ.સ.

ગાંધીનગર,
તારીખઃ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 51

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, FEBRUARY 25, 2016/PHALGUNA 6, 1937

Separate paging is givrn to this Part in order that it may be filed as a Separate Compilation

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી પંકજ મહેતાએ તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-ક અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

GUJARAT BILL NO. 12 OF 2016.

THE GUJARAT PUBLIC PLACES (PREVENTION OF DISFIGUREMENT) BILL, 2016.

A BILL

to prevent disfigurement by objectionable or unauthorized advertisement of places open to public view and to prevent pasting of posters in such places and on public transport vehicles in the State of Gujarat.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૨ .

ગુજરાત જાહેર સ્થળો (વિરૂપીકરણ અટકાવવા બાબત) વિધેયક, ૨૦૧૬.

ગુજરાત રાજયમાં જાહેર જનતાને દેખાય તેવા સ્થળો પર વાંધાજનક અથવા અનધિકૃત જાહેરખબર દ્વારા વિરૂપીકરણ અટકાવવા અને તેવા સ્થળોમાં અને જાહેર પરિવહન માટેના વાહનો પર ભીંતપત્રો (પોસ્ટર) ચોંટાડવાનું અટકાવવા માટે

વિધેયક.

આથી, ભારતના ગણરાજયના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત જાહેર સ્થળો (વિરૂપીકરણ અટકાવવા બાબત) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને વ્યાપ્તિ .

(૨) તે સમગ્ર ગુજરાત રાજયને લાગુ પડશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો,- વ્યાખ્યા.

(૧) "જાહેરખબર"માં કોઇપણ પૂતળું અથવા કોઇપણ બિલ, નોટિસ, દસ્તાવેજ, કાગળ અથવા રજૂઆતના સ્વરૂપમાં દેખાય તેવી બીજી વસ્તુઓનો સમાવેશ થાય છે;

(૨) "મોટર વાહન" એટલે રાજ્ય પરિવહન કોર્પોરેશન દ્વારા માર્ગ પરિવહન સેવા માટે ઉપયોગમાં લેવાતી બસો સહિત સરકારની માલિકી વાળુ કોઇપણ વાહન;

(૩) "વાંધાજનક જાહેરખબર" એટલે કોઇપણ જાહેરખબર, –

(ક) જેથી કોઇપણ વ્યક્તિને હિંસા સહિતનો કોઇ ગુનો કરવા માટેની ઉશ્કેરણી કરવાનો સંભવ હોય; અથવા

(ખ) જેથી ભારતના કોઇપણ વર્ગના નાગરિકને ભારતના બીજા વર્ગના નાગરિક વિરુધ્ધ હિંસાત્મક કૃત્યો કરવા માટેની ઉશ્કેરણી કરવાનો સંભવ હોય; અથવા જે

(ગ) જેથી ભારતના કોઇપણ વર્ગના નાગરિકની ધાર્મિક માન્યતાનું જાણીબૂજીને અપમાન કરીને તેમની ધાર્મિક લાગણીઓને દુભાવવાનો સંભવ હોય; અથવા

(ઘ) અસભ્ય અથવા અશ્લીલ હોય અથવા જેનાથી ધાકધમકી આપવાનો (બ્લેકમેઇલ કરવાનો) સંભવ હોય;

(ચ) જેથી રાહદારીની યાતાયાત (ટ્રાફિક)માં અંતરાયરૂપ ઉભો થવાનો સંભવ હોય;

સ્પષ્ટીકરણ.- કોઇપણ કાયદા અથવા સરકારની કોઇપણ નીતિ અથવા વહીવટી કાર્યની ટીકા માટે વપરાયેલા શબ્દો અથવા ચિહ્ન તેના ફેરફાર મેળવવાના હેતુથી અથવા કાયદેસરના સાધનો દ્વારા નુકસાન ભરપાઇ કરવાના કારણ માત્રથી જાહેરખબર વાંધાજનક ગણાશે નહિ.

(૪) "જાહેર જનતાને દેખાય તેવું સ્થળ" માં અસ્તિત્વ ધરાવતી અથવા કોઇપણ જાહેર સ્થળેથી પસાર થતી વ્યક્તિને દેખાય તેવું કોઇપણ ખાનગી સ્થળ અથવા મકાન, ભીંત, વાડ, વૃક્ષ અથવા બીજી વસ્તુઓ નો સમાવેશ થાય છે;

(૫) "જાહેર સ્થળ" એટલે કોઇપણ સ્થળ, રસ્તો, માર્ગ (શેરી)અથવા જ્યાં જાહેર જનતાને પ્રવેશ આપવામાં આવતો હોય અથવા જાહેર જનતાને આશ્રય લેવાનો અધિકાર હોય તેવો સાર્વજનિક હોય કે ન હોય તે રસ્તો;

વાંધાજનક જાહેરખબરો દ્વારા વિરૂપીકરણ કરવા માટેની શિક્ષા.

૩. જે કોઇપણ વ્યક્તિએ જાહેર જનતાને દેખાય તેવા કોઇપણ જાહેર સ્થળે કોઇ વાંધાજનક જાહેરખબર ચોંટાડી અથવા ચીતરી હોય અથવા પ્રદર્શિત કરી હોય અથવા કોઇપણ અધિકૃત વ્યક્તિએ દોરેલા ચિત્રને અથવા કરેલા લખાણને વિકૃત અથવા વિરૂપ કર્યું હોય તો તેને દશ વર્ષ સુધીની કેદની અથવા વધુમાં વધુ દસ હજાર સુધીના દંડની અથવા એ બન્ને શિક્ષા થશે,

૪. જે કોઇપણ વ્યક્તિએ રાજ્યમાં રાજ્ય પોલીસ દળની યાતાયાત (ટ્રાફિક) શાખાની પૂર્વ-મંજૂરી લીધા સિવાય, જાહેર જનતાને દેખાય તેવા કોઇ સ્થળે કોઇ જાહેરખબર ચોંટાડી અથવા ચીતરી હોય અથવા પ્રદર્શિત કરી હોય, જે વાહન હાંકતા વ્યક્તિની દ્રષ્ટિમર્યાદામાં અવરોધ ઊભો કરતી હોય અથવા કોઇ રાહદારીના ધ્યાનને વિચલિત કરીને આવી વ્યક્તિને રસ્તામાં જોખમકારક થઇ શકતી હોય તો તેવી વ્યક્તિ, કોઇપણ પ્રકારની એક વર્ષ સુધીની કેદની અથવા ઓછામાં ઓછા પાંચ હજાર રૂપિયા અને વધુમાં વધુ દસ હજાર સુધીના દંડની શિક્ષાને અથવા તે બન્ને શિક્ષાને પાત્ર થશે. પરવાનગી સિવાય અનધિકૃત જાહેરખબરોના અમુક વર્ગો દ્વારા વિકૃત કરવા માટેની શિક્ષા.

(૨) રાજ્ય પોલીસ દળની યાતાયાત (ટ્રાફિક) શાખાએ અવરજવર કરાતા યાતાયાત (ટ્રાફિક) પર આવી જાહેરખબરની અસરને ધ્યાનમાં લઇને, જાહેરખબરને પરવાનગી આપવા માટેનું સ્થળ નક્કી કરવી જોઇશે.

૫. કલમ ૪ હેઠળ રાજ્ય પોલીસ દળની યાતાયાત (ટ્રાફિક) શાખાના કોઇપણ નિર્ણયથી નારાજ થયેલ કોઇ વ્યક્તિ, પોલીસ મહાનિયામકને ત્રીસ દિવસની અંદર અપીલ કરી શકશે અને અપીલીય અધિકારી તરીકે તેમનો નિર્ણય આખરી રહેશે. અપીલ

૬. જે કોઇપણ વ્યક્તિએ માલિક અથવા કબજેદાર અથવા મિલકતનું સંચાલન કરતી વ્યક્તિની લેખિત સંમતિ સિવાય, જાહેર જનતાને દેખાય તેવા કોઇપણ જાહેર સ્થળે કોઇ વાંધાજનક જાહેરખબર ચોંટાડી અથવા ચીતરી હોય અથવા પ્રદર્શિત કરી હોય અથવા બસ-સ્ટોપ અને જાહેર પરિવહન વ્યવસ્થાની બસ અથવા સરકાર ની માલિકી ધરાવાતા હોય તેવા વાહનો પર આવું કૃત્ય કરવામાં આવ્યું હોય અથવા કોઇ માઇલ-પથ્થર અથવા સરકારી જાહેરાતના પાટિયાને વિકૃત કરવામાં આવ્યા હોય તો તેને ત્રણ મહિના સુધીની કેદની અથવા બે હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને અથવા તે બન્ને શિક્ષાને પાત્ર થશે. જાહેરખબર દ્વારા અનધિકૃત વિકૃતિ કરવા બદલ શિક્ષા.

૭. આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર તમામ ગુનાઓ ની સંક્ષિપ્ત રીતે ઈન્સાફી કાર્યવાહી કરવી જોઇશે. ગુનાની સંક્ષિપ્ત રીતે ઇન્સાફી કાર્યવાહી કરવાની સત્તા.

INDEX

વધારાની જોગવાઇઓ ૮. આ અધિનિયમની જોગવાઇઓ વધારાની છે અને તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદાની જોગવાઇઓથી તેનું અલ્પીકરણ થશે નહિ.

નિયમો કરવાની સત્તા. ૯. (૧) રાજ્ય સરકાર, આ અધિનિયમની જોગવાઇઓને પાર પાડવાના હેતુ માટે નિયમો કરી શકશે.

(૨) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, ત્રીસ દિવસ સુધી રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે અને જે સત્રમાં તે નિયમો એ રીતે મૂકવામાં આવે તે સત્ર અથવા ત્યાર પછી, તરત આવતા સત્ર દરમિયાન રાજય વિધાનમંડળ તેમાંથી એવો ફેરફાર કરે અથવા જે કંઇ રદ કરે તેને અધીન રહેશે.

ઉદ્દેશો અને કારણો

તાજેતરના ભૂતકાળમાં એવું અનુભવાયું છે કે સાર્વજનિક સ્થળોમાં વાંધાજનક અને અનધિકૃત જાહેરખબરોથી વિરૂપીકરણ ખૂબ જ ઝડપથી વધી રહ્યું છે. તેનાથી, યાતાયાત (ટ્રાફિક)ની સરળતાપૂર્વક થતી અવરજવરમાં અંતરાય ઊભો થાય છે અને રાહદારીઓ માટે પણ જોખમરૂપ નીવડે છે.

રાજ્યમાં જાહેર પરિવહન વ્યવસ્થાના બસ-સ્ટોપ પર અને રાજ્ય પરિવહન કોર્પોરેશન દ્વારા માલિકી ધરાવાતી અને ચલાવાતા મોટર વાહનો પર પણ ભીંતપત્રો અને જાહેરખબરો ચોંટાડવાના બનાવોની સંખ્યામાં પણ ખૂબ જ વધારો થયો છે. કેટલાક ભીંતપત્રોમાં અસભ્ય અથવા અશ્લીલ વિષયવસ્તુનો પણ સમાવેશ થતો હોય છે.

યાતાયાત (ટ્રાફિક) પોલીસ અને મોટા પ્રમાણમાં જાહેર જનતાને વેઠવી પડતી આ અનુચિત હાડમારીને કારણે, સાર્વજનિક સ્થળોએ વાંધાજનક અને અનધિકૃત જાહેરખબરો દ્વારા વિરૂપીકરણ અટકાવવા માટે કાયદો અધિનિયમિત કરવાનું જરૂરી જણાયું છે.

તેથી આ વિધેયક.

ગાંધીનગર.
તારીખ: ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૬.

પંકજ મહેતા,
વિ.સ.સ.

INDEX

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

કલમ ૯.- આ કલમથી, રાજ્ય સરકારને આ અધિનિયમની જોગવાઇઓને પાર પાડવાના હેતુ માટે નિયમો કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

ગાંધીનગર. પંકજ મહેતા,
તારીખ: ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૬. વિ.સ.સ.

ગાંધીનગર, ડી. એમ. પટેલ,
તારીખ: ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬. સચિવ,
ગુજરાત વિધાનસભા.

Extra No. 52

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, FEBRUARY 25, 2016/PHALGUNA 6, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી પિયુષ દેસાઈએ તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-ક અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

GUJARAT BILL NO. 13 OF 2016.

THE GUJARAT DEVELOPMENT OF SAGARKHEDU BILL, 2016.

A BILL

to provide for development of Sagarkhedu.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૩.

ગુજરાત સાગરખેડુનો વિકાસ વિધેયક, ૨૦૧૬.

સાગરખેડુના વિકાસ માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત સાગરખેડુનો વિકાસ અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે તરત જ અમલમાં આવશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,- વ્યાખ્યા.

(ક) ''જી.પી.એસ. (G.P.S)'' એટલે સ્થાન અને સમયની માહિતી અને હવામાન સ્થિતિઓ દર્શાવતી સ્પેસ-નેવિગેશન સીસ્ટમ પર આધારિત ગ્લોબલ પોઝિશનીંગ સીસ્ટમ.

(ખ) ''સાગરખેડુ'' એટલે દરિયાકાંઠે રહેતી અને પોતાની આજીવિકા માટે સંપૂર્ણપણે માછીમારીના કામ પર આધાર રાખતી હોય અને તેમાં રોકાયેલી હોય તેવી વ્યકિત.

(ગ) ‘‘યોજના (સ્કીમ)’’ એટલે આ અધિનિયમના હેતુ માટે વખતોવખત રાજય સરકારે ઘડેલી વિવિધ યોજનાઓ.

તાલીમ. ૩. દરેક સાગરખેડુને, તેના નીચેના કાર્યક્ષેત્રમાં તાલીમ માટેની પર્યાપ્ત તક યોગ્ય રીતે આપવામાં આવશે :-

(૧) મધદરિયામાં માછીમારી.

(૨) જી.પી.એસ. (G.P.S)નો ઉપયોગ.

(૩) નકશો અને અંતર માપવાના સાધનોનો ઉપયોગ.

(૪) જીવનરક્ષક સાધનોનો ઉપયોગ.

(૫) હેમ રેડિયો (hem radio) અને વિવિધ સંદેશાવ્યવહારના સાધનોનો ઉપયોગ.

(૬) વખતોવખત સરકાર પૂરી પાડે તેવી બીજી કોઇ તાલીમ.

સહાય. ૪. રાજય સરકાર, સાગરખેડુને, નીચેની બાબતોમાં, રોકડમાં અથવા વસ્તુરૂપે સહાય પૂરી પાડશે.

(૧) ઇલેકટ્રોનિક્સ અને સોલાર સાધનોની ખરીદીમાં.

(૨) જીવનરક્ષક સાધનોની ખરીદીમાં.

(૩) આધુનિક માછલાં પકડવાની જાળની ખરીદીમાં.

(૪) તેમની માછીમારી નૌકાઓને અદ્યતન કરવામાં અને ઉચ્ચ કક્ષાની બનાવવામાં.

પરિવારની દેખભાળ. ૫. રાજય સરકાર દરિયામાં માછીમારી દરમિયાન ખોવાઇ ગયેલ અથવા અન્ય દેશ દ્વારા પકડાઇ ગયેલ અથવા મૃત્યુ પામેલ હોય તેવા સાગરખેડૂના પરિવારના સભ્યોના શિક્ષણ, તબીબી સારવાર, આશ્રય અને આજીવિકા માટે પણ સહાય પૂરી પાડશે.

યોજના વિ. ૬. રાજય સરકાર, સાગરખેડુના કલ્યાણ માટે વિવિધ યોજનાઓ ઘડશે.

ઉદ્દેશો અને કારણો

દેશમાં ગુજરાતનો દરિયાકિનારો સૌથી મોટો છે. તે આશરે ૧૬૦૦ કિ.મી. થી વધુ છે. આ દરિયાકાંઠાની નજીકની વસતી, પોતાની આજીવિકા માટે મુખ્યત્વે માછીમારીના કામમાં રોકાયેલી છે. તેઓ તેમના જીવન, આરોગ્ય અને પરિવારના ભોગે પણ તેમની આજીવિકા રળે છે. રાજ્ય સરકાર તેમના માટે કેટલાક નક્કર કલ્યાણકારી પગલાં લે તે ઇચ્છનીય છે.

આ વિધેયકથી તેની જોગવાઇ કરી છે.

ગાંધીનગર, પિયુષ દેસાઇ,
તારીખ: ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૬. વિ.સ.સ.

નાણાકીય યાદી

કલમો ૩, ૪ અને ૫થી સાગરખેડુ માટે તાલીમ, સહાય અને અમુક પ્રકારની વિશેષ દેખભાળની જોગવાઇ કરી છે. આ જોગવાઇઓ અમલમાં લાવવામાં આવે તો રાજ્યના એકત્રિત ફંડમાંથી ખર્ચ થશે. આવર્તક અને બિન આવર્તક ખર્ચનો અંદાજ કાઢવો શક્ય નથી.

ગાંધીનગર, પિયુષ દેસાઇ,
તારીખ: ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૬. વિ.સ.સ.

ધારાકીય સત્તા સોંપવાની યાદી

કલમ ૬થી, રાજ્ય સરકારને, સાગરખેડુના કલ્યાણ માટેની વિવિધ યોજનાઓ ઘડવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

ગાંધીનગર, પિયુષ દેસાઇ,
તારીખ: ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૬. વિ.સ.સ.

ગાંધીનગર, ડી. એમ. પટેલ,
તારીખ: ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬. સચિવ,
ગુજરાત વિધાનસભા.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 53

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, FEBRUARY 25, 2016/PHALGUNA 6, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી દુષ્યંતભાઈ પટેલે તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-ક અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

Gujarat Bill No. 14 of 2016.

THE GUJARAT STATE KHEL MAHAKUMBH AUTHORITY BILL, 2016.

A BILL

to provide for establishment of Khel Mahakumbh Authority for assistance and encouragement to the leading sportsmen, events as well as sportsmen in the State and matters connected there with.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૧૪.

ગુજરાત રાજ્ય ખેલ મહાકુંભ સત્તામંડળ વિધેયક, ૨૦૧૬.

રાજયમાં અગ્રગણ્ય રમતવીરોને, સ્પર્ધાઓને તેમજ રમત વીરોને સહાય અને પ્રોત્સાહન આપવા તેમજ તેની સાથે સંકળાયેલી બાબતો માટે ખેલ મહાકુંભ સત્તામંડળની સ્થાપના માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજયના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત રાજય ખેલ મહાકુંભ સત્તામંડળ અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે તરત જ અમલમાં આવશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો- વ્યાખ્યા.

(ક) ''સત્તામંડળ'' એટલે ખેલ મહાકુંભ સત્તામંડળ;

(ખ) ''સરકાર'' એટલે ગુજરાત સરકાર.

(ગ) ''ઠરાવેલું'' એટલે નિયમોથી ઠરાવેલું.

(ઘ) ''મુખ્ય રમતગમતો'' એટલે રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તે પ્રમાણે રાજય અને રાષ્ટ્રીય સ્તરે આયોજિત કરવામાં આવે તેવી રમતગમતો.

(ચ) ''આશાસ્પદ રમતવીર'' એટલે રમતગમતો અથવા ખેલકુદમાં રાજય કક્ષા અથવા જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અથવા તૃતીય સ્થાન મેળવેલું હોય તેવા રમતવીર.

સત્તામંડળની સ્થાપના.

૩. (૧) રાજય સરકારે, ગુજરાત રાજયમાં મુખ્ય રમતગમતો તેમજ રમતગમતો સંબંધી પ્રવૃત્તિના પ્રોત્સાહન માટે ખેલ મહાકુંભ સત્તામંડળની સ્થાપના કરવી જોઇશે.

(૨) સત્તામંડળે, દર વર્ષે સત્તામંડળ નક્કી કરે તેવા સ્થળે વાર્ષિક રમત સ્પર્ધાઓ આયોજિત કરવી જોઇશે.

(૩) આવી રમત સ્પર્ધાઓ આયોજિત કરતી વખતે, ગુજરાત રાજયમાં સમદ્રતટ પર આવેલા હોય તેવા જિલ્લાઓ તેમજ આદિજાતિ જિલ્લાઓને યોગ્ય મહત્વ આપવાની કાળજી લેવી જોઇશે.

ભંડોળની જોગવાઇ.

૪. (૧) સત્તામંડળે, આશાસ્પદ રમતવીરો તૈયાર કરવા માટે જિલ્લા રમતગમત સત્તામંડળને પૂરતું ભંડોળ પૂરૂં પાડવું જોઇશે.

(૨) આવા ભંડોળનો ઉપયોગ, ગુજરાત રાજયમાં સત્તામંડળે સ્થાપેલા રમતગમત છાત્રાલયો (હોસ્ટેલો)માં વિનામૂલ્યે નિવાસ, ભોજન અને મહાવરા (પ્રેકટીસ)ની સુવિધા માટે કરવો જોઇશે.

છાત્રવૃત્તિ અને પ્રોત્સાહન રકમ.

૫. (૧) આશાસ્પદ રમતવીરોને જિલ્લા કક્ષા અથવા રાજય કક્ષાની સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અથવા તૃતીય સ્થાન મેળવેલું હોય, તો તેમને વાર્ષિક ૨૦,૦૦૦/- રૂપિયાની છાત્રવૃત્તિ આપવી જોઇશે.

(૨) રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓ માટે પસંદ કરવામાં આવ્યા હોય તેવા રમતવીરોને પ્રોત્સાહન રકમ તરીકે ૨૫,૦૦૦/- રૂપિયાની રકમ મંજૂર કરી શકાશે.

અનુશિક્ષણ (કોચીંગ) સુવિધા.

૬. સત્તામંડળ, રમતવીરોને તાલીમ આપવા માટે તાલીમ આપનાર (કોચ)ની સુવિધા પૂરી પાડવી જોઇશે અને રમતવીરો તૈયાર કરવા માટે યોગ્ય જણાય તેવી જરૂરી ગોઠવણો પણ કરવી જોઇશે.

૭. રાજય કક્ષાના વિજેતાઓને, સત્તામંડળ દ્વારા નક્કી કરવામાં આવે તેવી રોકડ કિંમત તેમજ વિજયચિહ્ન (ટ્રોફી) આપવી જોઇશે. વિજેતાને ઈનામ.

૮. આવી સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે શારીરિક રીતે સંપૂર્ણપણે સક્ષમ ન હોય તેવી વ્યકિતઓ માટે અલગ ખેલકૂદ સ્પર્ધાઓ આયોજિત કરવી જોઇશે અને આવી વ્યકિતઓનું અલગથી મૂલ્યાંકન કરવું જોઇશે. અપંગ વ્યકિતઓ માટે ખેલકૂદ સ્પર્ધાઓ.

૯. (૧) આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે, રાજ્ય સરકાર નિયમો કરી શકશે. નિયમો કરવાની સત્તા.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, નીચેની તમામ અથવા તે પૈકીની કોઈપણ બાબત માટે જોગવાઈ કરવા આવા નિયમો કરી શકાશેઃ-

(ક) જે સત્તામંડળ દ્વારા અને જે રીતે વિનામૂલ્યે નિવાસ, ભોજન અને મહાવરા (પ્રેક્ટિસ)ની સવલત પૂરી પાડવાની હોય તે સત્તામંડળ અને તે રીત.

(ખ) આશાસ્પદ રમતવીરોને એનાયત કરવાના પારિતોષિકનું નિયમન કરતા નિયમો.

(ગ) લોનની મંજૂરી, પ્રોત્સાહન પારિતોષિક અને ખાસ સહાય પારિતોષિકનું નિયમન કરતા નિયમો.

INDEX

ઉદ્દેશો અને કારણો

ગુજરાત રાજયમાં ઘણા આશાસ્પદ અને નામાંકિત રમતવીરો આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહયા છે અને અમુક કિસ્સાઓમાં, તેઓ નાણાકીય હાડમારીને કારણે યોગ્ય અનુશિક્ષણ મેળવવા પણ સક્ષમ નથી. આવા રમતવીરોને પ્રોત્સાહન આપવાના હેતુથી, ગુજરાત રાજયમાં ખેલ મહાકુંભ સત્તામંડળની સ્થાપના કરવા ધાર્યું છે.

સત્તામંડળ, રમતવીરોને તાલીમ અને માર્ગદર્શન આપવા માટે યોગ્ય આંતરમાળખું પૂરૂં પાડશે. સત્તામંડળ, નિયમિત રીતે તાલુકા, જિલ્લા અને રાજય કક્ષાએ વાર્ષિક રમત સ્પર્ધાઓ આયોજિત પણ કરશે. રમતવીરોને મહાવરા, વિનામૂલ્યે નિવાસ અને ભોજન માટેની પૂરતી સુવિધા પૂરી પાડવી જોઇશે, જેથી કરીને તેઓ રાજય અને રાષ્ટ્ર માટે ગૌરવ મેળવી શકે.

તેથી, આ વિધેયક

ગાંધીનગર. **દુષ્યંતભાઇ પટેલ,**
તારીખઃ ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૬. **વિ.સ.સ.**

નાણાકીય યાદી

વિધેયકની જોગવાઇ અધિનિયમિત કરવામાં આવે અને અમલમાં લાવવામાં આવે, તો રાજયના એકત્રિત ભંડોળમાંથી રૂપિયા ૨૫ કરોડ જેટલું અંદાજિત વાર્ષિક ખર્ચ થશે, જે આવર્તક પ્રકારનું હશે.

ગાંધીનગર. **દુષ્યંતભાઇ પટેલ,**
તારીખઃ ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૬. **વિ.સ.સ.**

ધારાકીય સત્તા સોંપવાની યાદી

વિધેયકમાં નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :-

કલમ ૯.- (૧) આ કલમની **પેટા-કલમ (૧)થી,** રાજ્ય સરકારને, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

(૨) આ કલમની **પેટા-કલમ (૨)થી,** રાજ્ય સરકારને, નીચેની તમામ અથવા તે પૈકીની કોઈપણ બાબત માટે નિયમો કરવાની સત્તા મળે છે:-

(ક) જે સત્તામંડળ દ્વારા અને જે રીતે વિનામૂલ્યે નિવાસ, ભોજન અને મહાવરા (પ્રેક્ટિસ)ની સવલતો પૂરી પાડવાની હોય તે સત્તામંડળ અને તે રીત;

(ખ) આશાસ્પદ રમતવીરોને એનાયત કરવાના પારિતોષિકોનું નિયમન કરવા બાબત;

(ગ) લોનની મંજૂરી, પ્રોત્સાહન રકમ અને ખાસ સહાય પારિતોષિકનું નિયમન કરવા બાબત.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

ગાંધીનગર.
તારીખ: ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૬.

દુષ્યંતભાઈ પટેલ,
વિ.સ.સ.

ગાંધીનગર,
તારીખ: ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

Extra No. 54

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, FEBRUARY 25, 2016/PHALGUNA 6, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્ય ડૉ. નિમાબેન આચાર્યે તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-ક અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

GUJARAT BILL NO. 15 OF 2016.

THE PRE-NATAL DIAGNOSTIC TECHNIQUES (REGULATION AND PREVENTION OF MISUSE) (GUJARAT AMENDMENT) BILL, 2016.

A BILL

Further to amend the Pre-natel Diagnostic Techniques (Regulation and Prevention of Misuse)in its application to the State of Gujarat.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૫ .

જન્મપૂર્વ નિદાન ટેકનિક (નિયમન અને દુરુપયોગ નિવારણ) (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૬.

ગુજરાત રાજ્યમાં લાગુ પડતાં જન્મપૂર્વ નિદાન ટેકનિક (નિયમન અને દુરુપયોગ નિવારણ) સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે.:-

ટૂંકી સંજ્ઞા, અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ જન્મપૂર્વ નિદાન ટેકનિક (નિયમન અને દુરુપયોગ નિવારણ) (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે, તરત જ અમલમાં આવશે.

સન ૧૯૯૪ના ૫૭મા અધિનિયમની કલમ ૨૨નો સુધારો.

૨. જન્મપૂર્વ નિદાન ટેકનિક (નિયમન અને દુરુપયોગ નિવારણ) અધિનિયિમ, ૧૯૯૪ (જેનો આમાં હવે પછી, ''સદરહુ અધિનિયિમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, કલમ ૨૨માં, પેટા કલમ(૩)માં ''ત્રણ વર્ષ'' એ શબ્દોને બદલે, ''ચાર વર્ષ'' અને ''દશ હજાર રૂપિયા'' એ શબ્દોને બદલે, ''પંદર હજાર રૂપિયા'' એ શબ્દો મૂકવા.

INDEX

૩. સદરહુ અધિનિયમમાં, કલમ ૨૩માં,-

(૧) પેટા-કલમ (૧) માં ''ત્રણ વર્ષ'' એ શબ્દોને બદલે, ''ચાર વર્ષ'' અને ''દશ હજાર રૂપિયા'' એ શબ્દોને બદલે, ''પંદર હજાર રૂપિયા'' અને ''પાંચ વર્ષ'' એ શબ્દોને બદલે,''છ વર્ષ'' એ શબ્દો મૂકવા. સન ૧૯૯૪ના ૫૭મા અધિનિયમની કલમ ૨૩નો સુધારો.

(૨) પેટા-કલમ (૩) માં ''ત્રણ વર્ષ'' એ શબ્દોને બદલે, ''ચાર વર્ષ'', ''પચાસ હજાર રૂપિયા'' એ શબ્દોને બદલે, ''સાઈઠ હજાર રૂપિયા'' અને ''પાંચ વર્ષ'' એ શબ્દોને બદલે,''છ વર્ષ'' એ શબ્દો મૂકવા.

૪. સદરહુ અધિનિયિમમાં, કલમ ૨૫ માં ''ત્રણ મહિના'' એ શબ્દોને બદલે, ''છ મહિના'', ''એક હજાર રૂપિયા'' એ શબ્દોને બદલે, ''પાંચ હજાર રૂપિયા'' અને ''પાંચસો રૂપિયા'' એ શબ્દોને બદલે,''એક હજાર રૂપિયા '' એ શબ્દો મૂકવા. સન ૧૯૯૪ના ૫૭મા અધિનિયમની કલમ ૨૫નો સુધારો.

ઉદ્દેશો અને કારણો

જન્મપૂર્વ નિદાન ટેકનિક (નિયમન અને દુરુપયોગ નિવારણ) અધિનિયમ, ૧૯૯૪-એ જનીનિક અથવા ચયાપચયને લગતી વિકૃતિઓ અથવા ગુણસૂત્રીય સંગતિઓ અથવા અમુક જન્મજાત ખોડખાંપણો અથવા લિંગ-સંલગ્ન વિકૃતિઓ શોધી કાઢવાના હેતુ માટે અને જન્મપૂર્વ લિંગ નક્કી કરવાના હેતુ માટે આવી ટેકનિકના નારી ભ્રુણ હત્યા તરફ દોરી જતા, દુરુપયોગનું નિવારણ કરવા માટે અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે અધિનિયમિત કરવામાં આવેલ છે.

કલમો ૨૨, ૨૩ અને ૨૫-થી અધિનિયિમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવા માટે શિક્ષા અને દંડના પ્રમાણ અંગેની જોગવાઈ કરી છે. કલમ ૨૩ થી પ્રયોગશાળા અથવા કિલનિક સાથે સંકળાયેલ તબીબી વ્યવસ્યાયિકો અને વ્યક્તિઓના કિસ્સામાં ઉલ્લંઘન કરવા માટે શિક્ષા અંગેની જોગવાઈ કરી છે.

હાલમાં શિક્ષાનું પ્રમાણ અને દંડની રકમ અપુરતી જણાય છે અને અમુક પ્રમાણમાં તે વધારવાની આવશ્યકતા જણાય છે તેથી, ઉપર્યુક્ત અધિનિયમની કલમો ૨૨, ૨૩ અને ૨૫-ની જોગવાઈઓમાં સુધારો કરીને, શિક્ષા તેમજ દંડના પ્રમાણમાં વધારો કરવા ધાર્યું છે.

તેથી, આ વિધેયક

ગાંધીનગર.
તારીખ : ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ડૉ. નિમાબેન આચાર્ય
વિ.સ.સ.

ગાંધીનગર.
તારીખ : ૨૫ મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ડી. એમ. પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

INDEX

પુરવણી

જન્મપૂર્વ નિદાન ટેકનિક (નિયમન અને દુરુપયોગ નિવારણ) અધિનિયમ, ૧૯૯૪ માંથી ઉતારા.

કલમ ૨૨: (૧) કોઈપણ વ્યકિત, જનીનિક સંસ્થા, પરામર્શ કેન્દ્ર, જનીનિક પ્રયોગશાળા અથવા જનીનિક કિલનિક આવા કેન્દ્ર, પ્રયોગશાળા, કિલનિક અથવા બીજા કોઈપણ સ્થળે ઉપલબ્ધ જન્મપૂર્વ લિંગ નક્કી કરવાની સવલતો સંબંધી, કોઈપણ જાહેરાત, કોઈપણ રીતે બહાર પાડી શકશે નહિ અથવા બહાર પડાવી શકશે નહિ.

(૨) કોઈ વ્યકિત અથવા સંગઠન, કોઈપણ જનીનિક પરામર્શ કેન્દ્ર, જનીનિક પ્રયોગશાળા, જનીનિક કિલનિક અથવા

બીજા કોઈપણ સ્થળે ઉપલબ્ધ જન્મપૂર્વ લિંગ નક્કી કરવાની સવલતો સંબંધી, કોઈપણ જાહેરાતની કોઈપણ રીતે પ્રસિધ્ધિ અથવા તેનું વિતરણ કરી શકશે નહિ અથવા તેની પ્રસિધ્ધિ અથવા તેનું વિતરણ કરાવી શકશે નહિ.

(૩) જે કોઈ વ્યકિત પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે, તે ત્રણ વર્ષ સુધીની કેદની અને દશ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

સ્પષ્ટીકરણ :- આ કલમના હેતુઓ માટે, ‘‘જાહેરાત’’ માં કોઈપણ નોટિસ, પરિપત્ર લેબલ, રેપર અથવા બીજા દસ્તાવેજનો સમાવેશ થાય છે અને વળી તેમાં કોઈપણ પ્રકાશ, ધ્વનિ, ધૂમાડા અથવા વાયુના સાધનો દ્વારા કરેલા કોઇ દ્રશ્ય રુપણનો પણ સમાવેશ થાય છે.

કલમ ૨૩: (૧) કોઈપણ તબીબી જનીન વિદ્યાશાસ્ત્રી, સ્ત્રીરોગશાસ્ત્રી, રજીસ્ટર થયેલ તબીબી વ્યવસાયી અથવા જે કોઈપણ વ્યકિતને પોતાનું કોઈ જનીનિક પરામર્શ કેન્દ્ર, કોઈ જનીનિક પ્રયોગશાળા અથવા કોઈ જનીનિક કિલનિક હોય અથવા આવા કોઈ કેન્દ્ર, પ્રયોગશાળા અથવા કિલનિકમાં કામે રાખેલ હોય અને આવા કોઈ કેન્દ્ર, પ્રયોગશાળા અથવા કિલનિકને અથવા તેમાં માનદ ધોરણે અથવા અન્યથા પોતે વ્યવસાયીક અથવા ટેકનિકલ સેવા બજાવતી હોય અને આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ પૈકી કોઈપણ જોગવાઇનું ઉલ્લંઘન કરે તે વ્યકિત, ત્રણ વર્ષ સુધીની કેદની અને દશ હજાર રૂપિયા સુધીના દંડની અને ત્યાર પછી દોષિત ઠર્યે, પાંચ વર્ષ સુધીની કેદની અને પચાસ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ ન્યાયાલયે દોષિત ઠરાવ્યા હોય તેવા રજિસ્ટર થયેલ તબીબી વ્યવસાયીનું નામ, સમુચિત સત્તાધિકારીએ, પહેલા ગુના માટે બે વર્ષની મુદત માટે અને ત્યાર પછીના ગુના માટે કાયમી રીતે, કાઉન્સિલના રજિસ્ટરમાંથી તેનું નામ દૂર કરવા સહિતના જરૂરી પગલાં લેવા માટે સંબંધિત રાજ્ય મેડિકલ કાઉન્સિલને, રિપોર્ટ કરવો જોઈશે.

(૩) કલમ જના ખંડ (૨) માં નિર્દિષ્ટ હોય તે સિવાયના હેતુઓ માટે કોઈપણ સગર્ભા સ્ત્રી પર નિદાન ટેકનિકનું સંચાલન કરાવવા માટે કોઈ જનીનિક પરામર્શ કેન્દ્ર, જનીનિક પ્રયોગશાળા અથવા જનીનિક કિલનિકની અથવા કોઈ તબીબી જનીનવિદ્યાશાસ્ત્રી, સ્ત્રીરોગશાસ્ત્રી અથવા રજિસ્ટર થયેલ તબીબી વ્યવસાયીની સહાય માગતી હોય તેવી તેવી સ્ત્રીને આવી નિદાન ટેકનિકમાંથી પસાર થવાની ફરજ પાડવામાં આવી હોય તે સિવાય તે સ્ત્રી સહિતની કોઈપણ વ્યકિત, ત્રણ વર્ષ સુધીની કેદની અને દશ હજાર રૂપિયા સુધીના દંડ અને ત્યારપછી દોષિત ઠર્યે, પાંચ વર્ષ સુધીની કેદની અને પચાસ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

કલમ ૨૫ : જે કોઈ વ્યકિત, જેના માટે આ અધિનિયમમાં બીજી કોઈ શિક્ષાની જોગવાઈ કરી ન હોય તેવી, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલ કોઈપણ નિયમની જોગવાઈઓ પૈકીની કોઈપણ જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તે વ્યકિત, ત્રણ મહિના સુધીની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીની દંડની અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે અને ઉલ્લંઘન ચાલુ રહે તે કિસ્સામાં આવા પ્રથમ ઉલ્લંઘન માટે દોષિત ઠર્યા પછી, આવું ઉલ્લંઘન ચાલુ રહે તે દરમિયાન દરેક દિવસ માટે પાંચસો રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષાને પાત્ર થશે.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 55

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

Vol. LVII THURSDAY, FEBRUARY 25, 2016/PHALGUNA 6, 1937

PUBLISHED BY AUTHORITY

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્ય ડૉ. નિર્મલાબેન વાધવાણીએ તા. ૨૫ મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-ક અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

Gujarat Bill No. 16 of 2016.

THE GUJARAT PROHIBITION OF RAGGING BILL, 2016.

A BILL

to prohibit ragging in educational institutions in the State of Gujarat and for matters connected therewith

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૬ .

ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક, ૨૦૧૬.

ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક સંસ્થાઓમાં રેગીંગ અટકાવવા અને તેની સાથે સંકળાયેલી બાબતો માટેનું વિધેયક.

ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક સંસ્થાઓમાં રેગીંગ અટકાવવા ખાસ કાયદો અધિનિયમિત કરવો ઈષ્ટ છે;

આથી, ભારતના ગણતંત્રના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત રાજ્ય રેગીંગ અટકાવવા બાબત અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

(૨) તે, સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાંથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય,- વ્યાખ્યા

(ક) "શૈક્ષણિક સંસ્થા" એટલે અને તેમાં કોલેજ અથવા (ખાસ કરીને અથવા બીજી પ્રવૃત્તિઓની સાથે) પ્રવૃત્તિ કરતી અથવા તેમાં શિક્ષણ આપતી ગમે તે નામે ઓળખાતી બીજી સંસ્થાનો સમાવેશ થાય છે; અને તેમાં અનાથાશ્રમ અથવા

નિવાસગૃહ અથવા છાત્રાલય અથવા અનુશિક્ષણ સંસ્થા અથવા તેની સાથે જોડાયેલ બીજી કોઈ જગાનો સમાવેશ થાય છે;

(ખ) ''શૈક્ષણિક સંસ્થાના વડા'' એટલે યુનિવર્સિટીના કુલપતિ, તબીબી વિદ્યાશાખાના ડીન, સંસ્થાના નિયામક અથવા આચાર્ય, હેડમાસ્ટર અથવા સંસ્થાના વહીવટ માટે જવાબદાર વ્યક્તિ;

(ગ) ''રેગીંગ'' એટલે અયોગ્ય વર્તણૂક પ્રદર્શિત કરવી, કોઈ એવું કાર્ય કરવું જેનાથી કોઈ શૈક્ષણિક સંસ્થામાં વિદ્યાર્થીને શારીરિક અથવા માનસિક હાનિ પહોંચે અથવા પહોંચવાનો સંભવ અથવા દહેશત અથવા ડર અથવા શરમ અથવા મૂંઝવણમાં મૂકવાની પરિસ્થિતિ ઊભી થાય અને તેમાં,-

(૧) આવા વિદ્યાર્થીને છેડવાનો, અપમાનિત કરવાનો, ધમકી આપવાનો અથવા તેની મજાક ઉડાવવાનો અથવા તેને ઈજા પહોંચાડવાનો; અથવા

(૨) કોઈ વિદ્યાર્થીને સામાન્ય સંજોગોમાં, આવો વિદ્યાર્થી જે કરવા ઈચ્છતો ન હોય તેવું કાર્ય કરવા અથવા બીજું કંઈક કહેવાનો, સમાવેશ થાય છે.

રેગીંગ કરવા પર પ્રતિબંધ.

૩. કોઈપણ શૈક્ષણિક સંસ્થાની અંદર અથવા બહાર રેગીંગ કરવું એ આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર ગુનો છે.

રેગીંગ કરવા માટે શિક્ષા.

૪. જે કોઈ વ્યક્તિ, કોઈપણ શૈક્ષણિક સંસ્થાની અંદર અથવા બહાર સીધી અથવા આડકતરી રીતે રેગીંગ કરે, તેમાં ભાગ લે, તેનું દુષ્પ્રેરણ કરે અથવા તેને પ્રોત્સાહન આપે તે વ્યક્તિને, દોષિત ઠર્યે, બે વર્ષ સુધીની કેદની શિક્ષા કરવામાં આવશે અને દસ હજાર રૂપિયા સુધીના દંડને પણ પાત્ર થશે.

વિદ્યાર્થીની બરતરફી.

૫. કલમ ૪ હેઠળ દોષિત ઠરેલ વ્યક્તિ, વિદ્યાર્થી હોય તો, તેને શૈક્ષણિક સંસ્થામાંથી બરતરફ કરવો જોઈશે અને એવા વિદ્યાર્થીને, એવા બરતરફીના હુકમની તારીખથી પાંચ વર્ષની મુદત સુધી કોઈપણ બીજી શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ આપી શકાશે નહિ.

ફરિયાદ મોકલી આપવા બાબત

૬. (૧) કોઈ વિદ્યાર્થી અથવા યથાપ્રસંગ, તેના માતાપિતા અથવા વાલી અથવા કોઈ શૈક્ષણિક સંસ્થાના શિક્ષક, શૈક્ષણિક સંસ્થાના વડાને લેખિતમાં, રેગીંગની ફરિયાદ કરે ત્યારે, શૈક્ષણિક સંસ્થાના વડાએ, પૂર્વવર્તી જોગવાઈઓને બાધ આવ્યા સિવાય, ફરિયાદ મળ્યાના સાત દિવસની અંદર, ફરિયાદમાં જણાવેલ બાબતની તપાસ કરવી જોઈશે અને પ્રથમદર્શનીય તે સાચી જણાય તો, ગુનાનો આરોપી હોય તે વિદ્યાર્થીને દૂર કરવો જોઈશે

અને શૈક્ષણિક સંસ્થા જે વિસ્તારમાં આવેલી હોય તે વિસ્તારની હકૂમત ધરાવતા પોલીસ મથકને ફરિયાદ, વધુ કાર્યવાહી માટે તરત જ મોકલી આપવી જોઈશે.

(૨) શૈક્ષણિક સંસ્થાના વડાએ તપાસ કર્યેથી, એવું સાબિત થાય કે પેટા-કલમ (૧) હેઠળ મળેલ ફરિયાદમાં, પ્રથમદર્શનીય કોઈ તથ્ય નથી ત્યારે, તેણે ફરિયાદીને હકીકતની લેખિતમાં જાણ કરવી જોઈશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ વિદ્યાર્થી રેગીંગમાં સંડોવાયેલ છે તેવો શૈક્ષણિક સંસ્થાના વડાનો નિર્ણય આખરી ગણાશે.

૭. રેગીંગની ફરિયાદ કરવામાં આવી હોય ત્યારે, કલમ ૬માં નિર્દિષ્ટ કરેલ બાબતમાં પગલું લેવામાં શૈક્ષણિક સંસ્થાના વડા નિષ્ફળ જાય અથવા બેદરકારી દાખવે તો, આવી વ્યક્તિએ રેગીંગના ગુનાનું દુષ્પ્રેરણ કર્યું છે એમ ગણાશે અને દોષિત ઠર્યે, તેને કલમ ૪ની જોગવાઈઓ મુજબ શિક્ષા કરવામાં આવશે. દુષ્પ્રેરણ ગણવા બાબત.

૮. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં, જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે. નિયમો કરવાની સત્તા.

(૨) આ કલમ હેઠળ કરેલા નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, ત્રીસ દિવસની મુદત સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવાં જોઈશે અને જે સત્રમાં તે નિયમો એવી રીતે મૂકવામાં આવ્યાં હોય તેમાં અથવા તેના તરત પછીના સત્રમાં, રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઈ ફેરફાર કરે અથવા તેમાંથી જે કંઈ રદ કરે તેને તે અધીન રહેશે.

(૩) રાજ્ય વિધાનમંડળ એવી રીતે કરેલ તેમાં જે કંઈ ફેરફાર કરે અથવા રદ કરે તે, રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવશે અને તેમ થયે તે અમલમાં આવશે.

ઉદ્દેશો અને કારણો

તાજેતરમાં વર્ષોમાં શૈક્ષણિક સંસ્થાઓમાં રેગીંગની ફરિયાદોમાં નોંધપાત્ર વધારો થયો છે. રેગીંગ, શૈક્ષણિક સંસ્થાઓમાં પર કલંક છે અને તેને જડમૂળથી નાબૂદ કરવું જોઈશે. કોઈપણ શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીને રેગીંગથી શારીરિક અથવા માનસિક હાનિ પહોંચે છે અથવા ડર અથવા શરમ ઉભી થાય છે. તેથી, શૈક્ષણિક સંસ્થાઓના હિતમાં વૈધાનિક પગલું લેવાનું ઈષ્ટ છે.

તેથી, આ વિધેયક

ગાંધીનગર. ડૉ. નિર્મલાબેન વાધવાણી
તારીખ : ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૬. વિ.સ.સ.

ધારાકીય સત્તા સોંપવાની યાદી

કલમ ૧ ની પેટા-કલમ (૩)થી, રાજય સરકારને, આ અધિનિયમ, અમલમાં લાવવાની તારીખ નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ ૮ની પેટા-કલમ (૧)થી, રાજય સરકારને, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

ગાંધીનગર. ડૉ. નિર્મલાબેન વાધવાણી
તારીખ : ૧લી ફેબ્રુઆરી, ૨૦૧૬. વિ.સ.સ.

ગાંધીનગર. ડી. એમ. પટેલ
તારીખ : ૨૫ મી ફેબ્રુઆરી, ૨૦૧૬. સચિવ,
ગુજરાત વિધાનસભા.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 56

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, FEBRUARY 29, 2016/PHALGUNA 10, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ : ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૧૩)-જીઈઆર-૨૦૧૬-એસ-૨૦-(૩)-ઠનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

રા. અ. રાઠોડ,
(I/c) સરકારના નાયબ સચિવ.

Notification
Regarding

Amendment to the Gujarat Tax on Entry of Specified Goods into Local Areas Rules, 2001.

ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા નિયમો, ૨૦૦૧સુધારવા સંબંધી જાહેરનામું.
નાણા વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ, ૨૦૦૧.

ક્રમાંક:(જીએચએન-૧૩)જીઇઆર-૨૦૧૬-એસ.૨૦(૩)/ઠ:-ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ, ૨૦૦૧ની કલમ ૨૦ની પેટા-કલમ (૧)ના પરંતુક હેઠળ, ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા નિયમો, ૨૦૦૧ સુધારવા માટે તાત્કાલિક પગલું લેવાનું અને તેની પૂર્વ-પ્રસિધ્ધિ વિના ચલાવી લેવાનું તેના માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે,ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ, ૨૦૦૧(સન ૨૦૦૧ના ગુજરાતના ૨૨મા)ની કલમ ૨૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા નિયમો, ૨૦૦૧ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા(સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા નિયમો, ૨૦૦૧(જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો''તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૯માં, પેટા-નિયમ(૨) પછી, નીચેના પેટા-નિયમો ઉમેરવા:-

''(૩) અધિનિયમ હેઠળ રિફંડ માટે હકદાર થતો હોય તેવા અરજદારના કિસ્સામાં, આકારણી સત્તાધિકારીએ રિફંડની રકમ, એવા અરજદારની વેરા અથવા દંડની જવાબદારી સામે સરભર કરવી જોઇશે. રિફંડ સરભર કરવા બાબતનો હુકમ નમૂના ૫-ક માં હોવો જોઇશે.

(૪) અરજદાર તેણે ચુકવવાપાત્ર કોઇ રકમ સામે (રિફંડની રકમ) સરભર કરીને ચૂકવણી ઇચ્છતો હોય, તો આકારણી સત્તાધિકારીએ, તેણે ચૂકવવાપાત્ર કોઇ રકમ સામે રિફંડની રકમ સરભર કરવા અરજદારને અધિકૃત કરતો રિફંડ સરભર કરવા બાબતનો હુકમ નમૂના ૫-ક માં કરવો જોઇશે. ''.

૩. સદરહુ નિયમોમાં, નમૂના ૫ પછી, નીચેનો નમૂનો દાખલ કરવો:-

INDEX

"નમૂનો ૫ ક

(જુઓ નિયમ ૯ના પેટા-નિયમો (૩) અને (૪))

રિફંડ સરભર કરવા બાબતનો હુકમ

૧. કલમ... ... હેઠળ રિફંડ સરભર કરવા બાબતનો હુકમ

બુક નં.-----------------

અનુક્રમાંક.-----------------

કાઢી આપ્યા તારીખ.-----------------

૨. કાઢી આપ્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર ચૂકવવાપાત્ર
રૂા.------------------------ ની રકમ માટે માન્ય. ----------------------------------સુધી માન્ય

ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ, ૨૦૦૧ હેઠળ હુકમ

પ્રતિ

વેપારીનું નામઃ --

ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ હેઠળ રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર ક્રમાંકઃ---------------------------------

કેન્દ્રીય વેચાણ વેરા અધિનિયમ, ૧૯૫૬ હેઠળ રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર ક્રમાંકઃ---------------------------------------

આકારણીની મુદત----------------------------થી ----------------------------સુધી

હુકમ કર્યા તારીખ-------------------------- રિફંડની રકમ--------------------------

આ રિફંડ, સદરહુ રિફંડ મેળવનાર પાસેથી ------------------------થી ------------------------સુધીની મુદત અથવા ત્યારપછીની કોઇ મુદત માટે લેણી વેરાની રકમ સામે સરભર કરવામાં આવશે. રિફંડ મેળવનારે, પોતે જે મુદત માટે રિફંડ સરભર કરવા ઇચ્છતો હોય તે મુદત માટે તેણે રજૂ કરવાના પત્રક(રિટર્ન) સાથે આ હુકમ જોડવો જોઇશે.

સીલ :

સ્થળ : સહી :

તારીખ : હોદ્દો : ".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે. મેકવાન,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 57

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, MARCH 2, 2016/PHALGUNA 12, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી માર્ચ, ૨૦૧૬

તારીખ: ૨જી માર્ચ, ૨૦૧૬ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૬ના ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૭-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

GUJARAT BILL NO. 17 OF 2016.

THE GUJARAT SPECIAL INVESTMENT REGION (AMENDMENT) BILL, 2016.

A BILL

further to amend the Gujarat Special Investment Region Act, 2009.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છેઃ-

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૭.

ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ (સુધારા) વિધેયક, ૨૦૧૬.

ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ અધિનિયમ, ૨૦૦૯ *વધુ સુધારવા બાબત વિધેયક.*

આથી, ભારતના ગણ રાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૨૦૦૯નો ગુજરાતનો ૨જો.

સન ૨૦૦૯ના ગુજરાતના ૨જા અધિનિયમની કલમ ૧૦નો સુધારો.

૨. ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ અધિનિયમ, ૨૦૦૯માં, કલમ ૧૦માં, ખંડ (૪) પછી, નીચેના ખંડો દાખલ કરવા :-

"(૪-ક) રાજ્ય સરકાર, નામ નિયુકત કરે તેવી, ખાસ મૂડી રોકાણ પ્રદેશમાં કાર્ય કરતા સ્થાનિક સત્તામંડળના સભ્યો હોય તેવી ચારથી વધુ ન હોય તેટલી વ્યકિતઓ;

(૪-ખ) ખાસ મૂડી રોકાણ પ્રદેશમાં કાર્ય કરતી જિલ્લા પંચાયતોના પ્રમુખો;".

ઉદ્દેશો અને કારણો

ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ અધિનિયમ, ૨૦૦૯ની કલમ ૪ એવી જોગવાઈ કરે છે કે સંબંધિત રાજય કાયદાની જોગવાઈઓ હેઠળ જાહેર કરેલ ગ્રામ પંચાયતના ગ્રામ સ્થળ વિસ્તાર(ગામતળ), મ્યુનિસિપલ વિસ્તાર અને મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તાર સિવાયના અધિનિયમ હેઠળ જાહેર કરેલ ખાસ મૂડી રોકાણ પ્રદેશ, સદરહુ અધિનિયમમાં કરેલ જોગવાઈઓને લાગુ પડે છે ત્યાં સુધી, સ્થાનિક સત્તા મંડળની હકૂમત ક્ષેત્રની હેઠળ હોતો બંધ થશે. સદરહુ અધિનિયમની કલમ ૮ પ્રાદેશિક વિકાસ સત્તામંડળની રચના માટેની જોગવાઈ કરે છે, જેની (પ્રાદેશિક વિકાસ સત્તામંડળની)સત્તા અને તેના કાર્યો સદરહુ અધિનિયમની કલમ ૧૫માં જોગવાઈ કર્યા પ્રમાણેના છે. પ્રાદેશિક વિકાસ સત્તામંડળના સત્તા અને કાર્યોને ધ્યાનમાં લેતાં, પ્રાદેશિક વિકાસ સત્તામંડળમાં કાર્ય કરતી જિલ્લા પંચાયતોના પ્રમુખો અને સ્થાનિક સત્તામંડળના સભ્યોનું પ્રતિનિધિત્વ હોવું જરૂરી જણાયું છે. તેથી, કલમ ૧૦ની જોગવાઈઓ સુધારવા ધાર્યું છે કે જે પ્રાદેશિક વિકાસ સત્તામંડળમાં સભ્યોની નિમણૂક માટેની જોગવાઈ કરે છે, જેથી કરીને ખાસ મૂડી રોકાણ પ્રદેશમાં કાર્ય કરતી જિલ્લા પંચાયતોના પ્રમુખો અને સ્થાનિક સત્તામંડળોના સભ્યોમાંથી ચારથી વધુ ન હોય તેટલા સભ્યોને સમાવી શકાય.

આ વિધેયકથી, ઉપર્યુકત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

તારીખઃ ૨જી માર્ચ, ૨૦૧૬. **સૌરભ પટેલ.**

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે.ગોઠી,

ગાંધીનગર, ગુજરાત સરકારના સચિવ,

તારીખ : ૨જી માર્ચ,૨૦૧૬. વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 58

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, MARCH 2, 2016/PHALGUNA 12, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી માર્ચ, ૨૦૧૬

તારીખઃ ૨જી માર્ચ, ૨૦૧૬ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૬ના ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૮-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 18 OF 2016.

THE GUJARAT (SUPPLEMENTARY) APPROPRIATION BILL, 2016.

A BILL

to authorise payment and appropriation of certain further sums from and out of the Consolidated Fund of the State of Gujarat for the services of the financial year ending on the thirty-first day of March, 2016.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૮.

ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૬.

સન ૨૦૧૬ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. આ અધિનિયમ ગુજરાત (પૂરક) વિનિયોગ અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા.

૨. આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૩માં નિર્દિષ્ટ કરેલી રકમોથી વધુ ન હોય તેટલી એકંદરે રૂપિયા છ હજાર સાતસો સત્યાવીસ કરોડ, અઠ્ઠાવન લાખ, બ્યાસી હજારની રકમ, અનુસૂચિના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલી સેવાઓ અને હેતુઓ માટે, સન ૨૦૧૬ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષ દરમિયાન જે જુદાં જુદાં ખર્ચ આપવાના થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી આપવામાં આવશે અને ઉપયોગમાં લેવામાં આવશે. સન ૨૦૧૫-૨૦૧૬ના નાણાકીય વર્ષ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી ₹૬૭,૨૭,૫૮,૮૨,૦૦૦ આપવા બાબત.

૩. આ અધિનિયમથી ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી જે રકમો આપવા અને તેનો ઉપયોગ કરવા માટે અધિકાર આપવામાં આવ્યો હોય તે રકમોનો વિનિયોગ, સદરહુ વર્ષના સંબંધમાં અનુસૂચિમાં જણાવેલી સેવાઓ અને હેતુઓ માટે કરવો જોઇશે. વિનિયોગ.

INDEX

અનુસૂચિ
(જુઓ કલમો ૨ અને ૩)

મંજૂર કર્યા પ્રમાણેનો/ વિનિયોગ કર્યા પ્રમાણેનો માંગણીનો નંબર	સેવાઓ અને હેતુઓ	મહેસૂલ/ મૂડી	વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે·	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
			₹	₹	₹
૧	૨		૩	૪	૫
૧	કૃષિ અને સહકાર વિભાગ	મહેસૂલ	૬૦૦૦૦૦	૦	૬૦૦૦૦૦
		મૂડી	૪૨૦૦૦૦૦	૦	૪૨૦૦૦૦૦
૨	કૃષિ	મહેસૂલ	૦	૧૨૭૯૦૦૦	૧૨૭૯૦૦૦
૩	નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ	મહેસૂલ	૧૦૨૪૪૦૦૦	૦	૧૦૨૪૪૦૦૦
૪	પશુપાલન અને ડેરી વિકાસ	મહેસૂલ	૦	૧૦૨૪૧૦૦૦	૧૦૨૪૧૦૦૦
૫	સહકાર	મૂડી	૩૬૧૩૩૯૦૦૦	૦	૩૬૧૩૩૯૦૦૦
૬	મત્સ્યોદ્યોગ	મહેસૂલ	૧૩૦૨૬૩૦૦૦	૦	૧૩૦૨૬૩૦૦૦
૭	કૃષિ અને સહકાર વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૦	૬૮૦૦૦	૬૮૦૦૦
૯	શિક્ષણ	મહેસૂલ	૧૭૦૨૨૧૬૮૦૦૦	૨૧૦૦૦૦૦૦	૧૭૦૪૩૧૬૮૦૦૦
૧૦	શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૨૯૯૦૦૦	૦	૨૨૯૯૦૦૦
૧૩	ઊર્જા પરિયોજનાઓ	મહેસૂલ	૧૧૭૪૯૪૦૦૦૦૦	૦	૧૧૭૪૯૪૦૦૦૦૦
		મૂડી	૧૦૦૧૮૬૪૦૦૦	૦	૧૦૦૧૮૬૪૦૦૦
૧૯	નાણા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૦૦૦	૦	૧૦૦૦
૨૦	નાણા વિભાગ અને તેની સેવાઓને લગતું દેવું ભરપાઇ કરવું	મહેસૂલ	૦	૧૪૦૦૦	૧૪૦૦૦
૨૨	નાગરિક પુરવઠો	મહેસૂલ	૧૪૦૨૬૮૦૦૦	૦	૧૪૦૨૬૮૦૦૦
૨૬	વન	મહેસૂલ	૦	૩૦૦૪૦૦૦	૩૦૦૪૦૦૦
૩૦	મંત્રી પરિષદ	મહેસૂલ	૫૦૧૬૦૦૦	૦	૫૦૧૬૦૦૦
૩૧	ચૂંટણી	મહેસૂલ	૨૪૭૪૪૬૦૦૦	૫૦૫૦૦૦	૨૪૭૯૫૧૦૦૦
૩૨	જાહેર સેવા આયોગ	મહેસૂલ	૮૩૪૩૯૦૦૦	૦	૮૩૪૩૯૦૦૦

INDEX

૧	૨		૩	૪	૫
૩૪	આર્થિક સલાહ અને આંકડા	મહેસૂલ	૩૮૫૩૫૯૦૦૦	૦	૩૮૫૩૫૯૦૦૦
૩૫	સામાન્ય વહીવટ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૦	૧૦૪૭૦૦૦	૧૦૪૭૦૦૦
		મૂડી	૨૫૭૭૮૨૦૦૦	૦	૨૫૭૭૮૨૦૦૦
૩૬	રાજય વિધાનમંડળ	મહેસૂલ	૩૪૫૦૪૦૦૦	૦	૩૪૫૦૪૦૦૦
૩૮	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	મહેસૂલ	૫૮૭૦૦૦	૦	૫૮૭૦૦૦
૩૯	તબીબી અને જાહેર આરોગ્ય	મહેસૂલ	૧૩૮૦૨૯૪૦૦૦	૧૭૫૭૯૦૦૦	૧૩૯૭૮૭૩૦૦૦
		મૂડી	૧૦૦૦	૦	૧૦૦૦
૪૦	પરિવાર કલ્યાણ	મહેસૂલ	૩૬૨૮૧૩૦૦૦	૦	૩૬૨૮૧૩૦૦૦
૪૩	પોલીસ	મહેસૂલ	૧૩૬૬૮૫૦૦૦	૨૫૪૨૦૦૦	૧૩૯૨૨૭૦૦૦
૪૬	ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૪૪૦૭૬૨૦૦૦	૯૮૧૭૪૦૦૦	૫૩૮૯૩૬૦૦૦
		મૂડી	૨૦૯૦૦૦૦૦	૪૨૫૨૯૦૦૦	૬૩૪૨૯૦૦૦
૪૮	લેખનસામગ્રી અને મુદ્રણ	મહેસૂલ	૪૯૨૧૦૦૦	૦	૪૯૨૧૦૦૦
૫૦	ખાણ અને ખનીજ	મહેસૂલ	૧૦૧૩૦૦૦	૦	૧૦૧૩૦૦૦
૫૧	પ્રવાસન	મહેસૂલ	૪૧૫૦૦૦	૦	૪૧૫૦૦૦
		મૂડી	૦	૪૦૬૮૦૦૦	૪૦૬૮૦૦૦
૫૨	ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૨૪૭૦૦૦	૦	૨૪૭૦૦૦
૫૫	માહિતી અને પ્રસારણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૫૪૩૪૬૦૦૦	૦	૫૪૩૪૬૦૦૦
		મૂડી	૫૮૧૦૦૦	૦	૫૮૧૦૦૦
૫૯	કાયદા વિભાગ	મહેસૂલ	૧૩૦૦૦૦૦	૦	૧૩૦૦૦૦૦
૬૦	ન્યાયતંત્રનો વહીવટ	મહેસૂલ	૦	૨૦૦૦	૨૦૦૦
૬૧	કાયદા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૦૦૦	૩૯૧૮૦૦૦	૩૯૧૯૦૦૦
૬૨	વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ	મહેસૂલ	૧૯૬૨૦૦૦	૦	૧૯૬૨૦૦૦
૬૩	વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧૫૦૦૦૦	૦	૧૫૦૦૦૦
૬૬	સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ	મહેસૂલ	૧૦૦૦	૦	૧૦૦૦
		મૂડી	૨૮૫૮૮૭૮૦૦૦	૩૫૦૦૦૦૦૦૦	૩૨૦૮૮૭૮૦૦૦
૬૭	પાણી પુરવઠો	મહેસૂલ	૮૦૦૦૦૦૦	૦	૮૦૦૦૦૦૦
		મૂડી	૨૩૦૨૪૪૦૦૦	૦	૨૩૦૨૪૪૦૦૦

૧	૨		૩	૪	૫
૬૮	નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૦	૬૦૦૦૦૦૦૦૦	૬૦૦૦૦૦૦૦૦
૭૦	સમૂહ વિકાસ	મહેસૂલ	૩૨૯૧૮૪૬૦૦૦	૦	૩૨૯૧૮૪૬૦૦૦
૭૧	ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ	મહેસૂલ	૦	૨૧૫૯૯૩૯૦૦૦	૨૧૫૯૯૩૯૦૦૦
૭૩	પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૫૧૨૧૮૦૦૦૦	૦	૧૫૧૨૧૮૦૦૦૦
		મૂડી	૩૫૦૯૦૦૦	૦	૩૫૦૯૦૦૦
૭૪	વાહનવ્યવહાર	મહેસૂલ	૧૦૦૦	૦	૧૦૦૦
૭૫	બંદરો અને વાહનવ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૬૯૫૯૦૦૦૦૦	૦	૬૯૫૯૦૦૦૦૦
		મૂડી	૭૩૮૦૦૦	૦	૭૩૮૦૦૦
૭૯	કુદરતી આપત્તિઓને કારણે રાહત	મહેસૂલ	૯૮૪૦૩૨૬૦૦૦	૦	૯૮૪૦૩૨૬૦૦૦
		મૂડી	૫૭૦૦૦૦૦	૦	૫૭૦૦૦૦૦
૮૧	વળતર અને સોંપણી	મહેસૂલ	૪૭૯૦૦૦	૫૨૫૦૦૦	૧૦૦૪૦૦૦
૮૩	માર્ગ અને મકાન વિભાગ	મહેસૂલ	૧૬૧૦૦૦	૦	૧૬૧૦૦૦
૮૪	બિન-રહેણાંક મકાનો	મહેસૂલ	૦	૧૪૯૧૬૦૦૦	૧૪૯૧૬૦૦૦
		મૂડી	૩૦૦૦	૦	૩૦૦૦
૮૬	માર્ગો અને પુલો	મહેસૂલ	૨૦૩૫૩૨૪૦૦૦	૦	૨૦૩૫૩૨૪૦૦૦
		મૂડી	૫૦૦૦	૦	૫૦૦૦
૮૭	ગુજરાત પાટનગર બાંધકામ યોજના	મૂડી	૦	૩૨૯૮૦૦૦	૩૨૯૮૦૦૦
૮૮	માર્ગ અને મકાન વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૪૦૦૦૦૦૦૦	૬૦૦૦૦૦૦૦	૧૦૦૦૦૦૦૦૦
૮૯	વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ	મહેસૂલ	૧૦૦૦	૦	૧૦૦૦
૯૨	સમાજ સુરક્ષા અને કલ્યાણ	મહેસૂલ	૧૫૬૭૦૮૪૦૦૦	૦	૧૫૬૭૦૮૪૦૦૦
		મૂડી	૧૯૨૦૯૦૦૦	૦	૧૯૨૦૯૦૦૦
૯૩	અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ	મહેસૂલ	૧૦૪૨૪૭૦૦૦	૦	૧૦૪૨૪૭૦૦૦
૯૫	અનુસૂચિત જાતિઓ માટેની પેટા- યોજના	મહેસૂલ	૫૬૮૩૦૧૦૦૦	૦	૫૬૮૩૦૧૦૦૦
૯૬	આદિજાતિ વિસ્તાર પેટા- યોજના	મહેસૂલ	૧૨૭૧૪૩૪૦૦૦	૧૦૦૦૦૦૦૦	૧૨૮૧૪૩૪૦૦૦
		મૂડી	૨૦૦૦	૦	૨૦૦૦

INDEX

૧	૨		૩	૪	૫
૧૦૧	શહેરી ગૃહનિર્માણ	મહેસૂલ	૯૮૦૦૦	૩૬૩૯૪૪૦૦૦	૩૬૪૦૪૨૦૦૦
૧૦૨	શહેરી વિકાસ	મહેસૂલ	૫૬૧૦૪૪૮૦૦૦	૦	૫૬૧૦૪૪૮૦૦૦
૧૦૬	મહિલા અને બાળવિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૦૦૦	૦	૧૦૦૦
	કુલ :	**મહેસૂલ**	૫૮૭૦૧૯૩૮૦૦૦	૩૩૬૮૬૯૭૦૦૦	૬૨૧૧૦૬૩૫૦૦૦
		મૂડી	૪૮૦૫૩૫૨૦૦૦	૩૯૯૮૯૫૦૦૦	૫૧૬૫૨૪૭૦૦૦
	કુલ સરવાળો :		૬૩૫૦૭૨૯૦૦૦૦	૩૭૬૮૫૯૨૦૦૦	૬૭૨૭૫૮૮૨૦૦૦

ઉદ્દેશો અને કારણો

ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી સન ૨૦૧૬ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષ સંબંધી અમુક સેવાઓ અને હેતુઓ અંગે પૂરક ખર્ચને પહોંચી વળવા માટે જોઇતા નાણાના વિનિયોગ અર્થે જોગવાઈ કરવા માટે, આ વિધેયક, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૦૫ સાથે વાંચતા, તેના અનુચ્છેદ ૨૦૪ અનુસાર દાખલ કરવામાં આવે છે.

આ રકમો નીચે દર્શાવેલી છેઃ-		₹
(ક)	મહેસૂલી ખર્ચ	૬૨,૧૧,૦૬,૩૫,૦૦૦
(ખ)	મૂડી ખર્ચ	૫,૧૬,૫૨,૪૭,૦૦૦
	કુલ :	૬૭,૨૭,૫૮,૮૨,૦૦૦

તારીખઃ ૨જી માર્ચ, ૨૦૧૬. સૌરભ પટેલ.

સી. જે. ગોઠી,
ગાંધીનગર, ગુજરાત સરકારના સચિવ,
તારીખ : ૨જી માર્ચ, ૨૦૧૬. વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 59

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, MARCH 10, 2016/PHALGUNA 20, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે તા. ૧૦મી માર્ચ, ૨૦૧૬ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમો-૧૨૭-ક અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

GUJARAT BILL NO. 19 OF 2016.

THE GUJARAT ENTERPRISES SINGLE WINDOW ENABLING AND CLEARANCE BILL, 2016.

A BILL

to provide for accelerated and time-bound grant of various licences, permissions and approvals and to enable an alternative single window clearance mechanism to be triggered in case of failure of competent authorities to act in time, to support an investor friendly environment in the State of Gujarat and for matters connected therewith or incidental thereto.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક.૧૯.

ગુજરાત એન્ટરપ્રાઈઝીસ સિંગલ વિન્ડો ઈનેબલિંગ એન્ડ ક્લિયરન્સ વિધેયક, ૨૦૧૬.

ગુજરાત રાજ્યમાં વિવિધ લાઈસન્સ, પરવાનગીઓ અને મંજૂરીઓને ઝડપી અને નિયત સમયમાં માન્યતા આપવા માટેની અને સક્ષમ સત્તાધિકારીઓ સમયસર કામગીરી કરી શકતા ન હોય તેવા કિસ્સામાં શરૂ કરવાનું વૈકલ્પિક એક-બારી પરવાનગી તંત્ર(single window clearance mechanism)ને સક્ષમ બનાવવા માટેની, મૂડીરોકાણકારોને સાનુકૂળ હોય તેવા વાતાવરણનું સમર્થન કરવા માટેની અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા,વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત એન્ટરપ્રાઈઝીસ સિંગલ વિન્ડો ઈનેબલિંગ એન્ડ ક્લિયરન્સ અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે, સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે, તરત જ અમલમાં આવશે.

INDEX

વ્યાખ્યા. ૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય,તો-

(ક) ''મૂડીરોકાણ વૃદ્ધિ બ્યૂરો'' એટલે કલમ ૪ હેઠળ જાહેર કર્યા પ્રમાણેનું ઔદ્યોગિક વિસ્તરણ બ્યૂરો;

(ખ) ''સક્ષમ સત્તાધિકારી'' એટલે રાજ્યમાં ઉદ્યોગ-સાહસ (એન્ટરપ્રાઇઝ) ઊભું કરવા માટેની અથવા તેની કામગીરી શરૂ કરવા માટેની પરવાનગી આપવા અથવા કાઢી આપવા માટેની સત્તા અને જવાબદારી આપવામાં આવેલ હોય તેવો સરકારનો કોઈ વિભાગ અથવા એજન્સી, સ્થાનિક સત્તામંડળ, વૈધાનિક મંડળ, રાજ્યની માલિકીનું કોર્પોરેશન, ગામ પંચાયત, નગરપાલિકા અથવા રાજ્યના કોઈ કાયદા હેઠળ રચાયેલું અથવા સ્થપાયેલું અથવા સરકારના વહીવટી નિયંત્રણ હેઠળનું બીજું કોઈ સત્તામંડળ અથવા એજન્સી;

(ગ) ''જિલ્લા અધિકૃત સમિતિ'' એટલે કલમ ૩ હેઠળ રચાયેલી જિલ્લા અધિકૃત સમિતિ;

(ઘ) ''ઉદ્યોગ-સાહસ (એન્ટરપ્રાઇઝ)'' એટલે માલની બનાવટ અથવા તેના ઉત્પાદનમાં કોઈપણ રીતે રોકાયેલું અથવા કોઈ સેવા અથવા સેવાઓ પૂરી પાડવામાં અથવા ઉપલબ્ધ કરાવવામાં રોકાયેલ હોય તેવુ કોઈપણ નામે ઓળખાતું ઔદ્યોગિક અન્ડરટેકિંગ અથવા વેપારી પેઢી અથવા બીજી કોઈ સંસ્થા;

(ચ) ''સરકાર'' એટલે ગુજરાતની રાજ્ય સરકાર;

(છ) ''મૂડીરોકાણકાર'' એટલે આવક અથવા નફા અથવા સામાન્ય લોકહિતની સુરક્ષા (સામાજિક હિત) માટે, વિસ્તૃતીકરણ, આધુનિકીકરણ અથવા વૈવિધ્યીકરણ લાવવા માટે, કોઈ નવા ઉદ્યોગ-સાહસમાં અથવા વિદ્યમાન ઉદ્યોગ-સાહસમાં મૂડીનું રોકાણ કરતી કોઈ વ્યક્તિ;

(જ) ''નોડલ (કેન્દ્રવર્તી) એજન્સી'' એટલે કલમ ૫-માં ઉલ્લેખેલી નોડલ (કેન્દ્રવર્તી) એજન્સીઓ;

(ઝ) ''જાહેરનામું'' એટલે ગુજરાતના રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલું જાહેરનામું અને ''જાહેર કરવું'' એ શબ્દોનો તદનુસાર અર્થ કરવો;

(ટ) ''પરવાનગી'' એટલે ગુજરાત રાજ્યમાં ઉદ્યોગ-સાહસ ઊભું કરવાના સંબંધમાં સક્ષમ સત્તાધિકારીએ આપેલી અથવા કાઢી આપેલી પરવાનગી, ના-વાંધા પ્રમાણપત્ર, મંજૂરી, ફાળવણી, સંમતિ, માન્યતા, રજિસ્ટ્રેશન, નામ-નોંધણી, લાઈસન્સ વગેરે અને તેમાં ઉદ્યોગ-સાહસ પોતાની કામગીરી શરૂ ન કરે ત્યાં સુધી રાજ્યના કોઈ કાયદા હેઠળ આવશ્યક હોય તેવી બીજી પરવાનગીઓનો સમાવેશ થશે;

(ઠ) ''ઠરાવેલું'' એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ડ) ''રાજ્ય'' એટલે ગુજરાત રાજ્ય; અને

(ઢ) ''રાજ્ય અધિકૃત સમિતિ (સ્ટેટ એમ્પાવર્ડ કમિટિ)'' એટલે કલમ ૩ હેઠળ રચાયેલી રાજ્ય અધિકૃત સમિતિ;

રાજ્ય અધિકૃત સમિતિ અને જિલ્લા અધિકૃત સમિતિની રચના, સત્તા અને કાર્યો.

૩. (૧) સરકાર, જાહેરનામાથી, રાજ્યમાં મૂડીરોકાણને પ્રોત્સાહન આપવાના હેતુ માટે અને ઉદ્યોગ-સાહસો ઊભા કરવા માટે, કલમ ૧૧માં જણાવ્યા પ્રમાણેના લાભો અંગેની દરખાસ્તોની વિચારણા કરવામાં મંત્રી પરિષદને સહાય કરવા માટે અને સક્ષમ સત્તાધિકારી કલમ ૧૨ હેઠળ ઠરાવેલી સમયમર્યાદાની અંદર રાજ્યના કાયદા હેઠળ આવશ્યક હોય તેવી પરવાનગી માટેની અરજીઓ અંગે વિચારણા કરીને તેનો નિકાલ કરી શકી ન હોય તેવા કિસ્સામાં, આવી અરજીઓ અંગે વિચારણા કરવા અને તેનો નિકાલ કરવા માટે, રાજ્ય અધિકૃત સમિતિ (સ્ટેટ એમ્પાવર્ડ કમિટિ)ની રચના કરી શકશે.

(૨) રાજ્ય અધિકૃત સમિતિ (સ્ટેટ એમ્પાવર્ડ કમિટિ)એ, કોઈ રાજ્ય કાયદાની જોગવાઈઓમાં છૂટછાટ આપવા માટેની અથવા તેમાંથી મુક્તિ અથવા રાહત આપવા માટેની અરજીઓને તપાસવી જોઈશે, વિભાગોની વિશેષ નોંધ, હોય તો, તેની વિચારણા કરવી જોઈશે, જરૂરી હોય, ત્યાં મૂડીરોકાણકારો સાથે ચર્ચાવિચારણા યોજવી (કરવી) જોઈશે અને મંત્રી પરિષદને તેની ભલામણો કરવી જોઈશે. મંત્રી પરિષદને ભલામણો રજૂ કરવા માટેની સમયમર્યાદા, કલમ ૧૨ હેઠળ ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૩) સરકાર, જાહેરનામાથી, સક્ષમ સત્તાધિકારી કલમ ૧૨ હેઠળ ઠરાવેલી સમયમર્યાદાની અંદર રાજ્યના કાયદા હેઠળ આવશ્યક હોય તેવી પરવાનગી માટેની અરજીઓ અંગે વિચારણા કરીને તેનો નિકાલ કરી શકી ન હોય તેવા કિસ્સામાં, આવી અરજીઓ અંગે વિચારણા કરવા અને તેનો નિકાલ કરવા માટે, દરેક જિલ્લા માટેની જિલ્લા અધિકૃત સમિતિની રચના કરી શકશે.

(૪) કોઈપણ રાજ્ય કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય અધિકૃત સમિતિ અથવા યથાપ્રસંગ, જિલ્લા અધિકૃત સમિતિને, સક્ષમ સત્તાધિકારી કલમ ૧૨ હેઠળ ઠરાવેલી સમયમર્યાદાની અંદર આવી અરજીઓ અંગે કાર્યવાહી કરીને તેનો નિકાલ કરી શકી ન હોય તેવા કિસ્સામાં, કોઈ રાજ્ય કાયદા હેઠળની પરવાનગી માટેની અરજીઓ અંગે વિચારણા કરવાની અને તેનો નિકાલ કરવાની સત્તા રહેશે. આ હેતુ માટે, આવા કાયદામાં સક્ષમ સત્તાધિકારીને કરવામાં આવેલ સંદર્ભ, રાજ્ય અધિકૃત સમિતિ અથવા યથાપ્રસંગ, જિલ્લા અધિકૃત સમિતિને કરવામાં આવેલ સંદર્ભ તરીકે ગણાશેઃ

પરંતુ સમિતિ તાત્કાલિક મળી શકે તેમ ન હોય અથવા અન્યથા અરજી અંગે વિચારણા કરી શકે તેમ ન હોય, ત્યારે સંબંધિત સમિતિના અધ્યક્ષ, કારણોની લેખિતમાં નોંધ કરીને, અરજી અંગે નિર્ણય કરી શકશે અને ત્યાર પછીની બેઠકમાં લીધેલાં પગલાં અંગે સમિતિને જાણ કરી શકશે અને આવી અરજી અંગેનો અધ્યક્ષનો નિર્ણય, સમિતિના કોઈ નિર્ણયને અધીન રહીને, તમામ હેતુઓ માટે, આ કલમ હેઠળ સંબંધિત સમિતિનો નિર્ણય છે એમ ગણાશે.

(૫) રાજ્ય અધિકૃત સમિતિ અને જિલ્લા અધિકૃત સમિતિને, ઠરાવવામાં આવે તેવા બીજા કાર્યો સોંપી શકાશે.

(૬) પેટા-કલમ (૪) હેઠળ રાજ્ય અધિકૃત સમિતિ અથવા કોઈપણ જિલ્લા અધિકૃત સમિતિએ પરવાનગી કાઢી આપી હોય, ત્યારે રાજ્ય અધિકૃત સમિતિ અથવા યથાપ્રસંગ, જિલ્લા અધિકૃત સમિતિ, કલમ ૧૨ હેઠળ ઠરાવેલી સમયમર્યાદાની અંદર અરજીનો નિકાલ કરી શકી ન હોય તેવા સંબંધિત સક્ષમ સત્તાધિકારીની સામે યોગ્ય પગલાં લેવા (ઉચિત કાર્યવાહી કરવા) સરકારને ભલામણ કરી શકશે.

૪. ઔદ્યોગિક વિસ્તરણ બ્યૂરો, આ અધિનિયમના હેતુઓ માટે મૂડીરોકાણ વૃદ્ધિ બ્યૂરો ગણાશે. **મૂડીરોકાણ વૃદ્ધિ બ્યૂરો જાહેર કરવા બાબત.**

૫. (૧) મૂડીરોકાણ વૃદ્ધિ બ્યૂરો,રાજ્ય અધિકૃત સમિતિ માટેની નોડલ (કેન્દ્રવર્તી) એજન્સી ગણાશે. **નોડલ એજન્સી.**

(૨) જિલ્લા ઔદ્યોગિક કેન્દ્ર, જિલ્લા અધિકૃત સમિતિ માટેની નોડલ (કેન્દ્રવર્તી) એજન્સી ગણાશે.

૬. સરકાર અને રાજ્ય અધિકૃત સમિતિ અથવા યથાપ્રસંગ, જિલ્લા અધિકૃત સમિતિના દેખરેખ-નિયંત્રણ, આદેશ અને નિયંત્રણને અધીન રહીને, નોડલ (કેન્દ્રવર્તી) એજન્સીની સત્તા અને તેના કાર્યો નીચે મુજબ રહેશે:- **નોડલ (કેન્દ્રવર્તી) એજન્સીની સત્તા અને તેના કાર્યો.**

(૧) અરજીપત્ર પૂરા કરવામાં મૂડીરોકાણકારોને સહાય કરવી, પૂરા થયેલા અરજીપત્રોની પહોંચ આપવી અને આવા અરજીપત્ર,કલમ ૧૨ હેઠળ ઠરાવેલી સમયમર્યાદાની અંદર તે અંગેની કાર્યવાહી કરવા માટે અને તેનો નિકાલ કરવા માટે સંબંધિત સક્ષમ સત્તાધિકારીઓને મોકલવા;

(૨) અરજીઓની સ્થિતિ અંગે દેખરેખ-નિયંત્રણ રાખવું અને અરજીઓની સ્થિતિ અંગેનો રિપોર્ટ રાજ્ય અધિકૃત સમિતિ અથવા યથાપ્રસંગ, જિલ્લા અધિકૃત સમિતિ સમક્ષ મૂકવો;

(૩) સંબંધિત સક્ષમ સત્તાધિકારી કલમ ૧૨ હેઠળ ઠરાવેલી સમયમર્યાદાની અંદર અરજીની વિચારણા કરીને તેનો નિકાલ કરી શકી ન હોય, ત્યારે મૂડીરોકાણકારોની અરજી અંગે નિર્ણય કરવા માટે તે અરજી રાજ્ય અધિકૃત સમિતિ અથવા યથાપ્રસંગ, જિલ્લા અધિકૃત સમિતિ સમક્ષ મૂકવી;

(૪) મૂડીરોકાણકારો પાસેથી કલમ ૧૧માં જણાવ્યા પ્રમાણે રાહત, મુક્તિ અને છૂટછાટ માટેની અરજીઓ સ્વીકારવી;

(૫) મૂડીરોકાણકારો પાસેથી કલમ ૧૧માં જણાવ્યા પ્રમાણે રાહત, મુક્તિ અને છૂટછાટ મેળવવા માટે મળેલી અરજી અંગે સંબંધિત વિભાગો અથવા સત્તાધિકારીઓના અભિપ્રાય મેળવવા;

(૬) સંબંધિત વિભાગ અથવા સત્તાધિકારીના અભિપ્રાય, હોય તો, તે કલમ ૧૨ હેઠળ ઠરાવેલી સમયમર્યાદાની અંદર રાજ્ય અધિકૃત સમિતિને મોકલવા;

(૭) ઠરાવેલી સમયમર્યાદાની અંદર સંબંધિત વિભાગ અથવા સત્તાધિકારીઓ પાસેથી કોઈ અભિપ્રાય ન મળ્યા હોય તેવા કિસ્સામાં, મૂડીરોકાણકારો પાસેથી કલમ ૧૧માં જણાવ્યા પ્રમાણે રાહત, મુક્તિ અને છૂટછાટ મેળવવા માટે મળેલી અરજી, કલમ ૧૨ હેઠળ ઠરાવેલી સમયમર્યાદાની અંદર રાજ્ય અધિકૃત સમિતિને મોકલવી.

સંબંધિત વિભાગ અથવા સત્તાધિકારીની જવાબદારીઓ.

૭. (૧) સક્ષમ સત્તાધિકારીએ, કલમ ૬ના ખંડ (૧) હેઠળ નોડલ એજન્સીએ પોતાને મોકલેલી અરજી અંગે, કલમ ૧૨ હેઠળ ઠરાવેલી સમયમર્યાદાની અંદર, વિચારણા કરવી જોઈશે અને તેનો નિકાલ કરવો જોઈશે.

(૨) સંબંધિત વિભાગ અથવા સત્તાધિકારીએ, કલમ ૬ના ખંડ (૫) હેઠળ નોડલ (કેન્દ્રવર્તી) એજન્સીએ માંગેલા અભિપ્રાય, ઠરાવેલી સમયમર્યાદાની અંદર આપવા જોઈશે અને સંબંધિત વિભાગ અથવા સત્તાધિકારી ઠરાવેલી સમયમર્યાદાની અંદર અભિપ્રાય ન આપે, તો એવું માનવામાં આવશે કે સંબંધિત વિભાગ અથવા સત્તાધિકારીને, કલમ ૧૧માં જણાવ્યા પ્રમાણેની જરૂરી રાહત, મુક્તિ અને છૂટછાટ અંગે કોઈ વાંધો અથવા સૂચન નથી.

અરજીપત્ર.

૮. (૧) સરકારને, ભૌતિક અથવા ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં અરજીપત્ર ઠરાવવાની સત્તા રહેશે, જેમાં નીચેની બાબતોનો સમાવેશ થશેઃ-

(ક) કેન્દ્રીય કાયદા હેઠળના નમૂના; અને

(ખ) રાજ્ય કાયદા હેઠળના વિદ્યમાન નમૂના અથવા સુધારેલા નમૂનાને બદલે, વિદ્યમાન નમૂના અથવા નવા નમૂના.

INDEX

(૨) તમામ સંબંધિત વિભાગો અથવા સત્તાધિકારીઓએ, આવી અરજી તે અંગેની કાર્યવાહી કરવા માટે સ્વીકારવી જોઈશે અને જરૂરી પરવાનગી કાઢી આપવી જોઈશે.

(૩) દરેક મૂડીરોકાણકારે, નોડલ (કેન્દ્રવર્તી) એજન્સીને અરજીપત્ર રજૂ કરતી વખતે, ઠરાવેલા નમૂનામાં 'સ્વ-પ્રમાણીકરણ' કરવું (આપવું) જોઈશે અને એ બાબત પ્રમાણિત કરવી જોઈશે કે તેઓ સંબંધિત કાયદાની લાગુ પડતી જોગવાઈઓનું પાલન કરશે. સક્ષમ સત્તાધિકારીએ, પરવાનગી આપવા અને કાઢી આપવાના હેતુ માટે, મૂડીરોકાણકારે કરેલું (આપેલું) સ્વ-પ્રમાણીકરણ સ્વીકારવું જોઈશે.

અરજી કરવા બાબત.

૯. (૧) પરવાનગી માટેની તમામ અરજીઓ, કલમ ૫ની પેટા-કલમો (૧) અને (૨)માં જણાવેલ, નોડલ (કેન્દ્રવર્તી) એજન્સીને ઠરાવેલ રીતે રજૂ કરવી જોઈશે.

(૨) કલમ ૧૧માં જોગવાઈ કર્યા પ્રમાણે, ફેરફાર કરેલા પેકેજ, છૂટછાટ, મુક્તિ અથવા રાહત મેળવવાના હેતુ માટે, કલમ ૫ની પેટા-કલમ (૧)માં જણાવેલ નોડલ (કેન્દ્રવર્તી) એજન્સીને અરજી રજૂ કરવી જોઈશે.

(૩) પેટા-કલમો (૧) અને (૨) હેઠળની અરજી ઠરાવવામાં આવે તેવા નમૂનામાં હોવી જોઈશે અને તેની સાથે ઠરાવવામાં આવે તેટલી ફી હોવી જોઈશે.

વધારાની માહિતી માંગવાની સક્ષમ સત્તાધિકારીની સત્તા.

૧૦. (૧) પરવાનગી માટેની અરજી મળ્યેથી, સક્ષમ સત્તાધિકારીને, અરજદાર પાસેથી, જરૂર હોય, તો વધારાની માહિતી મેળવવાની સત્તા રહેશે:

પરંતુ આ કલમ હેઠળની વધારાની માહિતી, ફક્ત એક જ વખત માંગવી જોઈશે અને માંગ-પત્ર નોડલ (કેન્દ્રવર્તી) એજન્સી મારફત મોકલવો જોઈશે.

(૨) અરજદારે, જરૂરી માહિતી સંબંધિત નોડલ (કેન્દ્રવર્તી) એજન્સીને પૂરી પાડવી જોઈશે.

(૩) સક્ષમ સત્તાધિકારીએ, કારણો સાથે, અરજી મંજૂર અથવા નામંજૂર કર્યા પછી, તેનો હુકમ સંબંધિત મૂડીરોકાણકારને મોકલવો જોઈશે અને તેની એક નકલ શેરો કરીને સંબંધિત નોડલ (કેન્દ્રવર્તી) એજન્સીને મોકલવી જોઈશે.

ફેરફાર કરેલા પેકેજ, છૂટછાટ, મુક્તિ અથવા રાહત આપવા બાબત.

૧૧. સરકાર અથવા તેના તાબા હેઠળના બીજા કોઈ સત્તાધિકારીને કોઈ રાજ્ય કાયદા હેઠળ એવા ફેરફાર કરેલા પેકેજ, છૂટછાટ, મુક્તિ અથવા રાહત આપવાની સત્તા હોય, ત્યારે સરકાર, રાજ્યમાં મૂડીરોકાણ કરવાનું સરળ બનાવવાના હેતુથી, પોતાને યોગ્ય લાગે તેવી શરતોને અધીન રહીને, રાજ્યમાં કોઈ ઉદ્યોગ-સાહસને અથવા ઉદ્યોગ-સાહસના કોઈ વર્ગને, આવા ફેરફાર કરેલા પેકેજ, છૂટછાટ, મુક્તિ અથવા રાહત આપી શકશે.

અરજીઓ અંગે કાર્યવાહી કરવા માટેની સમયમર્યાદા.

૧૨. (૧) તત્સમયે અમલમાં હોય તેવા કોઈપણ રાજ્ય કાયદા, નીતિ અથવા હુકમોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, સરકાર, સક્ષમ સત્તાધિકારી દ્વારા અરજીઓ અંગે કાર્યવાહી કરવાની અને તેનો નિકાલ કરવા અંગેની સમયમર્યાદા ઠરાવી શકશે.

(૨) સરકાર, નોડલ (કેન્દ્રવર્તી) એજન્સી માટે અરજી અંગે કરવાની કાર્યવાહી માટેની અને સક્ષમ સત્તાધિકારી, સંબંધિત વિભાગ અથવા સત્તામંડળ પાસેથી અભિપ્રાય મંગાવવા માટેની અને તે (અભિપ્રાય) રાજ્ય અધિકૃત સમિતિને અને યથાપ્રસંગ, જિલ્લા અધિકૃત સમિતિને મોકલવા માટેની સમયમર્યાદા ઠરાવી શકશે.

(3) સરકાર, રાજ્ય અધિકૃત સમિતિ માટે, પોતાની ભલામણો મંત્રી પરિષદને રજૂ કરવા માટે સમયમર્યાદા ઠરાવી શકશે.

અપીલ.

૧૩. કોઇ મૂડીરોકાણકાર-

(૧) સક્ષમ સત્તાધિકારીના હુકમોથી નારાજ થયેલ હોય, તો રાજ્ય અધિકૃત સમિતિને;

(૨) જિલ્લા અધિકૃત સમિતિના હુકમોથી નારાજ થયેલ હોય, તો રાજ્ય અધિકૃત સમિતિને;

(3) રાજ્ય અધિકૃત સમિતિના હુકમોથી નારાજ થયેલ હોય, તો સરકારને,

- અપીલ કરવાનો હુકમ તેને (મૂડીરોકાણકારને) મળે તે તારીખથી ત્રીસ દિવસની અંદર અપીલ કરી શકશે.

ફેર-તપાસ

૧૪. (૧)રાજ્યના કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, સરકાર, આપમેળે અથવા આ અર્થે તેને અરજી પર,કોઇ સક્ષમ સત્તાધિકારી અથવા રાજ્ય અધિકૃત સમિતિ અથવા જિલ્લા અધિકૃત સમિતિ સમક્ષ કોઇ કાર્યવાહીના રેકર્ડ

રજૂ કરવા માટે બોલાવી શકશે અને તેમાં કરેલી કાર્યવાહી અથવા કરેલા હુકમોનીનું ઔચિત્ય તપાસી શકશે જેથી એ બાબત સુનિશ્ચિત થઇ શકે કે હુકમો, જાહેર નીતિ કે કાયદાની જોગવાઇઓ વિરુદ્ધના નથી અને તેમાં, પરવાનગી માટેની અરજી નામંજૂર થવાના કિસ્સામાં, આવી રીતે ફેર-તપાસ કરવામાં આવેલા હુકમો થયાના એક વર્ષની અંદર અને પરવાનગી આપવાના કિસ્સામાં ત્રણ મહિનાની અંદર, પોતાને યોગ્ય લાગે તેવા હુકમો કરી શકશે.

(૨) આ કલમ હેઠળ સરકાર દ્વારા કરવામાં આવેલા હુકમો, આખરી ગણાશે અને તે તમામ સંબંધિતને બંધનકર્તા રહેશે.

રાજ્ય અધિકૃત સમિતિ અને જિલ્લા અધિકૃત સમિતિની હકૂમત.

૧૫. રોકાણના જે વર્ગ જેના માટે અથવા મૂડી-રોકાણની જે મર્યાદા જયાં સુધી,રાજ્ય અધિકૃત સમિતિ અથવા જિલ્લા અધિકૃત સમિતિને,કલમ ૩ હેઠળ પરવાનગી આપવા અંગેની અરજી વિચારણામાં લેવા અને તેનો નિકાલ કરવાની હકૂમત હોય ત્યાં સુધી,તે ઠરાવવામાં આવે તેવી રહેશે.

શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ .

૧૬. અધ્યક્ષ અથવા રાજ્ય અધિકૃત સમિતિ અથવા જિલ્લા અધિકૃત સમિતિના બીજા સભ્યો અથવા સરકારના કોઇપણ કર્મચારી સામે આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમો હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇ કાર્યના સંબંધમાં, કોઇપણ દાવો, ફોજદારી કામ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઇ શકશે નહિ.

ગોપનીયતા (ગુપ્તતા).

૧૭. સરકારની કોઇપણ એજન્સી અથવા સત્તામંડળ અથવા કોઇ સ્થાનિક સત્તામંડળ કે જેમાં તે હેઠળના કોઇ પદાધિકારીઓ સમાવિષ્ટ છે, તેણે, મૂડીરોકાણકારની બૌદ્ધિક સંપત્તિના સ્વરૂપની કોઇ માહિતી,આવા મૂડીરોકાણકારની સંમતિ વિના બીજા કોઇ મૂડીરોકાણકાર અથવા યોગ્ય રીતે અધિકૃત કરવામાં આવી ન હોય તેવી કોઇ વ્યક્તિને જાહેર (પ્રગટ) કરવી જોઇશે નહિ:

પરંતુ રાજ્યમાં કરવામાં આવેલા મૂડી-રોકાણની બોલીઓ અને શરતોના સંબંધમાં, સરકાર અથવા તેની કોઇ એજન્સીઓ અથવા સત્તામંડળો અથવા કોઇ સ્થાનિક સતામંડળ દ્વારા મૂડીરોકાણકારને પૂરી પાડવામાં આવેલી તમામ માહિતી અને સુવિધાઓ, કોઇ હોય, તોતે, સરકાર દ્વારા જાહેર જનતાની માહિતી માટે જાહેર કરવી જોઇશે.

વચગાળાની જોગવાઇઓ.

૧૮. આ અધિનિયમની જોગવાઇઓ, સંબંધિત મૂડીરોકાણકાર, ઠરાવેલા નમૂનામાં અને તેવી રીતે નોડલ (કેન્દ્રવર્તી) અધિકારીને અરજી રજૂ કરીને એવો વિકલ્પ આપે, તો આ અધિનિયમના આરંભની તારીખે સરકાર અથવા તેની કોઇ એજન્સીઓ, સત્તામંડળો અથવા તેના ઉપક્રમોની વિચારણા હેઠળ હોય,તેવી તમામ મૂડી-રોકાણની દરખાસ્તોને લાગુ પડશે.

અધિનિયમને બીજા રાજ્ય કાયદાની ઉપરવટ ગણવા બાબત.

૧૯. આ અધિનિયમમાં અન્યથા જોગવાઇ કરી હોય તે સિવાય, તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ રાજ્ય કાયદામાં અથવા આવા કોઇ કાયદાની રૂએ અસર ધરાવતા કોઇ રિવાજ અથવા રૂઢિ અથવા કોઇ લેખમાં કંઇપણ અસંગત હોય તેમ છતાં, આ અધિનિયમની જોગવાઇઓ ઉપરવટ અમલ ધરાવશે.

મુશ્કેલી દૂર કરવાની સત્તા.

૨૦.(૧) આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય તો, સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે પોતાને જરૂરી અથવા ઇષ્ટ જણાય તેવી, આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશે:

પરંતુ આ અધિનિયમના આરંભથી બે વર્ષની મુદત પૂરી થયા પછી, આ કલમ હેઠળ કોઇપણ હુકમ કરી શકાશે નહિ.

(૨) આ કલમ હેઠળ કરેલ દરેક હુકમ,તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે.

નિયમો કરવાની સત્તા.

૨૧(૧) સરકાર, જાહેરનામાથી, સામાન્ય રીતે આ અધિનિયમની જોગવાઇઓને પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) આ અધિનિયમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળનું સત્ર ચાલુ હોય ત્યારે, એક જ સત્રમાં અથવા લાગલગાટ બે સત્રોમાં મળીને ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે અને જે સત્રમાં તે એવી રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર અથવા તરત પછીનું સત્ર પૂરું થતાં પહેલાં તે રાજ્ય વિધાનમંડળનું ગૃહ આવા નિયમોમાં કોઇ ફેરફાર કરે અથવા સંમત થાય કે તેવો કોઇ નિયમ કરવો જોઇએ નહિ, તો તેવો નિયમ, એવા ફેરફાર કરેલા સ્વરૂપમાં જ અમલમાં રહેશે અથવા યથાપ્રસંગ, અમલમાં રહેશે નહિ, તેમ છતાં એવો કોઇ ફેરફાર થવાથી અથવા તે રદ થવાથી તે નિયમ હેઠળ અગાઉ કરેલાં કોઇપણ કૃત્યની કાયદેસરતાને બાધ આવશે નહિ.

ઉદ્દેશો અને કારણો

એક-બારી યોજના (Single Window Scheme)–એ રાજ્યમાં સન ૨૦૧૫-થી અમલમાં હતી.

ગુજરાત રાજ્યમાં વિવિધ લાઇસન્સ, પરવાનગી અને મંજૂરીની ઝડપી અને નિયત સમયમાં માન્યતા આપવા માટેની અને સક્ષમ સત્તાધિકારીઓ સમયસર કામગીરી કરવામાં નિષ્ફળ જાય તેવા કિસ્સામાં, શરૂ કરવાના વૈકલ્પિક એક-બારી પરવાનગી તંત્ર (single window clearance mechanism)ને સક્ષમ બનાવવા માટેની, મૂડીરોકાણકારોને સાનુકૂળ હોય તેવા વાતાવરણનું સમર્થન કરવા માટેની જોગવાઇ કરવાનું આવશ્યક બન્યું હતું અને એક-બારી સમર્થનકારી અને પરવાનગી તંત્રની જોગવાઇ કરીને, રાજ્યમાં મૂડીરોકાણ પરિયોજના (પ્રોજેક્ટ)ના ઝડપી અમલ માટેનું વાતાવરણ ઊભું કરવું ઇષ્ટ હતું.

તેથી આ વિધેયક.

ગાંધીનગર.
તારીખ: ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૬.

બલવંતસિંહ રાજપૂત,
વિ.સ.સ.

INDEX

ધારાકીય સત્તા સોંપવાની યાદી

વિધેયકની નીચેની કલમો અધિનિયમિત કરવામાં આવે, તો રાજ્ય સરકારને, આવી કલમો સામે જણાવવામાં આવેલી બાબતોના સંબંધમાં નીચે મુજબ નિયમો કરવાની સત્તા મળે છે:–

કલમ	ના સંબંધમાં
૩ (૫)	રાજ્ય અધિકૃત સમિતિ અને જિલ્લા અધિકૃત સમિતિને સોંપવાના બીજા કાર્યો ઠરાવવાની ;
૭(૨)	એવી મુદત કે જેમાં સંબંધિત વિભાગો અથવા સત્તામંડળોએ કલમ ૬ના ખંડ (૫) હેઠળ નોડલ (કેન્દ્રવર્તી) એજન્સીએ માંગેલા અભિપ્રાયો પૂરા પાડવા જોઇશે તે મુદત ઠરાવવાની;
૮	ભૌતિક અથવા ઇલેક્ટ્રોનિક જે સ્વરૂપમાં મૂડીરોકાણકાર સંબંધિત નોડલ (કેન્દ્રવર્તી) એજન્સીને તેની અરજી રજૂ કરવી જોઇશે તે અરજીનો નમૂનો ઠરાવવાની અને મૂડીરોકાણકારે અરજીના નમૂના સાથે નોડલ (કેન્દ્રવર્તી) એજન્સીને રજૂ કરવાના ''સ્વ–પ્રમાણીકરણ'' માટેના નમૂનાને ઠરાવવાની;
૯	નોડલ (કેન્દ્રવર્તી) એજન્સીને પરવાનગી માટેની તમામ અરજીઓ જે રીતે અને જે નમૂનામાં રજૂ કરવી જોઇશે, તે રીત અને નમૂનો અને અરજીના નમૂના સાથે જોડવાની ફી ઠરાવવાની;
૧૨	જે સમયમર્યાદામાં સક્ષમ સત્તાધિકારીએ અરજીઓની કાર્યવાહી કરવી જોઇશે અને તેનો નિકાલ કરવો જોઇશે, નોડલ (કેન્દ્રવર્તી) એજન્સીએ અરજીની કાર્યવાહી કરવી જોઇશે, સક્ષમ સત્તાધિકારી, સંબંધિત વિભાગો અથવા સત્તામંડળો પાસેથી અભિપ્રાયો મંગાવવા જોઇશે અને તે રાજ્ય અધિકૃત સમિતિ અને જિલ્લા અધિકૃત સમિતિને રજૂ કરવા જોઇશે યથાપ્રસંગ,અને રાજ્ય અધિકૃત સમિતિએ તેની ભલામણો મંત્રી પરિષદને રજૂ કરવી જોઇશે, તે સમયમર્યાદા ઠરાવવાની;
૧૫	મૂડીરોકાણના જે વર્ગ જેના માટે અથવા મૂડી–રોકાણની જે મર્યાદા જયાં સુધી રાજ્ય અધિકૃત સમિતિ અથવા જિલ્લા અધિકૃત સમિતિને પરવાનગી અંગેની અરજીઓ વિચારણામાં લેવા અને તેનો નિકાલ કરવાની હકૂમત હોય ત્યાં સુધી, તે મૂડીરોકાણના વર્ગ અને મૂડીરોકાણની તે મર્યાદા ઠરાવવાની;
૧૮	જે રીતે અને જે નમૂનામાં મૂડી–રોકાણકારે નોડલ (કેન્દ્રવર્તી) એજન્સીને અરજી રજૂ કરીને તે કલમ હેઠળ વિકલ્પ રજૂ કરી શકશે, તે રીત અને નમૂનો ઠરાવવાની; અને
૨૧	સામાન્ય રીતે આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે, જાહેરનામાથી, નિયમો કરવાની સરકારને સત્તા મળે છે.

સૂચિત સોંપણી સામાન્ય પ્રકારની છે અને ખાસ કરીને, વિગતોની બાબતોને સંબંધિત છે.

ગાંધીનગર.
તારીખ: ૩જી ફેબ્રુઆરી, ૨૦૧૬.

બલવંતસિંહ રાજપૂત,
વિ.સ.સ.

ડી. એમ. પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગાંધીનગર.
તારીખ: ૧૦મી માર્ચ, ૨૦૧૬.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 60

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, MARCH 10, 2016/PHALGUNA 20, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી મણીભાઈ વાઘેલાએ તા. ૧૦મી માર્ચ, ૨૦૧૬ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમો-૧૨૭-ક અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

GUJARAT BILL NO. 20 OF 2016.

THE GUJARAT PUBLIC ENTERPRISES SERVICE COMMISSION BILL, 2016.

A BILL

to provide for the Constitution of a Commission for the Selection of Staff for appointment to posts in public enterprises and for matters connected therewith and incidental thereto.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૨૦.

ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન વિધેયક, ૨૦૧૬.

જાહેર સાહસોમાંની જગાઓ પર નિમણૂક અંગે સ્ટાફની પસંદગી માટે કમિશન રચવાની અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજયના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. **ટૂંકીસંજ્ઞા અને આરંભ.**

(૨) તે, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો- **વ્યાખ્યા.**

(ક) ''અધ્યક્ષ''એટલે કમિશનના અધ્યક્ષ;

(ખ) ''કમિશન'' એટલે કલમ ૩ની પેટા-કલમ (૧) હેઠળ રચેલું ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન;

(ગ) ''સરકાર'' એટલે ગુજરાત સરકાર;

(ઘ) ''જાહેરનામું'' એટલે રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલ જાહેરનામું અને ''જાહેર કરવું''એ શબ્દનો અર્થ તદ્‌નુસાર કરવો;

(ચ) ''ઠરાવેલું'' એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(છ) ''જાહેર સાહસ''એટલે ગુજરાત રાજ્યનું કોઇ જાહેર સાહસ પછી તે કાયદાથી રચાયેલ હોય અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળ રજિસ્ટર થયેલ હોય.

ગુજરાત જાહેર સાહસ સેવા કમિશનની રચના.

૩. (૧) રાજ્ય સરકાર, જાહેરનામાથી, ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન-એ નામથી કમિશનની રચના કરી શકશે.

(૨) કમિશન શાશ્વત ઉત્તરાધિકાર ધરાવતું સંસ્થાપિત મંડળ રહેશે અને તેનું એક સામાન્ય સીલ રહેશે અને સદરહુ કોર્પોરેશનના નામથી તે દાવો માંડી શકશે અને તેના ઉપર દાવો માંડી શકાશે.

(૩) કમિશનનું મુખ્ય મથક, સરકાર ઠરાવે તેવા સ્થળે રહેશે.

કમિશનની રચના.

૪. (૧) કમિશન ત્રણથી ઓછા નહિ અને નવથી વધુ નહિ તેટલા સભ્યોનું બનશે, જેમાંના એક રાજ્ય સરકાર દ્વારા નિમાયેલ અધ્યક્ષ રહેશે.

(૨) અધ્યક્ષ અને સભ્યો એવી વ્યકિતઓ હોવી જોઇશે કે જે સરકારના અભિપ્રાય મુજબ સમર્થ હોય, પ્રમાણિક હોય અને સમજદાર હોય અને જે જાહેર વહીવટી અથવા કર્મચારી ગણના સંચાલન અથવા ઔધોગિક તંત્રના સંચાલનમાં વિશેષ જ્ઞાન અથવા પ્રત્યક્ષ અનુભવ ધરાવતી હોય.

અધ્યક્ષ અને સભ્યોની સેવાની બોલીઓ અને શરતો.

૫. (૧) કમિશનના અધ્યક્ષ અથવા બીજા કોઇ સભ્ય, જે તારીખે તેમનો હોદ્દો સંભાળે તે તારીખથી ત્રણ વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે :

પરંતુ જે વ્યકિતએ અધ્યક્ષ અથવા અન્ય સભ્ય તરીકે હોદ્દો ધરાવ્યો હોય તે વ્યકિત તેના હોદ્દાની મુદત પૂરી થયે, માત્ર ત્રણ વર્ષની બીજી મુદત માટે નિમણૂકને પાત્ર ગણાશે :

વધુમાં, જે કોઇ વ્યકિત બાસઠ વર્ષની ઉંમરની થઇ હોય તે અધ્યક્ષ તરીકે અથવા બીજા સભ્ય તરીકે ગમે તે હેસિયતથી હોદ્દો ધરાવવાને પાત્ર ગણાશે નહિ.

(૨) અધ્યક્ષ અથવા બીજા કોઇ સભ્યનો હોદ્દો, રાજીનામાથી અથવા અન્યથા ખાલી પડે તો અથવા અધ્યક્ષની ગેરહાજરીના કારણે અથવા અન્ય કોઇ કારણસર તેની હોદ્દાની ફરજો બજાવી શકે તેમ ન હોય તો, તે ફરજો યથાપ્રસંગ, કોઇ વ્યકિતને ખાલી પડેલા હોદ્દા પર નિમવામાં ન આવે ત્યાં સુધી અથવા અધ્યક્ષ તેમનો હોદ્દો ગ્રહણ ન કરે ત્યાં સુધી, આ હેતુ માટે સરકાર નીમે તેવા બીજા સભ્યોમાંથી એક સભ્ય બજાવશે.

(૩) અધ્યક્ષ અથવા બીજા કોઇ સભ્ય, તેની સહીથી, સરકારને ઉદ્દેશીને લેખિતમાં, તેના હોદ્દાનું રાજીનામું આપી શકશે, પણ તેનું રાજીનામું સરકાર ન સ્વીકારે ત્યાં સુધી, તે હોદ્દા પર ચાલુ રહેશે.

(૪) અધ્યક્ષ અને બીજા સભ્યોના પગાર, સરકાર ઠરાવે તેવા રહેશે અને સેવાની બીજી બોલીઓ અને શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે.

અધ્યક્ષ અથવા સભ્યોને દૂર કરવા બાબત.

૬. સરકાર, ઠરાવવામાં આવે તેવી રીતે તપાસ કર્યા પછી, નીચેનાં કારણો પૈકી કોઇપણ કારણસર, અધ્યક્ષ અથવા બીજા કોઇ સભ્યને તેના હોદ્દા ઉપરથી દૂર કરી શકશે :-

(ક) નૈતિક-અધઃ પતનનો સમાવેશ થતો હોય તેવી ગેરવર્તણૂક ;

(ખ) નાદારી;

(ગ) મગજ અથવા શરીરની અશકતતા; અથવા

(ઘ) તેના હોદ્દાની મુદત દરમિયાન તેના હોદ્દાની ફરજો બહાર કોઇપણ સવેતન રોજગારમાં રોકાયેલા હોય.

કમિશનનો સ્ટાફ.

૭. (૧) કમિશનનો સ્ટાફ નીચેનાનો બનશે :-

(ક) સેક્રેટરી જેની સરકાર નિમણૂક કરશે, અને

(ખ) સરકારની પૂર્વ મંજૂરી લઇને, કમિશન વખતોવખત નીમી શકે તેવા બીજા કર્મચારીઓ.

(૨) કમિશનના સેક્રેટરી અને બીજા કર્મચારીઓના પગાર ઠરાવવામાં આવે તેવા રહેશે.

(૩) કમિશનના સેક્રેટરી અને કર્મચારીઓની સેવાની બીજી બોલીઓ અને શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે.

કમિશનનાં કાર્યો.

૮. (૧) તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદામાં અથવા કોઇપણ કરાર, રિવાજ અથવા રૂઢિમાં વિરૂદ્ધનો ગમે તે મજકૂર હોય તે છતાં, જાહેર સાહસોમાંની જગાઓ પર નિમણૂક માટે વ્યકિતઓની પસંદગી કરવાની કમિશનની ફરજ રહેશે.

(૨) કમિશનને લખી મોકલવામાં આવે તેવી બાબતો અંગે જાહેર સાહસોને સલાહ આપવાની કમિશનની ફરજ રહેશે.

કમિશનને જાણ કરવાની જાહેર સાહસોની ફરજ.

૯. આ અધિનિયમના આરંભે ખાલી જગાઓ અને જાહેર સાહસોમાં અંદાજિત કુલ ખાલી જગાઓની સંખ્યા વિષે કમિશનને જાણ કરવાની દરેક જાહેર સાહસની ફરજ રહેશે અને આવી તમામ વિદ્યમાન ખાલી જગાઓ અને જુદી જુદી ખાલી જગાઓની અંદાજિત કુલ સંખ્યા અને વર્ષના બાકીના ભાગ દરમિયાન ખાલી પાડવાનો સંભવ હોય તેવી જગાઓના સંબંધમાં આવા આરંભ પછી એક મહિનાની અંદર અને તરત પછીના દરેક વર્ષ દરમિયાન ખાલી પાડવાનો સંભવ હોય તેવી તમામ જગાઓના સંબંધમાં આવા વર્ષના આરંભ પછી એક મહિનાની અંદર આવી જાણ કરવી પડશે.

વ્યકિતઓની પસંદગીની રીત અને કમિશનના કામકાજના સંચાલન માટેની કાર્યરીતિ.

૧૦. (૧) જાહેર સાહસમાં નિમણૂક માટે વ્યકિતઓની પસંદગીની રીત, વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૨) કમિશનના કામકાજના સંચાલન માટેની કાર્યરીતિ, વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી રહેશે.

ભલામણો કરવાની કમિશનની ફરજ.

૧૧. જાહેર સાહસો દ્વારા કમિશનને જણાવેલી ખાલી જગાઓ ભરવા અંગે નિમણૂકો માટે, વિનિયમોથી નિર્દિષ્ટ કરી હોય તેવી રીતે, આવા જાહેર સાહસો પૈકી દરેકના માટે, ભલામણો કરવાની કમિશનની ફરજ રહેશે.

જાણ કરેલી ખાલી જગાઓ, માત્ર કમિશનની ભલામણોથી

૧૨. (૧) કલમ ૯ હેઠળ કમિશનને જાણ કરવાની હોય તેવી તમામ ખાલી જગાઓ પરની નિમણૂકો, દરેક જાહેર સાહસોના સંબંધમાં કમિશન જાહેર કરે તેવી તારીખે અથવા તે તારીખથી માત્ર કમિશનની ભલામણો ઉપરથી કરવી જોઇશે.

INDEX

(૨) કલમ ૯ હેઠળ કોઈ જાહેર સાહસે કમિશનને જણાવેલ તમામ ખાલી જગાઓ ઉપર નિમણૂક કરવા માટે ભલામણ કરવા કોઈપણ વર્ષમાંકમિશન અસમર્થ હોય, તો અથવા કમિશને કરેલ ભલામણોના આધારે કોઈપણ વર્ષમાં નિમણૂકો કરવા જાહેર સાહસ અસમર્થ, હોય, તો ખાલી જગાઓ, પછીના વર્ષમાં લઈ જઈ શકાશે.

૧૩. તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદામાં અથવા કોઈ કરારમાં, રિવાજમાં કે રૂઢિમાં વિરૂધ્ધનો કોઈપણ મજકૂર હોય તે છતાં, જાહેર સાહસોમાંની જગાઓ ઉપરની નિમણૂકો, કમિશનની ભલામણો ઉપર કરવી જોઈશે.

કમિશનની ભલામણની અસર .

૧૪. કમિશન, પોતાના અભિપ્રાય મુજબ, એવું માને કે રેકર્ડ, રીપોર્ટ અથવા અન્ય માહિતી પોતાની કામગીરી કાર્યક્ષમ રીતે અદા કરવા માટે જરૂરી છે, તો- એવા કોઈ રેકર્ડ, રિપોર્ટ અથવા બીજી માહિતી કોઈપણ જાહેર સાહસો પાસેથી મંગાવી શકશે અને જાહેર સાહસોએ, કમિશનને એવા રેકર્ડ, રિપોર્ટ અથવા અન્ય માહિતી પૂરી પાડવી જોઈશે.

રેકર્ડ મંગાવવાની સત્તા.

૧૫. કમિશનના અધ્યક્ષ અને સભ્યો અને સેક્રેટરી અને બીજા કર્મચારીઓએ, કમિશનના કામકાજોને લગતી ગુપ્તતા ચુસ્તપણે જાળવવી જોઈશે અને તે કોઈપણ ન્યાયિક અથવા બીજા સત્તાધિકારીએ તેમ કરવાની ફરજ પાડી હોય તે સિવાય, અથવા પોતાની ફરજ બજાવવામાં તેમ કરવાની ઉપરી અધિકારીએ સૂચના આપી હોય તે સિવાય જાહેર જનતાના સભ્યોને ખાનગી પ્રકારની કોઈ માહિતી પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે પ્રગટ કરવી નહિ.

ગુપ્તતા સંબંધી ફરજો.

૧૬. આ અધિનિયમ હેઠળ નિમાયેલ કમિશનના અધ્યક્ષ, સભ્યો, સેક્રેટરી અને બીજા કર્મચારીઓ, આ અધિનિયમ હેઠળ જયારે કામ કરતા હોય અથવા કામ કરવાનું અભિપ્રેત હોય, ત્યારે તેઓ ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજય સેવકો ગણાશે.

સન ૧૮૬૦ના અધિનિયમ ક્રમાંક ૪૫મા હેઠળ અધ્યક્ષ, સભ્યો વગેરે, રાજય સેવક ગણાશે.

૧૭. કમિશન અથવા તેની કોઈપણ સમિતિનું કોઈપણ કાર્ય અથવા કાર્યવાહી યથાપ્રસંગ, કમિશનના અધ્યક્ષ અથવા કમિશનનો કે સમિતિનો કોઈ સભ્ય આવો હોદ્દો ધારણ કરવા અથવા તેના ઉપર ચાલુ રહેવા હકદાર ન હતા એ કારણોસર અથવા યથાપ્રસંગ, કમિશનના અધ્યક્ષ અથવા કમિશન કે સમિતિના કોઈપણ સભ્યના હોદ્દાની કોઈ ખાલી જગાની મુદત દરમિયાન એવું કાર્ય કે કાર્યવાહી કરવામાં કે ચલાવવામાં આવેલ છે, એ કારણસર કમિશન કે તેની કોઈ સમિતિનું કાર્ય કે કાર્યવાહી ગેરકાયદેસર ગણાશે નહિ.

કમિશનમાં અથવા તેની સમિતિઓમાં, ખાલી જગાઓ વગેરે હોવાના કારણે કાર્યવાહીઓ ગેરકાયદેસર

શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ આપવા બાબત.

૧૮. આ અધિનિયમ હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇ કાર્ય માટે, કોઇ વ્યકિત સામે કોઇપણ દાવો, ફરિયાદ અથવા બીજી કાનૂની કાર્યવાહીઓ થઇ શકશે નહિ.

નિયમો કરવાની રાજય સરકારની સત્તા.

૧૯. (૧) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) આ કલમથી મળેલી નિયમો કરવાની સત્તા, પૂર્વ પ્રસિદ્ધિ પછી નિયમો કરવાની શરતને અધીન રહેશે.

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે અને જે સત્રમાં તે એવી રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર અથવા ત્યાર પછી તરત આવતા સત્ર દરમિયાન, રાજય વિધાનમંડળ તેમાંથી જે કંઇ રદ કરે અથવા તેમાં જે કંઇ ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

વિનિયમો કરવાની કમિશનની સત્તા.

૨૦. (૧) કમિશન, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે, રાજય સરકારની પૂર્વમંજૂરીથી, વિનિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા વિના, આવા વિનિયમોથી નીચેની તમામ બાબતો અથવા તે પૈકી કોઇપણ બાબત માટે જોગવાઇ કરી શકાશે :-

(ક) કલમ -૭ની પેટા-કલમ (૩) હેઠળ, કમિશનના કર્મચારીઓની સેવાની બોલીઓ અને શરતો;

(ખ) કલમ- ૧૦ ની પેટા-કલમ (૧) હેઠળ જાહેર સાહસોમાંની જગાઓ ઉપરની નિમણૂક માટે વ્યકિતઓની પસંદગી કરવાની રીત;

(ગ) કલમ-૧૦ની પેટા-કલમ (૨) હેઠળ કમિશનના કામકાજના સંચાલન માટેની કાર્યરીતિ;

(ઘ) કમિશનનાં આવક અને ખર્ચ, અંદાજપત્રીય હિસાબો અને ઓડિટ તથા વાર્ષિક રિપોર્ટ.

ઉદ્દેશો અને કારણો

હાલમાં, દરેક જાહેર સાહસ (એટલે કે સરકારી કંપની, કોર્પોરેશન વગેરે) પોતાનો સ્ટાફ પોતાની રીતે પસંદ કરે છે.સ્ટાફની પસંદગીમાં અનિયમિતતા અને ગેરરીતિઓ સંબંધી ઘણી ફરિયાદો છે. ઘણી વખત, સ્ટાફની પસંદગીની રીત પણ પધ્ધતિસર નથી. તે દ્રષ્ટિએ, જાહેર સાહસોના સ્ટાફની પસંદગીમાં અનિયમિતતા અને ગેરરીતિઓ સંબંધી ફરિયાદો ટાળવા માટે, ગુજરાત જાહેર સાહસ સેવા કમિશન સ્થાપવાનું જરૂરી જણાયું છે. કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની અગત્યની જોગવાઈઓ સમજાવવામાં આવી છે :-

કલમ ૩.- આ કલમથી, ગુજરાત જાહેર સાહસ સેવા કમિશનની રચના માટે જોગવાઈ કરી છે, જે શાશ્વત ઉત્તરાધિકાર ધરાવતું સંસ્થાપિત મંડળ રહેશે.

કલમ ૪.- આ કલમથી, ત્રણથી ઓછા ન હોય અને નવથી વધુ ન હોય તેટલા સભ્યોવાળા કમિશનની રચના માટે જોગવાઈ કરી છે.

કલમ ૫.- આ કલમથી, અધ્યક્ષ અને સભ્યોના હોદ્દાની બોલીઓ અને શરતો માટે જોગવાઈ કરી છે.

કલમ ૬.- આ કલમથી, અમુક કારણોસર અધ્યક્ષ અથવા સભ્યોને દૂર કરવા માટે જોગવાઈ કરી છે.

કલમ ૮.- આ કલમથી, કમિશનના કાર્યો માટે જોગવાઈ કરી છે.

કલમ ૯.- આ કલમથી, જાહેર સાહસોમાંની ખાલી જગાઓની જાણ કમિશનને કરવાની ગુજરાતના જાહેર સાહસો ઉપર ફરજ નાંખી છે.

કલમ ૧૨.- આ કલમથી, એવી જોગવાઈ કરી છે કે જાહેર સાહસમાંની ખાલી જગાઓ કમિશનની ભલામણ ઉપરથી જ ભરવી જોઈએ.

કલમ ૧૬.- આ કલમથી, એવી જોગવાઈ કરી છે કે અધ્યક્ષ, સભ્યો અને બીજો સ્ટાફ ભારતના ફોજદારી અધિનિયમના અર્થ મુજબ રાજ્ય સેવકો ગણાશે.

કલમ ૧૮.- આ કલમ ક્ષતિપૂર્તિ કલમ છે.

કલમ ૧૯.- આ કલમથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની રાજ્ય સરકારની સત્તા માટે જોગવાઈ કરી છે.

ગાંધીનગર,
તારીખઃ ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

મણીભાઈ વાઘેલા,
વિ.સ.સ.

INDEX

નાણાકીય યાદી

કલમ ૫ની પેટા-કલમ (૪)થી, કમિશનના અધ્યક્ષ અને બીજા સભ્યોના પગાર અને ભથ્થાં અને સેવાની બીજી શરતો માટે જોગવાઈ કરી છે.

કલમ ૭ની પેટા-કલમો (૨) અને (૩)થી, કમિશનના સેક્રેટરી અને બીજા કર્મચારીઓના પગાર અને સેવાની બીજી બોલીઓ અને શરતો માટે જોગવાઈ કરી છે.

આ જોગવાઈઓ અધિનિયમિત કરવામાં આવે અને અમલમાં લાવવામાં આવે, તો રાજયના આકસ્મિક ફંડમાંથી આશરે વીસ લાખ રૂપિયાનો વાર્ષિક ખર્ચ થવા સંભવ છે, જેમાંથી આશરે દસ લાખ રૂપિયા આવર્તક પ્રકારના રહેશે અને આશરે દશ લાખ રૂપિયા અનાવર્તક પ્રકારના રહેશે.

મણીભાઈ વાઘેલા,
વિ.સ.સ.

ગાંધીનગર,
તારીખઃ ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ધારાકીય સત્તા સોંપવાની યાદી

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને જે તારીખે આ અધિનિયમ અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૩.- આ કલમની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને જે સ્થળે કમિશનનું મુખ્ય મથક રાખવામાં આવશે તે સ્થળ ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૫.- આ કલમની પેટા-કલમ (૪)થી, રાજ્ય સરકારને કમિશનના અધ્યક્ષના અને બીજા સભ્યોનાં પગાર અને તેઓની સેવાની બીજી બોલીઓ અને શરતો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૬.- આ કલમથી, રાજ્ય સરકારને, જે રીતે તપાસ કરવી જોઇશે તે રીત ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૭.- (૧) આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, કમિશનના સેક્રેટરી અને બીજા કર્મચારીઓના પગાર ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, કમિશનના સેક્રેટરી અને બીજા કર્મચારીઓની બીજી બોલીઓ અને શરતો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૦.- (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, કમિશનને, વિનિયમ દ્વારા નિમણૂક માટે વ્યક્તિઓની પસંદગી કરવાની રીત માટે જોગવાઇ કરવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ (૨)થી, કમિશનને, તેના કામકાજના સંચાલન માટેની કાર્યરીતિ, વિનિયમથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૧.- આ કલમથી, જાહેર સાહસોને, કમિશને ભલામણો કરવા માટેની રીત વિનિયમોથી નિર્દિષ્ટ કરવાની કમિશનને સત્તા મળે છે.

કલમ ૧૯.- આ કલમથી, રાજ્ય સરકારને, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

કલમ ૨૦.- આ કલમથી, કમિશનને, રાજ્ય સરકારની પૂર્વ-મંજૂરી લઇને, વિનિયમો કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

ગાંધીનગર, **મણીભાઈ વાઘેલા,**
તારીખ: ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬. **વિ.સ.સ.**

ડી. એમ. પટેલ
ગાંધીનગર. સચિવ,
તારીખ: ૧૦મી માર્ચ, ૨૦૧૬. ગુજરાત વિધાનસભા.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 61

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, MARCH 10, 2016/PHALGUNA 20, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than Those published in other parts.

સભ્યશ્રી મણીભાઈ વાઘેલાએ તા.૧૦મી માર્ચ, ૨૦૧૬ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-ક અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

GUJARAT BILL NO. 21 OF 2016

THE GUJARAT RESERVATION OF VACANCIES IN POSTS AND SERVICES (FOR SCHEDULED CASTES AND SCHEDULED TRIBES) BILL, 2016

A BILL

to provide for adequate representation of Scheduled Castes and Scheduled Tribes in posts and services under the State.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૨૧

ગુજરાત (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની) જગાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવા બાબત વિધેયક, ૨૦૧૬

રાજ્ય હેઠળની જગાઓ અને સેવાઓમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના પૂરતા પ્રતિનિધિત્વ માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે.

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની), જગાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવા બાબત અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તે તારીખે તે અમલમાં આવશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) ''ઠરાવેલું'' એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું; વ્યાખ્યા.

(ખ) ''ભરતી વર્ષ'' એટલે કે જે નાણાકીય વર્ષ, દરમિયાન ખરેખર ભરતી કરવામાં આવી હોય તે વર્ષ;

(ગ) ''અનામત'' એટલે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની જગાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવી તે;

(ઘ) ''અનુસૂચિત જાતિઓ'' નો ઉલ્લેખ ભારતના સંવિધાનની કલમ ૩૪૧ હેઠળ કરેલ અને વખતોવખત સુધાર્યા પ્રમાણેના સંવિધાન (અનુસૂચિત જાતિ) હુકમ, ૧૯૫૦માં નિર્દિષ્ટ કરેલ અનુસૂચિત જાતિનો ઉલ્લેખ હોય એમ સમજવું;

(ચ) ''અનુસૂચિત આદિજાતિઓ'' નો ઉલ્લેખ ભારતના સંવિધાનની કલમ ૩૪૨ ની હેઠળ અને વખતોવખત સુધાર્યા પ્રમાણેના સંવિધાન (અનુસૂચિત આદિજાતિ) હુકમ, ૧૯૫૦ માં નિર્દિષ્ટ કરેલી અનુસૂચિત આદિજાતિનો ઉલ્લેખ હોય એમ સમજવું;

(છ) ''પસંદગી યાદી'' એટલે રાજ્ય સરકારે તે અર્થે બહાર પાડેલા અને પ્રારંભિક ભરતી અને બઢતીના સંબંધમાં નિમણૂંક કરવા માટેના યોગ્ય સત્તાધિકારીએ સ્વીકારેલા નિયમો અને હુકમો અનુસાર તૈયાર કરેલ અગ્રતાક્રમ અનુસાર ગોઠવેલા ઉમેદવારોની યાદી;

(જ) ''રાજ્ય'' એટલે ગુજરાત રાજ્યની સરકાર.

લાગુ પાડવા બાબત.

૩. આ અધિનિયમ નીચેનાને લાગુ પડશે.

(૧) રાજ્ય હેઠળની જગાઓ અને સેવાઓ પરની તમામ નિમણૂકો, સિવાય કે તે જગાઓ:-

(ક) સંશોધન કરવા અથવા તેમાં માર્ગદર્શન આપવા અથવા તેને દોરવણી આપવા માટેની હોય;

(ખ) વૈજ્ઞાનિક જગાઓ તરીકે વર્ગીકરણ કરેલી હોય;

(ગ) કોઇપણ કરારના આધારે ભરેલી હોય;

(ઘ) કેડર બહારની જગાઓ હોય;

(ચ) બદલીથી અથવા પ્રતિનિયુક્તિથી ભરવામાં આવી હોય;

(છ) રાજ્ય સરકાર, વખતોવખત હુકમ કરીને, નિર્દિષ્ટ કરે તેવી બીજી જગાઓ હોય;

પરંતુ ખંડ (છ) હેઠળ કરેલા તમામ હુકમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ એક અથવા વધુ સત્રો મળીને ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવામાં આવશે.

(૨) જિલ્લા કક્ષાની જગાઓ ઉપરની તમામ નિમણૂકોને;

(૩) રાજ્ય સરકારે રચેલ પંચાયતો, બોર્ડો અને કોર્પોરેશનમાંની તમામ નિમણૂકોને;

(૪) રાજ્ય સરકાર તરફથી સહાય મેળવતી સંસ્થાઓમાંની તમામ નિમણૂકોને;

(૫) રાજ્ય સરકાર, વખતોવખત નિર્દિષ્ટ કરે તેવી બીજી તમામ નિમણૂકોને.

અનામત અને તેની ટકાવારી.

૪. (૧) આ અધિનિયમમાં અન્યથા ઠરાવ્યું હોય તે સિવાય, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખેલી જગાઓ, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના ન હોય તેવા ઉમેદવારો દ્વારા ભરી શકાશે નહિ.

(૨) જગાઓ અને સેવાઓમાંની જગાઓની કુલ સંખ્યામાંથી કેટલી જગાઓ અનામત રાખવી તેની ટકાવારીનું પ્રમાણ, રાજ્ય સરકાર વખતોવખત હુકમો કરીને, નક્કી કરે તેટલું રહેશે.

પરંતુ–

(ક) પ્રારંભિક ભરતીની બાબતમાં, એવી રીતે નક્કી કરેલ ટકાવારીની કોઈપણ સંજોગોમાં રાજ્યની કુલ વસતિમાં, યથાપ્રસંગ અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિઓની ટકાવારી કરતાં ઓછી હોવી જોઇશે નહિ.

(ખ) જિલ્લા કક્ષાની જગાઓ માટેની પ્રારંભિક ભરતીની બાબતમાં, એવી રીતે નક્કી કરેલી ટકાવારી, કોઈપણ સંજોગોમાં તે જિલ્લાની કુલ વસતિમાં, યથાપ્રસંગ, અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિઓની ટકાવારી કરતાં ઓછી હોવી જોઇશે નહિ અને કોઈપણ સંજોગોમાં, રાજ્યની કુલ વસતિમાં, યથાપ્રસંગ, અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિઓની ટકાવારી કરતાં ઓછી હોવી જોઇશે નહિ.

(ગ) આ અધિનિયમમાં અન્યથા ઠરાવ્યું હોય તે સિવાય, બઢતી દ્વારા નિમણૂક કરવાની બાબતમાં, અનામતની ટકાવારી પરિચ્છેદ (ક) અને (ખ) માં ઠરાવી હોય તેટલી રહેશે.

સ્પષ્ટીકરણ :– ''વસતિ'' એ શબ્દપ્રયોગનો અર્થ જેના માટે સંબંધિત આંકડા પ્રસિદ્ધ કરવામાં આવ્યા હોય તેવી છેલ્લી વસતિ ગણતરી વખતે નક્કી કર્યા પ્રમાણેની વસતિ.

૫. (૧) રાજ્ય સરકાર, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખવાની જગાઓની સંખ્યા અને કેટલીક જગાઓ અનામત રાખવાની નથી તેની સંખ્યા દર્શાવતું નમૂનારૂપ રોસ્ટર ઠરાવશે. નમૂનારૂપ રોસ્ટર.

(૨) નિમણૂક કરનાર સત્તાધિકારીઓએ ઠરાવેલા નમૂનામાં રોસ્ટર રાખવું જોઇશે.

(૩) ફક્ત અનામત રાખેલી જગાઓની સંખ્યા નક્કી કરવા માટે રોસ્ટરનો આધાર લેવામાં આવશે, પરંતુ નિમણૂક પસંદગી યાદીમાં દર્શાવેલા અગ્રતાક્રમ પ્રમાણે કરવામાં આવશે.

૬. કોઈપણ ભરતી વર્ષમાં અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારોની સંખ્યા તેમના માટે અનામત રાખેલી જગાની સંખ્યા કરતાં ઓછી હોય તો, બાકીની જગાઓ, તે જગાઓને ઠરાવેલી રીતે બિન અનામત હોવાનું ઠરાવ્યા પછી સામાન્ય ઉમેદવારો દ્વારા ભરી શકાશે, પણ તેવી રીતે બિન અનામત રાખેલી જગાઓ ભરતી પછીના ત્રણ વર્ષ સુધી આગળ ખેંચવામાં આવશે. અનામત અને બિન-અનામતને આગળ ખેંચવા બાબત.

૭. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારો માટેની પ્રારંભિક નિમણૂક સારુ- છૂટછાટ અને સવલતો.

(ક) ભરતી માટે ઠરાવેલી ઉપલી વયમર્યાદામાં પાંચ વર્ષ સુધી છૂટછાટ મૂકવામાં આવશે.

(ખ) કોઇ જગા માટે ઠરાવેલી ફી, બીજાઓ માટે ઠરાવેલી ફી કરતાં એક ચતુર્થાંશ જેટલી રહેશે.

(ગ) સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અથવા મૌખિક ઈન્ટરવ્યુંમાં હાજર રહેવા માટેનું મુસાફરી ભથ્થું, રાજ્ય સરકાર ઠરાવે તેવા દરોએ આપવામાં આવશે.

(ઘ) સ્પર્ધાત્મક અને ખાતાકીય પરીક્ષા પાસ કરવાની ટકાવારીમાં ૫ ટકાની છૂટછાટ મૂકવામાં આવશે.

૮. (૧) રોજગાર વિનિમય કચેરી દ્વારા ભરતી કરવા માટે, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત જગાઓની સંખ્યા રોજગાર વિનિમય કચેરીને મોકલવાના માંગણીપત્રમાં ખાલી જગાની કુલ સંખ્યા સામે નિર્દિષ્ટ કરવી જોઇશે. પ્રારંભિક ભરતીની રીત.

(૨) ગુજરાત રાજ્ય સેવા આયોગ અથવા કોઇ પસંદગી બોર્ડ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા અથવા રૂબરૂ મુલાકાતના આધારે કરવાની ભરતી માટે, જાહેર ખબરમાં કુલ ખાલી જગાની સંખ્યા

સામે, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખેલી ખાલી જગાઓની સંખ્યા નિર્દિષ્ટ કરવી જોઇશે.

(૩) અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારો, જો તેઓ જગા અથવા સેવાઓ માટેની જરૂર ઓછામાં ઓછી લાયકાતો ધરાવતા હોય તો, જેટલા પ્રમાણમાં જગાઓ અનામત રાખી હોય તેટલા પ્રમાણમાં તેમની ભરતી કરવામાં આવશે.

(૪) અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારો જરૂરી સંખ્યામાં અનામત જગાઓ ભરવા માટે ઉપલબ્ધ ન હોય તો, બાકી રહેલ અનામત જગા ભરવા માટે, યથાપ્રસંગ, અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારોમાંથી જ નવેસરથી ભરતી કરવામાં આવશે.

(૫) એવી રીતે નવેસરથી ભરતી કર્યા પછી, પણ અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારો મળતા ન હોય અથવા આવા ઉમેદવારોની સંખ્યા, અનામત રાખેલી જગાની સંખ્યા કરતાં ઓછી હોય તો ભરાયા વિનાની બાકી રહેલી જગાઓ, કલમ ૬માં જણાવેલી કાર્યરીતિ અનુસાર સામાન્ય ઉમેદવાર દ્વારા ભરવામાં આવશે.

(૬) જિલ્લા કક્ષાની જગાઓ માટે, યથાપ્રસંગ, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારો, પ્રારંભિક ભરતી વખતે જિલ્લા રોજગાર વિનિમય કચેરીમાં પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ ન હોય તો, યથાપ્રસંગ, જ્યાં અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓની વધુ વસતી હોય તેવા બીજા જિલ્લાની રોજગાર વિનિમય કચેરી સાથે પરામર્શ કરવો જોઇશે.

સિનિયોરીટી સહયોગ્યતા ઉપર આધારિત બઢતી.

૯. (૧) યોગ્યતાને આધિન રહીને, સિનિયોરીટીના ધોરણે બઢતી આપવાની હોય ત્યારે, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના અધિકારીઓને અનામત જગાઓ સામે, પછીની ઉંચી જગા કે ગ્રેડ ઉપર બઢતી આપવામાં આવશે, પરંતુ તે અધિકારીઓ એવી બઢતી માટે જરૂરી ઓછામાં ઓછી લાયકાતો અને અનુભવ ધરાવતા હોવા જોઇશે.

(૨) અનામત જગાઓની સંખ્યા, કલમ ૫ હેઠળ રાખેલ રોસ્ટરમાં દર્શાવેલ અનામત જગાઓના આધારે નક્કી કરવામાં આવશે.

પસંદગી ઉપર આધારિત બઢતી.

૧૦. પસંદગીના આધારે બઢતી આપવાની હોય અને સીધી ભરતીનું પ્રમાણ પચાસ ટકાથી વધુ ન હોય ત્યારે અનામત ખાલી જગાઓ ભરવા માટેની કાર્યરીતિ ધરાવવામાં આવે તેવી રહેશે અને અનામત ખાલી જગાઓની સંખ્યા કલમ ૫ હેઠળ રાખેલ રોસ્ટરમાં દર્શાવેલા નિયત મુદ્દાના આધારે નક્કી કરવામાં આવશે.

જુદી જુદી સેવાઓમાંથી પસંદગી.

૧૧. જુદી જુદી સેવાઓમાંથી પસંદગી કરવાની હોય, ત્યારે ભરતી અથવા નિમણુક કરનાર સત્તાધિકારી, અનામત રાખેલી જગાના પ્રમાણમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારો પસંદ કરશે. પરંતુ આવો ઉમેદવાર, સંબંધિત જગા માટે ઠરાવેલી યોગ્યતા, લાયકાત અને અનુભવની શરતો સંતોષતો હોવો જોઇશે.

વાર્ષિક રિપોર્ટ સાદર કરવા, અન્ય રેકર્ડ જાળવવા અને તેની તપાસણી બાબત.

૧૨. (૧) દરેક નિમણુક કરનાર સત્તાધિકારી પછીના નાણાંકીય વર્ષના જુન મહિનાની આખર સુધીમાં ઠરાવેલી રીતે વાર્ષિક રીપોર્ટ રાજ્ય સરકારને આપવો જોઇએ અને ઠરાવવામાં આવે તેવા અન્ય રેકર્ડો જાળવવા જોઇશે.

(૨) રાજ્ય સરકારે, તે અર્થે અધિકૃત કરેલા કોઇપણ અધિકારી, કોઇપણ રેકર્ડ અથવા દસ્તાવેજ તપાસી શકશે અને નિમણુક કરનાર સત્તાધિકારીઓને, તેણે કરેલી નિમણુકોને લગતા હોય અને તેની કચેરીમાં રાખવામાં આવતા હોય તેવા રોસ્ટર અને અન્ય રેકર્ડો રજૂ કરવા તેના ફરમાવી શકશે.

(૩) ઉપર્યુક્ત હેતુ માટે જરૂરી હોય તેવા રેકર્ડ અને દસ્તાવેજ રજૂ કરવાની, તેની માહિતી પૂરી પાડવાની અને તેવી તમામ સહાય અને સગવડો આપવાની નિમણુક કરનાર સત્તાધિકારીની ફરજ રહેશે.

૧૩. રાજ્ય સરકારના દરેક વિભાગમાં, તે અર્થે વિભાગના સચિવે અધિકૃત કરેલ ઉપસચિવના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા કોઇ અધિકારી, આ અધિનિયમમાં જોગવાઇ કરેલી બાબતોના સંબંધમાં સંપર્ક અધિકારી તરીકે કામ કરશે અને તેઓ ખાસ કરીને, સંપર્ક અધિકારીની નામ નિયુક્તિ.

(ક) આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનો યોગ્ય અમલ થાય છે તેની ખાતરી કરવા ;

(ખ) તાબાના સત્તાધિકારીઓ દ્વારા પાલન થાય છે તેની ખાતરી કરવા માટે;

(ગ) પત્રકો સમયસર સાદર થાય તેની ખાતરી કરવા માટે;

(ઘ) રોસ્ટરો અને ઠરાવવામાં આવે તેવા અન્ય રેકર્ડોની વાર્ષિક તપાસણી કરવા માટે;

(ચ) વહીવટી વિભાગ અને સમાજ કલ્યાણ વિભાગ વચ્ચે સંપર્ક અધિકારી તરીકે કામ કરવા માટે;

(છ) વ્યક્તિઓ પાસેથી અથવા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિઓ અથવા સંગઠનો પાસેથી મળેલી ફરિયાદોની તપાસમાં સમાજ કલ્યાણ વિભાગને જરૂરી સહાયની ખાતરી માટે.

જવાબદાર રહેશે.

૧૪. (૧) નીચેના સભ્યોની બનેલી એક સ્થાયી સમિતિ રહેશે :- સ્થાયી સમિતિની રચના.

(ક) સમાજ કલ્યાણ મંત્રી-અધ્યક્ષ;

(ખ) ગુજરાત વિધાનસભા અધ્યક્ષ નક્કી કરે તેવી રીતે ચૂંટવાના ગુજરાત વિધાનસભાના ત્રણ સભ્ય;

(ગ) સરકારના મુખ્ય સચિવ-સભ્ય;

(ઘ) સરકારના સચિવ, ગૃહ વિભાગ-સભ્ય;

(ચ) સરકારના સચિવ, સમાજ કલ્યાણ વિભાગ-સભ્ય સચિવ;

પરંતુ ભારતના સંવિધાનની કલમ ૩૫૬ હેઠળ ઉદ્દઘોષણા બહાર પાડવામાં આવ્યેથી સમિતિની રચનામાં; રાજ્ય સરકાર પોતાને યોગ્ય લાગે તેટલા પ્રમાણનાં ફેરફાર કરી શકશે.

૧૫. (૧) સમિતિ વર્ષમાં ઓછામાં ઓછી ત્રણવાર મળશે અને કોઇપણ બે બેઠકો વચ્ચેનો સમયગાળો છ મહિનાથી વધુ હોવો જોઇશે નહિ. સ્થાયી સમિતિના કાર્યો.

(૨) સમિતિ નીચેના કાર્યો બજાવશે, જેવાં કે :-

(૧) અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓના અમલનું પુનર્વલોકન;

(૨) આવા અમલ અંગેની મુશ્કેલીઓના નિવારણ માટે અથવા તેની સુધારણા માટે ઉપાયો સૂચવવા; અને

(૩) રાજ્ય સરકાર વખતોવખત સમિતિને સોંપે તેવા અન્ય કાર્યો.

૧૬. રાજ્ય સરકાર, અધિનિયમના અમલ અંગે વાર્ષિક રિપોર્ટ તૈયાર કરશે અને તે ત્યારપછીના નાણાંકીય વર્ષના અંદાજપત્ર સત્રમાં પંદર દિવસથી ઓછી ન હોય તેટલી મુદત સુધી રાજ્ય વિધાનસભા સમક્ષ મૂકશે. વાર્ષિક રીપોર્ટ.

૧૭. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના કર્મચારીઓને તેમની ફરિયાદોની બાબતોમાં ઠરાવેલા દરે રાજ્ય સરકાર કાનૂની સહાય આપશે. કાનૂની સહાય.

નિયમો કરવાની સત્તા.

૧૮. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાંથી (પૂર્વ પ્રસિદ્ધિ કર્યા પછી) આ અધિનિયમના તમામ અથવા તે પૈકી કોઈપણ હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, સરકાર, આ અધિનિયમથી સ્પષ્ટપણે ઠરાવવાનું જરૂરી હોય અથવા છૂટ આપી હોય તેવી તમામ બાબતોના સંબંધમાં નિયમો કરી શકશે.

(૩) આ અધિનિયમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ એક અથવા વધારે સત્રોની બનેલી ઓછામાં ઓછી ત્રીસ દિવસની મુદત સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને સદરહુ મુદત દરમિયાન રાજ્ય વિધાનમંડળ તેમાં કંઈપણ ફેરફાર કરે તો, નિયમો, ત્યારપછી તેવા ફેરફાર કરેલા સ્વરૂપમાં જ અમલમાં રહેશે, પરંતુ તે એવી રીતે કે એવા ફેરફારોથી નિયમો હેઠળ અગાઉ કરેલા કોઈપણ કાર્યની કાયદેસરતાને બાધ આવશે નહિ.

અધિનિયમની ચડિયાતી અસર.

૧૯. આ અધિનિયમની જોગવાઈઓ, રાજ્ય સરકારે કરેલા બીજા કોઈપણ કાયદામાં અથવા કોઈ નિયમ, હુકમ અથવા ઠરાવમાં વિરૂધ્ધનો કોઈપણ મજકૂર હોય તે છતાં, અમલમાં આવશે.

ઉદ્દેશો અને કારણો

બંધારણીય જોગવાઈઓ અનુસાર, રાજ્ય સરકારે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે જગાઓ અનામત રાખવાની નીતિના અમલ માટે કેટલાક વહીવટી હુકમો કર્યા છે પરંતુ અસરકારક નિયંત્રણના અભાવે એવા વહીવટી હુકમોની જોગવાઈઓનો કડક રીતે અમલ થઈ શકતો નથી. અને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના કર્મચારીઓને ઘણી વખત અન્યાય થાય છે. તેથી, આ વિધેયકથી આ નીતિના અસરકારક અમલ સારૂ જોગવાઈઓ કરવામાં આવે છે.

ગાંધીનગર, **મણીભાઈ વાઘેલા,**
તારીખઃ ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬ વિ.સ.સ.

નાણાંકીય યાદી

વિધેયકથી કલમ ૧૪થી, રાજ્ય સરકાર માટે સ્થાયી સમિતિ રચવાનું આવશ્યક બને છે અને કલમ ૧૫થી, વર્ષમાં ઓછામાં ઓછા ત્રણ બેઠકો ભરવાનું આવશ્યક બને છે. કલમ ૧૭ થી રાજ્ય સરકાર માટે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના કર્મચારીઓને ઠરાવેલા દરોએ કાનૂની સહાય આપવાનું આવશ્યક બને છે. ઉપરની જોગવાઈઓ સંબંધી રાજ્યના એકત્રિત ફંડમાંથી થનાર ખર્ચ દર વર્ષે બે લાખ રૂપિયા થશે એવો અંદાજ છે.

ગાંધીનગર, **મણીભાઈ વાઘેલા,**
તારીખઃ ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬ વિ.સ.સ.

ધારાકીય સત્તા સોંપવાની યાદી

કલમ ૧ની પેટા-કલમ (૩) થી, રાજ્ય સરકારને રાજ્યપત્રમાં જાહેરનામાથી અધિનિયમ અમલમાં લાવવાની તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૩ની પેટા-કલમ (૧) ના પરિચ્છેદ (છ)થી, રાજ્ય સરકારને હુકમ બહાર પાડીને પેટા-કલમમાં નિર્દિષ્ટ કરેલી હોય તે સિવાયની જગાઓ નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ ૩ની પેટા-કલમ (૩) થી, રાજ્ય સરકારને અગાઉની પેટા-કલમોમાં નિર્દિષ્ટ કરેલી હોય તે સિવાયની નિમણૂકો વખતોવખત નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ ૪ની પેટા-કલમ (૨) થી, રાજ્ય સરકારને જગાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવાની ટકાવારી નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૫ની પેટા-કલમ (૧) થી, રાજ્ય સરકારને નમૂનારૂપ રોસ્ટર ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૫ની પેટા-કલમ (૨) થી, રાજ્ય સરકારને રોસ્ટર જાળવવા માટે નમૂના ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૬થી, રાજ્ય સરકારને અનુસૂચિત જાતિઓ અથવા અનૂસૂચિત આદિજાતિઓની ઉમેદવારોની સંખ્યા, તેમના માટે અનામત રાખેલી જગાઓની સંખ્યા કરતાં ઓછી હોય, તો સામાન્ય ઉમેદવારો દ્વારા અનામત રાખેલી ખાલી જગાઓ ભરવા માટેની રીત ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૭ના પેરેગ્રાફ (ગ) થી, રાજ્ય સરકારને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના ઉમેદવારોને સ્પર્ધાત્મક પરીક્ષા અથવા મૌખિક ઇન્ટરવ્યુ માટે આપવાનાં મુસાફરી ભથ્થાના દરો ઠરાવવાની સત્તા મળે છે.

વિધેયકની કલમ ૧૦ થી, રાજ્ય સરકારને પસંદગીના ધોરણે બઢતી આપવાની હોય અને સીધી ભરતીનું પ્રમાણ પચાસ ટકા કરતાં વધુ ન હોય ત્યારે અનામત રાખેલી ખાલી જગાઓ ભરવા માટેની કાર્યરીતિ ઠરાવવાની સત્તા મળે છે.

કમલ ૧૨ની પેટા-કલમ (૧) થી, રાજ્ય સરકારને વાર્ષિક રિપોર્ટ રાજ્ય સરકારને આપવા માટેની રીત ઠરાવવાની અને અન્ય રેકર્ડ જાળવવાની સત્તા મળે છે.

કલમ ૧૩ના પેરેગ્રાફ (ઘ) થી, રાજ્ય સરકારને વાર્ષિક તપાસ કરવા માટે અન્ય રેકર્ડ ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૪ના પેરેગ્રાફ (ખ) થી, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષને સ્થાયી સમિતિમાં વિધાનસભાના સભ્યો ચૂંટવા માટેની રીત નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૧૪ના પરંતુકથી, રાજ્ય સરકારને સંવિધાનની કલમ ૩૫૬ હેઠળ ઉદ્‌ઘોષણા બહાર પાડવામાં આવ્યેથી પોતાને યોગ્ય લાગે તેટલે સુધી સ્થાયી સમિતિની રચનામાં ફેરફાર કરવાની સત્તા મળે છે.

કલમ ૧૫ની પેટા-કલમ (૨) ના પેરેગ્રાફ (૩) થી, રાજ્ય સરકારને સ્થાયી સમિતિને વખતોવખત અન્ય કાર્યો સોંપવાની સત્તા મળે છે.

વિધેયકની કલમ ૧૭થી, રાજ્ય સરકારને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના કર્મચારીઓની કાનૂની સહાય આપવા માટે દરો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૮ની પેટા-કલમ (૧) થી, રાજ્ય સરકારને અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

ગાંધીનગર,
તારીખઃ ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬

મણીભાઈ વાઘેલા,
વિ.સ.સ.

ગાંધીનગર,
તારીખઃ ૧૦મી માર્ચ, ૨૦૧૬

ડી. એમ. પટેલ,
સચિવ.
ગુજરાત વિધાનસભા.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 62

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII]   THURSDAY, MARCH 10, 2016/PHALGUNA 20, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than Those published in other parts.

સભ્યશ્રી શૈલેષ પરમારે તા.૧૦મી માર્ચ, ૨૦૧૬ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-ક અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

GUJARAT BILL NO. 22 OF 2016.

THE GUJARAT ECONOMICALLY BACKWARD CLASSES (RESERVATION OF SEATS IN EDUCATIONAL INSTITUTIONS IN THE STATE AND OF APPOINTMENTS AND POSTS IN SERVICES UNDER THE STATE) BILL, 2016.

A BILL

to provide for the reservation of seats in educational institutions in the State and of appointments and posts in the services under the State for economically backward classes and for matters connected therewith or incidental thereto.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૨૨.

ગુજરાત આર્થિક રીતે પછાત વર્ગો માટે (રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા) બાબત વિધેયક, ૨૦૧૬.

આર્થિક રીતે પછાત વર્ગો માટે રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા માટેની અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક.

ભારતના સંવિધાનના આમુખમાં, બીજી બાબતોની સાથોસાથ, સર્વ નાગરિકોને, આર્થિક અને રાજકીય ન્યાય, વિચાર અભિવ્યક્તિ, માન્યતા, જે ધર્મમાં આસ્થા હોય તે ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા, દરજ્જા અને તકની સમાનતા અંગે બાંયધરી આપવા પર અને તેઓ સર્વમાં તે બાબતો વિકાસાવવા પર ભાર મૂકવામાં આવેલ છે;

અને અનુચ્છેદ ૩૮(૨), રાજ્ય નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં જણાવવામાં આવેલ છે કે રાજ્ય વિશેષ કરીને, આ વ્યકિતઓ વચ્ચે જ નહિ પણ જુદા જુદા વિસ્તારોમાં રહેતા અથવા જુદા જુદા વ્યવસાયોમાં રોકાયેલા લોકોનાં જૂથો વચ્ચે પણ આવકમાં અસમાનતા ઓછી કરવાનો પ્રયત્ન કરશે તેમજ દરજ્જો, સગવડો અને તકોની અસમાનતા નાબૂદ કરવાનો પ્રયત્ન કરશે;

અને સંઘ સરકાર (કેન્દ્ર સરકાર) અને રાજ્ય સરકારે, પછાત વર્ગોની ઉન્નતિ માટેની નીતિ અપનાવેલ છે. તેના પરિણામે, સંઘ સરકારે, કેન્દ્ર કક્ષાએ, અનુસૂચિત આદિજાતિઓ અને અનુસૂચિત જાતિઓ માટેના એક અલગ કમિશનની રચના કરેલ છે અને ગુજરાત સરકારે પણ રાજ્ય કક્ષાએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અને વિચરતી જાતિઓ અને વિમુક્ત આદિજાતિઓ માટે, આ કક્ષામાં આવતા લોકોની ઉન્નતિ માટે, એક કમિશનની રચના કરેલ છે;

અને શૈક્ષણિક સંસ્થાઓમાં અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓમાં, વિચરતી જાતિઓ અને વિમુક્ત આદિજાતિઓ સહિત અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની વ્યક્તિઓની ઉન્નતિ માટેની અનામત નીતિ ઘણા લાંબા સમયથી અમલીકરણ હેઠળ છે;

અને આવી નીતિના પરિણામે, ઘણા વર્ષોથી સામાજિક અને શૈક્ષણિક પછાતપણાથી પીડાતી ગુજરાતની મોટા ભાગની વસ્તી, હવે, સર્વાંગી વિકાસ માટેની તકો મેળવવા અને પોતાના પ્રારબ્ધને સુધારવા અને ઉચ્ચ જીવન-ધોરણ પ્રાપ્ત કરવા માટે સક્ષમ બન્યા છે;

અને કોઈપણ અનામત નીતિ હેઠળ આવરી લેવામાં ન આવેલ હોય તેવી મોટા પ્રમાણમાં વસ્તીને એવું લાગી રહ્યું છે કે તેઓ બાકીની વ્યક્તિઓ કરતાં આર્થિક રીતે પછાત હોવા છતાં, અનામતની કોઈપણ કક્ષા હેઠળ તેમનો સમાવેશ ન કરીને તેમની સાથે ઘણો અન્યાય કરવામાં આવેલ છે. બિનઅનામત કક્ષાના ગરીબમાં ગરીબ લોકો, પોતાની આર્થિક નબળાઈને કારણે, સમૃદ્ધ વર્ગના લોકો સાથે સ્પર્ધા કરવા માટે અસમર્થ છે, જેના પરિણામે, દિવસે દિવસે તેઓ ધીમેધીમે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત બની રહ્યા છે. તેથી, વિચરતી જાતિઓ અને વિમુક્ત આદિજાતિઓ સહિત અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને આપવામાં આવતા અનામતના વિદ્યમાન લાભો હેઠળ આવરી લેવામાં ન આવેલ હોય તેવા સામાન્ય કક્ષાના આર્થિક રીતે પછાત વર્ગના લોકોની જરૂરિયાતોને શોધી કાઢવી (વર્ગીકૃત કરવી) અને તેની તપાસ કરવાની જરૂરિયાત છે;

અને છેલ્લા (એક) વર્ષથી રાજ્યમાં પ્રવર્તતી અસાધારણ પરિસ્થિતિને લક્ષમાં લેતાં, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અને વિચરતી જાતિઓ અને વિમુક્ત આદિજાતિઓ માટેની રાજ્યની વિદ્યમાન અનામત નીતિ ચાલુ રાખીને, રાજ્યમાંના આર્થિક રીતે પછાત વર્ગના લોકોને, તેમની ઉન્નતિ માટે, શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓમાં અનામત આપવાનું સુનિશ્ચિત કરવું જોઈશે.

તેથી, હવે, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં, આથી, નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ, ગુજરાત આર્થિક રીતે પછાત વર્ગો માટે (રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા) બાબત અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો- વ્યાખ્યા.

(ક) ''સમિતિ'' એટલે આ અધિનિયમની કલમ ૬ હેઠળ રાજ્ય સરકારે નીમેલી સમિતિ;

(ખ) ''આર્થિક રીતે પછાત વર્ગો'' એટલે રાજ્ય સરકારે, આ અધિનિયમના હેતુઓ માટે, રાજપત્રમાં જાહેરનામાથી, તે તરીકે જાહેર કરેલા, અનામતની બીજી કોઈ કક્ષામાં સમાવેશ થયેલો ન હોય તેવી વ્યક્તિઓના બનેલા વર્ગો;

(ગ) ''ઠરાવેલું'' એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ઘ) ''રાજ્ય હેઠળની સેવાઓ'' એટલે રાજ્યના કામકાજ સાથે સંકળાયેલી જાહેર સેવાઓ અને જગાઓ અને તેમાં-

(૧) કોઈ સ્થાનિક સત્તામંડળ;

(૨) રાજ્ય સરકારની સંપૂર્ણ માલિકીના અથવા મહદઅંશે અથવા તેના નિયંત્રણ હેઠળના કોઈ કોર્પોરેશન અથવા કંપની;

(૩) રાજ્ય વિધાનમંડળના કોઈ કાયદાથી અથવા તે હેઠળ રચાયેલા અને રાજ્ય સરકાર દ્વારા સંપૂર્ણપણે અથવા મહદઅંશે નાણાં પૂરા પાડવામાં આવતા હોય તેવા બીજા કોઈ સત્તામંડળ અથવા મંડળ; અને

(૪) આ અધિનિયમના આરંભની તારીખે સરકારના હુકમોથી જેને અનામત લાગુ પડતું હોય અને જેને પેટા-ખંડો (૧) થી (૩)માં આવરી લેવામાં આવેલા ન હોય,

તેવી સેવાઓ અને જગાઓનો સમાવેશ થાય છે.

૩. આર્થિક રીતે પછાત વર્ગો માટે, ઠરાવવામાં આવે તેવી શૈક્ષણિક સંસ્થાઓમાં અને રાજ્યમાંના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે, વાર્ષિક પરવાનગી પ્રાપ્ત સંખ્યાના સંબંધમાં આપવાનું અનામત વીસ ટકા રહેશે. શૈક્ષણિક સંસ્થાઓમાં અને અભ્યાસક્રમોમાં બેઠકો અનામત રાખવા બાબત.

૪. (૧) આર્થિક રીતે પછાત વર્ગો માટે, રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓમાં આપવાનું અનામત વીસ ટકા રહેશે. રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા બાબત.

(૨) પેટા-નિયમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, બઢતીને લગતી બાબતોમાં આપવાનું અનામત, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓને જ આપવામાં આવશે.

૫. કલમ ૪માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, નીચેની જગાઓના સંબંધમાં કોઈ અનામત આપવામાં આવશે નહિ:- અમુક કિસ્સાઓમાં અનામત નહિ આપવા બાબત.

(ક) બદલી અથવા પ્રતિનિયુક્તિથી ભરવાની જગાઓ; અને

(ખ) કોઈપણ સંવર્ગ અથવા ગ્રેડમાં અલગ (સ્વતંત્ર પ્રકારની) હોય તેવી જગા.

સમિતિ. ૬. (૧) રાજ્ય સરકાર, આ અધિનિયમ અમલમાં આવ્યાના ત્રીસ દિવસની અંદર, વધુમાં વધુ પાંચ નામાંકિત અને નિષ્ણાત વ્યક્તિઓની બનેલી સમિતિ નીમશે.

(૨) સમિતિના અધ્યક્ષની નિમણૂક રાજ્ય સરકાર કરશે.

સમિતિના કાર્યો. ૭. (૧) સમિતિએ, તમામ પાસાને વિચારણામાં લીધા પછી, અનામતને ધ્યાનમાં રાખીને, આર્થિક પછાતપણાને પિછાણવા અને ઓળખી કાઢવા માટેના માપદંડ નક્કી કરવાનું સૂચવવું જોઇશે.

(૨) સમિતિએ, જાહેર જનતા તરફથી મળેલા અને રાજ્ય સરકારે આપેલા સૂચનોને પણ વિચારણામાં લેવા જોઇશે.

સમિતિનો રિપોર્ટ (અહેવાલ). ૮. (૧) સમિતિએ તેનો રિપોર્ટ (અહેવાલ), સમિતિની રચના થયાના સાઠ દિવસની અંદર રાજ્ય સરકારને રજૂ કરવો જોઇશે.

(૨) રાજ્ય સરકારે, તેની તરત પછીના સત્રમાં રાજ્ય વિધાનમંડળ સમક્ષ તેને (રિપોર્ટને) મૂકાવડાવવો જોઇશે.

પગાર અને ભથ્થાં તથા દફતરી સુવિધા. ૯. (૧) અધ્યક્ષ અને સભ્યોને ચૂકવવાનું મહેનતાણું, પગાર અને ભથ્થાં, રાજ્ય સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેટલા રહેશે.

(૨) રાજ્ય સરકારે, સમિતિને તરત જ તમામ દફતરી અને બીજી સુવિધા આપવી જોઇશે.

નિયમો કરવાની સત્તા. ૧૦. (૧) રાજ્ય સરકાર, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે આવી રીતે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળનું સત્ર ચાલુ હોય ત્યારે, એક જ સત્રમાં અથવા લાગલાગટ બે સત્રોમાં મળીને ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે અને જે સત્રમાં તે એવી રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર અથવા તરત પછીના સત્રો પૂરા થતાં પહેલાં તે રાજ્ય વિધાનમંડળ આવા નિયમો પૈકી કોઇ નિયમમાં કોઇ ફેરફાર કરે અથવા સંમત થાય કે તેવો કોઇ નિયમ કરવો જોઇએ નહિ, તો તેવા નિયમો, ત્યાર પછી, એવા ફેરફાર કરેલા સ્વરૂપમાં જ અમલમાં રહેશે અથવા યથાપ્રસંગ, અમલમાં રહેશે નહિ, તેમ છતાં એવો કોઇ ફેરફાર થવાથી અથવા તે રદ થવાથી તે નિયમ હેઠળ અગાઉ કરેલાં કોઇપણ કૃત્યની કાયદેસરતાને બાધ આવશે નહિ.

મુશ્કેલીઓ દૂર કરવા બાબત. ૧૧. (૧) આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય તો, રાજ્ય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે પોતાને જરૂરી અથવા ઇષ્ટ જણાય તેવી, આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવું કંઇપણ કરી શકશે:

પરંતુ આ અધિનિયમના આરંભથી બે વર્ષની મુદત પૂરી થયા પછી, આ કલમ હેઠળ કોઇપણ હુકમ કરી શકાશે નહિ.

(૨) આ કલમ હેઠળ કરેલ દરેક હુકમ, તે આવી રીતે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળના ગૃહ સમક્ષ મૂકવો જોઇશે.

શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ. ૧૨. કોઇપણ સત્તાધિકારી અથવા વ્યક્તિ સામે આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમો હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇ કાર્યના સંબંધમાં, કોઇપણ દાવો, ફોજદારી કામ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઇ શકશે નહિ.

અપવાદ. ૧૩. (૧) અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અને વિચરતી આદિજાતિઓ તથા વિમુકત આદિજાતિઓ માટેનું વિદ્યમાન અનામત ચાલુ રહેશે.

(૨) આ અધિનિયમના કોઇપણ મજકૂરથી, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અને વિચરતી આદિજાતિઓ તથા વિમુકત આદિજાતિઓ માટેના અનામતની વિદ્યમાન જોગવાઇઓને અસર થશે નહિ.

ઉદ્દેશો અને કારણો

રાજયમાં આવેલી શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા માટે અને રાજય હેઠળની સેવાઓમાં નિમણૂક મેળવવા માટે નાગરિકોના પછાત વર્ગોના લોકોની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ઉન્નતિ માટેની અનામત નીતિ, ગુજરાત રાજયમાં લાંબા સમયથી અમલમાં છે. ઘણા વર્ષોથી સામાજિક અને શૈક્ષણિક પછાતપણાથી પીડાતી ગુજરાતની વસ્તીની ટકાવારીમાં મોટી સંખ્યાને, અનામત નીતિથી ટેકારૂપ માળખું પૂરૂં પાડેલ છે અને જે, તેમને તેમનું જીવનધોરણ સુધારવા માટે સમર્થ બનાવે છે.

આપણા દેશે કલ્યાણ રાજયની નીતિ સ્વીકારેલ છે. તેથી, ગુજરાત રાજયના આરંભથી કેન્દ્ર સરકારે સ્વીકાર્યા પ્રમાણેની અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની અનામત નીતિ, ગુજરાત રાજયમાં અમલમાં છે. ગુજરાત સરકારે, ત્રણ કરતાં વધુ દશકાથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, વિચરતી જાતિઓ અને વિમુકત આદિજાતિઓના અનામત અંગેની નીતિ પણ સ્વીકારેલ છે અને રાજય સરકારે આ હેતુ માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે પંચની રચના કરેલ છે. આ પંચે, અમુક જાતિઓ અને સમુદાયોને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત તરીકે ઓળખી કાઢેલ છે અને તદ્‌નુસાર રાજય સરકારે તે જાતિઓ અને સમુદાયોને તે તરીકે જાહેર કરીને તેમના માટે અનામતની જોગવાઇ કરેલ છે. આ પંચે, આ જાતિઓ અને સમુદાયોને માત્ર તેમના સામાજિક અને શૈક્ષણિક પછાતપણાના આધાર પર પછાત લોકો તરીકે ઓળખી કાઢેલ છે. પરંતુ રાજયમાં જેઓ ખરેખર ખૂબ જ ગરીબ છે તેવા આર્થિક રીતે પછાત લોકોના એક મોટા વર્ગને, વિચારણામાં લેવાયેલ નથી અને તેઓ, રાજય સરકાર દ્વારા ચોક્કસ નીતિના અભાવે અનામતનો લાભ મેળવી શકતા નથી. તેથી, ગુજરાત રાજયમાં આર્થિક રીતે પછાત લોકો, આર્થિક પછાતપણાના આધાર પર અનામત મેળવવા માટે ઉશ્કેરાઇને માંગણી કરી રહયા છે. રાજસ્થાન જેવા કેટલાક રાજયોએ, આર્થિક પછાતપણાના આધાર પર અનામત અંગેની નીતિ સ્વીકારેલ છે અને તેમના રાજયમાં તેનો અમલ કર્યો છે.

તેથી, બિન-અનામત કક્ષાઓના સૌથી ગરીબ વર્ગોની લાંબાગાળાથી પડતર માંગણી પરિપૂર્ણ કરવાના હેતુથી, રાજય વિધાનસભાએ તે મતલબનો કાયદો પસાર કરવો જરૂરી છે. તેથી, આ વિધેયકથી, આર્થિક પછાતપણાની વિચારણા કરવા માટે કયો માપદંડ સ્વીકારવો જોઇશે તે અંગેનો નિર્ણય કરવા માટે નામાંકિત અને નિષ્ણાત વ્યકિતઓની સમિતિની રચના કરવા માટે જોગવાઇ કરી છે. સમિતિ, સાઠ દિવસની અંદર રાજય સરકારને આ બાબત ઉપર તેનો અહેવાલ રજૂ કરશે અને રાજય સરકાર, તેમાં સુધારા સાથે અથવા તે વગર, ત્રીસ દિવસની અંદર તેનો અમલ કરશે. આ વિધેયક, આપણા સંવિધાનમાં પ્રતિષ્ઠાપિત કર્યા પ્રમાણેના ન્યાય અને સમાનતાને સુનિશ્ચિત કરે છે અને રાજય સરકાર અને કેન્દ્ર સરકારની વિદ્યમાન અનામત નીતિને ચાલુ રાખે છે તેમજ રાજયના આર્થિક રીતે પછાત વર્ગના લોકો સુધી શૈક્ષણિક સંસ્થાઓમાં અને નિમણૂક અને જગામાં વીસ ટકા જેટલા અનામતના લાભો (આપવા માટે) વિસ્તારે છે.

તેથી આ વિધેયક.

ગાંધીનગર. શૈલેષ પરમાર

તારીખ: ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૬ વિ.સ.સ.

ધારાકીય સત્તા સોંપવાની યાદી

વિધેયકની કલમ ૩થી, રાજય સરકારને, જે સંસ્થાઓ અને અભ્યાસક્રમોમાં અનામત લાગુ પડશે તે શૈક્ષણિક સંસ્થાઓ અને અભ્યાસક્રમો ઠરાવવાની સત્તા મળે છે.

વિધેયકની કલમ ૬થી, રાજય સરકારને, સમિતિના અધ્યક્ષ અને સભ્યો નીમવાની સત્તા મળે છે.

વિધેયકની કલમ ૯થી, રાજય સરકારને, સમિતિના અધ્યક્ષ અને સભ્યોને ચૂકવવાનું મહેનતાણું, પગાર અને ભથ્થાં ઠરાવવાની સત્તા મળે છે.

વિધેયકની કલમ ૧૦થી, રાજય સરકારને, અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

સૂચિત ધારાકીય સત્તાની સોંપણી સામાન્ય પ્રકારની છે.

ગાંધીનગર. શૈલેષ પરમાર
તારીખઃ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૬. વિ.સ.સ.

નાણાકીય યાદી

વિધેયકની કલમ ૯થી, સમિતિના અધ્યક્ષ અને સભ્યોને મહેનતાણું, પગાર અને ભથ્થાંની ચૂકવણી કરવા માટે અને સમિતિને દફતરી અને અન્ય સુવિધાઓ આપવા માટે જોગવાઈ કરી છે. આ વિધેયક અધિનિયમિત કરવામાં આવે અને તેને, અમલમાં લાવવામાં આવે, તો પ્રારંભિક વર્ષમાં રાજયના એકત્રિત ફંડમાંથી થનાર અનાવર્તક ખર્ચ આશરે દસ લાખ રૂપિયા થશે એવો અંદાજ છે.

ગાંધીનગર. શૈલેષ પરમાર
તારીખઃ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૬ વિ.સ.સ.

ગાંધીનગર, **ડી. એમ. પટેલ,**
તારીખઃ ૧૦મી માર્ચ, ૨૦૧૬ સચિવ.
ગુજરાત વિધાનસભા.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 63

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, MARCH 17, 2016/PHALGUNA 27, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી માર્ચ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **મહેસુલ વિભાગ-ના** તા. ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૬ના **સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચએમ/ ૮૬/ ૨૦૧૬/ ટીએલટી/ ૧૦૨૦૧૩/ ૩૧૬૫/ એન-** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

રા. અ. રાઠોડ,

(I/C) સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
Amendment to the Revenue Talati, Class III, Recruitment Rules, 2009.

મહેસૂલી તલાટી, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૦૯ સુધારવા સંબંધી

જાહેરનામું.

મહેસૂલ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીએચએમ/૮૬/૨૦૧૬/ટીએલટી/૧૦૨૦૧૩/૩૧૬૫/એન:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, મહેસૂલી તલાટી, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૦૯ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો મહેસૂલી તલાટી, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. મહેસૂલી તલાટી, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૦૯ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩માં,-

(૧) ખંડ (ક)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

"(ક) ૩૩ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ;"

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો મજકૂર ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય મર્યાદા હળવી કરવાની બાબતના સંબંધમાં હોય તેટલે સુધી લાગુ પડશે નહિ."

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર, અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં હળવી કરી શકાશે."

(૩) વિદ્યમાન પરંતુક કમી કરવો.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

" ૪.ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક-ની જોગવાઇઓ,સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં, લાગુ પડશે."

૪. સદરહુ નિયમોમાં, નિયમો ૫ થી ૭ કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ. એસ. પારેખ,

સરકારના સંયુકત સચિવ.

Extra No. 64

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, MARCH 17, 2016/PHALGUNA 27, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી માર્ચ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૦૬-૦૨-૨૦૧૬ના ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ-ના સરકારી જાહેરનામા ક્રમાંક : (૧) જીયુ/ ૨૦૧૬/ ૧૭/ બીઆરટી/ ૧૦૨૦૦૮/ ૨૪૯/ડીઉ (૨) જીયુ/ ૨૦૧૬/ ૧૮/ બીઆરટી/ ૧૦૨૦૦૮/૨૫૧/ડીઉ અને (૩) જીયુ/૨૦૧૬/૧૯/ - બીઆરટી/ ૧૦૨૦૦૯/ ૬૪૩/ડીઉના ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યા છે.

રા. અ. રાઠોડ,
(I/C) સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Senior Chemical Assistant, Class III, Recruitment Rules, 2015.

સિનિયર રસાયણ મદદનીશ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ સુધારવા સંબંધી જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૦૬/૦૨/૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીયુ/૨૦૧૬/૧૭/બીઆરટી/૧૦૨૦૦૮/૨૪૯/ડી૩:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, સિનિયર રસાયણ મદદનીશ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો સિનિયર રસાયણ મદદનીશ, વર્ગ ૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. સિનિયર રસાયણ મદદનીશ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫માં, નિયમ ૪માં, ખંડ (ક) માં,-

(૧) " ૩૨ વર્ષથી " એ આંકડા અને શબ્દને બદલે, " ૩૭ વર્ષથી " એ આંકડા અને શબ્દ મૂકવા;

(૨) વિદ્યમાન પરંતુક પછી, નીચેનો પરંતુક દાખલ કરવો:-

"પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણે ઉપલી વયમર્યાદા હળવી કરવાની બાબતના સંબંધમાં હોય તેટલે સુધી, લાગુ પડશે નહિ."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

અશોક આઈ. શાહ,

સરકારના ઉપસચિવ.

INDEX

Notification

Regarding

The Chemical Assistant, Class III, in the Commissionerate of Geology and Mining,Recruitment Rules, 2016.

કમિશનર, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજની કચેરીમાં, રસાયણ મદદનીશ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૦૬/૦૨/૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃજીયુ/૨૦૧૬/૧૮/બીઆરટી/૧૦૨૦૦૮/૨૫૧/ડી૩:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, કમિશનર,ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ, ગુજરાત રાજ્ય-ની કચેરીની તાબાની સેવામાં, રસાયણ મદદનીશ, વર્ગ ૩ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો કમિશનર, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજની કચેરીમાં, રસાયણ મદદનીશ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. કમિશનર, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ, ગુજરાત રાજ્ય-ની કચેરીની તાબાની સેવામાં, રસાયણ મદદનીશ, વર્ગ ૩ની જગા ઉપરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણમાંથી અથવા તે

તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી મુખ્ય વિષય તરીકે રસાયણ વિજ્ઞાન સાથેની સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે;

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯૬-ની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ.એમ.ડામોર,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Senior Driller, Class III, Recruitment Rules, 2015.

સિનિયર ડ્રિલર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૦૬/૦૨/૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીયુ/૨૦૧૬/૧૯/બીઆરટી/૧૦૨૦૦૯/૬૪૩/ડી૩:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, સિનિયર ડ્રિલર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છેઃ–

૧. આ નિયમો સિનિયર ડ્રિલર, વર્ગ ૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. સિનિયર ડ્રિલર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫માં, નિયમ ૩માં, ખંડ (ક)માં, "૩૩ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૩૮ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

અશોક આઇ. શાહ,

સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 65

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, MARCH 17, 2016/PHALGUNA 27, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી માર્ચ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **આદિજાતિ વિકાસ વિભાગ-ના તા. ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : એમકેએમ-૨૦૧૬-૧૦૮૭-ખ-** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

રા. અ. રાઠોડ,
(I/C) સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Joint Commissioner, Class-I, under the Commissionerate of Tribal Development, Recruitment Rules, 2016.

આદિજાતિ વિકાસ કમિશનરની કચેરી હેઠળ, સંયુક્ત કમિશનર, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

આદિજાતિ વિકાસ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ. ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃએમકેએમ-૨૦૧૬-૧૦૮૭-ખ:-ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, આદિજાતિ વિકાસ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, સંયુક્ત કમિશનર, વર્ગ ૧ ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો આદિજાતિ વિકાસ કમિશનરની કચેરી હેઠળ, સંયુક્ત કમિશનર, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. આદિજાતિ વિકાસ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, સંયુક્ત કમિશનર, વર્ગ ૧ ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) આદિજાતિ વિકાસ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ કમિશનર,વર્ગ ૧ ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ માટે કામ કરેલું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઇઓ અનુસાર, સિનિયોરિટીને લક્ષમાં લીધા વિના, વિચારણાના ક્ષેત્રમાંની વ્યક્તિની પસંદગીના સિધ્ધાંતના આધારે બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તા મંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલ અનુભવ ધરાવતી વ્યકિત બઢતી માટે ઉપલભ્ય નથી અને તેના કરતાં ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે; તો તે, લેખિતમાં કારણોની નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતા ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યકિતને બઢતી આપી શકશે; અથવા

(ખ) ગુજરાત વહીવટી સેવાના સંવર્ગમાં કામ કરતી વ્યકિતઓમાંથી પ્રતિનિયુકિતના આધારે હંગામી બદલીથી કરવી જોઇશે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

દિનેશ પરમાર,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 66

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] THURSDAY, MARCH 17, 2016/PHALGUNA 27, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી માર્ચ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **ઉદ્યોગ અને ખાણ વિભાગ**-ના તારીખ : ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૬ના **સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ/૨૦૧૬/૧૬/બીઆરટી/૧૦૨૦૦૯/૬૪૪/ડી-૩**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

રા. અ. રાઠોડ,

(I/C) સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Driller, Class III, in the Commissionerate of Geology and Mining Recruitment Rules, 2016.

કમિશનર, ભૂસ્તરવિજ્ઞાન અને ખનીજની કચેરીમાં, ડ્રિલર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૦૬-૦૨-૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક:જીયુ/ ૨૦૧૬/૧૬/ બીઆરટી/ ૧૦૨૦૦૯/ ૬૪૪ /ડી.૩ :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, કમિશનર, ભૂસ્તરવિજ્ઞાન અને ખનીજની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, ડ્રિલર, વર્ગ ૩ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો, કમિશનર, ભૂસ્તરવિજ્ઞાન અને ખનીજની કચેરીમાં, ડ્રિલર, વર્ગ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. કમિશનર, ભૂસ્તરવિજ્ઞાન અને ખનીજની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, ડ્રિલર, વર્ગ ૩ની જગા ઉપરની નિમણૂક,-

(ક) (૧)કમિશનર, ભૂસ્તરવિજ્ઞાન અને ખનીજની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, આસિસ્ટન્ટ ડ્રિલર, વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ માટે કામ કરેલું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને પણ બઢતી આપીને જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

INDEX

નિયમ ૨માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(ક) ૩૬ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર, અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી મિકેનિકલ એન્જિનિયરીંગમાં ડિપ્લોમા ધરાવતો હોવો જોઇશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(ઘ) (૧) કમિશનર, ભૂસ્તરવિજ્ઞાન અને ખનીજની કચેરી,ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, રીંગમેન, વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પર આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે, અથવા

(૨) કમિશનર, ભૂસ્તરવિજ્ઞાન અને ખનીજની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, રીંગમેન, વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી, સરકારી સંગઠન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાંની જગા પરનો કઠણ પથ્થર (ખડક)(હાર્ડ રોક) અને ડાયમંડ ડ્રિલિંગ મશીનરીના સંચાલનનો આશરે ત્રણ વર્ષનો પ્રત્યક્ષ અનુભવ ધરાવતો હોવો જોઇશે, અને

(ચ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯-કની જોગવાઇઓ લાગુ પડશે.

સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવા પડશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ.એમ. ડામોર,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

Extra No. 67

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, MARCH 17, 2016/PHALGUNA 27, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી માર્ચ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૦૬-૦૨-૨૦૧૬ના ગુજરાત સરકારના બંદરો અને વાહન વ્યવહાર વિભાગ-ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૦૩/૨૦૧૬/એસટીસી/૧૦/૨૦૦૮/૧૪૭૯/ઘ. ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

રા. આ. રાઠોડ,
(I/C) સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Motor Vehicles Act, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ

જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહારવિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ- ૦૬/૦૨/૨૦૧૬.

મોટરવાહનઅધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંકઃ જીજી/૦૩/૨૦૧૬/એસટીસી/૧૦/૨૦૦૮/૧૪૭૯/ઘઃ- મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના અધિનિયમ ૫૯મા)ની કલમ ૮૯ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, તારીખ: ૧૩મી મે, ૨૦૧૫ના સમાનાંકી જાહેરનામાથી રાજ્ય વાહન વ્યવહાર અપીલ ટ્રિબ્યુનલની રચના કરી હતી. સદરહુ જાહેરનામામાં આંશિક સુધારો કરીને, ગુજરાત સરકાર, આથી, રાજ્ય વાહન વ્યવહાર અપીલ ટ્રિબ્યુનલ તરીકે કામગીરી કરવા માટે શ્રી એચ. જે. જોષીની રજા ઉપરની અથવા અન્યથા ગેરહાજરીમાં શ્રી આર. આઇ. ગનેરીવાલને બદલે, શ્રી આર. કે. ચુડાવાલા, નામદાર ન્યાયાધીશ, સિટી સિવિલ કોર્ટ, અમદાવાદ-ને નીમે છે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

એસ. આર. સોની,

ગુજરાત સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 68

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, MARCH 18, 2016/PHALGUNA 28, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી માર્ચ, ૨૦૧૬

તારીખઃ ૧૮મી માર્ચ, ૨૦૧૬-ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૬ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

GUJARAT ACT NO. 1 OF 2016.

THE GUJARAT STAMP (AMENDMENT) ACT, 2016.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે **સન ૨૦૧૬ના માર્ચ** મહિનાની **૧૬મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સી. જે. ગોઠી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 1 OF 2016.

AN ACT

further to amend the Gujarat Stamp Act, 1958.

સન ૨૦૧૬નો ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૧.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૬ના માર્ચ મહિનાની ૧૮મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. આ અધિનિયમ ગુજરાત સ્ટેમ્પ (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. — ટૂંકી સંજ્ઞા.

સન ૧૯૫૮નો મુંબઈનો ૬૦મો.

૨. ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે)માં, કલમ ૧૭માં, વિદ્યમાન પરંતુક પછી, નીચેનો પરંતુક ઉમેરવો:- — સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમની કલમ ૧૭નો સુધારો.

સન ૧૯૫૬નો ૧લો.

''વધુમાં, લેખ જેટલે સુધી કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩૯૪ હેઠળ હાઈકોર્ટના હુકમથી કંપનીઓની પુનઃરચના અથવા જોડાણ (એકીકરણ)ને લગતો

INDEX

હોય તેટલે સુધી, હાઈકોર્ટના હુકમની તારીખથી ત્રીસ દિવસની અંદર સ્ટેમ્પ મારવો (લગાડવો) જોઈશે.''.

સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમની કલમ ૫૩નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૩માં, પેટા-કલમ (૧)માં, ખંડ (ક)માં, નીચેનો પરંતુક દાખલ કરવો :-

''પરંતુ મુખ્ય નિયંત્રણ મહેસૂલ અધિકારીને ખાતરી થાય કે આવી વ્યક્તિને, ઉપર નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર, પૂરતા કારણોસર અરજી રજૂ કરતાં અટકાવવામાં આવી હતી, તો તેઓ (મુખ્ય નિયંત્રણ મહેસૂલ અધિકારી), દર ત્રીસ દિવસ અથવા તેના ભાગ માટે એક હજાર રૂપિયાની બિન-રિફંડપાત્ર રકમની ચુકવણી કર્યેથી, ત્યાર પછીની વધુ નેવું દિવસની મુદતની અંદર તેવી વ્યક્તિને અરજી રજૂ કરવાની પરવાનગી આપી શકશે.''.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 69

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII]　　SATURDAY, MARCH 19, 2016/PHALGUNA 29, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી માર્ચ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ -ના તારીખઃ ૦૭મી નવેમ્બર, ૨૦૧૫ ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેવી-૨૦૧૫ નો ૨૮૯-એએમએન-૨૦૨૦૦૦/૩૧૩૩-પી -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Bombay Provincial Municipal Corporations (Reservation in the Office of the Mayor) Rules, 1995.

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મેયરનો હોદ્દો અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૫ સુધારવા સંબંધી જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૭મી નવેમ્બર, ૨૦૧૫.

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંકઃ કેવી-૨૦૧૫ નો ૨૮૯-એએમએન-૨૦૨૦૦૦/૩૧૩૩-પીઃ- અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર અને જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણીઓ તારીખઃ ૨૨મી નવેમ્બર, ૨૦૧૫ના રોજ યોજવામાં આવનાર છે અને તેનાં પરિણામો તારીખઃ ૨જી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ જાહેર થવાની સંભાવના છે;

અને સદરહુ કોર્પોરેશનોના ચૂંટાયેલા કાઉન્સિલરો દ્વારા, સંબંધિત મંડળની પ્રથમ બેઠકમાં, આ મ્યુનિસિપલ કોર્પોરેશનોના મેયરોને ચૂંટવામાં આવનાર છે;

અને ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે સદરહુ અધિનિયમની કલમ ૪૫૬ની પેટા-કલમ (૨)ના પરંતુક હેઠળ નિયમો કરવા અને તેની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલાં લેવાનું તેને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧ક) સાથે વાંચતા, કલમ ૪૫૬ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મેયરનો હોદ્દો અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મેયરનો હોદ્દો અનામત રાખવા બાબત) (સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મેયરનો હોદ્દો અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૫ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૫ને બદલે, નીચેનો મજકૂર મૂકવોઃ-

''૫. રોસ્ટરનો સમયગાળો.- આ નિયમો સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ રોસ્ટર, સંબંધિત કોર્પોરેશનના પ્રથમ મેયરની ચૂંટણીની તારીખથી શરૂ થતી પાંચ વર્ષની મુદત સુધી અમલમાં ચાલુ રહેશે.''.

૩. સદરહુ નિયમોમાં, વિદ્યમાન અનુસૂચિને બદલે, નીચેની અનુસૂચિ મૂકવીઃ-

અનુસૂચિ

(જુઓ નિયમ ૨)

અનુક્રમાંક	મુદતનો સમયગાળો	કોર્પોરેશનનું નામ					
		અમદાવાદ	**વડોદરા**	**સુરત**	**રાજકોટ**	**ભાવનગર**	**જામનગર**
૧.	પ્રથમ અઢી વર્ષ	સામાન્ય	પછાત વર્ગ	સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સ્ત્રી
૨.	બીજા અઢી વર્ષ	સ્ત્રી	સ્ત્રી	સામાન્ય	સ્ત્રી	સામાન્ય	પછાત વર્ગ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

અશોકસિંહ પરમાર,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 70

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, MARCH 19, 2016/PHALGUNA 29, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી માર્ચ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ-ના તારીખ ૨૩મી ઓક્ટોબર, ૨૦૧૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ-૨૦૧૫/૪૬/બીઆરટી/૧૦૨૦૦૯/૬૩૨/ડી-૩-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Additional Director, Class I, in Gujarat Mining Services, Recruitment Rules, 2014.

ગુજરાત ખાણકામ સેવામાં, અધિક નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૪

સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૩/૧૦/૨૦૧૫.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીયુ - ૨૦૧૫ - ૪૬ - બીઆરટી - ૧૦૨૦૦૯ - ૬૩૨ - ડીૉ૩:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત ખાણ કામ સેવામાં, અધિક નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત ખાણ કામ સેવામાં, અધિક નિયામક, વર્ગ ૧, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. ગુજરાત ખાણ કામ સેવામાં, અધિક નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૪માં, નિયમ ૩માં, ખંડ (ક)માં, ‘‘૪૦ વર્ષથી’’ એ આંકડા અને શબ્દને બદલે, ‘‘૪૨ વર્ષથી’’ એ આંકડા અને શબ્દ મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એસ. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

Extra No. 71

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] SATURDAY, MARCH 19, 2016/PHALGUNA 29, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન સચિવાલય, ગાંધીનગર, ૧૯મી, માર્ચ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૨જી માર્ચ, ૨૦૧૬ના ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીયુ/૨૦૧૬/૨૯/બીઆરટી/૧૦૨૦૦૭/૧૪૧૧/ડી.૨ અને જીયુ/૨૦૧૬/૩૦/બીઆરટી/૧૧૨૦૧૩/૨૨૩૯૫૭/ડીઃસ-. ના ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યા છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Assistant Machineman, Class III, Recruitment Rules, 2008.

મદદનીશ મશીનમેન, વર્ગ ૩ ભરતી નિયમો, ૨૦૦૮ સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨જી માર્ચ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીયુ/૨૦૧૬/૨૯/બીઆરટી/૧૦૨૦૦૭/૧૪૧૧/ડી.૨:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, મદદનીશ મશીનમેન, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૦૮ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો, મદદનીશ મશીનમેન વર્ગ ૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. મદદનીશ મશીનમેન, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૦૮ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ ૩ માં, ખંડ (ક) માં, "૩૧ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૩૮ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

"ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક-ની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂંક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે."

૪. સદરહુ નિયમોમાં, નિયમો ૫ અને ૬ કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

મહેન્દ્ર આર. સોની,

સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Desk Top Publishing, Operator, Class III,

Recruitment Rules, 2014.

ડેસ્ક ટોપ પબ્લિશિંગ ઓપરેટર, વર્ગ ૩ ભરતી નિયમો, ૨૦૧૪ સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨જી માર્ચ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીયુ/૨૦૧૬/30/બીઆરટી/૧૧૨૦૧૩/૨૨૩૯૫૭/ડી.૨:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ડેસ્ક ટોપ પબ્લિશિંગ ઓપરેટર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૪ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો, ડેસ્ક ટોપ પબ્લિશિંગ ઓપરેટર, વર્ગ ૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ડેસ્ક ટોપ પબ્લિશિંગ ઓપરેટર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૪ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ ૩ માં, ખંડ (ક) માં, "૨૮ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૩૩ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪ને બદલે, નીચેનો નિયમો મૂકવોઃ-

"૪. "ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક-ની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂંક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે."

૪. સદરહુ નિયમોમાં, નિયમો ૫ થી ૭ કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

મહેન્દ્ર આર. સોની,

સરકારના નાયબ સચિવ.

Extra No. 72

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, MARCH 19, 2016/PHALGUNA 29, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી માર્ચ, ૨૦૧૬

તારીખઃ ૧૯મી માર્ચ, ૨૦૧૬ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૬ ના ગુજરાત **વિધેયક ક્રમાંક : ૨૩** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

GUJARAT BILL NO. 23 OF 2016.

THE GUJARAT PRIVATE UNIVERSITIES (AMENDMENT) BILL, 2016.

A BILL

further to amend the Gujarat Private Universities Act, 2009.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

સન ૨૦૧૬ નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૩ .

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૬.

ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક.

નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, વિસનગર, જિલ્લો : મહેસાણા, મારવાડી એજ્યુકેશન ફાઉન્ડેશન, રાજકોટ, પ્લાસ્ટઇન્ડિયા ફાઉન્ડેશન, મુંબઇ, લક્ષ્મણ જ્ઞાનપીઠ, ગોધાવી, તાલુકો : સાણંદ, જિલ્લો : અમદાવાદ-એ રાજ્યમાં ખાનગી યુનિવર્સિટીઓ સ્થાપવા માટે, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ની જોગવાઇઓ હેઠળ રાજ્ય સરકારને અરજી કરી છે;

સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો.

અને ચકાસણી સમિતિએ, સદરહુ અરજીઓની ચકાસણી કરેલી છે અને ચકાસણી સમિતિના અહેવાલ પરથી, રાજ્ય સરકારે, ખાનગી યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે સંબંધિત પુરસ્કર્તા મંડળને ઇરાદાપત્ર કાઢી આપ્યો છે;

અને રાજ્ય સરકારને ખાતરી થઇ છે કે સદરહુ અધિનિયમની કલમ ૧૦માં જોગવાઇ કર્યા પ્રમાણે, પુરસ્કર્તા મંડળોએ ઇરાદાપત્રની શરતોનું પાલન કર્યું છે અને ઇરાદાપત્ર પ્રમાણેનું દેણગી ફંડ પણ સ્થાપ્યું છે;

તેથી, હવે, ગુજરાત સરકાર, સદરહુ અધિનિયમની કલમ ૧૦ની જોગવાઇઓ અનુસાર, સદરહુ અનુસૂચિના કોલમ ૪માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના ઉપર્યુક્ત પુરસ્કર્તા મંડળના નામે અને સ્થળે અનુસૂચિના કોલમ ૨-માં નિર્દિષ્ટ કરેલી સંસ્થાઓનો ખાનગી યુનિવર્સિટી તરીકે સમાવેશ કરે છે.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

INDEX

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૦૯ના ગુજરાતના ૮મા અધિનિયમની અનુસૂચિનો સુધારો.

૨. ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯માં, અનુસૂચિમાં, અનુક્રમાંક ૧૭ ઉપરની નોંધ પછી, નીચેની નોંધો દાખલ કરવી:- સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો.

અનુક્રમાંક	ખાનગી યુનિવર્સિટીનું નામ અને સરનામું	નોંધણી અને નોંધણી નંબરની વિગતો	પુરસ્કર્તા મંડળ
૧.	૨.	૩.	૪.
"૧૮.	સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર.	ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી (રજિસ્ટ્રેશન). રજિસ્ટ્રેશન નંબર. ઈ/૨૫૧, મહેસાણા. તારીખ : ૧૯/૧૨/૧૯૫૨.	નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, એસ.કે. પટેલ કેમ્પસ, વિસનગર, જિલ્લો : મહેસાણા, ગુજરાત.
૧૯.	મારવાડી યુનિવર્સિટી, રાજકોટ.	ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી. રજિસ્ટ્રેશન નંબર. ઈ/૮૪૫૮, રાજકોટ. તારીખ : ૨૪/૧૦/૨૦૦૮.	મારવાડી એજ્યુકેશન ફાઉન્ડેશન, રાજકોટ, ગુજરાત.
૨૦.	પ્લાસ્ટઈન્ડિયા ઈન્ટરનેશનલ યુનિવર્સિટી, વાપી.	મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી. રજિસ્ટ્રેશન નંબર. એફ.૧૨૧૫૬, મુંબઈ. તારીખ : ૨૬/૧૧/૧૯૮૭.	પ્લાસ્ટઈન્ડિયા ફાઉન્ડેશન, ૪૦૧, લેન્ડમાર્ક, "બી (B)", સુરેન રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ, મહારાષ્ટ્ર, ભારત.

INDEX

૨૧.	અનંત નેશનલ યુનિવર્સિટી, અમદાવાદ.	ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી. રજિસ્ટ્રેશન નંબર ઈ/૮૧૦૭, અમદાવાદ, ગુજરાત. તા.૧૦/૦૧/૧૯૯૧	લક્ષ્મણ જ્ઞાનપીઠ, સંસ્કારધામ કેમ્પસ, મણિપુર બસસ્ટોપ પાસે, ગોધાવી, તાલુકોઃ સાણંદ, જિલ્લોઃ અમદાવાદ, ગુજરાત.".

ઉદ્દેશો અને કારણો

રાજય સરકારે, ગુણવત્તાસભર અને ઉદ્યોગલક્ષી ઉચ્ચ શિક્ષણ પૂરું પાડવાના હેતુથી, રાજયમાં ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપના કરવા માટેની જોગવાઈ કરવા અને અધિનિયમની જોગવાઈઓ અનુસાર તેના કાર્યોનું નિયમન કરવા માટે, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ (સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો) અધિનિયમિત કર્યો છે. સદરહુ અધિનિયમ હેઠળ તે તરીકે જાહેર કરેલ ખાનગી યુનિવર્સિટીએ, સદરહુ અધિનિયમની જોગવાઈઓ મુજબ યુનિવર્સિટીના કાર્યનો વહીવટ કરવાનો હોય છે અને ગવર્નિંગ બોડી, બોર્ડ ઓફ મેનેજમેન્ટ, એકેડેમિક કાઉન્સિલ અને એવા બીજા અધિકારીમંડળો-એ, સદરહુ અધિનિયમમાં જોગવાઈ કર્યા પ્રમાણેની તેમની ફરજો બજાવવાની હોય છે અને તેમના કાર્યો કરવાના હોય છે અને એવા મંડળોની રચના, સદરહુ અધિનિયમમાં જોગવાઈ કર્યા મુજબની હોવી જોઈશે.

રાજ્ય સરકારને, નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, વિસનગર, જિલ્લોઃ મહેસાણા, મારવાડી એજ્યુકેશન ફાઉન્ડેશન, રાજકોટ, પ્લાસ્ટઈન્ડિયા ફાઉન્ડેશન, મુંબઈ અને લક્ષ્મણ જ્ઞાનપીઠ, ગોધાવી, તાલુકોઃ સાણંદ, જિલ્લોઃ અમદાવાદ પાસેથી, અનુક્રમે સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર, મારવાડી યુનિવર્સિટી, રાજકોટ, પ્લાસ્ટઈન્ડિયા ઈન્ટરનેશનલ યુનિવર્સિટી, વાપી અને અનંત નેશનલ યુનિવર્સિટી, અમદાવાદ-ની ખાનગી યુનિવર્સિટીઓ તરીકે સ્થાપના કરવા માટેની દરખાસ્તો મળી છે. સદરહુ અધિનિયમની કલમ ૧૦થી એવી જોગવાઈ કરી છે કે રાજય સરકારને એવી ખાતરી થાય કે પુરસ્કર્તા મંડળે, ઈરાદાપત્રની શરતોનું પાલન કર્યુ છે, તો પછી રાજય સરકારે, સદરહુ અધિનિયમની અનુસૂચિમાં યુનિવર્સિટીના નામનો સમાવેશ કરવા માટે યોગ્ય કાયદો લાવવાનો હોય છે. સદરહુ દરખાસ્તોની, સદરહુ અધિનિયમની કલમ ૮ હેઠળ નિમાયેલી ચકાસણી સમિતિએ વિચારણા કરી છે અને સમિતિએ તેનો રિપોર્ટ રાજય સરકારને રજૂ કર્યો છે અને એવા રિપોર્ટના આધારે રાજય સરકારને ખાતરી થયા પછી, અધિનિયમની કલમ ૯ હેઠળ જોગવાઈ કર્યા મુજબ ઈરાદાપત્ર કાઢી આપ્યો છે અને પુરસ્કર્તા મંડળે ઈરાદાપત્રની શરતોનું પાલન કર્યું હોવાથી, સદરહુ અધિનિયમની કલમ ૧૦ હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે યુનિવર્સિટીઓના નામને, અધિનિયમની અનુસૂચિમાં સમાવિષ્ટ કરવાનું જરૂરી જણાયું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

વસુબેન ત્રિવેદી,

INDEX

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ(૨) થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, જે તારીખે અધિનિયમ અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૧૮મી માર્ચ, ૨૦૧૬. **વસુબેન ત્રિવેદી.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. ગોઠી,

ગાંધીનગર, ગુજરાત સરકારના સચિવ,

તારીખ: ૧૯મી માર્ચ, ૨૦૧૬. વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 73

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, MARCH 19, 2016/PHALGUNA 29, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી માર્ચ, ૨૦૧૬.

તારીખ : ૧૯મી માર્ચ, ૨૦૧૬ના ગુજરાત રાજપત્ર, **(અસાધારણ)**માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા **સન ૨૦૧૬** ના ગુજરાત **વિધેયક ક્રમાંક : ૨૪** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

GUJARAT BILL NO. 24 OF 2016.

THE GANPAT UNIVERSITY (AMENDMENT) BILL, 2016.

A BILL

further to amend the Ganpat University Act, 2005.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છેઃ-

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૪ .

ગણપત યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૬.

ગણપત યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૫ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

૧. (૧) આ અધિનિયમ ગણપત યુનિવર્સિટી (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા આરંભ.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૨૦૦૫નો ગુજરાતનો ૧૯મો. ૨. ગણપત યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૫ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨-માં,- સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૨-નો સુધ

(૧) ખંડ (ઘ)ને બદલે, નીચેનો ખંડ મૂકવોઃ-

"(ઘ) "મહાનિયામક" એટલે કલમ ૧૮ હેઠળ નીમાયેલા યુનિવર્સિટીના મહાનિયામક;";

(૨) ખંડ (ઢ) પછી, નીચેનો ખંડ દાખલ કરવોઃ-

"(ઢ-ક) "નિયમનકારી સંસ્થા"નો અર્થ, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ની કલમ ૨-ના ખંડ (ધ)થી વ્યાખ્યા કર્યા પ્રમાણેનો થશે;". સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો

INDEX

સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૩નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩માં, પેટા-કલમ (૨)માં, ''નિયામક'' એ શબ્દને બદલે, ''મહાનિયામક'' એ શબ્દ મૂકવો.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૪નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪માં,-

(૧) ''માનવજાતની ઉન્નતિ માટે'' એ શબ્દોથી શરૂ થતા અને ''જ્ઞાન વિકસાવવાના છે'' એ શબ્દોથી પૂરા થતા ભાગને બદલે, ''માનવજાતની ઉન્નતિ માટે વિજ્ઞાન, તકનિકી (ટેકનોલોજિ), દંત (ડેન્ટલ), તબીબી, સહ-તબીબી (પેરા-મેડિકલ), ફિઝિઓથેરપિ (અંગવ્યાયામ ચિકિત્સા), ફાર્મસી, વાણિજ્ય (કોમર્સ), સંચાલન (મેનેજમેન્ટ), માનવવિદ્યા (શિષ્ટ સાહિત્યિક વિષય), કાયદો, ફેશન ડિઝાઇનિંગ, સ્થાપત્ય (આર્કિટેકચર), નર્સિંગ, રમતગમત (સ્પોર્ટ્સ), ડેરિ, પશુપાલન, કૃષિ, વનવિજ્ઞાન (ફોરેસ્ટ્રિ), મત્સ્યોદ્યોગ અને બીજી કોઇ શૈક્ષણિક વિદ્યાશાખાઓનું જ્ઞાન વિકસાવવાના છે'' એ શબ્દો મૂકવા;

(૨) ખંડો (૨), (૩) અને (૪)ને બદલે, નીચેના ખંડો મૂકવા:-

''(૨) વિજ્ઞાન, ટેકનોલોજિ, દંત (ડેન્ટલ), તબીબી, ફિઝિઓથેરપિ, સહ-તબીબી, ફાર્મસી, વાણિજ્ય, સંચાલન, માનવવિદ્યા (શિષ્ટ સાહિત્યિક વિષય), કાયદો, ફેશન ડિઝાઇનિંગ, સ્થાપત્ય, નર્સિંગ, રમતગમત, કૃષિ, વનવિજ્ઞાન, મત્સ્યોદ્યોગ અને તેને લગતા બીજા વ્યાવસાયિક શિક્ષણના ક્ષેત્રમાં, તેની વર્તમાન સ્થિતિ મુજબ અને નિરંતર શિક્ષણ અને દૂરવર્તી શિક્ષણ સહિત, ભવિષ્યમાં વિકસાવવામાં આવે તેવી બીજી બાબતોના ક્ષેત્રમાં, ઉચ્ચ ધોરણયુકત જ્ઞાન, શિક્ષણ, તાલીમ અને સંશોધન સવલત પૂરી પાડવા માટેના ગુણોત્કર્ષ કેન્દ્રો ઊભા કરવાનો;

(૩) પ્રમાણપત્ર અથવા ડિપ્લોમા અભ્યાસક્રમો, પૂર્વસ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો અને સર્વોત્તમ પદવી (ડોકટરલ)ના સ્તર સુધીના અધ્યાપનની તરેહ વિકસાવવાનો અને શિક્ષણ તથા તેના ઉપયોગનું ઉચ્ચ ધોરણ જાળવવાનો; વિજ્ઞાન અને ટેકનોલોજિ, દંત (ડેન્ટલ), તબીબી, ફિઝિઓથેરપિ, સહ-તબીબી, ફાર્મસી, વાણિજ્ય, સંચાલન, માનવવિદ્યા (શિષ્ટ સાહિત્યક વિષય), કાયદો, ફેશન ડિઝાઇનિંગ, સ્થાપત્ય, નર્સિંગ, રમતગમત, કૃષિ, વનવિજ્ઞાન, મત્સ્યોદ્યોગ અભ્યાસક્રમોના સ્તરને ઊંચું લાવવા માટેની ક્ષમતા ઊભી કરવાનો;

(૪) તાલીમ સવલતો વિકસાવવી અને ઉચ્ચ શિક્ષણ, વ્યાવસાયિક શિક્ષણ અને તેને સંલગ્ન ક્ષેત્રોમાં તાલીમ માટે વ્યવસ્થા કરવી, વિજ્ઞાન અને ટેકનોલોજિ, દંત (ડેન્ટલ), તબીબી, ફિઝિઓથેરપિ, સહ-તબીબી, ફાર્મસી, વાણિજ્ય, સંચાલન, કાયદો, ફેશન ડિઝાઇનિંગ, સ્થાપત્ય, નર્સિંગ, રમતગમત, કૃષિ, વનવિજ્ઞાન, મત્સ્યોદ્યોગ અને તેને સંલગ્ન ક્ષેત્રમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સહભાગિતા માટે આંતરસંબંધોની જોગવાઇ કરવાની.'';

(૩) ખંડ (૬) પછી, નીચેનો ખંડ ઉમેરવો:-

''(૭) સંસદે કરેલા કોઈ કાયદા અને નિયમન કરતી સંસ્થાઓએ કરેલા કોઈ વિનિયમો, નિયમો વગેરે હેઠળ, નિયમનકારી સંસ્થાઓની પરવાનગીને અધીન રહીને, રાજ્યની અંદર, ઓફ-કેમ્પસ કેન્દ્રો, અભ્યાસ કેન્દ્રો અને પરીક્ષા કેન્દ્રો ઊભા કરવાનો.''.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬માં,- સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલ ૬નો સુધારો.

(૧) ખંડ (૨)ને બદલે, નીચેનો ખંડ મૂકવો :-

''(૨) વિજ્ઞાન, ટેકનોલોજિ, દંત (ડેન્ટલ), તબીબી, ફિઝિઓથેરપિ, ફાર્મસી, વાણિજ્ય, સંચાલન, માનવવિદ્યા, કાયદો, ફેશન ડિઝાઇનિંગ, સ્થાપત્ય, નર્સિંગ, રમતગમત, કૃષિ, વનવિજ્ઞાન, મત્સ્યોદ્યોગ અને તેને સંલગ્ન ક્ષેત્રોને લગતા જ્ઞાન અથવા શિક્ષણની એવી શાખાઓમાં પ્રશિક્ષણ, તાલીમ, સંશોધનના ઉત્કર્ષ અને પ્રસાર માટેની જોગવાઇ કરવી;'',

(૨) ખંડ (૯)ને બદલે, નીચેનો ખંડ મૂકવો :-

''(૯) વિજ્ઞાન, ટેકનોલોજી, દંત (ડેન્ટલ), તબીબી, ફિઝિઓથેરપિ, ફાર્મસી, વાણિજ્ય, સંચાલન, માનવવિદ્યા, કાયદો, ફેશન ડિઝાઇનિંગ, સ્થાપત્ય, નર્સિંગ, રમતગમત, કૃષિ, વનવિજ્ઞાન અને મત્સ્યોદ્યોગના વિવિધ ક્ષેત્રોમાં સંશોધન પુરસ્કૃત કરવાની અને હાથ ધરવાની ;

(૩) ખંડ (૧૨)ને બદલે, નીચેનો ખંડ મૂકવો :-

''(૧૨) યુનિવર્સિટીના ઉદ્દેશો સિદ્ધ કરવા માટે વિજ્ઞાન, ટેકનોલોજી, દંત (ડેન્ટલ), તબીબી, ફિઝિઓથેરપિ, ફાર્મસી, વાણિજ્ય, સંચાલન, માનવવિદ્યા, કાયદો, ફેશન ડિઝાઇનિંગ, સ્થાપત્ય, નર્સિંગ, રમતગમત, કૃષિ, વનવિજ્ઞાન,

મત્સ્યોદ્યોગ અને સંલગ્ન ક્ષેત્રોમાં વિશ્વના કોઇ ભાગમાંના અધ્યાપકો, સંશોધકો અને કાર્યક્ષેત્ર નિષ્ણાતો સાથે સંબંધો વિકસાવવાની અને નિભાવવાની;

સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૯નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯માં, ખંડ (ખ)માં, ''નિયામક''એ શબ્દને બદલે, ''મહાનિયામક'' એ શબ્દ મૂકવો.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૧૦નો સુધારો.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦માં, પેટા-કલમ (૧)માં,-

(૧) ખંડો (૩) અને (૪)માં, ''નિયામક'' એ શબ્દને બદલે, ''મહાનિયામક'' એ શબ્દ મૂકવો અને ખંડ (૯)માં, ''નિયામકે'' એ શબ્દને બદલે, ''મહાનિયામક'' એ શબ્દ મૂકવો;

(૨) ખંડો (૫), (૬), (૭) અને (૮)માં, ''અથવા તેમના નામનિયુકત'' એ શબ્દો અંતમાં ઉમેરવા.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૧૨નો સુધારો.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨માં, પેટા-કલમ (૨)માં, ખંડ (૯)માં, ''નિયામક'' એ શબ્દને બદલે, ''મહાનિયામક'' એ શબ્દ મૂકવો.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૧૪નો સુધારો.

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૪માં, પેટા-કલમ (૧)માં,-

(૧) ખંડ (૧)માં, ''નિયામક'' એ શબ્દને બદલે, ''મહાનિયામક'' એ શબ્દ મૂકવો અને ખંડો (૩) અને (૫)માં, ''નિયામકે'' એ શબ્દને બદલે, ''મહાનિયામકે'' એ શબ્દ મૂકવો;

(૨) ખંડ (૪)ને બદલે, નીચેનો ખંડ મૂકવો :-

''(૪) યુનિવર્સિટીના ડીન;''.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ૧૬નો સુધારો.

૧૦. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૬માં, પેટા-કલમ (૧)માં, ખંડ (૧) માં, ''નિયામક''એ શબ્દને બદલે, ''મહાનિયામક'' એ શબ્દ મૂકવો અને ખંડ (૩)માં, ''નિયામકે'' એ શબ્દને બદલે, ''મહાનિયામકે'' એ શબ્દ મૂકવો;

૧૧. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૮માં,-

સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૧૮નો સુધારો.

(૧) ''નિયામક'' એ શબ્દ જયાં જયાં આવે છે ત્યાં ત્યાં તેને બદલે, ''મહાનિયામક'' એ શબ્દ મૂકવો;

(૨) હાંસિયાની નોંધમાં, ''નિયામક'' એ શબ્દને બદલે, ''મહાનિયામક'' એ શબ્દ મૂકવો.

૧૨. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૯માં,-

સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૧૯નો સુધારો.

(૧) ''નિયામક'' એ શબ્દ જયાં જયાં આવે છે ત્યાં ત્યાં તેને બદલે, ''મહાનિયામક'' એ શબ્દ મૂકવો અને ''નિયામકે'' એ શબ્દ જયાં જયાં આવે છે ત્યાં ત્યાં તેને બદલે, ''મહાનિયામકે'' એ શબ્દ મૂકવો;

(૨) હાંસિયાની નોંધમાં, ''નિયામક'' એ શબ્દને બદલે, ''મહાનિયામક'' એ શબ્દ મૂકવો.

૧૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૦માં, પેટા-કલમ (૨)માં, ખંડો (૩), (૪) અને (૭)માં, ''નિયામક''એ શબ્દને બદલે, ''મહાનિયામક'' એ શબ્દ મૂકવો.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૨૦નો સુધારો.

૧૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૧માં, ''નિયામક'' એ શબ્દ જયાં જયાં આવે છે ત્યાં ત્યાં તેને બદલે, ''મહાનિયામક'' એ શબ્દ મૂકવો.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૨૧નો સુધારો.

૧૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૪માં, પેટા-કલમ (૨)માં, ખંડો (૧૭) અને (૧૯)માં, ''નિયામક'' એ શબ્દને બદલે, ''મહાનિયામક'' એ શબ્દ મૂકવો.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૩૪નો સુધારો.

૧૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૫માં, ''નિયામક'' એ શબ્દને બદલે, ''મહાનિયામક'' એ શબ્દ મૂકવો.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૩૫નો સુધારો.

ઉદ્દેશો અને કારણો

રાજય સરકારે, ગણપત યુનિવર્સિટી, ખેરવા, જિલ્લો મહેસાણા-ની સ્થાપના કરવા માટે અને તેને બિન-સંલગ્ન (જોડાણ ન કરતી) યુનિવર્સિટીનો દરજ્જો આપવાની જોગવાઇ કરવા માટે ગણપત યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૫ અધિનિયમિત કરેલો છે. યુનિવર્સિટીએ સદરહુ અધિનિયમમાં અમુક ફેરફારો કરવાનું સૂચિત કર્યું છે અને યોગ્ય વિચારણા કર્યા પછી, રાજય સરકારે, અમુક ફેરફારો જે સામાન્ય પ્રકારના છે તે સ્વીકારવા માટે યોગ્ય હોવાનું વિચાર્યું છે.

તદનુસાર, ''નિયામક'' એ નામાભિધાનને, ''મહાનિયામક'' તરીકે બદલવા ધાર્યું છે અને તદનુસાર, અધિનિયમમાં જયાં જયાં ''નિયામક'' એ શબ્દ આવે છે, ત્યાં તે મતલબના સુધારા કરવા ધાર્યું છે. યુનિવર્સિટીના ઉદ્દેશોમાં વિદ્યમાન અભ્યાસક્રમોમાં ડિઝાઇનિંગ, સ્થાપત્ય (આર્કિટેકચર), નર્સિંગ, રમતગમત (સ્પોર્ટ્સ), કૃષિ, વનવિજ્ઞાન (ફોરેસ્ટ્રિ) અને મત્સ્યોદ્યોગ જેવા અમુક અભ્યાસક્રમો ઉમેરવા પણ ધાર્યું છે. યુનિવર્સિટી, યુ.જી.સી. (UGC), એ.આઇ.સી.ટી.ઇ. (AICTE), એમ.સી.આઇ. (MCI) વગેરે જેવી નિયમનકારી સંસ્થાઓની પરવાનગી લઇને રાજયની અંદર ઓફ-કેમ્પસ કેન્દ્રો, અભ્યાસ કેન્દ્રો અને પરીક્ષા કેન્દ્રો સ્થાપી શકે તે મતલબનો સુધારો કરવા પણ ધાર્યું છે. સદરહુ અધિનિયમની જુદી જુદી કલમોમાં ચોક્કસ પારિણામિક સુધારાઓ કરવાનું પણ ધાર્યું છે. યુનિવર્સિટીના તમામ ડીનનો, એકેડેમિક કાઉન્સિલના સભ્યો તરીકે સમાવેશ કરવા પણ ધાર્યું છે.

આ વિધેયકથી, ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

તારીખ : ૧૮મી માર્ચ, ૨૦૧૬.

વસુબેન ત્રિવેદી.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. ગોઠી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,
તારીખ: ૧૯મી માર્ચ, ૨૦૧૬.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 74

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, MARCH 19, 2016/PHALGUNA 29, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી માર્ચ, ૨૦૧૬

તારીખ: ૧૯મી માર્ચ, ૨૦૧૬ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૬ ના ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૫ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 25 OF 2016.

THE GUJARAT VALUE ADDED TAX (AMENDMENT) BILL, 2016.

A BILL

further to amend the Gujarat Value Added Tax Act, 2003.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૨૫ .

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) વિધેયક, ૨૦૧૬.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે સન ૨૦૧૬ ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૦૫નો ગુજરાતનો ૧લો. ૨. ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૭માં,- સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૭નો સુધારો.

(૧) પેટા-કલમ (૧ક)માં, ખંડ (૧)માં, ''૧૯-ક, ૨૫, ૪૬-ખ, ૪૮-ક, ૪૯-ક, ૪૯-ખ, ૫૧-ક, ૭૬-ક અને ૮૭'' એ આંકડા, અક્ષરો અને શબ્દને બદલે, ''૧૯-ક, ૨૫, ૪૬-ખ, ૪૮-ક, ૪૯-ક, ૪૯-ખ, ૪૯-ગ, ૫૧-ક, ૫૫-ક, ૭૬-ક, ૮૦-ક અને ૮૭'' એ આંકડા, અક્ષરો અને શબ્દ મૂકવા;

(૨) પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી :-

''(૨) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી,-

(૧) અનુસૂચિ ૨ની કોઇ નોંધ (અથવા તેના ભાગના) સંબંધમાં, સદરહુ અનુસૂચિ ૨માં નિર્દિષ્ટ કરેલા વેરાના દર ઘટાડી શકશે અને તેવા જ જાહેરનામાથી કોઇ પણ કિસ્સામાં વેરાનો દર વધે નહિ તે રીતે સદરહુ અનુસૂચિ ૨માંની કોઇ નોંધ (અથવા તેનો ભાગ) કમી કરી

શકશે અથવા સુધારી શકશે અને તેમ થયે અનુસૂચિ ૨ તદનુસાર સુધારેલી હોવાનું ગણાશે;

(૨) કિંમત, વજન, કદ, માપ અથવા એકમના આધારે વેરો લેવા માટે અનુસૂચિ-૩માં ઉમેરો કરી શકશે અથવા તેમાંથી કંઈપણ બાકાત કરી શકશે અથવા અન્યથા તેમાં સુધારો અથવા ફેરફાર કરી શકશે અથવા અનુસૂચિ-૩માં નિર્દિષ્ટ કરેલા કોઇ માલના સંબંધમાં ચૂકવવાપાત્ર વેરાનો દર ઘટાડી અથવા વધારી શકશે અને તેમ થયે, અનુસૂચિ-૩ તદનુસાર સુધારેલી હોવાનું ગણાશે.''.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૯નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯માં, પેટા-કલમ (૬)માં, ખંડ (૧)માં, ''૧૯-ક, ૨૫, ૪૬-ખ, ૪૮-ક, ૪૯-ક, ૪૯-ખ, ૫૧-ક, ૭૬-ક અને ૮૭'' એ આંકડા, અક્ષરો અને શબ્દને બદલે, ''૧૯-ક, ૨૫, ૪૬-ખ, ૪૮-ક, ૪૯-ક, ૪૯-ખ, ૪૯-ગ, ૫૧-ક, ૫૫-ક, ૭૬-ક, ૮૦-ક અને ૮૭'' એ આંકડા, અક્ષરો અને શબ્દ મૂકવા;

સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની અનુસૂચિ ૧નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ ૧માં, અનુક્રમાંક ૫૦ પરની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી:-

અનુક્રમાંક	માલનું વર્ણન.	જેને અધીન રહીને માફી આપવામાં આવી હોય તે શરતો અને અપવાદો.
૧	૨	૩
''૫૦	અનુસૂચિ ૨ની નોંધ ૪૨ક હેઠળ નિર્દિષ્ટ કરેલા મીઠા સિવાયનું મીઠું.	ખરીદનારે એવો એકરાર કરવો જોઈશે કે આ નોંધ હેઠળ આવરી લીધેલું પોતે ખરીદેલું મીઠું, અનુસૂચિ ૨ની નોંધ ૪૨ક હેઠળ નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના હેતુ માટે વાપરવામાં આવશે નહિ.''.

INDEX

૫. મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ ૨માં,- સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯ા અધિનિયમની અનુસૂચિ ૨નો સુધારો.

(૧) અનુક્રમાંક ૪૯ખ પરની નોંધ પછી, નીચેની નોંધ દાખલ કરવી:-

અનુક્રમાંક	માલનું વર્ણન.	વેરાનો દર.
૧	૨	૩
''૪૯ગ	લક્ઝરી કાર, લક્ઝરી એસયુવી (SUVs) અને લક્ઝરી ટુ વ્હીલર. **સ્પષ્ટીકરણ:-** આ નોંધના હેતુ માટે, '' લક્ઝરી કાર અથવા લક્ઝરી એસયુવી (SUVs)'' એટલે પંદર લાખ રૂપિયાથી વધુ કિંમતની કાર અથવા એસયુવી અને લક્ઝરી ટુ વ્હીલર એટલે અઢી લાખ રૂપિયાથી વધુ કિંમતના ટુ વ્હીલર.	રૂપિયે સાડા સત્તર પૈસા.'';

(૨) અનુક્રમાંક ૫૫ પરની નોંધ પછી, નીચેની નોંધ દાખલ કરવી:-

અનુક્રમાંક	માલનું વર્ણન.	વેરાનો દર.
૧	૨	૩
''૫૫ક	પાન મસાલા.	રૂપિયે સાડા બાવીસ પૈસા.'';

(૩) અનુક્રમાંક ૮૦ પરની નોંધ પછી, નીચેની નોંધ દાખલ કરવી:-

અનુક્રમાંક	માલનું વર્ણન.	વેરાનો દર.
૧	૨	૩
"૮૦ ક	કંપનીઓ, પેઢીઓ, હિંદુ અવિભક્ત કુટુંબ (HUF), મંડળી, સંસ્થાઓ, સંસ્થાપિત હોય કે ન હોય તેવા વ્યકિતઓના એસોસિએશન અથવા વ્યકિતઓના મંડળ, કલબ, ટ્રસ્ટ, સરકારી વિભાગો, સરકારી અન્ડરટેકિંગ્સ, બોર્ડ-કોર્પોરેશન, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ અને કૃત્રિમ કાનૂની વ્યકિતને વેચવામાં આવેલા (શાળાની બસ, કોલેજ બસ, ઉતારુ બસ અને માલવાહક ટ્રક સિવાયના) મોટર વાહનો.	રૂપિયે સાડા સત્તર પૈસા.''.

ઉદ્દેશો અને કારણો

નાણા મંત્રીશ્રીએ, વિધાનસભામાં વર્ષ ૨૦૧૬-૧૭ માટેનું અંદાજપત્ર રજૂ કરતી વખતે, વ્યક્તિઓ સિવાયની કંપનીઓ, પેઢીઓ, ટ્રસ્ટ, સરકારી વિભાગો વગેરે દ્વારા કરવામાં આવતી વાહનોની ખરીદી પરના મૂલ્યવર્ધિત વેરાનો દર વધારવાની દરખાસ્ત કરી હતી. તેમણે લકઝરી કાર/ એસયુવી (SUVs) અને લકઝરી ટુવ્હીલર્સ પરના તેમજ પાન મસાલા અને ઔદ્યોગિક મીઠાની ખરીદી પરના વેરાનો દર પણ વધારવાની દરખાસ્ત કરી હતી. સદરહુ દરખાસ્તોને અમલમાં લાવવા માટે, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ની સંબંધિત જોગવાઇઓ સુધારવા ધાર્યું છે.

સદરહુ અધિનિયમની કલમ ૭ની પેટા-કલમ (૨)ની વિદ્યમાન જોગવાઇઓ સુધારવાની પણ તક લેવામાં આવી છે. વિધેયકની કલમ ૨-થી, બીજી બાબતોની સાથોસાથ એવી જોગવાઇ કરવામાં આવી છે કે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, અનુસૂચિ ૨ની કોઇ નોધના સંબંધમાં, સદરહુ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા વેરાનો દર ઘટાડી શકશે પરંતુ વેરાનો દર વધારી શકશે નહિ. સદરહુ કલમ ૨-થી એવી જોગવાઇ પણ કરવામાં આવી છે કે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, કિંમત, વજન, કદ, માપ અથવા એકમના આધારે, વેરો લેવા માટે અનુસૂચિ ૩માં સુધારો કરી શકશે અથવા તેમાં ફેરફાર કરી શકશે અથવા અનુસૂચિ ૩માં નિર્દિષ્ટ કરેલા કોઇ માલના સંબંધમાં ભરવાપાત્ર વેરાનો દર ઘટાડી અથવા વધારી શકશે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

સૌરભ પટેલ,

INDEX

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :-

કલમ ૨.- આ કલમથી, બદલવા ધારેલી અધિનિયમની કલમ ૭ની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી,-

(૧) અનુસૂચિ ૨ની કોઈ નોંધના સંબંધમાં વેરાનો દર ઘટાડવાની પરંતુ વેરાનો દર ન વધારવાની;

(૨) કિંમત, વજન, કદ, માપ, અથવા એકમના આધારે, વેરો લેવા માટે અનુસૂચિ ૩માં કોઈ નોંધ ઉમેરવાની અથવા તેમાંથી કોઈ નોંધ બાકાત કરવાની અથવા તેમાં સુધારો કરવાની અથવા તેમાં ફેરફાર કરવાની અથવા અનુસૂચિ ૩માં નિર્દિષ્ટ કરેલા કોઈ માલના સંબંધમાં ભરવાપાત્ર વેરાનો દર ઘટાડવાની અથવા વધારવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૧૯મી માર્ચ, ૨૦૧૬.

સૌરભ પટેલ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. ગોઠી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,
તારીખ : ૧૯મી માર્ચ, ૨૦૧૬.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 75

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, MARCH 19, 2016/PHALGUNA 29, 1937

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી માર્ચ, ૨૦૧૬

તારીખ: ૧૯મી માર્ચ, ૨૦૧૬ ના **ગુજરાત રાજપત્ર, (અસાધારણ)** માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન **૨૦૧૬** ના ગુજરાત **વિધેયક ક્રમાંક : ૨૬** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

GUJARAT BILL NO. 26 OF 2016.

THE GUJARAT TAX ON ENTRY OF SPECIFIED GOODS INTO LOCAL AREAS (AMENDMENT) BILL, 2016.

A BILL

further to amend the Gujarat Tax on Entry of Specified Goods into Local Areas Act, 2001.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૬ .

ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા (સુધારા) વિધેયક, ૨૦૧૬.

ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ, ૨૦૦૧ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે સન ૨૦૧૬ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૦૧નો ગુજરાતનો ૨૨મો. ૨. ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ, ૨૦૦૧ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨-માં, ખંડ (ચ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:- સન ૨૦૦૧ના ગુજરાતના ૨૨-મા અધિનિયમની કલમ ૨-નો સુધારો.

''(ચ) ''આયાતકાર'' એટલે રાજય બહારના પણ ભારતના સંઘ પ્રદેશની બહારના ન હોય એવા કોઇ સ્થળેથી, ઓન-લાઇન ખરીદી, વેબ-બેઇઝ્ડ સોફ્ટવેર એપ્લિકેશન (વેબ આધારિત સોફ્ટવેરના ઉપયોગ) અથવા ટેલિ-શોપિંગ પ્લેટફોર્મ સહિતના કોઇ માધ્યમ મારફતે સ્થાનિક વિસ્તારમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે નિર્દિષ્ટ

INDEX

માલ પૈકીનો કોઈપણ માલ લાવતી હોય અથવા લાવી આપવાની સગવડ કરી આપતી હોય તેવી વ્યકિત;".

સન ૨૦૦૧ના ગુજરાતના ૨૨-મા અધિનિયમની કલમ ૩નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩માં, પેટા-કલમ (૨) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી :-

" (૨ક) પેટા-કલમ (૨)માં ગમે તે મજૂકર હોય તેમ છતાં, કોઇ આયાતકાર કે જે રાજય બહારના કોઇ સ્થળેથી, ઓન-લાઇન ખરીદી, વેબ-બેઇઝ્ડ સોફ્ટવેર એપ્લિકેશન (વેબ આધારિત સોફ્ટવેરના ઉપયોગ) અથવા ટેલિ-શોપિંગ પ્લેટફોર્મ મારફતે સ્થાનિક વિસ્તારમાં કોઇ નિર્દિષ્ટ માલ લાવી આપવાની સગવડ કરી આપતા હોય, તેણે (આયાતકારે), જેના માટે આવી સગવડ કરી આપી હોય તે વ્યકિત પાસેથી વેરો વસૂલ કરવો જોઇશે અને ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલી સમયમર્યાદાની અંદર તે (વેરો) ભરવો જોઇશે.".

સન ૨૦૦૧ના ગુજરાતના ૨૨-મા અધિનિયમમાં નવી કલમ ૧૦ક દાખલ કરવા બાબત.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦ પછી, નીચેની કલમ દાખલ કરવી :-

વસૂલાતની ખાસ પદ્ધતિ.

"૧૦ક.(૧) કોઈ કાયદા અથવા કરારમાં વિરુદ્ધનો ગમે તે મજકૂર હોય તેમ છતાં, આકારણી સત્તાધિકારી, કોઈપણ સમયે અથવા વખતોવખત, લેખિતમાં નોટિસ આપીને,-

(ક) પેટા-કલમ (૧) હેઠળ જેને નોટિસ બજાવવામાં આવી હોય તેવા આયાતકારની નાણાંની કોઈ રકમ જેની પાસે લેણી થતી હોય અથવા લેણી થાય તેવી કોઈ વ્યક્તિને, અથવા

(ખ) આવા આયાતકાર માટે અથવા તેમના વતી નાણાં ધરાવતી હોય અથવા પાછળથી નાણાં ધરાવે તેવી કોઈ વ્યક્તિને,

નાણાંની રકમ લેણી નીકળે અથવા ધરાવે તે પછી તરત જ અથવા નોટિસમાં નિર્દિષ્ટ કરેલા સમયગાળાની અંદર (પણ ઉપર જણાવ્યા મુજબ નાણાંની રકમ લેણી નીકળે અથવા ધરાવે તે પહેલાં નહિ એ રીતે), આ અધિનિયમ હેઠળના વેરાની બાકી અથવા દંડની રકમના સંબંધમાં આયાતકારની લેણી નીકળતી રકમ ચૂકવવા માટે પૂરતી હોય તેટલી રકમ અથવા જ્યારે તે રકમ જેટલી જ અથવા તે રકમથી ઓછી રકમ હોય ત્યારે સંપૂર્ણ રકમ, આકારણી સત્તાધિકારીને ચૂકવવા ફરમાવી શકશે અને તે લેખિત નોટિસની એક નકલ આયાતકારને તેના છેલ્લા જાણીતા સરનામા ઉપર મોકલવી જોઈશે.

INDEX

સ્પષ્ટીકરણ.- આ પેટા-કલમના હેતુઓ માટે, કોઈ વ્યક્તિ પાસેથી આયાતકારની લેણી નીકળતી નાણાંની રકમ અથવા આયાતકાર વતી અથવા તેના માટે કોઈ વ્યક્તિએ ધરાવેલી રકમની ગણતરી, આકારણી સત્તાધિકારીએ, આવા આયાતકારે એવી વ્યક્તિને ચુકવવા માટે લેણાં થતા અને કાયદેસર રીતે અસ્તિત્વ ધરાવતા દાવા, હોય તો, તેની રકમ તેમાંથી કપાત કરીને કરવી જોઈશે.

(૨) આકારણી સત્તાધિકારી, આવી કોઈ નોટિસમાં સુધારો કરી શકશે અથવા તે નોટિસ રદ કરી શકશે અથવા નોટિસ અનુસાર કોઈ ચુકવણી કરવા માટેનો સમય લંબાવી શકશે.

(૩) આ કલમ હેઠળ નોટિસનું પાલન કરીને કોઈ ચુકવણી કરતી કોઈ વ્યક્તિએ, આયાતકારના સત્તાધિકાર હેઠળ ચુકવણી કરી હોવાનું ગણવામાં આવશે અને આકારણી સત્તાધિકારીએ આપેલી તે અંગેની પહોંચથી, આવી વ્યક્તિએ પહોંચમાં નિર્દિષ્ટ કરેલી રકમના પ્રમાણમાં વાજબી અને પર્યાપ્ત રીતે જવાબદારી અદા કરી હોવાનું ગણવામાં આવશે.

(૪) આ કલમમાં ઉલ્લેખેલી નોટિસ મળ્યા પછી આયાતકાર પ્રત્યેની કોઈ જવાબદારી અદા કરતી કોઈ વ્યક્તિ, અદા કરેલી જવાબદારીના પ્રમાણમાં અથવા વેરા અને દંડ માટેની આયાતકારની જવાબદારીના પ્રમાણમાં, બેમાંથી જે ઓછું હોય તેટલા પ્રમાણમાં, આકારણી સત્તાધિકારીને અંગત રીતે જવાબદાર રહેશે.

(૫) આ કલમ હેઠળ જેને નોટિસ મોકલવામાં આવી હોય તેવી કોઈ વ્યક્તિ, લેખિતમાં નિવેદન કરીને તેનો વાંધો ઉઠાવે કે માંગણી કરવામાં આવેલ રકમ અથવા તેનો કોઈ ભાગ, આયાતકાર પાસે લેણો નીકળતો નથી અથવા તેને ચૂકવવાપાત્ર નથી અથવા પોતે આયાતકાર વતી અથવા તેમના માટે કોઈ રકમ ધરાવતી નથી, ત્યારે આકારણી સત્તાધિકારીએ, તપાસ યોજવી જોઈશે અને આવી વ્યક્તિ અથવા આયાતકારને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, પોતે યોગ્ય ગણે તેવો હુકમ કરવો જોઈશે.

(૬) આ કલમ હેઠળ ઉપર્યુક્ત વ્યક્તિને નાણાંની કોઈ રકમ આકારણી સત્તાધિકારીને ચૂકવવા ફરમાવ્યું હોય અથવા આ કલમ હેઠળ જેના માટે તેઓ આકારણી સત્તાધિકારીને અંગત રીતે જવાબદાર હોય, તેવી કોઈ રકમ, વણચૂકવાયેલી રહે, તો તે (રકમ) જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવી જોઈશે.

(૭) આકારણી સત્તાધિકારી, આયાતકારની માલિકીના નાણા જે કોર્ટની કસ્ટડીમાં હોય, તે કોર્ટને, આયાતકાર દ્વારા ચૂકવવાપાત્ર વેરા અને દંડની બાકી રકમ તરીકે, નાણાંની તે રકમની ચુકવણી કરવા માટે અરજી કરી શકશે.''.

ઉદ્દેશો અને કારણો

રાજયના સ્થાનિક ધંધાને સ્પર્ધાત્મક ક્ષેત્ર પૂરું પાડવા માટે ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ, ૨૦૦૧ અધિનિયમિત કરવામાં આવ્યો છે. ઓનલાઇન ખરીદી, વેબ-બેઝડ્ સોફટવેર એપ્લિકેશન અથવા ટેલિશોપિંગ પ્લેટફોર્મના સાધનો મારફતે માલની ખરીદી અંગેના તાજેતરના વિકાસને લીધે, સદરહુ અધિનિયમ હેઠળ કોઇ વેરો લાગતો ન હોવાથી, સ્થાનિક ધંધાને પ્રતિકૂળ અસર થઇ હોવાનું જણાયું છે. માનનીય નાણામંત્રીશ્રીએ, વર્ષ ૨૦૧૬-૧૭ માટેનું બજેટ રજૂ કરતી વખતે જણાવ્યું હતું કે સદરહુ અધિનિયમને, રાજયના વેપારીઓને સ્પર્ધાત્મક ક્ષેત્ર પૂરું પાડવા માટે સુધારવામાં આવશે. તેથી, ''આયાતકાર'' શબ્દની વિદ્યમાન વ્યાખ્યા સુધારવામાં આવી છે, જેથી સદરહુ અધિનિયમના વ્યાપમાં, ઇ-કોમર્સ મારફતે રાજય બહારથી સ્થાનિક વિસ્તારોમાં લવાતા માલની ખરીદીઓને લાવી શકાય. સદરહુ અધિનિયમની કલમ ૩માં નવી પેટા-કલમ (૨ક) દાખલ કરવા ધાર્યુ છે, જેથી કરીને ઇ-કોમર્સ મારફતે રાજય બહારથી સ્થાનિક વિસ્તારમાં લાવવાના માલને સગવડ કરી આપતી વ્યકિત ઉપર ફરજ નાંખી શકાય. વિધેયકની કલમ ૩ થી તે માટેની જોગવાઇ કરી છે. વિધેયકની કલમ ૪ થી, નવી કલમ ૧૦-ક દાખલ કરવા ધાર્યું છે, જેથી વસૂલાતની ખાસ પદ્ધતિ માટેની જોગવાઇઓ માટે જોગવાઇ કરી શકાય.

આ વિધેયકથી, ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

સૌરભ પટેલ,

INDEX

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :-

કલમ ૩.- આ કલમથી, અધિનિયમની કલમ ૩માં દાખલ કરવા ધારેલી પેટા-કલમ (૨ક)થી, આયાતકાર કે જેણે રાજય બહારના કોઇ સ્થળેથી, ઓન-લાઇન ખરીદી, વેબ-બેઇઝ્ડ સોફ્ટવેર એપ્લીકેશન અથવા ટેલિ-શોપિંગ મારફતે સ્થાનિક વિસ્તારમાં કોઇ નિર્દિષ્ટ માલ લાવી આપવાની સગવડ કરી આપેલી હોય તેણે (આયાતકારે) જે રીતે અને જે સમય-મર્યાદાની અંદર વેરો ભરવો પડશે તે રીત અને સમયમર્યાદા, રાજય સરકારને, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૧૯મી માર્ચ, ૨૦૧૬. **સૌરભ પટેલ.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. ગોઠી,

ગાંધીનગર, ગુજરાત સરકારના સચિવ,

તારીખ: ૧૯મી માર્ચ, ૨૦૧૬. વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 76

વાર્ષિક લાવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, MARCH 21, 2016/CAITRA 1, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી માર્ચ, ૨૦૧૬

તારીખ: **૨૧મી માર્ચ, ૨૦૧૬** ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન **૨૦૧૬** ના ગુજરાત **વિધેયક ક્રમાંક :** ૨૭ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

GUJARAT BILL NO. 27 OF 2016.

THE GUJARAT STATE HIGHER EDUCATION COUNCIL BILL, 2016.

A BILL

to establish and incorporate a Council to be known as the Gujarat State Higher Education Council and for the matters connected therewith or incidental thereto.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છેઃ-

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૭ .

ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ વિધેયક, ૨૦૧૬.

ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ તરીકે ઓળખાતી પરિષદની સ્થાપના અને સંસ્થાપન કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો અંગેનું વિધેયક.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન, ૨૦૧૩-એ ભલામણ કરી છે કે ઉચ્ચ શિક્ષણ અંગેનું રાજ્ય સ્તરનું આયોજન અને તેનું સંકલન, ઉચ્ચ શિક્ષણ માટેની રાજ્ય પરિષદ મારફત કરવું જોઈએ;

અને રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ સ્થાપવાનું ઈષ્ટ જણાયું છે, જે ઉચ્ચ શિક્ષણ માટેની સર્વોચ્ચ સંસ્થા રહેશે અને તે રાજયમાં ઉચ્ચ શિક્ષણના આયોજિત અને સંકલિત વિકાસ માટે અને ઉચ્ચ શિક્ષણને લગતી બાબતોમાં રાજય સરકારને સલાહ આપવા માટે અને યથાર્થલક્ષી આયોજન કરીને અને તેનું દેખરેખ-નિયંત્રણ રાખીને તેના વિકાસનું નિરીક્ષણ કરવા માટે જવાબદાર રહેશે.

આથી, ભારતના ગણરાજયના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ

પ્રકરણ ૧
પ્રારંભિક

૧. (૧) આ અધિનિયમ ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

INDEX

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યા. ૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''અધ્યક્ષ'' એટલે કલમ ૧૦ હેઠળ નિમાયેલા કારોબારી સમિતિના અધ્યક્ષ;

(ખ) ''કોલેજ'' એટલે કોઈ યુનિવર્સિટી દ્વારા નિભાવાતી અથવા મંજૂર કરાયેલી અથવા તેની સાથે જોડાયેલી અને યુનિવર્સિટીની પરીક્ષામાં પ્રવેશ માટેના અભ્યાસક્રમો ચલાવતી કોઈ કોલેજ અથવા કોઈ સંસ્થા;

(ગ) ''પરિષદ'' એટલે કલમ ૩ હેઠળ રચાયેલી ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ;

(ઘ) ''કારોબારી સમિતિ'' એટલે કલમ ૯ હેઠળ રચાયેલી પરિષદની કારોબારી સમિતિ;

(ચ) ''ફંડ'' એટલે કલમ ૧૮ હેઠળ સ્થાપવામાં આવેલ ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ ફંડ;

(છ) ''ઉચ્ચ શિક્ષણ'' એટલે વ્યાવસાયિક, ટેકનિકલ અથવા અન્ય કોઈ શિક્ષણ અને તેમાં યુનિવર્સિટી દ્વારા અથવા યુનિવર્સિટી અથવા રાજ્ય સરકારે મંજૂર કરેલી સંસ્થા દ્વારા પદવી અથવા ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર આપવામાં આવતા હોય તેવા સંશોધન અભ્યાસોનો સમાવેશ થાય છે;

(જ) ''સંસ્થા'' એટલે કોલેજ ન હોય તેવી, યુનિવર્સિટી સાથે જોડાયેલી અને યુનિવર્સિટીના વિશેષાધિકારો ભોગવતી અથવા યુનિવર્સિટી દ્વારા નિભાવાતી હોય તેવી ઉચ્ચ શિક્ષણ અને સંશોધન માટેની શૈક્ષણિક સંસ્થા;

(ઝ) ''ઉચ્ચ શિક્ષણ સંસ્થા'' એટલે સરકારે તે તરીકે માન્ય કરેલી ઉચ્ચ શિક્ષણના કોઈપણ અભ્યાસક્રમ ચલાવતી સંસ્થા;

સન ૧૯૫૬નો ૧૦૨ મો. (ટ) ''ભારતીય મેડિકલ પરિષદ'' એટલે ભારતીય મેડિકલ પરિષદ અધિનિયમ, ૧૯૫૬ હેઠળ રચાયેલી મેડિકલ પરિષદ;

(ઠ) ''સભ્ય'' એટલે ગવર્નિંગ કાઉન્સિલ (સંચાલક પરિષદ) અથવા યથાપ્રસંગ, કારોબારી સમિતિના સભ્ય;

(ડ) ''ઠરાવેલું'' એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ઢ) ''પ્રમુખ'' એટલે ગવર્નિંગ કાઉન્સિલના પ્રમુખ;

(ત) ''ખાનગી યુનિવર્સિટી'' એટલે ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ હેઠળ સ્થપાયેલી યુનિવર્સિટી; સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો.

(થ) ''વિનિયમો'' એટલે કલમ ૨૮ હેઠળ કરેલા પરિષદના વિનિયમો;

(દ) ''નિયમો'' એટલે કલમ ૨૭ હેઠળ કરેલા નિયમો;

(ધ) ''યુનિવર્સિટી'' એટલે ગુજરાત રાજ્ય વિધાનમંડળના અધિનિયમથી સ્થાપવામાં આવેલી અથવા સંસ્થાપિત કરવામાં આવેલી રાજયમાંની કોઈ યુનિવર્સિટી;

(ન) ''યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન'' એટલે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૪ હેઠળ સ્થાપવામાં આવેલું કમિશન; સન ૧૯૫૬નો ૩જો.

પ્રકરણ ૨
પરિષદની સ્થાપના અને સંસ્થાપન

૩. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરવામાં આવે તે તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, આ અધિનિયમના હેતુઓ માટે, ''ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદ''એ નામના પરિષદની રચના કરી શકશે. પરિષદની રચના, સંસ્થાપન અને તેનું મુખ્ય મથક.

(૨) પરિષદ શાશ્વત ઉત્તરાધિકાર અને સામાન્ય સીલ ધરાવતું, ઉપર્યુક્ત નામનું સંસ્થાપિત મંડળ રહેશે અને તેને મિલકત સંપાદિત કરવાની, ધરાવવાની અને તેનો નિકાલ કરવાની, કરાર કરવાની અને આ અધિનિયમના હેતુ માટે જરૂરી હોય તેવી બીજી તમામ બાબતો કરવાની સત્તા રહેશે અને પોતાના નામથી તે દાવો માંડી શકશે અને તેના ઉપર દાવો માંડી શકાશે.

(૩) પરિષદનું મુખ્ય મથક, અમદાવાદ ખાતે અથવા રાજ્ય સરકાર આ અર્થે જાહેર કરે તેવા બીજા સ્થળે રહેશે.

૪. (૧) પરિષદ નીચેના સભ્યોની બનશે:- ગવર્નિંગ કાઉન્સિલ (સંચાલક પરિષદ)નું માળખું.

ક. હોદ્દાની રૂએ સભ્યો

(૧) મુખ્ય મંત્રી : પ્રમુખ;

(૨) મંત્રી (શિક્ષણ) : ઉપપ્રમુખ;

(૩) રાજયકક્ષાના મંત્રી (શિક્ષણ) : સહ-ઉપપ્રમુખ;

INDEX

(૪) કારોબારી સમિતિના અધ્યક્ષ;

(૫) ગુજરાત સરકારના સચિવ, શિક્ષણ વિભાગ;

(૬) ગુજરાત સરકારના સચિવ, નાણા વિભાગ;

(૭) ગુજરાત સરકારના સચિવ, વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ;

(૮) ગુજરાત સરકારના સચિવ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ;

(૯) ગુજરાત સરકારના સચિવ, ઉદ્યોગ અને ખાણ વિભાગ;

(૧૦) ગુજરાત સરકારના સચિવ, શ્રમ અને રોજગાર વિભાગ;

(૧૧) ગુજરાત સરકારના સચિવ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ;

(૧૨) કમિશનર, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજ્ય;

(૧૩) કમિશનર, ટેકનિકલ શિક્ષણ, ગુજરાત રાજ્ય;

(૧૪) કમિશનર, તબીબી શિક્ષણ અને સંશોધન, ગુજરાત રાજ્ય;

(૧૫) અધ્યક્ષ, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હી અથવા સંયુક્ત સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા તેના નામનિયુક્ત;

ખ. બીજા સભ્યો

(૧) કુલપતિના સંયુક્ત મંડળ (JBVC) સાથે વિચારવિનિમય કરીને, રાજ્ય સરકારે નામનિયુક્ત કરવાના, યુનિવર્સિટીઓના વધુમાં વધુ પાંચ (પાંચ કરતાં વધુ નહિ તેટલા) કુલપતિ;

(૨) ખાનગી યુનિવર્સિટી ફોરમ સાથે વિચારવિનિમય કરીને, રાજ્ય સરકારે નામનિયુક્ત કરવાના, ખાનગી યુનિવર્સિટીઓના એક વડા;

(૩) ગુજરાત રાજ્યમાં આવેલી, રાષ્ટ્રીય સ્તરે અગત્ય ધરાવતી સંસ્થાઓમાંથી રાજ્ય સરકારે નામનિયુક્ત કરવાના વધુમાં વધુ બે નામાંકિત વિદ્વાનો;

(૪) વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, કાયદા, એન્જિનિયરીંગ, મેનેજમેન્ટ (સંચાલન), તબીબી, પત્રકારત્વ, ફિલ્મ અને ટેલિવિઝન, થિયેટર, રમતગમત, જાહેર

વહીવટ, નાણાં વગેરે ક્ષેત્રોમાંથી, રાજ્ય સરકારે નામનિયુક્ત કરવાની વધુમાં વધુ પાંચ નામાંકિત વ્યક્તિઓ;

(૫) યુનિવર્સિટીઓ અથવા સંલગ્ન કોલેજોમાંથી, રાજ્ય સરકારે નામનિયુક્ત કરવાના, ૧૫ વર્ષથી વધુ વર્ષની સેવા પૂરી કરી હોય તેવા ત્રણ નામાંકિત શિક્ષણવિદ્;

(૬) રાજ્ય સરકારે નીમેલા સભ્ય સચિવ.

(૨) હોદ્દાની રૂએ સભ્ય હોય તે સિવાયના સભ્યોના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે.

(૩) હોદ્દાની રૂએ સભ્ય હોય તેવા સભ્યો માટે પરિષદની બેઠકમાં હાજર રહેવાનું શક્ય ન હોય, તો તેઓ, નાયબ સચિવ અથવા યથાપ્રસંગ, નાયબ નિયામકના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીને નામનિયુક્ત કરી શકશે.

૫. (૧) કોઈ વ્યક્તિ, ગેરલાયકાતો.

(ક) અસ્થિર મગજની હોય અને સક્ષમ કોર્ટે તેને એવી રીતે જાહેર કરેલ હોય;

(ખ) સક્ષમ કોર્ટ દ્વારા તેને અસ્થિર મગજની છે એવો ન્યાયનિર્ણય કરાયેલ હોય;

(ગ) દેવામુક્ત નહિ થયેલા નાદાર તરીકે ન્યાયનિર્ણય થયેલ હોય;

(ઘ) રાજ્ય સરકારના અભિપ્રાય પ્રમાણે પરિષદના સભ્ય તરીકે તેને અયોગ્ય બનાવે તેવા નૈતિક અધ:પતન સહિતના કોઈપણ ગુના માટે કાયદાની કોર્ટે દોષિત ઠરાવેલ હોય;

(ચ) પરિષદના હુકમથી અથવા પરિષદ વતી કરવામાં આવેલા કોઈ કરારમાં કરેલા કોઈ કૃત્યમાં તેનો અથવા તેના ભાગીદારનો પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કોઈ હિસ્સો અથવા હિતસંબંધ હોય;

તો, તે વ્યક્તિ, પરિષદના સભ્ય તરીકે નીમાવા માટે, નામનિયુક્ત થવા માટે અથવા ચાલુ રહેવા માટે ગેરલાયક ગણાશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કોઈ વ્યક્તિ ગેરલાયક છે કે કેમ તે બાબતમાં કોઈ વિવાદ અથવા શંકા હોય તેવા કિસ્સામાં, રાજ્ય સરકારનો નિર્ણય આખરી ગણાશે.

સભ્યપદ દૂર કરવા બાબત.

૬. (૧) રાજ્ય સરકારને ગમે તે સમયે એવું જણાય કે કોઈ સભ્ય હોદ્દો ધરાવવા માટે અયોગ્ય સાબિત થયેલ છે અથવા ગેરવર્તણૂક અથવા બેદરકારી માટે કસૂરવાર છે, જેના પરિણામે રાજ્ય સરકારના અભિપ્રાય પ્રમાણે પરિષદના સભ્યપદ પરથી તેને દૂર કરવો ઈષ્ટ છે, તો રાજ્ય સરકાર, આવા સભ્યને પરિષદના સભ્ય તરીકેથી દૂર શા માટે ન કરવો તે બાબતનું કારણ દર્શાવવાની વાજબી તક આપીને, સભ્ય તરીકે દૂર કરી શકશે અને આ રીતે દૂર કર્યા પછી, આવો સભ્ય પરિષદનો સભ્ય હોતો બંધ થશે.

(૨) અધ્યક્ષ અથવા બીજા કોઈ અધિકારીને, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અથવા વિનિયમોની જોગવાઈઓ પાર પાડવા માટે ઈરાદાપૂર્વક કરેલી ચૂક અથવા કરેલા ઈનકારના અથવા પોતાનામાં નિહિત થયેલી સત્તાનો દુરુપયોગ કરવાના કારણોસર, રાજ્ય સરકારે કરેલા હુકમથી જ અને રાજ્ય સરકારે આ અર્થે આદેશ કરેલ તપાસના અહેવાલની વિચારણા કર્યા પછી જ દૂર કરવા જોઈશે. કસૂરવાર અધિકારીની નિમણૂક સમાપ્ત કરતાં પહેલાં, તેને સુનાવણીની વાજબી તક આપવી જોઈશે.

પરિષદના ઉદ્દેશો.

૭. પરિષદના ઉદ્દેશો નીચે મુજબના રહેશેઃ-

(૧) એક સર્વાંગી, લાંબા ગાળાની અને અદ્યતન શૈક્ષણિક યોજના વિકસાવવી;

(૨) રાજ્યમાંના તથા બીજી નિયમનકારી સંસ્થાઓ વગેરેમાંના ઉચ્ચ શિક્ષણના આયોજન અને સંકલન માટેની સંકલિત પદ્ધતિઓ વિકસાવવી;

(૩) યુનિવર્સિટીઓ અને સંલગ્ન કોલેજોની શૈક્ષણિક / વહીવટી / નાણાકીય કામગીરીનું અસરકારક દેખરેખ-નિયંત્રણ કરવું અને વધુ સારી કામગીરી માટેના ઉપાયાત્મક પગલાંની ભલામણ કરવી;

(૪) રાજ્યમાં ઉચ્ચ શિક્ષણના આયોજિત અને સંકલિત વિકાસ માટેની ભલામણો કરવી;

(૫) ઉચ્ચ શિક્ષણ અંગેની સંગ્રહિત માહિતી (ડેટા બેંક) નિભાવવી અને સંશોધન અને મૂલ્યાંકન અભ્યાસો કરવા;

(૬) ભાવિ વિકાસ અંગેની જરૂરિયાતો પરિપૂર્ણ કરવી; અનાયોજિત અને અનિર્ધારિત વિસ્તરણ પર નિયંત્રણ રાખવું અને સામાજિક-આર્થિક જરૂરિયાત અને શૈક્ષણિક આવશ્યકતાને આધારે ઉચ્ચ શિક્ષણને ઈચ્છનીય દિશામાં લઈ જવું;

INDEX

(૭) યુનિવર્સિટીઓમાં સાધનસંપત્તિની આપ-લે ને, સંસ્થાઓના જોડાણોમાંથી થતા લાભને પ્રોત્સાહન કરવું, સંસ્થાઓમાં શૈક્ષણિક અને શાસન-વ્યવસ્થાકીય સુધારા અંગે માર્ગદર્શન આપવું, ઉચ્ચ શિક્ષણ અંગેની સંગ્રહિત માહિતી નિભાવવી તથા સંશોધન અને મૂલ્યાંકન અભ્યાસો કરવા;

(૮) યુનિવર્સિટીઓને જરૂરી નાણાં પૂરા પાડવા અંગેના માપદંડો નક્કી કરવા અને રાજ્ય સરકારને તે અંગે ભલામણો કરવી;

(૯) શિષ્યવૃત્તિ, ફી-માફી અંગેના માપદંડો નક્કી કરવા અને રાજ્ય સરકારને તે અંગે ભલામણો કરવી તેમજ જુદા-જુદા પછાત સામાજિક જૂથો વચ્ચે સમાનતા સ્થાપવા માટે આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓ અને વિદ્વાનોને સહાય કરવી;

(૧૦) શિક્ષણ અંગેના સ્પષ્ટ દૃષ્ટિકોણ સાથે, દૂરના ભવિષ્યમાં (લાંબા ગાળે) થનાર અપેક્ષિત ફેરફારોને લક્ષમાં લઈને, ઉચ્ચ શિક્ષણમાં સુધારા અંગેના પગલાં નક્કી કરવા અને સૂચવવા તથા રાજ્ય સરકારને તે અંગે ભલામણો કરવી;

(૧૧) યુનિવર્સિટીઓ સાથે પરામર્શ કરીને, પાઠ્યક્રમ અને અભ્યાસક્રમોના આયોજિત અને સંકલિત વિકાસ માટે ભલામણો કરવી, ઉચ્ચ શિક્ષણની વિવિધ વિદ્યાશાખાઓમાં વૈશ્વિક સ્તરના નિષ્ણાતો તૈયાર કરવા;

(૧૨) ઉચ્ચ શિક્ષણને વૈશ્વિક સ્પર્ધા તરફ દોરી જવા માટે સોફ્ટવેર, ફિલ્મ વગેરે જેવી શૈક્ષણિક સેવાઓ પૂરી પાડવા સહિત, નવીનતાના વિકાસ, કુશળતા, વિકાસ, લોકમાધ્યમ (મિડીયા)ના નિષ્ણાતો, સોફ્ટવેર અને શૈક્ષણિક ટેકનોલોજીમાંની બીજી આધુનિક જાણકારી અંગે ભલામણો કરવી;

(૧૩) વૈશ્વિક સ્પર્ધાનો ઉત્કૃષ્ટતાથી સામનો કરવા માટે, ઉચ્ચ શિક્ષણમાં ફિલ્મ, લોકમાધ્યમના પ્રશિક્ષકોનો સાયન્સ પાર્ક (media inculcators' science park), ગુણોત્કર્ષ કેન્દ્ર અથવા સંસ્થાઓના સંસ્થાગત વિકાસ માટે સુવ્યવસ્થિત આયોજનની તૈયારી કરવી;

(૧૪) રાજયમાં ફ્રેન્ચાઇઝ, અનુશિક્ષણ કેન્દ્ર, પરામર્શ કેન્દ્ર, વિદ્યાર્થી માર્ગદર્શન કેન્દ્ર જેવી અથવા બીજા કોઇપણ નામ હેઠળની કોઇ એજન્સી, સંબંધિત નિયમનકારી મંડળોની મંજૂરી સિવાય, અનધિકૃત અને ગેરકાયદેસર રીતે આવી પ્રવૃત્તિઓ ચલાવતી હોય, તો અને આવી એજન્સીઓ અથવા સંસ્થાઓ, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુ.જી.સી.) અથવા સંબંધિત નિયમનકારી મંડળ દ્વારા અધિકૃત કરવામાં આવેલી ન હોય તેવી બનાવટી પદવી, ડિપ્લોમા અથવા પ્રમાણપત્રો પૂરી પાડતી હોય, તેવા કિસ્સામાં પણ આવી એજન્સી દ્વારા રાજયમાં ચલાવવામાં આવતી શૈક્ષણિક પ્રવૃત્તિઓ રાજય સરકારને ધ્યાને લાવવી;

(૧૫) રાજયમાં યુનિવર્સિટીઓ, ઉત્કૃષ્ટતામાં વિશ્વ કક્ષાનો લક્ષ્યાંક સિદ્ધ કરી શકે તે માટેના પગલાં સૂચવવા;

પરિષદના કાર્યો. ૮. (૧) યુનિવિર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અથવા રાજય સરકાર દ્વારા વખતોવખત આપવામાં આવેલી માર્ગદર્શિકાઓ અનુસારનું સંકલન કરવાની અને ઉચ્ચ શિક્ષણ અથવા સંશોધન માટેની સંસ્થાઓ તથા વૈજ્ઞાનિક અને ટેકનિકલ સંસ્થાઓ માટેના ધોરણો નક્કી કરવાની પરિષદની સામાન્ય ફરજ રહેશે.

(૨) પરિષદના કાર્યો નીચે મુજબના રહેશે :-

૧. આયોજન અને સંકલનને લગતા કાર્યો :

(૧) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવે તેવી માર્ગદર્શિકાઓ અનુસાર, રાજયમાં ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં એકત્રિત કાર્યક્રમો તૈયાર કરવા અને રાજયમાં ઉચ્ચ શિક્ષણની એકંદર અગ્રીમતા અને પરિપ્રેક્ષ્યને લક્ષમાં લઈને, તેના અમલ માટે સહાય કરવી;

(૨) ઉચ્ચ શિક્ષણના ધોરણોના નિર્ધારણ અને જાળવણીના સંબંધમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને સહાય કરવી અને જરૂરી હોય ત્યારે ઉપાયાત્મક પગલું સૂચવવું;

(૩) રાજયમાં ઉચ્ચ શિક્ષણના વિકાસ અને ભાવિ દૂરદર્શિતા માટે યથાર્થલક્ષી યોજનાઓ ઘડવી ;

(૪) પોતાની ટિપ્પણીઓ અને ભલામણો સાથે યુનિવર્સિટીઓ અને કોલેજોના વિકાસ કાર્યક્રમો રાજય સરકારને અને યુનિવર્સિટીની ગ્રાન્ટસ કમિશનને મોકલી આપવા;

(૫) એવા વિકાસલક્ષી કાર્યક્રમોના અમલની પ્રગતિનું દેખરેખ-નિયંત્રણ રાખવું;

(૬) શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચેના સહકાર અને સંકલનને પ્રોત્સાહન આપવું અને ઉદ્યોગ અને અન્ય મધ્યસ્થ વ્યક્તિઓ સાથે વિચારવિનિમય માટેની સંભાવના તપાસવી;

(૭) નવી શૈક્ષણિક સંસ્થાઓની સંમતિ અને મંજૂરી માટે રાજય સરકારની માર્ગદર્શિકાઓ અનુસાર સિદ્ધાંતો ઘડવા;

(૮) રાજયમાં ઉચ્ચ શિક્ષણ માટે વધારાના સ્રોતો ઊભા કરવાના સાધનોપાય સૂચવવા.

૨. શૈક્ષણિક કાર્યો :

(૧) યુનિવર્સિટીઓ, કોલેજો અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં અભ્યાસક્રમના વિકાસમાં નવીનતા, કૌશલ વિકાસ સાથે પાઠયક્રમોના પુનર્ગઠન અને તેને અદ્યતન બનાવવામાં નવીનતાને ઉત્તેજન અને પ્રોત્સાહન આપવું ;

(૨) યુનિવર્સિટીઓ અને કોલેજોના કાર્યક્રમોને પ્રોત્સાહન આપીને સંકલન કરવું અને દેખરેખ-નિયંત્રણ પધ્ધતિ ઊભી કરીને તેનો અમલ કરવો;

(૩) યુનિવર્સિટીઓ અને જોડાણ કરેલ (સંલગ્ન) કોલેજો દ્વારા યોજવામાં આવતી પરીક્ષાઓના ધોરણ સુધારવાની પધ્ધતિઓ અને પગલાં માટે વિચારણા કરવી અને જરૂરી સુધારા સૂચવવા;

(૪) યુનિવર્સિટીઓ અને કોલેજોમાં વિદ્યાશાખાઓ વચ્ચે અસરકારક શૈક્ષણિક સહકાર અને વિચારવિનિમય માટેના કાર્યક્રમો વિકસાવવા અને રાજયમાં અને રાજય બહાર અધ્યાપકો અને વિદ્યાર્થીઓના સ્થળાંતરને પણ સરળ બનાવવું;

(૫) યુનિવર્સિટીઓ અને કોલેજોમાં રમતગમત, ખેલકૂદ, શારીરિક શિક્ષણ તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવું;

(૬) યુનિવર્સિટીઓને લગતા ખાસ ક્ષેત્રોમાં અને પ્રાદેશિક આયોજન તથા કૌશલ્ય વિકાસમાં અસરકારક પરામર્શ મારફતે યુનિવર્સિટીઓ અને ઉદ્યોગો વચ્ચે વિસ્તરણ પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવું અને તેમની વચ્ચેના વિચાર વિનિમયને પ્રોત્સાહન આપવું;

(૭) રાજયમાંની યુનિવર્સિટીઓ અને કોલેજોના કામકાજ ઉપરનો નિરીક્ષણ અહેવાલ તૈયાર કરવો અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનને અહેવાલની નકલ પૂરી પાડવી;

(૮) યુનિવર્સિટીઓમાં ઉત્કૃષ્ટતા કેન્દ્રોની ઓળખ કરવી તથા વિજ્ઞાન અને ટેકનોલોજીની વૃદ્ધિ માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંપર્ક પૂરો પાડવો ;

(૯) રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફંડિંગ (નાણાં પૂરા પાડતી) એજન્સી તરફથી કોઇ સંશોધન ફંડ મળેલ હોય તો તેનો વહીવટ કરવો અને તે મુક્ત કરવું;

(૧૦) ટેકનિકલ શિક્ષણના સંબંધમાં ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજયુકેશન (AICTE) ના સંપર્કમાં કામ કરવું;

(૧૧) રાજ્ય સરકાર અથવા કોઇ યુનિવર્સિટી, કોલેજ અથવા ઉચ્ચ શિક્ષણની સંસ્થા દ્વારા પરિષદને મોકલવામાં આવે તેવી ઉચ્ચ શિક્ષણ અને સંશોધન સંબંધી બીજી કોઇ બાબત પર તેમને સલાહ આપવી;

૩. સલાહકારી કાર્યો :

પરિષદ, નીચેની બાબતોમાં સલાહ આપશે,-

(૧) બ્લોક નિભાવણી ગ્રાન્ટ માટેની યોગ્ય માર્ગદર્શિકાઓ તૈયાર કરીને અને તેના ઉપયોગના નિયમન દ્વારા, યુનિવર્સિટી અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓને આપવામાં આવતી એવી ગ્રાન્ટ નક્કી કરવામાં;

(૨) વૈજ્ઞાનિક સંશોધન માટે રાજય કેન્દ્ર ઊભુ કરવામાં અને યુનિવર્સિટીઓમાં સંશોધન પ્રવૃતિઓનું સંકલન કરવામાં;

(૩) યુનિવર્સિટીઓના સ્ટેચ્યૂટ, ઓર્ડિનન્સિઝ (અધ્યાદેશો) અને વિનિયમો પર સલાહ આપવી અને શૈક્ષણિક અભિગમો માટેની સ્વાયત્તતાને બાધ આવ્યા સિવાય વહીવટમાં એકરૂપતા જાળવવા માટે ફેરફારો સૂચવવામાં;

(૪) નવી યુનિવર્સિટીઓની સ્થાપના સંબંધી કાયદા સહિત યુનિવર્સિટીઓને લગતા કાયદામાં જરૂરી સુધારાને લગતી બાબતમાં;

(૫) ઉત્કૃષ્ટ વૈજ્ઞાનિકો, શિક્ષણવિદો અને પ્રૌદ્યોગિકીવિદ (ટેકનોલોજીસ્ટ)ને તેઓના પ્રદાન બદલ પ્રતિષ્ઠિત એવોર્ડ આપવાનું શરૂ કરવામાં;

(૬) ઉદ્યોગો, સંસ્થાઓ અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સંગઠનોને પૂરી પાડવામાં આવતી પરામર્શ સેવા જેવી સેવાઓમાંથી સ્વ-નિર્મિત ફંડ મારફત સતત વૃદ્ધિ માટેના નવીનતમ કાર્યક્રમો ઓળખી કાઢવા અને તેનો વહીવટ કરવામાં તથા બૌદ્ધિક સંપત્તિ હકો ઊભા કરવા અને તેમાં સહાય કરવામાં;

(૭) ઉચ્ચ શિક્ષણ અને વૈજ્ઞાનિક સંશોધનમાં ઉત્કૃષ્ટતા વધારવા માટે જરૂરી હોય તેવા બીજા કાર્યો કરવામાં;

(૮) રાજય સરકારની ઉચ્ચ શિક્ષણ નીતિ ઘડવામાં કાર્યક્રમો, શૈક્ષણિક સેમિનારો, તાલીમ કાર્યક્રમો, ક્ષમતા-નિર્માણ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંમેલનો વિકસાવવામાં તેમજ વૈજ્ઞાનિકો અને નિષ્ણાતોની જૂથ ચર્ચા યોજવામાં;

(૯) અધ્યાપકો, અધિકારીઓ, આચાર્યો અને અન્ય કર્મચારીઓની ભરતી માટેના માપદંડ અથવા નિયમો સૂચવવામાં;

(૧૦) યુજીસી (UGC)ના વિનિયમો અને માર્ગદર્શિકાઓ અથવા રાજય સરકારની નીતિ અનુસાર, કોલેજ અધ્યાપકો, આચાર્યો, યુનિવર્સિટી અધ્યાપકો માટે વિવિધ બઢતીઓ સંબંધી માપદંડ, નિયમો સૂચવવામાં;

૯. પરિષદ માટે કારોબારી સમિતિની રચના કરવી જોઇશે. કારોબારી સમિતિની રચના.

૧૦. (૧) કારોબારી સમિતિના એક અધ્યક્ષ રહેશે, જેમની નિમણૂક રાજય સરકાર દ્વારા, પેટા-કલમ (૨) હેઠળના હેતુ માટે નીમાયેલી સમિતિ દ્વારા પેટા-કલમ (૪) હેઠળ ભલામણ કરવામાં આવી હોય તેવી ત્રણ વ્યકિતઓમાંથી કરવામાં આવશે. કારોબારી સમિતિના અધ્યક્ષ.

(૨) પેટા-કલમ (૧)ના હેતુઓ માટે, રાજય સરકાર, સફળ કારકીર્દિ અને પ્રમાણિકતા ધરાવતા ત્રણ નામાંકિત શિક્ષણવિદ્‌ની બનેલી સમિતિ નીમશે.

(૩) રાજય સરકાર, સમિતિના ત્રણ સભ્યોમાંથી એક સભ્યની તેના (સમિતિના) અધ્યક્ષ તરીકે નિમણૂક કરશે.

(૪) આવી રીતે નીમાયેલી સમિતિ, તેની નિમણૂક થયાના એક મહિનાની મુદતની અંદર, પોતે અધ્યક્ષ તરીકે નિમણૂક આપવા માટે યોગ્ય ગણે તેવી ત્રણ વ્યકિતઓને પસંદ કરશે અને આવી રીતે પસંદ કરેલી વ્યક્તિઓના નામની, પોતે યોગ્ય ગણે તેવી બીજી વિગતો સહિત, રાજય સરકારને ભલામણ કરશે.

(૫) અધ્યક્ષની નિમણૂક, આવી રીતે ભલામણ કરેલી વ્યક્તિઓમાંથી નામાંકિત શિક્ષણશાસ્ત્રી હોય અને જેમણે ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં પોતાના યોગદાનથી વિશેષ યોગ્યતા અને ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરેલી હોય, તેવી વ્યકિતઓમાંથી કરવી જોઇશે.

(૬) અધ્યક્ષ, મુખ્ય વહીવટકર્તા અને શૈક્ષણિક વડા તેમજ પરિષદની કામકાજના એકંદર ઇન્ચાર્જ (હવાલો ધરાવનાર) રહેશે. તેમને (અધ્યક્ષને) કારોબારી સમિતિની એકંદર કામગીરીની દેખરેખ રાખવાની, દેખરેખ-નિયંત્રણ કરવાની અને નિરીક્ષણ કરવાની સત્તા રહેશે.

(૭) અધ્યક્ષના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે.

(૮) અધ્યક્ષની લાયકાત, સત્તા અને કાર્યો, સેવાની બોલીઓ અને શરતો, ઠરાવવામાં આવે તેવી રહેશે.

કારોબારી સમિતિનું માળખું. **૧૧.** (૧) પરિષદની કારોબારી સમિતિ, નીચેના સભ્યોની બનેલી રહેશે :-

(૧) અધ્યક્ષ;

હોદ્દાની રૂએ સભ્યો :

(૧) કમિશનર, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજ્ય ;

(૨) કમિશનર, ટેકનિકલ શિક્ષણ, ગુજરાત રાજ્ય;

(૩) કમિશનર, તબીબી શિક્ષણ અને સંશોધન, ગુજરાત રાજ્ય;

અન્ય સભ્યો :

(૧) વધુમાં વધુ આઠ કુલપતિ, જેમાંથી ત્રણ કુલપતિ, કુલપતિના સંયુકત બોર્ડ (JBVC) સાથે વિચારવિનિમય કરીને રાજ્ય સરકારે નામનિયુકત કરે તેવા ક્ષેત્રીય યુનિવર્સિટીઓમાંના રહેશે ;

(૨) ખાનગી યુનિવર્સિટી ફોરમ સાથે વિચારવિનિમય કરીને, રાજ્ય સરકારે નામનિયુકત કરવાના કોલેજના એક વડા (પ્રોવોસ્ટ) ;

(૩) ગુજરાત રાજ્યમાં આવેલી રાષ્ટ્રીય સ્તરે અગત્ય ધરાવતી સંસ્થાઓમાંથી રાજ્ય સરકારે નામનિયુકત કરવાના એક વિખ્યાત વિદ્વાન;

(૪) કલા, વિજ્ઞાન, વાણિજ્ય, કાયદો, ઇજનેરી (એન્જિનિયરિંગ), સંચાલન (મેનેજમેન્ટ), તબીબી, પત્રકારત્વ, ફિલ્મ અને ટેલિવિઝન, થિયેટર, રમતગમત, જાહેર વહીવટ, નાણા વગેરે ક્ષેત્રોમાંથી રાજ્ય સરકારે નામનિયુકત કરવાની વધુમાં વધુ પાંચ નામાંકિત વ્યકિતઓ;

(૫) જેમણે વધુમાં વધુ દસ વર્ષની સેવા પૂરી કરેલી હોય તેવા યુનિવર્સિટીના અધ્યાપકો, સિનિયર પ્રિન્સિપાલ (આચાર્યો) અથવા સંલગ્ન કોલેજના અધ્યાપકોમાંથી રાજ્ય સરકારે નામનિયુકત કરવાના ત્રણ શિક્ષણવિદ્.

(૨) હોદ્દાની રૂએ સભ્યો હોય તે સિવાયના સભ્યોની મુદત, ત્રણ વર્ષની રહેશે.

(૩) હોદ્દાની રૂએ સભ્ય હોય તેઓ માટે પરિષદની બેઠકમાં હાજર રહેવાનું શક્ય ન હોય તો તેઓ, નાયબ સચિવ અથવા યથાપ્રસંગ, નાયબ નિયામકથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીને નામનિયુક્ત કરી શકશે.

૧૨. કારોબારી સમિતિ નીચેની સત્તા ધરાવશે અને કાર્યો કરશે :- કારોબારી સમિતિની સત્તા અને તેના કાર્યો.

(૧) તમામ બાબતોમાં પરિષદની સંમતિને અધીન રહીને, પરિષદ વતી નીતિવિષયક નિર્ણયો લેવા :

પરંતુ તાકીદના અને અણધાર્યા સંજોગોમાં, પરિષદના અનુસમર્થન (બહાલી)ને અધીન રહીને કારોબારી સમિતિ નિર્ણય લઇ શકશે ;

(૨) આ અધિનિયમમાં જણાવેલા ઉદ્દેશો પરિપૂર્ણ કરવા અને પરિષદે લીધેલા તમામ નિર્ણય પાર પાડવા માટે જરૂરી હોય તેવા ખર્ચ કરવાની;

(૩) પરિષદની મંજૂરી માટે, તેના (પરિષદ)ના વાર્ષિક શૈક્ષણિક અને નાણાકીય ઓડિટ અહેવાલો પરિષદ સમક્ષ રજૂ કરવાની;

(૪) રાજ્ય ઉચ્ચ શિક્ષણ યોજના (યથાર્થ યોજના, વાર્ષિક યોજના અને અંદાજપત્રીય યોજના) તૈયાર કરવાની ;

(૫) રાજ્ય સંસ્થાઓને તેમની યોજના ઊભી કરવા અને તેના અમલ માટેની માહિતી પૂરી પાડવાની ;

(૬) સર્વોચ્ચ મંડળો, નિયમનકારી સંસ્થાઓ અને રાજ્ય સરકાર વચ્ચે સંકલન કરવાની ;

(૭) ઉચ્ચ શિક્ષણમાં વ્યૂહાત્મક રોકાણ કરવા અંગે રાજ્ય સરકારને સલાહ આપવાની ;

(૮) સ્ટેચ્યૂટ અને અધ્યાદેશો (ઓર્ડિનન્સિઝ) ઘડવા બાબતે યુનિવર્સિટીઓને સલાહ આપવાની;

(૯) સંસ્થાઓને રાજ્યના ફંડનો હિસ્સો સમયસર તબદીલ કરવા માટે પદ્ધતિ નક્કી કરવાની;

(૧૦) રાજ્ય ઉચ્ચ શિક્ષણ યોજના અને પારદર્શક માપદંડના આધારે રાજ્ય યુનિવર્સિટીઓ અને કોલેજોને ફંડ વહેંચવાની ;

(૧૧) રાજ્ય ઉચ્ચ શિક્ષણ યોજનાના અમલીકરણ ઉપર દેખરેખ-નિયંત્રણ રાખવાની;

(૧૨) સંચાલન માહિતી પદ્ધતિઓ તૈયાર કરીને તેની જાળવણી કરવાની;

(૧૩) રાજ્ય અને સંસ્થાકીય સ્તરે સામયિક આંકડાનું સંકલન કરીને તેની જાળવણી કરવાની;

(૧૪) રુસા (RUSA) હેઠળ વિકસાવેલા માપદંડ અને મુખ્ય કામગીરી સૂચકો (KPIs)ના આધારે રાજ્ય સંસ્થાઓનું મૂલ્યાંકન કરવાની;

(૧૫) સંસ્થાઓ પાસેથી ઉપયોગીતા પ્રમાણપત્રો (યુટિલાઇઝેશન સર્ટિફિકેટસ)ની સમયસરની રજૂઆત સુનિશ્ચિત કરવાની;

(૧૬) વિદ્યાશાખા ગુણવત્તા વૃદ્ધિની પહેલ માટેના ઉપાયો સૂચવવાની;

(૧૭) પરીક્ષાની ગુણવત્તાની કક્ષા ઊંચી લાવવા અને પરીક્ષામાં સુધારા માટે પદ્ધતિઓ સૂચવવાની ;

(૧૮) અભ્યાસક્રમની ગુણવત્તા જાળવવાની ;

(૧૯) સંશોધનમાં નવીનતાને પ્રોત્સાહન આપવાની;

(૨૦) રાજ્ય સંસ્થાઓની સ્વાયત્તતાનું રક્ષણ કરવાની;

(૨૧) અધિકારપત્ર (એક્રેડિટેશન) બાબતના સુધારા સૂચવવાની;

(૨૨) ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા, કાર્યો અને ફરજો.

પરિષદની બેઠકો. ૧૩. (૧) પરિષદે, જરૂરી હોય તેટલી વાર, તેવા સમયે અને સ્થળે બેઠક બોલાવવી જોઇશે અને તેવી બેઠકોમાં વિનિયમોથી ઠરાવવામાં આવે તેવા કામકાજના સંચાલન માટેની કાર્યરીતિના નિયમોનું પાલન કરવું જોઇશે, પણ, વર્ષમાં ઓછામાં ઓછા બે વાર તેની બેઠક બોલાવવી જોઇશે.

(૨) સભ્ય-સચિવ-એ, કારોબારી સમિતિના અધ્યક્ષની સલાહ પર પરિષદની બેઠકો, બોલાવવી જોઇશે.

(૩) પરિષદની બેઠકનું કોરમ, પરિષદના કુલ સભ્યોના એક-તૃતીયાંશ સભ્યોનું રહેશે.

(૪) બેઠકો ખાતે તમામ બાબતોના નિર્ણય, હાજર રહીને મત આપતા સભ્યોની સાદી બહુમતીથી લેવા જોઇશે.

INDEX

૧૪. સભ્યપદમાં કોઇ ખાલી જગ્યા હોય અથવા તેની રચનામાં કોઇ ખામી હોય તેમ છતાં પરિષદને કાર્ય કરવાની સત્તા રહેશે અને સભ્ય તરીકે હકદાર ન હોય તેવી કેટલીક વ્યક્તિએ બેઠકની કાર્યવાહીમાં હાજરી આપે હોય, મત આપ્યો હોય અથવા અન્યથા પરિષદની કાર્યવાહીમાં ભાગ લીધો હોય તેમ છતાં, પરિષદની કાર્યવાહીઓ માન્ય ગણાશે. પરિષદની કાર્યવાહી, ખામી (ગેરવ્યવસ્થા) ના કારણે અમાન્ય ન ગણવા બાબત.

૧૫. રાજય સરકાર, પરિષદની ભલામણના આધારે અથવા આપમેળે, તેમાં નિર્દિષ્ટ કરે તેવી રીતે સુધારાનો અમલ કરવા માટે જરૂરી હોય તેવા ફેરફાર કરવા કોઇ યુનિવર્સિટીને આદેશ કરી શકશે. તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજય સરકારે આપેલા આદેશોનો અમલ કરવાનું અને તદનુસાર લીધેલા પગલાં અંગેની જાણ રાજય સરકાર અને પરિષદને કરવાનું યુનિવર્સિટી માટે ફરજિયાત રહેશે. પરિષદે, રાજય સરકારે આપેલા આદેશોનું યુનિવર્સિટીએ પાલન કર્યા અંગે વખતોવખત સમીક્ષા કરવી જોઇશે. આદેશો આપવાની રાજય સરકારની સત્તા.

૧૬. કોઇ સભ્યના હોદ્દાની જગા તેના મૃત્યુ, રાજીનામા, તેને છૂટા કરવાને કારણે અથવા અન્યથા પ્રાસંગિક ખાલી થઇ હોય, તો આવી ખાલી જગા, રાજય સરકારે નામનિયુક્તિ અથવા યથાપ્રસંગ, નિમણૂકથી ભરવી જોઇશે અને આવો સભ્ય, જે વ્યક્તિની જગાએ આવા સભ્યની નામનિયુક્તિ અથવા નિમણૂક કરવામાં આવી હોય, તે વ્યક્તિની બાકીની મુદત સુધી જ હોદ્દો ધરાવશે : પ્રાસંગિક ખાલી પડતી જગાઓ ભરવા બાબત.

પરંતુ, જે કક્ષામાં આવી ખાલી જગ્યા પડી હોય તે જ કક્ષાની વ્યક્તિઓમાંથી આવી ખાલી જગા ભરવી જોઇશે.

૧૭. પરિષદ, તેના કાર્યો પાર પાડવા માટે જેની સલાહ અથવા સહાય લેવા ઇચ્છતી હોય તેવી કોઇ વ્યક્તિને, તેવી રીતે અને તેવા હેતુઓ માટે પોતાની સાથે જોડી શકશે. પરિષદ સાથે તેવા હેતુ માટે જોડાયેલી વ્યક્તિ, તે હેતુ સંબંધિત વિચારણાઓમાં ભાગ લેવાનો અધિકાર રહેશે પરંતુ તેને પરિષદની બેઠકમાં મત આપવાનો અધિકાર રહેશે નહિ અને કોઇપણ હેતુ માટે તે તેની સભ્ય બની શકશે નહિ. પરિષદ, યુનિવર્સિટીઓ વચ્ચે સંકલન વિકસાવવાના હેતુથી તબીબી, ઇજનેરી અથવા કૃષિ યુનિવર્સિટીઓના કોઇ સભ્યને પોતાની સાથે જોડી શકશે. પરિષદ સાથે વ્યક્તિઓનું હંગામી જોડાણ કરવા બાબત.

પ્રકરણ ૩

નાણાં

૧૮. (૧) 'ગુજરાત રાજય ઉચ્ચ શિક્ષણ પરિષદ ફંડ' એ નામનું એક ફંડ સ્થાપવામાં આવશે જેમાં, વખતોવખત, રાજય સરકારે તેને (પરિષદને) આપેલી તમામ રકમ અને કેન્દ્ર સરકાર, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અથવા અન્ય કોઇ સત્તામંડળ, સંસ્થાઓ અથવા વ્યક્તિ પાસેથી મળેલ કોઇ રકમ સહિતની બીજી તમામ આવકનો સમાવેશ થશે. પરિષદનું ફંડ.

(૨) રાજય સરકાર, દરેક નાણાકીય વર્ષમાં, પરિષદને તેની કામગીરી માટે અને તેની જવાબદારીઓ અને ફરજો બજાવવા માટે જરૂરી ગણે તેવી રકમ આપી શકશે.

(૩) આ અધિનિયમના હેતુઓ હેઠળ અથવા તે માટે પરિષદે કરેલ તમામ ખર્ચ, પરિષદના ફંડમાંથી કરવો જોઈશે અને આવો ખર્ચ કર્યા પછી બાકીની ફાજલ રકમ ઠરાવવામાં આવે તેવી રીતે રોકાણ કરવી જોઈશે.

વાર્ષિક અંદાજપત્ર. **૧૯.** પરિષદે, દર વર્ષે ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવા સમયે આગામી નાણાકીય વર્ષના સંબંધમાં અંદાજિત આવકો અને ખર્ચના અંદાજ દર્શાવતું અંદાજપત્ર તૈયાર કરવું જોઈશે અને તેની એક નકલ રાજય સરકારને મોકલવી જોઈશે.

વાર્ષિક હિસાબો અને ઓડિટ. **૨૦.** (૧) પરિષદના હિસાબો, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવા નમૂનામાં જાળવવા જોઈશે. પરિષદે વાર્ષિક હિસાબી પત્રક ઠરાવવામાં આવે તેવા નમૂનામાં તૈયાર કરવું જોઈશે.

(૨) પરિષદના હિસાબોનું ઓડિટ, આ અર્થે રાજય સરકાર નીમે તેવા ઓડિટર દ્વારા દરેક નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછું એક વાર કરાવવું જોઈશે.

(૩) પેટા-કલમ(૨) હેઠળ નીમાયેલ ઓડિટરને, ઓડિટના હેતુઓ માટે ઠરાવવામાં આવે તેવી સત્તા રહેશે.

(૪) અધ્યક્ષે ઓડિટ રિપોર્ટ છપાવવો જોઈશે અને તેની છાપેલી નકલ પરિષદના દરેક સભ્યને મોકલવી જોઈશે અને પરિષદની આગામી બેઠકમાં તે (રિપોર્ટ), પરિષદની વિચારણા માટે તેની સમક્ષ મૂકવો જોઈશે.

(૫) પરિષદે, ઓડિટ રિપોર્ટમાં જણાવેલ કોઈ ખામી અથવા અનિયમિતતાને રાજય સરકારની જાણ હેઠળ તાત્કાલિક દૂર કરવા યોગ્ય પગલું લેવું જોઈશે

(૬) ઓડિટરે પ્રમાણિત કર્યા પ્રમાણેના પરિષદના હિસાબો, ઓડિટ રિપોર્ટ સાથે અને તેના ઉપરની પરિષદની ટિપ્પણી સહિત રાજય સરકારને એક મહિનાની અંદર મોકલવા જોઈશે.

(૭) રાજય સરકાર, ઓડિટ રિપોર્ટમાં જણાયેલ કોઈ ક્ષતિ, હોય તો, લેખિતમાં આદેશથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સમયની અંદર, ક્ષતિ દૂર કરવા માટે નિર્દિષ્ટ કરવામાં આવે તેવા પગલાં લેવા પરિષદને આદેશ કરી શકશે અને પરિષદે એવા આદેશનું પાલન કરવું જોઈશે.

(૮) રાજય સરકારે, પેટા-કલમ (૬) હેઠળ ઓડિટ રિપોર્ટ સાથેના વાર્ષિક હિસાબો મળ્યા પછી, બનતી ત્વરાએ રાજય વિધાનસભા સમક્ષ તેને મૂકાવવા જોઈશે.

પ્રકરણ ૪
પ્રકીર્ણ જોગવાઇઓ

૨૧. પરિષદે, દરેક નાણાકીય વર્ષ પૂરૂ થયા પછી, બનતી ત્વરાએ, પાછલા વર્ષ દરમિયાનની તેની પ્રવૃત્તિઓની માહિતી આપતો યોગ્ય રીતે તૈયાર કરેલ વિગતવાર અહેવાલ(રિપોર્ટ) ઠરાવવામાં આવે તેવી તારીખ પહેલાં અને તેવા નમૂનામાં તૈયાર કરવો જોઇશે અને રાજય સરકારને રજૂ કરવો જોઇશે અને અહેવાલમાં આગામી નાણાકીય વર્ષમાં હાથ ધરવાની શકયતા હોય તેવી પ્રવૃત્તિઓનો પણ વૃત્તાંત આપવો જોઇશે. સરકારે આવા દરેક રિપોર્ટ, તે મળ્યા પછી બનતી ત્વરાએ, રાજય વિધાનસભા સમક્ષ મૂકાવવા જોઇશે. વાર્ષિક રિપોર્ટની એક નકલ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનને પણ મોકલવી જોઇશે. વાર્ષિક રિપોર્ટ.

૨૨. (૧) રાજય સરકારને, પોતે અધિકૃત કરે તેવા સરકારના સચિવથી ઊતરતા દરજજાના ન હોય તેવા અધિકારી દ્વારા પરિષદની તપાસણી કરાવવાની અને પરિષદને સોંપાયેલ કોઇ બાબતના સંબંધમાં પરિષદે કરેલ કામની તપાસ કરવાની સત્તા રહેશે. રાજય સરકારે દરેક કિસ્સામાં, આવી તપાસણી અથવા તપાસ કરાવવાના પોતાના ઇરાદાની નોટિસ પરિષદને આપવી જોઇશે અને પરિષદ, તે જગાએ રજૂઆત કરવા માટે હકદાર રહેશે. તપાસણી અથવા તપાસ કરનાર અધિકારીએ, એવી રીતે કરાયેલી તપાસણી અથવા તપાસના આધારે રાજય સરકારને તેનો અહેવાલ રજૂ કરવો જોઇશે. તપાસણી અને તપાસ.

(૨) રાજય સરકાર, આવી તપાસણી અથવા તપાસના પરિણામ અંગેના પોતાના મંતવ્યો પરિષદને જણાવશે અને તે બાબતમાં લેવાના પગલાં અંગે પરિષદને સલાહ આપશે.

(૩) પરિષદે, રાજય સરકાર નકકી કરે તેટલા સમયની અંદર, આવી સલાહ પરથી લેવા ધારેલા અથવા લીધેલા પગલાં, હોય તો, તેનો અહેવાલ સરકારને આપવો જોઇશે.

(૪) પરિષદ, રાજય સરકારને ખાતરી થાય તેવી રીતે વાજબી સમયમાં પગલાં ન લે, ત્યારે રાજય સરકાર, પોતાને યોગ્ય લાગે તેવા આદેશો પરિષદને આપી શકશે અને પરિષદે તેવા આદેશોનું તાત્કાલિક પાલન કરવું જોઇશે.

૨૩. રાજય સરકાર, પોતાની મેળે અથવા તેને કરવામાં આવેલી અરજી પરથી, આ અધિનિયમની જોગવાઇઓ હેઠળ કરેલા કોઇ હુકમ અથવા લીધેલા નિર્ણયના રેકર્ડ, આવા હુકમ અથવા નિર્ણયની કાયદેસરતા અથવા સુસંગતતા અથવા કાર્યરીતિની નિયમિતતાના સંદર્ભમાં પોતાને ખાતરી કરાવવાના હેતુ માટે મંગાવી શકશે અને ચકાસી શકશે અને તે સંબંધમાં પોતે યોગ્ય ગણે તેવો હુકમ કરી શકશે : ફેરતપાસ.

પરંતુ, પરિષદને અથવા હુકમથી અસર થવાનો સંભવ હોય તેવી વ્યકિતને સુનાવણીની વાજબી તક આપ્યા સિવાય આવો કોઇપણ હુકમ કરી શકાશે નહિ.

INDEX

શુદ્ધબુદ્ધિથી લીધેલા પગલાંને રક્ષણ.

૨૪. આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમો અથવા વિનિયમો અનુસાર શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઇ કાર્યના સંબંધમાં, પરિષદ અથવા પરિષદના કોઇ સભ્ય અથવા કર્મચારી વિરુદ્ધ કોઇપણ દાવો, ફોજદારી કાર્યવાહી અથવા અન્ય કાનૂની કાર્યવાહી થઇ શકશે નહિ.

પરિષદનો સ્ટાફ.

૨૫. પરિષદ, રાજય સરકારની પૂર્વ-મંજૂરીથી, આ અધિનિયમ હેઠળ પોતાના કાર્યો બજાવવા માટે પોતે જરૂરી ગણે તેટલા અધિકારીઓ અને સ્ટાફને નીમવા જોઇશે. પરિષદના અધિકારીઓ અને સ્ટાફની સેવાની બોલીઓ અને શરતો, પરિષદે ઘડવાના વિનિયમોમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી રહેશે.

પરિષદના સભ્યો અને કર્મચારી વર્ગ (સ્ટાફ) રાજય સેવકો ગણાશે.

૨૬. પરિષદના પ્રમુખ, ઉપ-પ્રમુખ, સભ્યો, અધિકારીઓ અને કર્મચારી વર્ગ, કારોબારી સમિતિના અધ્યક્ષ અને તેના સભ્યો, આ અધિનિયમની અથવા તે હેઠળ કરાયેલ કોઇ નિયમો અથવા વિનિયમોની જોગવાઇઓ અનુસાર કાર્ય કરતાં હોય અથવા તેમ કરતાં હોવાનું અભિપ્રેત હોય, ત્યારે ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજય સેવકો છે એમ ગણાશે. સન ૧૮૬૦નો ૪૫મો.

નિયમો કરવાની સત્તા.

૨૭. (૧) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુ પાર પાડવા માટે, આ અધિનિયમ સાથે અસંગત ન હોય તેવા નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી જોગવાઇઓની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા નિયમોથી નીચેની તમામ અથવા તે પૈકીની કોઇપણ બાબત માટે જોગવાઇ કરી શકશે :-

(ક) કલમ ૧૦ની પેટા-કલમ (૮) હેઠળ અધ્યક્ષની લાયકાત, સત્તા અને કાર્યો તેમજ તેમની સેવાની બોલીઓ અને શરતો ઠરાવવા બાબત;

(ખ) કલમ ૧૨ના ખંડ (૨૧) હેઠળ કારોબારી સમિતિની બીજી સત્તા, કાર્યો અને ફરજો ઠરાવવા બાબત;

(ગ) કલમ ૧૮ની પેટા-કલમ (૩) હેઠળ પરિષદના ફાજલ ફંડના રોકાણ માટેની રીત ઠરાવવા બાબત;

(ઘ) જે નમૂનામાં અને સમયમર્યાદાની અંદર પરિષદે કલમ ૧૯ હેઠળ વાર્ષિક અંદાજપત્ર તૈયાર કરવું જોઇશે તે નમૂના (ફોર્મ) અને સમયમર્યાદા ઠરાવવા બાબત;

(ચ) પરિષદના હિસાબોની જાળવણી માટેની રીત અને નમૂના; અને કલમ ૨૦ના પેટા-કલમ (૧) હેઠળ હિસાબોના વાર્ષિક પત્રકનો નમૂનો ઠરાવવા બાબત;

(છ) કલમ ૨૦ની પેટા-કલમ (૩) હેઠળ ઓડિટરની સત્તા ઠરાવવા બાબત;

(જ) કલમ ૨૧ હેઠળ વાર્ષિક અહેવાલનો નમૂનો ઠરાવવો અને તે (વાર્ષિક અહેવાલ) રાજ્ય સરકારને રજૂ કરવાની તારીખ નક્કી કરવા બાબત.

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધીમાં રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે અને જે સત્રમાં તે નિયમો એ રીતે મૂકવામાં આવે તેમાં અથવા તેની તરત પછીના સત્રમાં, રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઇ રદ કરે અથવા રાજ્ય વિધાનમંડળ તેમાં જે કોઇ ફેરફાર કરે તેને અધીન રહેશે.

(૪) રાજ્ય વિધાનમંડળ એવી રીતે જે કાંઇ રદ કરે અથવા કોઇ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે તેનો અમલ થશે.

૨૮. પરિષદ, રાજ્ય સરકારની પૂર્વ મંજૂરીથી, આ અધિનિયમના તમામ અથવા તે પૈકીના કોઇ હેતુઓ પાર પાડવા માટે, આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવા વિનિયમો કરી શકશે. વિનિયમો કરવાની સત્તા.

૨૯. આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય તો, રાજ્ય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે જરૂરી જણાય તેવી આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશે : મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.

પરંતુ આ અધિનિયમના આરંભથી બે વર્ષની મુદત પૂરા થયા પછી આવો કોઇપણ હુકમ કરી શકાશે નહિ.

ઉદ્દેશો અને કારણો

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન ૨૦૧૩-એ એવી ભલામણ કરી છે કે ઉચ્ચ શિક્ષણનું રાજય સ્તરનું આયોજન અને સંકલન, ઉચ્ચ શિક્ષણ માટેની રાજય સ્તરની પરિષદ મારફત કરવું જોઇશે. તદનુસાર, રાજય સરકારે, ગુજરાત રાજય ઉચ્ચ શિક્ષણ પરિષદ તરીકે ઓળખાતી રાજય સ્તરની ઉચ્ચ શિક્ષણ પરિષદની રચના કરવાનું નક્કી કર્યું છે. પરિષદ, સરકાર અને યુનિવર્સિટીઓ વચ્ચે અને યુનિવર્સિટીઓ અને સર્વોચ્ચ સ્તરના નિયમનકારી મંડળો વચ્ચે કાર્યકારી સ્થાન ધરાવીને, રાજય સરકાર, યુનિવર્સિટીઓ, શિક્ષણવિદો અને નિષ્ણાતોના સમૂહ વચ્ચે સુસંવાદિતાનો સંબંધ ઊભો થાય તે માટે કાર્ય કરશે. પરિષદના મુખ્ય ઉદ્દેશોમાં, રાજયમાં ઉચ્ચ શિક્ષણના આયોજિત અને સંકલિત વિકાસ, યુનિવર્સિટીઓ વચ્ચે સાધનસંપત્તિની વહેંચણી, સંસ્થાકીય સ્તરે શૈક્ષણિક અને શાસન વ્યવસ્થાકીય સુધારા, સંસ્થાને ફંડ આપવા માટેના સિદ્ધાંતો સ્થાપવા, ઉચ્ચ શિક્ષણ માટેની ડેટા બેંક નિભાવવી તથા સંશોધન અને મૂલ્યાંકન અભ્યાસોને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોથી, વિધેયકની મહત્ત્વની જોગવાઈઓ સંક્ષિપ્તમાં સમજાવવામાં આવી છેઃ-

કલમ ૧.- આ કલમથી, ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ માટેની જોગવાઈ કરી છે.

કલમ ૨.- આ કલમથી, વિધેયકમાં વાપરેલા અમુક શબ્દોની વ્યાખ્યા કરી છે.

કલમો ૩ અને ૪.- આ કલમોથી, ગુજરાત રાજય ઉચ્ચ શિક્ષણ પરિષદની રચના અને તેના માળખા માટેની જોગવાઇ કરી છે.

કલમો ૫ અને ૬.- આ કલમોથી, પરિષદના સભ્ય બનવા અથવા સભ્ય તરીકે ચાલુ રહેવા માટેની વ્યકિતની ગેરલાયકાત અંગેની જોગવાઇ કરી છે અને પરિષદના સભ્યને દૂર કરવા માટેની તાકીદની આવશ્યકતા માટેની પણ જોગવાઇ કરી છે.

કલમો ૭ અને ૮.- આ કલમોથી, પરિષદના ઉદ્દેશો અને કાર્યો માટેની જોગવાઈ કરી છે.

કલમો ૯ અને ૧૦.- આ કલમોથી, કારોબારી સમિતિની રચના અને સદરહુ સમિતિના અધ્યક્ષની નિમણૂક માટેની જોગવાઈ કરી છે.

કલમો ૧૧ અને ૧૨.- આ કલમોથી, કારોબારી સમિતિના માળખા અને તેની સત્તા અને તેના કાર્યો માટેની જોગવાઈ કરી છે.

કલમો ૧૩ અને ૧૪.- આ કલમોથી, પરિષદની બેઠક માટેની જોગવાઈ કરી છે અને પરિષદની કાર્યવાહી કોઇ ખામીને લીધે અમાન્ય ગણાશે નહિ તે માટેની જોગવાઇ કરી છે.

કલમ ૧૫.- આ કલમથી, રાજ્ય સરકારે ગવર્નિંગ કાઉન્સિલ (સંચાલક પરિષદ)ને આપવાના આદેશો માટેની જોગવાઈ કરી છે.

કલમ ૧૬.- આ કલમથી, પરિષદમાં સભ્યની પ્રાસંગિક ખાલી જગા ભરવા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૧૭.- આ કલમથી, પરિષદને તેના કાર્યોમાં સહાય કરવા અથવા સલાહ આપવા માટે પરિષદની સભ્ય ન હોય તેવી વ્યકિતને પરિષદ સાથે હંગામી રીતે જોડવા માટેની જોગવાઈ કરી છે.

કલમો ૧૮ થી ૨૦.- આ કલમોથી, પરિષદના ફંડ, બજેટ તૈયાર કરવા, હિસાબોની જાળવણી અને તેના ઓડિટ માટેની જોગવાઈ કરી છે.

કલમ ૨૧.- આ કલમથી, પરિષદે વાર્ષિક અહેવાલ તૈયાર કરવા અને તે રજૂ કરવા માટેની જોગવાઈ કરી છે.

કલમ ૨૨.- આ કલમથી, રાજ્ય સરકાર દ્વારા પરિષદના નિરીક્ષણ અને તપાસ માટેની જોગવાઈ કરી છે.

કલમ ૨૩.- આ કલમથી, પરિષદે પસાર કરેલા કોઇ હુકમનું રેકર્ડ તપાસવા માટે તે (રેકર્ડ) મંગાવવાની જોગવાઇ કરી છે.

કલમ ૨૪.- આ કલમથી, શુદ્ધબુદ્ધિપૂર્વક લીધેલા પગલાં માટે સામાન્ય ક્ષતિપૂર્તિ માટેની જોગવાઈ કરી છે.

કલમ ૨૫.- આ કલમથી, પરિષદના સ્ટાફની નિમણૂક માટેની જોગવાઈ કરી છે.

કલમ ૨૬.- આ કલમથી, એવી જોગવાઇ કરી છે કે પરિષદના તમામ અધિકારીઓ અને કર્મચારીવર્ગ રાજ્ય સેવકો ગણાશે.

કલમ ૨૭.- આ કલમથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે, નિયમો કરવાની સત્તા મળે છે.

કલમ ૨૮.- આ કલમથી, પરિષદને, રાજ્ય સરકારની મંજૂરીથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે વિનિયમો કરવાની સત્તા પરિષદને મળે છે.

કલમ ૨૯.- આ કલમથી, રાજ્ય સરકારને અધિનિયમના આરંભથી બે વર્ષની મુદતની અંદર ઊભી થતી મુશ્કેલીઓને દૂર કરવા માટેની સત્તા મળે છે.

વસુબેન ત્રિવેદી,

નાણાકીય યાદી

વિધેયકની **કલમ ૧૦થી,** કારોબારી સમિતિના અધ્યક્ષની નિમણૂક માટેની જોગવાઈ કરી છે.

વિધેયકની **કલમ ૧૮થી,** રાજ્ય સરકાર દ્વારા, પરિષદને ગ્રાન્ટની ચુકવણી કરવા માટેની જોગવાઇ કરી છે.

વિધેયકની **કલમ ૨૫થી,** પરિષદના સ્ટાફ અને અધિકારીઓની નિમણૂક માટેની જોગવાઈ કરી છે.

વિધેયક અધિનિયમિત કરવામાં અને અમલમાં લાવવામાં આવે, તો તે અંગેનું ખર્ચ અલગથી નક્કી કરવામાં આવશે અને ખર્ચ અંગેની જોગવાઇ ત્યાર પછીથી કરવામાં આવશે.

વસુબેન ત્રિવેદી,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતના સંબંધમાં, ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ, નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૩.- (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, ગુજરાત રાજ્ય ઉચ્ચ શિક્ષણ પરિષદની રચના કરવા માટેની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૩)થી રાજ્ય સરકારને, અમદાવાદ સિવાયના બીજા કોઇ સ્થળે પરિષદના મુખ્ય મથક જાહેર કરવાની સત્તા મળે છે.

કલમ ૧૦.- આ કલમની પેટા-કલમ (૮)થી, રાજ્ય સરકારને, પરિષદના અધ્યક્ષની લાયકાત, સત્તા અને કાર્યો તથા બોલીઓ અને શરતો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૨.- આ કલમના ખંડ (૨૧)થી, રાજ્ય સરકારને, કારોબારી સમિતિની બીજી સત્તા, કાર્યો અને ફરજો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૩.- આ કલમની પેટા-કલમ (૧)થી પરિષદને, પરિષદની બેઠકમાં કામકાજનાં સંચાલન માટેની કાર્યરીતિ, વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૭.- આ કલમથી પરિષદને, તે જે રીતે અને જે હેતુ માટે કોઇ વ્યક્તિ સાથે જોડાશે તે રીત અને હેતુ, વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૮.- આ કલમની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, ફાજલ ફંડનું રોકાણ જે રીતે કરવું જોઇશે તે રીત, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૯.- આ કલમથી રાજ્ય સરકારને, પરિષદે જે નમૂનામાં અને જેટલા સમયમાં અંદાજપત્ર તૈયાર કરવું જોઇશે તે નમૂનો અને સમય, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૨૦.- (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, જે રીતે અને જે નમૂનામાં પરિષદના હિસાબ નિભાવવા જોઇશે તે રીત અને નમૂનો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૨) આ કલમની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, ઓડિટના હેતુઓ માટે ઓડિટરની સત્તા, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૨૧.- આ કલમથી, રાજ્ય સરકારને, જે નમૂનામાં અને જે તારીખ સુધીમાં પરિષદે વાર્ષિક અહેવાલ તૈયાર કરીને રાજ્ય સરકારને તે રજૂ કરવો જોઇશે તે નમૂનો અને તારીખ, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૨૫.- આ કલમથી, પરિષદને, પરિષદના અધિકારીઓ અને તેના સ્ટાફની બોલીઓ અને શરતો, વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૨૭.- આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે, અધિનિયમ સાથે અસંગત ન હોય તેવા નિયમો કરવાની સત્તા મળે છે.

કલમ ૨૮.- આ કલમથી, પરિષદને, રાજ્ય સરકારની મંજૂરીથી, આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવા વિનિયમો કરવાની સત્તા મળે છે.

કલમ ૨૯.- આ કલમથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, આ અધિનિયમના આરંભથી બે વર્ષની મુદતની અંદર ઊભી થતી મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૨૧મી માર્ચ, ૨૦૧૬. **વસુબેન ત્રિવેદી.**

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સી. જે. ગોઠી,

ગાંધીનગર,
તારીખ : ૨૧મી માર્ચ, ૨૦૧૬.

ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 77

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, MARCH 21, 2016/CAITRA 1, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી માર્ચ, ૨૦૧૬

તારીખ: ૨૧મી માર્ચ, ૨૦૧૬ ના **ગુજરાત રાજપત્ર, (અસાધારણ)** માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન **૨૦૧૬** ના ગુજરાત **વિધેયક ક્રમાંક : ૨** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 2 OF 2016.

THE GUJARAT (SUPPLEMENTARY) APPROPRIATION ACT, 2016.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે **સન ૨૦૧૬ના માર્ચ મહિનાની ૧૭મી તારીખે** અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સી. જે. ગોઠી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 2 OF 2015.

AN ACT

to authorise payment and appropriation of certain further sums from and out of the Consolidated Fund of the State of Gujarat for the services of the financial year ending on the thirty-first day of March, 2016.

સન ૨૦૧૬નો ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૨.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૬ના માર્ચ મહિનાની ૨૧મી તારીખે "ગુજરાત સરકારી રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો).

સન ૨૦૧૬ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. આ અધિનિયમ ગુજરાત (પૂરક) વિનિયોગ અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા.**

૨. આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૩માં નિર્દિષ્ટ કરેલી રકમોથી વધુ ન હોય તેટલી એકંદરે રૂપિયા છ હજાર સાતસો સત્યાવીસ કરોડ, અઠાવન લાખ, બ્યાસી હજારની રકમ, અનુસૂચિના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલી સેવાઓ અને હેતુઓ માટે, સન ૨૦૧૬ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષ દરમિયાન જે જુદાં જુદાં **સન ૨૦૧૫-૨૦૧૬ના નાણાકીય વર્ષ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી ₹૬૭,૨૭,૫૮,૮૨,૦૦૦ આપવા બાબત.**

INDEX

ખર્ચ આપવાના થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી આપવામાં આવશે અને ઉપયોગમાં લેવામાં આવશે.

વિનિયોગ. ૩. આ અધિનિયમથી ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી જે રકમો આપવા અને તેનો ઉપયોગ કરવા માટે અધિકાર આપવામાં આવ્યો હોય તે રકમોનો વિનિયોગ, સદરહુ વર્ષના સંબંધમાં અનુસૂચિમાં જણાવેલી સેવાઓ અને હેતુઓ માટે કરવો જોઈશે.

અનુસૂચિ

(જુઓ કલમો ૨ અને ૩)

મંજૂર કર્યા પ્રમાણેનો/ વિનિયોગ કર્યા પ્રમાણેનો માંગણીનો નંબર	સેવાઓ અને હેતુઓ	મહેસૂલ/ મૂડી	વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
			₹	₹	₹
૧	૨		૩	૪	૫
૧	કૃષિ અને સહકાર વિભાગ	મહેસૂલ	૬૦૦૦૦૦	૦	૬૦૦૦૦૦
		મૂડી	૪૨૦૦૦૦૦	૦	૪૨૦૦૦૦૦
૨	કૃષિ	મહેસૂલ	૦	૧૨૭૯૦૦૦	૧૨૭૯૦૦૦
૩	નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ	મહેસૂલ	૧૦૨૪૪૦૦૦	૦	૧૦૨૪૪૦૦૦
૪	પશુપાલન અને ડેરી વિકાસ	મહેસૂલ	૦	૧૦૨૪૧૦૦૦	૧૦૨૪૧૦૦૦
૫	સહકાર	મૂડી	૩૬૧૩૩૯૦૦૦	૦	૩૬૧૩૩૯૦૦૦
૬	મત્સ્યોદ્યોગ	મહેસૂલ	૧૩૦૨૬૩૦૦૦	૦	૧૩૦૨૬૩૦૦૦
૭	કૃષિ અને સહકાર વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૦	૬૮૦૦૦	૬૮૦૦૦
૯	શિક્ષણ	મહેસૂલ	૧૭૦૨૨૧૬૮૦૦૦	૨૧૦૦૦૦૦૦	૧૭૦૪૩૧૬૮૦૦૦
૧૦	શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૨૯૯૦૦૦	૦	૨૨૯૯૦૦૦
૧૩	ઊર્જા પરિયોજનાઓ	મહેસૂલ	૧૧૭૪૯૪૦૦૦૦૦	૦	૧૧૭૪૯૪૦૦૦૦૦
		મૂડી	૧૦૦૧૮૬૪૦૦૦	૦	૧૦૦૧૮૬૪૦૦૦
૧૯	નાણા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૦૦૦	૦	૧૦૦૦
૨૦	નાણા વિભાગ અને તેની સેવાઓને લગતું દેવું ભરપાઇ કરવું	મહેસૂલ	૦	૧૪૦૦૦	૧૪૦૦૦
૨૨	નાગરિક પુરવઠો	મહેસૂલ	૧૪૦૨૬૮૦૦૦	૦	૧૪૦૨૬૮૦૦૦

૧	૨		૩	૪	૫
૨૯	વન	મહેસૂલ	૦	૩૦૦૪૦૦૦	૩૦૦૪૦૦૦
૩૦	મંત્રી પરિષદ	મહેસૂલ	૫૦૧૬૦૦૦	૦	૫૦૧૬૦૦૦
૩૧	ચૂંટણી	મહેસૂલ	૨૪૭૪૪૬૦૦૦	૫૦૫૦૦૦	૨૪૭૯૫૧૦૦૦
૩૨	જાહેર સેવા આયોગ	મહેસૂલ	૮૩૪૩૯૦૦૦	૦	૮૩૪૩૯૦૦૦
૩૪	આર્થિક સલાહ અને આંકડા	મહેસૂલ	૩૮૫૩૫૯૦૦૦	૦	૩૮૫૩૫૯૦૦૦
૩૫	સામાન્ય વહીવટ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૦	૧૦૪૭૦૦૦	૧૦૪૭૦૦૦
		મૂડી	૨૫૭૭૮૨૦૦૦	૦	૨૫૭૭૮૨૦૦૦
૩૬	રાજય વિધાનમંડળ	મહેસૂલ	૩૪૫૦૪૦૦૦	૦	૩૪૫૦૪૦૦૦
૩૮	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	મહેસૂલ	૫૮૭૦૦૦	૦	૫૮૭૦૦૦
૩૯	તબીબી અને જાહેર આરોગ્ય	મહેસૂલ	૧૩૮૦૨૯૪૦૦૦	૧૭૫૭૯૦૦૦	૧૩૯૭૮૭૩૦૦૦
		મૂડી	૧૦૦૦	૦	૧૦૦૦
૪૦	પરિવાર કલ્યાણ	મહેસૂલ	૩૬૨૮૧૩૦૦૦	૦	૩૬૨૮૧૩૦૦૦
૪૩	પોલીસ	મહેસૂલ	૧૩૬૬૮૫૦૦૦	૨૫૪૨૦૦૦	૧૩૯૨૨૭૦૦૦
૪૬	ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૪૪૦૭૬૨૦૦૦	૯૮૧૭૪૦૦૦	૫૩૮૯૩૬૦૦૦
		મૂડી	૨૦૯૦૦૦૦૦	૪૨૫૨૯૦૦૦	૬૩૪૨૯૦૦૦
૪૮	લેખનસામગ્રી અને મુદ્રણ	મહેસૂલ	૪૯૨૧૦૦૦	૦	૪૯૨૧૦૦૦
૫૦	ખાણ અને ખનીજ	મહેસૂલ	૧૦૧૩૦૦૦	૦	૧૦૧૩૦૦૦
૫૧	પ્રવાસન	મહેસૂલ	૪૧૫૦૦૦	૦	૪૧૫૦૦૦
		મૂડી	૦	૪૦૬૮૦૦૦	૪૦૬૮૦૦૦
૫૨	ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૨૪૭૦૦૦	૦	૨૪૭૦૦૦
૫૫	માહિતી અને પ્રસારણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૫૪૩૪૬૦૦૦	૦	૫૪૩૪૬૦૦૦
		મૂડી	૫૮૧૦૦૦	૦	૫૮૧૦૦૦
૫૯	કાયદા વિભાગ	મહેસૂલ	૧૩૦૦૦૦૦	૦	૧૩૦૦૦૦૦
૬૦	ન્યાયતંત્રનો વહીવટ	મહેસૂલ	૦	૨૦૦૦	૨૦૦૦
૬૧	કાયદા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૦૦૦	૩૯૧૮૦૦૦	૩૯૧૯૦૦૦
૬૨	વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ	મહેસૂલ	૧૯૬૨૦૦૦	૦	૧૯૬૨૦૦૦

૧	૨		૩	૪	૫
૬૩	વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧૫૦૦૦૦	૦	૧૫૦૦૦૦
૬૬	સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ	મહેસૂલ	૧૦૦૦	૦	૧૦૦૦
		મૂડી	૨૮૫૮૮૭૮૦૦૦	૩૫૦૦૦૦૦૦૦	૩૨૦૮૮૭૮૦૦૦
૬૭	પાણી પુરવઠો	મહેસૂલ	૮૦૦૦૦૦૦	૦	૮૦૦૦૦૦૦
		મૂડી	૨૩૦૨૪૪૦૦૦	૦	૨૩૦૨૪૪૦૦૦
૬૮	નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૦	૬૦૦૦૦૦૦૦૦	૬૦૦૦૦૦૦૦૦
૭૦	સમૂહ વિકાસ	મહેસૂલ	૩૨૯૧૮૪૬૦૦૦	૦	૩૨૯૧૮૪૬૦૦૦
૭૧	ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ	મહેસૂલ	૦	૨૧૫૯૯૩૯૦૦૦	૨૧૫૯૯૩૯૦૦૦
૭૩	પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૫૧૨૧૮૦૦૦૦	૦	૧૫૧૨૧૮૦૦૦૦
		મૂડી	૩૫૦૯૦૦૦	૦	૩૫૦૯૦૦૦
૭૪	વાહનવ્યવહાર	મહેસૂલ	૧૦૦૦	૦	૧૦૦૦
૭૫	બંદરો અને વાહનવ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૬૯૫૯૦૦૦૦૦	૦	૬૯૫૯૦૦૦૦૦
		મૂડી	૭૩૮૦૦૦	૦	૭૩૮૦૦૦
૭૯	કુદરતી આપત્તિઓને કારણે રાહત	મહેસૂલ	૯૮૪૦૩૨૬૦૦૦	૦	૯૮૪૦૩૨૬૦૦૦
		મૂડી	૫૭૦૦૦૦૦	૦	૫૭૦૦૦૦૦
૮૧	વળતર અને સોંપણી	મહેસૂલ	૪૭૯૦૦૦	૫૨૫૦૦૦	૧૦૦૪૦૦૦
૮૩	માર્ગ અને મકાન વિભાગ	મહેસૂલ	૧૬૧૦૦૦	૦	૧૬૧૦૦૦
૮૪	બિન-રહેણાંક મકાનો	મહેસૂલ	૦	૧૪૯૧૬૦૦૦	૧૪૯૧૬૦૦૦
		મૂડી	૩૦૦૦	૦	૩૦૦૦
૮૬	માર્ગો અને પુલો	મહેસૂલ	૨૦૩૫૩૨૪૦૦૦	૦	૨૦૩૫૩૨૪૦૦૦
		મૂડી	૫૦૦૦	૦	૫૦૦૦
૮૭	ગુજરાત પાટનગર બાંધકામ યોજના	મૂડી	૦	૩૨૯૮૦૦૦	૩૨૯૮૦૦૦

૧	૨		૩	૪	૫
૮૮	માર્ગ અને મકાન વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૪૦૦૦૦૦૦૦	૬૦૦૦૦૦૦૦	૧૦૦૦૦૦૦૦૦
૮૯	વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ	મહેસૂલ	૧૦૦૦	૦	૧૦૦૦
૯૨	સમાજ સુરક્ષા અને કલ્યાણ	મહેસૂલ	૧૫૬૭૦૮૪૦૦૦	૦	૧૫૬૭૦૮૪૦૦૦
		મૂડી	૧૯૨૦૯૦૦૦	૦	૧૯૨૦૯૦૦૦
૯૩	અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ	મહેસૂલ	૧૦૪૨૪૭૦૦૦	૦	૧૦૪૨૪૭૦૦૦
૯૫	અનુસૂચિત જાતિઓ માટેની પેટા-યોજના	મહેસૂલ	૫૬૮૩૦૧૦૦૦	૦	૫૬૮૩૦૧૦૦૦
૯૬	આદિજાતિ વિસ્તાર પેટા-યોજના	મહેસૂલ	૧૨૭૧૪૩૪૦૦૦	૧૦૦૦૦૦૦૦	૧૨૮૧૪૩૪૦૦૦
		મૂડી	૨૦૦૦	૦	૨૦૦૦
૧૦૧	શહેરી ગૃહનિર્માણ	મહેસૂલ	૯૮૦૦૦	૩૬૩૯૪૪૦૦૦	૩૬૪૦૪૨૦૦૦
૧૦૨	શહેરી વિકાસ	મહેસૂલ	૫૬૧૦૪૪૮૦૦૦	૦	૫૬૧૦૪૪૮૦૦૦
૧૦૬	મહિલા અને બાળવિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૦૦૦	૦	૧૦૦૦
	કુલ :	**મહેસૂલ**	૫૮૭૦૧૯૩૮૦૦૦	૩૩૬૮૬૯૭૦૦૦	૬૨૧૧૦૬૩૫૦૦૦
		મૂડી	૪૮૦૫૩૫૨૦૦૦	૩૯૯૮૯૫૦૦૦	૫૧૬૫૨૪૭૦૦૦
	કુલ સરવાળો :		૬૩૫૦૭૨૯૦૦૦૦	૩૭૬૮૫૯૨૦૦૦	૬૭૨૭૫૮૮૨૦૦૦

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 78

વાર્ષિક લાવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII]   MONDAY, MARCH 21, 2016/CAITRA 1, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી માર્ચ, ૨૦૧૬

તારીખઃ **૨૧મી માર્ચ, ૨૦૧૬** ના **ગુજરાત રાજપત્ર, (અસાધારણ)** માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન **૨૦૧૬** ના ગુજરાત **અધિનયમ ક્રમાંક :** ૩ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

GUJARAT BILL NO. 3 OF 2016.

THE GUJARAT LAND REVENUE (AMENDMENT) ACT, 2016.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે **સન ૨૦૧૬ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે** અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સી. જે. ગોઠી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 3 OF 2016.

AN ACT

further to amend the Gujarat Land Revenue Code, 1879.

સન ૨૦૧૬નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૩.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૬ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો).

ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત જમીન મહેસૂલ (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૧૮૭૯નો મુંબઈનો ૫મો. ૨. ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૪૮માં,- સન ૧૮૭૯ના મુંબઈના ૫મા અધિનિયમની કલમ ૪૮નો સુધારો.

(૧) પેટા-કલમ (૧)માં, ખંડ (ચ)ને બદલે, નીચેનો ખંડ મૂકવોઃ-

''(ચ) અન્ય કોઈ હેતુ માટે અથવા અન્ય જુદા જુદા બિન-ખેતીવિષયક હેતુઓ માટે.'' ;

(૨) પેટા-કલમ (૨)માં, ''બીજા કોઇ હેતુ માટે ઉપયોગ કરવાની'' એ શબ્દોથી શરૂ થતા અને ''બીજા કોઇ હેતુ માટે ઉપયોગ કરવામાં આવે ત્યારે'' એ શબ્દોથી પૂરા થતા ભાગને બદલે, ''બીજા કોઇ હેતુ અથવા હેતુઓ માટે ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવી હોય અથવા પરવાનગી આપવામાં આવેલી ગણાય અથવા કલેકટરની પરવાનગી પ્રથમ મેળવ્યા સિવાય અથવા યથાપ્રસંગ, કલમ ૬૫થી અથવા કલમ ૬૫-ક થી ઠરાવેલી મુદત પૂરી થાય તે પહેલાં, બીજા કોઇ હેતુ માટે અથવા જુદા જુદા હેતુઓ માટે ઉપયોગ કરવામાં આવે, ત્યારે'' એ શબ્દો મૂકવા ;

(૩) પેટા-કલમ (૩)માં, ''બીજા કોઇ હેતુ'' એ શબ્દો પછી, ''અથવા જુદા જુદા હેતુઓ'' એ શબ્દો દાખલ કરવા.

સન ૧૮૭૯ના મુંબઈના ૫મા અધિનિયમની કલમ ૬૫નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૫માં,-

(૧) પેટા-કલમ (૧)માં, પ્રથમ પરિચ્છેદમાં, ''બીજા કોઇ હેતુ માટે'' એ શબ્દો પછી, ''અથવા બીજા જુદા જુદા હેતુઓ માટે'' એ શબ્દો દાખલ કરવા;

(૨) પ્રથમ પરિચ્છેદની હાંસિયા નોંધમાં, ''બીજા કોઇ હેતુ માટે'' એ શબ્દો પછી, ''અથવા બીજા જુદા જુદા બિન-ખેતીવિષયક હેતુઓ માટે'' એ શબ્દો ઉમેરવા.

સન ૧૮૭૯ના મુંબઈના ૫મા અધિનિયમની કલમ ૬૫ક-નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૫ક-માં,-

(૧) ''બીજા કોઇ બિન-ખેતીવિષયક હેતુ માટે'' એ શબ્દો પછી, ''અથવા બીજા જુદા જુદા બિન-ખેતીવિષયક હેતુઓ માટે'' એ શબ્દો દાખલ કરવા;

(૨) હાંસિયા નોંધમાં, ''બીજા (બિન-ખેતીવિષયક) હેતુ માટે'' એ શબ્દો અને કૌંસ પછી, ''અથવા બીજા જુદા જુદા બિન-ખેતીવિષયક હેતુઓ માટે'' એ શબ્દો ઉમેરવા.

સન ૧૮૭૯ના મુંબઈના ૫મા અધિનિયમની કલમ ૬૫ખનો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૫ખ-માં, પેટા-કલમ (૧)માં, ખંડ (ખ)માં, પેટા-ખંડ (૧)માં, પરિચ્છેદ (ખ)માં, બાબત (૬)ના બીજા પરંતુકમાં, ''રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી,'' એ શબ્દોને બદલે ''કલેકટર,'' એ શબ્દ મૂકવો.

સન ૧૮૭૯ના મુંબઈના ૫મા અધિનિયમની કલમ ૬૭કનો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૭ક-માં,-

(૧) પેટા-કલમ (૧)માં,-

(૧) ખંડ (ક)માં, ''બીજા કોઇ હેતુ માટે'' એ શબ્દો પછી, ''અથવા બીજા જુદા જુદા હેતુઓ માટે'' એ શબ્દો દાખલ કરવા;

(૨) ખંડ (ખ)માં, ''બીજા કોઇ હેતુ માટે'' એ શબ્દો પછી, ''અથવા બીજા જુદા જુદા હેતુઓ માટે'' એ શબ્દો દાખલ કરવા;

(૨) પેટા-કલમ (૨)માં,-

(૧) ''બિન-ખેતીવિષયક હેતુ'' એ શબ્દો જયાં જયાં આવતા હોય ત્યાં તે શબ્દો પછી, ''અથવા બીજા જુદા જુદા બિન-ખેતીવિષયક હેતુઓ'' એ શબ્દો દાખલ કરવા;

(૨) ખંડ (ખ)માં, ''કોલમ (૩) અથવા (૪)માંની'' એ શબ્દો, કૌંસ અને આંકડા ને બદલે, ''કોલમ (૩) અથવા (૪) અથવા (૫)માંની'' એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવા;

(૩) પેટા-કલમ (૨ક)માં,-

(૧) ''બિન-ખેતીવિષયક હેતુ'' એ શબ્દો જયાં જયાં આવતા હોય ત્યાં તે શબ્દો પછી, ''અથવા બીજા જુદા જુદા બિન-ખેતીવિષયક હેતુઓ'' એ શબ્દો દાખલ કરવા;

(૨) ''નીચેના કોષ્ટકના કોલમ'' એ શબ્દોને બદલે, ''નીચેના કોષ્ટકના કોલમ (૩) અથવા (૫)'' એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવા.

(૪) પેટા-કલમ (૩)માં, વિદ્યમાન કોષ્ટકને બદલે, નીચેનો મજકૂર મૂકવો :-

''કોષ્ટક

અનુ. ક્રમાંક.	જે વિસ્તારમાં જમીન આવેલી છે તે વિસ્તાર.	જમીનના ચોરસ મીટર દીઠ રૂપાંતર વેરાનો દર		
		જમીનનો ઉપયોગ કામચલાઉ બિન-ખેતીવિષયક હેતુ અથવા રહેણાકના હેતુ અથવા સખાવતી હેતુ માટે કરવાનો હોય ત્યારે.	જમીનનો ઉપયોગ ઔદ્યોગિક હેતુ અથવા કોઈ બીજા હેતુ માટે કરવાનો હોય ત્યારે.	જમીનનો ઉપયોગ બીજા જુદા જુદા બિન-ખેતી વિષયક હેતુઓ માટે કરવાનો હોય ત્યારે
૧	૨	૩	૪	૫
૧.	છેલ્લી વસ્તી ગણતરી પ્રમાણે એક લાખથી વધુ નહિ તેટલી વસ્તીવાળા ગામો, મ્યુનિસિપલ બરો, જાહેર કરેલા વિસ્તારો અને શહેરો.	રૂા.૨.૦૦	રૂા.૬.૦૦	રૂા. ૮.૦૦
૨.	છેલ્લી વસ્તી ગણતરી પ્રમાણે એક લાખથી વધુ વસ્તીવાળા મ્યુનિસિપલ બરો, જાહેર કરેલા વિસ્તારો અને શહેરો.	રૂા. ૧૦.૦૦	રૂા.૩૦.૦૦	રૂા.૪૦.૦૦''.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 79

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, MARCH 22, 2016/CAITRA 2, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી માર્ચ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તારીખઃ ૮મી માર્ચ, ૨૦૧૬ ના સરકારી **જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૧૧/૨૦૧૬/એનએપી-૧૦૨૦૧૩-૮૧૭-એઆરટીડી-૪** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. એમ. ભાવસાર,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT (RIGHT OF CITIZENS TO PUBLIC SERVICES) ACT, 2013

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ હેઠળ

જાહેરનામું

સામાન્ય વહીવટ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી માર્ચ, ૨૦૧૬

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંકઃ જીએસ/૧૧/૨૦૧૬/એનએપી-૧૦૨૦૧૩-૮૧૭-એઆરટીડી-૪.– ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ ના ગુજરાતના ૧૬મા) ની કલમ ૧ ની પેટા-કલમ(૩) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમની કલમ ૩ ની જોગવાઈ જે તારીખે અમલમાં આવશે તે તારીખ તરીકે સન ૨૦૧૬ ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વિપુલ મિત્રા,

સરકારના અગ્ર સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 80

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, MARCH 22, 2016/CAITRA 2, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી માર્ચ, ૨૦૧૬

તારીખ: ૨૨મી માર્ચ, ૨૦૧૬-ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૬ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૪-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

GUJARAT ACT NO. 4 OF 2016.

THE GUJARAT ELECTRICITY DUTY (AMENDMENT) ACT, 2016.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે **સન ૨૦૧૬ના માર્ચ મહિનાની ૨૧મી તારીખે** અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સી. જે. ગોઠી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 4 OF 2016.

AN ACT

further to amend the Gujarat Electricity Duty Act, 1958.

સન ૨૦૧૬નો ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૪.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૬ના માર્ચ મહિનાની ૨૨મી તારીખે "ગુજરાત સરકારી રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો).

ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. આ અધિનિયમ ગુજરાત વિદ્યુત શુલ્ક (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા.

સન ૧૯૫૮નો મુંબઈનો ૪૦મો.

સન ૧૯૫૮ના મુંબઈના ૪૦મા અધિનિયમની કલમ ૩નો સુધારો.

૨. ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૩માં, પેટા-કલમ (૨)માં, ખંડ (૫-ક)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(૫-ક) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અર્થે નિર્દિષ્ટ કરે તેવા વીજળીશક્તિના કોઇ બિન-પરંપરાગત અથવા પુન:પ્રાપ્ય સ્રોત દ્વારા વીજળીશક્તિ ઉત્પન્ન કરે તે પ્રસંગે;".

Extra No. 81

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, MARCH 22, 2016/CAITRA 2, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે તા. ૨૨મી માર્ચ, ૨૦૧૬ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-ક અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

GUJARAT BILL NO. 28 OF 2016.

THE GUJARAT HERITAGE CONSERVATION BILL, 2016.

A BILL

to provide for identification, documentation, conservation and regulation of heritage assets in the State of Gujarat and for the matters connected therewith and incidental thereto.

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૨૮.

ગુજરાત સાંસ્કૃતિક સંરક્ષણ વિધેયક, ૨૦૧૬.

ગુજરાત રાજ્યમાંના હેરિટેજ એસેટ્સ (સાંસ્કૃતિક વારસા)ની ઓળખ ઊભી કરવા, તેનું દસ્તાવેજીકરણ કરવા, તેનું સંરક્ષણ કરવા અને તેનું નિયમન કરવા માટેની અને તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત સાંસ્કૃતિક સંરક્ષણ અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

૨. આ અધિનિયમમાંનો કોઈપણ મજકૂર,- અધિનિયમ લાગુ નહિ પડવા બાબત.

(૧) સંસદે કરેલા કોઈપણ કાયદાથી અથવા તે હેઠળ, રાષ્ટ્રીય સ્તરે અગત્યના હોવાનું જાહેર કરેલા, પ્રાચીન અને ઐતિહાસિક સ્મારકો અથવા પુરાતત્ત્વવિષયક સ્થળો અને અવશેષોને;

(૨) પ્રાચીન સ્મારકો અને પુરાતત્ત્વવિષયક સ્થળો અને અવશેષો બાબતનો અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮નો કેન્દ્રીય અધિનિયમ ક્રમાંકઃ ૨૪મો) જેને લાગુ પડતો હોય તેવા કોઇ પ્રાચીન અવશેષોને;

(૩) પુરાવસ્તુ અને કલા-સંપત્તિ અધિનિયમ, ૧૯૭૨ (સન ૧૯૭૨નો કેન્દ્રીય અધિનિયમ ક્રમાંકઃ ૫૨મો) જેને લાગુ પડતો હોય તેવા કોઇ પ્રાચીન અવશેષો અથવા કલાસંપતિને;

(૪) ગુજરાતના પ્રાચીન સ્મારકો અને પુરાતત્ત્વવિષયક સ્થળો અને અવશેષો બાબતનો અધિનિયમ, ૧૯૬૫ (સન ૧૯૬૫નો કેન્દ્રીય અધિનિયમ ક્રમાંકઃ ૨૫મો) જેને લાગુ પડતો હોય તેવા કોઈ પ્રાચીન અથવા ઐતિહાસિક સ્મારકો અથવા પુરાતત્ત્વવિષયક સ્થળો અને અવશેષો અને પ્રાચીન અવશેષોને, લાગુ પડશે નહિ.

વ્યાખ્યા. ૩. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''સત્તામંડળ'' એટલે કલમ ૧૨ હેઠળ રચાયેલ ગુજરાત સાંસ્કૃતિક સત્તામંડળ;

(ખ) ''સક્ષમ સત્તાધિકારી'' એટલે રાજ્ય સરકારે, આ અધિનિયમ હેઠળના કાર્યો કરવા માટે, રાજપત્રમાં જાહેરનામાથી, સક્ષમ સત્તાધિકારી તરીકે નિર્દિષ્ટ કરેલ, રાજ્ય સરકારના કોઈ અધિકારીઃ

પરંતુ રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, જુદાજુદા વિસ્તારો માટે જુદાજુદા સક્ષમ સત્તાધિકારી નિર્દિષ્ટ કરી શકશે અને તેમની હકૂમત નક્કી કરી શકશે;

(ગ) હેરિટેજ એસેટ્ (સાંસ્કૃતિક વારસા)ના સંબંધમાં ''કન્ઝર્વેશન (સંરક્ષણ)'' એટલે તે વારસાનું સાંસ્કૃતિક મૂલ્ય જળવાઈ રહે તે રીતે તે વારસાનું સંચાલન કરવું અને તેમાં તે વારસાને સુરક્ષિત રાખવા, તેનું રક્ષણ કરવા, તેને પુનઃસ્થાપિત કરવા, તેનું પુનર્નિમાણ કરવા, તેમાં ફેરફાર કરવા અને તેની જાળવણી કરવાનો સમાવેશ થાય છે;

(ઘ) ''બાંધકામ'' એટલે કોઈ મકાન અથવા ઈમારતના લંબરૂપ (vertically) અથવા સમસ્તરી (horizontally) કોઈ વધારા અથવા વિસ્તારણ સહિત

તેનું કોઈ બાંધકામ પણ તેમાં કોઈ વિદ્યમાન મકાન અથવા બાંધકામના પુનર્નિમાણ, મરામત અને જીર્ણોદ્ધારનો સમાવેશ થશે નહિ;

(ચ) ''પરિષદ'' એટલે કલમ ૧૦ હેઠળ રચાયેલી ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક પરિષદ (કાઉન્સિલ);

(છ) ''હેરિટેજ એસેટ'' એટલે ઐતિહાસિક અને સાંસ્કૃતિક પુશ્ચાદ્ ભૂમિકા અને તેને સંબંધિત કુદરતી બાબતો સાથે જોડાયેલ વિકસિત (નિર્માણ કરેલ) વારસો અને તેમાં વિકસિત (નિર્માણ કરેલ) વારસા સાથે જોડાયેલ અને જેનું સૌંદર્યવિષયક, સાંસ્કૃતિક, ઐતિહાસિક, વૈજ્ઞાનિક, સામાજિક, પરિસ્થિતિવિષયક, પર્યાવરણવિષયક અથવા આધ્યાત્મિક મહત્ત્વ હોય તેવા મકાનો, ઈમારતો, સ્થળો, શેરીઓ, પ્રાકૃતિક દશ્યો, ઉદ્યાન, બગીચા, વિસ્તારો, પરિસરો, નગરો અને બીજી કુદરતી બાબતો અને સ્થળોનો સમાવેશ થાય છે;

(જ) ''હેરિટેજ પેટા-કાયદા'' એટલે કલમ ૯ હેઠળ કરેલા હેરિટેજ પેટા-કાયદા;

(ઝ) ''હેરિટેજ ડેટાબેંક (સંગ્રહેલી માહિતી)'' એટલે હેરિટેજ એસેટ (સાંસ્કૃતિક વારસા)નો તમામ રેકર્ડ અને હેરિટેજ એસેટ (સાંસ્કૃતિક વારસા)ને લગતી બીજી માહિતી;

(ટ) ''હેરિટેજ ફંડ'' એટલે કલમ ૨૨ હેઠળ રચાયેલું ગુજરાત હેરિટેજ (સાંસ્કૃતિક) ફંડ;

(ઠ) ''(સાંસ્કૃતિક વારસાના) મહત્ત્વ અંગેની કક્ષા'' એ હેરિટેજ એસેટ જેટલા પ્રમાણમાં મહત્ત્વ ધરાવે છે તે પ્રમાણનો નિર્દેશ કરે છે. હેરિટેજ એસેટના મહત્ત્વ અંગેની એકથી વધુ કક્ષા હોઈ શકે, તેમ છતાં, આ અધિનિયમના હેતુઓ માટે, મહત્ત્વ અંગેની નીચે જણાવેલી ત્રણ કક્ષાઓ ધ્યાનમાં લેવામાં આવશે:-

(૧) રાજ્ય કક્ષાનું મહત્ત્વ - આવા એસેટ્સ વૈશ્વિક, રાષ્ટ્રીય અથવા રાજ્ય કક્ષાએ અગત્યના એસેટ્સ હોય છે અને હેરિટેજ ડેટાબેંકમાં તેને રાજ્ય કક્ષાના હેરિટેજ તરીકે નોંધવામાં આવ્યા હોય છે;

(૨) જિલ્લા કક્ષાનું મહત્ત્વ - આવા એસેટ્સ પ્રાદેશિક અથવા જિલ્લા કક્ષાએ અગત્યના એસેટ્સ હોય છે અને હેરિટેજ ડેટાબેંકમાં તેને જિલ્લા કક્ષાના હેરિટેજ તરીકે નોંધવામાં આવ્યા હોય છે;

(૩) સ્થાનિક કક્ષાનું મહત્ત્વ - આવા એસેટ્સ શહેર અથવા સ્થાનિક કક્ષાએ અગત્યના એસેટ્સ નોંધવામાં આવ્યા હોય છે;

(ડ) ''નોંધવું'' એટલે હેરિટેજ એસેટનું દસ્તાવેજીકરણ કરવું અને તેમની મહત્ત્વ અંગેની કક્ષાના પ્રમાણમાં તેમને હેરિટેજ સ્ટેટસ (વારસાવિષયક દરજ્જો) ફાળવવું;

(ઢ) ''સ્થાનિક સત્તામંડળ'' એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના અધિનિયમ ક્રમાંકઃ ૩૪મા) હેઠળ રચાયેલી નગરપાલિકા, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના અધિનિયમ ક્રમાંકઃ ૧૮મા) હેઠળ રચાયેલી પંચાયતી રાજ સંસ્થા અને ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના અધિનિયમ ક્રમાંકઃ ૫૯મા) હેઠળ રચાયેલ મ્યુનિસિપલ કોર્પોરેશન;

(ત) ''ઠરાવેલું'' એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(થ) ''પુનર્નિર્માણ'' એટલે કોઈ મકાન અથવા ઈમારતના અગાઉ અસ્તિત્વ ધરાવતા માળખામાં તેટલી જ લંબરૂપ (vertically) અથવા સમસ્તરી (horizontally) મર્યાદામાં કોઈ બાંધકામ કરવું;

(દ) ''વિનિયમિત વિસ્તાર'' એટલે કલમ ૬માં નિર્દિષ્ટ કરેલ વિસ્તાર;

(ધ) ''મરામત અને જીર્ણોદ્ધાર'' એટલે અગાઉ અસ્તિત્વ ધરાવતા મકાન અથવા ઈમારતમાં ફેરફાર કરવા, પણ તેમાં બાંધકામ કરવાનો અથવા પુનનિર્માણ કરવાન સમાવેશ થશે નહિ;

(ન) ''ઈન્ચાર્જ સચિવ'' એટલે વિભાગના ઈન્ચાર્જ (હવાલો ધરાવતા) હોય તેવા સરકારના સચિવ અને તેમાં વિભાગના ઈન્ચાર્જ હોય, ત્યારે અધિક મુખ્ય સચિવ અને અગ્રસચિવનો સમાવેશ થાય છે.

હેરિટેજ એસેટ્સનું કક્ષાકરણ અને વર્ગીકરણ.

૪. (૧) રાજ્ય સરકારે, પરિષદની ભલામણ ઉપરથી, હેરિટેજ એસેટ્સની કક્ષા ઠરાવવી જોઈશે અને આવી કક્ષા ઠરાવતી વખતે, તેમણે, સૌંદર્યવિષયક, સાંસ્કૃતિક, ઐતિહાસિક, વૈજ્ઞાનિક, સામાજિક, પરિસ્થિતિવિષયક, પર્યાવરણવિષયક અથવા આધ્યાત્મિક, પુરાતત્ત્વવષિયક અને સ્થાપત્યવિષયક મૂલ્યોને અને આવા કક્ષાકરણના હેતુ માટે સંબંધિત હોય તેવા બીજા પાસાંને લક્ષમાં લેવાં જોઈશે.

INDEX

(૨) રાજ્ય સરકારે, પરિષદની ભલામણ ઉપરથી, પેટા-કલમ (૧) હેઠળ ઠરાવેલી કક્ષાઓ અનુસાર, તમામ હેરિટેજ એસેટ્સનું વર્ગીકરણ કરવું જોઈશે અને ત્યાર પછી, તે જાહેર જનતા માટે ઉપલબ્ધ કરવું જોઈશે અને પોતાની વેબસાઈટ ઉપર અને પોતે યોગ્ય ગણે તેવી બીજી રીતે પણ તે પ્રદર્શિત કરવું જોઈશે.

અમુક હેરિટેજ એસેટ્સને, સુરક્ષિત હેરિટેજ એસેટ્સ તરીકે જાહેર કરવા બાબત.

૫. (૧) રાજ્ય સરકાર, પરિષદની ભલામણ ઉપરથી, આ અધિનિયમના હેતુઓ માટે,કોઈપણ હેરિટેજ એસેટ્સને, સુરક્ષિત હેરિટેજ એસેટ્સ તરીકે જાહેર કરી શકશે.

(૨) પેટા-કલમ (૧)માં ઉલ્લેખ કરવામાં આવેલ છે તેવી કોઈ પણ જાહેરાત કરતાં પહેલાં, રાજ્ય સરકારે, રાજપત્રમાં જાહેરનામાથી, તેમ કરવાના પોતાના ઈરાદાની બે મહિનાની નોટિસ આપવી જોઈશે અને આવા જાહેરનામાની અને જે કારણોસર આવી જાહેરાત કરવાનું સૂચિત કરવામાં આવેલ હોય તે કારણોના નિવેદનની એક નકલ, જે હેરિટેજ એસેટ્સ (સાંસ્કૃતિક વારસા)ને સુરક્ષિત વારસા તરીકે જાહેર કરવાનું સૂચિત કરવામાં આવેલ હોય તે એસેટ્સની પાસે અથવા તેની નજીકમાં સહેલાઈથી દેખાય તેવા સ્થળે લગાવવી જોઈશે.

(૩) આવા કોઈ હેરિટેજ એસેટ્સમાં હિતસંબંધ ધરાવતી કોઈ વ્યક્તિ, આવા જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી બે મહિનાની અંદર, સૂચિત જાહેરાત સામે વાંધો ઉઠાવી શકશે.

(૪) બે મહિનાની સદરહુ મુદત પૂરી થયેથી, રાજ્ય સરકાર, પોતાને મળેલા વાંધા, હોય તો, તેને વિચારણામાં લઈને, રાજપત્રમાં જાહેરનામાથી, કોઈ હેરિટેજ એસેટ્સને, સુરક્ષિત હેરિટેજ એસેટ્સ તરીકે જાહેર કરી શકશે.

(૫) પેટા-કલમો (૨) અને (૩)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઈ હેરિટેજ એસેટ્સના સંબંધમાં રાજ્ય સરકારને ખાતરી થાય કે તેને દૂર કરવામાં અથવા તેનો નાશ કરવામાં મોટું જોખમ રહેલું છે, તો તે, રાજપત્રમાં જાહેરનામાથી સદરહુ પેટા-કલમ હેઠળ કાર્યવાહી કરવાને બદલે, અને પોતાને ખાતરી થયા અંગેના કારણોની આવા જાહેરનામામાં નોંધ કરીને, તરત જ, આવા કોઈ હેરિટેજ એસેટ્સના સંબંધમાં, પેટા-કલમ (૪) હેઠળ જાહેરાત કરી શકશે:

પરંતુ આવા કોઈ હેરિટેજ એસેટ્સમાં હિતસંબંધ ધરાવતી કોઈ વ્યક્તિ, આવા જાહેરનામાની પ્રસિદ્ધિની તારીખથી બે મહિનાની અંદર, આવી રીતે કરેલી જાહેરાત અંગે વાંધો ઉઠાવી શકશે અને રાજ્ય સરકાર, આવી વ્યક્તિને સુનાવણીની તક આપ્યા પછી, લેખિતમાં હુકમ કરીને, વાંધો રદ કરી શકશે અથવા જાહેરનામું પાછું ખેંચી શકશે.

હેરિટેજ એસેટ્સના સંબંધમાં વિનિયમિત વિસ્તાર.

૬. (૧) હેરિટેજ એસેટ્સ જ્યાં આવેલ હોય તેવો દરેક વિસ્તાર અને નિર્દિષ્ટ કરવામાં આવે તેવા સુરક્ષિત હેરિટેજ એસેટ્સની લગોલગ આવેલ વિસ્તાર, કાઉન્સિલની ભલામણ પરથી, આ અર્થે કરવામાં આવેલા નિયમોથી, આવા હેરિટેજ એસેટ્સના સંબંધમાં વિનિયમિત વિસ્તાર ગણાશે.

(૨) કલમ ૭માં અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, કોઈપણ વ્યક્તિ, વિનિયમિત વિસ્તારમાં કોઈ બાંધકામ અથવા પુનર્નિર્માણ અથવા મરામત અથવા જીર્ણોદ્ધાર કરી શકશે નહિ.

વિનિયમિત વિસ્તારમાં કોઈ બાંધકામ અથવા પુનર્નિર્માણ અથવા મરામત અથવા જીર્ણોદ્ધાર કરવા માટેની અરજી.

૭. કોઈ વિનિયમિત વિસ્તારમાં કોઈ મકાન અથવા ઈમારત અથવા જમીનની માલિકી અથવા તેનો કબજો ધરાવતી અને આવા મકાન અથવા ઈમારતમાં અથવા યથાપ્રસંગ, આવી જમીન પર કોઈ બાંધકામ અથવા પુનર્નિર્માણ અથવા મરામત અથવા જીર્ણોદ્ધાર કરવા ઈચ્છતી હોય તેવી કોઈ વ્યક્તિ, બાંધકામ અથવા પુનર્નિર્માણ અથવા મરામત અથવા યથાપ્રસંગ, જીર્ણોદ્ધાર કરવા માટે, કોઈ સક્ષમ સત્તાધિકારીને અરજી કરી શકશે.

સક્ષમ સત્તાધિકારીએ વિનિયમિત વિસ્તારની અંદર પરવાનગી

૮. (૧) કલમ ૭ હેઠળ પરવાનગી મેળવવા માટેની દરેક અરજી ઠરાવવામાં આવે તેવી રીતે સક્ષમ સત્તાધિકારીને કરવી જોઈશે.

(૨) સક્ષમ સત્તાધિકારીએ, અરજી મળ્યાની તારીખથી પંદર દિવસની અંદર, હેરિટેજ પેટા-કાયદાને લક્ષમાં લઈને, આવા બાંધકામની અસરો અંગે વિચારણા કરવા માટે, આવી અરજી સત્તામંડળને મોકલવી જોઈશે.

(૩) સત્તામંડળે, પેટા-કલમ (૨) હેઠળ અરજી મળ્યાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, પરવાનગી આપવા માટે અથવા તેનો ઈનકાર કરવા માટે, સક્ષમ સત્તાધિકારીને ભલામણ કરવી જોઈશે.

(૪) સક્ષમ સત્તાધિકારીએ, પેટા-કલમ (૩) હેઠળ સત્તામંડળની ભલામણ મળ્યાની તારીખથી એક મહિનાની અંદર, સત્તામંડળે ભલામણ કર્યા મુજબ, પરવાનગી આપવી જોઈશે અથવા તેનો ઈનકાર કરવો જોઈશે.

(૫) સત્તામંડળની ભલામણો આખરી ગણાશે.

(૬) સક્ષમ સત્તાધિકારી આ કલમ હેઠળ પરવાનગી આપવાનો ઈનકાર કરે તેવા કિસ્સામાં, તેમણે, લેખિતમાં હુકમ કરીને, સંબંધિત વ્યક્તિને તક આપ્યા પછી, અરજી મળ્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર, આવા ઈનકાર અંગે અરજદારને જાણ કરવી જોઈશે.

(૭) પેટા-કલમ (૪) હેઠળ પરવાનગી આપ્યા પછી અને તે પેટા-કલમમાં ઉલ્લેખેલ મકાન અથવા ઈમારતનું મરામત અથવા જીર્ણોદ્ધારનું કાર્ય અથવા પુનર્નિર્માણનું કાર્ય કરતી વખતે, (પોતાના કબજામાં રહેલી સામગ્રીના આધારે અથવા અન્યથા) સક્ષમ સત્તાધિકારી એવો અભિપ્રાય ધરાવતા હોય કે મકાન અથવા ઈમારતના આવા મરામત અથવા જીર્ણોદ્ધારના કાર્ય અથવા પુનર્નિર્માણના કાર્યથી, હેરિટેજ એસેટ્સની જાળવણી, તેની સુરક્ષા, સલામતી અથવા તેના પ્રવેશ સંબંધિત મોટા પ્રમાણમાં પ્રતિકૂળ અસર થાય તેમ છે, તો તે, એ બાબત સત્તામંડળને તેની ભલામણો માટે મોકલી શકશે અને એવી ભલામણ કરવામાં આવે અને જરૂરી હોય, તો પેટા-કલમ (૪) હેઠળ આપવામાં આવેલી પરવાનગી પાછી ખેંચી શકશે.

પરંતુ સક્ષમ સત્તાધિકારી, અપવાદરૂપ કિસ્સાઓમાં, કલમ ૯ની પેટા-કલમ (૧) હેઠળ હેરિટેજ પેટા-કાયદા તૈયાર કરવામાં ન આવે અને તે કલમની પેટા-કલમ (૬) હેઠળ તે પ્રસિદ્ધ કરવામાં ન આવે ત્યાં સુધી, સત્તામંડળની મંજૂરી લઈને, કલમ ૭માં ઉલ્લેખેલા અરજદારને પરવાનગી આપી શકશે.

(૮) સક્ષમ સત્તાધિકારીએ, આ અધિનિયમ હેઠળ આપવામાં આવેલ તમામ પરવાનગીઓ અથવા કરવામાં આવેલા ઈનકાર અંગેની બાબતો પોતાની વેબસાઈટ ઉપર પ્રદર્શિત કરવી જોઈશે.

હેરિટેજ પેટા-કાયદા.

૯. (૧) સત્તામંડળે, સુરક્ષિત હેરિટેજ એસેટ્સના સંબંધમાં, હેરિટેજ પેટા-કાયદા તૈયાર કરવા જોઈશે.

(૨) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ હેરિટેજ પેટા-કાયદામાં, ઠરાવવામાં આવે તેવી બાબતો ઉપરાંત, આગળના દેખાવ, મુખભાગ, ગટર વ્યવસ્થા, રસ્તા, સેવાકીય માળખા (વીજળીના થાંભલા, પાણી અને ગટરની પાઈપલાઈન સહિત)નેનિયંત્રિત કરવાને લગતી બાબતોનો સમાવેશ થાય છે.

(૩) રાજ્ય સરકારે, જેટલા સમયગાળાની અંદર આવા હેરિટેજ પેટા-કાયદા તૈયાર કરવા જોઈશે તે સમયગાળો, આવા દરેક હેરિટેજ પેટા-કાયદામાં સમાવેશ કરવાની વિગતો અને સુરક્ષિત હેરિટેજ એસેટ્સ અને વિનિયમિત વિસ્તારના સંબંધમાં વિગતવાર સ્થળ નકશો તૈયાર કરવાની રીત, નિયમોથી, નિર્દિષ્ટ કરવી જોઈશે.

(૪) સત્તામંડળ, વિગતવાર સ્થળ નકશો અને હેરિટેજ પેટા-કાયદા તૈયાર કરવાના હેતુ માટે, પોતાને યોગ્ય લાગે તેટલા નિષ્ણાતો અથવા સલાહકારો નીમી શકશે.

(૫) પેટા-કલમ (૧) હેઠળ તૈયાર કરેલા હેરિટેજ પેટા-કાયદાની એક નકલ કાઉન્સિલને તેની મંજૂરી માટે મોકલવી જોઈશે.

(૬) સત્તામંડળે, કાઉન્સિલની મંજૂરી મળ્યા પછી, હેરિટેજ પેટા-કાયદા, રાજપત્રમાં જાહેરનામાથી, પ્રસિદ્ધ કરવા જોઈશે અને તે એવી રીતે પ્રસિદ્ધ કરવામાં આવે તે તારીખથી અમલમાં આવશે.

(૭) પેટા-કલમ (૬) હેઠળ પ્રસિદ્ધ કર્યા મુજબના હેરિટેજ પેટા-કાયદાની એક નકલ, રાજ્ય વિધાનમંડળના ગૃહ સમક્ષ મૂકવી જોઈશે.

(૮) સક્ષમ સત્તાધિકારીએ, પોતાની વેબસાઈટ ઉપર પ્રદર્શિત કરીને અને પોતાને યોગ્ય લાગે તેવી બીજી રીતે પણ, હેરિટેજ પેટા-કાયદા જાહેર જનતાને ઉપલબ્ધ કરવા જોઈશે.

રાજ્ય સાંસ્કૃતિક પરિષદની રચના કરવા બાબત.

૧૦. (૧) રાજ્ય સરકારે, આ અધિનિયમના આરંભ પછી બનતી ત્વરાએ, રાજપત્રમાં જાહેરનામાથી, ગુજરાત રાજ્ય સાંસ્કૃતિક પરિષદ એ નામની સાંસ્કૃતિક પરિષદની રચના કરવી જોઈશે.

(૨) પરિષદ (કાઉન્સિલ)ની નીચેનાની બનેલી રહેશેઃ-

INDEX

(૧)	ગુજરાતના મુખ્ય મંત્રી	અધ્યક્ષ;
(૨)	મુખ્ય મંત્રીએ નામનિયુક્ત કરવાના ત્રણ મંત્રીઓ, જેમાંના એક મંત્રીને ઉપાધ્યક્ષ તરીકે પણ નામનિયુક્ત કરવામાં આવશે	
(૩)	નાણા વિભાગનો હવાલો ધરાવતા (ઇન્ચાર્જ) સચિવ	સભ્ય;
(૪)	પંચાયતી રાજ વિભાગનો હવાલો ધરાવતા સચિવ	સભ્ય;
(૫)	પ્રવાસના વિભાગનો હવાલો ધરાવતા સચિવ	સભ્ય;
(૬)	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો હવાલો ધરાવતા સચિવ	સભ્ય;
(૭)	પર્યાવરણ વિભાગનો હવાલો ધરાવતા સચિવ	સભ્ય;
(૮)	રાજ્ય સરકારે હેરિટેજ કન્ઝર્વેશન, આર્કિટેક્ચર, નગર રચના, ઈતિહાસ, સિવિલ એન્જિનિયરીંગ અથવા એન્વાયર્નમેન્ટ-ના ક્ષેત્રમાંથી નામનિયુક્ત કરવાના ઓછામાં ઓછા ચાર અને વધુમાં વધુ આઠ નિષ્ણાંતો	સભ્યો;
(૯)	રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ	સભ્ય સચિવ;

(૩) કાઉન્સિલના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ સહિતના તેના દરેક સભ્યએ, કાઉન્સિલ દ્વારા વિચારણામાં હોય તેવી અથવા વિચારણામાં લેવાની બાબતમાં તેમના પ્રત્યક્ષ અથવા પરોક્ષ નાણાકીય હિત સંબંધી માહિતી જાહેર કરવી જોઈશે અને આવી બાબત સંબંધિત કાઉન્સિલની તમામ બેઠકો અને તેની સમક્ષની કાર્યવાહીથી પોતાને દૂર રાખવા જોઈશે.

(૪) અધ્યક્ષની ગેરહાજરીમાં, કાઉન્સિલની બેઠકનું પ્રમુખસ્થાન ઉપાધ્યક્ષ સંભાળશે.

(૫) કાઉન્સિલ, પોતાની સહાય માટે કોઈ નિષ્ણાત અથવા ખાસ આમંત્રિતોને આમંત્રણ આપી શકશે અને આવા નિષ્ણાત અથવા ખાસ આમંત્રિતને

કાઉન્સિલની બેઠકોમાં વિચારવિમર્શમાં ભાગ લઇ શકશે, પરંતુ તેમાં મત આપવા માટે હકદાર થશે નહિ.

(૬) કાઉન્સિલના બિન-સરકારી સભ્યો, ઠરાવવામાં આવે તેવા ભથ્થાં મેળવવા માટે હકદાર રહેશે.

(૭) રાજય કાઉન્સિલ (પરિષદ) પ્રતિ વર્ષ ઓછામાં ઓછી બે બેઠકો યોજવા માટે પ્રયત્ન કરશે અને આવશ્યક કોરમ, સભ્યોની કુલ સંખ્યાના પચાસ ટકાથી ઓછું હોવું જોઇશે નહિ.

(૮) કાઉન્સિલે, તેની બેઠકોમાં કામકાજનું સંચાલન કરતી વખતે ઠરાવવામાં આવે તેવા કાર્યરીતિના નિયમોનું પાલન કરવું જોઇશે.

કાઉન્સિલના કાર્યો અને સત્તા.

૧૧. કાઉન્સિલ, સત્તામંડળ અને સક્ષમ સત્તાધિકારીઓના કાર્યોનું નિરીક્ષણ કરશે, નિયંત્રણ કરશે અને તેમને માર્ગદર્શન આપશે અને ખાસ રીતે અને પૂર્વવર્તી સામાન્ય સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, નીચેની સત્તા વાપરશે અને કાર્યો કરશે :

(ક) હેરિટેજ એસેટ્સ (સાંસ્કૃતિક/ ઐતિહાસિક વારસા)ની કક્ષા અને વર્ગો અંગે રાજય સરકારને ભલામણ કરવી;

(ખ) રાજય સરકારને, હેરિટેજ એસેટને સુરક્ષિત હેરિટેજ એસેટ તરીકે જાહેર કરવા માટે ભલામણ કરવી;

(ગ) સત્તામંડળે તૈયાર કરેલા હેરિટેજ પેટા-કાયદાને મંજૂરી આપવી;

(ઘ) રાજય હેરિટેજ (સાંસ્કૃતિક વારસા) સંરક્ષણ નીતિ તૈયાર કરવી અને રાજય સરકારને તેની ભલામણ કરવી;

(ચ) સત્તામંડળે તૈયાર કરેલા હેરિટેજ કન્ઝર્વેશન પ્લાનને મંજૂરી આપવી;

(છ) રાજય, રાષ્ટ્રીય અને બાહય સંગઠનો તેમજ ખાનગી ક્ષેત્રો વચ્ચે હેરિટેજ કન્ઝર્વેશન સંબંધી પ્રયાસોમાં ભાગીદારી થાય તે માટે અને સ્થાપિત કરવી;

(જ) ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરવી અથવા કાર્યો બજાવવા.

રાજય સાંસ્કૃતિક સત્તામંડળની રચના.

૧૨. (૧) આ અધિનિયમના આરંભ પછી, બનતી ત્વરાએ, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, ગુજરાત સાંસ્કૃતિક સત્તામંડળ નામે ઓળખાતા સત્તામંડળની રચના કરશે.

(૨) સત્તામંડળ-એ ઉપર્યુકત નામનું એક સંસ્થાપિત મંડળ રહેશે, જે શાશ્વત ઉત્તરાધિકાર અને સામાન્ય સીલ ધરાવશે, જંગમ અને સ્થાવર એમ બંને પ્રકારની મિલકત સંપાદિત કરી શકશે, ધરાવી શકશે અને તેનો નિકાલ કરી શકશે અને કરાર કરી શકશે તેમજ સદરહુ નામથી તે દાવો માંડી શકશે અને તેના ઉપર દાવો માંડી શકાશે.

(૩) સત્તામંડળ, હેરિટેજ કન્ઝર્વેશન, આર્કિટેકચર (સ્થાપત્ય), નગરરચના અથવા ઇતિહાસના ક્ષેત્રોમાં જ્ઞાન અને પંદર વર્ષનો અનુભવ ધરાવતા, મુખ્યમંત્રીએ નામનિયુકત કરવાના અધ્યક્ષનું અને નીચેના બીજા સભ્યોનું બનશે :-

(૧)	હેરિટેજ કાઉન્સિલના સભ્ય-સચિવ	ઉપાધ્યક્ષ;
(૨)	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઇન્ચાર્જ (હવાલો ધરાવતા) સચિવ	સભ્ય;
(૩)	પ્રવાસન વિભાગના ઇન્ચાર્જ સચિવ	સભ્ય;
(૪)	પંચાયતી રાજ વિભાગના ઇન્ચાર્જ સચિવ	સભ્ય;
(૫)	પર્યાવરણ વિભાગના ઇન્ચાર્જ સચિવ	સભ્ય;
(૬)	હેરિટેજ કન્ઝર્વેશન (વારસા સંરક્ષણ), સ્થાપત્ય, નગરરચના, ઇતિહાસ, સિવિલ એન્જિનિયરિંગ અથવા પર્યાવરણના ક્ષેત્રોમાંથી રાજય સરકાર દ્વારા નામનિયુકત કરવાના ત્રણથી ઓછા નહિ અને પાંચથી વધુ નહિ તેટલા નિષ્ણાતો	સભ્ય;
(૭)	નિયામક, પુરાતત્ત્વ અને સંગ્રહાલય, ગુજરાત.	સભ્ય-સચિવ;

(૪) સત્તામંડળના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ સહિતના દરેક સભ્યએ, સત્તામંડળ દ્વારા વિચારણામાં હોય અથવા વિચારણામાં લેવાની હોય તેવી બાબતમાં, તેમના પ્રત્યક્ષ અથવા પરોક્ષ નાણાકીય હિત સંબંધી માહિતી જાહેર કરવી જોઇશે અને આવી બાબત સંબંધિત સત્તામંડળની તમામ બેઠકો અને તેની સમક્ષની કાર્યવાહીથી પોતાને દૂર રાખવા જોઇશે.

(૫) અધ્યક્ષની ગેરહાજરીમાં, સત્તામંડળની બેઠકનું પ્રમુખસ્થાન ઉપાધ્યક્ષ સંભાળશે.

(૬) સત્તામંડળ તેની સહાય માટે કોઇ નિષ્ણાત અથવા ખાસ આમંત્રિતોને આમંત્રણ આપી શકશે અને આવા નિષ્ણાત અથવા ખાસ આમંત્રિત કાઉન્સિલની

બેઠકોમાં વિચારવિમર્શમાં ભાગ લઇ શકશે, પરંતુ તેમાં મત આપવા માટે હકદાર થશે નહિ.

(૭) સત્તામંડળના બિન-સરકારી સભ્યો, ઠરાવવામાં આવે તેવા ભથ્થાં મેળવવા માટે પાત્ર રહેશે.

(૮) સત્તામંડળ જરૂર જણાય તેટલી વાર બેઠક યોજી શકશે, પરંતુ દરેક ત્રિમાસે ઓછામાં ઓછી એક બેઠક યોજવાનો પ્રયાસ કરશે.

(૯) બેઠક માટેનું આવશ્યક કોરમ, સભ્યોની કુલ સંખ્યાના પચાસ ટકા હોવું જોઇશે.

(૧૦) સત્તામંડળે, તેની બેઠકોમાં કામકાજનું સંચાલન કરતી વખતે ઠરાવવામાં આવે તેવા કાર્યરીતિના નિયમોનું પાલન કરવું જોઇશે.

સત્તામંડળના કાર્યો અને સત્તા.

૧૩. સત્તામંડળ, નીચેની સત્તા વાપરશે અને નીચેના કાર્યો બજાવશે-

(ક) રાજયમાં હેરિટેજ એસેટ્સ (સાંસ્કૃતિ વારસા)ની યાદી અને ડેટાબેંક (કોમ્પ્યુટરમાં સંગ્રહેલી માહિતી) ઓળખી કાઢવી અને તૈયાર કરવી;

(ખ) હેરિટેજ પેટા-કાયદા તૈયાર કરવા;

(ગ) રાજય સરકારને, હેરિટેજ એસેટને સુરક્ષિત હેરિટેજ એસેટ તરીકે જાહેર કરવા માટે ભલામણ કરવાની દરખાસ્ત કરવી;

(ઘ) સુરક્ષિત હેરિટેજ એસેટ્સ અને કલમ ૬ હેઠળ જાહેર કરેલા વિનયમિત વિસ્તારનું સર્વેક્ષણ કરવું અને તેનો સ્થળ-નકશો તૈયાર કરવો;

(ચ) હેરિટેજ કન્ઝર્વેશન (સાંસ્કૃતિક સંરક્ષણ) યોજના તૈયાર કરવી અને તેને અમલમાં મૂકવી;

(છ) સક્ષમ સત્તામંડળના કામકાજનું નિરીક્ષણ કરવું;

(જ) અધિનિયમની જોગવાઇઓના અમલ માટે પગલાં સૂચવવા;

(ઝ) સક્ષમ સત્તાધિકારીને, કલમ ૮ હેઠળ પરવાનગી આપવા માટે ભલામણો કરવી;

(ટ) હેરિટેજ એસેટ્સમાં, સંરક્ષણના હેતુ માટે ખરીદી, પટા, બક્ષિસ અથવા વસિયત દ્વારા અધિકાર પ્રાપ્ત કરવા ;

(ઠ) સુરક્ષિત હેરિટેજ એસેટના સંરક્ષણ માટે તેના માલિકો સાથે કરાર કરવા;

(ડ) હેરિટેજ એસેટ્સ, જે તેમાં અથવા રાજય સરકારમાં નિહિત હોય અથવા જેમાં તેણે સંરક્ષણના હેતુઓ માટે અધિકાર પ્રાપ્ત કરેલા હોય તેવી કોઇ વ્યકિત, પેઢી અથવા ટ્રસ્ટ સાથે હેરિટેજ એસેટ્સના સંરક્ષણ માટે કરાર કરવા;

(ઢ) હેરિટેજ ફંડનો વહીવટ કરવો;

(ત) હેરિટેજ સાઇટની આસપાસ સુવિધાઓ અને સુવિધાજનક પરિવહન તથા જોડાણ (Connectivity) ની વ્યવસ્થા કરવા સહિત, હેરિટેજ ટુરિઝમ માટેની યોજનાઓ તૈયાર કરવી અને તેને નિશ્ચિત રૂપ આપવું;

(થ) હેરિટેજ કન્ઝર્વેશનમાં તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવું;

(દ) ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરવી અને તેવા બીજી કાર્યો બજાવવા.

કરાર દ્વારા સુરક્ષિત હેરિટેજ એસેટ્સનું સંરક્ષણ.

૧૪. (૧) સત્તામંડળ, સુરક્ષિત હેરિટેજ એસેટના માલિકને સત્તામંડળ સાથે, હેરિટેજ એસેટના સંરક્ષણ માટે નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર, કરાર કરવા માટેની દરખાસ્ત મૂકી શકશે.

(૨) આ કલમ હેઠળના કોઇ કરારમાં નીચેની તમામ અથવા તે પૈકીની કોઇ બાબતો માટે જોગવાઇ કરી શકાશે :-

(ક) હેરિટેજ એસેટના નિભાવ અને સંભાળ;

(ખ) હેરિટેજ એસેટના કબજા અને તેનું ધ્યાન રાખવા માટે કામે રાખેલી કોઇ વ્યકિતની ફરજો;

(ગ) માલિકના અધિકાર ઉપર નીચેની બાબતે નિયંત્રણ-

(૧) કોઇ હેતુ માટે હેરિટેજ એસેટનો ઉપયોગ કરવો, અથવા

(૨) હેરિટેજ એસેટમાં પ્રવેશવા માટે અથવા તેનું નિરીક્ષણ કરવા માટે કોઇ ફી લેવી, અથવા

(૩) હેરિટેજ એસેટનો વિનાશ કરવો, તેને હાનિ પહોંચાડવી, તેને વિકૃત કરવી, તેને વિરૂપ કરવી, તેમાં ફેરફાર કરવા, તેની મરામત કરવી, તેને દૂર કરવી અથવા તેનું વિસર્જન કરવું અથવા તેનો ક્ષય થવા દેવો;

(ઘ) જાહેર જનતા અથવા તેના કોઇ વર્ગને અથવા સત્તામંડળના અધિકારીઓને અથવા માલિક અથવા સત્તામંડળના કોઇ અધિકારી દ્વારા હેરિટેજ એસેટનું નિરીક્ષણ કરવા અથવા તેનો નિભાવ કરવા માટે પ્રતિનિયુક્ત કરવામાં આવેલી વ્યક્તિઓને તેમાં પ્રવેશવા અંગેની પરવાનગીની સુવિધાઓ બાબત;

(ચ) માલિક દ્વારા જે જમીન ઉપર હેરિટેજ એસેટ આવેલ હોય તે અથવા લગોલગ આવેલી કોઇ જમીનના વેચાણ માટેની દરખાસ્ત મૂકવામાં આવે, તો સત્તામંડળને તે અંગે આપવાની નોટિસ અને તેવી જમીન અથવા તેવી જમીનના કોઇ નિર્દિષ્ટ કરેલા ભાગને તેની બજાર કિંમતે ખરીદી કરવા માટેના સત્તામંડળ પાસે અનામત રાખવાના અધિકાર બાબત;

(છ) હેરિટેજ એસેટના નિભાવ અને દેખભાળના સંબંધમાં માલિક દ્વારા અથવા સત્તામંડળ દ્વારા કરવામાં આવેલા કોઇ ખર્ચની ચુકવણી બાબત;

(જ) હેરિટેજ એસેટના નિભાવ અને દેખભાળના સંબંધમાં સત્તામંડળ દ્વારા કરવામાં આવેલા હોય, ત્યારે હેરિટેજ એસેટના સંબંધમાં સત્તામંડળમાં નિહિત કરવાના માલિકીના અથવા બીજા અધિકાર બાબત;

(ઝ) કરારને કારણે ઊભા થયેલા કોઇ વિવાદ અંગે નિર્ણય કરવા માટે સત્તાધિકારીની નિમણૂક કરવા બાબત;

(ટ) હેરિટેજ એસેટના નિભાવ અને તેની દેખભાળ સાથે સંકળાયેલી કોઇ બાબત કે જે માલિક અને સત્તામંડળ વચ્ચેના કરારનો ઉચિત વિષય હોય;

(૩) આ કલમ હેઠળના કરારની બોલીઓમાં, માલિકની સંમતિથી સત્તામંડળ દ્વારા વખતોવખત ફેરફાર કરી શકાશે.

(૪) સત્તામંડળ અથવા માલિક, આ કલમ હેઠળ કરાર કર્યાની તારીખથી ત્રણ વર્ષ પૂરા થયા પછી, કોઇપણ સમયે, સામેના પક્ષને છ મહિનાની લેખિત નોટિસ આપીને કરાર સમાપ્ત કરી શકશે :

INDEX

પરંતુ કરાર માલિક દ્વારા સમાપ્ત કરવામાં આવ્યો હોય, તો તેણે, કરારની સમાપ્તિ ના તરત પહેલાંના પાંચ વર્ષ દરમિયાન અથવા જો કરાર તેનાથી ઓછી મુદત માટે અમલમાં રહયો હોય, તો કરાર જેટલી મુદત માટે અમલમાં રહયો હોય તેટલી મુદત દરમિયાન, હેરિટેજ એસેટના નિભાવ અને દેખભાળ ઉપર સત્તામંડળે કરેલ ખર્ચ, કંઇ હોય, તો તે સત્તામંડળને ચૂકવવો જોઇશે.

(૫) આ કલમ હેઠળનો કરાર જે હેરિટેજ એસેટને લગતો હોય તે હેરિટેજ એસેટના માલિક હોવાનો, જે પક્ષકાર દ્વારા અથવા જેના વતી કરાર કરવામાં આવ્યો હોય તે પક્ષકાર પાસેથી, તેના મારફત અથવા તેના હેઠળ દાવો કરતી કોઇ વ્યકિતને બંધનકર્તા રહેશે.

કરાર કરવામાં ચૂક કરવા અથવા કરવાનો ઈનકાર કરવા બાબત.

૧૫. (૧) સત્તામંડળ, કોઇ સુરક્ષિત હેરિટેજ એસેટના નિભાવ અને દેખભાળ માટે કલમ ૧૪ હેઠળ કરાર કરવા માટે સક્ષમ હોય, તેવો કોઇ માલિક અથવા અન્ય વ્યકિત, આવો કરાર કરવાનો ઈનકાર કરે અથવા તે કરવામાં ચૂક કરે, તો કલમ ૧૪ની પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલી તમામ અથવા તે પૈકીની કોઇ બાબતો માટે જોગવાઇ કરતો હુકમ કરી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કોઇ હુકમ, માલિક અથવા તેવી બીજી વ્યકિતને લેખિતમાં રજૂઆત કરવાની અને સૂચિત હુકમ સામે સુનાવણીની તક આપવામાં ન આવે તે સિવાય કરવો જોઇશે નહિ.

(૩) પેટા-કલમ (૧) હેઠળ કરવામાં આવેલ દરેક હુકમ, માલિક અથવા તેવી અન્ય વ્યકિતને અને જો માલિક અથવા તેવી અન્ય વ્યકિત પાસે, તેમના મારફત અથવા તેમના હેઠળ હેરિટેજ એસેટના હકનો દાવો કરતી દરેક વ્યકિતને બંધનકર્તા રહેશે.

(૪) પેટા-કલમ (૧) હેઠળ કરેલા હુકમથી એવી જોગવાઇ કરવામાં આવે કે હેરિટેજ એસેટ, માલિક અથવા કરાર કરવા માટે સક્ષમ અન્ય વ્યકિત દ્વારા નિભાવવામાં આવશે, ત્યારે હેરિટેજ એસેટના નિભાવ અને દેખભાળ માટેનો તમામ વાજબી ખર્ચ, સત્તામંડળ દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.

કરારની અમલ બજવણી.

૧૬. (૧) કલમ ૧૪ હેઠળ, સુરક્ષિત હેરિટેજ એસેટના નિભાવ અને દેખભાળ માટે કરારથી બંધાયેલ હોય, તેવા કોઇ માલિક અથવા અન્ય વ્યકિત, સત્તામંડળ નક્કી કરે તેવા વાજબી સમયની અંદર, સત્તામંડળના અભિપ્રાય મુજબ હેરિટેજ એસેટના નિભાવ અને દેખભાળ માટે આવશ્યક હોય, તેવું કોઇ કાર્ય કરવામાં ચૂક કરે અથવા તે કરવાનો

INDEX

ઈનકાર કરે, તો સત્તામંડળ કોઈ વ્યકિતને તેવું કોઈ કાર્ય કરવા માટે અધિકૃત કરી શકશે અને માલિક અથવા અન્ય વ્યકિત, તેવા કોઈપણ કાર્ય કરવાના ખર્ચ અથવા માલિક, કરાર હેઠળ ચૂકવવાને જવાબદાર હોય, તેવા ખર્ચનો કોઈ ભાગ ચૂકવવાને જવાબદાર રહેશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ માલિક અથવા અન્ય વ્યકિતએ ચૂકવવાપાત્ર ખર્ચની રકમ સંબંધી કોઈ વિવાદ ઊભો થાય, તો તે રાજય સરકારને પૂછાણ માટે મોકલવામાં આવશે, જેમાં તેનો (રાજય સરકાર)નો નિર્ણય આખરી ગણાશે.

કરારનું ઉલ્લંઘન કરવા પર પ્રતિબંધ મૂકવા અંગેનો હુકમ કરવાની સત્તા.

૧૭. (૧) સક્ષમ અધિકારીને એવી આશંકા થાય કે સુરક્ષિત હેરિટેજ એસેટનો માલિક અથવા ભોગવટો કરનાર, કલમ ૧૪ હેઠળની કરારની બોલીઓના ઉલ્લંઘનમાં, હેરિટેજ એસેટનો વિનાશ કરવાનો, તેને હાનિ પહોંચાડવાનો, તેને વિકૃત કરવાનો, તેને વિરૂપ કરવાનો, તેમાં ફેરફાર કરવાનો, તેનું વિસર્જન કરવાનો, તેને દૂર કરવાનો, તેને જોખમમાં મૂકવાનોઅથવા તેનો દુરુપયોગ કરવાનો ઈરાદો રાખે, તો આવા માલિક અથવા ભોગવટો કરનારને લેખિતમાં રજૂઆત કરવાની તક આપ્યા પછી, કરારના આવા ઉલ્લંઘન પર આવો કોઈ પ્રતિબંધ મૂકવા બાબતે હુકમ કરી શકશે :

પરંતુ સક્ષમ સત્તાધિકારીને, લેખિતમાં કરવામાં આવેલા કારણોની નોંધ કરીને એવી ખાતરી થાય કે તેમ કરવું ઈષ્ટ અથવા વ્યવહારું નથી, તો તેવા કોઈ કિસ્સામાં આવી કોઈપણ તક આપી શકાશે નહિ.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરવામાં આવેલા હુકમથી નારાજ થયેલી કોઈ વ્યકિત, ઠરાવવામાં આવે તેવા સમયની અંદર અને તેવી રીતે સત્તામંડળને અપીલ કરી શકશે અને સત્તામંડળનો નિર્ણય આખરી રહેશે.

ખરીદનાર અને માલિક દ્વારા દાવો કરનાર વ્યકિતઓ લેખથી બંધાયેલા રહેશે.

૧૮. સુરક્ષિત હેરિટેજ એસેટ જેના પર આવેલી હોય તેવી કોઈ જમીન કે જેના સંબંધમાં કલમ ૧૪ હેઠળ તત્સમયે માલિક દ્વારા કોઈ લેખ કરવામાં આવેલો હોય, તે જમીન ખરીદનાર દરેક વ્યકિત અને આવો કોઈ લેખ કરેલો હોય તેવા માલિકથી, તેના મારફતે અથવા તેના હેઠળ હેરિટેજ એસેટમાં કોઈ અધિકાર, હક અથવા હિત માટે દાવો કરનાર દરેક વ્યકિત આવા લેખથી બંધાયેલ રહેશે.

અમુક હેરિટેજ એસેટ્સના નિભાવ માટે કરાર કરવા માટેની સત્તા.

૧૯. (૧) સત્તામંડળ, હેરિટેજ એસેટના સંરક્ષણના હેતુ માટે તેનામાં અથવા રાજય સરકારમાં નિહિત થયેલા અથવા તેણે સંરક્ષણના હેતુ માટે જેમાં અધિકાર પ્રાપ્ત કર્યો

હોય તેમાં, આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય, તેવી કરારમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બોલીઓ અને શરતો ઉપર, તે (સત્તામંડળ) કોઈ વ્યક્તિ, પેઢી અથવા ટ્રસ્ટ સાથે કરાર કરી શકશે.

(૨) કલમ ૨૦માં ગમે તેમ મજકૂર હોય તે છતાં, પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલી વ્યક્તિ, પેઢી અથવા ટ્રસ્ટ, હેરિટેજ એસેટના નિભાવમાં અને ફીની વસૂલાતમાં સમાવિષ્ટ ખર્ચ, રોકાણ કરેલી મૂડી પરનું વ્યાજ, રોકાણ પરનો વાજબી નફો (આવક) અને મુલાકાતીઓની સંખ્યાને ધ્યાનમાં લઈને, કલમ ૨૦ હેઠળ લેવાપાત્ર સંપૂર્ણ ફી અથવા ફીનો તેવો ભાગ અને સત્તામંડળ અને તેવી વ્યક્તિ, પેઢી અથવા યથાપ્રસંગ, ટ્રસ્ટ વચ્ચે કરાર દ્વારા નક્કી કરવામાં આવેલી હોય તેવી મુદત માટે, તે વસૂલાત કરવાને અને કબજામાં રાખવાનેહકદાર રહેશે.

૨૦. (૧) સત્તામંડળ, રાજપત્રમાં જાહેરનામાથી, કલમ ૧૯ની પેટા-કલમ (૧)માં હેરિટેજ એસેટના સંબંધમાં ઉલ્લેખેલી પ્રવેશ ફી, આવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા પચ્ચીસ સો રૂપિયાથી વધુ નહિ તેવા દરે લઈ શકશે : પ્રવેશ ફી લેવાની સત્તા.

પરંતુ સત્તામંડળ, તેવા જાહેરનામાથી, વ્યક્તિઓના કોઈ વર્ગને, પ્રવેશ ફીની ચુકવણી કરવામાંથી સંપૂર્ણતઃ અથવા અંશતઃ મુક્તિ આપી શકશે અને તેવી મુક્તિ રાજ્ય સરકાર દ્વારા એવો આદેશ આપવામાં આવે તો આપવામાં આવશે.

(૨) આવી પ્રવેશ ફી, લેવામાં આવશે, ત્યારે સત્તામંડળ નક્કી કરે તેવી રીતે વસૂલ કરવી જોઈશે.

૨૧. (૧) સત્તામંડળ, તેના કાર્યો બજાવવાના હેતુ માટે, રાજ્ય સરકારની પૂર્વ-મંજૂરીથી, પોતાને આવશ્યક જણાય તેટલી સંખ્યામાં અધિકારીઓ અને કર્મચારીઓની નિમણૂક કરી શકશે. સત્તામંડળનો સ્ટાફ.

(૨) સત્તામંડળના અધિકારીઓ અને કર્મચારીઓના ભથ્થાં તથા સેવાની બીજી બોલીઓ અને શરતો, રાજ્ય સરકારની પૂર્વ-મંજૂરીથી સત્તામંડળે કરેલા વિનિયમોમાં ઠરાવવામાં આવે તેવા રહેશે.

હેરિટેજ (સાંસ્કૃતિક) ફંડ. ૨૨. (૧) આ અધિનિયમના હેતુઓ માટે ગુજરાત હેરિટેજ (સાંસ્કૃતિક) ફંડ તરીકે ઓળખાતા ફંડની સ્થાપના કરવામાં આવશે.

(૨) રાજ્ય સરકારે, આ અર્થે રાજ્ય વિધાનમંડળે ઘડેલા કાયદાથી કરેલા યોગ્ય વિનિયોગ પછી, આ અધિનિયમના હેતુઓ માટે ઉપયોગમાં લેવા રાજ્ય સરકારને યોગ્ય લાગે તેટલા નાણાની રકમ મંજૂર કરીને, હેરિટેજ ફંડને ચૂકવવી જોઈશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવેલી હોય, તેવા નાણાની રકમ ઉપરાંત, હેરિટેજ ફંડમાં નીચેની (રકમ) જમા કરવી જોઈશે :-

(ક) હેરિટેજ સંરક્ષણના હેતુ માટે કેન્દ્ર સરકાર, રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય એજન્સી, બિન-સરકારી સંગઠનો અથવા એજન્સીઓ પાસેથી મળેલો ફાળો, સહાય અથવા દાન અથવા હેરિટેજ કન્ઝર્વેશનમાં હિતસંબંધ ધરાવતા કોઇ ટ્રસ્ટ, સોસાયટી (મંડળી), વ્યકિતઓના મંડળો (એસોસિએશન), વ્યકિતઓ વગેરે પાસેથી મળેલું દાન;

(ખ) સત્તામંડળે ફી સ્વરૂપે મેળવેલ કોઇ નાણાકીય રકમ;

(ગ) હેરિટેજની જાળવણીના હેતુથી રાજ્ય સરકાર, કાઉન્સિલ અથવા સત્તામંડળે મેળવેલી કોઇ બીજી નાણાકીય રકમ.

(૪) સત્તામંડળે, કાઉન્સિલ અને સત્તામંડળના બિન-સરકારી સભ્યોને ભથ્થાં ચૂકવવા, સત્તામંડળના અધિકારીઓ અને કર્મચારી વર્ગ (સ્ટાફ)ને પગાર અને ભથ્થાં ચૂકવવા સહિત આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે કરેલા ખર્ચને પહોંચી વળવા માટે હેરિટેજ ફંડનો ઉપયોગ કરવો જોઇશે.

(૫) સત્તામંડળે, હેરિટેજ ફંડનો વહીવટ ઠરાવવામાં આવે તેવી રીતે કરવો જોઇશે.

અંદાજપત્ર. ૨૩. (૧) સત્તામંડળે, દરેક નાણાકીય વર્ષમાં, ઠરાવે તેવા નમૂનામાં અને તેવા સમયે આગામી નાણાકીય વર્ષ માટે તેની અંદાજિત આવકો અને ખર્ચ દર્શાવતું પોતાનું અંદાજપત્ર (બજેટ) તૈયાર કરવું જોઇશે અને કાઉન્સિલ અને રાજ્ય સરકારની મંજૂરી માટે તે મોકલવું જોઇશે.

(૨) સત્તામંડળે, રાજ્ય સરકારે મંજૂર કર્યા પ્રમાણે અંદાજપત્રની જોગવાઈઓ અનુસાર હોય તે સિવાય અન્યથા કોઈપણ ખર્ચ કરવો જોઇશે નહિ.

૨૪. સત્તામંડળે, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવા સમયે, પાછલા નાણાકીય વર્ષ દરમિયાન કરાયેલ પોતાની પ્રવૃત્તિઓ અને આગામી વર્ષ માટેની તેની યોજનાઓનો સંપૂર્ણ હિસાબ (માહિતી) આપતો પોતાનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવો જોઇશે અને તેની નકલ વાર્ષિક અહેવાલ.

INDEX

રાજય સરકાર અને કાઉન્સિલને મોકલવી જોઇશે. દરેક વાર્ષિક અહેવાલમાં, પાછલા વાર્ષિક અહેવાલમાં સમાવિષ્ટ કરેલ યોજનાઓના સંબંધમાં સત્તામંડળની કામગીરીની સમીક્ષાનો પણ સમાવેશ કરવો જોઇશે.

૨૫. (૧) સત્તામંડળના હિસાબો, ઠરાવવામાં આવે તેવા સ્વરૂપમાં અને તેવી રીતે જાળવવા જોઇશે અને લોકલ ફંડ ઓડિટ વિભાગના નિયામકે અથવા રાજય સરકાર વખતોવખત નિર્ધારિત કરે તેવી અન્ય વ્યકિત અથવા સંસ્થાએ તેનું ઓડિટ કરવું જોઇશે. હિસાબો અને ઓડિટ.

(૨) સત્તામંડળે, ઠરાવવામાં આવે તે તારીખ પહેલાં, તેના ઓડિટ કરેલા હિસાબોની નકલ, તે ઉપરના ઓડિટરના અહેવાલ સાથે રાજય સરકારને મોકલવી જોઇશે.

૨૬. રાજય સરકારે, સત્તામંડળનો વાર્ષિક અહેવાલ અને ઓડિટરનો અહેવાલ મેળવવામાં આવે તે પછી તરત જ તેમને રાજય વિધાનમંડળના ગૃહ સમક્ષ મૂકાવવો જોઇશે. વાર્ષિક અહેવાલ અને ઓડિટરનો અહેવાલ રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા બાબત.

૨૭. સત્તામંડળ, આ અધિનિયમ હેઠળ પોતાની સત્તા વાપરતી વખતે અથવા પોતાના કાર્યો કરતી વખતે, કાઉન્સિલ વખતોવખત તેને આપે તેવા લેખિત આદેશોથી બંધાયેલ રહેશે : સત્તામંડળને આદેશો આપવાની કાઉન્સિલની સત્તા.

પરંતુ સત્તામંડળને, વ્યવહાર્ય હોય તેટલે સુધી, આ કલમ હેઠળ કોઇ આદેશ આપતા પહેલાં પોતાના અભિપ્રાયો વ્યકત કરવાની તક આપવી જોઇશે.

૨૮. સક્ષમ સત્તાધિકારી, આ અધિનિયમ હેઠળ પોતાની સત્તા વાપરતી વખતે અથવા પોતાના કાર્યો કરતી વખતે, સત્તામંડળ વખતોવખત તેને આપે તેવા લેખિત આદેશોથી બંધાયેલા રહેશે. સક્ષમ સત્તાધિકારીને આદેશો આપવાની સત્તામંડળની સત્તા.

દીવાની કોર્ટની હકૂમતને બાધ. **૨૯.** જે બાબતનો નિર્ણય કરવા માટે આ અધિનિયમથી અથવા તે હેઠળ સત્તામંડળને સત્તા આપવામાં આવી હોય તેવી કોઇ બાબતના સંબંધમાં કોઇપણ દીવાની કોર્ટને હકૂમત રહેશે

INDEX

નહિ અને કોઇપણ કોર્ટ અથવા બીજું સત્તામંડળ, આ અધિનિયમથી અથવા તે હેઠળ આપેલ કોઇ સત્તા અનુસાર લીધેલા અથવા લેવાના કોઇ પગલા સંબંધી કોઇ મનાઇ હુકમ આપી શકશે નહિ.

માહિતી મંગાવવાની સત્તા.

૩૦. રાજ્ય સરકાર અથવા કાઉન્સિલ, તેમ કરવાનું ઈષ્ટ ગણતી હોય, ત્યારે તે, લેખિત હુકમ કરીને, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, રાજ્ય સરકાર અથવા કાઉન્સિલ ફરમાવે તે પ્રમાણે તેના કામકાજને લગતી માહિતી લેખિતમાં પૂરી પાડવાનું સત્તામંડળ અથવા યથાપ્રસંગ, સક્ષમ સત્તાધિકારીને જણાવી શકશે.

સ્થાનિક સત્તામંડળોએ કાઉન્સિલ અને સત્તામંડળને સહાય કરવા બાબત.

૩૧. (૧) કોઇપણ ગુજરાત કાયદામાં વિરૂધ્ધનો કોઇ મજકૂર હોય તેમ છતાં, સ્થાનિક સત્તામંડળો, આ અધિનિયમ હેઠળ તેમના કાર્યો કરવામાં કાઉન્સિલ અને સત્તામંડળને સહાય કરવા માટે અને આ અધિનિયમની જોગવાઇઓ પાર પાડવાના સંબંધમાં તેમણે ફરમાવેલ હોય અને કાઉન્સિલ અથવા સત્તામંડળ અથવા તેવા સત્તામંડળના કોઇ અધિકારી અથવા કર્મચારીને જરૂરી હોય તેવી તમામ વાજબી સહાય પૂરી પાડવા માટે બંધાયેલા રહેશે.

(૨) કોઇ સ્થાનિક સત્તામંડળ, પેટા-કલમ (૧) હેઠળ કરેલ કોઇ માંગણીના અનુપાલન રૂપે કોઇ ખર્ચ કરે, તો સત્તામંડળે આવા ખર્ચાઓ ભરપાઇ કરવા જોઇશે.

(૩) સત્તામંડળ દ્વારા ચૂકવવાપાત્ર થયાં હોય તેવા ખર્ચાઓની રકમ સંબંધી સત્તામંડળ અને સ્થાનિક સત્તામંડળ વચ્ચે કોઇ તકરાર ઊભી થાય, તો તે, રાજ્ય સરકારને મોકલવી જોઇશે અને તે અંગેનો રાજ્ય સરકારનો નિર્ણય આખરી ગણાશે અને સંબંધિત સત્તામંડળ અને સ્થાનિક સત્તામંડળને બંધનકર્તા રહેશે.

શિક્ષા. ૩૨. (૧) જે કોઇ વ્યકિત-

(ક) રક્ષિત હેરિટેજ મિલકતનો નાશ કરે, તેને નુકશાન પહોંચાડે, વિરૂપ કરે, વિકૃત કરે, તેમાં ફેરફાર કરે, તેને દૂર કરે, છૂટી પાડે, તેનો દુરુપયોગ કરે, તેને જોખમમાં મૂકે અથવા ખવાઇ જાય તેવી રીતે રાખે, અથવા

(ખ) રક્ષિત હેરિટેજ મિલકતનો માલિક અથવા ભોગવટેદાર હોઇને, કલમ ૧૭ હેઠળ કરેલા હુકમનું ઉલ્લંઘન કરે, અથવા

(ગ) સક્ષમ સત્તાધિકારીની પૂર્વ-પરવાનગી સિવાય અથવા સક્ષમ સત્તાધિકારીએ આપેલ પરવાનગીનું ઉલ્લંઘન કરીને પ્રતિબંધિત વિસ્તારમાં કોઇ બાંધકામ, પુનઃબાંધકામ અથવા મરામત અને નવીનીકરણ ચાલુ કરે,

તો તે, બે વર્ષની મુદત સુધીની કેદની અથવા પચાસ હજાર રૂપિયા સુધીના દંડની અથવા બન્ને શિક્ષાને પાત્ર થશે.

(૨) આ અધિનિયમની અન્ય કોઈ જોગવાઈઓ અથવા તે હેઠળ કરેલા નિયમો, વિનિયમો અથવા પેટા-કાયદાની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તેવી કોઈપણ વ્યકિત, છ મહિના સુધીની કેદની અથવા વીસ હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષાને પાત્ર થશે.

(૩) રાજય સરકાર, સત્તામંડળ અથવા કોઈ સ્થાનિક સત્તામંડળના કોઈ અધિકારી જેનાથી પ્રતિબંધિત વિસ્તારમાં અનધિકૃત બાંધકામ, પુનઃબાંધકામ અથવા મરામત અથવા નવીનીકરણ થાય તેવું કોઈ કાર્ય અથવા કૃત્ય કરવા માટે કોઈ કરાર કરે અથવા મૂક સંમતિ આપે, કરવાથી દૂર રહે, પરવાનગી આપે, છુપાવે અથવા આંખ મીંચામણાં કરે, તો તે, ત્રણ વર્ષ સુધીની કેદની અથવા દંડની અથવા તે બન્નેની શિક્ષાને પાત્ર થશે.

કાઉન્સિલ અને સત્તામંડળના સભ્યો, અધિકારીઓ અને કર્મચારીઓ રાજય સેવકો ગણાશે.

૩૩. કાઉન્સિલ અને સત્તામંડળના તમામ સભ્યો, અધિકારીઓ અને કર્મચારીઓ, આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા કોઈ નિયમ, વિનિયમ અથવા પેટા-કાયદાની જોગવાઈઓ અનુસાર કાર્ય કરતી હોવાનું અથવા કામ કરતી હોવાનું અભિપ્રેત હોય, ત્યારે ભારતના ફોજદારી અધિનિયમ (સન ૧૯૬૦ના કેન્દ્રીય અધિનિયમ ૪૫મા)ની કલમ ૨૧ના અર્થ મુજબ રાજય સેવકો છે એમ ગણાશે.

શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ.

૩૪. આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો, વિનિયમો અથવા પેટા-કાયદાઓ હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્ય માટે, કાઉન્સિલ અથવા સત્તામંડળ અથવા તેના કોઈ સભ્ય અથવા અધિકારી અથવા કર્મચારી વિરૂધ્ધ કોઈ દાવો, ફરિયાદ અથવા અન્ય કાનૂની કાર્યવાહી કરી શકાશે નહિ.

પ્રવેશની સત્તા.

૩૫. આ અર્થે કરેલા કોઈ નિયમોને અધીન રહીને, રાજય સરકાર અથવા કાઉન્સિલ અથવા સત્તામંડળે આ અર્થે સામાન્ય રીતે અથવા ખાસ રીતે અધિકૃત કરેલ કોઈપણ વ્યકિત, આ અધિનિયમના હેતુઓ પૈકીના કોઈ હેતુ માટે તેમ કરવું જરૂરી હોય ત્યારે, તમામ વાજબી સમયે, કોઈ જમીન અથવા મકાનોમાં પ્રવેશ કરીને-

(ક) કોઈ તપાસ, સરવે, માપણી, મૂલ્યાંકન અથવા પૂછપરછ કરી શકશે;

(ખ) સ્તરોની માપણી કરી શકશે;

(ગ) નીચેની માટીમાં ખોદકામ કરી શકશે અથવા તેમાં કુવો (બોર) ખોદી શકશે;

(ઘ) હદો અને કાર્ય વિસ્તાર માટેની લાઇનો ગોઠવી શકશે;

(ચ) નિશાનીઓ મૂકીને અથવા ખાડા ખોદીને આવી હદો અને લાઇનોને ચિહ્ન કરી શકશે; અથવા

(છ) ઠરાવવામાં આવે તેવા અન્ય કાર્યો અથવા કૃત્યો કરી શકશે :

પરંતુ આવી કોઇપણ વ્યકિતએ, અગાઉથી તેવા ભોગવટેદારને તેમ કરવાના પોતાના ઈરાદાની ઓછામાં ઓછા ચોવીસ કલાકની લેખિત નોટિસ આપ્યા વગર (તેના ભોગવટેદારની સંમતિ લીધા સિવાય) નિવાસસ્થાનની કોઇ હદ અથવા ફરતી વાડવાળા વાડા અથવા તેની સાથે જોડાયેલા બગીચામાં પ્રવેશ કરવો જોઇશે નહિ.

નિયમો કરવાની સત્તા.

૩૬. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમની જોગવાઈઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) આ અધિનિયમ હેઠળ કરેલા દરેક નિયમને, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળનું સત્ર ચાલુ હોય ત્યારે તેના ગૃહ સમક્ષ, એક જ સત્રમાં અથવા લાગલાગટ બે અથવા વધારે સત્રોમાં મળીને, કુલ ચૌદ દિવસની મુદત સુધી મુકવો જોઇશે અને તે ઉપર્યુક્ત સત્ર અથવા લાગલાગટ સત્રોની તરત પછીનું સત્ર પૂરૂ થતાં પહેલાં, બંને ગૃહો તે નિયમમાં કોઇ ફેરફાર કરવા સંમત થાય અથવા બંને ગૃહો એમ સંમત થાય કે તે નિયમ કરવો જોઇશે નહિ તો, તે નિયમ ત્યારપછી, યથાપ્રસંગ, એવા ફેરફાર કરેલ સ્વરૂપમાં જ અમલમાં રહેશે અથવા અમલમાં રહેશે નહિ; પણ એવો ફેરફાર થવાથી અથવા તે રદ થવાથી, તે નિયમ હેઠળ અગાઉ કરેલા કોઇ કૃત્યની કાયદેસરતાને બાધ આવશે નહિ.

ઉદ્દેશો અને કારણો

ગુજરાત રાજય, ભૂતકાળથી જ વારસામાં મળેલો સમૃદ્ધ હેરિટેજ (સાંસ્કૃતિક વારસો) ધરાવે છે, તેથી, આપણી સંસ્કૃતિના સમૃદ્ધ હેરિટેજ, જેવા કે સ્થાપત્યશૈલી અને સૌંદર્ય કલાની દ્રષ્ટિએ સુંદર અને સાંસ્કૃતિક બાંધકામો, તેની આસપાસનું વાતાવરણ વગેરેને મહત્વ આપવાની અને તેની જાળવણી કરવાની તેમજ હેરિટેજ મિલકતો સાથે જોડાયેલ પ્રાકૃતિક વાતાવરણનું મૂલ્ય સમજવાની અને તેનું સંરક્ષણ કરવાની રાજયની ફરજ છે.

મૂળભૂત વપરાશને વધુ લાંબા સમય સુધી જાળવી શકાય એમ ન હોય, ત્યારે પણ સૌંદર્યલક્ષી, પર્યાવરણલક્ષી અને આર્થિક લાભો ઉપજાવવા માટે જાળવણી, ફેરફારની ક્રિયા, ઉપયોગ અને પુનઃઉપયોગથી સ્થાપત્યવિષયક હેરિટેજને સાચવી શકાય છે. એક રીતે સુરક્ષિત રાખવા, ટકાઉ અને ઉપયોગી બનાવવા માટે આધારભૂત માળખાની જરૂરિયાત પૂરી કરવા માટે અને બીજી રીતે તેના વિશિષ્ટ લક્ષણો અને ઐતિહાસિક અને સ્થાપત્યવિષયક હિત-સંબંધ જાળવવા માટે યોગ્ય ઉપાયો શોધવાનો સર્જનાત્મક પડકાર છે.

હેરિટેજની જાળવણીમાંની બાબતોની કાર્યવાહી કરવા માટે, જાળવણી પાત્ર હોય તેવી હેરિટેજ મિલકતોની ઓળખ કરવા અને તેમના સૌંદર્યલક્ષી, સાંસ્કૃતિક, ઐતિહાસિક, વૈજ્ઞાનિક, સામાજિક, પરિસ્થિતિવિષયક વાતાવરણ અથવા આધ્યાત્મિક મહત્વના આધારે તેમને વિભાજિત કરીને વર્ગીકૃત કરવા અને તેમના રક્ષણ માટે જોગવાઇ કરવાની પણ યોગ્ય વિચારણા કરવામાં આવી છે.

વિધેયકથી ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા ધાર્યું છે.

તેથી વિધેયક.

ગાંધીનગર **બલવંતસિંહ રાજપૂત**

તારીખ : ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬ **વિ.સ.સ.**

INDEX

નાણાકીય યાદી

વિધેયકની કલમો ૧૦, ૧૨, ૧૪ અને ૨૨થી, વિધેયકમાં ઠરાવેલ કાર્યો કરવાના હેતુથી રાજ્ય હેરિટેજ (વારસા) કાઉન્સિલ અને હેરિટેજ (વારસા) સત્તામંડળની રચના માટે જોગવાઇ કરી છે. આ કાઉન્સિલ અને સત્તામંડળની કચેરી, પુરાતત્વ અને સંગ્રહાલય વિભાગ, ગુજરાત-માં સ્થાપવી જોઇશે.

રાજ્ય સરકારે, આ વિધેયકના હેતુ માટે ઉપયોગ કરવા અંગે પોતે યોગ્ય ગણે તેટલા અનુદાનની હેરિટેજ (વારસા) ફંડમાં ચૂકવણી કરવી જોઇશે.

અંદાજિત ખર્ચ રૂપિયા ૧૫૧ લાખ થશે, જેમાંથી એક વર્ષ માટે રૂપિયા ૩૦૦ લાખનો આવર્તક ખર્ચ થશે અને રૂપિયા ૨૦૦ લાખનો અનાવર્તક ખર્ચ થશે.

ગાંધીનગર **બલવંતસિંહ રાજપૂત**

તારીખ : ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬ **વિ.સ.સ.**

ધારાકીય સત્તા સોંપવાની યાદી

વિધેયક અધિનિયમિત કરવામાં આવે, તેની નીચેની કલમોથી, તેવી દરેક કલમ સામે જણાવેલ બાબતોના સંબંધમાં, રાજ્ય સરકારને નિયમો કરવાની અને સત્તામંડળને વિનિયમો કરવાની સત્તા મળે છે :-

કલમો	રાજ્ય સરકારના સંબંધમાં
૪(૧)	કાઉન્સિલની ભલામણના આધારે હેરિટેજ મિલકતોની કક્ષાઓ ઠરાવવી;
૮(૧)	જે રીતે પરવાનગી મેળવવા માટેની અરજી સક્ષમ સત્તાધિકારીને કરવી જોઇશે તે રીત ઠરાવવી;
૯(૨)	હેરિટેજ પેટા-કાયદામાં સમાવિષ્ટ કરવી જોઇશે તેવી બાબતો ઠરાવવી;
૧૦(૬)	કાઉન્સિલના બિન-સરકારી સભ્યોના ભથ્થાં ઠરાવવા;
૧૦(૮)	પોતાના કામકાજનું સંચાલન કરતી વખતે, કાઉન્સિલે અનુસરવાની કાર્યરીતિના નિયમો ઠરાવવી;
૧૧ (૪)	કાઉન્સિલની બીજી સત્તા અને કાર્યો ઠરાવવા;
૧૨ (૭)	સત્તામંડળના બિન-સરકારી સભ્યોના ભથ્થાં ઠરાવવા;
૧૨(૧૦)	પોતાના કામકાજનું સંચાલન કરતી વખતે સત્તામંડળે અનુસરવાની કાર્યરીતિના નિયમો ઠરાવવા;

૧૩ (૬)	સત્તામંડળની બીજી સત્તા અને કાર્યો ઠરાવવા;
૧૭ (૨)	જે સમયે અને જે રીતે સત્તામંડળને અપીલ કરવાની હોય તે સમયે અને તે રીત ઠરાવવા;
૨૨ (૫)	જે રીતે સત્તામંડળે હેરિટેજ ફંડનો વહીવટ કરવો જોઇશે તે રીત ઠરાવવા;
૨૩ (૧)	જે નમૂનામાં અને જે સમયે સત્તામંડળે અંદાજપત્ર તૈયાર કરવું જોઇશે તે નમૂનો અને તે સમય ઠરાવવા;
૨૪	જે નમૂનામાં અને જે સમયે સત્તામંડળે વાર્ષિક અહેવાલ તૈયાર કરવો જોઇશે તે નમૂનો અને તે સમય ઠરાવવા;
૨૫ (૧)	જે નમૂનામાં અને જે રીતે સત્તામંડળે હિસાબો જાળવવા જોઇશે તે નમૂનો અને રીત ઠરાવવા;
૨૫ (૨)	જે તારીખ પહેલા સત્તામંડળે રાજય સરકારને ઓડિટરના અહેવાલ સહિત પોતાના ઓડિટ કરેલા હિસાબોની નકલ પૂરી પાડવી જોઇશે તે તારીખ ઠરાવવી;
૩૦	જે નમૂનામાં અને જે રીતે લેખિત માહિતી પૂરી પાડવાની હોય તે નમૂનો અને તે રીત ઠરાવવા;
૩૫ (છ)	રાજય સરકાર અથવા કાઉન્સિલ અથવા સત્તામંડળે અધિકૃત કરેલ કોઇ વ્યક્તિએ કરવાના બીજા કાર્યો અથવા કૃત્યો ઠરાવવા;
૩૬	સામાન્ય રીતે આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે;

સત્તામંડળ

૨૧ (૨)	સત્તામંડળના અધિકારીઓ અને કર્મચારીઓના પગાર, ભથ્થાં અને તેની સેવાની અન્ય બોલીઓ અને શરતો ઠરાવવા;

સૂચિત ધારાકીય સત્તાની સોંપણી, સામાન્ય પ્રકારની છે અને મુખ્યત્વે વિગતવાર બાબતો સાથે સંબંધિત છે.

ગાંધીનગર
તારીખ : ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬

બલવંતસિંહ રાજપૂત
વિ.સ.સ.

ગાંધીનગર,
તારીખ: ૨૨મી માર્ચ, ૨૦૧૬.

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 82

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, MARCH 22, 2016/CAITRA 2, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી માર્ચ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૦૮-૦૩-૨૦૧૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચ-વી-૨૦૧૬ નો ૪૯-યુએનડી-૧૧૨૦૧૩-૧૨૮૮-એલ. નો** ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Regularization of Unauthorized Development Act, 2011.

ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત અધિનિયમ, ૨૦૧૧ હેઠળ

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૦૮/૦૩/૨૦૧૬.

ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત અધિનિયમ, ૨૦૧૧

ક્રમાંક: જીએચ/વી/૨૦૧૬નો ૪૯/યુએનડી-૧૧૨૦૧૩-૧૨૮૮-એલ:- ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત અધિનિયમ, ૨૦૧૧ (સન ૨૦૧૧ના ગુજરાતના ૨૬મા)ની કલમ ૧૨ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, અપીલીય અધિકારી તરીકે સૌરાષ્ટ્ર પ્રદેશ અને દક્ષિણ ગુજરાત પ્રદેશ માટે મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત શહેરી વિકાસ કંપની-ને અને ઉત્તર ગુજરાત પ્રદેશ અને મધ્ય ગુજરાત પ્રદેશ માટે સચિવ (ગૃહનિર્માણ)-ને નીમે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

નીલા મુન્શી,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને હોદ્દાની રૂએ સંયુક્ત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 83

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, MARCH 22, 2016/CAITRA 2, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી માર્ચ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૧૧મી માર્ચ, ૨૦૧૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (૧) જીએચ-વી-૨૦૧૬ નો ૫૬-ડીપીસી-૧૩૮૪-ભાગ-૨-વી. અને (૨) જીએચ-વી-૨૦૧૬ નો ૫૭-ડીપીસી-૧૩૮૪-ભાગ-૨-વી. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Metropolitan PlanningCommittees Act, 2008

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ હેઠળ

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ:૧૧મી માર્ચ, ૨૦૧૬.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮

ક્રમાંક:જીએચ/વી/૨૦૧૬નો ૫૬/ડીપીસી/૧૩૮૪/ભાગ-૨/વી.:-ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૮ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨ના ખંડ (ઠ)થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમના હેતુઓ માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને બોપલ-ઘુમા નગરપાલિકાના વિસ્તારોને અમદાવાદ મહાનગર વિસ્તાર તરીકે નિર્દિષ્ટ કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

યોગેશ રાવલ,

સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Metropolitan Planning Committees Act, 2008.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ હેઠળ

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ:૧૧મી માર્ચ, ૨૦૧૬.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮

ક્રમાંક:જીએચ/વી/૨૦૧૬નો ૫૭/ડીપીસી/૧૩૮૪/ભાગ-૨/વી.:-ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૮ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨ના ખંડ (ઠ)થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમના હેતુઓ માટે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન અને સચીન નગરપાલિકાના વિસ્તારોને સુરત મહાનગર વિસ્તાર તરીકે નિર્દિષ્ટ કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

યોગેશ રાવલ,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 84

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, MARCH 22, 2016/CAITRA 2, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી માર્ચ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **ઉદ્યોગ અને ખાણ વિભાગ-ના** તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના **સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ-૨૦૧૫-(૪) એ-મસીઆર-૧૦૨૦૧૨-૨૦૧૯-છ** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Gujarat Minor Mineral Concession Rules, 2010.

ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૦ સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭

ક્રમાંકઃ જીયુ-૨૦૧૫-(૪)-એમસીઆર-૧૦૨૦૧૨-૨૦૧૯-છ :-ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭ (સન ૧૯૫૭ના ૬૭મા)ની કલમ ૧૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ (સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટનિયમો, ૨૦૧૦ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો"તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨-માં, પેટા-નિયમ (૧)માં,

(ક) ખંડ (૧) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(૧-ક) "ક્લસ્ટર (સમૂહ)" એટલે અગાઉથી વિદ્યમાન હોય અથવા ભવિષ્યમાં આપવાના હોય તેવા ખાણ પટા/ ખાણ પરવાના (ક્વોરી લાઇસન્સ)/ ટૂંકી મુદતની પરમિટ-વાળી કલેક્ટરે જાહેર કરેલી ભૌગોલિક હદ. કલેક્ટરે જાહેર કરેલ ક્લસ્ટરનો વિસ્તાર, શક્ય હોય ત્યાં સુધી, ૫ ચોરસ કિલોમીટરથી વધારે હોવો જોઈએ નહિ અને ક્લસ્ટર બનાવતી વખતે,ખાણકામ પટાનો વિસ્તાર ૧૦૦ હેક્ટરથી વધારે હોવો જોઇશે નહિ."

(ખ) ખંડ (૪) પછી, નીચેના ખંડો દાખલ કરવા:-

"(૪-ક) " જિલ્લા સ્તરીય પર્યાવરણવિષયક વ્યવસ્થાપન સમિતિ"એટલે પર્યાવરણ વ્યવસ્થાપન યોજના(EMP)નું સંકલન કરવા માટેની અને ગૌણ ખનિજના ખોદકામ માટે ખનિજ છૂટછાટો (કન્સેશન)(ક્વોરી લીઝ) આપવા માટેની પર્યાવરણવિષયક મંજૂરી આપતી સમિતિ;

(૪-ખ) "પર્યાવરણ વ્યવસ્થાપન યોજના (EMP)''એટલે પર્યાવરણવિષયક સલામતી પૂરી પાડવા માટે, અધિકૃત વ્યક્તિએ તૈયાર કરેલ અને જિલ્લા સ્તરીય પર્યાવરણવિષયક વ્યવસ્થાપન સમિતિએ મંજૂર કરેલ, ક્લસ્ટરમાં સમાવેશ થતા હોય તેવા પટે લેનારા/ લાઇસન્સ ધરાવનારા/ ટૂંકી મુદતની પરમિટ ધરાવનારના મંડળે રજૂ કરેલ કોઇ યોજના (પ્લાન);

(૪-ગ) "માઇન ક્લોઝર (ખાણકામ બંધ કરવા) અંગેની આખરી યોજના" એટલે ઇન્ડિયન બ્યુરો ઓફ માઇન્સ અથવા રાજ્ય સરકારે પ્રસિદ્ધ કરેલી માર્ગદર્શિકા પ્રમાણેની નિર્દિષ્ટ કરેલી રીતે અને પ્રમાણભૂત ફોરમેટમાં તૈયાર કરેલી ખાણકામ અને ખનિજ સંબંધી પ્રક્રિયાની કામગીરી બંધ થયા પછી, ખાણ, ક્લસ્ટર અથવા તેના કોઇ ભાગનો પટો રદ કરવાના, નવપ્રાપ્તિના અને પુનઃસ્થાપનના હેતુ માટેની કોઇ યોજના."

(ગ) ખંડ (૬) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

" (૬-ક) "માઇન ક્લોઝર" એટલે ખાણ/ક્લસ્ટર અથવા તેના કોઇ ભાગમાં ખાણકામ અને ખનિજ સંબંધી પ્રક્રિયાની કામગીરી બંધ થયા પછી, શરૂ થતા ખાણ અથવા તેના ભાગના સંબંધમાં લીધેલાં નવપ્રાપ્તિ અને પુનઃસ્થાપન કરવા માટેના પગલાં;

(૬-ખ) "ખાણકામ યોજના" એટલે આ નિયમો હેઠળ તૈયાર કરેલ અને સંબંધિત વિસ્તારમાં ગૌણ ખનિજના જથ્થાના વિકાસ માટે સક્ષમ સત્તામંડળ દ્વારા યોગ્ય રીતે મંજૂર કરવામાં આવેલ ખાણકામ યોજના અને તેમાં આ નિયમોની જોગવાઇઓ મુજબ રજૂ કરવા ફરમાવેલ હોય તેવી ખાણકામ યોજનાનો સમાવેશ થાય છે;

(૬-ગ) "પ્રોગ્રેસિવ માઇન ક્લોઝર પ્લાન (ખાણકામ ઉત્તરોત્તર બંધ કરવા અંગેની યોજના)" એટલે ઇન્ડિયન બ્યુરો ઓફ માઇન્સ અથવા રાજ્ય સરકારે પ્રસિદ્ધ કરેલી માર્ગદર્શિકા પ્રમાણેની નિર્દિષ્ટ કરેલી રીતે અને પ્રમાણભૂત ફોરમેટમાં તૈયાર કરેલી, ખાણ અથવા તેના કોઇ ભાગમાં રક્ષણાત્મક, નવપ્રાપ્તિ અને પુનઃસ્થાપનના પગલાં પૂરા પાડવાના હેતુ માટેની કોઇ યોજના;"

(ઘ) ખંડ (૧૧) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(૧૧-ક) "લાયકાત ધરાવનાર માન્યતા પ્રાપ્ત વ્યક્તિ" એટલે આ નિયમો હેઠળ કમિશનર અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારી દ્વારા જેને માન્યતા આપવામાં આવી હોય તેવી કોઇ વ્યક્તિ.".

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૩માં, ખંડ (ચ) પછી, નીચેનો મજકૂર ઉમેરવો:-

" (છ) લગોલગ જમીનની સપાટી (નિમ્નતલ સપાટી)થી ૧.૫ મીટરની ઊંડાઇ સુધીના ઇંટ માટેની માટીના અથવા સાદી માટીના હાથથી કરવામાં આવતા ખોદકામને લાગુ પડશે નહિ:

પરંતુ સરકારે ઠરાવ્યા મુજબની રોયલ્ટી(હકસાઇ) ફીની ચુકવણી કરીને, સક્ષમ સત્તાધિકારી પાસેથી પરવાનગી (પરમિટ) મેળવ્યા પછી જ આ રીતે ખોદકામ કરેલી ઇંટ માટેની માટી અથવા સાદી માટીનો નિકાલ અથવા સંગ્રહ કરવાનો રહેશે."

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૩માં, નીચેના નિયમો દાખલ કરવા:-

" ૩ક. પદ્ધતિસર, વૈજ્ઞાનિક અને પર્યાવરણને સાનુકૂળ ખાણકામ.-

(૧) ગૌણ ખનિજના ખોદકામ માટે ખાણ પટાની મંજૂરી આપવામાં આવે, ત્યારે ખનિજ છૂટછાટનો પટો ધરાવનારે, જિલ્લા સ્તરીય પર્યાવરણ વિષયક વ્યવસ્થાપન સમિતિ(DLEMC) પાસેથી પર્યાવરણ વ્યવસ્થાપન યોજના (EMP) મેળવવી જોઇશે.

(૨) ખાણ પટો (ક્વોરી લીઝ) ધરાવનારે, તમામ આવશ્યક વિગતો સાથે, પર્યાવરણ વ્યવસ્થાપન યોજના (EMP) માટે જિલ્લા સ્તરીય પર્યાવરણવિષયક વ્યવસ્થાપન સમિતિ(DLEMC)ના સભ્ય સચિવને સંબોધીને અરજી રજૂ કરવી જોઇશે. પટો ધરાવનારે, પર્યાવરણીય વ્યવસ્થાપન યોજના (EMP)ના ભાગ તરીકે તેણે લેવા ધારેલા પર્યાવરણીય પ્રભાવને હળવા કરતાં પગલાં રજૂ કરવા જોઇશે.

(૩) જિલ્લા સ્તરીય પર્યાવરણવિષયક વ્યવસ્થાપન સમિતિ(DLEMC)-એ આ હેતુ માટે બોલાવવામાં આવેલી તેની સામયિક બેઠકોમાં ગુણદોષના આધારે દરેક અરજી વિચારણામાં લેવી જોઇશે,જેના માટે તે બેઠકોમાં પટો ધરાવનારને પણ બોલાવવા જોઇશે અને તેમને સાંભળવા જોઇશે અને યોગ્ય ગણે તેવા આદેશો સાથે પર્યાવરણ વ્યવસ્થાપન યોજના (EMP)ની મંજૂરી આપવી જોઇશે અથવા તે, નામંજૂર કરવા અંગેના નિર્દિષ્ટ કારણો સહિત આવી પર્યાવરણ વ્યવસ્થાપન યોજના (EMP)ને નામંજૂર કરી શકશે.

(૪) પર્યાવરણ વ્યવસ્થાપન યોજના (EMP) અંગેની વિચારણા અને મંજૂરીની પ્રક્રિયા, જિલ્લા સ્તરીય પર્યાવરણવિષયક વ્યવસ્થાપન સમિતિ(DLEMC) દ્વારા, આ અર્થે અરજી મળ્યાની તારીખથી બે મહિનાની મુદતની અંદર પૂરી કરવી જોઇશે, જેમાં નિષ્ફળ થયેથી, પર્યાવરણ વ્યવસ્થાપન યોજના (EMP)ને મંજૂરી આપેલી છે એમ ગણાશે.

(૫) જિલ્લા સ્તરીય પર્યાવરણવિષયક વ્યવસ્થાપન સમિતિ(DLEMC)-એ પર્યાવરણ વ્યવસ્થાપન યોજના (પ્લાન) (EMP)ની મંજૂરી અંગેના આદેશો અને બોલીઓ અને શરતોનું અસરકારક પાલન પણ સુનિશ્ચિત કરવું જોઇશે અને નિયમિત સમયાંતરે તેની સમીક્ષા કરવી જોઇશે.

૩ખ. પર્યાવરણવિષયક પરવાનગી પત્ર (એન્વાયર્નમેન્ટ કલીયરન્સ સર્ટિફિકેટ) .-

જે જગ્યા માટે ગૌણ ખનિજોના ખોદકામ માટે ખાણ પટા (કવોરી લીઝ)ની મંજૂરી આપવામાં આવે, તે જગ્યા માટે પટો ધરાવનારે/અરજદારે, પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ની જોગવાઇઓ હેઠળ સક્ષમ સત્તાધિકારી પાસેથી પર્યાવરણવિષયક પરવાનગી પત્ર મેળવવો પડશે.

૩ગ. જિલ્લા સ્તરીય પર્યાવરણવિષયક વ્યવસ્થાપન સમિતિ(DLEMC):-

૩ખ. જિલ્લા સ્તરીય પર્યાવરણવિષયક વ્યવસ્થાપન સમિતિ (DLEMC)

જિલ્લા સ્તરીય પર્યાવરણવિષયક વ્યવસ્થાપન સમિતિ (DLEMC) નીચેના સભ્યોની બનશે:-

(૧) જિલ્લા કલેક્ટર જેઓ અધ્યક્ષ રહેશે,

(૨) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પ્રાદેશિક અધિકારી,

(૩) નાયબ વનસંરક્ષક,

(૪) કલેક્ટર દ્વારા ખાસ આમંત્રિત તરીકે જેની સહાય જરૂરી જણાય તેવા બીજા કોઇ જિલ્લા સ્તરીય અધિકારી,

(૫) જિલ્લા મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી/ભૂસ્તરશાસ્ત્રી, જેઓ સભ્ય સચિવ રહેશે.

૩઼઼ઘ. પદ્ધતિસર, વૈજ્ઞાનિક અને પર્યાવરણને સાનુકૂળ ખાણકામ યોજના.–

(૧) ખાણ (ક્વોરી)ને લગતી ખાણકામ યોજનાના હેતુ માટે, પટો ધરાવનાર અથવા યથાપ્રસંગ, અરજદારે, પદ્ધતિસર, વૈજ્ઞાનિક અને પર્યાવરણને સાનુકૂળ ખાણકામ યોજના તૈયાર કરવી જોઇશે.

(૨) સરકારે અથવા તેના દ્વારા આ અર્થે અધિકૃત કરવામાં આવેલા કોઇ અધિકારીએ યોગ્ય રીતે મંજૂરી આપેલ ન હોય, તો સરકાર દ્વારા કોઇપણ ખાણ પટાની મંજૂરી આપવામાં આવશે નહિ અથવા તેને ફરી તાજી કરી આપવામાં આવશે નહિ.

(૩) કોઇપણ ખાણકામ યોજના અથવા સુધારેલી ખાણકામ યોજના, લાયકાત ધરાવનાર માન્યતાપ્રાપ્ત અધિકારી (RQP)–એ તૈયાર કરેલ ન હોય, તો તેને મંજૂરી આપવામાં આવશે નહિ.

(૧) ખાણકામ યોજના અથવા સુધારેલી ખાણકામ યોજના તૈયાર કરવા માટે, કોઇ અધિકારીને માન્યતા આપવામાં આવશે નહિ, સિવાય કે તેઓ:

(ક) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬થી માન્ય થયેલી કોઇપણ સંસ્થાઓ સહિત કેન્દ્રીય અધિનિયમ, પ્રોવિન્શિયલ (પ્રાંતીય) અધિનિયમ અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલી માઇનિંગ(ખાણકામ) ઇજનેરી શાખામાં પદવી અથવા ભૂસ્તરશાસ્ત્રમાં અનુસ્નાતક પદવી ધરાવતો હોય અથવા ભારત બહારની કોઇ યુનિવર્સિટી અથવા સંસ્થા દ્વારા આપવામાં આવેલ તેને કોઇ સમકક્ષ લાયકાત ધરાવતો હોય તેમજ પદવી મેળવ્યા પછી, ખાણકામના ક્ષેત્રમાંનો અવેક્ષકની હેસીયતથી કામગીરીનો બે વર્ષનો વ્યાવસાયિક અનુભવ ધરાવતો હોય, અથવા

(ખ) રાજ્ય ટેકનિકલ શિક્ષણ બોર્ડ દ્વારા આપવામાં આવેલી માઇનિંગ એન્જિનિયરીંગમાં ત્રણ વર્ષનો પૂર્ણ સમયનો ડિપ્લોમા ધરાવતો હોય અને ડિપ્લોમા મેળવ્યા પછી ખાણકામના ક્ષેત્રમાંનો અવેક્ષકની હેસીયતથી કામગીરીનો પાંચ (૫) વર્ષનો વ્યાવસાયિક અનુભવ ધરાવતો હોય.

(૪) ખાણકામ યોજના તૈયાર કરવા માટેના માન્યતાપ્રાપ્ત અધિકારી પણ વિદ્યમાન ખાણકામ યોજનામાં સુધારો કરી શકશે.

૩ચ. સરકાર દ્વારા માન્યતા આપવા બાબત.–

(૧) નિયમ ૩઼ઘ–ના પેટા–નિયમ (૩) હેઠળ જરૂરી હોય તેવી લાયકાત અને અનુભવ ધરાવતા કોઇપણ અધિકારી, સરકાર દ્વારા મુકરર કરવામાં આવેલા સક્ષમ સત્તાધિકારીને આવી માન્યતા માટે અરજી કરી શકશે.

(૨) સક્ષમ સત્તાધિકારી પોતે યોગ્ય ગણે તેવી તપાસ કર્યા પછી, માન્યતા આપી શકશે અથવા માન્યતા આપવાનો ઇનકાર કરી શકશે. માન્યતા આપવાનો ઇનકાર કરવામાં આવે, ત્યારે સક્ષમ સત્તાધિકારીએ લેખિતમાં કારણોની નોંધ કરવી જોઇશે અને તેની જાણ અરજદારને કરવી જોઇશે.

(૩) માન્યતા, શરૂઆતમાં ૫ વર્ષની મુદત માટે આપવી જોઇશે અને એક જ સમયે તેને પાંચ વર્ષથી વધુ નહિ તેટલી વધુ મુદત માટે તાજી કરી શકાશે:

પરંતુ આ અર્થે સક્ષમ સત્તાધિકારી, સંબંધિત અધિકારીને સુનાવણીની તક આપ્યા પછી, લેખિતમાં કારણોની નોંધ કરીને, માન્યતા તાજી કરી આપવાનો ઇનકાર કરી શકશે.

૩છ. ખાણકામ યોજના રજૂ કરવા અને તેને મંજૂરી આપવા બાબત.–

ગૌણ ખનિજ અંગેની ખાણકામ કામગીરી હાથ ધરવા માટે ખાણ પટાની મંજૂરી આપવા માટેની અરજી મળ્યેથી, સરકારે, સદરહુ હેતુ માટે ચોક્કસ વિસ્તાર આપવા (ફાળવવા) માટેનો નિર્ણય કરવો જોઇશે અને અરજદારને આવા નિર્ણય અંગેની જાણ કરવી જોઇશે અને સરકારે ફાળવવાના ચોક્કસ વિસ્તાર અંગેની જાણ થયેથી, અરજદારે, આવી જાણ થયાની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર અથવા સરકાર છૂટ આપે તેટલી વધુ મુદતની અંદર, ખાણકામ યોજના રજૂ કરવી જોઇશે. ખાણકામ યોજનામાં :

(૧) ખનિજ જથ્થાનો પ્રકાર અને પ્રમાણ દર્શાવતી ચોક્કસ વિસ્તારની યોજના, પ્રથમ વર્ષે જ્યાં ખોદકામ કરવાનું હોય તે સ્થળ અથવા સ્થળો અને તેનો વિસ્તાર, અરજદારે ખનિજ–શોધ અંગેની ભેગી કરેલી માહિતીના આધારે ખોદકામના સ્થળોના આડછેદ (ક્રોસ–સેક્શન)અંગેની વિગતવાર માહિતી અને ખોદકામના સ્થળોની વિગતવાર યોજના અને પટાના પ્રથમ પાંચ વર્ષ માટે ખાણકામ અંગેની સંભવિત યોજનાનો;

(૨) વિસ્તારના ખનિજના અનામત જથ્થા સહિત ચોક્કસ વિસ્તારના ભૂસ્તરવિજ્ઞાન અને પ્રસ્તરવિજ્ઞાન અંગેની વિગતોનો;

(૩) ચોક્કસ વિસ્તારમાં હાથથી કરવામાં આવતા અથવા યંત્રો અથવા યાંત્રિક સાધનોના ઉપયોગથી કરવામાં આવતા ખાણકામના પ્રમાણનો ;

(૪) કુદરતી ઢાળિયો (જળમાર્ગ), આરક્ષિત અને બીજા વન વિસ્તારોની હદ અને વૃક્ષોની ગીચતા દર્શાવતા ચોક્કસ વિસ્તારની યોજનાનો, વન, જમીન સપાટી અને હવા અને જળ પ્રદૂષણ સહિતના પર્યાવરણ પર ખાણકામ પ્રવૃત્તિના પ્રભાવ અંગે કોઈપણ મૂલ્યાંકન કરવામાં આવેલ હોય, તો તેનો,વન સંવર્ધન, જમીન નવપ્રાપ્તિ, પ્રદૂષણ નિયંત્રણ માટેના સાધનોનો ઉપયોગ કરીને વિસ્તારના પુનઃસ્થાપન અંગેની યોજનાની વિગતોનો અને સરકાર વખતોવખત આદેશ આપે તેવા બીજા પગલાંનો;

(૫) પાંચ વર્ષ માટે દર વર્ષે ચોક્કસ વિસ્તાર ઉપર ખોદકામ કરવા અંગેના વાર્ષિક કાર્યક્રમ અને યોજનાનો;

(૬) એક હેક્ટરથી વધુ વિસ્તાર માટે ખાણકામ યોજના હોય, તો પ્રોગ્રેસિવ માઇન ક્લોઝર પ્લાનનો (ખાણકામ ઉત્તરોત્તર બંધ કરવા અંગેની યોજનાનો);

(૭) કમિશનર અથવા કમિશનર દ્વારા અધિકૃત કરવામાં આવેલા કોઇ અધિકારી, અરજદારને ખાણકામ યોજનામાં પૂરી પાડવાનું ફરમાવી શકશે તેવી બીજી કોઇ બાબતોનો સમાવેશ થશે.

૩જ. ખાણકામવિષયક કામગીરીની શરૂઆતની પૂર્વ–જરૂરિયાત તરીકે ખાણકામ યોજના.–

(૧) કોઇપણ વ્યક્તિએ, આ નિયમો હેઠળ મંજૂર થયેલ ખાણકામ યોજના અનુસારના વિસ્તાર સિવાયના કોઇ વિસ્તારમાં ગૌણ ખનિજ માટેની ખાણકામવિષયક કામગીરીની શરૂઆત કરવી જોઇશે નહિ.

(૨) ખાણકામ યોજનાની કામગીરીના અનુભવને ધ્યાને લેતાં અથવા પ્રૌદ્યોગિક (ટેકનોલોજિકલ) વિકાસમાંના ફેરફારને લક્ષમાં લેતાં, ખાણકામ યોજનામાં સુધારા કરવાનું અથવા શરતો મૂકવાનું જરૂરી જણાય, તો સરકાર અથવા સરકારે આ અર્થેઅધિકૃત કરેલ કોઇ અધિકારી, લેખિતમાં હુકમ કરીને, પેટા–નિયમ (૧)માં ઉલ્લેખેલ ખાણકામ યોજનામાં ફેરફાર કરવા માટે અથવા પોતે જરૂરી ગણે તેવી શરતોનું પાલન કરવા માટે ખાણ પટો ધરાવનારને ફરમાવી શકશે.

(૩) ખાણકામ યોજનામાં, સુરક્ષિત અને વૈજ્ઞાનિક ખાણકામ, ગૌણ ખનિજના સંરક્ષણના હિતમાંઅને પર્યાવરણના સંરક્ષણ માટે ઇષ્ટ જણાય તેવા સુધારા કરવા ઇચ્છતા પટો ધરાવનારે, સરકારને અથવા સરકારે આ અર્થે અધિકૃત કરેલ કોઇ અધિકારીને તેમાં કરવા ધારેલા સુધારા દર્શાવતી અને તે માટેના કારણોની વિસ્તૃત સમજૂતી આપતી અરજી કરવી જોઇશે.

(૪) સરકાર અથવા સરકારે આ અર્થે અધિકૃત કરેલા કોઈ અધિકારી, પેટા-નિયમ (૩) હેઠળના સુધારા મંજૂર કરી શકશે અથવા પોતે ઈષ્ટ ગણે તેવા ફેરફારો સાથે મંજૂર કરી શકશે.

૩ઝ. માઈન ક્લોઝર (ખાણકામ બંધ કરવા)અંગેની યોજના.-

(૧) દરેક ખાણ માટેની, ખાણકામ બંધ કરવા અંગેની યોજના હોવી જોઈશે, જે બે પ્રકારની હોવી જોઈશેઃ

(૧) ખાણકામ ઉત્તરોત્તર બંધ કરવા અંગેની યોજના; અને

(૨) ખાણકામ બંધ કરવા અંગેની આખરી યોજના (પ્લાન).

(૨) ખાણકામ ઉત્તરોત્તર બંધ કરવા અંગેની યોજના રજૂ કરવા બાબતઃ-

(૧) નવો ખાણ પટો આપવા અથવા તાજો કરી આપવાના કિસ્સામાં, પટે રાખનાર, એજન્ટ, મેનેજર અથવા ખાણકામ (માઇનીંગ) એન્જિનિયરે, ખાણકામ યોજનાના એક અંગભૂત ઘટક તરીકે ખાણકામ ઉત્તરોત્તર બંધ કરવા અંગેની યોજના, આ અર્થે સરકારે અધિકૃત કરેલા અધિકારીને રજૂ કરવી જોઈશે.

(૨) વિદ્યમાન ખાણ પટાના કિસ્સામાં, પટે રાખનાર, એજન્ટ, મેનેજર અથવા ખાણકામ એન્જિનિયરે, ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ (સુધારા) નિયમો, ૨૦૧૫ના આરંભની તારીખથી એક વર્ષની મુદતની અંદર, ખાણકામ ઉત્તરોત્તર બંધ કરવા અંગેની યોજના, આ અર્થે સરકારે અધિકૃત કરેલા અધિકારીને મંજૂરી માટે રજૂ કરવી જોઈશે.

(૩) પટે રાખનાર, એજન્ટ, મેનેજર અથવા ખાણકામ એન્જિનિયરે, વિદ્યમાન ખાણના કિસ્સામાં, તેની મંજૂરીની તારીખથી અથવા નવો ખાણ પટો આપવાના કિસ્સામાં, ખાણકામ શરૂ કર્યાની તારીખથી અથવા યથાપ્રસંગ, ખાણ પટો તાજો કરી આપવાની તારીખથી દર પાંચ વર્ષે, ખાણકામ ઉત્તરોત્તર બંધ કરવા અંગેની યોજનાની સમીક્ષા કરવી જોઈશે અને આ અર્થે સરકારે અધિકૃત કરેલા અધિકારીને તેની મંજૂરી માટે રજૂ કરવી જોઈશે.

(૪) આ અર્થે સરકારે અધિકૃત કરેલા અધિકારીએ, ખાણકામ ઉત્તરોત્તર બંધ કરવા અંગેની યોજના મળ્યાની તારીખથી નેવું દિવસની મુદતની અંદર, તે અંગેની પોતાની મંજૂરી અથવા યથાપ્રસંગ, નામંજૂરી અંગે જાણ કરવી જોઈશે.

(૫) ખાણ પટાના પટે રાખનાર, એજન્ટ, મેનેજર અથવા ખાણકામ એન્જિનિયરને, ખંડ (૪)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની મુદતની અંદર, ખાણકામ ઉત્તરોત્તર બંધ કરવા અંગેની યોજનાની મંજૂરી અથવા નામંજૂરી અંગે જાણ કરવામાં ન આવે, તો ખાણકામ ઉત્તરોત્તર બંધ કરવા અંગેની યોજના કામચલાઉ રીતે મંજૂર કરવામાં આવી હોવાનું ગણાશે અને આવી મંજૂરી, આખરી નિર્ણયની જાણ જ્યારે પણ કરવામાં આવે, ત્યારે તેને અધીન રહેશે.

(૩) ખાણકામ બંધ કરવા અંગેની આખરી યોજના રજૂ કરવા બાબતઃ-

(૧) પટે રાખનાર, એજન્ટ, મેનેજર અથવા ખાણકામ એન્જિનિયરે, ખાણકામ બંધ કરવા માટેની સૂચિત તારીખથી એક વર્ષ પહેલાં, ખાણકામ યોજનાના એક અંગભૂત ઘટક તરીકે ઉત્તરોત્તર ખાણકામ બંધ કરવા અંગેની આખરી યોજના, આ અર્થે સરકારે અધિકૃત કરેલા અધિકારીને મંજૂરી માટે રજૂ કરવી જોઈશે.

(૨) આ અર્થે સરકારે અધિકૃત કરેલા અધિકારીએ, ખાણકામ બંધ કરવા અંગેની આખરી યોજના મળ્યાની તારીખથી ૯૦ (નેવું) દિવસની મુદતની અંદર, તે અંગેની પોતાની મંજૂરી અથવા નામંજૂરીની જાણ માલિક, એજન્ટ અથવા ખાણકામ એન્જિનિયરને કરવી જોઈશે.

(૩) ખાણ પટાના માલિક, એજન્ટ, મેનેજર અથવા ખાણકામ એન્જિનિયરને, પેટા-નિયમ ૩ના ખંડ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની મુદતની અંદર, ખાણકામ બંધ કરવા અંગેની આખરી યોજના અંગેની મંજૂરી અથવા નામંજૂરીની જાણ કરવામાં ન આવે, તો ખાણકામ બંધ કરવા અંગેની આખરી યોજના કામચલાઉ રીતે મંજૂર કરવામાં આવી હોવાનું ગણાશે અને આવી મંજૂરી, આખરી નિર્ણયની જાણ જ્યારે પણ કરવામાં આવે, ત્યારે તેને અધીન રહેશે.

૩૮. મંજૂર કરેલી ખાણકામ યોજનામાં સુધારા કરવા બાબતઃ-

(૧) ખાણકામ યોજનાની કામગીરીના અનુભવને ધ્યાને લઈને અથવા પ્રૌદ્યોગિક (ટેકનોલોજિકલ) વિકાસમાંના ફેરફારને લક્ષમાં લઈને, મંજૂર કરેલી ખાણકામ યોજનામાં એવા સુધારા કરવાનું અથવા શરતો મૂકવાનું જરૂરી જણાય, તો સક્ષમ સત્તાધિકારી, લેખિતમાં હુકમ કરીને, મંજૂર કરેલી ખાણકામ યોજનામાં પોતે જરૂરી ગણે તેવા ફેરફાર કરવા અથવા તેવી શરતોનું પાલન કરવા માટે, ખાણ પટો ધરાવનારને ફરમાવી શકશે.

(૨) મંજૂર કરેલી ખાણકામ યોજનામાં, સુરક્ષિત અને વૈજ્ઞાનિક ખાણકામ, ખનિજના સંરક્ષણના હિતમાં અથવા પર્યાવરણ સંરક્ષણ માટે ઈષ્ટ જણાય તેવા સુધારા કરવા ઈચ્છતા ખાણ પટો ધરાવનારે, સક્ષમ સત્તાધિકારીને તેમાં કરવા ધારેલા સુધારા દર્શાવતી અને તે માટેના કારણોની વિસ્તૃત સમજૂતી આપતી અરજી કરવી જોઈશે.

(૩) સક્ષમ સત્તાધિકારી પેટા-નિયમ (૨) હેઠળના સુધારા મંજૂર કરી શકશે અથવા પોતે ઈષ્ટ ગણે તેવા ફેરફારો સાથે મંજૂર કરી શકશે.

૩૯. ખાણ પટો ધરાવનારની જવાબદારીઓ.-

(૧) પટે રાખનાર, એજન્ટ, મેનેજર અથવા ખાણકામ એન્જિનિયરની એ સુનિશ્ચિત કરવાની જવાબદારી રહેશે કે આ નિયમમાં ઉલ્લેખેલી ખાણકામ બંધ કરવા અંગેની યોજનામાં સમાવિષ્ટ રક્ષણાત્મક ઉપાયો તેમજ (જમીનની) નવપ્રાપ્તિ

અને પુનઃસ્થાપન સહિતની કામગીરી, મંજૂર કરેલી ખાણકામ બંધ કરવા અંગેની યોજના અનુસાર અથવા આ નિયમો હેઠળ આ અર્થે સરકારે અધિકૃત કરેલા અધિકારીએ મંજૂર કર્યા પ્રમાણેના સુધારા અનુસાર કરવામાં આવેલ છે.

(૨) પટે રાખનાર, એજન્ટ, મેનેજર અથવા ખાણકામ એન્જિનિયરે, દર વર્ષના જુલાઈ મહિનાની ૧લી તારીખ પહેલાં, આ અર્થે સરકારે અધિકૃત કરેલા અધિકારીને વાર્ષિક અહેવાલ રજૂ કરવો જોઈશે અને તેમાં મંજૂર કરેલી ખાણકામ બંધ કરવા અંગેની યોજનામાં જણાવ્યા પ્રમાણેની કરવામાં આવેલી રક્ષણાત્મક અને પુનઃસ્થાપનની કામગીરી અંગે જણાવવું જોઈશે અને તેમાં કોઈ ફેરફાર હોય, તો તે અંગેના કારણો જણાવવા જોઈશે.

૩૬. નાણાકીય બાંયધરી :-

(૧) દરેક પટો ધરાવનારે નાણાકીય બાંયધરી આપવી જોઈશે.નાણાકીય બાંયધરીની રકમ, ખાણકામ અને તેને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે ઉપયોગ કરવા માટે આપેલા ખાણ પટાના વિસ્તારના હેક્ટર દીઠ પચાસ હજાર રૂપિયા રહેશે. તેમ છતાં, પેટા-નિયમ (૨)માં ઉલ્લેખેલા સ્વરૂપો પૈકીના કોઈપણ સ્વરૂપે આપવાની નાણાકીય બાંયધરીની ન્યૂનતમ રકમ એક લાખ રૂપિયા રહેશે:

પરંતુ ખાણ પટો ધરાવનારને, ખાણકામ અને તેને સંલગ્ન પ્રવૃત્તિઓના વિસ્તારમાં વધારો થવા સાથે નાણાકીય બાંયધરીની રકમ વધારવાનું ફરમાવી શકાશે:

વધુમાં, ખાણ પટો ધરાવનાર ખાણકામ ઉત્તરોત્તર બંધ કરવાની કામગીરીના ભાગ રૂપે (જમીનની) નવપ્રાપ્તિ અને પુનઃ સ્થાપનની કામગીરી હાથ ધરે, ત્યારે આ રીતે ચૂકવેલી રકમની ગણતરી, પટો ધરાવનારે અગાઉથી ચૂકવેલી નાણાકીય બાંયધરીની રકમ તરીકે કરવી જોઈશે અને પટો ધરાવનારે આપવાની થતી નાણાકીય બાંયધરીની કુલ રકમ તેટલા પ્રમાણમાં ઘટાડવી જોઈશે.

(૨) નાણાકીય બાંયધરી, નીચે જણાવેલા સ્વરૂપો પૈકી કોઈપણ સ્વરૂપે અથવા તેમાં કરવામાં આવતા કોઈ સુધારા પ્રમાણે, આ અર્થે સરકારે અધિકૃત કરેલા અધિકારીને રજૂ કરવી જોઈશે:

(ક) કોઈપણ અનુસૂચિત બેંકનો શાખ-પત્ર,

(ખ) જામીન-ખતની સોંપણી,

(ગ) ખાણકામ દ્વારા ઊભી થતી આવકમાંથી મળતા વાર્ષિક ફાળા મારફત ઊભા થતા અને ખાણબંધ કરવા માટે જરૂરી અપેક્ષિત રકમ ઉપર આધારિત ટ્રસ્ટ ફંડ, અથવા

(ઘ) જામીનગીરીના બીજા કોઈપણ સ્વરૂપ અથવા અધિકારીને સ્વીકાર્ય હોય તેવી બીજી કોઈપણ બાંયધરી (ગેરંટી).

(૩) ખાણ પટો ધરાવનારે, ખાણ પટા-ખત કરતાં પહેલાં, આ અર્થે સરકારે અધિકૃત કરેલા અધિકારીને, નાણાકીય બાંયધરી રજૂ કરવી જોઈશે.વિદ્યમાન ખાણ પટાના કિસ્સામાં, પટો ધરાવનારે, ખાણકામ ઉત્તરોત્તર બંધ કરવા અંગેની યોજનાની સાથે નાણાકીય બાંયધરી રજૂ કરવી જોઈશે.

(૪) ખાણકામ ઉત્તરોત્તર બંધ કરવા અંગેની યોજનામાં સમાવિષ્ટ જોગવાઈઓનું સંતોષકારક રીતે પાલન થયા બદલ પટો ધરાવનારે નોટિસ આપ્યેથી અને આ અર્થે સરકારે અધિકૃત કરેલા અધિકારીએ તેને પ્રમાણિત કર્યેથી, નાણાકીય બાંયધરી મુક્ત કરાવી શકાશે.

(૫) આ અર્થે સરકારે અધિકૃત કરેલા અધિકારીને એમ માનવાને વાજબી કારણ હોય કે જેના સંબંધમાં નાણાકીય બાંયધરી આપવામાં આવી હતી તે રક્ષણાત્મક, (જમીનની) નવપ્રાપ્તિને લગતાં અને મંજૂર કરેલી ખાણકામ બંધ કરવા અંગેની યોજનામાં જણાવ્યા પ્રમાણેના પગલાં, ખાણકામ બંધ કરવા અંગેની યોજના અનુસાર, સંપૂર્ણ અથવા આંશિક રીતે, લેવામાં આવેલ નથી અથવા લેવામાં આવશે નહિ, તો આ અર્થે સરકારે અધિકૃત કરેલ આધિકારીએ, પટો ધરાવનારને, બાંયધરી આપવામાં આવેલ રકમ જ *કરવા માટે*ના હુકમો કરવાના પોતાના ઈરાદાની લેખિત નોટિસ, કરવાના હુકમની તારીખથી ઓછામાં ઓછા ત્રીસ દિવસ પહેલાં, આપવી જોઈશે.

(૬) પેટા-નિયમ (૫)માં ઉલ્લેખેલ નોટિસ મળ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર, પટો ધરાવનાર પાસેથી લેખિતમાં સંતોષકારક જવાબ ન મળે, તો આ અર્થે સરકારે અધિકૃત કરેલ અધિકારીએ, જામીનગીરીની રકમ જ*પ્ત* કરવા માટેનો હુકમ કરવો જોઈશે અને આવા હુકમની એક નકલ શેરો કરીને સરકારને મોકલવી જોઈશે.

(૭) આ અર્થે સરકારે અધિકૃત કરેલ અધિકારી દ્વારા હુકમ કર્યેથી, સરકાર, રક્ષણાત્મક, (જમીનની) નવપ્રાપ્તિ તથા પુનઃ સ્થાપનને લગતા પગલાં લેવાના હેતુ માટે નાણાકીય બાંયધરી તરીકે પૂરા પાડેલ અથવા મેળવેલ શાખ-પત્ર અથવા બીજા કોઈ જામીન-ખત, બાંયધરી-ખતના નાણાં મેળવી શકશે અને સરકારે તેવા પગલાં લેવા જોઈશે અથવા તેમ કરવા માટે એજન્ટની નિમણૂક કરવી જોઈશે.

૩ढ. વિદ્યમાન પટે રાખનારે રજૂ કરવાની ખાણકામ યોજના બાબત.-

(૧) ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ (સુધારા) નિયમો, ૨૦૧૫ના આરંભ પહેલાં મંજૂર કરેલી ખાણકામ યોજના સિવાય, ગૌણ ખનિજ માટેની ખાણકામની કામગીરી હાથ ધરવામાં આવેલ હોય, ત્યારે આવા પટાના પટો ધરાવનારે, નિયમોના આરંભની તારીખથી એક વર્ષની મુદતની અંદર, સરકારને અથવા આ અર્થે સરકારે અધિકૃત કરેલ કોઈ અધિકારીને, ખાણકામ યોજના, મંજૂરી માટે રજૂ કરવી જોઈશે.

(૨) પટો ધરાવનાર પોતાના કાબૂ બહારના કારણોસર નિર્દિષ્ટ સમયની અંદર ખાણકામ યોજના રજૂ કરવામાં અસમર્થ રહેલ હોય, તો તે, સરકારને અથવા આ અર્થે સરકારે અધિકૃત કરેલ કોઈ અધિકારીને, કારણો દર્શાવીને સમય લંબાવવા માટેની અરજી કરી શકશે.

(૩) ઉપરના પેટા-નિયમ (૨) હેઠળ કરેલી અરજી મળ્યેથી, સરકાર અથવા આ અર્થે સરકારે અધિકૃત કરેલ કોઈ અધિકારીને ખાતરી થયેથી, તેઓ, ખાણકામ યોજના રજૂ કરવા માટેની મુદત, વધુમાં વધુ બે વર્ષ સુધી લંબાવી શકશે.

(૪) સરકાર અથવા આ અર્થે સરકારે અધિકૃત કરેલ કોઈ અધિકારી, પેટા-નિયમ (૧) હેઠળ પટો ધરાવનારે રજૂ કરેલી ખાણકામ યોજના, તેમાં કરવાના સુધારા સાથે, મંજૂર કરી શકશે અને પટો ધરાવનારે તેમાં એવા સુધારા કરવા જોઈશે અને સુધારેલી ખાણકામ યોજના, સરકાર અથવા યથાપ્રસંગ, એવી રીતે અધિકૃત કરેલા અધિકારીની મંજૂરી માટે ફરી રજૂ કરવી જોઈશે.

(૫) સરકારે અથવા આ અર્થે સરકારે અધિકૃત કરેલ કોઈ અધિકારીએ, ખાણકામ યોજના અથવા સુધારેલી યોજના મળ્યાની તારીખથી નેવું દિવસની મુદતની અંદર, અરજદારને, તેની (યોજનાની) અથવા પોતાની મંજૂરી અથવા નામંજૂરી અંગે જાણ કરવી જોઈશે અને તેની નામંજૂરીના કિસ્સામાં, તેમણે, સદરહુ ખાણકામ યોજના અથવા સુધારેલી ખાણકામ યોજના નામંજૂર કરવા અંગેના કારણોની પણ જાણ કરવી જોઈશે.

(૬) પેટા-નિયમ (૫) હેઠળ નિયત કરેલી મુદતની અંદર કોઈ નિર્ણય અંગે જાણ કરવામાં ન આવે, તો ખાણકામ યોજના અથવા યથાપ્રસંગ, સુધારેલી ખાણકામ યોજના, કામચલાઉ રીતે મંજૂર કરવામાં આવી હોવાનું ગણાશે અને આવી મંજૂરી, આખરી નિર્ણયની જાણ જ્યારે પણ કરવામાં આવે ત્યારે તેને અધીન રહેશે.

(૭) પેટા-નિયમ (૧) હેઠળ રજૂ કરેલી ખાણકામ યોજના, લાયકાત ધરાવતા માન્યતાપ્રાપ્ત અધિકારીએ તૈયાર કરવી જોઈશે.

૩ત. ખાણકામ યોજનાની સમીક્ષા કરવા બાબત.-

(૧) આ નિયમો હેઠળ યોગ્ય રીતે મંજૂર કરાયેલી દરેક ખાણકામ યોજના, પટાની સંપૂર્ણ મુદત માટે માન્ય ગણાશે.

(૨) દરેક ખાણ અથવા કવોરીના પટે રાખનાર, એજન્ટ, ખાણકામ એન્જિનિયર અથવા મેનેજરે, પેટા-નિયમ (૧) હેઠળ ઠરાવ્યા પ્રમાણે ખાણકામ યોજનાની સમીક્ષા કરવી જોઈશે અને પટાના આગામી પાંચ વર્ષ માટે ખાણકામ માટેની યોજના, સરકાર અથવા આ અર્થે સરકારે અધિકૃત કરેલા કોઈ અધિકારીને મંજૂરી માટે રજૂ કરવી જોઈશે.

(૩) પેટા-નિયમ (૨) હેઠળ રજૂ કરેલી ખાણકામ માટેની દરેક યોજના, લાયકાત ધરાવતી માન્યતાપ્રાપ્ત વ્યક્તિએ તૈયાર કરવી જોઈશે.

(૪) ખાણકામ માટેની યોજના, છેલ્લા જે પ્રસંગે પાંચ વર્ષની મુદત માટે મંજૂર કરવામાં આવી હોય તે મુદત પૂરી થવાના ઓછામાં ઓછા એકસો વીસ દિવસ પહેલાં, સરકાર અથવા સરકારે આ અર્થે અધિકૃત કરેલા કોઈ અધિકારીને રજૂ કરવી જોઈશે :

પરંતુ ખાણકામ માટેની યોજના ઉપર્યુક્ત સમય દરમિયાન મંજૂરી માટે રજૂ કરવામાં ન આવી હોય, તો તેને મંજૂરી આપવામાં ન આવે ત્યાં સુધી, ખાણ પટો ધરાવનાર દ્વારા ખાણકામની કામગીરી કરી શકાશે નહિ અથવા તેમ કરવાની છૂટ આપી શકાશે નહિ.

(૫) સરકારે અથવા આ અર્થે સરકારે અધિકૃત કરેલા અધિકારીએ, ખાણકામ માટેની યોજના મળ્યાની તારીખથી નેવું દિવસની મુદતની અંદર, તે અંગેની તેમની અથવા પોતાની મંજૂરી અથવા નામંજૂરી અંગે ખાણપટો ધરાવનારને જાણ કરવી જોઈશે.

(૬) ખાણ પટો ધરાવનારને, નિયત મુદતની અંદર, ખાણકામ માટેની યોજના અંગેની મંજૂરી અથવા નામંજૂરી અંગે જાણ કરવામાં ન આવે, તો ખાણકામ માટેની યોજના કામચલાઉ રીતે મંજૂર કરવામાં આવી હોવાનું ગણાશે અને આવી મંજૂરી, આખરી નિર્ણયની જાણ જ્યારે પણ કરવામાં આવે, ત્યારે તેને અધીન રહેશે.

૩થ. ખાણકામની કામગીરી ખાણકામ યોજના અનુસાર કરવા બાબત.-

(૧) પટાના દરેક પટો ધરાવનારને, ગૌણ ખનિજ માટેની ખાણકામની કામગીરી, નિયમ ૩ (જ)ના પેટા-નિયમ (૨) હેઠળ નિર્દિષ્ટ કરવામાં આવી હોય તેવી શરતો સાથેની અથવા નિયમ ૩ (જ)ના પેટા-નિયમ (૩) હેઠળ અથવા નિયમ ૩(છ) અથવા ૩(ઢ) અથવા યથાપ્રસંગ, ૩(ત) હેઠળ મંજૂર કરેલી ખાણકામ યોજના (પ્લાન) અથવા સ્કીમ (યોજના) હેઠળ મંજૂર કર્યા પ્રમાણેના સુધારા, હોય તો, તે સુધારા સાથેની ખાણકામ યોજના (પ્લાન) / સ્કીમ (યોજના) અનુસાર કરવી જોઈશે.

(૨) ખાણકામની કામગીરી, પેટા-નિયમ (૧) હેઠળ ઉલ્લેખ્યા પ્રમાણેની ખાણકામ યોજના (પ્લાન) / સ્કીમ (યોજના) અનુસાર કરવામાં આવી ન હોય, તો સરકાર અથવા આ અર્થે સરકારે અધિકૃત કરેલા કોઈ અધિકારી, હુકમ કરીને, ખાણકામની તમામ અથવા તે પૈકીની કોઈપણ કામગીરી મોકૂફ રાખી શકશે અને સદરહુ ખાણકામ યોજના / યોજના (માઈનીંગ પ્લાન/ સ્કીમ) હેઠળ જણાવ્યા પ્રમાણે ખાણમાંની પરિસ્થિતિને પૂર્વવત્ કરવા માટે જરૂરી હોય તેટલી જ કામગીરી ચાલુ રાખવાની પરવાનગી આપી શકશે.

૩દ. કામની પદ્ધતિ.-

(૧) ખાણ પટા માટેની કામગીરીની પદ્ધતિનો અમલ, બેન્ચની રચના કરીને કરવો જોઈશે.

(૨) વેધર્ડ ખનિજો સહિતના ખનિજો અને ઓવરબર્ડનની એવી બેન્ચનો અલગથી ઢગલો કરવો જોઇશે અને ઓવરબર્ડન અથવા વેધર્ડ ખનિજોમાંની બેન્ચોને અગાઉથી જ પૂરતા અંતરે દૂર રાખવી, જેથી તેઓની કામગીરીને લીધે, ખાણની કામગીરીમાં વિક્ષેપ પડે નહિ.

(૩) ઓછામાં ઓછા કચરા સાથે વધુમાં વધુ ઉત્પાદન સુનિશ્ચિત કરવા માટે, દરેક પટા ધારકે, ખાણકામ પ્લાન મુજબ મશીનરી અને સાધનો રાખવાનો પ્રયાસ કરવો જોઇશે.

૩-ધ. બિન-વેચાણપાત્ર ખનિજોનો અલગથી ઢગલો કરવા બાબતઃ-

(૧) કવોરી અથવા ખાણના તળિયેના બિન-વેચાણપાત્ર નકામા પદાર્થોને (Rejects) નિયમિતપણે એકઠા કરી અને સપાટી પર લઇ જવા અને કવોરી અથવા ખાણના ફ્લોર (ફરસ)ને વાજબી રીતે કાટમાળથી મુકત રાખવો જોઇશે.

(૨) ખનિજોના નાના ગઠ્ઠાઓને (Lumps) શકય હોય ત્યાં સુધી કાટમાળના ઢગલામાંથી (Dumps) જુદા પાડવા અને ભવિષ્યમાં ઉપયોગ માટે અલગથી સંગ્રહ કરવો જોઇશે.

(૩) જમીનની સપાટી પરની માટી (Top Soil), ઓવરબર્ડન, નકામી સામગ્રી અથવા બિન-વેચાણપાત્ર ખનિજનો ઢગલો કરવા માટે પસંદ કરેલ જગ્યા કવોરી અથવા ખાણના કામકાજથી દૂર આવેલું હોવું જોઇશે.

(૪) ખાણકામ અથવા ઉત્ખનન (કવોરીઈંગ) કામગીરી શરૂ કરતાં પહેલાં, ઉત્ખનન અથવા ખાણની અંદાજિત અંતિમ મર્યાદા નકકી કરવી જોઇશે અને ડમ્પીંગ ગ્રાઉન્ડ (ખનિજ વગેરેનો ઢગલો કરવાની જગ્યા) એવી રીતે પસંદ કરવું કે જેથી ઉત્ખનન અથવા ખાણના અંતિમ કદની હદની અંદર ડમ્પીંગ કરવામાં ન આવે, સિવાય કે સાથોસાથ ખાણ-પૂરણી (Back Filling) કરવા ધાર્યું હોય.

૩-ન. લાયકાત ધરાવતા અધિકારીઓનો રોજગાર:-

(૧) આ નિયમો અનુસાર ખાણકામની કામગીરી પાર પાડવાના હેતુ માટે, દરેક ખાણ પટા ધારકે,-

(૧) પૂર્ણકાલીન ખાણકામ ઈજનેર અથવા જયાં ડીપ હોલ ડ્રિલીંગ, એકસકેવેશન (ખોદકામ), લોડીંગ અને ટ્રાન્સપોર્ટ માટે હેવી માઈનીંગ મશીનરી (ભારે ખાણકામ મશીનરી) દ્વારા ખાણકામની કામગીરી કરવામાં આવતી હોય અથવા જયાં સરેરાશ રોજગાર દિવસ દીઠ એકસોથી વધુ હોય ત્યાંના ખાણ સલામતીના મહાનિયામક (ડિરેકટર જનરલ ઓફ માઈન્સ સેફટી)-એ કાઢી આપેલ ૨ જા વર્ગનું માઈન મેનેજર્સ સર્ટિફિકેટ ઓફ કોમ્પિટન્સી ધરાવતા અધિકારીને કામે રાખવા જોઈશે.

(૨) બીજી કોઈ ખાણના કિસ્સામાં, ખાણકામની કામગીરીમાં બે વર્ષના અનુભવ સાથે ડિપ્લોમા ઈન માઈનીંગ ધરાવતા અધિકારી અથવા ખાણ સલામતીના મહાનિયામકે કાઢી આપેલ ફોરમેન્સ સર્ટિફિકેટ ઓફ કોમ્પિટન્સી ધરાવતા અધિકારીને કામે રાખવા જોઈશે.

(૩) જયાં ખાણ પટાનો વિસ્તાર એક હેકટર સુધીનો હોય અને ખાણકામ ફકત મેન્યુઅલ મીન્સ (હાથથી વાપરવાના સાધનો) દ્વારા થતું હોય, ત્યાં ખંડ (૧) અથવા (૨)માં જણાવેલ લાયકાત ધરાવતા અધિકારી વધુમાં વધુ અઢાર ખાણ પટા માટે કામ કરી શકશે, પરંતુ એવી તમામ ખાણો/કવોરી ૫૦ કિલોમીટરના ઘેરાવામાં આવેલા હોવા જોઈશે:

વધુમાં, ઉપરના ખંડ (૧), (૨) અથવા (૩) હેઠળ આવતા ખાણ પટા વિષે કોઈ શંકા ઊભી થાય તો, તે બાબત નિર્ણયાર્થે આ સંબંધમાં સરકારે અધિકૃત કરેલા અધિકારીને મોકલી આપવી જોઈશે.

સ્પષ્ટીકરણ.- ‘સરેરાશ રોજગાર’ એ શબ્દપ્રયોગ એટલે અગાઉના ત્રિમાસ દરમિયાન ખાણના કુલ રોજગારની દિવસ દીઠ સરેરાશ (કામ કરેલ કુલ માનવ - દિવસોની સંખ્યાને કામકાજના દિવસોથી ભાગતા મળે તે).

(૨) ખાણ પટાનો પટા ધારક, પેટા-નિયમ (૧)માં જણાવ્યા મુજબની લાયકાત ધરાવતો હોય તો, તે પોતાને પેટા-નિયમ (૧) ના હેતુ માટે લાયકાત ધરાવતા અધિકારી તરીકે નીમી શકશે.

(૩) પટા ધારકે કામે રાખેલ ભૂસ્તરશાસ્ત્રી અથવા ખાણકામ ઈજનેર, નીચે નિર્દિષ્ટ કરેલ લાયકાતો ધરાવતાં હોવા જોઈશે.

(૧) ભૂસ્તરશાસ્ત્રી: યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૪ હેઠળ સ્થપાયેલ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા માન્ય કરેલ કોઈ સંસ્થા સહિત કેન્દ્રીય અધિનિયમ, પ્રોવિન્શિયલ (પ્રાંતીય) અધિનિયમ અથવા રાજય અધિનિયમ હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટી દ્વારા અપાયેલ ભૂસ્તરવિજ્ઞાનમાં અનુસ્નાતકની પદવી અથવા તેને સમકક્ષ કોઈ લાયકાત;

(૨) ખાણકામ ઈજનેર (માઈનીંગ એન્જિનિયર) : યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૪ હેઠળ સ્થપાયેલ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા માન્ય કરેલ કોઈ સંસ્થા સહિત કેન્દ્રીય અધિનિયમ, પ્રોવિન્શિયલ (પ્રાંતીય) અધિનિયમ અથવા રાજય અધિનિયમ હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટી દ્વારા અપાયેલ, ખાણકામ ઈજનેરીમાં પદવી અથવા તેને સમકક્ષ કોઈ લાયકાત; અથવા રાજય ટેકનિકલ શિક્ષણ બોર્ડ દ્વારા અપાયેલ ખાણકામ ઈજનેરીમાં ૩ વર્ષનું પૂર્ણકાલિક ડિપ્લોમા પ્રમાણપત્ર;

(૪) પટા ધારકે સંબંધિત ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતાના ભૂસ્તરશાસ્ત્રી/મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીને, એવા અધિકારીની સંમતિ સાથે તેણે કામે રાખેલ લાયકાત ધરાવતા અધિકારીની વિગતોની જાણ કરવી જોઈશે.

(૫) ખાણમાંના સરેરાશ રોજગારમાં ઘટાડાને લીધે, આ અર્થે કોઈ ફેરફાર કરવાનું જરૂરી હોય તો, સંબંધિત જિલ્લા કલેકટરની પૂર્વ મંજૂરીથી તેઓ નિર્દિષ્ટ કરે તેવી શરતોને અધીન, તેમ કરવું જોઈશે.

૩-પ.લાયકાત ધરાવતા અધિકારીની ફરજો:-

(૧) નિયમ ૩ (ન) મુજબ કામે રાખેલ લાયકાત ધરાવતા અધિકારીની, ખાણકામની કામગીરી યોજના અને તેનું સંચાલન કરવા માટેના તમામ જરૂરી પગલાં લેવાની ફરજ રહેશે, જેથી કરીને આ નિયમો અનુસાર ખાણ પટા વિસ્તારમાં અને તેની આસપાસ ખનિજોનું સંરક્ષણ, ખનિજ સંગ્રહનો પદ્ધતિસરનો વિકાસ અને પર્યાવરણનું સંરક્ષણ સુનિશ્ચિત કરી શકાય.

(૨) તે, આ નિયમો અનુસાર, પ્લાનો, સેકશનો, રિપોર્ટો અને સ્કીમો તૈયાર કરવા અને નિભાવવા માટે જવાબદાર રહેશે.

(૩) તે, સંલગ્ન ખડકો અને ખનિજોના અભ્યાસ કરવા તેઓને ઓળખવા અને ઉત્પાદિત વિવિધ ખનિજોના અલગથી ઢગલા કરવા માટે જવાબદાર રહેશે.

(૪) તે, અધિકૃત અધિકારી, આ નિયમો હેઠળ લેખિતમાં આપે તેવા તમામ હુકમો અને આદેશોનો અમલ કરશે અને એવા હુકમો અથવા આદેશોની નકલ ખાણ પટા ધારકને મોકલી આપશે.

(૫) તે, આ નિયમો અને તે હેઠળ કાઢેલા હુકમોની જોગવાઇઓ પાર પાડવાના હેતુ માટે, ખાણ પટા ખાતે તમામ સમયે યોગ્ય સાધનસામગ્રી, ઉપકરણો અને સવલતોની પૂરતી જોગવાઇ છે તે સુનિશ્ચિત કરશે અને ખાણ પટાનો તે માલિક અથવા એજન્ટ ન હોય, ત્યારે તેણે ઉપર્યુક્ત હેતુ માટે જરૂરી કંઇપણ માટે માલિકને અથવા એજન્ટને લેખિતમાં માંગણી કરવી જોઇશે. એવી દરેક માંગણી તે હેતુ માટે રાખેલ બાંધેલા પાના નંબરવાળા ચોપડામાં નોંધવી જોઇશે.

(૬) પેટા-નિયમ (૫) હેઠળ માંગણી મળ્યે, માલિકે અથવા એજન્ટે, અધિકારીએ માંગેલી સાધનસામગ્રી અને સવલતો, બનતી ત્વરાએ, પૂરી પાડવી જોઇશે.

૩-ફ.ખાણ પટા વિસ્તારોના કલસ્ટર (સમૂહ) માટે ઇ.એમ.પી.(EMP):-

(૧) વ્યક્તિગત રીતે, ૫ હેકટર કરતાં ઓછા વિસ્તાર ધરાવતા ખાણ પટા વિસ્તારોના કલસ્ટર (સમૂહ) માટે, કલસ્ટરના ખાણ પટાધારકોએ એસોસિએશનની રચનાના ત્રણ મહિનાની મુદતની અંદર, માન્ય અધિકારી મારફતે ઇ.એમ.પી. તૈયાર કરાવવી જોઇશે અને તે DLEMC - ને મંજૂરી માટે મોકલવી જોઇશે:

પરંતુ કમિશનર, યોગ્ય કિસ્સામાં, ઉપરની મુદત છ મહિનાની વધુ મુદત માટે લંબાવી શકશે.

(૨) કલસ્ટરમાં આવતા ખાણ પટા ધારકોએ, માન્ય અધિકારીએ તૈયાર કરેલ અને DLEMC - એ મંજૂર કરેલ EMP-ના અમલીકરણ માટે કલસ્ટરની જાહેરાતની તારીખથી ગણેલી ત્રણ મહિનાની મુદતની અંદર એસોસિએશનની રચના કરવી જોઇશે. તમામ ખાણ પટા ધારકો, સંબંધિત એસોસિએશનના સભ્યો બનશે:

પરંતુ એસોસિએશનની રચના પછી, કલસ્ટરની હદમાં જેને ખાણ પટો આપવામાં આવેલ હોય તેવો કોઇ ખાણ પટા ધારક એસોસિએશનનો સભ્ય ગણાશે.

૩-બ. કલસ્ટરમાં EMP ના સામાન્ય પ્રશ્નોનું અમલીકરણ:-

નિયમ ૩-ફના પેટા-નિયમ (૨)ની જોગવાઇઓ મુજબ રચાયેલ એસોસિએશન, EMP - ના અમલીકરણ માટે જવાબદાર રહેશે અને EMP—નો અમલ ન થાય તે કિસ્સામાં, ભૂસ્તરશાસ્ત્રી/મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીએ, સંબંધિત જિલ્લા કલેકટરની પૂર્વ મંજૂરીથી એસોસિએશનને ત્રીસ દિવસની નોટિસ આપ્યા પછી, કલસ્ટરમાંના તમામ ખાણ પટા ધારકોની ખાણકામની કામગીરી, અટકાવી દેવી જોઇશે. એવી નોટિસ, ખાણકામ પ્રવૃતિઓ અટકાવી દેવાની અભિપ્રેત તારીખથી ઓછામાં ઓછા પંદર દિવસ પહેલાં બે સ્થાનિક સમાચારપત્રોમાં પ્રસિદ્ધ કરવી જોઇશે.એવી રીતે અટકાવેલ ખાણકામની કામગીરી EMP—નો અમલ કરવામાં આવે તે પછી જ ફરીથી ચાલુ કરવા દેવાશે.

૩-ભ. પટા ધારકે અમલ કરવાના પર્યાવરણીય સુરક્ષાના પગલાં:-

(૧) દરેક ખાણ પટા ધારકે,-

(૧) ખાણકામની કામગીરી શરૂ કરતા પહેલાં, ગુજરાત રાજય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પાસેથી, સ્થાપવા માટેની અને કામગીરી માટેની સંમતિ મેળવવાની રહેશે અને એવી સંમતિની શરતોનો અમલ કરવાનો રહેશે.

(૨) કોઇપણ ખાણકામની કામગીરીને લીધે કોઇ કુદરતી જળમાર્ગ અને/ અથવા જળ સ્ત્રોતમાં અવરોધ ન થાય તે સુનિશ્ચિત કરવું. ખાણકામની કામગીરી દરમિયાન ખાણ પટા વિસ્તારમાં આવેલા/ તેમાંથી પસાર થતાં વિદ્યમાન જળસ્ત્રોત, હોય તો, તેના સંરક્ષણ માટે પૂરતા પગલાં લેવા જોઇશે.

(૩) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ (GWSSB) ની મંજૂરી ન મળે, ત્યાં સુધી ભૂગર્ભ જળના સ્તરથી ઉપરના સ્તર સુધી ખાણ કામગીરી મર્યાદિત રાખવી;

(૪) EMP / ખાણ પ્લાનમાં નિશાની કરેલા સ્થળે જમીનના ઉપરના સ્તરની માટીનો (Top Soil) હંગામી રીતે સંગ્રહ કરવો;

(૫) ડમ્પ સાઈટ / EMP / ખાણ પ્લાનમાં નિશાની કર્યા પ્રમાણેના સ્થળે ખાણકામની કામગીરી દરમિયાન ઉત્ખનન થયેલા વધારાના ઢગલાને રાખવો.

(૬) હવા પ્રદૂષણ સંભવિત અને ક્રસીંગ અને સ્ક્રીનીંગ પ્લાન, લોડીંગ અને અનલોડીંગ માટેના સ્થળ અને તમામ હેરફેર સ્થળની આસપાસના વિસ્તાર જેવા પાર્ટીક્યુલેટ મેટરની ઉચ્ચકક્ષા ધરાવતા પ્રદૂષણ સંભવિત વિસ્તારોમાં નિયમિત પાણીનો છંટકાવ જેવા અસરકારક સુરક્ષાના પગલાં લેવા જોઈશે.ખાણની અંદરના રસ્તા(હાઉલ રોડ) પર ખૂબ જ પાણીનો છંટકાવ કરાવવો જોઈશે. રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડે ઠરાવેલા ધારાધોરણોને અનુરૂપ એમ્બિઅન્ટ એર ક્વોલીટી પેરામીટર્સ સતત નિભાવવામાં આવે તે સુનિશ્ચિત કરવું જોઈશે;

(૭) ભૂકંપનોના નિયંત્રણ માટે નિયંત્રિત વિસ્ફોટ કરવા અને તેને ઓછા કરવાના પગલાંનો અમલ કરવા અને ફ્લાય રોકસ અને બોલ્ડર્સને અટકાવવા જોઈશે. ખાણ સલામતીના કમિશનર જનરલ તરફથી મળેલ બ્લાસ્ટર (વિસ્ફોટક) પ્રમાણપત્ર ધરાવતા અધિકારીએ જ વિસ્ફોટની કામગીરી કરવી જોઈશે. ખાણ સલામતીના મહાનિયામક (ડાયરેક્ટર જનરલ ઓફ માઈન્સ સેફટી)ની મંજૂરી પછી જ ડીપ હોલ બ્લાસ્ટીંગ કરવું જોઈશે;

(૮) નજીકના વિસ્તારોમાંના મકાનો/માળખાઓને વિસ્ફોટને કારણે અસર ન થાય તે સુનિશ્ચિત કરવા ખાણકામની કામગીરી દરમિયાન તે જોખમ હળવું થાય તેવા તમામ પગલાં લેવા જોઈશે;

(૯) ડસ્ટ એકસટ્રેક્ટર્સથી સંચાલિત અથવા વોટર ઈન્જેકશન સીસ્ટમ ધરાવતા ઉપકરણવાળી ડ્રીલનો ઉપયોગ કરવો જોઈશે.

(૧૦) ધૂળવાળા વિસ્તારોમાં કામ કરતી વ્યકિતઓ સંરક્ષણાત્મક શ્વસન માટેના સાધનો પહેરે તે સુનિશ્ચિત કરવું જોઈશે અને તેમને સલામતી, પર્યાવરણ અને આરોગ્ય વિષયક બાબતો અંગે પૂરતી તાલીમ અને માહિતી પણ પૂરી પાડવી જોઈશે;

(૧૧) કૃષિ પાકને ઓછામાં ઓછી હાનિ થાય તે સુનિશ્ચિત કરવાની બાંયધરી આપવી જોઈશે અને પાકને થયેલ હાનિ/નુકસાન અંગે માટે યોગ્ય વળતર આપવાની બાંયધરી લેવી જોઈશે;

(૧૨) વખતોવખત સુધાર્યા પ્રમાણેના મેટાલીફેરસ માઈન્સ રેગ્યુલેશન, ૧૯૬૧ મુજબ બેન્ચની ઉંચાઈ અને ઢાળ (સ્લોપ) જાળવવા જોઈશે;

(૧૩) ખાણનો એકંદર ઢાળ ૪૫ ડિગ્રીથી ઓછો હોવો જોઈશે;

(૧૪) વાહનોનો ધુમાડો નિયંત્રણમાં રાખવો જોઈશે અને નિયમિતપણે તેની દેખરેખ રાખવી જોઈશે. ખાણકામની કામગીરી અને ખનિજોની હેરફેરમાં વપરાતા વાહનોની જાળવણી માટેના પગલાં લેવા જોઈશે. વાહનો વધુ પડતો ભાર લદાયેલા હોવા જોઈશે નહિ;

(૧૫) કામગીરીની જગ્યામાં ઘોંઘાટનું સ્તર ૮૫ dba(ડેસીબલ) થી ઓછું રહે તેના નિયંત્રણ માટે પગલાં લેવા જોઈશે.

(૨) પેટા-નિયમ (૧)માં જણાવેલ કોઈપણ સુરક્ષાના પગલાંના પાલનમાં ચૂક થયે, તેનું પાલન કરવા માટેની પટા ધારકને ત્રીસ દિવસની નોટિસ આપ્યા પછી, ખાણ પટો રદ થવાને પાત્ર થશે.

(૩) EMP, સહિત મંજૂર થયેલ ખાણકામ પ્લાનની શરતો મુજબ જ ખાણકામની કામગીરી કરવી જોઈશે.

(૪) રોયલ્ટીની ડીપોઝીટ અને નાણાકીય બાંયધરી આપવા ઉપરાંત દરેક પટા ધારકે, નીચે પ્રમાણેના દરે, EMP મુજબ પર્યાવરણીય સંરક્ષણ માટે એસોસિએશન/ એજન્સીની નાણાકીય જરૂરિયાતોને પહોંચી વળવા માટે પર્યાવરણીય વ્યવસ્થાપન ફંડમાં નીચે જણાવેલ દરે ફાળો પણ આપવો જોઈશે:

(૧) ☐લાઈમસ્ટોન, બ્લેક ટ્રેપ, માર્બલ, અને ગ્રેનાઈટ ખનિજના નિકાસ માટે ટન દીઠ/૧૦

(૨) ☐ ખંડ (૧)માં જોગવાઈ કરેલ સિવાયના બીજા તમામ ખનિજો માટે ટન દીઠ/ ૫.

૩-મ પર્યાવરણીય પ્રભાવને હળવા કરતાં પગલાં.-

પર્યાવરણવિષયક વ્યવસ્થાપન યોજનામાં નીચેના પગલાનો સમાવેશ કરવો જોઈશે:-

(૧) જમીનની સપાટી ઉપરની માટીને ખસેડવા અને તેનો ઉપયોગ કરવા બાબત.-

(૧) ખાણકામની કામગીરી દરમિયાન એકત્રિત કરેલી જમીનની સપાટી ઉપરની માટીનો માન્ય સ્થળે ઢગલો કરવાની પદ્ધતિસર રીતે વ્યવસ્થા કરવી જોઈશે; અને

(૨) આ રીતે ઢગલો કરેલી જમીનની સપાટી ઉપરની માટીનો ઉપયોગ, ખાણકામની કામગીરી માટે જરૂરી ન હોય તેવી જમીનને યથાવત્ કરવા માટે અથવા જમીનના (વધારાના ઢગલાના) સ્થાયીકરણ/ લેન્ડસ્કેપીંગ (બગીચાકામ) માટે કરવો જોઇશે.

(૨) વધારાના નકામા પથ્થર, વગેરેનો સંગ્રહ.–

(૧) ખાણકામની કામગીરી દરમિયાન બહાર નીકળેલા વધારાના નકામા પથ્થર અને બિનવેચાણપાત્ર ખનિજના ઢગલા, કલસ્ટર માટે માન્ય ઇ.એમ.પી. (પર્યાવરણવિષયક વ્યવસ્થાપન યોજના)–માં નિશાની કરેલી જમીનો પર અલગથી ચોક્કસ આકારમાં કરવાની વ્યવસ્થા કરવી જોઇશે.

(૨) વધારાના ઢગલા આસપાસની જમીનનો બગાડ થાય અથવા તેનાથી પાણીના વહેણમાં કાંપનો જમાવ થાય તે અટકાવવા માટે યોગ્ય રીતે સુરક્ષિત રાખવા જોઇશે.

ખ. ખનિજને ખૂબ જ ઊંડાણમાંથી પ્રાપ્ત કરવામાં આવેલ હોય ત્યારે શક્ય હોય ત્યાં ખાણ (ક્વોરી) અથવા ખાણકામની પૂરણીમાં ભરવા માટે, આવા નકામા પથ્થર અથવા વધારાના અથવા અન્ય નકામા (કાઢી નાખેલા) પદાર્થોનો ઉપયોગ કરવો, જેથી કરીને જમીનને તેના મૂળ ઉપયોગ અથવા ઈષ્ટ વૈકલ્પિક ઉપયોગ માટે યથાવત્ કરી શકાય. ખાણકામની પૂરણી કરવાનું શક્ય ન હોય, ત્યાં જમીન અને તેની સપાટી પરનું ધોવાણ થતું અટકાવવા માટે, યોગ્ય સ્થાનિક વનસ્પતિની જાતિ દ્વારા વનસ્પતિ વૈજ્ઞાનિક રીતે ઉગાડવી જોઇશે; અને

ગ. અગાઉ વિદ્યમાન હોય તેવા નકામા પદાર્થોના ઢગલાની મહત્તમ ઊંચાઇ ૫ મીટરથી વધવી જોઇશે નહિ અને ઝીણી રજકણો (ફાઇન પાર્ટિકલ્સ) ઊડતી અટકાવવા માટે તેને પથ્થર (રબલ સ્ટોન્સ) અથવા જીઓગ્રીન બ્લેંકેટની દિવાલોથી સુરક્ષિત રાખવી જોઇશે.

(૩) જમીનોની નવપ્રાપ્તિ અને પુનઃસ્થાપન.–

ખાણકામની કામગીરીથી અસરગ્રસ્ત થયેલી જમીનને તબક્કાવાર રીતે યથાવત કરીને તેની નવપ્રાપ્તિ અને પુનઃસ્થાપન હાથ ધરવું જોઇશે, જેથી કરીને ખાણકામની કામગીરીની સમાપ્તિ પહેલાં અને ઉત્પાદક અને વિકાસક્ષમ જગ્યા સોંપવાના ઉદ્દેશથી ખાણ (ક્વોરી) અથવા ખાણકામ છોડી દેવામાં આવે તે પહેલાં કામ પૂર્ણ થાય.

(૪) હવા પ્રદૂષણ સામે સાવચેતી.–

(૧) ખનિજ અને સંબંધિત પ્રવૃત્તિઓ માટે ખાણકામ અથવા પ્રક્રિયા કામગીરી દરમિયાન ધૂળ, ઉત્સર્જન અથવા ધુમાડાને લીધે થતા હવા પ્રદૂષણ પર નિયંત્રણ રાખવું જોઇશે અને તેને તત્સમયે અમલમાં હોય તેવા કોઇ પર્યાવરણવિષયક કાયદા હેઠળ નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની પરવાનગીપાત્ર મર્યાદાની અંદર રાખવું જોઇશે. ખાણના મુખ્ય હોલેજ રોડ (ખાણ કામગીરીના હેતુ માટે ઉપયોગમાં લેવાતા રસ્તા) પર પાણીનો છંટકાવ કરીને તેને ભીના રાખવા જોઇશે; અને

(૨) હવાની (વાયુ) ગુણવત્તાના સામયિક પરીક્ષણ પર કલસ્ટરના એસોસિએશને દેખરેખ– નિયંત્રણ રાખવું જોઇશે અને તેના પરિણામોની જાણ, સંબંધિત ભૂસ્તરશાસ્ત્રી / મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી તેમજ રાજય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પ્રાદેશિક અધિકારીને કરવી જોઇશે.

(૫) દૂષિત પ્રવાહી (કચરા)નો નિકાલ.–

ખાણ (ક્વોરી) અથવા ખાણકામ, કાર્યસ્થળ (વર્કશોપ) અથવા પ્રક્રિયા પ્લાન્ટમાંથી જમીનની સપાટી અથવા ભૂપૃષ્ઠ જળાશયો અને વપરાશપાત્ર (ઉપયોગ કરી શકાય તેવી) જમીનો પર ઝેરી અને વાંધાજનક દૂષિત પ્રવાહી (કચરા)નો નિકાલ થતો અટકાવવા અથવા ઓછામાં ઓછા પ્રમાણ સુધી એવો નિકાલ ઘટાડવા માટે તમામ શક્ય સાવચેતીઓ લેવી જોઇશે.દૂષિત પ્રવાહી (કચરો) આ સંબંધમાં ઠરાવેલા ધોરણોને અનુરૂપ હોવું જોઇશે.

(૬) ઘોંઘાટ સામે સાવચેતી.–

(૧) ખનિજ માટે ખાણકામ અને પ્રક્રિયા કામગીરીમાંથી ઉદભવતા ઘોંઘાટને પરવાનગીપાત્ર મર્યાદાની અંદર રાખવા માટે આવા ઘોંઘાટને સ્ત્રોતમાંથી જ નિયંત્રિત રાખવો જોઇશે; અને

(૨) ધ્વનિ પ્રદૂષણના સામયિક પરીક્ષણ પર કલસ્ટરના એસોસિયેશને દેખરેખ – નિયંત્રણ રાખવું જોઇશે અને તેના પરિણામોની જાણ સંબંધિત ભૂસ્તરશાસ્ત્રી / મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી તેમજ રાજય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પ્રાદેશિક અધિકારીને કરવી જોઇશે;

(૭) પ્રાણી સુષ્ટિ / વનસ્પતિનું પુનઃસ્થાપન.–

(૧) ઇએમપી (પર્યાવરણવિષયક વ્યવસ્થાન યોજના)માં નિશાની કરેલા વિસ્તારમાં વાવેતર માટે અસરકારક પગલાં લેવા જોઇશે. એ સુનિશ્ચિત કરવું જોઇશે કે દર વર્ષે નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના કલસ્ટરની કુલ જમીનના ઓછામાં ઓછા ૫ % વિસ્તારમાં વાવેતર થાય;

(૨) વાવેતર માટેના નિશાની કરેલા સ્થળને ફરતી વાડ કરવી જોઇશે અને પાણી પાવા અને વનસ્પતિની સારસંભાળના યોગ્ય આયોજનનું અમલીકરણ કરવું જોઇશે. કલસ્ટર અમલમાં હોય તે દરમિયાન તેની સંભાળ લેવી જોઇશે;

(૩) મુખ્ય માર્ગોની બંને બાજુએ, ખાણકામના સ્થળની કચેરી નજીક અને નકામા પડી રહેલા કચરાના ઢગલા પર કલ્સ્ટરની હદની આગળ (સમાન્તર) યોગ્ય વૃક્ષોનું વાવેતર કરવું જોઇશે;

(૪) પટો ધરાવનારે, અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળ આ અર્થે અધિકૃત કરેલા કોઇ અધિકારીની લેખિતમાં પૂર્વ–મંજૂરી સિવાય, તેના ખાણ (કવોરી) પટાના વિસ્તારમાં કોઇપણ વૃક્ષોનું છેદન કરવું જોઇશે નહિ અથવા તેને નુકસાન પહોંચાડવું જોઇશે નહિ; અને

(૫) જોખમમાં મૂકાયેલી પ્રાણીસૃષ્ટિ અને વનસ્પતિસૃષ્ટિના સંરક્ષણ અને રક્ષણ માટે ખાણકામની કામગીરી દરમિયાન તમામ સાવચેતીના પગલાં લેવા જોઇશે;

(૮) જળ વ્યવસ્થાપન.–

(૧) એકત્રિત કરેલા પાણીનું પૃથકકરણ કરવું જોઇશે અને પીવાલાયક જણાય તો ત્યાર પછી તેને જી.ડબલ્યુ.એસ.એસ.બી. (ગુજરાત પાણી પુરવઠા અને ગટર – વ્યવસ્થા બોર્ડ) સાથે વિચારવિનિમય કરીને, પીવાના પાણીના હેતુ માટે બીજી દિશામાં વાળવું જોઇશે;

(૨) સંચિત પીવા યોગ્ય ન હોય તેવું વરસાદનું પાણી ઉલેચવું જોઇશે અને રાજય જાહેર આરોગ્ય ઇજનેરી ખાતા (વિભાગ) સાથે વિચારવિનિમય કરીને, યોગ્ય પાઇપ લાઇન અથવા મોરી અથવા યથાપ્રસંગ, કડીરૂપ નહેરો પૂરી પાડીને, નજીકના તળાવ/ એક્વિફાયર/ નદી/ નાળા, ઓવારા ક્ષેત્ર તરફ તેને વાળવું જોઇશે;

(૩) ભૂગર્ભ જળસ્તરનું પુનઃપ્રભરણ (રિચાર્જ) કરવા માટે જળસંગ્રહ માટેની કાર્યરીતિ અપનાવવી જોઇશે;

(૪) ખાણકામ માટે બનાવવામાં આવેલા ખાડામાં એકત્રિત કરેલા નકામા કચરા (પ્રવાહી) સાથે પ્રક્રિયા કરવા માટે જરૂરી હોય ત્યાં જળશુદ્ધિકરણ (પાણી પ્રક્રિયા) પ્લાન્ટ ઊભા કરવા માટે અસરકારક પગલાં લેવા જોઇશે; અને

(૫) ભૂગર્ભ જળસ્તર કરતાં નીચે કામ કરવા માટે, ખાણ (કવેરી) પટા ધરાવનારે, ખાણ પાણી નિકાલ, નિકાલ કરેલા પાણીના વ્યવસ્થાપનને લક્ષમાં લઇને, વિગતવાર જળ–ભૂસ્તરીય અભ્યાસ હાથ ધરવો જોઇશે અને રાજય ભૂગર્ભજળ ખાતા (વિભાગ)ની પૂર્વ–મંજૂરી મેળવવી જોઇશે;

(૯) કોર્પોરેટ (સંસ્થાપિત) સામાજિક જવાબદારી.–

(૧) ખાણમાં કામે રખાયેલા કામદારો માટે નિયમિત આરોગ્ય તપાસ શિબિરનું આયોજન કરવું જોઇશે;

(૨) ધૂળ સાથે સંપર્કમાં આવવાને કારણે લાગતા કોઇ ચેપ પર નિરીક્ષણ રાખવા માટે અને જરૂરી હોય તો, સુધારાત્મક પગલાં લેવા માટે, કામદારોનો વ્યવસાયજન્ય સંભાળ કાર્યક્રમ સમયાંતરે હાથ ધરવો જોઇશે;

(૩) ખાણોમાં કામે રખાયેલા તમામ કામદારોને વીમા કવચ પૂરું પાડવું જોઇશે;

(૪) જિલ્લાકક્ષાએ સામાન્ય વ્યાવસાયિક તાલીમ કેન્દ્ર સ્થાપવું જોઇશે;

(૫) શાળા, ઘોડિયાઘર, હોસ્પિટલ, પશુચિકિત્સા હોસ્પિટલ, સ્વચ્છતા, પીવાના પાણી વગેરે જેવી રહીશોની સ્થાનિક જરૂરિયાતો અંગે હકારાત્મક વિચારણા કરવી જોઇશે;

(૧૦) પર્યાવરણવિષયક વ્યવસ્થાપન ફંડ.–

(૧) વસૂલ કરેલા ફંડને સંબંધિત ભૂસ્તરશાસ્ત્રી/ મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીના ખાતામાં અલગથી રાખવું જોઇશે, વસૂલ કરેલા ફંડને સરકારી તિજોરીમાં તબદીલ કરવું જોઇશે નહિ અને તે સરકારી મહેસૂલનો ભાગ બનશે નહિ; અને

(૨) પર્યાવરણવિષયક વિકાસ કામગીરી માટે ડી.એલ.ઇ.એમ.સી. દ્વારા ફંડ ફાળવવું જોઇશે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

કે.એસ.પ્રજાપતિ,

સરકારના સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 85

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, MARCH 22, 2016/CAITRA 2, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી માર્ચ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ-ના તા. ૦૭મી નવેમ્બર, ૨૦૧૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૨૦૧૫નો ૨૮૮-એએમએન-૨૦૨૦૦૦-૩૧૩૩-પી** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Provincial Municipal Corporations (Reservation in the Office of the Mayor) (Amendment) Rules, 2014.

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મેયરનો હોદ્દો અનામત રાખવા બાબત) (સુધારા) નિયમો, ૨૦૧૪ સુધારવા સંબંધી

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૭મી નવેમ્બર, ૨૦૧૫.

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : કેવી-૨૦૧૫નો ૨૮૮ - એએમએન - ૨૦૨૦૦૦/૩૧૩૩ -પી :- ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા)ની કલમ ૪૫૬ની પેટા-કલમ (૨)ના પરંતુક હેઠળ નિયમો કરવા માટે તાત્કાલિક પગલાં લેવાનું અને તેની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી લેવાનું જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૧૯ની પેટા-કલમ (૧૬) સાથે વાંચતા કલમ ૪૫૬ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મેયરનો હોદ્દો અનામત રાખવા બાબત) (સુધારા) નિયમો, ૨૦૧૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. (૧) આ નિયમો ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મેયરનો હોદ્દો અનામત રાખવા બાબત) (સુધારા) નિયમો સુધારતા નિયમો, ૨૦૧૫ કહેવાશે.

(૨) તે સન ૨૦૧૪ના જુલાઈ મહિનાની ૨૪મી તારીખથી અમલમાં આવ્યા હોવાનું ગણાશે.

૨. ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મેયરનો હોદ્દો અનામત રાખવા બાબત) (સુધારા) નિયમો, ૨૦૧૪માં, નિયમ ૨માં,-

(૧) પરિચ્છેદ (૧)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

"(૧) નિયમ ૨માં, "અનુસૂચિ અને અનુસૂચિ ૧" એ શબ્દો અને આંકડાને બદલે, "અનુસૂચિ, અનુસૂચિ ૧ અને અનુસૂચિ ૨" એ શબ્દો અને આંકડા મૂકવા;";

૧. (૧) આ અધિનિયમ ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે સન ૨૦૧૬ ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૦૫નો ગુજરાતનો ૧લો.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૭નો સુધારો.

૨. ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૭માં,-

INDEX

(૧) પેટા-કલમ (૧ક)માં, ખંડ (૧)માં, “૧૯-ક, ૨૫, ૪૬-ખ, ૪૮-ક, ૪૯-ક, ૪૯-ખ, ૫૧-ક, ૭૬-ક અને ૮૭” એ આંકડા, અક્ષરો અને શબ્દને બદલે, “૧૯-ક, ૨૫, ૪૬-ખ, ૪૮-ક, ૪૯-ક, ૪૯-ખ, ૪૯-ગ, ૫૧-ક, ૫૫-ક, ૭૬-ક, ૮૦-ક અને ૮૭” એ આંકડા, અક્ષરો અને શબ્દ મૂકવા;

(૨) પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી :-

“(૨) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી,-

(૧) અનુસૂચિ ૨ની કોઇ નોંધના (અથવા તેના ભાગના) સંબંધમાં, સદરહુ અનુસૂચિ ૨માં નિર્દિષ્ટ કરેલા વેરાના દર ઘટાડી શકશે અને તેવા જ જાહેરનામાથી કોઇ પણ કિસ્સામાં વેરાનો દર વધે નહિ તે રીતે સદરહુ અનુસૂચિ ૨માંની કોઇ નોંધ (અથવા તેનો ભાગ) કમી કરી શકશે અથવા સુધારી શકશે અને તેમ થયે અનુસૂચિ ૨ તદનુસાર સુધારેલી હોવાનું ગણાશે;

(૨) કિંમત, વજન, કદ, માપ અથવા એકમના આધારે વેરો લેવા માટે અનુસૂચિ-૩માં ઉમેરો કરી શકશે અથવા તેમાંથી કંઇપણ કમી કરી શકશે અથવા અન્યથા તેમાં સુધારો અથવા ફેરફાર કરી શકશે અથવા અનુસૂચિ-૩માં નિર્દિષ્ટ કરેલા કોઇ માલના સંબંધમાં ચૂકવવાપાત્ર વેરાનો દર ઘટાડી અથવા વધારી શકશે અને તેમ થયે, અનુસૂચિ-૩ તદનુસાર સુધારેલી હોવાનું ગણાશે.”.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૯નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯માં, પેટા-કલમ (૬)માં, ખંડ (૧)માં, “૧૯-ક, ૨૫, ૪૬-ખ, ૪૮-ક, ૪૯-ક, ૪૯-ખ, ૫૧-ક, ૭૬-ક અને ૮૭” એ આંકડા, અક્ષરો અને શબ્દને બદલે, “૧૯-ક, ૨૫, ૪૬-ખ, ૪૮-ક, ૪૯-ક, ૪૯-ખ, ૪૯-ગ, ૫૧-ક, ૫૫-ક, ૭૬-ક, ૮૦-ક અને ૮૭” એ આંકડા, અક્ષરો અને શબ્દ મૂકવા.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની અનુસૂચિ ૧નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ ૧માં, અનુક્રમાંક ૫૦ પરની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી:-

અનુક્રમાંક	માલનું વર્ણન.	જેને અધીન રહીને માફી આપવામાં આવી હોય તે શરતો અને અપવાદો.
૧	૨	૩
“૫૦	અનુસૂચિ ૨ની નોંધ ૪૨-ક હેઠળ નિર્દિષ્ટ કરેલા મીઠા સિવાયનું મીઠું.	ખરીદનારે એવો એકરાર કરવો જોઈશે કે આ નોંધ હેઠળ આવરી લીધેલું પોતે ખરીદેલું મીઠું, અનુસૂચિ ૨ની નોંધ ૪૨-ક હેઠળ નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના હેતુ માટે વાપરવામાં આવશે નહિ.”.

૫. મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ ૨માં,- સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા અધિનિયમની અનુસૂચિ ૨નો સુધારો.

(૧) અનુક્રમાંક ૪૯-ખ પરની નોંધ પછી, નીચેની નોંધ દાખલ કરવી:-

અનુક્રમાંક	માલનું વર્ણન.	વેરાનો દર.
૧	૨	૩
“૪૯ગ	લક્ઝરી કાર, લક્ઝરી એસ.યુ.વી. (SUVs) અને લક્ઝરી ટુ વ્હીલર. ***સ્પષ્ટીકરણ.-*** આ નોંધના હેતુ માટે, “ લક્ઝરી કાર અથવા લક્ઝરી એસ.યુ.વી. (SUVs)” એટલે પંદર લાખ રૂપિયાથી વધુ કિંમતની કાર અથવા એસ.યુ.વી. અને લક્ઝરી ટુ વ્હીલર એટલે અઢી લાખ રૂપિયાથી વધુ કિંમતના ટુ વ્હીલર.	રૂપિયે સાડા સત્તર પૈસા.”;

(૨) અનુક્રમાંક ૫૫ પરની નોંધ પછી, નીચેની નોંધ દાખલ કરવી:-

અનુક્રમાંક	માલનું વર્ણન.	વેરાનો દર.
૧	૨	૩
“૫૫-ક	પાન મસાલા.	રૂપિયે સાડા બાવીસ પૈસા.”;

(૩) અનુક્રમાંક ૮૦ પરની નોંધ પછી, નીચેની નોંધ દાખલ કરવી:-

અનુક્રમાંક	માલનું વર્ણન.	વેરાનો દર.
૧	૨	૩
"૮૦ ક	કંપનીઓ, પેઢીઓ, હિંદુ અવિભકત કુટુંબ (HUFs), મંડળી, સંસ્થાઓ, સંસ્થાપિત હોય કે ન હોય તેવા વ્યકિતઓના એસોસિએશન અથવા વ્યકિતઓના મંડળ, કલબ, ટ્રસ્ટ, સરકારી વિભાગો, સરકારી અન્ડરટેકિંગ્સ, બોર્ડ-કોર્પોરેશન, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ અને કૃત્રિમ કાનૂની વ્યકિતને વેચવામાં આવેલા (શાળાની બસો, કોલેજ બસો, ઉતારુ બસો અને માલવાહક ટ્રકો સિવાયના) મોટર વાહનો.	રૂપિયે સાડા સત્તર પૈસા.".

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 95

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, MARCH 31, 2016/CAITRA 11, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી માર્ચ, ૨૦૧૬

તારીખઃ ૩૧મી માર્ચ, ૨૦૧૬ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૬ ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક : ૬** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 6 OF 2016.

THE GUJARAT TAX ON ENTRY OF SPECIFIED GOODS INTO LOCAL AREAS (AMENDMENT) ACT, 2016.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજયપાલે **સન ૨૦૧૬ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે** અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સી. જે. ગોઠી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 6 OF 2016.

AN ACT

further to amend the Gujarat Tax on Entry of Specified Goods into Local Areas Act, 2001.

સન ૨૦૧૬નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૬.

(રાજયપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૬ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા (સુધારા) વિધેયક, ૨૦૧૬.

ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ, ૨૦૦૧ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. *ટૂંકી સંજ્ઞા અને આરંભ.*

(૨) તે સન ૨૦૧૬ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૦૧નો ગુજરાતનો ૨૨મો. ૨. ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ, ૨૦૦૧ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨-માં, ખંડ (ચ)ને બદલે, નીચેનો ખંડ મૂકવોઃ- *સન ૨૦૦૧ના ગુજરાતના ૨૨-મા અધિનિયમની કલમ ૨-નો સુધારો.*

INDEX

"(ચ) "આયાતકાર" એટલે રાજય બહારના પણ ભારતના સંઘ પ્રદેશની બહારના ન હોય એવા કોઇ સ્થળેથી, ઓન-લાઇન ખરીદી, વેબ-બેઇઝ્ડ સોફટવેર એપ્લિકેશન (વેબ આધારિત સોફટવેરના ઉપયોગ) અથવા ટેલિ-શોપિંગ પ્લેટફોર્મ સહિતના કોઇ માધ્યમ મારફતે સ્થાનિક વિસ્તારમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે નિર્દિષ્ટ માલ પૈકીનો કોઇપણ માલ લાવતી હોય અથવા લાવી આપવાની સગવડ કરી આપતી હોય તેવી વ્યકિત;".

સન ૨૦૦૧ના ગુજરાતના ૨૨-મા અધિનિયમની કલમ ૩નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩માં, પેટા-કલમ (૨) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી :-

" (૨ક) પેટા-કલમ (૨)માં ગમે તે મજૂકર હોય તેમ છતાં, કોઇ આયાતકાર કે જે રાજય બહારના કોઇ સ્થળેથી, ઓન-લાઇન ખરીદી, વેબ-બેઇઝ્ડ સોફટવેર એપ્લિકેશન (વેબ આધારિત સોફટવેરના ઉપયોગ) અથવા ટેલિ-શોપિંગ પ્લેટફોર્મ મારફતે સ્થાનિક વિસ્તારમાં કોઇ નિર્દિષ્ટ માલ લાવી આપવાની સગવડ કરી આપતા હોય, તેણે (આયાતકારે), જેના માટે આવી સગવડ કરી આપી હોય તે વ્યકિત પાસેથી વેરો વસૂલ કરવો જોઇશે અને ઠરાવવામાં આવે તેવી રીતે અને તેટલી સમયમર્યાદાની અંદર તે (વેરો) ભરવો જોઇશે.".

સન ૨૦૦૧ના ગુજરાતના ૨૨-મા અધિનિયમમાં નવી કલમ ૧૦ક દાખલ કરવા બાબત.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦ પછી, નીચેની કલમ દાખલ કરવી :-

વસૂલાતની ખાસ પદ્ધતિ.

"૧૦ક.(૧) કોઈ કાયદા અથવા કરારમાં વિરુદ્ધનો ગમે તે મજકૂર હોય તેમ છતાં, આકારણી સત્તાધિકારી, કોઈપણ સમયે અથવા વખતોવખત, લેખિતમાં નોટિસ આપીને,-

(ક) પેટા-કલમ (૧) હેઠળ જેને નોટિસ બજાવવામાં આવી હોય તેવા આયાતકારની નાણાંની કોઈ રકમ જેની પાસે લેણી થતી હોય અથવા લેણી થાય તેવી કોઈ વ્યક્તિને, અથવા

(ખ) આવા આયાતકાર માટે અથવા તેમના વતી નાણાં ધરાવતી હોય અથવા પાછળથી નાણાં ધરાવે તેવી કોઈ વ્યક્તિને,

નાણાંની રકમ લેણી નીકળે અથવા ધરાવે તે પછી તરત જ અથવા નોટિસમાં નિર્દિષ્ટ કરેલા સમયગાળાની અંદર (પણ ઉપર જણાવ્યા મુજબ નાણાંની રકમ લેણી નીકળે અથવા ધરાવે તે પહેલાં નહિ એ રીતે), આ અધિનિયમ હેઠળના વેરાની બાકી અથવા દંડની રકમના સંબંધમાં આયાતકારની લેણી નીકળતી રકમ ચૂકવવા માટે પૂરતી હોય

તેટલી રકમ અથવા જ્યારે તે રકમ જેટલી જ અથવા તે રકમથી ઓછી રકમ હોય ત્યારે સંપૂર્ણ રકમ, આકારણી સત્તાધિકારીને ચૂકવવા ફરમાવી શકશે અને તે લેખિત નોટિસની એક નકલ આયાતકારને તેના છેલ્લા જાણીતા સરનામા ઉપર મોકલવી જોઈશે.

સ્પષ્ટીકરણ.- આ પેટા-કલમના હેતુઓ માટે, કોઈ વ્યક્તિ પાસેથી આયાતકારની લેણી નીકળતી નાણાંની રકમ અથવા આયાતકાર વતી અથવા તેના માટે કોઈ વ્યક્તિએ ધરાવેલી રકમની ગણતરી, આકારણી સત્તાધિકારીએ, આવા આયાતકારે એવી વ્યક્તિને ચુકવવા માટે લેણાં થતા અને કાયદેસર રીતે અસ્તિત્વ ધરાવતા દાવા, હોય તો, તેની રકમ તેમાંથી કપાત કરીને કરવી જોઈશે.

(૨) આકારણી સત્તાધિકારી, આવી કોઈ નોટિસમાં સુધારો કરી શકશે અથવા તે નોટિસ રદ કરી શકશે અથવા નોટિસ અનુસાર કોઈ ચુકવણી કરવા માટેનો સમય લંબાવી શકશે.

(૩) આ કલમ હેઠળ નોટિસનું પાલન કરીને કોઈ ચુકવણી કરતી કોઈ વ્યક્તિએ, આયાતકારના સત્તાધિકાર હેઠળ ચુકવણી કરી હોવાનું ગણવામાં આવશે અને આકારણી સત્તાધિકારીએ આપેલી તે અંગેની પહોંચથી, આવી વ્યક્તિએ પહોંચમાં નિર્દિષ્ટ કરેલી રકમના પ્રમાણમાં વાજબી અને પર્યાપ્ત રીતે જવાબદારી અદા કરી હોવાનું ગણવામાં આવશે.

(૪) આ કલમમાં ઉલ્લેખેલી નોટિસ મળ્યા પછી આયાતકાર પ્રત્યેની કોઈ જવાબદારી અદા કરતી કોઈ વ્યક્તિ, અદા કરેલી જવાબદારીના પ્રમાણમાં અથવા વેરા અને દંડ માટેની આયાતકારની જવાબદારીના પ્રમાણમાં, બેમાંથી જે ઓછું હોય તેટલા પ્રમાણમાં, આકારણી સત્તાધિકારીને અંગત રીતે જવાબદાર રહેશે.

(૫) આ કલમ હેઠળ જેને નોટિસ મોકલવામાં આવી હોય તેવી કોઈ વ્યક્તિ, લેખિતમાં નિવેદન કરીને તેનો વાંધો ઉઠાવે કે માંગણી કરવામાં આવેલ રકમ અથવા તેનો કોઈ ભાગ, આયાતકાર પાસે લેણો નીકળતો નથી અથવા તેને ચૂકવવાપાત્ર નથી અથવા પોતે આયાતકાર વતી અથવા તેમના માટે કોઈ રકમ ધરાવતી નથી, ત્યારે આકારણી સત્તાધિકારીએ, તપાસ યોજવી જોઈશે અને આવી વ્યક્તિ અથવા આયાતકારને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, પોતે યોગ્ય ગણે તેવો હુકમ કરવો જોઈશે.

(૬) આ કલમ હેઠળ ઉપર્યુક્ત વ્યક્તિને નાણાંની કોઈ રકમ આકારણી સત્તાધિકારીને ચૂકવવા ફરમાવ્યું હોય અથવા આ કલમ હેઠળ જેના માટે તેઓ આકારણી સત્તાધિકારીને અંગત રીતે જવાબદાર હોય, તેવી કોઈ રકમ, વણચૂકવાયેલી રહે, તો તે (રકમ) જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવી જોઈશે.

INDEX

(૭) આકારણી સત્તાધિકારી, આયાતકારની માલિકીના નાણા જે કોર્ટની કસ્ટડીમાં હોય, તે કોર્ટને, આયાતકાર દ્વારા ચૂકવવાપાત્ર વેરા અને દંડની બાકી રકમ તરીકે, નાણાંની તે રકમની ચુકવણી કરવા માટે અરજી કરી શકશે.''.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 96

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, MARCH 31, 2016/CAITRA 11, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી માર્ચ, ૨૦૧૬

તારીખ: ૩૧મી માર્ચ, ૨૦૧૬ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૬ ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૭ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

GUJARAT ACT NO. 7 OF 2016.

THE GUJARAT APPROPRIATION ACT, 2016.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે **સન ૨૦૧૬ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે** અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સી. જે. ગોઠી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 7 OF 2016.

AN ACT

to authorise payment and appropriation of certain sums from and out of the Consolidated Fund of the State of Gujarat for the services of the financial year ending on the thirty-first day of March, 2017.

સન ૨૦૧૬નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૭ .

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૬ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો).

સન ૨૦૧૭ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

૧. આ અધિનિયમ ગુજરાત વિનિયોગ અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા.

૨. આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૩માં નિર્દિષ્ટ રકમોથી વધુ ન હોય તેટલી એકંદરે રૂપિયા એક લાખ એકાવન હજાર આઠસો એકાવન કરોડ, ત્રાણું લાખ ઓગણત્રીસ હજારની રકમ, અનુસૂચિના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલી સેવાઓ અને હેતુઓ માટે, સન ૨૦૧૬-૧૭ના નાણાકીય વર્ષ દરમિયાન જે જુદા જુદા ખર્ચ આપવાના થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી ઉપાડી શકાશે. સન ૨૦૧૬-૧૭ના નાણાકીય વર્ષ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી ₹૧૫,૧૮,૫૧,૯૩,૨૯,૦૦૦/- ઉપાડવા બાબત.

૩. આ અધિનિયમથી ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી જે રકમો આપવા અને તેનો ઉપયોગ કરવા માટે અધિકાર આપવામાં આવ્યો હોય તે રકમોનો વિનિયોગ, સદરહુ વર્ષના સંબંધમાં અનુસૂચિમાં જણાવેલી સેવાઓ અને હેતુઓ માટે કરવો જોઇશે. વિનિયોગ.

INDEX

અનુસૂચિ

(જુઓ કલમો ૨ અને ૩)

મંજૂર કર્યા પ્રમાણેનો/ વિનિયોગ કર્યા પ્રમાણેનો માંગણીનો નંબર	સેવાઓ અને હેતુઓ	મહેસૂલ / મૂડી	વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
			₹	₹	₹
૧	૨		૩		
૧	કૃષિ અને સહકાર વિભાગ	મહેસૂલ	૧૮૬૯૨૪૦૦૦		૧૮૬૯૨૪૦૦૦
		મૂડી	૪૦૦૦૦૦૦		૪૦૦૦૦૦૦
૨	કૃષિ	મહેસૂલ	૨૮૪૭૦૭૨૮૦૦૦		૨૮૪૭૦૭૨૮૦૦૦
		મૂડી	૧૩૧૫૦૦૦૦૦૦		૧૩૧૫૦૦૦૦૦૦
૩	નાની સિંચાઈ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ	મહેસૂલ	૧૦૩૭૩૩૧૦૦૦		૧૦૩૭૩૩૧૦૦૦
		મૂડી	૯૨૧૪૫૩૦૦૦		૯૨૧૪૫૩૦૦૦
૪	પશુપાલન	મહેસૂલ	૬૧૫૭૯૫૩૦૦૦		૬૧૫૭૯૫૩૦૦૦
૫	સહકાર	મહેસૂલ	૭૩૩૩૬૮૩૦૦૦		૭૩૩૩૬૮૩૦૦૦
		મૂડી	૯૮૮૬૦૧૦૦૦		૯૮૮૬૦૧૦૦૦
૬	મત્સ્યોદ્યોગ	મહેસૂલ	૧૭૨૯૨૫૮૦૦૦		૧૭૨૯૨૫૮૦૦૦
		મૂડી	૨૬૮૦૦૦૦૦૦૦		૨૬૮૦૦૦૦૦૦૦
૭	કૃષિ અને સહકાર વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૨૬૦૦૦૦૦		૨૬૦૦૦૦૦
૮	શિક્ષણ વિભાગ	મહેસૂલ	૧૨૬૦૩૯૦૦૦		૧૨૬૦૩૯૦૦૦
૯	શિક્ષણ	મહેસૂલ	૨૦૪૨૧૩૧૮૮૦૦૦	૨૩૨૧૦૦૦૦૦૦	૨૦૬૫૩૪૧૮૮૦૦૦
		મૂડી	૮૯૨૧૪૭૭૦૦૦		૮૯૨૧૪૭૭૦૦૦
૧૦	શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૧૦૫૬૦૦૦		૨૧૦૫૬૦૦૦
		મૂડી	૪૦૫૧૫૦૦૦૦		૪૦૫૧૫૦૦૦૦
૧૧	ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ	મહેસૂલ	૪૧૧૫૧૦૦૦		૪૧૧૫૧૦૦૦
૧૨	કર વસૂલાત અંગેનું ખર્ચ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)	મહેસૂલ	૨૦૮૩૭૧૦૦૦		૨૦૮૩૭૧૦૦૦
૧૩	વીજ પરિયોજનાઓ	મહેસૂલ	૪૯૭૦૮૨૩૩૦૦૦		૪૯૭૦૮૨૩૩૦૦૦
		મૂડી	૨૨૭૧૨૩૮૫૦૦૦		૨૨૭૧૨૩૮૫૦૦૦
૧૪	ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૯૯૫૯૦૦૦		૯૯૫૯૦૦૦
		મૂડી	૧૩૦૨૦૦૦		૧૩૦૨૦૦૦
૧૫	નાણા વિભાગ	મહેસૂલ	૨૧૦૩૭૬૦૦૦		૨૧૦૩૭૬૦૦૦
૧૬	કર વસૂલાત અંગેનું ખર્ચ (નાણા વિભાગ)	મહેસૂલ	૨૯૭૭૫૩૦૦૦૦		૨૯૭૭૫૩૦૦૦૦

INDEX

૧૭	તિજોરી અને હિસાબ વહીવટ	મહેસૂલ	૧૫૭૪૦૨૧૦૦૦		૧૫૭૪૦૨૧૦૦૦
૧૮	પેન્શન અને બીજા નિવૃત્તિ લાભો	મહેસૂલ	૮૦૬૩૩૦૪૨૦૦૦		૮૦૬૩૩૦૪૨૦૦૦
૧૯	નાણા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૫૭૬૮૫૫૦૭૦૦૦		૫૭૬૮૫૫૦૭૦૦૦
		મૂડી	૬૭૫૦૦૦૦	૧૦૦૦૦૦	૬૮૫૦૦૦૦
૨૦	નાણા વિભાગ અને તેની સેવાને લગતું દેવું ભરપાઇ કરવા બાબત	મહેસૂલ		૧૬૬૪૪૩૪૨૪૦૦૦	૧૬૬૪૪૩૪૨૪૦૦૦
		મૂડી		૮૬૨૧૭૪૭૪૦૦૦	૮૬૨૧૭૪૭૪૦૦૦
૨૧	અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ	મહેસૂલ	૨૭૨૯૮૬૦૦૦		૨૭૨૯૮૬૦૦૦
૨૨	નાગરિક પુરવઠો	મહેસૂલ	૬૮૦૨૬૦૨૦૦૦		૬૮૦૨૬૦૨૦૦૦
૨૩	અન્ન	મહેસૂલ	૬૦૩૦૮૩૦૦૦		૬૦૩૦૮૩૦૦૦
		મૂડી	૧૩૫૬૩૦૦૦૦૦		૧૩૫૬૩૦૦૦૦૦
૨૪	અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧૦૧૦૦૦		૧૦૧૦૦૦
૨૫	વન અને પર્યાવરણ વિભાગ	મહેસૂલ	૧૮૬૦૦૮૦૦૦		૧૮૬૦૦૮૦૦૦
૨૬	વન	મહેસૂલ	૪૮૩૯૮૩૯૦૦૦	૨૨૫૦૦૦૦	૪૮૪૨૦૮૯૦૦૦
		મૂડી	૪૧૭૦૫૩૨૦૦૦		૪૧૭૦૫૩૨૦૦૦
૨૭	પર્યાવરણ	મહેસૂલ	૧૭૯૦૦૦૦૦૦		૧૭૯૦૦૦૦૦૦
૨૮	વન અને પર્યાવરણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૪૪૪૦૦૦૦		૪૪૪૦૦૦૦
૨૯	રાજ્યપાલ	મહેસૂલ		૬૬૬૫૬૦૦૦	૬૬૬૫૬૦૦૦
૩૦	મંત્રી પરિષદ	મહેસૂલ	૪૬૪૫૦૦૦૦		૪૬૪૫૦૦૦૦
૩૧	ચૂંટણી	મહેસૂલ	૯૯૭૯૫૦૦૦		૯૯૭૯૫૦૦૦
૩૨	જાહેર સેવા આયોગ	મહેસૂલ	૧૨૧૪૨૦૦૦૦	૨૨૦૩૭૨૦૦૦	૩૪૧૭૯૨૦૦૦
૩૩	સામાન્ય વહીવટ વિભાગ	મહેસૂલ	૧૦૧૧૫૩૧૦૦૦		૧૦૧૧૫૩૧૦૦૦
૩૪	આર્થિક સલાહ અને આંકડા	મહેસૂલ	૩૧૩૮૭૭૦૦૦		૩૧૩૮૭૭૦૦૦
૩૫	સામાન્ય વહીવટ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૪૮૪૫૧૦૦૦	૨૩૪૦૦૦૦	૨૫૦૭૯૧૦૦૦
		મૂડી	૧૦૪૩૬૬૫૬૦૦૦		૧૦૪૩૬૬૫૬૦૦૦
૩૬	રાજ્ય વિધાનમંડળ	મહેસૂલ	૩૦૬૬૦૩૦૦૦	૩૪૮૦૦૦૦	૩૧૦૦૮૩૦૦૦
૩૭	ગુજરાત વિધાનસભા સચિવાલયમાં સરકારી કર્મચારીઓને લોન અને પેશગી આપવા બાબત	મૂડી	૩૪૦૭૦૦૦		૩૪૦૭૦૦૦
૩૮	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	મહેસૂલ	૯૩૮૨૨૦૦૦		૯૩૮૨૨૦૦૦
૩૯	તબીબી અને જાહેર આરોગ્ય	મહેસૂલ	૪૫૨૮૨૭૮૫૦૦૦		૪૫૨૮૨૭૮૫૦૦૦
		મૂડી	૧૫૧૯૮૪૧૯૦૦૦		૧૫૧૯૮૪૧૯૦૦૦
૪૦	પરિવાર કલ્યાણ	મહેસૂલ	૭૩૯૯૬૩૮૦૦૦		૭૩૯૯૬૩૮૦૦૦
		મૂડી	૨૩૧૦૦૦૦૦૦		૨૩૧૦૦૦૦૦૦

INDEX

૪૧	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ		૩૦૩૬૦૦૦	૩૦૩૬૦૦૦
		મૂડી	૩૫૦૦૦૦૦		૩૫૦૦૦૦૦
૪૨	ગૃહ વિભાગ	મહેસૂલ	૧૪૯૯૧૧૦૦૦		૧૪૯૯૧૧૦૦૦
૪૩	પોલીસ	મહેસૂલ	૩૫૯૯૪૯૮૪૦૦૦		૩૫૯૯૪૯૮૪૦૦૦
૪૪	જેલ	મહેસૂલ	૧૧૪૯૧૬૨૦૦૦		૧૧૪૯૧૬૨૦૦૦
૪૫	રાજ્ય આબકારી	મહેસૂલ	૧૭૬૦૩૭૦૦૦		૧૭૬૦૩૭૦૦૦
૪૬	ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૦૨૮૪૫૦૦૦૦	૩૫૦૧૦૦૦	૨૦૩૧૯૫૧૦૦૦
		મૂડી	૬૪૨૯૯૮૦૦૦૦		૬૪૨૯૯૮૦૦૦૦
૪૭	ઉદ્યોગ અને ખાણ વિભાગ	મહેસૂલ	૧૩૮૮૫૯૦૦૦		૧૩૮૮૫૯૦૦૦
૪૮	લેખનસામગ્રી અને મુદ્રણ	મહેસૂલ	૬૧૮૪૪૨૦૦૦		૬૧૮૪૪૨૦૦૦
		મૂડી	૬૦૦૦૦૦૦		૬૦૦૦૦૦૦
૪૯	ઉદ્યોગ	મહેસૂલ	૨૧૩૧૮૭૫૩૦૦૦		૨૧૩૧૮૭૫૩૦૦૦
		મૂડી	૧૫૩૭૭૪૧૦૦૦		૧૫૩૭૭૪૧૦૦૦
૫૦	ખાણ અને ખનિજ	મહેસૂલ	૨૧૯૭૭૧૩૦૦૦		૨૧૯૭૭૧૩૦૦૦
		મૂડી	૨૫૫૦૦૦૦૦		૨૫૫૦૦૦૦૦
૫૧	પ્રવાસન	મહેસૂલ	૧૦૯૬૧૬૮૦૦૦		૧૦૯૬૧૬૮૦૦૦
		મૂડી	૪૨૬૧૦૦૦૦૦૦		૪૨૬૧૦૦૦૦૦૦
૫૨	ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૮૩૨૦૫૦૦૦૦		૮૩૨૦૫૦૦૦૦
		મૂડી	૨૦૦૨૦૦૦૦૦૦		૨૦૦૨૦૦૦૦૦૦
૫૩	માહિતી અને પ્રસારણ વિભાગ	મહેસૂલ	૨૦૪૫૦૦૦૦		૨૦૪૫૦૦૦૦
૫૪	માહિતી અને પ્રચાર	મહેસૂલ	૧૨૫૫૯૮૩૦૦૦		૧૨૫૫૯૮૩૦૦૦
૫૫	માહિતી અને પ્રસારણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૦૫૨૧૦૦૦૦		૨૦૫૨૧૦૦૦૦
		મૂડી	૩૦૦૦૦૦૦		૩૦૦૦૦૦૦
૫૬	શ્રમ અને રોજગાર વિભાગ	મહેસૂલ	૧૮૪૪૧૭૦૦૦		૧૮૪૪૧૭૦૦૦
૫૭	શ્રમ અને રોજગાર	મહેસૂલ	૮૨૫૮૭૨૩૦૦૦		૮૨૫૮૭૨૩૦૦૦
		મૂડી	૧૦૦૧૨૨૫૦૦૦		૧૦૦૧૨૨૫૦૦૦
૫૮	શ્રમ અને રોજગાર વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૩૨૦૦૦૦૦		૩૨૦૦૦૦૦
૫૯	કાયદા વિભાગ	મહેસૂલ	૧૪૨૪૭૭૦૦૦		૧૪૨૪૭૭૦૦૦
૬૦	ન્યાયતંત્રનો વહીવટ	મહેસૂલ	૯૭૨૬૭૧૩૦૦૦	૧૪૮૨૪૧૮૦૦૦	૧૧૨૦૯૧૩૧૦૦૦
૬૧	કાયદા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૬૨૭૦૯૭૦૦૦		૬૨૭૦૯૭૦૦૦
		મૂડી	૧૭૭૦૦૦૦૦		૧૭૭૦૦૦૦૦
૬૨	વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ	મહેસૂલ	૭૮૨૦૦૦૦૦		૭૮૨૦૦૦૦૦
૬૩	વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૮૫૦૦૦૦		૮૫૦૦૦૦
૬૪	નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ	મહેસૂલ	૧૬૮૪૬૦૦૦૦		૧૬૮૪૬૦૦૦૦

૬૫	નર્મદા વિકાસ યોજના	મૂડી	૩૯૧૮૦૦૦૦૦૦૦		૩૯૧૮૦૦૦૦૦૦૦
૬૬	સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ	મહેસૂલ	૯૭૪૭૪૧૮૦૦૦	૩૫૦૦૦૦૦	૯૭૫૦૯૧૮૦૦૦
		મૂડી	૩૪૭૩૬૨૯૪૦૦૦	૫૦૦૦૦૦૦૦૦	૩૫૨૩૬૨૯૪૦૦૦
૬૭	પાણી પુરવઠો	મહેસૂલ	૧૨૧૯૨૦૦૦૦૦		૧૨૧૯૨૦૦૦૦૦
		મૂડી	૧૯૧૭૧૭૦૦૦૦૦		૧૯૧૭૧૭૦૦૦૦૦
૬૮	નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ		૧૦૦૦૦૦૦૦૦૦	૧૦૦૦૦૦૦૦૦૦
		મૂડી	૮૫૦૦૦૦૦		૮૫૦૦૦૦૦
૬૯	પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ	મહેસૂલ	૧૧૨૫૧૦૦૦૦		૧૧૨૫૧૦૦૦૦
૭૦	સમૂહ વિકાસ	મહેસૂલ	૨૪૪૧૧૩૬૧૦૦૦		૨૪૪૧૧૩૬૧૦૦૦
૭૧	ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ	મહેસૂલ	૧૬૪૪૧૨૯૧૦૦૦	૩૦૧૦૪૦૦૦૦૦	૧૯૪૫૧૬૯૧૦૦૦
૭૨	વળતર અને સોંપણી	મહેસૂલ	૧૪૪૪૧૮૯૦૦૦		૧૪૪૪૧૮૯૦૦૦
૭૩	પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૬૬૭૮૪૨૦૦૦૦		૬૬૭૮૪૨૦૦૦૦
		મૂડી	૩૦૧૦૦૦૦૦		૩૦૧૦૦૦૦૦
૭૪	વાહનવ્યવહાર	મહેસૂલ	૪૯૭૩૬૯૯૦૦૦		૪૯૭૩૬૯૯૦૦૦
		મૂડી	૫૩૪૯૭૦૭૦૦૦		૫૩૪૯૭૦૭૦૦૦
૭૫	બંદરો અને વાહનવ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૮૯૯૩૦૦૦૦૦		૮૯૯૩૦૦૦૦૦
		મૂડી	૨૫૦૦૦૨૦૦૦		૨૫૦૦૦૨૦૦૦
૭૬	મહેસૂલ વિભાગ	મહેસૂલ	૩૦૭૭૨૯૦૦૦		૩૦૭૭૨૯૦૦૦
૭૭	કર વસૂલાત અંગેનું ખર્ચ (મહેસૂલ વિભાગ)	મહેસૂલ	૨૮૮૮૩૦૪૦૦૦		૨૮૮૮૩૦૪૦૦૦
૭૮	જિલ્લા વહીવટ	મહેસૂલ	૪૧૮૦૬૮૬૦૦૦		૪૧૮૦૬૮૬૦૦૦
૭૯	કુદરતી આપત્તિઓને કારણે રાહત	મહેસૂલ	૧૬૦૯૩૬૮૮૦૦૦		૧૬૦૯૩૬૮૮૦૦૦
		મૂડી	૯૧૪૦૦૦૦૦૦		૯૧૪૦૦૦૦૦૦
૮૦	ડાંગ જિલ્લો	મહેસૂલ	૪૮૯૬૦૧૦૦૦		૪૮૯૬૦૧૦૦૦
૮૧	વળતર અને સોંપણી	મહેસૂલ	૨૭૫૭૦૦૪૦૦૦	૭૦૦૦૦૦	૨૭૫૭૭૦૪૦૦૦
		મૂડી	૩૦૦૦૦૦	૨૦૦૦૦૦	૫૦૦૦૦૦
૮૨	મહેસૂલ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૯૨૪૧૦૦૦		૧૯૨૪૧૦૦૦
		મૂડી	૨૬૧૦૦૦૦		૨૬૧૦૦૦૦
૮૩	માર્ગ અને મકાન વિભાગ	મહેસૂલ	૧૫૮૭૬૩૦૦૦		૧૫૮૭૬૩૦૦૦
૮૪	બિન-રહેણાક મકાનો	મહેસૂલ	૬૧૭૪૭૦૫૦૦૦	૬૨૦૦૦૦૦	૬૧૮૦૯૦૫૦૦૦
		મૂડી	૧૪૬૪૪૬૪૫૦૦૦		૧૪૬૪૪૬૪૫૦૦૦
૮૫	રહેણાક મકાનો	મહેસૂલ	૧૭૨૧૦૭૯૦૦૦		૧૭૨૧૦૭૯૦૦૦
		મૂડી	૨૬૩૭૯૪૫૦૦૦		૨૬૩૭૯૪૫૦૦૦
૮૬	માર્ગો અને પુલો	મહેસૂલ	૩૩૩૭૭૯૯૧૦૦૦	૪૧૦૦૦૦૦૦	૩૩૪૧૮૯૯૧૦૦૦
		મૂડી	૨૨૦૮૧૬૯૭૦૦૦	૪૫૦૦૦૦૦૦	૨૨૧૨૬૬૯૭૦૦૦
૮૭	ગુજરાત પાટનગર બાંધકામ યોજના	મહેસૂલ	૧૫૬૪૭૮૦૦૦		૧૫૬૪૭૮૦૦૦
		મૂડી	૧૯૭૯૧૦૦૦૦૦	૯૦૦૦૦૦	૧૯૮૦૦૦૦૦૦૦

INDEX

૮૮	માર્ગ અને મકાન વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩૦૯૩૧૭૦૦૦	૧૫૦૦૦૦૦૦૦	૪૫૯૩૧૭૦૦૦
		મૂડી	૫૬૮૦૦૦૦૦		૫૬૮૦૦૦૦૦
૮૯	વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ	મહેસૂલ	૨૫૪૯૫૮૦૦૦૦		૨૫૪૯૫૮૦૦૦૦
૯૦	વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૧૩૪૬૭૫૦૦૦		૧૧૩૪૬૭૫૦૦૦
		મૂડી	૫૨૦૦૯૦૦૦		૫૨૦૦૯૦૦૦
૯૧	સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ	મહેસૂલ	૬૯૫૨૬૦૦૦		૬૯૫૨૬૦૦૦
૯૨	સમાજ સુરક્ષા અને કલ્યાણ	મહેસૂલ	૧૪૬૫૪૬૮૮૦૦૦	૨૨૩૦૦૦૦૦	૧૪૬૭૬૯૮૮૦૦૦
		મૂડી	૬૩૫૬૮૦૦૦૦		૬૩૫૬૮૦૦૦૦
૯૩	અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ	મહેસૂલ	૩૧૯૪૭૫૮૦૦૦		૩૧૯૪૭૫૮૦૦૦
		મૂડી	૪૦૦૮૯૩૦૦૦		૪૦૦૮૯૩૦૦૦
૯૪	સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧૬૦૦૦૦૦		૧૬૦૦૦૦૦
૯૫	અનુસૂચિત જાતિ પેટા-યોજના	મહેસૂલ	૩૩૨૫૩૫૧૪૦૦૦		૩૩૨૫૩૫૧૪૦૦૦
		મૂડી	૧૦૬૫૭૯૩૦૦૦૦		૧૦૬૫૭૯૩૦૦૦૦
૯૬	આદિજાતિ વિસ્તાર પેટા-યોજના	મહેસૂલ	૬૯૯૮૦૧૭૦૦૦૦	૬૦૦૦૦૦૦૦	૭૦૦૪૦૧૭૦૦૦૦
		મૂડી	૩૭૨૮૦૮૧૧૦૦૦	૩૦૦૦૦૦૦૦	૩૭૩૧૦૮૧૧૦૦૦
૯૭	રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ	મહેસૂલ	૬૫૫૫૧૦૦૦		૬૫૫૫૧૦૦૦
૯૮	યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ	મહેસૂલ	૩૮૨૭૯૮૨૦૦૦		૩૮૨૭૯૮૨૦૦૦
		મૂડી	૭૯૦૪૧૫૦૦૦		૭૯૦૪૧૫૦૦૦
૯૯	રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧૧૦૬૦૦૦		૧૧૦૬૦૦૦
૧૦૦	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ	મહેસૂલ	૫૫૯૦૦૦૦૦		૫૫૯૦૦૦૦૦
૧૦૧	શહેરી ગૃહનિર્માણ	મહેસૂલ	૫૯૪૩૭૭૩૦૦૦	૧૬૩૭૯૭૫૦૦૦	૭૫૮૧૭૪૮૦૦૦
૧૦૨	શહેરી વિકાસ	મહેસૂલ	૮૩૩૮૯૪૭૫૦૦૦		૮૩૩૮૯૪૭૫૦૦૦
		મૂડી	૭૨૭૦૧૦૦૦૦૦		૭૨૭૦૧૦૦૦૦૦
૧૦૩	વળતર, સોંપણી અને કર વસૂલાત અંગેનું ખર્ચ	મહેસૂલ	૧૫૮૨૦૦૦૦૦૦	૩૦૦૦૦૦૦૦૦	૧૮૮૨૦૦૦૦૦૦
૧૦૪	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩૨૨૫૦૦૦		૩૨૨૫૦૦૦
		મૂડી	૧૧૦૦૦૦૦		૧૧૦૦૦૦૦
૧૦૫	મહિલા અને બાળવિકાસ વિભાગ	મહેસૂલ	૩૨૭૫૮૦૦૦		૩૨૭૫૮૦૦૦

INDEX

૧૦૬	મહિલા અને બાળવિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૮૬૪૬૪૫૨૦૦૦	૯૦૦૦૦૦૦	૧૮૬૫૫૪૫૨૦૦૦
		મૂડી	૮૩૭૯૦૦૦૦૦		૮૩૭૯૦૦૦૦૦
૧૦૭	કલાઈમેટ ચેઈન્જ વિભાગ	મહેસૂલ	૯૩૯૦૦૦૦		૯૩૯૦૦૦૦
૧૦૮	કલાઈમેટ ચેઈન્જ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૯૫૬૦૦૦૦૦૦		૯૫૬૦૦૦૦૦૦
	કુલ મહેસૂલ	**મહેસૂલ**	૯૭૧૩૧૧૮૯૦૦૦૦	૧૭૬૭૮૯૫૫૨૦૦૦	૧૧૪૮૧૦૧૪૪૨૦૦૦
	કુલ મૂડી	**મૂડી**	૨૮૩૬૨૪૨૧૩૦૦૦	૮૬૭૯૩૬૭૪૦૦૦	૩૭૦૪૧૭૮૮૭૦૦૦
	કુલ સરવાળો		૧૨૫૪૯૩૬૧૦૩૦૦૦	૨૬૩૫૮૩૨૨૬૦૦૦	૧૫૧૮૫૧૯૩૨૯૦૦૦

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 97

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, MARCH 31, 2016/CAITRA 11, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી માર્ચ, ૨૦૧૬

તારીખ: **૩૧મી માર્ચ, ૨૦૧૬** ના **ગુજરાત રાજપત્ર, (અસાધારણ)** માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન **૨૦૧૬** ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક : ૮** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

GUJARAT ACT NO. 8 OF 2016.

THE GUJARAT APPROPRIATION (EXCESS EXPENDITURE) ACT, 2016.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે **સન ૨૦૧૬ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે** અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સી. જે. ગોઠી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો
વિભાગ.

GUJARAT ACT NO. 8 OF 2016.

AN ACT

to authorise payment and appropriation of certain further sums from and out of the Consolidated Fund of the State of Gujarat for the services of the financial years ending on the thirty-first day of March, 2004, thirty-first day of March,2005, thirty-first day of March,2006 and thirty-first day of March, 2007.

સન ૨૦૧૬નું ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૮ .

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૬ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો).

સન ૨૦૦૪ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખ, સન ૨૦૦૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખ, સન ૨૦૦૬ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખ અને સન ૨૦૦૭ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષોની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. આ અધિનિયમ ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા.**

સન ૨૦૦૩-૨૦૦૪-ના નાણાકીય વર્ષ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી ₹૪,૦૧,૨૫,૬૮,૦૦૦ આપવા બાબત.

૨. આ સાથે જોડેલી અનુસૂચિ ૧ના કોલમ ૪માં નિર્દિષ્ટ રકમોથી વધુ ન હોય તેટલી એકંદરે રૂપિયા ચારસો એક કરોડ, પચીસ લાખ, અડસઠ હજારની રકમ, અનુસૂચિ ૧ના કોલમ ૨-માં નિર્દિષ્ટ કરેલી સેવાઓ અને હેતુઓ માટે, સન ૨૦૦૪ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષ દરમિયાન જે જુદાં જુદાં ખર્ચ આપવાના થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી આપવામાં આવશે અને ઉપયોગમાં લેવામાં આવશે.

સન ૨૦૦૪-૨૦૦૫-ના નાણાકીય વર્ષ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી ₹૧૭,૮૭,૨૬,૪૨,૦૦૦ આપવા બાબત.

૩. આ સાથે જોડેલી અનુસૂચિ ૨-ના કોલમ ૪માં નિર્દિષ્ટ રકમોથી વધુ ન હોય તેટલી એકંદરે રૂપિયા સત્તરસો સત્યાસી કરોડ, છવ્વીસ લાખ, બેંતાલીસ હજારની રકમ, અનુસૂચિ ૨-ના કોલમ ૨-માં નિર્દિષ્ટ કરેલી સેવાઓ અને હેતુઓ માટે, સન ૨૦૦૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષ દરમિયાન જે જુદાં જુદાં ખર્ચ આપવાના થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી આપવામાં આવશે અને ઉપયોગમાં લેવામાં આવશે.

સન ૨૦૦૫-૨૦૦૬-ના નાણાકીય વર્ષ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી ₹૨૧,૫૯,૮૩,૦૦,૦૦૦ આપવા બાબત.

૪. આ સાથે જોડેલી અનુસૂચિ ૩-ના કોલમ ૪માં નિર્દિષ્ટ રકમોથી વધુ ન હોય તેટલી એકંદરે રૂપિયા એકવીસસો ઓગણસાઠ કરોડ, ત્યાસી લાખની રકમ, અનુસૂચિ ૩-ના કોલમ ૨-માં નિર્દિષ્ટ કરેલી સેવાઓ અને હેતુઓ માટે, સન ૨૦૦૬ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષ દરમિયાન જે જુદાં જુદાં ખર્ચ આપવાના થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી આપવામાં આવશે અને ઉપયોગમાં લેવામાં આવશે.

સન ૨૦૦૬-૨૦૦૭-ના નાણાકીય વર્ષ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી ₹૫,૮૩,૭૯,૨૩,૦૦૦ આપવા બાબત.

૫. આ સાથે જોડેલી અનુસૂચિ ૪ના કોલમ ૪માં નિર્દિષ્ટ રકમોથી વધુ ન હોય તેટલી એકંદરે રૂપિયા પાંચસો ત્યાસી કરોડ, ઓગણ્યાએંસી લાખ, ત્રેવીસ હજારની રકમ, અનુસૂચિ ૪ના કોલમ ૨-માં નિર્દિષ્ટ કરેલી સેવાઓ અને હેતુઓ માટે, સન ૨૦૦૭ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષ દરમિયાન જે જુદાં જુદાં ખર્ચ આપવાના થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી આપવામાં આવશે અને ઉપયોગમાં લેવામાં આવશે.

વિનિયોગ.

૬. આ અધિનિયમથી ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી જે રકમો આપવા અને તેનો ઉપયોગ કરવા માટે અધિકાર આપવામાં આવ્યો હોય તે રકમોનો વિનિયોગ, સન ૨૦૦૪ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખ, સન ૨૦૦૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખ, સન ૨૦૦૬ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખ અને સન ૨૦૦૭ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષના સંબંધમાં અનુક્રમે અનુસૂચિ ૧, અનુસૂચિ ૨, અનુસૂચિ ૩ અને અનુસૂચિ ૪માં જણાવેલી સેવાઓ અને હેતુઓ માટે કર્યો હોવાનું ગણાશે.

અનુસૂચિ ૧

(જુઓ કલમો ૨ અને ૬)

વધારાની માંગણી / વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ	મહેસૂલ / મૂડી	વધુમાં વધુ રકમ (₹ હજારમાં)		
			વિધાનસભાએ મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨	૩	૪		
૪	પશુપાલન અને ડેરી વિકાસ	મહેસૂલ	૬૨,૩૩		૬૨,૩૩
૮	શિક્ષણ	મહેસૂલ	૪૫,૮૮,૩૩		૪૫,૮૮,૩૩
૯	શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૪,૯૨		૧૪,૯૨
૧૨	ઊર્જા પરિયોજનાઓ	મૂડી	૧૪,૫૫,૨૩		૧૪,૫૫,૨૩
૧૭	પેન્શન અને બીજા નિવૃત્તિ લાભો	મહેસૂલ	૫,૪૨,૨૨		૫,૪૨,૨૨
૧૯	નાણા વિભાગ અને તેની સેવાને લગતું દેવું ભરપાઇ કરવું	મહેસૂલ		૧,૭૨,૦૧,૧૦	૧,૭૨,૦૧,૧૦
૨૨	અન્ન	મહેસૂલ	૩૫,૯૩		૩૫,૯૩
૪૦	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૫૧		૫૧
૪૧	ગૃહ વિભાગ	મહેસૂલ	૧૩,૫૩		૧૩,૫૩
૪૨	પોલીસ	મહેસૂલ	૯,૦૯,૭૮		૯,૦૯,૭૮
૪૯	ઉદ્યોગો	મૂડી	૭૪,૬૨		૭૪,૬૨
૫૫	માહિતી અને પ્રસારણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૧,૬૧		૧૧,૬૧
૫૯	કાયદા વિભાગ	મહેસૂલ	૧૭,૯૭		૧૭,૯૭
૬૦	ન્યાયતંત્રનો વહીવટ	મહેસૂલ		૨,૦૬,૯૫	૨,૦૬,૯૫
૬૪	નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ	મહેસૂલ	૯૨		૯૨
૬૬	સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ	મૂડી	૧૭,૭૯,૯૧		૧૭,૭૯,૯૧
૬૭	પાણી પુરવઠો	મૂડી	૨,૩૭,૦૦		૨,૩૭,૦૦
૬૮	નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ		૭૨,૦૮	૭૨,૦૮
૬૯	પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ	મહેસૂલ	૬,૬૮		૬,૬૮
૭૩	પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૪,૦૨,૭૫		૨૪,૦૨,૭૫

૭૮	જિલ્લા વહીવટ	મહેસૂલ	૩,૭૧,૯૬		૩,૭૧,૯૬
૮૦	ડાંગ જિલ્લો	મહેસૂલ	૫૨,૬૩		૫૨,૬૩
૮૪	બિન-રહેણાંક મકાનો	મહેસૂલ		૬,૯૭	૬,૯૭
૮૬	માર્ગો અને પુલો	મહેસૂલ	૧,૦૦,૫૪,૨૨		૧,૦૦,૫૪,૨૨
૯૧	સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ	મહેસૂલ	૪,૨૮		૪,૨૮
૧૦૫	મહિલા અને બાળવિકાસ વિભાગ	મહેસૂલ	૧,૨૫		૧,૨૫
	કુલ :	**મહેસૂલ**	**૧,૯૦,૯૧,૮૨**	**૧,૭૪,૮૭,૧૦**	**૩,૬૫,૭૮,૯૨**
		મૂડી	**૩૫,૪૬,૭૬**	**-**	**૩૫,૪૬,૭૬**
	કુલ સરવાળો :		**૨,૨૬,૩૮,૫૮**	**૧,૭૪,૮૭,૧૦**	**૪,૦૧,૨૫,૬૮**

INDEX

અનુસૂચિ ૨

(જુઓ કલમો ૩ અને ૬)

વધારાની માંગણી / વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ	મહેસૂલ/ મૂડી	વધુમાં વધુ રકમ (₹ હજારમાં)		
			વિધાનસભાએ મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨	૩	૪		
૨	કૃષિ	મહેસૂલ	૧,૨૮,૧૨		૧,૨૮,૧૨
૫	સહકાર	મહેસૂલ	૨૯,૭૮		૨૯,૭૮
૮	શિક્ષણ	મહેસૂલ	૮૪,૦૮,૩૭		૮૪,૦૮,૩૭
૧૨	ઊર્જા પરિયોજનાઓ	મહેસૂલ	૨૬,૧૧,૩૪	૫૦,૭૭,૭૧	૭૬,૮૯,૦૫
		મૂડી		૧,૧૮,૪૭,૯૮	૧,૧૮,૪૭,૯૮
૧૭	પેન્શન અને બીજા નિવૃત્તિ લાભો	મહેસૂલ	૪૨,૬૨,૧૩		૪૨,૬૨,૧૩
૧૯	નાણા વિભાગ અને તેની સેવાને લગતું દેવું ભરપાઇ કરવું	મૂડી		૧૩,૩૦,૧૪,૪૨	૧૩,૩૦,૧૪,૪૨
૨૨	અન્ન	મહેસૂલ	૩૫,૮૩		૩૫,૮૩
૩૬	ગુજરાત વિધાનસભા સચિવાલયમાં સરકારી કર્મચારીઓને લોન અને પેશગી આપવા બાબત	મૂડી	૩૦,૯૧		૩૦,૯૧
૩૮	તબીબી અને જાહેર આરોગ્ય	મહેસૂલ	૧૩,૩૫,૪૪		૧૩,૩૫,૪૪
૪૦	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧,૫૭		૧,૫૭
૪૩	જેલ	મહેસૂલ	૮૪,૪૦		૮૪,૪૦
૫૫	માહિતી અને પ્રસારણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૩,૯૨		૧૩,૯૨
૬૧	કાયદા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૭,૭૭		૭,૭૭
૬૩	વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૫,૮૭		૫,૮૭
૬૬	સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ	મહેસૂલ		૬,૦૨	૬,૦૨
૬૮	નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ		૧,૦૫	૧,૦૫
૭૩	પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૬,૭૩,૧૪		૧૬,૭૩,૧૪
		મૂડી		૨,૩૭,૦૧	૨,૩૭,૦૧
૮૦	ડાંગ જિલ્લો	મહેસૂલ	૮,૯૫		૮,૯૫
૮૧	વળતર અને સોંપણી	મહેસૂલ		૧૫,૪૧	૧૫,૪૧
		મૂડી		૨,૦૩	૨,૦૩

૮૬	માર્ગો અને પુલો	મહેસૂલ	૯૭,૪૬,૬૫		૯૭,૪૬,૬૫
૮૮	માર્ગ અને મકાન વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧,૧૯,૩૮		૧,૧૯,૩૮
૯૧	સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ	મહેસૂલ	૪,૮૪		૪,૮૪
૯૬	આદિજાતિ વિસ્તાર પેટા-યોજના	મૂડી		૧૬,૩૨	૧૬,૩૨
૧૦૦	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ	મહેસૂલ	૪		૪
૧૦૪	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨		૨
	કુલ :	મહેસૂલ	૨,૮૪,૭૧,૬૯	૫૧,૦૦,૧૯	૩,૩૫,૭૧,૮૮
		મૂડી	૩૬,૭૮	૧૪,૫૧,૧૭,૭૬	૧૪,૫૧,૫૪,૫૪
	કુલ સરવાળો :		૨,૮૫,૦૮,૪૭	૧૫,૦૨,૧૭,૯૫	૧૭,૮૭,૨૬,૪૨

અનુસૂચિ ૩

(જુઓ કલમો ૪ અને ૬)

વધારાની માંગણી / વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ	મહેસૂલ/ મૂડી	વધુમાં વધુ રકમ (₹ હજારમાં)		
			વિધાનસભાએ મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨	૩	૪		
૩	નાની સિંચાઈ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ	મહેસૂલ	૪૧,૦૫		૪૧,૦૫
૭	શિક્ષણ વિભાગ	મહેસૂલ	૬,૦૦		૬,૦૦
૮	શિક્ષણ	મહેસૂલ	૧,૯૪,૬૯,૬૨	૭,૧૨	૧,૯૪,૭૬,૭૪
૧૧	કર વસૂલાત અંગે ખર્ચ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)	મહેસૂલ	૧૨,૦૨		૧૨,૦૨
૧૨	ઊર્જા પરિયોજનાઓ	મૂડી	૧૬,૨૩,૨૭,૭૨		૧૬,૨૩,૨૭,૭૨
૧૭	પેન્શન અને બીજા નિવૃત્તિ લાભો	મહેસૂલ	૧,૦૪,૪૦,૩૬		૧,૦૪,૪૦,૩૬
૨૦	અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ	મહેસૂલ	૩૯,૯૫		૩૯,૯૫
૨૨	અન્ન	મહેસૂલ	૯૪,૩૩		૯૪,૩૩
૨૫	વન	મહેસૂલ	૧,૮૬,૪૩		૧,૮૬,૪૩
૩૭	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	મહેસૂલ	૬૪,૪૨		૬૪,૪૨
૩૮	તબીબી અને જાહેર આરોગ્ય	મહેસૂલ	૧૬,૩૭,૦૦		૧૬,૩૭,૦૦
૪૦	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૪		૪
૪૨	પોલીસ	મહેસૂલ	૩૩,૫૮,૭૨		૩૩,૫૮,૭૨
૪૩	જેલ	મહેસૂલ	૪,૩૩,૬૩		૪,૩૩,૬૩
૪૫	રાજ્ય આબકારી	મહેસૂલ	૧૫,૬૨		૧૫,૬૨
૪૬	ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૬,૩૩		૬,૩૩
૫૨	ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૯,૩૫,૦૦	૨,૮૯,૬૭	૧૨,૨૪,૬૭
૫૫	માહિતી અને પ્રસારણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૦,૯૩		૧૦,૯૩
૬૪	નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ	મહેસૂલ	૧,૧૧,૯૮		૧,૧૧,૯૮
૬૬	સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ	મહેસૂલ	૧૨,૭૨,૨૬	૫૧	૧૨,૭૨,૭૭
૬૯	પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ	મહેસૂલ	૧૫,૫૧		૧૫,૫૧

૭૩	પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩૧,૨૬,૩૨		૩૧,૨૬,૩૨
૭૫	બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૭૩		૭૩
૭૭	કર વસૂલાત અંગેનું ખર્ચ (મહેસૂલ વિભાગ)	મહેસૂલ	૩૯,૧૪		૩૯,૧૪
૭૮	જિલ્લા વહીવટ	મહેસૂલ	૧૨,૪૩		૧૨,૪૩
૭૯	કુદરતી આપત્તિઓને કારણે રાહત	મહેસૂલ	૩,૧૮,૦૨		૩,૧૮,૦૨
૮૪	બિન-રહેણાક મકાનો	મહેસૂલ		૮	૮
૮૬	માર્ગો અને પુલો	મહેસૂલ	૯૫,૧૦,૫૫		૯૫,૧૦,૫૫
		મૂડી	૧૫,૭૮,૭૫	૧	૧૫,૭૮,૭૬
૮૮	માર્ગ અને મકાન વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૫૫,૯૧	૨૩,૩૮	૭૯,૨૯
૯૦	વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧,૯૬,૮૦		૧,૯૬,૮૦
૯૧	સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ	મહેસૂલ	૫,૮૨		૫,૮૨
૯૨	સમાજ સુરક્ષા અને કલ્યાણ	મહેસૂલ	૫૯,૭૫		૫૯,૭૫
૯૬	આદિજાતિ વિસ્તાર પેટા-યોજના	મહેસૂલ	૨,૩૪,૩૭		૨,૩૪,૩૭
૧૦૦	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ	મહેસૂલ	૬		૬
૧૦૨	શહેરી વિકાસ	મહેસૂલ	૧૫,૧૪		૧૫,૧૪
		મૂડી	૧૩,૪૫		૧૩,૪૫
૧૦૩	વળતર, સોંપણી અને કર વસૂલાત અંગેનું ખર્ચ	મહેસૂલ	૧૬,૦૫		૧૬,૦૫
૧૦૪	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨		૨
	કુલ :	**મહેસૂલ**	**૫,૧૭,૪૨,૩૧**	**૩,૨૦,૭૬**	**૫,૨૦,૬૩,૦૭**
		મૂડી	**૧૬,૩૯,૧૯,૯૨**	**૧**	**૧૬,૩૯,૧૯,૯૩**
	કુલ સરવાળો :		**૨૧,૫૬,૬૨,૨૩**	**૩,૨૦,૭૭**	**૨૧,૫૯,૮૩,૦૦**

INDEX

અનુસૂચિ ૪

(જુઓ કલમો ૫ અને ૬)

વધારાની માંગણી / વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ	મહેસૂલ/ મૂડી	વધુમાં વધુ રકમ (₹ હજારમાં)		
			વિધાનસભાએ મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨	૩	૪		
૩	નાની સિંચાઈ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ	મહેસૂલ	૩૧,૬૮		૩૧,૬૮
૫	સહકાર	મહેસૂલ	૩,૨૦,૮૧		૩,૨૦,૮૧
૮	શિક્ષણ વિભાગ	મહેસૂલ	૧૫,૦૫		૧૫,૦૫
૯	શિક્ષણ	મહેસૂલ	૩,૩૪,૪૬,૩૯		૩,૩૪,૪૬,૩૯
૧૨	કર વસૂલાત અંગેનું ખર્ચ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)	મહેસૂલ	૮,૭૯		૮,૭૯
૧૫	નાણા વિભાગ	મહેસૂલ	૯૧		૯૧
૧૮	પેન્શન અને બીજા નિવૃત્તિ લાભો	મહેસૂલ	૮૦,૧૨,૮૬	૧,૩૩	૮૦,૧૪,૧૯
૨૧	અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ	મહેસૂલ	૨૬,૬૨		૨૬,૬૨
૨૩	અન્ન	મહેસૂલ	૪૦,૦૫		૪૦,૦૫
૨૫	વન અને પર્યાવરણ વિભાગ	મહેસૂલ	૭,૫૩		૭,૫૩
૨૬	વન	મહેસૂલ	૧,૪૮,૭૯		૧,૪૮,૭૯
		મૂડી	૮૩,૧૦		૮૩,૧૦
૩૨	જાહેર સેવા આયોગ	મહેસૂલ		૧૭,૬૬	૧૭,૬૬
૩૭	ગુજરાત વિધાનસભા સચિવાલયમાં સરકારી કર્મચારીઓને લોન અને પેશગી આપવા બાબત	મૂડી	૧,૭૧		૧,૭૧
૩૮	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	મહેસૂલ	૨૭,૯૩		૨૭,૯૩
૩૯	તબીબી અને જાહેર આરોગ્ય	મહેસૂલ	૨૫,૭૬,૯૮		૨૫,૭૬,૯૮
૪૧	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩,૨૮		૩,૨૮
		મૂડી	૬૩,૫૫		૬૩,૫૫
૪૩	પોલીસ	મહેસૂલ	૩૨,૯૮,૭૭		૩૨,૯૮,૭૭
૪૪	જેલ	મહેસૂલ	૨,૦૪,૧૭		૨,૦૪,૧૭
૫૫	માહિતી અને પ્રસારણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૧,૩૨		૧૧,૩૨
૫૭	શ્રમ અને રોજગાર	મહેસૂલ	૭૯,૩૨		૭૯,૩૨

૬૧	કાયદા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩૮,૭૯		૩૮,૭૯
૬૪	નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ	મહેસૂલ	૪૯,૭૧		૪૯,૭૧
૬૬	સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ	મહેસૂલ	૧૦,૨૭,૨૬		૧૦,૨૭,૨૬
૬૮	નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ		૧૮,૪૭	૧૮,૪૭
૭૩	પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩૩,૦૫,૯૭		૩૩,૦૫,૯૭
૭૪	વાહનવ્યવહાર	મહેસૂલ	૧,૯૦		૧,૯૦
		મૂડી	૧૮,૦૦,૦૦		૧૮,૦૦,૦૦
૭૭	કર વસૂલાત અંગેનું ખર્ચ (મહેસૂલ વિભાગ)	મહેસૂલ	૩,૭૭,૦૩		૩,૭૭,૦૩
૭૮	જિલ્લા વહીવટ	મહેસૂલ	૯,૯૮,૨૯		૯,૯૮,૨૯
૮૦	ડાંગ જિલ્લો	મહેસૂલ	૪૫,૨૦		૪૫,૨૦
૮૧	વળતર અને સોંપણી	મહેસૂલ	૯,૦૮		૯,૦૮
૮૪	બિન-રહેણાક મકાનો	મહેસૂલ	૧,૮૬,૫૧		૧,૮૬,૫૧
૮૬	માર્ગો અને પુલો	મહેસૂલ	૧૫,૮૮,૧૯		૧૫,૮૮,૧૯
૮૭	ગુજરાત પાટનગર બાંધકામ યોજના	મૂડી	૩,૩૬,૫૨		૩,૩૬,૫૨
૮૮	માર્ગ અને મકાન વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧,૫૫,૨૨		૧,૫૫,૨૨
૯૧	સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ	મહેસૂલ	૧૨,૪૨		૧૨,૪૨
૧૦૪	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૭		૭
	કુલ :	મહેસૂલ	૫,૬૦,૫૬,૮૯	૩૭,૪૬	૫,૬૦,૯૪,૩૫
		મૂડી	૨૨,૮૪,૮૮	--	૨૨,૮૪,૮૮
	કુલ સરવાળો :		૫,૮૩,૪૧,૭૭	૩૭,૪૬	૫,૮૩,૭૯,૨૩

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 98

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, MARCH 31, 2016/CAITRA 11, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી માર્ચ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ-ના તા. ૧૧મી માર્ચ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા

(૧) ક્રમાંક : જીએચ/વી/૨૦૧૬નો ૫૮/ડીસીપી/૧૩૮૪/ભાગ-૨/વી, અને

(૨) ક્રમાંક : જીએચ/વી/૨૦૧૬નો ૫૯/ડીસીપી/૧૩૮૪/ભાગ-૨/વી-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification
Under
The Gujarat Metropolitan Planning Committees Act, 2008.
ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ હેઠળ
જાહેરનામું.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૧૧મી માર્ચ, ૨૦૧૬.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮.

ક્રમાંકઃજીએચ/વી/૨૦૧૬નો ૫૮/ડીપીસી/૧૩૮૪/ભાગ-૨/ વીઃ-ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૮ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, અમદાવાદ મહાનગરના વિસ્તાર માટે મહાનગર સમિતિની રચના કરે છે, જે નીચે મુજબ ૪૫ સભ્યોની બનશેઃ

૧.	અમદાવાદ જિલ્લાના સંબંધિત પ્રભારી મંત્રી	...અધ્યક્ષ
૨.	પ્રમુખ, અમદાવાદ જિલ્લા પંચાયત	...સભ્ય
૩.	અધ્યક્ષ, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ	...સભ્ય
૪.	મેયર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન	...સભ્ય
૫.	મ્યુનિસિપલ કમિશનર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન	...સભ્ય
૬.	કલેક્ટર, જિલ્લો અમદાવાદ	...સભ્ય
૭.	જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લો અમદાવાદ	...સભ્ય
૮.	મુખ્ય કારોબારી સત્તાધિકારી, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ	...સભ્ય-સચિવ

પરંતુ સદરહુ અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૨)ના ખંડો (૯) અને (૧૦) હેઠળ સમિતિના બાકીના સભ્યોની નિમણૂક હવે પછી કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

યોગેશ રાવલ,
સરકારના નાયબ સચિવ.

Notification
Under
The Gujarat Metropolitan Planning Committees Act, 2008.
ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ હેઠળ
જાહેરનામું.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૧૧મી માર્ચ, ૨૦૧૬.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮.

ક્રમાંકઃ જીએચ/વી/૨૦૧૬નો ૫૯/ડીપીસી/૧૩૮૪/ભાગ-૨/ વીઃ-ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૮ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સુરત મહાનગરના વિસ્તાર માટે મહાનગર સમિતિની રચના કરે છે, જે નીચે મુજબ ૪૫ સભ્યોની બનશેઃ-

૧.	સુરત જિલ્લાના સંબંધિત પ્રભારી મંત્રી	...અધ્યક્ષ
૨.	પ્રમુખ, સુરત જિલ્લા પંચાયત	...સભ્ય
૩.	અધ્યક્ષ, સુરત શહેરી વિકાસ સત્તામંડળ	...સભ્ય
૪.	મેયર, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન	...સભ્ય
૫.	મ્યુનિસિપલ કમિશનર, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન	...સભ્ય
૬.	કલેક્ટર, જિલ્લો સુરત	...સભ્ય
૭.	જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લો સુરત	...સભ્ય
૮.	મુખ્ય કારોબારી સત્તાધિકારી, સુરત શહેરી વિકાસ સત્તામંડળ	...સભ્ય-સચિવ

પરંતુ સદરહુ અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૨)ના ખંડો (૯) અને (૧૦) હેઠળ સમિતિના બાકીના સભ્યોની નિમણૂક હવે પછી કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

યોગેશ રાવલ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 99

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, MARCH 31, 2016/CAITRA 11, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી માર્ચ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા **તારીખ : ૧૮મી માર્ચ, ૨૦૧૬**ના ગુજરાત સરકારના **માહિતી અને પ્રસારણ વિભાગ**-ના સરકારી જાહેરનામા ક્રમાંક : **જીએચટી/૨૦૧૬/એમએચકે/૧૦૨૦૧૬/૧૦૦૯/એ.**નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat (Right of Citizens to Public Services) Act, 2013.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ હેઠળ

જાહેરનામું.

માહિતી અને પ્રસારણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૧૮/૦૩/૨૦૧૬.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંકઃજીએચટી/૨૦૧૬/૮/એમએચકે/૧૦૨૦૧૬/૧૦૦૯/એ:- ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામા સાથે જોડેલ પરિશિષ્ટ-ક-ની કોલમ ૨-માં જણાવ્યા પ્રમાણેની સેવાઓ અને સદરહુ પરિશિષ્ટની કોલમ ૩માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે જે સમય મર્યાદાની અંદર આવી સેવાઓ પૂરી પાડવી જોઇશે, તેનિયત સમયમર્યાદા જાહેર કરે છે.

પરિશિષ્ટ-ક

અનુક્રમાંક	અધિનિયમની કલમ ૪ હેઠળ જાહેર કરેલ સેવાઓ.	નિયત સમયમર્યાદા.
૧	૨	૩
૧	ગુજરાતીફિલ્મોનેમનોરંજન કરમાંથી ૧૦૦% મુક્તિ.	૩૦ દિવસ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એલ.પટેલ,

સરકારના સંયુક્ત સચિવ.

Extra No. 100

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, APRIL 2, 2016/CAITRA 13, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી એપ્રિલ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ-ના તારીખ : ૮મી ઓક્ટોબર, ૨૦૧૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીપી-૨૫-એમકેએમ-૧૦૨૦૦૯/૧૭૫૨-છ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Principal, Class-I, (Directorate of Indian System of Medicine and Homoeopathy) Recruitment Rules, 2015.

આચાર્ય (પ્રિન્સિપાલ), વર્ગ-૧ (નિયામક, ભારતીય તબીબી અને હોમિયોપથી પદ્ધતિની કચેરી) ભરતી નિયમો, ૨૦૧૫ સંબંધી જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખ: ૮મી ઓક્ટોબર, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંક: જીપી-૨૫-એમકેએમ-૧૦૨૦૦૯-૧૭૫૨-છ: ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નિયામક, ભારતીય તબીબી અને હોમિયોપથી પદ્ધતિની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળ, ગુજરાત આયુર્વેદ સેવામાં આચાર્ય, વર્ગ ૧ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો આચાર્ય, વર્ગ ૧, (નિયામક ભારતીય તબીબી અને હોમિયોપથી પદ્ધતિની કચેરી) ભરતી નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. નિયામક ભારતીય તબીબી અને હોમિયોપથી પદ્ધતિની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળ, ગુજરાત આયુર્વેદ સેવામાં, આચાર્ય, વર્ગ ૧ ની જગા ઉપરની નિમણૂક,-

(ક) (૧) નિયામક, ભારતીય તબીબી અને હોમિયોપથી પદ્ધતિની કચેરી હેઠળ, ગુજરાત આયુર્વેદ સેવામાં, સરકારી આયુર્વેદ કોલેજમાં (સંસ્કૃતમાં પ્રાધ્યાપક સિવાયના) વ્યાખ્યાતા (લેકચરર)-પસંદગી ધોરણ (પ્રાધ્યાપક), વર્ગ ૧ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય; અને

(૩) સીધી પસંદગી માટે, નિયમ ૩ના ખંડ (ખ)(૧)-માં ઠરાવ્યા પ્રમાણેની શૈક્ષણિક લાયકાત ધરાવતી હોય,

તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ અનુસાર, સિનિયોરીટી (પ્રવરતા) ને લક્ષમાં લીધા સિવાય, પસંદગીના સિધ્ધાંતને આધારે વિચારણા ક્ષેત્રની અંદરની વ્યકિતની બઢતીથી કરવી જોઇશે.

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

3. નિયમ ૨-માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર-

(ક) ૪૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય મર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટી અથવા સરકારે માન્ય કરેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી ભારતીય ચિકિત્સા કેન્દ્રીય પરિષદ (સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયન મેડિસીન), દ્વારા ઠરાવ્યા પ્રમાણેના એક વિષય સાથે આયુર્વેદમાં અનુસ્નાતક પદવી ધરાવતો હોવો જોઇશે અથવા ભારતીય ચિકિત્સા

INDEX

કેન્દ્રીય પરિષદ (સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયન મેડિસિન)–દ્વારા માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે,કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(ગ) આશરે દસ વર્ષનો અધ્યાપનનો અનુભવ હોવો જોઈશે, જેમાંથી ઉમેદવાર જે સંબંધિત વિષયમાં અનુસ્નાતક પદવી ધરાવતો હોય, તે વિષયમાંનો વ્યાખ્યાતા (લેકચરર), સિનિયર સ્કેલ (પ્રવર પગાર ધોરણ) (રીડર), વર્ગ–૧ તરીકે ઓછામાં ઓછો પાંચ વર્ષનો અનુભવ હોવો જોઈશે.

સ્પષ્ટીકરણ.–

"અધ્યાપનનો અનુભવ" એટલે ભારતમાં કાયદાથી સંસ્થાપિત યુનિવર્સિટી સાથે સંલગ્ન હોય તેવી માન્ય આયુર્વેદ કોલેજમાં અધ્યાપનનો અનુભવ.

(ઘ) (૧) સંસ્કૃત અને (૨) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી (પૂર્વ–સેવા તાલીમ અને પરીક્ષા) નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ–સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલો ઉમેદવાર, અરજીના સમયે તે એવી રીતે રજિસ્ટર થયેલ ન હોય, તો તેણે, સ્ટેટ બોર્ડ ઓફ આયુર્વેદ એન્ડ યુનાની સિસ્ટમ ઓફ મેડિસિન–માં પોતાનું રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

૯. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી.જી.વણઝારા,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 101

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, APRIL 2, 2016/CAITRA 13, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી એપ્રિલ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ-ના તારીખ : ૪થી ડિસેમ્બર, ૨૦૧૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજે/૪/૨૦૧૫/ઈએસટી/૧૫૧૧/૬૧૫/જી- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Manager Grade II, Class III, Recruitment Rules, 2015.

વ્યવસ્થાપક (મેનેજર) ગ્રેડ-૨, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૫ સંબંધી

જાહેરનામું.

માર્ગ અને મકાન વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૪થી ડિસેમ્બર, ૨૦૧૫.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જીજે / ૪ / ૨૦૧૫ / ઈએસટી / ૧૫૧૧ / ૬૧૫ / જી :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, માર્ગ અને મકાન વિભાગની તાબાની સેવામાં, સર્કિટ હાઉસ (વિશ્રામ ભવન) વિશ્રામ ગૃહ (Rest House), અતિથિ ગૃહ (Guest House) અને નિરીક્ષણ બંગલો (Inspection bungalows)-માં, વ્યવસ્થાપક (મેનેજર) ગ્રેડ-૨, વર્ગ-૩-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો વ્યવસ્થાપક (મેનેજર) ગ્રેડ-૨, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. માર્ગ અને મકાન વિભાગની તાબાની સેવામાં, સર્કિટ હાઉસ (વિશ્રામ ભવન), વિશ્રામ ગૃહ, અતિથિ ગૃહ અને નિરીક્ષણ બંગલો (Inspection bungalows)-માં, વ્યવસ્થાપક (મેનેજર) ગ્રેડ-૨, વર્ગ-૩-ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે માર્ગ અને મકાન વિભાગની તાબાની સેવામાં, સર્કિટ હાઉસ (વિશ્રામ ભવન), વિશ્રામ ગૃહ, અતિથિ ગૃહ અને નિરીક્ષણ બંગલો (Inspection bungalows)-માં, જુનિયર કારકુન, વર્ગ-૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. સીધી પસંદગીથી અને બઢતીથી કરવાની નિમણૂકો ૧:૩ના પ્રમાણમાં કરવામાં આવશે.

૪. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૨૮ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિઃ

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશેઃ

(ખ) (૧) સરકારે માન્ય કરેલી કોઈ સંસ્થામાંથી અથવા ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થાઓમાંથી મેળવેલ હોટેલ મેનેજમેન્ટ અને/અથવા કેટરિંગ ટેક્નોલોજી-માં ડિપ્લોમા ધરાવતો હોવો જોઈશે;

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં, ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક-ની જોગવાઈઓ લાગુ પડશે.

૬. બઢતીથી અથવા સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

રમેશ પટેલ,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 102

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, APRIL 2, 2016/CAITRA 13, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના બંદરો અને વાહનવ્યવહાર વિભાગ-ના તારીખ : ૫મી માર્ચ ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : પીટી/૨૦૧૬/૧૧/એમવીડી/૧૦૨૦૧૫/૭૨૨/ખ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Gujarat Motor Vehicles Rules, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી

જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૫મી માર્ચ, ૨૦૧૬.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંકઃ પીટી/૨૦૧૬/૧૧/એમવીડી/૧૦૨૦૧૫/૭૨૨/ખઃ- મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૧૩૮ની પેટા-કલમ (૨)ના ખંડ (ઠ) અને કલમ ૧૨૯ના દ્વિતીય પરંતુક હેઠળ કાઢવા ધારેલો નિયમોનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૧૨ની પેટા-કલમ (૧)થી ફરમાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર સદરહુ નિયમોનો મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુક્ત મુદત પૂરી થયે અથવા તે પહેલાં, સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં કોઈપણ વ્યક્તિ તરફથી અગ્ર સચિવ (વાહનવ્યવહાર), બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને જે કોઈ વાંધો અથવા સૂચન મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંકઃ પીટી/૨૦૧૬/૧૧/એમવીડી/૧૦૨૦૧૫/૭૨૨/ખઃ- મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૧૩૮ની પેટા-કલમ (૨)ના ખંડ (ઠ) અને કલમ ૧૨૯ના દ્વિતીય પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં, નિયમ ૧૯૩માં, તે હેઠળનો પરંતુક કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ. આર. સોની,,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 103

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, APRIL 2, 2016/CAITRA 13, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના બંદરો અને વાહનવ્યવહાર વિભાગ-ના તારીખ : ૮મી માર્ચ ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : પીટી/૨૦૧૬/૧૨/એમવીડી/૧૦૨૦૧૪/મંત્રી-૮૨/ખ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Motor Vehicles Act, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ

જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૮મી માર્ચ, ૨૦૧૬.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંકઃ પીટી/૨૦૧૬/૧૨/એમવીડી/૧૦૨૦૧૪/મંત્રી-૮૨/ખઃ- મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૧૧૦ની પેટા-કલમ (૩)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી તારીખ : ૩૧/૧૨/૨૦૧૬ સુધી કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૯૭ના પેટા-નિયમ (૩)ના કાર્યક્ષેત્રમાંથી એગ્રિકલ્ચર (ખેતીવિષયક) ટ્રેલર્સને મુક્તિ આપે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ. આર. સોની,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 104

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, APRIL 4, 2016/CAITRA 15, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી એપ્રિલ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **માહિતી અને પ્રસારણ વિભાગ-ના તારીખ : ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચટી) /૨૦૧૬/૪/ એમએનઆર/ ૧૦૨૦૧૬/૨૪૪/એ-** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Entertainments Tax Act, 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ

જાહેરનામું.

માહિતી અને પ્રસારણ વિભાગ,

૨/૯, સરદાર ભવન,

સચિવાલય, ગાંધીનગર. તારીખઃ ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંકઃ (જીએચટી / ૨૦૧૬ / ૪) એમએનઆર / ૧૦૨૦૧૬ / ૨૪૪ / એઃ- ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા) (જેનો આમાં હવે પછી, ''અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૨૯ની પેટા-કલમ (૧)ના ખંડ (ક) અને (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ફોક્સ સ્ટાર સ્ટુડિયોઝ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, મુંબઈ-એ નિર્માણ કરેલી હિન્દી ફિચર ફિલ્મ **''નીરજા (Neerja)''**-ને, નીચેની શરતોને અધીન રહીને, અધિનિયમની કલમ-૩ હેઠળ લેવાપાત્ર કરના ૧૦૦ ટકા જેટલો મનોરંજન કર ભરવામાંથી મુક્તિ આપે છે.

(૧) મનોરંજન કર ભરવામાંથી આ મુક્તિ, આ જાહેરનામાની પ્રસિદ્ધિની તારીખથી મળી શકશે.

(૨) પ્રવેશ દરો, લેવાપાત્ર કરની રકમ જેટલા ઘટાડવા.

(૩) મનોરંજન કર ભરવામાંથી આ મુક્તિ, અધિનિયમની જોગવાઈઓ અનુસાર મળી શકશે.

(૪) ઉપર જણાવેલી શરતો પૈકીની કોઈપણ શરતના, અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓના ભંગના પ્રસંગે, નિયત અધિકારીએ, અધિનિયમની કલમ ૩૦ હેઠળ પગલાં લેવાં જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એલ. પટેલ,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 105

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, APRIL 4, 2016/CAITRA 15, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી એપ્રિલ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાન્ય વહીવટ વિભાગ**-ના **તારીખઃ ૯મી માર્ચ, ૨૦૧૬** ના સરકારી **જાહેરનામા ક્રમાંકઃ જીએસ/૧૪/૨૦૧૬/કભય/૧૦૨૦૧૪/૮૭/જી-૪** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Gujarat Non-Secretariate Clerk, Class III, Recruitment Rules, 2014.

ગુજરાત બિન-સચિવાલય કારકુન, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૪ સુધારવા સંબંધી

જાહેરનામું

સામાન્ય વહીવટ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૯મી માર્ચ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જીએસ/૧૪/૨૦૧૬/કભય/૧૦૨૦૧૪/૮૭/જી-૪ :--ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત બિન-સચિવાલય કારકુન, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો ગુજરાત બિન-સચિવાલય કારકુન, વર્ગ ૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત બિન-સચિવાલય કારકુન, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૪ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩માં, ખંડ (ક)માં,-

(૧) પેટા-ખંડ (૩)માં, ''અને'' એ શબ્દ અંતે ઉમેરવો;

(૨) પેટા-ખંડ (૪)માં, ''ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજાયેલી માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલી હોય; અને'' એ શબ્દોને બદલે, ''ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજાયેલી માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલી હોય; અથવા'' એ શબ્દો મૂકવા;

(૩) પેટા-ખંડ (૫) કમી કરવો.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪માં, ખંડ (ગ) કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એમ. અધ્વર્યુ,
સરકારના અધિક સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 106

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, APRIL 06, 2016/CAITRA 17, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **ઉદ્યોગ અને ખાણ વિભાગ-ના** તારીખ ૨૧મી માર્ચ, ૨૦૧૬ના **સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ-૨૦૧૬/૩૯/બીઆરટી/૧૦૨૦૧૪/૧૩૪૭/ડી-૨-નો** ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Economic Investigator, Class III, in the subordinate service of the Commissionerate of Cottage and Rural Industries, Recruitment Rules, 2016.

કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરીની તાબાની સેવામાં, આર્થિક તપાસનીસ (Economic Investigator), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી માર્ચ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન :

ક્રમાંકઃ જીયુ/૨૦૧૬/૩૯/બીઆરટી/૧૦૨૦૧૪/૧૩૪૭/ડી.૨ઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, આર્થિક તપાસનીસ (Economic Investigator), વર્ગ ૩-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરીની તાબાની સેવામાં, આર્થિક તપાસનીસ (Economic Investigator), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, આર્થિક તપાસનીસ (Economic Investigator), વર્ગ ૩-ની જગા પરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિઃ

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી આંકડાશાસ્ત્ર અથવા પ્રયોજિત (એપ્લાઈડ) આંકડાશાસ્ત્ર અથવા ગણિતીય આંકડાશાસ્ત્ર અથવા અર્થશાસ્ત્ર અથવા પ્રયોજિત અર્થશાસ્ત્ર અથવા વ્યાપાર અર્થશાસ્ત્ર (બિઝનેસ ઈકોનોમિક્સ) અથવા ગણિતશાસ્ત્રમાં મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે;

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯કની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. કે. રાઠોડ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 107

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, APRIL 6, 2016/CAITRA 17, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાન્ય વહીવટ વિભાગ-ના તારીખ : ૧૦મી માર્ચ, ૨૦૧૬ના** સરકારી જાહેરનામા ક્રમાંક : **જીએસ-૨૦૧૬-૧૫-બીઆરટી-૧૦૨૦૧૫-૧૦૭૯-ક-નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Gujarat Civil Services (Class I and Class II), Competitive Examination Rules, 2000.

ગુજરાત મુલકી સેવા (વર્ગ ૧ અને ૨) સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૦૦
સુધારવા સંબંધી
જાહેરનામું.

સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૦મી માર્ચ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન :

ક્રમાંકઃ જીએસ - ૨૦૧૬ -૧૫ - બીઆરટી - ૧૦૨૦૧૫ - ૧૦૭૯ - કઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત મુલકી સેવા (વર્ગ ૧ અને વર્ગ ૨) સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૦૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત મુલકી સેવા (વર્ગ ૧ અને વર્ગ ૨) સ્પર્ધાત્મક પરીક્ષા (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત મુલકી સેવા (વર્ગ ૧ અને વર્ગ ૨) સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૦૦માં, અનુસૂચિ-૨માં, વિભાગ-૧માં, ''પ્રારંભિક પરીક્ષા'' હેઠળના પરિચ્છેદ ક-માં, નીચેનો પરંતુક દાખલ કરવોઃ-

''પરંતુ જાહેરાત ક્રમાંકઃ ૦૯/૨૦૧૪-૧૫માં, મુખ્ય પરીક્ષામાં બેસવા દેવાના ઉમેદવારોની સંખ્યા, ગુજરાત જાહેર સેવા આયોગે જાહેરાત કરેલ ખાલી જગાઓની કુલ સંખ્યાની આશરે પચીસ ગણી રહેશે.''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દેવી પંડ્યા,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 108

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, APRIL 6, 2016/CAITRA 17, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાન્ય વહીવટ વિભાગ**-ના **તારીખ : ૨૨મી માર્ચ, ૨૦૧૬**ના સરકારી જાહેરનામા ક્રમાંક : **જીએસ/૨૪-૨૦૧૬/આરએસકે/૧૨૨૦૧૫/૭૯૮૯૨૦/આર**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Deputy Secretary, Class I (in the Office of the Gujarat Public Service Commission) Recruitment Rules, 1997.

(ગુજરાત જાહેર સેવા આયોગની કચેરીમાં) નાયબ સચિવ, વર્ગ ૧, ભરતી નિયમો, ૧૯૯૭ સુધારવા સંબંધી

જાહેરનામું.

સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૨મી માર્ચ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન :

ક્રમાંક: જીએસ/૨૪-૨૦૧૬/આરએસકે/૧૨૨૦૧૫/૭૯૮૯૨૦/આર:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, (ગુજરાત જાહેર સેવા આયોગની કચેરીમાં) નાયબ સચિવ, વર્ગ ૧, ભરતી નિયમો, ૧૯૯૭ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો (ગુજરાત જાહેર સેવા આયોગની કચેરીમાં) નાયબ સચિવ, વર્ગ ૧, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. (ગુજરાત જાહેર સેવા આયોગની કચેરીમાં) નાયબ સચિવ, વર્ગ ૧, ભરતી નિયમો, ૧૯૯૭**માં,** નિયમ ૨માં, ''આઠ વર્ષ'' એ શબ્દોને બદલે, ''સાત વર્ષ'' એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એસ. પ્રજાપતિ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 109

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, APRIL 7, 2016/CAITRA 18, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના** તારીખ : **૫મી નવેમ્બર, ૨૦૧૫**ના સરકારી **જાહેરનામા ક્રમાંક : કેવી-૨૦૧૫ નો ૨૮૩-એનપીએલ-૪૫૧૦-૫૮૧૮-એમ.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Gujarat Municipalities (Conduct of Election) Rules, 1994.

ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૫મી નવેમ્બર, ૨૦૧૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંકઃ કેવી/ ૨૦૧૫નો ૨૮૩-એનપીએલ-૪૫૧૦-૫૮૧૮-એમઃ- ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૨૭૭ની પેટા-કલમ (૩)ના પ્રથમ પરંતુક હેઠળ નિયમો કરવા અને તેની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલાં લેવાનું તેને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩(સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૬ની પેટા-કલમ (૫) સાથે વાંચતા,કલમ ૨૭૭ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો,ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા)બાબતના(સુધારા) નિયમો, ૨૦૧૫કહેવાશે.

૨. ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા)બાબતના નિયમો, ૧૯૯૪ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૧૫ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

"**૧૫. હરીફ ઉમેદવારોને પ્રતીકો ફાળવવા બાબત.-** (૧) રાજ્ય ચૂંટણી પંચ, રાજપત્રમાં જાહેરનામાથી, નગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારો પસંદ કરે તેવા પ્રતીકો નિર્દિષ્ટ કરશે અને તેમની પસંદગી જે નિયંત્રણોને અધીન હોય, તે નિયંત્રણો નિર્દિષ્ટ કરશે.

(૨) નગરપાલિકાની ચૂંટણીમાં, હરીફ ઉમેદવારોએ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આ અર્થે કરવામાં આવેલા કોઇ સામાન્ય અથવા ખાસ આદેશને અધીન રહીને, તેમના નામ નિયુક્તિ પત્રકોમાં દર્શાવેલ પ્રતીકની પસંદગી અંગે ચૂંટણી અધિકારીએ વિચારણા કરવી જોઇશે.

(૩) ચૂંટણી અધિકારી દ્વારા ઉમેદવારને કરવામાં આવેલ કોઇ પ્રતીકની ફાળવણી આખરી ગણાશે, સિવાય કે તે આ અર્થે અસંગત હોય, તો તેવા કિસ્સામાં, રાજ્ય ચૂંટણી પંચ, પોતાને યોગ્ય લાગે તેવી રીતે ફાળવણીમાં સુધારો કરી શકશે.

(૪) દરેક ઉમેદવાર અથવા તેના ચૂંટણી એજન્ટને, ઉમેદવારને ફાળવવામાં આવેલા પ્રતીકની તરત જ જાણ કરવી જોઇશે અને ચૂંટણી અધિકારી દ્વારા તેના નમૂના સાથે તે(પ્રતીક) આપવું જોઇશે.".

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૨૯માં, પેટા-નિયમ (૨)માં, અંતમાં નીચેનો ભાગ ઉમેરવો:-

"ઉમેદવારોના નામો મતપત્ર ઉપર ગોઠવવામાં આવે તે પછી,તેની નીચે"ઉપર પૈકી કોઇ નહિ (નોટા-NOTA)"નું કોલમ હોવું જોઇશે અને તેની સામે ''  ''-નું પ્રતીક મુકરર કરવું જોઇશે.".

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૩૨-માં, પેટા-નિયમ (૨)માં, ખંડ (ખ)માં, નીચેનો પરંતુક દાખલ કરવો:-

"પરંતુ મતદાર એવા કોઇ ઉમેદવારની અથવા ઉમેદવારોની તરફેણમાં મત આપવા ધારતો ન હોય તેવા કિસ્સામાં તેને, જેમના નામો મતપત્ર ઉપર દર્શાવવામાં આવ્યા હોય તેવા કોઇપણ ઉમેદવાર અથવા ઉમેદવારોની તરફેણમાં મત નહિ આપવાની સ્વતંત્રતા રહેશે અને તે એવું કરવા ધારે, તોતે "નોટા (NOTA)"કોલમની સામે દર્શાવેલા""પ્રતીક પર અથવા તેની નજીક નિશાની કરવાને હકદાર રહેશે.".

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૫૧-માં,-

(૧) વિદ્યમાન શીર્ષક " મતદાન પહેલા ઉમેદવારનું મૃત્યુ થયે, મતદાન રદ કરવા બાબત"-ને બદલે,"મતદાન પહેલાં", માન્ય રાજકીય પક્ષના ઉમેદવારનું મૃત્યુ થયે, મતદાન રદ કરવા બાબત"-એ શીર્ષક મૂકવું;

(૨) પેટા-નિયમ (૨) માં, " નિયમ ૧૯ થી ૪૬" એ શબ્દો અને આંકડાને બદલે, " નિયમ ૫ થી ૧૬" એ શબ્દો અને આંકડા મૂકવા;

(૩) સ્પષ્ટીકરણને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

INDEX

" **સ્પષ્ટીકરણ.**– આ નિયમના હેતુઓ માટે, "માન્ય રાજકીય પક્ષ" એટલે ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં (ચૂંટણી પ્રતીક અનામત રાખવા અને ફાળવવા) બાબત હુકમ, ૨૦૧૨–માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો રાજકીય પક્ષ.".

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૫૧ખ–માં, પેટા–નિયમ (૨)માં, અંતમાં નીચેનો ભાગ ઉમેરવો:–

"ઉમેદવારોના નામો મતદાન એકમ (બેલટિંગ યુનિટ) ઉપર ગોઠવવામાં આવે તે પછી, તેની નીચે"ઉપર પૈકી કોઇ નહિ (નોટા–NOTA)"નું કોલમ હોવું જોઇશે અને તેની સામે "  "નું પ્રતીક મુકરર કરવું જોઇશે.".

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૫૧જ–માં, પેટા–નિયમ (૩)માં,ખંડ (ખ) ને બદલે, નીચેનો ખંડ મૂકવો:–

"(ખ) ઉમેદવારના નામ અને પ્રતીક સામે અથવા વોર્ડમાં એક કરતાં વધુ બેઠક માટે ચૂંટણી યોજવામાં આવી રહી હોય, ત્યારે જે ઉમેદવારોને તે મત આપવા ધારતો હોય તેના નામ અને પ્રતીક સામે મતદાન એકમ ઉપર બટન દબાવીને પોતાનો મત નોંધવો જોઇશે:

પરંતુ મતદાર એવા કોઇ ઉમેદવાર અથવા યથાપ્રસંગ, ઉમેદવારોની તરફેણમાં મત આપવા ધારતો ન હોય તેવા કિસ્સામાં તેને, જેમના નામો મતદાન એકમ (બેલટિંગ યુનિટ) ઉપર દર્શાવવામાં આવ્યા હોય તેવા કોઇપણ ઉમેદવાર અથવા ઉમેદવારોનીતરફેણમાં મત નહિ આપવા સ્વતંત્રતા રહેશે અને તે એવું કરવા ધારે, તો તે"નોટા (NOTA)" સામે મતદાન એકમ ઉપર બટન દબાવવાને હકદાર રહેશે.".

૮. સદરહુ નિયમોમાં, નિયમ ૫૨–કમાં,–

(૧) પેટા–નિયમ (૫)માં, "મતપત્ર" એ શબ્દ પછી, નીચેનો ભાગ દાખલ કરવો:–

" જેમાં, હરીફ ઉમેદવારોના નામની તરત જ નીચે "ઉપર પૈકી કોઇ નહિ (નોટા–NOTA)" અને તેની સામે "  "ના પ્રતીકનો સમાવેશ પણ થયો હોય તે";

(૨) પેટા–નિયમ (૬) પછી, નીચેનો પેટા–નિયમ દાખલ કરવો:–

" (૬ક) મતદાર એવા કોઇ ઉમેદવાર અથવા ઉમેદવારોની તરફેણમાં મત આપવા ધારતો ન હોય તેવા કિસ્સામાં અને વોર્ડમાં એક કરતાં વધુ બેઠકો માટે ચૂંટણી યોજવામાં આવી રહી હોય, ત્યારે જેમના નામો પેટા–નિયમ (૫) હેઠળ મતપત્ર ઉપર દર્શાવવામાં આવ્યા હોય તેવા કોઇપણ ઉમેદવારની તરફેણમાં મત નહિ આપવા સ્વતંત્રતા રહેશે અને તે એવું કરવા ધારે, તો તે"નોટા (NOTA)"ની તરફેણમાં પોતાનો મત આપવાને હકદાર રહેશે.".

૯. સદરહુ નિયમોમાં, નિયમ ૬૧માં, ખંડ (૪) પછી, નીચેનો ખંડ ઉમેરવો:–

"(૫) "નોટા (NOTA)"ની તરફેણમાં પડેલા મતોની સંખ્યા.".

૧૦. સદરહુ નિયમોમાં, નિયમ ૬૩માં,–

(૧) પેટા–નિયમ (૨)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:–

" (૨) પ્રથમ, તેણે સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકોનું પરિણામ તે બેઠકો ઉપર ચૂંટાવા માટે લાયક સ્ત્રીઓમાંથી જેને સૌથી વધુ માન્ય મતો મેળવવામાં પ્રથમ અને દ્વિતીય સ્થાન મળ્યા હોય, તે સ્ત્રીઓને તે બેઠકો ઉપર ચૂંટાયેલ જાહેર કરતો નિર્ણય કરવો જોઇશે.".

(૩) પેટા–નિયમ (૩)માં, "જે વ્યકિતને અગાઉ, સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠક ઉપર ચૂંટાયેલ જાહેર કરી હોય" એ શબ્દોને બદલે, "જે વ્યકિતઓને અગાઉ, સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠક ઉપર જાહેર કરી હોય" એ શબ્દો મૂકવા.

૧૧. સદરહુ નિયમોમાં, નમૂના ૨–માં, પરિચ્છેદ ૧ને બદલે,નીચેનો મજકૂર મૂકવો:–

" (૧) વોર્ડ નંબર............................ વોર્ડનું નામ...........................માંથી નીચેની ખાલી જગાઓ ભરવા માટે ચૂંટણી યોજવાની છે.

બેઠકોની કુલ સંખ્યા...............................છે, તેમાંથી

*બે બેઠકો સામાન્ય/ અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ/ પછાત વર્ગની સ્ત્રીઓ માટે અનામત રાખી છે;

* એક.બેઠક અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ/ પછાત વર્ગ માટે અનામત રાખી છે;

* એક બેઠક બિન–અનામત રાખી છે.

....

• લાગુ પડતા ન હોય તે શબ્દો છેકી નાખવા.

૧૨. સદરહુ નિયમોમાં, નમૂના ૧૧માં, અંતમાં નીચેનો મજકૂર ઉમેરવો:–

" અનુક્રમ નંબર................ઉપર પૈકી કોઇ નહિ ....  ".

૧૩. સદરહુ નિયમોમાં, નમૂના ૧૭ખ–માં, ભાગ ૨–માં,–

(૧) કોષ્ટકમાં, કોલમ (૧)માં, "વગેરે" એ શબ્દ કમી કરવો;

(૨) કોષ્ટકમાં, કોલમ (૨)માં, "ઉમેદવારનું નામ" એ શબ્દોને બદલે, "ઉમેદવારનું નામ/ નોટા (NOTA)" એ શબ્દો મૂકવા;

(૩) કોષ્ટકમાં, પ્રથમ કોલમમાં, આંકડો "૪"ની નીચે, આંકડો "૫" ઉમેરવો;

(૪) કોષ્ટકમાં, દ્વિતીય કોલમમાં, કોલમ (૧)માં દેખાય છે તે પ્રમાણે આંકડો "૫"ની સામે "ઉપર પૈકી કોઇ નહિ (નોટા–NOTA)" એ શબ્દો, કૌંસ અને અક્ષરો ઉમેરવા.

૧૪. સદરહુ નિયમોમાં, નમૂના ૨૧માં, પરિચ્છેદો ૧, ૨ અને ૩ને બદલે, નીચેના મજકૂર મૂકવા:–

"(૧) શ્રીમતી/કુમારી ....ને અનુસૂચિત જાતિની સ્ત્રીઓ/અનુસૂચિત આદિજાતિની સ્ત્રીઓ /અન્ય પછાત વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત બેઠક ઉપર અથવા બિન–અનામત બેઠક ઉપર.

(૨) શ્રીમતી/કુમારી ....ને અનુસૂચિત જાતિની સ્ત્રીઓ/અનુસૂચિત આદિજાતિની સ્ત્રીઓ/અન્ય પછાત વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત બેઠક ઉપર અથવા બિન–અનામત બેઠક ઉપર.

(૩) શ્રી/શ્રીમતી/કુમારી ....ને અનુસૂચિત જાતિની /અનુસૂચિત આદિજાતિની /અન્ય પછાત વર્ગો માટેની અનામત બેઠક ઉપર અથવા બિન–અનામત બેઠક ઉપર.

(૪) શ્રી/શ્રીમતી/કુમારી ....ને અનુસૂચિત જાતિની /અનુસૂચિત આદિજાતિની /અન્ય પછાત વર્ગો માટેની અનામત બેઠક ઉપર અથવા બિન–અનામત બેઠક ઉપર.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

યોગેશ રાવલ,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 110

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, APRIL 7, 2016/CAITRA 18, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭ મી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના તારીખ : ૧૫-૦૩-૨૦૧૬ ગુજરાત સરકારના **ઉદ્યોગ અને ખાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ-૨૦૧૬-૩૪-બીઆરટી-૧૦૨૦૦૯-૬૩૧-ડી.૩ નો** ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Senior Geologist, Class I, in the Gujarat Mining Services, Recruitment Rules, 2012.

ગુજરાત ખાણકામ સેવામાં, સિનિયર ભૂસ્તર શાસ્ત્રી, વર્ગ૧, ભરતી નિયમો, ૨૦૧૨ સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખ:૧૫-૦૩-૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંક: જીયુ/૨૦૧૬/૩૪/બીઆરટી/૧૦૨૦૦૯/૬૩૧/ડી૩:-ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત ખાણકામ સેવામાં, સિનિયર ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૨ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત ખાણકામ સેવામાં, સિનિયર ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ ૧, ભરતી (દ્વિતીય સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત ખાણકામ સેવામાં, સિનિયર ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૨ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩માં, ખંડ (ક)માં,-

(૧) "૩૯ વર્ષથી"એ આંકડા અને શબ્દને બદલે, "૪૪ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા;

(૨) વિદ્યમાન પરંતુક પછી, નીચેનો પરંતુક દાખલ કરવો:-

"વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯) ના ખંડ (ખ)માંનો કોઈ પણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણે ઉપલી વય મર્યાદા હળવી કરવાની બાબતના સંબંધમાં હોય તેટલે સુધી, લાગુ પડશે નહિ."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એસ.પ્રજાપતિ,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 111

©

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, APRIL 7, 2016/CAITRA 18, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : **૧૭મી માર્ચ, ૨૦૧૬** ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ-૨૦૧૬-૩૬-બીઆરટી-૧૦૨૦૦૭-૧૪૨૬-ડી.૨ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Head Wireman, Class III, in the subordinate service of the Directorate of Government Printing and Stationery, Recruitment Rules, 2009.

સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરીની તાબાની સેવામાં, મુખ્ય વાયરમેન, વર્ગ૩,ભરતી નિયમો, ૨૦૦૯ સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૧૭મી માર્ચ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંક: જીયુ/૨૦૧૬/૩૬/બીઆરટી/૧૦૨૦૦૭/૧૪૨૬/ડી-૨:-ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરીની તાબાની સેવામાં, મુખ્ય વાયરમેન, વર્ગ૩, ભરતી નિયમો, ૨૦૦૯ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરીની તાબાની સેવામાં, મુખ્ય વાયરમેન, વર્ગ૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરીની તાબાની સેવામાં, મુખ્ય વાયરમેન, વર્ગ૩, ભરતી નિયમો, ૨૦૦૯ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩માં, ખંડ (ક)માં, "૨૮ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૩૫ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

"ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક-ની જોગવાઇઓ,સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે."

૪. સદરહુ નિયમોમાં, નિયમો ૫ અને ૬ કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

મહેન્દ્ર આર. સોની,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 112

©

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, APRIL 7, 2016/CAITRA 18, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૧લી એપ્રિલ, ૨૦૧૬ના ગુજરાત સરકારના નાણા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (૧) જીએચએન-૧૬) વીએટી-૨૦૧૬-એસ.૫ (૨) (૪૮)-ઠ અને (૨) (જીએચએન-૧૭) વીએટી-૨૦૧૬-એસસીએચ-૨ (૪૨ ક) (૨૩)-ઠ. ના ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યા છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Government Notification, Finance Department No. (GHN-35) VAT-2006-(S.5) (2) (1)-TH, dated the 31st March, 2006.

નાણા વિભાગનું તારીખ: ૩૧મી માર્ચ, ૨૦૦૬નું સરકારી જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૩૫) વીએટી-૨૦૦૬-(એસ.૫) (૨) (૧)-ઠ. સુધારવા સંબંધી

જાહેરનામું.

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખ: ૧લી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંક. (જીએચએન-૧૬) વીએટી-૨૦૧૬-એસ.૫ (૨) (૪૮)-ઠ:- ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી જણાયું છે;

તેથી, હવે, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૫-ની પેટા-કલમ (૨)ના ખંડ (ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણા વિભાગનું તારીખ: ૩૧મી માર્ચ, ૨૦૦૬નું સરકારી જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૩૫)વીએટી-૨૦૦૬-(એસ.૫) (૨) (૧)-ઠ. નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં,-

(૧) અનુક્રમાંક. ૯૨ ઉપરની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી:-

નોંધ ક્રમાંક.	**વેચાણો અથવા ખરીદીઓનો વર્ગ.**	**સમગ્ર વેરો અથવા તેના કોઇ ભાગમાંથી મુક્તિ.**	**નિયંત્રણ અને શરતો, કોઇ હોય તો તે.**
૧	૨	૩	૪
"૯૨	સેનિટરી નેપકીન્સ અને એડલ્ટ ડાયપર્સ	સમગ્ર વેરો	........".

(૨) અનુક્રમાંક. ૯૨ ઉપરની નોંધ પછી, નીચેની નોંધ દાખલ કરવી:-

નોંધ ક્રમાંક.	**વેચાણો અથવા ખરીદીઓનો વર્ગ.**	**સમગ્ર વેરો અથવા તેના કોઇ ભાગમાંથી મુક્તિ.**	**નિયંત્રણ અને શરતો, કોઇ હોય તો તે.**
૧	૨	૩	૪
"૯૨ ક	બેબી ડાયપર્સ	રૂપિયે એક પૈસાના દરે વધારાના વેરા સહિતની વેરાની રકમ પાંચ પૈસા કરતાં વધુ હોય તેટલે સુધી.	....

(૩) અનુક્રમાંક. ૧૦૬ ઉપરની નોંધ પછી, નીચેની નોંધો ઉમેરવી:-

નોંધ ક્રમાંક.	**વેચાણો અથવા ખરીદીઓનો વર્ગ.**	**સમગ્ર વેરો અથવા તેના કોઇ ભાગમાંથી મુક્તિ.**	**નિયંત્રણ અને શરતો, કોઇ હોય તો તે.**
૧	૨	૩	૪
"૧૦૭	આખો અથવા ચીરેલો વાંસ અને (ફર્નિચર સિવાયની) વાંસની બનાવેલી ચીજવસ્તુઓ	સમગ્ર વેરો	....
૧૦૮	પેડલ રિક્ષાઓ અને સાયકલ રિક્ષાઓ	સમગ્ર વેરો	....
૧૦૯	મચ્છરદાની	સમગ્ર વેરો	....
૧૧૦	થીજાવેલું વીર્ય (ફ્રોઝન સીમેન)	સમગ્ર વેરો	....
૧૧૧	સિરામિકની બનાવટો	રૂપિયે એક પૈસાના દરે વધારાના વેરા સહિતની વેરાની રકમ પાંચ પૈસા કરતાં વધુ હોય તેટલે સુધી."	....

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

Notification
Regarding
Amendment to the Government Notification, Finance Department No. (GHN-33) VAT-2006/SCH-2/(42A) (5)-TH, dated the 31st March, 2006.

નાણા વિભાગનું તારીખ: ૩૧મી માર્ચ, ૨૦૦૬નું સરકારી જાહેરનામું ક્રમાંક: (જીએચએન-33) વીએટી-૨૦૦૬/એસસીએચ-૨/(૪૨ ક) (૫)/ઠ. સુધારવા સંબંધી જાહેરનામું.

નાણા વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:-૧લી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંક. (જીએચએન-૧૭)વીએટી-૨૦૧૬-એસસીએચ-૨ (૪૨ ક)(૨૩)-ઠ:- ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨003 (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની અનુસૂચિ ૨-ની નોંધ ૪૨ ક-થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણા વિભાગનું તારીખ: ૩૧મી માર્ચ, ૨૦૦૬નું સરકારી જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૩૩) વીએટી-૨૦૦૬/એસસીએચ-૨/(૪૨ ક) (૫)/ઠ. નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક. ૨૪૬ ઉપરની નોંધને બદલે,
નીચેની નોંધ મૂકવી:-

અનુ-ક્રમાંક	માલનું વર્ણન	કેન્દ્રીય આબકારી		
		શીર્ષક નં.	પેટા-શીર્ષક નં.	વસ્તુનો ટેરિફ નં.
"૨૪૬	(૧) શુદ્ધ સોડિયમ ક્લોરાઇડ (૨) માલના ઉત્પાદનમાં કાચી માલ-સામગ્રી તરીકે વપરાયેલું મીઠું	૨૫૦૧	-	-".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 113

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, APRIL 7, 2016/CAITRA 18, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : **૨૩મી માર્ચ, ૨૦૧૬**ના ગુજરાત સરકારના **કૃષિ અને સહકાર વિભાગ**-ના સરકારી જાહેરનામા ક્રમાંક : **જીએચકેએચ--૨૯-૨૦૧૬-એપીએમ-૧૦૨૦૧૫-૮૭૦-છ**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Agriculture Produce Market (Second Amendment) Act, 2015.

ગુજરાત ખેત-ઉત્પન્ન બજાર (દ્વિતીય સુધારા) અધિનિયમ, ૨૦૧૫ હેઠળ

જાહેરનામું.

કૃષિ અને સહકાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ:૨૩મી માર્ચ, ૨૦૧૬.

ગુજરાત ખેત-ઉત્પન્ન બજાર (દ્વિતીય સુધારા) અધિનિયમ, ૨૦૧૫.

ક્રમાંક:જીએચકેએચ-૨૯-૨૦૧૬-એપીએમ-૧૦૨૦૧૫-૮૭૦-છ,ગુજરાત ખેત-ઉત્પન્ન બજાર (દ્વિતીય સુધારા) અધિનિયમ, ૨૦૧૫ (સન ૨૦૧૫ના ગુજરાતના અધિનિયમ ક્રમાંક ૨૫મા)ની કલમ ૧ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ,ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમ જે તારીખથી અમલમાં આવશે તે તારીખ તરીકે સન ૨૦૧૬ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.કે.પટેલ,
સરકારના નાયબ સચિવ,
કૃષિ અને સહકાર વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 114

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, APRIL 11, 2016/CAITRA 22, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ**-ના **તારીખ : ૨જી ફેબ્રુઆરી, ૨૦૧૬**ના સરકારી **જાહેરનામા ક્રમાંક : જીટીએચ-૨૦૧૬-૧૦-એમકેએમ-૧૨-૨૦૧૫-૪૧-અ**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Assistant Director, Class II (Departmental Examination) Rules, 2016.

મદદનીશ નિયામક, વર્ગ ૨ (ખાતાકીય પરીક્ષા) નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક:- જીટીએચ/૨૦૧૬/૧૦/એમકેએમ/૧૨/૨૦૧૫/૪૧/અઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ખાતાકીય પરીક્ષા પાસ કરવાને લગતી હોય તેટલા પૂરતી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્યની વિભાગના વડાની કચેરીઓની તાબાની સેવાઓમાં મુખ્ય કારકુન/નિરિક્ષણ અધિકારી, વર્ગ ૩ની જગાઓ પર નીમાયેલી વ્યકિતઓની સેવાની શરતોનું નિયમન કરવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.-

(૧) આ નિયમો મદદનીશ નિયામક, વર્ગ ૨(ખાતાકીય પરીક્ષા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિધ્ધિની તારીખે અમલમાં આવશે.

(૩) તે, (૧) નિયામક, અન્ન અને નાગરિક પુરવઠા (૨) અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક, અમદાવાદ શહેર (૩) નિયંત્રક કાનૂની માપવિજ્ઞાન અને નિયામક ગ્રાહક સુરક્ષા (૪) રજિસ્ટ્રાર, ગ્રાહક તકરાર નિવારણ કમિશન-ની તાબાની સેવાઓમાં બઢતીથી અથવા અન્યથા મુખ્ય કારકુન/નિરીક્ષણ અધિકારી, વર્ગ ૩ની જગાઓ પર નીમાયેલી વ્યકિતઓને લાગુ પડશે.

૨. વ્યાખ્યાઓ:- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો-

(ક) "પરિશિષ્ટ" એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) "નિયત તારીખ" એટલે આ નિયમો અમલમાં આવવાની તારીખ;

(ગ) ''મંડળ'' એટલે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર;

(ઘ) ''જૂના નિયમો'' એટલે નિયત તારીખની તરત પહેલાં અમલમાં હતાં તેવા મદદનીશ નિયામક, વર્ગ ૨ ની જગા ઉપર બઢતી માટેની ખાતાકીય પરીક્ષાના નિયમો;

(ચ) ''સુસંગત પરીક્ષા'' એટલે મદદનીશ નિયામક, વર્ગ ૨ ની જગા ઉપર બઢતી માટે પૂર્વશરત તરીકે આ નિયમો હેઠળ ઠરાવેલ સંબંધિત ખાતાકીય પરીક્ષા અને તેમાં જૂના નિયમો હેઠળ ઠરાવેલ હોય તેવી સંબંધિત ખાતાકીય પરીક્ષાનો સમાવેશ થાય છે;

(છ) "નિર્દિષ્ટ કરેલી તકો/ઠરાવેલી તકો" એટલે આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી/ ઠરાવેલી જેટલી તકોમાં કોઇ વ્યકિતએ જરૂરી પરીક્ષા પાસ કરવી જોઇશે તેટલી તકો;

(જ) "નિર્દિષ્ટ કરેલી મુદત/ઠરાવેલી મુદત" એટલે આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી/ ઠરાવેલી જેટલી મુદતમાં કોઇ વ્યકિતએ સુસંગત પરીક્ષા પાસ કરવાની જરૂરી રહેશે તે મુદત;

(ઝ) ''વિભાગના વડા'' એટલે અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ હેઠળના વિભાગના વડા;

(ટ) ''મુખ્ય કારકુન/નિરીક્ષણ અધિકારી, વર્ગ ૩'' એટલે (૧) નિયામક, અન્ન અને નાગરિક પુરવઠા (૨) અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક, અમદાવાદ શહેર (૩) નિયંત્રક કાનૂની માપવિજ્ઞાન અને નિયામક ગ્રાહક સુરક્ષા (૪) રજિસ્ટ્રાર, ગ્રાહક તકરાર નિવારણ કમિશન-ની તાબાની સેવામાં મુખ્ય કારકુન અથવા નિરીક્ષણ અધિકારી તરીકે નીમાયેલી વ્યક્તિ.

૩. પરીક્ષામાં બેસવા માટેની પાત્રતા અને તકોની ઉપલભ્યતા.

મદદનીશ નિયામક, વર્ગ ૨ ની જગા પર બઢતીને પાત્ર થવા માટે, વ્યક્તિએ, નીચલી જગા પર તેની નિયમિત નિમણૂક પછી ત્રણ વર્ષની સળંગ સેવા પૂરી કર્યાની તારીખથી ત્રણ વર્ષની મુદતની અંદર અને ત્રણ તકોમાં સુસંગત પરીક્ષા પાસ કરવાની રહેશે, સિવાય કે તેણે જૂના (અગાઉના) નિયમો હેઠળ સુસંગત પરીક્ષા પાસ કરી હોય:

પરંતુ, આ નિયમોમાં જોગવાઈ કર્યા પ્રમાણેની પરીક્ષા પાસ કરવાની મુદત, ત્યારપછીની પરીક્ષા યોજવાની તારીખ પહેલાં પૂરી થઇ જાય, તો સદરહુ મુદત પરીક્ષાના પરિણામની જાહેરાતની તારીખ સુધી લંબાવવામાં આવી હોવાનું ગણાશે:

વધુમાં, અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની વ્યક્તિઓને એક વધુ તક આપી શકાશે જેનો ઉપયોગ આ નિયમોમાં જણાવેલ મુદત પૂરી થયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર કરવાનો રહેશે:

વળી, સુસંગત પરીક્ષા પાસ કરવા માટે જૂના નિયમો હેઠળની તકો, આ નિયમો હેઠળ જોગવાઈ કરેલી ગણવામાં આવશે અને જે વ્યક્તિને જૂના નિયમો હેઠળ આવી કોઈ તક આપવામાં આવી હોય, તેને આ નિયમો હેઠળ બાકીની તકનો ઉપયોગ કરવાની છૂટ આપવામાં આવશે:

વળી, વધુમાં જેણે નિયત તારીખ પહેલાં સુસંગત પરીક્ષા પાસ કરેલ હોય અથવા જેને પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવામાં આવી હોય તેવી વ્યક્તિએ, આ નિયમો હેઠળ પરીક્ષા પાસ કરવાની જરૂર રહેશે નહિ:

વળી, વધુમાં જેણે નિયત તારીખ પહેલાં પરીક્ષા પાસ કરવા માટેની તમામ તકોનો ઉપયોગ કરી લીધેલ હોય તેવી વ્યક્તિને આ નિયમો હેઠળ એક વધારાની તક આપવામાં આવશે જેનો ઉપયોગ તેણે, આ નિયમો હેઠળ યોજાનારી પ્રથમ પરીક્ષામાં અને તે સિનિયોરિટીનો દાવો નહિ કરે અને તેના કરતાં પહેલાં જેણે પરીક્ષા પાસ કરેલ હોય અને જેમને ઉપલી જગાઓ પર તેના પહેલાં નિયમિત બઢતી મળેલ હોય તેવી તમામ વ્યક્તિઓ કરતાં તે જુનિયર રહેશે એ શરતને અધીન રહીને કરવો જોઈશે:

વળી, વધુમાં નિર્દિષ્ટ મુદત અને નિર્દિષ્ટ તકોની અંદર કોઇ વ્યક્તિ સુસંગત પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળ થયેલ હોય, તો તે, સરકારે વખતોવખત નક્કી કરેલી સુસંગત પરીક્ષા ફી ભર્યેથી, એ રીતે નિષ્ફળ જવા છતાં પણ આવી પરીક્ષામાં કોઇપણ સમયે બેસવા માટે લાયક ગણાશે અને તે સદરહુ પરીક્ષા પાસ કરે, તો તે બઢતી માટે લાયક ગણાશે:

વળી, વધુમાં કોઇ વ્યક્તિ, પોતે સુસંગત પરીક્ષા પાસ કર્યેથી બઢતી માટે લાયક થાય, તે પહેલાં જેણે સુસંગત પરીક્ષા પાસ કરેલ હોય અને ઉપલી જગા પર તેને નિયમિત બઢતી પણ અપાયેલ હોય તેવી વ્યક્તિઓ પર સિનિયોરિટીનો દાવો કરવાને હકદાર થશે નહિ.

૪. પ્રશ્નપત્રો અને અભ્યાસક્રમ.-

(૧) સુસંગત પરીક્ષાના પ્રશ્નપત્રો અને અભ્યાસક્રમ પરિશિષ્ટ 'ક' માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના રહેશે. પ્રશ્નપત્ર ૫ અને ૬ જે વર્ણનાત્મક પ્રકારના રહેશે અને પ્રશ્નપત્ર ૭ પ્રત્યક્ષ કસોટીનું રહેશે, તે સિવાયની પરીક્ષા બહુવિકલ્પ પ્રશ્નોની રહેશે.

(૨) પ્રશ્નપત્ર ૫,૬ અને ૭ સિવાયના વિષયોના પ્રશ્નપત્રોના જવાબ પુસ્તકોની મદદથી આપી શકાશે.

સ્પષ્ટીકરણ.- પુસ્તકો સાથે એટલે મૂળ કાયદા અને/અથવા નિયમો ધરાવતા કોઇ ટીપ્પણી અથવા કેસને લગતા કાયદા સિવાયના પુસ્તકો સાથે અને તેમાં ગુજરાત સરકારે પ્રસિધ્ધ કરેલા અધિનિયમ હેઠળ બહાર પાડેલ નિયમસંગ્રહનો સમાવેશ થાય છે.

(૩) પ્રશ્નપત્ર ૫ ના જવાબ, પ્રશ્નપત્રમાં આપેલી સૂચના પ્રમાણે અંગ્રેજી અથવા ગુજરાતીમાં આપવાના રહેશે.

૫. પરીક્ષાનું માધ્યમ.-

લેખિત પરીક્ષાનું માધ્યમ પ્રશ્નપત્રમાં આપેલી સૂચના પ્રમાણે ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે.

૬. પરીક્ષા યોજવા બાબત.-

(૧) મંડળે વર્ષમાં બે વખત, સામાન્ય રીતે જૂન અને ડિસેમ્બર મહિનામાં સુસંગત પરીક્ષા યોજવી જોઇશે.

(૨) મંડળે, સુસંગત પરીક્ષા યોજવા માટેના સ્થળ, તારીખ અને સમયની જાણ ગુજરાત સરકારના સચિવ, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગની જાણ હેઠળ (૧) નિયામક, અન્ન અને નાગરિક પુરવઠા (૨) અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક, અમદાવાદ શહેર (૩) નિયંત્રક કાનૂની માપવિજ્ઞાન અને નિયામક ગ્રાહક સુરક્ષા (૪) રજિસ્ટ્રાર, ગ્રાહક તકરાર નિવારણ કમિશન-ને કરવી જોઇશે. તમામ વિભાગના વડાએ આવી માહિતીની જાણ સમયસર ઉમેદવારોને કરવી જોઇશે.

૭. પરીક્ષામાં પ્રવેશ બાબત.-

(૧) સુસંગત પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઈચ્છતા મુખ્ય કારકુન/નિરીક્ષણ અધિકારી, વર્ગ ૩-એ, પરીક્ષાના આરંભની તારીખથી ઓછામાં ઓછા સાઠ દિવસ પહેલાં એવી પરીક્ષામાં ઉમેદવાર તરીકે તેના નામની નોંધણી કરાવવા માટે, પોતાની અરજી પરિશિષ્ટ 'ખ' માં નિર્દિષ્ટ કરેલ નમૂનામાં, તે જયાં સેવા બજાવતા હોય તે કચેરીના વડાને નિયામક, અન્ન અને નાગરિક પુરવઠા, ગુજરાત રાજય મારફત, રજૂ કરવી જોઈશે.

(૨) કચેરીના વડાએ સુસંગત પરીક્ષામાં બેસવા માટેની તેની પાત્રતાના સંબંધમાં અરજીની ચકાસણી કરવી જોઇશે અને પરિશિષ્ટ 'ગ' માં નિર્દિષ્ટ કરેલ યોગ્યતા પ્રમાણપત્ર સહિત તે નિયામક, અન્ન અને નાગરિક પુરવઠા, ગુજરાત રાજય મારફત, મંડળને મોકલી આપવી જોઇશે.

(૩) અરજદાર, પછીથી સુસંગત પરીક્ષામાં ન બેસવાનો નિર્ણય કરે, તો તેણે, પરીક્ષાના આરંભની તારીખથી ઓછામાં ઓછા સાઠ દિવસ પહેલાં તેની જાણ નિયામક, અન્ન અને નાગરિક પુરવઠા, ગુજરાત રાજય મારફત, મંડળને કરવી જોઇશે.

(૪) સંબંધિત પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે ઉમેદવાર તરીકે પોતાનું નામ યાદીમાં ધરાવ્યા પછી સુસંગત પરીક્ષામાં ઉપસ્થિત થવા કોઇ વ્યકિત ચૂક કરે તેવા પ્રસંગે, પણ પેટા-નિયમ (૩)માં ઉલ્લેખ્યા પ્રમાણે તે જાણ ન કરે તો, તેણે પરીક્ષા પાસ કરવાની એક તક ગુમાવી હોવાનું ગણાશે.

(૫) મંડળ, ઉમેદવાર એવી પરીક્ષામાં ઉપસ્થિત થવાને પાત્ર હોય તો, નિયામક, અન્ન અને નાગરિક પુરવઠા, ગુજરાત રાજ્ય-એ કાઢી આપેલ પ્રમાણપત્રના આધારે ઉમેદવાર-ને સુસંગત પરીક્ષામાં બેસવા દેશે :

પરંતુ નિયામક, અન્ન અને નાગરિક પુરવઠા, ગુજરાત રાજ્ય-ને એવી ખાતરી થાય કે વ્યક્તિએ પોતાના કાબૂ બહારના કારણોસર સમયમર્યાદાની અંદર જાણ કરવામાં ચૂક કરી હતી તો તે, પેટા-નિયમ (૩)માં ઉલ્લેખેલી જાણ કરવા માટે વ્યક્તિના પક્ષે થયેલી ચૂક અને તેનાથી ઉદ્‌ભવતા પરિણામોને માફ કરી શકશે.

૮. પરીક્ષા પાસ કરવા માટે લાયકી ધોરણ.-

(૧) સુસંગત પરીક્ષા પાસ કરવા માટેનું ધોરણ દરેક પ્રશ્નપત્રમાં મેળવેલ કુલ ગુણના પચાસ ટકા (૫૦ %) રહેશે.

(૨) નાપાસ થયેલ જે કોઇ ઉમેદવારે કોઇ એક અથવા વધુ પ્રશ્નપત્રોમાં સાઇઠ ટકા અથવા તેથી વધારે ગુણ મેળવ્યા હોય અને ત્યારપછીની પરીક્ષામાં તેટલા પ્રશ્નપત્રોમાં તેને બેસવામાંથી મુક્તિ આપવામાં આવશે.

(૩) પરીક્ષામાં ૮૦ % (એંશી ટકા) અથવા તેથી વધુ એકંદર ગુણ મેળવેલા હોય તેવા ઉમેદવારને સરકારે નક્કી કર્યા પ્રમાણેના પ્રોત્સાહન તરીકે રોકડ રકમ ચુકવવામાં આવશે.

૯. પરીક્ષાના પરિણામ.-

મંડળ, પરીક્ષાનું પરિણામ ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કરશે અને તે અંગે સરકાર, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ, ગુજરાત રાજ્ય-ને પણ જાણ કરશે.

૧૦. પરીક્ષા ખંડમાં અમુક સાધનો (ડિવાઇસ)ના ઉપયોગ પર પ્રતિબંધ (મનાઇ).- ઉમેદવારને સેલ્યુલર ફોન, કેલ્કયુલેટર, પેજર, આઇ-પેડ, ટેબલેટ વગેરે જેવી ઇલેક્ટ્રોનિક સંદેશા વ્યવહારના બીજા કોઇપણ સાધનો (ડીવાઇસ) પોતાની સાથે લઇ જવા દેવા પરવાનગી આપવી જોઇશે નહિ.

પરિશિષ્ટ ''ક''

(જુઓ નિયમ ૪)

મદદનીશ નિયામક, વર્ગ-૨ (ખાતાકીય) પરીક્ષા માટેનો અભ્યાસક્રમ.

પ્રશ્નપત્ર ૧. સેવાને લગતી બાબતો : કુલ ગુણ :૧૦૦ (સમયગાળો :ત્રણ કલાક, પુસ્તકો સાથે)

૧. ગુજરાત મુલકી સેવા (સેવાની સામાન્ય શરત) નિયમો, ૨૦૦૨ (વોલ્યૂમ ૧ થી ૮).

૨. ગુજરાત મુલકી સેવા(વર્તણૂક) નિયમો, ૧૯૭૧.

૩. ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭.

પ્રશ્નપત્ર ૨. હિસાબી બાબતો : કુલ ગુણ :૧૦૦ (સમયગાળો : ત્રણ કલાક, પુસ્તકો સાથે)

૧. ગુજરાત નાણાકીય નિયમો, ૨૦૦૨.

૨. સામાન્ય પ્રોવિડન્ટ ફંડ નિયમો, (સમગ્ર પુસ્તક)

૩. ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦.

૪. ગુજરાત આકસ્મિક ખર્ચ નિયમો, ૨૦૦૨.

૫. ગુજરાત બજેટ મેન્યુઅલ, ૧૯૮૩.

૬. નાણાકીય સત્તાની સોંપણી.

પ્રશ્નપત્ર ૩. કચેરી કાર્યપધ્ધતિ, અધિનિયમ અને તેના નિયમો : કુલ ગુણ :૧૦૦ (સમયગાળો :ત્રણ કલાક, પુસ્તકો સાથે)

૧. ભારતનું સંવિધાન :

મૂળભૂત અધિકારો અને અનુચ્છેદ ૩૦૯, ૩૧૦, ૩૧૧, ૩૨, ૨૨૬.

૨. માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ અને ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૨.

૩. એલએક્યુ પ્રકારના (તારાંકિત પ્રશ્નો) પ્રશ્નો અને તેની કાર્યપદ્ધતિ, ટૂંકી મુદતના પ્રશ્નો.

૪. બિન સચિવાલય કચેરીઓ માટેની કચેરી કાર્યપધ્ધતિ

૫. કચેરી વ્યવસ્થાતંત્ર અને કેસોના નિકાલ અને વહીવટી કાર્યપધ્ધતિ સંબંધી ખાતાકીય હુકમો.

પ્રશ્નપત્ર ૪. ખાતાકીય અધિનિયમો અને નિયમોઃ ગુણ : ૧૦૦ (સમય ગાળો : ૩ કલાક, પુસ્તક સાથે)

૧. આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ અને જાહેર વિતરણ વ્યવસ્થા નિયંત્રણ હુકમ સહિત સદરહુ અધિનિયમ હેઠળના તમામ હુકમો.

૨. કાનૂની માપવિજ્ઞાન અધિનિયમ, ૨૦૦૯ અને ગુજરાત કાનૂની માપવિજ્ઞાન (અમલ બજવણી) નિયમો, ૨૦૧૧.

૩. ગ્રાહક સંરક્ષણ અધિનિયમ, ૧૯૮૬ અને ગુજરાત ગ્રાહક સુરક્ષા નિયમો, ૧૯૮૮.

૪. કાનૂની માપવિજ્ઞાન (પેક કરેલી ચીજવસ્તુ) નિયમો, ૨૦૧૧.

૫. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ, ૨૦૧૩ અને તેના નિયમો.

પ્રશ્નપત્ર ૫.- સમસ્યા નિવારણ તકનિક (પ્રોબ્લેમ સોલ્વિંગ ટેકનિકલ) : ગુણ : ૧૦૦ (સમયગાળો : ૩ કલાક, પુસ્તકો વિના)

૧૦ પ્રશ્ન- પ્રશ્નો દીઠ ૧૦ ગુણ

(૧) અનાજ/ ખાંડ/ કેરોસિન, જિલ્લા/ રાજયની જરૂરિયાત, ઉપલભ્યતા અને તેની ફાળવણી.

(૨) રાજય સરકારના અહેવાલો સંબંધી રાજય વિધાનસભા પ્રશ્ન/ સંદર્ભ અને મુસદ્દાલેખન.

(૩) ગ્રાહક સુરક્ષાના પૂર્વ દાવો.

(૪) ગ્રાહક સુરક્ષાનો નોંધપાત્ર ચુકાદો કોઈપણ એક- આ ચુકાદો શા માટે નોંધપાત્ર છે ?

(૫) ગ્રાહક સુરક્ષા પ્રચારનું સૂચન અને ભ્રમજનક જાહેરાત માટે તમે કઇ કાર્યરીતિ અપનાવવા માગો છો ?

(૬) કાનૂની માપવિજ્ઞાન અધિનિયમ અને કાનૂની માપવિજ્ઞાન અધિનિયમના ઉલ્લંઘન માટે લેવાના પગલાં.

(૭) કાનૂની માપવિજ્ઞાન (પેક કરેલી ચીજવસ્તુ) નિયમો, ૨૦૧૧ અને કાનૂની માપવિજ્ઞાન (પેક કરેલી ચીજવસ્તુ) નિયમો, ૨૦૧૧ના ઉલ્લંઘન માટે લેવાના પગલાં.

(૮) ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ રાજય સરકારની વિતરણ વ્યવસ્થા.

(૯) આવશ્યક ચીજવસ્તુની કિંમતની સમીક્ષા અને આવશ્યક ચીજવસ્તુની કિંમત નિયંત્રણમાં રાખવા માટેના પગલાં અને સૂચન.

(૧૦) કોર્ટ કેસ/ પોલીસ કેસના કાગળો તૈયાર કરવા બાબત (આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ/ લાઈસન્સ અને જથ્થા અંગેની જાહેરાત, હુકમ, ૧૯૮૧)

જાહેર વિતરણ વ્યવસ્થા (પીડીએસ) નિયંત્રણ હુકમ/ કાનૂની માપવિજ્ઞાન અધિનિયમ અને નિયમો.

પ્રશ્નપત્ર ૬-ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં નોંધલેખન અને મુસદ્દાલેખન
ગુણ : ૧૦૦ (સમયગાળો : ૩ કલાક, પુસ્તકો વિના)

૧.	અંગ્રેજી અને ગુજરાતીમાં મુસદ્દાલેખન અને નોંધલેખન-	૨૦ ગુણ
૨.	હાઈકોર્ટ મેટર પેરાવઈઝ રિમાર્ક તૈયાર કરવી, સોગંદનામુ ફાઈલ કરવું અને વિગત દર્શક 'હુકમનો મુસદ્દો' ઘડવો.	૧૫ ગુણ
૩.	અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અને ગુજરાતીથી અંગ્રેજીમાં ભાષાંતર	૧૦ ગુણ
૪.	અંગ્રેજી નિબંધ	૧૦ ગુણ

૫.	અંગ્રેજી વ્યાકરણ	૧૫ ગુણ
૬.	ગુજરાતી અથવા અંગ્રેજીમાં પત્રલેખન/ અરજીલેખન	૧૦ ગુણ
૭.	જાહેર જનતા અને બીજી સંસ્થાઓ સાથે પત્ર વ્યવહાર	૧૦ ગુણ
૮.	ગુજરાતી વ્યાકરણ	૧૦ ગુણ

પ્રશ્નપત્ર ૭ ગુણ : ૧૦૦ (સમયગાળો : ૩ કલાક, પુસ્તકો વિના)

વિભાગની તમામ વડી કચેરીઓની વેબ-સાઇટ અરજી અને ડેટાબેઇઝની પ્રેક્ટિકલ પરીક્ષા.

પરિશિષ્ટ 'ખ'

(જુઓ નિયમ ૭(૧))

મંડળ દ્વારા યોજવાની મદદનીશ નિયામક, વર્ગ-૨ (ખાતાકીય પરીક્ષા)માં ઉપસ્થિત રહેવા માટેનું અરજીપત્ર

૧.	અરજદારનું પૂરું નામ (અટક પહેલાં લખવી) (અંગ્રેજી અને ગુજરાતી બન્નેમાં) :	
૨.	હોદો (અંગ્રેજીમાં અને ગુજરાતીમાં):	
૩.	હાલમાં જે કચેરીમાં કામ કરતા હોય તે કચેરીનું નામ:	
૪.	જન્મ તારીખ અને આ પરીક્ષાના સમયે ઉંમર.	
૫.	નિમણૂકની તારીખ અને સેવા (નોકરી)ના કુલ વર્ષો .	
૬.	અરજદાર અગાઉ પરીક્ષામાં ઉપસ્થિત રહેલ છે કે કેમ? જો તેમ હોય, તો-	
	(ક) જે પરીક્ષામાં ઉપસ્થિત રહેલ હોય તે પરીક્ષાનો મહિનો અને વર્ષ	
	(ખ) કોઈ મુક્તિ આપવામાં આવી છે કે કેમ? જો તેમ હોય, તો ગુણ, પરીક્ષાના વર્ષ અને વિષયની માહિતી આપવી જોઇશે.	
	(ગ) અરજદાર, મેળવેલી મુક્તિનો લાભ મેળવવા ઇચ્છા ધરાવે છે ? 'હા' અથવા 'ના' જણાવવું (પસંદગી આખરી ગણવામાં આવશે અને તેમાં કોઈપણ ફેરફાર માન્ય રાખવામાં આવશે નહિ.).	
૭.	અરજદાર, જે નિયમની સત્તા હેઠળ પરીક્ષામાં ઉપસ્થિત રહેવાનો ઈરાદો ધરાવે છે તે.	
૮.	અરજદારે, જેટલી તકોની અંદર અને જે સમયમર્યાદાની અંદર પરીક્ષા પાસ કરવાની હોય તે તકોની સંખ્યા અને સમયમર્યાદા (પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની પાત્રતાની તારીખ અને તેની મુદતની સમાપ્તિની તારીખ જણાવવી)	

૯.	કરેલા પ્રયત્નોની સંખ્યા:	
૧૦.	વધારાની (ખાસ તક) આપવામાં આવેલ છે કે કેમ? જો તેમ હોય, તો જે હુકમ હેઠળ, અરજદારને વધારાની તક આપવામાં આવેલ હોય તે હુકમનો ક્રમાંક નિર્દિષ્ટ કરવો અને તારીખની વિગતો આપવી અને તેની નકલ જોડવી:	
૧૧.	પરીક્ષા પાસ કરવા માટેનો હેતુ (દા.ત. સરકારી સેવામાં કાયમી થવા, સરકારી સેવામાં ચાલુ રહેવા, બઢતી માટે વગેરે):	
૧૨.	અરજદાર, ખાતાકીય પરીક્ષાના નિયમો અનુસાર પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે પાત્ર છે કે કેમ?	
૧૩.	સક્ષમ સત્તાધિકારી તરફથી ઉંમર અને સેવા-મર્યાદામાં છૂટછાટ આપતા હુકમનો પત્રનો ક્રમાંક અને તારીખ (હુકમોની નકલો જોડવી):	
૧૪.	વિશેષ નોંધ, જો હોય તો:	

સ્થળ: **અરજદારની સહી**

તારીખ:

પરિશિષ્ટ 'ગ'
(જુઓ નિયમ ૭(૨))
યોગ્યતા પ્રમાણપત્ર

આથી, પ્રમાણિત કરવામાં આવે છે કે,-

(૧) ઉપર જણાવેલી વિગતો તપાસેલ છે અને તે સાચી જણાયેલ છે. શ્રી / શ્રીમતી / કુમારી .... મદદનીશ નિયામક, વર્ગ-૨ની જગાની બઢતી માટે, વર્ષ ૨૦...........ના .... મહિનાની .... તારીખે યોજાનાર ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહેવા પાત્ર છે.

(૨) * જરૂરી ફી ચૂકવેલ છે, ચલણની નકલ આ સાથે જોડેલ છે.

(૩) * ઉમેદવારને વધારાની તક આપવામાં આવે છે. હુકમની નકલ આ સાથે જોડેલ છે.

સ્થળ:
તારીખ:
* જે કંઇ લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

(વિભાગના વડાની સહી અને હોદ્દો)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.આર.ઓઝા,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 115

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, APRIL 18, 2016/CAITRA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ**-ના **તારીખઃ ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૧૬** ના સરકારી જાહેરનામા **ક્રમાંકઃ જી/ એસએચ / ૨ / વાયએસપી/ ૧૦૨૦૧૩/ ૨૪૪૦(૧) / બી** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the District Youth Development Officer, Class II Recruitment Rules, 2015.

જિલ્લા યુવા વિકાસ અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૫ સુધારવા સંબંધી જાહેરનામું.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જી / એસએચ / ૨ / વાયએસપી / ૧૦૨૦૧૩ / ૨૪૪૦(૧) / બી :-- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, જિલ્લા યુવા વિકાસ અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો જિલ્લા યુવા વિકાસ અધિકારી, વર્ગ ૨, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. જિલ્લા યુવા વિકાસ અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૫માં, નિયમ ૪માં,

(૧) ખંડ (ક)માં, ''૩૦ વર્ષથી'' એ આંકડા અને શબ્દને બદલે, ''૩૫ વર્ષથી'' એ આંકડા અને શબ્દ મૂકવા;

(૨) ખંડ (ખ)માં, પેટા-ખંડ (૧)માં, ''અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે'' એ શબ્દો કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

રાહુલ પટેલ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 116

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, APRIL 18, 2016/CAITRA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શ્રમ અને રોજગાર વિભાગ**-ના તારીખ: ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૬ ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેએચઆર/૨૭/૨૦૧૬/ટીએલએમ/૧૩૨૦૧૧/૨૫૯૫૯૩/આર(૧) -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Hostel Superintendent Cum Physical Training Instructor, Class III, in the Subordinate Service of the Directorate of Employment and Training, Gujarat State, Recruitment Rules, 2016.

રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, છાત્રાલય અધીક્ષક સહ વ્યાયામ પ્રશિક્ષક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: કેએચઆર-૨૭-૨૦૧૬-ટીએલએમ-૧૩૨૦૧૧-૨૫૯૫૯૩-આર(૧) :-ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, રોજગાર અને તાલીમ નિયામકની કચેરી (તાલીમ પાંખ), ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, છાત્રાલય અધીક્ષક સહ વ્યાયામ પ્રશિક્ષક, વર્ગ ૩-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, છાત્રાલય અધીક્ષક સહ વ્યાયામ પ્રશિક્ષક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. રોજગાર અને તાલીમ નિયામકની કચેરી (તાલીમ પાંખ), ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, છાત્રાલય અધીક્ષક સહ વ્યાયામ પ્રશિક્ષક, વર્ગ ૩-ની જગા પરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૬ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય-મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી લાગુ પડશે નહિ.

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી વ્યાયામ શિક્ષણમાં મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે;

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક-ની જોગવાઈ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. બી. પટેલ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 117

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, APRIL 18, 2016/CAITRA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **કૃષિ અને સહકાર વિભાગ**-ના **તારીખઃ ૨૨મી માર્ચ, ૨૦૧૬** ના સરકારી **જાહેરનામા ક્રમાંકઃ જીએચકેએચ/૨૭/૨૦૧૬/એમઆઈએસસી/૨૯૪/છ**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat (Right of Citizens to Public Services) Act, 2013.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ હેઠળ જાહેરનામું.

કૃષિ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૨મી માર્ચ, ૨૦૧૬.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંકઃ જીએચકેએચ/૨૭/૨૦૧૬/ એમઆઈએસસી /૨૯૪/છઃ- ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામા સાથે જોડેલ પરિશિષ્ટ-કના કોલમ ૨માં જણાવ્યા પ્રમાણેની સેવાઓ અને સદરહુ પરિશિષ્ટના કોલમ ૩માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે જે નિયત સમયમર્યાદાની અંદર આવી સેવાઓ પૂરી પાડવી જોઈશે તે સમયમર્યાદા જાહેર કરે છે.

પરિશિષ્ટ-ક

અનુક્રમાંક	અધિનિયમની કલમ-૪ હેઠળ જાહેર કરેલી સેવા	નિયત સમયમર્યાદા
૧	૨	૩
૧	૧. સહકારી મંડળીઓનું રજિસ્ટ્રેશન	
	(ક) ગ્રામીણ વિસ્તારમાં જિલ્લા કક્ષાએ	૬૦ દિવસ
	(ખ) શહેરી/ગ્રામીણ વિસ્તારમાં જિલ્લા કક્ષાએ	૬૦ દિવસ
	(ગ) રાજ્ય કક્ષાએ, રજિસ્ટ્રાર	૬૦ દિવસ
૨	BON (કલમ-૧૦૩)ના સંદર્ભમાં પ્રમાણપત્ર આપવું (જિલ્લા કક્ષાએ)	૬૦ દિવસ
૩	નાણાંની ધીરધાર કરનારાનું રજિસ્ટ્રેશન	૬૦ દિવસ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. કે. પટેલ,
સરકારના ઉપસચિવ.

INDEX

Extra No. 118

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII]   MONDAY, APRIL 18, 2016/CAITRA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **મહેસૂલ વિભાગ**-ના **તારીખઃ ૩૧મી માર્ચ, ૨૦૧૬** ના સરકારી **જાહેરનામા ક્રમાંકઃ જીએચએમ/૨૦૧૬/૧૦૫/બીકેપી/૧૦૨૦૧૫/૧૮૩/કે**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification
Under
The Gujarat (Rights of Citizens to Public Services) Act, 2013.
ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ હેઠળ જાહેરનામું.

મહેસૂલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૩૧ માર્ચ, ૨૦૧૬.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંકઃ જીએચએમ / ૨૦૧૬ / ૧૦૫ / બીકેપી / ૧૦૨૦૧૫ / ૧૮૩ / કે :- ગુજરાત (જાહેર સેવાઓ અંગેના નાગરિકોના અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામા સાથે જોડેલ પરિશિષ્ટ-કના કોલમ ૨માં જણાવ્યા પ્રમાણેની સેવાઓ અને સદરહુ પરિશિષ્ટના કોલમ ૩માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે જે નિયત સમયમર્યાદાની અંદર આવી સેવાઓ પૂરી પાડવી જોઈશે તે સમયમર્યાદા જાહેર કરે છે.

પરિશિષ્ટ-ક

અનુક્રમાંક	અધિનિયમની કલમ-૪ હેઠળ જાહેર કરેલી સેવાઓ	નિયત સમયમર્યાદા
૧	સદ્ધરતા પ્રમાણપત્ર (Solvency Certificate)	૧૦ દિવસ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ભરત ત્રિવેદી,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 119

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, APRIL 18, 2016/CAITRA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાન્ય વહીવટ વિભાગ-ના તારીખ: ૧લી એપ્રિલ, ૨૦૧૬** ના સરકારી જાહેરનામા **ક્રમાંક: જીએસ/૨૬/૨૦૧૬/એનએપી/૧૦૨૦૧૩/૮૧૭/એઆરટીડી / ૪**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat (Right of Citizens to Public Services) Act, 2013.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેના નાગરિકોના અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ હેઠળ

જાહેરનામું.

સામાન્ય વહીવટ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૧લી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંક: જીએસ / ૨૬ / ૨૦૧૬ / એનએપી - ૧૦૨૦૧૩ - ૮૧૭ - એઆરટીડી - ૪:- ગુજરાત (જાહેર સેવાઓ અંગેના નાગરિકોના અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૧ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમની કલમો ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧ અને ૨૨ની જોગવાઈઓ જે તારીખે અમલમાં આવશે તે તારીખ તરીકે સન ૨૦૧૬ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ નકકી કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વિપુલ મિત્રા,

સરકારના અગ્રસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 120

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, APRIL 18, 2016/CAITRA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ** વિભાગ-ના **તારીખઃ ૩૧મી માર્ચ, ૨૦૧૬** ના સરકારી જાહેરનામા **ક્રમાંકઃ જીએસ/૦૪/ડીએફએસ/ ૧૦૨૦૧૬/૧૪૮/ /એફ** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat (Right of Citizens to Public Services) Act, 2013.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ હેઠળ

જાહેરનામું.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ૩૧મી માર્ચ, ૨૦૧૬.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંક: જીએસ / ૦૪ / ડીએફએસ / ૧૦૨૦૧૬ / ૧૪૮ / એફ :- ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમ જેને લાગુ પડશે તેવી, આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૨માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની સેવાઓ અને સદરહુ પરિશિષ્ટના કોલમ ૩માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે જે નિયત સમયમર્યાદાની અંદર આવી સેવાઓ પૂરી પાડવી જોઈશે તે સમયમર્યાદા જાહેર કરે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	સેવાઓનું નામ	નિયત સમયમર્યાદા
(૧)	(૨)	(૩)
૧	ઐતિહાસિક દસ્તાવેજની, માઈક્રો ફિલ્મની અને ગુજરાત રાજ્ય દફતર ભંડારની કચેરીઓમાં જાળવેલા અગત્યના ઐતિહાસિક દસ્તાવેજોની ખરી નકલો	૧૫ દિવસ
૨	ગુજરાત રાજ્ય દફતર ભંડારની કચેરીઓમાં ૩૦ દિવસનું સંશોધન કાર્ય કરવા માટે સંશોધન વિદ્વાનો (વિદ્યાર્થીઓ)ને આપવાની પરવાનગી	૭ દિવસ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સુરેશ કાનાબાર,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 121

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, APRIL 18, 2016/CAITRA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તારીખઃ ૨૨મી માર્ચ, ૨૦૧૬**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીપી-૧૪-કેઆરવી-૧૦૨૦૧૬-૪૯૮-ચ**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat (Right of Citizens to Public Services) Act, 2013.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેના નાગરિકોના અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ હેઠળ

જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૨૨/૦૩/૨૦૧૬.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંકઃ જીપી / ૧૪ / કેઆરવી - ૧૦૨૦૧૬ - ૪૯૮ - ચઃ- ગુજરાત (જાહેર સેવાઓ અંગેના નાગરિકોના અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામા સાથે જોડેલ પરિશિષ્ટ-કના કોલમ ૨માં જણાવ્યા પ્રમાણેની સેવાઓ અને સદરહુ પરિશિષ્ટના કોલમ ૩માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે જે નિયત સમયમર્યાદાની અંદર આવી સેવાઓ પૂરી પાડવી જોઈશે તે સમયમર્યાદા જાહેર કરે છે.

પરિશિષ્ટ-ક

અનુક્રમાંક	અધિનિયમની કલમ-૪ હેઠળ જાહેર કરેલી સેવાઓ	નિયત સમયમર્યાદા
૧	૨	૩
૧	અયોગ્ય હોવા અંગેનું પ્રમાણપત્ર (Unfit Certificate)	૭ દિવસ
૨	વચગાળાનું પ્રમાણપત્ર (Intermediate Certificate)	૭ દિવસ
૩	યોગ્યતા પ્રમાણપત્ર (Fitness Certificate)	૭ દિવસ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. જી. વણઝારા,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 122

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, APRIL 18, 2016/CAITRA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખઃ ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૬ ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ-ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી/૨૦૧૬નો ૧૨/ટીએલએમ/૧૧૨૦૦૯/૧૨૨૧/આર -નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Gujarat Municipal Chief Officer (Pre- Service Training and Examination) Rules, 2003.

ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી (પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા) નિયમો, ૨૦૦૩ સુધારવા સંબંધી જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૬.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંકઃ કેવી/૨૦૧૬નો ૧૨/ટીએલએમ/૧૧૨૦૦૯/૧૨૨૧/આરઃ- ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૨૭૭ની પેટા-કલમ (૩)ના પરંતુક હેઠળ નિયમો કરવા અને તેની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલાં લેવાનું તેના માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૨૭૭ની પેટા-કલમ (૧) અને પેટા-કલમ (૨)ના ખંડ (ખ) સાથે વાંચતા, કલમ ૪૭૬-ની પેટા-કલમો (૧) અને (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી (પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા) નિયમો, ૨૦૦૩ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો, ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી (પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા) (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી (પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા) નિયમો, ૨૦૦૩ (જેનો આમાં, હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨ માં, ખંડ (જ) પછી, નીચેનો ખંડ ઉમેરવો:-

"(ઝ) 'તાલીમ સંસ્થા' એટલે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ."

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૫ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

"૫. (૧) અજમાયશી (પ્રોબેશનરી) નગરપાલિકા મુખ્ય અધિકારીઓ માટેની પૂર્વ-સેવા તાલીમ, નીચે પ્રમાણે રહેશે:-

(ક) નગરપાલિકા મુખ્ય અધિકારી, વર્ગ ૨ માટે:

(૧) સંસ્થાકીય તાલીમ......... છ અઠવાડિયા

(૨) પ્રત્યક્ષ તાલીમ........... ત્રણ મહિના,

(ખ) નગરપાલિકા મુખ્ય અધિકારી, વર્ગ ૩ માટે:

(૧) સંસ્થાકીય તાલીમ......... છ અઠવાડિયા

(૨) પ્રત્યક્ષ તાલીમ............ ત્રણ મહિના,

(૨) સંસ્થાકીય તાલીમ, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા-SPIPA)-એ આપવી જોઇશે. તાલીમાર્થી અજમાયશી નગરપાલિકા મુખ્ય અધિકારી, સંસ્થાકીય તાલીમની મુદત દરમિયાન તાલીમ સંસ્થાના ડાયરેકટર જનરલ (મહાનિયામક)ના નિયંત્રણ હેઠળ રહેશે.

(૩) અજમાયશી નગરપાલિકા મુખ્ય અધિકારીઓ વર્ગ ૨ અને ૩-ને, પ્રત્યક્ષ તાલીમ માટે મુખ્ય અધિકારી, વર્ગ-૧ની સાથે તાલીમાર્થી મુખ્ય અધિકારી તરીકે કામ કરવા માટે ગ્રેડ-એ નગરપાલિકાઓમાં નીમવા જોઇશે.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૭ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

"૭.(ક) પરીક્ષા પાસ કરવાનું ધોરણ, દરેક પ્રશ્નપત્રમાં નિયત કરેલ કુલ ગુણના પચાસ ટકા રહેશે. પ્રશ્નપત્ર ૪ના ભાગ (ખ) સિવાય, પરીક્ષા બહુવિધ વિકલ્પવાળા પ્રશ્નો (એમસીક્યુ-MCQ)ની રહેશે. પ્રશ્નપત્ર ૪ના ભાગ (ખ)માં જવાબો, પરીક્ષાના પ્રશ્નપત્રમાં આપેલી સૂચનાઓ અનુસાર અંગ્રેજી અથવા ગુજરાતીમાં લખવાના રહેશે. પ્રશ્નપત્ર ૩ અને ૪ સિવાયના વિષયના પ્રશ્નપત્રો, પરિશિષ્ટ-૧માં ઉલ્લેખ્યા પ્રમાણે પુસ્તકો સાથે અથવા તે વગર જવાબ આપવાની પરવાનગી આપવામાં આવશે.

સ્પષ્ટીકરણ.- પુસ્તકો સાથે એટલે કોઇપણ ટિપ્પણી અથવા કેસ લૉ (પૂર્વ-કાયદાઓ) સિવાયના મૂળ (ફક્ત) અધિનિયમ અને/અથવા નિયમો ધરાવતા વિષયના અસલ (મૂળ) પુસ્તકો અને તેમાં ગુજરાત સરકારે પ્રસિદ્ધ કરેલા અધિનિયમ હેઠળ બહાર પાડેલા નિયમ-સંગ્રહનો સમાવેશ થશે.

(ખ) જે ઉમેદવાર નિષ્ફળ થયો હોય પરંતુ તેણે કોઇ એક અથવા તેથી વધુ પ્રશ્નપત્રોમાં ૬૦ (સાઠ) ટકા અથવા તેથી વધુ ગુણ મેળવ્યા હોય, તો તે ઉમેદવારને તે પછીની પરીક્ષામાં તે પ્રશ્નપત્ર અથવા તે પ્રશ્નપત્રોની પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાંથી મુક્તિ આપવામાં આવશે.".

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૮ કમી કરવો.

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૯માં, ત્રીજા પરંતુકમાં, "ત્રીસ રુપિયાની પરીક્ષા ફી" એ શબ્દોને બદલે, "વખતોવખત સરકાર નક્કી કરે તેટલી પરીક્ષા ફી" એ શબ્દો મૂકવા.

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૧૭ને બદલે, નીચેના નિયમો મૂકવા:-

"૧૭. સંસ્થાકીય અને પ્રત્યક્ષ તાલીમ પૂરી થયા પછી, મુખ્ય અધિકારી, વર્ગ ૨ અને મુખ્ય અધિકારી, વર્ગ ૩-એ, અજમાયશ (પ્રોબેશન)ની બાકીની મુદત સુધી તેમની સંબંધિત કચેરીઓમાં અજમાયશી મુખ્ય અધિકારી તરીકે કાર્ય કરવું જોઇશે.".

૮. સદરહુ નિયમોમાં, પરિશિષ્ટ-૧ને બદલે, નીચેનું પરિશિષ્ટ મૂકવું:-

" પરિશિષ્ટ-૧
(જુઓ નિયમ-૬)

પ્રશ્નપત્ર ક્રમાંક	અભ્યાસક્રમ	ગુણ	સમયગાળો
૧	**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અને તે હેઠળ કરેલા નિયમો:-** ચૂંટણી, જુદી જુદી સમિતિઓની રચના- તેમની સત્તા અને ફરજો; મુખ્ય અધિકારી, કલેક્ટર, નગરપાલિકાઓના નિયામક અને રાજ્ય સરકાર દ્વારા નગરપાલિકાઓ ઉપર નિયંત્રણ- મુખ્ય અધિકારીની સત્તા,ફરજો અને જવાબદારીઓ-ને લગતાં (ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અને તે હેઠળ કરેલા નિયમો). **ભારતનું સંવિધાન અને વિવિધ અધિનિયમો.** ૭૪મા સંવૈધાનિક સુધારામાંની નગરપાલિકાઓને લગતી જોગવાઇઓ, મૂળભૂત અધિકારો, ન્યાયતંત્ર.	૧૦૦ (પુસ્તકો સાથે)	૩ કલાક
૨	**નીચેની બાબતોને લગતાં ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ અને તે હેઠળના નિયમો:-** વિકાસ નિયંત્રણ અને બાંધકામ પેટા-કાયદા-અગ્નિસુરક્ષા (ફાયર સેફ્ટી), ગટર-વ્યવસ્થા અને પાણી નિકાલ વ્યવસ્થા, પરિસ્થિતિવિષયક અને પર્યાવરણલક્ષી પરિબળો, ઉપયોગિતા સેવાઓનું આયોજન. નગરપાલિકાઓને લગતાં નીચેના અધિનિયમોની જોગવાઇઓ:- ૧. ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭. ૨. ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮. ૩. જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯. ૪. ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ અને સન ૧૯૬૧ના ન્યૂનતમ વેતન (ગુજરાત) નિયમો. ૫. ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭. ૬. માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫. ૭. ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬. ૮. લાંચરૂશ્વત નિવારણ અધિનિયમ, ૧૯૮૬.	૧૦૦ (પુસ્તકો સિવાય)	૩ કલાક
3	**વિવિધ યોજનાઓ:-** નાના અને મધ્યમ કક્ષાના શહેરોનો સંકલિત વિકાસ, જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન (જેએનએનયુઆરએમ), ગરીબ સમૃદ્ધિ યોજના, સ્વર્ણ જયંતી શહેરી રોજગાર યોજના (એસજેએસઆરવાય), ઉમ્મીદ, બાજપાઇ નગર વિકાસ યોજના, શહેરી ગરીબોને મૂળભૂત સેવા, જાહેર-ખાનગી ભાગીદારી, નિર્મળ ગુજરાત.	૧૦૦ (પુસ્તકો સિવાય)	૩ કલાક

પ્રશ્નપત્ર ક્રમાંક	અભ્યાસક્રમ	ગુણ	સમયગાળો
	શહેરી સેવાઓનું સંચાલન:- ૧. પાણી પુરવઠો, શેરીની દીવાબત્તી અને ઊર્જા બચત, રસ્તા અને વાહનવ્યવહાર. ૨. આરોગ્ય સેવા અને જાહેર આરોગ્ય સંચાલન. ૩. ઘન કચરાનું વ્યવસ્થાપન, સ્મશાન. ૪. અગ્નિશમન સેવા. ૫. નગરોદ્યાન સ્વચ્છતા અભિયાન અને નમૂનારૂપ (મોડલ) શહેર. ૬. હરિયાળું શહેર, રીસાઇકલીંગ ટ્રીટમેન્ટ અને મળ-પાણી નિકાલ વ્યવસ્થા. ૭. શહેર પર્યાવરણ સંચાલન. ૮. ઓછા ખર્ચે સફાઇ શિક્ષણ.		
૪	**ભાગ-ક** **નગરપાલિકાના નાણા અને હિસાબો:** કરવેરા, મિલકત વેરો અને કરવેરાની વૈજ્ઞાનિક આકારણી, નગરપાલિકાઓનું અંદાજપત્ર (બજેટ), નગરપાલિકા હિસાબ સંહિતા, આવક અને ખર્ચ ઉપર નિયંત્રણ, હિસાબો,- ઓડિટ પેરાનો નિકાલ, સહાયક અનુદાન, ભાડું, વ્યાજ, દંડ, દાન અને લોન, ગુજરાત મ્યુનિસિપલ નાણા બોર્ડ, દ્વિનોંધી નામા પદ્ધતિ, હિસાબોનું કમ્પ્યુટરાઇઝેશન, નાણાકીય વ્યવસ્થા (સંચાલન), નગરપાલિકાનું ક્રેડિટ રેટીંગ, નગરપાલિકાનું ઓડિટ. **ભાગ-ખ** **સામાન્ય વહીવટ** ૧. કચેરી વહીવટ, કચેરી નિરીક્ષણ અને દેખરેખ, સંકલન. ૨. જાહેર સંબંધો. ૩. નોંધલેખન, મુસદ્દાલેખન અને કાર્યનોંધવહી. ૪. ફાઇલ અને રેકર્ડનું સંચાલન. ૫. આપત્તિ વ્યવસ્થાપન (ડિઝાસ્ટર મેનેજમેન્ટ). ૬. કોમ્પ્યુટરનો ઉપયોગ (જી.આઇ.એસ. નકશા વાંચન). ૭. પ્રતિભાવશીલ અને જવાબદાર સંચાલન. ૮. માનવ સંસાધન સંચાલન. ૯. ફરિયાદ/દાવા ઘટાડવા. ૧૦. ઉચ્ચ અધિકારીઓ, સહ-કર્મચારીઓ અને તાબાના કર્મચારીવર્ગ (સ્ટાફ) સાથે કામ કરવાની રીત.	૧૦૦ (પુસ્તકો સિવાય)	૩ કલાક
૫	ગુજરાત મુલકી સેવા નિયમો, ૨૦૦૨ (વોલ્યુમ ૧ થી ૮)	૧૦૦ (પુસ્તકો સાથે)	૩ કલાક".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

યોગેશ રાવલ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 123

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, APRIL 18, 2016/CAITRA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ: ૨૮મી જાન્યુઆરી, ૨૦૧૬ ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના (૧) હુકમ ક્રમાંક : જીએચએમ-૨૦૧૫-૫૭-એમ-એસટીપી-૧૨-૨૦૧૫-૩૦૨૧-એચ.૧ અને (૨) જાહેરનામા ક્રમાંક : જીએચએમ-૨૦૧૫-૫૮-એમ-એસટીપી-૧૨-૨૦૧૫-૩૦૨૧-એચ.૧.ના ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Order

Under

The Gujarat Stamp Act, 1958.

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ

હુકમ.

મહેસૂલ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૨૮મી જાન્યુઆરી, ૨૦૧૬.

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંકઃ જીએચએમ–૨૦૧૫–૫૭–એમ–એસટીપી–૧૨–૨૦૧૫–૩૦૨૧–એચ.૧:– ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઇના ૬૦મા)ની કલમ ૯ના ખંડ (ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મહેસૂલ વિભાગના તારીખ: ૧૨/૦૧/૨૦૧૧ના સરકારી ઠરાવ ક્રમાંક: જમન–ઇન્ડસ્ટ્રી–૧૬૧૦–૪૦૩૩–એ.૧ થી અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકા ખાતે ખાસ મૂડીરોકાણ પ્રદેશ તરીકે ધોલેરાના વિકાસ માટે ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રદેશ વિકાસ સત્તામંડળને ફાળવેલી કુલ ૨૮૫૦૨–૮૯–૪ હેક્ટર ચોરસ મીટર જમીનમાંથી ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રદેશ વિકાસ સત્તામંડળે સમાન સહભાગિતા તરીકે, ધોલેરા ઇન્ડસ્ટ્રીયલ સિટી ડેવલપમેન્ટ લિમિટેડને કરેલી ૫૨૦૫ હેક્ટર જમીનની તબદીલી સંબંધી લેખ ઉપર લેવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટી માફ કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી.ટી.મંડોરા,

સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Government Notification, Revenue Department No.GM-87-134-M-RGN-1086-381-H1, dated 3rd August, 1987.

મહેસૂલ વિભાગનું તારીખઃ ૩જી ઓગસ્ટ, ૧૯૮૭નું સરકારી જાહેરનામું ક્રમાંકઃ જીએમ-૮૭-૧૩૪-એમ-આરજીએન-૧૦૮૬-૩૮૧-એચ૧ સુધારવા સંબંધી

જાહેરનામું.

મહેસૂલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૮મી જાન્યુઆરી, ૨૦૧૬.

રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮.

ક્રમાંકઃ જીએચએમ-૨૦૧૫-૫૮-એમ-એસટીપી-૧૨-૨૦૧૫-૩૦૨૧-એચ.૧:- ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલા પૂરતા રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ (સન ૧૯૦૮ના ૧૬મા)ની કલમ ૭૮ના ખંડ (ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મહેસૂલ વિભાગના તારીખ: ૩જી ઓગસ્ટ, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએમ-૮૭-૧૩૪-એમ-આરજીએન-૧૦૮૬-૩૮૧-એચ.૧ હેઠળ પ્રસિદ્ધ કરેલું ફીનું કોષ્ટક નીચે પ્રમાણે સુધારે છેઃ-

સદરહુ કોષ્ટકના આર્ટિકલ ૧માં, નોંધ ૨૩ પછી, નીચેની નોંધ ઉમેરવી:-

નોંધ ૨૪: ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રદેશ વિકાસ સત્તામંડળે, ધોલેરા ઇન્ડસ્ટ્રીયલ સિટી ડેવલપમેન્ટ લિમિટેડની તરફેણમાં કરેલ ૫૨૦૫ હેક્ટર જમીનની તબદીલી માટેના માલિકીફેર લેખના સંબંધમાં કોઇ ફી લેવાપાત્ર થશે નહિ.

સ્પષ્ટીકરણ: આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે ત્યારપછીના વ્યવહારો માટે પ્રવર્તમાન દરે લાગુ પડતી હોય તેટલી રજિસ્ટ્રેશન ફી લેવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી.ટી. મંડોરા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Extra No. 124

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, APRIL 18, 2016/CAITRA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **તારીખઃ ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬** ગુજરાત સરકારના **બંદરો અને વાહનવ્યવહાર વિભાગના** સરકારી જાહેરનામા **ક્રમાંક : પીટી-૨૦૧૬-૪-એમવીડી-૧૦૨૦૧૪-૯૧૩-ખ.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat (Right of Citizens to Public Services) Act, 2013.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ હેઠળ જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંક: પીટી/૨૦૧૬/૪/એમવીડી/૧૦૨૦૧૪/૯૧૩/ખ:- ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામા સાથે જોડેલ પરિશિષ્ટ-ક-ની કોલમ ૨-માં જણાવ્યા પ્રમાણેની સેવાઓ અને સદરહુ પરિશિષ્ટની કોલમ ૩માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે જે સમયમર્યાદાની અંદર આવી સેવાઓ પૂરી પાડવી જોઇશે તે નિયત સમયમર્યાદા જાહેર કરે છે.

પરિશિષ્ટ-ક

અનુ-ક્રમાંક	અધિનિયમની કલમ ૪ હેઠળ જાહેર કરેલ સેવાઓ	નિયત સમયમર્યાદા
(૧)	(૨)	(૩)
૧	કાચું લાઇસન્સ મેળવવા માટે	૧ દિવસ
૧ (ક)	કાચા ડ્રાઇવિંગ લાઇસન્સમાં ઉમેરો (પરિવહન માટે)	૧ દિવસ
૨	પાકું ડ્રાઇવિંગ લાઇસન્સ મેળવવા માટે	૮ દિવસ
૩	ડ્રાઇવિંગ લાઇસન્સ તાજું કરાવવા માટે	૮ દિવસ
૪	લાઇસન્સની બીજી અથવા (ડુપ્લિકેટ) નકલ મેળવવા માટે	૮ દિવસ
૫	આંતરરાષ્ટ્રીય ડ્રાઇવિંગ પરમિટ મેળવવા માટે	૧ દિવસ
૬	ડ્રાઇવિંગ લાઇસન્સ સર્ટિફિકેટ (પ્રમાણપત્ર)	૨ દિવસ
૭	ડ્રાઇવિંગ સ્કૂલો (એમ.એસ.)ની પરમિટ કાઢી આપવા માટે	૧૫ દિવસ
૮	ડ્રાઇવિંગ સ્કૂલોની પરમિટ તાજી કરાવવા માટે	૧૫ દિવસ
૯	નવા વાહનોની નોંધણી સંબંધી	૯ દિવસ
૧૦	વાહનની તબદીલી સંબંધી	૧૧ દિવસ
૧૧	વાહનની ડુપ્લિકેટ રજિસ્ટ્રેશન બુક મેળવવા સંબંધી	૧૧ દિવસ
૧૨	યોગ્યતા (ફિટનેસ) પ્રમાણપત્ર તાજું કરાવવા સંબંધી	૧ દિવસ
૧૩	વાહન ઉપર લોન લેવા તેમજ રદ કરાવવા માટે	૧૧ દિવસ
૧૪	વાહન ઉપર એન.ઓ.સી. (N.O.C) મેળવવા માટે	૩ દિવસ
૧૫	રાષ્ટ્રીય (નેશનલ) પરમિટ	૫ દિવસ
૧૬	ઓલ ઇન્ડિયા ટુરિસ્ટ પરમિટ	૨ દિવસ
૧૭	કામચલાઉ પરમિટ	૧ દિવસ
૧૮	પી.યુ.સી. સેન્ટરની માન્યતા માટે	૩૦ દિવસ
૧૯	પી.યુ.સી. સેન્ટરની માન્યતા તાજી કરાવવા સંબંધી	૩૦ દિવસ
૨૦	વાણિજ્યિક કરારના ટેન્ડરના ઇ.એમ.ડી.ના રિફંડ સંબંધી	૧૫ દિવસ
૨૧	કંડકટરનું લાઇસન્સ મેળવવા સંબંધી	૩ દિવસ
૨૨	કંડકટરનું લાઇસન્સ તાજું કરાવવા સંબંધી	૧ દિવસ
૨૩	કંડકટરનું ડુપ્લિકેટ લાઇસન્સ મેળવવા સંબંધી	૩ દિવસ
૨૪	કામચલાઉ રજિસ્ટ્રેશન (નોંધણી) પ્રમાણપત્ર	૧ દિવસ
૨૫	રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર મેળવવા સંબંધી	૧ દિવસ

અનુ-ક્રમાંક	અધિનિયમની કલમ ૪ હેઠળ જાહેર કરેલ સેવાઓ	નિયત સમયમર્યાદા
૨૬	એચ.પી.એ. પ્રમાણપત્ર	૧ દિવસ
૨૭	ચૂકવેલા વેરાનું પ્રમાણપત્ર	૧ દિવસ
૨૮	એફ.આર.સી. મેળવવા માટે	૩૦ દિવસ
૨૯	રજિસ્ટ્રેશન રદ કરાવવા સંબંધી	૩૦ દિવસ
૩૦	વાહનમાં ફેરફાર કરાવવા અંગેની પરવાનગી સંબંધી	૪ દિવસ
૩૧	જાહેર હરાજીમાંથી ખરીદેલા વાહનોની તબદીલી સંબંધી	૧૧ દિવસ
૩૨	ખાસ પરમિટ	૩ દિવસ
૩૩	ગુડ્સ કેરેજ (માલ વાહન) પરમિટ	૧ દિવસ
૩૪	કોન્ટ્રાક્ટ કેરેજ (કરાર વાહન) પરમિટ	૫ દિવસ
૩૫	સ્ટેજ કેરેજ પરમિટ	૫ દિવસ
૩૬	ખાનગી સેવા વાહન પરમિટ /ઇન્સ્ટિટ્યૂટ/સ્કૂલ બસ પરમિટ	૧ દિવસ
૩૭	પરમિટ તાજી કરાવવા માટે	૫ દિવસ
૩૮	ડુપ્લિકેટ પરમિટ મેળવવા સંબંધી	૧૦ દિવસ
૩૯	પરમિટમાં વાહન ફેરબદલી સંબંધી	૫ દિવસ
૪૦	પરમિટની તબદીલી સંબંધી	૫ દિવસ
૪૧	બિન-વપરાશ માટે પરવાનગી આપવા	૩ દિવસ
૪૨	બિન-વપરાશ વાહનોની પરવાનગી રદ કરવા	[illegible]
૪૩	વાહનો માટે ચૂકવેલા વેરાનું રિફંડ મેળવવા માટે	૧૫ દિવસ
૪૪	સી.એન.જી./એલ.પી.જી. કિટ માટે પ્રમાણપત્ર કાઢી આપવા અંગેની માન્યતા	૧૫ દિવસ
૪૫	પીવાના પાણીની વ્યવસ્થા	૭ દિવસ
૪૬	બસ સ્ટેશન ગૃહસંચાલન	૭ દિવસ
૪૭	વિદ્યાર્થી પાસ કાઢી આપવા બાબત	૨ દિવસ
૪૮	દૈનિક મુસાફરી પાસ	૩ દિવસ
૪૯	સ્વાતંત્ર્ય સેનાનીનો મુસાફરી પાસ	૩ દિવસ
૫૦	પ્રાસંગિક કરારનું રિફંડ	૨૦ દિવસ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ. આર. સોની,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 125

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, APRIL 18, 2016/CAITRA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખઃ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના જાહેરનામા ક્રમાંક : (૧) જીયુ-૨૦૧૬-૨૦-બીઆરટી-૧૦૨૦૦૭-૧૪૨૫-ડી-૨ અને (૨) જીયુ-૨૦૧૬-૨૪-બીઆરટી-૧૦૨૦૦૭-૧૪૨૪-ડી-૨. ના ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Wireman, Class III, Recruitment Rules, 2009.

વાયરમેન, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૦૯ સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જીયુ/૨૦૧૬/૨૦/બીઆરટી/૧૦૨૦૦૭/૧૪૨૫/ડી-૨:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, વાયરમેન, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૦૯ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો વાયરમેન, વર્ગ ૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. વાયરમેન, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૦૯ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩માં, ખંડ (ક)માં, "૩૧ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૩૬ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪ને બદલે, નીચેનો નિયમ મૂકવોઃ-

"ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક-ની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે."

૪. સદરહુ નિયમોમાં, નિયમો ૫ અને ૬ કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. બી. મુનિ,

સરકારના ઉપસચિવ.

INDEX

Notification
Regarding
Amendment to the Copy Holder, Class III, Recruitment Rules, 2008.

કોપી હોલ્ડર (પ્રત-વાચક), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૦૮ સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જીયુ/૨૦૧૬/૨૪/બીઆરટી/૧૦૨૦૦૭/૧૪૨૪/ડી-૨:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, કોપી હોલ્ડર (પ્રત-વાચક), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૦૮ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો કોપી હોલ્ડર (પ્રત-વાચક), વર્ગ ૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. કોપી હોલ્ડર (પ્રત-વાચક), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૦૮ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩માં, ખંડ (ક)માં, "૨૯ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૩૪ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪ને બદલે, નીચેનો નિયમ મૂકવોઃ-

"ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક-ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે."

૪. સદરહુ નિયમોમાં, નિયમો ૫ અને ૭ કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ.બી.મુનિ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 126

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, APRIL 18, 2016/CAITRA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **તારીખ: ૨૨મી માર્ચ, ૨૦૧૬**ના ગુજરાત સરકારના **સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના** સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચએલ-૨૦૧૬-૮-એમઆઈએસ-૧૦૨૦૧૬-૧૦૫૭૪૮-એ.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification
Under
The Gujarat (Right of Citizens to Public Services) Act, 2013.
ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ હેઠળ
જાહેરનામું.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૨મી માર્ચ, ૨૦૧૬.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંકઃ જીએચએલ/૨૦૧૬/૮/એમઆઇએસ/૧૦૨૦૧૬/૧૦૫૭૪૮/એ:- ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામા સાથે જોડેલ પરિશિષ્ટ-ક-ની કોલમ ૨-માં જણાવ્યા પ્રમાણેની સેવાઓ અને સદરહુ પરિશિષ્ટની કોલમ ૩માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે જે સમયમર્યાદાની અંદર આવી સેવાઓ પૂરી પાડવી જોઇશે તે નિયત સમયમર્યાદા જાહેર કરે છે.

પરિશિષ્ટ-ક

અનુ-ક્રમાંક	અધિનિયમની કલમ ૪ હેઠળ જાહેર કરેલ સેવાઓ.	નિયત સમયમર્યાદા.
૧	૨	૩
૧.	**શિષ્યવૃત્તિ** - ધોરણ ૧ થી ૪માં અભ્યાસ કરતા વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ - ધોરણ ૫ થી ૧૦માં અભ્યાસ કરતા વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે પૂર્વ-એસ.એસ.સી. શિષ્યવૃત્તિ - ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતા અતિ પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે ખાસ શિષ્યવૃત્તિ - ધોરણ ૧ થી ૭માં અભ્યાસ કરતા વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે ૨ જોડી ગણવેશ (યુનિફોર્મ) સહાય - ધોરણ ૯માં અભ્યાસ કરતી વિકસતી જાતિની વિદ્યાર્થીનીઓને સરસ્વતી સાધના યોજના હેઠળ વિનામૂલ્યે સાયકલ - વિકસતી જાતિના ઉચ્ચતર માધ્યમિક ધોરણ ૧૧ અને ૧૨-ના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ - તકનિકી (ટેકનિકલ) અને વ્યાવસાયિક અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિ - વિદ્યાર્થીનીઓ માટે એસ.એસ.સી. પછીની શિષ્યવૃત્તિ - વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે એસ.એસ.સી. પછીની શિષ્યવૃત્તિ - તબીબી (મેડિકલ) અને ઇજનેરી (એન્જિનિયરીંગ)ના વિકસતી જાતિના વિદ્યાર્થીઓને આહાર (ફૂડ) બિલમાં સહાયકી (સબસિડી) - તબીબી (મેડિકલ) અને ઇજનેરી (એન્જિનિયરીંગ)ના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઇ.બી.સી.)ના વિદ્યાર્થીઓને સાધનની ખરીદી માટે સહાય - તબીબી (મેડિકલ) અને ઇજનેરી (એન્જિનિયરીંગ)ના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઇ.બી.સી.)ના વિદ્યાર્થીઓ માટે પુસ્તક બેન્ક.	સંબંધિત શૈક્ષણિક વર્ષની ૩૦મી સપ્ટેમ્બર.
૨.	વાણિજ્યિક (કોમર્શિયલ) પાયલોટ માટે લોન	૬૦ દિવસ
૩.	વિદેશોમાં ઉચ્ચ શિક્ષણ માટે લોન	૬૦ દિવસ
૪.	એમ.ફીલ. અને પી.એચ.ડી. જેવા અભ્યાસક્રમો માટે શિષ્યવૃત્તિઓ	૩૦ દિવસ
૫.	કુંવરબાઇનું મામેરૂ યોજના માટે નાણાકીય સહાય	૪૫ દિવસ
૬.	સાત ફેરા સમૂહ લગ્ન માટે નાણાકીય સહાય	૪૫ દિવસ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.જી.વણઝારા,
સરકારના અધિક સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 127

વાર્ષિક લવાજમનોદરરૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] MONDAY, APRIL 18, 2016/CAITRA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૩૦મી માર્ચ, ૨૦૧૬ના ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના સરકારી જાહેરનામાં ક્રમાંક : જીએસ/૨૦૧૬/એજેકે/૧૦૨૦૧૬/૧૭૫૭૪૩/જી.નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat (Right of Citizens to Public Services) Act, 2013.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર)અધિનિયમ, ૨૦૧૩ હેઠળ

જાહેરનામું.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખ: ૩૦મી માર્ચ, ૨૦૧૬.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર)અધિનિયમ, ૨૦૧૩

ક્રમાંકઃ જીએસ-૨૦૧૬-એજેકે-૧૦૨૦૧૬-૧૭૫૭૭૩-જી.-ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામા સાથે જોડેલ પરિશિષ્ટ-ક ની કોલમ ૨-માં જણાવ્યા પ્રમાણેની સેવાઓ અને સદરહુ પરિશિષ્ટની કોલમ ૩માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે જે સમયમર્યાદાની અંદર આવી સેવાઓ પૂરી પાડવી જોઈશે તે નિયત સમયમર્યાદા જાહેર કરે છે.

પરિશિષ્ટ-ક

અનુ. ક્રમાંક	અધિનિયમની કલમ ૪ હેઠળ જાહેર કરેલ સેવાઓ.	નિયત સમયમર્યાદા.
૧	૨	૩
૧	પરિક્ષિતલાલ મજમુદાર પ્રિ.એસ.એસ.સી શિષ્યવૃત્તિ જેમના માતા-પિતા અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા હોય તેવા પ્રિ.એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓ માટે મુનિ મેત્રજ અસ્વચ્છ વ્યવસાય રાજ્ય શિષ્યવૃત્તિ. ભારત સરકારની મેટ્રીક પછીની શિષ્યવૃત્તિ	૩૦મી સપ્ટેમ્બર
૨	બે જોડી ગણવેશ (યુનિફોર્મ)	૩૦મી સપ્ટેમ્બર
૩	પાયલોટ તાલીમ માટે અનુસૂચિત જાતિ (એસ.સી.)ના વિદ્યાર્થીઓને લોન	૬૦ દિવસ
૪	વિદેશોમાં ઉચ્ચતર અભ્યાસ માટે લોન	૬૦ દિવસ
૫	મહારાજા સયાજીરાવ ગાયકવાડ એમ.ફીલ. અને પી.એચ.ડી થીસિસ યોજના	૩૦ દિવસ
૬	ધોરણ ૧૦માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિ(એસ.સી)ની વિદ્યાર્થીઓને વિનામૂલ્યે સાયકલ (સરસ્વતી સાધના યોજના)	૯૦ દિવસ
૭	ડૉ. પી. જી. સોલંકી ડોક્ટર અને વકીલ લોન સહાયકી (સબસિડી) યોજના/ સ્ટાઈપેન્ડ	૩૦ દિવસ
૮	શહેરી વિસ્તારોમાં નાના ઉદ્યોગ-સાહસિકોને નાણાકીય સહાય	૩૦ દિવસ
૯	સ્ત્રીઓ માટે સીવણકામના વર્ગો	૧૫ દિવસ
૧૦	વિનામૂલ્યે તબીબી સહાય	૩૦ દિવસ
૧૧	વ્યક્તિગત ધોરણે આવાસન માટે નાણાકીય સહાય (ડો. આંબેડકર આવાસ)	૩૦ દિવસ
૧૨	કુંવરબાઈનું મામેરૂ સહાય	૩૦ દિવસ
૧૩	ડો. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતીય લગ્ન સહાય	૩૦ દિવસ
૧૪	નાગરિક હક રક્ષણ અધિનિયમ, ૧૯૫૫ અને અત્યાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૯ માટે આકસ્મિકતા યોજના	૧૦ દિવસ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કમલેશ શાહ,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 128

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, APRIL 18, 2016/CAITRA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ-ના તારીખઃ ૩૦મી ડિસેમ્બર, ૨૦૧૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીપી-ઈવાયઈ-૨૦૧૦-૧૭૭૫-૧૯૬૨ (૨૦૧૫)-જી -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Ophthalmic Assistant, Class III, in the subordinate services of the Commissionerate of Health, Medical Services and Medical Education Recruitment Rules, 2012.

આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ કમિશનરની કચેરીની તાબાની સેવામાં, ઓપ્થેલ્મિક આસિસ્ટન્ટ (નેત્ર સહાયક), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૨ સુધારવા સંબંધી

જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૩૦/૧૨/૨૦૧૫.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જીપી-ઇવાયઇ-૨૦૧૦-૧૭૭૫-૧૯૬૨ (૨૦૧૫) જી:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ કમિશનરની કચેરીની તાબાની સેવામાં, ઓપ્થેલ્મિક આસિસ્ટન્ટ (નેત્ર સહાયક), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૨ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ કમિશનરની કચેરીની તાબાની સેવામાં, ઓપ્થેલ્મિક આસિસ્ટન્ટ (નેત્ર સહાયક), વર્ગ ૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. આરોગ્ય, તબીબી સેવા અને તબીબી શિક્ષણ કમિશનરની કચેરીની તાબાની સેવામાં, ઓપ્થેલ્મિક આસિસ્ટન્ટ (નેત્રરોગ મદદનીશ), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૨ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)-માં, નિયમ ૩માં,-

(૧) ખંડ (ક)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

"(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વયમર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત છે, ત્યાં સુધી તે લાગુ પડશે નહિ:"

(૨) વિદ્યમાન પરંતુકમાં, "પરંતુ" એ શબ્દને બદલે, " વધુમાં" એ શબ્દ દાખલ કરવો.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

"૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક-ની જોગવાઇઓ લાગુ પડશે."

૪. સદરહુ નિયમમાં, નિયમો ૫ થી ૭ કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. જે. ભાડેશિયા,
સરકારના ઉપસચિવ.

Extra No. 129

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, APRIL 29, 2016/VAISAKHA 9, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **તારીખઃ ૧લી ઓકટોબર, ૨૦૧૫**-ના ગુજરાત સરકારના **ગૃહ વિભાગના** સરકારી જાહેરનામા **ક્રમાંક : જીજી/૬૨/ટીટીસી/૧૦૨૦૦૭-યુઓ-૧-વી**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Code of Criminal Procedure, 1973,
ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ હેઠળ
જાહેરનામું.

ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓક્ટોબર, ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩

ક્રમાંક: જીજી / ૬૨ / ટીટીસી / ૧૦૨૦૦૭ - યુઓ - ૧ - વીઃ- ગુજરાત રાજ્યને લાગુ પડતા, ફોજદારી કા અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા)ની કલમ ૨ના ખંડ (ફ)થી મળેલી સત્તાની રૂએ અને ગુજરાત રાજ્યના ગુ ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (GUVNL)ને લગતા આ અર્થે કરેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સ આથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ પોલીસ સ્ટેશ સદરહુ અનુસૂચિના કોલમ (૩)માંના સદરહુ દરેક પોલીસ સ્ટેશનોની સામે નિર્દિષ્ટ કરેલા સ્થાનિક વિસ્તારો ઉપર હ ધરાવતા પોલીસ સ્ટેશનો તરીકે જાહેર કરે છેઃ-

અનુસૂચિ

અનુક્રમાંક	પોલીસ સ્ટેશનનું નામ	હકૂમત
(૧)	(૨)	(૩)
૧.	સર્કલ ઓફિસ, ગોત્રી રોડ, ગોત્રી, વડોદરા ખાતે આવેલ: ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ પોલીસ સ્ટેશન, વડોદરા.	વડોદરા સિટી, વડોદરા ગ્રામીણ અને છોટાઉદે જિલ્લામાં આવેલ ગુજરાત રાજ્ય ઈલેક્ટ્રિસિટિ કોર્પો લિમિટેડ, ગુજરાત એનર્જિ ટ્રાન્સમિશન કોર્પોરેશન લિ અને મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડના ત ઈન્સ્ટોલેશન.
૨.	જીઈબી કોલોની, વરાછા રોડ, સુરત ખાતે આવેલ: ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ પોલીસ સ્ટેશન, સુરત.	સુરત સિટી, સુરત ગ્રામીણ જિલ્લામાં આવેલ ગુજ રાજ્ય ઈલેક્ટ્રિસિટિ કોર્પોરેશન લિમિટેડ, ગુજરાત એ ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ, દક્ષિણ ગુજરાત વ કંપની લિમિટેડ અને ટોરેન્ટ પાવર લિમિટેડના ત ઈન્સ્ટોલેશન.
૩.	જીઈબી કમ્પાઉન્ડ, સાબરમતી, અમદાવાદ ખાતે આવેલ: ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ પોલીસ સ્ટેશન, સાબરમતી.	અમદાવાદ સિટી, અમદાવાદ ગ્રામીણ અને ગાંધીન જિલ્લામાં આવેલ ગુજરાત રાજ્ય ઈલેક્ટ્રિસિટિ કોર્પોરે લિમિટેડ, ગુજરાત એનર્જિ ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ અને ટોરેન્ટ પા લિમિટેડના તમામ ઈન્સ્ટોલેશન.
૪.	એ-સબ-સ્ટેશન કોલોની, દૂધસાગર ડેરી રોડ, "સી" ટાઈપ ક્વાર્ટર્સ, રાજકોટ ખાતે આવેલ: ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ પોલીસ સ્ટેશન, રાજકોટ.	રાજકોટ સિટી, રાજકોટ ગ્રામીણ અને મોરબી જિલ્લામ આવેલ ગુજરાત રાજ્ય ઈલેક્ટ્રિસિટિ કોર્પોરેશન લિમિ ગુજરાત એનર્જિ ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ અ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના તમા ઈન્સ્ટોલેશન.

INDEX

ક્રમાંક	પોલીસ સ્ટેશનનું નામ	હકૂમત
(૧)	(૨)	(૩)
૫.	સર્કલ ઓફિસ, ચાવડી, ભાવનગર ખાતે આવેલ: ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ પોલીસ સ્ટેશન, ભાવનગર.	**ભાવનગર અને બોટાદ જિલ્લામાં** આવેલ ગુજરાત રાજ્ય ઈલેક્ટ્રિસિટિ કોર્પોરેશન લિમિટેડ, ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના તમામ ઈન્સ્ટોલેશન.
૬.	ક્વાર્ટર નંબર ઈ-૧, ડીજીવીસીએલ (દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ) કોલોની, સર્કલ ઓફિસ કેમ્પસ, મક્તમપુર, ભરૂચ ખાતે આવેલ: ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ પોલીસ સ્ટેશન, ભરૂચ.	**ભરૂચ, નર્મદા અને તાપી જિલ્લામાં** આવેલ ગુજરાત રાજ્ય ઈલેક્ટ્રિસિટિ કોર્પોરેશન લિમિટેડ, ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ અને દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડના તમામ ઈન્સ્ટોલેશન.
૭.	**જિતેષભાઈ જનકભાઈ પટેલ,** તારાબાગ સોસાયટી, અગ્રવાલ બંગલા સામે, ઈચ્છાબા-વાડી પાછળ, તિથલ રોડ, વલસાડ ખાતે આવેલ: ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ પોલીસ સ્ટેશન, વલસાડ.	**વલસાડ, નવસારી અને આહવા-ડાંગ જિલ્લામાં** આવેલ ગુજરાત રાજ્ય ઈલેક્ટ્રિસિટિ કોર્પોરેશન લિમિટેડ, ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ અને દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડના તમામ ઈન્સ્ટોલેશન.
૮.	ઓ એન્ડ એમ સર્કલ ઓફિસ કમ્પાઉન્ડ, એમજીવીસીએલ (મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ), ભૂરાવાવ ચોકડી, ગોધરા ખાતે આવેલ: ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ પોલીસ સ્ટેશન, ગોધરા.	**પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં** આવેલ ગુજરાત રાજ્ય ઈલેક્ટ્રિસિટિ કોર્પોરેશન લિમિટેડ, ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ અને મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડના તમામ ઈન્સ્ટોલેશન.
૯.	ઓ એન્ડ એમ ડિવિઝન ઓફિસ કમ્પાઉન્ડ, એમજીવીસીએલ (મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ), ડભાણ ચોકડી, નડિયાદ ખાતે આવેલ: ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ પોલીસ સ્ટેશન, ખેડા (નડિયાદ).	**ખેડા અને આણંદ જિલ્લામાં** આવેલ ગુજરાત રાજ્ય ઈલેક્ટ્રિસિટિ કોર્પોરેશન લિમિટેડ, ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ અને મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડના તમામ ઈન્સ્ટોલેશન.
૧૦.	સર્કલ ઓફિસ કેમ્પસ, યુજીવીસીએલ (ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ), હાજીપુર, હિંમતનગર - ૩૮૦૦૦૧ ખાતે આવેલ: ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ પોલીસ સ્ટેશન, સાબરકાંઠા (હિંમતનગર).	**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં** આવેલ ગુજરાત રાજ્ય ઈલેક્ટ્રિસિટિ કોર્પોરેશન લિમિટેડ, ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ અને ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના તમામ ઈન્સ્ટોલેશન.

અનુક્રમાંક	પોલીસ સ્ટેશનનું નામ	હકૂમત
(૧)	(૨)	(૩)
૧૧.	રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ કેમ્પસ, યુજીવીસીએલ (ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ), વિસનગર રોડ, મહેસાણા - ૩૮૪૦૦૧ ખાતે આવેલ: ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ પોલીસ સ્ટેશન, મહેસાણા.	**મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં** આવેલ ગુજરાત રાજ્ય ઈલેક્ટ્રિસિટિ કોર્પોરેશન લિમિટેડ, ગુજરાત એનર્જિ ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ અને ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના તમામ ઈન્સ્ટોલેશન.
૧૨.	પાવર હાઉસ કમ્પાઉન્ડ, હોસ્પિટલ રોડ, પીજીવીસીએલ (પ િ મ ગુજરાત વીજ કંપની લિમિટેડ) સર્કલ ઓફિસ પાછળ, ભૂજ-૩૭૦૦૦૧, કચ્છ-ભૂજ ખાતે આવેલ: ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ પોલીસ સ્ટેશન, કચ્છ-ભૂજ.	**કચ્છ-ભૂજ જિલ્લામાં** આવેલ ગુજરાત રાજ્ય ઈલેક્ટ્રિસિટિ કોર્પોરેશન લિમિટેડ, ગુજરાત એનર્જિ ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના તમામ ઈન્સ્ટોલેશન.
૧૩.	દ્દકેવી સબ-સ્ટેશન પાસે, સાત-રસ્તા કોલોની, ટાઈપ-૧ ક્વાર્ટર્સ, સાત-રસ્તા સર્કલ પાસે, ઈન્દિરા માર્ગ, જામનગર - ૩૬૧૦૦૧ ખાતે આવેલ: ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ પોલીસ સ્ટેશન, જામનગર.	**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં** આવેલ ગુજરાત રાજ્ય ઈલેક્ટ્રિસિટિ કોર્પોરેશન લિમિટેડ, ગુજરાત એનર્જિ ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના તમામ ઈન્સ્ટોલેશન.
૧૪.	પાવર હાઉસ કમ્પાઉન્ડ, આરએસઓ સામે, પીજીવીસીએલ (પ િ મ ગુજરાત વીજ કંપની લિમિટેડ) કમ્પાઉન્ડ, શાપુર (સોરઠ), તાલુકો: વંથલી, જિલ્લો: જૂનાગઢ - ૩૬૨૨૦૫ ખાતે આવેલ: ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ પોલીસ સ્ટેશન, જૂનાગઢ.	**જૂનાગઢ, પોરબંદર અને ગીર સોમનાથ જિલ્લામાં** આવેલ ગુજરાત રાજ્ય ઈલેક્ટ્રિસિટિ કોર્પોરેશન લિમિટેડ, ગુજરાત એનર્જિ ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના તમામ ઈન્સ્ટોલેશન.
૧૫.	ઓલ્ડ પાવર હાઉસ કમ્પાઉન્ડ, અંગતનાથ મહાદેવ મંદિર પાસે, સોનપુરા રોડ, પીજીવીસીએલ (પ િ મ ગુજરાત વીજ કંપની લિમિટેડ) કેમ્પસ, હેન્ડલૂમ ચોક, તાલુકો-વઢવાણ, જિલ્લો: સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૧ ખાતે આવેલ: ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ પોલીસ સ્ટેશન, સુરેન્દ્રનગર.	**સુરેન્દ્રનગર જિલ્લામાં** આવેલ ગુજરાત રાજ્ય ઈલેક્ટ્રિસિટિ કોર્પોરેશન લિમિટેડ, ગુજરાત એનર્જિ ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના તમામ ઈન્સ્ટોલેશન.
૧૬.	"સહજ બિલ્ડિંગ" (પહેલો માળ), ચક્કર ગઢ રોડ, રેલવે ક્રોસિંગ પાસે, અમરેલી - ૩૬૫૬૦૧ ખાતે આવેલ: ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ પોલીસ સ્ટેશન, અમરેલી.	**અમરેલી જિલ્લામાં** આવેલ ગુજરાત રાજ્ય ઈલેક્ટ્રિસિટિ કોર્પોરેશન લિમિટેડ, ગુજરાત એનર્જિ ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના તમામ ઈન્સ્ટોલેશન.

૨. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ પોલીસ સ્ટેશન, વીજળી અને મિલકતની ચોરી અંગેની માહિતી એકત્રિત કરવામાં, ઈન્સ્ટોલેશન દરમિયાન રક્ષણ પૂરું પાડવામાં, ચોરી અને / અથવા વીજળીના અનધિકૃત ઉપયોગ શોધી કાઢવાના હેતુ માટે કરવામાં આવતી તપાસમાં સહાય કરશે, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, ગુજરાત રાજ્ય, ગુજરાત રાજ્ય ઈલેક્ટ્રિસિટિ કોર્પોરેશન લિમિટેડ, ગુજરાત એનર્જિ ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ, મધ્ય ગુજરાત ગુજરાત વીજ કંપની લિમિટેડ, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ અને ટોરેન્ટ પાવર લિમિટેડ-ની વીજચોરીના સંબંધમાં, વીજળી અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૩ના ૩૬મા)ની કલમો ૧૩૫, ૧૩૮ થી ૧૪૧ અને ૧૫૦ હેઠળ ગુનાની નોંધ કરશે અને ગુનાની તપાસ કરશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. બી. ભગત,
સરકારના સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 130

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, APRIL 29, 2016/VAISAKHA 9, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૨૯મી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **તારીખ: ૧લી એપ્રિલ, ૨૦૧૬**-ના ગુજરાત સરકારના **નાણા વિભાગના** સરકારી જાહેરનામા **ક્રમાંક : (જીએન-૨૦) વીવીકે-૧૨-૨૦૧૪-૭૮૯-ઠ.૩** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification
Regarding
The Additional Commissioner of Commercial Tax, Class-I Recruitment Rules, 2016.

અધિક વાણિજિયક વેરા કમિશનર, વર્ગ ૧ ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

નાણા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧લી એપ્રિલ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ (જીએન-૨૦) વીવીકે-૧૨-૨૦૧૪-૭૮૯-ઠ-૩:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, વાણિજિયક વેરા કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય-માં, અધિક વાણિજિયક વેરા કમિશનર, વર્ગ ૧ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો, અધિક વાણિજિયક વેરા કમિશનર, વર્ગ ૧ ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. વાણિજિયક વેરા કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય-માં, અધિક વાણિજિયક વેરા કમિશનર, વર્ગ ૧ની જગા ઉપરની નિમણૂક,-

(૧) જેમણે વાણિજિયક વેરા કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય-માં, સંયુક્ત વાણિજિયક વેરા કમિશનર, વર્ગ ૧ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર સિનિયોરિટી (પ્રવરતા)ને લક્ષમાં લીધા સિવાય વિચારણાના ક્ષેત્રની અંદર પસંદગીના સિદ્ધાંતને આધારે બઢતીથી કરવી જોઈશેઃ

(૩) પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે.

૩. બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એચ. પંડ્યા,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 131

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, APRIL 29, 2016/VAISAKHA 9, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯ મી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૧લી એપ્રિલ, ૨૦૧૬ના ગુજરાત સરકારના નાણા વિભાગના સરકારી જાહેરનામા (૧) ક્રમાંક : (જીએચએન-૧૮)જીઈએ/૨૦૧૬ /(એસ.૩)(૬)-ઠ અને (૨) ક્રમાંકઃ (જીએચએન-૧૯) જીઈઆર-૨૦૧૬-એસ.૨૦(૪)/ઠ. ના ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Government Notification, Finance Department No. (GHN-20) GEA-2008/(S.3) (3)-TH, DATED THE 1st April, 2008.

નાણા વિભાગનું તારીખ: ૧લી એપ્રિલ, ૨૦૦૮નું સરકારી જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૨૦)જીઇએ-૨૦૦૮/(એસ.૩) (૩)-ઠ.સુધારવા સંબંધી

જાહેરનામું

નાણા વિભાગ,

સચિવાલય,ગાંધીનગર. ૧લી એપ્રિલ,૨૦૧૬.

ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ, ૨૦૦૧.

ક્રમાંકઃ(જીએચએન-૧૮)જીઇએ-૨૦૧૬/(એસ.૩)(૬)-ઠઃ-ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી જણાયું છે;

તેથી, હવે, ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ, ૨૦૦૧(સન ૨૦૦૧ના ગુજરાતના ૨૨મા)ની અનુસૂચિની નોંધ ૯ વાંચતાં કલમ ૩ની પેટા-કલમ (૧ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલી વસ્તુઓને “નિર્દિષ્ટ કરેલા માલ” તરીકે નિર્દિષ્ટ કરે છે અને ઉપર્યુક્ત અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણા વિભાગનું તારીખ: ૧લી એપ્રિલ, ૨૦૦૮નું સરકારી જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૨૦) જીઇએ-૨૦૦૮/(એસ.૩) (૩)-ઠ. નીચે પ્રમાણે સુધારે છે:-

<u>અનુસૂચિ</u>

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં,-

(૧) અનુક્રમાંક. ૧ ઉપરની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી:-

અનુ ક્રમાંક	નિર્દિષ્ટ કરવામાં આવેલો માલ	વેરાનો દર
૧.	૨.	૩.
“૧.	મોટર વાહનોની ચેસિસ સહિતના મોટર વાહનો અને આ અનુસૂચિના અનુક્રમાંક. ૧૦ અને ૧૧ ઉપરની નોંધો હેઠળ આવરી લીધેલા નિર્દિષ્ટ કરેલા માલ સિવાયના મોટર વાહનોની ચેસિસ પર બાંધેલી બોડી.	પંદર ટકા”.

(૧) અનુક્રમાંક. ૯ ઉપરની નોંધ પછી, નીચેની નોંધો ઉમેરવી,-

અનુ ક્રમાંક	નિર્દિષ્ટ કરવામાં આવેલો માલ	વેરાનો દર
૧.	૨.	૩.
"૧૦.	કંપનીઓ, પેઢીઓ, હિન્દુ અવિભક્ત કુટુંબો (એચ.યુ.એફ.), મંડળીઓ, સંસ્થાઓ, સંસ્થાપિત થયેલ હોય કે ન હોય તેવા એસોસિયેશન ઓફ પર્સન્સ અથવા વ્યક્તિઓના મંડળો, ક્લબો, ટ્રસ્ટ, સરકારી વિભાગો, સરકારી અન્ડરટેકિંગ, બોર્ડ-કોર્પોરેશનો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને કૃત્રિમ કાનૂની વ્યક્તિ દ્વારા લાવવામાં આવેલા (સ્કૂલબસો, કોલેજ બસો, ઉતારૂ (પેસેન્જર) બસો, માલ વાહક ટ્રકો અને તેની ચેસિસ અને તેની પર બાંધેલી બોડી સિવાયના) ચેસિસ સહિતના મોટર વાહનો અને આવા મોટર વાહનોની ચેસિસ પર બાંધેલી બોડી.	વીસ ટકા
૧૧.	આવા મોટર વાહનોની ચેસિસ સહિતની લક્ઝરી કારો, લક્ઝરી એસ.યુ.વી. અને લક્ઝરી દ્વિ-ચક્રી વાહનો અને આવા મોટર વાહનોની ચેસિસ પર બાંધેલી બોડી. સ્પષ્ટીકરણ:- આ નોંધના હેતુ માટે, "લક્ઝરી કાર અથવા લક્ઝરી એસ.યુ.વી." એટલે ઓછામાં ઓછા રૂપિયા પંદર લાખની કિંમત વાળી કાર અથવા એસ.યુ.વી અને "લક્ઝરી દ્વિ-ચક્રીવાહનો" એટલે ઓછામાં ઓછા રૂપિયા અઢી લાખની કિંમત વાળું દ્વિ-ચક્રી વાહન.	વીસટકા
૧૨.	આયાતકાર ઓન-લાઇન ખરીદી, વેબ બેઇઝડ સોફ્ટવેર એપ્લિકેશન (વેબ આધારિત સોફ્ટવેરના ઉપયોગ) અથવા ટેલિ-શોપિંગ પ્લેટફોર્મ મારફતે આવો માલ લાવી આપવાની સગવડ કરી આપતા હોય ત્યારે ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ હેઠળ તમામ વેરાપાત્ર માલ.	આવા માલના વેચાણ અથવા ખરીદી ઉપર ગુજરાત મૂલ્ય વર્ધિતવેરા અધિનિયમ, ૨૦૦૩ હેઠળ લાગુ પડતા વધારાના વેરાના દર સહિતનો એવો દર."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Tax on Entry of Specified Goods into Local Areas Rules, 2001.

ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા નિયમો, ૨૦૦૧ સુધારવા સંબંધી જાહેરનામું.

નાણા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર. ૧લી એપ્રિલ,૨૦૧૬.

ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ, ૨૦૦૧.

ક્રમાંક:(જીએચએન-૧૯)જીઇઆર - ૨૦૧૬ - એસ.૨૦ (૪) / ઠ:- ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ, ૨૦૦૧ની કલમ ૨૦ની પેટા-કલમ(૧)ના પરંતુક હેઠળ, ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા નિયમો, ૨૦૦૧ સુધારવા માટે તાત્કાલિક પગલું લેવાનું અને તેની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી લેવાનું જરૂરી બનાવે તેવા સંજોગો પ્રર્વતે છે;

તેથી, હવે, ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ, ૨૦૦૧ની કલમ ૨૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા નિયમો, ૨૦૦૧ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

---

૧. આ નિયમો ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા (દ્વિતીય સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા નિયમો, ૨૦૦૧ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો''તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨માં, ખંડ (ઘ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

''(ઘ) ''ઈલેક્ટ્રોનિક ઓપરેટર'' એટલે(રજિસ્ટર થયેલ વેપારી હોય કે ન હોય તેવી) અન્ય વ્યક્તિને, નાણા વિભાગના તારીખ: ૧લી એપ્રિલ, ૨૦૦૮ના સરકારી જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૨૦) જીઇએ - ૨૦૦૮/(એસ.૩) (૩) - ઠ સાથે જોડેલી અનુસૂચિના અનુક્રમાંક: ૧૨ ઉપરની નોંધ હેઠળ નિર્દિષ્ટ કરેલ કોઈ માલ,

(ક) વેબ બેઝડ સોફ્ટવેર એપ્લિકેશનના સાધનો અને સંચાર સાધનો (કોમ્યુનિકેશન ડિવાઈસ) દ્વારા, અથવા

(ખ) ટેલિશોપિંગ પ્લેટ ફોર્મના સાધનો દ્વારા,

રાજ્યની અંદર લાવવાની સત્તા આપતી (લાવવા સમર્થ બનાવતી) કોઈ વ્યક્તિ.''.

૩. નિયમ ૩માં, ખંડ (ખ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

''(ગ) આ નિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, નાણા વિભાગના તારીખ: ૧લી એપ્રિલ, ૨૦૦૮ના સરકારી જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૨૦) જીઇએ - ૨૦૦૮ / (એસ.૩) (૩) - ઠ સાથે જોડેલી અનુસૂચિના અનુક્રમાંક: ૧૨ ઉપરની નોંધ હેઠળ નિર્દિષ્ટ કરેલ કોઈ માલ, સ્થાનિક વિસ્તારમાં લાવવામાં આવે, તો તેના માટે નિયમ ૨ના ખંડ (ઘ)માં ઉલ્લેખેલા ઈલેક્ટ્રોનિક ઓપરેટર જ વેરો ભરવા માટે જવાબદાર રહેશે. આવા ઈલેક્ટ્રોનિક ઓપરેટરે, સ્થાનિક વિસ્તારમાં નિર્દિષ્ટ માલના પ્રવેશના બે દિવસની અંદર, અધિનિયમ હેઠળનો લેણો અને ભરવા પાત્ર વેરો, સરકારી તિજોરીમાં ભરવો જોઈશે:

પરંતુ આવા ઈલેક્ટ્રોનિક ઓપરેટર, નિયમ ૬ના પેટા-નિયમ (૨)ના ખંડ (ગ) હેઠળ ઠરાવેલી મુદત માટેના ભરવા પાત્રવેરાની અંદાજિત રકમ જેટલી રકમ, નમૂના ૧ પ્રમાણેના ચલણથી, સરકારી તિજોરીમાં ભરે, તો તેણે નિર્દિષ્ટ માલના દરેક પ્રવેશ પર વેરો ભરવાનો રહેશે નહિ. આવા ઈલેક્ટ્રોનિક ઓપરેટરે, આવી મુદત દરમિયાન ભરવા પાત્ર વેરાની એકંદર રકમ, (તિજોરીમાં) ભરેલી રકમ જેટલી થાય કે તરત જ વેરો ભરવાની શરૂઆત કરવી જોઈશે. ઈલેક્ટ્રોનિક ઓપરેટર, કલમ ૭ અનુસાર પૂરા પાડવાના પોતાના રિટર્નમાં, અધિનિયમ હેઠળ ભરવા પાત્ર વેરા અથવા દંડ(ની રકમ) ભરવાની પોતાની જવાબદારીની સામે, આવી રીતે ભરેલી રકમ સરભર કરી શકશે.''.

૪. નિયમ ૬માં, પેટા-નિયમ (૨)માં, ખંડ (ખ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

''(ગ) આ નિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રજિસ્ટર થયેલ વેપારી હોય કે ન હોય તેવા, નિયમ ૨ના ખંડ (ઘ)માં ઉલ્લેખેલા ઈલેક્ટ્રોનિક ઓપરેટરે, જે મહિના માટે રિટર્ન પૂરું પાડવાનું હોય તેની તરત પછીના સાત દિવસની મુદતની અંદર, નમૂના ૧ક પ્રમાણેનું રિટર્ન, ઓન લાઈન પૂરું પાડવું જોઈશે. આવા આયાત કારે, સ્થાનિક વિસ્તારમાં નિર્દિષ્ટ માલના પ્રવેશના ત્રણ દિવસની અંદર, નમૂના ૧કકમાં પણ વિગતો પૂરી પાડવી જોઈશે:

પરંતુ નીચે ઠરાવેલી મુદત માટે ભરવા પાત્રવેરાની અંદાજિત રકમ જેટલી રકમ ભરે તેવા ઈલેક્ટ્રોનિક ઓપરેટર, સદરહુ મહિના માટે, નીચે પ્રમાણેની સમય મર્યાદાની અંદર, નમૂના ૧કકમાં વિગતો પૂરી પાડી શકશે:

કેલેન્ડરમહિનાનીમુદત	સમયમર્યાદા
૧લા દિવસથી ૭મા દિવસસુધી	૧૦મા દિવસે
૮મા દિવસથી૧૫મા દિવસસુધી	૧૮મા દિવસે
૧૬મા દિવસથી ૨૩મા દિવસસુધી	૨૫મા દિવસે
૨૪મા દિવસથી મહિનાના અંતસુધી	ત્યાર પછીના મહિનાના ૩જા દિવસે.''.

૫. સદરહુ નિયમોમાં, નમૂના ૧માં,-

૧) પહેલી બાબત ''આયાતકારનું નામ અને સરનામું'' પછી, નીચેની બાબત દાખલ કરવી:-

''PAN

૨) કોલમ ૭માં, ''ચૂકવવા પાત્રવેરાની રકમ'' એ શબ્દોને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

''ભરેલી અથવા ચૂકવવા પાત્ર વેરાની રકમ''.

૩) ''કોલમ નં. ૭ મુજબ વેરાની રકમ'' એ શબ્દો અને આંકડાને બદલે, ''કોલમ નં.૭ મુજબ ભરેલી અથવા વેરાની રકમ'' એ શબ્દો અને આંકડા મૂકવા.

૬. સદરહુ નિયમોમાં, નમૂના-૧ પછી, નીચેના નમૂના દાખલ કરવા:-

INDEX

"નમૂનો ૧ક

(જુઓ નિયમ ૬નો ખંડ (ગ))
રિટર્ન

આયાતકારનું નામઃ

PAN

રિટર્નની મુદતઃ

પ્રવેશ વેરાની ગણતરી

(રૂપિયામાં)

૧	પાછળથી ખેંચેલી ડિપોઝીટની (ભરેલી) રકમ	
૨	મહિના દરમિયાન ભરેલી રકમ	
૩	કુલ રકમ (૧ + ૨)	
૪	મહિના દરમિયાન ભરવા પાત્ર ચોખ્ખો પ્રવેશ વેરો	
૫	મહિના દરમિયાન માલના રિટર્નમાં સમાવિષ્ટ પ્રવેશ વેરો	
૬	મહિના દરમિયાન ભરવાપાત્ર પ્રવેશ વેરો (૪ - ૫)	
૭	મહિના દરમિયાન લેવા પાત્ર દંડની રકમ, હોય તો	
૮	મહિના દરમિયાન લેવા પાત્ર વેરા અને દંડની રકમ સહિત કુલ રકમ (૬ + ૭)	
૯	વેરા અને દંડની રકમની સામે સરભર કરેલી ડિપોઝીટની રકમ (ભરેલી રકમ)	
૧૦	ભરવા પાત્ર રકમ, હોયતો (૮-૯)	
૧૧	ભરેલી રકમ	
૧૨	મહિનાના અંતે આગળ ખેંચેલી / રિફંડ તરીકે દાવો કરેલી ડિપોઝીટની રકમ (ભરેલી રકમ)	
	ભરેલી રકમઃ (૧) ચલણનંબર ....તારીખઃ .... (૨) ચલણનંબર ....તારીખઃ .... (૩) ચલણનંબર ....તારીખઃ .... કુલ	....

નમૂનો ૧કક
(જુઓ નિયમ ૬નો ખંડ (ગ))
રિટર્નનું એનેક્ષર

આયાતકારનું નામ:

PAN | | | | | | | | | | |

એનેક્ષરની મુદત:

અનુ-ક્રમાંક	માલ મોકલનારની વિગતો:				માલ લેનારની વિગતો			માલના પ્રવેશની તારીખ	માલની વિગત				પ્રવેશ વેરાની ગણતરી				
	નામ	રાજ્ય	ટિન (TIN)	સીએસટી રજિસ્ટ્રેશન નંબર	નામ	ટિન (TIN), હોય તો	સરનામું		બિલ નંબર	બિલનીતા રીખ	માલનું વર્ણન	માલની કિંમત	પ્રવેશ વેરાનો દર	પ્રવેશ વેરાની રકમ	નિકાસ કરતા રાજ્યનો વેરો	ભરવા પાત્ર ચોખ્ખો પ્રવેશ વેરો	દંડ(નીરકમ), લેવા પાત્ર હોયતો
૧																	
૨																	
૩																	
૪																	
૫																	
૬																	
૭																	
૮																	
૯																	
૧૦																	

INDEX

પ્રવેશ વેરાની ગણતરી

૧	ભરવા પાત્ર ચોખ્ખો પ્રવેશ વેરો	
૨	માલના રિટર્નમાં સમાવિષ્ટ પ્રવેશ વેરો (એનેક્ષર ૨માંથી)	
૩	મુદત દરમિયાન ભરવાપાત્ર પ્રવેશ વેરો (૧-૨)	
૪	મુદત દરમિયાન લેવાપાત્ર દંડની રકમ, હોય તો	
૫	વેરા અને દંડની રકમ સહિત કુલ રકમ (૩+ ૪)	
૬	વેરા અને દંડની રકમની સામે સરભર કરેલી ડિપોઝીટની રકમ (ભરેલી રકમ)	
૭	ભરવાપાત્ર રકમ, હોય તો (૫-૬)	
૮	ભરેલી રકમ: (૧) ચલણ નંબર ....તારીખ: .... (૨) ચલણ નંબર ....તારીખ: .... (૩) ચલણ નંબર ....તારીખ: .... કુલ	....

નમૂનો ૧૫
(જુઓ નિયમ ૬નો ખંડ (ગ))
રિટર્નનું એનેક્ષર

રિટર્નનું એનેક્ષર (માલના રિટર્નને લગતું)

આયાતકારનું નામઃ

PAN

એનેક્ષરની મુદતઃ

અનુક્રમાંક	માલ મોકલનારની વિગતો		માલ લેનારની વિગતો			માલના પ્રવેશની તારીખ	માલની વિગત			માલના રિટર્નની તારીખ	પ્રવેશ વેરાની ચોખ્ખી રકમ
	નામ	ટિન (TIN)	નામ	ટિન (TIN), હોયતો	સરનામું		બિલ નંબર	બિલની તારીખ	માલની કિંમત		
૧											
૨											
૩											
૪											
૫											
૬											
૭											
૮											
૯											
૧૦											
										કુલ	

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય ગાંધીનગર.

INDEX

Extra No. 132

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, APRIL 29, 2016/VAISAKHA 9, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૨૯મી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ-વિભાગના **તારીખ: ૨જી એપ્રિલ, ૨૦૧૬**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીયુ/૨૦૧૬/૪૬/બીઆરટી/૧૦૨૦૦૭/૧૪૦૯/ડી-૨** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Binder, Class III, Recruitment Rules, 2008.

બાઈન્ડર (બંધાઈકાર), વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૦૮ સુધારવા સંબંધી જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨જી એપ્રિલ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીયુ / ૨૦૧૬ / ૪૬ / બીઆરટી / ૧૦૨૦૦૭ / ૧૪૦૯ / ડી-૨:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ ગુજરાતના રાજ્યપાલ, આથી, બાઈન્ડર (બંધાઈકાર), વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૦૮ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો બાઈન્ડર (બંધાઈકાર), વર્ગ-૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. બાઈન્ડર (બંધાઈકાર), વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૦૮માં, નિયમ ૪માં, ખંડ (ક)માં, ''૨૮ વર્ષથી'' એ આંકડા અને શબ્દને બદલે, ''૩૬ વર્ષથી'' એ આંકડા અને શબ્દ મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. બી. મુનિ,
સરકારના નાયબ સચિવ.

Extra No. 133

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, APRIL 29, 2016/VAISAKHA 9, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **મહેસૂલ વિભાગ**-ના **તારીખ: ૨જી એપ્રિલ,** ૨૦૧૬ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચએમ/૧૦૮/૨૦૧૬/એનએમકે/૧૦૨૦૦૩/૩૧૬૩/એન**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Deputy Mamlatdar, Class III, in the Subordinate Revenue Services Recruitment Rules, 2010.

તાબાની મહેસૂલ સેવામાં, નાયબ મામલતદાર, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૦ સુધારવા સંબંધી જાહેરનામું.

મહેસૂલ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨જી એપ્રિલ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંક: જીએચએમ / ૧૦૮ / ૨૦૧૬ / એનએમકે / ૧૦૨૦૧૩ / ૩૧૬૩ / એન_:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, તાબાની મહેસૂલ સેવામાં, નાયબ મામલતદાર, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો તાબાની મહેસૂલ સેવામાં, નાયબ મામલતદાર, વર્ગ-૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. તાબાની મહેસૂલ સેવામાં, નાયબ મામલતદાર, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૦માં, નિયમ ૪માં, ખંડ (ક)માં, ''૩૦ વર્ષથી'' એ આંકડા અને શબ્દને બદલે, ''૩૫ વર્ષથી'' એ આંકડા અને શબ્દ મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૫-ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

''૫. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯કની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ. એસ. પારેખ,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 134

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, APRIL 29, 2016/VAISAKHA 9, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શિક્ષણ વિભાગ**-ના **તારીખઃ ૫મી માર્ચ, ૨૦૧૬**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : વીવીએ /૧૧૯૭ / ૪૫૨ / એલ** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Senior Superintendent, Class II, in the Gujarat Education Service (Administrative Branch), Recruitment Rules, 2016.

ગુજરાત શિક્ષણ સેવા (વહીવટી શાખા)માં, સિનિયર અધીક્ષક, વર્ગ ૨,

ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ ૫મી માર્ચ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ વીવીએ - ૧૧૯૭ - ૪૫૨ - એલ :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત શિક્ષણ સેવા (વહીવટી શાખા)માં, સિનિયર અધીક્ષક, વર્ગ ૨-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત શિક્ષણ સેવા (વહીવટી શાખા)માં, સિનિયર અધીક્ષક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત શિક્ષણ સેવા (વહીવટી શાખા)માં, સિનિયર અધીક્ષક, વર્ગ ૨-ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે ગુજરાત શિક્ષણ સેવામાં, જુનિયર અધીક્ષક, વર્ગ ૨-ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) ગુજરાત શિક્ષણ સેવામાં, સિનિયર અધીક્ષક, વર્ગ ૨-ની જગા પર બઢતી માટેની ઠરાવેલી ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય;

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. બઢતીથી અને સીધી પસંદગીથી કરવાની નિમણૂકો અનુક્રમે ૧:૩ના પ્રમાણમાં કરવામાં આવશે.

૪. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૪૦ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિઃ

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશેઃ

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય-મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી લાગુ પડશે નહિ;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી દ્વિતીય વર્ગની સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે;

(૨) ઓડિટર ગ્રુપ-૧, વર્ગ-૩ અથવા મુખ્ય કારકુન, વર્ગ ૩-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તે જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા ઉપરનો સરકાર અથવા પંચાયત અથવા સ્થાનિક મંડળો અથવા યુનિવર્સિટી અથવા સહાયિત અથવા બિન-સહાયિત ખાનગી પ્રાથમિક શાળા અથવા ઉચ્ચ પ્રાથમિક શાળા અથવા માધ્યમિક શિક્ષણ શાળા અથવા પ્રાથમિક શિક્ષણ અધ્યાપન મંદિર અથવા જિલ્લા શિક્ષણ અને તાલીમ સંસ્થા અથવા બી.એડ. કોલેજ અથવા સહાયિત કોલેજમાં વહીવટીતંત્રનો આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે,

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા (તાલીમ અને પરીક્ષા) નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવી પડશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કીર્તિદા બ્રહ્મભટ્ટ,
સરકારના અધિક સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 135

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, APRIL 29, 2016/VAISAKHA 9, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ-ના તારીખ: ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૧૬ના** સરકારી જાહેરનામા **ક્રમાંક : કેવી /૨૦૧૬નો ૭૩/એનપીએમ/૧૦૨૦૦૫/૨૦૫૪/આર-નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Government Notification, Urban Development and Urban Housing Department No. KV-269 of 2007/NPM-102005/2054-R, dated the 28th September, 2007.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું તારીખઃ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૦૭નું સરકારી જાહેરનામું

ક્રમાંકઃ કેવી - ૨૦૦૭નો ૨૬૯ / એનપીએમ - ૧૦૨૦૦૫ / ૨૦૫૪ - આર.

સુધારવા સંબંધી

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ,૧૯૬૩.

ક્રમાંક : કેવી-૨૦૧૬નો ૭૩ / એનપીએમ-૧૦૨૦૦૫-૨૦૫૪-આર :- ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૪૭કની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું તારીખઃ ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૦૭નું સરકારી જાહેરનામું ક્રમાંકઃ કેવી - ૨૦૦૭નો ૨૬૯ / એનપીએમ - ૧૦૨૦૦૫ / ૨૦૫૪ - આર. નીચે પ્રમાણે સુધારે છેઃ-

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં, ભાગ-૨ને બદલે, નીચેનો મજકૂર મૂકવોઃ-

"ભાગ-૨
ગુજરાત રાજ્ય નગરપાલિકા ઈજનેરી સેવા
નગરપાલિકા ઈજનેર

અનુક્રમાંક	જગાનો હોદ્દો	પગાર ધોરણ	વર્ગ	જગાઓની કુલ સંખ્યા
૧	૨	૩	૪	૫
૧.	નગરપાલિકા ઈજનેર	૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ૪૪૦૦	૩	૧૬૧".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. વી. શાહ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 136

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SUNDAY, MAY 1, 2016/VAISAKHA 11, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી મે, ૨૦૧૬.

તારીખ : ૧ લી મે, ૨૦૧૬ના ગુજરાત રાજપત્ર (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૬ના ગુજરાત **વટહુકમ ક્રમાંક : ૧**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧લી મે, ૨૦૧૬.

GUJARAT ORDINANCE NO. 1 OF 2016.

AN ORDINANCE

to provide for the reservation of seats in educational institutions in the State and of appointments and posts in the services under the State in favour of the Economically Weaker Sections of unreserved category and for the matters connected therewith or incidental thereto.

સન ૨૦૧૬નો ગુજરાત વટહુકમ ક્રમાંક : ૧ .

બિન-અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોની તરફેણમાં રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા માટેની અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઈ કરવા બાબત વટહુકમ.

રાજ્ય સરકાર, રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ આપવા માટે અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂક આપવા માટે અનુસુચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેની અનામત નીતિ અનુસરી રહી છે અને તેનો અમલ કરી રહી છે ;

અને આવા વર્ગો માટેની અનામત નીતિના અસરકારક અમલને કારણે, સદરહુ વર્ગોની પ્રમાણસર સંખ્યામાં વ્યકિતઓને સામાજિક અને આર્થિક એમ બન્ને રીતે અમુક પ્રમાણમાં લાભ થઇ રહયો છે અને રાજ્યમાં આ વર્ગો માટેની વિદ્યમાન અનામત નીતિ અમલમાં ચાલુ રહેશે;

અને રાજ્યને, સમાજના બિન-અનામત કક્ષાઓના આર્થિક રીતે નબળા વર્ગો તરફથી કેટલીક રજૂઆતો મળી છે, જેમાં તેમણે આર્થિક રીતે સદ્ધર હોય તેવા ઉચ્ચસ્તરીય લોકો સાથે સ્પર્ધા કરી શકવાની તેમની અસમર્થતા વ્યક્ત કરી છે અને જેના પરિણામે આવા આર્થિક રીતે નબળા વર્ગો શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા બાબતે અને રાજ્ય હેઠળની સેવાઓ અને જગાની બાબતે તેમના પ્રતિનિધિત્વ સંદર્ભે ગેરલાભ થતો હોવાનું અનુભવે છે;

અને ઉપર્યુક્ત રજૂઆતોને વિચારણામાં લેતાં, રાજ્ય સરકાર, સમાજના તમામ વર્ગોને વાજબી તક પૂરી પાડવાનો પ્રયાસ કરવા અંગેની ફરજ ગણીને, રાજ્યમાં સર્વસમાવેશી વિકાસ કરવા માટે પ્રયત્ન કરવાનો મહત્ત્વનો મત ધરાવે છે, જેથી કરીને સમાજના દરેક વર્ગને સરકારની નીતિનો લાભ મળી શકે;

અને રાજ્ય સરકારે, કાળજીપૂર્વકની વિચારણા કર્યા પછી નક્કી કર્યું છે કે બિન-અનામત કક્ષાના સમાજના આર્થિક રીતે નબળા વર્ગોને અનામત આપવું જોઈએ;

અને ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી;

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઈ છે કે રાજ્યમાં શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા માટેની જોગવાઈ કરવા માટે, બિન-અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોની તરફેણમાં કાયદો કરવા માટે તાત્કાલિક પગલું લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૩ના ખંડ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને પ્રસિદ્ધ કરે છે:-

૧. **ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.**- (૧) આ વટહુકમ ગુજરાત બિન-અનામત આર્થિક રીતે નબળા વર્ગો (રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓમાં અનામત બેઠકો રાખવા બાબત) વટહુકમ, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે તરત જ અમલમાં આવશે.

૨. **વ્યાખ્યા.**- આ વટહુકમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''આર્થિક રીતે નબળા વર્ગો'' એટલે કલમ ૬ હેઠળ જોગવાઈ કરેલ માપદંડો પૂરો કરતી બિન-અનામત વર્ગની વ્યકિતઓની બનતા સમાજના એવા તમામ વર્ગો;

(ખ) ''સ્થાનિક સત્તામંડળ'' એટલે,-

(૧) ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયેલું ''મ્યુનિસિપલ કોર્પોરેશન''; સન ૧૯૪૯નો મુંબઈનો ૪૯મો.

INDEX

(૨) ''નગરપાલિકા'' એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ રચાયેલી નગરપાલિકા; સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો

(૩) ''પંચાયત'' એટલે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ રચાયેલી પંચાયત; સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો

(ગ) ''ઠરાવેલું'' એટલે આ વટહુકમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ઘ) ''રાજ્ય હેઠળની સેવાઓ'' એટલે રાજ્યના કામકાજ સાથે સંકળાયેલી જાહેર સેવાઓ અને જગાઓ અને તેમાં,-

(૧) કોઈ સ્થાનિક સત્તામંડળ;

(૨) રાજ્ય સરકારની સંપૂર્ણપણે અથવા મહદઅંશે માલિકી ધરાવતા અને તેના નિયંત્રણ હેઠળના કોઈ કોર્પોરેશન અથવા કંપની;

(૩) રાજ્ય વિધાનમંડળના અધિનિયમથી અથવા તે હેઠળ રચાયેલા અને રાજ્ય દ્વારા સંપૂર્ણપણે અથવા મહદઅંશે નાણાં પૂરા પાડવામાં આવતા હોય તેવા બીજા કોઈ સત્તામંડળ અથવા મંડળ; અને

(૪) આ વટહુકમના આરંભની તારીખે જેને અનામત લાગુ પડે છે અને જેને પેટા-ખંડો (૧) થી (૩) હેઠળ આવરી લેવામાં આવી ન હોય,

તેવી સેવાઓ અને જગાઓનો સમાવેશ થાય છે.

(ચ) ''બિન-અનામત વર્ગ''માં અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના અનામત વર્ગોની અંદર ન આવતી તમામ વ્યકિતઓનો સમાવેશ થશે.

૩. **રાજયમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં બેઠકો અનામત રાખવા બાબત.**- આર્થિક રીતે નબળા વર્ગો માટે, રાજયમાંની ઠરાવવામાં આવે તેવી શૈક્ષણિક સંસ્થાઓમાં અને અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે, વાર્ષિક પરવાનગીપ્રાપ્ત સંખ્યાના સંબંધમાં અનામત દસ ટકા રહેશે.

INDEX

૪. **રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓ અનામત રાખવા બાબત.**- (૧) આર્થિક રીતે નબળા વર્ગો માટે, રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓનું અનામત દસ ટકા રહેશે.

(૨) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, આવી અનામત બઢતીની બાબતોમાં લાગુ પડશે નહિ.

૫. **અમુક કિસ્સાઓમાં અનામત નહિ આપવા બાબત.**- કલમ ૪માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઈ સંવર્ગ અથવા ગ્રેડમાં એક જ (સ્વતંત્ર પ્રકારની) હોય તેવી જગાના સંબંધમાં કોઈપણ અનામત રહેશે નહિ.

૬. **અનામત માટેનું માપદંડ.**- આ વટહુકમના હેતુઓ માટે, આર્થિક રીતે નબળા વર્ગો માટે કલમો ૩ અને ૪ હેઠળ અનામત માટેનું માપદંડ, રાજયમાંના સામાજિક રીતે અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને લાગુ પડે છે તેટલું રહેશે.

૭. **નિયમો કરવાની સત્તા.**- (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ વટહુકમના તમામ અથવા તે પૈકીના કોઈપણ હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધીમાં, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે સત્રમાં તે એવી રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર અથવા તરત પછીના સત્ર દરમિયાન રાજ્ય વિધાનમંડળ જે કંઇ રદ કરે અથવા રાજ્ય વિધાનમંડળ તેમાંથી એવો કંઇ ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

(૩) રાજ્ય વિધાનમંડળ એવી રીતે જે કંઇ રદ કરે અથવા કંઇ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે, તે અમલમાં આવશે.

૮. **મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.**- આ વટહુકમની જોગવાઈઓનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઊભી થાય તો, રાજ્ય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલી દૂર કરવા માટે જરૂરી જણાય તેવી, આ વટહુકમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઈઓ કરી શકશે :

પરંતુ આ વટહુકમના આરંભથી બે વર્ષની મુદત પૂરી થયા પછી, આવો કોઈપણ હુકમ કરી શકાશે નહિ.

નિવેદન

રાજ્ય સરકાર, રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ આપવા માટે અને રાજ્ય હેઠળની સેવાઓમાં અને જગાઓ પર નિમણૂક આપવા માટે, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેની અનામત નીતિને અનુસરી રહી છે અને તેનો અમલ કરી રહી છે અને આવા વર્ગો માટે અનામત નીતિના અસરકારક અમલીકરણને કારણે સદરહુ વર્ગોની પ્રમાણસર સંખ્યામાં વ્યક્તિઓને સામાજિક અને શૈક્ષણિક - એમ બંને રીતે અમુક પ્રમાણમાં લાભ થઇ રહયો છે અને રાજયમાં આ વર્ગો માટે અનામતની વિદ્યમાન નીતિ ચાલુ રહેશે.

તે જ સમયે, એ પણ હકીકત છે કે સમાજના બિનઅનામત કક્ષાઓના આર્થિક રીતે નબળા વર્ગોએ આર્થિક રીતે સદ્ધર હોય તેવા ઉચ્ચસ્તરીય લોકો સાથે સ્પર્ધા કરવા માટે તેમની અસમર્થતા વ્યકત કરી છે અને જેના પરિણામે, આવા આર્થિક રીતે નબળા વર્ગો, રાજય હેઠળની શૈક્ષણિક સંસ્થાઓમાં અને સેવાઓમાં તથા જગાઓની બાબતે તેમના પ્રતિનિધિત્વના સંદર્ભે પોતાને ગેરલાભ થતો હોવાનું અનુભવે છે. રાજય સરકાર આ પરિસ્થિતિથી માહિતગાર છે અને સમાજના બિનઅનામત કક્ષાઓના આર્થિક રીતે આવા પછાત વર્ગોના સર્વસમાવેશી વિકાસ માટે પ્રયત્ન કરવાની અને તેમની વાજબી જરૂરિયાત સાથે તજવીજ કરવાની પોતાની મુખ્ય ફરજ ગણે છે, જેથી કરીને તેઓ પણ સરકારની નીતિઓનો લાભ મળી થઇ શકે.

તેથી, રાજયમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે અને રાજય હેઠળની સેવાઓ અને જગાઓમાં નિમણૂકો માટે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો સિવાયના સમાજના આર્થિક રીતે નબળા વર્ગોના આર્થિક દરજજાના આધારે દસ ટકા અનામત આપવાની જોગવાઇ કરવાનું જરૂરી જણાયું છે. સમાજની આર્થિક રીતે નબળા વર્ગોની વ્યક્તિઓને, રાજયમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની વ્યકિતઓને અનામત માટે જે માપદંડ લાગુ પડે છે તે જ માપદંડને આધારે આવું અનામત આપવામાં આવશે.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, આ વટહુકમ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

તારીખ : ૧લી મે, ૨૦૧૬.

ઓ. પી. કોહલી,
ગુજરાતના રાજયપાલ.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

સંજય પ્રસાદ,
સરકારના અગ્ર સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 137

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, MAY 2, 2016/VAISAKHA 12, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **તારીખઃ ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬**ના ગુજરાત સરકારના **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ**-ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીટીએચ /૨૦૧૬/૧૫ /એમકેએમ/ ૧૨૨૦૧૩/૪૦૦ (પાર્ટ ફાઈલ) એ.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Deputy Director/District Supply Officer, Class 1, under the Food, Civil Supplies and Consumer Affairs Department, Recruitment Rules, 2016.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ હેઠળની, નાયબ નિયામક/જિલ્લા પુરવઠા અધિકારી, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીટીએચ/૨૦૧૬/૧૫/એમકેએમ/૧૨૨૦૧૩/૪૦૦ (પાર્ટ ફાઈલ)/એઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ હેઠળની, સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ નિયામક/જિલ્લા પુરવઠા અધિકારી, વર્ગ ૧ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ હેઠળ, નાયબ નિયામક/જિલ્લા પુરવઠા અધિકારી, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ હેઠળની, સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ નિયામક/જિલ્લા પુરવઠા અધિકારી, વર્ગ ૧ની જગા ઉપરની નિમણૂક, જેણે-

(ક) (૧) અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ હેઠળની, સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ નિયામક, વર્ગ ૨-ના સંવર્ગમાં ઓછામાં ઓછા આઠ વર્ષ સુધી કામ કરેલું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપરના પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે લેખિતમાં કારણોની નોંધ કરીને, ઉપરના પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે;

અથવા

(ખ) ગુજરાત વહીવટી સેવામાં, નાયબ કલેક્ટર, વર્ગ ૧ના સંવર્ગમાં કામ કરતી વ્યક્તિઓમાંથી પ્રતિનિયુક્તિના આધારે હંગામી બદલીથી કરવી જોઇશે.

૩. બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. આર. ઓઝા,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 138

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, MAY 2, 2016/VAISAKHA 12, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **આરોગ્ય અને પરિવાર કલ્યાણ** વિભાગ-ના **તારીખ: ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૬**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીપી/૧૨/જીપીસી/૧૦/૨૦૧૦/૨૭૬૮૦૪/જે** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat State Council for Physiotherapy Act, 2011.

ગુજરાત રાજ્ય ફિઝિઓથેરપિ કાઉન્સિલ અધિનિયમ, ૨૦૧૧ હેઠળ

જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ગુજરાત રાજ્ય ફિઝિઓથેરપિ કાઉન્સિલ અધિનિયમ, ૨૦૧૧.

ક્રમાંકઃ જીપી / ૧૨ / જીપીસી / ૧૦ / ૨૦૧૦ / ૨૭૬૮૦૪ / જેઃ- ગુજરાત રાજ્ય ફિઝિઓથેરપિ કાઉન્સિલ અધિનિયમ, ૨૦૧૧ (સન ૨૦૧૧ના ગુજરાતના ૧૮મા)ની કલમ-૩ની પેટા-કલમ (૩)ના ખંડ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના કોલમ નંબર ૩માં દર્શાવેલા ખંડ મુજબ, ગુજરાત રાજ્ય ફિઝિઓથેરપિ કાઉન્સિલ-ની રચના કરે છે અને નીચે જણાવ્યા પ્રમાણે સદરહુ કાઉન્સિલના સભ્યોના નામ પ્રસિદ્ધ કરે છેઃ-

અનુ-ક્રમાંક	નામ અને સરનામું	ગુજરાત રાજ્ય ફિઝિઓથેરપિ કાઉન્સિલ અધિનિયમ, ૨૦૧૧નો ખંડ
૧	૨	૩
૧	અધિક મુખ્ય સચિવ / અગ્ર સચિવ / સચિવ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર.	ગુજરાત રાજ્ય ફિઝિઓથેરપિ કાઉન્સિલ અધિનિયમ, ૨૦૧૧ની કલમ ૩ની પેટા-કલમ (૨)નો ખંડ (૧) (હોદ્દાની રૂએ).
૨	અધિક નિયામક, તબીબી શિક્ષણ, કમિશનરની કચેરી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ.	ગુજરાત રાજ્ય ફિઝિઓથેરપિ કાઉન્સિલ અધિનિયમ, ૨૦૧૧ની કલમ ૩ની પેટા-કલમ (૨)નો ખંડ (૨) (હોદ્દાની રૂએ).
૩.	નિયામક, સરકારી સ્પાઈન એન્ડ પેરપ્લેજિઆ ઈન્સ્ટિટ્યૂટ, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ.	ગુજરાત રાજ્ય ફિઝિઓથેરપિ કાઉન્સિલ અધિનિયમ, ૨૦૧૧ની કલમ ૩ની પેટા-કલમ (૨)નો ખંડ (૩) (હોદ્દાની રૂએ).
૪.	નાણાકીય સલાહકાર (આરોગ્ય), નાણા વિભાગ, ગુજરાત સરકાર.	ગુજરાત રાજ્ય ફિઝિઓથેરપિ કાઉન્સિલ અધિનિયમ, ૨૦૧૧ની કલમ ૩ની પેટા-કલમ (૨)નો ખંડ (૪).
૫.	નાયબ સચિવ (ઓપિનિયન), કાયદા વિભાગ, ગુજરાત સરકાર.	ગુજરાત રાજ્ય ફિઝિઓથેરપિ કાઉન્સિલ અધિનિયમ, ૨૦૧૧ની કલમ ૩ની પેટા-કલમ (૨)નો ખંડ (૫).
૬.	ડૉ. અતુલ પંડ્યા, બંગલા નંબર ૭૧, શેરી નંબર ૬, કોટેચાનગર, આશુતોષ મેટરનિટી હોસ્પિટલ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૧.	ગુજરાત રાજ્ય ફિઝિઓથેરપિ કાઉન્સિલ અધિનિયમ, ૨૦૧૧ની કલમ ૩ની પેટા-કલમ (૨)નો ખંડ (૬).
૭.	૧. ડૉ. તુષાર પટેલ, એફ-૨, અક્ષત એપાર્ટમેન્ટ, પૂજન પાર્ટી પ્લોટ સામે, બી. ડી. રાવ હોલ પાસે, મેમનગર, અમદાવાદ - ૩૮૦૦૫૨. ૨. ડૉ. પાયલ સોલંકી, એ.૨૦૧, દુર્ગા રેસિડેન્સી. નાલંદા કોમ્પ્લેક્સ પાછળ, સન સિટી પેરેડાઈઝની સામે, વિશ્વામિત્રી, વડોદરા - ૩૯૦૦૧૧.	ગુજરાત રાજ્ય ફિઝિઓથેરપિ કાઉન્સિલ અધિનિયમ, ૨૦૧૧ની કલમ ૩ની પેટા-કલમ (૨)નો ખંડ (૭).

અનુ-ક્રમાંક	નામ અને સરનામું	ગુજરાત રાજ્ય ફિઝિઓથેરપિ કાઉન્સિલ અધિનિયમ, ૨૦૧૧નો ખંડ
૧	૨	૩
	૩. ડૉ. જિતેશ કે. ડુંગરાણી, ૪૦૨/બી, શુકન સ્કાય, પ્લેટિનમ પાર્ક સામે, ડભોલી-કોઝવે લિંક રોડ, સુરત - ૩૯૫૦૦૪. ૪. ડૉ. અર્પિત પી. મકવાણા, ૧૪૩, પ્રેમચંદનગર રો હાઉસ, જજીસ બંગલો, બોડકદેવ, અમદાવાદ - ૩૮૦૦૫૪.	
૮.	૧. ડૉ. ઝરણા રોનક શાહ, ૩૨/૩૦૯, નિધિ એપાર્ટમેન્ટ, ૧૩૨ ફૂટ રિંગ રોડ, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૬૩. ૨. ડૉ. પારસ એ. ભૂરા, બી/૨૦, જય રણછોડ સોસાયટી, વિશ્વભારતી કોલોની પાસે, વાઘોડિયા રોડ, વડોદરા - ૩૯૦૦૧૯. ૩. ડૉ. આશિષ ડી. કક્કડ, ૩૦૧, શ્યામ એપાર્ટમેન્ટ, ૧/૧૦, લક્ષ્મી વાડી, રાજકોટ - ૩૬૦૦૦૨. ૪. ડૉ. નિપુલ સાલવી, પટોળાવાળા, સાલવી શેરી, પાટણ - ૩૮૪૨૬૫.	ગુજરાત રાજ્ય ફિઝિઓથેરપિ કાઉન્સિલ અધિનિયમ, ૨૦૧૧ની કલમ ૩ની પેટા-કલમ (૨)નો ખંડ (૮).
૯.	૧. ડૉ. યજ્ઞાબેન શુક્લ, સરકારી ફિઝિયોથેરપિ કોલેજ, અમદાવાદ. ૨. ડૉ. જયેશ પરમાર, પ્રિન્સિપાલ, સરકારી ફિઝિયોથેરપિ કોલેજ, જામનગર.	ગુજરાત રાજ્ય ફિઝિઓથેરપિ કાઉન્સિલ અધિનિયમ, ૨૦૧૧ની કલમ ૩ની પેટા-કલમ (૨)નો ખંડ (૯).
૧૦.	૧. ડૉ. રાજેશકુમાર એ. નાયક, ઓર્થોપેડિક સર્જન, ૫, શાંતિનગર સોસાયટી, મહાવીરનગર, હિંમતનગર. ૨. ડૉ. મુકેશ એમ. પટેલ, ૨૫, રંગ અવધૂત સોસાયટી, ટહુકો પાર્ટી પ્લોટ સામે, મોઢેરા રોડ, મહેસાણા.	ગુજરાત રાજ્ય ફિઝિઓથેરપિ કાઉન્સિલ અધિનિયમ, ૨૦૧૧ની કલમ ૩ની પેટા-કલમ (૨)નો ખંડ (૧૦).

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. જી. વણઝારા,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 139

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, MAY 2, 2016/VAISAKHA 12, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ**-ના **તારીખઃ ૧૪મી માર્ચ, ૨૦૧૬**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએસટી/૦૨/૨૦૧૬/ડીઆઈટી/૧૦/૨૦૧૫/આઈસીટી/આઈટી**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Information and Communication Technology Officer, Class II, in the General State Service, under the Directorate of Information and Communication Technology and E-governance, Recruitment Rules, 2016.

ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ ૧૪મી માર્ચ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીએસટી / ૦૨ / ૨૦૧૬ / ડીઆઈટી / ૧૦ / ૨૦૧૫ / આઈસીટી અધિકારી / આઈટીઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ અધિકારી, વર્ગ ૨-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ અધિકારી, વર્ગ ૨-ની જગા પરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૭ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિઃ

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશેઃ

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય-મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી લાગુ પડશે નહિઃ

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી બેચલર ઓફ એન્જિનિયરીંગ અથવા બેચલર ઓફ ટેકનોલોજિ ઈન ઈન્ફર્મેશન ટેક્નોલોજિ અથવા કોમ્પ્યુટર સાયન્સ અથવા કોમ્પ્યુટર એન્જિનિયરીંગ અથવા ઈલેક્ટ્રોનિક્સ અથવા ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કમ્યુનિકેશન અથવા કોમ્પ્યુટર ટેક્નોલોજિની પદવી અથવા માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન અથવા માસ્ટર ઓફ સાયન્સ (આઈટી)ની પદવી ધરાવતો હોવો જોઈશે;

(ગ) સરકાર અથવા સ્થાનિક મંડળ અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી અને ₹ ૩૦ કરોડ અથવા તેથી વધુ વાર્ષિક ટર્નઓવર ધરાવતી લિમિટેડ કંપનીમાં ઈન્ફર્મેશન ટેક્નોલોજિ અથવા કોમ્પ્યુટર ટેક્નોલોજિ અથવા કમ્યુનિકેશન ટેક્નોલોજિના ક્ષેત્રમાં આશરે બે વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે;

(ઘ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ચ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવી પડશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સંજય એ. શાહ,

સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 140

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, MAY 2, 2016/VAISAKHA 12, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી મે, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **તારીખઃ ૨જી એપ્રિલ, ૨૦૧૬ના** ગુજરાત સરકારના **ઉદ્યોગ અને ખાણ** વિભાગ-ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીયુ /૨૦૧૬/૪૪/બીઆરટી/૧૦૨૦૦૮/૬૯૮/ડી-૨**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification
Regarding
Amendment to the Assistant Manager, Class II, Recruitment Rules, 2015.
મદદનીશ વ્યવસ્થાપક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૫ સુધારવા સંબંધી
જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨જી એપ્રિલ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંક: જીયુ/૨૦૧૬/૪૪/બીઆરટી/૧૦૨૦૦૮/૬૯૮/ડી-૨:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, મદદનીશ વ્યવસ્થાપક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૫ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો મદદનીશ વ્યવસ્થાપક, વર્ગ ૨, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. મદદનીશ વ્યવસ્થાપક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૫ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૧ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

"૧. આ નિયમો સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરીમાં, મદદનીશ વ્યવસ્થાપક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૫ કહેવાશે."

૩. સદરહુ નિયમો, નિયમ ૪માં, ખંડ (ક)માં,-

(૧) "૩૨ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૩૭ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

(૨) વિદ્યમાન પરંતુક પછી, નીચેનો પરંતુક દાખલ કરવો:-

"વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય-મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ;"

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. બી. મુનિ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 141

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, MAY 6, 2016/VAISAKHA 16, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી મે, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તા. ૨જી એપ્રિલ, ૨૦૧૬ના ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના સરકારી જાહેરનામા **ક્રમાંક જીયુ/૨૦૧૬/૪૩/બીઆરટી/૧૦૨૦૦૭/૧૪૦૪/ડી.૨.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Office Superintendent, Class III, in the Directorate of Government Printing and Stationery, Recruitment Rules, 2016.

સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરીમાં, કચેરી અધીક્ષક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨જી એપ્રિલ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીયુ/૨૦૧૬/૪૩/બીઆરટી/૧૦૨૦૦૭/૧૪૦૪/ડી.૨:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, કચેરી અધીક્ષક, વર્ગ ૩ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો, સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરીમાં, કચેરી અધીક્ષક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, કચેરી અધીક્ષક, વર્ગ ૩ની જગા ઉપરની નિમણૂક, જેણેઃ-

(ક) (૧) સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, મુખ્ય કારકુન, વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી

મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, લેખિતમાં કારણોની નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે-તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ ૨-માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(ક) ૪૦ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઇપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય-મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે; અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે; અને

(ક) સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, સિનિયર કારકુન, વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા ઉપરનો આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(ખ) સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, સિનિયર કારકુન, વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી, સરકારમાં અથવા સ્થાનિક સત્તામંડળમાં અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાં આશરે પાંચ વર્ષનો વહીવટી અથવા કાનૂની કામગીરીનો સંયુક્ત અથવા અલગ અનુભવ ધરાવતો હોવો જોઇશે.

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેની પૂરતી જાણકારી ધરાવતો હોવો જોઇશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯- ક-ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ.બી.મુનિ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 142

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, MAY 6, 2016/VAISAKHA 16, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી મે, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તા. ૩જી માર્ચ, ૨૦૧૬ના ગુજરાત સરકારના બંદરો અને વાહનવ્યવહાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક પીટી/૨૦૧૬/૧૦/એમવીડી/૧૦૨૦૧૬/૪૧૮/ખ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Motor Vehicles Act, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ

જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૩જી માર્ચ, ૨૦૧૬.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક: પીટી/૨૦૧૬/૧૦/એમવીડી/૧૦૨૦૧૬/૪૧૮/ખ:- મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના અધિનિયમ ક્રમાંક ૫૯મા)ની કલમ ૧૧૦ની પેટા-કલમ (૩)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી, તારીખ: ૩૦/૦૬/૨૦૧૬ સુધી કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૧૨૬ના કાર્યક્ષેત્રમાંથી ટ્રેઇલર્સ અને સેમી ટ્રેઇલર્સને મુક્તિ આપે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ.આર.સોની,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 143

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, MAY 6, 2016/VAISAKHA 16, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી મે, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગ-ના તા. ૩૦મી એપ્રિલ, ૨૦૧૬ના સરકારી

(૧) જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૨૩) વીએટી-૨૦૧૬-એસ.૫ (૨) (૪૯) -ઠ અને

(૨) હુકમ ક્રમાંક : (જીએચએત્ર-૨૪) વીએટી-૨૦૧૬-એસ.૪૧ (૧) (૧૬) -ઠ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Government Notification, Finance Department No. (GHN-35) VAT-2006-(S.5) (2) (1) - TH dated the 31st March, 2006.

તારીખઃ ૩૧મી માર્ચ, ૨૦૦૬નું નાણા વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંકઃ (જીએચએન-૩૫) વીએટી - ૨૦૦૬ - (એસ.૫) (૨) (૧) - ઠ સુધારવા સંબંધી

જાહેરનામું.

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૩૦મી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંકઃ (જીએચએન-૨૩) વીએટી - ૨૦૧૬ - એસ.૫ (૨) (૪૯) - ઠઃ- ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી જણાય છે;

તેથી, હવે, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૫ની પેટા-કલમ(૨)ના ખંડ(ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તારીખઃ ૩૧મી માર્ચ, ૨૦૦૬નું નાણા વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંકઃ (જીએચએન-૩૫) વીએટી - ૨૦૦૬ - (એસ.૫) (૨) (૧) ઠ. નીચે પ્રમાણે સુધારે છેઃ-

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક ૫૩ ઉપરની નોંધ કમી કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

---

order

Under

The Gujarat Value Added Tax Act, 2003.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ હેઠળ હુકમ

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૩૦મી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંક : (જીએચએન-૨૪)વીએટી-૨૦૧૬-એસ.૪૧(૧)(૧૬)-ઠઃ- ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી જણાય છે;

INDEX

તેથી, હવે, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯ા)ની કલમ ૪૧ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાતમાં જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા કરવામાં આવતા કેરોસીનના વેચાણો ઉપર અધિનિયમની કલમ ૭ હેઠળ ભરવાપાત્ર વેરાની રકમ, નીચેની શરતોને અધીન રહીને માફ કરે છે :-

૧. વેપારીએ, જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા કરવામાં આવતા કેરોસીનના વેચાણ માટે વેરાનું ભરતિયું આપવું જોઈશે નહિ.

૨. વેપારીએ, જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા (વેચાણ કરવામાં આવતા) કેરોસીન ઉપર, ખરીદનાર પાસેથી વેરો લેવો (વસૂલ કરવો) જોઈશે નહિ.

૩. વેપારી, અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ પૈકીની કોઈપણ જોગવાઈનો ભંગ થયાની તારીખથી, જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા કરવામાં આવતા કેરોસીનના વેચાણો ઉપર વેરો માફ કરવા હકદાર રહેશે નહિ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 144

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, MAY 6, 2016/VAISAKHA 16, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી મે, ૨૦૧૬

તારીખ: ૬ઠ્ઠી મે, ૨૦૧૬-ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૬ ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક : ૯** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 9 OF 2016.

THE GUJARAT PRIVATE UNIVERSITIES (AMENDMENT) ACT, 2016.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૨૦૧૬ના મે મહિનાની ૪થી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સી. જે. ગોઠી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 9 OF 2016.

AN ACT

further to amend the Gujarat Private Universities Act, 2009.

સન ૨૦૧૬નો ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૯.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૬ના મે મહિનાની ૬ઠ્ઠી તારીખે "ગુજરાત સરકારી રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો).

ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત અધિનિયમ.

સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો.

નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, વિસનગર, જિલ્લો : મહેસાણા, મારવાડી એજ્યુકેશન ફાઉન્ડેશન, રાજકોટ, પ્લાસ્ટઇન્ડિયા ફાઉન્ડેશન, મુંબઇ, લક્ષ્મણ જ્ઞાનપીઠ, ગોધાવી, તાલુકો : સાણંદ, જિલ્લો : અમદાવાદ-એ રાજ્યમાં ખાનગી યુનિવર્સિટીઓ સ્થાપવા માટે, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ની જોગવાઇઓ હેઠળ રાજ્ય સરકારને અરજી કરી છે;

અને ચકાસણી સમિતિએ, સદરહુ અરજીઓની ચકાસણી કરેલી છે અને ચકાસણી સમિતિના અહેવાલ પરથી, રાજ્ય સરકારે, ખાનગી યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે સંબંધિત પુરસ્કર્તા મંડળને ઇરાદાપત્ર કાઢી આપ્યો છે;

અને રાજ્ય સરકારને ખાતરી થઇ છે કે સદરહુ અધિનિયમની કલમ ૧૦માં જોગવાઇ કર્યા પ્રમાણે, પુરસ્કર્તા મંડળોએ ઇરાદાપત્રની શરતોનું પાલન કર્યું છે અને ઇરાદાપત્ર પ્રમાણેનું દેણગી ફંડ પણ સ્થાપ્યું છે;

તેથી, હવે, ગુજરાત સરકાર, સદરહુ અધિનિયમની કલમ ૧૦ની જોગવાઇઓ અનુસાર, સદરહુ અનુસૂચિના કોલમ ૪માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના ઉપર્યુક્ત પુરસ્કર્તા મંડળના

નામે અને સ્થળે અનુસૂચિના કોલમ ૨-માં નિર્દિષ્ટ કરેલી સંસ્થાઓનો ખાનગી યુનિવર્સિટી તરીકે સમાવેશ કરે છે.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

ટૂંકી સંજ્ઞા અને આરંભ. ૧. (૧) આ અધિનિયમ ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૦૯ના ગુજરાતના ૮મા અધિનિયમની અનુસૂચિનો સુધારો. ૨. ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯માં, અનુસૂચિમાં, અનુક્રમાંક ૧૭ ઉપરની નોંધ પછી, નીચેની નોંધો દાખલ કરવી:- સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો.

અનુક્રમાંક	ખાનગી યુનિવર્સિટીનું નામ અને સરનામું	નોંધણી અને નોંધણી નંબરની વિગતો	પુરસ્કર્તા મંડળ
૧.	૨.	૩.	૪.
"૧૮.	સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, વિસનગર.	ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી (રજિસ્ટ્રેશન). રજિસ્ટ્રેશન નંબર. ઈ/૨૫૧, મહેસાણા. તારીખ : ૧૯/૧૨/૧૯૫૨.	નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, એસ.કે. પટેલ કેમ્પસ, વિસનગર, જિલ્લો : મહેસાણા, ગુજરાત.
૧૯.	મારવાડી યુનિવર્સિટી, રાજકોટ.	ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી. રજિસ્ટ્રેશન નંબર. ઈ/૮૪૫૮, રાજકોટ. તારીખ : ૨૪/૧૦/૨૦૦૮.	મારવાડી એજ્યુકેશન ફાઉન્ડેશન, રાજકોટ, ગુજરાત.
૨૦.	પ્લાસ્ટઈન્ડિયા ઈન્ટરનેશનલ યુનિવર્સિટી, વાપી.	મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી. રજિસ્ટ્રેશન નંબર. એફ.૧૨૧૫૬, મુંબઈ. તારીખ : ૨૬/૧૧/૧૯૮૭.	પ્લાસ્ટઈન્ડિયા ફાઉન્ડેશન, ૪૦૧, લેન્ડમાર્ક, "બી (B)", સુરેન રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ, મહારાષ્ટ્ર, ભારત.

અનુક્રમાંક	ખાનગી યુનિવર્સિટીનું નામ અને સરનામું	નોંધણી અને નોંધણી નંબરની વિગતો	પુરસ્કર્તા મંડળ
૧.	૨.	૩.	૪.
૨૧.	અનંત નેશનલ યુનિવર્સિટી, અમદાવાદ.	ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી. રજિસ્ટ્રેશન નંબર ઈ/૮૧૦૭, અમદાવાદ, ગુજરાત. તા.૧૦/૦૧/૧૯૯૧	લક્ષ્મણ જ્ઞાનપીઠ, સંસ્કારધામ કેમ્પસ, મણિપુર બસસ્ટોપ પાસે, ગોધાવી, તાલુકોઃ સાણંદ, જિલ્લોઃ અમદાવાદ, ગુજરાત.''.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 145

વાર્ષિક લવાજમનોદરરૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, MAY 6, 2016/VAISAKHA 16, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી મે, ૨૦૧૬.

તારીખ : **૬ઠ્ઠી મે, ૨૦૧૬**ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૬ના ગુજરાત અધિનિયમ **ક્રમાંક** : ૧૦નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

GUJARAT ACT NO. 10 OF 2016.

THE GANPAT UNIVERSITY (AMENDMENT) ACT, 2016.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે **સન ૨૦૧૬ના મે** મહિનાની **૪થી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સી. જે.ગોઠી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 10 OF 2016.

AN ACT

further to amend the Ganpat University Act, 2005.

સન ૨૦૧૬નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૦.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૬ના મે મહિનાની ૬ઠ્ઠી તારીખે''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગણપત યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૫ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

૧. (૧) આ અધિનિયમ ગણપત યુનિવર્સિટી (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા આરંભ.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૨૦૦૫નો ગુજરાતનો ૧૯મો. ૨. ગણપત યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૫ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, કલમ ૨-માં,- સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ૨-નો સુધારો.

(૧) ખંડ (ઘ)ને બદલે, નીચેનો ખંડ મૂકવોઃ-

''(ઘ) ''મહાનિયામક'' એટલે કલમ ૧૮ હેઠળ નીમાયેલા યુનિવર્સિટીના મહાનિયામક;'';

(૨) ખંડ (ઢ) પછી, નીચેનો ખંડ દાખલ કરવોઃ-

સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો.

"(ઢ-ક) "નિયમનકારી સંસ્થા"નો અર્થ, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ની કલમ ૨-ના ખંડ (ધ)થી વ્યાખ્યા કર્યા પ્રમાણેનો થશે;".

સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૩નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩માં, પેટા-કલમ (૨)માં, "નિયામક" એ શબ્દને બદલે, "મહાનિયામક" એ શબ્દ મૂકવો.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૪નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪માં,-

(૧) "માનવજાતની ઉન્નતિ માટે"એ શબ્દોથી શરૂ થતા અને"જ્ઞાન વિકસાવવાના છે" એ શબ્દોથી પૂરા થતા ભાગને બદલે, "માનવજાતની ઉન્નતિ માટે વિજ્ઞાન, તકનિકી (ટેકનોલોજિ), દંત (ડેન્ટલ), તબીબી, સહ-તબીબી (પેરા-મેડિકલ), ફિઝિઓથેરપિ (અંગવ્યાયામ ચિકિત્સા), ફાર્મસી, વાણિજ્ય (કોમર્સ), સંચાલન (મેનેજમેન્ટ), માનવવિદ્યા (શિષ્ટ સાહિત્યિક વિષય), કાયદો, ફેશન ડિઝાઈનિંગ, સ્થાપત્ય (આર્કિટેકચર), નર્સિંગ, રમતગમત (સ્પોર્ટ્સ), ડેરિ, પશુપાલન, કૃષિ, વનવિજ્ઞાન (ફોરેસ્ટ્રિ), મત્સ્યોદ્યોગ અને બીજી કોઇ શૈક્ષણિક વિદ્યાશાખાઓનું જ્ઞાન વિકસાવવાના છે" એ શબ્દો મૂકવા;

(૨) ખંડો (૨), (૩) અને (૪)ને બદલે, નીચેના ખંડો મૂકવાઃ-

"(૨) વિજ્ઞાન, ટેકનોલોજિ, દંત (ડેન્ટલ), તબીબી, ફિઝિઓથેરપિ, સહ-તબીબી, ફાર્મસી, વાણિજ્ય, સંચાલન, માનવવિદ્યા (શિષ્ટ સાહિત્યિક વિષય), કાયદો, ફેશન ડિઝાઈનિંગ, સ્થાપત્ય, નર્સિંગ, રમતગમત, કૃષિ, વનવિજ્ઞાન, મત્સ્યોદ્યોગ અને તેને લગતા બીજા વ્યાવસાયિક શિક્ષણના ક્ષેત્રમાં, તેની વર્તમાન સ્થિતિ મુજબ અને નિરંતર શિક્ષણ અને દૂરવર્તી શિક્ષણ સહિત, ભવિષ્યમાં વિકસાવવામાં આવે તેવી બીજી બાબતોના ક્ષેત્રમાં, ઉચ્ચ ધોરણયુકત જ્ઞાન, શિક્ષણ, તાલીમ અને સંશોધન સવલત પૂરી પાડવા માટેના ગુણોત્કર્ષ કેન્દ્રો ઊભા કરવાનો;

(૩) પ્રમાણપત્ર અથવા ડિપ્લોમા અભ્યાસક્રમો, પૂર્વસ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો અને સર્વોત્તમ પદવી (ડોકટરલ)ના સ્તર સુધીના અધ્યાપનની તરેહ વિકસાવવાનો અને શિક્ષણ તથા તેના ઉપયોગનું ઉચ્ચ ધોરણ જાળવવાનો; વિજ્ઞાન અને ટેકનોલોજિ, દંત (ડેન્ટલ), તબીબી, ફિઝિઓથેરપિ, સહ-તબીબી, ફાર્મસી, વાણિજ્ય, સંચાલન, માનવવિદ્યા (શિષ્ટ સાહિત્યક

વિષય), કાયદો, ફેશન ડિઝાઈનિંગ, સ્થાપત્ય, નર્સિંગ, રમતગમત, કૃષિ, વનવિજ્ઞાન, મત્સ્યોદ્યોગ અભ્યાસક્રમોના સ્તરને ઊંચું લાવવા માટેની ક્ષમતા ઊભી કરવાનો;

(૪) તાલીમ સવલતો વિકસાવવી અને ઉચ્ચ શિક્ષણ, વ્યાવસાયિક શિક્ષણ અને તેને સંલગ્ન ક્ષેત્રોમાં તાલીમ માટે વ્યવસ્થા કરવી, વિજ્ઞાન અને ટેકનોલોજિ, દંત (ડેન્ટલ), તબીબી, ફિઝિઓથેરપિ, સહ-તબીબી, ફાર્મસી, વાણિજ્ય, સંચાલન, કાયદો, ફેશન ડિઝાઈનિંગ, સ્થાપત્ય, નર્સિંગ, રમતગમત, કૃષિ, વન વિજ્ઞાન, મત્સ્યોદ્યોગ અને તેને સંલગ્ન ક્ષેત્રમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સહભાગિતા માટે આંતર સંબંધોની જોગવાઈ કરવાની.'';

(૩) ખંડ (૬) પછી, નીચેનો ખંડ ઉમેરવોઃ-

''(૭) સંસદે કરેલા કોઈ કાયદા અને નિયમન કરતી સંસ્થાઓએ કરેલા કોઈ વિનિયમો, નિયમો વગેરે હેઠળ, નિયમનકારી સંસ્થાઓની પરવાનગીને અધીન રહીને, રાજ્યની અંદર, ઓફ-કેમ્પસ કેન્દ્રો, અભ્યાસ કેન્દ્રો અને પરીક્ષા કેન્દ્રો ઊભા કરવાનો.''.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬માં,- સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૬નો સુધારો.

(૧) ખંડ (૨)ને બદલે, નીચેનો ખંડ મૂકવો :-

''(૨) વિજ્ઞાન, ટેકનોલોજિ, દંત (ડેન્ટલ), તબીબી, ફિઝિઓથેરપિ, ફાર્મસી, વાણિજ્ય, સંચાલન, માનવવિદ્યા, કાયદો, ફેશન ડિઝાઈનિંગ, સ્થાપત્ય, નર્સિંગ, રમતગમત, કૃષિ, વનવિજ્ઞાન, મત્સ્યોદ્યોગ અને તેને સંલગ્ન ક્ષેત્રોને લગતા જ્ઞાન અથવા શિક્ષણની એવી શાખાઓમાં પ્રશિક્ષણ, તાલીમ, સંશોધનના ઉત્કર્ષ અને પ્રસાર માટેની જોગવાઈ કરવી;'',

(૨) ખંડ (૯)ને બદલે, નીચેનો ખંડ મૂકવો :-

''(૯) વિજ્ઞાન, ટેકનોલોજી, દંત (ડેન્ટલ), તબીબી, ફિઝિઓથેરપિ, ફાર્મસી, વાણિજ્ય, સંચાલન, માનવવિદ્યા, કાયદો, ફેશન ડિઝાઈનિંગ, સ્થાપત્ય, નર્સિંગ, રમતગમત, કૃષિ, વનવિજ્ઞાન અને મત્સ્યોદ્યોગના વિવિધ ક્ષેત્રોમાં સંશોધન પુરસ્કૃત કરવાની અને હાથ ધરવાની ;

(૩) ખંડ (૧૨)ને બદલે, નીચેનો ખંડ મૂકવો :-

"(૧૨) યુનિવર્સિટીના ઉદ્દેશો સિદ્ધ કરવા માટે વિજ્ઞાન, ટેકનોલોજી, દંત (ડેન્ટલ), તબીબી, ફિઝિઓથેરપિ, ફાર્મસી, વાણિજ્ય, સંચાલન, માનવવિદ્યા, કાયદો, ફેશન ડિઝાઈનિંગ, સ્થાપત્ય, નર્સિંગ, રમતગમત, કૃષિ, વનવિજ્ઞાન, મત્સ્યોદ્યોગ અને સંલગ્ન ક્ષેત્રોમાં વિશ્વના કોઇ ભાગમાંના અધ્યાપકો, સંશોધકો અને કાર્યક્ષેત્ર નિષ્ણાતો સાથે સંબંધો વિકસાવવાની અને નિભાવવાની;

સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૯નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯માં, ખંડ (ખ)માં, "નિયામક" એ શબ્દને બદલે, "મહાનિયામક" એ શબ્દમૂકવો.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૧૦નો સુધારો.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦માં, પેટા-કલમ (૧)માં,-

(૧) ખંડો (૩) અને (૪)માં, "નિયામક" એ શબ્દને બદલે, "મહાનિયામક" એ શબ્દ મૂકવો અને ખંડ (૯)માં, "નિયામકે" એ શબ્દને બદલે, "મહાનિયામક" એ શબ્દ મૂકવો;

(૨) ખંડો (૫), (૬), (૭) અને (૮)માં, "અથવા તેમના નામ નિયુકત"એ શબ્દો અંતમાં ઉમેરવા.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૧૨નો સુધારો.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨માં, પેટા-કલમ (૨)માં, ખંડ (૯)માં, "નિયામક" એ શબ્દને બદલે, "મહાનિયામક" એ શબ્દ મૂકવો.

સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૧૪નો સુધારો.

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૪માં, પેટા-કલમ (૧)માં,-

(૧) ખંડ (૧)માં, "નિયામક"એ શબ્દને બદલે, "મહાનિયામક" એ શબ્દ મૂકવો અને ખંડો (૩) અને (૫)માં, "નિયામકે"એ શબ્દને બદલે, "મહાનિયામકે" એ શબ્દ મૂકવો;

(૨) ખંડ (૪)ને બદલે, નીચેનો ખંડ મૂકવો :-

"(૪) યુનિવર્સિટીના ડીન;".

સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ૧૬નો સુધારો.

૧૦. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૬માં, પેટા-કલમ (૧)માં, ખંડ (૧) માં, "નિયામક" એ શબ્દને બદલે, "મહાનિયામક" એ શબ્દ મૂકવો અને ખંડ (૩)માં, "નિયામકે" એ શબ્દને બદલે, "મહાનિયામકે" એ શબ્દ મૂકવો;

૧૧. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૮માં,- સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૧૮નો સુધારો.

(૧) "નિયામક" એ શબ્દ જયાં જયાં આવે છે ત્યાં ત્યાં તેને બદલે, "મહાનિયામક" એ શબ્દ મૂકવો;

(૨) હાંસિયાની નોંધમાં, "નિયામક" એ શબ્દને બદલે, "મહાનિયામક" એ શબ્દ મૂકવો.

૧૨. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૯માં,- સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૧૯નો સુધારો.

(૧) "નિયામક" એ શબ્દ જયાં જયાં આવે છે ત્યાં ત્યાં તેને બદલે, "મહાનિયામક" એ શબ્દ મૂકવો અને "નિયામકે" એ શબ્દ જયાં જયાં આવે છે ત્યાં ત્યાં તેને બદલે, "મહાનિયામકે" એ શબ્દ મૂકવો;

(૨) હાંસિયાની નોંધમાં, "નિયામક" એ શબ્દ ને બદલે, "મહાનિયામક" એ શબ્દ મૂકવો.

૧૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૦માં, પેટા-કલમ (૨)માં, ખંડો (૩), (૪) અને (૭)માં, "નિયામક"એ શબ્દને બદલે, "મહાનિયામક" એ શબ્દ મૂકવો. સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૨૦નો સુધારો.

૧૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૧માં, "નિયામક" એ શબ્દ જયાં જયાં આવે છે ત્યાં ત્યાં તેને બદલે, "મહાનિયામક" એ શબ્દ મૂકવો. સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૨૧નો સુધારો.

૧૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૪માં, પેટા-કલમ (૨)માં, ખંડો (૧૭) અને (૧૯)માં, "નિયામક" એ શબ્દને બદલે, "મહાનિયામક" એ શબ્દ મૂકવો. સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૩૪નો સુધારો.

૧૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૫માં, "નિયામક" એ શબ્દને બદલે, "મહાનિયામક" એ શબ્દ મૂકવો. સન ૨૦૦૫ના ગુજરાતના ૧૯મા અધિનિયમની કલમ ૩૫નો સુધારો.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 146

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURSDAY, MAY 7, 2016/VAISAKHA 17, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી મે, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : **૩૧મી માર્ચ, ૨૦૧૬**ના ગુજરાત સરકારના **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ**-ના સરકારી જાહેરનામા ક્રમાંક : **જીવાયસી/૦૫/ જીટીએલ/ ૧૦૨૦૦૮/ ૧૯૫૩/એફ.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification
Regarding
Amendment to the Assistant Librarian, Class III, in the Directorate of Libraries, Recruitment Rules, 2011.

ગ્રંથાલય નિયામકની કચેરીમાં, મદદનીશ ગ્રંથપાલ, વર્ગ ૩, ભરતી નિયમો,૨૦૧૧ સુધારવા સંબંધી

જાહેરનામું.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખ: ૩૧મી માર્ચ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક:જીવાયસી/૦૫/જીટીએલ-૧૦૨૦૦૮/૧૯૫૩/એફ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગ્રંથાલય નિયામકની કચેરીની તાબાની સેવામાં, મદદનીશ ગ્રંથપાલ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૧ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છેઃ-

(૧.) આ નિયમો, ગ્રંથાલય નિયામકની કચેરીમાં, મદદનીશ ગ્રંથપાલ, વર્ગ ૩, ભરતી(સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

(૨.) ગ્રંથાલય નિયામકની કચેરીની તાબાની સેવામાં, મદદનીશ ગ્રંથપાલ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૧ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૪ માં,

(૧) ખંડ (ક)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(ક) ૩૭ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય મર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઇ પણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય-મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ."

(૨) ખંડ (ચ)નો વિદ્યમાન પરંતુક કમી કરવો.

(૩.) સદરહુ નિયમોમાં, નિયમ ૫-ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

"૫. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક-ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે."

(૪.) સદરહુ નિયમોમાં, નિયમો ૬ અને ૭ કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. એન. ચૌધરી,
સરકારના ઉપસચિવ,

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 147

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, MAY 7, 2016/VAISAKHA 17, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી મે, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : **૧૬મી એપ્રિલ, ૨૦૧૬**ના ગુજરાત સરકારના **રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ**-ના સરકારી જાહેરનામા ક્રમાંક : **જીવાયસી/૦૬/૨૦૧૬-એનપીએસ/૧૦૨૦૧૪/૧૦૦૯/એ.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Deputy Director, Class I, in the General State Services Recruitment Rules, 2015.

સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૫ સંબંધી

જાહેરનામું

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી એપ્રિલ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીવાયસી/૦૬/૨૦૧૬-એનપીએસ/૧૦૨૦૧૪/૧૦૦૯/એ. :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૫ સુધારવા માટે નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો, સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ નિયામક, વર્ગ ૧, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૫માં, નિયમ ૧માં, ''સામાન્ય રાજ્ય સેવામાં'' એ શબ્દો પહેલા, ''પુરાતત્વ અને સંગ્રહાલય નિયામકની કચેરી હેઠળની'' એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ભાવેશ એરડા,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 148

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, MAY 10, 2016/VAISAKHA 20, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી મે, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **મહેસૂલ વિભાગ-ના તારીખ: ૯મી માર્ચ, ૨૦૧૫ના** સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચએમ /૨૦૧૫/૨૭/એનએમકે/૧૦૨૦૦૨/૪૨૬૫/એન-નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Revenue Talati, Class-III (Pre-Service Training and Post- training Examination) Rules, 2015.

મહેસૂલી તલાટી, વર્ગ-૩ (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા) નિયમો, ૨૦૧૫ સંબંધી જાહેરનામું.

મહેસૂલ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ ૯મી માર્ચ, ૨૦૧૫.

ભારતનું સંવિધાન

ક્રમાંક : જીએચએમ/૨૦૧૫/૨૭/એનએમકે/૧૦૨૦૦૨/૪૨૬૫/એનઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજયપાલ, આથી, તાબાની મહેસૂલ સેવામાં, મહેસૂલી તલાટી, વર્ગ-૩ની જગા ઉપર નીમાયેલ વ્યકિતઓની સેવાની શરતોનું, તે જયાં સુધી તેમની પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષાને લાગુ પડે છે તેટલે સુધી, નિયમન કરવા માટે જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છે :-

૧. **ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.-** (૧) આ નિયમો, મહેસૂલી તલાટી, વર્ગ-૩ (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિધ્ધિની તારીખે અમલમાં આવશે.

(૩) તે, મહેસૂલી તલાટી, વર્ગ-૩ ભરતી નિયમો, ૨૦૦૯ની જોગવાઇઓ અનુસાર, તાબાની મહેસૂલ સેવામાં, મહેસૂલી તલાટી, વર્ગ-૩ની જગા પર સીધી ભરતીથી નીમાયેલી વ્યકિતઓને લાગુ પડશે.

૨. **વ્યાખ્યા.-** આ નિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો-

(ક) ''પરિશિષ્ટ'' એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) ''કરારગત જગા'' એટલે જે જગા પર સીધી ભરતીથી નીમાયેલી વ્યકિતઓની કરાર આધારિત ધોરણે નિમણૂક કરવામાં આવેલ હોય તેવી, કલેકટર કચેરીઓ, ગુજરાત રાજય હેઠળની તાબાની મહેસૂલ સેવામાં, મહેસૂલી તલાટી, વર્ગ-૩ની જગા;

(ગ) ''સીધી ભરતીથી નીમાયેલી વ્યકિત'' એટલે તાબાની મહેસૂલ સેવામાં, મહેસૂલી તલાટી, વર્ગ-૩ તરીકે નિમણૂક માટે પસંદગી પામેલ વ્યકિત;

(ઘ) ''સંસ્થા'' એટલે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ અથવા સરકાર ઠરાવે તેવી બીજી સરકારી અથવા અર્ધ-સરકારી સંસ્થા;

(ચ) ''તાલીમાંત પરીક્ષા'' અથવા ''પરીક્ષા'' અથવા ''ઠરાવેલી પરીક્ષા'' એટલે પરિશિષ્ટ-૧, ૨ અને ૩ પ્રમાણે મહેસૂલી તલાટી, વર્ગ-૩ તરીકે પસંદગી પામેલા ઉમેદવારો માટે યોજેલી પરીક્ષા;

(છ) ''નિર્દિષ્ટ તકો'' એટલે કોઇ વ્યકિતએ જેટલી તકોની અંદર તાલીમાંત પરીક્ષા પાસ કરવી જરૂરી હોય તે માટે આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલ તકોની સંખ્યા.

૩. **પૂર્વ-સેવા સંસ્થાકીય તાલીમ.**- (૧) તાબાની મહેસૂલ સેવામાં, મહેસૂલી તલાટી, વર્ગ-૩ની જગા પર સીધી ભરતીથી નીમાયેલ દરેક વ્યક્તિએ, તેની કરાર આધારિત નિમણૂકની મુદત દરમિયાન, સંસ્થા દ્વારા યોજાતી ૧૨ અઠવાડિયાની પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે.

(૨) સીધી ભરતી કરાયેલ દરેક મહેસૂલી તલાટી, વર્ગ-૩-ને, તેની પૂર્વ-સેવા સંસ્થાકીય તાલીમ દરમિયાન, કોઈપણ પ્રકારની રજા લેવા દેવામાં આવશે નહિ અથવા ત્રણ કરતાં વધુ દિવસ ગેરહાજર રહેવા દેવામાં આવશે નહિ. સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિ ત્રણ કરતાં વધુ દિવસ સુધી ગેરહાજર રહે અને સંસ્થાના વડાને એવી ખાતરી થાય કે તેની/ તેણીની ગેરહાજરી તેની/ તેણીના કાબૂ બહારના અનિવાર્ય કારણને લીધે નથી, તો તે, તેના/ તેણીના પગારમાંથી તે દિવસોના પગારની કપાત કરવા સંબંધિત કલેકટર કચેરીને દરખાસ્ત કરી શકશે.

(૩) સંસ્થા, સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિઓને સંસ્થામાં તેમની સંસ્થાકીય તાલીમ દરમિયાન કોઈપણ જામીનગીરી અનામત લીધા વિના પુસ્તકો પૂરા પાડશે. સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિઓએ, તાલીમાંત પરીક્ષા પૂરી થયા પછી બનતી ત્વરાએ પુસ્તકો પરત કરવા જોઈશે. તે ખોવાઇ જવાના અથવા તેને નુકશાન થવાના કિસ્સામાં, પુસ્તકોની કિંમત સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિઓ પાસેથી વસૂલ કરવામાં આવશે.

૪. **તાલીમાંત પરીક્ષા.**- (૧) પૂર્વ-સેવા સંસ્થાકીય તાલીમની મુદત પૂરી થયા પછી, સંસ્થાએ તાલીમાંત પરીક્ષા યોજવી જોઈશે. જેમણે પૂર્વ-સેવા સંસ્થાકીય તાલીમ પૂરી કરેલ હોય તેવી સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિઓએ તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે. પૂર્વ-સેવા સંસ્થાકીય તાલીમ પૂરી થયા પછી, તાલીમાંત પરીક્ષા યોજવામાં ન આવે ત્યાં સુધી, સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિઓએ તેમની સંબંધિત કચેરીઓમાં કામ કરવાનું રહેશે.

(૨) સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિઓએ તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત થવાનું રહેશે અને તેમની અજમાયશની મુદત દરમિયાન ત્રણ તકોની અંદર તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે :

પરંતુ ત્રણ પ્રયત્નોની અંદર તાલીમાંત પરીક્ષા પાસ ન કરી શકે તેવી અનુસૂચિત જાતિઓ અને અનુસચિત આદિજાતિઓની વ્યક્તિને એક વધારાનો પ્રયત્ન કરવાની છૂટ આપવામાં આવશે, જેનો લાભ તેણે/ તેણીએ, તેની ત્રીજી તકની પરીક્ષાનું પરિણામ જાહેર થયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર લેવો પડશે :

વધુમાં, રાજય સરકારને એવી ખાતરી થાય કે તે/ તેણી તેના કાબૂ બહારના કારણોસર ઠરાવેલ પ્રયત્નોની અંદર પરીક્ષા પાસ કરી શકયો/ શકી ન હતો/ હતી, તો તે, લેખિતમાં તેના કારણોની નોંધ કરીને, તેને/ તેણીને સરકાર વખતોવખત નક્કી કરે તેવી ફી ની ચુકવણી કર્યેથી, એવી તાલીમાંત પરીક્ષા પાસ કરવા માટે બે કરતાં વધુ નહિ તેટલા વધારાના પ્રયત્નો કરવાની છૂટ આપી શકશે.

(૩) કોઇ વ્યકિત આવી વધારાની તકનો લાભ લઇને તાલીમાંત પરીક્ષા પાસ કરે, તો તે/ તેણી, તેના/ તેણીના પહેલાં, ઠરાવેલ મુદત અને ઠરાવેલ તકોમાં તેના/ તેણીના કરતાં પહેલાં પરીક્ષા પાસ કરી હોય તેવી વ્યક્તિઓ પર સિનિયોરિટી માંગવાને હકદાર થશે નહિ. પરીક્ષામાં ઉપસ્થિત ન રહેવાની બાબત એક તક તરીકે ગણવામાં આવશે.

(૪) પેટા-નિયમ (૨)માં અને ઉપર જણાવેલ સંજોગોમાં, સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિઓની અજમાયશની મુદત પૂરી થયા પછી સમયસર પરીક્ષા યોજવામાં ન આવે અથવા તેનું પરિણામ જાહેર ન કરી શકાય અને સીધી ભરતીથી નીમાયેલી વ્યક્તિની અજમાયશની મુદત પૂરી થઇ ગઇ હોય, તો તેની/ તેણીની અજમાયશની મુદત, તાલીમાંત પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવે ત્યાં સુધી લંબાવવામાં આવશે.

૫. **તાલીમાંત પરીક્ષા માટેનો અભ્યાસક્રમ** :- તાલીમાંત પરીક્ષા માટેનો અભ્યાસક્રમ આ નિયમો સાથેના પરિશિષ્ટ-૧માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે. પરીક્ષા, ૧૦૦ ગુણના એક એવા પાંચ પ્રશ્નપત્રોની રહેશે.

૬. **તાલીમાંત પરીક્ષા પાસ કરવાનું ધોરણ** :-

(૧) તાલીમાંત પરીક્ષા પાસ કરવાનું ધોરણ દરેક પશ્નપત્રને આપેલા કુલ ગુણના પચાસ ટકાનું રહેશે.

(૨) નાપાસ (અસફળ) થયેલા જે ઉમેદવારે કોઇ એક કે તેથી વધુ પશ્નપત્રોમાં સાઠ ટકા કે તેથી વધુ ગુણ મેળવ્યા હોય તેને, ત્યારપછીની પરીક્ષામાં તે પ્રશ્નપત્રોમાં બેસવામાંથી મુકિત આપવામાં આવશે.

(૩) પશ્નપત્ર-૫ સિવાયના તમામ પશ્નપત્રોના ઉત્તરો, પુસ્તકોની મદદથી આપવા દેવામાં આવશે.

(૪) સીધી ભરતીથી નીમાયેલ મહેસૂલી તલાટીએ, તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે લાયક થવા માટે પૂર્વ-સેવા સંસ્થાકીય તાલીમમાં ઓછામાં ઓછા પંચાશી ટકા વ્યાખ્યાનો (લેકચરો)માં હાજર રહેવું પડશે, તેમ ન કરવાથી તે એવી પરીક્ષા માટે ગેરલાયક ઠરશે અને તેની સેવા, તેની કરારગત નિમણૂકમાંથી સમાપ્ત થવાને પાત્ર થશે.

૭. સીધી ભરતીથી નીમાયેલ વ્યકિત, સંસ્થાગત તાલીમમાં હાજર થવા અને તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે તેણે/તેણીએ કરેલી મુસાફરી માટે કોઈપણ મુસાફરી ભથ્થાંને હકદાર થશે નહિ.

૮. **પરિણામ પ્રસિધ્ધ કરવા બાબત :-** સંસ્થા, સરકારને તાલીમાંત પરીક્ષાનું પરિણામ મોકલી આપશે અને સરકાર, તેને રાજપત્રમાં પ્રસિધ્ધ કરશે.

૯. **ગુણની પુનઃચકાસણીઃ-** જે ઉમેદવાર પરીક્ષાના તેના/તેણીના ગુણની પુનઃચકાસણી કરાવવા ઇચ્છતો હોય તે સંબંધિત પરીક્ષાના આખરી પરિણામની જાહેરાતની તારીખથી પંદર દિવસની મુદતની અંદર દરેક પશ્નપત્ર માટે સંસ્થા ઠરાવે તેવી ફી સાથે સંસ્થાને અરજી કરી શકશે.

૧૦. **પરીક્ષામાં અમુક સાધનો વાપરવા પર પ્રતિબંધઃ-** ઉમેદવારને તેની સાથે સેલ્યુલર ફોન, કેલકયુલેટર, પેજર, લેપટોપ, ટેબલેટ, આઇ-પેડ વિગેરે જેવા બીજા કોઇ ઇલેકટ્રોનિક સંદેશાવ્યવહારના સાધનો લઇ જવા દેવામાં આવશે નહિ.

૧૧. સંસ્થાને, પ્રવર્તમાન સંજોગો મુજબ તાલીમાંત પરીક્ષાનું તાલીમ સમયપત્રક બદલવાનો અથવા તેમાં ફેરફાર કરવાનો હક રહેશે.

૧૨. સીધી ભરતીથી નીમાયેલ મહેસૂલી તલાટીએ, આ નિયમોના પરિશિષ્ટ-૨માં નિર્દિષ્ટ કર્યા મુજબ ૯ મહિનાની મુદત માટે ક્ષેત્ર તાલીમ લેવાની રહેશે/ ક્ષેત્ર કાર્ય જોડાણ કરવાનું રહેશે. તેઓએ તેમની તાલીમ ઉપર અહેવાલ (રિપોર્ટ) લખવાનો રહેશે.

૧૩. જે ઉમેદવારે ઠરાવેલી તાલીમ પૂરી કરી હોય અને તાલીમાંત પરીક્ષા પાસ કરી હોય તેને તાબાની મહેસૂલ સેવામાં મહેસૂલી તલાટી, વર્ગ-૩ તરીકે નિયમિત રીતે નિમણૂક આપવામાં આવશે.

૧૪. (૧) જે ઉમેદવાર, આ નિયમો હેઠળ ફરમાવ્યા પ્રમાણે ઠરાવેલી તાલીમ પ્રાપ્ત ન કરે અથવા તાલીમાંત પરીક્ષામાં નાપાસ થાય તે, મહેસૂલી તલાટી, વર્ગ-૩ તરીકે નિમણૂક માટે લાયક થશે નહિ.

(૨) તાલીમ લેવાને અથવા તાલીમાંત પરીક્ષા પાસ કરવાને અધીન રહીને, મહેસૂલી તલાટી, વર્ગ-૩ તરીકે કરાર આધારિત નીમાયેલ હોય તેવા કોઇપણ ઉમેદવાર, આ નિયમો હેઠળ ફરમાવ્યા પ્રમાણે તાલીમાંત પરીક્ષામાં નાપાસ થાય તો, તેની/તેણીની સેવા સમાપ્ત કરવામાં આવશે.

૧૫. સીધી ભરતીથી નીમાયેલ દરેક વ્યકિતએ, આ નિયમોના પરિશિષ્ટ-૩માં નિર્દિષ્ટ કર્યા મુજબના નમૂનામાં જામીનખત સહિત જામીનગીરી ખત આપવાનું રહેશે.

INDEX

પરિશિષ્ટ-૧

મહેસૂલી તલાટી, વર્ગ-૩ તાલીમાંત પરીક્ષા માટેનો અભ્યાસક્રમ

(જુઓ નિયમ ૫)

પ્રશ્નપત્ર -૧ સેવાકીય બાબતો (૧૦૦ ગુણ) (પુસ્તકો સાથે)

૧. ભારતનું સંવિધાન (અનુચ્છેદ ૩૦૯,૩૧૦,૩૧૧ મૂળભૂત હકો અને માર્ગદર્શક સિદ્ધાંતો.

૨. ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧, ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧.

૩. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭.

૪. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮.

૫. બિન-સચિવાલય કચેરીઓ માટેની કચેરી કાર્યપદ્ધતિ.

પ્રશ્નપત્ર-૨ નાણાકીય બાબતો (૧૦૦ ગુણ) (પુસ્તકો સાથે)

૧. ગુજરાત મુલકી સેવા નિયમો, ૨૦૦૨ (વોલ્યુ. ૧ થી ૮)

૨. ગુજરાત નાણાકીય નિયમો, ૧૯૭૧.

૩. નાણાકીય સત્તા (સોંપણી) નિયમો, ૧૯૯૮.

૪. ગુજરાત સરકારની ખરીદ નીતિ.

પ્રશ્નપત્ર - ૩ મહેસૂલી કાયદા અને પદ્ધતિઓ. (૧૦૦ ગુણ) (પુસ્તકો સાથે)

૧. ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ અને ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨.

૨. ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમ, ૧૯૪૮ અને તે હેઠળના નિયમો.

૩. ગુજરાત ખેત-જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૬૦ (સુધારો-૧૯૭૬) અને તે હેઠળના નિયમો.

૪. જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસવાટમાં પારદર્શિતા અને વાજબી વળતર મેળવવાનો અધિકાર અધિનિયમ, ૨૦૧૩.

૫. સૌરાષ્ટ્ર ઘરખેડ, ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ, ૧૯૪૯.

૬. ગુજરાત ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ અટકાવવા બાબતનો અધિનિયમ, ૧૯૪૭.

૭. મામલતદાર કોર્ટ અધિનિયમ, ૧૯૦૬.

૮. સૌરાષ્ટ્ર ભૂદાન યોજના અધિનિયમ, ૧૯૫૩.

૯. રેવન્યે એકાઉન્ટ મેન્યુઅલ - ગામના નમૂના.

૧૦. મહેસૂલ વહીવટ સંબંધિત બાબતો.

(ક) કૃષિવિષયક સેન્સસ - આનાવારી, લણણી (ક્રોપકટીંગ), રોજકામના કાગળો તૈયાર કરવા;

(ખ) હદ-નિશાન ચકાસણી અંગેની કાર્યવાહી;

(ગ) વારસાઇ, પેઢીનામા, પંચનામા, રોજકામના કાગળો તૈયાર કરવા, અરજદાર અથવા લાગતીવળગતી વ્યકિતઓના નિવેદનોના કાગળો તૈયાર કરવા;

(ઘ) ૧૩૫-ડી હેઠળ નોટિસ બજવણી;

(ચ) ગામતળ, એન.એ. (બિન-ખેતી), શાળા માટેની જમીન, દબાણો, હરાજી વિગેરે જેવા જમીન અંગેના પ્રશ્નો માટે દરખાસ્ત કેવી રીતે કરવી;

(છ) નવા નકશા તૈયાર કરવા/જૂના નકશા સુધારવા;

(જ) માપણી ફી વસુલ કરી માપણી કરાવવાની કાર્યવાહી;

પેપર – ૪ : અન્ય કાયદા અને વિવિધ સરકારી યોજના

(ફક્ત તલાટીના પૂરતુ મર્યાદિત હોય તેવું કામ)

(૧૦૦ ગુણ) (પુસ્તક સાથે)

૧	ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.
૨	ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૩.
૩	ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.
૪	માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫.
૫	ભારત વન અધિનિયમ, ૧૯૨૭.
૬	ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ અને તે હેઠળના નિયમો.
૭	જનગણના (વસતી ગણતરી)
૮	ગુજરાત ગૌણ ખનિજ વળતર નિયમો, ૨૦૧૦.
૯	સૌરાષ્ટ્રનો ઝાડ પાડવા (માટે શિક્ષા કરવા) બાબતનો અધિનિયમ, ૧૯૫૧.
૧૦	મતદાર નોંધણી અધિનિયમ, ૧૯૬૦.
૧૧	લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ અને ૧૯૫૧.

⇨ જુદી જુદી સરકારી યોજનાઓ (માહિતી/નમૂના (ફોર્મ)/ પાત્રતા વગેરે) (તલાટીના પૂરતી મર્યાદિત હોય તેવી કામગીરી (ભૂમિકા))

૧. રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર બાયંધરી યોજના.
૨. સરકારની વિવિધ આવાસ યોજનાઓ.
૩. જિલ્લા આયોજન મંડળની કામગીરી.
૪. મહત્વની યોજનાઓ અને સરકારી નૌ સેનાપતિના જહાજ સંબંધી કાર્યક્રમો.
૫. મહિલા અને બાળ વિકાસ યોજનાઓ.
૬. જુદી જુદી સમાજ કલ્યાણ અને સમાજ સુરક્ષા યોજનાઓ જેવી કે, IGOAPS, વિધવા રાહત યોજનાઓ વગેરે.
૭. નાની બચત યોજના.
૮. જાહેર વિતરણ વ્યવસ્થા (પદ્ધતિ)

❖ પેપર –૫: મહેસૂલ વિભાગનું માળખું અને ગુજરાતી – અંગ્રેજી ભાષાની જાણકારી

(૧૦૦ ગુણ) (પુસ્તક વિના)

૧. મહેસૂલ વિભાગનું માળખું

૨. ગુજરાતી ભાષા.

નોંધલેખન, મુસદ્દા લેખન અને પેપરની તૈયારી વગેરે (મુસદ્દાલેખન)

ક. નોંધલેખનની પદ્ધતિઓ.
ખ. વિવિધ પ્રકારના પત્રોનું લેખન.
ગ. નોટિસ, જાહેરનામુ, પંચ ક્યાસ, લેખિત જવાબ લખવાની રીત.
ઘ. દબાણ દૂર કરવા સંબંધી કેસપેપર (સાધનિક કાગળો) તૈયાર કરવા.
ચ. ઓડિટ અને તપાસણી નોંધના જવાબ તૈયાર કરવા.
છ. સમન્સ / નોટિસ અને હુકમ બજાવવાની કાર્યરીતિ.

૩. અંગ્રેજી ભાષા.

ક. વ્યાકરણ, નિબંધલેખન, પરિચ્છેદ લેખન.
ખ. ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ભાષાંતર.
ગ. અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર.
ઘ. પત્રલેખન.

પરિશિષ્ટ—૨

મહેસૂલી તલાટી, વર્ગ–૩ માટે ક્ષેત્ર તાલીમ / કામગીરી કાર્યક્રમ.

(જુઓ નિયમ ૧૨)

ક્ષેત્ર તાલીમ

૧.	**મામલતદાર કચેરી**	**કુલ ૩ અઠવાડિયા**
૧.	રજિસ્ટ્રી (નોંધણી), જનસેવા કેન્દ્ર સાથે જોડાણ	૩ દિવસ
૨.	મધ્યાહ્ન ભોજન	૨ દિવસ
૩.	પુરવઠા શાખા.	૨ દિવસ
૪.	જમીની દફતર (રેકર્ડ)	૨ દિવસ
૫.	એ.ડી.એમ.	૨ દિવસ
૬.	ગુના / પેટા–જેલ – (સબ જેલ)	૨ દિવસ
૭.	કસબા તલાટી	૨ દિવસ
૮.	ઇ–ધારા.	૩ દિવસ
૨.	**પ્રાંત કચેરી (દરેક ટેબલ પર)**	**કુલ ૧ અઠવાડિયુ**
૩.	**કલેકટર કચેરી.**	**કુલ ૩ અઠવાડિયા.**
૧.	જન સંપર્ક અધિકારી / જન સેવા કેન્દ્ર	૧ દિવસ.
૨.	મામલતદાર – આપત્તિ (ઇ.ઓ.સી.)	૧ દિવસ.
૩.	જિલ્લા આયોજન અધિકારી	૧ દિવસ.
૪.	મહેકમ શાખા (વહીવટી શાખા)	૧ દિવસ.
૫.	એ.ડી.એમ. શાખા.	૧ દિવસ.
૬.	મધ્યાહ્ન ભોજન શાખા.	૧ દિવસ.
૭.	એડિશનલ ચિટનીશ શાખા	૨ દિવસ.
૮.	જિલ્લા શહેરી વિકાસ એજન્સી (DUDA) શાખા (નગરપાલિકા સહિત)	૧ દિવસ.
૯.	ચૂંટણી શાખા.	૧ દિવસ.
૧૦.	પૂરવઠા શાખા	૧ દિવસ.
૧૧.	ગુનાં શાખા	૧ દિવસ.
૧૨.	હિસાબી શાખા	૧ દિવસ.
૧૩.	ગણોત શાખા	૧ દિવસ.
૧૪.	ચિટનીશ શાખા	૧ દિવસ.
૧૫.	નાની બચત શાખા	૧ દિવસ.
૧૬.	અપીલ શાખા	૧ દિવસ.
૧૭.	મનોરંજન કર શાખા.	૧ દિવસ.

૪.	**અન્ય કચેરી**	**કુલ ૫ અઠવાડિયા.**
૧.	જિલ્લા નિરીક્ષક (જમીન દફતર (રેકર્ડ) કચેરી, (મેઇન્ટેનન્સ સરવે સાથેનું જોડાણ.)	૪ દિવસ
૨.	શહેર મોજણી કચેરી (સરવે કચેરી), (જાળવણી મોજણીદાર સાથેના જોડાણ સહિત)	૩ દિવસ
૩.	નગર આયોજકની કચેરી	૨ દિવસ

૪.	શહેરી વિકાસ સત્તામંડળની કચેરી (ઉપલબ્ધ હોય ત્યારે)	૨ દિવસ
૫.	એન.આઇ.સી. અને જીસ્વાન નિયંત્રણ રૂમ.	૧ દિવસ
૬.	સબ રજિસ્ટ્રારની કચેરી, નોંધણી નિરીક્ષકની કચેરી, સ્ટેમ્પ ડયુટી નાયબ કલેકટરની કચેરી	૩ દિવસ
૭.	નગરપાલિકાની કચેરી	૨ દિવસ
૮.	સ્થાનિક પોલીસ મથક	૧ દિવસ
૯.	પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, (પેટા – કેન્દ્ર સાથે)	૨ દિવસ
૧૦.	જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી	૨ દિવસ
૧૧.	જમીન સંપાદન કચેરી	૨ દિવસ
૧૨.	તાલુકા પંચાયત કચેરી	૧ અઠવાડિયું

ક્ષેત્ર કામગીરી		**કુલ ૧૫ અઠવાડિયા**
૧.	હાલમાં કામકાજ કરતા તલાટીઓ સાથે જોડાણ	૨ અઠવાડિયા
૨.	સહાયક તરીકે સર્કલ અધિકારીઓ સાથે જોડાણ	૨ અઠવાડિયા
૩.	ઇ–ધારા કેન્દ્ર (મામલતદાર કચેરી)	૪ અઠવાડિયા
૪.	મહેસૂલ શાખા (મામલતદાર કચેરી)	૪ અઠવાડિયા
૫.	એ.ડી.એમ. સાથે જોડાણ	૨ અઠવાડિયા
૬.	નાયબ મામલતદાર પુરવઠા./ મધ્યાહન ભોજન સાથે જોડાણ.	૨ અઠવાડિયા
૭.	તલાટી તરીકે સ્વતંત્ર કામગીરી.	૩ મહિના.

INDEX

પરિશિષ્ટ-૩

(જુઓ નિયમ ૧૫)

જામીન-ખત

આ ખતથી સર્વે લોકોને જાણ થાય કે હું......................વિભાગના તારીખ:......................ના સરકારી જાહેરનામા ક્રમાંક....................માં જણાવેલા નિયમો (જેનો આમાં હવે પછી "નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અનુસાર ....ની કરાર આધારિત જગા પર નિમણૂક માટે પસંદ થયેલો ઉમેદવાર, ગુજરાતના રાજ્યપાલ (જેનો આમાં હવે પછી "સરકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે, જે શબ્દપ્રયોગમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો એમના પદના ઉત્તરાધિકારીઓ અને નામફેર કરનારાઓનો સમાવેશ થાય છે) સાથે, મારી તાલીમ દરમિયાન સરકારે મને ચૂકવેલ પગાર અને ભથ્થાંની રકમ ઉપરાંત મારી તાલીમ માટે સરકારે ખર્ચ કરેલ હોવાથી અને તે સરકારને ચુકવવાનું થતું હોવાથી, સંસ્થાએ મને આપેલી તાલીમના ખર્ચ પેટે સરકારે વખતોવખત ઠરાવેલી રકમ જેટલી રકમ સરકારને ચૂકવવા માટે જવાબદાર બનું છું તથા દ્રઢતાપૂર્વક બંધાઉ છું અને આ ચુકવણી બરાબર અને સાચી રીતે કરવામાં આવે તે માટે આ ખત અન્વયે હું પોતે, મારા વારસો, એક્ઝિક્યુટરો, વહીવટદારો અને કાયદેસરના પ્રતિનિધિઓ બંધાઇએ છીએ. .... મારી (ક) સંસ્થાકીય તાલીમ પૂરી કરવામાં નિષ્ફળતા, અથવા (ખ)તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળતા, અથવા (ગ) કરારગત નિયમોની જોગવાઇઓની પૈકીની કોઇ જોગવાઇ હોય તો, તેનું સરકારને સંતોષ થાય એ રીતે પાલન કરવામાં નિષ્ફળતા, અથવા (ઘ) કરાર આધારિત મુદત સંતોષકારક રીતે પૂરી થયે કરવામાં આવેલી મારી નિયમિત નિમણૂકની તારીખથી ત્રણ વર્ષની મુદત પૂરી થતાં પહેલાં નોકરી છોડવાના પ્રસંગે, મારે તાલીમ દરમિયાન મેં લીધેલા પગાર અને રાબેતા મુજબના ભથ્થાં જેટલી રકમ સરકારને પરત કરવા અંગેનું જામીનખત, નિયમો હેઠળ કરી આપવાનું રહે છે. હવે, ઉપર જણાવેલા ખતની શરત એવી છે કે હું મારા પક્ષે પાલન કરવાના અને બજાવવાના અને (આ લેખના એક ભાગરૂપ ગણવામાં આવેલા) સદરહુ નિયમોમાં જણાવેલ નિયત કરાર અને શરતનું યથાર્થ રીતે અને નિષ્ઠાપૂર્વક પાલન કરીશ તથા બજાવીશ, તો ઉપર લખેલું ખત રદ થશે, અન્યથા તે સંપૂર્ણપણે અમલી અને અસરકર્તા રહેશે; પરંતુ અન્ય હક અથવા ઉપાયોને બાધ આવ્યા સિવાય, આ ખત હેઠળ ચૂકવવાની રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાની સરકારને છૂટ રહેશે.

આની સાક્ષી રૂપે મેં આજે સન ૨૦......ના ....મહિનાની...................... તારીખના રોજ આ ખત ઉપર સહી કરી છે.

સહી.

ઉપરનું નામ ધરાવનારે નીચેનાની હાજરીમાં સહી કરી અને સોપ્યું:-

(૧) સહી અને પૂરેપૂરું સરનામું.

(૨) સહી અને પૂરેપૂરું સરનામું.

જામીન ખત

અમે,શ્રી..અને..મુકામ .... અનુક્રમે .... જિલ્લા અને .... જિલ્લાના રહેવાસી.............................. તે ઉપરના નામવાળા શ્રી...............................ના (જેનો આમાં હવે પછી, "ઉમેદવાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમના) જામીનો તરીકે અમારી જાતને જાહેર કરી બાંયધરી આપીએ છીએ કે ઉમેદવારે જે કરવા અને બજાવવાની બાંયધરી આપી છે તે તમામ તે કરશે અને બજાવશે અને તેની (૧) સંસ્થાકીય તાલીમ પૂરી કરવામાં નિષ્ફળતા, અથવા (૨) તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળતા, અથવા (૩) કરારગત નિયમોની જોગવાઇઓની પૈકીની કોઇ જોગવાઇ હોય તો, તેનું સરકારને સંતોષ થાય એ રીતે પાલન કરવામાં નિષ્ફળતા, અથવા (૪) કરાર આધારિત મુદત સંતોષકારક રીતે પૂરી થયે કરવામાં આવેલી તેની નિયમિત નિમણૂકની તારીખથી ત્રણ વર્ષની મુદત પૂરી થતાં પહેલાં નોકરી છોડવાના પ્રસંગે, તાલીમ દરમિયાન સરકારે તેને ચૂકવેલા પગાર અને ભથ્થાં જેટલી રકમ ઉપરાંત તેની તાલીમ માટે સરકારે ખર્ચ કરેલ હોવાથી, સંસ્થાએ તેને આપેલ તાલીમના ખર્ચ પેટે સરકારે વખતોવખત ઠરાવેલી ખર્ચની જે રકમ માટે ઉમેદવાર જાતે ભરપાઇ કરવા બંધાયેલો હોય તે રકમ, ગુજરાત રાજયની સરકારની વહીવટી સત્તાનો ઉપયોગ કરતાં ગુજરાતના રાજયપાલને (જેનો આમાં હવે પછી, "સરકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમને) ખાતે જમા થવા દેવા અમે, આથી, સંયુકત અને વ્યક્તિગત રીતે બંધાઇએ છીએ અને અમે કબૂલ થઇએ છીએ કે સરકાર, પોતાને પ્રાપ્ય અન્ય હકો અને ઉપાયોને બાધ આવ્યા સિવાય સદરહુ રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે અમારી પાસેથી વસૂલ કરી શકશે અને વધુમાં અમે કબૂલ થઇએ છીએ કે સદરહુ નિયમોમાં નિર્દિષ્ટ કરેલ બોલીઓ અને શરતોમાં કોઇ ફેરફાર થયે, સદરહુ રકમ ચૂકવવાની અમારી જવાબદારીઓમાંથી અમે મુકત થઇશું નહિ અને આ ખત હેઠળની અમારી જવાબદારીના અમલના હેતુ માટે અમારી જવાબદારી ઉમેદવારની જવાબદારી સાથે સંયુકત અને વ્યક્તિગત રહેશે.

સદરહુએ સન ૨૦.......ના ....મહિનાની ....તારીખે સહી કરી અને સોપ્યું.

તારીખઃ જામીનની સહી.

સ્થળઃ પૂરેપૂરું સરનામું અને ધંધો.

તારીખઃ જામીનની સહી.

સ્થળઃ પૂરેપૂરું સરનામું અને ધંધો.

નીચેનાની હાજરીમાં.–

સાક્ષીની સહી,

પૂરેપૂરું સરનામું અને ધંધોઃ

સાક્ષીની સહી,

પૂરેપૂરું સરનામું અને ધંધોઃ

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

કે. એમ. અધ્વર્યુ,

સરકારના સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 149

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, MAY 10, 2016/VAISAKHA 20, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી મે, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખઃ ૨જી એપ્રિલ, ૨૦૧૬ના ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ **વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ/૨૦૧૬/૪૫/બીઆરટી/૧૦૨૦૦૭/૧૫૮૫/ડી-૨**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Process Assistant, Class III, Recruitment Rules, 2008.

પ્રોસેસ આસિસ્ટન્ટ, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૦ સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨જી એપ્રિલ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીયુ/૨૦૧૬/૪૫/બીઆરટી/૧૦૨૦૦૭/૧૫૮૫/ડી-૨ :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ ગુજરાતના રાજ્યપાલ, આથી, પ્રોસેસ આસિસ્ટન્ટ , વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો પ્રોસેસ આસિસ્ટન્ટ, વર્ગ-૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. પ્રોસેસ આસિસ્ટન્ટ, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૦ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩માં,-

(૧) ખંડ (ક)ને બદલે, નીચેનો મજકૂર મૂકવોઃ-

''(ક) ૩૬ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિઃ

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે;''

(૨) વિદ્યમાન પરંતુક કમી કરવો.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪-ને બદલે, નીચેનો નિયમ મૂકવોઃ-

''૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક-ની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.''

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૫ અને ૬ કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. બી. મુનિ,
સરકારના નાયબ સચિવ.

Extra No. 150

વાર્ષિક લાવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, MAY 11, 2016/VAISAKHA 21, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી મે, ૨૦૧૬

તારીખઃ ૧૧મી મે, ૨૦૧૬ ના **ગુજરાત રાજપત્ર, (અસાધારણ)** માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન **૨૦૧૬** ના ગુજરાત **અધિનિયમ ક્રમાંક : ૧૧** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

GUJARAT ACT NO. 11 OF 2016.

THE GUJARAT SPECIAL INVESTMENT REGION (AMENDMENT) ACT, 2016.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે **સન ૨૦૧૬ના મે મહિનાની ૧૦મી તારીખે** અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સી. જે. ગોઠી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 11 OF 2016.

AN ACT

further to amend the Gujarat Special Investment Region Act, 2009.

સન ૨૦૧૬નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૧ .

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૬ના મે મહિનાની ૧૧મી તારીખે "ગુજરાત સરકારી રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો).

ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૨૦૦૯નો ગુજરાતનો ૨જો. ૨. ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ, ૨૦૦૯માં, કલમ ૧૦માં, ખંડ (૪) પછી, નીચેના ખંડો દાખલ કરવા :- સન ૨૦૦૯ના ગુજરાતના ૨જા અધિનિયમની કલમ ૧૦નો સુધારો.

"(૪-ક) રાજ્ય સરકાર, નામનિયુક્ત કરે તેવી, ખાસ મૂડીરોકાણ પ્રદેશમાં કાર્ય કરતા સ્થાનિક સત્તામંડળોના સભ્યો હોય તેવી ચારથી વધુ ન હોય તેટલી વ્યક્તિઓ;

(૪-ખ) ખાસ મૂડીરોકાણ પ્રદેશમાં કાર્ય કરતા જિલ્લા પંચાયતોના પ્રમુખો;".

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 151

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, MAY 11, 2016/VAISAKHA 21, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી મે, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : **૧૧મી એપ્રિલ, ૨૦૧૬**ના ગુજરાત સરકારના **સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ**-ના સરકારી જાહેરનામા ક્રમાંક : **જીએચ-એસએચ-૧૦-૨૦૧૬-એમકેએમ-૧૦૨૦૧૪-૩૬૨૫-છ**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Craft cum Literacy Teacher / Craft Teacher and Craft Instructor, Class III, in the Directorate of Social Defence, Recruitment Rules, 2016.

સમાજ સુરક્ષા નિયામકની કચેરીમાં, ક્રાફ્ટ કમ લિટરસિ ટીચર / ક્રાફ્ટ ટીચર એન્ડ ક્રાફ્ટ ઇન્સ્ટ્રક્ટર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખ: ૧૧મી એપ્રિલ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃજીએચ-એસએચ-૧૦-૨૦૧૬-એમકેએમ-૧૦૨૦૧૪-૩૬૨૫૨-છ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, ક્રાફ્ટ કમ લિટરસિ ટીચર/ક્રાફ્ટ ટીચર એન્ડ ક્રાફ્ટ ઇન્સ્ટ્રક્ટર, વર્ગ ૩ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો, સમાજ સુરક્ષા નિયામકની કચેરીમાં, ક્રાફ્ટ કમ લિટરસિ ટીચર/ક્રાફ્ટ ટીચર એન્ડ ક્રાફ્ટ ઇન્સ્ટ્રક્ટર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, ક્રાફ્ટ કમ લિટરસિ ટીચર/ક્રાફ્ટ ટીચર એન્ડ ક્રાફ્ટ ઇન્સ્ટ્રક્ટર, વર્ગ ૩ની જગા ઉપરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૨૮ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ઇન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી, ઓફિસ આસિસ્ટન્ટ કોમ્પ્યુટર ઓપરેટર, ડ્રેસ મેકિંગ, હેર એન્ડ સ્કિન કેર, ફેશન ડિઝાઇનીંગ, કાર્પેન્ટર એન્ડ જોઇનર અથવા ઇલેક્ટ્રિકલ-ના સંબંધિત વેપારમાં આઇ.ટી.આઇ.નું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઇશે;

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક-ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એલ. ભગોરા,

સરકારના ઉપ સચિવ,

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 152

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, MAY 12, 2016/VAISAKHA 22, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી મે, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૨૧મી એપ્રિલ, ૨૦૧૬ના ગુજરાત સરકારના **સામાજિક ન્યાય અને અધિકારિતા** વિભાગના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચએલ/૨૦૧૬/૧૫/એસએસપી/૧૫૨૦૦૮/ ૫૨૮૩૫૭** -એ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Social Welfare Officer, Class II Recruitment Rules, 2014.

સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ ૨ ભરતી નિયમો, ૨૦૧૪ સુધારવા સંબંધી

જાહેરનામું

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૨૧મી એપ્રિલ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંક : જીએચએલ/૨૦૧૬/૧૫/એસએસપી/૧૫૨૦૦૮/ ૫૨૮૩૫૭ -એ.-- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ ૨ ભરતી નિયમો, ૨૦૧૪ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ ૨ ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. સમાજ કલ્યાણ અધિકારી, વર્ગ ૨ ભરતી નિયમો, ૨૦૧૪માં, નિયમ ૪માં, ખંડ (ક)માં,-

(૧) ''૩૫ વર્ષથી'' એ આંકડા અને શબ્દને બદલે, ''૪૦ વર્ષથી'' એ આંકડા અને શબ્દ મૂકવા.

(૨) વિદ્યમાન પરંતુક પછી, નીચેનો પરંતુક દાખલ કરવો :-

''વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વયમર્યાદા હળવી કરવાની બાબતે સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ;''

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. વી. દેસાઈ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 153

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, MAY 13, 2016/VAISAKHA 23, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી મે, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ-ના **તારીખ : ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૨૦૧૬નો ૭૨/ એજીએન/ ૧૦૨૦૧૫/ ૨૬૦૬/વી-** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોંકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Assistant Director of Gujarat State Fire Prevention Service, Class I, Recruitment Rules, 2016.

મદદનીશ નિયામક, ગુજરાત રાજ્ય અગ્નિનિવારણ (અગ્નિશમન) સેવા, વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૧૫.

ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંક : જીએચ/વી/૨૦૧૬નો ૭૨/એજીએન/૧૦૨૦૧૫/૨૬૦૬/વી :- ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા)ની કલમ ૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ગુજરાત રાજ્ય અગ્નિનિવારણ (અગ્નિશમન) સેવા નિયામકની કચેરીમાં, મદદનીશ નિયામક, ગુજરાત રાજ્ય અગ્નિનિવારણ (અગ્નિશમન) સેવા નિયામકની કચેરીમાં, મદદનીશ નિયામક, ગુજરાત રાજ્ય અગ્નિનિવારણ (અગ્નિશમન) સેવા, વર્ગ ૧-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો મદદનીશ નિયામક, ગુજરાત રાજ્ય અગ્નિનિવારણ (અગ્નિશમન) સેવા, વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત રાજ્ય અગ્નિનિવારણ (અગ્નિશમન) સેવા નિયામકની કચેરીમાં, ગુજરાત અગ્નિશમન સેવામાં, મદદનીશ નિયામક, ગુજરાત રાજ્ય અગ્નિનિવારણ (અગ્નિશર્મન) સેવા, વર્ગ ૧-ની જગા પરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,

(ક) ૪૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના અને મહિલા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે: અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે:

વળી, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય-મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી લાગુ પડશે નહિ;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે; અને

(૨) વિભાગીય અધિકારી (Divisional Officer) નો અભ્યાસક્રમ અથવા રાષ્ટ્રીય અગ્નિશમન સેવા કોલેજ ખાતે અગ્નિનિવારણ (અગ્નિશમન) અંગેનો સામાન્ય અભ્યાસક્રમ પૂરો કરેલો હોવો જોઈશે અથવા કોલેજનું સહસભ્યપદ (associate membership) ધરાવતો હોવો જોઈશે; અને

(૩) સરકાર અથવા સ્થાનિક મંડળ અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાં ઉપર જણાવેલી જગાના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ જગા ગણી શકાય તેવી જગા પરનો અગ્નિશમન સેવાના ક્ષેત્રમાં વિભાગીય અગ્નિશમન અધિકારી અથવા તેને સમકક્ષ અધિકારી તરીકેનો આશરે આઠ વર્ષનો અનુભવ ધરાવતો હોવ જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(ઘ) પરિશિષ્ટ-કમાં જણાવ્યા પ્રમાણેના શારીરિક અને તબીબી ધોરણો ધરાવતો હોવો જોઈશે;

(ચ) ગુજરાતી અથવા હિન્દી અથવા બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવી પડશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાતી મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

પરિશિષ્ટ-ક

(જુઓ નિયમ ૩ (ઘ))

ગુજરાત અગ્નિનિવારણ (અગ્નિશમન) સેવામાં, મદદનીશ નિયામક, વર્ગ-૧ની જગા માટેના ન્યૂનતમ શારીરિક ધોરણો

ક. પુરૂષ ઉમેદવારો માટે :

વર્ગ	ન્યૂનતમ ઊંચાઈ સેન્ટિમીટરમાં	છાતી (સેન્ટિમીટરમાં ન્યૂનતમ)		ન્યૂનતમ વજન
મૂળ ગુજરાતની અનુસૂચિત આદિજાતિ	૧૬૦	૮૧	૮૬	૫૦ કિલોગ્રામ
મૂળ ગુજરાતની અનુસૂચિત આદિજાતિ સિવાયના) ઉમેદવારો	૧૬૫	૮૧	૮૬	૫૦ કિલોગ્રામ

નોંધ :-ફૂલાવેલી છાતીનું ન્યૂનતમ વિસ્તરણ પાંચ સેન્ટિમીટરથી ઓછું હોવું જાઈશે નહિ.

ખ. મહિલા ઉમેદવારો માટે :

વર્ગ	ન્યૂનતમ ઊંચાઈ સેન્ટિમીટરમા	ન્યૂનતમ વજન
મૂળ ગુજરાતની અનુસૂચિત આદિજાતિ	૧૫૪.૫	૪૬ કિલોગ્રામ
મૂળ ગુજરાતની અનુસૂચિત આદિજાતિ સિવાયના) ઉમેદવારો	૧૫૭	૪૬ કિલોગ્રામ

ગુજરાત રાજ્ય અગ્નિનિવારણ (અગ્નિશમન) સેવામાં, મદદનીશ નિયામક, વર્ગ-૧ની જગા માટેના ન્યૂનતમ તબીબી ધોરણો

ગ. નીચેના પૈકીની કોઈપણ શારીરિક ખામીઓ ધરાવતા ઉમેદવારોને આ જગા માટે યોગ્ય ગણવામાં આવશે નહિ :

(૧) નોકની,
(૨) પિજન ચેસ્ટ,
(૩) સ્કિવન્ટ આઈ,
(૪) ફ્લેટ ફીટ (સપાટ પગ),
(૫) વેરિકોસ વેઈન્સ,
(૬) હેમર ટીઝ
(૭) ફ્રેકચર્ડ લિમ્બ (ખેંચાઈ ગયેલ પેશીઓ)
(૮) ડિકેડ ટીથ (સડેલા દાંત)
(૯) સંસર્ગજન્ય, અથવા
(૧૦) ચર્મ રોગ

(ઘ) તબીબી અધિકારીએ ઉમેદવારની તપાસ કરવી જોઈશે અને ઉપર જણાવ્યા પ્રમાણેના શારીરિક ધોરણોને વિચારણામાં લઈને યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવું જોઈશે અને નીચેની બાબતો અંગે પણ પ્રમાણપત્ર આપવું જોઈશે :-

SHAPE I એટલે કે-

S મનોવૈજ્ઞાનિક

H શ્રવણ

A ઉપાંગ

P સામાન્ય કામની શારીરિક ક્ષમતા

E દ્રષ્ટિ

I એટલે ઉપર જણાવેલ દરેક શીર્ષક હેઠળ સામાન્ય વ્યાવસાયિક કાર્યો કરવા માટે તમામ રીતે યોગ્ય

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ. જી. ભટ્ટ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 154

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII]   FRIDAY, MAY 13, 2016/VAISAKHA 23, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી મે, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગના તારીખ : ૭મી મે, ૨૦૧૬ના** સરકારી જાહેરનામા **ક્રમાંક : (જીએચએન-૨૭)-વીએટી-૨૦૧૬-એસ.૫ (૨) (૫૦)-ઠ.**નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Government Notification, Finance Department No. (GHN-35) VAT-2006-S.5 (2) (1) - TH dated the 31st March, 2006.

તારીખ : ૩૧મી માર્ચ, ૨૦૦૬નું નાણા વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએચએન-૩૫) વીએટી-૨૦૦૬-એસ.૫ (૨) (૧) - ઠ સુધારવા સંબંધી

જાહેરનામું.

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૭મી મે, ૨૦૧૬.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંક :- (જીએચએન-૨૭)-વીએટી-૨૦૧૬-એસ.૫ (૨) (૫૦)-ઠ :- ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી જણાય છે;

તેથી, હવે, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૫ ની પેટા-કલમ (૨)ના ખંડ(ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તારીખ : ૩૧મી માર્ચ, ૨૦૦૬નું નાણા વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએચએન-૩૫) વીએટી-૨૦૦૬-(એસ.૫) (૨) (૧) ઠ. નીચે પ્રમાણે સુધારે છે.

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક ૫૪ પરની નોંધમાં, કોલમ ૪માં, "તા. ૩૧મી માર્ચ, ૨૦૧૬ સુધી કરેલી ખરીદીઓ માટે" એ શબ્દો, આંકડા અને અક્ષરોને બદલે, "તા. ૧લી એપ્રિલ, ૨૦૧૬ થી તા. ૩૧મી મે, ૨૦૧૬ સુધી કરેલી ખરીદીઓ માટે" એ શબ્દો, આંકડા અને અક્ષરો મૂકવા.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,

સરકારના સંયુકત સચિવ.

Extra No. 155 વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, MAY 16, 2016/VAISAKHA 26, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી મે, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તારીખ : ૧૧મી માર્ચ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીપી-૧૦-એમકેએમ-૧૦૨૦૦૯-૧૬-છ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Lecturer, (Selection Scale) (Professor), Class I, in Gujarat Ayurved Service, in the Government Ayurvedic Colleges, Recruitment Rules, 2016.

ગુજરાત આયુર્વેદ સેવામાં, સરકારી આયુર્વેદિક કોલેજોમાં, વ્યાખ્યાતા (પસંદગી પગારધોરણ) (પ્રાધ્યાપક) વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૧૧મી માર્ચ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જીપી/૧૦/એમકેએમ/૧૦૨૦૦૯/૧૬/છઃ-ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત આયુર્વેદ સેવામાં, નિયામક, ભારતીય તબીબી અને હોમિયોપેથી પદ્ધતિની કચેરી હેઠળની સરકારી આયુર્વેદિક કોલેજોમાં, આ નિયમો સાથે જોડેલ એનેક્ષર ૧માં જણાવેલા વિષયોમાં, વ્યાખ્યાતા (પસંદગી પગારધોરણ) (પ્રાધ્યાપક) વર્ગ ૧-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત આયુર્વેદ સેવામાં, સરકારી આયુર્વેદિક કોલેજોમાં, વ્યાખ્યાતા (પસંદગી પગારધોરણ) (પ્રાધ્યાપક) વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) "આયુર્વેદિક ઉમેદવાર" એટલે આયુર્વેદની પદવી (બેચલર ઓફ આયુર્વેદ મેડિસિન એન્ડ સર્જરી / બેચલર ઓફ સર્જરી એન્ડ આયુર્વેદ મેડિસિન) ધરાવતા અને તબીબી રજિસ્ટ્રેશનને લગતા અને તબીબી રજિસ્ટ્રેશન કરાવવાનું ફરમાવતા રાજ્ય અથવા કેન્દ્રીય કાયદા હેઠળ રજિસ્ટ્રેશન ધરાવતા ઉમેદવાર;

(ખ) 'એનેક્ષર" એટલે આ નિયમો સાથે જોડેલું એનેક્ષર;

(ગ) "સમકક્ષ લાયકાત" એટલે ભારતીય ચિકિત્સા કેન્દ્રીય પરિષદ (સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયન મેડિસિન)એ માન્ય કર્યા પ્રમાણેની લાયકાત.

૩. ગુજરાત આયુર્વેદ સેવામાં, વ્યાખ્યાતા (પસંદગી પગારધોરણ) (પ્રાધ્યાપક) વર્ગ ૧-ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે ગુજરાત આયુર્વેદ સેવામાં, નિયામક, ભારતીય તબીબી અને હોમિયોપેથી પદ્ધતિ-ની કચેરી હેઠળની સરકારી આયુર્વેદિક કોલેજોમાં, સંબંધિત વિષયોમાં, વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) (રીડર) વર્ગ ૧-ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય, અને

(૩) નિયમ ૫ના ખંડ (ખ)માં ઠરાવ્યા પ્રમાણેની ભારતીય ચિકિત્સા કેન્દ્રીય પરિષદ (સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયન મેડિસિન)એ માન્ય કર્યા પ્રમાણેની સંલગ્ન વિષયોમાંની લાયકાત સહિતની શૈક્ષણિક લાયકાત ધરાવતો હોયઃ

તેવી વ્યકિતઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય જણાતી "ખૂબ સારા"-નો આધારચિહ્ન ધરાવતી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ

કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૪. સીધી પસંદગીથી અને બઢતીથી કરવાની નિમણૂકો અનુક્રમે ૧:૨ના પ્રમાણમાં કરવામાં આવશે:

પરંતુ આ જોગવાઈ આ જાહેરનામાની પ્રસિદ્ધિની તારીખથી ત્રણ વર્ષની મુદત પછી અમલમાં આવશે.

૫. નિયમ-૩માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૪૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય-મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી લાગુ પડશે નહિ:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે.

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી એનેક્ષર ૧માં દરેક જગા સામે નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની અનુસ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અથવા ભારતીય ચિકિત્સા કેન્દ્રીય પરિષદ (સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયન મેડિસિન)એ માન્ય કર્યા પ્રમાણેની તેને સમકક્ષ લાયકાત અને એનેક્ષર ૧ના કોલમ (૪)માં ઠરાવ્યા પ્રમાણેનો અનુભવ ધરાવતો હોવો જોઈશે:

પરંતુ સંબંધિત વિષયમાં અનુસ્નાતકની પદવી ધરાવતો હોય તેવો ઉમેદવાર ઉપલભ્ય ન હોય, તો એનેક્ષર ૨માં સંબંધિત વિષયની સામે દર્શાવેલા સંલગ્ન વિષયોમાં અનુસ્નાતકની પદવી અથવા ભારતીય ચિકિત્સા કેન્દ્રીય પરિષદ (સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયન મેડિસિન)એ માન્ય કર્યા પ્રમાણેની પદવી ધરાવતો હોય, તેવા ઉમેદવારની સીધી પસંદગી માટે વિચારણા કરી શકાશે:

વધુમાં, પીએચ.ડી.ની પદવી ધરાવનારનો સંશોધનનો અનુભવ, એક વર્ષના અધ્યાપનના અનુભવને સમકક્ષ ગણાશે.

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) સંસ્કૃત અને ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

સ્પષ્ટીકરણ :-

"અધ્યાપનનો અનુભવ" એટલે ભારતમાં કાયદાથી સ્થપાયેલી યુનિવર્સિટી સાથે સંલગ્ન હોય તેવી માન્ય આયુર્વેદિક કોલેજોમાંનો અધ્યાપનનો અનુભવ.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૦. સીધી પસંદગી માટે અરજી કરતા ઉમેદવાર, અરજી કરવાના સમયે, એવી રીતે નોંધાયેલા (રજિસ્ટર થયેલા) ન હોય, તો તેણે, સ્ટેટ બોર્ડ ઓફ આયુર્વેદ એન્ડ યુનાની સિસ્ટમ ઓફ મેડિસિન-માં પોતાની નોંધણી કરાવવાની રહેશે.

૧૧. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

એનેક્ષર ૧

ક્રમાંક	વિષય	શિક્ષણ/લાયકાત	અનુભવ
(૧)	(૨)	(૩)	(૪)
૧	સંહિતા	એમ.ડી. (સંહિતા)	સંહિતામાં અધ્યાપનનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ, જેમાંથી પાંચ વર્ષનો અનુભવ વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) (રીડર) તરીકેનો હોવો જોઈશે.
૨	રચના શરીર	એમ.ડી. (રચના શરીર)	રચના શરીરમાં અધ્યાપનનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ, જેમાંથી પાંચ વર્ષનો અનુભવ વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) (રીડર) તરીકેનો હોવો જોઈશે.
૩	ક્રિયા શરીર	એમ.ડી. (ક્રિયા શરીર)	ક્રિયા શરીરમાં અધ્યાપનનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ, જેમાંથી પાંચ વર્ષનો અનુભવ વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) (રીડર) તરીકેનો હોવો જોઈશે.
૪	દ્રવ્યગુણ	એમ.ડી. (દ્રવ્ય ગુણ)	દ્રવ્ય ગુણમાં અધ્યાપનનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ, જેમાંથી પાંચ વર્ષનો અનુભવ વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) (રીડર) તરીકેનો હોવો જોઈશે.
૫	રસશાસ્ત્ર અને ભૈષજ્ય કલ્પના	એમ.ડી. (રસશાસ્ત્ર અને ભૈષજ્ય કલ્પના)	રસશાસ્ત્ર અને ભૈષજ્ય કલ્પનામાં અધ્યાપનનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ, જેમાંથી પાંચ વર્ષનો અનુભવ વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) (રીડર) તરીકેનો હોવો જોઈશે.
૬	રોગનિદાન અને વિકૃત વિજ્ઞાન	એમ.ડી. (રોગનિદાન અને વિકૃત વિજ્ઞાન)	રોગનિદાન અને વિકૃત વિજ્ઞાનમાં અધ્યાપનનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ, જેમાંથી પાંચ વર્ષનો અનુભવ વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) (રીડર) તરીકેનો હોવો જોઈશે.
૭	સ્વસ્થવૃત્ત	એમ.ડી. (સ્વસ્થવૃત્ત)	સ્વસ્થવૃત્તમાં અધ્યાપનનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ, જેમાંથી પાંચ વર્ષનો અનુભવ વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) (રીડર) તરીકેનો હોવો જોઈશે.
૮	અગદતંત્ર અને વિધિ આયુર્વેદ	એમ.ડી. (અગદતંત્ર અને વિધિ આયુર્વેદ)	અગદતંત્ર અને વિધિ આયુર્વેદમાં અધ્યાપનનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ, જેમાંથી પાંચ વર્ષનો અનુભવ વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) (રીડર) તરીકેનો હોવો જોઈશે.
૯	પ્રસૂતિ અને સ્ત્રી રોગ	એમ.ડી. (પ્રસૂતિ અને સ્ત્રી રોગ)	પ્રસૂતિ અને સ્ત્રી રોગમાં અધ્યાપનનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ, જેમાંથી પાંચ વર્ષનો અનુભવ વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) (રીડર) તરીકેનો હોવો જોઈશે.
૧૦	કૌમાર ભૃત્ય	એમ.ડી. (કૌમાર ભૃત્ય)	કૌમાર ભૃત્યમાં અધ્યાપનનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ, જેમાંથી પાંચ વર્ષનો અનુભવ વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) (રીડર) તરીકેનો હોવો જોઈશે.

ક્રમાંક	વિષય	શિક્ષણ/લાયકાત	અનુભવ
(૧)	(૨)	(૩)	(૪)
૧૧	કાયા ચિકિત્સા	એમ.ડી. (કાયા ચિકિત્સા)	કાયા ચિકિત્સામાં અધ્યાપનનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ, જેમાંથી પાંચ વર્ષનો અનુભવ વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) (રીડર) તરીકેનો હોવો જોઈશે.
૧૨	શલ્ય તંત્ર	એમ.ડી. (શલ્ય તંત્ર)	શલ્ય તંત્રમાં અધ્યાપનનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ, જેમાંથી પાંચ વર્ષનો અનુભવ વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) (રીડર) તરીકેનો હોવો જોઈશે.
૧૩	શલાક્ય તંત્ર	એમ.ડી. (શલાક્ય તંત્ર)	શલાક્ય તંત્રમાં અધ્યાપનનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ, જેમાંથી પાંચ વર્ષનો અનુભવ વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) (રીડર) તરીકેનો હોવો જોઈશે.
૧૪	પંચકર્મ	એમ.ડી. (પંચકર્મ)	પંચકર્મમાં અધ્યાપનનો ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ, જેમાંથી પાંચ વર્ષનો અનુભવ વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) (રીડર) તરીકેનો હોવો જોઈશે.

એનેક્ષર ૨

ક્રમાંક.	જરૂરી વિશેષતા (વિશેષ વિષય).	સંલગ્ન વિષયનું નામ.
(૧)	(૨)	(૩)
૧	સ્વસ્થવૃત્ત	કાયાચિકિત્સા
૨	અગદતંત્ર	દ્રવ્યગુણ / રસશાસ્ત્ર
૩	રોગ વિજ્ઞાન	કાયાચિકિત્સા
૪	રચના શરીર	શલ્ય
૫	ક્રિયા શરીર	સંહિતા સિદ્ધાંત
૬	શલાક્ય	શલ્ય
૭	પંચકર્મ	કાયાચિકિત્સા
૮	બાળરોગ	પ્રસૂતિ અને સ્ત્રી રોગ / કાયાચિકિત્સા
૯	કાયાચિકિત્સા	મનસરોગ
૧૦	શલ્ય	નિશ્ચેતના એવમ્ ક્ષ-કિરણ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. જી. વણઝારા,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 156

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, MAY 21, 2016/VAISAKHA 31, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧ મી મે, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તારીખ : ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ-૨૦૧૬-૨૧-બીઆરટી-૧૦૨૦૦૭-૧૫૮૨-ડી.૨ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Junior Process Assistant, Class III, Recruitment Rules, 2009.

જુનિયર પ્રક્રિયા મદદનીશ, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૦૯ સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખઃ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંક: જીયુ/૨૦૧૬/૨૧/બીઆરટી/૧૦૨૦૦૭/૧૫૮૨/ડી.૨:-ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, જુનિયર પ્રક્રિયા મદદનીશ, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૦૯ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો જુનિયર પ્રક્રિયા મદદનીશ, વર્ગ-૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. જુનિયર પ્રક્રિયા મદદનીશ, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૦૯ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩માં, ખંડ (ક)માં,-" ૨૯ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે "૩૪ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪ ને બદલે, નીચેનો નિયમ મૂકવોઃ-

"ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક ની જોગવાઈઓ સીધી પસંદગીથી નિમણૂંક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે."

૪. સદરહુ નિયમોમાં, નિયમો ૫ અને ૬ કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. બી. મુનિ,
સરકારના ઉપસચિવ.

INDEX

Extra No. 157

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, MAY 23, 2016/JYAISTHA 2, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી મે, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ-ના તારીખ ૧૯મી એપ્રિલ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીપી/૨૭/જીપીસી/૧૦/૨૦૧૦/૨૭૬૮૦૪/જે- નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat State Council for Physiotherapy Act, 2011.

ગુજરાત રાજ્ય ફિઝિઓથેરાપિ કાઉન્સિલ અધિનિયમ, ૨૦૧૧ હેઠળ

જાહેરનામું

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તા.૧૯મી એપ્રિલ, ૨૦૧૬.

ગુજરાત રાજ્ય ફિઝિઓથેરાપિ કાઉન્સિલ અધિનિયમ, ૨૦૧૧.

ક્રમાંક : જીપી/૨૭/જીપીસી/૧૦/૨૦૧૦/૨૭૬૮૦૪/જેઃ- ગુજરાત રાજ્ય ફિઝિઓથેરાપિ કાઉન્સિલ અધિનિયમ, ૨૦૧૧ (સન ૨૦૧૧૧ના ગુજરાતના ૧૮મા)ની કલમ-૩ની પેટા-કલમ (૩)ના ખંડ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી (નીચેના સભ્યોને), ગુજરાત રાજ્ય ફિઝિઓથેરાપિ કાઉન્સિલના પ્રમુખ અને ઉપ-પ્રમુખ તરીકે નામનિયુક્ત કરે છે.

અનુ. ક્રમાંક	નામ અને સરનામું	હોદ્દો
૧	૨	૩
૧	શ્રી નિપુલ સાલવી, પટોળાવાળા, સાલવી શેરી, પાટણ-૩૮૪૨૬૫.	પ્રમુખ
૨	શ્રીમતી ઝરણા રોનક શાહ, ૩૨/૩૦૯, નિધિ એપાર્ટમેન્ટ, ૧૩૨ ફૂટ રિંગ રોડ, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩.	ઉપ-પ્રમુખ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. જી. વણઝારા,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 158

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, MAY 25, 2016/JYAISTHA 4, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫ મી મે, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ-ના તારીખ : ૫મી માર્ચ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ-૨૦૧૬-૩૨-બીઆરટી-૧૦૨૦૦૭-૧૪૧૩-ડી.૨ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Assistant Binder, Class III, in the Subordinate Service of Directorate of Government Printing and Stationery, Recruitment Rules, 2008.

સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરીની તાબાની સેવામાં, મદદનીશ બાઈન્ડર (બંધાઈકાર) વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૦૮ સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખ:૫મી માર્ચ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંક: જીયુ/૨૦૧૬/૩૨/બીઆરટી/૧૦૨૦૦૭/૧૪૧૩/ડી.૨:-ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરીની તાબાની સેવામાં, મદદનીશં બાઈન્ડર (બંધાઈકાર), વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૦૮ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરીની તાબાની સેવામાં, મદદનીશ બાઈન્ડર (બંધાઈકાર), વર્ગ-૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરીની તાબાની સેવામાં, મદદનીશ બાઈન્ડર (બંધાઈકાર), વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૦૮ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩માં, ખંડ (ક)માં ''૨૮ વર્ષથી'' એ આંકડા અને શબ્દને બદલે ''૩૩ વર્ષથી'' એ આંકડા અને શબ્દ મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪ ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

" ૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક ની જોગવાઈઓ સીધી પસંદગીથી નિમણૂંક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે."

૪. સદરહુ નિયમોમાં, નિયમો ૫ અને ૬ કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

મહેન્દ્ર આર. સોની,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 159

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, MAY 30, 2016/JYAISTHA 9, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી મે, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ-ના તારીખ ૨૫મી એપ્રિલ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૮૧-૨૦૧૬-જીએમસી-૫૬૩૬-પી-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
Amendmentto the Bombay Provincial Municipal Corporations (Reservation in the Office of the Mayor) Rules, 1995.
મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મેયરનો હોદ્દો અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૫ સુધારવા સંબંધી
જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૫મી એપ્રિલ, ૨૦૧૬.

<u>ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯.</u>

<u>ક્રમાંક: કેવી - ૮૧ - ૨૦૧૬ -જીએમસી - ૫૬૩૬ -પી:</u>- ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણી તારીખ: ૨૪મી એપ્રિલ, ૨૦૧૬ના રોજ યોજવામાં આવી હતી અને તેનાં પરિણામો તારીખ: ૨૬મી એપ્રિલ, ૨૦૧૬ના રોજ જાહેર થવાની સંભાવના છે;

અને સદરહુ કોર્પોરેશનના ચૂંટાયેલા કાઉન્સિલરો દ્વારા, સંબંધિત મંડળની પ્રથમ બેઠકમાં, આ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયરને ચૂંટવામાં આવનાર છે;

અને ગુજરાત સરકારને એવી ખાતરી થઈ છે કે સદરહુ અધિનિયમની કલમ ૪૫૬ની પેટા-કલમ (૨)ના પરંતુક હેઠળ નિયમો કરવા અને તેની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલાં લેવાનું તેને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧ક) સાથે વાંચતા, કલમ ૪૫૬ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મેયરનો હોદ્દો અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મેયરનો હોદ્દો અનામત રાખવા બાબત) (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મેયરનો હોદ્દો અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૫ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૫ક-ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

"૫ક. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયરના હોદ્દા માટે રોસ્ટરનો સમયગાળો.- આ નિયમો સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ રોસ્ટર, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રથમ મેયરની ચૂંટણીની તારીખથી શરૂ થતી પાંચ વર્ષની મુદત સુધી અમલમાં ચાલુ રહેશે.".

૩. સદરહુ નિયમોમાં, વિદ્યમાન અનુસૂચિ-૧ને બદલે, નીચેની અનુસૂચિ મૂકવી:-

"અનુસૂચિ-૧

(જુઓ નિયમ ૨ અને ૫ક)

અનુક્રમાંક	મુદતનો સમયગાળો	ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન
૧.	પ્રથમ અઢી વર્ષ	સામાન્ય
૨.	બીજા અઢી વર્ષ	સ્ત્રી

"

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

અશોકસિંહ પરમાર,
સરકારના નાયબ સચિવ.

INDEX

Extra No. 160

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, MAY 30, 2016/JYAISTHA 9, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી મે, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ-ના જાહેરનામા ક્રમાંક : જીપી/૨૦૧૬નો ૧૩/ભરત/૧૦૨૦૧૨/૨૩૮૦/ઝ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Taluka Development Officer, (Gujarat Development Service, Class II) Recruitment Rules, 1990.

તાલુકા વિકાસ અધિકારી (ગુજરાત વિકાસ સેવા, વર્ગ-૨) ભરતી નિયમો, ૧૯૯૦ વધુ સુધારવા સંબંધી

જાહેરનામું.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જીપી/૨૦૧૬નો ૧૩/ભરત/૧૦૨૦૧૨/૨૩૮૦/ઝઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, તાલુકા વિકાસ અધિકારી, (ગુજરાત વિકાસ સેવા, વર્ગ-૨) ભરતી નિયમો, ૧૯૯૦ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો તાલુકા વિકાસ અધિકારી (ગુજરાત વિકાસ સેવા, વર્ગ-૨) ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. તાલુકા વિકાસ અધિકારી (ગુજરાત વિકાસ સેવા, વર્ગ-૨) ભરતી નિયમો, ૧૯૯૦ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩ને બદલે, નીચેનો મજકૂર મૂકવોઃ-

"૩. બઢતીથી અને સીધી પસંદગીથી કરવાની નિમણૂક, ૨:૧ના પ્રમાણમાં કરવામાં આવશે."

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪માં, ખંડ (ક)માં, "૨૧ વર્ષની" અને "૨૮ વર્ષની" એ આંકડા અને શબ્દોને બદલે, અનુક્રમે "૨૦ વર્ષની" અને "૩૫ વર્ષની" એ આંકડા અને શબ્દો મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, અનુસૂચિમાં,-

(૧) ભાગ (ક)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

"(ક) પંચાયત સેવાના સંવર્ગો:

૧. નાયબ તાલુકા વિકાસ અધિકારી,
૨. નાયબ ચિટનીસ
૩. તાલુકા પંચાયત અધિકારી,
૪. વિસ્તરણ અધિકારી (પંચાયત),
૫. વિસ્તરણ અધિકારી (કૃષિ), ગ્રેડ-૨,
૬. વિસ્તરણ અધિકારી (સહકાર).

(૨) ભાગ (ખ)માં, અનુક્રમાંક ૨ પરની નોંધમાં, "અવલ કારકુનો" એ શબ્દોને બદલે, "નાયબ ચિટનીસ" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઇ. એમ. શેખ,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 161

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, MAY 30, 2016/JYAISTHA 9, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી મે, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૧૨મી મે, ૨૦૧૬ના ગુજરાત સરકારના નાણા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૨૮)-વીએટી-૨૦૧૬-એસ.૫ (૨) (૫૧)-ઠ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding

Amendment to the Government Notification, Finance Department No. (GHN-35) VAT-2006-S.5 (2) (1)-TH, dated the 31st March, 2006.

નાણા વિભાગનું તારીખ: ૩૧મી માર્ચ, ૨૦૦૬નું સરકારી જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૩૫) વીએટી-૨૦૦૬-એસ.૫ (૨) (૧)-ઠ. સુધારવા સંબંધી જાહેરનામું.

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૨મી મે, ૨૦૧૬.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંક. (જીએચએન-૨૮) વીએટી-૨૦૧૬-એસ.૫ (૨) (૫૧)-ઠ:- ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી જણાયું છે;

તેથી, હવે, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણા વિભાગનું તારીખ: ૩૧મી માર્ચ, ૨૦૦૬નું સરકારી જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૩૫)વીએટી-૨૦૦૬-એસ.૫ (૨) (૧)-ઠ. નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક. ૧૧૧ ઉપરની નોંધ પછી, નીચેની નોંધો ઉમેરવી:-

નોંધ ક્રમાંક.	વેચાણો અથવા ખરીદીઓનો વર્ગ.	સમગ્ર વેરો અથવા તેના કોઇ ભાગમાંથી મુક્તિ.	નિયંત્રણ અને શરતો, કોઇ હોય તો તે.
૧	૨	૩	૪
"૧૧૨	અધિનિયમની અનુસૂચિ ૨-ની નોંધ ૮૦ક-થી આવરી લીધેલા મોટર વાહનોના વેચાણના ધંધામાં રોકાયેલા હોય તેવા વેપારીઓને વેચેલા એવા વાહનો	રૂપિયે અઢી પૈસાના દરે વધારાના વેરા સહિતની વેરાની રકમ પંદર પૈસા કરતાં વધુ હોય તેટલે સુધી.	આ નોંધ, તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૬ના રોજ અને તે તારીખથી અમલમાં આવી હોવાનું ગણાશે.
૧૧૩	(૧) માલવાહક ટ્રકો સિવાયના ટેન્કરો, લોડિંગ રિક્ષાઓ, માલ વાહક વાહનો. (૨) શાળાની બસો, ઉતારુ બસો, માલ વાહક ટ્રકો, માલ પરિવહન વાહનો, ટેન્કરો, લોડિંગ રિક્ષાઓની ચેસિસ.	રૂપિયે અઢી પૈસાના દરે વધારાના વેરા સહિતની વેરાની રકમ પંદર પૈસા કરતાં વધુ હોય તેટલે સુધી.	આ નોંધ, તારીખ ૧લી એપ્રિલ, ૨૦૧૬ના રોજ અને તે તારીખથી અમલમાં આવી હોવાનું ગણાશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 162

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, MAY 31, 2016/JYAISTHA 10, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી મે, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **મહેસૂલ વિભાગના તારીખ : ૧૬મી માર્ચ, ૨૦૧૬ના** સરકારી હુકમ **ક્રમાંક : જીએચએમ-૨૦૧૨-એમ-૯૯-એસટીપી-૧૨૨૦૦૯-૩૦૪૧-એચ-૧-નો** ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Order

Regarding

Amendment to the Government Order, Revenue Department No. GHM-2014-M-92-STP-122009-3041-H-1. dated 13th June, 2014

મહેસૂલ વિભાગનો તારીખઃ૧૩મી જૂન, ૨૦૧૪નો સરકારી હુકમ ક્રમાંકઃ જીએચએમ –૨૦૧૪–એમ –૯૨–એસટીપી –૧૨૨૦૦૯–૩૦૪૧–એચ–૧. સુધારવા સંબંધી

હુકમ

મહેસૂલ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી માર્ચ, ૨૦૧૬.

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંકઃ જીએચએમ–૨૦૧૨–એમ–૯૯–એસટીપી–૧૨૨૦૦૯–૩૦૪૧–એચ–૧:–ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા)ની કલમ ૯ના ખંડ (ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મહેસૂલ વિભાગનો તારીખઃ ૧૩મી જૂન, ૨૦૧૪નો સરકારી હુકમ ક્રમાંકઃ જીએચએમ–૨૦૧૪–એમ–૯૨–એસટીપી–૧૨૨૦૦૯–૩૦૪૧–એચ–૧ નીચે પ્રમાણે સુધારે છેઃ–

સદરહુ હુકમમાં, ખંડ માં (૨), ‘‘સન ૨૦૧૬ના માર્ચ મહિનાની ૩૧મી તારીખ સુધીની’’ એ શબ્દો અને આંકડાને બદલે,‘‘સન ૨૦૨૧ના માર્ચ મહિનાની ૩૧મી તારીખ સુધીની’’ એ શબ્દો અને આંકડા મૂકવા .

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. ટી. મંડોરા,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 163

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, MAY 31, 2016/JYAISTHA 10, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી મે, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના **તારીખ : ૧૨મી મે, ૨૦૧૬ના** સરકારી જાહેરનામા **ક્રમાંક : (જીએચએન-૨૯)-જીઈએ-૨૦૧૬- (એસ.૧૨)(૧૨)-ઠ.**નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Government Notification, Finance Department No. (GHN-39) GEA-2006/(S-12) (11)/TH, datedthe1st April, 2006.

નાણા વિભાગનું તારીખ: ૧લી એપ્રિલ, ૨૦૦૬નું સરકારી જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૩૯)જીઇએ-૨૦૦૬/(એસ.-૧૨) (૧૧)/ઠ.સુધારવા સંબંધી

જાહેરનામું

નાણા વિભાગ,

સચિવાલય,ગાંધીનગર. તારીખ:૧૨મી મે,૨૦૧૬.

ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ, ૨૦૦૧.

ક્રમાંક:(જીએચએન-૨૯)જીઇએ-૨૦૧૬/(એસ.૧૨)(૧૨)-ઠ:-ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી જણાયું છે;

તેથી, હવે, ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ,૨૦૦૧(સન ૨૦૦૧ના ગુજરાતના ૨૨મા)નીકલમ ૧૨ની પેટા-કલમ(૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણા વિભાગનું તારીખ: ૧લી એપ્રિલ, ૨૦૦૬નું સરકારી જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૩૯) જીઇએ-૨૦૦૬/(એસ-૧૨) (૧૧)/ઠ. નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક. ૨ ઉપરની નોંધ પછી, નીચેની નોંધો ઉમેરવી:-

અનુસૂચિ

અનુક્રમાંક	**આયાતકારનો વર્ગ**	**(વેરા) મુક્તિનું પ્રમાણ**	**શરતો**
૧.	**૨.**	**૩.**	**૪.**
" ૩.	ટ્રેક્ટર્સ	વેરાની રકમ રૂપિયે પાંચ પૈસા કરતા વધુ હોય તેટલે સુધી.	....
૪	નાણા વિભાગનું તારીખ: ૧લી એપ્રિલ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૧૮) જીઇએ-૨૦૧૬-(એસ.૩) (૬)-ઠ. સાથે જોડેલી અનુસૂચિના અનુક્રમાંક ૧૦ ઉપરની નોંધ હેઠળ આવરી લીધેલા તેમજ આવા વાહનોના વેચાણના વેપારમાં રોકાયેલા રજિસ્ટર થયેલા વેપારી દ્વારા આયાત કરવામાં આવેલા મોટર વાહનોની ચેસિસ સહિતના મોટર વાહનો અને આવા મોટર વાહનોની ચેસિસ પર બાંધેલી બોડી.	વેરાની રકમ રૂપિયે પંદર પૈસા કરતા વધુ હોય તેટલે સુધી.	આ નોંધ સન ૨૦૧૬ની એપ્રિલ મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવી હોવાનું ગણાશે.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 164

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, MAY 31, 2016/JYAISTHA 10, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી મે, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાન્ય વહીવટ વિભાગ** ના તારીખ : **૯મી ડિસેમ્બર, ૨૦૧૫** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએસ/૪૬/એએકે/૧૦૨૦૧૩/૫૭૯/એસ** - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Research Officer in the Gujarat Statistical Services, Class II (Special Competitive Examination) Rules, 2015.

ગુજરાત આંકડાકીય સેવામાં, સંશોધન અધિકારી, વર્ગ ૨ (ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા)

નિયમો, ૨૦૧૫ સંબંધી જાહેરનામું.

સામાન્ય વહીવટ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૯મી ડિસેમ્બર, ૨૦૧૫.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીએસ / ૪૬ / એએકે / ૧૦૨૦૧૩ / ૫૭૯ / એસઃ– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની ગુજરાત રાજ્ય સેવામાં, ગુજરાત આંકડાકીય સેવામાંની સંશોધન અધિકારીની જગા પર બઢતી માટેની ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાની પદ્ધતિનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. <u>ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ</u>.-

(૧) આ નિયમો ગુજરાત આંકડાકીય સેવામાં, સંશોધન અધિકારી, વર્ગ ૨ (ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

(૩) તે, ગુજરાત આંકડાકીય સેવાઓમાં, સંશોધન અધિકારી, વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૨ (જેનો આમાં હવે પછી, ''સન ૨૦૧૨ના ભરતી નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના નિયમ ૩ના ખંડ (ક)ના પેટા-ખંડ (ખ) હેઠળ સંશોધન અધિકારી, વર્ગ ૨ની જગા પર બઢતીથી નિમણૂકને પાત્ર હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે.

૨. <u>વ્યાખ્યાઃ</u>

આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) **''પરિશિષ્ટ''** એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) **''આયોગ''** એટલે ગુજરાત જાહેર સેવા આયોગ (જીપીએસસી);

(ગ) **''નિયામક''** એટલે અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર;

(ઘ) **''પરીક્ષા''** એટલે સન ૨૦૧૨ના સદરહુ ભરતી નિયમોના નિયમ ૩ના ખંડ (ખ)માં નિર્દિષ્ટ કરેલી વ્યક્તિઓની, ગુજરાત આંકડાકીય સેવામાં સંશોધન અધિકારી, વર્ગ ૨ની જગા પર બઢતીના હેતુ માટે, આ નિયમો હેઠળ આયોગે યોજેલી ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા;

(ચ) **''સરકાર''** એટલે ગુજરાત સરકાર.

૩. <u>પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની યોગ્યતા</u>.- પરિશિષ્ટ-૧માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, સંશોધન મદદનીશ, વર્ગ-૩ તરીકે કાર્ય કરતી અને ગુજરાત આંકડાકીય સેવામાં, સંશોધન અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૨ના નિયમ ૩ના ખંડ (ક)ના પેટા-ખંડ(ખ)માં નિર્દિષ્ટ કરેલી જરૂરી લાયકાત ધરાવતી વ્યક્તિઓ, આ નિયમો હેઠળ યોજવામાં આવતી પરીક્ષામાં ઉપસ્થિત થવા પાત્ર ગણાશે.

૪. <u>ઉમેદવારોની વિગતો દર્શાવતું પત્રક</u>.- સામાન્ય વહીવટ વિભાગ-એ, દર વર્ષે, તે વર્ષમાં યોજાનાર પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઈચ્છતા યોગ્યતા ધરાવતા ઉમેદવારોની વિગતો દર્શાવતું પત્રક, ફેબ્રુઆરી મહિનાની ૧લી તારીખ પહેલાં, આયોગને મોકલવું જોઈશે.

૫. **પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની અરજી**.- (૧) સન ૨૦૧૨ના ભરતી નિયમો હેઠળ પાત્રતા ધરાવતી અને પરીક્ષામાં ઉપસ્થિત થવા ઈચ્છતી વ્યક્તિએ, આયોગના સચિવના નામે કાઢેલા ક્રોસ્ડ ઈન્ડિયન પોસ્ટલ ઓર્ડરના સ્વરૂપે, રાજ્ય સરકાર નક્કી કરે તેટલી ફી સાથે, પરિશિષ્ટ ૩માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના નમૂનામાં અરજી કરવી જોઈશે.

(૨) નિયામકે, અરજદારે ઠરાવેલા નમૂનામાં રજૂ કરેલી અરજીની વિગતોની ખરાઈ કરવી જોઈશે અને પરિશિષ્ટ ૩માં નમૂનાની નીચે નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના ''યોગ્યતા પ્રમાણપત્ર''માં ઉમેદવારની પાત્રતા અંગે પ્રમાણપત્ર આપવું જોઈશે.

(૩) એક વખત ભરેલી ફીનું રિફંડ આપવામાં આવશે નહિ અથવા તે ફી, ત્યાર પછીની પરીક્ષા માટે મુલતવી રાખવામાં આવશે નહિ.

૬. **પરીક્ષાનું સ્થળ અને મહિનો**.- પરીક્ષા સામાન્ય રીતે અમદાવાદ અથવા ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. ઉમેદવારે તેમના પોતાના ખર્ચે લેખિત પરીક્ષા અને રૂબરૂ મુલાકાત કસોટીમાં ઉપસ્થિત થવાનું રહેશે.

૭. **પરીક્ષાની પદ્ધતિ અને અભ્યાસક્રમ**.- (૧) પરીક્ષા નીચે જણાવ્યા પ્રમાણે બે ભાગમાં યોજવામાં આવશેઃ

(૧) લેખિત પરીક્ષા, જેમાં ચાર પ્રશ્નપત્રો રહેશે, અને

(૨) રૂબરૂ મુલાકાત કસોટી.

(૨) પરીક્ષાનો અભ્યાસક્રમ અને પ્રશ્નપત્રોની વિગતો પરિશિષ્ટ ૨માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે રહેશે.

૮. **પરીક્ષાનું માધ્યમ**.- પ્રશ્નપત્ર-૨ સિવાય, પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે. પ્રશ્નપત્ર-૨ માટે પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી રહેશે.

૯. **પરીક્ષા પાસ કરવા માટેનું લાયકી ધોરણઃ**

(૧) લેખિત પરીક્ષામાં આયોગ દ્વારા નક્કી કરવામાં આવે તેટલા ન્યૂનતમ લાયકી ગુણ મેળવેલા હોય તેવા ઉમેદવારને રૂબરૂ મુલાકાત કસોટી માટે બોલાવવામાં આવશે. રૂબરૂ મુલાકાત કસોટી માટે બોલાવવાના ઉમેદવારની સંખ્યા, જાહેરાતમાં આપવામાં આવેલી ખાલી જગાની સંખ્યાની આશરે ત્રણ ગણી હોવી જોઈશે. રૂબરૂ મુલાકાત કસોટી કોઈપણ લઘુતમ લાયકી ગુણ સિવાય ૫૦ ગુણની રહેશે.

(૨) લેખિત પરીક્ષા અને રૂબરૂ મુલાકાત કસોટીમાં ઉમેદવારે મેળવેલા ગુણ પરથી આખરી (ગુણવત્તા) ક્રમ નક્કી કરવામાં આવશે.

૧૦. **પરિણામની પ્રસિદ્ધિ**.- આયોગે પરીક્ષાનું પરિણામ પોતાની વેબસાઈટ ઉપર અને પોતે નક્કી કરે તેવી બીજી રીતે કરવું જોઈશે. પરિણામની જાણ અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત રાજ્યને અને સામાન્ય વહીવટ વિભાગને પણ કરવી જોઈશે, જેમણે આ પરિણામ રાજપત્રમાં પ્રસિદ્ધ કરાવવું જોઈશે.

૧૧. **સફળ ઉમેદવારોની બઢતી અને નિયુક્તિ**.- નિયમ ૧૦ હેઠળ જાહેર થયેલા પરિણામને આધારે, સદરહુ ભરતી નિયમો, ૨૦૧૨ હેઠળ બઢતી માટે અન્યથા યોગ્ય હોય તેવા સફળ ઉમેદવારોને, ગુણવત્તાક્રમ અનુસાર, જુદા-જુદા વિભાગો/કચેરીઓમાં, સંશોધન અધિકારી, વર્ગ ૨ તરીકે બઢતી આપવી જોઈશે.

૧૨. **ગુણપત્રક અને ગુણની પુનઃ ચકાસણી બાબત**.-

(૧) પરીક્ષાના પોતાના ગુણની પુનઃચકાસણી કરાવવા ઈચ્છતા ઉમેદવાર, પરીક્ષાના આખરી પરિણામની જાહેરાતની તારીખથી પંદર દિવસની મુદતની અંદર, દરેક પ્રશ્નપત્ર માટે આયોગ નક્કી કરે તેટલી ફી સાથે, આયોગને અરજી કરી શકશે.

(૨) લેખિત પરીક્ષાનું ગુણપત્રક મેળવવા ઈચ્છતા ઉમેદવાર, પરીક્ષાના આખરી પરિણામની જાહેરાતની તારીખથી પંદર દિવસની મુદતની અંદર, આયોગ નક્કી કરે તેટલી ફી સાથે, આયોગને અરજી કરી શકશે.

પરિશિષ્ટ-૧

(જુઓ નિયમ ૩)

અનુક્રમાંક	જગાનું નામ	વિભાગ/કચેરીઓ
૧.	સંશોધન મદદનીશ	અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૨.	સંશોધન મદદનીશ	મત્સ્યોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૩.	તપાસણી અધિકારી	શ્રમ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૪.	સંશોધન મદદનીશ (આંકડાશાસ્ત્ર)	ઉદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૫.	સિનિયર આંકડા મદદનીશ	અગ્ર મુખ્ય વન સંરક્ષકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૬.	સંશોધન મદદનીશ	ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૭.	સંશોધન મદદનીશ	શિક્ષણ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૮.	સંશોધન મદદનીશ	પછાત વર્ગ કલ્યાણ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૯.	સંશોધન મદદનીશ	વિકાસ કમિશનર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૧૦.	સંશોધન મદદનીશ	વાહનવ્યવહાર કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૧૧.	સંશોધન મદદનીશ	પશુપાલન નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૧૨.	સંશોધન મદદનીશ	સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

પરિશિષ્ટ ૨

વિભાગ ૧

(જુઓ નિયમ - ૭)

ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાની પદ્ધતિ અને તેના વિષયો

પ્રશ્નપત્ર ક્રમાંક	વિષય	ગુણ	સમયગાળો
૧	ગુજરાતી	૧૦૦ ગુણ	ત્રણ કલાક
૨	અંગ્રેજી	૧૦૦ ગુણ	ત્રણ કલાક
૩	સેવાવિષયક (સેવાને લગતી) બાબતો	૧૦૦ ગુણ	ત્રણ કલાક
૪	ગણિતશાસ્ત્ર/આંકડાશાસ્ત્ર/અર્થશાસ્ત્ર	૧૦૦ ગુણ	ત્રણ કલાક

નોંધ:

૧. ગુજરાતી પ્રશ્નપત્રનું ધોરણ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના બારમા ધોરણના ગુજરાતી વિષય (ઉચ્ચતર સ્તર)ને સમકક્ષ રહેશે.

૨. અંગ્રેજીના પ્રશ્નપત્રનું ધોરણ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના બારમા ધોરણના અંગ્રેજી વિષય (નિમ્ન સ્તર)ને સમકક્ષ રહેશે.

૩. પ્રશ્નપત્ર ૪નું ધોરણ અને તેના અભ્યાસક્રમનું વિષયવસ્તુ પદવી કક્ષાનું રહેશે.

૪. દરેક પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ આયોગ ઠરાવે અને જાહેર કરે તેવો રહેશે.

૫. પરીક્ષાના પ્રશ્નપત્રો વર્ણનાત્મક પ્રકારના રહેશે.

વિભાગ ૨

ઈન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત કસોટી) - ૫૦ ગુણ.

પરિશિષ્ટ ૩

(જુઓ નિયમો ૫(૧))

<u>અરજીનો નમૂનો</u>

સંશોધન અધિકારી, વર્ગ-૨ની જગા પર બઢતી મેળવવા માટેની ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા

અરજીનો નમૂનો

૧.	અરજદારનું પૂરેપરું નામ (અટક પ્રથમ લખવી) (અંગ્રેજીમાં અને ગુજરાતીમાં)	:-
૨.	હોદો (અંગ્રેજીમાં અને ગુજરાતીમાં)	:-
૩.	હાલમાં નોકરી કરતા હોય તે કચેરીનું નામ	:-
૪.	જન્મ તારીખ અને ઉંમર	:-
૫.	વિદ્યમાન સંવર્ગમાં નિમણૂકની તારીખ અને સેવાના કુલ વર્ષ	:-
૬.	સંશોધન મદદનીશ, વર્ગ ૩ની પ્રવરતા યાદીમાં પ્રવરતા ક્રમાંક	:-
૭.	શૈક્ષણિક લાયકાત (ક) ડિગ્રી (પદવી) (ખ) ડિગ્રી પરીક્ષા પાસ કર્યાનું વર્ષ (ગુણપત્રક અને ડિગ્રી પ્રમાણપત્રની પ્રમાણિત નકલો બીડવી)	:-
૮.	અરજદાર અનુ. જાતિ / અનુ. આદિજાતિ / સા. અને શૈ. રીતે પછાત વર્ગનો ઉમેદવાર છે કે કેમ? (હોય, તો જાતિ પ્રમાણપત્રની ખરાઈ કરેલી નકલ બીડવી)	:-
૯.	પરીક્ષા ફી: ઇન્ડિયન પોસ્ટલ ઓર્ડર નં.: રકમ રૂપિયામાં: (ઈન્ડિયન પોસ્ટલ ઓર્ડર બીડવો)	:-
૧૦.	અરજદારે સંશોધન અધિકારી, વર્ગ-૨ની જગા ઉપર બઢતી માટેની ખાતાકીય પરીક્ષા પાસ કરી છે કે કેમ? જો હા, તો પરીક્ષા પાસ કર્યાનો મહિનો અને વર્ષ.	:-

૧૧. અરજદારે ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા :- તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરી છે કે કેમ? જો હા, તો નીચેની વિગતો આપો:

પરીક્ષાનું નામ:-

પરીક્ષા પાસ કર્યાનો મહિનો અને વર્ષ:-

સ્થળ:

તારીખ:

....

(અરજદારની સહી)

યોગ્યતા પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી / શ્રીમતી / કુમારી .... ગુજરાત આંકડાકીય સેવામાં, સંશોધન અધિકારી, વર્ગ ૨ (ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૧૫ની જોગવાઈઓ હેઠળ તારીખ: ....ના રોજ યોજાનાર ખાસ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપસ્થિતા થવા માટે પાત્ર છે અને તેણે/તેણીએ .... પોસ્ટ ઓફિસમાંથી કાઢી આપવામાં આવેલ તારીખ: ....ના ઈન્ડિયન પોસ્ટલ ઓર્ડર ક્રમાંક ....થી ફક્ત રૂપિયા ..../-ની ફી ભરી છે. અહીં ઉપર આપવામાં આવેલી અરજદારની વિગતોની વિભાગના રેકર્ડમાંથી ખરાઈ કરવામાં આવેલ છે અને તે સાચી જણાયેલ છે.

સ્થળ: ....

તારીખ: ....

નિયામક

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી,

ગુજરાત રાજ્ય.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. ડી. પટેલ,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 165

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, MAY 31, 2016/JYAISTHA 10, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી મે, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ : ૧૯મી મે, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૩૧) વીએટી-૨૦૧૬-એસ. ૬૦(૧) (૦૨)-ઠ અને હુકમ ક્રમાંક: (જીએચએન-૩૨) વીએટી-૨૦૧૬-એસ. ૪૧(૧) (૧૭)-ઠ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Government Notification, Finance Department No. (GHN-64) VAT- 2006-S. 60(1) (1) -TH, dated the 17th May, 2006.

નાણા વિભાગનું તારીખ : ૧૭મી મે, ૨૦૦૬નું સરકારી જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૬૪) વીએટી-૨૦૦૬-એસ. ૬૦ (૧) (૧) -ઠ. સુધારવા સંબંધી જાહેરનામું.

નાણા વિભાગ,

સચિવાલય,ગાંધીનગર. ૧૯મી મે, ૨૦૧૬.

ગુજરાત મૂલ્યવર્ધિતવેરા અધિનિયમ,૨૦૦૩.

ક્રમાંક:(જીએચએન-૩૧) વીએટી-૨૦૧૬-એસ. ૬૦(૧)(૦૨) -ઠ :- ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૬૦ની પેટા-કલમ (૧)ના પરંતુકના ખંડ (ચ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણા વિભાગનું તારીખ: ૧૭મી મે, ૨૦૦૬નું સરકારી જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૬૪)વીએટી-૨૦૦૬-એસ. ૬૦ (૧) (૧)-ઠ.નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક ૧ ઉપરની નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી:-

અનુસૂચિ

અનુક્રમાંક (૧)	**વેચાણોનો વર્ગ (૨)**
"૨.	ઓઇલ માર્કેટિંગ કંપનીઓ અને કેરોસીનના આવા વેચાણની ત્યાર પછીની શૃંખલા સાથે સંકળાયેલા વિતરકો અને વેપારીઓ દ્વારા ગુજરાતમાં જાહેર વિતરણ વ્યવસ્થા મારફત વેચાણ માટે કરવામાં આવતા કેરોસીનના વેચાણો."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ગુણવંત જે. શાહ,

સરકારના ઉપસચિવ.

Order

Regarding

Amendment to the Government Order, Finance Department No. (GHN-24) VAT- 2016-S. 41(1) (16) -TH, dated the 30th April, 2016.

નાણા વિભાગનો તારીખ : ૩૦મી એપ્રિલ, ૨૦૧૬નો સરકારી હુકમ ક્રમાંક: (જીએચએન-૨૪) વીએટી-૨૦૧૬-એસ. ૪૧ (૧) (૧૬) – ઠ. સુધારવા સંબંધી હુકમ.

નાણા વિભાગ,

સચિવાલય,ગાંધીનગર. ૧૯મી મે, ૨૦૧૬.

ગુજરાત મૂલ્યવર્ધિતવેરા અધિનિયમ,૨૦૦૩.

ક્રમાંક:(જીએચએન-૩૨) વીએટી-૨૦૧૬-એસ. ૪૧(૧)(૧૭) -ઠ :- ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી જણાય છે;

તેથી, હવે, ગુજરાત મૂલ્યવર્ધિતવેરા અધિનિયમ,૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૪૧ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણા વિભાગનો તારીખ: ૩૦મી એપ્રિલ, ૨૦૧૬નો સરકારી હુકમ ક્રમાંક: (જીએચએન-૨૪)વીએટી-૨૦૧૬-એસ. ૪૧(૧)(૧૬)-ઠ.નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ હુકમમાં, "ગુજરાતમાં જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા કરવામાં આવતા કેરોસીનના વેચાણો" એ શબ્દો પછી, નીચેના શબ્દો દાખલ કરવા:–

" અને ઓઇલ માર્કેટિંગ કંપનીઓ અને કેરોસીનના આવા વેચાણની ત્યાર પછીની શૃંખલા સાથે સંકળાયેલા વિતરકો અને વેપારીઓ દ્વારા ગુજરાતમાં જાહેર વિતરણ વ્યવસ્થા મારફત વેચાણ માટે કરવામાં આવતા કેરોસીનનાવેચાણો."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ગુણવંત જે. શાહ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 166

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, MAY 31, 2016/JYAISTHA 10, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી મે, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : **૨૮મી ઓક્ટોબર, ૨૦૧૫** -ના ગુજરાત સરકારના ગૃહ વિભાગ ના સરકારી જાહેરનામા **ક્રમાંક** : જીજી/૬૬/ટીટીસી/૧૦૨૦૧૦/૨૮૨ (ભાગ-૧)/વી - નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Government Notification, Home Department, No. GG/31/TTC/102010 /282/V dated the 25th June, 2010.

ગૃહ વિભાગનું તારીખઃ ૨૫મી જૂન, ૨૦૧૦નું સરકારી જાહેરનામું ક્રમાંકઃ

જીજી/૩૧/ટીટીસી/૧૦૨૦૧૦/૨૮૨/વી સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૨૮મી ઓક્ટોબર, ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંકઃ જીજી / ૬૬ / ટીટીસી / ૧૦૨૦૧૦ / ૨૮૨ (ભાગ-૧) / વીઃ- ગુજરાત રાજ્યને લાગુ પડતા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા)ની કલમ ૨ના ખંડ (ફ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખઃ ૨૫મી જૂન, ૨૦૧૦નું સરકારી જાહેરનામું ક્રમાંકઃ જીજી/૩૧/ટીટીસી/૧૦૨૦૧૦/૨૮૨/વી. નીચે પ્રમાણે સુધારે છેઃ-

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં, કચ્છ જિલ્લા (પૂર્વ ડિવિઝન)ને લગતા ભાગ-૨માં, અનુક્રમાંકઃ ૮ અને ૯ પરની વિદ્યમાન નોંધોને બદલે, નીચેની નોંધો મૂકવીઃ-

અનુ-ક્રમાંક	ડિવિઝન/પેટા-ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી(ઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
"૮.	ભચાઉ	રાપર	રાપર	સદર બીટ		(૧) રાપર (૨) સઈ (૩) પ્રાગપર (૪) વલ્લભપૂર (૫) નંદાસર (૬) કલ્યાણપર (૭) ધાડધ્રો-ની વાંઢ (૮) પગીવાંઢ (૯) ડાંભુડા (૧૦) ટીંડલવા મોટા (૧૧) ટીંડલવા નાના (૧૨) નીલપર
						(૧૩) પાલનપર (૧૪) ખારાકૂવા (૧૫) ખીરઈ (૧૬) બાદરગઢ (૧૭) સરસલા વાંઢ (૧૮) ત્રંબૌ
					૨વ	(૧) મોટી ૨વ (૨) નાની ૨વ (૩) કુડા (જામપર)

INDEX

અનુ-ક્રમાંક	ડિવિઝન/પેટા-ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી(ઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						(૪) રામવાવ (૫) ખેંગારપર (૬) સુવઈ (૭) ગવરીપર (૮) નારાણપર (૯) વણોઈ (૧૦) વણોઈ-ની વાંઢ (૧૧) વીજાપર (૧૨) જેસડા (૧૩) ડાવરી (૧૪) સુદાણા વાંઢ (૧૫) લાકડા વાંઢ (૧૬) સુરબા વાંઢ (૧૭) મોરગંજ વાંઢ (૧૮) ખારસર વાંઢ (૧૯) શાણપર
					ફત્તેહગઢ	(૧) ફત્તેહગઢ (૨) ગેડી (૩) ખાંડેક (૪) માંજુવાસ (૫) નાગલપર (૬) દેશલપર (૭) સાનગઢ (૮) ફુલપરા (૯) નાગતર (૧૦) સેલારી (૧૧) ઉમૈયા (૧૨) કારૂડા
						(૧૩) સોનલવા (૧૪) કાનપર (૧૫) થાનપર
					બેલા	(૧) બેલા (૨) બાલાસર (૩) જાટાવાડા (૪) મોવાણા (૫) લોદ્રાણી (૬) વરસારા (૭) શીરાની વાંઢ

અનુ-ક્રમાંક	ડિવિઝન/પેટા-ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી(ઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
						(૮) રાસાજીગઢડા (૯) આણંદપર (૧૦) ધબડા (૧૧) વ્રજવાણી (૧૨) જોધરાઈ વાંઢ (૧૩) શિવગઢ
૯.	ભચાઉ	રાપર	આડેસર	સદર બીટ		(૧) આડેસર (૨) સણવા (૩) બાંભણસર (૪) જદુપર ભંગેરા (૫) વીજાપર (૬) સુખપર (૭) વરણું (૮) નાંદા (૯) માખેલ (૧૦) પંડ્યાગઢ (૧૧) ટગા (૧૨) પલાંસવા
					ભીમાસર	(૧) ભીમાસર (૨) ભુટકીયા (૩) મોટી હમીરપર (૪) નાની હમીરપર (૫) મોડા (૬) મોમાયમોરા (૭) લાખાગઢ (૮) પદમપર
					ગાગોદર	(૧) ગાગોદર (૨) માનગઢ (૩) કાનમેર (૪) ધાણીધર (૫) જેડસા વાંઢ (૬) વેકરા (૭) કીડિયાનગર (૮) સાંય (૯) છોટાપર (૧૦) સોમાણીની વાંઢ (૧૧) રેલડીવાંઢ (૧૨) જોધપુર વાંઢ

અનુ-ક્રમાંક	ડિવિઝન/પેટા-ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી(ઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
					ચિત્રોડ	(૧) ચિત્રોડ (૨) મેવાસા (૩) થોરીઆરી (૪) ભીમદેવકા (૫) માણાબા (૬) ખાનપર (૭) કુંભારિયા (૮) પેથાપર (૯) ફુલપરા (૧૦) પ્રતાપગઢ (૧૧) બાલાસર (૧૨) નલિયા ટીંબો (૧૩) જેઠાસરી વાંઢ (૧૪) પીછાણા (બાદલપર) (૧૫) ડેડરવા.”.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. આર. ભમ્મર,
સરકારના ઉપસચિવ.

Extra No. 167

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, JUNE 2, 2016/JYAISTHA 12, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી જૂન, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ**-ના તારીખ : **૧૮મી એપ્રિલ, ૨૦૧૬**ના સરકારી જાહેરનામા ક્રમાંક : **જીએચએલ-૧૪-એસએસપી-૧૫૨૦૧૦-૮૧૨૨૭૧-એ**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Principal, Class-II, Recruitment Rules, 2013.

આચાર્ય, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૩ સુધારવા સંબંધી
જાહેરનામું.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૧૮મી એપ્રિલ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જીએચએલ / ૧૪ / એસએસપી / ૧૫૨૦૧૦ / ૮૧૨૨૭૧ / એઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, આચાર્ય, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૩ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો આચાર્ય, વર્ગ ૨, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. આચાર્ય, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૩માં, નિયમ ૩માં, ખંડ (ક)માં,-

(૧) ‘‘આડત્રીસ વર્ષથી’’ એ શબ્દોને બદલે, ‘‘તેંતાળીસ વર્ષથી’’ એ શબ્દો મૂકવા;

(૨) વિદ્યમાન પરંતુક પછી, નીચેનો પરંતુક દાખલ કરવોઃ-

‘‘વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય-મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી લાગુ પડશે નહિ.’’.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

શ્રીમતી જે. વી. દેસાઈ,
સરકારના ઉપસચિવ.

Extra No. 168

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, JUNE 2, 2016/JYAISTHA 12, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી જૂન, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ**-ના તારીખ : ૧૧મી એપ્રિલ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચ-એસએચ-૧૨-૨૦૧૬-એમકેએમ-૧૦૨૦૦૬-૮૨૯-છ**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Deputy Director, Class I, Recruitment Rules, 2016.

નાયબ નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૧૧મી એપ્રિલ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

<u>ક્રમાંકઃ જીએચ - એસએચ - ૧૨ - ૨૦૧૬ - એમકેએમ - ૧૦૨૦૦૬ - ૮૨૯ - છઃ</u>- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ નિયામક, વર્ગ ૧-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો નાયબ નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. આ નિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો “મદદનીશ નિયામક” એટલે આ નિયમો સાથે જોડેલા એનેક્ષરમાં સમાવિષ્ટ જગાઓ.

૩. સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ નિયામક, વર્ગ ૧-ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ નિયામક, વર્ગ ૨-ના સંવર્ગમાં ઓછામાં ઓછા આઠ વર્ષ સુધી કામ કરેલું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૪. નિયમ-૩માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) સાડત્રીસ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિઃ

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી સામાજિક કાર્ય-માં મેળવેલી દ્વિતીય વર્ગની અનુસ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે;

(ગ) (૧) સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, નિરીક્ષક, પ્રમાણિત શાળા, વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો અથવા તેને સમકક્ષ જગા પરનો આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા

(૨) સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, નિરીક્ષક, પ્રમાણિત શાળા, વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા પરનો અથવા તેને સમકક્ષ જગા પરનો સરકાર અથવા સ્થાનિક મંડળો અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાં સામાજિક કાર્યનો અથવા સામાજિક સેવાનો અથવા સામાજિક વહીવટનો આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે;

(ઘ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ચ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવી પડશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર, ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

એનેક્ષર

(જુઓ નિયમ ૨)

૧. બાળલગ્ન નિયંત્રણ અધિકારી-સહ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી.

૨. મદદનીશ સમાજ સુરક્ષા નિયામક-સહ-મદદનીશ સુધારણા અધિકારી.

૩. ખાસ અધિકારી, વિકલાંગ શિક્ષણ અને કલ્યાણ.

૪. પ્રભારી અધિકારી, ભિક્ષુક આશ્રય કેન્દ્ર

૫. આયોજન અધિકારી.

૬. અધીક્ષક, રાજ્યગૃહ.

૭. અધીક્ષક, ભિક્ષુક ગૃહ.

૮. મહિલા અધીક્ષક, મહિલા ભિક્ષુક ગૃહ.

૯. મહિલા અધીક્ષક, રાજ્યગૃહ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એલ. ભગોરા,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 169

©

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, JUNE 2, 2016/JYAISTHA 12, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી જૂન, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૧૧મી એપ્રિલ, ૨૦૧૬ અને તારીખ : ૧૨મી એપ્રિલ, ૨૦૧૬ના ગુજરાત સરકારના **સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના** સરકારી જાહેરનામા **ક્રમાંક : (૧) જીએચ-એસએચ-૧૧-૨૦૧૬-એમકેએમ-૧૦-૨૦૧૪-૫૪૬૦૦-છ અને (૨) જીએચ-એસએચ-૧૩-૨૦૧૬-એમકેએમ-૧૦૨૦૧૪-૬૯૭૮૮૮-છ** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Child Marriage Prevention OfficerCum District Social Defence Officer, Class II, in the Directorate of Social Defence, Recruitment Rules, 2016.

સમાજ સુરક્ષા નિયામકની કચેરીમાં, બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૧૧મી એપ્રિલ, ૨૦૧૬.

ક્રમાંકઃજીએચ/એસએચ/૧૧/૨૦૧૬/એમકેએમ/૧૦/૨૦૧૪/૫૪૬૦૦/છઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, વર્ગ ૨ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો, સમાજ સુરક્ષા નિયામકની કચેરીમાં, બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો, બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી એટલે આ નિયમો સાથે જોડેલા એનેક્ષર ૧માં સમાવિષ્ટ જગાઓ.

૩. આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો, ચીફ ઓફિસર એટલે આ નિયમો સાથે જોડેલા એનેક્ષર ૨ માં સમાવિષ્ટ જગાઓ.

૪. સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, વર્ગ૨-ની જગા ઉપરની નિમણૂક, જેણે,-

(ક) (૧) સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, ચીફ ઓફિસર, વર્ગ ૩ અને તેની સમકક્ષ જગાના સંવર્ગમાં ઓછામાં ઓછા સાત વર્ષ સુધી કામ કરેલું હોય; અને

(૨) સરકાર ઠરાવે તેવી ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અનેકાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

તારીખ: ૩૧મી માર્ચ, ૨૦૦૬નું નાણા વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૩૩) વીએટી - ૨૦૦૬ / (એસસીએચ-૨) (૪૨ક) (૫) / ઠ.સુધારવા સંબંધી

જાહેરનામું.

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખ: ૨૭મી મે, ૨૦૧૬.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંક: (જીએચએન-૩૫) વીએટી - ૨૦૧૬ - એસસીએચ-૨ (૪૨ક) (૨૪) - ઠ:- ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની અનુસૂચિ ૨ની નોંધ ૪૨ક થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તારીખ: ૩૧મી માર્ચ, ૨૦૦૬નું નાણા વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૩૩) વીએટી - ૨૦૦૬ / (એસસીએચ-૨) / (૪૨ક) (૫) / ઠ. નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક: ૨૪૬ ઉપરની નોંધમાં, કોલમ નંબર ૨માં, બાબત (૨), સન ૨૦૧૬ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી કમી કરવામાં આવશે અને કમી કરવામાં આવી હોવાનું ગણાશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એચ. પાઠક,

સરકારના સંયુક્ત સચિવ.

Extra No. 180

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, JUNE 6, 2016/JYAISTHA 16, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જૂન, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ-ના તારીખ : ૧૨મી મે, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજે/૪/૨૦૧૬/ઈએસટી/૧૧૨૦૧૫/૧૮/૧૧/જી- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Work Assistant, Class III, in the subordinate service of the Roads and Buildings Department, Recruitment Rules, 2016.

માર્ગ અને મકાન વિભાગની તાબાની સેવામાં, કાર્ય મદદનીશ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૧૨મી મે, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જીજે / ૪ / ૨૦૧૬ / ઈએસટી / ૧૧૨૦૧૫ / ૧૮ / ૧૧ / જીઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, કાર્ય મદદનીશ, વર્ગ ૩-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો માર્ગ અને મકાન વિભાગની તાબાની સેવામાં, કાર્ય મદદનીશ, વર્ગ ૩,ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, કાર્ય મદદનીશ, વર્ગ ૩-ની જગા પરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૩ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ઔદ્યોગિક તાલીમ સંસ્થામાંથી સિવિલ ડ્રાફ્ટ્સમેનનો બે વર્ષનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ કરેલો હોવો જોઈશે અને સિવિલ ડ્રાફ્ટ્સમેનના ક્ષેત્રમાંનો અથવા સરકાર અથવા સ્થાનિક મંડળ અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાં સિવિલ ડ્રાફ્ટ્સમેન તરીકેની જગા ગણી શકાય તેવી જગા પરનો આશરે બે વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે;

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯-કની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

રમેશ પટેલ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 181

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, JUNE 6, 2016/JYAISTHA 16, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જૂન, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : **૨૧મી એપ્રિલ, ૨૦૧૬** ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીજી/૩૪/૨૦૧૫/એસકેએલ/૧૦૨૦૧૫/૨૧૧/પી.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification
Regarding
Amendment to the Government Notification, Home Department No. GG-34/2015/SKL/102015/211/P dated the 18/05/2015

ગૃહ વિભાગનું તારીખ ૧૮/૦૫/૨૦૧૫નું સરકારી જાહેરનામું ક્રમાંક. જીજી-૩૪/૨૦૧૫/એસકેએલ/૧૦૨૦૧૫/૨૧૧/પી.સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખ. ૨૧/૦૪/૨૦૧૬.

ગુજરાત ઇન્ફરમેશન ટેકનોલોજી (ઈલેક્ટ્રોનિક સર્વિસ ડિલિવરી) અંગેના નિયમો, ૨૦૧૪.

ક્રમાંક.જીજી/૩૪/૨૦૧૫/એસકેએલ/૧૦૨૦૧૫/૨૧૧/પી:- ગુજરાતના ઇન્ફરમેશન ટેકનોલોજી (ઈલેક્ટ્રોનિક સર્વિસ ડિલિવરી) અંગેના નિયમો, ૨૦૧૪ના નિયમ ૪ના પેટા-નિયમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ ૧૮/૦૫/૨૦૧૫નું સરકારી જાહેરનામું ક્રમાંક. જીજી-૩૪/૨૦૧૫/એસકેએલ/૧૦૨૦૧૫/૨૧૧/પી. નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામામાં, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ તંત્રને લગતી અનુસૂચિ-૪માં, અનુક્રમાંક ૧ પરની નોંધ કમી કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

નયના પટેલ,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

Extra No. 182

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, JUNE 6, 2016/JYAISTHA 16, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જૂન, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : **૭મી એપ્રિલ, ૨૦૧૬** ગુજરાત સરકારના **માહિતી અને પ્રસારણ વિભાગના** સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચટી/૨૦૧૬/૧૦/એમએનઆર-૧૦૨૦૧૬/૪૬/એ.**નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

૩. માલિકે, તમામ વાજબી સમયે મનોરંજન સ્થળની તપાસ માટે તમામ સુવિધાઓ પૂરી પાડવી જોઇશે અને વ્યવસાયને લગતાં હિસાબો અને દસ્તાવેજો તપાસ માટે રજૂ કરવા જોઇશે અને આ અર્થે સત્તા આપેલી હોય તેવા કોઇ અધિકારી, અધિનિયમ અને નિયમોના હેતુઓ માટે ફરમાવે તેવી તેમના કબજામાંની તમામ માહિતી સંપૂર્ણપણે અને સાચી રીતે પૂરી પાડવી જોઇશે.

૪. ઠરાવેલા પત્રકો, ઠરાવેલા સમયની અંદર ઠરાવેલ સત્તાધિકારીને મોકલવા જોઇશે.

૫. માલિકને કાઢી આપેલું પ્રમાણપત્ર તબદીલીપાત્ર ગણાશે નહિ.

૬. માલિક, તેના મેનેજરો, નામનિયુકત વ્યકિતઓ, એજન્ટો અથવા નોકરોના તમામ કાર્યો માટે જવાબદાર રહેશે.

૭. માલિકે, તેણે ઉઘરાવેલા તમામ કર ભરવા જોઇશે.

સન ૨૦ .... ના .... મહિનાની .... તારીખે મારા હસ્તાક્ષર અને સીલ હેઠળ આ આપેલ છે.

સ્થળ:–
તારીખ:– (સીલ) જિલ્લા મેજિસ્ટ્રેટ

વિશેષ નોંધ:–

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એલ.પટેલ,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 183

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, JUNE 6, 2016/JYAISTHA 16, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જૂન, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગ-ના તારીખ : ૨જી જૂન, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએન-૩૮) વીવીકે-૧૨૦૩-૧૦૧૭-(પાર્ટ-૧) ઠ ૩નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Commercial Tax Officer, Class-II, Recruitment Rules, 2008.

વાણિજ્યિક વેરા અધિકારી, વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૦૮ સુધારવા સંબંધી જાહેરનામું.

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખઃ ૨જી જૂન, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ (જીએન-૩૮) વીવીકે - ૧૨૦૩ - ૧૦૧૭ - (પાર્ટ-૧) - ઠ.૩ઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, વાણિજ્યિક વેરા અધિકારી, વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૦૮ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો વાણિજ્યિક વેરા અધિકારી, વર્ગ-૨, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. વાણિજ્યિક વેરા અધિકારી, વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૦૮માં, નિયમ ૪માં, ખંડ (ક)માં, ''૩૦ વર્ષથી'' એ આંકડા અને શબ્દને બદલે, ''૩૭ વર્ષથી'' એ આંકડા અને શબ્દ મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એચ. પંડ્યા,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

ra No. 184

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, JUNE 7, 2016/JYAISTHA 17, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી જૂન, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ-ના તારીખ : ૧૧મી એપ્રિલ, ૨૦૧૬**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચ-એસએચ-૯-૨૦૧૬-એમકેએમ-૧૦૨૦૧૪-૩૬૨૫૧-છ**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Senior Trained Teacher / Junior Trained Teacher / Language Teacher / Montesory Teacher / Leteracy Teacher, Class III, in the Directorate of Social Defence, Recruitment Rules, 2016.

સમાજ સુરક્ષા નિયામકની કચેરીમાં, સિનિયર ટ્રેઈન્ડ ટીચર/જુનિયર ટ્રેઈન્ડ ટીચર/લેંગ્વેજ ટીચર/મોન્ટેસરી ટીચર/લિટરસિ ટીચર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખ: ૧૧મી એપ્રિલ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંક: જીએચ - એસએચ - ૯ - ૨૦૧૬ - એમકેએમ - ૧૦૨૦૧૪ - ૩૬૨૫૧ - છ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સિનિયર ટ્રેઈન્ડ ટીચર/જુનિયર ટ્રેઈન્ડ ટીચર/લેંગ્વેજ ટીચર/મોન્ટેસરી ટીચર/લિટરસિ ટીચર, વર્ગ ૩-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો સમાજ સુરક્ષા નિયામકની કચેરીમાં, સિનિયર ટ્રેઈન્ડ ટીચર/જુનિયર ટ્રેઈન્ડ ટીચર/લેંગ્વેજ ટીચર/મોન્ટેસરી ટીચર/લિટરસિ ટીચર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. સમાજ સુરક્ષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સિનિયર ટ્રેઈન્ડ ટીચર / જુનિયર ટ્રેઈન્ડ ટીચર /લેંગ્વેજ ટીચર/મોન્ટેસરી ટીચર / લિટરસિ ટીચર, વર્ગ ૩-ની જગા પરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી, ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર અભ્યાસક્રમ પાસ કરેલ હોવો જોઈશે; અને

(૨) સરકારે માન્ય કરેલી શૈક્ષણિક સંસ્થાઓ પૈકી કોઈપણમાંથી, પ્રાથમિક ટીચરનો બે વર્ષનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ પૂર્ણ કરેલ હોવો જોઈશે; અને

(૩) સરકાર ઠરાવે તેવી શિક્ષક યોગ્યતા કસોટી (Teacher Eligibility Test-TET) પાસ કરેલી હોવી જોઈશે.

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯કની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ.એલ. ભગોરા,

સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 185

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, JUNE 7, 2016/JYAISTHA 17, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART -IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭ મી જૂન, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ-ના તારીખ : ૧૫મી માર્ચ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા (૧) ક્રમાંક : જીએચએસ-૨૦૧૬-૩૯-એસબીઈ-૧૦૨૦૧૦-૯૧૫૮૦૪/એમ. (૧) અને (૨) ક્રમાંક : જીએચએસ-૨૦૧૬-૪૦-એસબીઈ-૧૦૨૦૧૦-૯૧૫૮૦૪-એમ-(૧).-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Senior Technical Assistant, Class-III, (Directorate of Boilers) Recruitment Rules, 2011.

સિનિયર ટેકનિકલ આસિસ્ટન્ટ (સિનિયર તકનિકી મદદનીશ), વર્ગ -૩,(બોઈલર નિયામકની કચેરી) ભરતી નિયમો, ૨૦૧૧ સુધારવા સંબંધી

જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખ: ૧૫મી માર્ચ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃજીએચએસ -૨૦૧૬ -૩૯- એસબીઈ-૧૦૨૦૧૦ - ૯૧૫૮૦૪/ એમ(૧):-ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ,ગુજરાતના રાજ્યપાલ, આથી, સિનિયર ટેકનિકલ આસિસ્ટન્ટ(સિનિયર તકનિકી મદદનીશ),વર્ગ ૩,(બોઈલર નિયામકની કચેરી) ભરતી નિયમો, ૨૦૧૧ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો સિનિયર ટેકનિકલ આસિસ્ટન્ટ(સિનિયર તકનિકી મદદનીશ),વર્ગ ૩, (બોઈલર નિયામકની કચેરી) ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬કહેવાશે.

૨. સિનિયર ટેકનિકલ આસિસ્ટન્ટ(સિનિયર તકનિકી મદદનીશ),વર્ગ ૩,(બોઈલર નિયામકની કચેરી) ભરતી નિયમો, ૨૦૧૧ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩-ના પેટા-નિયમ (ક)માં, "૩૦ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૩૫ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

"ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક-ની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે."

૪. સદરહુ નિયમોમાં, નિયમો ૫ અને ૬ કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એચ. વસાવા,

સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Junior Technical Assistant, Class III, (Directorate of Boilers) Recruitment Rules, 2011.

જુનિયર ટેકનિકલ આસિસ્ટન્ટ (જુનિયર તકનિકી મદદનીશ), વર્ગ ૩,(બોઈલર નિયામકની કચેરી) ભરતી નિયમો, ૨૦૧૧ સુધારવા સંબંધી

જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખ: ૧૫મી માર્ચ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃજીએચએસ -૨૦૧૬ -૪૦- એસબીઈ-૧૦૨૦૧૦ - ૯૧૫૮૦૪/ એમ(૧):-ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ,ગુજરાતના રાજ્યપાલ, આથી, જુનિયર ટેકનિકલ આસિસ્ટન્ટ (જુનિયર તકનિકી મદદનીશ), વર્ગ ૩,(બોઈલર નિયામકની કચેરી) ભરતી નિયમો, ૨૦૧૧ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો જુનિયર ટેકનિકલ આસિસ્ટન્ટ (જુનિયર તકનિકી મદદનીશ),વર્ગ ૩, (બોઈલર નિયામકની કચેરી) ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. જુનિયર ટેકનિકલ આસિસ્ટન્ટ(જુનિયર તકનિકી મદદનીશ),વર્ગ ૩,(બોઈલર નિયામકની કચેરી) ભરતી નિયમો, ૨૦૧૧ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩-ના પેટા-નિયમ (ક)માં, "૩૦ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૩૫ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪ ને બદલે, નીચેનો નિયમ મૂકવો:-

"ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક-ની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે."

૪. સદરહુ નિયમોમાં, નિયમો ૫ અને ૬ કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
આર. એચ. વસાવા,
સરકારના નાયબ સચિવ.

Extra No. 186

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, JUNE 7, 2016/JYAISTHA 17, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭ મી જૂન, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ-ના તારીખ : ૧૩મી મે, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૨૦૧૬નો ૧૦૩-એનપીએલ-૧૧૨૦૧૧-૫૨૮૯-૨-આર-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification
Regarding
Amendment to the Municipal Accountant, Class III, Recruitment Rules, 2011.
નગરપાલિકા હિસાબનીસ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૧ સુધારવા સંબંધી જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર. તારીખઃ ૧૩/૦૫/૨૦૧૬.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક : કેવી/૨૦૧૬નો ૧૦૩/એનપીએલ/૧૧૨૦૧૧-૫૨૮૯-૨/આર:-ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) ની કલમ ૪૭ક-ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નગરપાલિકા હિસાબનીસ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૧ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો નગરપાલિકા હિસાબનીસ, વર્ગ ૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. નગરપાલિકા હિસાબનીસ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૧ (જેનો આમાં હવે પછી,''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ ૪માં, ખંડ (ક)માં, ''૩૦ વર્ષથી'' એ આંકડા અને શબ્દ ને બદલે, ''૩૭ વર્ષથી'' એ આંકડા અને શબ્દ મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૫ને બદલે, નીચેનો નિયમ મૂકવોઃ-

''૫. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯કની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.''.

૪. સદરહુ નિયમોમાં, નિયમો ૬ થી ૮ કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. વી. શાહ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 187

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, JUNE 8, 2016/JYAISTHA 18, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી જૂન, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ-ના તારીખ : ૧૩મી એપ્રિલ, ૨૦૧૬ના** સરકારી જાહેરનામા ક્રમાંક : **જીએસટી/૦૫/૨૦૧૬/ડીઆઈટી/૧૦/૨૦૧૫/સંયુક્ત નિયામક/આઈટી-નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Joint Director of IT, Class-I, in the General State Services, under the Directorate of Information and Communication Technology and e-Governance, Recruitment Rules, 2016.

ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, સંયુક્ત આઈટી નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૩મી એપ્રિલ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીએસટી/૦૫/૨૦૧૬/ડીઆઈટી/૧૦/૨૦૧૫/સંયુક્ત નિયામક/આઈટી:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, સંયુક્ત આઈટી નિયામક, વર્ગ-૧-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, સંયુક્ત આઈટી નિયામક, વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, સંયુક્ત આઈટી નિયામક, વર્ગ-૧-ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ આઈટી નિયામક, વર્ગ-૧-ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર, સિનિયોરિટિ (પ્રવરતા)ને લક્ષમાં લીધા સિવાય, વિચારણા વિસ્તારની અંદરથી પસંદગીના સિદ્ધાંતને આધારે બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે:

વધુમાં, સરકાર, બઢતીના કોટા (Quota) (નિયત હિસ્સો)ની સામે, નિયમ ૩માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતી વ્યક્તિની, ગુજરાત જાહેર સેવા આયોગ સાથે વિચારવિનિયમ કરીને, વધુમાં વધુ પાંચ વર્ષ માટે, કરાર આધારિત નિમણૂક કરી શકશે; અથવા

(ખ) જગા માટે ઉમેદવાર ઉપલબ્ધ ન થાય, ત્યાં સુધી, કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશનમાં કામ કરતી અને નિયમ ૩માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી પ્રતિનિયુક્તિને આધારે કામચલાઉ (હંગામી) બદલીથી કરવી જોઈશે; અથવા

(ગ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૪૭ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય-મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી લાગુ પડશે નહિ.

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી બેચલર ઓફ એન્જિનિયરીંગ અથવા બેચલર ઓફ ટેક્નોલોજિ ઈન ઈન્ફર્મેશન ટેક્નોલોજિ અથવા કોમ્પ્યુટર સાયન્સ અથવા કોમ્પ્યુટર એન્જિનિયરીંગ અથવા ઈલેક્ટ્રોનિક્સ અથવા ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કમ્યુનિકેશન અથવા કોમ્પ્યુટર ટેક્નોલોજિની પદવી અથવા માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન અથવા માસ્ટર ઓફ સાયન્સ (આઈટી)ની પદવી ધરાવતો હોવો જોઈશે; અને

(૨) સરકારના કોઈ સંગઠન અથવા સ્થાનિક મંડળ અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી અને ₹ ૧૦૦ કરોડ અથવા તેથી વધુ વાર્ષિક ટર્નઓવર ધરાવતી કંપનીમાં કોમ્પ્યુટર ટેક્નોલોજિ અથવા કમ્યુનિકેશન ટેક્નોલોજિ અથવા ઈન્ફર્મેશન ટેક્નોલોજિના ક્ષેત્રમાં આશરે પંદર વર્ષનો કુલ અનુભવ ધરાવતો હોવો જોઈશે; અને

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

મનોજ વાઘ,
સેકશન અધિકારી,
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 188

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, JUNE 8, 2016/JYAISTHA 18, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી જૂન, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ-ના તારીખ : ૧૩મી એપ્રિલ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએસટી/૦૪/૨૦૧૬/ડીઆઈટી/૧૦/૨૦૧૫/નાયબ નિયામક/આઈટી-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Deputy Director of IT, Class-I, in the General State Services, under the Directorate of Information and Communication Technology and e-Governance, Recruitment Rules, 2016.

ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ આઈટી નિયામક, વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૧૩મી એપ્રિલ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જીએસટી / ૦૪ / ૨૦૧૬ / ડીઆઈટી / ૧૦ / ૨૦૧૫ / નાયબ નિયામક / આઈટીઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ આઈટી નિયામક, વર્ગ-૧-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ આઈટી નિયામક, વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ આઈટી નિયામક, વર્ગ-૧-ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ આઈટી નિયામક, વર્ગ-૧-ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય;

(૨) સરકારે ઠરાવેલી ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, વિચારણા વિસ્તારની અંદરથી, બઢતી માટે યોગ્ય જણાતી ''ખૂબ સારા''-નો આધારચિહ્ન ધરાવતી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

વધુમાં, સરકાર, બઢતીના કોટા (Quota) (નિયત હિસ્સો)ની સામે, નિયમ જમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતી વ્યક્તિની, ગુજરાત જાહેર સેવા આયોગ સાથે વિચારવિનિયમ કરીને, વધુમાં વધુ એક વર્ષ માટે, કરાર આધારિત નિમણૂક કરી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે; અથવા

(ગ) જગા માટે ઉમેદવાર ઉપલબ્ધ ન થાય, ત્યાં સુધી, કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશનમાં કામ કરતી અને નિયમ જમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી પ્રતિનિયુક્તિને આધારે કામચલાઉ (હંગામી) બદલીથી કરવી જોઈશે.

INDEX

૩. સીધી પસંદગી અને બઢતીથી કરવાની નિમણૂકો અનુક્રમે ૧:૨ના પ્રમાણમાં કરવામાં આવશે.

૪. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૪૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિઃ

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશેઃ

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય-મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી લાગુ પડશે નહિ.

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી બેચલર ઓફ એન્જિનિયરીંગ અથવા બેચલર ઓફ ટેક્નોલોજિ ઈન ઈન્ફર્મેશન ટેક્નોલોજિ અથવા કોમ્પ્યુટર સાયન્સ અથવા કોમ્પ્યુટર એન્જિનિયરીંગ અથવા ઈલેક્ટ્રોનિક્સ અથવા ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કમ્યુનિકેશન અથવા કોમ્પ્યુટર ટેક્નોલોજિની પદવી અથવા માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન અથવા માસ્ટર ઓફ સાયન્સ (આઈટી)ની પદવી ધરાવતો હોવો જોઈશે; અને

(૨) સરકારના કોઈ સંગઠન અથવા સ્થાનિક મંડળ અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી અને રૂ. ૫૦ કરોડ અથવા તેથી વધુ વાર્ષિક ટર્નઓવર ધરાવતી કંપનીમાં કોમ્પ્યુટર ટેક્નોલોજિ અથવા કમ્યુનિકેશન ટેક્નોલોજિ અથવા ઈન્ફર્મેશન ટેક્નોલોજિના ક્ષેત્રમાં આશરે દસ વર્ષનો કુલ અનુભવ ધરાવતો હોવો જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૧. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

મનોજ વાઘ,
સેકશન અધિકારી,
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 189

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

સત્યમેવ જયતે

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, JUNE 9, 2016/JYAISTHA 19, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી જૂન, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તારીખ : ૯મી મે, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ/૨૦૧૬/૫૦/બીઆરટી/૧૦૨૦૦૭/૨૬૨૬/ડી. ૧-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Industries Officer (Technical) and Manager (Raw Materials), Class II, Recruitment Rules, 2010.

ઉદ્યોગ અધિકારી (ટેકનિકલ) અને વ્યવસ્થાપક (કાચો માલ), વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૦ સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખઃ ૯મી મે, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃજીયુ/૨૦૧૬/૫૦/બીઆરટી/૧૦૨૦૦૭/૨૬૨૬/ ડી-૧:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ ગુજરાતના રાજ્યપાલ, આથી, ઉદ્યોગ અધિકારી (ટેકનિકલ) અને વ્યવસ્થાપક (કાચો માલ), વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ઉદ્યોગ અધિકારી (ટેકનિકલ) અને વ્યવસ્થાપક (કાચો માલ), વર્ગ-૨, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ઉદ્યોગ અધિકારી (ટેકનિકલ) અને વ્યવસ્થાપક (કાચો માલ), વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૦માં, નિયમ ૪માં, ખંડ (ક)માં,

(૧) "૩૩ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૩૮ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા;

(૨) વિદ્યમાન પરંતુક પછી, નીચેનો પરંતુક દાખલ કરવો:-

"વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય-મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી લાગુ પડશે નહિ;".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એસ. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 190

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, JUNE 10, 2016/JYAISTHA 20, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જૂન, ૨૦૧૬.

તારીખ : ૧૦મી જૂન, ૨૦૧૬ ગુજરાત રાજપત્ર, (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૬ના ગુજરાત વટહુકમ ક્રમાંક : ૨નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૦મી જૂન, ૨૦૧૬.

GUJARAT ORDINANCE NO. 2 OF 2016.

AN ORDINANCE

further to amend the Gujarat Professional Medical Educational Colleges or Institutions (Regulation of Admission and Fixation of Fees) Act, 2007.

સન ૨૦૧૬નો ગુજરાત વટહુકમ ક્રમાંક : ૨ .

ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ વધુ સુધારવા બાબત વટહુકમ.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી;

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઈ છે કે ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ સુધારવા માટે તાત્કાલિક પગલું લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૩ના ખંડ (૧)થી(તેમને) મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને પ્રસિદ્ધ કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ.- (૧) આ વટહુકમ ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વટહુકમ, ૨૦૧૬ કહેવાશે.

INDEX

(૨) તે તરત જ અમલમાં આવશે.

૨. સન ૨૦૦૮નો ગુજરાતનો ૩જો અધિનિયમ હંગામી રીતે સુધારવા બાબત.- આ વટહુકમના અમલની મુદત દરમિયાન, ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે), કલમો ૩ અને ૪માં નિર્દિષ્ટ કરેલા સુધારાને અધીન રહીને અમલમાં રહેશે.

સન ૨૦૦ ગુજ ૩જો

૩. સન ૨૦૦૮ના ગુજરાતના ૩જા અધિનિયમની કલમ ૨નો સુધારો.-મુખ્ય અધિનિયમમાં, કલમ ૨માં,-

(૧) ખંડ (ઝ)માં, "પંદર ટકા બિન-નિવાસી ભારતીયો માટેની બેઠકો સહિતની" એ શબ્દો કમી કરવા;

(૨) ખંડ (ટ) કમી કરવો.

૪. સન ૨૦૦૮ના ગુજરાતના ૩જા અધિનિયમની કલમ ૬નો સુધારો.-મુખ્ય અધિનિયમમાં, કલમ ૬માં, ખંડ (૨)માં, તેનો બીજો પરંતુક કમી કરવો.

નિવેદન

ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭થી, વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં પ્રવેશ આપવાના હેતુ માટે, પંચોતેર ટકા સરકારી બેઠકો અને પંદર ટકા બિન-નિવાસી ભારતીયો (એન.આર.આઇ.) માટેની બેઠકો સહિત સંચાલક મંડળ પાસે પચીસ ટકા બેઠકોની જોગવાઇ કરી છે.

ઘણા સમયથી એવું અનુભવાયેલ છે કે એન.આર.આઇ.નીબેઠકોને સંબંધિત છે તેટલે સુધી, સદરહુ બેઠકોનો લાભ એન.આર.આઇ. દ્વારા સંપૂર્ણપણે લેવામાં આવતો નથી અને તે બેઠકો પૈકીની મોટા ભાગની બેઠકો, આવા એન.આર.આઇ. દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા હોય તેવા વિદ્યાર્થીઓ દ્વારા ભરવામાં આવે છે. એ પ્રમાણે એવું જણાય છે કે જે હેતુ માટે એન.આર.આઇ.ની બેઠકો નિર્ધારિત કરવામાં આવી છે તે હેતુ સંપૂર્ણપણે પાર પડયો નથી. વળી, એવું પણ અનુભવાયેલ છે કે જેઓ એન.આર.આઇ.ની બેઠકો ઉપર પોતાનો અભ્યાસક્રમ પૂરો કરતા હોય તેવા વિદ્યાર્થીઓ, જયાં તબીબોની તીવ્ર ખેંચ હોય તેવા રાજયના ગ્રામીણ વિસ્તારોમાં સેવા કરવા માટે રોકાતા નથી. એ પ્રમાણે, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે વધુ બેઠકો ઉપલભ્ય બને અને રાજયના ગ્રામીણ વિસ્તારોમાં વધારે તબીબોની સેવા મળે એ હેતુથી, વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં એન.આર.આઇ.ની બેઠકો નાબૂદ કરવાનું જરૂરી જણાયું છે. તેથી, એન.આર.આઇ.નીબેઠકોને લગતી સંબંધિત જોગવાઇઓને, તે હેતુ સિદ્ધ કરવા માટે કમી કરવામાં આવે છે.

ગુજરાત રાજયની વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા માટે આ વટહુકમ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

તારીખ: ૮મી જૂન,૨૦૧૬.

ઓ.પી.કોહલી,
ગુજરાતના રાજયપાલ.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,
જે.પી.ગુપ્તા,
સરકારના અગ્ર સચિવ.

Extra No. 191

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, JUNE 10, 2016/JYAISTHA 20, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જૂન, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ-ના તારીખઃ ૧૨મી એપ્રિલ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએસટી /૦૩/૨૦૧૬/ડીઆઈટી/૧૦/૨૦૧૫/નિયામક/આઈટી-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Director of IT and e-Governance, Class-I, in the General State Services, under the Directorate of Information and Communication Technology and e-Governance, Recruitment Rules, 2016.

ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, આઈટી એન્ડ ઈ-ગવર્નન્સ નિયામક, વર્ગ ૧,

ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૧૨મી એપ્રિલ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જીએસટી / ૦૩ / ૨૦૧૬ / ડીઆઈટી / ૧૦ / ૨૦૧૫ / નિયામક / આઈટીઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, આઈટી એન્ડ ઈ-ગવર્નન્સ નિયામક, વર્ગ-૧-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, આઈટી એન્ડ ઈ-ગવર્નન્સ નિયામક, વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, આઈટી એન્ડ ઈ-ગવર્નન્સ નિયામક, વર્ગ-૧-ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, સંયુક્ત આઈટી નિયામક, વર્ગ-૧-ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર, સિનિયોરિટિ (પ્રવરતા)ને લક્ષમાં લીધા સિવાય, વિચારણા વિસ્તારની અંદરથી પસંદગીના સિદ્ધાંતને આધારે બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશેઃ

વધુમાં, સરકાર, બઢતીના કોટા (Quota) (નિયત હિસ્સો)ની સામે, નિયમ જમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતી વ્યક્તિની, ગુજરાત જાહેર સેવા આયોગ સાથે વિચારવિનિયમ કરીને, વધુમાં વધુ પાંચ વર્ષ માટે, કરાર આધારિત નિમણૂક કરી શકશે; અથવા

(ખ) જગા માટે ઉમેદવાર ઉપલબ્ધ ન થાય, ત્યાં સુધી, કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશનમાં કામ કરતી અને નિયમ જમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી પ્રતિનિયુક્તિને આધારે કામચલાઉ (હંગામી) બદલીથી કરવી જોઈશે; અથવા

INDEX

(ગ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૫૦ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે.

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી બેચલર ઓફ એન્જિનિયરીંગ અથવા બેચલર ઓફ ટેક્નોલોજિ ઈન ઈન્ફર્મેશન ટેક્નોલોજિ અથવા કોમ્પ્યુટર સાયન્સ અથવા કોમ્પ્યુટર એન્જિનિયરીંગ અથવા ઈલેક્ટ્રોનિક્સ અથવા ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કમ્યુનિકેશન અથવા કોમ્પ્યુટર ટેક્નોલોજિની પદવી અથવા માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન અથવા માસ્ટર ઓફ સાયન્સ (આઈટી)ની પદવી ધરાવતો હોવો જોઈશે; અને

(૨) સરકારના કોઈ સંગઠન અથવા સ્થાનિક મંડળ અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી અને રૂ. ૧૦૦ કરોડ અથવા તેથી વધુ વાર્ષિક ટર્નઓવર ધરાવતી કંપનીમાં કોમ્પ્યુટર ટેક્નોલોજિ અથવા કમ્યુનિકેશન ટેક્નોલોજિ અથવા ઈન્ફર્મેશન ટેક્નોલોજિના ક્ષેત્રમાં આશરે વીસ વર્ષનો કુલ અનુભવ ધરાવતો હોવો જોઈશે; અને

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ચ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

મનોજ વાઘ,
સેક્શન અધિકારી,
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

Extra No. 192

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, JUNE 10, 2016/JYAISTHA 20, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જૂન, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **તારીખ: ૨જી જૂન, ૨૦૧૬**ના ગુજરાત સરકારના **નાણા વિભાગ**-ના સરકારી જાહેરનામા **ક્રમાંક : (જીએન-૪૦) વીવીકે/૧૨૦૯/૫૭૯/ઠ.૩**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Accounts Services, Class II and the Gujarat Commercial Tax Services, Class II, Combined Competitive Examination Rules, 2013.

ગુજરાત હિસાબી સેવા, વર્ગ-૨ અને ગુજરાત વાણિજ્યિક વેરા સેવા, વર્ગ-૨, સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૩
સુધારવા સંબંધી
જાહેરનામું.

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૨જી જૂન, ૨૦૧૬.

ક્રમાંકઃ (જીએન-૪૦) વીવીકિ/૧૨૦૯/૫૭૯/ઠ૩:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત હિસાબી સેવા, વર્ગ-૨ અને ગુજરાત વાણિજ્યિક વેરા સેવા, વર્ગ-૨, સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૩ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત હિસાબી સેવા, વર્ગ-૨ અને ગુજરાત વાણિજ્યિક વેરા સેવા, વર્ગ-૨, સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા (દ્વિતીય સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત હિસાબી સેવા, વર્ગ-૨ અને ગુજરાત વાણિજ્યિક વેરા સેવા, વર્ગ-૨, સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૩માં, નિયમ ૧૧માં, "**૩૦ વર્ષ**" એ આંકડા અને શબ્દને બદલે, "**૩૭ વર્ષ**" એ આંકડા અને શબ્દ મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એચ.પંડ્યા,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 193

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, JUNE 10, 2016/JYAISTHA 20, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જૂન, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગ-ના તારીખઃ ૩૧મી મે, ૨૦૧૬ના** સરકારી જાહેરનામા **ક્રમાંક : (જીએચએન-૩૬) વીએઆર-૨૦૧૬(૩૯)/ઠ-નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
Amendment to The Gujarat Value Added Tax Rules, 2006.
ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ સુધારવા સંબંધી
જાહેરનામું.

નાણા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર. ૩૧મી મે, ૨૦૧૬.

ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંક: (જીએચએન-૩૬) વીએઆર-૨૦૧૬ (૩૯)/૬.- ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૯૮ની પેટા-કલમ (૪)ના પરંતુક હેઠળ નિયમો કરવા અને તેની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલાં લેવાનું તેને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૯૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા (તૃતીય સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૫-માં,

(૧) પેટા-નિયમ (૧)માં,-

(૧) "રજિસ્ટર કરનાર સત્તાધિકારીને નમૂના ૧૦૧ની સાથે જોડેલા નમૂના સહિતના નમૂના ૧૦૧માં, નીચેના દસ્તાવેજોની પ્રમાણિત નકલો સહિત અરજી કરવી જોઇશે" એ શબ્દોને બદલે, "નમૂના ૧૦૧ની સાથે જોડેલા નમૂના સહિતના નમૂના ૧૦૧માં અરજી કરવી જોઇશે અને તે અરજી, યોગ્ય રીતે સહી કરેલા નમૂના ૧૦૧ની સાથે જોડેલા નમૂના સહિતના નમૂના ૧૦૧ની સ્કેન કરેલી નકલો અને નીચેના દસ્તાવેજોની સ્કેન કરેલી નકલો સહિત, વેબસાઇટ ઉપર અપલોડ કરવી જોઇશે" એ શબ્દો મૂકવા.

(૨) ખંડ (ગ) માં, પેટા-ખંડ (૩) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

"ભાડાની જગ્યાના કિસ્સામાં, યોગ્ય રીતે કરેલો કરાર અથવા પટા ખત (ભાડાની જગ્યાના માલિકને, સ્ટેમ્પ ડ્યૂટીના સબ-રજિસ્ટ્રારે (પેટા-નોંધણી અધિકારીએ) કાઢી આપેલ મિલકત કાર્ડ અથવા મિલકત વેરાના છેલ્લા વર્ષના બિલની નકલ અથવા ઇન્ડેક્ષ-૨-ની છેલ્લામાં છેલ્લી નકલ જોડવી જોઇશે.)"

(૩) ખંડ (ઘ) માં, પેટા-ખંડ (૨) પછી, નીચેનો પેટા-ખંડ ઉમેરવો:-

" (૩) ખાનગી અથવા પબ્લિક લિમિટેડ કંપનીના કિસ્સામાં, કંપનીના રજિસ્ટ્રાર (નોંધણી અધિકારી) પાસેથી મેળવેલ નિયામક ઓળખ ક્રમાંક(DIN) ની નકલ.".

(૪) ખંડ (ચ) કમી કરવો.

(૨) પેટા-નિયમ (૧૧) માં,-

(૧) "જમા" એ શબ્દ પહેલાં, " ઇ-પેમેન્ટ (ચુકવણી)થી" એ શબ્દો દાખલ કરવા.

(૨) "સરકારી તિજોરીમાં રૂપિયા દસ હજારની રકમ" એ શબ્દો પછી, " અને અધિનિયમની કલમ ૨૨ હેઠળ રજિસ્ટ્રેશન માટે અરજી કરી હોય, તો રૂપિયા પચીસ હજારની રકમ" એ શબ્દો અને આંકડા મૂકવા.

(૩) પેટા-નિયમ (૧૩)માં, " અરજી મળ્યાની તારીખથી કામકાજના ત્રણ દિવસની અંદર" એ શબ્દોને બદલે, " જરૂરી દસ્તાવેજો સહિત વેબસાઇટ ઉપર અરજી અપલોડ કર્યાના ચોવીસ કલાકની અંદર" એ શબ્દો મૂકવા.

(૪) પેટા-નિયમ (૧૪) ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

"(૧૪) આવા વેપારીને કામચલાઉ રજિસ્ટ્રેશન નંબર આપ્યા પછી, પછીની ખરાઇની કાર્યરીતિ કરવામાં આવશે, જેમાં અરજદારે યોગ્ય રીતે સહી કરેલા જરૂરી દસ્તાવેજોની હાર્ડ કોપી (નકલો) તેની પાસેથી મેળવવામાં આવશે અને પછીની ખરાઇ કરનાર અધિકારી દ્વારા તેને પ્રમાણિત કરવામાં આવશે. રજિસ્ટર કરનાર સત્તાધિકારીને ખાતરી થાય, તો પછીની ખરાઇ પૂર્ણ થયા પછી, કામકાજના અડતાળીસ કલાકની અંદર કામચલાઉ રજિસ્ટ્રેશન નંબરને કાયમી રજિસ્ટ્રેશનમાં રૂપાંતરિત કરતું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કાઢી આપવામાં આવશે. ".

(૫) પેટા–નિયમ (૧૫) ને બદલે, નીચેનો પેટા–નિયમ મૂકવો:–

" (૧૫) (ક) પછીની ખરાઇની કાર્યરીતિ દરમિયાન, રજિસ્ટર કરનાર સત્તાધિકારીને, વેપારીએ પૂરી પાડેલી કોઇપણ વિગત અંગે ખાતરી ન થાય, તો તેણે (રજિસ્ટર કરનાર સત્તાધિકારીએ), અરજી વેબસાઇટ ઉપર અપલોડ કરવામાં આવ્યાની તારીખથી ત્રણ કામકાજના દિવસની અંદર, વેપારીને, આવી જાણ કરવામાં આવ્યેથી સાત દિવસની અંદર વેપારીને કરવામાં આવેલી તપાસ અંગે પૂર્તતા કરવા અંગેની તક આપવી જોઇશે. રજિસ્ટર કરનાર સત્તાધિકારીને વેપારીએ પૂરી પાડેલી પૂર્તતા અંગે ખાતરી થાય, તો આવી પૂર્તતા કરવામાં આવ્યાની તારીખથી એક દિવસની અંદર કામચલાઉ રજિસ્ટ્રેશન નંબરને કાયમી રજિસ્ટ્રેશનમાં રૂપાંતરિત કરતું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કાઢી આપવામાં આવશે.

(ખ) રજિસ્ટર કરનાર સત્તાધિકારીને વેપારીએ પૂરી પાડેલી પૂર્તતા અંગે ખાતરી ન થાય, તો તેમણે આવી પૂર્તતા કર્યાની તારીખથી સાત દિવસની અંદર, વેપારીને કાયમી રજિસ્ટ્રેશનની નામંજૂરી વિશે જાણ કરવી જોઇશે અને અગાઉ આપવામાં આવેલ કામચલાઉ રજિસ્ટ્રેશન નંબર, તે અમલમાં આવ્યાની તારીખથી રદ થયેલો હોવાનું ગણાશે."

(૬) પેટા–નિયમ (૧૬) માં, "અરજી મળ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર" એ શબ્દોને બદલે, " જરૂરી દસ્તાવેજો સહિત વેબસાઇટ ઉપર અરજી અપલોડ કર્યાની તારીખથી અગિયાર દિવસની અંદર" એ શબ્દો મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૬ક કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ગુણવંત જે. શાહ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 194

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, JUNE 10, 2016/JYAISTHA 20, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જૂન, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ-ના તારીખ: ૧૩મી મે, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી/૨૦૧૬નો ૧૦૨/એનપીએલ/૧૧૨૦૧૧-૫૨૮૯-૧/આર-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Municipal Deputy Accountant, Class III, Recruitment Rules, 2011.

નગરપાલિકા નાયબ હિસાબનીસ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૧ સુધારવા સંબંધી જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૧૩/૦૫/૨૦૧૬.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંકઃ કેવી / ૨૦૧૬નો ૧૦૨ / એનપીએલ / ૧૧૨૦૧૧ - ૫૨૮૯ - ૧ / આરઃ- ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૪૭૬-ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નગરપાલિકા નાયબ હિસાબનીસ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૧ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો નગરપાલિકા નાયબ હિસાબનીસ, વર્ગ ૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. નગરપાલિકા નાયબ હિસાબનીસ, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૧ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૪માં, ખંડ (ક)માં, ''૨૮ વર્ષથી'' એ આંકડા અને શબ્દને બદલે, ''૩૫ વર્ષથી'' એ આંકડા અને શબ્દ મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૫ને બદલે, નીચેનો નિયમ મૂકવોઃ-

''૫. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯કની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.''.

૪. સદરહુ નિયમોમાં, નિયમો ૬ થી ૮ કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. વી. શાહ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

xtra No. 195

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, JUNE 14, 2016/JYAISTHA 24, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી જૂન, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ - ના તારીખઃ ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૬ ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીયુ/૨૦૧૬/૨૮/બીઆરટી/૧૦૨૦૧૪/૧૦૩૪/ડી-૨ - નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Technical Assistant, Class-III , in the subordinate service of Commissionerate of Cottage and Rural Industries, Recruitment Rules, 2016.

કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરીની તાબાની સેવામાં, ટેકનિકલ આસિસ્ટન્ટ (તકનિકી મદદનીશ), વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીયુ/૨૦૧૬/૨૮/બીઆરટી/૧૦૨૦૧૪/૧૦૩૪/ડી-૨:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય- ની તાબાની સેવામાં ટેકનિકલ આસિસ્ટન્ટ (તકનિકી મદદનીશ), વર્ગ ૩, ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરીની તાબાની સેવામાં ટેકનિકલ આસિસ્ટન્ટ (તકનિકી મદદનીશ), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની કચેરીની તાબાની સેવામાં ટેકનિકલ આસિસ્ટન્ટ (તકનિકી મદદનીશ), વર્ગ ૩ની જગા ઉપરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર, અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ ઓટોમોબાઇલ અથવા કેમિકલ અથવા કોમ્પ્યુટર અથવા ઇલેક્ટ્રિકલ એન્ડ ઇલેક્ટ્રોનિક્સ અથવા ઇલેક્ટ્રિકલ અથવા ઇન્ફોર્મેશન ટેકનોલોજી અથવા ઇન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ અથવા મિકેનિકલ અથવા મેકાટ્રોનિક્સ અથવા મેટેલર્જી અથવા પ્લાસ્ટિક ટેકનોલોજી અથવા પાવર ઇલેક્ટ્રોનિક્સ અથવા ટેક્સટાઇલ પ્રોસેસિંગ ટેકનોલોજી અથવા ટેક્સટાઇલ મેન્યુફેકચરિંગ ટેકનોલોજીમાં એન્જિનિયરિંગની પદવી ધરાવતો હોવો જોઈશે; અથવા

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ ઓટોમોબાઇલ અથવા કેમિકલ અથવા કોમ્પ્યુટર અથવા ઇલેક્ટ્રિકલ એન્ડ ઇલેક્ટ્રોનિક્સ અથવા ઇલેક્ટ્રિકલ અથવા ઇન્ફોર્મેશન ટેકનોલોજી અથવા ઇન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ અથવા મિકેનિકલ અથવા મેકાટ્રોનિક્સ અથવા મેટેલર્જી અથવા પ્લાસ્ટિક ટેકનોલોજી અથવા પાવર

ઇલેક્ટ્રોનિક્સ અથવા ટેક્સટાઇલ પ્રોસેસિંગ ટેકનોલોજી અથવા ટેક્સટાઇલ મેન્યુફેકચરિંગ ટેકનોલોજીમાં એન્જિનિયરિંગનો ડિપ્લોમા ધરાવતો હોવો જોઇશે અને સરકારમાં અથવા સ્થાનિક સત્તામંડળો અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાં સંબંધિત વેપાર (ટ્રેડ)નો આશરે બે વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯૬-ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. બી. મુનિ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 196

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, JUNE 14, 2016/JYAISTHA 24, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી જૂન, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૨૧મી માર્ચ, ૨૦૧૬ના ગુજરાત સરકારના **મહેસૂલ** વિભાગના જાહેરનામા **ક્રમાંક : જીએચએમ-૨૦૧૬-એમ-૧૦૧-એસટીપી-૧૨૨૦૧૫-૪૮૬૪-એચ-૧-નો** ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Gujarat Stamp (Determination of Market Value of Property) Rules, 1984.

ગુજરાત સ્ટેમ્પ (મિલકતની બજાર કિંમત નક્કી કરવા બાબત) નિયમો, ૧૯૮૪ સુધારવા સંબંધી જાહેરનામું.

મહેસૂલ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી માર્ચ, ૨૦૧૬.

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક: જીએચએમ-૨૦૧૬-એમ-૧૦૧-એસટીપી-૧૨૨૦૧૫-૪૮૬૪-એચ.૧:- ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઇના ૬૦મા)ની કલમ ૩૨ ક સાથે વાંચતા કલમ ૭૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત સ્ટેમ્પ (મિલકતની બજાર કિંમત નક્કી કરવા બાબત) નિયમો, ૧૯૮૪ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત સ્ટેમ્પ (મિલકતની બજાર કિંમત નક્કી કરવા બાબત) (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત સ્ટેમ્પ (મિલકતની બજાર કિંમત નક્કી કરવા બાબત) નિયમો, ૧૯૮૪ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૪ પછી, નીચેનો નવો નિયમ ૫ દાખલ કરવો:-

"૫. સ્થાવર મિલકતનું વાર્ષિક દર પત્રક:

(૧) સુપરિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ્સ અને નોંધણી મહાનિરીક્ષકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર-એ, દરેક જિલ્લાના ડેપ્યુટી કલેક્ટર, સ્ટેમ્પ ડ્યૂટી વેલ્યુએશન ઓર્ગેનાઇઝેશનની કચેરીની અને સરકાર દ્વારા વખતોવખત નીમવામાં આવે તેવા અન્ય અધિકારીઓની સહાયથી દરેક તહસીલ/ તાલુકાના, મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા સ્થાનિક મંડળના વિસ્તારમાં આવેલી જમીનો અને મકાનોના સરેરાશ દર દર્શાવતું વાર્ષિક દર પત્રક તૈયાર કરવું જોઇશે અને તેને દર વર્ષે મોડામાં મોડી તારીખ ૩૧મી ઓકટોબર સુધીમાં મંજૂરી માટે મહેસૂલ વિભાગ, ગુજરાત રાજ્ય-ને રજૂ કરવું જોઇશે.

(૨) દરેક તહસીલ/તાલુકાના, મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા સ્થાનિક મંડળના વિસ્તારમાં જમીનો અને મકાનોના સરેરાશ દર સંબંધી માહિતી, શક્ય હોય ત્યાં સુધી શહેરી મિલકતોના સંબંધમાં વોર્ડ પ્રમાણે, ઝોન પ્રમાણે અને ગ્રામીણ મિલકતોના સંબંધમાં તાલુકા પ્રમાણે, યથાપ્રસંગ ગામ પ્રમાણે વાર્ષિક દર પત્રકમાં ગોઠવવી જોઇશે. સરેરાશ દરના હેતુ માટે, જમીનનો પ્રકાર,

બાંધકામના પ્રકારો, મિલકતનું સ્થળ અને સ્થિતિલક્ષી લાભો અથવા ગેરલાભોને ધ્યાનમાં લીધા પછી મિલકતોને જૂથ, પેટા-જૂથ અથવા વર્ગોમાં વહેંચી શકાશે. જમીન અને મકાનોના સરેરાશ દરની ગણતરી કરતી વખતે, સંબંધિત અધિકારીઓએ મૂલ્યાંકનના સ્થાપિત સિદ્ધાંતો અને તેઓ જરૂરી ગણે તેવી અન્ય વિગતોને ધ્યાનમાં લેવી જોઇશે.

(૩) સુપરિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ્સ અને નોંધણી મહાનિરીક્ષક, ગાંધીનગર, ગુજરાત રાજય-એ, મહેસૂલ વિભાગ, ગાંધીનગર-ની મંજૂરી અનુસાર, દરેક તહસીલ/તાલુકાના, મ્યુનિસિપલ કોર્પોરેશન અને સ્થાનિક મંડળના વિસ્તારમાં આવેલી જમીન અને મકાનોના સરેરાશ દર દર્શાવતું વાર્ષિક દર પત્રક (જેને આમાં હવે પછી, "વાર્ષિક દર પત્રક" કહ્યું છે તે) પ્રથમ વખત તૈયાર કરવામાં આવે કે તરત જ અને ત્યારબાદ, દર વર્ષે ૧લી એપ્રિલના રોજ સુપરિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ્સ અને નોંધણી મહાનિરીક્ષકની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર-એ તૈયાર કરેલા જમીનો અને મકાનોના સરેરાશ દરોને ધ્યાનમાં લઇને હુકમથી તે બહાર પાડવું જોઇશે.

(૪) સુપરિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ્સ અને નોંધણી મહાનિરીક્ષક, ગુજરાત રાજય, ગાંધીનગર, કોઇ વહીવટી મુશ્કેલીઓને કારણે કોઇપણ વર્ષમાં એપ્રિલ મહિનાની ૧લી તારીખે, ઉપરના પેટા-નિયમ (૩)માં જણાવ્યા પ્રમાણે વાર્ષિક દર પત્રક બહાર પાડવાની સ્થિતિમાં ન હોય, તો મુખ્ય નિયંત્રક મહેસૂલી સત્તાધિકારી, તરત અગાઉના વર્ષ માટેના વાર્ષિક દર પત્રકમાં જણાવેલા દરો, સ્થાવર મિલકતોના બજાર દરોમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને, મહેસૂલ વિભાગ, ગાંધીનગર સાથે વિચાર-વિનિમય કરીને, વધારી શકશે.

(૫) સુપરિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ્સ અને નોંધણી મહાનિરીક્ષક, ગુજરાત રાજય, ગાંધીનગર-એ, દર વર્ષે તેમની હકૂમતની અંદર આવેલ જમીનો અને મકાનોના સરેરાશ દર દર્શાવતા ઉપરના પત્રકની નકલ સબ-રજિસ્ટ્રારને મોકલવી જોઇશે. દરેક નોંધણી અધિકારીએ, ઉપરના પત્રકની નકલ, નોંધણી કચેરીની બહારની બાજુએ ચોંટાડાવવી જોઇશે.

(૬) દરેક નોંધણી અધિકારીએ, લેખ નોંધણી માટે તેમની/તેણીની સમક્ષ રજૂ કરવામાં આવે ત્યારે, દરેક કેસમાં ઉપરના પત્રકમાંથી યથાપ્રસંગ, જમીન અને મકાન વગેરેનાં બજાર કિંમતની ખરાઇ કરવી જોઇશે અને તેમને/ તેણીને, લેખમાં દર્શાવ્યા પ્રમાણેની બજાર કિંમત, પત્રકથી ઠરાવેલી લઘુત્તમ કિંમત કરતાં ઓછી જણાય તો તેમણે/તેણીએ, લેખની વિષયવસ્તુ હોય તેવી

મિલકતની ખરી બજાર કિંમત અને તેના ઉપર ચૂકવવાપાત્ર યોગ્ય ડયુટી નક્કી કરવા માટે તેને જિલ્લા કલેકટરને વિચારણા માટે મોકલવું જોઇશે:

પરંતુ સુપરિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ્સ અને નોંધણી મહાનિરીક્ષક, ગાંધીનગર, ગુજરાત રાજય-એ બહાર પાડેલ પત્રકમાં ઠરાવ્યા અનુસાર અથવા તે કરતાં વધારે બજાર કિંમત દર્શાવવામાં આવી હોય પણ નોંધણી અધિકારીને એવું માનવાને કારણ હોય કે સ્થાવર મિલકતનું સાચું મૂલ્યાંકન બહારના પુરાવા માટેની સ્થાનિક તપાસનો આશરો લીધા સિવાય થઇ શકે તેમ ન હોય, તો તે, આવા લેખની નોંધણી કરતાં પહેલાં, મિલકતની ખરી બજાર કિંમત અને તે ઉપર ચૂકવવાપાત્ર યોગ્ય ડયુટી નક્કી કરવા માટે તેને કલેકટરને વિચારણા માટે મોકલી શકશે.

(૭) તમામ નોંધણી અધિકારીઓએ, વાર્ષિક દર પત્રક તૈયાર કરવા માટે સુપરિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ્સ અને નોંધણી મહાનિરીક્ષક, ગુજરાત રાજય, ગાંધીનગર-ને, પછીના મહિનાની ૩૦મી તારીખ સુધીમાં, જે લેખની વિષય-વસ્તુ હોય તેવી મિલકત માટેનો અવેજ, વાર્ષિક દર પત્રક કરતાં વધારે હોવાનું દર્શાવવામાં આવ્યો હોય તેવા નોંધણી માટે રજૂ કરેલા લેખોના સંબંધમાં રજિસ્ટરનો ઉતારો મોકલવો જોઇશે.

(૮) જાહેર હેતુ માટે જમીનો અને મિલકતોના સંપાદનના સંબંધમાં જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ અધિનિયમ હેઠળ નીમેલા તમામ ખાસ જમીન સંપાદન અધિકારીઓએ આપેલ વળતરની રકમ, ઉપરના પેટા-નિયમ (૩) અને (૪) હેઠળ સુપરિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ્સ અને નોંધણી મહાનિરીક્ષક, ગુજરાત રાજય, ગાંધીનગર-એ બહાર પાડેલા વાર્ષિક દર પત્રકના આધારે ચૂકવવાપાત્ર રકમ કરતાં વધારે હોય ત્યારે, તેમણે, ઉપરના પેટા-નિયમ (૭)માં ઉલ્લેખેલ વાર્ષિક દર પત્રક તૈયાર કરવા માટે, વળતર ચૂકવણીની તારીખથી ૩૦ દિવસની અંદર, સુપરિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ્સ અને નોંધણી મહાનિરીક્ષક, ગાંધીનગર, ગુજરાત રાજય-ને આવા નિર્ણય (એવોર્ડ)ની નકલ મોકલવી જોઇશે.

3. સદરહુ નિયમોમાં, નિયમ ૯માં,

(૧) પેટા-નિયમ (૧)માં, "પાંચસો રૂપિયાથી વધુ ન હોય તેટલા દંડને" એ શબ્દોને બદલે, "આવા લેખના સંબંધમાં કલમ ૩૨ ક હેઠળ નક્કી કરેલ ખૂટતી ડયૂટીની સમાન રકમના દંડને" એ શબ્દો મૂકવા.

INDEX

(૨) પેટા-નિયમ (૨)માં, "પોતે યોગ્ય ગણે તેટલો પાંચસો રૂપિયાથી વધુ ન હોય તેટલો દંડ" એ શબ્દોને બદલે, "આવા લેખના સંબંધમાં કલમ ૩૨ ક હેઠળ નક્કી કરેલ ખૂટતી ડયૂટીની સમાન રકમનો દંડ" એ શબ્દો મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમો સાથે જોડેલા નમૂના-૧માં,

(૧) વિદ્યમાન નોંધ ૧ને બદલે, નીચેની નવી નોંધ મૂકવી :-

"૧. મિલકતનું વર્ણન

- ગામ/નગરનું નામ
- નગરરચના યોજના નંબર
- નગરરચના યોજનાનું નામ
- છેવટનો પ્લોટ નંબર (નમૂનો નં. ૧૬ અને સંબંધિત પુરાવો જોડવો)
- સીટી સરવે નંબર
- મહેસૂલ સરવે નંબર
- વિભાગ/ પેટા-વિભાગ, વોર્ડ નંબર.

-જમીનનું વર્ણન/પ્રકાર.

(૧) જૂની ભોગવટા-હક જમીન.

(૨) નવી ભોગવટા-હક જમીન/ઇનામી (સ્વત્વાર્પણ) જમીન/કલમ ૭૩કક/કલમ ૪૩-ખ પ્રતિબંધિત જમીન/ચકરીયાત જમીન વગેરે, રાજ્ય સરકાર/સક્ષમ સત્તાધિકારીએ જમીન ફાળવેલી હોય તો હુકમ નંબર અને તારીખની વિગતો.

(3) રાજ્ય સરકારે પ્રોત્સાહક નીતિ એટલે કે સેઝ (SEZ) ઔદ્યોગિક પાર્ક વગેરે હેઠળ જમીન ફાળવેલી હોય, તો સરકાર/સક્ષમ સત્તાધિકારીનો હુકમ નંબર અને તારીખ.

(૪) મુકિત/રિબેટનો કોઇ દાવો કરવામાં આવ્યો હોય, તો તેની વિગતો.

(૫) ઉપરના ક્રમાંક (૨) અને (૩)ના કિસ્સામાં, વેચાણ/તબદીલી માટેની પરવાનગી રાજય સરકાર/સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલી છે કે કેમ ? હુકમ નંબર અને તારીખની વિગતો.

(૬) કોઇ પ્રિમીયમની રકમ ચૂકવવી જરૂરી છે ? જો ચૂકવેલી હોય, તો આવા પ્રિમીયમની ચૂકવણી માટેનો સંબંધિત પુરાવો/પહોંચ સાથે જોડવા.

(૭) ઉપરના ક્રમાંક (૩) મુજબ કોઇ રિબેટ/કન્સેશન મેળવવામાં આવેલું છે ? જો હા, તો રાજય સરકાર/સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલી વેચાણની/પરવાનગીના વાંધાની વિગતો.

(૮) ભાડાપટાની જમીનના કિસ્સામાં, ભાડાપટાની તારીખ, ભાડાપટાની મુદત, તાજું કર્યાની તારીખ દર્શાવતો પુરાવો સાથે જોડવો.

(૨) નોંધ નં. ૧૦માં, "પાંચસો રૂપિયાથી વધુ ન હોય તેટલા દંડને" એ શબ્દોને બદલે, "આવા લેખના સંબંધમાં કલમ ૩૨ ક હેઠળ નક્કી કરેલ ખૂટતી ડયૂટીની સમાન રકમના દંડને" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રવિણ ધંધુકીયા,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 197

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, JUNE 14, 2016/JYAISTHA 24, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી જૂન, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૧૬મી મે, ૨૦૧૬ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના હુકમ ક્રમાંક : જીએચએમ-૨૦૧૬-૧૪૮-એમ-એસટીપી-૧૨૨૦૧૫-૮૨૫-એચ-૧. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Order

Under

The Gujarat Stamp Act, 1958.

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ

હુકમ.

મહેસૂલ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી મે, ૨૦૧૬.

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચએમ-૨૦૧૬-૧૪૮-એમ-એસટીપી-૧૨૨૦૧૫-૮૨૫-એચ.૧ :- ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઇના ૬૦મા)ની કલમ ૯ના ખંડ (ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત ઇન્ટરનેશનલ ફાઇનાન્સ ટેક સિટી (ગીફ્ટ સિટી), ગાંધીનગર-માં પોતાની રજિસ્ટર્ડ શેર બ્રોકિંગ ઓફિસ સ્થાપી હોય અને સદરહુ સ્થળેથી કામકાજ અને વ્યવસાય કરતાં હોય તેવા શેર દલાલો (બ્રોકરો)એ શેર બ્રોકિંગ (લે-વેચ)ના વ્યવહારો માટે કરેલા લેખોના સંબંધમાં સદરહુ અધિનિયમ હેઠળ લેવાપાત્ર સ્ટેમ્પ ડયુટી માફ કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી.ડી.ધંધુકીયા,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 198

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, JUNE 14, 2016/JYAISTHA 24, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી જૂન, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ-ના તારીખ : ૧૮મી એપ્રિલ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએસ-૩૨-૨૦૧૬-એસસીવી-૧૫૨૦૧૬-૫૩૩-જીર.સેલ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Joint Secretary to Government, in the Gujarat Secretariat Service, Class I, Recruitment Rules, 2016.

ગુજરાત સચિવાલય સેવામાં, સરકારના સંયુક્ત સચિવ, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

સામાન્ય વહીવટ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૧૮મી એપ્રિલ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીએસ-૩૨-૨૦૧૬-એસસીવી-૧૫૨૦૧૬-૫૩૩-જીર.સેલ :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત સચિવાલય સેવામાં, સરકારના સંયુક્ત સચિવ, વર્ગ ૧-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો ગુજરાત સચિવાલય સેવામાં, સરકારના સંયુક્ત સચિવ, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત સચિવાલય સેવામાં, સરકારના સંયુક્ત સચિવ, વર્ગ ૧-ની જગા પરની નિમણૂક,-

(૧) ગુજરાત સચિવાલય સેવા, વર્ગ ૧-માં ઓછામાં ઓછા અગિયાર વર્ષ સુધી કામ કર્યું હોય, જેમાંથી તેણે ગુજરાત સચિવાલય સેવામાં સરકારના નાયબ સચિવ, વર્ગ-૧ તરીકે ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર, સિનિયોરિટિ (પ્રવરતા)ને લક્ષમાં લીધા સિવાય, વિચારણા વિસ્તારની અંદરથી પસંદગીના સિદ્ધાંતને આધારે બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો નાયબ સચિવ તરીકે અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે, તેમ છતાં, તે બાબત એ શરતને અધીન રહેશે કે તેવી વ્યક્તિએ ગુજરાત સચિવાલય સેવા, વર્ગ ૧-માં, ઓછામાં ઓછા અગિયાર વર્ષ સુધી કામ કરેલું હોવું જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એમ. અધ્વર્યુ,

સરકારના અધિક સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 199

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, JUNE 14, 2016/JYAISTHA 24, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી જૂન, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ-ના તારીખ : ૧૭મી માર્ચ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ-૨૦૧૬-૩૫-બીઆરટી-૧૦૨૦૦૭-૧૪૧૨-ડી-૨.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Binding Foreman, Class-III , in the Directorate of Government Printing and Stationery, Recruitment Rules, 2016.

સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરીમાં બાઈન્ડિંગ ફોરમેન (બંધાઇ કાર્યદેશક) વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૧૭મી માર્ચ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીયુ/૨૦૧૬/૩૫/બીઆરટી/૧૦૨૦૦૭/૧૪૧૨/ડી-૨ :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, બાઇન્ડિંગ ફોરમેન (બંધાઇ કાર્યદેશક), વર્ગ ૩ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરીમાં, બાઈન્ડિંગ ફોરમેન (બંધાઇ કાર્યદેશક), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, બાઈન્ડિંગ ફોરમેન (બંધાઇ કાર્યદેશક), વર્ગ ૩ની જગા ઉપરની નિમણૂક,-

(ક) (૧) જેણે સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, બાઈન્ડર (બંધાઇ કરનાર), વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછું પાંચ વર્ષ કામ કર્યું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, લેખિતમાં કારણોની નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ ૨માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર, અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદામાં હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઇપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય-મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ.

INDEX

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ પ્રિન્ટિંગ ટેકનોલોજી અથવા ગ્રાફિક આર્ટમાં પદવી ધરાવતો હોવો જોઇશે અથવા સરકારે માન્ય કરેલ તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે; અથવા

(૨) ટેકનિકલ પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય અથવા ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ પ્રિન્ટિંગ ટેકનોલોજી અથવા ગ્રાફિક આર્ટનો ડિપ્લોમાનું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઇશે; અને

(ક) સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, મદદનીશ બાઇન્ડર (બંધાઇ કરનાર), વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાઉપરનો આશરે બે વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(ખ) સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, મદદનીશ બાઇન્ડર (બંધાઇ કરનાર), વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી, સરકારમાં અથવા સ્થાનિક સત્તામંડળ અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાં પુસ્તક બાઇન્ડિંગ (બાંધણી) વિભાગ સાથે સંબંધિત બાઇન્ડિંગ (બાંધણી) અને યાંત્રિક કામગીરી (મિકેનિકલ ઓપરેશન) ના ક્ષેત્રનો આશરે બે વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯૬-ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

મહેન્દ્ર આર. સોની,

સરકારના નાયબ સચિવ.

Extra No. 200

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, JUNE 14, 2016/JYAISTHA 24, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી જૂન, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ-ના તારીખ : ૧૮મી એપ્રિલ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએસ-૩૧-એસસીવી-૧૫૨૦૧૬-૫૩૯-જી૨.સેલ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Additional Secretary to Government, in the Gujarat Secretariat Service, Class I, Recruitment Rules, 2016.

ગુજરાત સચિવાલય સેવામાં, સરકારના અધિક સચિવ, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

સામાન્ય વહીવટ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૧૮મી એપ્રિલ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ભરતી ક્રમાંકઃ જીએસ - ૩૧ - એસસીવી - ૧૫૨૦૧૬ - ૫૩૯ - જીર.સેલઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત સચિવાલય સેવામાં, સરકારના અધિક સચિવ, વર્ગ ૧-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત સચિવાલય સેવામાં, સરકારના અધિક સચિવ, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત સચિવાલય સેવામાં, સરકારના અધિક સચિવ, વર્ગ ૧-ની જગા પરની નિમણૂક,-

(૧) ગુજરાત સચિવાલય સેવામાં, સરકારના સંયુક્ત સચિવ, વર્ગ-૧ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર, સિનિયોરિટિ (પ્રવરતા)ને લક્ષમાં લીધા સિવાય, વિચારણા વિસ્તારની અંદરથી પસંદગીના સિદ્ધાંતને આધારે બઢતીથી કરવી જોઇશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એમ. અધ્વર્યુ,
સરકારના અધિક સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 201

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, JUNE 15, 2016/JYAISTHA 25, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જૂન, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **તારીખ : ૨૩મી માર્ચ, ૨૦૧૬ના** ગુજરાત સરકારના **સામાન્ય વહીવટ વિભાગના** સરકારી **જાહેરનામા ક્રમાંક : જીએસ-૨૫-૨૦૧૬-સીઆરઆર-૧૦૨૦૧૫-૨૭૮૯૮-જી.૫. નો** ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Head Clerk, Class III in the subordinate service of the Non-Secretariat Departments and Officers of the State of Gujarat Recruitment Rules, 2015.

ગુજરાત રાજ્યના બિન-સચિવાલય વિભાગો અને કચેરીઓની તાબાની સેવામાં, મુખ્ય કારકુન, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૫ વધુ સુધારવા સંબંધી

જાહેરનામું.

સામાન્ય વહીવટ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૨૩મી માર્ચ, ૨૦૧૬.

ક્રમાંક : **જીએસ-૨૫-૨૦૧૬-સીઆરઆર-૧૦૨૦૧૫-૨૭૮૯૮-જી.૫** .- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત રાજ્યના બિન-સચિવાલય વિભાગો અને કચેરીઓની તાબાની સેવામાં, મુખ્ય કારકુન, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૫ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો ગુજરાત રાજ્યના બિન-સચિવાલય વિભાગો અને કચેરીઓની તાબાની સેવામાં, મુખ્ય કારકુન, વર્ગ-૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત રાજ્યના બિન-સચિવાલય વિભાગો અને કચેરીઓની તાબાની સેવામાં, મુખ્ય કારકુન, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૫ (જેનો આમાં હવે પછી, " સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં નિયમ ૩માં, ખંડ (ખ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો :-

"(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.".

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪ને બદલે, નીચેનો નિયમ મૂકવો :-

"૪. બઢતીથી અને સીધી પસંદગીથી કરવાની નિમણૂક, ૩:૧ના પ્રમાણમાં કરવી જોઈશે."

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૫-ને બદલે, નીચેનો નિયમ દાખલ કરવો :-

"૫ નિયમ ૩માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે".

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૫ પછી, નીચેના નિયમો ઉમેરવા :-

"૬. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક-ની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૭. બઢતીથી અથવા સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમદેવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. એચ. મન્સુરી,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 202

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, JUNE 15, 2016/JYAISTHA 25, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જૂન, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગ-ના તારીખ : ૨જી જૂન, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએન-૩૯) વીવીકે-૧૨-૨૦૧૦/૧૨૦૨૧૬/ઠ.૩- નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Commercial Tax Inspector, Class III, Recruitment Rules, 2008.

વાણિજ્યિક વેરા નિરીક્ષક, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૦૮ સુધારવા સંબંધી જાહેરનામું.

નાણા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૨જી જૂન, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ (જીએન-૩૯)વીવીકે-૧૨ -૨૦૧૦/૧૨૦૨૧૬/-ઠ.૩ઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, વાણિજ્યિક વેરા નિરીક્ષક, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૦૮ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો વાણિજ્યિક વેરા નિરીક્ષક, વર્ગ-૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. વાણિજ્યિક વેરા નિરીક્ષક, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૦૮ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ ૩ને બદલે, નીચેનો મજકૂર મૂકવોઃ-

" ૩.(ક) નિયમ ૨-ના ખંડ (ક) અને (ખ) હેઠળ બઢતીથી અને સીધી પસંદગીથી કરવાની નિમણૂક ૬:૪ ના પ્રમાણમાં કરવી જોઇશે;

(ખ) નિયમ ૨-ના ખંડ (ક)ના પેટા-ખંડો (ક) અને (ખ) હેઠળ બઢતીથી અને ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે બઢતીથી કરવાની નિમણૂક ૫:૧ ના પ્રમાણમાં કરવી જોઇશે."

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪માં, ખંડ (ક) માં, "૨૮ વર્ષથી"એ આંકડા અને શબ્દને બદલે, "૩૫ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એચ. પંડ્યા,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 203

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, JUNE 15, 2016/JYAISTHA 25, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જૂન, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના બંદરો અને વાહનવ્યવહાર વિભાગ-ના તારીખ : ૨૩મી માર્ચ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : પીટી/૨૦૧૬/૨૦/એમવીડી/૧૦૨૦૧૪/૯૧૩/ખ- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat (Right of Citizens to Public Services) Act, 2013.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩ હેઠળ જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખઃ૨૩મી માર્ચ, ૨૦૧૬.

ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંકઃપીટી/૨૦૧૬/૨૦/એમવીડી/૧૦૨૦૧૪/૯૧૩/ખઃ- ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩(સન ૨૦૧૩ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામા સાથે જોડેલ પરિશિષ્ટ-ક-ની કોલમ ૨-માં જણાવ્યા પ્રમાણેની સેવાઓ અને સદરહુ પરિશિષ્ટની કોલમ ૩માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે જે સમયમર્યાદાની અંદર આવી સેવાઓ પૂરી પાડવી જોઈશે તે નિયત સમયમર્યાદા જાહેર કરે છે.

પરિશિષ્ટ-ક

અનુક્રમાંક	**અધિનિયમની કલમ ૪ હેઠળ જાહેર કરેલ સેવાઓ**	**નિયત સમયમર્યાદા**
(૧)	(૨)	(૩)
૧	કાચું લાઈસન્સ મેળવવા માટે	૧ દિવસ
૧ (ક)	કાચા ડ્રાઈવિંગ લાઈસન્સમાં ઉમેરો (પરિવહન માટે)	૧ દિવસ
૨	પાકું ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવા માટે	૮ દિવસ
૩	ડ્રાઈવિંગ લાઈસન્સ તાજું કરાવવા માટે	૮ દિવસ
૪	લાઈસન્સની બીજી અથવા (ડુપ્લિકેટ) નકલ મેળવવા માટે	૮ દિવસ
૫	આંતરરાષ્ટ્રીય ડ્રાઈવિંગ પરમિટ મેળવવા માટે	૧ દિવસ
૬	ડ્રાઈવિંગલાઈસન્સ સર્ટિફિકેટ (પ્રમાણપત્ર) / એન.ઓ.સી. (N.O.C)	૨ દિવસ
૭	ડ્રાઈવિંગ સ્કૂલો (એમ.એસ.)ની પરમિટ કાઢી આપવા માટે	૧૫ દિવસ
૮	ડ્રાઈવિંગ સ્કૂલોની પરમિટ તાજી કરાવવા માટે	૧૫ દિવસ
૯	નવા વાહનોની નોંધણી સંબંધી	૯ દિવસ
૧૦	વાહનની તબદીલી સંબંધી	૧૧ દિવસ
૧૧	વાહનની ડુપ્લિકેટ રજિસ્ટ્રેશન બુક મેળવવા સંબંધી	૧૧ દિવસ
૧૨	યોગ્યતા (ફિટનેસ) પ્રમાણપત્ર તાજું કરાવવા સંબંધી	૧ દિવસ
૧૩	વાહન ઉપર લોન લેવા તેમજ રદ કરાવવા માટે	૧૧ દિવસ
૧૪	વાહન ઉપર એન.ઓ.સી. (N.O.C) મેળવવા માટે	૩ દિવસ
૧૫	રાષ્ટ્રીય (નેશનલ) પરમિટ	૫ દિવસ
૧૬	ઓલ ઈન્ડિયા ટુરિસ્ટ પરમિટ	૨ દિવસ
૧૭	કામચલાઉ પરમિટ	૧ દિવસ
૧૮	પી.યુ.સી. સેન્ટરની માન્યતા માટે	૩૦ દિવસ
૧૯	પી.યુ.સી. સેન્ટરની માન્યતા તાજી કરાવવા સંબંધી	૩૦ દિવસ
૨૦	વાણિજ્યિક કરારના ટેન્ડરના ઈ.એમ.ડી.ના રિફંડ સંબંધી	૧૫ દિવસ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ.આર.સોની,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 204

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, JUNE 16, 2016/JYAISTHA 26, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જૂન, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૧૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૨૦૧૬નો ૭૧/ એજીએન/ ૧૦૨૦૧૩ / ૪૧૨૧/ વી-પાર્ટ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Director of Gujarat State Fire Prevention Service, Class I, Recruitment Rules, 2016.

નિયામક, ગુજરાત રાજ્ય અગ્નિનિવારણ (અગ્નિશમન) સેવા, વર્ગ ૧,
ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી
જાહેરનામું.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૧૬.

ક્રમાંકઃ જીએચ/વી/૨૦૧૬નો ૭૧ એજીએન/૧૦૨૦૧૩/૪૧૨૧/વી-પાર્ટઃ- ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા)ની કલમ ૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત રાજ્ય અગ્નિનિવારણ (અગ્નિશમન) સેવા નિયામકની કચેરીમાં, નિયામક, ગુજરાત રાજ્ય અગ્નિનિવારણ (અગ્નિશમન) સેવા, વર્ગ ૧-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો નિયામક, ગુજરાત રાજ્ય અગ્નિનિવારણ (અગ્નિશમન) સેવા, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત રાજ્ય અગ્નિનિવારણ (અગ્નિશમન) સેવા નિયામકની કચેરીમાં, ગુજરાત અગ્નિશમન સેવામાં, નિયામક, ગુજરાત રાજ્ય અગ્નિનિવારણ (અગ્નિશમન) સેવા, વર્ગ ૧-ની જગા પરની નિમણૂક,-

(ક) મુખ્ય અગ્નિશમન અધિકારી તરીકે અથવા મ્યુનિસિપલ કોર્પોરેશનો અથવા નગરપાલિકાઓની અગ્નિનિવારણ (અગ્નિશમન) સેવાના સમકક્ષ સંવર્ગમાં કામગીરી કરતી અને પંદર વર્ષ કરતાં ઓછો નહિ તેટલો, જેમાંથી મુખ્ય અગ્નિશમન અધિકારીની જગા પરનો પાંચ વર્ષના અનુભવ કરતાં ઓછો નહિ તેટલો, પ્રેક્ટિકલ (પ્રત્યક્ષકામ) અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી પ્રતિનિયુક્તિના આધારે હંગામી બદલીથી કરવી જોઇશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૪૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિઃ

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના અને મહિલા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશેઃ

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશેઃ

વળી, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય-મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી લાગુ પડશે નહિ;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અને રાષ્ટ્રીય અગ્નિશમન સેવા કોલેજ ખાતે વિભાગીય અધિકારી (Divisional Officer)નો અભ્યાસક્રમ અથવા અગ્નિનિવારણ (અગ્નિશમન)

અંગેનો સામાન્ય અભ્યાસક્રમ પૂરો કરેલો હોવો જોઈશે અથવા કોલેજનું સહ-સભ્યપદ (associate membership) ધરાવતો હોવો જોઈશે; અને

(૨) સરકાર અથવા સ્થાનિક મંડળ અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાં ઉપર જણાવેલી જગાના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ જગા ગણી શકાય તેવી જગા પરનો અગ્નિશમન સેવાના ક્ષેત્રમાં મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા તેને સમકક્ષ અધિકારી તરીકે આશરે દસ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(ઘ) પરિશિષ્ટ ક-માં જણાવ્યા પ્રમાણેના શારીરિક અને તબીબી ધોરણો ધરાવતો હોવો જોઈશે;

(ચ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવી પડશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

પરિશિષ્ટ-ક

(જુઓ નિયમ ૩ (ઘ))

ગુજરાત અગ્નિનિવારણ (અગ્નિશમન) સેવામાં, નિયામક, વર્ગ-૧ની જગા માટેના ન્યૂનતમ શારીરિક ધોરણો.

ક. પુરુષ ઉમેદવારો માટે.-

વર્ગ	ન્યૂનતમ ઊંચાઇ સેન્ટિમીટરમાં	છાતી (સેન્ટિમીટરમાં ન્યૂનતમ)		ન્યૂનતમ વજન
		ફૂલાવ્યા વિના	ફૂલાવીને	
મૂળ ગુજરાતની અનુસૂચિત આદિજાતિ.	૧૬૦	૮૧	૮૬	૫૦ કિલોગ્રામ
(મૂળ ગુજરાતની અનુસૂચિત આદિજાતિ સિવાયના) ઉમેદવારો.	૧૬૫	૮૧	૮૬	૫૦ કિલોગ્રામ

નોંધઃ- ફૂલાવેલી છાતીનું ન્યૂનતમ વિસ્તરણ પાંચ સેન્ટિમીટરથી ઓછું હોવું જોઈશે નહિ.

ખ. મહિલા ઉમેદવારો માટે.-

વર્ગ	ન્યૂનતમ ઊંચાઇ સેન્ટિમીટરમાં	ન્યૂનતમ વજન
મૂળ ગુજરાતની અનુસૂચિત આદિજાતિ.	૧૫૪.૫	૪૬ કિલોગ્રામ
(મૂળ ગુજરાતની અનુસૂચિત આદિજાતિ સિવાયના) ઉમેદવારો.	૧૫૭	૪૬ કિલોગ્રામ

ગ. નીચેના પૈકીની કોઇપણ શારીરિક ખામીઓ ધરાવતા ઉમેદવારોને આ જગા માટે યોગ્ય ગણવામાં આવશે નહિ:

(૧) નોક ની, (૨) પિજન ચેસ્ટ, (૩) સ્કિવન્ટ આઇ,
(૪) ફ્લેટ ફીટ (સપાટ પગ), (૫) વેરિકોસ વેઇન્સ, (૬) હેમર ટીઝ,
(૭) ફ્રેકચર્ડ લિમ્બ (ખેંચાઇ ગયેલ પેશીઓ), (૮) ડિકેડ ટીથ (સડેલા દાંત), (૯) સંસર્ગજન્ય, અથવા
(૧૦) ચર્મ રોગ.

ઘ. તબીબી અધિકારીએ ઉમેદવારની તપાસ કરવી જોઇશે અને ઉપર જણાવ્યા પ્રમાણેના શારીરિક ધોરણોને વિચારણામાં લઇને યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર કાઢી આપવું જોઇશે અને નીચેની બાબતો અંગે પણ પ્રમાણપત્ર આપવું જોઇશેઃ–

(૩) SHAPE I એટલે–

S મનોવૈજ્ઞાનિક
H શ્રવણ
A ઉપાંગ
P સામાન્ય કામની શારીરિક ક્ષમતા
E દ્રષ્ટિ

I એટલે ઉપર જણાવેલ દરેક શીર્ષક હેઠળ સામાન્ય વ્યાવસાયિક કાર્યો કરવા માટે તમામ રીતે યોગ્ય.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
એસ. જી. ભટ્ટ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 205

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, JUNE 16, 2016/JYAISTHA 26, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી જૂન, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ-ના તારીખ : ૮મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજે/૧૫/૨૦૧૫/ઈએસટી/૧૫૧૪/૧૦/૭/જી/-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Panel Operator, Class III, Recruitment Rules, 2016.

પેનલ ઓપરેટર, વર્ગ ૩ ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

માર્ગ અને મકાન વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૮મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીજે/૧૫/૨૦૧૫/ઈએસટી/૧૫૧૪/૧૦/૭/જી :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, પેનલ ઓપરેટર, વર્ગ ૩ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો પેનલ ઓપરેટર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, પેનલ ઓપરેટર, વર્ગ ૩-ની જગા ઉપરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨ માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂંકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(ક) ૩૩ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિઃ

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર, અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

(ખ) (૧) ટેકનિકલ પરીક્ષા બોર્ડમાંથી અથવા ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઉપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલો ઇલેક્ટ્રિકલ એન્જિનિયરીંગ અથવા ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયરીંગ ડિપ્લોમા ધરાવતો હોવો જોઇશે અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇએ.

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯[ક]ની જોગવાઇઓ લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

રમેશ શાહ,

સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 206

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, JUNE 20, 2016/JYAISTHA 30, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂન, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ-ના તારીખ : ૧૧મી માર્ચ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએસટી/૦૧/૨૦૧૬/ડીઆઈટી/૧૦/૨૦૧૫/મદદનીશ નિયામક/આઈટી- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Assistant Director of IT, Class-I, in the General State Services, under the Directorate of Information and Communication Technology and e-Governance, Recruitment Rules, 2016.

ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ આઈટી નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખ:૧૧મીમાર્ચ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીએસટી/૦૧/૨૦૧૬/ ડીઆઈટી /૧૦/૨૦૧૫ / મદદનીશ નિયામક / આઈટી :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ આઈટી નિયામક, વર્ગ-૧-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ આઈટી નિયામક, વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ આઈટી નિયામક, વર્ગ-૧-ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ એન્ડ ઈ-ગવર્નન્સ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળ, ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજિ અધિકારી, વર્ગ ૨-ના સંવર્ગમાં ઓછામાં ઓછા આઠ વર્ષ સુધી કામ કર્યું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

વધુમાં, સરકાર, બઢતીના કોટા (Quota) (નિયત હિસ્સો)ની સામે, નિયમ ૪ (ખ)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતી વ્યક્તિની, ગુજરાત જાહેર સેવા આયોગ સાથે વિચાર વિનિયમ કરીને, વધુમાં વધુ એક વર્ષ માટે, કરાર આધારિત નિમણૂક કરી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે; અથવા

(ગ) જગા માટે ઉમેદવાર ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી, કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશનમાં કામ કરતી અને નિયમ જમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી પ્રતિનિયુક્તિને આધારે કામચલાઉ (હંગામી) બદલીથી કરવી જોઈશે.

૩. નિયમ-૨ના પેટા-નિયમ (ક) અને (ખ) હેઠળ બઢતીથી અને સીધી પસંદગી કરવાની નિમણૂકો અનુક્રમે ૧:૨ના પ્રમાણમાં કરવામાં આવશે.

૪. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૪૦ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે ;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી બેચલર ઓફ એન્જિનિયરીંગ અથવા બેચલર ઓફ ટેક્નોલોજિ ઈન ઈન્ફર્મેશન ટેક્નોલોજિ અથવા કોમ્પ્યુટર સાયન્સ અથવા કોમ્પ્યુટર એન્જિનિયરીંગ અથવા ઈલેક્ટ્રોનિક્સ અથવા ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કમ્યુનિકેશન અથવા કોમ્પ્યુટર ટેક્નોલોજિની પદવી અથવા માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન અથવા માસ્ટર ઓફ સાયન્સ (આઈટી)ની પદવી ધરાવતો હોવો જોઈશે; અને

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ઘ) સરકારના કોઈ સંગઠન અથવા સ્થાનિક મંડળ અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી અને રૂ.૩૦ કરોડ અથવા તેથી વધુ વાર્ષિક ટર્નઓવર ધરાવતી કંપનીમાં કોમ્પ્યુટર ટેક્નોલોજિ અથવા કમ્યુનિકેશન ટેક્નોલોજિ અથવા ઈન્ફર્મેશન ટેક્નોલોજિના ક્ષેત્રમાં આશરે પાંચ વર્ષનો કુલ અનુભવ ધરાવતો હોવો જોઈશે; અને

(ચ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટરક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સંજય એ. શાહ,
સરકારના ઉપસચિવ.

INDEX

Extra No. 207

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, JUNE 21, 2016/JYAISTHA 31, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જૂન, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના બંદરો અને વાહનવ્યવહાર વિભાગ - ના તારીખઃ ૨જી જૂન, ૨૦૧૬ ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ પીટી-૪૧-૨૦૧૬-એમવીડી-૧૦-૨૦૧૪-૧૯૦૮-ખ - નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Public Relation Officer, Class III, in the Commissionerate of Transport, Recruitment Rules, 2016.

વાહનવ્યવહાર કમિશનરની કચેરીમાં, જનસંપર્ક અધિકારી, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૨જી જૂન, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ પીટી-૪૧-૨૦૧૬-એમવીડી-૧૦-૨૦૧૪-૧૯૦૮-ખઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, વાહનવ્યવહાર કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, જનસંપર્ક અધિકારી, વર્ગ ૩ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો વાહનવ્યવહાર કમિશનરની કચેરીમાં, જનસંપર્ક અધિકારી, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. વાહનવ્યવહાર કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, જનસંપર્ક અધિકારી, વર્ગ ૩ની જગા ઉપરની નિમણૂક,-

(ક) (૧) જેણે વાહનવ્યવહાર કમિશનરની કચેરીની તાબાની સેવામાં, મુખ્ય કારકુન, વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછું પાંચ વર્ષ કામ કર્યું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, લેખિતમાં કારણોની નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

રાજ્ય માહિતી કેન્દ્ર (State Data Centre)માંના, પ્રત્યક્ષ અથવા કરાર આધારિત અથવા સેવાને લગતી જવાબદારીઓ બહારના કોન્ટ્રાક્ટરને આપવામાં આવી હોય તેવા બહારની એજન્સીના પ્રતિનિધિ તરીકેના તેમજ ગુજરાત સ્ટેટ વાઈડ એરિયા નેટવર્ક (GSWAN)ના કાર્યો, તેની કામગીરી અને તેના નિભાવને લગતા તમામ રોજગાર.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ગૌરાંગ શાહ,
સરકારના અધિક સચિવ,
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 222

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, JULY 4, 2016/ASADHA 13, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી જુલાઈ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ : ૨૪મી જૂન, ૨૦૧૬ના સરકારી જાહેરનામા

(૧) **ક્રમાંક : જીએચ/વી/૨૦૧૬નો ૧૩૨/ડીપીસી/૧૩૮૪/ભાગ-૨/વી, તારીખ : ૨૪/૦૬/૨૦૧૬ અને**

(૨) **ક્રમાંક : જીએચ/વી/૨૦૧૬નો ૧૩૩/ડીપીસી/૧૩૮૪/ભાગ-૨/વી, તારીખ : ૨૪/૦૬/૨૦૧૬ નો ગુજરાતી** અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Metropolitan Planning Committees Act, 2008.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ હેઠળ

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખ : ૨૪/૦૬/૨૦૧૬.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮.

ક્રમાંકઃ જીએચ/વી/૨૦૧૬નો ૧૩૨/ડીપીસી/૧૩૮૪/ભાગ ૨/વી :- ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૮ના ગુજરાતના ૧૮મા) ની કલમ-૩ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, રાજકોટ મહાનગરના વિસ્તાર માટે મહાનગર સમિતિની રચના કરે છે, જે નીચે મુજબ ૪૫ સભ્યોની બનશેઃ-

૧.	રાજકોટ જિલ્લાના સંબંધિત પ્રભારી મંત્રી	.... અધ્યક્ષ
૨.	પ્રમુખ, રાજકોટ જિલ્લા પંચાયત	.... સભ્ય
૩.	અધ્યક્ષ, રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ	.... સભ્ય
૪.	મેયર, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન	.... સભ્ય
૫.	મ્યુનિસિપલ કમિશનર, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન	.... સભ્ય
૬.	કલેક્ટર, જિલ્લો રાજકોટ	.... સભ્ય
૭.	જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લો રાજકોટ	.... સભ્ય
૮.	મુખ્ય કારોબારી સત્તાધિકારી, રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ	.... સભ્ય સચિવ

પરંતુ સદરહુ અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૨) ના ખંડો (૯) અને (૧૦) હેઠળ સમિતિના બાકીના સભ્યોની નિમણૂક હવે પછી કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. વી. શાહ,
સરકારના ઉપસચિવ.

INDEX

Notification

Under

The Gujarat Metropolitan Planning Committees Act, 2008.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ હેઠળ

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખ : ૨૪/૦૬/૨૦૧૬.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮.

ક્રમાંક: જીએચ/વી/૨૦૧૬નો ૧૩૩/ડીપીસી/૧૩૮૪/ભાગ-૨/વી :- ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૮ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૨ ના ખંડ (ઠ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમના હેતુઓ માટે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારોને રાજકોટ મહાનગર વિસ્તાર તરીકે નિર્દિષ્ટ કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. વી. શાહ,
સરકારનાં ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 223

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, JULY 5, 2016/ASADHA 14, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી જુલાઇ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ - ના તારીખઃ ૧૭મી જૂન, ૨૦૧૬ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ/૨૦૧૬/૬૪/બીઆરટી/૧૫૨૦૧૫/૪૨૬/ડીઉ - નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Office Superintendent, Class III, in the subordinate services of the Commissionerate of Geology and Mining, Recruitment Rules, 2016.

ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરીની તાબાની સેવામાં, કચેરી અધીક્ષક, વર્ગ ૩,

ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૧૭/૦૬/૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીયુ / ૨૦૧૬ / ૬૪ / બીઆરટી / ૧૫૨૦૧૫ / ૪૨૬ / ડીઉઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, કચેરી અધીક્ષક, વર્ગ ૩-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરીની તાબાની સેવામાં, કચેરી અધીક્ષક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, કચેરી અધીક્ષક, વર્ગ ૩-ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, મુખ્ય કારકુન, વર્ગ ૩-ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય, અને;

(૨) ઠરાવેલી ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય;

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિઃ

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશેઃ

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય-મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી લાગુ પડશે નહિ;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે; અને

(૨) સરકાર અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશન અથવા સ્થાનિક મંડળ અથવા જાહેર ક્ષેત્રના ઉદ્યોગ-સાહસમાં બે વર્ષનો વહીવટી અથવા કાનૂની અનુભવ ધરાવતો હોવો જોઈશે.

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક-ની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ. એમ. ડામોર,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 224

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, JULY 5, 2016/ASADHA 14, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી જુલાઈ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ : ૨૪મી જૂન, ૨૦૧૬ના સરકારી જાહેરનામા

(૧) ક્રમાંક : જીએચ/વી/૨૦૧૬નો ૧૩૫/ડીપીસી/૧૩૮૪/ભાગ-૨/વી, અને

(૨) ક્રમાંક : જીએચ/વી/૨૦૧૬નો ૧૩૪/ડીપીસી/૧૩૮૪/ભાગ-૨/વી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Metropolitan Planning Committees Act, 2008.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ હેઠળ

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખ : ૨૪/૦૬/૨૦૧૬.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮.

ક્રમાંક: જીએચ/વી/૨૦૧૬નો ૧૩૫/ડીપીસી/૧૩૮૪/ભાગ ૨/વી :- ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (સન૨૦૦૮ના ગુજરાતના ૧૮મા) ની કલમ૨-ના ખંડ (ઠ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમના હેતુઓ માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારોને વડોદરા મહાનગર વિસ્તાર તરીકે નિર્દિષ્ટ કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. વી. શાહ,
સરકારના ઉપસચિવ.

Notification

Under

The Gujarat Metropolitan Planning Committees Act, 2008.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ હેઠળ

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખ : ૨૪/૦૬/૨૦૧૬.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮.

ક્રમાંક: જીએચ/વી/૨૦૧૬નો ૧૩૪/ડીપીસી/૧૩૮૪/ભાગ ૨/વી :- ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૮ના ગુજરાતના ૧૮મા) ની કલમ૩ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, વડોદરા મહાનગરના વિસ્તાર માટે મહાનગર સમિતિની રચના કરે છે, જે નીચે મુજબ ૪૫ સભ્યોની બનશે:-

૧.	વડોદરા જિલ્લાના સંબંધિત પ્રભારી મંત્રી	.... અધ્યક્ષ
૨.	પ્રમુખ, વડોદરા જિલ્લા પંચાયત	.... સભ્ય
૩.	અધ્યક્ષ, વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ	.... સભ્ય
૪.	મેયર, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન	.... સભ્ય
૫.	મ્યુનિસિપલ કમિશનર, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન	.... સભ્ય
૬.	કલેક્ટર, જિલ્લો વડોદરા	.... સભ્ય
૭.	જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લો વડોદરા	.... સભ્ય
૮.	મુખ્ય કારોબારી સત્તાધિકારી, વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ	.... સભ્યસચિવ

પરંતુ સદરહુ અધિનિયમની કલમ૩ની પેટા-કલમ (૨) ના ખંડો (૯) અને (૧૦) હેઠળ સમિતિના બાકીના સભ્યોની નિમણૂક હવે પછી કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. વી. શાહ,
સરકારના ઉપસચિવ.

Extra No. 225

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, JULY 7, 2016/ASADHA 16, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી જુલાઇ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ - ના તારીખઃ ૧૬મી જૂન, ૨૦૧૬ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ/૨૦૧૬/૬૬/બીઆરટી/૧૦૨૦૦૭/૨૬૨૭/ડી-૧ - નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Senior Industries Inspector, Class III, in the Commissionerate of Industries, Recruitment Rules, 2016.

ઉદ્યોગ કમિશનરની કચેરીમાં, સિનિયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ ૩,

ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જૂન, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જીયુ / ૨૦૧૬ / ૬૬ / બીઆરટી / ૧૦૨૦૦૭ / ૨૬૨૭ / ડી-૧:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ઉદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સિનિયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ ૩-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ઉદ્યોગ કમિશનરની કચેરીમાં, સિનિયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ઉદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સિનિયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ ૩-ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે ઉદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, જુનિયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ ૩-ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) ઠરાવેલી ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય;

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. બઢતીથી અને સીધી પસંદગીથી કરવાની નિમણૂકો,અનુક્રમે ૨:૧ના પ્રમાણમાં કરવામાં આવશે.

૪. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિઃ

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે;

INDEX

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી એન્જિનિયરીંગ અથવા ટેકનોલોજિમાં ઓછામાં ઓછી દ્વિતીય વર્ગની સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે;

અથવા

(ગ) ટેકનિકલ પરીક્ષા બોર્ડ અથવા ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ (સિવિલ એન્જિનિયરીંગ સિવાય) એન્જિનિયરીંગમાં ડિપ્લોમા ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે; અને

(૧) ઉદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, જુનિયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ ૩-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો આશરે બે વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા

(૨) ઉદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, જુનિયર ઉદ્યોગ નિરીક્ષક, વર્ગ ૩ની જગાને સમકક્ષ જગા ગણી શકાય તેવી જગા પરનો, સરકાર અથવા સ્થાનિક મંડળો અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાં માલના ઉત્પાદન અથવા તેની બનાવટના ક્ષેત્રમાં આશરે બે વર્ષનો પ્રત્યક્ષ અનુભવ ધરાવતો હોવો જોઈશે;

(ઘ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(ચ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૫. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક-ની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

બી. એસ. મહેતા,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 226

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, JULY 11, 2016/ASADHA 20, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જુલાઈ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૧૬મી મે, ૨૦૧૬ ના ગુજરાત સરકારના **નાણા વિભાગ** ના સરકારી જાહેરનામા **ક્રમાંક** : (જીએન-૩૦) વીવીકે/૧૨૨૦૦૯/૩૯૦(૧૯૦૨૧૮)/ /ઠ.૩ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Gujarat Accounts Services, Class I and Gujarat Commercial Tax Services, Class I Combined Competitive Examination Rules, 2016.

ગુજરાત હિસાબી સેવા, વર્ગ ૧ અને ગુજરાત વાણિજ્યિક વેરા સેવા, વર્ગ ૧ સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૧૬મી મે, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક.(જીએન-૩૦) વીવીકે/૧૨૨૦૦૯/૩૯૦(૧૯૦૨૧૮)//ઠ.૩:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નાણા **વિભાગ હેઠળની** ગુજરાત હિસાબી સેવા, વર્ગ ૧ અને ગુજરાત વાણિજ્યિક વેરા સેવા, વર્ગ ૧ની જગા ઉપર ભરતી માટેની ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાની પદ્ધતિનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. **ટૂંકી સંજ્ઞા.-** (૧) આ નિયમો, ગુજરાત હિસાબી સેવા, વર્ગ ૧ અને ગુજરાત વાણિજ્યિક વેરા સેવા, વર્ગ ૧ સંયુકત સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે, નાણા વિભાગ હેઠળની ગુજરાત હિસાબી સેવા, વર્ગ ૧ અને ગુજરાત વાણિજ્યિક વેરા સેવા, વર્ગ ૧ ની જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂક પામનાર વ્યક્તિઓને લાગુ પડશે.

૨. **વ્યાખ્યા.-** આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) 'આયોગ' એટલે ગુજરાત જાહેર સેવા આયોગ;

(ખ) 'સરકાર' એટલે ગુજરાત સરકાર;

(ગ) 'પરીક્ષા' એટલે અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલ જગા ઉપરની ભરતી માટેની સંયુકત સ્પર્ધાત્મક પરીક્ષા, જેમાં નિયમ ૪માં ઉલ્લેખેલ પ્રારંભિક પરીક્ષા, મુખ્ય પરીક્ષા અને ઈન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત કસોટી)નો સમાવેશ થાય છે;

(ઘ) 'અનુસૂચિ' એટલે આ નિયમો સાથે જોડેલ અનુસૂચિ;

(ચ) 'સંબંધિત ભરતી નિયમો' એટલે અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલ જગા માટે સરકારે ઠરાવેલા ભરતી નિયમો;

(છ) 'અનુસૂચિત જગા' એટલે અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલ જગા.

3. **યોગ્યતા માટેની શરત.-**

(૧) ઉમેદવાર પરીક્ષામાં પ્રવેશ મેળવવા માટે લાયક ગણાશે નહિ સિવાય કે તે,-

(ક) ભારતનો નાગરિક, અથવા

(ખ) નેપાળનો પ્રજાજન, અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન, અથવા

(ઘ) પાકિસ્તાન, મ્યાનમાર, શ્રીલંકા, પૂર્વ આફ્રિકન દેશોમાંના કેન્યા, યુગાન્ડા, ટાન્ઝાનિયાના સંયુકત પ્રજાસત્તાક, ઝામ્બિયા, મલાવી, ઝૈર, ઇથીઓપીયા અને વિયેટનામમાંથી ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી સ્થળાંતર કર્યું હોય તેવી ભારતીય મૂળની વ્યકિત હોયઃ

INDEX

પરંતુ (ખ), (ગ) અને (ઘ) કક્ષાના ઉમેદવારોએ, સરકારે કાઢી આપેલું યોગ્યતા પ્રમાણપત્ર રજૂ કરવું જોઇશે.

(૨) જેને યોગ્યતા પ્રમાણપત્ર રજૂ કરવા ફરમાવેલ હોય તેવા ઉમેદવારને, આયોગ દ્વારા લેવાતી પરીક્ષામાં અથવા ઈન્ટરવ્યુ (રૂબરૂ મુલાકાત)માં બેસવાની છૂટ આપી શકાશે અને તેને, યોગ્યતા પ્રમાણપત્ર રજૂ કરવાને અધીન રહીને, કામચલાઉ નિમણૂક પણ આપી શકાશે.

૪. **શૈક્ષણિક લાયકાત.–** અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલ જગા ઉપર નિમણૂક માટે, સંબંધિત ભરતી નિયમો હેઠળ ઠરાવેલી જરૂરી લાયકાતો ધરાવતો ઉમેદવાર, પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર ગણાશે.

૫. **વયમર્યાદા.–** પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવાર, લઘુતમ ઉંમર ધરાવતો હોવો જોઇશે અને જાહેરાતમાં નિર્દિષ્ટ કરેલ તારીખે સંબંધિત ભરતી નિયમોમાં ઠરાવેલ મહત્તમ ઉંમર ધરાવતો હોવો જોઇશે નહિ.

૬. **પરીક્ષા યોજવા બાબત.–**

(૧) આયોગ, સરકાર તરફથી માંગણી–પત્રક મળ્યેથી, અનુસૂચિ–૧માં નિર્દિષ્ટ કરેલ જગા ઉપરની ભરતી માટે ઉમેદવારોની પસંદગી માટે સંયુકત સ્પર્ધાત્મક પરીક્ષા યોજશે.

(૨) પરીક્ષાની તારીખો અને સ્થળો, આયોગ દ્વારા નકકી કરાશે.

(૩) અરજી મંગાવવાની અને અરજીઓની ચકાસણી કરવાની કાર્યરીતિ, આયોગ દ્વારા નકકી કરાશે.

૭. **પરીક્ષાના પ્રકાર.–**

(૧) પરીક્ષા બે ક્રમિક તબકકામાં યોજવામાં આવશેઃ–

(૧) મુખ્ય પરીક્ષા માટેના ઉમેદવારોની પસંદગી માટે પ્રારંભિક પરીક્ષા (હેતુલક્ષી પ્રકારની); અને

(૨) ઉમેદવારોની આખરી પસંદગી માટે મુખ્ય પરીક્ષા (લેખિત પરીક્ષા) અને ઈન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત કસોટી).

(૨) પ્રારંભિક પરીક્ષા અને મુખ્ય પરીક્ષા, અનુસૂચિ–૨માં નિર્દિષ્ટ કરેલી રીતે યોજવામાં આવશે.

૮. **અભ્યાસક્રમ.–** આયોગ, દરેક વિષયના અભ્યાસક્રમની વિગતો નકકી કરશે અને આવો અભ્યાસક્રમ, ઉમેદવારોને અરજીપત્રકની સાથે પૂરો પાડવો જોઇશે.

૯. **પરીક્ષાનું માધ્યમ.–**

(૧) પેટા–નિયમ (૨)ને અધીન રહીને, પરીક્ષાનું માધ્યમ ગુજરાતી અને અંગ્રેજી રહેશે;

(૨) પ્રશ્નપત્ર ૧માંના સામાન્ય અંગ્રેજી ભાગના પ્રશ્નપત્રના જવાબો, અંગ્રેજી ભાષામાં આપવાના રહેશે;

(૩) મુખ્ય પરીક્ષાના પ્રશ્નપત્ર ૩ના જવાબો, ગુજરાતીમાં અથવા અંગ્રેજીમાં આપવાના રહેશે. તેમ છતાં, અરજદારને સંબંધિત વિષયમાં માત્ર અંગ્રેજીમાં અથવા ગુજરાતીમાં જવાબો લખવાની પરવાનગી આપી શકાશે.

૧૦. **પરીક્ષાનું સ્થળ.–**

(૧) ઈન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત કસોટી).અમદાવાદ ખાતે યોજાશે.

(૨) ઉમેદવારોએ, તેમના પોતાના ખર્ચે લેખિત પરીક્ષાઓ અને ઈન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત કસોટી) માં હાજર રહેવું પડશે.

૧૧. પરીક્ષામાં બેસવા માટેની અરજી.–

(૧) પ્રારંભિક પરીક્ષામાં બેસવા ઇચ્છતા ઉમેદવારે, સરકાર નક્કી કરે તેટલી ફી સાથે આયોગ ઠરાવે તેટલી સમયમર્યાદાની અંદર અને તેવા નમૂનામાં પોતાની અરજી રજૂ કરવી જોઇશે.

(૨) આયોગ દ્વારા મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે લાયક જાહેર કરવામાં આવ્યા હોય તેવા ઉમેદવારોએ, સરકાર નિર્ધારિત કરે તેટલી ફી સાથે આયોગ ઠરાવે તેટલી સમયમર્યાદાની અંદર અને તેવા નમૂનામાં ફરીથી અરજી કરવી જોઇશે.

(૩) ફી, આયોગ ઠરાવે તેવી રીતે ભરવી જોઇશે અને એકવાર ભરેલી ફી રિફંડ કરવામાં આવશે નહિ અથવા આગામી પરીક્ષા માટે રાખી (આગળ લઇ જઇ) શકાશે નહિ.

(૪) ઉમેદવાર દ્વારા અરજી પાછી ખેંચવા માટે કરાયેલ વિનંતી, કોઇપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ.

૧૨. પસંદગીનો ક્રમ.–

(૧) ઇન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત કસોટી)ના સમયે ઉમેદવારે, આયોગ ઠરાવે તેવી રીતે નિમણૂક માટે પોતે જેને અગ્રતા આપવા ઇચ્છતો હોય તે જગાઓ માટેનો પસંદગી ક્રમ તેના સ્વ–હસ્તે લેખિતમાં દર્શાવવો જોઇશેઃ

પરંતુ ઉમેદવારે એકવાર આપેલી પસંદગી, આખરી ગણાશે અને પસંદગી સુધારવા, તેમાં ઉમેરો કરવા, તેમાં ફેરફાર કરવા અથવા તે બદલવા માટેની કોઇ વિનંતી, આયોગ દ્વારા અથવા સરકાર દ્વારા સ્વીકારવામાં આવશે નહિ.

(૨) (ક) ઉમેદવારે દર્શાવેલ જગાઓ માટેના પસંદગી ક્રમથી, તે જગાઓ ઉપર નિમણૂક માટેનો કોઇ હક મળશે નહિ. ગુણવત્તા ક્રમમાં રેંક (સ્થાન) અને ઉપલભ્ય જગાઓની સંખ્યાને લક્ષમાં રાખીને, ઉમેદવારે આપેલી પસંદગીને, તેની નિમણૂકના સમયે સરકાર વિચારણામાં લેશે.

(ખ) ઉમેદવારે કોઇ જગા માટે પસંદગી આપેલ ન હોય અથવા ઉમેદવારે માત્ર એક જગા માટે પસંદગી આપેલ હોય અને તેણે પસંદગી આપેલ હોય તે જગા તેની પસંદગી પ્રમાણે ઉમેદવારનો સમાવેશ કરવા ઉપલભ્ય ન હોય ત્યારે, જેમણે અનુસૂચિ–૧માં નિર્દિષ્ટ કરેલ તમામ જગા માટે પસંદગી આપેલ હોય તેવા અન્ય ઉમેદવારોની નિમણૂકની પ્રક્રિયા પૂરી કરવામાં આવે તે પછી, આવા ઉમેદવારની અન્ય જગા ઉપર નિમણૂક માટેની વિચારણા કરાશે.

(૩) ચોક્કસ જગા ઉપર ઉમેદવારની નિમણૂક, સંબંધિત જગાઓના ભરતી નિયમોની જોગવાઇઓને અધીન રહેશે.

(૪) ઉમેદવાર દરખાસ્ત કરાયેલ જગા ઉપર હાજર થવામાં ચૂક કરે ત્યારે, તેનું નામ, આયોગ દ્વારા નિમણૂક માટે ભલામણ કરેલ ઉમેદવારોની યાદીમાંથી કમી કરવામાં આવશે.

(૫) ઉમેદવારની ચોક્કસ જગા ઉપર નિમણૂક કરાયેલ હોય ત્યારે, બીજી જગા ઉપર નિમણૂક કરવા માટેની કોઇ વિનંતી સરકાર દ્વારા સ્વીકારવામાં આવશે નહિ.

(૬) (૧) ઇન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત કસોટી) પછી, આયોગે, દરેક ઉમેદવારને મુખ્ય પરીક્ષામાં આખરે આપેલા એકંદર ગુણના આધારે, ગુણવત્તા ક્રમમાં ઉમેદવારોના નામો ગોઠવવા જોઇશે. ત્યારબાદ, બિન–અનામત રહેલી ખાલી જગા સામે ઉમેદવારોની ભલામણ કરવાના હેતુથી, આયોગે, મુખ્ય પરીક્ષાના આધારે ભરવાની બિન–અનામત રહેલી ખાલી

જગાની સંખ્યાના અનુસંધાનમાં પાત્રતા (લાયકી) ગુણ (જેનો આમાં, હવે પછી, સામાન્ય પાત્રતા (લાયકી) ધોરણ તરીકે ઉલ્લેખ કર્યો છે તે) નક્કી કરવા જોઇશે. અનામત રાખેલ ખાલી જગા સામે (વિચરતી જાતિ અને વિમુક્ત જાતિઓ સહિત) અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના અનામત કક્ષાના ઉમેદવારોની ભલામણ કરવાના હેતુથી, આયોગ, મુખ્ય પરીક્ષાના આધારે આ કક્ષાઓ પૈકી દરેકમાં ભરવાની અનામત રાખેલ ખાલી જગાની સંખ્યા અનુસાર સામાન્ય પાત્રતા ધોરણ હળવું કરી શકશે:

પરંતુ જેમણે પોતે પરીક્ષાના કોઇપણ તબક્કે પાત્રતા અથવા પસંદગીના માપદંડમાં કોઇપણ રાહત અથવા છૂટછાટ મેળવેલી ન હોય અથવા સામાન્ય પાત્રતા ધોરણોને ધ્યાનમાં લીધા પછી જેઓ, આયોગ દ્વારા ભલામણ માટે યોગ્ય જણાતા હોય તેવા, (વિચરતી જાતિ અને વિમુક્ત જાતિઓ સહિત) અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોની, (વિચરતી જાતિ અને વિમુક્ત જાતિઓ સહિત) અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે અનામત રાખેલ ખાલી જગા સામે ભલામણ કરવી જોઇશે નહિ.

(૨) પસંદગીઓની વિચારણા કરતી વખતે, આયોગ, બિન-અનામત ખાલી જગા સામે ભલામણ કરાયેલા (વિચરતી જાતિ અને વિમુક્ત જાતિઓ સહિત) અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોની, અનામત રાખેલ ખાલી જગા સામે ગોઠવણની પ્રક્રિયાથી તેઓ તેમની પસંદગીના ક્રમમાં ઉચ્ચતર પસંદગીની જગા મેળવતા હોય તો, તે પ્રમાણે ગોઠવણ કરી શકશે.

(૩) આયોગ, આ નિયમની જોગવાઇથી પરિણમતા બિન-અનામત ખાલી જગાઓ સામે નિમણૂક માટે ઉમેદવારોના કોઇપણ ઘટાડાને ધ્યાનમાં લઇને, (લાયકી) પાત્રતા ધોરણ વધુ નીચું રાખી શકશે.

૧૩. એકાધિક લગ્નના કારણે નિમણૂક માટેની ગેરલાયકાત.–

(૧) (ક) જે વ્યકિતના પતિ/પત્ની હયાત હોય તેવી વ્યકિત સાથે જેણે લગ્ન કર્યા હોય અથવા લગ્નનો કરાર કર્યો હોય તેવી કોઇ વ્યકિત, અથવા

(ખ) જે વ્યકિતના પતિ/પત્ની હયાત હોય તેવી કોઇ વ્યકિતએ, અન્ય વ્યકિત સાથે લગ્નનો કરાર કર્યો હોય અથવા લગ્ન કર્યા હોય તેવી કોઇ વ્યકિત,

અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલ જગા ઉપર નિમણૂકને પાત્ર થશે નહિ:

પરંતુ તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદાની જોગવાઇઓને અધીન રહીને, રાજય સરકારને એવી ખાતરી થાય કે તેમ કરવા માટેના ખાસ કારણો છે, તો તે, આ પેટા-નિયમના અમલમાંથી કોઇપણ વ્યકિતને મુકિત આપી શકશે.

(૨) ઉમેદવારે, તે અથવા યથાપ્રસંગ, તેણી પરિણીત છે કે કેમ અને પુરૂષ ઉમેદવારના કિસ્સામાં, તેને એક કરતાં વધુ પત્ની હયાત છે કે કેમ અને સ્ત્રી ઉમેદવારના કિસ્સામાં, જેની પહેલી પત્ની હયાત હોય તેવા પુરુષ સાથે તેણીએ લગ્ન કરેલ છે કે કેમ તે અરજીપત્રમાં જાહેર કરવું પડશે.

૧૪. આયોગનો નિર્ણય આખરી હોવા બાબત.–

(ક) આયોગને ખાતરી થાય કે ઉમેદવાર તમામ બાબતોમાં પાત્રતા ધરાવે છે અને તેણે જરૂરી ફીની ચુકવણી સહિત તમામ જરૂરિયાતોનું પાલન કરેલ છે તે સિવાય, ઉમેદવારને મુખ્ય પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

(ખ) મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટેની ઉમેદવારની પાત્રતા અંગેનો આયોગનો નિર્ણય આખરી ગણાશે અને આયોગે જેને પરીક્ષામાં બેસવાની પરવાનગી આપેલી ન હોય તેવા ઉમેદવારને, મુખ્ય પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ.

૧૫. પરીક્ષાને લગતું નિયંત્રણ.–

(૧) ઉમેદવારે તમામ પ્રશ્નપત્રોના ઉત્તર તેના સ્વ–હસ્તાક્ષરમાં આપવાના રહેશે. તેમ છતાં, અંધ ઉમેદવારોને, આયોગ તે અર્થે બહાર પાડે તેવી સૂચનાને અધીન રહીને, પરીક્ષામાં લહિયા (scribe) ની મદદથી લખવાની પરવાનગી આપવામાં આવશે

(૨) ઉમેદવારને પરીક્ષા ખંડમાં સેલ્યુલર ફોન, પેજર અથવા બીજા કોઇ સંદેશાવ્યવહારના મોબાઇલ સાધનો પોતાની સાથે લઈ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

(૩) ઉમેદવારને મુખ્ય પરીક્ષામાં આયોગ ઠરાવે તેવા રૂઢિગત પ્રકારના પ્રશ્નપત્રમાં સિમ્પલ બેટરી ઓપરેટેડ નોન–પ્રોગ્રામ પોકેટ કેલક્યુલેટરનો ઉપયોગ કરવાની પરવાનગી આપી શકાશે. પરંતુ પરીક્ષા ખંડમાં ઉમેદવારો વચ્ચે કેલક્યુલેટરની આપ–લે કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૬. મુખ્ય પરીક્ષામાં બેસવા બાબત.–

(ક) પ્રારંભિક પરીક્ષામાં આયોગ નક્કી કરે તેવા લઘુત્તમ પાત્રતા ગુણ મેળવ્યા હોય તેવા ઉમેદવારોને, મુખ્ય પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવામાં આવશે.

(ખ) મુખ્ય પરીક્ષા (લેખિત)માં આયોગ નક્કી કરે તેવા લઘુત્તમ પાત્રતા ગુણ મેળવેલા હોય તેવા ઉમેદવારોને, ઇન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત કસોટી) માટે બોલાવવામાં આવશેઃ

પરંતુ અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોને, મુખ્ય પરીક્ષા (લેખિત કસોટી)માં બેસવાની પરવાનગી આપી શકાશે અથવા યથાપ્રસંગ, આયોગનો અભિપ્રાય હોય કે આવી કક્ષાઓ માટે અનામત રાખેલી ખાલી જગ્યાઓ ભરવા માટે સામાન્ય કક્ષા માટે પાત્રતા ધોરણના આધારે મુખ્ય પરીક્ષા (લેખિત) અથવા યથાપ્રસંગ, ઇન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત કસોટી) માટે આ સમુદાયોમાંથી ઉમેદવારોની પૂરતી સંખ્યા ઉપલબ્ધ થવાનું સંભવિત નથી, તો પ્રારંભિક પરીક્ષા અથવા યથાપ્રસંગ, મુખ્ય પરીક્ષા (લેખિત)માં ધોરણ હળવું કરીને, ઇન્ટરવ્યુ (રૂબરૂ મુલાકાત) માટે બોલાવી શકાશે.

૧૭. પ્રતીક્ષા યાદી,–

કોઈ પ્રતીક્ષા યાદી રહેશે નહિ. કોઈ કારણોસર, ઉમેદવારો (જેમને ગુજરાત હિસાબી સેવા, વર્ગ ૧ અને ગુજરાત વાણિજિયક વેરા સેવા, વર્ગ ૧ની જગાઓ ફાળવેલ છે તે)ના હાજર ન થવાને લીધે, પદોની બાકી ખાલી જગાઓ, કોઇ હોય તો, તેને ભરતીની ત્યાર પછીની પ્રક્રિયામાં (ભરતીના ત્યાર પછીના સમયે) આગળ લઈ જવામાં આવશે:

પરંતુ (વિચરતી જાતિ અને વિમુક્ત જાતિઓ સહિત) અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારો માટે અનામત રાખેલ ખાલી

જગાઓ, સામાન્ય કક્ષા માટે નક્કી કરેલા એકંદર પાત્રતા ગુણના આધારે ભરવી જોઈશે નહિ, આયોગ, અનામત રાખેલ જગાઓમાં રહેલો ઘટાડો દૂર કરવા માટે એકંદર ગુણોનું ધોરણ હળવું કરી શકશે.

૧૮. ઈન્ટરવ્યુ (રૂબરૂ મુલાકાત)માં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળ જાય તો (ઉમેદવારને) અપાત્ર (ગેરલાયક) ગણવા બાબત.–

ઈન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત કસોટી) માટે પાત્રતા ધરાવતો હોય છતાં પણ ઈન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત કસોટી)માં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળ જાય તેવો ઉમેદવાર, પસંદગી માટે પાત્ર રહેશે નહિ.

૧૯. પરીક્ષાનું પરિણામ.–

(ક) આયોગે, સફળ ઉમેદવારોનું પરિણામ પ્રસિદ્ધ કરવું જોઈશે, જગાઓ પર નિમણૂક માટે જેમના નામોની સરકારને ભલામણ કરવાની હોય તેવા ઉમેદવારોના નામો, દરેક ઉમેદવારોના બેઠક ક્રમાંક અને તેમણે મેળવેલા કુલ ગુણ સહિત, ઉમેદવારોના ગુણવત્તા ક્રમ અનુસાર ગોઠવવા જોઈશે.

(ખ) આયોગે, અસફળ ઉમેદવારોનું પરિણામ પણ દરેક ઉમેદવારોના બેઠક ક્રમાંક અને તેમણે મેળવેલા કુલ ગુણ દર્શાવીને, પોતાના નોટિસ બોર્ડ પર પ્રદર્શિત કરવું જોઈશે.

(ગ) આયોગે, રાજપત્રમાં એવી રીતે પ્રસિદ્ધ કરેલ પરિણામની નકલ સરકારને મોકલવી જોઈશે.

૨૦. મુખ્ય પરીક્ષાના ગુણની ફેરચકાસણી.–

(૧) મુખ્ય પરીક્ષાના પોતાના ગુણની ફેરચકાસણી કરાવવા ઈચ્છતો ઉમેદવાર, દરેક પ્રશ્નપત્ર માટે આયોગ નક્કી કરે તેટલી ફી સાથે, મુખ્ય પરીક્ષાનું આખરી પરિણામ જાહેર થયાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, આયોગને અરજી કરી શકશે.

(૨) મુખ્ય પરીક્ષાનું ગુણપત્રક મેળવવા ઈચ્છતા ઉમેદવારે, આયોગ નક્કી કરે તેટલી ફી સાથે આખરી પરિણામ જાહેર થયાની તારીખથી પંદર દિવસની મુદતની અંદર આયોગને અરજી કરવી જોઈશે.

૨૧. સરકારને પરિણામ મોકલવા બાબત.–

આયોગે, પરિણામ જાહેર થયેથી, સરકારને જેમની નિમણૂક માટે ભલામણ કરવામાં આવી હોય તેવા ઉમેદવારોની જરૂરી વિગતો જેવી કે ઉમેદવાર, (વિચરતી આદિજાતિઓ અને વિમુકત આદિજાતિઓ સહિત) અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાંથી છે કે કેમ અને તેની જન્મ તારીખ, લાયકાતો, જગા માટેની પસંદગીનો ક્રમ અને રાજ્ય સરકાર આદેશ કરે તેવી બીજી વિગતો સહિતની યાદી મોકલવી જોઈશે.

૨૨. નિમણૂક અંગેનો કોઈ હક મળશે નહિ.–

પરીક્ષામાં માત્ર સફળ થવાથી જ નિમણૂક અંગેનો કોઈ હક મળશે નહિ અને સરકારને જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, એવી ખાતરી થાય કે જગા પર નિમણૂક માટે ઉમેદવાર તમામ રીતે યોગ્ય છે તે સિવાય, કોઈપણ ઉમેદવારની જગા પર નિમણૂક કરી શકાશે નહિ.

૨૩. તબીબી કસોટી.–

પસંદ થયેલા ઉમેદવારે, સરકાર આ અર્થે કરે તેવા નિયમો અનુસાર તબીબી કસોટી પાસ કરવી જરૂરી રહેશે.

૨૪. શિસ્તવિષયક પગલાં.–

આયોગ જે ઉમેદવાર,–

(૧) કોઈપણ સાધનો દ્વારા તેની ઉમેદવારી માટે ટેકો મેળવે;

(૨) ખોટું વ્યક્તિત્વ ધારણ કરે;

(૩) કોઈ વ્યક્તિને ખોટું વ્યક્તિત્વ ધારણ કરાવે;

(૪) બનાવટી દસ્તાવેજો અથવા ચેડા કરેલા દસ્તાવેજો રજૂ કરે;

(૫) ભૂલવાળા અથવા ખોટાં અથવા કોઈ મહત્વની માહિતી છૂપાવતા નિવેદનો કરે;

(૬) પરીક્ષા માટેની તેની ઉમેદવારીના સંબંધમાં, બીજા કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લે;

(૭) પરીક્ષા દરમિયાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરે;

(૮) લખાણમાં વાહિયાત ભાષા અથવા બિભત્સ બાબત સહિત અસંગત બાબત લખે;

(૯) પરીક્ષા ખંડમાં કોઈ બીજી રીતે ગેરવર્તણૂક કરે;

(૧૦) પરીક્ષાના સંચાલન માટે, આયોગે રોકેલા સ્ટાફને હેરાન–પરેશાન કરે અથવા શારીરિક રીતે ઈજા પહોંચાડે;

(૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા તે પૈકીનું કોઈ કાર્ય કરવાનો પ્રયત્ન કરે અથવા યથાપ્રસંગ, તેમાં મદદગારી કરે;

(૧૨) પરીક્ષા આપવાની તેને પરવાનગી આપતા તેના પ્રવેશ પ્રમાણપત્રની સાથે, ઉમેદવારોને આપેલી સૂચનાઓ પૈકીની કોઈનો ભંગ કરે,

તેને દોષિત જાહેર કરે અથવા કર્યો હોય તે ઉમેદવાર, પોતે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત,–

(ક) તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તેમાંથી આયોગ દ્વારા ગેરલાયક ઠરાવવાને પાત્ર થશે; અથવા

(ખ) કાયમી ધોરણે અથવા નિર્દિષ્ટ મુદત માટે તેને;

(૧) આયોગ, તેમના દ્વારા યોજાનારી સીધી પસંદગી માટેની કોઈપણ પરીક્ષામાં ઉપસ્થિત થવામાંથી અથવા કોઈપણ ઈન્ટરવ્યુ (રૂબરૂ મુલાકાત)માંથી; અથવા

(૨) રાજય સરકાર દ્વારા તેના હેઠળના કોઈ રોજગારમાંથી,

બાકાત રાખવાને પાત્ર થશે:

પરંતુ ઉમેદવાર તે અર્થે કરવા ઈચ્છતો હોય તેવી લેખિત રજૂઆત કરવાની તેને તક આપ્યા સિવાય, ખંડ (ક) અથવા ખંડ (ખ) હેઠળ કોઈ દંડ નાંખવો જોઈશે નહિ.

(ગ) તે અગાઉથી સરકારી સેવામાં હોય, તો યોગ્ય નિયમો હેઠળ શિસ્તવિષયક પગલાંને પાત્ર થશે.

અનુસૂચિ-૧

(જુઓ નિયમ ૨ (છ) (ગ) અને ૬ (૧))

૧. ગુજરાત હિસાબી સેવામાં, હિસાબી અધિકારી, વર્ગ-૧.

૨. ગુજરાત વાણિજ્યિક વેરા સેવામાં, વાણિજ્યિક વેરા અધિકારી, વર્ગ-૧.

અનુસૂચિ ૨

(જુઓ નિયમ ૭(૨))

વિભાગ-૧

પરીક્ષાની રૂપરેખા

સ્પર્ધાત્મક પરીક્ષા બે ક્રમિક તબકકામાં લેવામાં આવશે.-

(ક) મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારોની પસંદગી કરવા માટે પ્રારંભિક પરીક્ષા (હેતુલક્ષી પ્રકારની); અને

(ખ) અનુસૂચિત જગાઓ પર ઉમેદવારોની પસંદગી કરવા માટે મુખ્ય પરીક્ષા (લેખિત) અને ઇન્ટરવ્યુ ટેસ્ટ (રુબરુ મુલાકાત કસોટી).

ક. પ્રારંભિક પરીક્ષા.-

પ્રારંભિક પરીક્ષામાં આ અનુસૂચિના વિભાગ-રમાં દર્શાવ્યા પ્રમાણે હેતુલક્ષી પ્રકારના (બહુવિધ વિકલ્પવાળા પ્રશ્નોવાળા) બે પ્રશ્નપત્રો રહેશે અને તે કુલ મહત્તમ ૩૫૦ ગુણના રહેશે. આ પરીક્ષા માત્ર ચકાસણી કસોટી પ્રકારની રહેશે. મુખ્ય પરીક્ષામાં બેસવા માટે લાયક જાહેર કરવામાં આવે તેવા ઉમેદવારોએ પ્રારંભિક પરીક્ષામાં મેળવેલા ગુણની ગણતરી તેમનો આખરી ગુણવત્તા ક્રમ નકકી કરવા માટે ગણતરીમાં લેવામાં આવશે નહિ. મુખ્ય પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવામાં આવે તેવા ઉમેદવારોની સંખ્યા, જાહેરખબરમાં આપવામાં આવેલી કુલ ખાલી જગાઓની સંખ્યાથી આશરે છ ગણી રહેશે. આયોગ દ્વારા પ્રારંભિક પરીક્ષામાં લાયક જાહેર કરવામાં આવેલ ઉમેદવાર જ, તે/તેણી અન્યથા મુખ્ય પરીક્ષામાં બેસવા માટે લાયક છે તે શરતને અધીન રહીને, મુખ્ય પરીક્ષામાં બેસવા માટે લાયક ગણાશે.

ખ. મુખ્ય પરીક્ષા.-

મુખ્ય પરીક્ષા, લેખિત પરીક્ષા અને ઇન્ટરવ્યુ ટેસ્ટ (રુબરુ મુલાકાત કસોટી)ની રહેશે. લેખિત પરીક્ષા આ અનુસૂચિના વિભાગ-૩માં દર્શાવ્યા પ્રમાણેના ૨૦૦ ગુણના દરેક એવા વર્ણનાત્મક પ્રકારના ૩ (ત્રણ) પ્રશ્નપત્રોની રહેશે.

મુખ્ય પરીક્ષાના લેખિત ભાગમાં આયોગ નક્કી કરે તેવા લઘુત્તમ પાત્રતા ગુણ મેળવે તેવા ઉમેદવારોને, ઇન્ટરવ્યુ ટેસ્ટ (રુબરુ મુલાકાત કસોટી) માટે બોલાવવામાં આવશે. ઇન્ટરવ્યુ ટેસ્ટ (રુબરુ મુલાકાત કસોટી) માટે બોલાવવામાં આવે તેવા ઉમેદવારોની સંખ્યા જાહેરખબરમાં આપવામાં આવેલી ખાલી જગાઓની સંખ્યાથી આશરે ત્રણ ગણી હોવી જોઇશે. આ અનુસૂચિના વિભાગ- ૪માં દર્શાવ્યા પ્રમાણેનો ઇન્ટરવ્યુ ટેસ્ટ (રુબરુ મુલાકાત કસોટી) કોઈ લઘુત્તમ પાત્રતા ગુણ સિવાય ૧૦૦ ગુણનો રહેશે. મુખ્ય પરીક્ષા અને ઇન્ટરવ્યુ ટેસ્ટ (રુબરુ મુલાકાત કસોટી)માં ઉમેદવારોએ મેળવેલા ગુણ પરથી આખરી (ગુણવત્તા) ક્રમ નકકી કરવામાં આવશે.

વિભાગ ૨

પ્રારંભિક પરીક્ષાની પદ્ધતિ અને તેના વિષયો:-

પ્રારંભિક પરીક્ષામાં નીચે પ્રમાણેના ૨ (બે) પ્રશ્નપત્રો કુલ-૩૫૦ ગુણના રહેશેઃ-

પ્રશ્નપત્ર નં.	વિષય	કુલ ગુણ	સમયગાળો
૧	શાબ્દિક કૌશલ્ય*-ગુજરાતી-૫૦ ગુણ, શાબ્દિક કૌશલ્ય*-અંગ્રેજી-૫૦ ગુણ, પરિમાણાત્મક કૌશલ્ય - ૨૫ ગુણ, તાર્કિક (બિન-પરિમાણાત્મક) -૨૫ ગુણ	૧૫૦ ગુણ	૨.૧/૨ કલાક (૧૫૦ મિનિટ)
૨	સામાન્ય અભ્યાસ	૨૦૦ ગુણ	૨ કલાક
	કુલ	**૩૫૦**	**૪.૧/૨ કલાક**

* શાબ્દિક કૌશલ્ય એટલે ભાષાને સમજવાની, સમજાવવાની, વિશ્લેષણ કરવાની અને ફકરાનું શાબ્દિક રૂપાંતર કરવાની ઉમેદવારની ક્ષમતાની કસોટી કરતી લેખિત અને મૌખિક વ્યવહારમાં ભાષા પ્રાવીણ્ય.

નોંધઃ

૧. બંને પ્રશ્નપત્રોનો અભ્યાસક્રમ, આયોગ ઠરાવે અને જાહેર કરે તેવો રહેશે.

૨. પ્રશ્નપત્ર ૧ માટેના અભ્યાસક્રમનું ધોરણ અને તેની વિષયવસ્તુ, ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના બારમા ધોરણનું રહેશે.

૩ સામાન્ય અભ્યાસના પ્રશ્નપત્રો માટેના અભ્યાસક્રમનું ધોરણ અને તેની વિષયવસ્તુ, સ્નાતક કક્ષાના રહેશે.

૪. પ્રશ્નપત્રો હેતુલક્ષી પ્રકારના (બહુવિધ વિકલ્પવાળા પ્રશ્નોવાળા) રહેશે.

૫. અંધ ઉમેદવારોને, પ્રશ્નપત્ર ૧ અને ૨ માટે કલાક દીઠ વીસ મિનિટનો વધારાનો સમય આપી શકાશે.

વિભાગ-૩

મુખ્ય પરીક્ષાની પદ્ધતિ અને તેના વિષયો

મુખ્ય પરીક્ષાની પદ્ધતિ અને તેના વિષયોમાં, નીચેના પ્રશ્નપત્રોનો સમાવેશ થશેઃ-

ફરજિયાત પ્રશ્નપત્રો

પ્રશ્નપત્ર	વિષય	કુલ ગુણ	સમયગાળો
૧	ગુજરાતી વર્ણનાત્મક - ૧૫૦ ગુણ અંગ્રેજી વર્ણનાત્મક - ૫૦ ગુણ	૨૦૦ ગુણ	૩ કલાક
૨	સામાન્ય અભ્યાસ (હેતુલક્ષી પ્રકારનું, બહુવિધ વિકલ્પવાળા પ્રશ્નો) (૧) ગુજરાતનો ઈતિહાસ અને સંસ્કૃતિ (૨) સામાન્ય અર્થશાસ્ત્ર, જાહેર વહીવટ અને સરકારી કામકાજ. (૩) નીતિશાસ્ત્ર અને અભિરૂચિ. (૪) વર્તમાન ઘટનાઓ. (૫) ભૂગોળ, વિજ્ઞાન અને ટેકનોલોજી (૬) ભારત/ગુજરાતની સંસ્કૃતિ, સાહિત્ય અને અન્ય તેનો ફાળો, કલા, ધર્મ, પદાધિકારીઓ, પર્યાવરણ, સંરક્ષણ, ભારતનું સંવિધાન, માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫.	૨૦૦ ગુણ	૩ કલાક

પ્રશ્નપત્ર	વિષય	કુલ ગુણ	સમયગાળો
૩.	વાણિજ્ય અને વ્યવસ્થા (Commerce and Management) (વર્ણનાત્મક) વાણિજ્ય, સંચાલન, અર્થશાસ્ત્ર, જાહેર હિસાબો, ઓડિટ, કરવેરા, આકારણી, વસૂલાતની સામાન્ય બાબત.	૨૦૦ ગુણ	૩ કલાક
	કુલ	**૬૦૦**	**૯ કલાક**

નોંધઃ-

૧. ગુજરાતી પ્રશ્નપત્રનું ધોરણ, ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના બારમા ધોરણના ગુજરાતી વિષય (ઉચ્ચતર સ્તર)ને સમકક્ષ રહેશે.

૨. અંગ્રેજી પ્રશ્નપત્રનું ધોરણ, ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના બારમા ધોરણના અંગ્રેજી વિષય (નિમ્ન સ્તર)ને સમકક્ષ રહેશે.

૩. સામાન્ય અભ્યાસના પ્રશ્નપત્ર ૨ અને વાણિજ્યના પ્રશ્નપત્ર ૩ માટેના અભ્યાસક્રમનું ધોરણ અને તેની વિષયવસ્તુ, સ્નાતક કક્ષાના રહેશે.

૪. દરેક પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ આયોગ ઠરાવે અને જાહેર કરે તેવો રહેશે.

૫. પરીક્ષાના પ્રશ્નપત્રો, રૂઢિગત પ્રકારના રહેશે.

૬. અંધ ઉમેદવારોને, કલાક દીઠ વીસ મિનિટનો વધારાનો સમય આપી શકાશે.

વિભાગ-૪

ઈન્ટરવ્યુ ટેસ્ટ (રુબરુ મુલાકાત કસોટી) - ૧૦૦ ગુણ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એચ. પંડ્યા,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 227

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, JULY 12, 2016/ASADHA 21, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જુલાઈ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ** - ના તારીખ : ૧૮મી મે, ૨૦૧૬ ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીજે/૨૦૧૬ નો ૧૦/જીએબી/૧૨૭૯/૧૦/ઈ** - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Executive Engineer (Civil), Class-I, in the Gujarat Engineering Service, under the Narmada, Water Resources, Water Supply and Kalpasar Department Recruitment Rules, 2016.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની ગુજરાત ઈજનેરી સેવામાં, કાર્યપાલક ઈજનેર (સિવિલ), વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૧૮મી મે, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીજે/૨૦૧૬ નો ૧૦/જીએબી/૧૨૭૯/૧૦/ઈઃ– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ઈજનેરી સેવામાં, કાર્યપાલક ઈજનેર (સિવિલ), વર્ગ-૧-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની ગુજરાત ઈજનેરી સેવામાં, કાર્યપાલક ઈજનેર (સિવિલ), વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ઈજનેરી સેવામાં, કાર્યપાલક ઈજનેર (સિવિલ), વર્ગ-૧-ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની ગુજરાત ઈજનેરી સેવામાં, નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ), વર્ગ-૨-ના સંવર્ગમાં ઓછામાં ઓછા આઠ વર્ષ સુધી કામ કરેલું હોય; અને

(૨) ઠરાવેલી વ્યાવસાયિક પરીક્ષા પાસ કરેલી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય, અને

(૪) સિવિલ એન્જિનિયરીંગની પદવી અથવા (સિવિલ એન્જિનિયરીંગમાં) ડિપ્લોમાની ન્યૂનતમ લાયકાત ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે,

તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) આ હેતુ માટે યોજવામાં આવેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે કરવી જોઈશે.

૩. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે અને બઢતીથી કરવાની નિમણૂક ૧:૪ના પ્રમાણમાં કરવામાં આવશે.

૪. નિયમ-૨માં જણાવેલી જગા પર સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ;

INDEX

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી બેચલર ઓફ એન્જિનિયરીંગ (સિવિલ) અથવા બેચલર ઓફ ટેક્નોલોજિ (સિવિલ)ની પદવી ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે.

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે.

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૫. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૬. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવી પડશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૭. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર વ્યાવસાયિક પરીક્ષા અને ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૦. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

હેમેશ મારડિયા,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 228

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, JULY 13, 2016/ASADHA 22, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જુલાઈ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૧૩મી જૂન, ૨૦૧૬ના ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજે-૨૦૧૬ નો ૬/જીએબી/૧૧૯૬/૬/ભાગ-૧/ઈ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Executive Engineer (Civil), Class I, in the Gujarat Engineering Service, under Roads and Buildings Department Recruitment Rules, 2016.

માર્ગ અને મકાન વિભાગ હેઠળની ગુજરાત ઇજનેરી સેવામાં, કાર્યપાલક ઇજનેર (સિવિલ), વર્ગ ૧ ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

માર્ગ અને મકાન વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખઃ ૧૩મી જૂન, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીજે-૨૦૧૬નો ૬/જીએબી/૧૧૯૬/૬/ભાગ-૧/ઇઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ઇજનેરી સેવામાં, કાર્યપાલક ઇજનેર (સિવિલ), વર્ગ ૧ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો, માર્ગ અને મકાન વિભાગ હેઠળની ગુજરાત ઇજનેરી સેવામાં, કાર્યપાલક ઇજનેર (સિવિલ), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ઇજનેરી સેવામાં, કાર્યપાલક ઇજનેર (સિવિલ), વર્ગ ૧ની જગા ઉપરની નિમણૂક, જેણે,-

(ક) (૧) માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ઇજનેરી સેવામાં, નાયબ કાર્યપાલક ઇજનેર (સિવિલ), વર્ગ ૨-ના સંવર્ગમાં ઓછામાં ઓછા આઠ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) ઠરાવેલ વ્યાવસાયિક પરીક્ષા પાસ કરેલ હોય;

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય; અને

(૪) સિવિલ એન્જિનિયરીંગમાં પદવી અથવા ડિપ્લોમાની ન્યૂનતમ લાયકાત ધરાવતી હોય અથવા સરકારે માન્ય કરેલ સમકક્ષ લાયકાત ધરાવતી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાંથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, લેખિતમાં કારણોની નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે-તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) આ હેતુ માટે યોજેલ સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે કરવી જોઇશે.

૩. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે અને બઢતીથી કરવાની નિમણૂક ૧:૪ના પ્રમાણમાં કરવી જોઇશે.

૪. નિયમ ૨-માં જણાવેલ જગા ઉપર, સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ એન્જિનિયરીંગ (સિવિલ)ની સ્નાતકની અથવા ટેકનોલોજી (સિવિલ)ની સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે; અથવા સરકારે માન્ય કરેલ સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૫. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૬. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર, પૂર્વ-સેવા તાલીમ લેવી પડશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૭. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવી પડશે.

૮. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર, વ્યાવસાયિક પરીક્ષા અને ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૦. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સ્મિતા શાહ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Extra No. 229

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, JULY 15, 2016/ASADHA 24, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જુલાઈ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **તારીખઃ ૩જી જૂન, ૨૦૧૬ના ગુજરાત સરકારના બંદરો અને વાહન વ્યવહાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : પીટી-૪૨-૨૦૧૬-એમવીઓ-૧૦-૨૦૧૧-૨૫૪-ખ.**નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Motor Vehicle Prosecutor, Class II (Motor Vehicle Department) Recruitment Rules, 2012.

મોટર વાહન પ્રોસિક્યુટર, વર્ગ ૨ (મોટર વાહન ખાતું) ભરતી નિયમો, ૨૦૧૨ સુધારવા સંબંધી જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૩જી જૂન, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: પીટી/૪૨/૨૦૧૬/એમવીઓ/૧૦/૨૦૧૧/૨૫૪/ખ:-ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, મોટર વાહન પ્રોસિક્યુટર, વર્ગ૨ (મોટર વાહન ખાતું) ભરતી નિયમો, ૨૦૧૨ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો મોટર વાહન પ્રોસિક્યુટર, વર્ગ ૨ (મોટર વાહન ખાતું) ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. મોટર વાહન પ્રોસિક્યુટર, વર્ગ ૨ (મોટર વાહન ખાતું) ભરતી નિયમો, ૨૦૧૨માં, નિયમ ૩માં, ખંડ (ક)માં,-

(૧) "૩૧ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૪૩ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા;

(૨) વિદ્યમાન પરંતુક પછી, નીચેનો પરંતુક દાખલ કરવો:–

"વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા–નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય–મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ;".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ.આર.સોની,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 230

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, JULY 18, 2016/ASADHA 27, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી જુલાઈ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **તારીખઃ ૨૮મી માર્ચ, ૨૦૧૬ના** ગુજરાત સરકારના **શ્રમ અને રોજગાર** વિભાગના સરકારી જાહેરનામા **ક્રમાંકઃ કેએચઆર-૨૦૧૬-૫૦-એલવીડી-૧૦-૨૦૧૧-જીઓઆઈ.૦૪-એમ(૨).** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ

જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખઃ ૨૮મી માર્ચ, ૨૦૧૬.

ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંકઃ કેએચઆર/૨૦૧૬/૫૦/એલવીડી/૧૦/૨૦૧૧/જીઓઆઇ.૦૪/એમ(૨):- ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૩ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ) સાથે વાંચતા, કલમ ૫ની પેટા-કલમ (૨) હેઠળ બહાર પાડવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, આથી, સદરહુ અધિનિયમની કલમ ૫ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)થી ફરમાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી, નોટિસ આપવામાં આવે છે કે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી બે મહિનાની મુદત પૂરી થયે અથવા તે પછી, સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલા સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં, કોઇ વ્યકિત તરફથી, ગ્રામ શ્રમ આયુકત, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૭, ૧લો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-ને જે કોઇ વાંધા અથવા સૂચનો મળશે તેને સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંકઃ કેએચઆર/૨૦૧૬/૫૦/એલવીડી/૧૦/૨૦૧૧/જીઓઆઇ.૦૪/એમ(૨):- ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા)ની કલમ ૩ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ) સાથે વાંચતા, કલમ ૫ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ અને શ્રમ અને રોજગાર વિભાગનું તારીખ ૧૨મી ઓગસ્ટ, ૨૦૧૪નું સરકારી જાહેરનામું ક્રમાંકઃ કેએચઆર-૨૦૧૪-૧૪૦-એલવીડી-૧૦-૨૦૧૧-જીઓઆઇ.૦૪-એમ(૨) રદ કરીને, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ નં.(૧)માં જણાવેલા કામદારોના વર્ગના સંબંધમાં, સદરહુ અનુસૂચિના કોલમ નં. (૨) અને (૩)માં જણાવેલા વેતનના ન્યૂનતમ દરો સુધારે છે;

અનુસૂચિ

કામદારોનો વર્ગ.	છૂટક મજૂરને ચૂકવવાપાત્ર દૈનિક દર.	કાયમી મજૂરને ચૂકવવાપાત્ર વાર્ષિક દર.
(૧)	(૨)	(૩)
કૃષિવિષયક રોજગારમાંના કામદારો.	₹. ૧૭૮-૦૦	₹. ૬૪,૯૭૦-૦૦

INDEX

સ્પષ્ટીકરણ :

આ જાહેરનામાના હેતુ માટે–

(૧) સમગ્ર રાજય એક ઝોન તરીકે ગણાશે.

(૨) ન્યૂનતમ વેતનની ચુકવણીમાં પુરૂષ અને સ્ત્રી કામદારો વચ્ચે કોઇપણ ભેદભાવ રાખવો જોઇશે નહિ.

(૩) વર્ષના કોઇ ભાગ માટે કામે રાખેલ કાયમી કામદારના કિસ્સામાં, તેને દર વર્ષે ચૂકવવાપાત્ર વેતનના ન્યૂનતમ દરો પ્રમાણસર રીતે ઘટાડવા જોઇશે.

(૪) "છૂટક મજૂર" એટલે કૃષિવિષયક રોજગાર સાથે સંકળાયેલ કોઇપણ કામ કરવા માટે ભાડેથી અથવા બદલાથી કામે રખાયેલ હોય અને કામકાજના દિવસના આધારે જેને અનુલાભો સાથે કે તેના વિના વેતન ચૂકવવામાં આવતું હોય તેવી કોઇપણ વ્યકિત.

(૫) "કાયમી મજૂર " એટલે કૃષિવિષયક રોજગાર સાથે સંકળાયેલ કોઇપણ કામ કરવા માટે ભાડેથી અથવા બદલાથી કામે રખાયેલ હોય અને એક મહિનાથી બાર મહિનાના ગાળાએ કામકાજની નિર્દિષ્ટ મુદતના આધારે જેને અનુલાભો સાથે કે તેના વિના વેતન ચૂકવવામાં આવતું હોય તેવી કોઇપણ વ્યકિત અને તેમાં "ચાકર", "ભાગિયા", "હાથી" અથવા "સાથી" તરીકે ઓળખાતા કામદારોનો સમાવેશ થાય છે;

(૬) છૂટક દરના ધોરણે કામે રાખેલ કોઇ કામદારની બાબતમાં, વેતનનો ન્યૂનતમ દર એવી રીતે નકકી કરવો જોઇશે કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને ચૂકવવાપાત્ર વેતનની રકમ, સમય દરના ધોરણે ચૂકવવાપાત્ર દૈનિક વેતન કરતા ઓછી થાય નહિ.

(૭) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યૂનતમ દરોના પચાસ ટકા ચૂકવવા જોઇશે અને જો તે ચાર કલાક કરતા વધુ કામ કરે તો, વેતનના પૂરેપૂરા દરો ચૂકવવા જોઇશે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

આર.એચ.વસાવા,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 231

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, JULY 18, 2016/ASADHA 27, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી જુલાઈ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ : ૭મી જૂન, ૨૦૧૬ના જાહેરનામા

(૧) ક્રમાંક : કેવી-૨૦૧૬ નો ૧૨૧-ઈએસટી-૧૦૧૪-૩૦૫૫-આર,

(૨) ક્રમાંક : કેવી-૨૦૧૬ નો ૧૨૨-ઈએસટી-૧૦૧૪-૫૩૨-આર, અને

(૩) ક્રમાંક : કેવી-૨૦૧૬ નો ૧૨૩-ઈએસટી-૧૦૧૪-૩૦૫૪-આર-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification
Regarding
The Chief Officer, Class I, in the Gujarat State Municipal Chief Officers' Service Recruitment Rules, 2016.

ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવામાં, મુખ્ય અધિકારી, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૭મી જૂન, ૨૦૧૬.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક: કેવી -૨૦૧૬નો ૧૨૧-ઈએસટી- ૧૦૧૪-૩૦૫૫ -આર:- ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના અધિનિયમ ક્રમાંક: ૩૪મા)ની કલમ ૪૭ક-ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ અને મુખ્ય અધિકારી, વર્ગ ૧ની જગાને લાગુ પડતા હોય ત્યાં સુધી ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવા (ભરતી, સમાવેશ અને નોકરીની શરતો) નિયમો, ૧૯૯૬ રદ કરીને, ગુજરાત સરકાર, આથી,ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવામાં, મુખ્ય અધિકારી, વર્ગ ૧-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવામાં, મુખ્ય અધિકારી, વર્ગ ૧,ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવામાં, મુખ્ય અધિકારી, વર્ગ ૧-ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવામાં, મુખ્ય અધિકારી, વર્ગ-૨-ના સંવર્ગમાં ઓછામાં ઓછા આઠ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) સરકાર ઠરાવે તેવી ખાતાકીય પરીક્ષા પરીક્ષા પાસ કરેલી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આ હેતુ માટે યોજવામાં આવેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે કરવી જોઈશે; અથવા

(ગ) ગુજરાત વહીવટી સેવા (જુનિયર સ્કેલ), વર્ગ ૧-ના સંવર્ગમાં કામ કરતી વ્યક્તિઓમાંથી, પ્રતિનિયુક્તિને આધારે કામચલાઉ બદલીથી કરવી જોઈશે.

૩. નિયમ-૨માં જણાવેલી જગા પરના હેતુ માટે યોજવામાં આવેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે;

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૫. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવી પડશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૯. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

૧૦. મુખ્ય અધિકારી, વર્ગ ૧-ની સેવાને લગતી કોઈપણ બાબતના સંબંધમાં, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં ચોક્કસ જોગવાઈ કરવામાં ન આવી હોય, ત્યારે મુખ્ય અધિકારી, વર્ગ ૧-ને નીચેના નિયમો ઉચિત ફેરફાર સાથે લાગુ પડશે:

(૧) ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨.
(૨) ગુજરાત મુલકી સેવા (પગાર ઉપરાંત ભથ્થાં) નિયમો, ૨૦૦૨.
(૩) ગુજરાત મુલકી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨.
(૪) ગુજરાત મુલકી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨.
(૫) ગુજરાત મુલકી સેવા (રહેણાકના મકાનોમાં વસવાટ) નિયમો, ૨૦૦૨.
(૬) ગુજરાત મુલકી સેવા (ફરજ પર જોડાવાના સમય, રાજ્યેતર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકૂફી દરમિયાન ચુકવણી, બરતરફી અને રૂખસદ) નિયમો, ૨૦૦૨.
(૭) ગુજરાત મુલકી સેવા (રજા) નિયમો, ૨૦૦૨.
(૮) ગુજરાત મુલકી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨.
(૯) ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧.

(૧૦) ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.

(૧૧) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭.

(૧૨) વર્ધિત ભવિષ્ય નિધિ નિયમો, ૧૯૬૩ અને (મુંબઈ) સામાન્ય ભવિષ્ય નિધિ નિયમો, ૧૯૩૬.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. વી. શાહ,

સરકારના ઉપસચિવ.

Notification

Regarding

The Chief Officer, Class II, in the Gujarat State Municipal Chief Officers' Service Recruitment Rules, 2016.

ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવામાં, મુખ્ય અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૭મી જૂન, ૨૦૧૬.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

<u>ક્રમાંક: કેવી -૨૦૧૬નો ૧૨૨-ઈએસટી- ૧૦૧૪-૫૩૨ -આર</u>:- ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના અધિનિયમ ક્રમાંક: ૩૪મા)ની કલમ ૪૭ક-ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ અને મુખ્ય અધિકારી, વર્ગ ૨ની જગાને લાગુ પડતા હોય ત્યાં સુધી ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવા (ભરતી, સમાવેશ અને નોકરીની શરતો) નિયમો, ૧૯૯૬ રદ કરીને, ગુજરાત સરકાર, આથી,ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવામાં, મુખ્ય અધિકારી, વર્ગ ૨-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવામાં, મુખ્ય અધિકારી, વર્ગ ૨,ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવામાં, મુખ્ય અધિકારી, વર્ગ ૨-ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવામાં, મુખ્ય અધિકારી, વર્ગ-૩-ના સંવર્ગમાં ઓછામાં ઓછા ૭ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) સરકાર ઠરાવે તેવી ખાતાકીય પરીક્ષા પરીક્ષા પાસ કરેલી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આ હેતુ માટે યોજવામાં આવેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે કરવી જોઈશે; અથવા

(ગ) મામલતદાર, વર્ગ ૨ અથવા તાલુકા વિકાસ અધિકારી, વર્ગ ૨-ના સંવર્ગમાં કામ કરતી વ્યક્તિઓમાંથી, પ્રતિનિયુક્તિને આધારે કામચલાઉ બદલીથી કરવી જોઈશે.

૩. બઢતીથી અને સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે કરવાની નિમણૂકો ૧:૧ના પ્રમાણમાં કરવામાં આવશે.

૪. નિયમ-૨માં જણાવેલી જગા પરના હેતુ માટે યોજવામાં આવેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે;

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૫. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૬. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવી પડશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૭. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૦. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

૧૧. મુખ્ય અધિકારી, વર્ગ ૨-ની સેવાને લગતી કોઈપણ બાબતના સંબંધમાં, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં ચોક્કસ જોગવાઈ કરવામાં ન આવી હોય, ત્યારે મુખ્ય અધિકારી, વર્ગ ૨-ને નીચેના નિયમો ઉચિત ફેરફાર સાથે લાગુ પડશે:

(૧) ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨.
(૨) ગુજરાત મુલકી સેવા (પગાર ઉપરાંત ભથ્થાં) નિયમો, ૨૦૦૨.
(૩) ગુજરાત મુલકી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨.
(૪) ગુજરાત મુલકી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨.
(૫) ગુજરાત મુલકી સેવા (રહેણાકના મકાનોમાં વસવાટ) નિયમો, ૨૦૦૨.
(૬) ગુજરાત મુલકી સેવા (ફરજ પર જોડાવાના સમય, રાજ્યેતર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકૂફી દરમિયાન ચુકવણી, બરતરફી અને રૂખસદ) નિયમો, ૨૦૦૨.
(૭) ગુજરાત મુલકી સેવા (રજા) નિયમો, ૨૦૦૨.
(૮) ગુજરાત મુલકી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨.
(૯) ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧.
(૧૦) ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.
(૧૧) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭.
(૧૨) વર્ધિત ભવિષ્ય નિધિ નિયમો, ૧૯૬૩ અને (મુંબઈ) સામાન્ય ભવિષ્ય નિધિ નિયમો, ૧૯૩૬.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. વી. શાહ,
સરકારના ઉપસચિવ.

Notification
Regarding
The Chief Officer, Class III, in the Gujarat State Municipal Chief Officers' Service Recruitment Rules, 2016.

ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવામાં, મુખ્ય અધિકારી, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી
જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૭મી જૂન, ૨૦૧૬.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંકઃ કેવી -૨૦૧૬નો ૧૨૩-ઈએસટી- ૧૦૧૪-૩૦૫૪ -આરઃ- ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના અધિનિયમ ક્રમાંકઃ ૩૪મા)ની કલમ ૪૭૬-ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ અને મુખ્ય અધિકારી, વર્ગ-૩ની જગાને લાગુ પડતા હોય ત્યાં સુધી ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવા (ભરતી, સમાવેશ અને નોકરીની શરતો) નિયમો, ૧૯૯૬ રદ કરીને, ગુજરાત સરકાર, આથી,ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય

INDEX

અધિકારીની સેવામાં, મુખ્ય અધિકારી, વર્ગ ૩-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવામાં, મુખ્ય અધિકારી, વર્ગ ૩,ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવામાં, મુખ્ય અધિકારી, વર્ગ ૩-ની જગા પરની નિમણૂક,-

(ક) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આ હેતુ માટે યોજવામાં આવેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે કરવી જોઈશે; અથવા

(ખ) નાયબ મામલતદાર, વર્ગ ૩-ના સંવર્ગમાં કામ કરતી વ્યક્તિઓમાંથી, પ્રતિનિયુક્તિને આધારે કામચલાઉ બદલીથી કરવી જોઈશે.

૩. નિયમ-૨માં જણાવેલી જગા પરના હેતુ માટે યોજવામાં આવેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે;

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, એક વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૫. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવી પડશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૯. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

૧૦. મુખ્ય અધિકારી, વર્ગ ૩-ની સેવાને લગતી કોઈપણ બાબતના સંબંધમાં, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં ચોક્કસ જોગવાઈ કરવામાં ન આવી હોય, ત્યારે મુખ્ય અધિકારી, વર્ગ ૩-ને નીચેના નિયમો ઉચિત ફેરફાર સાથે લાગુ પડશેઃ

(૧) ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨.
(૨) ગુજરાત મુલકી સેવા (પગાર ઉપરાંત ભથ્થાં) નિયમો, ૨૦૦૨.
(૩) ગુજરાત મુલકી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨.
(૪) ગુજરાત મુલકી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨.
(૫) ગુજરાત મુલકી સેવા (રહેણાકના મકાનોમાં વસવાટ) નિયમો, ૨૦૦૨.
(૬) ગુજરાત મુલકી સેવા (ફરજ પર જોડાવાના સમય, રાજ્યેતર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકૂફી દરમિયાન ચુકવણી, બરતરફી અને રૂખસદ) નિયમો, ૨૦૦૨.
(૭) ગુજરાત મુલકી સેવા (રજા) નિયમો, ૨૦૦૨.
(૮) ગુજરાત મુલકી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨.
(૯) ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧.
(૧૦) ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.
(૧૧) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭.
(૧૨) વર્ધિત ભવિષ્ય નિધિ નિયમો, ૧૯૬૩ અને (મુંબઈ) સામાન્ય ભવિષ્ય નિધિ નિયમો, ૧૯૩૬.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. વી. શાહ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 232

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, JULY 19, 2016/ASADHA 28, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જુલાઈ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગ-ના** તારીખ : **૨૫મી મે, ૨૦૧૬ના** સરકારી **જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૩૪) વીએઆર-૨૦૧૬ (૩૮)**/ઠ- નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Value Added Tax Rules, 2006.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ સુધારવા સંબંધી

જાહેરનામું.

નાણા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૫મી મે, ૨૦૧૬.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩

ક્રમાંક : (જીએચએન-૩૪) વીએઆર-૨૦૧૬(૩૮)/ઠ.-- ગુજરાત સરકારને એવી ખાતરી થઈ છે કે ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિયનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૯૮ની પેટા-કલમ (૪)ના પરંતુક હેઠળ નિયમો કરવા અને તેની પૂર્વ-પ્રસિદિઘ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલાં લેવાનું તેને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ગુજરાત ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિયનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૯૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (દ્વિતીય સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત મૂલ્યવર્ધિત વેરા નિયમો, ૨૦૦૬માં, નિયમ ૩૭માં, પેટા-નિયમ (૫) પછી, નીચેનો પેટા-નિયમ દાખલ કરવોઃ-

"(૫ક) આ નિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કમિશનર, નીચેની શરતોને અધીન રહીને, વર્ષ દરમ્યાન રિફંડ તરીકે પરવાનગીપત્ર હોય તેવી સંપૂર્ણ રકમ માટે, તમામ દસ્તાવેજો રજૂ કર્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર, રૂપિયા એક લાખ સુધીનું કામચલાઉ રિફંડ આપી શકશે. ત્યાર પછી, કામચલાઉ રિફંડ, પેટા-નિયમ (૫) હેઠળની જોગવાઈઓ અનુસાર આપવું જોઈશે.

(૧) અગાઉના વર્ષમાં ચૂકવવામાં આવેલ રિફંડની રકમ, રૂપિયા એક લાખ કરતાં વધુ હોવી જોઈશે નહિ.

(૨) વેપારી, આવા રિફંડ માટેની અરજી કર્યાની તારીખે, અધિનિયમ હેઠળ, બે વર્ષ કરતાં વધુ વર્ષ માટેનું રજિસ્ટ્રેશન (નોંધણી) પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઈશે.

આ નિયમની અન્ય જોગવાઈઓ, ઉચિત ફેરફાર સાથે આવા વેપારીઓને લાગુ પડશે".

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

કે. એચ. પાઠક,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 233

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, JULY 20, 2016/ASADHA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જુલાઈ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તારીખઃ ૧૭મી જૂન, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ/૨૦૧૬/૬૫/બીઆરટી/૧૦૨૦૦૯/૬૪૬/ડી.૩-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Ringman, Class III, in the Commissionerate of Geology and Mining, Recruitment Rules, 2016.

ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજકમિશનરની કચેરીમાં, રિગમેન, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૧૭/૦૬/૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીયુ/૨૦૧૬/૬૫/બીઆરટી/૧૦૨૦૦૯/૬૪૬/ડી.૩:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, રિગમેન, વર્ગ ૩ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરીમાં, રિગમેન, વર્ગ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, રિગમેન, વર્ગ ૩ની જગા ઉપરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(ક) ૩૩ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર, અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) સરકારે અથવા સરકારી/સહાયક અનુદાન મેળવતી (ગ્રાન્ટ ઇન એઇડ)/ સ્વનિર્ભર ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI) કે જે નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (NCVT)ની તરેહ અને ગુજરાત કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (GCVT)ની તરેહનું રોજગાર અને તાલીમ વિભાગ દ્વારા મિકેનિકલ ટ્રેડ્સ (યાંત્રિક વ્યવસાય)નું શિક્ષણ આપે છે, તેના દ્વારા માન્ય થયેલ મિકેનિકલ ટ્રેડ્સમાં ઔદ્યોગિક ટેકનિકલ

(તકનિકી) સંસ્થાનું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક-ની જોગવાઈઓ લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ. એમ. ડામોર,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 234

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, JULY 20, 2016/ASADHA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જુલાઈ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તારીખઃ ૨૨મી જૂન, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ/૨૦૧૬/૬૯/બીઆરટી/૧૦૨૦૦૮/૧૧૬૫/ડી.૨-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Assistant Director, Class II, Recruitment Rules, 2014.

મદદનીશ નિયામક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૪ સુધારવા સંબંધી જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૨૨મી જૂન, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીયુ/૨૦૧૬/૬૯/બીઆરટી/૧૦૨૦૦૮/૧૧૬૫/ડી-૨:-ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, મદદનીશ નિયામક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૪ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો મદદનીશ નિયામક, વર્ગ ૨, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. મદદનીશ નિયામક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૪માં, નિયમ ૪માં, ખંડ (ક)માં,-

(૧) "૩૫ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૪૦ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

(૨) વિદ્યમાન પરંતુક પછી, નીચેનો પરંતુક દાખલ કરવો:-

"વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વયમર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ;"

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪માં, ખંડ (ગ)માં, પેટા-ખંડ (૨)માં, તે હેઠળનો પરંતુક કમી કરવો."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

અશોક આઈ. શાહ

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 235

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, JULY 20, 2016/ASADHA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જુલાઈ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **ગૃહ વિભાગ-ના તારીખઃ ૧૭મી ડિસેમ્બર, ૨૦૧૫ના** સરકારી જાહેરનામા **ક્રમાંક : જીજી/૮૧/ટીટીસી/૧૦૨૦૧૨/૫૪૦/વી-નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Government Notification, Home Department, No. GG/66/PST/102012/540/V dated the 27th September, 2013.

ગૃહ વિભાગનું તારીખ:૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૩નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીજી/૬૬/પીએસટી/૧૦૨૦૧૨/૫૪૦/વી. સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૭મી ડિસેમ્બર, ૨૦૧૫.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક: જીજી /૮૧/ટીટીસી/ ૧૦૨૦૧૨/૫૪૦/વી:- ગુજરાત રાજ્યને લાગુ પડતા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા)ની કલમ ૨-ના ખંડ (ફ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ: ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૩નું સરકારી જાહેરનામું ક્રમાંક:જીજી/૬૬/પીએસટી/૧૦૨૦૧૨/૫૪૦/વી. નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં, અનુક્રમાંક ૪ અને ૫ ઉપરની વિદ્યમાન નોંધોને બદલે, નીચેની નોંધો મૂકવી:-

અનુ-ક્રમાંક	ડિવિઝન/પેટા-ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી(ઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
"૪.	નવસારી ડિવિઝન	ચીખલી	ચીખલી પોલીસ સ્ટેશન	ટાઉનબીટ	-	(૧) થાલા
						(૨) સમરોલી
						(૩) ચીખલી
						(૪) ખુંધ
						(૫) સાદકપોર
				બીટ નં-૧		(૧) તલાવચોરા
						(૨) તેજલાવ
						(૩) બલવાડા
						(૪) હોન્ડ
						(૫) મજીગામ
						(૬) મલિયાધરા
						(૭) વંકાલ
						(૮) મલવાડા
						(૯) ઘેકટી

INDEX

અનુ-ક્રમાંક	ડિવિઝન/પેટા-ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી(ઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
				બીટ નં-૧		(૧૦) આલીપોર
						(૧૧) દેગામ
						(૧૨) સોલધરા
						(૧૩) ચીમલા
				બીટ નં. ૨		(૧) મીણકચ્છ
						(૨) સુઠવાડ
						(૩) ચાસા
						(૪) કલિયારી
						(૫) આમલધારા
						(૬) પીપણગભાણ
						(૭) બારોલિયા
						(૮) બામણવેલ
						(૯) રેઠ-વાણીયા
						(૧૦) ઉઢવલ
						(૧૧) માણેકપોર
						(૧૨) ફડવેલ
						(૧૩) ખાંભડા
						(૧૪) ખુડવેલ
						(૧૫) બામણવાડા
						(૧૬) અંબાચ
						(૧૭) સારવણી
						(૧૮) સાતડિયા
						(૧૯) કાકડવેલ
						(૨૦) કાંગવઈ
				રાનકૂવા ચોકી		(૧) રાનકૂવા
						(૨) ટાંકલ
						(૩) નોગામા
						(૪) બોડવાંક
						(૫) સુરખાઈ
						(૬) હરણગામ
						(૭) કુકરી
						(૮) દોણજા
						(૯) સાદડવેલ
						(૧૦) વાઝણા
						(૧૧) ચીતાલી

અનુ-ક્રમાંક	ડિવિઝન/પેટા-ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી(ઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
				રાનકૂવા ચોકી		(૧૨) સરૈયા
						(૧૩) જોગવડ
						(૧૪) કાંગવઈ
						(૧૫) રાનવેરીખુરદ
						(૧૬) ખરોલી
						(૧૭) રાનવેરીકલ્લા
૫	નવસારી ડિવિઝન	ખેરગામ	ખેરગામ પોલીસ સ્ટેશન	રૂમલા ચોકી	-	(૧) સ્યાદા
						(૨) અગાશી
						(૩) ગોડથલ
						(૪) મીનીઝારી
						(૫) માડવ ખડક
						(૬) પાણી ખડક
						(૭) નડગધરી
						(૮) મોગરવાડી
						(૯) રૂમલા
						(૧૦) ઘોલાર
						(૧૧) ઘોડવણી
						(૧૨) વેલણપોર
						(૧૩) ધામધુમા
						(૧૪) ઢોલુમ્બર
						(૧૫) ખેરગામ
						(૧૬) નારણપોર
						(૧૭) નાંધઈ
						(૧૮) ભેરવી
						(૧૯) પેલાડી ભેરવી
						(૨૦) વાવ
						(૨૧) પણંજ
						(૨૨) વાડ
						(૨૩) આછવણી
						(૨૪) વડપાડા
						(૨૫) ડેબરપાડા
						(૨૬) રૂઝવણી
						(૨૭) જામનપાડા
						(૨૮) ગૌરી
						(૨૯) બહેજ

અનુ-ક્રમાંક	ડિવિઝન/પેટા-ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી(ઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
				રૂમલા ચોકી		(૩૦) ચીમનપાડા
						(૩૧) તોરણવેરા
						(૩૨) કાકડવેરી
						(૩૩) પાટી
						(૩૪) ઘેજ
						(૩૫) ચરી.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. પટેલ,
સરકારના નાયબ સચિવ.

Extra No. 236

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, JULY 20, 2016/ASADHA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જુલાઈ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **તારીખ : ૧૭મી મે, ૨૦૧૬ના** ગુજરાત સરકારના **સામાન્ય વહીવટ વિભાગના** સરકારી **જાહેરનામા ક્રમાંક : જીએસ-૩૭-૨૦૧૬-સીઆરઆર-૧૧-૨૦૧૬-૨૮૨૩૨૩-જી-૫.નો** ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amemdment to the Gujarat Civil services Classification and Recruitment Rules, 1967.

ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ સુધારવા સંબંધી જાહેરનામું.

સામાન્ય વહીવટ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૧૭મી મે, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંક : જીએસ-૩૭-૨૦૧૬-સીઆરઆર-૧૧-૨૦૧૬-૨૮૨૩૨૩-જી-૫ :- ગુજરાત બિન-અનામત આર્થિક રીતે નબળા વર્ગો (રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓમાં અનામત બેઠકો રાખવા બાબત) વટહુકમ, ૨૦૧૬ની કલમ-૪ સાથે વાંચતાં, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. તે તારીખ ૧લી મે, ૨૦૧૬થી અમલમાં આવ્યું હોવાનું ગણાશે.

૩. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨ માં, ખંડ (૧) પછી, નીચેનો ખંડ દાખલ કરવો જોઈશે :-

''(૧-ક) ''આર્થિક રીતે નબળા વર્ગો'' એટલે ગુજરાત બિન-અનામત આર્થિક રીતે નબળા વર્ગો (રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓમાં અને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગાઓમાં અનામત બેઠકો રાખવા બાબત) વટહુકમ, ૨૦૧૬ની કલમ ૬માં જોગવાઈ કરેલ માપદંડ અનુસાર હોય તેવા, સમાજના બિન-અનામત વર્ગની વ્યક્તિઓથી બનતા વા તમામ વર્ગો''.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૮માં,-

(૧) પેટા-નિયમ (૨)માં, ''અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના'' એ શબ્દોને બદલે, ''સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગોના'' એ શબ્દો મૂકવા;

(૨) પેટા-નિયમ (૫-ક)માં, ખંડ (૩)માં, ''અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના'' એ શબ્દોને બદલે, ''સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના અને આર્થિક રીતે નબળા વર્ગોના'' એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. એચ. મનસુરી,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 237

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

सत्यमेव जयते

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, JULY 20, 2016/ASADHA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જુલાઈ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તારીખ : ૨૮મી જૂન, ૨૦૧૬ના** સરકારી જાહેરનામા **ક્રમાંક : જીપી-૪૦-એમકેએમ-૧૦૨૦૦૯-૧૯૩૨-છ.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Medical Officer (Ayurved) / Resident Medical Officer (Ayurved), Class II, Recruitment Rules, 2015.

તબીબી અધિકારી (આયુર્વેદ)/નિવાસી તબીબી અધિકારી (આયુર્વેદ), વર્ગ ૨,
ભરતી નિયમો, ૨૦૧૫ સુધારવા સંબંધી
જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૨૮મી જૂન, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જીપી/૪૦/એમકેએમ/૧૦૨૦૦૯/૧૯૩૨/છઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, તબીબી અધિકારી (આયુર્વેદ) / નિવાસી તબીબી અધિકારી (આયુર્વેદ), વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો તબીબી અધિકારી (આયુર્વેદ) / નિવાસી તબીબી અધિકારી (આયુર્વેદ), વર્ગ ૨, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. તબીબી અધિકારી (આયુર્વેદ) / નિવાસી તબીબી અધિકારી (આયુર્વેદ), વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૫ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩માં,-

(૧) પેટા-નિયમ (ક)માં, ''૩૦ વર્ષથી'' એ આંકડા અને શબ્દને બદલે, ''૩૫ વર્ષથી'' એ આંકડા અને શબ્દ મૂકવા;

(૨) પેટા-નિયમ (ખ)માં, ખંડ (૧)માં, "Surgeray" એ શબ્દને બદલે, "Surgery" એ શબ્દ મૂકવો.

૩. સદરહુ નિયમોમાં, ''પસંદગી પામેલા ઉમેદવારે'' એ શબ્દો જ્યાં જ્યાં આવે છે ત્યાં તેને બદલે, ''સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે'' એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એલ. ખાંટ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 238

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, JULY 22, 2016/ASADHA 31, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી જુલાઈ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના** તારીખ : ૮મી જુલાઈ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીજે/૨૦૧૬નો ૧૫/જીએબી/૧૦૨૦૧૫/-૧/ઈ-૨**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Deputy Executive Engineer (Civil), Class-II, in the Gujarat Engineering Services, under the Narmada, Water Resources, Water Supply and Kalpasar Department Recruitment Rules, 2016.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની ગુજરાત ઈજનેરી સેવામાં, નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ), વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૮મી જુલાઈ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જીજે / ૨૦૧૬નો ૧૫ / જીએબી / ૧૦૨૦૧૫ / ૧ / ઈ-૨ઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ઈજનેરી સેવામાં, નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ), વર્ગ-૨-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની ગુજરાત ઈજનેરી સેવામાં, નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ), વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ઈજનેરી સેવામાં, નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ), વર્ગ-૨-ની જગા પરની નિમણૂક,-

(ક) (ક) (૧) જેણે નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની ગુજરાત ઈજનેરી સેવામાં, મદદનીશ ઈજનેર (સિવિલ), વર્ગ-૨-ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય; અથવા

(૨) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની તાબાની ઈજનેરી સેવામાં, અધિક મદદનીશ ઈજનેર (સિવિલ), વર્ગ-૩-ના સંવર્ગમાં ઓછામાં ઓછા આઠ વર્ષ સુધી કામ કરેલું હોય; અથવા

(૩) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની તાબાની ઈજનેરી સેવામાં, ઓવરસિયર (સિવિલ), વર્ગ-૩-ના સંવર્ગમાં ઓછામાં ઓછા તેર વર્ષ સુધી કામ કરેલું હોય;

(ખ) - ઠરાવેલી વ્યાવસાયિક પરીક્ષા પાસ કરેલી હોય; અને

(ગ) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ મદદનીશ ઈજનેર (સિવિલ), અધિક મદદનીશ ઈજનેર (સિવિલ) અને ઓવરસિયર (સિવિલ)-માંથી કરવાની બઢતી અનુક્રમે ૭ઃ૪ઃ૧ના પ્રમાણમાં કરવી જોઈશે.

વધુમાં, નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર ખંડ (૨)(ક)(ક)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર ખંડ ૨(ક)(ક)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા યોજવામાં આવેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે કરવી જોઈશે.

૩. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે અને બઢતીથી કરવાની નિમણૂક અનુક્રમે ૧:૪ના પ્રમાણમાં કરવામાં આવશે.

૪. નિયમ-૨માં જણાવેલી જગા પર સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી એન્જિનિયરીંગ અથવા ટેક્નોલોજિ (સિવિલ)માં મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે.

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૫. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૬. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવી પડશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૭. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર વ્યાવસાયિક અથવા ખાતાકીય પરીક્ષા અને ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. બઢતીથી અથવા સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૦. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

હેમેશ મારડિયા,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 239

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, JULY 27, 2016/SRAVANA 5, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જુલાઇ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના કાયદા વિભાગ-ના સરકારી (૧) તારીખ : ૨૧/૦૬/૨૦૧૬ના જાહેરનામા ક્રમાંક : જીકે/૧૭/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૬) અને (૨) તારીખ ૧૧/૦૭/૨૦૧૬ના જાહેરનામા ક્રમાંક : જીકે/૩૨/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification
Under
The Code of Criminal Procedure, 1973.
ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ હેઠળ
જાહેરનામું.
કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૧/૦૬/ ૨૦૧૬.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંકઃ જીકે / ૧૭ / ૨૦૧૬ / સીસીએ / ૧૦૨૦૧૪ / ૧૧૬૧ / ડી, (ભાગ-૬) :- ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા)ની કલમ ૯ સાથે વાંચતા, કલમ ૭થી મળેલી સત્તાની રૂએ અને.સેશન્સ કોર્ટ, જૂનાગઢના સેશન્સ વિભાગને લાગુ પડતા હોય તેટલે સુધી આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, આથી, સન ૨૦૧૬ના જૂન મહિનાની ૨૬મી તારીખથી અમલમાં આવે તેમ, ગીર-સોમનાથ જિલ્લા માટે સેશન્સ કોર્ટની સ્થાપના કરે છે અને નિર્દિષ્ટ કરે છે કે સેશન્સ કોર્ટ, ગીર-સોમનાથનો સેશન્સ વિભાગ, મહેસૂલ વિભાગના તારીખઃ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૩ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચએમ / ૨૦૧૩ / ૭૦ / એમ / પીઈઆર / ૧૦૨૦૧૩ / એલ-૧.થી, રચના કર્યા પ્રમાણેના ગીર-સોમનાથ જિલ્લાનો બનેલો રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી. શાહ,
સરકારના નાયબ સચિવ.

Notification
Under
The Code of Criminal Procedure, 1973.
ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ હેઠળ
જાહેરનામું.
કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૧મી જુલાઈ, ૨૦૧૬.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંકઃ જીકે / ૩૨ / ૨૦૧૬ / સીસીએ / ૧૦૨૦૧૪ / ૧૧૬૧ / ડી :- ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા)ની કલમ ૯ સાથે વાંચતા, કલમ ૭થી મળેલી સત્તાની રૂએ અને સેશન્સ કોર્ટ, સાબરકાંઠાના સેશન્સ વિભાગને લાગુ પડતા હોય તેટલે સુધી આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, નિર્દિષ્ટ કરે છે કે મહેસૂલ વિભાગના તારીખઃ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૩ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચએમ / ૨૦૧૩ / ૬૯ / એમ / પીઈઆર / ૧૦૨૦૧૩ / ૧૩૯/ એલ-૧.થી, સાબરકાંઠા જિલ્લાનું, સાંબરકાંઠા જિલ્લા અને અરવલ્લી જિલ્લામાં દ્વિભાજન કરવાને પરિણામે, સેશન્સ કોર્ટ, સાબરકાંઠાનો સેશન્સ વિભાગ, સન ૨૦૧૬ના જુલાઈ મહિનાની ૧૭મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સાબરકાંઠા જિલ્લાનો બનેલો રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી. શાહ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 240

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, JULY 27, 2016/SRAVANA 5, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જુલાઈ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના કાયદા વિભાગના તારીખ : ૨૧મી જૂન, ૨૦૧૬ના સરકારી (૧) જાહેરનામા ક્રમાંક : જીકે/૨૩/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી (ભાગ-૬), (૨) જાહેરનામા ક્રમાંક : જીકે/૨૧/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી (ભાગ-૬) અને (૩) જાહેરનામા ક્રમાંક : જીકે/૨૨/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી (ભાગ-૬)-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ,૨૦૦૫ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૨૧મી જૂન, ૨૦૧૬

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક: જીકે/૨૩/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી (ભાગ-૬):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૬, ૭, અને ૧૧થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના જૂન મહિનાની ૨૬મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છે:-

(૧) જિલ્લા કોર્ટ,જૂનાગઢના તાબા હેઠળની દીવાની જજની કોર્ટ, ઉના,હવે જિલ્લા કોર્ટ, ગીર સોમનાથના તાબા હેઠળ રહેશે.

(૨) સદરહુ કોર્ટનું અધ્યક્ષપદ મુખ્ય દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ ઉના ખાતે ભરશે.

(૩) દીવાની જજની કોર્ટ, ઉનાની હકૂમતની સ્થાનિક હદો, ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી. શાહ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ,૨૦૦૫ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૨૧મી જૂન, ૨૦૧૬

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક: જીકે/૨૧/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી (ભાગ-૬):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૫,૭,૧૧ અને ૧૩થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના જૂન મહિનાની ૨૬મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન સિનિયર દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છે:-

(૧) જિલ્લા કોર્ટ, જૂનાગઢના તાબા હેઠળની સિનિયર દીવાની જજની કોર્ટ, ઉના હવે જિલ્લા કોર્ટ, ગીર સોમનાથના તાબા હેઠળ રહેશે.

(૨) સદરહુ કોર્ટનું અધ્યક્ષપદ મુખ્ય સિનિયર દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ ઉના ખાતે ભરશે.

(૩) સિનિયર દીવાની જજની કોર્ટ, ઉનાની હકૂમતની સ્થાનિક હદો, ગીર સોમનાથ જિલ્લાના ઉના, કોડીનાર અને ગીર ગઢડા તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી. શાહ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ,૨૦૦૫ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૨૧મી જૂન, ૨૦૧૬

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક: જીકે/૨૨/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી (ભાગ-૬):-ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૬, ૭, અને ૧૧થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના જૂન મહિનાની ૨૬મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છે:-

(૧) જિલ્લા કોર્ટ,જૂનાગઢના તાબા હેઠળની દીવાની જજની કોર્ટ, વેરાવળ હવે જિલ્લા કોર્ટ, ગીર સોમનાથના તાબા હેઠળ રહેશે.

(૨) સદરહુ કોર્ટનું અધ્યક્ષપદ મુખ્ય દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ વેરાવળ ખાતે ભરશે.

(૩) દીવાની જજની કોર્ટ, વેરાવળની હકૂમતની સ્થાનિક હદો, ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી.શાહ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 241

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, JULY 29, 2016/SRAVANA 7, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જુલાઈ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના કાયદા વિભાગ-ના (૧) તારીખ : ૨૧/૦૬/૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૧૮/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (પાર્ટ-૬), (૨) તારીખ ૨૧/૦૬/૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે /૧૯/૨૦૧૬/સીસીએ /૧૦૨૦૧૪/ ૧૧૬૧/ડી. (પાર્ટ-૬), (૩) તારીખ : ૨૧/૦૬/૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/ ૨૦/ ૨૦૧૬/ સીસીએ/૧૦૨૦૧૪/ ૧૧૬૧/ડી, (પાર્ટ-૬) અને (૪) તારીખ : ૧૧/૦૭/૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૪૧/૨૦૧૬/ સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification
Under
The Gujarat Civil Courts Act, 2005.
ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ,૨૦૦૫ હેઠળ
જાહેરનામું.

કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૧/૦૬/૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક: જીકે/૧૮/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી.(પાર્ટ-૬):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમ જની પેટા કલમ (૩) અને કલમો ૭ અને ૧૧થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના જૂન મહિનાની ૨૬મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની અધિક જિલ્લા જજની કોર્ટની સ્થાપના કરે છે:-

(૧) જિલ્લા કોર્ટ, જૂનાગઢના તાબામાંની અધિક જિલ્લા જજની કોર્ટ, વેરાવળ હવે જિલ્લા કોર્ટ, ગીર સોમનાથના તાબામાં ગણાશે.

(૨) સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન અધિક જિલ્લા જજ લેશે, જેઓ તેમની કોર્ટ વેરાવળ ખાતે ભરશે.

(૩) અધિક જિલ્લા જજની કોર્ટ, વેરાવળની હકૂમતની સ્થાનિક હદો, ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ, તલાલા અને સુત્રાપાડા તાલુકાઓના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી. શાહ,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

Notification
Under
The Gujarat Civil Courts Act, 2005.
ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ,૨૦૦૫ હેઠળ
જાહેરનામું.

કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૧/૦૬/૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક: જીકે/૧૯/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી.(પાર્ટ-૬):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમ જની પેટા કલમ (૩) અને કલમો ૭, ૯ અને ૧૧થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના જૂન મહિનાની ૨૬મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન અધિક જિલ્લા જજની કોર્ટની સ્થાપના કરે છે:-

(૧) જિલ્લા કોર્ટ, જૂનાગઢના તાબામાંની અધિક જિલ્લા જજની કોર્ટ, ઉના હવે જિલ્લા કોર્ટ, ગીર સોમનાથના તાબામાં ગણાશે.

(૨) સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન અધિક જિલ્લા જજ લેશે, જેઓ તેમની કોર્ટ ઉના ખાતે ભરશે.

(૩) અધિક જિલ્લા જજની કોર્ટ, ઉનાની હકૂમતની સ્થાનિક હદો, ગીર સોમનાથ જિલ્લાના ઉના, કોડીનાર અને ગીર ગઢડા તાલુકાઓના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી. શાહ,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Civil Courts Act, 2005.
ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ,૨૦૦૫ હેઠળ
જાહેરનામું.

કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૧/૦૬/૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક: જીકે/૨૦/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી (પાર્ટ-૬):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૫,૭,૧૧ અને ૧૩થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના જૂન મહિનાની ૨૬મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન સિનિયર દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છે:-

(૧) જિલ્લા કોર્ટ, જૂનાગઢના તાબામાંની સિનિયર દીવાની જજની કોર્ટ, વેરાવળ હવે જિલ્લા કોર્ટ, ગીર સોમનાથના તાબામાં ગણાશે.

(૨) સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન મુખ્ય સિનિયર દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ વેરાવળ ખાતે ભરશે.

(૩) સિનિયર દીવાની જજની કોર્ટ, વેરાવળની હકૂમતની સ્થાનિક હદો, ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ, તલાલા અને સુત્રાપાડા તાલુકાઓના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી. શાહ,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

Notification
Under
The Gujarat Civil Courts Act, 2005.
ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ,૨૦૦૫ હેઠળ
જાહેરનામું.

કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૧મી જુલાઇ, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક: જીકે/૪૧/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી :- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૬, ૭, અને ૧૧થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના જુલાઈ મહિનાની ૧૭મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છે:-

(૧) જિલ્લા કોર્ટ, સાબરકાંઠાના તાબામાંની દીવાની જજની કોર્ટ, બાયડ હવે જિલ્લા કોર્ટ, અરવલ્લીના તાબામાં ગણાશે.

(૨) સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન મુખ્ય દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ બાયડ ખાતે ભરશે.

(૩) દીવાની જજની કોર્ટ, બાયડની હકૂમતની સ્થાનિક હદો અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી. શાહ,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 242

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, JULY 29, 2016/SRAVANA 6, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જુલાઈ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૧૬મી મે, ૨૦૧૬ના ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ-ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ/૨૦૧૬/૫૩/બીઆરટી/૧૦૨૦૦૭/૧૪૦૮/ડી.૨ -નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
The Binding Overseer, Class III, in the Directorate of Government Printing and Stationery, Recruitment Rules, 2016.
સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરીમાં, બંધાઈ સર્વેક્ષક (બાઇન્ડિંગ ઓવરસિયર), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી
જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૬મી મે, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જીયુ/૨૦૧૬/૫૩/બીઆરટી/૧૦૨૦૦૭/૧૪૦૮/ડી.૨ઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, બંધાઇ સર્વેક્ષક (બાઇન્ડિંગ ઓવરસિયર), વર્ગ ૩-ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો, સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરીમાં, બંધાઇ સર્વેક્ષક (બાઇન્ડિંગ ઓવરસિયર), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, બંધાઇ સર્વેક્ષક (બાઇન્ડિંગ ઓવરસિયર), વર્ગ ૩-ની જગા ઉપરની નિમણૂક, જેણે;-

(ક) (૧) સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, બંધાઇ કાર્યદેશક (બાઇન્ડિંગ ફોરમેન), વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, લેખિતમાં કારણોની નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે-તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨-માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(ક) ૩૬ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઇપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણે ઉપલી વયમર્યાદા હળવી કરવાની બાબતના સંબંધમાં હોય તેટલે સુધી, લાગુ પડશે નહિ.

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ મુદ્રણ પ્રૌદ્યોગિકી (પ્રિન્ટિંગ ટેકનોલોજી) અથવા ગ્રાફિક આર્ટમાં પદવી ધરાવતો હોવો જોઇશે; અથવા સરકારે માન્ય કરેલ સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે; અને

INDEX

(ક) સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, બંધાઈકાર (બાઈન્ડર), વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા ઉપરનો આશરે એક વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા

(ખ) સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, બંધાઈકાર (બાઈન્ડર), વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા ઉપર, સરકારમાં અથવા સ્થાનિક મંડળો અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાં બુક બાઈન્ડિંગ સેકશન સાથે સંબંધિત હોય તેવું ફુલ, હાફ અને ક્વાર્ટર બાઈન્ડિંગ, લાઈબ્રેરી બાઈન્ડિંગ, લેજર બાઈન્ડિંગ, એમ્બોસિંગ, ગિલ્ડિંગ, સ્ટોપ એન્ડ થ્રુ રુલિંગ, ફોલ્ડિંગ, સોઈંગ, સ્ટીચીંગ અને એન્વેલપ મેકિંગ સહિતની બાઈન્ડિંગ અને મિકેનિકલ કામગીરીઓના ક્ષેત્રમાં આશરે એક વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે, અથવા

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણ યુનિવર્સિટીની અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થાની અથવા ટેકનિકલ પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય-એ એનાયત કરેલ મુદ્રણ પ્રૌદ્યોગિકી (પ્રિન્ટિંગ ટેકનોલોજી) અથવા ગ્રાફિક આર્ટમાં ડિપ્લોમાનું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઈશે; અને

(ક) સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, બંધાઈકાર (બાઈન્ડર), વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા ઉપરનો આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા

(ખ) સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, બંધાઈકાર (બાઈન્ડર), વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા ઉપર, સરકારમાં અથવા સ્થાનિક મંડળો અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાં બુક બાઈન્ડિંગ સેકશન સાથે સંબંધિત હોય તેવું ફુલ, હાફ અને ક્વાર્ટર બાઈન્ડિંગ, લાઈબ્રેરી બાઈન્ડિંગ, લેજર બાઈન્ડિંગ, એમ્બોસિંગ, ગિલ્ડિંગ, સ્ટોપ એન્ડ થ્રુ રુલિંગ, ફોલ્ડિંગ, સોઈંગ, સ્ટીચીંગ અને એન્વેલપ મેકિંગ સહિતની બાઈન્ડિંગ અને મિકેનિકલ કામગીરીઓના ક્ષેત્રમાં આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે,

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેની પૂરતી જાણકારી ધરાવતો હોવો જોઈશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક-ની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. બી. મુનિ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 243 વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, AUGUST 1, 2016/SRAVANA 10, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓગસ્ટ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ - ના (૧) તારીખ : ૧૪-૦૬-૨૦૧૬ જાહેરનામા ક્રમાંક : જીજે/૨૦૧૬/૬૨/એમએમઆર-૧૦૨૦૧૬-૪૪૫-છ અને (૨) તારીખ : ૧૮-૦૬-૨૦૧૬ જાહેરનામા ક્રમાંક : જીજે/૨૦૧૬/૬૭/એમસીઆર-૧૦૨૦૧૩-૩૨૮૯-છ - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Gujarat Minor Mineral Concession Rules, 2010.

ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૦ સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૪મી જૂન, ૨૦૧૬.

ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭.

ક્રમાંકઃ જીજે/ ૨૦૧૬/ ૬૨/ એમએમઆર-૧૦૨૦૧૬-૪૪૫-છ:- ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭ (સન ૧૯૫૭ના ૬૭મા)ની કલમ ૧૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૦માં, નિયમ ૩઼઼૬-માં, પેટા-નિયમ (૧)માં, " એક વર્ષની" એ શબ્દોને બદલે, " દોઢ વર્ષની " એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. ડી. મહેતા,
સરકારના ઉપસચિવ.

Notification

Regarding

Amendment to the Gujarat Minor Mineral Concession Rules, 2010.

ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૦ સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૮મી જૂન, ૨૦૧૬.

ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭.

ક્રમાંકઃ જીજે/ ૨૦૧૬/ ૬૭/ એમસીઆર-૧૦૨૦૧૩-૩૨૮૯-છ:- ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭ (સન ૧૯૫૭ના ૬૭મા)ની કલમ ૧૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ (તૃતીય સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. તે સન ૨૦૧૬ના જૂન મહિનાની ૧લી તારીખથી અમલમાં આવ્યા હોવાનું ગણાશે.

૩. ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૦ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ ૨-માં, પેટા-નિયમ (૧)માં, ખંડ ૨-માં, -

(ક) પેટા-ખંડ (ખ) માં, " ગ્રેનાઇટ સિવાયના ગૌણ ખનિજોને લગતી બાબતોના સંબંધમાં પોતપોતાના સંબંધિત જિલ્લાઓમાં હકૂમત ધરાવશે." એ શબ્દોને બદલે, " અનુસૂચિ ૧ અને ૨-ના અનુક્રમાંક ૩ અને અનુક્રમાંકો ૧૨ થી ૨૫ ઉપરની નોંધ સિવાયના સંબંધમાં પોતપોતાના સંબંધિત જિલ્લામાં હકૂમત ધરાવશે." એ શબ્દો, આંકડા અને અક્ષરો મૂકવા;

(ખ) પેટા-ખંડ (ખ) પછી, નીચેનો મજકૂર દાખલ કરવો:-

"(ગ) અનુસૂચિ-૧ અને અનુસૂચિ-૨-માં અનુક્રમાંકો ૧૨ થી ૨૫ ઉપરની નોંધો સામે જણાવેલી ગૌણ ખનિજોને લગતી બાબતોમાં રાજ્ય સરકાર હકૂમત ધરાવશે.".

૪. સદરહુ નિયમોમાં, વિદ્યમાન અનુસૂચિઓ ૧ અને ૨-ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

" અનુસૂચિ-૧

રોયલ્ટીનો દર

(જુઓ નિયમ ૨૧ (૧))

અનુક્રમાંક	**ગૌણ ખનિજોના નામ**	**ટન દીઠ રોયલ્ટીનો દર (રૂપિયામાં)**
૧	ક્વાર્ટઝાઇટ	૪૦
૨	રેતીયો પથ્થર(ધૂળનો પથ્થર)	૫૦
૩	(૧) ગ્રેનાઇટ/ ડોલેરાઇટ (આખો)	૨૧૦
	(૨) ગ્રેનાઇટ/ ડોલેરાઇટ (ટુકડા)	૫૦
૪	બાંધકામ માટેના પથ્થર (સ્લેટ/ફિલીટ/ટ્રેસાઇટ/ ગેબ્રો/ચૂનો અને અન્ય બાંધકામના ખનિજ પથ્થર)	૫૦
૫	કાળો પાણો/ કઠણ મુરૈમ	૪૫
૬	બેન્ટોનાઇટ/ ફુલર અર્થ	૧૧૦
૭	(૧) આરસપાણ (આખો) (૨) આરસપાણ (ટુકડામાં)	૨૩૦ ૯૦
૮	સાદી માટી/ પોચી મુરૈમ	૨૫
૯	સાદી રેતી/ કાંકર	૪૦
૧૦	લાલ માટી	૪૦
૧૧	ક્વાર્ટઝાઇટ પેબલ /ચાલ્સડોની પેબલ	૬૦
૧૨	અકીકનો પથ્થર (એગટ)	૧૦૦
૧૩	બોલ ક્લે	૬૦
૧૪	કેલ્સાઇટ	૬૦
૧૫	ચોક	૯૫
૧૬	ચિનાઇ માટી (ચાઇના ક્લે)/સફેદ માટી (ક્રૂડ)	૪૫
	ચિનાઇ માટી (ચાઇના ક્લે)/સફેદ માટી (પ્રોસેસ્ડ)	૨૦૦
૧૭	ડોલમાઇટ (મેગ્નેશિયાવાળો ચૂનાનો પથ્થર)	૭૫

અનુક્રમાંક	ગૌણ ખનિજોના નામ	ટન દીઠ રોયલ્ટીનો દર (રૂપિયામાં)
૧૮	ફેલસ્પાર	૪૦
૧૯	ફાયરક્લે (પ્લાસ્ટિક, પાઇપ, લિથોમાર્જિક, પોઝોલેનિક, કુદરતી માટી, અન્ય માટી, ઓકર (Ochre))	૪૫
૨૦	જિપ્સમ (ચિરોડી)	૪૫
૨૧	લેટરાઇટ	૭૦
૨૨	ક્વાર્ટ્ઝ (સ્ફટિક)	૬૦
૨૩	સિલિકા સેન્ડ/ મોલ્ડિંગ સેન્ડ/ અન્ય રેતી	૪૫
૨૪	સોપ સ્ટોન (શંખજીરુ)	૪૫
૨૫	ઉપર જણાવ્યા ન હોય તેવા કોઇ અન્ય ગૌણ ખનિજો	૪૫

અનુસૂચિ-૨

મુકરર ભાડાનો દર

(જુઓ નિયમ ૨૧ (૫))

અનુક્રમાંક	ગૌણ ખનિજોના નામ	ચોરસ મીટર દીઠ મુકરર ભાડાનો દર (રૂપિયામાં)
૧	ક્વાર્ટ્ઝાઇટ	૫
૨	રેતીયો પથ્થર (ધૂળનો પથ્થર)	૫.૫૦
૩	(૧) ગ્રેનાઇટ/ ડોલેરાઇટ (આખો) (૨) ગ્રેનાઇટ/ ડોલેરાઇટ (ટુકડા)	૮
૪	બાંધકામ માટેના પથ્થર (સ્લેટ/ફિલીટ/ટ્રેસાઇટ/ ગેબ્રો/ ચૂનો અને અન્ય બાંધકામના ખનિજ પથ્થર)	૫
૫	કાળો પાણો/ કઠણ મુર્રમ	૧૦
૬	બેન્ટોનાઇટ/ ફુલર અર્થ	૧૦
૭	(૧) આરસપાણ (આખો) (૨) આરસપાણ (ટુકડામાં)	૧૦
૮	સાદી માટી/ પોચી મુર્રમ	૩
૯	સાદી રેતી/ કાંકર	૫
૧૦	લાલ માટી	૪
૧૧	ક્વાર્ટ્ઝાઇટ પેબલ /ચાલ્સડોની પેબલ	૩
૧૨	અકીકનો પથ્થર (એગટ)	૩
૧૩	બોલ ક્લે	૩
૧૪	કેલ્સાઇટ	૩
૧૫	ચોક	૩
૧૬	ચિનાઇ માટી (ચાઇના ક્લે)/સફેદ માટી (ક્રૂડ) ચિનાઇ માટી (ચાઇના ક્લે)/સફેદ માટી (પ્રોસેસ્ડ)	૩

અનુક્રમાંક	ગૌણ ખનિજોના નામ	ચોરસ મીટર દીઠ મુકરર ભાડાનો દર (રૂપિયામાં)
૧૭	ડોલમાઇટ (મેગ્નેશિયાવાળો ચૂનાનો પથ્થર)	3
૧૮	ફેલસ્પાર	3
૧૯	ફાયરકલે (પ્લાસ્ટિક, પાઇપ, લિથોમાર્જિક, પોઝોલેનિક, કુદરતી માટી, અન્ય માટી, ઓકર (Ochre))	3
૨૦	જિપ્સમ (ચિરોડી)	3
૨૧	લેટરાઇટ	3
૨૨	કવાર્ટ્ઝ (સ્ફટિક)	3
૨૩	સિલિકા સેન્ડ/ મોલ્ડિંગ સેન્ડ/ અન્ય રેતી	3
૨૪	સોપ સ્ટોન (શંખજીરુ)	3
૨૫	ઉપર જણાવ્યા ન હોય તેવા કોઇ અન્ય ગૌણ ખનિજો	3

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. ડી. મહેતા,

સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 244

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, AUGUST 1, 2016/SRAVANA 10, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧ લી ઓગસ્ટ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ - ના (૧) તારીખ : ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંક : કેપી/૨૦૧૬ નો ૯/પીઆરઆર/૧૦૨૦૧૨/૯૫૨૩૬/જે અને (૨) તારીખ : ૨૨મી જાન્યુઆરી, ૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંક : કેપી/૨૦૧૬ નો ૧૧/પીઆરઆર/૧૦૨૦૧૨/૯૫૩૮૪/જે - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Gujarat District Development Fund Rules, 2016.

ગુજરાત જિલ્લા વિકાસ ફંડ નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૬.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/ ૨૦૧૬નો ૯/ પીઆરઆર/ ૧૦૨૦૧૨/ ૯૫૨૩૬/ જે :– ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૭૪ની પેટા-કલમ (૫)થી ફરમાવ્યા પ્રમાણે, અમુક નિયમોનો મુસદ્દો, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખઃ ૩૧મી જાન્યુઆરી, ૨૦૧૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેપી/૨૦૧૫નો ૧૦/પીઆરઆર/૧૦૨૦૧૨/૯૫૨૩૬/જેથી, તારીખઃ ૩૧મી જાન્યુઆરી, ૨૦૧૫ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૧-એ, સેન્ટ્રલ સેકશનમાં, પાના ૭૧-૧થી ૭૧-૬માં પ્રસિદ્ધ કર્યો હતો અને સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં સરકારને કોઈ વાંધો અથવા સૂચન મળેલ નથી ;

તેથી હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૧૧૫ અને કલમ ૨૨૩ સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાત સરકાર, આથી નીચેના નિયમો કરે છે :-

૧. **ટૂંકી સંજ્ઞા**- આ નિયમો ગુજરાત જિલ્લા વિકાસ ફંડ નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. **વ્યાખ્યા**.- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''અધિનિયમ'' એટલે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩;

(ખ) ''નાણાકીય વર્ષ'' એટલે એપ્રિલ મહિનાની ૧લી તારીખે શરૂ થતું વર્ષ;

(ગ) ''ફંડ'' એટલે કલમ ૨૨૩ હેઠળ સ્થપાયેલ જિલ્લા વિકાસ ફંડ;

(ઘ) ''પંચાયત'' એટલે ગ્રામ પંચાયત;

(ચ) ''સરકારી જામીનગીરી'' એટલે :-

(૧) કેન્દ્ર સરકારની અથવા કોઇ રાજ્ય સરકારની જામીનગીરી;

(૨) જેના વ્યાજ અંગે કેન્દ્ર સરકારે અથવા રાજ્ય સરકારે બાંયધરી આપી હોય તેવી જામીનગીરી, સ્ટોક્સ, ડિબેન્ચર અથવા શેર;

(૩) જે તે સમયે અમલમાં હોય તેવા કોઇપણ અધિનિયમનથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત રાજ્યમાંના કોઇપણ સ્થાનિક સત્તામંડળે અથવા તેના વતી કાઢી આપેલા ડિબેન્ચર અથવા નાણા માટે જામીનગીરી;

(૪) રાજ્ય સરકાર આ અર્થે કરે તેવા કોઇ હુકમની સ્પષ્ટ રીતે અધિકૃત કરી હોય તેવી જામીનગીરી.

(છ) ''કલમ'' એટલે અધિનિયમની કલમ.

૩. **ફાળો**.- (૧) પંચાયતે, દર વર્ષે રાજ્ય સરકાર તરફથી ગ્રાન્ટ તરીકેની આવક સહિતના પણ નીચેની આવક સિવાય તમામ સ્રોતમાંથી અગાઉના વર્ષ દરમિયાન વસૂલ કરેલી તેની આવક પેટા-નિયમ (૨)માં નિર્દિષ્ટ કરેલ દરે ગણતરી કરેલી રકમ જેટલી રકમનો ફાળો ફંડમાં આપવો જોઇશે.

(૧) જિલ્લા પંચાયતે, કલમ ૧૭૫ની પેટા-કલમ (૩) હેઠળ પંચાયતને ફાળવેલ ફંડ ;

(૨) રાજય સરકારે, જિલ્લા પંચાયતે અથવા તાલુકા પંચાયતે કોઇપણ નિર્દિષ્ટ હેતુ માટે અથવા નિર્દિષ્ટ કામ માટે પંચાયતને આપેલી ગ્રાન્ટ અથવા લોન ;

(૩) કોઇપણ નિર્દિષ્ટ કામ માટે કોઇ સંસ્થા અથવા વ્યકિત તરફથી મળેલ ફાળો અથવા ફંડમાંથી મળેલી લોન;

(૪) કોઇ ઉદ્યોગ, વેપાર અથવા ધંધો કરવાથી આવક.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ કોઇ વર્ષ માટે ચૂકવવાપાત્ર ફાળાનો દર, નીચે પ્રમાણે રહેશે :-

(૧) સન ૨૦૧૫ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષ માટે અથવા તે અગાઉની નાણાકીય વર્ષ માટે, અગાઉના વર્ષ દરમિયાન વસૂલ કરેલી આવક પાંચ ટકા,

(૨) સન ૨૦૧૫ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે શરૂ થતા નાણાકીય વર્ષ અને તે પછી આવતા દરેક નાણાકીય વર્ષ માટે, આ નિયમને જોડેલા કોષ્ટકના કોલમ ૩માં નિર્દિષ્ટ કરેલી વધુ (મહત્તમ) રકમને અધીન રહીને, સદરહુ કોષ્ટકના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલ દર.

(૩) દરેક પંચાયતે, દરેક વર્ષના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખ પહેલા, પેટા-નિયમ (૧) હેઠળ તે વર્ષ માટે તેણે ભરવાની રકમ જિલ્લા પંચાયતમાં અનામત મૂકવી જોઇશે.

કોષ્ટક

અનુક્રમાંક	દર	વધુમાં વધુ રકમ
૧	૨	૩
૧.	આવક રૂપિયા ૧,૦૦,૦૦૦ થી વધુ ન હોય ત્યારે, આવકના ૫ ટકા	રૂપિયા ૪૦૦૦/-
૨.	આવક રૂપિયા ૧,૦૦,૦૦૦ થી વધુ હોય, પણ રૂા.૫,૦૦,૦૦૦ થી વધુ ન હોય ત્યારે, આવકના ૪ ટકા	રૂપિયા ૧૫૦૦૦/-
૩.	આવક રૂપિયા ૫,૦૦,૦૦૦ થી વધુ હોય, પણ રૂપિયા ૧૦,૦૦,૦૦૦ થી વધુ ન હોય ત્યારે, આવકના ૩ ટકા	રૂપિયા ૨૫૦૦૦/-
૪.	આવક રૂપિયા ૧૦,૦૦,૦૦૦ થી વધુ હોય તો, આવકના ૨-૧/૨ ટકા (૨.૫૦ %)	રૂપિયા ૩૦૦૦૦/-

૪. લોન આપવા માટે જે રકમની તાત્કાલિક જરૂર ન હોય તેવી રકમોનું રોકાણ :

(૧) ફંડમાં જમા થયેલી જે રકમો પંચાયતને લોન આપવાના હેતુ માટે અથવા પંચાયતોએ ભરેલાં ફાળા ઉપરના વ્યાજની ચુકવણી કરવા માટે તાત્કાલિક જોઇતી ન હોય તેવી તમામ રકમોનું રોકાણ, જિલ્લા પંચાયતે વખતોવખત સરકારી જામીનગીરીઓ પૈકીની કોઇપણ સરકારી જામીનગીરીમાં કરવું જોઇશે.

(૨) જિલ્લા પંચાયતે ફંડમાં જમા હોય તેવી અન્ય તમામ રકમો,-

(ક) જે બેંકને સરકારી તિજોરીનું કામ સોંપવામાં આવ્યું હોય તે બેંકમાં;

(ખ) આવી બેંક માટે નિર્દિષ્ટ કરેલી મર્યાદાની અંદર સ્થાનિક ફંડની અનામત મૂકવા માટે સરકારે માન્ય કરેલી સહકારી બેંકમાં ;

(ગ) ગુજરાત રાજયમાંની કોઇ અનુસૂચિત બેંકમાં અથવા રાજય સરકારની મંજૂરી લઇને અન્ય કોઇ બેંકમાં, અથવા

(ઘ) પોસ્ટ-ઓફિસ સેવિંગ્ઝ બેંકમાં,

અનામત મૂકવી જોઇશે.

સ્પષ્ટીકરણ- આ નિયમના હેતુઓ માટે ''અનુસૂચિત બેંક'' એટલે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા અધિનિયમ, ૧૯૩૪ની બીજી અનુસૂચિમાં સમાવિષ્ટ કરેલી બેંક.

૫. **લોન આપવા માટે ફંડનો ઉપયોગ કરવા બાબત-** અધિનિયમની અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલી બાબતો પૈકીની કોઇ બાબતના હેતુઓ માટે ફંડમાંથી પંચાયતને લોન આપી શકાશે.

૬. **ફાળા અંગેનું વ્યાજ ચૂકવવાની રીત** - (૧) જિલ્લા પંચાયતે, પેટા-નિયમ (૨)માં જોગવાઇ કરેલી રીતે, દરેક પંચાયતને, વર્ષ દરમિયાન ખરેખર ઉપજેલા વ્યાજના આધારે વાર્ષિક નક્કી કરવાના દરે, તેણે આપેલા ફાળાની રકમ પર વ્યાજ એક ટકો ઘટાડીને આપવું જોઇશે. દરેક વર્ષે આપેલા ફાળા પટેનું વ્યાજ, જરૂરી ગણતરી કર્યા પછી, પણ ૩૦મી જૂન, કરતાં મોડું ન થાય તેવી રીતે આપવું જોઇશે. પંચાયત વ્યાજની રકમ રોકડમાં ઉપાડી શકશે અથવા તે વર્ષ માટે તેની પાસેથી લેણા નીકળતા ફાળા સામે સરભર કરવા દઇ શકશે.

(૨) દરેક નાણાકીય વર્ષના અંતે, દરેક પંચાયતના ખાતે નીચે પ્રમાણે વ્યાજની રકમ જમા કરવામાં આવશે :-

(૧) અગાઉના વર્ષના છેલ્લા દિવસે પંચાયતના ખાતામાં જમા હોય તેવી રકમ પર ૧૨ મહિનાનું વ્યાજ ;

(૨) ચાલુ વર્ષમાં અનામત મૂકેલા ફાળાની રકમના કિસ્સામાં, તે રકમ અનામત મૂકયાની તારીખથી ચાલુ વર્ષની અંત સુધીનું તે રકમ પરનું વ્યાજ.

સ્પષ્ટીકરણ :- આ પેટા-નિયમના હેતુઓ માટે, અનામતની તારીખ, જો રકમ મહિનાની પાંચમી તારીખ પહેલાં જિલ્લા પંચાયત પાસે અનામત મૂકવામાં આવે, તો જે મહિના માટે રકમ અનામત મૂકેલી હોય તે મહિનાની પહેલી તારીખ (દિવસ) ગણાશે અને જો રકમ મહિનાની પાંચમી તારીખ પછી અનામત મૂકવામાં આવે, તો ત્યાર પછી આવતા મહિનાની પહેલી તારીખ (દિવસ) ગણાશે.

(૩) પેટા-નિયમ (૧) હેઠળ કરવામાં આવેલા વ્યાજના એક ટકાના ઘટાડા જેટલી રકમ ફંડના વહીવટ કામકાજ કરવા માટેના ખર્ચ પેટે જિલ્લા પંચાયતના ખાતે ઉધારવી જોઇશે.

૭. **જિલ્લા પંચાયતે ફાળા અને વ્યાજનો હિસાબ રાખવા બાબત-** જિલ્લા પંચાયતે પંચાયતના ફાળાની રકમો અને તેના પર વ્યાજની વખતોવખત ઉમેરવામાં આવેલી રકમોનો અલગ અલગ દર્શાવતા હિસાબો રાખવા જોઇશે.

૮. **દરેક પંચાયતે ફંડ વગેરેના હિસાબનું પત્રક રજૂ કરવા બાબત-** દરેક નાણાકીય વર્ષ પુરું થયા પછી, જેમ બને તેમ જલદી, જિલ્લા પંચાયતે ફંડમાં હોય તેવા તેના હિસાબનું પત્રક દરેક પંચાયતને મોકલવું જોઇશે અને તેમાં, એપ્રિલ મહિનાની ૧લી તારીખે ઊઘડતી સિલક, માર્ચ મહિનાની ૩૧મી તારીખ સુધી આવેલા ફાળાની રકમ અને જમા કરેલ વ્યાજની રકમ અને નાણાકીય વર્ષના માર્ચ મહિનાની ૩૧મી તારીખે બંધ સિલક દર્શાવવી જોઇશે.

૯. **લોન મેળવવાની રીત** - (૧) ફંડમાંથી લોન મેળવવા માંગતી પંચાયતે, નીચેની વિગતો જણાવતી અરજી જિલ્લા પંચાયતને રજૂ કરવી જોઇશે :-

(૧) જરૂરી લોનની રકમ;

(૨) કયા હેતુ માટે લોનની જરૂર હોય તે હેતુ;

(૩) સમગ્ર કામના અથવા લોનની રકમની મદદથી કરવા ધાર્યું હોય તેવા તેના ભાગના ખર્ચનો અંદાજ;

(૪) લોનની મદદથી કામ કરવામાં આવે, ત્યારે કામના નિભાવ અંગેનું વાર્ષિક સરેરાશ ખર્ચ અને એ નિભાવ ખર્ચને કેવી રીતે પહોંચી વળવાનું છે તે બાબત;

(૫) જે (કઇ) મુદતની અંદર અને કેટલા હપતામાં લોન પાછી ભરપાઇ કરવા ધાર્યું છે તે મુદત અને હપતાની સંખ્યા;

(૬) અગાઉના વર્ષના અંતે પંચાયતની નાણાંકીય પરિસ્થિતિ દર્શાવતું પત્રક;

(૭) ચાલુ વર્ષ માટેનું અંદાજપત્ર;

(૮) જે અંદાજીત આવકમાંથી લોન પાછી ભરપાઇ કરવા ધાર્યું હોય તે અંદાજીત આવકમાંથી અંદાજેલું ખર્ચ બાદ કર્યા પછી, બાકી રહેતી વધારાની રકમ દર્શાવતું પત્રક.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ કરેલી અરજીને, પંચાયતના સભ્યોની બહુમતીથી પસાર કરેલા ઠરાવથી ટેકો મળવો જોઇશે.

૧૦. લોન આપવા માટે જિલ્લા પંચાયતની સત્તા .- નિયમ ૯ હેઠળ અરજી મળ્યેથી, જિલ્લા પંચાયત,-

(૧) અરજીની ચકાસણી કર્યા પછી,

(૨) (ક) જે હેતુ માટે લોન માંગવામાં આવી હોય તે હેતુની ઉપયોગિતા;

(ખ) પંચાયતની વિદ્યમાન નાણાકીય પરિસ્થિતિ ; અને

(ગ) લોન પાછી ભરપાઇ કરવાની તેની ક્ષમતા,

સંબંધી પોતે ખાતરી કર્યા પછી ; અને

(૩) પોતે યોગ્ય ગણે તેવી તપાસ કર્યા પછી,

નીચેની મર્યાદાને અધીન રહીને, જે કામ માટે લોન જરૂરી હોય તે કામના અંદાજીત ખર્ચના પંચોતેર ટકાથી વધારે ન હોય તેટલી રકમની લોન, ફંડમાંથી પંચાયતને આપી શકશે, એટલે કે-

(ક) લોનની રકમ ફંડમાંથી ઉપલબ્ધ હોવી જોઇશે ;

(ખ) જે વર્ષમાં આપેલ લોનની કુલ રકમ, ઊપજેલા વ્યાજની રકમ સિવાય, તે વર્ષમાં ફંડમાં જમા હોય તેવી રકમના ત્રણ-ચતુર્થાશ ભાગ કરતાં વધારે હોવી જોઇશે નહિ ;

(ગ) વિકાસ કમિશનરની મંજૂરી સિવાય-

(૧) લોનની રકમ રૂા.૧૫,૦૦,૦૦૦/-થી વધવી જોઇશે નહિ, અને

(૨) પંચાયતને આપેલી લોનની કુલ રકમ, છેલ્લા ભરેલા વાર્ષિક ફાળાની રકમની પચીસ ગણી રકમ કરતાં વધવી જોઇશે નહિ:

પરંતુ સિંચાઇના હેતુઓ માટે ખેતીના કૂવાના વીજળીકરણ સંબંધી કામની બાબતમાં, આવા કામના અંદાજેલા ખર્ચની પૂરેપૂરી રકમ લોન તરીકે આપી શકાશે :

વધુમાં, આવા હેતુ માટે વર્ષમાં આપેલી લોનની કુલ રકમ, ઊપજેલા વ્યાજ સિવાય, લોનની કુલ રકમ, ઊપજેલા વ્યાજ સિવાય, તે વર્ષમાં ફંડમાં જમા હોય તે રકમના પચાસ ટકાથી વધારે હોવી જોઇશે નહિ :

વળી, જે પંચાયતે નિયમ ૩ હેઠળ આપવાની થતી ફાળાની રકમ પૂરેપૂરી આપી ન હોય તે પંચાયતને લોન આપવી જોઇશે નહિ.

૧૧. લોન ભરપાઇ કરવાની મુદત - (૧) પેટા-નિયમો (૨) અને (૩)ની જોગવાઇઓને અધીન રહીને, આ નિયમો હેઠળ આપેલી દરેક લોન, ખરેખર ભરેલ લોનના છેલ્લા હપતાની તારીખથી જિલ્લા પંચાયત નક્કી કરે તેવા દસ વર્ષથી વધુ નહિ તેટલી મુદતની અંદર તેવા યોગ્ય વાર્ષિક હપતામાં ભરપાઇ કરવાની થશે. લોન ભરપાઇ કરવા માટેની હપતાની તારીખ વર્ષના પ્રથમ છ મહિના દરમિયાન આપેલી તમામ લોન માટે ૩૦મી સપ્ટેમ્બર અને વર્ષના બીજા છ મહિનામાં આપેલી તમામ લોન માટે ૩૧મી માર્ચ રહેશે :

પરંતુ લોનના છેલ્લા હપતાની ચુકવણીની તારીખથી પ્રથમ વર્ષ માટે લોન ભરપાઇ કરવી જરૂરી રહેશે નહી :

વધુમાં, સિંચાઇના હેતુ માટે કૂવાના વીજળીકરણ માટે આપેલી લોન, જે તારીખે લોન આપવામાં આવે તે તારીખથી દસ વર્ષ પૂરા થયે, એક જ હપતામાં ભરપાઇ કરવી જોઇશે.

(૨) જિલ્લા પંચાયત, કારણોની લેખિત નોંધ કરીને, લોન ભરપાઇ કરવાની મુદત પંદર વર્ષ સુધી લંબાવી શકશે અને જો સંતોષકારક કારણો દર્શાવવામાં આવે, તો પોતાને યોગ્ય લાગે તેવી બોલીઓ અને શરતોએ લોન ભરપાઇ કરવા પેટેના કોઇપણ હપતાની ચુકવણી મોકૂફ રાખી શકશે.

(૩) આ નિયમોનો કોઇપણ મજકૂર જિલ્લા પંચાયતની મંજૂરીથી, કોઇ પંચાયત નિયત તારીખ પહેલાં લોનના તમામ હપતા અથવા તે પૈકી કોઇપણ હપતો ભરપાઇ કરે, તો તેને અટકવવામાં આવ્યો છે તેમ ગણાશે નહિ.

૧૨. લોન ઉપર અને લેણા થયેલા હપતા ઉપર વ્યાજનો દર.- લોન પરનું વ્યાજ, વાર્ષિક પાંચ ટકા લેખે વસૂલવામાં આવશે અને તે (વ્યાજ), લોનના હપતા ભરતી વખતે ચૂકવવાપાત્ર રહેશે. કોઇ હપતાની નિયત તારીખે, (૧) વ્યાજ, અથવા (૨) મુદ્દલ અને વ્યાજ, અથવા (૩) યથાપ્રસંગ, તેનો કોઇપણ ભાગ ભરવામાં પંચાયત કસૂર કરે તે કિસ્સામાં, લોનના વ્યાજના અથવા યથાપ્રસંગ, તે બંનેના લેણા થયેલા હપતા પર પાંચ ટકા ઉપરાંત દર વર્ષે બે ટકાના દરે વ્યાજ લેવામાં આવશે. વ્યાજ યથાપ્રસંગ, વર્ષના પ્રથમ છ મહિના અથવા બીજા છ મહિનામાં લીધેલી લોનો માટે દરેક વર્ષની ૩૦મી સપ્ટેમ્બરે અથવા ૩૧મી માર્ચ ભરવાનું થશે અને તે લોનની રકમની સંબંધમાં કોઇ હપતો ભરવાપાત્ર ન હોય, ત્યારે અથવા આવો હપતો મોકૂફ રાખ્યો હોય તે પ્રસંગે પણ ભરવાપાત્ર થશે.

૧૩. પંચાયતે બાંયધરી આપવા બાબત.- (૧) જિલ્લા પંચાયત કોઇ પંચાયતને લોન આપવાનો નિર્ણય કરે, તો લોનની રકમ તેને આપવામાં આવે તે પહેલાં, પંચાયતે, આ નિયમોને જોડેલી અનુસૂચિમાં ઠરાવેલા નમૂનામાં બાંયધરી આપવી જોઇશે. એવી બાંયધરી ઉપર,

(૧) ઉપ-સરપંચે અને પંચાયતે અધિકૃત કરેલા બે સભ્યોએ, પંચાયતની કચેરીમાં, સરપંચે અથવા પંચાયતના સેક્રેટરીની હાજરીમાં પંચાયત વતી સહી કરવી જોઇશે, અને

(૨) સંબંધિત જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીની હાજરીમાં સરપંચે પંચાયત વતી સહી કરવી જોઇશે.

(૨) જિલ્લા પંચાયત, પોતાની વિવેકબુદ્ધિ અનુસાર, નીચેની બાબતો માટે પંચાયતે લેવાનાં પગલાં સંબંધી વધારાની શરતો પણ નાંખી શકશે :-

(ક) લોનના હિસાબો પૂરા પાડવા અને તેનો યોગ્ય ઉપયોગ કરવા માટે ;

(ખ) આવક વધારવાના પગલાં લેવા માટે, વેરાની બાકી વસૂલ કરવા માટે, કરકસર કરવા માટે અને તેની નાણાકીય સ્થિતિ સુધારવા સહાયક પગલાં લેવા માટે;

(ગ) જે સેવા માટે કામ હાથ પર લેવામાં આવે તે સેવા માટે, વ્યાજ ભરી શકે અને લોન પાછી ભરપાઇ કરી શકે તે માટે જરૂરી આવક જાળવવા પૂરતી લાગે તેવા સ્તરે ફી અથવા ચાર્જનું ધોરણ નક્કી કરવા માટે.

૧૪. લોન અને વ્યાજનો હિસાબ રાખવાની રીત.- પ્રત્યેક પંચાયતને આપવામાં આવેલી લોન અને તે લેણાં થયેલા વ્યાજનો હિસાબ, જિલ્લા પંચાયત નક્કી કરે તેવી રીતે રાખવો જોઇશે.

૧૫. લોન ભરપાઈ કરવા માટે અંદાજપત્રમાં જોગવાઈ કરવા માટે પંચાયતને ફરમાવવા બાબત.- જે પંચાયત, આ નિયમો હેઠળ લોન મેળવતી હોય તે પંચાયતે, વ્યાજ સહિત લોન ભરપાઇ ન થાય ત્યાં સુધી, લોનના હપતા અને તેના પરનું વ્યાજ ભરવા માટે તેના અંદાજ પત્રમાં દર વર્ષે જોગવાઇ કરવી જોઇશે.

અનુસૂચિ

(જુઓ નિયમ ૧૩(૧))

પ્રતિ,

.....................જિલ્લા પંચાયત

..........................જિલ્લો

................................જિલ્લાના .... તાલુકા/ મહાલની .... ગ્રામ પંચાયતના અમે, સરપંચ, ઉપ-સરપંચ અને નીચે સહી કરનાર સભ્યો ગ્રામ પંચાયત વતી .... ના હેતુ માટે જિલ્લા વિકાસ ફંડમાંથી જિલ્લા પંચાયતે લોન તરીકે મંજૂર કરેલી રૂા......................ની પહોંચ આપીએ છીએ અને નીચેની શરતોને અધીન રહીને, દર વર્ષે પાંચ ટકાના દરે, વ્યાજ સહિત રૂા. .... ની લોન .... હપતામાં ભરપાઇ કરવાની પંચાયત વતી બાંયધરી આપીએ છીએ :-

(૧) કોઈપણ હપ્તાની નિયત તારીખે (ક) વ્યાજ, અથવા (ખ) મુદ્દલ અને વ્યાજ, અથવા (ગ) યથાપ્રસંગ, તેનો કોઈપણ ભાગ ભરવામાં પંચાયત કસૂર કરે તે કિસ્સામાં, લોન અથવા વ્યાજ અથવા યથાપ્રસંગ, બંનેના લેણા થયેલા હપતા પર પાંચ ટકા ઉપરાંત દર વર્ષે બે ટકાના દરે વ્યાજ લેવામાં આવશે ;

(૨) જે હેતુ માટે લોન લીધી હોય તે હેતુ માટે લોનની રકમનો ઉપયોગ કરવો જોઈશે ;

(૩) જે કામ માટે લોન લેવામાં આવી હોય તે કામ પૂરું થયા પછી, લોનની રકમમાંથી કોઈપણ સિલક બાકી રહે, તો તે, લોનની રકમ ભરપાઈ કરવા પેટે પાછી આપવી જોઈશે;

(૪) પંચાયતે, લોન અને તે અંગેના વ્યાજના હપતા ભરવા માટે બજેટ અંદાજોમાં દર વર્ષે જોગવાઈ કરવી જોઈશે.

૨. ઉપ-સરપંચે અને પંચાયતે અધિકૃત કરેલા બે સભ્યોએ પંચાયતની કચેરી ખાતે, સરપંચની અને પંચાયતના સેક્રેટરીની હાજરીમાં અને સરપંચે જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીની હાજરીમાં ઉપર્યુક્ત બાંયધરી ઉપર સહી કરેલી છે અને પંચાયતને તે બંધનકર્તા છે.

તારીખ :
સહી
સરપંચ :
ઉપ-સરપંચ :
ગ્રામ પંચાયતના સભ્યો
જિલ્લા વિકાસ અધિકારી,
.... જિલ્લા પંચાયત.

.... જિલ્લો.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

આઈ.એમ.શેખ
સરકારના સંયુક્ત સચિવ.

Notification

Regarding

The Gujarat District Panchayats (Grant of Loan to Subordinate Panchayats) Rules, 2016.

ગુજરાત જિલ્લા પંચાયતો (તાબાની પંચાયતોને લોન આપવા) બાબતના નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૨૨મી જાન્યુઆરી, ૨૦૧૬.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંકઃ કેપી /૨૦૧૬ નો ૧૧/પીઆરઆર/૧૦૨૦૧૨/૯૫૩૮૪/જે :– ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૭૪ની પેટા-કલમ (૫)થી ફરમાવ્યા મુજબ, અમુક નિયમોનો મુસદ્દો, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખ : ૩૧મી જાન્યુઆરી, ૨૦૧૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી / ૨૦૧૫ નો ૯ / પીઆરઆર / ૧૦૨૦૧૨ / ૯૫૩૮૪ / જે. હેઠળ તારીખઃ ૩૧મી જાન્યુઆરી, ૨૦૧૫ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૧-એ, સેન્ટ્રલ સેકશનમાં, પાના ૭૦-૧ થી ૭૦-૪ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને સદરહુ જાહેરનામાની *રાજપત્ર*માં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી વાંધો અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં સરકારને કોઇ વાંધો અથવા સૂચન મળેલ નથી;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૧૫૫ની પેટા-કલમ (૪) સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ અને ગુજરાત જિલ્લા પંચાયતો (તાબાની પંચાયતોને લોન આપવા) બાબતના નિયમો, ૧૯૬૩ રદ કરીને, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે :-

૧. **ટૂંકી સંજ્ઞા.**- આ નિયમો ગુજરાત જિલ્લા પંચાયતો (તાબાની પંચાયતોને લોન આપવા) બાબતના નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. **વ્યાખ્યા.**- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) ''અધિનિયમ'' એટલે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩;

(ખ) ''નાણાકીય વર્ષ'' એટલે એપ્રિલ મહિનાની ૧લી તારીખે શરૂ થતું વર્ષ;

(ગ) ''ફંડ'' એટલે કલમ ૧૫૮ હેઠળ સ્થપાયેલ જિલ્લા ફંડ;

(ઘ) ''પંચાયત'' એટલે ગ્રામ પંચાયત અથવા યથાપ્રસંગ, તાલુકા પંચાયત.

૩. **જેને અધીન રહીને લોન આપવાની સત્તા અમલ કરવા યોગ્ય હોય તે મર્યાદા.**- જિલ્લા પંચાયતની તેની તાબાની પંચાયતને લોન આપવાની સત્તા, નીચેની મર્યાદાને અધીન રહેશે, એટલે કે :-

(ક) લોન આપવા માટેની જોગવાઇ ફંડમાંથી મળી શકે તેમ હોય;

(ખ) વિકાસ કમિશનરની પૂર્વ-મંજૂરી સિવાય, ગ્રામ પંચાયતના કિસ્સામાં લોનની રકમ, રૂા.૧૦,૦૦,૦૦૦/- (રૂપિયા દસ લાખ)થી વધુ હોવી જોઇશે નહિ;

(ગ) રાજય સરકારની પૂર્વ-મંજૂરી સિવાય, તાલુકા પંચાયતના કિસ્સામાં લોનની રકમ, રૂા.૨૫,૦૦,૦૦૦/- (રૂપિયા પચીસ લાખ)થી વધુ હોવી જોઇશે નહિ.

૪. **લોન મેળવવા માટેની રીત.**- (૧) ફંડમાંથી લોન મેળવવા ઇચ્છતી પંચાયતે, નીચેની માહિતીનો સમાવેશ કરતી અરજી જિલ્લા પંચાયતને રજૂ કરવી જોઇશે :-

(૧) જરૂરી લોનની રકમ;

(૨) કયા હેતુ માટે લોન જરૂરી હોય તે હેતુ;

(૩) સમગ્ર કામના અથવા લોનની રકમની મદદથી અમલ કરવા ધાર્યું હોય તેવા તેના આવા ભાગના ખર્ચનો અંદાજ;

(૪) લોનની મદદથી કામ કરવામાં આવે, ત્યારે તેવા કામના નિભાવ અંગેનું સરેરાશ વાર્ષિક ખર્ચ અને એ નિભાવ અંગેનું ખર્ચ કેવી રીતે પહોંચી વળવાનું છે તે;

(૫) જે (કઇ) મુદતની અંદર અને કેટલા હપતામાં લોન પાછી ભરપાઇ કરવા ધાર્યું હોય તો તે મુદત અને હપતાની સંખ્યા;

(૬) અગાઉના વર્ષના અંતે પંચાયતની નાણાકીય સ્થિતિ દર્શાવતું પત્રક;

(૭) પ્રવર્તમાન વર્ષ માટેના બજેટ અંદાજો;

(૮) જે અંદાજીત આવકમાંથી લોન પાછી ભરપાઇ કરવા ધાર્યું હોય તે અંદાજીત આવકમાંથી અંદાજીત ખર્ચ બાદ કર્યા પછી, બાકી રહેતી વધારાની રકમ દર્શાવતું પત્રક.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ કરવામાં આવેલી અરજીને, પંચાયતના સભ્યોની બહુમતીથી પસાર કરેલા ઠરાવથી ટેકો મળવો જોઇશે.

૫. જિલ્લા પંચાયત લોન આપી શકશે.- નિયમ ૪ હેઠળ અરજી મળ્યેથી, જિલ્લા પંચાયત,-

(૧) અરજીની ચકાસણી કર્યા પછી,

(૨) નીચેની બાબતો, એટલે કે-

(ક) જે હેતુ માટે લોન માગવામાં આવી હોય તે હેતુની ઉપયોગિતા;

(ખ) પંચાયતની વિદ્યમાન નાણાકીય સ્થિતિ; અને

(ગ) લોન પાછી ભરપાઇ કરવાની તેની ક્ષમતા,

સંબંધી પોતે ખાતરી કર્યા પછી, અને

(૩) પોતે યોગ્ય ગણે તેવી તપાસ કર્યા પછી,

જે કામ માટે લોન જરૂરી હોય તે કામના અંદાજીત ખર્ચના ૭૫ ટકાથી વધુ ન હોય તેટલી રકમની લોન, પંચાયતને ફંડમાંથી આપી શકશે.

૬. લોન પાછી ભરપાઈ કરવાની મુદત.- (૧) આ નિયમો હેઠળ આપવામાં આવેલી દરેક લોન, લોનની ખરેખર ધીરવામાં આવે તે તારીખથી દસ વર્ષ કરતાં વધુ ન હોય તેટલી આવી મુદતની અંદર અને જિલ્લા પંચાયત નક્કી કરે તેવા યોગ્ય વાર્ષિક હપતામાં પાછી ભરપાઇ કરવાની રહેશે :

પરંતુ લોન હપતામાં આપવામાં આવી હોય, ત્યારે લોનના છેલ્લા હપતાની ખરેખર ભરપાઇ કર્યાની તારીખથી મુદતની ગણતરી કરવામાં આવશે. નાણાકીય વર્ષના પ્રથમ છ મહિના દરમિયાન આપેલી તમામ લોન માટે ૩૦મી સપ્ટેમ્બર અને નાણાકીય વર્ષના બીજા છ મહિનામાં આપવામાં આવેલી તમામ લોન માટે ૩૧મી માર્ચ હપતાની તારીખ તરીકે રહેશે.

(૨) પેટા-નિયમ (૧)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં,-

(ક) જિલ્લા પંચાયત તેના દ્વારા આપવામાં આવેલી કોઇપણ લોનના સંબંધમાં, કારણોની લેખિતમાં નોંધ કરીને, તે (જિલ્લા પંચાયત) તેની (લોનની) પાછી ભરપાઇ કરવાની મુદત પંદર વર્ષ સુધી લંબાવી શકશે;

(ખ) જિલ્લા પંચાયતની મંજૂરીથી, પંચાયત નિયત તારીખ પહેલાં (લોનના) તમામ હપતા અથવા તે પૈકી કોઇપણ હપતાની ચુકવણી કરી શકશે ;

(ગ) લોનની તારીખથી અથવા યથાપ્રસંગ, તેના (લોનના) છેલ્લા હપતાથી ત્રણ વર્ષની મુદત માટે જિલ્લા પંચાયત, જો સંતોષકારક કારણો દર્શાવવામાં આવે, તો પોતાને યોગ્ય લાગે તેવી બોલીઓ અને શરતોએ લોનના કોઇપણ હપતાની ચુકવણી મોકૂફ રાખી શકશે.

૭. લોન ઉપર અને લેણા થયેલા હપતા પર વ્યાજનો દર.-

(૧) આ નિયમો હેઠળ આપવામાં આવેલી લોન પરનું વ્યાજ, પાંચ ટકાના દરે અથવા પ્રવર્તમાન બેંક દર કરતાં વધુ અડધા ટકાના દરે, બેમાંથી જે ઓછું હોય તે દરે લેવામાં આવશે અને તે લોનના હપતા ભરતી વખતે, ચૂકવવાપાત્ર રહેશે. કોઇપણ હપતાની નિયત તારીખે, (૧) વ્યાજ, અથવા (૨) મુદ્દલ અને વ્યાજ, અથવા (૩) યથાપ્રસંગ, તેનો કોઇપણ ભાગ ભરવામાં પંચાયત કસૂર કરે તે કિસ્સામાં, લોનના અથવા વ્યાજના અથવા યથાપ્રસંગ, તે બન્નેના લેણા થયેલા હપતા પર પાંચ ટકાએ વ્યાજ ઉપરાંત દર વર્ષે બે ટકાના દરે વ્યાજ લેવામાં આવશે. અગાઉની લોનની પાછી ભરપાઇ કરવામાં કસૂર કરવામાં આવી હોય તે પછી, કોઇ વધુ લોન આપવામાં આવી હોય, તો વ્યાજના દરમાં દરેક કેસની શરતોને અનુરૂપ થાય તે રીતે ગુણદોષના આધારે ફેરફાર કરી શકાશે.

(૨) મુદ્દલમાંથી કોઇપણ હપતો ભરવાપાત્ર ન હોય અથવા આવી હપતાની ચુકવણી મોકૂફ રાખવામાં આવી હોય ત્યારે વ્યાજ ભરવાપાત્ર રહેશે.

૮. **પંચાયતે બાંયધરી આપવા બાબત-** (૧) જિલ્લા પંચાયત, પંચાયતને લોન આપવાનો નિર્ણય કરે, તો જિલ્લા વિકાસ અધિકારીએ, લોનની રકમ અથવા તેના ભાગની ચુકવણી કરવામાં આવે તે પહેલાં, પંચાયત વતી કામ કરવામાં આવ્યું છે તે બાબતની બાંયધરી મેળવવી જોઇશે.

(૨) આવી દરેક બાંયધરી, આ નિયમો સાથે જોડેલી અનુસૂચિના ઠરાવેલા નમૂનામાં રહેશે અને;

એવી બાંયધરી ઉપર,

(૧) ઉપ-સરપંચે અથવા યથાપ્રસંગ, ઉપપ્રમુખે અને પંચાયતે અધિકૃત કરેલા બે સભ્યોએ, પંચાયતની કચેરી ખાતે સરપંચ અથવા યથાપ્રસંગ, પ્રમુખ અને પંચાયતના સેક્રેટરીની હાજરીમાં, પંચાયત વતી સહી કરવી જોઇશે અને;

(૨) સરપંચે અથવા યથાપ્રસંગ, પ્રમુખે સંબંધિત જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીની હાજરીમાં સહી કરવી જોઇશે.

(૩) જિલ્લા પંચાયત, પોતાની વિવેકબુદ્ધિ અનુસાર નીચેની બાબતો માટે પંચાયતે લેવાના પગલાંના સંબંધમાં વધારાની શરત નાંખી શકશે :-

(૧) લોનના હિસાબો પૂરા પાડવા અને તેનો યોગ્ય ઉપયોગ કરવા માટે;

(૨) આવક વધારવાના પગલાં લેવા માટે, વેરાની પાછલી બાકીની વસૂલાત કરવા માટે, કરકસર કરવા માટે અથવા તેની નાણાકીય સ્થિતિ સુધારવા સહાયક પગલાં લેવા માટે;

(૩) જે સેવા માટે કામ હાથ પર લેવામાં આવે તે સેવા માટે, વ્યાજ ભરી શકે અને લોન ભરપાઇ કરી શકે તે માટે જરૂરી આવક જાળવવા પૂરતી લાગે તેવા સ્તરે ફી અથવા ચાર્જનું ધોરણ નક્કી કરવા માટે ;

(૪) પેટા-નિયમ (૩) હેઠળ નાંખવામાં આવેલી કોઇપણ વધારાની શરતનો ઉપર પેટા-નિયમ (૧) હેઠળ અમલમાં મૂકવાની બાંયધરીમાં સમાવેશ કરવામાં આવશે.

૯. **લોન અને વ્યાજનો હિસાબ રાખવાની રીત.-** વ્યકિતગત પંચાયતને આપવામાં આવેલી લોન અને તેના પર ઊપજેલ વ્યાજનો હિસાબ, ગુજરાત પંચાયત નાણાકીય હિસાબો અને બજેટ નિયમો, ૨૦૧૪ દ્વારા ઠરાવ્યા પ્રમાણેની રીતે રાખવો જોઇશે.

૧૦. પંચાયતને લોન પાછી ભરપાઈ કરવા માટે તેના બજેટમાં જોગવાઈ કરવા બાબત.- આ નિયમો હેઠળ લોન મેળવી હોય તેવી પંચાયતે, લોનને વ્યાજ સહિત પાછી ભરપાઇ કરવામાં આવે ત્યાં સુધી લોન અને તેના પરના વ્યાજના હપતાની ચુકવણી માટે તેના બજેટ અંદાજોમાં દરેક વર્ષે જોગવાઇ કરવી જોઇશે.

અનુસૂચિ

(જુઓ નિયમ ૮(૨))

પ્રતિ,

જિલ્લા પંચાયત,

......................જિલ્લા પંચાયત,

....................જિલ્લો.

.................જિલ્લાના .... તાલુકા / મહાલની ....ગ્રામ/ તાલુકા પંચાયતના અમે, સરપંચ, ઉપ-સરપંચ/ પ્રમુખ, ઉપપ્રમુખ અને નીચે સહી કરનાર સભ્યો ગ્રામ/ તાલુકા પંચાયત વતી................. ના હેતુ માટે, જિલ્લા ફંડમાંથી .... જિલ્લા પંચાયત દ્વારા લોન તરીકે મંજૂર થયેલી રૂા.................ની પહોંચ આપીએ છીએ અને નીચેની શરતોને અધીન રહીને, પાંચ ટકાના દરે અથવા ઉપરના પ્રવર્તમાન બેંક દરના અડધા ટકાના દરે, બે માંથી જે ઓછું હોય તેટલા દર વર્ષે ટકાના દરે, વ્યાજ સહિત, રૂા............ની લોન .... હપતામાં પાછી ભરપાઇ કરવાની પંચાયત વતી બાંયધરી આપીએ છીએ :-

૧. (૧) (ક) કોઇપણ હપતાની નિયત તારીખે વ્યાજ, અથવા (ખ) મુદ્દલ અને વ્યાજ, અથવા (ગ) યથાપ્રસંગ, તેનો કોઇપણ ભાગ ભરવામાં પંચાયત કસૂર કરે તે કિસ્સામાં, લોન અથવા વ્યાજ અથવા યથાપ્રસંગ, બંનેના લેણા થયેલા હપતા પર ચુકવણીના ઉપર્યુક્ત દર ઉપરાંત દર વર્ષે બે ટકાના દરે વ્યાજ લેવામાં આવશે;

(૨) જે હેતુ માટે લોન લીધી હોય તે હેતુ માટે લોનની રકમનો ઉપયોગ કરવો જોઇશે;

(૩) જે કામ માટે લોન લીધી હોય તે કામ પૂરું થયા પછી, લોનની રકમમાંથી કોઇપણ સિલક બાકી રહે, તો તે, લોનની રકમ પાછી ભરપાઇ કરવા પેટે પાછી આપવી જોઇશે;

(૪) પંચાયતે, લોન અને તે અંગેના વ્યાજના હપતા ભરવા માટે બજેટ અંદાજોમાં દર વર્ષે જોગવાઇ કરવી જોઇશે.

(અહીં નિયમ ૮ હેઠળ નાખવામાં આવેલી કોઇ વધારાની શરતો નિર્દિષ્ટ કરવી)

૨. ઉપ-સરપંચે/ ઉપપ્રમુખે અને પંચાયતે અધિકૃત કરેલા બે સભ્યોએ પંચાયતની કચેરી ખાતે, સરપંચ/ પ્રમુખ અને પંચાયતના સેક્રેટરીની હાજરીમાં અને સરપંચ/ પ્રમુખે જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીની હાજરીમાં ઉપર્યુક્ત બાંયધરી ઉપર સહી કરેલી છે અને પંચાયતને તે બંધનકર્તા છે.

તારીખઃ

સહી

સરપંચ/ પ્રમુખ :

ઉપ-સરપંચ/ ઉપપ્રમુખ :

ગ્રામ/ તાલુકા પંચાયતના સભ્યો :

જિલ્લા વિકાસ અધિકારી,

.... જિલ્લા પંચાયત

.... જિલ્લો

(સુસંગત ન હોય તે છેકી નાખવું)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઇ. એમ. શેખ,

સરકારના સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 245

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, AUGUST 2, 2016/SRAVANA 11, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨ જી ઓગસ્ટ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના બંદરો અને વાહનવ્યવહાર વિભાગ - ના તારીખ : ૪થી જુલાઇ, ૨૦૧૬ ના સરકારી જાહેરનામા ક્રમાંક : પીટી/૨૦૧૬/૪૪/એમવીડી/૧૦૨૦૧૫/૭૨૨/ખ - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી

જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૪થી જુલાઇ, ૨૦૧૬.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક: પીટી/૨૦૧૬/૪૪/એમવીડી/૧૦૨૦૧૫/૭૨૨/ખ:– મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૨૧૨ ની પેટા-કલમ (૧)થી ફરમાવ્યા પ્રમાણે અમુક નિયમોનો મુસદ્દો, બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તારીખ ૫મી માર્ચ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક: પીટી/૨૦૧૬/૧૧/એમવીડી/ ૧૦૨૦૧૫/૭૨૨/ખ. હેઠળ તારીખ: ૫મી માર્ચ, ૨૦૧૬ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૪-એ.માં, પાના ૪૮-૧ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યક્તિઓ પાસેથી, સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતા:

અને સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં સરકારને કોઇ વાંધો અથવા સૂચન મળેલ નથી;

તેથી, હવે,મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮(સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૧૩૮ની પેટા-કલમ (૨)ના ખંડ (ઠ) અને કલમ ૧૨૯ના દ્વિતીય પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો, ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં, નિયમ ૧૯૩માં, તે હેઠળનો પરંતુક કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ. આર. સોની,

સરકારના નાયબ સચિવ.

Extra No. 246

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, AUGUST 3, 2016/SRAVANA 12, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી ઓગસ્ટ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ** ના તારીખ : ૮મી જુલાઇ, ૨૦૧૬ ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચ/વી/૨૦૧૬ નો ૧૩૮/એજીએન/૧૦૨૦૧૫/ ૨૬૦૬/વી** - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Assistant Director of Gujarat State Fire Prevention Service, Class I Recruitment Rules, 2016.

મદદનીશ નિયામક, ગુજરાત રાજ્ય અગ્નિનિવારણ (અગ્નિશમન) સેવા, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ સુધારવા સંબંધી

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૮મી જુલાઈ, ૨૦૧૬.

ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંક: જીએચ/વી/૨૦૧૬નો ૧૩૮/એજીએન/૧૦૨૦૧૫/૨૬૦૬/વી :– ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા)ની કલમ ૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મદદનીશ નિયામક, ગુજરાત રાજ્ય અગ્નિનિવારણ (અગ્નિશમન) સેવા, વર્ગ ૧, ભરતી નિયમો**,** ૨૦૧૬ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો મદદનીશ નિયામક, ગુજરાત રાજ્ય અગ્નિનિવારણ (અગ્નિશમન) સેવા, વર્ગ ૧, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. મદદનીશ નિયામક, ગુજરાત રાજ્ય અગ્નિનિવારણ (અગ્નિશમન) સેવા, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬માં, નિયમ ૩ના, ખંડ (ખ)ના, પેટા-ખંડ (૩)માં ''આશરે'' એ શબ્દ કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સ્મિતા શાહ,

સરકારના નાયબ સચિવ.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 247

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, AUGUST 4, 2016/SRAVANA 13, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓગષ્ટ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગ**-ના તારીખ : **૧૮મી જુલાઈ, ૨૦૧૬** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : (જીએન-૪૪) ટીએસએમ/૨૨૨૦૦૮/૪૧૯૮-ઘ-** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Accounts Officer, Class-II, in the Gujarat Accounts Service under the Directorate of Accounts and Treasuries, Recruitment Rules, 2016.

હિસાબ અને તિજોરી નિયામકની કચેરી હેઠળની ગુજરાત હિસાબી સેવામાં, હિસાબી અધિકારી, વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૧૮મી જુલાઈ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ (જીએન-૪૪) ટીએસએમ - ૨૨૨૦૦૮ - ૪૧૯૮ - ઘઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત હિસાબી સેવામાં, હિસાબી અધિકારી, વર્ગ-૨-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો હિસાબ અને તિજોરી નિયામકની કચેરી હેઠળની ગુજરાત હિસાબી સેવામાં, હિસાબી અધિકારી, વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત હિસાબી સેવામાં, હિસાબી અધિકારી, વર્ગ-૨-ની જગા પરની નિમણૂક,-

(ક) (ક) (૧) જેણે હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની તાબાની સેવામાં, હિસાબનીસ, વર્ગ-૩-ના સંવર્ગમાં ઓછામાં ઓછા સાત વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય, અને

(૩) હિસાબી અધિકારી, વર્ગ ૨ની જગા પર બઢતી માટેની ઠરાવેલી ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય;

તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) (૧) જેણે હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, હેઠળની તાબાની સેવામાં, હિસાબનીસ, વર્ગ-૩-ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) હિસાબી અધિકારી, વર્ગ ૨ની જગા પર બઢતી માટેની ઠરાવેલી ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય;

(૩) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે; અને

(૪) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા યોજવામાં આવેલી ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે; અથવા

(ખ) સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે કરવી જોઈશે.

૩. નિયમ ૨-ના ખંડ (ક)ના પેટા-ખંડો (ક) અને (ખ) હેઠળ હિસાબનીસ, વર્ગ ૩ના સંવર્ગમાંથી બઢતીથી અને નિયમ ૨-ના ખંડ (ખ) હેઠળ સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે કરવાની નિમણૂક અનુક્રમે ૫:૧:૪ના પ્રમાણમાં કરવામાં આવશે.

૪. નિયમ-૨માં જણાવેલી જગા પર સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૭ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા કોસ્ટ એન્ડ વર્કસ એકાઉન્ટન્ટ (આઈ.સી.ડબલ્યુ.એ.) અથવા કંપની સેક્રેટરીની લાયકાત અથવા બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (વાણિજ્ય વ્યવસ્થાપન)ના સ્નાતક અથવા વાણિજ્યના સ્નાતક અથવા મુખ્ય વિષય તરીકે ગણિતશાસ્ત્ર અથવા આંકડાશાસ્ત્રમાં વિજ્ઞાનના સ્નાતકની અથવા મુખ્ય વિષય તરીકે આંકડાશાસ્ત્ર અથવા અર્થશાસ્ત્ર અથવા ગણિતશાસ્ત્રમાં વિનયનના સ્નાતકની અથવા કોમ્પ્યુટર એપ્લિકેશનમાં સ્નાતકની મેળવેલી ઓછામાં ઓછા દ્વિતીય વર્ગની પદવી ધરાવતો હોવો જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૫. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૬. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવી પડશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૭. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા અને ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૦. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એચ. પાઠક,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 248

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, AUGUST 8, 2016/SRAVANA 17, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી ઓગષ્ટ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **કાયદા વિભાગના** તારીખ : **૧૧મી જુલાઈ, ૨૦૧૬**ના સરકારી જાહેરનામા (૧) **ક્રમાંક : જીકે-૩૫-૨૦૧૬-સીસીએ-૧૦૨૦૧૪-૧૧૬૧-ડી અને** (૨) **ક્રમાંક : જીકે-૩૪-૨૦૧૬-સીસીએ-૧૦૨૦૧૪-૧૧૬૧-ડી નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ,૨૦૦૫ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જુલાઈ, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ,૨૦૦૫.

ક્રમાંક:જીકે/૩૫/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી:- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૫, ૭, ૧૧, અને ૧૩થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને,સન ૨૦૧૬ના જુલાઇ મહિનાની ૧૭મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન સિનિયર દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છે:-

(૧) જિલ્લા કોર્ટ, સાબરકાંઠાના તાબા હેઠળની સિનિયર દીવાની જજની કોર્ટ, મોડાસા, હવે જિલ્લા કોર્ટ, અરવલ્લીના તાબા હેઠળ રહેશે.

(૨) સદરહુ કોર્ટનું અધ્યક્ષપદ મુખ્ય સિનિયર દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ મોડાસા ખાતે ભરશે.

(૩) સિનિયર દીવાની જજની કોર્ટ, મોડાસાની હકૂમતની સ્થાનિક હદો, અરવલ્લી જિલ્લાના મોડાસા, ભીલોડા, મેઘરજ, માલપુર, ધનસુરા અને બાયડ તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી. શાહ,

સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૧૧મી જુલાઈ,૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ,૨૦૦૫.

ક્રમાંક:જીકે/૩૪/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી :-ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમ ૪ની પેટા-કલમ (૩) અને કલમો ૭ અને ૧૧થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના જુલાઇ મહિનાની ૧૭મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન અધિક જિલ્લા જજ ની કોર્ટની સ્થાપના કરે છે:-

INDEX

(૧) જિલ્લા કોર્ટ,સાબરકાંઠા ના તાબા હેઠળની અધિક જિલ્લા જજની કોર્ટ, મોડાસા, હવે જિલ્લા કોર્ટ, અરવલ્લીના તાબા હેઠળ રહેશે.

(૨) સદરહુ કોર્ટનું અધ્યક્ષપદ અધિક જિલ્લા જજ લેશે, જેઓ તેમની કોર્ટ મોડાસા ખાતે ભરશે.

(૩) અધિક જિલ્લા જજની કોર્ટ, મોડાસાની હકૂમતની સ્થાનિક હદો, અરવલ્લી જિલ્લાના મોડાસા, ભીલોડા, મેઘરજ, માલપુર, ધનસુરા અને બાયડ તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી. શાહ,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

`Extra No. 249

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, AUGUST 8, 2016/SRAVANA 17, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી ઓગષ્ટ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૭મી મે, ૨૦૧૬ ના ગુજરાત સરકારના કાયદા વિભાગ-ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૧૧/૨૦૧૬/એલઓઆર/૧૦૨૦૧૫/યુ.ઓ.આર.૧૪૭/એચ.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification
regarding
Amendment to the Law Officers (Appointment and Conditions of Service) and Conduct of Legal Affairs of the Government Rules, 2009.

કાયદા અધિકારી (નિમણૂક અને સેવાની શરતો) અને સરકારના કાયદાવિષયક કાર્યના સંચાલન નિયમો, ૨૦૦૯ સુધારવા સંબંધી

કાયદા વિભાગ,
જાહેરનામું.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૭મી મે, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક. જીકે/૧૧/૨૦૧૬/એલઓઆર/૧૦૨૦૧૫//યુ.ઓ.આર.૧૪૭/એચ :- ભારતના સંવિધાનના અનુચ્છેદો ૧૬૫, ૧૬૬ અને અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે તેને સક્ષમ બનાવતી અન્ય તમામ સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, કાયદા અધિકારી (નિમણૂક અને સેવાની શરતો) અને સરકારના કાયદાવિષયક કાર્યના સંચાલન નિયમો, ૨૦૦૯ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો કાયદા અધિકારી (નિમણૂક અને સેવાની શરતો) અને સરકારના કાયદા-વિષયક કાર્યના સંચાલન (પ્રથમ સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. (૧) કાયદા અધિકારી (નિમણૂક અને સેવાની શરતો) અને સરકારના કાયદાવિષયક કાર્યના સંચાલન નિયમો, ૨૦૦૯ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૧૫માં,

(૧) પેટા-નિયમ (૧)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

"(૧) એડવોકેટ જનરલ અને અધિક એડવોકેટ જનરલ –

(૧) માસિક રૂ. ૧,૦૦,૦૦૦/-નું મહેનતાણું;

(૨) માસિક રૂ. ૧૫,૦૦૦/-નું કચેરી ખર્ચ મેળવવાને હકદાર થશે.".

(૨) પેટા-નિયમ (૨ ક)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

"(૨ ક) જિલ્લા કોર્ટમાંના સરકારી વકીલ અને પબ્લિક પ્રૉસિક્યુટર-

(૧) માસિક રૂ. ૩૫,૦૦૦/-નું મહેનતાણું;

(૨) માસિક રૂ. ૧૦,૦૦૦/-નું કચેરી ખર્ચ મેળવવાને હકદાર થશે.

સ્પષ્ટીકરણ:- શંકાના નિવારણ માટે, આથી, સ્પષ્ટતા કરવામાં આવે છે કે જિલ્લા કોર્ટમાંના સરકારી વકીલ અને પબ્લિક પ્રૉસિક્યુટરની જગા, તે જ (એક જ) વ્યક્તિ ધરાવતી હોય ત્યારે તે, મહેનતાણા તરીકે ફક્ત રૂ. ૩૫,૦૦૦/- મેળવવાને હકદાર થશે.".

(૩) પેટા-નિયમો (૩) અને (૪)ને બદલે, નીચેના મજકૂર મૂકવા:-

"(૩) હાઇકોર્ટમાંના અધિક સરકારી વકીલો, અધિક પબ્લિક પ્રૉસિક્યુટરો અને મદદનીશ સરકારી વકીલોને માસિક રૂ. ૪૦,૦૦૦/-ની રિટેનર ફી ચૂકવવામાં આવશે.

સ્પષ્ટીકરણ:- શંકાના નિવારણ માટે, આથી, સ્પષ્ટતા કરવામાં આવે છે કે હાઇકોર્ટમાંના અધિક સરકારી વકીલો, અધિક પબ્લિક પ્રૉસિક્યુટરો અને મદદનીશ સરકારી વકીલોની જગા, તે જ (એક જ) વ્યક્તિ ધરાવતી હોય ત્યારે તે, રિટેનર ફી તરીકે ફક્ત રૂ. ૪૦,૦૦૦/- મેળવવાને હકદાર થશે.

(૪) જિલ્લા કોર્ટમાંના અધિક સરકારી વકીલો, મદદનીશ સરકારી વકીલો અને તાબાના સરકારી વકીલો અને અધિક પબ્લિક પ્રૉસિક્યુટરોને માસિક રૂ. ૩૦,૦૦૦/-ની રિટેનર ફી ચૂકવવામાં આવશે.

સ્પષ્ટીકરણ:- શંકાના નિવારણ માટે, આથી, સ્પષ્ટતા કરવામાં આવે છે કે જિલ્લા કોર્ટમાંના અધિક સરકારી વકીલો, મદદનીશ સરકારી વકીલો અને તાબાના સરકારી વકીલો અને અધિક પબ્લિક પ્રૉસિક્યુટરોની જગા, તે જ (એક જ) વ્યક્તિ ધરાવતી હોય ત્યારે તે, રિટેનર ફી તરીકે ફક્ત રૂ. ૩૦,૦૦૦/- મેળવવાને હકદાર થશે.".

૩.　સદરહુ નિયમોમાં, નિયમ ૧૦૯ પછી, નીચેનો નવો નિયમ દાખલ કરવો:–

"૧૦૯ ક. નિયમો ૧૦૬, ૧૦૭, ૧૦૮ અને ૧૦૯માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, અનુસૂચિઓ ખ, ખ૧, ગ અને ઘ–માં જણાવ્યા પ્રમાણે છેવટની (આખરી) સુનાવણીના તબક્કે ફીનો દાવો કરવા માટે કાયદા અધિકારીઓના ફી બિલો, સંબંધિત કોર્ટના ચુકાદાની તારીખથી નેવું દિવસની અંદર રજૂ કરવા જોઇશે."

૪.　(૧)　સદરહુ નિયમોમાં, અનુસૂચિ ખ–ને બદલે, નીચેની અનુસૂચિ મૂકવી:–

"અનુસૂચિ–ખ
(જુઓ નિયમ ૧૭)

હાઇકોર્ટમાંના સરકારી વકીલ, પબ્લિક પ્રોસિક્યુટરની ફી		
અનુ–ક્રમાંક	વિગત	રકમ રૂ.માં (કેસ દીઠ)
૧	**રિટ પીટીશન/હાઇકોર્ટના નિર્ણય સામે કરી શકાતી અપીલ (એલ.પી.એ.)/પ્રથમ અરજી/બીજી અરજી/ફોજદારી ફેરતપાસ /ફોજદારી અપીલ/ફોજદારી ફેરતપાસ અરજી (સી.આર.એ.)/મૂળ અરજી/કંપની પીટીશન, પૂછાણ વગેરે જેવી મુખ્ય બાબતો.**	
	(૧) પીટીશન/અપીલ/જવાબો વગેરેના મુસદ્દાની પતાવટ માટે.	૧૦૦૦/–
	(૨) દાવો દાખલ કરવાના સુનાવણીના તબક્કે.	૧૫૦૦/–
	(૩) છેવટની (આખરી) સુનાવણીના તબક્કે.	૨૦૦૦/–
	બીજી દીવાની અરજીઓ/પ્રકીર્ણ દીવાની અરજીઓ/ ફોજદારી અરજીઓ/ પ્રકીર્ણ ફોજદારી અરજીઓ, જામીન અરજીઓ વગેરે.	
	(૧) પીટીશન/અપીલ/જવાબો વગેરેના મુસદ્દાની પતાવટ માટે.	૮૦૦/–
	(૨) દાવો દાખલ કરવાના સુનાવણીના તબક્કે.	૧૦૦૦/–
	(૩) છેવટની (આખરી) સુનાવણીના તબક્કે.	૧૦૦૦/–

(૨)　સદરહુ નિયમોમાં, અનુસૂચિ ખ૧–ને બદલે, નીચેની અનુસૂચિ મૂકવી:–

"અનુસૂચિ–ખ૧
(જુઓ નિયમ ૧૭)

ક. હાઇકોર્ટમાંના અધિક સરકારી વકીલ અને અધિક પબ્લિક પ્રોસિક્યુટરની ફી		
અનુ–ક્રમાંક	વિગત	રકમ રૂ.માં (કેસ દીઠ)
૧	**(ક) રિટ પીટીશન/હાઇકોર્ટના નિર્ણય સામે કરી શકાતી અપીલ (એલ.પી.એ.)/પ્રથમ અરજી/બીજી અરજી/ફોજદારી ફેરતપાસ /ફોજદારી અપીલ/ફોજદારી ફેરતપાસ અરજી (સી.આર.એ.)/મૂળ અરજી/કંપની પીટીશન, પૂછાણ વગેરે જેવી મુખ્ય બાબતો.**	
	(૧) પીટીશન/અપીલ/જવાબો વગેરેના મુસદ્દાની પતાવટ માટે.	૧૫૦૦/–
	(૨) દાવો દાખલ કરવાના સુનાવણીના તબક્કે.	૧૫૦૦/–
	(૩) છેવટની (આખરી) સુનાવણીના તબક્કે.	૨૦૦૦/–
	(ખ) બીજી દીવાની અરજીઓ/પ્રકીર્ણ દીવાની અરજીઓ/ ફોજદારી અરજીઓ/ પ્રકીર્ણ ફોજદારી અરજીઓ, જામીન અરજીઓ વગેરે.	
	(૧) પીટીશન/અપીલ/જવાબો વગેરેના મુસદ્દાની પતાવટ માટે.	૮૦૦/–
	(૨) દાવો દાખલ કરવાના સુનાવણીના તબક્કે.	૮૦૦/–
	(૩) છેવટની (આખરી) સુનાવણીના તબક્કે.	૮૦૦/–
ખ. હાઇકોર્ટમાંના મદદનીશ સરકારી વકીલની ફી		
	(ક) રિટ પીટીશન/હાઇકોર્ટના નિર્ણય સામે કરી શકાતી અપીલ (એલ.પી.એ.)/પ્રથમ અરજી/બીજી અરજી/ફોજદારી ફેરતપાસ /ફોજદારી અપીલ/ફોજદારી ફેરતપાસ અરજી (સી.આર.એ.)/મૂળ અરજી/કંપની પીટીશન, પૂછાણ વગેરે જેવી મુખ્ય બાબતો.	
	(૧) પીટીશન/અપીલ/જવાબો વગેરેના મુસદ્દાની પતાવટ માટે.	૧૦૦૦/–
	(૨) દાવો દાખલ કરવાના સુનાવણીના તબક્કે.	૧૦૦૦/–
	(૩) છેવટની (આખરી) સુનાવણીના તબક્કે.	૧૦૦૦/–

ક. હાઈકોર્ટમાંના અધિક સરકારી વકીલ અને અધિક પબ્લિક પ્રોસિક્યુટરની ફી		
અનુ-ક્રમાંક	**વિગત**	**રકમ રૂ.માં (કેસ દીઠ)**
	બીજી દીવાની અરજીઓ/પ્રકીર્ણ દીવાની અરજીઓ/ફોજદારી અરજીઓ/ પ્રકીર્ણ ફોજદારી અરજીઓ, જામીન અરજીઓ વગેરે.	
	(૧) પીટીશન/અપીલ/જવાબો વગેરેના મુસદ્દાની પતાવટ માટે.	૭૦૦/-
	(૨) દાવો દાખલ કરવાના સુનાવણીના તબક્કે.	૮૦૦/-
	(૩) છેવટની (આખરી) સુનાવણીના તબક્કે.	૮૦૦/-

(૩) સદરહુ નિયમોમાં, અનુસૂચિ ગ-ને બદલે, નીચેની અનુસૂચિ મૂકવી:-

"અનુસૂચિ ગ
(જુઓ નિયમ ૧૭)

જિલ્લા કોર્ટમાંના જિલ્લા સરકારી વકીલો (ડી.જી.પી.), મદદનીશ સરકારી વકીલો (એ.જી.પી.), પબ્લિક પ્રોસિક્યુટર અને અધિક પબ્લિક પ્રોસિક્યુટર (એડિ.પી.પી)ની ફી દર્શાવતું પત્રક.

ક. જિલ્લા કોર્ટમાંના જિલ્લા સરકારી વકીલો (ડી.જી.પી.), મદદનીશ સરકારી વકીલો (એ.જી.પી.)ની ફી.

અનુ-ક્રમાંક	**વિગત**	**કેસ દીઠ ડી.જી.પી. માટેની રકમ (રૂ.માં)**	**કેસ દીઠ એ.જી.પી. માટેની રકમ (રૂ.માં)**
(૧)	દીવાની દાવાઓ/ જમીન સંપાદન લખાણ/ મોટર અકસ્માત દાવા પીટીશનઃ		
	(ક) વચગાળાની/દાવા દરમિયાનની અરજી (છેવટના (આખરી) નિકાલના તબક્કે)	४००/-	૨૦૦/-
	(ખ) પુરાવા નોંધવા અને દાવો/પીટીશન/ લખાણ (પુછાણ)નો છેવટનો (આખરી) નિકાલ (દિવસ દીઠ)	૮૦૦/-	६००/-
	(ગ) દાવો/પીટીશન/લખાણ પાછું ખેંચવું/તેની પતાવટ (ઊચક રકમમાં)	૮૦૦/-	૮૦૦/-
	(ઘ) દાવા/રિટ દાવો/પીટીશન વગેરેનો મુસદો ઘડવા માટે (ઊચક રકમમાં)	૧૦૦૦/-	૮૦૦/-
(૨)	દીવાની પ્રકીર્ણ અરજી/અકિંચન અરજી (આખરી નિકાલના તબક્કે)	४००/-	૨૦૦/-
(૩)	અપીલો/ ફેરતપાસ અરજીઓઃ		
	(ક) દાવો દાખલ કરવાના સુનાવણીના તબક્કે.	૮૦૦/-	६००/-
	(ખ) છેવટની (આખરી) સુનાવણીના તબક્કે.	૧૦૦૦/-	૮૦૦/-
	(ગ) અપીલ/ ફેરતપાસ / જવાબોના મુસદા ઘડવાની વ્યવસ્થા માટે (ઊચક રકમમાં)	૧૦૦૦/-	૮૦૦/-

ખ. જિલ્લા કોર્ટમાંના પબ્લિક પ્રોસિક્યુટર અને અધિક પબ્લિક પ્રોસિક્યુટર (એડિ.પી.પી)ની ફી.

અનુ-ક્રમાંક	**વિગત**	**કેસ દીઠ પી.પી. માટેની રકમ (રૂ.માં)**	**કેસ દીઠ એડિ.પી.પી. માટેની રકમ (રૂ.માં)**
(૧)	સત્રો (પુરાવા નોંધવા અને આખરી સુનાવણી માટે) (દિવસ દીઠ)	૮૦૦/-	६००/-
(૨)	અપીલ અને ફેરતપાસ (દાવો દાખલ કરવાના સુનાવણીના તબક્કે)	૧૦૦૦/-	૮૦૦/-
(૩)	અપીલ અને ફેરતપાસ (આખરી (છેવટની સુનાવણીના તબક્કે)	૮૦૦/-	६००/-
(४)	દાવા દરમિયાનની/વચગાળાની/ પ્રકીર્ણ/ જામીન અરજીઓ (આખરી નિકાલના તબક્કે)	६००/-	४००/-
(૫)	અપીલ/ ફેરતપાસ અરજી/પ્રકીર્ણ અરજીના મુસદા ઘડવાની વ્યવસ્થા.	६००/-	४००/-

નોંધઃ ફીના ઉપરોક્ત ઠરાવેલા દર, ફીની રકમ અથવા દિવસ દરમિયાન કાયદા અધિકારી દ્વારા ચલાવાતા કેસો ઉપરની કોઇ ટોચ મર્યાદા સિવાય ચૂકવવાપાત્ર ગણાશે."

(४) સદરહુ નિયમોમાં, અનુસૂચિ ઘ-ને બદલે, નીચેની અનુસૂચિ મૂકવી:-

"અનુસૂચિ ઘ
(જુઓ નિયમ ૧૭)

ટ્રિબ્યુનલોમાં નિમણૂક પામેલા કાયદા અધિકારીઓની ફી દર્શાવતું પત્રક

(ક) ગુજરાત પબ્લિક વર્કસ કોન્ટ્રાક્ટ્સ ડિસ્પૂટ્સ આર્બિટ્રેશન (ગુજરાત જાહેર બાંધકામ કરાર તકરાર લવાદી) ટ્રિબ્યુનલ માટે:

અનુક્રમાંક	વિગત	કેસ દીઠ રકમ (રૂ.માં)
(૧)	અસરકારક સુનાવણી માટે	૬૦૦/-
(૨)	દલીલો અને બીજી અરજીઓ/જવાબોની પતાવટ વગેરે માટે	૪૦૦/-

(ખ) ગુજરાત પબ્લિક વર્કસ કોન્ટ્રાક્ટ્સ ડિસ્પૂટ્સ આર્બિટ્રેશન ટ્રિબ્યુનલ સિવાયની ટ્રિબ્યુનલો માટે:

અનુક્રમાંક	વિગત	કેસ દીઠ રકમ (રૂ.માં)
(૧)	અસરકારક સુનાવણી માટે	૪૦૦/-
(૨)	દલીલો અને બીજી અરજીઓ/જવાબોની પતાવટ વગેરે માટે	૩૦૦/-

(ગ) ગ્રાહક તકરાર નિવારણ ફોરમ માટે:

અનુક્રમાંક	વિગત	કેસ દીઠ રકમ (રૂ.માં)
(૧)	અસરકારક સુનાવણી માટે	૬૦૦/-
(૨)	દલીલો અને બીજી અરજીઓ/જવાબોની પતાવટ વગેરે માટે	૪૦૦/-

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી.એમ.ભાભોર,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 250

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, AUGUST 8, 2016/SRAVANA 17, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી ઓગસ્ટ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૨જી જૂન, ૨૦૧૬ ના ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**-ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી/૨૦૧૬નો ૧૨૦/ એનપીએલ /૧૦૦૩ /૨૫૬૮/ એમ. -નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Municipalities (Conduct of Election) Rules, 1994.

ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨જી જૂન, ૨૦૧૬.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંકઃ કેવી/૨૦૧૬નો ૧૨૦/એનપીએલ-૧૦૦૩-૨૫૬૮-એમ:- ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૨૭૭ની પેટા-કલમ (૩)ના પરંતુક હેઠળ ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ સુધારવા અને તેની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલાં લેવાનું તેના માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૬ની પેટા-કલમ (૫) સાથે વાંચતા, કલમ ૨૭૭ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો, ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪માં, નિયમ ૭ક-માં, પેટા-નિયમ (૩)માં, "પોતાની કચેરીમાં નોટિસ બોર્ડ ઉપર સોગંદનામાની નકલ પ્રદર્શિત કરીને" એ શબ્દો પછી, "અને પોતે તેને રાજ્ય ચૂંટણી આયોગની વેબસાઇટ ઉપર અપલોડ કરીને" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

યોગેશ રાવલ,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 251

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, AUGUST 9, 2016/SRAVANA 18, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી ઓગસ્ટ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : **૧૪મી જૂન, ૨૦૧૬** ના ગુજરાત સરકારના **માર્ગ અને મકાન વિભાગ**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીજે-૨૦૧૬નો ૫/બીસીએસ/૧૧/૨૦૦૪/૪/ઈ.૪.** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Additional Assistant Engineer (Civil), Class-III in the subordinate Engineering Service, under the Roads and Buildings Department Recruitment Rules, 2016.

માર્ગ અને મકાન વિભાગ હેઠળની તાબાની ઇજનેરી સેવામાં, અધિક મદદનીશ ઇજનેર (સિવિલ), વર્ગ-૩ ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

માર્ગ અને મકાન વિભાગ,

સચિવાલય, ગાંધીનગર ૧૪મી જૂન, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જીજે-૨૦૧૬નો ૫/બીસીએસ/૧૧/૨૦૦૪/૪/ઇ.૪;- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળની તાબાની ઇજનેરી સેવામાં, અધિક મદદનીશ ઇજનેર (સિવિલ), વર્ગ-૩ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો, માર્ગ અને મકાન વિભાગ હેઠળની તાબાની ઇજનેરી સેવામાં, અધિક મદદનીશ ઇજનેર (સિવિલ), વર્ગ-૩ ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય હેઠળની તાબાની ઇજનેરી સેવામાં, અધિક મદદનીશ ઇજનેર (સિવિલ), વર્ગ-૩ની જગા ઉપરની નિમણૂક, સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨-માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(ક) ૩૩ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા ટેકનિકલ પરીક્ષા બોર્ડમાંથી મેળવેલો સિવિલ એન્જિનિયરીંગનો ડિપ્લોમા ધરાવતો હોવો જોઇશે; અથવા સરકારે માન્ય કરેલ સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯- ક-ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર, ખાતાકીય પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સ્મિતા શાહ,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 252

©

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, AUGUST 10, 2016/SRAVANA 19, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ઓગષ્ટ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા થયેલા ગુજરાત સરકારના **સામાન્ય વહીવટ વિભાગના** તારીખ : **૨૧મી નવેમ્બર, ૨૦૧૫**ના સરકારી **જાહેરનામા ક્રમાંક : જીએસ-૩૮-એએકે-૧૦૨૦૧૪-૧૫૧૪-એસ-** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Research Assistant, Class III (Pre-service Training and Passing of Post-Training Examination) Rules, 2015.

સંશોધન મદદનીશ, વર્ગ ૩(પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવા) બાબતના નિયમો, ૨૦૧૫ સંબંધી

જાહેરનામું.

સામાન્ય વહીવટ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૨૧ મી નવેમ્બર, ૨૦૧૫.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીએસ/૩૮/એએકે/૧૦૨૦૧૪/૧૫૧૪/એસઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, સંશોધન મદદનીશ, વર્ગ ૩ની જગા ઉપર સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓની સેવાની શરતોનું, તે જ્યાં સુધી પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાને લાગુ પડે છે તેટલે સુધી, નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. **ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.-**

(૧) આ નિયમો, સંશોધન મદદનીશ, વર્ગ ૩(પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવા) બાબતના નિયમો, ૨૦૧૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

(૩) તે, નિમ્ન જગામાંથી બઢતીથી હોય તે સિવાય અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત રાજ્યમાં સંશોધન મદદનીશ, વર્ગ ૩ તરીકે સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓને લાગુ પડશે.

૨. **વ્યાખ્યા.-** આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) "પરિશિષ્ટ" એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) "કરાર આધારિત જગા" એટલે અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-માં સંશોધન મદદનીશ, વર્ગ ૩ની જગા જેના પર સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓને કરાર આધારિત ધોરણે નિમણૂક આપવામાં આવેલ હોય ;

(ગ) "ડાયરેક્ટર જનરલ" એટલે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (SPIPA) ના ડાયરેક્ટર જનરલ;

(ઘ) "સીધી ભરતીથી નિમાયેલી વ્યકિત" એટલે સ્પર્ધાત્મક પરીક્ષા મારફતે અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત રાજ્યમાં સંશોધન મદદનીશ, વર્ગ ૩ની જગા પર કરાર આધારિત ધોરણે નિમણૂક આપવામાં આવેલ હોય તે વ્યકિત;

(ચ) "પરીક્ષા" એટલે અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત રાજ્યમાં સીધી ભરતીથી નિમાયેલા સંશોધન મદદનીશ, વર્ગ ૩ને જે સંસ્થા દ્વારા પૂર્વ-સેવા તાલીમ આપી હોય, તે સંસ્થા દ્વારા યોજાયેલી તાલીમાંત પરીક્ષા;

(છ) "સંસ્થા" એટલે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા અથવા સરકાર જાહેર કરે તેવી અન્ય સંસ્થા;

(જ) "નિર્દિષ્ટ તકો" એટલે વ્યકિતએ જેટલી તકોની અંદર પરીક્ષા પાસ કરવાની હોય તેટલી આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી તકોની સંખ્યા;

(ઝ) "નિર્દિષ્ટ મુદત" એટલે જે મુદતની અંદર વ્યકિતએ પરીક્ષા પાસ કરવાની હોય તેટલી આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી મુદત.

૩. **સંસ્થાકીય તાલીમ અને પરીક્ષાની યોજના.–** સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓએ, નીચેની જોગવાઈઓ અનુસાર સંસ્થામાં સંસ્થાકીય તાલીમ લેવાની રહેશે.–

(૧) સંસ્થાકીય તાલીમ, આઠ અઠવાડિયાની મુદત માટેની રહેશે. સંસ્થા દ્વારા તાલીમ આપવામાં આપશે;

(૨) સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓ, તેઓની સંસ્થાકીય તાલીમ દરમિયાન સંસ્થાના ડાયરેકટર જનરલના નિયંત્રણ હેઠળ રહેશે.

(૩) સંસ્થાકીય તાલીમની મુદત પૂરી થયા પછી, સંસ્થા પરીક્ષા યોજશે. જેમણે સંસ્થાકીય તાલીમ કાર્યક્રમ પૂરો કર્યો હોય તેવી સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓએ પરીક્ષા પાસ કરવાની રહેશે. સંસ્થાકીય તાલીમ પૂરી થયા પછી, સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓએ, તેઓની પરીક્ષા સુધી તેઓની સંબંધિત કચેરીઓમાં કામ કરવાનું રહેશે.

૪. **પરીક્ષા અને અભ્યાસક્રમ.–**

(૧) પરીક્ષામાં ચાર પ્રશ્નપત્રોનો સમાવેશ થશે. દરેક પ્રશ્નપત્ર ૧૦૦(એક સો) ગુણનું રહેશે. દરેક પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ, **પરિશિષ્ટ–૧**માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે.

(૨) પરીક્ષામાં, પ્રશ્નપત્ર ૪ કે જે વર્ણનાત્મક પ્રકારનું રહેશે તેના સિવાય બહુવિધ પસંદગી પ્રશ્નો (MCQ)નો સમાવેશ થશે. પ્રશ્નપત્રમાં આપેલી સૂચના અનુસાર પ્રશ્નપત્ર ૪ના ઉત્તરો અંગ્રેજી અથવા ગુજરાતીમાં લખવાના રહેશે.

(૩) ઉમેદવારને, પ્રશ્નપત્રો ૧ થી ૩–ના ઉત્તર, પુસ્તકો સાથે આપવાની છૂટ આપવામાં આવશે. પ્રશ્નપત્ર ૪ના ઉત્તર પુસ્તકો વિના આપવાના રહેશે.

સ્પષ્ટીકરણ.– "પુસ્તકો સાથે" એટલે સરકારે અથવા સંસ્થાએ વખતોવખત માન્ય કરેલ, કોઇ ટિપ્પણીઓ અથવા કેસ લૉ (પૂર્વ–કાયદા) વગર ફકત અધિનિયમો અને/ અથવા નિયમો ધરાવતા વિષયના મૂળ પુસ્તકો અને તેમાં ગુજરાત સરકારે પ્રસિદ્ધ કરેલા અધિનિયમ હેઠળ બહાર પાડેલ મેન્યુઅલ્સ (નિયમસંગ્રહ)નો સમાવેશ થાય છે.

૫. **પરીક્ષા પાસ કરવા માટેના પ્રયત્નો બાબત.–**

(૧) સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓએ, ત્રણ પ્રયત્નોમાં અને તેઓની કરાર આધારિત મુદતની પાંચ વર્ષની અંદર પરીક્ષા પાસ કરવાની રહેશે:

પરંતુ અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓની વ્યકિત, જે ત્રણ પ્રયત્નોમાં પરીક્ષા પાસ કરી ન શકે, તેમને વધારાના એક પ્રયત્નનો લાભ આપવામાં આવશે, જેનો લાભ તેણે/તેણીએ ત્રીજો પ્રયત્ન કરેલ હોય તે પરીક્ષાનું પરિણામ જાહેર થયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર લેવાનો રહેશે.

(૨) સીધી ભરતીથી નિમાયેલી વ્યકિત, આ નિયમો હેઠળ ફરમાવ્યા પ્રમાણે ઠરાવેલા પ્રયત્નોમાં પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળ જાય, તો તેની/તેણીની સેવાઓ સમાપ્ત કરવામાં આવશેઃ

પરંતુ રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે તેના/તેણીના કાબૂ બહારના કારણોને લીધે ઠરાવેલા પ્રયત્નોમાં તે/તેણી પરીક્ષા પાસ કરી શક્યા ન હતા તે કિસ્સામાં, રાજ્ય સરકાર, લેખિતમાં કારણોની નોંધ કર્યા પછી, સરકાર વખતોવખત નક્કી કરે તેટલી પરીક્ષા ફીની ચૂકવણી

કર્યે, તેને/ તેણીને એવી પરીક્ષા પાસ કરવા બે કરતાં વધુ નહિ તેટલા વધારાના પ્રયત્નોનો લાભ આપી શકશે:

વધુમાં, કોઇ વ્યક્તિ વધારાના પ્રયત્નોનો લાભ લીધા પછી, પરીક્ષા પાસ કરે, તો તે/તેણી, જેમણે તેની/ તેણીની પહેલાં નિર્દિષ્ટ પ્રયત્નોમાં અને નિર્દિષ્ટ મુદતમાં પરીક્ષા પાસ કરી હોય તેવી વ્યક્તિઓ ઉપર સિનિયોરિટીનો દાવો કરવાને હકદાર થશે નહિ.

(૩) ઉપરના પેટા–નિયમ (૧) અને પેટા–નિયમ (૨)માં જણાવેલા સંજોગોમાં, પરીક્ષાઓ સમયસર યોજી ન શકાય અથવા તેનું પરિણામ, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિની કરાર આધારિત મુદત પૂરી થાય તે પહેલાં જાહેર કરી ન શકાય તો, તેની/ તેણીની કરાર આધારિત મુદત, તેણે/તેણીએ છેલ્લો વધારાનો પ્રયત્ન કરેલ હોય તે પરીક્ષાના પરિણામની જાહેરાત સુધી લંબાવેલી ગણાશે.

(૪) પરીક્ષામાં ઉપસ્થિત નહિ થવાને, પ્રયત્ન તરીકે ગણવામાં આવશે.

૬. **પરિણામની પ્રસિદ્ધિ બાબત.–** ડાયરેકટર જનરલ, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા) પરીક્ષાનું પરિણામ જાહેર કરશે અને તે રાજ્ય સરકારને મોકલશે. સરકાર, આ પરિણામ રાજપત્રમાં (જાહેરનામાથી) પ્રસિદ્ધ કરશે.

૭. **પરીક્ષા પાસ કરવા માટેનું લાયકી ધોરણ.–**

(૧) પરીક્ષા પાસ કરવા માટેનું ધોરણ, દરેક પ્રશ્નપત્રને ફાળવેલા કુલ ગુણના પચાસ ટકા રહેશે.

(૨) એક અથવા તેથી વધુ પ્રશ્નપત્રોમાં સાઠ ટકા અથવા તેથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર અસફળ ઉમેદવારને, ત્યાર પછીની પરીક્ષાઓમાં તે પ્રશ્નપત્ર અથવા તે પ્રશ્નપત્રો (ની પરીક્ષા)માં ઉપસ્થિત થવામાંથી મુકિત આપવામાં આવશે.

(૩) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિએ, સંસ્થાકીય તાલીમમાં હાજર રહેવા અને તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે તેણે/તેણીએ કરેલી મુસાફરીઓ માટેનું કોઈ મુસાફરી ભથ્થું મેળવવા માટે હકદાર થશે નહિ.

૮. **પરીક્ષામાં ઉપસ્થિત થવા માટેની લાયકાત.–**

(૧) પરીક્ષામાં ઉપસ્થિત થવા લાયક થવા માટે, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિએ, સંસ્થાકીય તાલીમમાં વ્યાખ્યાનની કુલ સંખ્યાના ઓછામાં ઓછા ૮૫% વ્યાખ્યાનમાં હાજરી આપવાની રહેશે, અન્યથા તે/તેણી પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે ગેરલાયક થશે અને તેની/તેણીની કરાર આધારિત નિમણૂક સમાપ્ત કરવાને પાત્ર થશે.

(૨) સંસ્થાકીય તાલીમની મુદત દરમિયાન, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિને ત્રણ દિવસથી વધુ કોઈપણ રજા અથવા ગેરહાજરીની છૂટ આપવામાં આવશે નહિ. સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિ, ત્રણ દિવસ કરતાં વધુ દિવસ સુધી ગેરહાજર રહે અને સંસ્થાના ડાયરેકટર જનરલને એવી ખાતરી થાય કે તેની/ તેણીની ગેરહાજરી, તેના/તેણીના કાબૂ બહારના કોઈપણ અનિવાર્ય સંજોગોને લીધે નથી, તો તે ગેરહાજરીના દિવસો બદલ સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિના પગારની કપાત કરવાનો આદેશ આપી શકશે.

૯. **સંસ્થાકીય તાલીમ માટેના પુસ્તકો.–**

સંસ્થા, સંસ્થાકીય તાલીમ અને પરીક્ષા માટે સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓને સંસ્થામાં તેઓની સંસ્થાકીય તાલીમ દરમિયાન, કોઈ અનામત જામીનગીરીની રકમ લીધા વિના પુસ્તકો પૂરા પાડશે. સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ, પરીક્ષા પૂરી થયા પછી તરત જ પુસ્તકો પાછા આપવાના રહેશે. તે

ખોવાઇ જાય કે નુકસાન પામે તે કિસ્સામાં, સંસ્થા દ્વારા સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓ પાસેથી પુસ્તકોની કિંમત વસૂલ કરવામાં આવશે.

૧૦. (પરીક્ષા) ખંડમાં અમુક સાધનોના ઉપયોગ ઉપર પ્રતિબંધ બાબત.–

સીધી ભરતીથી નિમાયેલી કોઇપણ વ્યક્તિને પેજર, સેલ્યુલર ફોન, લેપ–ટોપ, આઇ–પેડ, કેલ્ક્યુલેટર (ગણક યંત્ર) વગેરે જેવા અન્ય કોઇ સંદેશા–વ્યવહારના સાધનો પોતાની સાથે પરીક્ષા ખંડમાં લઇ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૧. જામીનગીરી અને જામીનખત.–

સીધી ભરતીથી નિમાયેલી દરેક વ્યક્તિએ, પરિશિષ્ટ–૨માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના નમૂનામાં જામીનખત કરી આપવાનું રહેશે.

૧૨. પ્રકીર્ણ જોગવાઇઓ.–

(૧) ડાયરેક્ટર જનરલ, પ્રવર્તમાન સંજોગો અનુસાર પરીક્ષાની તાલીમનો કાર્યક્રમ બદલવા અથવા તેમાં ફેરફાર કરવા હકદાર રહેશે.

(૨) તાલીમાંત પરીક્ષા પાસ કર્યા પછી, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિએ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય–માં સંશોધન મદદનીશ, વર્ગ–૩ તરીકે કામ કરવાનું રહેશે.

પરિશિષ્ટ-૧

(જુઓ નિયમ-૪(૧))

સંશોધન મદદનીશ, વર્ગ ૩, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓ માટે સંસ્થાકીય તાલીમ અને તાલીમાંત પરીક્ષા માટેનો અભ્યાસક્રમ.

પ્રશ્નપત્ર ૧ : ગુજરાત મુલકી સેવા નિયમો, ૨૦૦૨, કુલ- ૧૦૦ ગુણ, સમયગાળો: ૨ કલાક (પુસ્તકો સાથે)

(૧) ગુજરાત મુલકી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨.

(૨) ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨.

(૩) ગુજરાત મુલકી સેવા (પગાર સંબંધિત ભથ્થાં) નિયમો, ૨૦૦૨.

(૪) ગુજરાત મુલકી સેવા (સરકારી રહેણાકના મકાનોમાં વસવાટ) નિયમો, ૨૦૦૨.

(૫) ગુજરાત મુલકી સેવા (રજા) નિયમો, ૨૦૦૨.

(૬) ગુજરાત મુલકી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨.

(૭) ગુજરાત મુલકી સેવા (ફરજ પર જોડાવાના સમય) નિયમો, ૨૦૦૨.

(૮) ગુજરાત મુલકી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨.

પ્રશ્નપત્ર ૨ : અધિનિયમો અને નિયમો અને આર્થિક બાબતો, કુલ -૧૦૦ ગુણ, સમયગાળો: ૨ કલાક (પુસ્તકો સાથે)

૧. અધિનિયમો અને નિયમો :- **૫૦ ગુણ**

૧. ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ અને ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.

૨. ગુજરાત મુલકી સેવા (વર્ગીકરણ અને ભરતી) (સામાન્ય) નિયમો,૧૯૬૭.

૩. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮.

૪. માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ (તમામ સુધારા સાથે).

૨. નાણાકીય બાબતો:- **૫૦ ગુણ**

૧. ગુજરાત નાણાકીય નિયમો, ૧૯૭૧.

૨. ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦ (પ્રકરણ ૧, ૨, ૩, ૭, ૮ અને ૯).

૩. મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો, ૧૯૫૯.

૪. ગુજરાત બજેટ મેન્યુઅલ (અંદાજપત્ર નિયમસંગ્રહ) પુસ્તિકા-૧, ૧૯૮૩.

૫. મુંબઇ સામાન્ય ભવિષ્ય નિધિ નિયમો, ૧૯૫૯.

<u>સંદર્ભ પુસ્તિકા :-</u>

૧. ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ અને ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.

૨. ગુજરાત મુલકી સેવા (વર્ગીકરણ અને ભરતી) (સામાન્ય) નિયમો,૧૯૬૭.

૩. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮.

૪. માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ (તમામ સુધારા સાથે).

૫. ગુજરાત નાણાકીય નિયમો, ૧૯૭૧.(સમગ્ર પુસ્તક).

૬. ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦(સમગ્ર પુસ્તક).

૭. મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો, ૧૯૫૯.

૮. ગુજરાત બજેટ મેન્યુઅલ (અંદાજપત્ર નિયમસંગ્રહ) પુસ્તિકા-૧, ૧૯૮૩.

૯. મુંબઇ સામાન્ય ભવિષ્ય નિધિ નિયમો, ૧૯૫૯.

પ્રશ્નપત્ર ૩ : આંકડાશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને સત્તાવાર આંકડા , કુલ –૧૦૦ ગુણ, સમયગાળો : ૨ કલાક (પુસ્તકો સાથે)

૧. આંકડાશાસ્ત્ર :– **૩૦ ગુણ**

(૧) ગણિતીય આંકડા:–

૧. સેન્ટ્રલ ટેન્ડન્સિનું આવર્તન વિતરણ (ફ્રીકવન્સિ ડિસ્ટ્રિબ્યુશન) અને માપ
૨. ડિસ્પર્શન – સ્ક્યૂનેશ
૩. સમુચ્ચયનો સિદ્ધાંત (પ્રિન્સિપલ ઓફ સેટ)
૪. સંભાવના (પ્રોબેબિલિટી)
૫. મેથેમેટિકલ એકસપેકટેશન (ગણિતીય અપેક્ષા)
૬. સંભાવના વિતરણ (પ્રોબેબિલિટિ ડિસ્ટ્રિબ્યુશન)
૭. અંર્તવેશન–બહિર્વેશન (ઇન્ટરપોલેશન– એક્સ્ટ્રાપોલેશન)

(૨) સેમ્પલિંગમેથડ અને એક્સપેરિમેન્ટલ ડિઝાઇન:–

૧. પ્રસ્તાવના
૨. સિમ્પલ રેન્ડમ સેમ્પલિંગ મેથડ
૩. સ્ટ્રેટિફાઇડ રેન્ડમ સેમ્પલિંગ મેથડ
૪. સિસ્ટમેટિક (પદ્ધતિસર) સેમ્પલિંગ
૫. કલસ્ટર સેમ્પલિંગ

(૩) વેપાર સંબંધી આંકડા (બિઝનેશ સ્ટેટિસ્ટિકસ):–

૧. સહસંબંધ(કોરિલેશન)
૨. પ્રત્યાગમન (રિગ્રેશન)
૩. સમાયોગ(એસોસિએશન)
૪. સામયિક શ્રેણી (ટાઇમ સિરીઝ)
૫. સૂચકઆંક
૬. જન્મમરણના આંકડા

૨. અર્થશાસ્ત્ર:– **૩૦ ગુણ**

અર્થશાસ્ત્રના સિદ્ધાંતો :–

૧. અર્થશાસ્ત્ર અને અર્થશાસ્ત્રની મૂળભૂત સમસ્યા
૨. અર્થશાસ્ત્રનો સિદ્ધાંત અને પૃથક્કરણનીપદ્ધતિઓ
૩. ઉપભોકતા વર્તનનો સિદ્ધાંત–ઉપયોગિતા પસંદગી
૪. અનધિમાન વક્રરેખા પૃથક્કરણ અને પસંદગી (ઇનડિફરન્સ કર્વ એનાલિસિસ એન્ડ ચોઇસ)
૫. ગ્રાહકની અધિશેષ
૬. માગની સાપેક્ષતા
૭. ઉત્પાદનના નિયમો
૮. ઉત્પાદન કિંમત
૯. પુરવઠો
૧૦. બજારમાં ભાવનિર્ધારણ
૧૧. સ્પર્ધા
૧૨. ઇજારો
૧૩. ઇજારા સંબંધિત સ્પર્ધા (મોનોપોલિસ્ટિક કોમ્પિટિશન)
૧૪. ઓલિગોપોલિ
૧૫. ફાળવણીનો સિદ્ધાંત
૧૬. પગાર
૧૭. ભાડું
૧૮. વ્યાજ
૧૯. નફો

૨૦. સામાન્ય સંતુલનનો મુદ્દો
૨૧. જનકલ્યાણવિષયક અર્થશાસ્ત્ર (વેલ્ફેર ઇકોનોમિક્સ)

૩. સત્તાવાર આંકડા :- **૪૦ ગુણ**

૧. કેન્દ્રીય અને રાજય આંકડાશાસ્ત્ર સંગઠન
૨. આયોજન
૩. રાષ્ટ્રીય નમૂના મોજણી (નેશનલ સેમ્પલ સર્વે)
૪. રાષ્ટ્રીય નમૂના મોજણી (નેશનલ સેમ્પલ સર્વે)(ગરીબી)
૫. આર્થિક આંકડા (બાબતો) આધારિત વસ્તી ગણતરી અને મોજણી
૬. વસ્તીગણતરી
૭. કૃષિવિષયક આંકડા
૮. પશુપાલન ક્ષેત્રના આંકડા
૯. મત્સ્યઉદ્યોગ સંબંધિત આંકડા
૧૦. સિંચાઇ વિષયક આંકડા
૧૧. રાષ્ટ્રીય આવક અને રાજય આવકનો અંદાજ
૧૨. મૂડી સર્જન
૧૩. ભાવવિષયક આંકડા
૧૪. પરિવહન (ટ્રાન્સપોર્ટ)ને લગતા આંકડા
૧૫. શૈક્ષણિક આંકડા
૧૬. ઔદ્યોગિક આંકડા
૧૭. નગરપાલિકાના નગરો અને શહેરોના આંકડા
૧૮. સામાજિક-આર્થિક સમીક્ષા
૧૯. સહકારી પ્રવૃત્તિઓના આંકડા
૨૦. સહકારી પ્રવૃત્તિઓની આંકડાકીય વ્યવસ્થા
૨૧. મૂલ્યાંકન પ્રક્રિયા અને તેના વિવિધ તબક્કા
૨૨. આરોગ્ય વિષયક આંકડા

ભલામણ કરવામાં આવ્યા હોય તેવા પુસ્તકો:-

- ગણિતીય આંકડા, લેખક :- પ્રો.એચ. ડી. શાહ, પાંચમી આવૃત્તિ :- ૧૯૯૪ (યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ)
- સેમ્પલિંગ મેથડ્સ એન્ડ એક્સપેરિમેન્ટલ ડિઝાઇન્સ, લેખક:- શ્રી એસ. એમ. શાહ, આવૃત્તિ : -૧૯૯૨, (યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ)
- બિઝનેસ સ્ટેટિક્સ, ટી. વાય. બી.કોમ., આવૃત્તિ:- ૧૯૯૫,(યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ)
- અર્થશાસ્ત્રના સિદ્ધાંતો (પ્રિન્સિપલ્સ ઓફ ઇકોનોમિક્સ) , (ભાવ અને ફાળવણી), લેખક:- શ્રી એચ. કે. ત્રિવેદી, આવૃત્તિ :- ૨૦૦૫, (યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ)
- સત્તાવાર આંકડા, (અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા તૈયાર કરવામાં આવેલ)

પ્રશ્નપત્ર ૪ સરકારી લેખન પદ્ધતિ અને કચેરી કાર્યપદ્ધતિ, નોંધ લેખન અને મુસદ્દા લેખન (બિન-સચિવાલય)
કુલ-૧૦૦ ગુણ, સમયગાળો ૩ કલાક (પુસ્તકો વગર)

પ્રકરણ-૧ સામાન્ય સૂચના :- **૫૦ ગુણ**

પરિશિષ્ટ-(ક)	મંડળની રાજભાષા વિષયક નીતિ
પરિશિષ્ટ-(ખ)	ગુજરાત રાજભાષા અધિનિયમ, ૧૯૬૦
પરિશિષ્ટ-(ગ)	સરકારના હેતુઓ

પ્રકરણ-૨ નોંધ લેખનની પદ્ધતિ (નોંધ લેખન) :-

પ્રકરણ-૩ મુસદ્દા લેખન-૧ (પત્ર લેખનની પદ્ધતિ) :-
સરકારી લેખન પદ્ધતિ
(૧) પત્ર
(૨) સ્મૃતિપત્ર (રિમાઈન્ડર લેટર)
(૩) અર્ધ-સરકારીપત્ર

પ્રકરણ-૪ મુસદ્દા લેખન-૨ (સરકારી લેખન વ્યવહારની અન્ય રીત) :-
(૧) કચેરી યાદી
(૨) કચેરી હુકમ
(૩) પરિપત્ર
(૪) વિશેષ નોંધ
(૫) ઠરાવ
(૬) જાહેરનામું
(૭) ટેલિગ્રાફ (તાર)
(૮) બચત તાર (સેવિંગ ટેલિગ્રાફ)
(૯) પ્રેસ નોંધ
(૧૦) પ્રેસ નિવેદન
(૧૧) કાર્યસૂચિ (એજન્ડા)
(૧૨) કાર્યનોંધ

પ્રકરણ-૫ (ક) ધોરણના કેટલાક નમૂના :-
(૧) જામીનખત
(૨) ટેન્ડર, નોટિસ, નમૂના, સૂચના
(૩) જાહેરાત
(૪) નોટિસ
(૫) પ્રમાણપત્ર
(ક) તબીબી તપાસનું પ્રમાણપત્ર
(ખ) કચેરીના કામકાજ સંબંધી પ્રમાણપત્ર
(ગ) પગારનું પ્રમાણપત્ર
(૬) તકતી અને આમંત્રણપત્ર
(ખ) હિન્દીમાં પત્રવ્યવહાર

પ્રકરણ-૬ સરળ ભાષાંતર-કેટલાક નમૂના:-
અગત્યના વાકયોનું ગુજરાતી ભાષાંતર.

પ્રકરણ-૭ જોડણીના નિયમો :-
(ક) પ્રૂફ વાચન
(ખ) વહીવટી શબ્દોની જોડણી

પ્રકરણ-૮ સારલેખન:-

પરિશિષ્ટ-૩ વહીવટમાં કેટલાક અગત્યના અંગ્રેજી શબ્દોના ગુજરાતી હિન્દી-સમાનાર્થી શબ્દો

(૨) કચેરી કાર્યપદ્ધતિ, નોંધલેખન અનેમુસદ્દા લેખન (બિન-સચિવાલય) ૫૦ ગુણ
૧. સરકારી કચેરીઓમાં ઉપયોગમાં લેવાતા જુદાજુદા સ્વરૂપના પત્ર વ્યવહાર
૨. નોંધ લેખન, મુસદ્દા લેખન અને ફાઈલ બનાવવી, વગેરે

ભલામણ કરવામાં આવ્યા હોય તેવા પુસ્તકો:–

- સરકારી લેખન પદ્ધતિ, ૪થી આવૃત્તિ–૧૯૯૬ (ભાષા નિયામકની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર–૩૮૨૦૧૦)
- કચેરી કાર્યપદ્ધતિ, સરકારી લેખન પદ્ધતિ (બિન–સચિવાલય) (ગુજરાત સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ)

પરિશિષ્ટ-૨

(જુઓ નિયમ ૧૧)

જામીન-ખત

આ ખતથી સર્વે લોકોને જાણ થાય કે હું.......................વિભાગના તારીખઃ......................ના સરકારી જાહેરનામા ક્રમાંક.....................માં જણાવેલા નિયમો (જેનો આમાં હવે પછી "નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અનુસાર ....ની કરાર આધારિત જગા પર નિમણૂક માટે પસંદ થયેલો ઉમેદવાર, ગુજરાત રાજયની સરકારની વહીવટી સત્તાનો ઉપયોગ કરતા ગુજરાતના રાજયપાલ (જેનો આમાં હવે પછી "સરકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે, જે શબ્દપ્રયોગમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો એમના પદના ઉત્તરાધિકારીઓ અને નામ ફેર કરનારાઓનો સમાવેશ થાય છે) સાથે, મારી તાલીમ દરમિયાન સરકારે મને ચૂકવેલ પગાર અને ભથ્થાંની રકમ ઉપરાંત મારી તાલીમ માટે સરકારે ખર્ચ કરેલ હોવાથી અને તે સરકારને ચુકવવાનું થતું હોવાથી, સંસ્થાએ મને આપેલી તાલીમના ખર્ચ પેટે સરકારે વખતો વખત ઠરાવેલી રકમ જેટલી રકમ સરકારને ચૂકવવા માટે જવાબદાર બનું છું તથા દ્રઢતાપૂર્વક બંધાઉ છું અને આ ચુકવણી બરાબર અને સાચી રીતે કરવામાં આવે તે માટે આ ખત અન્વયે હું પોતે, મારા વારસો, એક્ઝિક્યુટરો, વહીવટદારો અને કાયદેસરના પ્રતિનિધિઓ બંધાઇએ છીએ. .... મારી (ક) સંસ્થાકીય તાલીમ પૂરી કરવામાં નિષ્ફળતા, અથવા (ખ) પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળતા, અથવા (ગ) કરાર આધારિત નિમણૂકના નિયમોની જોગવાઇઓની પૈકીની કોઇ જોગવાઇ હોય તો, તેનું સરકારને સંતોષ થાય એ રીતે પાલન કરવામાં નિષ્ફળતા, અથવા (ઘ) કરાર આધારિત મુદત સંતોષકારક રીતે પૂરી થયે કરવામાં આવેલી મારી નિયમિત નિમણૂકની તારીખથી ૩ વર્ષની મુદત પૂરી થતાં પહેલાં નોકરી છોડવાના પ્રસંગે, મારે તાલીમ દરમિયાન મેં લીધેલા પગાર અને રાબેતા મુજબના ભથ્થાં જેટલી રકમ સરકારને પરત કરવા અંગેનું જામીનખત, નિયમો હેઠળ કરી આપવાનું રહે છે. હવે, ઉપર જણાવેલા ખતની શરત એવી છે કે હું મારા પક્ષે પાલન કરવાના અને બજાવવાના અને (આ લેખના એક ભાગરૂપ ગણવામાં આવેલા) સદરહુ નિયમોમાં જણાવેલ નિયત કરાર અને શરતનું યથાર્થ રીતે અને નિષ્ઠાપૂર્વક પાલન કરીશ તથા બજાવીશ, તો ઉપર લખેલું ખત રદ થશે, અન્યથા તે સંપૂર્ણપણે અમલી અને અસરકર્તા રહેશે:

પરંતુ અન્ય હકો અથવા ઉપાયોને બાધ આવ્યા સિવાય, આ ખત હેઠળ ચૂકવવાની રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાની સરકારને છૂટ રહેશે.

આની સાક્ષી રૂપે મેં આજે સન ૨૦......ના ....મહિનાની....................... તારીખના રોજ આ ખત ઉપર સહી કરી છે.

ઉમેદવારની સહી.

ઉપરનું નામ ધરાવનારે નીચેનાની હાજરીમાં સહી કરી અને સોપ્યું:-

(૧) સહી અને પૂરેપૂરું સરનામું.

(૨) સહી અને પૂરેપૂરું સરનામું.

જામીનગીરી

અમે શ્રી..અને......................રહેવાસી............................ તાલુકો..................... જિલ્લો......................., તે ઉપરના નામવાળા શ્રી..............................ના (જેનો આમાં હવે પછી, "ઉમેદવાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમના) જામીનો તરીકે અમારી જાતને જાહેર કરી બાંયધરી આપીએ છીએ કે ઉમેદવારે જે કરવા અને બજાવવાની બાંયધરી આપી છે તે તમામ તે કરશે અને બજાવશે અને તેની (૧) સંસ્થાકીય તાલીમ પૂરી કરવામાં નિષ્ફળતા, અથવા (૨) પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળતા, અથવા (૩) કરાર આધારિત નિમણૂકના નિયમોની જોગવાઈઓની પૈકીની કોઈ જોગવાઈ હોય તો, તેનું સરકારને સંતોષ થાય એ રીતે પાલન કરવામાં નિષ્ફળતાના પ્રસંગે, તેની તાલીમ દરમિયાન સરકારે તેને ચૂકવેલા પગાર અને ભથ્થાં જેટલી રકમ ઉપરાંત તેની તાલીમ માટે સરકારે ખર્ચ કરેલ હોવાથી, સંસ્થાએ તેને આપેલ તાલીમના ખર્ચ પેટે સરકારે વખતોવખત ઠરાવેલી ખર્ચની જે રકમ માટે ઉમેદવાર જાતે ભરપાઈ કરવા બંધાયેલો હોય તે રકમ, ગુજરાત રાજયની સરકારની વહીવટી સત્તાનો ઉપયોગ કરતાં ગુજરાતના રાજયપાલને (જેનો આમાં હવે પછી, "સરકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમને) ખાતે જમા થવા દેવા અમે, આથી, સંયુકત અને વ્યકિતગત રીતે બંધાઈએ છીએ અને અમે કબૂલ થઈએ છીએ કે સરકાર, પોતાને પ્રાપ્ય અન્ય હકો અને ઉપાયોને બાધ આવ્યા સિવાય સદરહુ રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે અમારી પાસેથી વસૂલ કરી શકશે અને વધુમાં અમે કબૂલ થઈએ છીએ કે સદરહુ નિયમોમાં નિર્દિષ્ટ કરેલ બોલીઓ અને શરતોમાં કોઈ ફેરફાર થયે, સદરહુ રકમ ચૂકવવાની અમારી જવાબદારીઓમાંથી અમે મુકત થઈશું નહિ અને આ ખત હેઠળની અમારી જવાબદારીના અમલના હેતુ માટે, અમારી જવાબદારી ઉમેદવારની જવાબદારી સાથે સંયુકત અને વ્યકિતગત રહેશે.

સદરહુએ સન ૨૦.......ના ....મહિનાની ....તારીખે સહી કરી અને સોપ્યું.

તારીખ: જામીનની સહી.

સ્થળ: પૂરેપૂરું સરનામું અને ધંધો.

તારીખ: જામીનની સહી.

સ્થળ: પૂરેપૂરું સરનામું અને ધંધો.

નીચેનાની હાજરીમાં.–

સાક્ષીની સહી,

પૂરેપૂરું સરનામું અને ધંધો:

સાક્ષીની સહી,

પૂરેપૂરું સરનામું અને ધંધો:

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

એ.ડી.પટેલ,

સરકારના સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 253

©

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, AUGUST 11, 2016/SRAVANA 20, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ** વિભાગના તારીખ : ૧લી ઓગસ્ટ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીવાયસી/૦૮/બીએનકે/૨૦૦૮/૨૧૧૦(૧)/એફ-** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Director of Languages, Class I, Recruitment Rules, 2014.

ભાષા નિયામક, વર્ગ૧, ભરતી નિયમો, ૨૦૧૪ સુધારવા સંબંધી

જાહેરનામું.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓગસ્ટ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીવાયસી/૦૮/બીએનકે/૨૦૦૮/૨૧૧૦(૧)/એફ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ભાષા નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ભાષા નિયામક, વર્ગ ૧, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ભાષા નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૪માં, નિયમ ૩માં,-

(૧) પેટા-નિયમ (ક)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

''(ક) ૪૭ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય-મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી લાગુ પડશે નહિ:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે.'';

(૨) પેટા-નિયમ (ઘ)માં,-

(૧) ખંડ (૧)માં, ''આઠ વર્ષનો'' એ શબ્દોને બદલે, ''દસ વર્ષનો'' એ શબ્દો મૂકવા;

(૨) ખંડ (૨)માં, ''વહીવટનો'' એ શબ્દને બદલે, ''વહીવટ અને ભાષાંતરનો'' એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. જોષી,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 254

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, AUGUST 11, 2016/SRAVANA 20, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ-ના તારીખ : ૨૭મી જુલાઈ, ૨૦૧૬ના સરકારી શુધ્ધિપત્ર ક્રમાંક : જીએસ/૨૫/૨૦૧૬/સીઆરઆર/૧૦૨૦૧૫/૨૭૮૯૮/જી.૫-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Corrigendum

to

The Government Notification,General Administration Department No.GS/ 25/ 2016/ CRR/ 102015/ 27898/ G.5.dated the 23rd March, 2016.

સામાન્ય વહીવટ વિભાગના તારીખઃ ૨૩મી માર્ચ, ૨૦૧૬ ના સરકારી જાહેરનામા ક્રમાંક .જીએસ/ ૨૫/ ૨૦૧૬/ સીઆરઆર/ ૧૦૨૦૧૫/ ૨૭૮૯૮/ ગ.૫.નું

શુદ્ધિપત્ર.

સામાન્ય વહીવટ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જુલાઇ, ૨૦૧૬.

ક્રમાંક : જીએસ/ ૨૫/ ૨૦૧૬/ સીઆરઆર/ ૧૦૨૦૧૫/ ૨૭૮૯૮/ જી.૫ : તારીખ: ૭મી એપ્રિલ, ૨૦૧૬ના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ ૪–ક ના પાના ૨૫૬ ઉપર પ્રસિદ્ધ થયેલ સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૨૩મી માર્ચ, ૨૦૧૬ના સરકારી જાહેરનામાં ક્રમાંક : જીએસ/ ૨૫/ ૨૦૧૬/ સીઆરઆર/ ૧૦૨૦૧૫/ ૨૭૮૯૮/ જી.૫ માં, નિયમ ૪માં, ૧લી લીટીમાં, ‘‘દાખલ કરવો’’ એ શબ્દોને બદલે, ‘‘મૂકવો’’ એ શબ્દ મૂકવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. એચ. મન્સુરી,
સરકારના નાયબ સચિવ.

Extra No. 255

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, AUGUST 11, 2016/SRAVANA 20, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ-ના

(૧) તારીખ : ૧૮મી એપ્રિલ, ૨૦૧૬ના જાહેરનામા ક્રમાંક : જીએચએમ -૨૦૧૬-૧૨૫-એમ-બીઆરટી-૨૦૧૪-૨૬૭-એચ, અને

(૨) તારીખ : ૧૦મી જુલાઈ, ૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક : જીએચએમ -૨૦૧૫-૧૦૨-એમ-બીઆરટી-૨૦૧૪-૪૮-એચ.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Superintendent of Land Records, Class I, in the Commissionerate of Settlement and Directorate of Land Records Recruitment Rules, 2016.

જમાબંદી આયુકત (સેટલમેન્ટ કમિશનર)ની કચેરી અને જમીન દફતર નિયામકની કચેરીમાં, જમીન દફતર અધીક્ષક, વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૧૬સંબંધી

જાહેરનામું.

મહેસૂલ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૮મી એપ્રિલ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીએચએમ-૨૦૧૬-૧૨૫-એમ-બીઆરટી-૨૦૧૪-૨૬૭-એચ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, જમાબંદી આયુકત (સેટલમેન્ટ કમિશનર)ની કચેરી અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજ્યની કચેરીમાં, જમીન દફતર અધીક્ષક, વર્ગ ૧-ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો જમાબંદી આયુકત (સેટલમેન્ટ કમિશનર)ની કચેરી અને જમીન દફતર નિયામકની કચેરીમાં, જમીન દફતર અધીક્ષક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,જમીન દફતર અધીક્ષક એટલે આ નિયમો સાથે જોડેલ એનેક્ષર ૧-માં સમાવેશ કરેલી જગા.

૩. આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો, જિલ્લા જમીન દફતર નિરીક્ષક એટલે આ નિયમો સાથે જોડેલ એનેક્ષર ૨-માં સમાવેશ કરેલી જગા.

૪. જમાબંદી આયુકત (સેટલમેન્ટ કમિશનર)ની કચેરી અને જમીન દફતર નિયામકની કચેરીમાં,સામાન્ય રાજ્ય સેવા, વર્ગ ૧માં, જમીન દફતર અધીક્ષકની જગા ઉપરની નિમણૂક,-

(ક) (૧) જમાબંદી આયુકત (સેટલમેન્ટ કમિશનર)ની કચેરી અને જમીન દફતર નિયામકની કચેરીમાં, સામાન્ય રાજ્ય સેવા, વર્ગ ૨-માં, જિલ્લા જમીન દફતર નિરીક્ષકના સંવર્ગમાં ઓછામાં ઓછા આઠ વર્ષ સુધી કામ કર્યું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપરના પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપરના પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતની બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) ગુજરાત વહીવટી સેવા (જુનિયર સ્કેલ), વર્ગ ૧ ના સંવર્ગમાં કામ કરતી વ્યક્તિઓમાંથી પ્રતિનિયુક્તિને આધારે હંગામી બદલીથી કરવી જોઈશે.

૫. બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

એનેક્ષર-૧

૧. જમીન દફ્તર અધીક્ષક સહ એકત્રીકરણ અધિકારી.

૨. જમીન દફ્તર અધીક્ષક.

૩. નાયબ નિયામક (જમીન દફ્તર અધીક્ષક (SLR)ના સંવર્ગમાં).

૪. તપાસ અધિકારી, શહેર મોજણી, વર્ગ-૧.

એનેક્ષર-૨

૧. જિલ્લા જમીન દફ્તર નિરીક્ષક.

૨. શહેર મોજણી અધીક્ષક.

૩. મોજણી મામલતદાર

૪. મદદનીશ એકત્રીકરણ અધિકારી.

૫. કચેરી અધીક્ષક.

૬. તપાસ અધિકારી, વર્ગ ૨.

૭. ખાસ જિલ્લા જમીન દફ્તર નિરીક્ષક.

૮. મદદનીશ નિયામક.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રવીણ ઘંઘુકિયા,
સરકારના ઉપસચિવ.

Notification

Regarding

The Surveyor, Class III, Recruitment Rules, 2015.

સર્વેયર (મોજણીદાર), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ સંબંધી જાહેરનામું.

મહેસૂલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૧૦મી જુલાઈ, ૨૦૧૫.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીએચએમ-૨૦૧૫-૧૦૨-એમ-બીઆરટી-૨૦૧૪-૪૮-એચ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, જમાબંદી આયુકત (સેટલમેન્ટ કમિશનર)ની કચેરી અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજ્યની કચેરીની તાબાની સેવામાં, સર્વેયર (મોજણીદાર), વર્ગ ૩ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો સર્વેયર (મોજણીદાર), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. જમાબંદી આયુકત (સેટલમેન્ટ કમિશનર)ની કચેરી અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજ્યની કચેરીની તાબાની સેવામાં, સર્વેયર (મોજણીદાર), વર્ગ ૩ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જમાબંદી આયુકત (સેટલમેન્ટ કમિશનર)ની કચેરી અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજ્યની કચેરી, તાબાની સેવામાં, કારકુન અથવા ડેટા એન્ટ્રી ઓપરેટર, વર્ગ ૩ ના સંવર્ગમાં ઓછામાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય;

(૨) જમીન દફતર પેટા સેવા ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય; અને

INDEX

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય;

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને; ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે:

પરંતુ બઢતીથી ભરવાની જગાઓની સંખ્યા, બઢતી માટે લાયક ઉમેદવારની ઉપલબ્ધતાને અધીન રહીને, કોઈપણ વખતે, સંવર્ગના સંખ્યાબળના ૧૦ % થી વધારે થવી જોઈશે નહિ.

૩. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૨૮ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ :

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે ;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલો સિવિલ એન્જિનિયરીંગમાં ડિપ્લોમા ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે; અથવા

(૨) સરકારે માન્ય કરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.)માંથી બે વર્ષનો ''સર્વેયર્સ (મોજણીદાર)''નો અભ્યાસક્રમ પાસ કરેલો હોવો જોઈશે.

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક-ની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર જમીન દફતર પેટા સેવા ખાતાકીય પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રવીણ ધંધુકિયા,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 256

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, AUGUST 11, 2016/SRAVANA 20, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા થયેલા તારીખ : ૨૨મી એપ્રિલ, ૨૦૧૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૩૬/એસબી-૧/ઈએલસી/૧૦૨૦૧૬/૧૭. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Representation of the People Act, 1951.

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨/૦૪/૨૦૧૬.

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧.

ક્રમાંકઃ જીજી/૩૬/એસબી-૧/ઇએલસી/૧૦૨૦૧૬/૧૭:- લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૨૮-કની જોગવાઇઓ અનુસાર અને સદરહુ વિષય અંગે ભારતના ચૂંટણી પંચના તારીખ. ૨૪મી ઓકટોબર, ૧૯૯૪ના પત્ર ક્રમાંક. ૪૩૪/૧/ઇએસઓ ૨૬/૯૪/એમસીએસ-માં જણાવેલ આદેશોને ધ્યાનમાં લઇને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત રાજ્ય વિધાનસભાના નીચે જણાવેલ મતવિસ્તારની પેટા-ચૂંટણીનું સંચાલન કરવા માટે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૨૮-કના હેતુ માટે, નીચેના પોલીસ અધિકારીઓને મુકરર કરેલા અધિકારીઓ તરીકે જાહેર કરે છે:-

(૧) પોલીસ મહાનિયામક/અધિક પોલીસ મહાનિયામક/ પોલીસ મહાનિરીક્ષક; અને

(૨) પેટા-ચૂંટણીના કિસ્સામાં, મતવિસ્તાર જેની હકૂમત હેઠળ આવતો હોય તેવા પોલીસ મહાનિરીક્ષક/નાયબ પોલીસ મહાનિરીક્ષક અને લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૨૮-કના હેતુ માટે મુકરર કરેલા અધિકારી તરીકે સંબંધિત જિલ્લા/મતવિસ્તારમાં તેમની નીચેના તમામ પોલીસ અધિકારીઓ;

અનુક્રમાંક	વિધાનસભા મતવિસ્તારનો ક્રમાંક અને નામ	મતવિસ્તાર જેનો બનેલો હોય તે જિલ્લો
૧.	૯૧- તલાલા	ગીર-સોમનાથ

ભારતના ચૂંટણી પંચે સદરહુ પેટા-ચૂંટણી જાહેર કરેલી છે અને પંચ દ્વારા આજે એટલે કે તારીખ. ૨૨/૦૪/૨૦૧૬ના રોજ, લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૫૦ હેઠળ જરૂરી જાહેરનામું બહાર પાડેલ છે.

આ હુકમો, આજથી એટલે કે તારીખ: ૨૨મી એપ્રિલ, ૨૦૧૬થી અસરકર્તા રહેશે અને સદરહુ પેટા-ચૂંટણીની કાર્યવાહી પૂર્ણ થયાની તારીખ સુધી અમલમાં રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પંકજ દવે,

સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 257

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, AUGUST 11, 2016/SRAVANA 20, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (૧) જીકે/૨૪/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૬), તારીખ ૨૧/૦૬/૨૦૧૬, (૨) જીકે/૨૫/ ૨૦૧૬/ સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી,(ભાગ-૬), તારીખ ૨૧/૦૬/૨૦૧૬, (૩) જીકે/ ૨૬/ ૨૦૧૬ /સીસીએ/ ૧૦૨૦૧૪/ ૧૧૬૧/ડી, (ભાગ-૬), તારીખ ૨૧/૦૬/૨૦૧૬, (૪) જીકે/૩૯/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, તારીખ ૧૧મી જુલાઈ, ૨૦૧૬ અને (૫) જીકે/૪૦/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, તારીખ ૧૧મી જુલાઈ, ૨૦૧૬ -ના ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification
Under
The Gujarat Civil Courts Act, 2005.
ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ
જાહેરનામું.

કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૧/૦૬/૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક.જીકે/૨૪/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૬):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૬, ૭ અને ૧૧ થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના જૂન મહિનાની ૨૬મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છે:-

૧. જિલ્લા કોર્ટ, જૂનાગઢના તાબા હેઠળની દીવાની જજની કોર્ટ, કોડીનાર હવે જિલ્લા કોર્ટ, ગીર સોમનાથના તાબા હેઠળ રહેશે.

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન મુખ્ય દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ કોડીનાર ખાતે ભરશે.

૩. દીવાની જજની કોર્ટ, કોડીનારની હકૂમતની સ્થાનિક હદો, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી.શાહ,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

Notification
Under
The Gujarat Civil Courts Act, 2005.
ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ
જાહેરનામું.

કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૧/૦૬/૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક.જીકે/૨૫/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૬):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૬, ૭ અને ૧૧ થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના જૂન મહિનાની ૨૬મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છે:-

૧. જિલ્લા કોર્ટ, જૂનાગઢના તાબા હેઠળની દીવાની જજની કોર્ટ, તલાલા હવે જિલ્લા કોર્ટ, ગીર સોમનાથના તાબા હેઠળ રહેશે.

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન મુખ્ય દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ તલાલા ખાતે ભરશે.

૩. દીવાની જજની કોર્ટ, તલાલાની હકૂમતની સ્થાનિક હદો, ગીર સોમનાથ જિલ્લાના તલાલા તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી.શાહ,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Civil Courts Act, 2005.
ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ
જાહેરનામું.

કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૧/૦૬/૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક.જીકે/૨૬/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ–૬):– ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૫, ૭, ૧૧ અને ૧૩થી મળેલી સત્તાની રૂએ અને દીવાની જજની કોર્ટ (સિનિયર ડિવિઝન), વેરાવળ અને મુખ્ય સિનિયર દીવાની જજની કોર્ટ, કેશોદ–ના સંબંધમાં બહાર પાડેલા તમામ જાહેરનામામાં આંશિક સુધારો કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના જૂન મહિનાની ૨૬મી તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ કોર્ટની હકૂમતની સ્થાનિક હદોમાં નીચે મુજબ ફેરફાર કરે છે:–

૧. જૂનાગઢના મહેસૂલી જિલ્લાના માળિયા–હાટીના તાલુકાની સ્થાનિક હદો, મુખ્ય સિનિયર દીવાની જજ, વેરાવળ–ની હકૂમતની સ્થાનિક હદોમાંથી બાકાત કરવી.

૨. મુખ્ય સિનિયર દીવાની જજની કોર્ટ, કેશોદની હકૂમતની સ્થાનિક હદો, જૂનાગઢના મહેસૂલી જિલ્લાના માળિયા–હાટીના તાલુકાના સ્થાનિક વિસ્તારોની પણ બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી.શાહ,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

Notification
Under
The Gujarat Civil Courts Act, 2005.
ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ
જાહેરનામું.

કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જુલાઇ, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક.જીકે/૩૯/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી :– ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૬, ૭ અને ૧૧ થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના જુલાઇ મહિનાની ૧૭મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છે:–

૧. જિલ્લા કોર્ટ, સાબરકાંઠાના તાબા હેઠળની દીવાની જજની કોર્ટ, માલપુર હવે જિલ્લા કોર્ટ, અરવલ્લીના તાબા હેઠળ રહેશે.

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન મુખ્ય દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ માલપુર ખાતે ભરશે.

૩. દીવાની જજની કોર્ટ, માલપુરની હકૂમતની સ્થાનિક હદો, અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી.શાહ,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જુલાઇ, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક.જીકે/૪૦/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી :– ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૬, ૭ અને ૧૧ થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના જુલાઇ મહિનાની ૧૭મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છે:–

૧. જિલ્લા કોર્ટ, સાબરકાંઠાના તાબા હેઠળની દીવાની જજની કોર્ટ, ધનસુરા હવે જિલ્લા કોર્ટ, અરવલ્લીના તાબા હેઠળ રહેશે.

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન મુખ્ય દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ ધનસુરા ખાતે ભરશે.

૩. દીવાની જજની કોર્ટ, ધનસુરાની હકૂમતની સ્થાનિક હદો, અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી.શાહ,

ગુજરાત સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 258

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, AUGUST 12, 2016/SRAVANA 21, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ઓગસ્ટ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાન્ય વહીવટ વિભાગ**-ના તારીખ : ૨૦મી નવેમ્બર, ૨૦૧૫ ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએસ/૩૯/એએકે/૧૦૨૦૧૪/૧૫૧૫/એસ**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Statistical Assistant, Class III (Pre-service Training and Passing of Post- Training Examination) Rules, 2015.

આંકડા મદદનીશ, વર્ગ ૩ (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવા) બાબતના નિયમો, ૨૦૧૫ સંબંધી જાહેરનામું.

સામાન્ય વહીવટ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ ૨૦ મી નવેમ્બર, ૨૦૧૫.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીએસ/૩૯/એએકે /૧૦૨૦૧૪/૧૫૧૫/એસઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, આંકડા મદદનીશ, વર્ગ ૩ની જગા ઉપર સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓની સેવાની શરતોનું, તે જયાં સુધી પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાને લાગુ પડે છે તેટલે સુધી, નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.-

(૧) આ નિયમો, આંકડા મદદનીશ, વર્ગ ૩ (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવા) બાબતના નિયમો, ૨૦૧૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

(૩) તે, નિમ્ન જગામાંથી બઢતીથી હોય તે સિવાય અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત રાજ્યમાં આંકડા મદદનીશ, વર્ગ ૩ તરીકે સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓને લાગુ પડશે.

૨. વ્યાખ્યા.- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) "પરિશિષ્ટ" એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) "કરાર આધારિત જગા" એટલે અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-માં આંકડા મદદનીશ, વર્ગ ૩ની જગા જેના પર સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓને કરાર આધારિત ધોરણે નિમણૂક આપવામાં આવેલ હોય ;

(ગ) "ડાયરેકટર જનરલ" એટલે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (SPIPA) ના ડાયરેકટર જનરલ;

(ઘ) "સીધી ભરતીથી નિમાયેલી વ્યકિત" એટલે સ્પર્ધાત્મક પરીક્ષા મારફતે અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-માં આંકડા મદદનીશ, વર્ગ ૩ની જગા પર કરાર આધારિત ધોરણે નિમણૂક આપવામાં આવેલ હોય તે વ્યકિત;

(ચ) "પરીક્ષા" એટલે અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-માં સીધી ભરતીથી નિમાયેલા આંકડા મદદનીશ, વર્ગ ૩ને જે સંસ્થા દ્વારા પૂર્વ-સેવા તાલીમ આપી હોય, તે સંસ્થા દ્વારા યોજાયેલી તાલીમાંત પરીક્ષા;

(છ) "સંસ્થા" એટલે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા અથવા સરકાર જાહેર કરે તેવી અન્ય સંસ્થા;

(જ) " નિર્દિષ્ટ તકો" એટલે વ્યકિતએ જેટલી તકોની અંદર પરીક્ષા પાસ કરવાની હોય તેટલી આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી તકોની સંખ્યા;

(ઝ) "નિર્દિષ્ટ મુદત" એટલે જે મુદતની અંદર વ્યકિતએ પરીક્ષા પાસ કરવાની હોય તેટલી આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી મુદત;

(ટ) ''તાલીમાંત પરીક્ષા'' એટલે સંસ્થા, જેણે સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓને પૂર્વ-સેવા તાલીમ આપી હોય, તે સંસ્થાએ યોજેલી પરીક્ષા.

૩. **સંસ્થાકીય તાલીમ અને પરીક્ષાની યોજના.–** દરેક સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતએ, નીચેની જોગવાઇઓ અનુસાર સંસ્થામાં સંસ્થાકીય તાલીમ લેવાની રહેશે.–

(૧) સંસ્થાકીય તાલીમ, આઠ અઠવાડિયાની મુદત માટેની રહેશે. સંસ્થા દ્વારા તાલીમ આપવામાં આપશે;

(૨) સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓ, તેઓની સંસ્થાકીય તાલીમ દરમિયાન સંસ્થાના ડાયરેકટર જનરલના નિયંત્રણ હેઠળ રહેશે.

(૩) સંસ્થાકીય તાલીમની મુદત પૂરી થયા પછી, સંસ્થા તાલીમાંત પરીક્ષા યોજશે. જેમણે સંસ્થાકીય તાલીમ કાર્યક્રમ પૂરો કર્યો હોય તેવી સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓએ પરીક્ષા પાસ કરવાની રહેશે. સંસ્થાકીય તાલીમ પૂરી થયા પછી, સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓએ, તેઓની પરીક્ષા સુધી તેઓની સંબંધિત કચેરીઓમાં કામ કરવાનું રહેશે.

૪. **અભ્યાસક્રમ.–**

(૧) પરીક્ષામાં ચાર પ્રશ્નપત્રોનો સમાવેશ થશે. દરેક પ્રશ્નપત્ર ૧૦૦ (એક સો) ગુણનું રહેશે. દરેક પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ, **પરિશિષ્ટ–૧**માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે.

(૨) પરીક્ષામાં, પ્રશ્નપત્ર ૪ કે જે વર્ણનાત્મક પ્રકારનું રહેશે તેના સિવાય બહુવિધ પસંદગી પ્રશ્નો (MCQ)નો સમાવેશ થશે. પ્રશ્નપત્રમાં આપેલી સૂચના અનુસાર પ્રશ્નપત્ર ૪ના ઉત્તરો અંગ્રેજી અથવા ગુજરાતીમાં લખવાના રહેશે.

(૩) ઉમેદવારને, પ્રશ્નપત્રો ૧ થી ૩–ના ઉત્તર, પુસ્તકો સાથે આપવાની છૂટ આપવામાં આવશે. પ્રશ્નપત્ર ૪ના ઉત્તર પુસ્તકો વિના આપવાના રહેશે.

સ્પષ્ટીકરણ.– "પુસ્તકો સાથે" એટલે સરકારે અથવા સંસ્થાએ વખતોવખત માન્ય કરેલ, કોઇ ટિપ્પણીઓ અથવા કેસ લૉ (પૂર્વ–કાયદા) વગર ફકત અધિનિયમો અને/ અથવા નિયમો ધરાવતા વિષયના મૂળ પુસ્તકો અને તેમાં ગુજરાત સરકારે પ્રસિદ્ધ કરેલા અધિનિયમ હેઠળ બહાર પાડેલ મેન્યુઅલ્સ (નિયમસંગ્રહ) નો સમાવેશ થાય છે.

૫. **પરીક્ષા પાસ કરવા માટેના પ્રયત્નો બાબત.–**

(૧) સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓએ, ત્રણ પ્રયત્નોમાં અને તેઓની કરાર આધારિત મુદતની પાંચ વર્ષની મુદતની અંદર પરીક્ષા પાસ કરવાની રહેશે:

પરંતુ અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓની વ્યકિત, જે ત્રણ પ્રયત્નોમાં પરીક્ષા પાસ કરી ન શકે, તેમને વધારાના એક પ્રયત્નનો લાભ આપવામાં આવશે, જેનો લાભ તેણે/ તેણીએ ત્રીજો પ્રયત્ન કરેલ હોય તે પરીક્ષાનું પરિણામ જાહેર થયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર લેવાનો રહેશે.

(૨) સીધી ભરતીથી નિમાયેલી વ્યકિત, આ નિયમો હેઠળ ફરમાવ્યા પ્રમાણે ઠરાવેલા પ્રયત્નોમાં પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળ જાય, તો તેની/તેણીની સેવાઓ સમાપ્ત કરવામાં આવશેઃ

પરંતુ રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે તેના/તેણીના કાબૂ બહારના કારણોને લીધે ઠરાવેલા પ્રયત્નોમાં તે/તેણી પરીક્ષા પાસ કરી શક્યા ન હતા તે કિસ્સામાં, રાજય સરકાર, લેખિતમાં કારણોની નોંધ કર્યા પછી, સરકાર વખતોવખત નક્કી કરે તેટલી પરીક્ષા ફીની ચૂકવણી કર્યે, તેને/ તેણીને એવી પરીક્ષા પાસ કરવા બે કરતાં વધુ નહિ તેટલા વધારાના પ્રયત્નોનો લાભ આપી શકશેઃ

વધુમાં, કોઇ વ્યક્તિ વધારાના પ્રયત્નોનો લાભ લીધા પછી, પરીક્ષા પાસ કરે, તો તે/તેણી, જેમણે તેની/ તેણીની પહેલાં નિર્દિષ્ટ પ્રયત્નોમાં અને નિર્દિષ્ટ મુદતમાં પરીક્ષા પાસ કરી હોય તેવી વ્યક્તિઓ ઉપર સિનિયોરિટીનો દાવો કરવાને હકદાર થશે નહિ.

(૩) ઉપરના પેટા–નિયમ (૧) અને પેટા–નિયમ (૨)માં જણાવેલા સંજોગોમાં, પરીક્ષાઓ સમયસર યોજી ન શકાય અથવા તેનું પરિણામ, સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતની કરાર આધારિત મુદત પૂરી થાય તે પહેલાં જાહેર કરી ન શકાય તો, તેની/ તેણીની કરાર આધારિત મુદત, તેણે/ તેણીએ છેલ્લો વધારાનો પ્રયત્ન કરેલ હોય તે પરીક્ષાના પરિણામની જાહેરાત સુધી લંબાવેલી ગણાશે.

(૪) પરીક્ષામાં ઉપસ્થિત નહિ થવાને, પ્રયત્ન તરીકે ગણવામાં આવશે.

૬. **પરિણામની પ્રસિદ્ધિ બાબત.–** ડાયરેકટર જનરલ, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા) પરીક્ષાનું પરિણામ જાહેર કરશે અને તે રાજ્ય સરકારને મોકલશે. સરકાર, આ પરિણામ રાજપત્રમાં (જાહેરનામાથી) પ્રસિદ્ધ કરશે.

INDEX

૭. પરીક્ષા પાસ કરવા માટેનું લાયકી ધોરણ.–

(૧) પરીક્ષા પાસ કરવા માટેનું ધોરણ, દરેક પ્રશ્નપત્રને ફાળવેલા કુલ ગુણના પચાસ ટકા રહેશે.

(૨) એક અથવા તેથી વધુ પ્રશ્નપત્રોમાં સાઠ ટકા અથવા તેથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર અસફળ ઉમેદવારને, ત્યાર પછીની પરીક્ષાઓમાં તે પ્રશ્નપત્ર અથવા તે પ્રશ્નપત્રો (ની પરીક્ષા)માં ઉપસ્થિત થવામાંથી મુકિત આપવામાં આવશે.

(૩) સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતએ, સંસ્થાકીય તાલીમમાં હાજર રહેવા અને તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે તેણે/તેણીએ કરેલી મુસાફરી માટેનું કોઈ મુંસાફરી ભથ્થું મેળવવા માટે હકદાર થશે નહિ.

૮. પરીક્ષામાં ઉપસ્થિત થવા માટેની લાયકાત.–

(૧) પરીક્ષામાં ઉપસ્થિત થવા લાયક થવા માટે, સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતએ, સંસ્થાકીય તાલીમમાં વ્યાખ્યાનની કુલ સંખ્યાના ઓછામાં ઓછા ૮૫% વ્યાખ્યાનમાં હાજરી આપવાની રહેશે, અન્યથા તે/તેણી પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે ગેરલાયક થશે અને તેની/તેણીની કરાર આધારિત નિમણૂક સમાપ્ત કરવાને પાત્ર થશે.

(૨) સંસ્થાકીય તાલીમની મુદત દરમિયાન, સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતને ત્રણ દિવસથી વધુ કોઈપણ રજા અથવા ગેરહાજરીની છૂટ આપવામાં આવશે નહિ. સીધી ભરતીથી નિમાયેલી વ્યકિત, ત્રણ દિવસ કરતાં વધુ દિવસ સુધી ગેરહાજર રહે અને સંસ્થાના ડાયરેકટર જનરલને એવી ખાતરી થાય કે તેની/ તેણીની ગેરહાજરી, તેના/તેણીના કાબૂ બહારના કોઈપણ અનિવાર્ય સંજોગોને લીધે નથી, તો તે ગેરહાજરીના દિવસો બદલ સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતના પગારની કપાત કરવાનો આદેશ આપી શકશે.

૯. સંસ્થાકીય તાલીમ માટેના પુસ્તકો.–

સંસ્થા, સંસ્થાકીય તાલીમ અને પરીક્ષા માટે સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓને સંસ્થામાં તેઓની સંસ્થાકીય તાલીમ દરમિયાન, કોઇ અનામત જામીનગીરીની રકમ લીધા વિના પુસ્તકો પૂરા પાડશે. સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓએ, પરીક્ષા પૂરી થયા પછી તરત જ પુસ્તકો પાછા આપવાના રહેશે. તે ખોવાઇ જાય અથવા નુકસાન પામે તે કિસ્સામાં, સંસ્થા દ્વારા સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓ પાસેથી પુસ્તકોની કિંમત વસૂલ કરવામાં આવશે.

૧૦. (પરીક્ષા) ખંડમાં અમુક સાધનોના ઉપયોગ ઉપર પ્રતિબંધ બાબત.–

સીધી ભરતીથી નિમાયેલી કોઇપણ વ્યકિતને પેજર, સેલ્યુલર ફોન, લેપ–ટોપ, આઇ–પેડ, કેલ્ક્યુલેટર (ગણક યંત્ર) વગેરે જેવા અન્ય કોઇ સંદેશા–વ્યવહારના સાધનો પોતાની સાથે પરીક્ષા ખંડમાં લઇ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૧. જામીનગીરી અને જામીનખત.–

સીધી ભરતીથી નિમાયેલી દરેક વ્યકિતએ, પરિશિષ્ટ–૨માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના નમૂનામાં જામીનખત કરી આપવાનું રહેશે.

૧૨. પ્રકીર્ણ જોગવાઇઓ.–

(૧) ડાયરેકટર જનરલ, પ્રવર્તમાન સંજોગો અનુસાર પરીક્ષાની તાલીમનો કાર્યક્રમ બદલવા અથવા તેમાં ફેરફાર કરવા હકદાર રહેશે.

(૨) તાલીમાંત પરીક્ષા પાસ કર્યા પછી, સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતએ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય–માં આંકડા મદદનીશ, વર્ગ–૩ તરીકે કામ કરવાનું રહેશે.

પરિશિષ્ટ-૧

(જુઓ નિયમ-૪ (૧))

આંકડા મદદનીશ, વર્ગ ૩, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓ માટે સંસ્થાકીય તાલીમ અને તાલીમાંત પરીક્ષા માટેનો અભ્યાસક્રમ.

પ્રશ્નપત્ર ૧: ગુજરાત મુલકી સેવા નિયમો, ૨૦૦૨, કુલ- ૧૦૦ ગુણ, સમયગાળો: ૨ કલાક (પુસ્તકો સાથે)

(૧) ગુજરાત મુલકી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨.
(૨) ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨.
(૩) ગુજરાત મુલકી સેવા (પગાર સંબંધિત ભથ્થાં) નિયમો, ૨૦૦૨.
(૪) ગુજરાત મુલકી સેવા (સરકારી રહેણાકના મકાનોમાં વસવાટ) નિયમો, ૨૦૦૨.
(૫) ગુજરાત મુલકી સેવા (રજા) નિયમો, ૨૦૦૨.
(૬) ગુજરાત મુલકી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨.
(૭) ગુજરાત મુલકી સેવા (ફરજ પર જોડાવાના સમય) નિયમો, ૨૦૦૨.
(૮) ગુજરાત મુલકી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨.

સંદર્ભ પુસ્તિકા :-

- ગુજરાત મુલકી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨.
- ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨.
- ગુજરાત મુલકી સેવા (પગાર સંબંધિત ભથ્થાં) નિયમો, ૨૦૦૨.
- ગુજરાત મુલકી સેવા (સરકારી રહેણાકના મકાનોમાં વસવાટ) નિયમો, ૨૦૦૨.
- ગુજરાત મુલકી સેવા (રજા) નિયમો, ૨૦૦૨.
- ગુજરાત મુલકી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨.
- ગુજરાત મુલકી સેવા (ફરજ પર જોડાવાના સમય) નિયમો, ૨૦૦૨.
- ગુજરાત મુલકી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨.

પ્રશ્નપત્ર ૨: અધિનિયમો અને નિયમો અને આર્થિક બાબતો, કુલ -૧૦૦ ગુણ, સમયગાળો: ૨ કલાક (પુસ્તકો સાથે)

૧. અધિનિયમો અને નિયમો :- **૫૦ ગુણ**

૧ ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ અને ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.
૨. ગુજરાત મુલકી સેવા (વર્ગીકરણ અને ભરતી) (સામાન્ય) નિયમો, ૧૯૬૭.
૩. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮.
૪. માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫.

૨. નાણાકીય બાબતો:- **૫૦ ગુણ**

૧. ગુજરાત નાણાકીય નિયમો, ૧૯૭૧.
૨. ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦ (પ્રકરણ ૧, ૨, ૩, ૭, ૮ અને ૯).
૩. મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો, ૧૯૫૯.
૪. ગુજરાત બજેટ મેન્યુઅલ (અંદાજપત્ર નિયમસંગ્રહ) પુસ્તિકા-૧, ૧૯૮૩.
૫. મુંબઇ સામાન્ય ભવિષ્ય નિધિ નિયમો, ૧૯૫૯.

સંદર્ભ પુસ્તિકા :-

૧. ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ અને ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.
૨. ગુજરાત મુલકી સેવા (વર્ગીકરણ અને ભરતી) (સામાન્ય) નિયમો, ૧૯૬૭.
૩. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮.
૪. માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫.
૫. ગુજરાત નાણાકીય નિયમો, ૧૯૭૧. (સમગ્ર પુસ્તક).
૬. ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦ (સમગ્ર પુસ્તક).
૭. મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો, ૧૯૫૯.
૮. ગુજરાત બજેટ મેન્યુઅલ (અંદાજપત્ર નિયમસંગ્રહ) પુસ્તિકા-૧, ૧૯૮૩.
૯. મુંબઇ સામાન્ય ભવિષ્ય નિધિ નિયમો, ૧૯૫૯.

પ્રશ્નપત્ર ૩ : આંકડાશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને સત્તાવાર આંકડા , કુલ –૧૦૦ ગુણ, સમયગાળો : ૨ કલાક (પુસ્તકો સાથે)

૧. આંકડાશાસ્ત્ર :- **૩૦ ગુણ**

(૧) ગણિતીય આંકડા:-

૧. સેન્ટ્રલ ટેન્ડન્સિનું આવર્તન વિતરણ (ફ્રીકવન્સિ ડિસ્ટ્રિબ્યુશન) અને માપ
૨. ડિસ્પર્શન – સ્ક્યૂનેશ
૩. સમુચ્ચયનો સિદ્ધાંત (પ્રિન્સિપલ ઓફ સેટ)
૪. સંભાવના (પ્રોબેબિલિટી)
૫. મેથેમેટિકલ એક્સપેક્ટેશન (ગણિતીય અપેક્ષા)
૬. સંભાવના વિતરણ (પ્રોબેબિલિટિ ડિસ્ટ્રિબ્યુશન)
૭. અંર્તવેશન–બહિર્વેશન (ઇન્ટરપોલેશન– એક્સ્ટ્રાપોલેશન)

(૨) સેમ્પલિંગ મેથડ અને એક્સપેરિમેન્ટલ ડિઝાઇન:-

૧. પ્રસ્તાવના
૨. સિમ્પલ રેન્ડમ સેમ્પલિંગ મેથડ
૩. સ્ટ્રેટિફાઇડ રેન્ડમ સેમ્પલિંગ મેથડ
૪. સિસ્ટમેટિક (પદ્ધતિસર) સેમ્પલિંગ મેથડ
૫. કલસ્ટર સેમ્પલિંગ

(૩) વેપાર સંબંધી આંકડા (બિઝનેશ સ્ટેટિસ્ટિક્સ):-

૧. સહસંબંધ (કોરિલેશન)
૨. પ્રત્યાગમન (રિગ્રેશન)
૩. સમાયોગ (એસોસિએશન)
૪. સામયિક શ્રેણી (ટાઇમ સિરીઝ)
૫. સૂચકઆંક
૬. જન્મમરણના આંકડા

૨. અર્થશાસ્ત્ર:- **૩૦ ગુણ**

અર્થશાસ્ત્રના સિદ્ધાંતો :-

૧. અર્થશાસ્ત્ર અને અર્થશાસ્ત્રની મૂળભૂત સમસ્યા
૨. અર્થશાસ્ત્રનો સિદ્ધાંત અને પૃથક્કરણની પદ્ધતિઓ
૩. ઉપભોક્તા વર્તનનો સિદ્ધાંત–ઉપયોગિતા પસંદગી
૪. અનધિમાન વક્રરેખા પૃથક્કરણ અને પસંદગી (ઇનડિફરન્સ કર્વ એનાલિસિસ એન્ડ ચોઇસ)
૫. ગ્રાહકની અધિશેષ
૬. માગની સાપેક્ષતા
૭. ઉત્પાદનના નિયમો
૮. ઉત્પાદન કિંમત
૯. પુરવઠો
૧૦. બજારમાં ભાવનિર્ધારણ
૧૧. સ્પર્ધા
૧૨. ઇજારો
૧૩. ઇજારા સંબંધિત સ્પર્ધા (મોનોપોલિસ્ટિક કોમ્પિટિશન)
૧૪. ઓલિગોપોલિ
૧૫. ફાળવણીનો સિદ્ધાંત
૧૬. પગાર
૧૭. ભાડું
૧૮. વ્યાજ
૧૯. નફો
૨૦. સામાન્ય સંતુલનનો મુદ્દો
૨૧. જનકલ્યાણવિષયક અર્થશાસ્ત્ર (વેલ્ફેર ઇકોનોમિક્સ)

૩. સત્તાવાર આંકડા :- **૪૦ ગુણ**

૧. કેન્દ્રીય અને રાજ્ય આંકડાશાસ્ત્ર સંગઠન
૨. આયોજન
૩. રાષ્ટ્રીય નમૂના મોજણી (નેશનલ સેમ્પલ સર્વે)
૪. રાષ્ટ્રીય નમૂના મોજણી (નેશનલ સેમ્પલ સર્વે) (ગરીબી)
૫. આર્થિક આંકડા (બાબતો) આધારિત વસ્તીગણતરી અને મોજણી
૬. વસ્તીગણતરી
૭. કૃષિવિષયક આંકડા
૮. પશુપાલન ક્ષેત્રના આંકડા
૯. મત્સ્યઉદ્યોગ સંબંધિત આંકડા
૧૦. સિંચાઈવિષયક આંકડા
૧૧. રાષ્ટ્રીય આવક અને રાજ્ય આવકનો અંદાજ
૧૨. મૂડી સર્જન
૧૩. ભાવવિષયક આંકડા
૧૪. પરિવહન (ટ્રાન્સપોર્ટ)ને લગતા આંકડા
૧૫. શૈક્ષણિક આંકડા
૧૬. ઔદ્યોગિક આંકડા
૧૭. નગરપાલિકાના નગરો અને શહેરોના આંકડા
૧૮. સામાજિક-આર્થિક સમીક્ષા
૧૯. સહકારી પ્રવૃત્તિઓના આંકડા
૨૦. સહકારી પ્રવૃત્તિઓની આંકડાકીય વ્યવસ્થા
૨૧. મૂલ્યાંકન પ્રક્રિયા અને તેના વિવિધ તબક્કા
૨૨. આરોગ્યવિષયક આંકડા

ભલામણ કરવામાં આવ્યા હોય તેવા પુસ્તકો:-

- ગણિતીય આંકડા, લેખક :- પ્રો.એચ. ડી. શાહ, પાંચમી આવૃત્તિ :- ૧૯૯૪ (યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ)
- સેમ્પલિંગ મેથડ્સ એન્ડ એક્સપેરિમેન્ટલ ડિઝાઈન્સ, લેખક:- શ્રી એસ. એમ. શાહ, આવૃત્તિ : -૧૯૯૨, (યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ)
- બિઝનેસ સ્ટેટિક્સ , ટી. વાય. બી.કોમ., આવૃત્તિ:- ૧૯૯૫, (યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ)
- અર્થશાસ્ત્રના સિદ્ધાંતો (પ્રિન્સિપલ્સ ઓફ ઇકોનોમિક્સ) , (ભાવ અને ફાળવણી), લેખક:- શ્રી એચ. કે. ત્રિવેદી, આવૃત્તિ :- ૨૦૦૫, (યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ)
- સત્તાવાર આંકડા, (અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા તૈયાર કરવામાં આવેલ)

પ્રશ્નપત્ર ૪ **સરકારી લેખન પદ્ધતિ અને કચેરી કાર્યપદ્ધતિ, નોંધલેખન અને મુસદ્દા લેખન (બિન-સચિવાલય) કુલ-૧૦૦ ગુણ, સમયગાળો ૩ કલાક (પુસ્તકો વગર)**

પ્રકરણ-૧ **સામાન્ય સૂચના :-** **૫૦ ગુણ**

પરિશિષ્ટ-ક મંડળની રાજભાષાવિષયક નીતિ
પરિશિષ્ટ-ખ ગુજરાત રાજભાષા અધિનિયમ, ૧૯૬૦
પરિશિષ્ટ-ગ સરકારના હેતુઓ

પ્રકરણ-૨ **નોંધલેખનની પદ્ધતિ (નોંધલેખન) :-**

પ્રકરણ-૩ **મુસદ્દા લેખન-૧ (પત્ર લેખનની પદ્ધતિ) :-**

સરકારી લેખન પદ્ધતિ

(૧) પત્ર
(૨) સ્મૃતિપત્ર (રિમાઈન્ડર લેટર)
(૩) અર્ધ-સરકારી પત્ર

પ્રકરણ-૪ **મુસદ્દા લેખન-૨** (સરકારી લેખન વ્યવહારની અન્ય રીત) :-

(૧) કચેરી યાદી

(૨) કચેરી હુકમ

(૩) પરિપત્ર

(૪) વિશેષ નોંધ

(૫) ઠરાવ

(૬) જાહેરનામું

(૭) ટેલિગ્રાફ (તાર)

(૮) બચત તાર (સેવિંગ ટેલિગ્રાફ)

(૯) પ્રેસ નોંધ

(૧૦) પ્રેસ નિવેદન

(૧૧) કાર્યસૂચિ (એજન્ડા)

(૧૨) કાર્યનોંધ

પ્રકરણ-૫ (ક) **ધોરણના કેટલાક નમૂના :-**

(૧) જામીનખત

(૨) ટેન્ડર, નોટિસ, નમૂના, સૂચના

(૩) જાહેરાત

(૪) નોટિસ

(૫) પ્રમાણપત્ર

(ક) તબીબી તપાસનું પ્રમાણપત્ર

(ખ) કચેરીના કામકાજ સંબંધી પ્રમાણપત્ર

(ગ) પગારનું પ્રમાણપત્ર

(૬) તકતી અને આમંત્રણ પત્ર

(ખ) હિન્દીમાં પત્રવ્યવહાર

પ્રકરણ-૬ **સરળ ભાષાંતર-કેટલાક નમૂના :-**

અગત્યના વાકયોનું ગુજરાતી ભાષાંતર.

પ્રકરણ-૭ **જોડણીના નિયમો :-**

(ક) પ્રૂફ વાચન

(ખ) વહીવટી શબ્દોની જોડણી

પ્રકરણ-૮ **સારલેખન:-**

પરિશિષ્ટ-૩ વહીવટમાં કેટલાક અગત્યના અંગ્રેજી શબ્દોના ગુજરાતી હિન્દી-સમાનાર્થી શબ્દો

(૨) **કચેરી કાર્યપદ્ધતિ, નોંધલેખન અને મુસદ્દા લેખન (બિન-સચિવાલય)** **૫૦ ગુણ**

૧. સરકારી કચેરીઓમાં ઉપયોગમાં લેવાતા જુદા જુદા સ્વરૂપના પત્ર વ્યવહાર

૨. નોંધલેખન, મુસદ્દા લેખન અને ફાઈલ બનાવવી, વગેરે

ભલામણ કરવામાં આવ્યા હોય તેવા પુસ્તકો:–

- સરકારી લેખન પદ્ધતિ, ૪થી આવૃત્તિ–૧૯૯૬ (ભાષા નિયામકની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર–૩૮૨ ૦૧૦)
- કચેરી કાર્યપદ્ધતિ, સરકારી લેખન પદ્ધતિ (બિન–સચિવાલય) (ગુજરાત સરકાર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ)

પરિશિષ્ટ-૨
(જુઓ નિયમ ૧૧)
જામીન-ખત

આ ખતથી સર્વે લોકોને જાણ થાય કે હું......................વિભાગના તારીખઃ......................ના સરકારી જાહેરનામા ક્રમાંક....................માં જણાવેલા નિયમો (જેનો આમાં હવે પછી "નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અનુસાર ....ની કરાર આધારિત જગા પર નિમણૂક માટે પસંદ થયેલો ઉમેદવાર, ગુજરાત રાજ્યની સરકારની વહીવટી સત્તાનો ઉપયોગ કરતા ગુજરાતના રાજ્યપાલ (જેનો આમાં હવે પછી "સરકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે, જે શબ્દપ્રયોગમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો એમના પદના ઉત્તરાધિકારીઓ અને નામફેર કરનારાઓનો સમાવેશ થાય છે) સાથે, મારી તાલીમ દરમિયાન સરકારે મને ચૂકવેલ પગાર અને ભથ્થાંની રકમ ઉપરાંત મારી તાલીમ માટે સરકારે ખર્ચ કરેલ હોવાથી અને તે સરકારને ચુકવવાનું થતું હોવાથી, સંસ્થાએ મને આપેલી તાલીમના ખર્ચ પેટે સરકારે વખતોવખત ઠરાવેલી રકમ જેટલી રકમ સરકારને ચૂકવવા માટે જવાબદાર બનું છું તથા દ્રઢતાપૂર્વક બંધાઉ છું અને આ ચુકવણી બરાબર અને સાચી રીતે કરવામાં આવે તે માટે આ ખત અન્વયે હું પોતે, મારા વારસો, એક્ઝિક્યુટરો, વહીવટદારો અને કાયદેસરના પ્રતિનિધિઓ બંધાઇએ છીએ. .... મારી (ક) સંસ્થાકીય તાલીમ પૂરી કરવામાં નિષ્ફળતા, અથવા (ખ) પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળતા, અથવા (ગ) કરાર આધારિત નિમણૂકના નિયમોની જોગવાઇઓની પૈકીની કોઇ જોગવાઇ હોય તો, તેનું સરકારને સંતોષ થાય એ રીતે પાલન કરવામાં નિષ્ફળતા, અથવા (ઘ) કરાર આધારિત મુદત સંતોષકારક રીતે પૂરી થયે કરવામાં આવેલી મારી નિયમિત નિમણૂકની તારીખથી ૩ વર્ષની મુદત પૂરી થતાં પહેલાં નોકરી છોડવાના પ્રસંગે, મારે તાલીમ દરમિયાન મેં લીધેલા પગાર અને રાબેતા મુજબના ભથ્થાં જેટલી રકમ સરકારને પરત કરવા અંગેનું જામીનખત, નિયમો હેઠળ કરી આપવાનું રહે છે. હવે, ઉપર જણાવેલા ખતની શરત એવી છે કે હું મારા પક્ષે પાલન કરવાના અને બજાવવાના અને (આ લેખના એક ભાગરૂપ ગણવામાં આવેલા) સદરહુ નિયમોમાં જણાવેલ નિયત કરાર અને શરતોનું યથાર્થ રીતે અને નિષ્ઠાપૂર્વક પાલન કરીશ તથા બજાવીશ, તો ઉપર લખેલું ખત રદ થશે, અન્યથા તે સંપૂર્ણપણે અમલી અને અસરકર્તા રહેશે :

પરંતુ અન્ય હકો અથવા ઉપાયોને બાધ આવ્યા સિવાય, આ ખત હેઠળ ચૂકવવાની રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાની સરકારને છૂટ રહેશે.

આની સાક્ષી રૂપે મેં આજે સન ૨૦......ના ....મહિનાની...................... તારીખના રોજ આ ખત ઉપર સહી કરી છે.

ઉમેદવારની સહી.

ઉપરનું નામ ધરાવનારે નીચેનાની હાજરીમાં સહી કરી અને સોપ્યું:-

(૧) સહી અને પૂરેપૂરું સરનામું.

(૨) સહી અને પૂરેપૂરું સરનામું.

જામીનગીરી

અમે શ્રી...અને.................................. રહેવાસી.............................. તાલુકો....................... જિલ્લો........................., તે ઉપરના નામવાળા શ્રી..............................ના (જેનો આમાં હવે પછી, "ઉમેદવાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમના) જામીનો તરીકે અમારી જાતને જાહેર કરી બાંયધરી આપીએ છીએ કે ઉમેદવારે જે કરવા અને બજાવવાની બાંયધરી આપી છે તે તમામ તે કરશે અને બજાવશે અને તેની (૧) સંસ્થાકીય તાલીમ પૂરી કરવામાં નિષ્ફળતા, અથવા (૨) પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળતા, અથવા (૩) કરાર આધારિત નિમણૂકના નિયમોની જોગવાઇઓની પૈકીની કોઇ જોગવાઇ હોય તો, તેનું સરકારને સંતોષ થાય એ રીતે પાલન કરવામાં નિષ્ફળતાના પ્રસંગે, તેની તાલીમ દરમિયાન સરકારે તેને ચૂકવેલા પગાર અને ભથ્થાં જેટલી રકમ ઉપરાંત તેની તાલીમ માટે સરકારે ખર્ચ કરેલ હોવાથી, સંસ્થાએ તેને આપેલ તાલીમના ખર્ચ પેટે સરકારે વખતોવખત ઠરાવેલી ખર્ચની જે રકમ માટે ઉમેદવાર જાતે ભરપાઇ કરવા બંધાયેલો હોય તે રકમ, ગુજરાત રાજયની સરકારની વહીવટી સત્તાનો ઉપયોગ કરતાં ગુજરાતના રાજયપાલને (જેનો આમાં હવે પછી, "સરકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમને) ખાતે જમા થવા દેવા અમે, આથી, સંયુકત અને વ્યક્તિગત રીતે બંધાઇએ છીએ અને અમે કબૂલ થઇએ છીએ કે સરકાર, પોતાને પ્રાપ્ય અન્ય હકો અને ઉપાયોને બાધ આવ્યા સિવાય સદરહુ રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે અમારી પાસેથી વસૂલ કરી શકશે અને વધુમાં અમે કબૂલ થઇએ છીએ કે સદરહુ નિયમોમાં નિર્દિષ્ટ કરેલ બોલીઓ અને શરતોમાં કોઇ ફેરફાર થયે, સદરહુ રકમ ચૂકવવાની અમારી જવાબદારીઓમાંથી અમે મુકત થઇશું નહિ અને આ ખત હેઠળની અમારી જવાબદારીના અમલના હેતુ માટે, અમારી જવાબદારી ઉમેદવારની જવાબદારી સાથે સંયુકત અને વ્યક્તિગત રહેશે.

સદરહુએ સન ૨૦.......ના ....મહિનાની ....તારીખે સહી કરી અને સોપ્યું.

જામીનની સહી.
પૂરેપૂરું સરનામું અને ધંધો.

તારીખઃ
સ્થળઃ

જામીનની સહી.
પૂરેપૂરું સરનામું અને ધંધો.

તારીખઃ
સ્થળઃ

નીચેનાની હાજરીમાં.–

સાક્ષીની સહી,
પૂરેપૂરું સરનામું અને ધંધોઃ

સાક્ષીની સહી,
પૂરેપૂરું સરનામું અને ધંધોઃ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. ડી. પટેલ,
સરકારના સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 259

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, AUGUST 12, 2016/SRAVANA 21, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ઓગસ્ટ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના કાયદા વિભાગ-ના (૧) તારીખ ૨૧-૦૬-૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૨૭/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૬), (૨) તારીખ ૨૧/૦૬/૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૨૮/ ૨૦૧૬/ સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી,(ભાગ-૬), (૩) તારીખ ૨૨/૦૬/૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/ ૨૯/ ૨૦૧૬ /સીસીએ/ ૧૦૨૦૧૪/ ૧૧૬૧/ડી, (ભાગ-૬), (૪) તારીખ ૧૧/૦૭/૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/ ૩૬/ ૨૦૧૬ /સીસીએ/ ૧૦૨૦૧૪/ ૧૧૬૧ /ડી, (૫) તારીખ ૧૧/૦૭/૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે /૩૭/ ૨૦૧૬/ સીસીએ/ ૧૦૨૦૧૪/ ૧૧૬૧/ડી, અને (૬) તારીખ ૧૧/૦૭/૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/ ૩૮/ ૨૦૧૬/ સીસીએ/ ૧૦૨૦૧૪/ ૧૧૬૧/ડી, મી જુલાઈ, ૨૦૧૬ -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Under
The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ
જાહેરનામું.

કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૧/૦૬/૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫

ક્રમાંક: જીકે/૨૭/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૬):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા) ની કલમો ૫, ૭ અને ૧૧ થી મળેલી સત્તાની રૂએ અને અધિક જિલ્લા જજ, વેરાવળની કોર્ટના સંબંધમાં બહાર પાડેલા તમામ જાહેરનામામાં આંશિક સુધારો કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના જૂન મહિનાની ૨૬મી તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ કોર્ટની હકૂમતની સ્થાનિક હદોમાં નીચે મુજબ ફેરફાર કરે છે:-

૧. જૂનાગઢના મહેસૂલી જિલ્લાના માળિયા-હાટીના તાલુકાની સ્થાનિક હદો, અધિક જિલ્લા જજ, વેરાવળની હકૂમતની સ્થાનિક હદોમાંથી બાકાત કરવી.

૨. મુખ્ય જિલ્લા જજની કોર્ટ, જૂનાગઢની હકૂમતની સ્થાનિક હદો, જૂનાગઢના મહેસૂલી જિલ્લાના માળિયા-હાટીના તાલુકાની પણ બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી.શાહ,
સરકારના નાયબ સચિવ.

Notification
Under
The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ
જાહેરનામું.

કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૧/૦૬/૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫

ક્રમાંક: જીકે/૨૮/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૬):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા) ની કલમો ૬, ૭ અને ૧૧ થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના જૂન મહિનાની ૨૬મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છે:-

૧. જિલ્લા કોર્ટ, જૂનાગઢના તાબા હેઠળની દીવાની જજની કોર્ટ, સુત્રાપાડા હવે જિલ્લા કોર્ટ, ગીર સોમનાથના તાબા હેઠળ રહેશે.

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન મુખ્ય દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ સુત્રાપાડા ખાતે ભરશે.

૩. દીવાની જજની કોર્ટ, સુત્રાપાડાની હકૂમતની સ્થાનિક હદો, ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી.શાહ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
Regarding
Amendment to the Government Notification,
Legal Department No. GK/23/2016/CCA/102014/1161/D, (Part-6), Dt. 21/06/2016.
કાયદા વિભાગનું તારીખ: ૨૧/૦૬/૨૦૧૬નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીકે/૨૩/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૬) સુધારવા સંબંધી
જાહેરનામું.

કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૨/૦૬/૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫

ક્રમાંક: જીકે/૨૯/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૬):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા) ની કલમો ૬, ૭ અને ૧૧ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, કાયદા વિભાગનું તારીખ: ૨૧/૦૬/૨૦૧૬નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીકે/૨૩/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૬) નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામામાં, અનુક્રમાંક ૩ ઉપર, બીજી અને ત્રીજી લીટીમાં, "ઉના તાલુકાના ગામોના" એ શબ્દોને બદલે, "ઉના અને ગીર ગઢડા તાલુકાના ગામોના" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી.શાહ,
સરકારના નાયબ સચિવ.

Notification
Under
The Gujarat Civil Courts Act, 2005.
ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ
જાહેરનામું.

કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જુલાઈ, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫

ક્રમાંક: જીકે/૩૬/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી :- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા) ની કલમો ૬, ૭ અને ૧૧ થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના જુલાઈ મહિનાની ૧૭મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છે:-

૧. જિલ્લા કોર્ટ, સાબરકાંઠાના તાબા હેઠળની દીવાની જજની કોર્ટ, મોડાસા હવે જિલ્લા કોર્ટ, અરવલ્લીના તાબા હેઠળ રહેશે.

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ મોડાસા ખાતે ભરશે.

૩. દીવાની જજની કોર્ટ, મોડાસાની હકૂમતની સ્થાનિક હદો, અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી.શાહ,
સરકારના નાયબ સચિવ.

Notification
Under
The Gujarat Civil Courts Act, 2005.
ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ
જાહેરનામું.

કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જુલાઈ, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫

ક્રમાંક: જીકે/૩૭/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી:– ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા) ની કલમો ૬, ૭ અને ૧૧ થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના જુલાઈ મહિનાની ૧૭મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છે:–

૧. જિલ્લા કોર્ટ, સાબરકાંઠાના તાબા હેઠળની દીવાની જજની કોર્ટ, ભિલોડા હવે જિલ્લા કોર્ટ, અરવલ્લીના તાબા હેઠળ રહેશે.

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન મુખ્ય દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ ભિલોડા ખાતે ભરશે.

૩. દીવાની જજની કોર્ટ, ભિલોડાની હકૂમતની સ્થાનિક હદો, અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી.શાહ,
સરકારના નાયબ સચિવ.

Notification
Under
The Gujarat Civil Courts Act, 2005.
ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ
જાહેરનામું.

કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જુલાઈ, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫

ક્રમાંક: જીકે/૩૮/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી :– ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા) ની કલમો ૬, ૭ અને ૧૧ થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના જુલાઈ મહિનાની ૧૭મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છે:–

૧. જિલ્લા કોર્ટ, સાબરકાંઠાના તાબા હેઠળની દીવાની જજની કોર્ટ, મેઘરજ હવે જિલ્લા કોર્ટ, અરવલ્લીના તાબા હેઠળ રહેશે.

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન મુખ્ય દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ મેઘરજ ખાતે ભરશે.

૩. દીવાની જજની કોર્ટ, મેઘરજની હકૂમતની સ્થાનિક હદો, અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી.શાહ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 260

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, AUGUST 12, 2016/SRAVANA 21, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ઓગસ્ટ, ૨૦૧૬

તારીખ : ૧૨મી ઓગસ્ટ, ૨૦૧૬ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૬ ના ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૧૨ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

GUJARAT ACT NO. 12 OF 2016.

THE RIGHT TO FAIR COMPENSATION AND TRANSPARENCY IN LAND ACQUISITION, REHABILITATION AND RESETTLEMENT (GUJARAT AMENDMENT) ACT, 2016.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાષ્ટ્રપતિએ **સન ૨૦૧૬ના ઓગસ્ટ** મહિનાની **૮મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સી. જે. ગોઠી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 12 OF 2016.

AN ACT

further to amend the Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation and Resettlement Act, 2013 in its application to the State of Gujarat.

સન ૨૦૧૬નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૨.

(રાષ્ટ્રપતિની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૬ના ઓગસ્ટ મહિનાની ૧૨મી તારીખે "ગુજરાત સરકારી રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત રાજ્યને લાગુ પડતા જમીન સંપાદન, પુનઃ સ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ, ૨૦૧૩ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ જમીન સંપાદન, પુનઃ સ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અને આરંભ.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૧૩ના ૩૦મા અધિનિયમની કલમ ૨-નો સુધારો.

૨. જમીન સંપાદન, પુનઃ સ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨માં, પેટા-કલમ (૨)માં, બીજા પરંતુક પછી, નીચેનો પરંતુક દાખલ કરવો :-

સન ૨૦ ૩૦મો

''વળી, કલમ ૧૦કમાંની યાદીમાં દાખલ કરેલ પરિયોજના (પ્રોજેક્ટ) અને તેમાં નિર્દિષ્ટ કરેલા હેતુઓ માટે કરેલા જમીનના સંપાદનને, આ પેટા-કલમના પ્રથમ પરંતુકની જોગવાઈઓમાંથી માફી આપવી જોઈશે.''.

સન ૨૦૧૩ના ૩૦મા અધિનિયમમાં નવી કલમ ૧૦ક દાખલ કરવા બાબત.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦પછી, નીચેની કલમ દાખલ કરવી :-

અમુક પરિયોજના (પ્રોજેક્ટ)ને માફી આપવાની રાજ્ય સરકારની સત્તા.

''૧૦ક. રાજ્ય સરકાર, જાહેર હિતમાં, રાજપત્રમાં જાહેરનામાથી, આ અધિનિયમના પ્રકરણ ૨ અને પ્રકરણ ૩ની જોગવાઈઓને લાગુ પાડવામાંથી નીચેની પરિયોજનાઓ (પ્રોજેક્ટ) પૈકી કોઈપણ પરિયોજનાને માફી આપી શકશે :

(ક) સંરક્ષણ અથવા સંરક્ષણ ઉત્પાદન માટેની બનાવટ સહિત, ભારતની અને તેના દરેક ભાગની રાષ્ટ્રીય સુરક્ષા અથવા તેના સંરક્ષણ માટે આવશ્યક હોય તેવી પરિયોજના;

(ખ) વીજળીકરણ સહિત ગ્રામીણ આંતરમાળખું ;

(ગ) પરવડી શકે તેવા આવાસન (ગૃહનિર્માણ) અને ગરીબ લોકો માટે આવાસન ;

(ઘ) રાજ્ય સરકાર અને તેના અન્ડરટેકિંગ દ્વારા સ્થાપવામાં આવેલા ઔદ્યોગિક કોરિડોર (આવા કિસ્સાઓમાં, આવા ઔદ્યોગિક કોરિડોર માટે, મુકરર કરેલી રેલવે લાઈન અથવા રસ્તાની બન્ને બાજુએથી એક કિલોમીટર સુધીની જમીન સંપાદન કરવી જોઈશે); અને

(ચ) જમીનની માલિકી સરકારમાં નિહિત થવાનું ચાલુ હોય, ત્યારે જાહેર-ખાનગી ભાગીદારી હેઠળની પરિયોજનાઓ સહિત આંતરમાળખાકીય પરિયોજનાઓ:

પરંતુ રાજ્ય સરકારે, જાહેરનામું બહાર પાડતાં પહેલાં, આવી પરિયોજના માટે જરૂરી ઓછામાં ઓછી ખુલ્લી (ઉજ્જડ) જમીનને ધ્યાનમાં લઈને, સૂચિત સંપાદન માટેના જમીનનો વિસ્તાર સુનિશ્ચિત કરવો જોઈશે.''.

સન ૨૦૧૩ના ૩૦મા અધિનિયમમાં નવી કલમ

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૩ પછી, નીચેની કલમ દાખલ કરવી:-

INDEX

હિતસંબંધ ધરાવતી વ્યક્તિઓની સહમતીના કિસ્સામાં, કલેક્ટરે તપાસ કર્યા સિવાય, ચુકાદો આપવા બાબત.

"૨૩ક. (૧) કલમ ૨૩માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કાર્યવાહીના કોઈપણ તબક્કે, કલેક્ટરને એવી ખાતરી થાય કે જમીનમાં હિતસંબંધ ધરાવતી, પોતાની સમક્ષ ઉપસ્થિત થયેલી તમામ વ્યક્તિઓએ, કલેક્ટરના ચુકાદામાં સમાવિષ્ટ કરવાની બાબતો અંગે, રાજ્ય સરકારે કરેલા નિયમોમાં ઠરાવેલા નમૂનામાં, લેખિતમાં સહમતી આપેલ છે, તો તેઓ, વધુ તપાસ કર્યા સિવાય, આવી સહમતીની બોલીઓ અનુસાર ચુકાદો આપી શકશે.

(૨) આ અધિનિયમની બીજી જોગવાઈઓ અનુસાર, પેટા-કલમ (૧) હેઠળની કોઈ જમીન માટે વળતર નક્કી કરવાની બાબત, કોઈપણ રીતે, તે જ વિસ્તાર અથવા બીજા વિસ્તારમાં આવેલી બીજી જમીનોના સંબંધમાં વળતર નક્કી કરવાની બાબતોને અસર કરશે નહિ.

સન ૧૯૦૮નો ૧૬મો.

(૩) રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પેટા-કલમ (૧) હેઠળ કરવામાં આવેલી કોઈપણ સહમતી, તે અધિનિયમ હેઠળ રજિસ્ટ્રેશન કરવાને પાત્ર ગણાશે નહિ.".

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૪માં, પેટા- કલમ (૨)માં, વિદ્યમાન પરંતુક પછી, નીચેનો પરંતુક દાખલ કરવો:- સન ૨૦૧૩ ૩૦મા અધિનિયમનં કલમ ૨૪નો સુધારો.

"વધુમાં, આ પેટા-કલમમાં ઉલ્લેખેલી મુદતની ગણતરી કરતી વખતે, કોઇ કોર્ટ દ્વારા બહાર પાડેલા કોઇ મનાઇ (સ્ટે) અથવા મનાઇ હુકમના કારણે જમીનના સંપાદન માટેની કાર્યવાહી, જે કોઇ મુદત અથવા મુદતો દરમિયાન અટકાવવામાં આવેલી હોય તેવી કોઇ મુદતને અથવા મુદતોને અથવા કબજો લેવા માટે ટ્રિબ્યુનલના ચુકાદામાં નિર્દિષ્ટ કરેલી મુદતને અથવા કબજો લેવામાં આવેલ હોય, પણ કોર્ટમાં અથવા આ હેતુ માટે નિભાવવામાં આવતા કોઇ મુકરર કરેલા ખાતામાં વળતર જમા પડી રહેલું હોય તેવી મુદતને બાકાત કરવામાં આવશે.".

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૧ પછી, નીચેની કલમ દાખલ કરવી:- સન ૨૦૧૩ના ૩૦મા અધિનિયમમાં નવી કલમ ૩૧ક દાખલ કરવા બાબત.

દીર્ઘકાલીન પ્રકારની (linear nature) પરિયોજના માટે રાજ્ય સરકારે ઊચક રકમ ચૂકવવા બાબત.

"૩૧ક. આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, એક સો એકરથી ઓછી હોય તેટલી જમીન તેના પોતાના ઉપયોગ માટે સંપાદિત કરવાની હોય, ત્યારે અથવા કલમ ૧૦ની પેટા-કલમ (૪)ના પરંતુકમાં ઉલ્લેખેલ હોય તેવી દીર્ઘકાલીન પ્રકારની પરિયોજનાના કિસ્સામાં જમીન સંપાદિત કરવાની હોય, ત્યારે રાજ્ય સરકારને, કલમ ૨૭ હેઠળ નક્કી કર્યા પ્રમાણેની વળતરની રકમના પચાસ ટકા જેટલી ઊચક રકમ,

INDEX

અસરગ્રસ્ત કુટુંબોને, પુનઃસ્થાપન અને પુનર્વસવાટ ખર્ચ તરીકે ચૂકવવાની સત્તા રહેશે.''.

સન ૨૦૧૩ના ૩૦મા અધિનિયમની કલમ ૪૦નો સુધારો.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૦માં, પેટા-કલમ (૨)માં, ''બીજી કોઈ કટોકટી માટે જરૂરી હોય તેટલા લઘુતમ વિસ્તાર સુધી'' એ શબ્દો પછી, ''અથવા કેન્દ્ર સરકારે રાજય સરકારને આપેલા આદેશોનું પાલન કરવા સુધી'' એ શબ્દો ઉમેરવા.

સન ૨૦૧૩ના ૩૦મા અધિનિયમની કલમ ૪૬નો સુધારો.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૬માં, પેટા-કલમ (૬)માં, સ્પષ્ટીકરણમાં, ખંડ (ખ)માં, પેટા-ખંડ (૧) અને (૨) કમી કરવા.

સન ૨૦૧૩ના ૩૦મા અધિનિયમની કલમ ૮૭ બદલવા બાબત.

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૮૭ને બદલે, નીચેની કલમ મૂકવી:-

સરકારી કર્મચારીઓએ કરેલા ગુના.

''૮૭. આ અધિનિયમ હેઠળનો કોઈ ગુનો કોઈ વ્યકિતએ કર્યો હોય અને એવો કહેવાતો ગુનો કર્યાના સમયે તે વ્યકિત કેન્દ્ર સરકાર અથવા યથાપ્રસંગ, રાજય સરકારની નોકરીમાં હોય અથવા રહેલ હોય, ત્યારે કોર્ટે એવા ગુનાની ન્યાયિક નોંધ લેવી જોઈશે, પરંતુ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૯૭માં ઠરાવેલી કાર્યરીતિ અનુસરવાની રહેશે.''.

સન ૧૯૭ ૨જો.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 261

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, AUGUST 16, 2016/SRAVANA 25, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૬

તારીખ : ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૬ - ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૬ ના ગુજરાત વિધેયક ક્રમાંક: ૩૧ - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

GUJARAT BILL NO. 31 OF 2016.

THE GUJARAT PROVISION FOR DISQUALIFICATION OF MEMBERS OF LOCAL AUTHORITIES FOR DEFECTION (AMENDMENT) BILL, 2016.

A BILL

further to amend the Gujarat Provision for Disqualification of Members of Local Authorities for Defection Act, 1986.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૩૧.

ગુજરાતનો પક્ષાન્તર બદલ સ્થાનિક સત્તામંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવા માટે જોગવાઈ કરતું (સુધારા) વિધેયક, ૨૦૧૬.

ગુજરાતનો પક્ષાન્તર બદલ સ્થાનિક સત્તામંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવા માટે જોગવાઈ કરતો *અધિનિયમ, ૧૯૮૬ વધુ સુધારવા બાબત વિધેયક.*

આથી, ભારતના ગણરાજયના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાતનો પક્ષાન્તર બદલ સ્થાનિક સત્તામંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવા માટે જોગવાઈ કરતો (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૧૯૮૬નો ગુજરાતનો ૨૩મો. / સન ૧૯૮૬ના ગુજરાતના ૨૩મા અધિનિયમની કલમ ૬નો સુધારો.

૨. ગુજરાતનો પક્ષાન્તર બદલ સ્થાનિક સત્તામંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવા માટે જોગવાઈ કરતો અધિનિયમ, ૧૯૮૬ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૬ માં, ''આ અર્થે નામોદિષ્ટ કરે તે અધિકારીને'' એ શબ્દો પછી, ''અથવા એવા નિવૃત્ત અધિકારી, જે તેમની નિવૃત્તિના સમયે સરકારના સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા ધરાવતા હતાં, તેવા રાજય સરકાર, આ અર્થે નીમે તેવા અધિકારીને'' એ શબ્દો દાખલ કરવા.

INDEX

સન ૧૯૮૬ના ગુજરાતના ૨૩મા અધિનિયમની કલમ ૭નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૭ માં,-

(૧) ''આ અર્થે નામોદ્દિષ્ટ કરે તે અધિકારી'' એ શબ્દો પછી, ''અથવા નિવૃત્ત અધિકારી, જે તેમની નિવૃત્તિના સમયે સરકારના સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા ધરાવતા હતાં તેવા અધિકારી'' એ શબ્દો દાખલ કરવા;

(૨) ''મુખ્ય સચિવે અથવા નામોદ્દિષ્ટ અધિકારીએ'' એ શબ્દોને બદલે, ''મુખ્ય સચિવે, નામોદ્દિષ્ટ અધિકારીએ અથવા નિવૃત્ત અધિકારીએ'' એ શબ્દો મૂકવા;.

INDEX

ઉદ્દેશો અને કારણો

રાજ્ય સરકારે, પક્ષાન્તરના આધારે સ્થાનિક સત્તામંડળોના સભ્યો અને કાઉન્સિલરોને ગેરલાયક ઠરાવવા માટેની અને તેની સાથે સંકળાયેલી બાબતો માટેની જોગવાઈ કરવા માટે ગુજરાતનો પક્ષાન્તર બદલ સ્થાનિક સત્તામંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવા માટે જોગવાઈ કરતો અધિનિયમ, ૧૯૮૬ અધિનિયમિત કર્યો છે. સદરહુ અધિનિયમની કલમ ૬થી બીજી બાબતોની સાથોસાથ, એવી જોગવાઈ કરવામાં આવી છે કે કોઈ સ્થાનિક સત્તામંડળના કાઉન્સિલર અથવા યથાપ્રસંગ, સભ્યની ગેરલાયકાતને લગતો પ્રશ્ન, મુખ્ય સચિવ અથવા રાજ્ય સરકારના કોઈ વિભાગના સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાના ન હોય તેવા, રાજ્ય સરકાર આ અર્થે નામોદિષ્ટ કરે તેવા અધિકારીને નિર્ણયાર્થે લખી મોકલવામાં આવશે.

આ સંબંધમાં એવું જણાયું છે કે ગેરલાયકાત સંબંધી પ્રશ્ન જેને નિર્ણયાર્થે લખી મોકલવામાં આવ્યો હોય તેવા સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા ધરાવતા અધિકારીઓ, તેમના સંબંધિત વિભાગની કામગીરીના અતિશય બોજ હેઠળ રહેતા હોવાથી, આવી બાબતના સંબંધમાં તેમનો નિર્ણય આપવામાં ખૂબ લાંબો સમય વીતી જાય છે. એવું જરૂરી છે કે ગેરલાયકાત સંબંધી નિર્ણય લેવામાં બિનજરૂરી વિલંબ ન થવો જોઈએ કારણકે નિર્ણય લેવામાં થતાં વિલંબથી સંબંધિત સ્થાનિક સત્તામંડળના સભ્યો વચ્ચે મનદુઃખ ઊભું થાય છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે, જે અધિકારીઓ તેમની નિવૃત્તિના સમયે સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા ધરાવતા હતાં તેમજ જેઓ ગેરલાયકાત સંબંધી બાબતની તજવીજ કરી શકે છે અને તે અંગેનો નિર્ણય પણ કરી શકે છે, તેવા નિવૃત અધિકારીઓની નિમણૂક કરવાનું રાજ્ય સરકારને ઉચિત જણાયું છે. તેથી, સદરહુ અધિનિયમની કલમ ૬ યોગ્ય રીતે સુધારવાનું જરૂરી જણાયું છે. સદરહુ અધિનિયમની કલમ ૭માં પારિણામિક સુધારો પણ કરવામાં આવ્યો છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

તારીખ :૧૬મી ઓગસ્ટ, ૨૦૧૬. જયંતીભાઈ કવાડીયા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. ગોઠી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર,
તારીખ : ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૬.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 262

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, AUGUST 16, 2016/SRAVANA 25, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૬

તારીખ : ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૬ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૬ ના ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૩૨ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

GUJARAT BILL NO. 32 OF 2016.

THE GUJARAT COURT-FEES (AMENDMENT) BILL, 2016.

A BILL

further to amend the Gujarat Court-Fees Act, 2004.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૩૨ .

ગુજરાત કોર્ટ-ફી (સુધારા) વિધેયક, ૨૦૧૬.

ગુજરાત કોર્ટ-ફી અધિનિયમ, ૨૦૦૪ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત કોર્ટ-ફી (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકી સંજ્ઞા અ આરંભ.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૨૦૦૪નો ગુજરાતનો ૪થો. ૨. ગુજરાત કોર્ટ-ફી અધિનિયમ, ૨૦૦૪માં, કલમ ૩૨ કમી કરવી. સન ૨૦૦૪ ગુજરાતના ૪ અધિનિયમની કલમ ૩૨ ક કરવા બાબત

INDEX

ઉદ્દેશો અને કારણો

ગુજરાત કોર્ટ-ફી અધિનિયમ, ૨૦૦૪ની કલમ ૩૨થી, હાઈકોર્ટને, મહેસૂલ ન્યાયાલયો સહિતના ન્યાયાલયો દ્વારા કાઢવામાં આવેલા કામગીરી હુકમો પહોંચાડવા અને બજાવવા માટે લેવાપાત્ર ફીને લગતી બાબતો સંબંધી નિયમો કરવાની સત્તા મળે છે. સદરહુ કલમ ૩૨થી એવી પણ જોગવાઈ કરી છે કે હાઈકોર્ટ દ્વારા એવા નિયમો કરવામાં ન આવે ત્યાં સુધી, હાલમાં લેવામાં આવતી એવી ફી લેવાનું ચાલુ રહેશે અને સદરહુ અધિનિયમ હેઠળ લેવાપાત્ર ફી તરીકે ગણાશે.

એવું ધ્યાન પર આવ્યું છે કે અમુક દાવા કરનાર, યોગ્ય સમયમાં કામગીરી હુકમો બજવણીદાર ફી (process server fees) ચૂકવતા નથી, જેના પરિણામે કોર્ટના કામગીરી હુકમોની બજવણી થતી નથી. તેથી, દાવા કરનાર દ્વારા કામગીરી હુકમો બજવણીદાર ફી (process server fees) ચૂકવવામાં ન આવે અને કોર્ટના કામગીરી હુકમો બજાવવામાં ન આવે ત્યાં સુધી, કોર્ટ કેસો અનિર્ણિત રહે છે. જેના પરિણામે કોર્ટમાં કેસોનો ભરાવો થાય છે. આ પરિસ્થિતિ નિવારવા અને તેમ કરીને કોર્ટનો બોજો હળવો કરવા અને કોર્ટમાં ચાલતી બાબતોનો ઝડપી નિકાલ લાવવા માટે, સદરહુ અધિનિયમની કલમ ૩૨ની જોગવાઈઓ નાબૂદ (રદ) કરવાનું જરૂરી જણાયું છે. કલમ ૩૨ કમી કરવાની અસર એ થશે કે કામગીરી હુકમો બજાવવા માટે અને પહોંચાડવા માટે સદરહુ અધિનિયમ અમલમાં આવતા પહેલાં જે રીતે ફી લેવામાં આવતી હતી તે જ રીતે હાલમાં લેવામાં આવતી ફી હવે પછી લેવામાં આવશે નહિ.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

તારીખ : ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૬. **પ્રદીપસિંહ જાડેજા.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. ગોઠી,

ગાંધીનગર, ગુજરાત સરકારના સચિવ,

તારીખ: ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૬. વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 263

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, AUGUST 16, 2016/SRAVANA 25, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૬

તારીખ **૧૬મી ઓગસ્ટ, ૨૦૧૬**ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા **સન ૨૦૧૬ના ગુજરાત વિધેયક ક્રમાંકઃ૩૩**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 33 OF 2016.

THE GUJARAT PROFESSIONAL MEDICAL EDUCATIONAL COLLEGES OR INSTITUTIONS (REGULATION OF ADMISSION AND FIXATION OF FEES) (AMENDMENT) BILL, 2016.

A BILL

further to amend the Gujarat Professional Medical Educational Colleges or Institutions (Regulation of Admission and Fixation of Fees) Act, 2007.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૩૩.

ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૬.

ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે.

(૨) આ કલમ અને કલમો ૩ અને ૪ તરત જ અમલમાં આવશે અને કલમ ૨ સન ૨૦૧૬ના જૂન મહિનાની ૧૦મી તારીખે અમલમાં આવી હોવાનું ગણાશે.

સન ૨૦૦૮ના ગુજરાતના ૩જા અધિનિયમની કલમ ૨-નો સુધારો.

૨. ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨-માં, ખંડ (ટ)માં, "અથવા આશ્રિતો માટે શિક્ષણના હેતુ" એ શબ્દો કમી કરવા.

INDEX

સન ૨૦૦૮ના ગુજરાતના ૩જા અધિનિયમની કલમ ૧૦નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦માં, પેટા-કલમ (૩)માં, નીચેનો પરંતુક દાખલ કરવો :-

''પરંતુ ફી નિયમન સમિતિ, ત્રણ સળંગ શૈક્ષણિક વર્ષો માટે, એક જ સમયે, જુદી જુદી ફી નક્કી કરી શકશે અને જે વ્યાવસાયિક અભ્યાસક્રમમાં વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવ્યો હોય તે વ્યાવસાયિક અભ્યાસક્રમના સમયગાળા દરમિયાન દરેક વર્ષ માટે જુદી જુદી ફી પણ નક્કી કરી શકશે.''.

રદ કરવા બાબત અને અપવાદ.

૪. (૧) ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વટહુકમ, ૨૦૧૬ આથી રદ કરવામાં આવે છે.

સન ૨૦૧૬ન ગુજરાત વટહુ ક્રમાંક ૨.

(૨) એવી રીતે રદ થવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણે, મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઇ કૃત્ય અથવા લીધેલું કોઇ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે.

સન ૨૦૦૮ન ગુજરાતનો ૩જો.

ઉદ્દેશો અને કારણો

ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭થી, વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓમાં પ્રવેશ આપવાના હેતુ માટે, પંચોતેર ટકા સરકારી બેઠકો અને સંચાલક મંડળની પચીસ ટકા બેઠકો કે જેમાં બિન-નિવાસી ભારતીયો (એન.આર.આઇ.) માટેની પંદર ટકા બેઠકોનો સમાવેશ થાય છે, તે માટેની જોગવાઇ કરી છે.

એવું અનુભવાયું છે કે એન. આર. આઇ. બેઠકોને સંબંધિત છે ત્યાં સુધી, સદરહુ બેઠકોનો લાભ એન. આર. આઇ. દ્વારા સંપૂર્ણપણે લેવામાં આવતો નથી અને તે બેઠકો પૈકીની મોટા ભાગની બેઠકો, આવા એન. આર. આઇ. ના આશ્રિત હોય તેવા વિદ્યાર્થીઓ દ્વારા ભરવામાં આવે છે. આથી, એવું જણાયું છે કે જે હેતુ માટે એન. આર. આઇ.ની બેઠકો નિર્ધારિત કરવામાં આવી હતી તે હેતુ સંપૂર્ણપણે પાર પડયો નથી. આ બાબતને ધ્યાને રાખીને, તે સમયે ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, એન. આર. આઇ. બેઠકોની સમસ્યાનો સંપૂર્ણપણે અંત લાવવા માટે નામદાર રાજયપાલશ્રી દ્વારા ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વટહુકમ, ૨૦૧૬ પ્રખ્યાપિત કરવામાં આવ્યો હતો. સદરહુ વટહુકમ, ગુજરાત હાઇકોર્ટ સમક્ષ સન ૨૦૧૬ની એસ.સી.એ. નં. ૯૯૧૫ અને અન્ય દ્વારા પડકારવામાં આવ્યો હતો અને હાઇકોર્ટે, સન ૨૦૧૬ના ઓગસ્ટ મહિનાની ૧૬મી તારીખે આપેલા પોતાના ચુકાદાથી, આ અરજીને અંશતઃ મંજૂર કરીને, બિન-નિવાસી ભારતીયોના સાચા સંતાનો અને પાલ્યોને લાગુ પડતો હોય તેટલે સુધી સદરહુ વટહુકમને રદ કર્યો હતો અને એ સ્પષ્ટ કર્યું હતું કે આ બાબત એન. આર. આઇ. આશ્રિત અથવા એન. આર. આઇ. પુરસ્કૃત વિદ્યાર્થીઓને લાગુ પડશે નહિ.

હાઇકોર્ટના ઉપર ઉલ્લેખેલ ચુકાદાને ધ્યાને રાખીને, રાજય સરકારે એન. આર. આઇ.ની બેઠકોને લગતી જોગવાઇ, સાચા એન. આર. આઇ./યોગ્ય એન. આર. આઇ. એટલે કે એન. આર. આઇ.ના સંતાનો અથવા પાલ્યો માટે ચાલુ રાખવાનો અને એન. આર. આઇ.ના આશ્રિતોને, એન. આર. આઇ.ની બેઠકો પર પ્રવેશ માટે વિચારણામાં નહિ લેવાનો નિર્ણય કર્યો છે અને તદનુસાર "બિન-નિવાસી ભારતીયો માટેની બેઠકો" એ શબ્દની વ્યાખ્યા યોગ્ય રીતે સુધારવા ધાર્યું છે.

સદરહુ અધિનિયમની કલમ ૧૦માં જોગવાઈ કર્યા પ્રમાણેની ફી નિયમન સમિતિની વિદ્યમાન સત્તામાં ફેરફાર કરવાની તક પણ લેવામાં આવી છે. તેનાથી ફી નિયમન સમિતિને ત્રણ સળંગ શૈક્ષણિક વર્ષો માટે, એક જ સમયે, જુદી જુદી ફી નકકી કરવાની તેમજ વિદ્યાર્થીને જેમાં પ્રવેશ આપવામાં આવ્યો હોય તે વ્યાવસાયિક અભ્યાસક્રમના સમયગાળા દરમિયાનના દરેક વર્ષ માટે જુદી જુદી ફી નક્કી કરવાની પણ સત્તા મળે છે અને તે માટે કલમ ૧૦ની પેટા-કલમ (૩) તદનુસાર સુધારવા ધાર્યું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

તારીખ: ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૬. **શંકર ચૌધરી.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. ગોઠી,

ગાંધીનગર, ગુજરાત સરકારના સચિવ,

તારીખ: ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૬. વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

....

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

IX — Ex. 264

વિભાગની

સુચનાથી

રદ કરેલ છે.

INDEX

Extra No. 265

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, AUGUST 19, 2016/SRAVANA 28, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **તારીખ : ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૬**ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચ/વી/૨૦૧૬નો ૧૯/ડીપીસી/૧૦૯૭/૧૩૮૪/ભાગ-૨/વી.નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Gujarat Metropolitan Planning Committees Rules, 2016.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જાન્યુઆરી, ૨૦૧૬.

ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮.

ક્રમાંક : જીએચ/વી/૨૦૧૬નો ૧૯/ડીપીસી/૧૦૯૭/૧૩૮૪/ભાગ-૨/વી. :- ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૮ના ગુજરાત અધિનિયમ ૧૮મા) ની કલમ ૧૧ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે :-

પ્રકરણ ૧

પ્રારંભિક

૧. **ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.-** (૧) આ નિયમો ગુજરાત મહાનગર આયોજન સમિતિ નિયમો, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિધ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. **વ્યાખ્યા.-** (૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) ''અધિનિયમ'' એટલે ગુજરાત મહાનગર આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૮નો ગુજરાત અધિનિયમ ૧૮મો)

(ખ) ''સમુચિત સત્તામંડળ'' એટલે ગુજરાત અધિનિયમ હેઠળ રચાયેલ વિસ્તાર વિકાસ સત્તામંડળ અથવા કોઈ શહેરી વિકાસ સત્તામંડળ;

(ગ) ''મદદનીશ ચૂંટણી અધિકારી'' એટલે નિયમ-૭ હેઠળ ચૂંટણી સત્તાધિકારીએ નીમેલા અધિકારી;

(ઘ) ''સમિતિ'' એટલે અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૧) હેઠળ રચાયેલ મહાનગર આયોજન સમિતિ;

(ચ) ''મતદાર વિભાગ'' એટલે નિયમ ૩માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો મતદાર વિભાગ;

(છ) ''વિકાસ'' એ શબ્દનો અર્થ, ગુજરાત અધિનિયમની કલમ ૨ ના ખંડ (૭)માં તેનો જે અર્થ આપેલો છે તે જ થશે;

(જ) ''ગુજરાત અધિનિયમ'' એટલે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મો);

(ઝ) ''જી.ડી.સી.આર.'' (G.D.C.R.) એટલે ગુજરાત અધિનિયમની કલમ ૧૨ની પેટા-કલમ (૨)ના ખંડ (ત) હેઠળ કરેલા સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો;

(ટ) ''ચૂંટણી'' એટલે અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૨)ના ખંડ (૧૦) હેઠળ મહાનગર આયોજન સમિતિના સભ્યની ચૂંટણી અને તેમાં કોઈપણ પેટા-ચૂંટણીનો સમાવેશ થાય છે;

(ઠ) ''ચૂંટણી સત્તાધિકારી'' એટલે અધિનિયમની કલમ ૪ની પેટા-કલમ (૧) હેઠળ મહાનગર આયોજન સમિતિની રચના માટે ચૂંટણી યોજવા રાજ્ય સરકારે નીમેલા અધિકારી;

(ડ) ''નમૂનો'' એટલે આ નિયમો સાથે જોડેલો નમૂનો (ફોર્મ);

(ઢ) ''મતદાર યાદી'' એટલે-

(૧) ગ્રામીણ મતદાર વિભાગ માટે ગ્રામ પંચાયતના;

(૨) મ્યુનિસિપલ બરોમાં, મ્યુનિસિપાલિટી/નગરપાલિકાના;

(૩) વધારે મોટા શહેરી વિસ્તાર મતદાર વિભાગ માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના,

ચૂંટાયેલા સભ્યો અથવા યથાપ્રસંગ, તેના કાઉન્સિલરોની યાદી;

(ત) ''સ્થાનિક સત્તામંડળ'' એટલે,-

(૧) ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા) હેઠળ રચાયેલ મ્યુનિસિપલ કોર્પોરેશન;

(૨) ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) હેઠળ રચાયેલ મ્યુનિસિપાલિટી/નગરપાલિકા

(૩) ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) હેઠળ જાહેર કરેલ વિસ્તાર (નોટિફાઈડ એરિયા) માટે નીમેલી સમિતિ;

(૪) ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૪ના ગુજરાતના ૬ઠ્ઠા) હેઠળ રચાયેલ ગ્રામ પંચાયત;

(થ) ચૂંટણીના સંબંધમાં ''મતદાન મથક'' એટલે તે ચૂંટણીનું મતદાન કરાવવા માટે ચૂંટણી અધિકારીએ નક્કી કરેલ સ્થળ (સ્થળો);

(દ) ''જાહેર રજા'' એટલે વટાઉ ખત અધિનિયમ, ૧૮૮૧ (સન ૧૮૮૧ના ૨૬મા)ની કલમ ૨૫ના હેતુ માટે જાહેર રજા હોય તેવો કોઈ પણ દિવસ અથવા રાજ્યમાં અથવા તેના કોઈ ભાગમાંની કચેરીઓ માટે રાજ્ય-એ રજા તરીકે જાહેર કરેલો હોય તેવો કોઈ દિવસ;

(ધ) ''ચૂંટણી અધિકારી'' એટલે નિયમ ૭ હેઠળ ચૂંટણી સત્તાધિકારીએ, ચૂંટણી અધિકારી તરીકે નીમેલા અધિકારી અને તેમાં મદદનીશ ચૂંટણી અધિકારીનો સમાવેશ થાય છે.

(૨) આ નિયમોમાં વાપરેલા પણ વ્યાખ્યાયિત ન કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, અધિનિયમમાં અનુક્રમે તેમનો જે અર્થ આપેલો છે તે જ થશે.

પ્રકરણ ૨

મહાનગર (મેટ્રોપોલિટન) આયોજન સમિતિની રચના

૩. **મહાનગર આયોજન સમિતિની રચના.-** રાજ્ય સરકારે, અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૧) અનુસાર દરેક મહાનગર વિસ્તાર માટે મહાનગર આયોજન સમિતિની રચના કરવી જોઈશે.

૪. **સમિતિના સભ્યોની સંખ્યાનું નિર્ધારણ.-** (૧) રાજ્ય સરકારે, બનતી ત્વરાએ અને આ નિયમોના આરંભની તારીખથી એક મહિનાની અંદર, રાજપત્રમાં જાહેરનામાથી, દરેક મહાનગર વિસ્તારની સમિતિના સભ્યોની કુલ સંખ્યા નિર્દિષ્ટ કરવી જોઈશે.

(૨) મહાનગર વિસ્તારમાં ચૂંટાયેલા સભ્યોની સંખ્યા નિર્ધારિત કરતી વખતે, રાજ્ય સરકારે, શહેરી વિસ્તાર અને ગ્રામીણ વિસ્તાર, એટલે કે મહાનગર વિસ્તારની અંદર આવતા દરેક મ્યુનિસિપાલિટી/નગરપાલિકા અને ગ્રામ પંચાયતના વિસ્તાર, વચ્ચેની વસ્તીના પ્રમાણને વિચારણામાં લઈને, શહેરી વિસ્તાર અને ગ્રામ વિસ્તારમાંથી ચૂંટવાની સભ્ય સંખ્યા અલગ રીતે નક્કી કરતી વખતે તેમની વચ્ચે સમાનતા રાખવી જોઈશે.

૫. **સમિતિના મતદાર વિભાગો.-** (૧) સમિતિના સભ્યની ચૂંટણી યોજવાના હેતુથી, મહાનગર વિસ્તારને, નીચેની રીતે મતદાર વિભાગોમાં વિભાજિત કરવા જોઈશે :-

(૧) ગ્રામ પંચાયતોના વિસ્તારના બનતા ગ્રામ વિસ્તાર,

(૨) મ્યુનિસિપાલિટી/નગરપાલિકાના અને મ્યુનિસિપલ કાઉન્સિલોના વિસ્તારના બનતા વધારે નાના શહેરી વિસ્તાર, અને

(૩) મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારના બનતા વધારે મોટા શહેરી વિસ્તાર.

(૨) મ્યુનિસિપલ કમિશનરે, દરેક મતદાર વિભાગમાંથી ચૂંટવાના સભ્યોની કુલ સંખ્યા, ગ્રામીણ તેમજ સમગ્ર મહાનગર વિસ્તારમાં અને દરેક મતદાર વિભાગમાંની શહેરી વસ્તીના પ્રમાણમાં નિર્ધારિત કરવી જોઈશે.

પ્રકરણ-૩

ચૂંટણી પ્રક્રિયા

૬. **ચૂંટણી સત્તાધિકારીની નિમણૂંક.-** (૧) નિયમ ૪ના પેટા-નિયમ (૧) હેઠળ જાહેર કરેલ મહાનગર વિસ્તારના સભ્યની ચૂંટણીના સંચાલન માટે, રાજ્ય સરકારે, નિયમ ૪ના પેટા-નિયમ (૧)માં ઉલ્લેખ જાહેરનામાની તારીખથી ૬૦ દિવસની અંદર, મહાનગર વિસ્તારમાં આવતા મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનરની ચૂંટણી સત્તાધિકારી તરીકે નિમણૂક કરવી જોઈશે.

(૨) ચૂંટણી સત્તાધિકારીની દેખરેખ, અંકુશ અને આદેશોને આધીન રહીને, ચૂંટણી અધિકારીએ ચૂંટણીનું સંચાલન કરવું જોઈશે.

૭. **ચૂંટણી અધિકારીની નિમણૂક.-** સમિતિના સભ્યોની ચૂંટણીનું સંચાલન કરવાના હેતુથી, ચૂંટણી સત્તાધિકારી, અધિક કલેક્ટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીને ચૂંટણી અધિકારી તરીકે નીમવા જોઈશે.

૮. **મદદનીશ ચૂંટણી અધિકારીની નિમણૂક.-** (૧) ચૂંટણી સત્તાધિકારીએ, દરેક મતદાર મંડળ માટે નાયબ કલેક્ટરના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીએ મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નીમવા જોઈશે.

(૨) દરેક મદદનીશ ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારી નાંખે તેવા અંકુશ અને નિયંત્રણને અધીન રહીને, ચૂંટણી અધિકારીના તમામ અથવા તે પૈકીના કોઈ કાર્યો કરવા સક્ષમ રહેશે :

પરંતુ કોઈપણ મદદનીશ ચૂંટણી અધિકારીએ, અનિવાર્ય કારણોસર ચૂંટણી અધિકારીને સદરહુ કાર્યો કરવાથી અટકાવવામાં આવ્યા હોય તે સિવાય નામાંકન (ઉમેદવારી) પત્રોની ચકાસણી કરવાને સંબંધિત હોય તેવા ચૂંટણી અધિકારીના કાર્યો પૈકીનું કોઈપણ કાર્ય કરવું જોઈશે નહિ.

(૩) ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારી, ચૂંટણી સત્તાધિકારીના સામાન્ય દેખરેખ અને આદેશ હેઠળ કાર્ય કરશે.

(૪) પેટા-નિયમ (૨)ની જોગવાઈઓને અધીન રહીને, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તે સિવાય, ચૂંટણી અધિકારીના આ નિયમોમાંના સંદર્ભમાં, કોઈપણ મદદનીશ ચૂંટણી અધિકારીનો સમાવેશ કરેલ છે એમ ગણાશે.

(૫) ચૂંટણી વખતે, આ નિયમોથી અથવા તે હેઠળ જોગવાઈ કરેલી રીતે ચૂંટણીઓનું અસરકારક સંચાલન કરવા માટે જરૂરી હોય તેવા તમામ કાર્યો અને કૃત્યો કરવાની ચૂંટણી અધિકારીની ફરજ રહેશે.

૯. **મતદાર યાદી તૈયાર કરવા બાબત.-** (૧) અધિનિયમની કલમ ૩ ની પેટા-કલમ (૨) હેઠળ ફરમાવ્યા પ્રમાણે ચૂંટણી યોજવાના હેતુથી, કલેક્ટર, તે અર્થે તેમણે નિર્દિષ્ટ કરેલ તારીખ પહેલાં સંબંધિત સ્થાનિક સત્તામંડળોના ચૂંટાયેલા સભ્યો/કાઉન્સિલરોની યાદી તેમને પૂરી પાડવા માટે મહાનગર વિસ્તારની અંદર આવતાં ગ્રામ પંચાયતોના સરપંચો, મ્યુનિસિપાલિટીઓ/નગરપાલિકાઓના મુખ્ય અધિકારી અને મ્યુનિસિપલ કોર્પોરેશનોના કમિશનરને જણાવી શકશે.

(૨) પેટા-નિયમ (૧)માં ઉલ્લેખેલ સત્તાધિકારીઓએ, નોટિસની તારીખથી સાત દિવસની અંદર સંપૂર્ણ અને સાચી માહિતી (કોઈ ગેરલાયકાત, હોય તો, તે સહિત) પૂરી પાડવી જોઈશે.

(૩) આવી યાદી પ્રાપ્ત થયેથી, કલેક્ટર, પેટા-નિયમ (૨) હેઠળ પૂરી પાડેલ વિગતોની ખરાઈ કરીને ચકાસણી કરશે અને દરેક મતદાર વિભાગ માટે અલગથી ગુજરાતીમાં કામચલાઉ મતદાર યાદી તૈયાર કરશે અને આવી દરેક યાદી, કલેક્ટર કચેરી અને ગ્રામ પંચાયતો, મ્યુનિસિપાલિટીઓ/નગરપાલિકાઓ અને મહાનગર વિસ્તારની મ્યુનિસિપલ

કોર્પોરેશનોની સંબંધિત કચેરીઓના નોટિસ બોર્ડ ઉપર પ્રસિધ્ધિ કરવી જોઈશે. જેનું નામ મતદાર યાદીમાં સમાવિષ્ટ કરવામાં આવ્યું હોય તેવો કોઈ મતદાર, તેને નોટિસ અને મતદાર યાદીમાં જણાય તેવી ચૂક અથવા ભૂલ અંગે, મતદાર યાદીની પ્રસિધ્ધિની તારીખથી ત્રણ દિવસની અંદર કલેક્ટર સમક્ષ લેખિતમાં કોઈ વાંધો ઉઠાવી શકશે અને કલેક્ટરને, રેકર્ડની ખરાઈ કર્યેથી, કોઈ ચૂક અથવા ભૂલ જણાય, તો તેમણે, તેવી ચૂકો અથવા ભૂલ સુધારવી જોઈશે. કલેક્ટરનો નિર્ણય આખરી રહેશે.

(૪) પેટા-નિયમ (૩) હેઠળ પ્રક્રિયા પૂરી થયા પછી, કલેક્ટરે, પેટા-નિયમ (૩) હેઠળ તૈયાર કરેલ યાદીના આધારે આખરી મતદાર યાદી, નમૂના ૧માં તે જ રીતે પ્રસિધ્ધ કરવી જોઈશે અને કલેક્ટર દ્વારા તેને એવી જ રીતે સુધારવામાં ન આવે ત્યાં સુધી, તે કોઈપણ પેટા-ચૂંટણીના હેતુ માટે મતદાર યાદી તરીકે અમલમાં ચાલુ રહેશે.

૧૦. **મતદાર યાદી આખરી હોવા બાબત.**- વ્યક્તિ દ્વારા ઉભી કરાયેલ કોઈપણ ગેરલાયકાતને અધીન રહીને, નિયમ ૯ના પેટા-નિયમ (૪) હેઠળ પ્રસિધ્ધ થયેલ આખરી મતદાર યાદી, ચૂંટણી વખતે મત આપવાના મતદારોના અધિકારનો અથવા યથાપ્રસંગ, તેના ચૂંટાવાના અધિકારનો આખરી પુરાવો ગણાશે.

૧૧. **મતદાન મથકો.**- (૧) ચૂંટણી અધિકારી, ચૂંટણી સત્તાધિકારીની પૂર્વ-મંજૂરીથી, ચૂંટણીનું મુક્ત અને નિષ્પક્ષ સંચાલન કરવા માટે અનુકૂળ હોય તેવા સ્થળોએ દરેક મતદાર વિભાગ માટે યોગ્ય સંખ્યામાં મતદાન મથકો માટે વ્યવસ્થા કરશે અને મતદાન મથકોની યાદી પ્રસિધ્ધ કરશે.

(૨) ચૂંટણી અધિકારી, દરેક મતદાન મથક સાથે જોડવાના મતદારોની સંખ્યા નક્કી કરશે. તદ્નુસાર મતદાર યાદી, સંબંધિત મતદાન મથકના નોટિસ બોર્ડ ઉપર પ્રદર્શિત કરવી જોઈશે.

૧૨. **પ્રમુખ અધિકારી અને મતદાન અધિકારીની નિમણૂક.**- (૧) ચૂંટણી અધિકારી, દરેક મતદાન મથક માટે પ્રમુખ અધિકારી તરીકે અને પ્રમુખ અધિકારીને સહાય કરવા માટે જરૂરી ગણે તેટલી સંખ્યામાં મતદાન અધિકારીઓ તરીકે સરકારી અધિકારી અથવા કર્મચારી નીમશે;

પરંતુ મતદાન અધિકારી, મતદાન મથકે ગેરહાજર હોય, તો પ્રમુખ અધિકારી, ચૂંટણી અધિકારીની મંજૂરીથી, મતદાન અધિકારી તરીકે સરકારી અધિકારી અથવા કર્મચારીને નીમી શકશે.

(૨) મતદાન અધિકારી, પ્રમુખ અધિકારી એવો આદેશ આપે તો, આ નિયમો હેઠળ પ્રમુખ અધિકારીના તમામ અથવા તે પૈકીના કોઈપણ કાર્યો કરશે.

(૩) પ્રમુખ અધિકારી માંદગી અથવા અન્ય અનિવાર્ય કારણોસર ગેરહાજર રહે, તો મતદાન મથક ખાતેના તેના કાર્યો, ચૂંટણી અધિકારી અધિકૃત કરે તેવા અધિકારીએ કરવા જોઈશે.

૧૩. **પ્રમુખ અધિકારી અને મતદાન અધિકારીની ફરજો** .- (૧) મતદાન મથકે વ્યવસ્થા જાળવવાની અને મુક્ત અને નિષ્પક્ષ રીતે મતદાનનું સંચાલન થાય તે જોવા માટે જરૂરી હોય તેવા તમામ પગલાં લેવાની ત્યાંના પ્રમુખ અધિકારીની ફરજ રહેશે.

(૨) દરેક મતદાન અધિકારી, પ્રમુખ અધિકારી એવો આદેશ આપે, તો આ નિયમો હેઠળ પ્રમુખ અધિકારીને સોંપેલ તમામ અથવા તે પૈકીની તમામ ફરજો બજાવી શકશે.

(૩) મતદાન મથકે મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીનું સંચાલન કરવા માટે પ્રમુખ અધિકારીઓના કાર્યો કરવામાં તેમને સહાય કરવાની, તેવા મતદાન મથક ખાતે મતદાન અધિકારીની ફરજ રહેશે.

૧૪. **ચૂંટણીના જુદા જુદા તબક્કાઓ માટે તારીખો નક્કી કરવા બાબત.**

(૧) ચૂંટણી અધિકારી, નમૂના ૧-કમાં સમિતિની ચૂંટણીના જુદા જુદા તબક્કાઓની તારીખો જાહેર કરશે.

(૨) કલેક્ટરે, નિયમ-૯ના પેટા-નિયમ (૪) હેઠળ આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં ન આવે, ત્યાં સુધી પેટા-નિયમ (૧)માં ઉલ્લેખેલ ચૂંટણી કાર્યક્રમ પ્રસિધ્ધ કરવો જોઈશે નહિ. ચૂંટણી કાર્યક્રમના તબક્કાઓ, નીચેના કોષ્ટકમાં નિર્દિષ્ટ કરેલી મુદતની વિચારણા કરીને જાહેર કરવા જોઈશે.

(૧) નામાંકનો (ઉમેદવારી પત્રો) દાખલ કરવા માટેની છેલ્લી તારીખ	નિયમ ૯ હેઠળ પ્રસિધ્ધ કરેલ નોટિસની તારીખથી ૧૫ (પંદર) દિવસ.
(૨) નામાંકનોની ચકાસણીની તારીખ.	નામાંકનો દાખલ કરવા માટેની છેલ્લી તારીખ પછી ઓછામાં ઓછા ૨ (બે) દિવસ
(૩) જે તારીખ સુધીમાં ઉમેદવારી પાછી ખેંચવાની હોય તે તારીખ.	નામાંકનોની ચકાસણીની છેલ્લી તારીખ પછી ૩ (ત્રણ) દિવસની અંદર
(૪) ચૂંટણી લડનાર ઉમેદવારોની આખરી યાદીની પ્રસિધ્ધિની તારીખ.	ઉમેદવારીઓ પાછી ખેંચવા માટે નક્કી કરેલ છેલ્લી તારીખની તરત પછીનો દિવસ.
(૫) જે તારીખે અને જે સમય દરમિયાન મતદાન કરવામાં આવશે તે તારીખ અને તે સમય.	ચૂંટણી લડનાર ઉમેદવારોની આખરી યાદીની પ્રસિધ્ધિની તારીખથી ૧૦ (દસ) દિવસ.
(૬) મત ગણતરી માટેની તારીખ અને સમય તેમજ સ્થળ.	જે તારીખે મતદાન કરવામાં આવે તે તારીખથી બીજા દિવસે.
(૭) મતદાનના પરિણામો જાહેર કરવાની તારીખ.	મત ગણતરી કર્યા પછી તરત જ.

સ્પષ્ટીકરણ.- ઉપરના કિસ્સાઓમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે તારીખોની ગણતરી કરવામાં છેલ્લી તારીખે, જાહેર રજા હોય, તો તરત પછીના કામકાજના દિવસને સંબંધિત પ્રસંગો માટે નક્કી કરવો જોઈશે.

૧૫. **નિયમ ૧૪ હેઠળ હુકમ પ્રસિધ્ધિની રીત બાબત.**- (૧) ચૂંટણી અધિકારીએ, નિયમ ૧૪ હેઠળ કરેલા હુકમની નકલ, ગ્રામ પંચાયતો અને મ્યુનિસિપાલિટીઓ/નગરપાલિકાઓમાં, મતદાન માટે નક્કી કરેલ તારીખ પહેલાં ઓછામાં ઓછા ૨૫ (પચીસ) દિવસમાં સંબંધિત મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી અને ગ્રામ પંચાયતોને મોકલવી જોઈશે.

(૨) પેટા-નિયમ (૧)માં ઉલ્લેખેલ હુકમ, અનુક્રમે મ્યુનિસિપલ કમિશનર, ચૂંટણી અધિકારી, મ્યુનિસિપાલિટીઓ/નગરપાલિકાઓ અને ગ્રામ પંચાયતોની કચેરીઓના નોટિસ બોર્ડો ઉપર ચોંટાડવી જોઈશે અને સંબંધિત વિસ્તારમાં બહોળો ફેલાવો ધરાવતા સ્થાનિક ગુજરાતી દૈનિક વર્તમાનપત્રોમાં પણ પ્રસિધ્ધ કરવી જોઈશે.

૧૬. **નામાંકન મંગાવતી નોટિસ.**- નિયમ ૧૪ સાથે વાંચતાં, નિયમ ૯ હેઠળ જાહેર નોટિસ કાઢ્યેથી તરત જ ચૂંટણી અધિકારીએ નમૂના ૧-ક-માં,-

(૧) તેવી ચૂંટણી માટે ઉમેદવારોના નામાંકનો મંગાવતી અને તેમાં જે સમયે અને જે સ્થળે નામાંકનપત્રો સુપરત કરવા જોઈશે તે તારીખ અને તે સ્થળ નિર્દિષ્ટ કરતી;

(૨) નામાંકનોની ચકાસણી કરવા માટે સમય અને સ્થળની; અને

(૩) જે સમયે અને જે સ્થળે ઉમેદવારી પાછી ખેંચવા અંગેની નોટિસ મોકલવાની હોય તે સમય અને તે સ્થળ બાબતની, જાહેર નોટિસ કાઢવી જોઈશે.

૧૭. **ઉમેદવારોનું નામાંકન.**- (૧) નિયમ ૧૬ હેઠળ રજૂ કરેલ દરેક નામાંકન પત્ર, નમૂના ૨-કમાં હોવું જોઈશે :

પરંતુ અપૂર્ણ અથવા ખામીયુક્ત નામાંકન પત્ર અથવા નામાંકન પત્રમાં અપૂર્ણ એકરાર, નોંધપાત્ર ખામી હોવાનું ગણાશે.

(૨) કોઈ વ્યક્તિ, અધિનિયમની જોગવાઈ હેઠળ તે બેઠક ભરવા માટે પસંદગીને પાત્ર હોય અને તેનું નામ આખરી મતદાર યાદીમાં નોંધાયેલ હોય, તો તે, ચૂંટણી માટે ઉમેદવાર તરીકે પોતાનું નામાંકન દાખલ કરાવવા હકદાર રહેશે.

(૩) ચૂંટણી અધિકારીએ, માંગણી થયે કોઈપણ મતદારને નામાંકન પત્ર પૂરૂં પાડવું જોઈશે.

૧૮. **નામાંકન પત્રની રજૂઆત અને માન્ય નામાંકનો માટેની જરૂરિયાતો.**-

(૧) ઉમેદવારના નમૂના ૨ ક-માંનું દરેક નામાંકન, ઉમેદવારની સંપૂર્ણ વિગત ધરાવતું હોવું જોઈશે અને તેની ઉપર, તેના મતદાર વિભાગના બે મતદારોએ સહી કરવી જોઈશે, જેમાંનો એક મતદાર પ્રસ્તાવકર્તા (દરખાસ્ત કરનાર) રહેશે

અને બીજો મતદાર સમર્થક (ટેકેદાર) રહેશે; અને તે, નિયમ ૧૬ હેઠળ નક્કી કરેલ તારીખે અથવા તે પહેલાં તેવી રીતે નામનિયુક્ત થયાની પોતાની ઈચ્છા દર્શાવતા ઉમેદવારની સહી ધરાવતું હોવું જોઈશે અને તે, સદરહુ નિયમ હેઠળ કરેલા હુકમમાં નિર્દિષ્ટ કરેલા સમય દરમિયાન અને સ્થળે ચૂંટણી અધિકારીને તેણે રૂબરૂ અથવા તેના પ્રસ્તાવકર્તાએ સોંપવું જોઈશે.

(૨) અધિનિયમ અથવા નિયમોની જોગવાઈ હેઠળ મતદાર તરીકે કોઈપણ ગેરલાયકાતને અધીન ન હોય અને જે મતદાર વિભાગ માટે ઉમેદવારને નામનિયુક્ત કરવામાં આવ્યો હોય તેવા મતદાર વિભાગ માટે જેનું નામ આખરી મતદાર યાદીમાં નોંધવામાં આવ્યું હોય તેવી કોઈપણ વ્યક્તિ, પ્રસ્તાવકર્તા અને સમર્થક તરીકે સહી કરી શકશે.

(૩) નામાંકન પત્રની રજૂઆત થયેથી, ચૂંટણી અધિકારીએ જાતે ખાતરી કરવી જોઈશે કે નામાંકન પત્રમાં નોંધ્યા પ્રમાણે ઉમેદવાર અને તેના પ્રસ્તાવકર્તા અને સમર્થકના નામ અને નંબર, નિયમ ૯ના પેટા-નિયમ (૪)માં ઉલ્લેખેલ આખરી મતદાર યાદીમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યા હોય તે પ્રમાણેના જ છે.

(૪) ચૂંટણી અધિકારી, સદરહુ નામ અથવા નંબરને મતદાર યાદીમાં તત્સમાન નોંધો અનુસાર લાવવાના હેતુથી તેના સંદર્ભમાં નામાંકન પત્રમાંની કોઈપણ કારકુની અથવા તકનિકી ભૂલ જતી કરી શકશે અને જરૂરી હોય ત્યારે, સદરહુ નોંધોમાં કોઈ નજીવી કારકુની અથવા મુદ્રણની ભૂલને જતી કરી શકશે.

૧૯. **નામાંકન પત્રોની ચકાસણીની નોટિસ.-** ચૂંટણી અધિકારી, નિયમ ૧૮ હેઠળ (નમૂના ૨-ક)માં નામાંકન પત્ર મળ્યેથી, નમૂના ૨-ખ માં તેની પહોંચ આપશે અને તે (નામાંકન પત્ર) સોંપનાર વ્યક્તિ અથવા વ્યક્તિઓને, નામાંકનોની ચકાસણી માટે નક્કી કરેલ તારીખ, સમય અને સ્થળ જણાવશે અને નામાંકન પત્ર ઉપર તેનો અનુક્રમાંક નોંધીને નામાંકન પત્ર તેમને સોંપવામાં આવ્યું હોય તે તારીખ અને તે સમય દર્શાવીને તેની ઉપર સહી કરશે અને ત્યારપછી તરત જ ઉમેદવાર અને પ્રસ્તાવકર્તા બંનેના નમૂના ૨ ગ(૧)માં નામાંકન પત્રમાં સમાવિષ્ટ કરેલ વર્ણનો ધરાવતી નામાંકનની નોટિસ, તેની કચેરીમાં તરત નજરે ચડે તેવા અમુક સ્થળે ચોંટાડશે.

૨૦. **નામાંકનપત્રોની ચકાસણી.-** (૧) નિયમ ૧૯ હેઠળ નામાંકન પત્રોની ચકાસણી માટે નક્કી કરેલ તારીખે, ઉમેદવારો, તેમના ચૂંટણી એજન્ટો, દરેક ઉમેદવારનો એક પ્રસ્તાવકર્તા અને દરેક ઉમેદવારે લેખિતમાં યોગ્ય રીતે અધિકૃત કરેલી બીજી એક વ્યક્તિ, આ અર્થે નક્કી કરેલ સમયે અને સ્થળે હાજર રહી શકશે અને ચૂંટણી અધિકારી, નિયમ ૧૮ હેઠળ સોંપવામાં આવ્યા હોય તેવા તમામ ઉમેદવારોના નામાંકનપત્રો તપાસવા માટે તેમને વાજબી સુવિધાઓ આપશે.

(૨) ત્યારપછી, ચૂંટણી અધિકારી, નામાંકન પત્રોની ચકાસણી કરશે અને કોઈપણ નામાંકનના સંબંધમાં મેળવવામાં આવ્યા હોય તેવા તમામ વાંધા અંગે નિર્ણય કરશે અને પોતે યોગ્ય ગણે તેવી તમામ તપાસ કર્યા પછી તેવા વાંધા ઉપરથી અથવા પોતે દરખાસ્ત મૂકીને, કોઈપણ નામાંકનનો અસ્વીકાર કરી શકશે.

(૩) ઉમેદવારને જેના સંબંધમાં કોઈ અનિયમિતતા કરવામાં આવી ન હોય તેવા બીજા નામાંકન પત્રથી, યોગ્ય રીતે નામનિયુક્ત કરવામાં આવ્યો હોય, તો પેટા-નિયમ (૨)માં સમાવિષ્ટ કરેલ કોઈપણ મજકૂર, નામાંકન પત્રના સંબંધમાં કોઈ અનિયમિતતાના આધાર પર કોઈપણ ઉમેદવારના નામાંકનના અસ્વીકારને અધિકૃત કરતો હોવાનું ગણાશે નહિ.

(૪) ચૂંટણી અધિકારી, નિયમ ૧૯ હેઠળ આ અર્થે નક્કી કરેલ તારીખે ચકાસણી યોજશે અને આવી કાર્યવાહીઓ, તેમના નિયંત્રણ બહારના કારણોસર રોકવામાં આવી હોય અથવા અટકાવવામાં આવી હોય તે સિવાય, કોઈ કાર્યવાહીઓની મોકૂફીની પરવાનગી આપશે નહિ :

પરંતુ ચૂંટણી અધિકારીએ અથવા કોઈ બીજી વ્યક્તિએ કોઈ વાંધો, ઉઠાવ્યો હોય તેવા કિસ્સામાં, સંબંધિત ઉમેદવારને, તે ખંડન કરવા માટે ઓછામાં ઓછા તરત પછીના દિવસ સુધીનો સમય આપી શકાશે અને ચૂંટણી અધિકારી, જે તારીખ સુધી કાર્યવાહીઓ મોકૂફ રાખવામાં આવી હોય તે તારીખે પોતાનો નિર્ણય નોંધશે.

(૫) ચૂંટણી અધિકારી, દરેક નામાંકન પત્ર ઉપર તેનો સ્વીકાર કરતો અથવા અસ્વીકાર કરતો પોતાના નિર્ણયનો શેરો કરશે અને નામાંકન પત્રનો અસ્વીકાર કર્યો હોય, તો તે આવા અસ્વીકાર માટેના પોતાના કારણોનું ટૂંકું નિવેદન લેખિતમાં નોંધશે.

(૬) આ નિયમના હેતુઓ માટે, સંબંધિત મતદાર વિભાગની મતદાર યાદીમાં કરેલ કોઈ નોંધની પ્રમાણિત કરેલ નકલની રજૂઆત, ચૂંટણી લડવા માટે તે નોંધમાં નામ જણાવેલ કોઈ મતદારના અધિકારનો આખરી પુરાવો ગણાશે સિવાય કે એવું સાબિત થાય કે ઉમેદવાર ગેરલાયક છે.

૨૧. **માન્ય નામાંકનોની યાદીની પ્રસિધ્ધિ.**- તમામ નામાંકન પત્રોની ચકાસણી કરવામાં આવી હોય અને તેના અસ્વીકાર અથવા અસ્વીકારનો નિર્ણય નોંધવામાં આવ્યો હોય તે પછી તરત જ, ચૂંટણી અધિકારીએ જેમના નામાંકનો સ્વીકારવામાં આવ્યો હોય તેવા ઉમેદવારોની યાદી નમૂનો ૨-ગ-૨ માં તૈયાર કરવી જોઈશે અને જે તારીખે અને જે સમયે યાદી એવી રીતે ચોંટાડવામાં આવી હતી તે તારીખ અને તે સમય નોંધ કરેલી યાદી તેમના નોટિસ બોર્ડ ઉપર ચોંટાડવી જોઈશે.

૨૨. **અપીલ.**- (૧) તેનું પોતાનું નામાંકન/ઉમેદવારીનો અસ્વીકાર કરતાં અથવા કોઈ બીજા ઉમેદવારના નામાંકનનો સ્વીકાર કરતાં ચૂંટણી અધિકારીના નિર્ણયથી નારાજ થયેલી કોઈપણ વ્યક્તિ, નિયમ ૨૧ હેઠળ ચૂંટણી અધિકારીએ સ્વીકારેલ ઉમેદવારોના નામોનો સમાવેશ કરતી નોટિસ, નોટિસ બોર્ડ ઉપર ચોંટાડવામાં આવી હોય તે તારીખથી ત્રણ દિવસની અંદર ચૂંટણી અધિકારીના હુકમ વિરૂધ્ધ ચૂંટણી સત્તાધિકારીને અપીલ કરી શકશે; અને તેણે, સામાન્ય રીતે તેના નામાંકન પત્ર સિવાય જેમના નામાંકન પત્રો સ્વીકારવામાં આવ્યા હોય તેટલા ઉમેદવારોની સંખ્યા જેટલી અપીલની નકલો સાથે અરજદારની અપીલની નકલ ચૂંટણી અધિકારીને તે જ દિવસે પૂરી પાડવી જોઈશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ કરેલ અપીલ ઉપરનો ચૂંટણી સત્તાધિકારીનો નિર્ણય, આખરી ગણાશે.

૨૩. **ઉમેદવારી પાછી ખેંચવા બાબત.**- (૧) કોઈપણ ઉમેદવાર, નમૂનો-૨-ઘ-માં સહી કરેલી લેખિત નોટિસ, પોતે, ચૂંટણી અધિકારીને,-

(ક) નિયમ ૨૨ હેઠળ કોઈ અપીલ રજૂ કરવામાં આવી ન હોય, ત્યારે નિયમ ૧૪ના પેટા-નિયમ (૨)માં ઉલ્લેખેલ મુદત પૂરી થયા પછી તરત પછીના દિવસે; અથવા

(ખ) આવી અપીલ કરવામાં આવી હોય, ત્યારે જે દિવસે ચૂંટણી અધિકારીનો નિર્ણય આપવામાં આવ્યો હોય તે દિવસની તરત પછીના દિવસે,

સોંપી પોતાની ઉમેદવારી પાછી ખેંચી શકશે.

(૨) ઉમેદવારી પાછી ખેંચવા માટે નિયમ ૧૪ હેઠળ નક્કી કરેલ છેલ્લી તારીખે બપોરના ૩:૦૦ વાગ્યા પહેલાં, ચૂંટણી અધિકારીને નોટિસ આપવી જોઈશે.

(૩) નોટિસ, ઉમેદવારે રૂબરૂમાં અથવા તેના પ્રસ્તાવકર્તા દ્વારા આપી શકાશે.

(૪) પેટા-નિયમ (૧) હેઠળ પોતાની ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ આપેલ હોય તેવી કોઈપણ વ્યક્તિને, નોટિસ રદ કરવાની પરવાનગી આપવી જોઈશે નહિ.

(૫) ચૂંટણી અધિકારી, પેટા-નિયમ (૩) હેઠળ (ઉમેદવારી) પાછી ખેંચવાની નોટિસની યથાર્થતા અને તે આપનાર વ્યક્તિની ઓળખ અંગે ખાતરી થયેથી, પોતાની કચેરીના નોટિસ બોર્ડ ઉપર નોટિસ ચોંટાડાવશે.

૨૪. **ચૂંટણી લડનાર ઉમેદવારોની યાદી તૈયાર કરવા બાબત.**- (૧) ઉમેદવારી પાછી ખેંચવા માટે નિયમ ૧૪ હેઠળ નક્કી કરેલ છેલ્લી તારીખની તરત પછીના દિવસે, ચૂંટણી અધિકારી, જેમના નામાંકન પત્રો આખરે સ્વીકારવામાં આવ્યા હોય અને નિર્દિષ્ટ કરેલ મુદતની અંદર તેમની ઉમેદવારી પાછી ખેંચવામાં આવી ન હોય તેવા ચૂંટણી લડતા ઉમેદવારોની યાદી, નમૂના ૩-ક માં તૈયાર કરીને પ્રસિધ્ધ કરાવશે.

(૨) પેટા-નિયમ (૩)ની જોગવાઈને અધીન રહીને, સદરહુ યાદીમાં, નામાંકન પત્રોમાં આપ્યા પ્રમાણેના વર્ણાનુક્રમમાં ચૂંટણી લડતા ઉમેદવારોના નામો અને તેમના સરનામાનો સમાવેશ ગુજરાતીમાં કરવો જોઈશે.

(૩) પેટા-નિયમ (૨)માં ઉલ્લેખેલ વર્ણાનુક્રમ, ઉમેદવારોની અટકો અને અન્ય ઉમેદવારોના યોગ્ય નામો અનુસાર નિર્ધારિત કરવા જોઈશે.

૨૫. **ચૂંટણી લડનાર ઉમેદવારોની યાદીની પ્રસિધ્ધિ બાબત.**- દરેક મતદાર વિભાગમાંથી ચૂંટણી લડનાર ઉમેદવારોની યાદી તૈયાર થાય કે તરત જ, ચૂંટણી અધિકારી તેને તરત જ પ્રસિધ્ધ કરાવશે અને પોતાની કચેરીના નોટિસ બોર્ડ ઉપર ચોંટાડાવશે અને તેની નકલ ચૂંટણી લડનાર દરેક ઉમેદવારોને અને માંગણી કર્યે, તેના ચૂંટણી એજન્ટને પણ પૂરી પાડશે.

૨૬. **ચૂંટણી એજન્ટની નિમણૂક અને નિમણૂંક રદ કરવા બાબત.**- (૧) ઉમેદવાર, કોઈપણ વ્યક્તિને તેના ચૂંટણી એજન્ટ તરીકે નીમવા ઈચ્છતો હોય, તો તેણે, પેટા-નિયમ (૩)ની જોગવાઈને અધીન રહીને આવી નિમણૂક નમૂના ૩-ખમાં કરવી જોઈશે. ઉમેદવાર, નામાંકન પત્ર તૈયાર કરવાના સમયે ચૂંટણી અધિકારીને, આવો નિમણૂક પત્ર આપીને અથવા રવાના કરીને આવી નિમણૂકની નોટિસ આપશે. ઉમેદવાર, પોતે નીમેલા ચૂંટણી એજન્ટને નિમણૂક પત્રની બીજી નકલ પણ આપવી જોઈશે.

(૨) ઉમેદવાર, ચૂંટણી એજન્ટની નિમણૂક કોઈપણ સમયે પોતે સહી કરીને લેખિતમાં એકરાર કરીને અને નમૂના ૩-ગ માં ચૂંટણી અધિકારી સમક્ષ નોંધાવીને રદ કરી શકશે. તે જે તારીખે એવી રીતે નોંધાવવામાં આવે તે તારીખથી, અમલમાં આવશે. આવું રદ કરવાના અથવા કોઈ ચૂંટણી એજન્ટના મૃત્યુની ઘટનામાં, તે ઘટના ચૂંટણી પહેલાં અથવા તે દરમિયાન બને, તો ઉમેદવાર, તેના ચૂંટણી એજન્ટ તરીકે બીજી વ્યક્તિને નીમી શકશે અને તેની નોટિસ, પ્રથમ ચૂંટણી એજન્ટની નિમણૂકના કિસ્સામાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની રીતે જ ચૂંટણી અધિકારીને આપવી જોઈશે.

(૩) જે વ્યક્તિ, નિયમો હેઠળ મતદાર તરીકે કોઈ ગેરલાયકાતને અધીન હોય અથવા જેનું નામ મતદાર યાદીમાં નોંધાયેલું ન હોય તેવી કોઈપણ વ્યક્તિને ચૂંટણી એજન્ટ તરીકે નીમવો જોઈશે નહિ.

(૪) દરેક ઉમેદવાર, દરેક મતદાન મથક માટે નમૂના ૩-ઘ માં પોતાનો ચૂંટણી એજન્ટ નીમી શકશે અને આવી નિમણૂક, ચૂંટણી અધિકારીને નમૂના ૩-ચ-માં નોટિસ આપીને રદ કરી શકાશે.

૨૭. **મતદાન પહેલાં ઉમેદવારનું મૃત્યુ થયેથી મતદાન રદ કરવા બાબત.**- ચૂંટણી લડનાર ઉમેદવાર મૃત્યુ પામે અને મતદાન શરૂ થતાં પહેલાં ચૂંટણી અધિકારીને તેના મૃત્યુની જાણ થાય, તો ચૂંટણી અધિકારી, ઉમેદવારના મૃત્યુની ઘટનાની ખાતરી થયેથી મતદાન રદ કરશે અને ચૂંટણીના સંદર્ભમાંની તમામ કાર્યવાહીઓ, નવી ચૂંટણી માટેની તમામ બાબતોમાં નવેસરથી શરૂ કરવી જોઈશે :

પરંતુ-

(ક) જે વ્યક્તિ, મતદાન રદ થવાના સમયે ચૂંટણી લડનાર ઉમેદવાર હતા તેવી વ્યક્તિના કિસ્સામાં કોઈ વધુ નામાંકનની જરૂર રહેશે નહિ; અને

(ખ) મતદાન રદ કરતાં પહેલાં, નિયમ ૨૩ હેઠળ જેણે પોતાની ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ આપેલ હોય તેવી કોઈપણ વ્યક્તિ, આવી ચૂંટણી રદ કર્યા પછી ચૂંટણી માટે ઉમેદવાર તરીકે નામનિયુક્ત થવા માટે અયોગ્ય ગણાશે.

૨૮. **બિન-હરીફ ચૂંટણીઓ.**- જે મુદતની અંદર, નિયમ ૨૩ હેઠળ ઉમેદવારી પાછી ખેંચી શકાય તે મુદત પૂરી થયા પછી, મતદાર વિભાગમાં જેમના નામાંકનો સ્વીકારવામાં આવ્યા હોય તેવા ઉમેદવારોની સંખ્યા, ભરવાની બેઠકોની સંખ્યા જેટલી અથવા તે કરતાં ઓછી હોય, તો ચૂંટણી અધિકારી, બેઠક અથવા યથાપ્રસંગ, બેઠકોની સંબંધિત સંખ્યા ભરવા માટે તેવા ઉમેદવાર અથવા તેવા તમામ ઉમેદવારોને યોગ્ય રીતે ચૂંટાયેલા હોવાનું તરત જ જાહેર કરી શકશે અને નમૂના જમાં જાહેરાત કરીને તેને પ્રમાણિત કરશે.

૨૯. **ચૂંટણીના સંચાલન અંગેની કાર્યરીતિ.**- મતગણતરી સહિત, કાઉન્સિલરોની ચૂંટણીના સંચાલનના હેતુ માટે મ્યુનિસિપલ કોર્પોરેશનનો અને નગરપાલિકાઓ(ના નામનિયુક્ત કાઉન્સિલરોની લાયકાત, ચૂંટણી અને નિમણૂક) બાબત નિયમો, ૧૯૯૫માં ઠરાવેલ કાર્યરીતિ, ઉચિત ફેરફારો સાથે મહાનગર આયોજન સમિતિના ચૂંટાયેલા સભ્યોની ચૂંટણીના સંબંધમાં લાગુ પડશે.

INDEX

૩૦. **પરિણામની જાહેરાત.-** મત ગણતરી પૂરી થાય, ત્યાર પછી ચૂંટણી અધિકારી, ચૂંટાયેલા હોય તેવા ઉમેદવારોનું પરિણામ નમૂના-૫ માં જાહેર કરશે અને તરત જ તેની, સહી કરેલી નકલો ચૂંટણી સત્તાધિકારીને મોકલશે.

૩૧. **સમિતિના ચૂંટાયેલા સભ્યોના નામોની પ્રસિધ્ધિ બાબત.-** (૧) ચૂંટણી સત્તાધિકારી, તેમની કચેરીના નોટિસ બોર્ડ ઉપર અથવા તરત નજરે પડે તેવા કોઈ સ્થળે મહાનગર આયોજન સમિતિના તમામ ચૂંટાયેલા સભ્યોના નામો તેમના કાયમી સરનામાઓ અને જ્યાંથી તેઓ ચૂંટાયા હોય તેવા મતદાર વિભાગોના નામો સહિત ચોંટાડવાની તેમના નામોની યાદી પ્રસિધ્ધ કરાવશે.

(૨) ચૂંટણી સત્તાધિકારી, ચૂંટાયેલા સભ્યોની સમગ્ર યાદી રાજ્ય સરકારને મોકલશે.

૩૨. **હંગામી ખાલી બેઠકો ભરવા બાબત.-** મૃત્યુ, રાજીનામું, ગેરલાયકાતને કારણે અથવા અન્ય કોઈ કારણસર કોઈ બેઠક ખાલી પડવાના પ્રસંગે, સમિતિનો સભ્ય સચિવ, મહાનગર વિસ્તારના ચૂંટણી સત્તાધિકારીને બેઠક ખાલી પડવાની તરત જ જાણ કરશે અને આવી ખાલી બેઠક, સમાન રીતે પેટા-ચૂંટણી યોજીને ભરવી જોઈશે.

પ્રકરણ-૪

સમિતિની બેઠક

૩૩. **સમિતિની બેઠક અને અનુસરવાની કાર્યરીતિ.-** (૧) સમિતિએ તેના કામકાજના સંચાલન માટે જરૂરી હોય તેટલી વાર, પણ વર્ષમાં બે વખતથી ઓછી નહિ તેટલી વખત બેઠક યોજવી જોઈશે.

(૨) સમિતિની તમામ બેઠકોનું પ્રમુખસ્થાન અધ્યક્ષ લેશે.

(૩) અધ્યક્ષ અથવા તેમની ગેરહાજરીમાં, અધ્યક્ષે અધિકૃત કરેલા સમિતિના સૌથી વરિષ્ઠ સભ્ય-એ બેઠકનો દિવસ, સમય અને સ્થળ નક્કી કરશે અને બેઠક માટેની કાર્યસૂચિની (એજન્ડાની) બાબતો મંજૂર કરશે.

(૪) સમિતિના સભ્ય-સચિવે, કાર્યસૂચિ (એજન્ડા) સહિત. બેઠકની તારીખના ઓછામાં ઓછા દસ દિવસ પહેલા બેઠકની સ્પષ્ટ નોટિસ સભ્યોને આપવી જોઈશે. નોટિસ સ્વીકૃતિ (પહોંચ) સાથે રૂબરૂમાં પહોંચાડવી જોઈશે અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદા હેઠળ માન્ય હોય તેવા સંદેશાવ્યવહારની કોઈ સલામત અને વિશ્વસનીય પધ્ધતિથી મોકલવી જોઈશે.

(૫) સમિતિની બેઠકની કાર્યસૂચિ (એજન્ડા)માં સમાવિષ્ટ ન હોય તેવી કોઈ બાબત અધ્યક્ષ અથવા તેમની ગેરહાજરીમાં પ્રમુખસ્થાન સંભાળતા હોય તેવા સભ્યની મંજૂરીથી વિચારણા માટે લઈ શકાશે.

૩૪. **બેઠકનું સ્થળ.-** (૧) સમિતિની તમામ બેઠકો સમિતિના મુખ્ય મથકે અથવા અધ્યક્ષ નક્કી કરે તેવા કોઈ સ્થળે યોજવી જોઈશે.

(૨) નવી રચાયેલી સમિતિની પ્રથમ બેઠક. સમિતિની રચના થયાની તારીખથી ત્રીસ દિવસની અંદર યોજવી જોઈશે. તેની છેલ્લી બેઠક અને અગાઉની બેઠક વચ્ચે નેવું દિવસની મુદત થવી જોઈશે નહિ.

૩૫. **બેઠક માટેનું કોરમ અને કામકાજ ચલાવવા બાબત.-** (૧) સમિતિની દરેક બેઠકમાં કામકાજ ચલાવવા માટે ઓછામાં ઓછા દસ સભ્યોનું કોરમ બનાવવું જોઈશે.

(૨) સમિતિની બેઠક માટે નિયત કરેલા સમયના અડધા કલાકની અંદર કોરમ ન બને, તો બેઠક તે જ દિવસે અને તે જ સ્થળે અડધા કલાકમાં મુલતવી રાખવી જોઈશે અને સદરહુ બેઠકની કાર્યસૂચિ (એજન્ડા) અંગેનું કામકાજ ત્યારપછી, કોરમ હોય કે ન હોય તે બાબતને લક્ષમાં લીધા વિના ચલાવવું જોઈશે.

(૩) સમિતિની બેઠકની તમામ કાર્યસૂચિ (એજન્ડા) અંગેનું કામકાજ. બેઠક યોજવામાં આવી હોય તે નિયત દિવસે ચલાવી ન શકાય. તો સમિતિના અધ્યક્ષ ત્યાર પછીના દિવસે બેઠક બોલાવી શકશે.

૩૬. **અવેજીએ બેઠકમાં હાજર રહેવા પર પ્રતિબંધ.-** કોઈ અવેજી અથવા મુખત્યારનામું અથવા અધિકારપત્ર ધરાવનાર, સમિતિના કોઈપણ સભ્ય વતી સમિતિની બેઠકમાં હાજરી આપવાને પાત્ર રહેશે નહિ.

૩૭. **સમિતિના નિર્ણય.**- સમિતિના બેઠકના તમામ નિર્ણય શક્ય હોય ત્યાં સુધી સર્વસંમતિથી લેવા જોઈશે. તેમ છતાં, સભ્યો વચ્ચેની અસંમતિના કિસ્સામાં, બેઠકમાં હાજર હોય તે સભ્યોની સાદી બહુમતીથી તે બાબતે નિર્ણય લેવો જોઈશે. દરેક સભ્ય એક મત આપી શકશે અને મતદાન હાથ ઊંચા કરીને કરવાનું રહેશે. સમાન મતોના કિસ્સામાં અધ્યક્ષ પાસે બીજો અથવા નિર્ણાયક મત રહેશે અને તે તેવા મતનો ઉપયોગ કરી શકશે.

૩૮. **બેઠકની કાર્યનોંધ.**- (૧) સભ્ય-સચિવે બેઠકની કાર્યવાહીની કાર્યનોંધ વહેલામાં વહેલી તકે પણ ત્રણ દિવસથી મોડા નહિ તે રીતે સમિતિની દરેક બેઠક પૂરી થયેથી નોંધવી જોઈશે અને ત્યાર પછી અધ્યક્ષ અથવા યથાપ્રસંગ તેમની ગેરહાજરીમાં બેઠકનું પ્રમુખસ્થાન સંભાળનાર સભ્યની મંજૂરી મેળવ્યા પછી, તે હેતુ માટે રાખવામાં આવેલી પુસ્તિકામાં કાર્યનોંધની નોંધ કરી શકાશે.

(૨) દરેક બેઠકની કાર્યનોંધમાં, બેઠકમાં લીધેલા નિર્ણય અંગેના યોગ્ય સંક્ષિપ્ત હેવાલનો સમાવેશ થશે.

(૩) કાર્યનોંધમાં નીચેની બાબતોનો પણ સમાવેશ થશે.-

(૧) બેઠકમાં હાજર સભ્યોના નામ,

(૨) બેઠકમાં લીધેલા દરેક નિર્ણયના કિસ્સામાં લીધેલા નિર્ણય સાથે અસંમત હોય અથવા સંમત ન હોય તેવા સભ્યો, હોય તો, તે સભ્યોના નામ.

(૪) સમિતિની બેઠકોની કાર્યનોંધ, તેમાં નોંધેલી કાર્યવાહીનો પુરાવો રહેશે.

(૫) સભ્ય-સચિવ-એ, અધ્યક્ષ અથવા યથાપ્રસંગ, પ્રમુખસ્થાન સંભાળતા સભ્ય દ્વારા બેઠકની કાર્યનોંધની મંજૂરી પછી સમિતિના દરેક સભ્યના રેકર્ડ અને માહિતી માટે સમિતિના દરેક સભ્યને કાર્યનોંધવહીમાં દાખલ કર્યા પ્રમાણેની કાર્યનોંધની નકલ મોકલી શકશે.

(૬) સભ્ય-સચિવ-એ, અધ્યક્ષ અથવા યથાપ્રસંગ બેઠકમાં પ્રમુખસ્થાન સંભાળતા સભ્યની મંજૂરીથી, સમિતિ અથવા તેની પેટા-સમિતિઓ પૈકીની કોઈ પેટા-સમિતિમાં લીધેલા નિર્ણયના સુસંગત ઉતારા, જરૂરી અનુવર્તી કાર્યવાહી માટે અને યોગ્ય અહેવાલ મોકલનાર પધ્ધતિ ઊભી કરીને, તેની ફરિયાદો અંગે દેખરેખ-નિયંત્રણ રાખવા માટે તમામ સંબંધિતોને પણ જાણ કરશે. અનુવર્તી કાર્યવાહી અંગેના સામયિક અહેવાલો સમિતિને મોકલવા જોઈશે.

૩૯. **સમિતિના રેકર્ડનો કબજો.**- સમિતિના તમામ રેકર્ડ, સભ્ય-સચિવના કબજામાં રહેશે.

૪૦. **સમિતિની બેઠકમાં વ્યવસ્થા જાળવવા બાબત.**- અધ્યક્ષે બેઠકમાં વ્યવસ્થા જાળવવી જોઈશે. અધ્યક્ષ તેમના નિર્ણયનું પાલન ન કરનાર અથવા જેનું વર્તન તેમના મતે તદ્દન અવ્યવસ્થિત હોય તેવા કોઈપણ સભ્યને બેઠકમાંથી તાત્કાલિકપણે પોતાની બેઠક છોડી જવા માટે આદેશ કરી શકશે અને આવી રીતે આદેશ કરવામાં આવ્યો હોય તેવા કોઈપણ સભ્યએ તાત્કાલિકપણે પોતાની બેઠક છોડી જવી જોઈશે અને એ દિવસની બેઠકની બાકીની મુદત દરમિયાન પોતે ગેરહાજર રહેવું જોઈશે.

નમૂનો - ૧

(જુઓ નિયમ ૯(૪) અને (૧૬))

મતદારોની યાદી

.... મહાનગર આયોજન સમિતિ

..................................મતવિસ્તાર

અનુક્રમાંક	ઉમેદવારનું નામ	જાતિ	વય	મુદત	ઓળખ કાર્ડ નંબર
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)
૧					
૨					
૩					
૪					

......................તારીખે પ્રસિધ્ધ કરેલ મતદાર યાદી

સ્થળ :

તારીખ :

.... કલેક્ટર

*સ્થાનિક સત્તામંડળની મુદત

નમૂનો ૧-ક

(જુઓ નિયમ ૧૪)

ચૂંટણીની નોટિસ

આથી, અહીં નોટિસ આપવામાં આવે છે કે :-

(૧) .... મહાનગર વિસ્તારના ચૂંટાયેલા સભ્યો દ્વારા .... ના ચૂંટાયેલા સભ્ય (સભ્યો) માટેની ચૂંટણી યોજવી.

(૨) નામાંકન પત્રો ....ખાતે, સવારના ૧૧.૦૦ થી બપોરના ૩.૦૦ વાગ્યાની વચ્ચે (જાહેર રજા સિવાયના) કોઈપણ દિવસે ....થી મોડા નહિ. તે રીતે ઉમેદવારે અથવા તેની દરખાસ્ત મૂકનારે ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારીને પહોંચાડી શકાશે.

(૩) નામાંકન પત્રના નમૂના ઉપર જણાવેલા સ્થળે અને સમયે મેળવી શકાશે;

(૪) નામાંકન પત્રો ચકાસણી માટે.. સ્થળે ....તારીખે .... વાગે લેવામાં આવશે.

(૫) ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટિસ ઉમેદવાર અથવા તેની દરખાસ્ત મૂકનાર અથવા (જેને ઉમેદવારે નોટિસ પહોંચાડવા લેખિતમાં અધિકૃત કરેલ હોય તેવા) તેમના ચૂંટણી એજન્ટ ઉપરના પરિચ્છેદ (પરિચ્છેદો)-માં નિર્દિષ્ટ કરેલા અધિકારીઓ પૈકીના કોઈ એક અધિકારીને તેમની કચેરીએ, બપોરના ૩.૦૦ વાગ્યા પહેલા... સ્થળે પહોંચાડી શકાશે.

(૬) ચૂંટણી યોજવાની બાબતમાં મતદાન ....ના દિવસે .... અને ....કલાકની વચ્ચેના સમયમાં કરી શકાશે.

સ્થળ :-

તારીખ :-　　　　　　　　　　　　　　ચૂંટણી સત્તાધિકારી

INDEX

નમૂનો ૨-ક
(જુઓ નિયમ ૧૭ (૧))
નામાંકન પત્ર
મહાનગર આયોજન સમિતિની ચૂંટણી

હું..ને મહાનગર આયોજન સમિતિની ચૂંટણીના માટેના ....મત વિસ્તારમાંથી ઉમેદવાર તરીકે નામનિયુક્ત કરું છું.

ઉમેદવારનું નામ..પિતાનું/માતાનું/પતિનું નામ..

તેમનું ટપાલનું સરનામું..

તેમનું નામ...મહાનગર વિસ્તારમાં...મતવિસ્તારના ભાગ નંબર..................................માં, અનુક્રમાંક..ઉપર નોંધવામાં આવેલ છે.

મારું નામ...છે અને તે............................ મહાનગર વિસ્તારમાં...મતવિસ્તારના ભાગ નંબર ....માં અનુક્રમાંક ....ઉપર નોંધવામાં આવેલ છે.

તારીખ :- (દરખાસ્ત મૂકનારની સહી)

મારું નામ...છે અને તે........................ મહાનગર વિસ્તારમાં..મતવિસ્તારના ભાગ નંબર.................................માં અનુક્રમાંક .... ઉપર નોંધવામાં આવેલ છે.

તારીખ :- (સમર્થકની સહી)

....

હું...મારા નામાંકન (નામનિયુક્તિ) સાથે સંમત છું અને આથી અહીં જાહેર કરું છું કે :

(ક) મેં ....વર્ષો પૂર્ણ કર્યા છે.

(ખ) મારું અને મારા (પિતાનું/માતાનું/પતિનું નામ) ઉપર સાચી જોડણીમાં (ભાષાનું નામ) ....માં લખેલ છે.

(ગ) મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ હું મહાનગર આયોજન સમિતિમાં બેઠક ઉપર સ્થાન મેળવવા માટે પસંદગીને પાત્ર છું.

સ્થળ :-

તારીખ :- ઉમેદવારની સહી

(ચૂંટણી અધિકારીએ ભરવાનું રહેશે)

નામાંકન પત્રનો અનુક્રમાંક...

આ નામાંકન પત્ર મને મારી કચેરીએ.. (કલાકે)..

તારીખે, ઉમેદવાર/દરખાસ્ત મૂકનાર દ્વારા પહોંચાડવામાં આવ્યું હતું.

સ્થળ :-

તારીખ :- ચૂંટણી અધિકારી

INDEX

નમૂનો ૨-ખ
(જુઓ નિયમ ૧૯)
નામાંકન પત્ર અને ચકાસણી માટેની પહોંચ
(નામાંકન પત્ર રજૂ કરનાર વ્યક્તિને સુપરત કરવી)

નામાંકન પત્રનો અનુક્રમાંક.............................

....મહાનગર વિસ્તારના.. મત વિસ્તારમાંથી...ઉમેદવારનું ચૂંટણી માટેનું નામાંકન પત્ર મને મારી કચેરીએ.. (કલાકે) .... દિવસે ઉમેદવારે/દરખાસ્ત મૂકનારે પહોંચાડેલ છે. તમામ નામાંકન પત્રો, ચકાસણી માટે .... (કલાકે) .... (તારીખે) .... (સ્થળે) લેવામાં આવશે.

સ્થળ :-

તારીખ :- ચૂંટણી અધિકારી

નમૂનો ૨-ગ ૧
(જુઓ નિયમ ૧૯)
નામાંકન પત્રો રજૂ કરેલ હોય તેવા ઉમેદવારોની યાદી

...............................મહાનગર આયોજન સમિતિ

.....................................મતવિસ્તાર

અનુક્રમાંક	તારીખ	મતવિસ્તારનું નામ	ઉમેદવારનું નામ	ઉમેદવારનું સરનામું	દરખાસ્ત મૂકનારનું નામ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)
૧					
૨					
૩					
૪					

સ્થળ :-

તારીખ :- ચૂંટણી અધિકારી

નમૂનો ૨-ગ-૨

(જુઓ નિયમ ૨૧)

કાયદેસર નામાંકનોની યાદી

....................................મહાનગર આયોજન સમિતિના..

મતવિસ્તારની ચૂંટણી

અનુક્રમાંક	ઉમેદવારોના નામ	ઉમેદવારોના પિતાનું/માતાનું / પતિનું નામ	ઉમેદવારોના સરનામા
(૧)	(૨)	(૩)	(૪)
૧			
૨			
૩			
૪			

સ્થળ :-

તારીખ :- ચૂંટણી અધિકારી

નમૂનો ૨-ઘ

(જુઓ નિયમ નંબર ૨૩)

ઉમેદવારી પાછી ખેંચવા બાબતની નોટિસ

..................................મહાનગર આયોજન સમિતિના.. મત વિસ્તારની ચૂંટણી

પ્રતિ,
ચૂંટણી અધિકારી,

હું. .... ઉપર જણાવેલ ચૂંટણી માટે યોગ્ય રીતે નામનિયુક્ત થયેલ .... મત વિસ્તાર માટેનો ઉમેદવાર નોટિસ આપું છું કે હું સદરહુ ચૂંટણીમાંથી મારી ઉમેદવારી પાછી ખેંચું છું.

સ્થળ :-

તારીખ :- ઉમેદવારની સહી

....

ઉમેદવારી પાછી ખેંચ્યા અંગેની નોટિસની પહોંચ

(નોટિસ પહોંચાડનાર વ્યક્તિને સુપરત કરવી)

.... મહાનગર આયોજન સમિતિની ચૂંટણી માટે કાયદેસર રીતે નામનિયુક્ત થયેલ .... દ્વારા ઉમેદવારી પાછી ખેંચવા અંગેની નોટિસ મને .... દ્વારા મારી કચેરીએ ....(કલાકે) .... (તારીખે) પહોંચાડવામાં આવી હતી.

ચૂંટણી અધિકારી

નમૂનો ૩-ક
[(જુઓ નિયમ ૨૪ (૧)]
ચૂંટણી લડનાર ઉમેદવારોની યાદી

..........................મહાનગર આયોજન સમિતિના..................................મતવિસ્તારની ચૂંટણી

અનુક્રમાંક	ઉમેદવારોના નામ	ઉમેદવારોના સરનામા
૧		
૨		
૩		
૪		

સ્થળ :-

તારીખ :- ચૂંટણી અધિકારી

નમૂનો ૩-ખ
[જુઓ નિયમ નંબર ૨૬(૧)]
ચૂંટણી એજન્ટની નિમણૂક

....મહાનગર આયોજન સમિતિના..મતવિસ્તારની ચૂંટણી

પ્રતિ,

ચૂંટણી અધિકારી,

હું ....ઉપર જણાવેલ .... ચૂંટણી માટેનો ઉમેદવાર આથી .... ના ....ની આજ રોજથી ઉપર જણાવેલ ચૂંટણી માટે મારા ચૂંટણી એજન્ટ તરીકે નિમણૂંક કરું છું.

સ્થળ :-

તારીખ :- ઉમેદવારની સહી

હું ઉપરની નિમણૂંક સ્વીકારું છું.

સ્થળ :-

તારીખ :- ચૂંટણી એજન્ટની સહી

માન્ય ચૂંટણી અધિકારીની સહી અને સીલ

INDEX

નમૂનો ૩-ગ
[જુઓ નિયમ ૨૬(૨)]
ચૂંટણી એજન્ટની નિમણૂક રદ કરવા બાબત

....મહાનગર આયોજન સમિતિની ચૂંટણી

પ્રતિ,

ચૂંટણી અધિકારી,

હું...ઉપર જણાવેલ ચૂંટણી માટેનો ઉમેદવાર આથી .... ના .... ની, મારા ચૂંટણી એજન્ટ તરીકેની નિમણૂંક રદ કરું છું.

સ્થળ :-

તારીખ :- ઉમેદવારની સહી

નમૂનો ૩-ઘ
[જુઓ નિયમ ૨૬(૪)]
મતદાન એજન્ટની નિમણૂક

....મહાનગર આયોજન સમિતિની ચૂંટણી

પ્રતિ,

ચૂંટણી અધિકારી,

હું...ઉપર જણાવેલ ચૂંટણી માટેનો ઉમેદવાર/ચૂંટણી એજન્ટ (ઉમેદવારનું નામ અને સરનામું) .... આથી મતદાન મથક નંબર... માં .... ની મારા મતદાન એજન્ટ તરીકે નિમણૂંક કરું છું

સ્થળ :-

તારીખ :- ઉમેદવાર/ચૂંટણી એજન્ટની સહી

હું મતદાન એજન્ટ તરીકે કામ કરવા સંમત છું.

સ્થળ :-

તારીખ :- મતદાન એજન્ટની સહી

INDEX

નમૂનો ૩-ચ

[જુઓ નિયમ ૨૬(૪)]

મતદાન એજન્ટની નિમણૂક રદ કરવા બાબત

....મહાનગર આયોજન સમિતિની ચૂંટણી

પ્રતિ,

ચૂંટણી અધિકારી,

હું... નો ઉમેદવાર ચૂંટણી એજન્ટ આથી, ... ની, મારા મતદાન એજન્ટ તરીકેની નિમણૂંક રદ કરું છું.

સ્થળ :-

તારીખ :- ઉમેદવાર/ ચૂંટણી એજન્ટની સહી

નમૂનો - ૪

(જુઓ નિયમ ૨૮)

(બેઠક બિન-હરીફ હોય ત્યારે ચૂંટણીમાં ઉપયોગ માટે)

મહાનગર આયોજન સમિતિ નિયમો, ૨૦૧૬ના નિયમ ૨૮માં સમાવિષ્ટ જોગવાઈઓ અનુસાર હું આથી નીચે જણાવેલા ઉમેદવારોને.. મહાનગરના મતવિસ્તાર માટે ચૂંટાયેલા જાહેર કરું છું.

અનુક્રમાંક	ચૂંટાયેલા ઉમેદવાર/ઉમેદવારોનું નામ	મતવિસ્તારનું નામ
૧		
૨		
૩		

સ્થળ :-

તારીખ :- ચૂંટણી અધિકારીની સહી અને સીલ

INDEX

નમૂનો ૫

(જુઓ નિયમ ૩૦)

આખરી પરિણામ પત્રક

............................મહાનગર આયોજન સમિતિ

મતદારોની કુલ સંખ્યા......................

અનુક્રમાંક	ઉમેદવારનું નામ	જાતિ	મેળવેલા મત
(૧)	(૨)	(૩)	(૪)
૧			
૨			
૩			
૪			

માન્ય મતની સંખ્યા ....

અમાન્ય મતની સંખ્યા ....

સુપરત કરેલ મતની સંખ્યા ....

મતોની કુલ સંખ્યા ....

હું ....મહાનગર આયોજન સમિતિનો ચૂંટણી અધિકારી આથી, અહીં નીચેના ઉમેદવારોને ચૂંટાયેલા જાહેર કરું છું.

અનુક્રમાંક	ચૂંટાયેલા ઉમદેવારોના નામ
૧	
૨	
૩	

સ્થળ :-

તારીખ :-

ચૂંટણી અધિકારી,

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કેતન સુથાર,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 266

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, AUGUST 20, 2016/SRAVANA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ : ૧૮મી જુલાઈ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૨૦૧૬ નો ૧૪૦-એનપીએલ-૪૫૨૦૧૫-૨૯૦૭-એમ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification
Under
The Constitution of India
ભારતના સંવિધાન હેઠળ
જાહેરનામું.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૮મી જુલાઈ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: કેવી/ ૨૦૧૬નો ૧૪૦/એનપીએલ/૪૫૨૦૧૫-૨૯૦૭-એમ :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩-ઘ ના ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી અનુસૂચિમાં દર્શાવ્યા પ્રમાણેના વિસ્તારોને, ઈડર નગરપાલિકાના વિસ્તારોના વિસ્તારો તરીકે જાહેર કરે છે અને સદરહુ વિસ્તારો ઈડર નગરપાલિકાનો ભાગ બનશે.

અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા વિસ્તારના મહેસૂલી સરવે નંબરની અંદર આવેલી સરકારી જમીન, ઈડર નગરપાલિકામાં નિહિત થશે નહિ.

અનુસૂચિ

ગ્રામ પંચાયતો	સરવે નંબર
ગુજરવા જૂથ ગ્રામ પંચાયત (પાઝ ગામનો વિસ્તાર)	૮૪.
લાલપુર જૂથ ગ્રામ પંચાયત (ગંભીરપુરા ગામનો વિસ્તાર)	૮૧.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

યોગેશ રાવલ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 267

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, AUGUST 20, 2016/SRAVANA 30, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ઓગષ્ટ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના કાયદા વિભાગના તારીખ : ૨૧મી જુલાઈ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે-૪૭-૨૦૧૬-એચસીટી-૧૦૨૦૧૬-યુઓઆર-૩-ડી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Scheduled Castes and the Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જુલાઈ, ૨૦૧૬.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯

ક્રમાંક: જીકે/૪૭/૨૦૧૬/એચસીટી/૧૦૨૦૧૬/યુઓઆર-૩/ડી:- અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ (સન ૧૯૮૯ના ૩૩મા)ની કલમ ૧૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને **વેરાવળ ખાતેના ગીર સોમનાથ અને મોડાસા ખાતેના અરવલ્લી** મહેસૂલી જિલ્લા માટે, સદરહુ અધિનિયમ હેઠળના ગુનાઓની કાર્યવાહી કરવા માટે અનુક્રમે વેરાવળ ખાતેના ગીર સોમનાથ અને મોડાસા ખાતેના અરવલ્લી સેશન જજની કોર્ટને, તાત્કાલિક અસરથી, "વિશેષ ન્યાયાલય" તરીકે નિર્દિષ્ટ કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી. શાહ,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 268

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, AUGUST 24, 2016/BHADRA 2, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **મહેસૂલ વિભાગ-ના તારીખ : ૨૩મી મે, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચએમ -૨૦૧૬-૧૫૭-એમ-બીઆરટી-૨૦૧૪-૨૬૯૩-એચ.-** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The District Inspector of Land Records, Class II in the General State Service, under the Commissionerate of Settlement and Directorate of Land Records Recruitment Rules, 2016.

જમાબંદી આયુક્ત (સેટલમેન્ટ કમિશનર)ની કચેરી અને જમીન દફતર નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, જિલ્લા જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

મહેસૂલ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૨૩મી મે, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીએચએમ -૨૦૧૬-૧૫૭-એમ-બીઆરટી-૨૦૧૪-૨૬૯૩-એચ :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, જમાબંદી આયુક્ત (સેટલમેન્ટ કમિશનર)ની કચેરી અને જમીન દફતર નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, જિલ્લા જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૨-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો જમાબંદી આયુક્ત (સેટલમેન્ટ કમિશનર)ની કચેરી અને જમીન દફતર નિયામકની કચેરી હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, જિલ્લા જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. આ નિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો જિલ્લા જમીન દફતર નિરીક્ષક, વર્ગ ૨ એટલે આ નિયમો સાથે જોડેલા એનેક્ષરમાં સમાવિષ્ટ જગા.

૩. જમાબંદી આયુક્ત (સેટલમેન્ટ કમિશનર)ની કચેરી અને જમીન દફતર નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, જિલ્લા જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૨-ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે જમાબંદી આયુક્ત (સેટલમેન્ટ કમિશનર)ની કચેરી અને જમીન દફતર નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, મદદનીશ જિલ્લા જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૩-ના સંવર્ગમાં ઓછામાં ઓછા સાત વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) જમીન દફતર નિમ્ન લાયકી પરીક્ષા અને જમીન દફતર ઉચ્ચતર લાયકી પરીક્ષા પરીક્ષા પાસ કરેલી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) (૧) જેણે મદદનીશ જિલ્લા જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૩-ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોય અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોય;

(૩) જમીન દફતર નિમ્ન લાયકી પરીક્ષા અને જમીન દફતર ઉચ્ચતર લાયકી પરીક્ષા પરીક્ષા પાસ કરેલી હોય;

(૪) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય; અને

(૫) સરકારે વખતોવખત ઠરાવેલા નિયમો અનુસાર ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરેલી હોય

તેવી વ્યકિતઓમાંથી ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે; અથવા

(ગ) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા યોજવામાં આવેલી ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે કરવી જોઈશે;

(ઘ) જગા માટે યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી, ગુજરાત મુલકી સેવામાં, મામલતદાર, વર્ગ ૨-ના સંવર્ગમાં કામ કરતી વ્યક્તિઓમાંથી, પ્રતિનિયુક્તિને આધારે કામચલાઉ બદલથી કરવી જોઈશે.

૪. નિયમ ૩ના પેટા-ખંડ (ક), (ખ) અને (ગ) હેઠળ, બઢતીથી અને ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે બઢતીથી અને ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા યોજવામાં આવેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે કરવાની નિમણૂકો અનુક્રમે ૧:૧:૧ના પ્રમાણમાં કરવામાં આવશે.

૫. નિયમ ૩ના ખંડ (ક)માં જણાવેલી જગા પર, ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા યોજવામાં આવેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૬. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

INDEX

૭. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવી પડશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૮. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર જમીન દફ્તર નિમ્ન લાયકી પરીક્ષા અને જમીન દફ્તર ઉચ્ચતર લાયકી પરીક્ષા પરીક્ષા અને હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૧૦. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૧. સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

એનેક્ષર

(જુઓ નિયમ ૨)

અનુક્રમાંક	જગાનું નામ
૧.	જિલ્લા જમીન દફ્તર નિરીક્ષક, વર્ગ ૨
૨.	શહેર મોજણી અધીક્ષક, વર્ગ ૨
૩.	મોજણી મામલતદાર, વર્ગ ૨
૪.	મદદનીશ એકત્રીકરણ અધિકારી, વર્ગ ૨
૫.	કચેરી અધીક્ષક, વર્ગ ૨
૬.	તપાસ અધિકારી, વર્ગ ૨
૭.	ખાસ જિલ્લા જમીન દફ્તર નિરીક્ષક, વર્ગ ૨
૮.	મદદનીશ નિયામક, વર્ગ ૨

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રવીણ ધંધુકિયા,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 269

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, AUGUST 24, 2016/BHADRA 2, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૯મી ડિસેમ્બર, ૨૦૧૫ના ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના ના જાહેરનામા ક્રમાંક : જીએસ-૪૫-એએકે-૧૦૨૦૧૩-૫૭૮-એસ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Research Assistant, Class III, in the Directorate of Economics and Statistics (Special Competitive Examination) Rules, 2015.

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીમાં, સંશોધન મદદનીશ, વર્ગ ૩ (ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૧૫ સંબંધી

જાહેરનામું.

સામાન્ય વહીવટ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ:૯મી ડિસેમ્બર, ૨૦૧૫.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીએસ/૪૫/એએકે/૧૦૨૦૧૩/૫૭૮/એસ :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સંશોધન મદદનીશ, વર્ગ ૩ની જગા પર બઢતી માટેની ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા પદ્ધતિનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ:-

(૧) આ નિયમો અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીમાં, સંશોધન મદદનીશ, વર્ગ ૩ (ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

(૩) તે, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીમાં, સંશોધન મદદનીશ, વર્ગ ૩ ભરતી નિયમો, ૨૦૧૦ (જેનો આમાં, હવે પછી, "ભરતી નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના નિયમ ૨-ના પેટા-નિયમ (૧)ના ખંડ (ખ) હેઠળ સંશોધન મદદનીશ, વર્ગ- ૩ (ની જગા ઉપર) બઢતીથી નિમણૂક પામવાને પાત્ર હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે.

૨. વ્યાખ્યા:-

આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''પરિશિષ્ટ" એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) "મંડળ" એટલે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ (જી.એસ.એસ.એસ.બી.), ગાંધીનગર;

(ગ) "નિયામક" એટલે અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર;

(ઘ) ''પરીક્ષા" એટલે ભરતી નિયમોના નિયમ ૨-ના પેટા-નિયમ (૧)ના ખંડ (ખ)માં નિર્દિષ્ટ કરેલ વ્યક્તિઓને, સંશોધન મદદનીશ, વર્ગ ૩ની જગા ઉપર બઢતી આપવાના હેતુથી, આ નિયમો હેઠળ મંડળે યોજેલી ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા;

(ચ) ''સરકાર" એટલે ગુજરાત સરકાર.

૩. પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની પાત્રતા:-

ભરતી નિયમો હેઠળ અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીની તાબાની સેવામાં, સંશોધન મદદનીશ, વર્ગ ૩ની જગા ઉપર બઢતી માટે જરૂરી લાયકાતો અને અનુભવ ધરાવતા હોય તેવા, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીની તાબાની સેવામાં કામ કરતાં હોય તેવા આંકડા મદદનીશ, વર્ગ ૩, પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર (લાયક)ગણાશે.

૪. ઉમેદવારોની વિગતો દર્શાવતું પત્રક:–

નિયામકે, તે વર્ષમાં યોજાનાર પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઇચ્છતા પાત્ર ઉમેદવારોની વિગતો દર્શાવતું પત્રક, દર વર્ષે તારીખ૧લી ફેબ્રુઆરી પહેલાં મંડળને મોકલવું જોઇશે.

૫. પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની અરજી.–

(ક) (૧) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઈચ્છતા પાત્ર ઉમેદવારે, "નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી"ની તરફેણમાં લખેલા ક્રોસ કરેલા ભારતીય પોસ્ટલ ઓર્ડરના સ્વરૂપમાં, રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવે તેટલી ફી સાથે, પરિશિષ્ટ–૨–માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના નમૂનામાં, નિયામકશ્રીને અરજી કરવી જોઇશે.

(૨) અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક, ગાંધીનગર–એ, અરજીપત્રની વિગતોની ખરાઇ કરવી જોઇશે અને પરિશિષ્ટ–૩–માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના નમૂનામાં પરીક્ષામાં ઉપસ્થિત રહેવા અંગેની ઉમેદવારની પાત્રતા પ્રમાણિત કરવી જોઇશે.

(ખ) એક વખત ભરી દીધેલી ફી, રિફંડ (પરત) કરવામાં આવશે નહિ અથવા તે ફી, ત્યાર પછીની પરીક્ષા માટે રોકી (અટકાવી) રાખવામાં આવશે નહિ.

૬. પરીક્ષા યોજવા બાબત.

(૧) મંડળ, સામાન્ય રીતે દર વર્ષે સપ્ટેમ્બર મહિનામાં ગાંધીનગર ખાતે પરીક્ષા યોજશે.

(૨) ઉમેદવારે, સ્વ–ખર્ચે પરીક્ષામાં ઉપસ્થિત રહેવું પડશે.

૭. પરીક્ષાનો અભ્યાસક્રમ:–

પરીક્ષામાં, પરિશિષ્ટ–૧માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના ૪ (ચાર) પ્રશ્નપત્રોનો સમાવેશ થશે અને દરેક પ્રશ્નપત્ર માટેનો અભ્યાસક્રમ, સદરહુ પરિશિષ્ટ–૧માં તેની સામે નિર્દિષ્ટ કરવામાં આવે તે પ્રમાણેનો રહેશે. દરેક પ્રશ્નપત્ર, સદરહુ પરિશિષ્ટ–૧માં દર્શાવ્યા પ્રમાણેની ગુણની સંખ્યા ધરાવતું રહેશે. પ્રશ્નપત્ર ૪ ત્રણ કલાકનું રહેશે અને અન્ય પ્રશ્નપત્રો બે કલાકના સમયગાળાના રહેશે.

પ્રશ્નપત્ર ૧ થી ૩ની પરીક્ષા, દરેકના એક ગુણ એવા બહુવિધ પસંદગી પ્રશ્નો (મલ્ટીયલ ચોઇસ કવેશ્ચન) (MCQ)ની રહેશે અને ઉપરોક્ત અભ્યાસક્રમ આધારિત દરેક ખોટા જવાબ માટે, નકારાત્મક ગુણાંકન પદ્ધતિથી એટલે કે દરેક ખોટા જવાબ માટે ૦.૨૫ ગુણ કાપવા જોઇશે. સરકારી લેખન પદ્ધતિ (બિન–સચિવાલય), પ્રશ્નપત્ર ૪નો ગુજરાતી અને અંગ્રેજી ભાગ, વર્ણનાત્મક પ્રકારનો રહેશે. પ્રશ્નપત્રમાં આપેલી સૂચના અનુસાર પ્રશ્નપત્ર ૪ના ઉત્તરો અંગ્રેજી અથવા ગુજરાતીમાં લખવાના રહેશે. પ્રશ્નપત્ર ૪ના જવાબો,પ્રશ્નપત્રમાં આપેલી સૂચનાઓ મુજબ અંગ્રેજી અથવા ગુજરાતીમાં આપવાના રહેશે. છેકછાક કરેલા, ઉપર લખાણ ઘૂંટેલા,ખરાની નિશાની વાળા અનેએક કરતાં વધુ જવાબોને ખોટા જવાબો તરીકે ગણવા જોઇશે.

૮. પરીક્ષાનું માધ્યમ:–

પ્રશ્નપત્ર ૪ના અંગ્રેજી ભાગ સિવાય, પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.

૯. પરીક્ષા પાસ કરવા માટેનું લાયકી ધોરણ:–

પરીક્ષા પાસ કરવા માટેનું લાયકી ધોરણ, મંડળે વખતોવખત નક્કી કર્યા પ્રમાણેનું રહેશે પણ તે, દરેક પ્રશ્નપત્રમાં ૫૦ ટકા ગુણ કરતાં ઓછું હોવું જોઇશે નહિ..

૧૦. પરિણામની પ્રસિદ્ધિ બાબત:–

મંડળ, પોતે નક્કી કરે તે રીતે પરીક્ષાનું પરિણામ જાહેર કરશે. તે પરિણામ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત રાજયને અને સામાન્ય વહીવટ વિભાગને પણ મોકલશે, જે (સામાન્ય વહીવટ વિભાગ), તેને રાજપત્રમાં પ્રસિદ્ધ કરશે.

૧૧. ગુણપત્રક અને ગુણની ફેરચકાસણી:–

(ક) પરીક્ષાના પોતાના ગુણની ફેરચકાસણી કરાવવા ઇચ્છતો ઉમેદવાર, પરીક્ષાનું આખરી પરિણામ જાહેર થયાની તારીખથી પંદર દિવસની મુદતની અંદર, દરેક પ્રશ્નપત્ર માટે મંડળ નક્કી કરે તેટલી ફી સાથે મંડળને અરજી કરી શકશે.

(ખ) લેખિત પરીક્ષાનું પોતાનું ગુણપત્રક મેળવવા ઇચ્છતા ઉમેદવારે, પરીક્ષાનું આખરી પરિણામ જાહેર થયાની તારીખથી પંદર દિવસની મુદતની અંદર, મંડળ નક્કી કરે તેટલી ફી સાથે મંડળને અરજી કરી શકશે.

૧૨. પરીક્ષા ખંડમાં અમુક સાધનોના ઉપયોગ ઉપર પ્રતિબંધ:–

ઉમેદવારને, પરીક્ષા ખંડમાં સેલ્યુલર ફોન, કેલ્ક્યુલેટર (ગણક યંત્ર), પેજર વગેરે જેવા કોઇ ઇલેક્ટ્રોનિક સંદેશા–વ્યવહારના સાધનો પોતાની સાથે લઇ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૩. પરીક્ષાના સંચાલન અને નિયમન બાબત:–

મંડળ, પોતે અપનાવેલી કાર્યરીતિ અને તેવિષય અંગેના સરકારી હુકમો, કોઇ હોય, તો તે અનુસાર પરીક્ષાનું સંચાલન, પરીક્ષકોની નિમણૂક, પ્રાશ્નિકો, મહેનતાણાની ચૂકવણી વગેરેને લગતી તમામ બાબતોનું નિયમન કરશે.

૧૪. સફળ ઉમેદવારોની બઢતી અને નિયુક્તિ:–

નિયામક, નિયમ ૧૦ હેઠળ પ્રસિધ્ધ કરેલા પરિણામમાં જે વ્યક્તિઓના નામો સફળ ઉમેદવાર તરીકે દર્શાવેલી હોય તેવી વ્યક્તિઓને, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સંશોધન મદદનીશ, વર્ગ ૩ની જગા ઉપર ભરતી નિયમો અનુસાર અન્યથા બઢતીને પાત્ર થતા હોય તેપ્રમાણેના ગુણવત્તા ક્રમમાં સંશોધન મદદનીશ, વર્ગ–૩ તરીકે બઢતી આપશેઅને જરૂરિયાત અનુસાર જુદાં જુદાં વિભાગો/કચેરીઓમાં તેમની નિમણૂક કરશે.

પરિશિષ્ટ ૧

(જુઓ નિયમ ૭)

સંશોધન મદદનીશ, વર્ગ ૩ની જગા પર બઢતી માટેની ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાનો અભ્યાસક્રમ.

પ્રશ્નપત્ર-૧	**આંકડાશાસ્ત્ર, સત્તાવાર આંકડા અને ગણિતશાસ્ત્ર**	**ગુણ-૧૦૦** **સમય-૨ કલાક**
૧. આંકડાશાસ્ત્ર	૧. માહિતીનું એકત્રીકરણ, ૨. વર્ગીકરણ અને કોષ્ટક રચના, ૩. માહિતીની રજૂઆતની પદ્ધતિઓ, ૪. મધ્યવર્તી સ્થિતિના માપ, ૫. પ્રસારમાન, ૬. આવૃત્તિ વિતરણની વિષમતા, ૭. ક્રમચય અને દ્વિપદી વિસ્તરણ, ૮. સૂચકઆંક ૯. નિદર્શન પદ્ધતિઓ/ટેકનિક (સરળયદચ્છ અને યાદચ્છિક કોષ્ટક), ૧૦. સુરેખ સહસંબંધ, ૧૧. સુરેખ નિયત સંબંધ, ૧૨. સંભાવના, ૧૩. યદચ્છચલ અને અસતત સંભાવના વિતરણ, ૧૪. પ્રમાણ્ય વિતરણ, ૧૫. સામયિકશ્રેણી, ૧૬. ગુણોત્તરશ્રેણી, અને ૧૭. અંતર્વેશન-બહિર્વેશન	**૩૦ ગુણ**
૨.સત્તાવાર આંકડા	કેન્દ્ર અને રાજ્યનું આંકડાકીય માળખું, ૨. રાષ્ટ્રીય નમૂના મોજણી, ૩. આર્થિક ગણતરી, ૪. વસ્તી ગણતરી, ૫. ખેતી વિષયક આંકડા, ૬. પશુપાલન વિષયક આંકડા, ૭. મત્સ્યોદ્યોગ વિષયક આંકડા, ૮. સિંચાઇ વિષયક આંકડા, ૯. રાષ્ટ્રીય આવક અને રાજ્ય આવકના અંદાજો, ૧૦. મૂડી સર્જન, ૧૧. ભાવ વિષયક આંકડા,૧૨. ટ્રાન્સપોર્ટ વિષયક આંકડા, ૧૩. શૈક્ષણિક આંકડા,૧૪. ઔદ્યોગિક આંકડા, ૧૫. સ્ટેટીસ્ટીક્સ ઓફ મ્યુનિસિપલ ટાઉન્સ એન્ડ સીટીઝ, ૧૬. સહકારી પ્રવૃત્તિના આંકડા, ૧૭. મૂલ્યાંકન પ્રક્રિયા અને તેના વિવિધ તબક્કા, ૧૮. આરોગ્ય વિષયક આંકડા, ૧૯. નકશા એકમ, ૨૦. વન અંગેના આંકડા, ૨૧. રોજગારી અને બેરોજગારીના આંકડા, અને ૨૨. ગ્રામ સવલત મોજણી	**૩૦ ગુણ**
૩. ગણિતશાસ્ત્ર	૧. ગણિતીય સંકેતો, ૨. ગણતરીની ઝડપી રીતો, ૩. દ્વિઅંકી પદ્ધતિ, ૪. લઘુગુણક, ૫. ગુણોત્તર અને પ્રમાણ,૬. સમીકરણો, ૭. વિધેય, ૮. આલેખ, ૯. શ્રેણી, ૧૦. લક્ષ, ૧૧. વિકલન, ૧૨. દ્વિપદી વિસ્તરણ, ૧૩. નિશ્ચાયકો, ૧૪. શ્રેણીક	**૪૦ ગુણ**

સંદર્ભપુસ્તકો

(૧) સર્વગ્રાહી આંકડાકીય પદ્ધતિઓ- પી.એન. અરોરા, સુમિત અરોરા અને એસ. અરોરા- એસ. ચાંદ દ્વારા પ્રસિધ્ધ કરાયેલ

(૨) આંકડાકીય પધ્ધતિઓ (ભાગ-૧)-એન. જી. દાસ

(૩) આંકડાકીય પધ્ધતિઓ (ભાગ-૨)-એન. જી. દાસ

(૪) ગાણિતિક આંકડાશાસ્ત્ર- એચ. ડી. શાહ

(૫) સત્તાવાર આંકડાઓ (અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી દ્વારા તૈયાર કરેલ)

(૬) મૂળભૂત વાણિજ્ય ગણિતશાસ્ત્ર (યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા પ્રસિધ્ધ કરાયેલ.)

(૭) વિજ્ઞાન, વાણિજ્ય અને વિનયનમાં સ્નાતક/અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના આંકડાશાસ્ત્રના પુસ્તકો.

પ્રશ્નપત્ર-૨ અર્થશાસ્ત્ર અને સરકારી યોજનાઓ અને ખ્યાલો ગુણ-૧૦૦

સમય-૨ કલાક

(૧) અર્થશાસ્ત્ર: ૩૦ ગુણ

૧. માંગ અને તેની મૂલ્ય સાપેક્ષતા

૨. પુરવઠો અને તેની મૂલ્ય સાપેક્ષતા

૩. ઉત્પાદન ખર્ચ અને આવકના ખ્યાલો

૪. રાષ્ટ્રીય આવક

૫. ભારતમાં વસ્તી વધારાની સમસ્યા

૬. ભારતમાં બેરોજગારીની સમસ્યા

૭. ભારતમાં ગરીબીની સમસ્યા

૮. ભારતમાં ફુગાવાની સમસ્યા

૯. ગુજરાત પ્રવર્તમાન ઔદ્યોગિક નીતિ

(૨) (ક) સરકારી યોજનાઓ અને ખ્યાલો ૭૦ ગુણ

(૧) પ્રવર્તમાન પંચવર્ષીય યોજના – ગુજરાત

(૨) છેલ્લા ત્રણ વર્ષના વાર્ષિક વિકાસ કાર્યક્રમો

(૩) વાર્ષિક વિકાસ કાર્યક્રમોની મુખ્ય બાબતો

(૪) જેન્ડર બજેટ

(૫) સામાજિક-આર્થિક સમીક્ષા (છેલ્લા ત્રણ વર્ષિય)

(૬) સંક્ષિપ્ત અંદાજપત્ર (છેલ્લા ત્રણ વર્ષિય)

(૭) વસ્તી ગણતરી-૨૦૧૧

(૮) માનવ વિકાસ સૂચક આંકના ખ્યાલો

(ખ) પંચાયતી રાજ, વિકેન્દ્રિત જિલ્લા આયોજન અને ખાસ કાર્યક્રમ:

(૧) ગુજરાતમાં પંચાયતીરાજ

(૨) વિકેન્દ્રિત જિલ્લા આયોજન (વાર્ષિક વિકાસ કાર્યક્રમો પૂરતું ખાસ મર્યાદિત)

(૩) ગ્રામ વિકાસ માટે ખાસ કાર્યક્રમ (વાર્ષિક વિકાસ કાર્યક્રમો પૂરતું ખાસ મર્યાદિત)

સંદર્ભ પુસ્તિકા

૧. સામાન્ય અર્થશાસ્ત્ર – એસ.કે.અગ્રવાલ.

૨. પ્રવર્તમાન પંચવર્ષીય યોજના – ગુજરાત, ગુજરાત સરકાર દ્વારા પ્રસિધ્ધ કરાયેલ

૩. છેલ્લા ત્રણ વર્ષના વાર્ષિક વિકાસ કાર્યક્રમો. ગુજરાત સરકાર દ્વારા પ્રસિધ્ધ કરાયેલ

૪. વાર્ષિક વિકાસ કાર્યક્રમોની મુખ્ય બાબતો (છેલ્લા ત્રણ વર્ષની) ગુજરાત સરકાર દ્વારા પ્રસિધ્ધ કરાયેલ

૫. જેન્ડર બજેટ.

૬. સામાજિક-આર્થિક સમીક્ષા (છેલ્લા ત્રણ વર્ષની) અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર- દ્વારા પ્રસિધ્ધ કરાયેલ.

૭. સંક્ષિપ્ત અંદાજપત્ર (બજેટ) (છેલ્લા ત્રણ વર્ષનું) અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર- દ્વારા પ્રસિધ્ધ કરાયેલ.

૮. વસ્તી ગણતરી-૨૦૧૧.

૯. માનવ વિકાસ – આમુખ (મુખ્ય નિર્દેશકો સાથે)

૧૦. વિનયન, વાણિજ્ય અથવા વિજ્ઞાન પ્રવાહમાં સ્નાતક/અનુસ્નાતક અભ્યાસક્રમોના અર્થશાસ્ત્રોના પુસ્તકો.

INDEX

પ્રશ્નપત્ર-૩ | સેવાની બાબતો | ગુણ-૧૦૦

સમય-૨ કલાક

૧. ૧. ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ અને ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧. — ૫૦ ગુણ

૨. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮.

૩. માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫.

૪. ગુજરાત અંદાજપત્ર મેન્યુઅલ(નિયમસંગ્રહ)૧૯૮૩ (પ્રકરણ–૫ અને એનેક્ષર–૨ સિવાય સમગ્ર પુસ્તિકા).

૫. નાણાકીય સત્તાઓ (સોંપણી) નિયમો, ૧૯૯૮.

૨. ગુજરાત મુલકી સેવાનિયમો, ૨૦૦૨. — **૫૦ ગુણ**

(૧) ગુજરાત મુલકી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨.

(૨) ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨.

(૩) ગુજરાત મુલકી સેવા (પગાર આધારિત ભથ્થાં) નિયમો, ૨૦૦૨.

(૪) ગુજરાત મુલકી સેવા (રજા) નિયમો, ૨૦૦૨.

સંદર્ભ પુસ્તિકા

(૧) ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ અને ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.

(૨) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮.

(૩) માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫.

(૪) ગુજરાત બજેટ મેન્યુઅલ (અંદાજપત્ર નિયમસંગ્રહ), ૧૯૮૩.

(૫) નાણાકીય સત્તા (સોંપણી) નિયમો, ૧૯૯૮– ગુજરાત સરકારના નાણા વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરાયેલ

(૬) ગુજરાત મુલકી સેવા નિયમો, ૨૦૦૨.

- ગુજરાત મુલકી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨.
- ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨.
- ગુજરાત મુલકી સેવા (પગાર આધારિત ભથ્થાં) નિયમો, ૨૦૦૨.
- ગુજરાત મુલકી સેવા (રજા) નિયમો, ૨૦૦૨.

પ્રશ્નપત્ર-૪ સરકારી લેખન પદ્ધતિ (બિન-સચિવાલય), ગુજરાતી, અંગ્રેજી અને સામાન્ય જ્ઞાન

ગુણ-૧૦૦
સમય- ૩ કલાક

(૧) ગુજરાતી **૩૦ ગુણ**

(૧) બિન-સચિવાલય વિભાગો/કચેરીઓ માટેની સરકારી લેખનની પદ્ધતિઓ

૧.૧ સરકારી કચેરીઓમાં ઉપયોગમાં આવતાં પત્રવ્યવહારના વિવિધ નમૂના
૧.૨ નોંધ, મુસદ્દા લેખન અને ફાઈલીંગ વગેરે.

(૨) ગુજરાતી નિબંધ

(૨) અંગ્રેજી **૪૦ ગુણ**

૧. નિબંધ

૨. પત્રલેખન

૩. સંક્ષેપ-લેખન અથવા સાર-લેખન

૪. ગુજરાતીમાંથી અંગ્રેજી અને અંગ્રેજીમાંથી ગુજરાતી ભાષાંતર.

(૩) સામાન્ય જ્ઞાન **૩૦ ગુણ**

૧. વર્તમાન બાબતો

સંદર્ભ પુસ્તક

(૧) કચેરી કાર્યપદ્ધતિ, સરકારી લેખન પદ્ધતિ (બિન-સચિવાલય માટે) (ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા પ્રસિધ્ધ કરાયેલ)

INDEX

પરિશિષ્ટ-૨

(જુઓ નિયમ ૫)

અરજીનો નમૂનો

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીમાં, સંશોધન મદદનીશ, વર્ગ ૩ની જગા પર બઢતી માટેની ખાસ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની અરજી.

૧. અરજદારનું પૂરું નામ (અટક પહેલાં) (અંગ્રેજી અને ગુજરાતીમાં) :-

૨. હોદ્દો (અંગ્રેજી અને ગુજરાતીમાં) :-

૩. જન્મ તારીખ :-

૪. (૧) વિભાગ :-

(૨) પ્રતિનિયુક્તિના કિસ્સામાં કચેરીનું નામ :-

૫. (પ્રવરતા યાદી અનુસાર) હાલના સંવર્ગમાં નિયમિત નિમણૂકની તારીખ. :-

૬. હાલના સંવર્ગમાં સળંગ પાંચ વર્ષની સેવા પૂરી કર્યાની તારીખ. :-

૭. આંકડા મદદનીશ, વર્ગ ૩, સંવર્ગની પ્રવરતા યાદીમાં પ્રવરતા ક્રમાંક :-

૮. શૈક્ષણિક લાયકાતો :-

(ક) પદવીનું નામ :-

(ખ) પરીક્ષા પાસ કર્યાનું વર્ષ (ગુણપત્રક જોડવું) :-

(ગ) પદવી મેળવ્યાનું વર્ષ (પદવી પ્રમાણપત્ર જોડવું) :-

૯. તમે અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ/સામાજિક અને શૈક્ષણિકરીતે પછાત વર્ગના છો કે કેમ (હા, તો જાતિ જણાવવીઅને જાતિ પ્રમાણપત્રની બે નકલો જોડવી) :-

INDEX

૧૦. પરીક્ષા ફી

(૧) ભારતીય પોસ્ટલ ઓર્ડરનો અનુક્રમાંક :-

(૨) ભારતીય પોસ્ટલ ઓર્ડરની તારીખ :-

(૩) રકમ (રૂપિયામાં) :-
(અસલ પોસ્ટલ ઓર્ડર જોડવો)

૧૧. ખાતાકીય પરીક્ષા વિદ્યમાન છે કે કેમ :-
(હા અથવા ના)

જો હા, તો-

(ક) ખાતાકીય પરીક્ષા પાસ કર્યા તારીખ :-

(ખ) જેટલી તકોમાં ખાતાકીય પરીક્ષા પાસ કરવાની હોય તેટલી તકોની સંખ્યા :-

૧૨. સી.સી.સી. (C.C.C.) પરીક્ષા પાસ કર્યાની તારીખ સંબંધી માહિતી :-

૧૩. તે/તેણી, ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાના નિયમો અનુસાર પરીક્ષામાં ઉપસ્થિત રહેવા પાત્ર છે કે કેમ. :-

૧૪. વિશેષ નોંધ, કોઇ હોય તો તે. :-

સ્થળ:.....................

તારીખ:..................

અરજદારની સહી

પરિશિષ્ટ ૩

(જુઓ નિયમ ૫)

યોગ્યતા પ્રમાણપત્ર

આથી, પ્રમાણિત કરવામાં આવે છે કે અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, આંકડા મદદનીશ, વર્ગ ૩, શ્રી/શ્રીમતિ/કુ. ...., અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરીમાં સંશોધન મદદનીશ, વર્ગ ૩ (ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૧૫ની જોગવાઇઓ હેઠળ ખાસ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપસ્થિત રહેવા પાત્ર છે. વળી તેણે/તેણીએ ભારતીય પોસ્ટલ ઓર્ડરથી રુ......... ની પરીક્ષા ફી ભરેલી છે. અરજીમાં આપેલી માહિતી, આ વિભાગના રેકર્ડ સાથે ચકાસણી કરીને ખરાઇ કરેલ છે અને તે સાચી હોવાનું જણાયેલ છે.

સ્થળ:-----------------

તારીખ:---------------

નિયામક,
અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ.ડી.પટેલ,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 270

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, AUGUST 24, 2016/BHADRA 2, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૨૪મી ઓગસ્ટ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **તારીખ : ૯મી જુલાઈ, ૨૦૧૫**ના ગુજરાત સરકારના **મહેસૂલ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચએમ-૨૦૧૫-૧૦૧-એમ-બીઆરટી-૨૦૧૪-૨૬૪-એચ.**નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Senior Surveyor, Class III, Recruitment Rules, 2015.

સિનિયર સર્વેયર, વર્ગ ૩,ભરતી નિયમો, ૨૦૧૫ સંબંધી

જાહેરનામું.

મહેસૂલ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૯મી જુલાઈ, ૨૦૧૫.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીએચએમ-૨૦૧૫-૧૦૧-એમ-બીઆરટી-૨૦૧૪-૨૬૪-એચ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, જમાબંદી આયુક્ત (સેટલમેન્ટ કમિશનર)ની કચેરી અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજ્યની કચેરીની તાબાની સેવામાં, સિનિયર સર્વેયર, વર્ગ ૩ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો, સિનિયર સર્વેયર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. જમાબંદી આયુક્ત (સેટલમેન્ટ કમિશનર)ની કચેરી અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજ્યની કચેરીની તાબાની સેવામાં, સિનિયર સર્વેયર, વર્ગ ૩ની જગા પરની નિમણૂક, જેણે-

(ક) (૧) જમાબંદી આયુક્ત (સેટલમેન્ટ કમિશનર)ની કચેરી અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજ્યની કચેરીની તાબાની સેવામાં, સર્વેયર, વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય;

(૨) જમીન દફતર વિભાગ/ખાતાની જમીન દફતર લાયકી પરીક્ષા (નિમ્ન સ્તરની) પાસ કરેલી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. બઢતીથી અને સીધી પસંદગીથી કરવાની નિમણૂકો અનુક્રમે ૩:૧ના પ્રમાણમાં કરવી જોઈશે.

૪. નિયમ ૨-માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૦ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિઃ

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે.

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી સિવિલ એન્જિનિયરીંગમાં સ્નાતકની પદવી અથવા આર્કિટેક્ચર અથવા બી.એસ.સી. (કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ ઇન્ફર્મેશન ટેકનોલોજી)માં સ્નાતકની પદવી અથવા કોમ્પ્યુટર એપ્લીકેશન (બી.સી.એ.)માં સ્નાતકની પદવી અથવા એન્જિનિયરીંગ (ઇન્ફર્મેશન ટેકનોલોજી)માં સ્નાતકની પદવી અથવા એન્જિનિયરીંગ (કોમ્પ્યુટર એપ્લીકેશન)માં સ્નાતકની પદવી અથવા એન્જિનિયરીંગ (ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન)માં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે;

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૫. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક-ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે નિર્ધારિત કર્યા પ્રમાણેની જમીન દફતર નિમ્ન લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રવીણ ધંધુકિયા,

સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 271

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, AUGUST 26, 2016/BHADRA 4, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૬

તારીખ : ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૬ - ના ગુજરાત રાજપત્ર, **(અસાધારણ)** માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૬ ના ગુજરાત **અધિનિયમ ક્રમાંકઃ ૧૩** - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 13 OF 2016.

THE GUJARAT PROFESSIONAL MEDICAL EDUCATIONAL COLLEGES OR INSTITUTIONS (REGULATION OF ADMISSION AND FIXATION OF FEES) (AMENDMENT) ACT, 2016.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે **સન ૨૦૧૬ ના ઓગસ્ટ** મહિનાની ૨૫ મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સી. જે. ગોઠી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 13 OF 2016

AN ACT

further to amend the Gujarat Professional Medical Educational Colleges or Institutions (Regulation of Admission and Fixation of Fees) Act, 2007.

સન ૨૦૧૬ નો ગુજરાત અધિનિયમ ક્રમાંક. ૧૩.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૬ ના ઓગસ્ટ મહિનાની ૨૬ મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર'' માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. — ટૂંકી સંજ્ઞા અ[ને] આરંભ.

(૨) આ કલમ અને કલમો ૩ અને ૪ તરત જ અમલમાં આવશે અને કલમ ૨ સન ૨૦૧૬ના જૂન મહિનાની ૧૦મી તારીખે અમલમાં આવી હોવાનું ગણાશે.

૨. ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત અધિનિયમ, ૨૦૦૭ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે — સન ૨૦૦[૭]ના ગુજરાતના [...] અધિનિયમ[...] કલમ ૨-નો સુધારો.

ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨-માં, ખંડ (ટ)માં, ''અથવા આશ્રિતો માટે શિક્ષણના હેતુ'' એ શબ્દો કમી કરવા.

સન ૨૦૦૮ના ગુજરાતના ૩જા અધિનિયમની કલમ ૧૦નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦માં, પેટા-કલમ (૩)માં, નીચેનો પરંતુક દાખલ કરવો :-

''પરંતુ ફી નિયમન સમિતિ, ત્રણ સળંગ શૈક્ષણિક વર્ષો માટે, એક જ સમયે, જુદી જુદી ફી નક્કી કરી શકશે અને જે વ્યાવસાયિક અભ્યાસક્રમમાં વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવ્યો હોય તે વ્યાવસાયિક અભ્યાસક્રમના સમયગાળા દરમિયાન દરેક વર્ષ માટે જુદી જુદી ફી પણ નક્કી કરી શકશે.''.

રદ કરવા બાબત અને અપવાદ.

સન ૨૦૧ ગુજરાત વ ક્રમાંક ૨.

૪. (૧) ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત (સુધારા) વટહુકમ, ૨૦૧૬ આથી રદ કરવામાં આવે છે.

સન ૨૦૦ ગુજરાતનો ૩જો.

(૨) એવી રીતે રદ થવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણે, મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઇ કૃત્ય અથવા લીધેલું કોઇ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

P:\Work-2016\SIS-13\Extra Ordinary\IX\Ex. 271 Guj. Act No.13 _RK.doc

INDEX

Extra No. 272

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, AUGUST 29, 2016/BHADRA 7, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ઓગસ્ટ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ-ના તારીખ : ૧૪મી જૂન, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ-૨૦૧૬-(૬૩)-એમસીઆર-૧૦૨૦૧૨-૨૦૧૯-છ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Gujarat Minor Mineral Concession Rules, 2010.

ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૦ સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૪મી જૂન, ૨૦૧૬.

ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭.

ક્રમાંકઃ જીયુ – ૨૦૧૬– (૬૩) –એમ સી આર – ૧૦૨૦૧૨ – ૨૦૧૯ –છ:–ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭ (સન ૧૯૫૭ના ૬૭મા)ની કલમ ૧૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ (દ્વિતીય સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૦ (જેનો આમાં હવે પછી, " સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) માં, નિયમ ૨–માં, પેટા–નિયમ (૧)માં,ખંડ (૪–ખ)માં, " લાઇસન્સ ધરાવનારા/ ટૂંકી મુદતની પરમિટ ધરાવનારના" એ શબ્દો કમી કરવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૩ ઘ–માં, –

(ક) પેટા–નિયમ (૩)માં,-

(૧) " લાયકાત ધરાવનાર માન્યતા પ્રાપ્ત અધિકારી (RQP)-એ" એ શબ્દો અને કૌંસને બદલે, "લાયકાત ધરાવનાર માન્યતા પ્રાપ્ત કોઈ વ્યક્તિએ" એ શબ્દો મૂકવા;

(૨) ખંડ (૧) માં, " કોઈ અધિકારીને " એ શબ્દોને બદલે, " કોઈ વ્યક્તિને" એ શબ્દો મૂકવા;

(ખ) પેટા–નિયમ (૪) માં, "અધિકારી" એ શબ્દને બદલે, "વ્યક્તિ" એ શબ્દ મૂકવો.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૩ ચ–માં,-

(૧) પેટા–નિયમ (૧)ને બદલે, નીચેનો પેટા–નિયમ મૂકવો:–

"(૧) નિયમ ૩ ઘ–ના પેટા–નિયમ (૩) હેઠળ જરૂરી હોય તેવી લાયકાત અને અનુભવ ધરાવતી કોઇપણ વ્યક્તિ,રૂપિયા ૧૦,૦૦૦/–ની બિન–રિફંડપાત્ર ફી સાથે નમૂના–કક–માં,ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનર, ગુજરાત રાજ્ય–ને, આવી માન્યતા માટે અરજી કરી શકશે." ;

(૨) પેટા–નિયમ (૨) પછી, નીચેનો પેટા–નિયમ દાખલ કરવો:–

" (૨–ક) લાયકાત ધરાવનાર વ્યક્તિ માટે માન્યતા અંગેનું પ્રમાણપત્ર નમૂના– કકક–માં કાઢી આપવું જોઇશે."

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૩ છ–માં, ખંડ (૭) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–

" (૮) નિયમ ૩ઘ–ના પેટા–નિયમ (૨) હેઠળ મંજૂરી માટે રજૂ કરવામાં આવેલ દરેક ખાણકામ યોજના સાથે રૂપિયા ૧,૦૦૦/–ની બિન–રિફંડપાત્ર ફી જોડવી જોઇશે."

૬. સદરહુ નિયમોમાં, નમૂના–ક પહેલા, નીચેના નમૂના દાખલ કરવા:–

" નમૂનો-કક

(જુઓ નિયમ ૩ચ (૧))

લાયકાત ધરાવનાર વ્યકિત તરીકેની માન્યતા મેળવવા માટેની અરજી

હું,ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૦ના નિયમ ૩ચ-ના પેટા-નિયમ (૨) હેઠળ, (પર્યાવરણવિષયક વ્યવસ્થાપન યોજના સહિતની) ખાણકામ યોજના તૈયાર કરવા માટે,લાયકાત ધરાવનાર વ્યકિત તરીકેની માન્યતા મેળવવાની ઈચ્છા ધરાવું છું અને નીચેની માહિતી રજૂ કરું છું:-

પ્રમાણિત કરેલ ફોટો ચોંટાડવો.

૧. (ક) અરજદારનું નામ :

(ખ) પિતાનું નામ :

(ગ) અરજદારનું સરનામું :

(ઘ) જન્મ તારીખ:

(ચ) રાષ્ટ્રીયતા:

(છ) અરજદાર સામાન્ય રીતે જ્યાં રહેતો હોય તે સ્થળ:

ગામ/ શહેર: ....

તાલુકો: ....

જિલ્લો: ....

રાજ્ય: ....

૨. શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત (પદવી કક્ષા અને તે ઉપરાંતની)

સંસ્થા/ યુનિવર્સિટીનું નામ :

પાસ કરેલી પરીક્ષા :

પાસ કર્યાનું વર્ષ :

૩. ખાણકામ કામગીરી/ ખનિજ વહીવટમાં અવેક્ષક ક્ષમતામાં કામ કરવાનો બે વર્ષનો અનુભવ (હાલમાં અથવા તાજેતરમાં જે સ્થાન પર હોય ત્યાંથી શરૂ કરીને)

ક. હાલની અથવા તાજેતરની જગા

સેવાના(નોકરીના) વર્ષો : ....થી ....

જગાનું નામ:

ખાણ/વિભાગનું નામ અને સ્થળ

કામ ઉપર રાખનારનું નામ અને સરનામું:

તમારી અંગત જવાબદારી દર્શાવતા તમારા કામનું વર્ણન:

ખ. અગાઉની જગા

સેવાના(નોકરીના) વર્ષો : ....થી ....

જગાનું નામ:

ખાણ/વિભાગનું નામ અને સ્થળ

તમારી અંગત જવાબદારી દર્શાવતા તમારા કામનું વર્ણન:

કામ ઉપર રાખનારનું નામ અને સરનામું:

INDEX

૪. ખાણકામ યોજનાનો અનુભવ, જો કોઇ હોય તો–પોતાના અનુભવનું વૃતાંત (પર્યાવરણવિષયક વ્યવસ્થાપન સહિતની ખાણકામ યોજના તૈયાર કરવા માટે તમે પોતાને શા માટે યોગ્ય ગણો છો તે જણાવવું. તૈયાર કરેલી ખાણકામ યોજના, જો કોઇ હોય તો, તેની વિગતો આપવી): ....

૫. લાયકાત અને અનુભવના આધાર માટે જોડેલા પ્રમાણપત્રો અને પુરાવાની નકલોની યાદી:

૧ ....

૨ ....

૬. ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ, ૧૯૫૭ અને તે હેઠળ કરવામાં આવેલા નિયમો હેઠળ ક્યારેય માન્યતાપ્રાપ્તિ માટે અરજી આપેલ હોય, તો તે જણાવવું :

હા : ☐ ના : ☐

(ક) જો હા, તો જે સત્તાધિકારીને અરજી કરેલ હોય તેમનું નામ અને સરનામું અને અરજી કર્યાની તારીખ: ....

(ખ) સદરહુ સત્તાધિકારીનો નિર્ણય:

હું, આથી જાહેર કરું છું કે ઉપર રજૂ કરેલી માહિતી, મારી જાણ અને માન્યતા મુજબ સાચી, સંપૂર્ણ અને ખરી છે.

સ્થળ: અરજદારની સહી.

તારીખ:

કચેરીના ઉપયોગ માટે

૧. શ્રી .... ની અરજીની તપાસ કર્યેથી, મને ખાતરી થઇ છે કે અરજદાર, ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૦ના નિયમ ૩૨–ના પેટા–નિયમ (૨) હેઠળ,માન્યતા મેળવવા માટે યોગ્ય/અયોગ્ય છે.

૨. તેમને માન્યતા પ્રાપ્ત વ્યક્તિ તરીકે આપવામાં આવેલ રજિસ્ટ્રેશન નંબર .... છે, માન્યતા આપવા માટેનો ઇનકાર કરવા અંગેના કારણોની નોંધ નીચે કરવામાંઆવેલ છે.

સ્થળ:

તારીખ: ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનર

નમૂનો–કકક

(જુઓ નિયમ ૩૫ (૨))

લાયકાત ધરાવનાર માન્યતા પ્રાપ્ત વ્યક્તિ અંગેનું પ્રમાણપત્ર

ગુજરાતમાં ગૌણ ખનિજના ખોદકામ માટેની ખાણકામ યોજના તૈયાર કરવા માટે લાયકાત ધરાવનાર વ્યક્તિ તરીકેનું માન્યતા અંગેનું પ્રમાણપત્ર

શ્રી/ શ્રીમતી .... (સરનામું)– એ તેમની/તેણીની લાયકાત અને અનુભવના સંતોષકારક પુરાવા રજૂ કર્યેથી, આથી, ગુજરાંત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૦ના નિયમ ૩૫ હેઠળ, ગુજરાતમાં ગૌણ ખનિજના ખોદકામ માટેની ખાણકામ યોજના તૈયાર કરવા માટે લાયકાત ધરાવનાર વ્યક્તિ તરીકેની માન્યતા આપવામાં આવે છે.

રજિસ્ટ્રેશન નંબર .... છે.

તારીખ: ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનર."

સ્થળ:

કચેરીનું સીલ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. ડી. મહેતા,

સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 273

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, AUGUST 30, 2016/BHADRA 8, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી ઓગસ્ટ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૩૦મી મે, ૨૦૧૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૬૧/૨૦૧૬/વીડીઆર/૨૦૦૬/૨૯૯૬/ઈ.૧. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Government Notification, Education and Labour Department No. GH/SH/197/BPA-1070/19560(1)-P, dated the 1st April, 1975.

શિક્ષણ અને મજૂર વિભાગનું તારીખ: ૧લી એપ્રિલ, ૧૯૭૫નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીએચ/એસએચ/૧૯૭/બીપીએ-૧૦૭૦/૧૯૫૬૦(૧)-પી. સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૩૦મી મે, ૨૦૧૬.

ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક. જી.જી/૬૧/૨૦૧૬/વીડીઆર/૨૦૦૬/૨૯૯૬/ઈ.૧:- ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ ૬ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે તેને અન્ય તમામ સત્તા આપીને, ગુજરાત સરકાર, આથી, શિક્ષણ અને મજૂર વિભાગનું તારીખ: ૧લી એપ્રિલ, ૧૯૭૫નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીએચ/એસએચ/૧૯૭/બીપીએ-૧૦૭૦/૧૯૫૬૦(૧)-પી. નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક. ૪૦ ઉપરની નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી:-

અનુ-ક્રમાંક.	અધિકારીનો હોદ્દો.		ક્યાં વિસ્તારમાં સત્તા વાપરી શકાશે તે.	કંઈ સત્તા વાપરી શકાશે તે.
	(૧)		(૨)	(૩)
"૪૧.	(૧)	(૧) મેનેજર, મેસર્સ હોટેલ આરતી ઈન્ટરનેશનલ લિમિટેડ, પ્લોટ નં. ૧, ૨ અને ૧૦ આર.એસ. ૧૯૯-પી, નાના કપાયા, મુન્દ્રા, કચ્છ.	મેસર્સ હોટેલ આરતી ઈન્ટરનેશનલ લિમિટેડ, પ્લોટ નં. ૧, ૨ અને ૧૦ આર.એસ. ૧૯૯-પી, નાના કપાયા, મુન્દ્રા, કચ્છ-ના મકાનો.	કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલી, હોટલમાં રોકાયેલી હોય અથવા ન રોકાયેલી હોય તે વ્યક્તિને મુલાકાતીઓની પરમિટ અથવા સહેલાણીઓની પરમિટ આપવા માટે કલમો ૪૬ અને ૪૬અ હેઠળની સત્તા.
		(૨) મેસર્સ હોટેલ આરતી ઈન્ટરનેશનલ લિમિટેડ, પ્લોટ નં. ૧, ૨ અને ૧૦ આર.એસ. ૧૯૯-પી, નાના કપાયા, મુન્દ્રા, કચ્છ ખાતે નિમાયેલા નશાબંધી અને આબકારી સબ-ઈન્સ્પેક્ટર.	ઉપર મુજબ	ઉપર મુજબ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આશિષ વાળા,

સરકારના નાયબ સચિવ.

INDEX

Extra No. 274

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, AUGUST 30, 2016/BHADRA 8, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી ઓગસ્ટ, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગ-ના તારીખ : ૧લી જૂન, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએન-૩૭) વીવીકે-૧૨૨૦૧૩-૧૧૦૬-ઠ-૩નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification
Regarding
The Commercial Tax Officer, Class II (pre-service training and post-training examination) Rules, 2016.

વાણિજ્યિક વેરા અધિકારી, વર્ગ ૨ (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા) નિયમો, ૨૦૧૬ સંબંધી
જાહેરનામું.
નાણા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૧લી જૂન, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ (જીએન-૩૭)વીવીકે-૧૨૨૦૧૩-૧૧૦૬-ઠ-૩ઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, વાણિજ્યિક વેરા અધિકારી, વર્ગ ૨-ની જગા ઉપર સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓની સેવાની શરતોનું, તે જ્યાં સુધી તેમની પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાને લાગુ પડે છે તેટલે સુધી, નિયમન કરવા માટે જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. **ટૂંકી સંજ્ઞા અને વ્યાપ્તિ .-**

(૧) આ નિયમો વાણિજ્યિક વેરા અધિકારી, વર્ગ ૨ (પૂર્વ-સેવા તાલીમ અને તાલીમાંત પરીક્ષા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે, વાણિજ્યિક વેરા વિભાગમાં, વાણિજ્યિક વેરા અધિકારી, વર્ગ ૨ તરીકે સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓને લાગુ પડશે.

૨. **વ્યાખ્યા.-** આ નિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''પરિશિષ્ટ'' એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) ''નાયબ વાણિજ્યિક વેરા કમિશનર'' એટલે નાયબ વાણિજ્યિક વેરા કમિશનર (તાલીમ), ગુજરાત રાજ્ય;

(ગ) ''સીધી ભરતીથી નિમાયેલી વ્યકિત'' એટલે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે કરવામાં આવેલી ભલામણ પરથી વાણિજ્યિક વેરા વિભાગ, ગુજરાત રાજ્યમાં વાણિજ્યિક વેરા અધિકારી, વર્ગ ૨-ની જગા પર નિમાયેલી વ્યક્તિ;

(ઘ) ''તાલીમ સંસ્થા'' એટલે નાયબ વાણિજ્યિક વેરા કમિશનર (તાલીમ), ગુજરાત રાજ્યના નિયંત્રણ હેઠળ સ્થપાયેલી સંસ્થા;

(ચ) ''તાલીમાંત પરીક્ષા'' એટલે સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓને પૂર્વ-સેવા તાલીમ આપી હોય તેવી તાલીમ સંસ્થા દ્વારા યોજવામાં આવતી પરીક્ષા;

(છ) ''નિર્દિષ્ટ તકો'' એટલે કોઇ વ્યકિતએ જેટલી તકોની અંદર પરીક્ષા પાસ કરવી જરૂરી હોય તેટલી આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી તકોની સંખ્યા.

૩. **સંસ્થાકીય તાલીમ.-**

સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ, નીચેની જોગવાઈઓ અનુસાર, તાલીમ સંસ્થામાં, સંસ્થાકીય તાલીમ લેવાની રહેશેઃ-

(૧) તાલીમ સંસ્થાએ આપવાની સંસ્થાકીય તાલીમ, પરિશિષ્ટ-૨માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, અઢાર અઠવાડિયાની મુદત સુધીની હોવી જોઈશે.

INDEX

(૨) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓ, તેમની સંસ્થાકીય તાલીમની મુદત દરમિયાન, નાયબ વાણિજ્યિક વેરા કમિશનર (તાલીમ), ગુજરાત રાજ્ય-ના નિયંત્રણ હેઠળ રહેશે.

(૩) સંસ્થાકીય તાલીમની મુદત પૂરી થયા પછી, તાલીમ સંસ્થાએ, તાલીમાંત પરીક્ષા યોજવી જોઈશે. સંસ્થાકીય તાલીમ કાર્યક્રમ પૂરો કર્યો હોય તેવી સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ, તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે. સંસ્થાકીય તાલીમ પૂરી થયા પછી, સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ, તેમની તાલીમાંત પરીક્ષા યોજવામાં આવે ત્યાં સુધી, તેમની સંબંધિત કચેરીઓમાં કામ કરવાનું રહેશે.

૪. **પરીક્ષાની પદ્ધતિ.-**

(૧) તાલીમાંત પરીક્ષા ૩ (ત્રણ) પ્રશ્નપત્રોની રહેશે, દરેક (પ્રશ્નપત્ર) ૧૦૦ (એકસો) ગુણનું રહેશે. દરેક પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ પરિશિષ્ટ-૧માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે.

(૨) વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નપત્ર ૩ના ભાગ-૨ સિવાય, પરીક્ષા બહુવિધ પસંદગી પ્રશ્નો (મલ્ટિપલ ચોઈસ ક્વેશ્ચન)ની રહેશે. પ્રશ્નપત્ર ૩ના ભાગ-૨ના જવાબો, ગુજરાતીમાં અથવા પ્રશ્નપત્રમાં આપેલી સૂચના પ્રમાણે લખવાના રહેશે.

(૩) ઉમેદવારોને, જે પ્રશ્નપત્રના જવાબ પુસ્તકોની મદદ સિવાય આપવાના હોય તે પ્રશ્નપત્ર સિવાયના પ્રશ્નપત્રો ૧ થી ૩ના સમગ્ર વિષયોના જવાબ પુસ્તકોની મદદથી આપવા દેવામાં આવશે.

સ્પષ્ટીકરણ.- ''પુસ્તકો સાથે'' એટલે સરકારે અથવા તાલીમ સંસ્થાએ વખતોવખત મંજૂર કરેલા વિષયનું અસલ (મૂળ) પુસ્તક અને તેમાં કોઈપણ વિવરણ અથવા કેસ લૉ (પૂર્વ-કાયદા) સિવાયના મૂળ (ફક્ત) અધિનિયમો અને નિયમોનો તેમજ ગુજરાત સરકારે પ્રસિદ્ધ કરેલા અધિનિયમ હેઠળ બહાર પાડેલા નિયમસંગ્રહોનો સમાવેશ થાય છે.

૫. **પરીક્ષા પાસ કરવા માટેની તક.-**

(૧) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓએ, તેમની અજમાયશની મુદત દરમિયાન, ત્રણ તકોની અંદર, તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશેઃ

પરંતુ અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિઓને, વધારાની એક તક આપવામાં આવશે, જેનો લાભ, તેની તૃતીય તકની પરીક્ષાનું પરિણામ જાહેર થયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર લેવાનો રહેશે.

(૨) સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિ, આ નિયમો હેઠળ ફરમાવ્યા પ્રમાણેની ઠરાવેલી તકોની અંદર, તાલીમાંત પરીક્ષા પાસ ન કરે, તો તેની સેવા સમાપ્ત કરવામાં આવશેઃ

પરંતુ કોઈ કિસ્સામાં, રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે તે પોતાના કાબૂ બહારના કારણોસર ઠરાવેલી તકોની અંદર પરીક્ષા પાસ કરી શકી નથી, તો રાજ્ય સરકાર, કારણોની નોંધ કરીને, સરકાર નક્કી કરે તેટલી પરીક્ષા ફી ભર્યેથી, તેને આવી તાલીમાંત પરીક્ષા પાસ કરવા માટે વધુમાં વધુ બે વધારાની તકો આપી શકશેઃ

વધુમાં, વધારાની તકોનો લાભ લીધા પછી, કોઈ વ્યક્તિ, તાલીમાંત પરીક્ષા પાસ કરે, તો તેની પહેલાં જેમણે નિર્દિષ્ટ તકો અને નિર્દિષ્ટ સમયની અંદર પરીક્ષા પાસ કરી હોય તેવી વ્યક્તિઓ ઉપર તે સિનિયોરિટીનો દાવો કરવા હકદાર થશે નહિ.

(૩) ઉપરના પેટા-નિયમ (૧) અને પેટા-નિયમ (૨)માં જણાવેલા સંજોગોમાં, પરીક્ષા સમયસર યોજવામાં ન આવી હોય અથવા સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓની અજમાયશની મુદત પૂરી થાય તે પહેલાં તેનું પરિણામ જાહેર થઈ શક્યું ન હોય, તો તેની અજમાયશની મુદત, તેની છેલ્લી વધારાની તકની તાલીમાંત પરીક્ષાનું પરિણામ જાહેર થાય ત્યાં સુધી લંબાવેલી હોવાનું ગણાશે.

(૪) પરીક્ષામાં ઉપસ્થિત નહિ રહેવાની બાબત એક તક તરીકે ગણાશે.

(૫) નાયબ વાણિજ્યિક વેરા કમિશનર (તાલીમ), ગુજરાત રાજ્ય-એ દરેક તાલીમાંત પરીક્ષાનું પરિણામ પ્રસિદ્ધ કરવું જોઈશે.

૬. **પરીક્ષા પાસ કરવા બાબત.-**

(૧) તાલીમાંત પરીક્ષા પાસ કરવા માટેનું ધોરણ, દરેક પ્રશ્નપત્રને ફાળવેલા કુલ ગુણના પચાસ ટકા રહેશે.

(૨) એક અથવા તેથી વધુ પ્રશ્નપત્રોમાં સાઠ ટકા અથવા તેનાથી વધુ ગુણ મેળવે તેવા અસફળ ઉમેદવારને, ત્યાર પછીની પરીક્ષામાં તે પ્રશ્નપત્ર અથવા તે પ્રશ્નોપત્રોમાં ઉપસ્થિત રહેવામાંથી મુકિત આપવામાં આવશે.

૭. **મુસાફરી ભથ્થું મેળવવા હકદાર થશે નહિ.-**

સીધી ભરતીથી નીમાયેલી વ્યકિતઓ, સંસ્થાગત તાલીમમાં હાજર રહેવા અને/અથવા તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે, તેમણે કરેલી મુસાફરી માટે કોઇ મુસાફરી ભથ્થાં મેળવવાને હકદાર થશે નહિ.

૮. **પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની પાત્રતા.-**

પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે લાયક થવા માટે, સીધી ભરતીથી નિમાયેલા વાણિજ્યિક વેરા અધિકારી-એ, સંસ્થાગત તાલીમમાં વ્યાખ્યાનોની કુલ સંખ્યાના ઓછામાં ઓછા ૮૫% વ્યાખ્યાનોમાં હાજર રહેવાનું જરૂરી રહેશે, અન્યથા તેઓ તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે ગેરલાયક ઠરશે અને તેમની નિમણૂક સમાપ્ત થવાને જવાબદાર ઠરશે.

૯. **રજા માટે હકદાર થશે નહિ.-**

સીધી ભરતીથી નિમાયેલા વાણિજ્યિક વેરા અધિકારીને, સંસ્થાગત તાલીમની મુદત દરમિયાન, ત્રણ કરતાં વધુ દિવસની કોઇપણ પ્રકારની રજાની અથવા ગેરહાજરીની પરવાનગી આપવામાં આવશે નહિ. સીધી ભરતીથી નિમાયેલી વ્યકિત, ત્રણ કરતાં વધુ દિવસ માટે ગેરહાજર રહે અને તાલીમ સંસ્થાના નાયબ વાણિજ્યિક વેરા કમિશનર (તાલીમ)ને એવી ખાતરી થાય કે તેની ગેરહાજરી, તેના કાબૂ બહારના કોઇ અનિવાર્ય સંજોગોના કારણે નથી, તો તેઓ, સીધી ભરતીથી નિમાયેલા વાણિજ્યિક વેરા અધિકારીનો ગેરહાજરીના દિવસો માટેનો પગાર કપાત કરવા માટે આદેશ આપી શકશે.

૧૦. **પુસ્તકો પૂરા પાડવા બાબત.-**

તાલીમ સંસ્થાએ સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓને, તાલીમ સંસ્થામાં તેમની સંસ્થાગત તાલીમ દરમિયાન, કોઇપણ અનામત જામીનગીરી મેળવ્યા વિના, સંસ્થાગત તાલીમ અને તાલીમાંત પરીક્ષા માટેના પુસ્તકો પૂરા પાડવા જોઇશે. સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓએ, તાલીમાંત પરીક્ષા પૂરી થાય કે તરત જ પુસ્તકો પરત કરવાના રહેશે. પુસ્તકો ખોવાઇ ગયાના અથવા તેને નુકસાન થવાના કિસ્સામાં, તાલીમ સંસ્થાએ, સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતઓ પાસેથી પુસ્તકોની કિંમત વસૂલ કરવી જોઇશે.

૧૧. **તાલીમ કાર્યક્રમમાં ફેરફાર કરવા બાબત.-**

નાયબ વાણિજ્યિક વેરા કમિશનર (તાલીમ), પ્રવર્તમાન સંજોગો અનુસાર, તાલીમ કાર્યક્રમમાં અને તાલીમાંત પરીક્ષાની તારીખમાં પણ ફેરફાર કરી શકશે અથવા સુધારો કરી શકશે.

૧૨. **બોન્ડ આપવા બાબત.-**

સીધી ભરતીથી નિમાયેલી દરેક વ્યકિતએ, નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના નમૂનામાં બોન્ડ આપવાનું રહેશે.

૧૩. **વાણિજ્યિક વેરા અધિકારી તરીકે કાર્ય કરવા બાબત.-**

તાલીમાંત પરીક્ષા પાસ કર્યા પછી, સીધી ભરતીથી નિમાયેલી વ્યકિતએ, વાણિજ્યિક વેરા વિભાગમાં વાણિજ્યિક વેરા અધિકારી તરીકે કાર્ય કરવાનું રહેશે.

પરિશિષ્ટ-૧

(જુઓ નિયમ ૪(૧))

પ્રશ્નપત્ર ક્રમાંક	વિષય	ગુણ	સમય
૧	**કાર્યપદ્ધતિવિષયક અને અન્ય કાયદા (પુસ્તકો સાથે)**	**૧૦૦ ગુણ**	૩ કલાક
	➢ ભારતનું સંવિધાન. ભાગ ૧૧ (અનુચ્છેદ ૨૪૬, ૨૪૮, ૨૪૯, ૨૫૧, ૨૫૩, ૨૫૪, ૨૫૬ થી ૨૫૮ અને ૨૬૦) ભાગ ૧૨ અને ભાગ ૧૯ અનુચ્છેદ ૩૬૬ (ફક્ત ૨૯ક)	૨૦ ગુણ	
	➢ ભારતનો ફોજદારી અધિનિયમ, ૧૮૬૦. પ્રકરણ ૨ અને ૪, કલમ ૧૧૯, પ્રકરણ ૫ક પ્રકરણ ૯, ૧૦, ૧૧, ૧૭, ૧૮ (કલમ ૪૬૩ થી ૪૭૭ક) પ્રકરણ ૨૧ (કલમ ૪૯૯ અને ૫૦૦)	૩૦ ગુણ	
	➢ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩. પ્રકરણ ૨, ૩, ૪, ૮, ૯, ૧૧, ૨૯ અને ૩૭	૨૦ ગુણ	
	➢ ભારતનો પુરાવા અધિનિયમ, ૧૮૭૨. (કલમ ૧ થી ૧૧૫)	૨૦ ગુણ	
	➢ દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮. (હુકમ ૫, ૮, ૧૬, ૧૮ અને કલમ ૮૦)	૧૦ ગુણ	
૨	**ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ (પુસ્તકો સાથે)**	**૧૦૦ ગુણ**	૩ કલાક
	➢ ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ અને તે હેઠળ બહાર પાડેલા નિયમો, જાહેરનામા અને હુકમો.	૪૦ ગુણ	
	➢ કેન્દ્રીય વેચાણવેરા અધિનિયમ, ૧૯૫૬ અને તે હેઠળ બહાર પાડેલા નિયમો, જાહેરનામા અને હુકમો.	૧૫ ગુણ	
	➢ ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા અધિનિયમ, ૨૦૦૧.	૦૫ ગુણ	
	➢ ભારતનો માલ-વેચાણ અધિનિયમ, ૧૯૩૦.	૨૦ ગુણ	
	➢ ભારતનો કરાર અધિનિયમ, ૧૮૭૨. પ્રકરણ ૧ (કલમ ૩, ૫ અને ૮) પ્રકરણ ૨ (કલમ ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૨ થી ૨૫ અને ૨૭) પ્રકરણ ૪ (કલમ ૩૭ થી ૪૦, ૪૬ અને ૪૭) પ્રકરણ ૧૦ (કલમ ૧૮૨ થી ૧૮૮, ૨૧૧, ૨૧૩ અને ૨૧૪)	૧૫ ગુણ	
	➢ ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩, ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ અને ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬.	૦૫ ગુણ	
૩	**વાણિજ્યિક હિસાબ અને મૂલ્યાંકન (પુસ્તકો સાથે)**	**૧૦૦ ગુણ**	૩ કલાક
	➢ વેપાર અને નફા અને નુકસાન ખાતા તથા સરવૈયું તૈયાર કરવા સહિત દ્વિનોંધી ચોપડાનો સિદ્ધાંત અને વ્યવહાર.	૪૦ ગુણ	

પ્રશ્ન ક્રમાંક	વિષય	ગુણ	સમય
	➢ ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ અને કચેરી તંત્રનો વહીવટ (પુસ્તકો સાથે). રજિસ્ટ્રેશન, પત્રક, મૂલ્યાંકન, ચેક પોસ્ટ, વસૂલાત, રિફંડ, ગુના, મુકદમો ચલાવવા વગેરે જેવા મૂલ્યવર્ધિત વેરાના વહીવટી પાસાને લગતી વિભાગ દ્વારા આપવામાં આવતી સૂચનાને લગતી ઉમેદવારની જાણકારી અંગેની કસોટી કરવાની હોય તે રીતે આ પ્રશ્નપત્ર તૈયાર કરવું જોઈશે. પ્રશ્નોમાં વિભાગ, કચેરી અને કાર્યપદ્ધતિના સંચાલન સંબંધી વિભાગ દ્વારા આપવામાં આવતી વિવિધ સૂચનાનો પણ સમાવેશ કરી શકાશે.	૩૫ ગુણ	
ભાગ-૨	➢ મૂલ્યાંકનના કેસ (પુસ્તકો સિવાય)	૨૫ ગુણ	

પરિશિષ્ટ-૨

(જુઓ નિયમ ૩(૧))

તાલીમનો કુલ સમયગાળો		૧૮ અઠવાડિયા
૧	વિભાગના તાલીમ કેન્દ્ર ખાતે સૈદ્ધાંતિક તાલીમ	૧૪ અઠવાડિયા
૨	ખાતાકીય તાલીમ (પ્રાયોગિક)	
	(ક) VATIS મોડ્યુલ	૧ અઠવાડિયું
	(ખ) ક્ષેત્ર કચેરીઓમાં પ્રાયોગિક તાલીમ	૩ અઠવાડિયા

INDEX

પરિશિષ્ટ-3
(જુઓ નિયમ ૧૨)
જામીન-ખત

આ ખતથી સર્વે લોકોને જાણ થાય કે હું......................વિભાગના તારીખઃ......................ના સરકારી જાહેરનામા ક્રમાંક....................માં જણાવેલા નિયમો (જેનો આમાં હવે પછી "નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અનુસાર ....ની જગા પર નિમણૂક માટે પસંદ થયેલો ઉમેદવાર, ગુજરાત રાજયની સરકારની વહીવટી સત્તાનો ઉપયોગ કરતા ગુજરાતના રાજયપાલ (જેનો આમાં હવે પછી "સરકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે, જે શબ્દપ્રયોગમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો એમના પદના ઉત્તરાધિકારીઓ અને નામફેર કરનારાઓનો સમાવેશ થાય છે) સાથે, મારી તાલીમ દરમિયાન સરકારે મને ચૂકવેલ પગાર અને ભથ્થાંની રકમ ઉપરાંત મારી તાલીમ માટે સરકારે ખર્ચ કરેલ હોવાથી અને તે સરકારને ચુકવવાનું થતું હોવાથી, તાલીમ સંસ્થાએ મને આપેલી તાલીમના ખર્ચ પેટે સરકારે વખતોવખત ઠરાવેલી રકમ જેટલી રકમ સરકારને ચૂકવવા માટે જવાબદાર બનું છું તથા દ્રઢતાપૂર્વક બંધાઉ છું અને આ ચુકવણી બરાબર અને સાચી રીતે કરવામાં આવે તે માટે આ ખત અન્વયે હું પોતે, મારા વારસો, એક્ઝિક્યુટરો, વહીવટદારો અને કાયદેસરના પ્રતિનિધિઓ બંધાઇએ છીએ. .... મારી (ક) સંસ્થાકીય તાલીમ પૂરી કરવામાં નિષ્ફળતા, અથવા (ખ) તાલીમાંત પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળતા, અથવા (ગ) અજમાયશની મુદત સંતોષકારક રીતે પૂર્ણ થયે, સરકારને સંતોષ થાય, તે રીતે કરવામાં આવેલી મારી નિયમિત નિમણૂકની તારીખથી ૩ વર્ષની મુદત પૂરી થતાં પહેલાં નોકરી છોડવાના પ્રસંગે, મારે તાલીમ દરમિયાન મેં લીધેલા પગાર અને રાબેતા મુજબના ભથ્થાં જેટલી રકમ સરકારને પરત કરવા અંગેનું જામીનખત, નિયમો હેઠળ કરી આપવાનું રહે છે. હવે, ઉપર જણાવેલા ખતની શરત એવી છે કે હું મારા પક્ષે પાલન કરવાના અને બજાવવાના અને (આ ખતના એક ભાગરૂપ ગણવામાં આવેલા) સદરહુ નિયમોમાં જણાવેલ નિયત કરાર અને શરતનું યથાર્થ રીતે અને નિષ્ઠાપૂર્વક પાલન કરીશ તથા બજાવીશ, તો ઉપર લખેલું ખત રદ થશે, અન્યથા તે સંપૂર્ણપણે અમલી અને અસરકર્તા રહેશે:

પરંતુ અન્ય હક અથવા ઉપાયોને બાધ આવ્યા સિવાય, આ ખત હેઠળ ચૂકવવાની રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાની સરકારને છૂટ રહેશે.

આની સાક્ષી રૂપે મેં આજે સન ૨૦......ના ....મહિનાની...................... તારીખના રોજ આ ખત ઉપર સહી કરી છે.

(ઉમેદવારની સહી)

ઉપરનું નામ ધરાવનારે નીચેનાની હાજરીમાં સહી કરી અને સોપ્યું:-

(૧) (સહી અને પૂરેપૂરું સરનામું.)

(૨) (સહી અને પૂરેપૂરું સરનામું.)

INDEX

જામીનગીરી ખત

અમે શ્રી.. અને ....
રહેવાસી............................ તાલુકો..................... જિલ્લો......................., તે ઉપરના નામવાળા શ્રી..............................ના (જેનો આમાં હવે પછી, "ઉમેદવાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમના) જામીનો તરીકે અમારી જાતને જાહેર કરી બાંયધરી આપીએ છીએ કે ઉમેદવારે જે કરવા અને બજાવવાની બાંયધરી આપી છે તે તમામ તે કરશે અને બજાવશે અને તેની (૧) સંસ્થાકીય તાલીમ પૂરી કરવામાં નિષ્ફળતા, અથવા (૨) સરકારને સંતોષ થાય, તે રીતે તાલીમાંત પરીક્ષા, જો કોઇ હોય, તો તેમાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળતા, અથવા (૩) તેની નિયમિત નિમણૂકની તારીખથી ૩ વર્ષની મુદત પૂર્ણ થતાં પહેલાં નોકરી છોડવાના પ્રસંગે, તેની તાલીમ દરમિયાન સરકારે તેને ચૂકવેલા પગાર અને ભથ્થાં જેટલી રકમ ઉપરાંત તેની તાલીમ માટે સરકારે ખર્ચ કરેલ હોવાથી, તાલીમ સંસ્થાએ તેને આપેલ તાલીમના ખર્ચ પેટે સરકારે વખતોવખત ઠરાવેલી ખર્ચની જે રકમ માટે ઉમેદવાર જાતે ભરપાઇ કરવા બંધાયેલો હોય તે રકમ, ગુજરાત રાજયની સરકારની વહીવટી સત્તાનો ઉપયોગ કરતાં ગુજરાતના રાજયપાલને (જેનો આમાં હવે પછી, "સરકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમને) ખાતે જમા થવા દેવા અમે, આથી, સંયુકત અને વ્યકિતગત રીતે બંધાઇએ છીએ અને અમે કબૂલ થઇએ છીએ કે સરકાર, પોતાને પ્રાપ્ય અન્ય હકો અને ઉપાયોને બાધ આવ્યા સિવાય સદરહુ રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે અમારી પાસેથી વસૂલ કરી શકશે અને વધુમાં અમે કબૂલ થઇએ છીએ કે સદરહુ નિયમોમાં નિર્દિષ્ટ કરેલ બોલીઓ અને શરતોમાં કોઇ ફેરફાર થયે, સદરહુ રકમ ચૂકવવાની અમારી જવાબદારીઓમાંથી અમે મુકત થઇશું નહિ અને આ ખત હેઠળની અમારી જવાબદારીના અમલના હેતુ માટે, અમારી જવાબદારી ઉમેદવારની જવાબદારી સાથે સંયુકત અને વ્યકિતગત રહેશે.

ઉપરના નામવાળા જામીને સન ૨૦.......ના ....મહિનાની ....તારીખે સહી કરી અને સોપ્યું.

તારીખઃ જામીનની સહી.
સ્થળઃ પૂરેપૂરું સરનામું અને ધંધો.

તારીખઃ જામીનની સહી.
સ્થળઃ પૂરેપૂરું સરનામું અને ધંધો.

નીચેનાની હાજરીમાં.–

સાક્ષીની સહી,
પૂરેપૂરું સરનામું અને ધંધોઃ

સાક્ષીની સહી,
પૂરેપૂરું સરનામું અને ધંધોઃ

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

કે. એચ. પંડ્યા,
સરકારના સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 275

©

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, AUGUST 31, 2016/BHADRA 9, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી ઓગસ્ટ, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ-ના જાહેરનામા

(૧) ક્રમાંક : કેવી-૨૦૧૫નો ૨૪૭-એનપીએલ-૪૫૧૩-૧૦૩-એમ, તારીખ : ૧૪-૮-૨૦૧૫

(૨) ક્રમાંક : કેવી-૨૦૧૫નો ૨૪૯-એનપીએલ-૪૫૧૩-૧૦૩-એમ, તારીખ : ૨૦-૮-૨૦૧૫

(૩) ક્રમાંક : કેવી-૨૦૧૫નો ૨૮૪-એનપીએલ-૪૫૧૩-૧૦૩-એમ, તારીખ : ૭-૧૧-૨૦૧૫

(૪) ક્રમાંક : કેવી-૨૦૧૫નો ૨૮૫-એનપીએલ-૪૫૧૩-૧૦૩-એમ, તારીખ : ૭-૧૧-૨૦૧૫

(૫) ક્રમાંક : કેવી-૨૦૧૫નો ૨૮૬-એનપીએલ-૪૫૧૩-૧૦૩-એમ, તારીખ : ૭-૧૧-૨૦૧૫

(૬) ક્રમાંક : કેવી-૨૦૧૫નો ૨૮૭-એનપીએલ-૪૫૧૩-૧૦૩-એમ, તારીખ : ૭-૧૧-૨૦૧૫-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Municipalities (Reservation of SC, ST, BC and Women for the Office of the President) Rules, 1994.

ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંકઃ કેવી - ૨૦૧૫નો ૨૪૭ - એનપીએલ - ૪૫૧૩ - ૧૦૩ - એમઃ- ગુજરાત સરકારને એવી ખાતરી થઈ છે કે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૨૭૭ની પેટા-કલમ (૩)ના પરંતુક હેઠળ નિયમો કરવા અને તેની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલું લેવાનું તેને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૩૩ની પેટા-કલમ (૩) સાથે વાંચતા, કલમ ૨૭૭ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) (સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨માં, ''અનુસૂચિ-૮ અને અનુસૂચિ-૯'' એ શબ્દો અને આંકડાને બદલે, ''અનુસૂચિ-૮, અનુસૂચિ-૯ અને અનુસૂચિ-૧૦'' એ શબ્દો અને આંકડા મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, અનુસૂચિ-૧૦ પછી, નીચેની અનુસૂચિ અને તે હેઠળની નોંધ અંતમાં ઉમેરવીઃ-

''અનુસૂચિ-૧૧

નગરપાલિકાઓના પ્રમુખના હોદ્દા માટે રોસ્ટર

અનુ-		રોસ્ટર પોઈન્ટ									
ક્રમાંક	નગર-પાલિકા	૧લો	૨જો	૩જો	૪થો	૫મો	૬ઠ્ઠો	૭મો	૮મો	૯મો	૧૦મો
૧	બાવળા	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી
૨	ધંધુકા	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી
૩	સાણંદ	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.
૪	ચલાલા	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.
૫	જાફરાબાદ	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૬	લાઠી	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.
૭	રાજુલા	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૮	અંકલાવ	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૯	બોરીયાવી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી

અનુ-ક્રમાંક	નગર-પાલિકા	રોસ્ટર પોઈન્ટ									
		૧લો	૨જો	૩જો	૪થો	૫મો	૬ઠ્ઠો	૭મો	૮મો	૯મો	૧૦મો
૧૦	કરમસદ	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી
૧૧	ઓડ	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.
૧૨	ભચાઉ	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.
૧૩	રાપર	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	અ.જા. સ્ત્રી	સા.
૧૪	ચકલાસી	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.
૧૫	ડાકોર	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.આ.
૧૬.	ખેડા	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી
૧૭.	મહુધા	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.
૧૮.	મહેમદાવાદ	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.
૧૯	માણસા	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.
૨૦	કોડીનાર	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી
૨૧	છોટાઉદેપુર	અ.આ.	સ્ત્રી	સા.	અ.આ. સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી
૨૨	ધ્રોલ	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.
૨૩	જામજોધપુર	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૨૪	કાલાવાડ	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૨૫	બાંટવા	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.
૨૬	ચોરવાડ	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૨૭	માણાવદર	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.
૨૮	માંગરોળ	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૨૯	વંથલી	સા.*	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૩૦	સોનગઢ	અ.આ.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.આ. સ્ત્રી	સા.	સ્ત્રી
૩૧	દેવગઢ-બારીયા	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.આ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.
૩૨	ઝાલોદ	પ.વ.	અ.આ. સ્ત્રી	સા.	સ્ત્રી	અ.આ.	અ.આ. સ્ત્રી	અ.આ.	સ્ત્રી	અ.આ.	સ્ત્રી
૩૩	ભાણવડ	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.
૩૪	દ્વારકા	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.
૩૫	સલાયા	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.
૩૬	વિજલપોર	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.આ.
૩૭	હાલોલ	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.આ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.
૩૮	કાલોલ (પંચમહાલ)	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.
૩૯	ચાણસ્મા	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી
૪૦	હારીજ	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી
૪૧	રાધનપુર	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી
૪૨	છાયા	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી
૪૩	કુતીયાણા	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૪૪	રાણાવાવ	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.
૪૫	ધાનેરા	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.
૪૬	થરાદ	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	અ.જા. સ્ત્રી	સા.
૪૭	ગઢડા	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.
૪૮	ગારિયાધાર	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી

અનુ-ક્રમાંક	નગર-પાલિકા	રોસ્ટર પોઈન્ટ									
		૧લો	૨જો	૩જો	૪થો	૫મો	૬ઠ્ઠો	૭મો	૮મો	૯મો	૧૦મો
૪૯	શિહોર	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૫૦	તળાજા	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૫૧	બાલાસિનોર	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી
૫૨	લુણાવાડા	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.
૫૩	સંતરામપુર	અ.જા.	સ્ત્રી	અ.આ.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	અ.આ. સ્ત્રી
૫૪	ખેરાલુ	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી
૫૫	વડનગર	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.
૫૬	વિજાપુર	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૫૭	હળવદ	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી
૫૮	ભાયાવદર	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી
૫૯	જસદણ	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.
૬૦	જેતપુર	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી
૬૧	ઉપલેટા	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી
૬૨	કરજણ	સ્ત્રી	અ.આ.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.
૬૩	ધરમપુર	અ.આ. સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	અ.આ.	અ.આ. સ્ત્રી	અ.આ.	સ્ત્રી	અ.આ.
૬૪	પારડી	અ.આ.	સ્ત્રી	સા.	અ.આ. સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	અ.આ.	સ્ત્રી
૬૫	વલસાડ	સ્ત્રી	પ.વ.	અ.આ. સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.આ.	સ્ત્રી	સા.
૬૬	બીલીમોરા	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.આ.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.
૬૭	ઈડર	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.આ.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી
૬૮	ખેડબ્રહ્મા	પ.વ.	સ્ત્રી	સા.	અ.આ. સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	અ.આ.	સ્ત્રી
૬૯	પ્રાંતિજ	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૭૦	તલોદ	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.
૭૧	સુરેન્દ્રનગર	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.
૭૨	થાનગઢ	અ.જા. સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.

* અગાઉ પ્રસિદ્ધ કરેલ છે.

અનુસૂચિમાં વપરાયેલા સંક્ષિપ્ત રૂપો પર નોંધઃ-

સા.: સામાન્ય, સ્ત્રીઃ સ્ત્રી, અ.જા.: અનુસૂચિત જાતિ, અ.આ.: અનુસૂચિત આદિજાતિ, પ.વ.: પછાત વર્ગ, અ.જા.સ્ત્રીઃ અનુસૂચિત જાતિ સ્ત્રી, અ.આ.સ્ત્રીઃ અનુસૂચિત આદિજાતિ સ્ત્રી''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

યોગેશ રાવલ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Municipalities (Reservation of SC, ST, BC and Women for the Office of the President) Rules, 1994.

ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક: કેવી/૨૦૧૫નો ૨૪૯-એનપીએલ-૪૫૧૩-૧૦૩-એમ.:- ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૨૭૭ની પેટા-કલમ (3)ના પરંતુક હેઠળ નિયમો કરવા અને તેની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલાં લેવાનું તેને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૩૩ની પેટા-કલમ (૩) સાથે વાંચતા, કલમ ૨૭૭ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) (દ્વિતીય સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪માં, અનુસૂચિ -૧૧માં, અનુક્રમાંક ૭૨ ઉપરની નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી:-

અનુ-ક્રમાંક	રોસ્ટર પોઇન્ટ										
	નગર-પાલિકા	૧લો	૨જો	૩જો	૪થો	૫મો	૬ઠ્ઠો	૭મો	૮મો	૯મો	૧૦મો
"૭૩	વલ્લભ વિદ્યાનગર	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	અ.આ.	સ્ત્રી".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

યોગેશ રાવલ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Municipalities (Reservation of SC, ST, BC and Women for the Office of the President) Rules, 1994.

ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૭મી નવેમ્બર, ૨૦૧૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંકઃ કેવી - ૨૦૧૫નો ૨૮૪ - એનપીએલ - ૪૫૧૩ - ૧૦૩ - એમઃ- ગુજરાત સરકારને એવી ખાતરી થઈ છે કે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૨૭૭ની પેટા-કલમ (૩)ના પરંતુક હેઠળ નિયમો કરવા અને તેની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલું લેવાનું તેને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૩૩ની પેટા-કલમ (૩) સાથે વાંચતા, કલમ ૨૭૭ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) (દ્વિતીય સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨માં, "અનુસૂચિ-૧૦ અને અનુસૂચિ-૧૧" એ શબ્દો અને આંકડાને બદલે, "અનુસૂચિ-૧૦, અનુસૂચિ-૧૧ અને અનુસૂચિ-૧૨" એ શબ્દો અને આંકડા મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, અનુસૂચિ-૧૧ પછી, નીચેની અનુસૂચિ અને તે હેઠળની નોંધ અંતમાં ઉમેરવીઃ-

"અનુસૂચિ-૧૨

નગરપાલિકાઓના પ્રમુખના હોદ્દા માટે રોસ્ટર

ક્રમાંક	નગર-પાલિકા	રોસ્ટર પોઈન્ટ							
		૩જો	૪થો	૫મો	૬ઠ્ઠો	૭મો	૮મો	૯મો	૧૦મો
૧	ભૂજ	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી
૨	નડિયાદ	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી
૩	ખંભાળિયા	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી

અનુસૂચિમાં વપરાયેલા સંક્ષિપ્ત રૂપો પર નોંધઃ-

સા.: સામાન્ય, સ્ત્રીઃ સ્ત્રી, અ.જા.: અનુસૂચિત જાતિ, પ.વ.: પછાત વર્ગ".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

યોગેશ રાવલ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Municipalities (Reservation of SC, ST, BC and Women for the Office of the President) Rules, 1994.

ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૭મી નવેમ્બર, ૨૦૧૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંકઃ કેવી - ૨૦૧૫નો ૨૮૫ - એનપીએલ - ૪૫૧૩ - ૧૦૩ - એમઃ- ગુજરાત સરકારને એવી ખાતરી થઈ છે કે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૨૭૭ની પેટા-કલમ (૩)ના પરંતુક હેઠળ નિયમો કરવા અને તેની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલું લેવાનું તેને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૩૩ની પેટા-કલમ (૩) સાથે વાંચતા, કલમ ૨૭૭ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) (તૃતીય સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨માં, ''અનુસૂચિ-૧૧ અને અનુસૂચિ-૧૨'' એ શબ્દો અને આંકડાને બદલે, ''અનુસૂચિ-૧૧, અનુસૂચિ-૧૨ અને અનુસૂચિ-૧૩'' એ શબ્દો અને આંકડા મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, અનુસૂચિ-૧૨ પછી, નીચેની અનુસૂચિ અને તે હેઠળની નોંધ અંતમાં ઉમેરવીઃ-

''અનુસૂચિ-૧૩

નગરપાલિકાઓના પ્રમુખના હોદ્દા માટે રોસ્ટર

અનુ-ક્રમાંક		રોસ્ટર પોઈન્ટ									
	નગર-પાલિકા	૧લો	૨જો	૩જો	૪થો	૫મો	૬ઠ્ઠો	૭મો	૮મો	૯મો	૧૦મો
૧	બોપલ-ઘુમા	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૨	સચીન	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.આ.	સ્ત્રી	સા.
૩	કડોદરા	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી

અનુસૂચિમાં વપરાયેલા સંક્ષિપ્ત રૂપો પર નોંધઃ-

સા.: સામાન્ય, સ્ત્રીઃ સ્ત્રી, અ.જા.: અનુસૂચિત જાતિ, અ.આ.: અનુસૂચિત આદિજાતિ, પ.વ.: પછાત વર્ગ.''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

યોગેશ રાવલ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Municipalities (Reservation of SC, ST, BC and Women for the office of the President) Rules, 1994.

ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૭મી નવેમ્બર, ૨૦૧૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંકઃ કેવી/૨૦૧૫નો ૨૮૬-એનપીએલ-૪૫૧૩-૧૦૩-એમ.:- ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૨૭૭ની પેટા-કલમ (૩)ના પરંતુક હેઠળ નિયમો કરવા અને તેની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલાં લેવાનું તેને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૩૩ની પેટા-કલમ (૩) સાથે વાંચતા, કલમ ૨૭૭ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) (ચોથા સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨-માં, "અનુસૂચિ-૧૨ અને અનુસૂચિ-૧૩" એ શબ્દો અને આંકડાને બદલે, "અનુસૂચિ-૧૨, અનુસૂચિ-૧૩ અને અનુસૂચિ -૧૪" એ શબ્દો અને આંકડા મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, અનુસૂચિ-૧૩ પછી, નીચેની અનુસૂચિ અને તે હેઠળની નોંધ અંતમાં ઉમેરવીઃ-

"અનુસૂચિ-૧૪

નગરપાલિકાના પ્રમુખના હોદ્દા માટે રોસ્ટર

અનુ-ક્રમાંક	નગર-પાલિકા	રોસ્ટર પોઇન્ટ									
		૧લો	૨જો	૩જો	૪થો	૫મો	૬ઠ્ઠો	૭મો	૮મો	૯મો	૧૦મો
૧	મોરબી	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.
૨	વેરાવળ-પાટણ	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી

અનુસૂચિમાં વપરાયેલા સંક્ષિપ્ત રૂપો પર નોંધઃ-

સા.:સામાન્ય, સ્ત્રી:-સ્ત્રી, અ.આ.: અનુસૂચિત આદિજાતિ, પ.વ.:પછાત વર્ગ.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

યોગેશ રાવલ,

સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Municipalities (Reservation of SC, ST, BC and Women for the office of the President) Rules, 1994.

ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૭મી નવેમ્બર, ૨૦૧૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંકઃ કેવી/૨૦૧૫નો ૨૮૭-એનપીએલ-૪૫૧૩-૧૦૩-એમ.:- ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૨૭૭ની પેટા-કલમ (૩)ના પરંતુક હેઠળ નિયમો કરવા અને તેની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલાં લેવાનું તેને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૩૩ની પેટા-કલમ (૩) સાથે વાંચતા, કલમ ૨૭૭ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) (પાંચમા સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨-માં, "અનુસૂચિ-૧૩ અને અનુસૂચિ-૧૪" એ શબ્દો અને આંકડાને બદલે, "અનુસૂચિ-૧૩, અનુસૂચિ-૧૪ અને અનુસૂચિ -૧૫" એ શબ્દો અને આંકડા મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, અનુસૂચિ-૧૪ પછી, નીચેની અનુસૂચિ અને તે હેઠળની નોંધ અંતમાં ઉમેરવીઃ-

"અનુસૂચિ-૧૫

નગરપાલિકાના પ્રમુખના હોદ્દા માટે રોસ્ટર

અનુ-ક્રમાંક	નગર-પાલિકા	રોસ્ટર પોઇન્ટ								
		૨જો	૩જો	૪થો	૫મો	૬ઠ્ઠો	૭મો	૮મો	૯મો	૧૦મો
૧	ધોળકા	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી
૨	વીરમગામ	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.
૩	અમરેલી	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી
૪	બગસરા	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.
૫	સાવરકુંડલા	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી
૬	મોડાસા	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી
૭	આણંદ	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૮	બોરસદ	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૯	ખંભાત	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી
૧૦	પેટલાદ	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી
૧૧	ઉમરેઠ	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી
૧૨	અંજાર	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી
૧૩	ગાંધીધામ	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	અ.જા.સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી
૧૪	માંડવી (કચ્છ)	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૧૫	કપડવંજ	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી

INDEX

અનુ-ક્રમાંક		રોસ્ટર પોઈન્ટ								
	નગર-પાલિકા	૨જો	૩જો	૪થો	૫મો	૬ઠ્ઠો	૭મો	૮મો	૯મો	૧૦મો
૧૬	દહેગામ	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી
૧૭	કલોલ (ગાંધીનગર)	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી
૧૮	ઉના	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી
૧૯	કેશોદ	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	અ.આ.	સ્ત્રી
૨૦	વ્યારા	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.આ.સ્ત્રી	પ.વ.	સ્ત્રી	અ.આ.	સ્ત્રી
૨૧	દાહોદ	સ્ત્રી	અ.આ.	સ્ત્રી	સા.	અ.આ.સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી
૨૨	નવસારી	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી
૨૩	પાટણ	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી
૨૪	સિદ્ધપુર	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.
૨૫	પોરબંદર	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૨૬	ડીસા	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.
૨૭	પાલનપુર	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી
૨૮	બોટાદ	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી
૨૯	અંકલેશ્વર	સા.	સ્ત્રી	અ.આ.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.
૩૦	ભરૂચ	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	અ.આ.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.
૩૧	જંબુસર	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.
૩૨	મહુવા	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૩૩	પાલીતાણા	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી
૩૪	કડી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.
૩૫	મહેસાણા	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી
૩૬	ઉંઝા	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૩૭	વિસનગર	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી
૩૮	વાંકાનેર	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી
૩૯	ગોંડલ	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૪૦	પાદરા	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.
૪૧	હિંમતનગર	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૪૨	બારડોલી	સ્ત્રી	અ.આ.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી
૪૩	ધ્રાંગધ્રા	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૪૪	લીંબડી	અ.જા.સ્ત્રી.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	પ.વ.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી
૪૫	વઢવાણ	સા.	સ્ત્રી	અ.જા.	સ્ત્રી	સા.	અ.જા. સ્ત્રી.	સા.	સ્ત્રી	પ.વ.

અનુસૂચિમાં વપરાયેલા સંક્ષિપ્ત રૂપો પર નોંધઃ-

સા.: સામાન્ય, સ્ત્રી:-સ્ત્રી, અ.જા.: અનુસૂચિત જાતિ, અ.આ.: અનુસૂચિત આદિજાતિ પ.વ.: પછાત વર્ગ, અ.જા.સ્ત્રી: અનુસૂચિત જાતિની સ્ત્રી, અ.આ.સ્ત્રી: અનુસૂચિત આદિજાતિની સ્ત્રી.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

યોગેશ રાવલ,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 276

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, SEPTEMBER 3, 2016/BHADRA 12, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી સપ્ટેમ્બર, ૨૦૧૬.

તારીખ ૩જી સપ્ટેમ્બર, ૨૦૧૬ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૬ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૪નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

GUJARAT ACT NO. 14 OF 2016.

THE GUJARAT COURT-FEES (AMENDMENT) ACT, 2016.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે **સન ૨૦૧૬ના સપ્ટેમ્બર** મહિનાની ૨જી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સી. જે. ગોઠી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 14 OF 2016.

AN ACT

further to amend the Gujarat Court-Fees Act, 2004.

સન ૨૦૧૬નો ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૪.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૬ના સપ્ટેમ્બર મહિનાની ૩જી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત કોર્ટ-ફી અધિનિયમ, ૨૦૦૪ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણ રાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવેછે:-

૧. (૧) આ અધિનિયમ ગુજરાત કોર્ટ-ફી (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. ટૂંકીસંજ્ઞા અને આરંભ.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન૨૦૦૪નો ગુજરાતનો ૪થો.

૨. ગુજરાત કોર્ટ-ફી અધિનિયમ, ૨૦૦૪માં, કલમ ૩૨ કમી કરવી. સન ૨૦૦૪ના ગુજરાતના ૪થા અધિનિયમની કલમ૩૨ કમી કરવા બાબત.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 277

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, SEPTEMBER 6, 2016/BHADRA 15, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ-ના તારીખ : ૨૨મી જાન્યુઆરી, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : એએસ/૨૦૧૬-૭/ડીપીસી/૧૫૨૦૧૬/૨૬/વાય-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification
Regarding
The Gujarat District Planning Committees Rules, 2016.

ગુજરાત જિલ્લા આયોજન સમિતિ નિયમો, ૨૦૧૬ સંબંધી
જાહેરનામું.
સામાન્ય વહીવટ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૨૨મી જાન્યુઆરી, ૨૦૧૬.

ગુજરાત જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮.

ક્રમાંકઃ એએસ / ૨૦૧૬ - ૭ / ડીપીસી / ૧૫૨૦૧૬ / ૨૬ / વાયઃ- ગુજરાત જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૮ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૧મા)ની કલમ ૧૧થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છેઃ-

૧. **ટૂંકી સંજ્ઞા.-** આ નિયમો ગુજરાત જિલ્લા આયોજન સમિતિ નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. **વ્યાખ્યા.-** (૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) "અધિનિયમ" એટલે ગુજરાત જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ, ૨૦૦૮ (સન ૨૦૦૮નો ગુજરાતનો ૧૧મો);

(ખ) "મતદાર યાદી" એટલે-

(૧) જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યો, અને

(૨) જિલ્લામાંની નગરપાલિકાઓના, ગમે તે નામે ઓળખાતા, ચૂંટાયેલા સભ્યો

-ની નિયમ ૭ હેઠળ તૈયાર કર્યા પ્રમાણેની યાદી;

(ગ) ચૂંટણીના સંબંધમાં "મતદાન-મથક" એટલે તે ચૂંટણીનું મતદાન કરાવવા માટેનું સ્થળ;

(ઘ) "ચૂંટણી અધિકારી" એટલે અધિનિયમની કલમ ૪ની પેટા-કલમ (૨) હેઠળ જિલ્લા કલેક્ટરે તે તરીકે નીમેલા અધિકારી.

(૨) આ નિયમોમાં વાપરેલા પણ વ્યાખ્યાયિત ન કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો, અધિનિયમમાં અનુક્રમે તેમનો જે અર્થ આપેલો છે તે જ અર્થ થશે.

૩. **જિલ્લા આયોજન સમિતિની રચના.-** (૧) રાજય સરકારે, અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૧) અનુસાર દરેક જિલ્લા માટે જિલ્લા આયોજન સમિતિની રચના કરવી જોઈશે.

(૨) (૧) રાજ્ય સરકારે, બનતી ત્વરાએ અને આ નિયમોના આરંભની તારીખથી એક મહિનાની અંદર, રાજપત્રમાં જાહેરનામાથી, દરેક જિલ્લા માટેની સમિતિના સભ્યોની કુલ સંખ્યા નિર્દિષ્ટ કરવી જોઈશે.

(૨) દરેક જિલ્લા માટેના ચૂંટાયેલા સભ્યોની સંખ્યા નિર્ધારિત કરતી વખતે,-

(ક) રાજ્ય સરકારે, જિલ્લાના ગ્રામીણ વિસ્તારની અને શહેરી વિસ્તારની વસ્તીના આંકડાને પૂરા હજારની સંખ્યામાં વિચારણામાં લેવા જોઈશે અને પાંચસો અથવા તેથી વધુના બાકી રહેતા કોઈ

આંકડાના કિસ્સામાં, આવા કોઈ આંકડાને ત્યાર પછીની મોટી સંખ્યામાં વધારવા જોઈશે અથવા યથાપ્રસંગ, પાંચસોથી ઓછા હોય તેવા બાકી રહેતા આંકડાને વિચારણામાં લેવા જોઈશે નહિ;

(ખ) આખરી સંખ્યા નિર્ધારિત કરવા માટેની (ગણતરી) હોય તે સિવાયની, કોઈપણ ગણતરીના હેતુ માટે, દશાંશના પહેલા સ્થાન સુધીના કોઈપણ આંકડાને વિચારણામાં લેવા જોઈશે નહિ;

(ગ) આખરી ગણતરી કરવાના હેતુ માટે, દશાંશના પહેલા સ્થાન પરના પાંચ અથવા તેથી વધુના કોઈ આંકડાને, પૂરા આંકડા તરીકે ગણતરીમાં લેવો જોઈશે અને તેને પૂરી સંખ્યા તરીકે ઉમેરવો જોઈશે અને દશાંશના પહેલા સ્થાન પરના પાંચથી ઓછા હોય તેવા કોઈ આંકડાને વિચારણામાં લેવો જોઈશે નહિ.

૪. **ચૂંટણી સત્તાધિકારીની નિમણૂક.-** (૧) સમિતિના સભ્યોની ચૂંટણીના સંચાલન માટે, રાજ્ય સરકારે, તે જિલ્લાના કલેક્ટરની, તે જિલ્લા માટેના ચૂંટણી સત્તાધિકારી તરીકે નિમણૂક કરવી જોઇશે.

(૨) ચૂંટણી સત્તાધિકારીના દેખરેખ, નિયંત્રણ અને આદેશોને અધીન રહીને, ચૂંટણી અધિકારીએ ચૂંટણીનું સંચાલન કરવું જોઇશે.

૫. **ચૂંટણી અધિકારીની નિમણૂક.-** સમિતિના સભ્યોની ચૂંટણીનું સંચાલન કરવાના હેતુ માટે, ચૂંટણી સત્તાધિકારીએ, ચૂંટણી અધિકારી તરીકે એક અધિકારીની નિમણૂક કરવી જોઇશે.

૬. **મદદનીશ ચૂંટણી અધિકારીની નિમણૂક.-** (૧) ચૂંટણી સત્તાધિકારીએ, દરેક મતદાર વિભાગ માટે, પોતે યોગ્ય ગણે તેટલા, મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરવી જોઇશે.

(૨) દરેક મદદનીશ ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારી નાંખે તેવા અંકુશ અને નિયંત્રણને અધીન રહીને, ચૂંટણી અધિકારીના તમામ અથવા તે પૈકીના કોઇ કાર્યો કરવા સક્ષમ રહેશે:

પરંતુ કોઇપણ મદદનીશ ચૂંટણી અધિકારીએ, અનિવાર્ય કારણોસર, ચૂંટણી અધિકારીને નામાંકન (ઉમેદવારી) પત્રોની ચકાસણી કરવાને સંબંધિત હોય તેવા ચૂંટણી અધિકારીના કાર્યો પૈકીનું કોઇપણ કાર્ય કરતા અટકાવવામાં આવ્યા હોય તે સિવાય, સદરહુ કાર્યો પૈકીનું કોઈપણ કાર્ય કરવું જોઈશે નહિ.

(૩) ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારી, ચૂંટણી સત્તાધિકારીના સામાન્ય દેખરેખ અને નિયંત્રણ હેઠળ કાર્ય કરશે.

(૪) ચૂંટણી વખતે, ચૂંટણીઓનું અસરકારક રીતે સંચાલન કરવા માટે જરૂરી હોય તેવા તમામ કાર્યો અને કૃત્યો, આ નિયમોથી અથવા તે હેઠળ જોગવાઇ કરેલી રીતે કરવાની ચૂંટણી અધિકારીની ફરજ રહેશે.

૭. **મતદાર-યાદી તૈયાર કરવા બાબત.-** (૧) અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૨) હેઠળ ફરમાવ્યા પ્રમાણે ચૂંટણી યોજવાના હેતુ માટે, કલેકટરે, અનુક્રમે જિલ્લા પંચાયત અને સંબંધિત નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો / કાઉન્સિલરોની યાદી, તે અર્થે તેમણે નિર્દિષ્ટ કરેલી તારીખ પહેલાં, તેમને પૂરી પાડવા માટે જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી અને સંબંધિત નગરપાલિકાના મુખ્ય અધિકારીને ફરમાવવું જોઈશે.

(૨) પેટા-નિયમ (૧)માં ઉલ્લેખેલા સત્તાધિકારીઓએ, નોટિસની તારીખથી સાત દિવસની અંદર, સંપૂર્ણ અને સાચી માહિતી (કોઈ ગેરલાયકાત, હોય તો, તે સહિત) પૂરી પાડવી જોઇશે.

(૩) આવી યાદી મળ્યેથી, કલેકટરે, પેટા-નિયમ (૨) હેઠળ પૂરી પાડેલી વિગતોની ખરાઇ કરીને ચકાસણી કરવી જોઈશે અને દરેક મતદાર વિભાગ માટે અલગથી ગુજરાતીમાં કામચલાઉ મતદાર-યાદી તૈયાર કરવી જોઈશે અને આવી દરેક યાદી, કલેકટર કચેરી અને જિલ્લા પંચાયતની અને નગરપાલિકાઓની સંબંધિત કચેરીઓના નોટિસ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કરવી જોઇશે. મતદાર-યાદીમાં જેના નામનો સમાવેશ કરવામાં આવ્યો હોય તેવો કોઇ મતદાર, નોટિસ અને

INDEX

મતદાર-યાદીમાં પોતાને જણાય તેવી કોઈ ચૂક અથવા ભૂલ અંગે, મતદાર-યાદીની પ્રસિદ્ધિની તારીખથી ત્રણ દિવસની અંદર, કલેકટર સમક્ષ લેખિતમાં કોઇ વાંધો ઉઠાવી શકશે અને કલેકટરને, રેકર્ડની ખરાઇ કર્યેથી, કોઇ ચૂક અથવા ભૂલ જણાય, તો તેમણે, તેવી ચૂક અથવા ભૂલ સુધારવી જોઇશે. કલેકટરનો નિર્ણય આખરી ગણાશે.

(૪) પેટા-નિયમ (૩) હેઠળની પ્રક્રિયા પૂરી થયા પછી, પેટા-નિયમ (૩) હેઠળ તૈયાર કરેલી યાદીના આધારે, આખરી મતદાર યાદી નમૂના ૧માં તે જ રીતે પ્રસિદ્ધ કરવી જોઇશે અને કલેકટર દ્વારા તેને એવી જ રીતે સુધારવામાં ન આવે ત્યાં સુધી, તે કોઇપણ પેટા-ચૂંટણીના હેતુ માટે મતદાર-યાદી તરીકે અમલમાં ચાલુ રહેશે.

૮. **મતદાર-યાદી આખરી હોવા બાબત.-** કોઈ વ્યકિત દ્વારા ઊભી કરાયેલી કોઇપણ ગેરલાયકાતને અધીન રહીને, નિયમ ૭ના પેટા-નિયમ (૪) હેઠળ પ્રસિદ્ધ થયેલી આખરી મતદાર-યાદી, ચૂંટણી વખતે મત આપવાના મતદારોના અધિકારનો અથવા યથાપ્રસંગ, તેના ચૂંટાવાના અધિકારનો આખરી પુરાવો ગણાશે.

૯. **મતદાન-મથકો.-** ચૂંટણી અધિકારીએ, ચૂંટણી સત્તાધિકારીની પૂર્વ-મંજૂરી લઈને, ચૂંટણીનું મુકત અને નિષ્પક્ષ સંચાલન કરવા માટે અનુકૂળ હોય તેવા સ્થળે અથવા સ્થળોએ, મતદાન-મથકોની વ્યવસ્થા કરવી જોઈશે અને મતદાન-મથકોની યાદી પ્રસિદ્ધ કરવી જોઈશે.

૧૦. **પ્રમુખ અધિકારી અને મતદાન અધિકારીની નિમણૂક.-** (૧) ચૂંટણી અધિકારીએ, દરેક મતદાન-મથક માટે, સરકારી અધિકારી અથવા કર્મચારીની, પ્રમુખ અધિકારી તરીકે અને પ્રમુખ અધિકારીને સહાય કરવા માટે જરૂરી જણાય તેટલા મતદાન અધિકારીઓની નિમણૂક કરવી જોઈશેઃ

પરંતુ મતદાન અધિકારી, મતદાન મથકે ગેરહાજર હોય, તો પ્રમુખ અધિકારી, ચૂંટણી અધિકારીની મંજૂરી લઈને, કોઈ સરકારી અધિકારી અથવા કર્મચારીની, મતદાન અધિકારી તરીકે નિમણૂક કરી શકશે.

(૨) પ્રમુખ અધિકારી એવો આદેશ આપે, તો મતદાન અધિકારીએ, આ નિયમો હેઠળના પ્રમુખ અધિકારીના તમામ અથવા તે પૈકીના કોઈપણ કાર્યો કરવા જોઈશે.

(૩) પ્રમુખ અધિકારી માંદગી અથવા અન્ય અનિવાર્ય કારણોસર ગેરહાજર રહે, તો મતદાન મથક ખાતેના તેના કાર્યો ચૂંટણી અધિકારી અધિકૃત કરે તેવા અધિકારીએ કરવા જોઇશે.

૧૧. **પ્રમુખ અધિકારી અને મતદાન અધિકારીની ફરજો.-** (૧) મતદાન-મથક ખાતે વ્યવસ્થા જાળવવાની અને મુકત અને નિષ્પક્ષ રીતે મતદાનનું સંચાલન થાય તે બાબત સુનિશ્ચિત કરવા માટે જરૂરી હોય તેવા તમામ પગલાં લેવાની ત્યાંના પ્રમુખ અધિકારીની ફરજ રહેશે.

(૨) પ્રમુખ અધિકારી એવો આદેશ આપે, તો દરેક મતદાન અધિકારી, આ નિયમો હેઠળ પ્રમુખ અધિકારીને સોંપેલી તમામ અથવા તે પૈકીની કોઈપણ ફરજો બજાવી શકશે.

(૩) મતદાન-મથક ખાતે મુકત અને નિષ્પક્ષ ચૂંટણીનું સંચાલન કરવા માટે, પ્રમુખ અધિકારીઓના કાર્યો કરવામાં તેમને સહાય કરવી એ તેવા મતદાન-મથક ખાતેના મતદાન અધિકારીની ફરજ રહેશે.

૧૨. **ચૂંટણીના જુદાજુદા તબક્કાઓ માટેની તારીખો નક્કી કરવા બાબત.-** (૧) ચૂંટણી સત્તાધિકારીએ, નમૂના ૧-માં ચૂંટણીના જુદાજુદા તબક્કાઓની તારીખો અંગે સમિતિને જાણ કરવી કરવી જોઈશે.

(૨) નિયમ ૭ના પેટા-નિયમ (૪) હેઠળ કલેક્ટર દ્વારા આખરી મતદાર-યાદી પ્રસિદ્ધ કરવામાં ન આવે, ત્યાં સુધી પેટા-નિયમ (૧)માં ઉલ્લેખેલો ચૂંટણી કાર્યક્રમ પ્રસિદ્ધ કરવો જોઇશે નહિ. ચૂંટણી કાર્યક્રમના તબક્કાઓ, નીચેના કોષ્ટકમાં નિર્દિષ્ટ કરેલી મુદતને વિચારણામાં લઈને જાહેર કરવા જોઇશે.

કોષ્ટક

(૧)	નામાંકનો (ઉમેદવારી પત્રો) દાખલ કરવા માટેની છેલ્લી તારીખ.	નિયમ ૧૪ હેઠળ પ્રસિદ્ધ કરેલી નોટિસની તારીખથી ૧૫ (પંદર) દિવસ.
(૨)	નામાંકનોની ચકાસણીની તારીખ.	નામાંકનો દાખલ કરવા માટેની છેલ્લી તારીખ પછી ઓછામાં ઓછા ૨ (બે) દિવસ.
(૩)	જે તારીખ સુધીમાં ઉમેદવારી પાછી ખેંચી શકાશે તે તારીખ.	નામાંકનોની ચકાસણીની છેલ્લી તારીખ પછી ૩ (ત્રણ) દિવસની અંદર.
(૪)	ચૂંટણી લડતા ઉમેદવારોની આખરી યાદીની પ્રસિદ્ધિની તારીખ.	ઉમેદવારીઓ પાછી ખેંચવા માટે નક્કી કરેલી છેલ્લી તારીખની તરત પછીનો દિવસ.
(૫)	જે તારીખે અને જે સમય દરમિયાન મતદાન કરવામાં આવશે તે તારીખ અને તે સમય.	ચૂંટણી લડતા ઉમેદવારોની આખરી યાદીની પ્રસિદ્ધિની તારીખથી ૧૦ (દસ) દિવસ.
(૬)	મત-ગણતરી માટેની તારીખ અને સમય તેમજ સ્થળ.	જે તારીખે મતદાન કરવામાં આવે તે તારીખથી બીજા દિવસે.
(૭)	મતદાનના પરિણામો જાહેર કરવાની તારીખ.	મત-ગણતરી કર્યા પછી તરત જ.

સ્પષ્ટીકરણ.- ઉપરના કિસ્સાઓમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે તારીખોની ગણતરી કરવામાં છેલ્લી તારીખે, જાહેર રજા હોય, તો તરત પછીના કામકાજના દિવસને, સંબંધિત પ્રસંગો માટે નક્કી કરવો જોઇશે.

૧૩. **નિયમ ૧૨ હેઠળ હુકમ પ્રસિદ્ધિની રીત બાબત.**- (૧) ચૂંટણી અધિકારીએ, નિયમ ૧૨ હેઠળ કરેલા હુકમની નકલ, મતદાન માટે નક્કી કરેલી તારીખ પહેલાં ઓછામાં ઓછા ૨૫ (પચીસ) દિવસમાં, જિલ્લા પંચાયત અને નગરપાલિકાઓને મોકલવી જોઇશે.

(૨) પેટા-નિયમ (૧)માં ઉલ્લેખેલ હુકમ, જિલ્લા પંચાયત અને ચૂંટણી અધિકારી, નગરપાલિકાઓની કચેરીઓના નોટિસ બોર્ડ ઉપર ચોંટાડવો જોઇશે અને સંબંધિત વિસ્તારમાં બહોળો ફેલાવો ધરાવતા સ્થાનિક ગુજરાતી દૈનિક વર્તમાનપત્રોમાં પણ પ્રસિદ્ધ કરવો જોઇશે.

૧૪. **નામાંકનો મંગાવતી નોટિસ.**- નિયમ ૧૨ સાથે વાંચતાં, નિયમ ૫ હેઠળ જાહેર નોટિસ કાઢયેથી તરત જ ચૂંટણી અધિકારીએ નમૂના ૧(ક)માં,-

(૧) તેવી ચૂંટણી માટે ઉમેદવારોના નામાંકનો મંગાવતી અને તેમાં જે સમયે અને જે સ્થળે નામાંકન પત્રો સુપરત કરવા જોઇશે તે સમય અને તે સ્થળ નિર્દિષ્ટ કરતી;

(૨) નામાંકનોની ચકાસણી કરવા માટેના સમય અને સ્થળની; અને

(૩) જે સમયે અને જે સ્થળે ઉમેદવારી પાછી ખેંચવા અંગેની નોટિસ મોકલવાની હોય તે સમય અને તે સ્થળ બાબતની,

જાહેર નોટિસ કાઢવી જોઇશે.

૧૫. **ઉમેદવારોનું નામાંકન.**- (૧) નિયમ ૧૬ હેઠળ રજૂ કરેલું દરેક નામાંકન-પત્ર, નમૂના ૨-માં હોવું જોઇશે:

પરંતુ અપૂર્ણ અથવા ખામીયુક્ત નામાંકન-પત્ર અથવા નામાંકન-પત્રમાંનો અપૂર્ણ એકરાર, નોંધપાત્ર ખામી હોવાનું ગણાશે.

(૨) કોઇ વ્યકિત, અધિનિયમની જોગવાઇઓ હેઠળ તે બેઠક ભરવા માટે પસંદગીને પાત્ર હોય અને તેનું નામ આખરી મતદાર યાદીમાં નોંધાયેલ હોય, તો તે, ચૂંટણી માટે ઉમેદવાર તરીકે પોતાનું નામાંકન દાખલ કરાવવા હકદાર રહેશે.

(૩) ચૂંટણી અધિકારીએ, માંગણી કર્યેથી, કોઈપણ મતદારને, નામાંકન-પત્ર પૂરું પાડવું જોઈશે.

૧૬. **નામાંકન-પત્ર રજૂ કરવા અને માન્ય નામાંકનો માટેની જરૂરિયાતો બાબત.**- (૧) ઉમેદવારના નમૂના ૨-માંના દરેક નામાંકનમાં, ઉમેદવારની સંપૂર્ણ વિગતો હોવી જોઈશે અને તેની ઉપર, તેના મતદાર વિભાગના બે મતદારોએ સહી કરવી જોઈશે, જેમાંનો એક મતદાર પ્રસ્તાવકર્તા (દરખાસ્ત કરનાર) રહેશે અને બીજો મતદાર સમર્થક (ટેકેદાર) રહેશે; અને તેની ઉપર, નિયમ ૧૨ હેઠળ નક્કી કરેલી તારીખે અથવા તે પહેલાં, તેવી રીતે નામનિયુક્ત થયાની પોતાની ઈચ્છાના પ્રતીકરૂપે, ઉમેદવારે સહી કરેલી હોવી જોઈશે અને તે (નામાંકન), સદરહુ નિયમ હેઠળ કરેલા હુકમમાં નિર્દિષ્ટ કરેલા સમય દરમિયાન અને તેવા સ્થળે ચૂંટણી અધિકારીને રૂબરૂમાં અથવા તેના પ્રસ્તાવકર્તા દ્વારા સોંપવું જોઈશે.

(૨) અધિનિયમ અથવા નિયમોની જોગવાઈઓ હેઠળ મતદાર તરીકે કોઈપણ ગેરલાયકાતને અધીન ન હોય અને જે મતદાર વિભાગ માટે ઉમેદવારને નામનિયુક્ત કરવાનો હોય તેવા મતદાર વિભાગ માટેની આખરી મતદાર યાદીમાં જેનું નામ નોંધવામાં આવ્યું હોય, તેવી કોઈપણ વ્યક્તિ, પ્રસ્તાવકર્તા અને સમર્થક તરીકે સહી કરી શકશે.

(૩) નામાંકન પત્ર રજૂ કર્યેથી, ચૂંટણી અધિકારીએ જાતે ખાતરી કરવી જોઈશે કે નામાંકન પત્રમાં નોંધાયા પ્રમાણેના ઉમેદવાર અને તેના પ્રસ્તાવકર્તા અને સમર્થકના નામો અને નંબર, નિયમ ૯ના પેટા-નિયમ (૪)માં ઉલ્લેખેલી આખરી મતદાર-યાદીમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યા હોય તે પ્રમાણેના જ છે.

(૪) ચૂંટણી અધિકારી, સદરહુ નામો અથવા નંબરને સુધારીને મતદાર યાદીમાંની તત્સમાન નોંધોને અનુરૂપ કરવાના હેતુથી, તેના સંદર્ભમાંની નામાંકન પત્રમાંની કોઈપણ કારકુની અથવા તકનિકી ભૂલ જતી કરી શકશે અને જરૂરી હોય, ત્યારે સદરહુ નોંધોમાંની કોઈ નજીવી કારકુની અથવા મુદ્રણની ભૂલને જતી કરી શકાશે.

૧૭. **નામાંકન પત્રોની ચકાસણીની નોટિસ.**- ચૂંટણી અધિકારીએ, નિયમ ૧૬ હેઠળ (નમૂના ૨-માં) નામાંકન પત્ર મળ્યેથી, નમૂના ૨-કમાં તેની પહોંચ આપવી જોઈશે અને તે (નામાંકન પત્ર) સોંપનાર વ્યક્તિ અથવા વ્યક્તિઓને, નામાંકનોની ચકાસણી માટે નક્કી કરેલ તારીખ, સમય અને સ્થળ અંગે જાણ કરવી જોઈશે અને નામાંકન-પત્ર ઉપર તેનો અનુક્રમાંક નોંધીને નામાંકન-પત્ર તેમને સોંપવામાં આવ્યું હોય તે તારીખ અને તે સમય દર્શાવીને તેની ઉપર સહી કરવી જોઈશે અને ત્યારપછી તરત જ ઉમેદવાર અને પ્રસ્તાવકર્તા બંનેના, નામાંકન પત્રમાં જણાવેલા હોય તેવા જ વર્ણનો ધરાવતી નામાંકન અંગેની નોટિસ, તેની કચેરીમાં તરત નજરે ચડે તેવા અમુક સ્થળે ચોંટાડવી જોઈશે.

૧૮. **નામાંકન-પત્રોની ચકાસણી.**- (૧) નિયમ ૧૭ હેઠળ નામાંકન-પત્રોની ચકાસણી કરવા માટે નક્કી કરેલી તારીખે, ઉમેદવારો, તેમના ચૂંટણી એજન્ટો, દરેક ઉમેદવારનો એક પ્રસ્તાવકર્તા અને દરેક ઉમેદવારે લેખિતમાં યોગ્ય રીતે અધિકૃત કરેલી બીજી એક વ્યક્તિ, આ અર્થે નક્કી કરેલા સમયે અને સ્થળે હાજર રહી શકશે અને ચૂંટણી અધિકારીએ, નિયમ ૧૬ હેઠળ સોંપવામાં આવ્યા હોય તેવા તમામ ઉમેદવારોના નામાંકન-પત્રો તપાસવા માટે તેમને વાજબી સુવિધાઓ આપવી જોઈશે.

(૨) ત્યારપછી, ચૂંટણી અધિકારીએ, નામાંકન પત્રોની ચકાસણી કરવી જોઈશે અને કોઈપણ નામાંકનના સંબંધમાં મેળવવામાં આવ્યા હોય તેવા તમામ વાંધા અંગે નિર્ણય કરવો જોઈશે અને તેવા વાંધા ઉપરથી અથવા પોતે દરખાસ્ત મૂકીને, પોતે યોગ્ય ગણે તેવી તમામ તપાસ કર્યા પછી, કોઈપણ નામાંકનનો અસ્વીકાર કરી શકશે.

(૩) જેના સંબંધમાં કોઈ અનિયમિતતા કરવામાં આવી ન હોય, તેવા બીજા નામાંકન-પત્રથી, ઉમેદવારને યોગ્ય રીતે નામનિયુક્ત કરવામાં આવ્યો હોય, તો પેટા-નિયમ (૨)માંનો કોઈપણ મજકૂર, નામાંકન-પત્રના સંબંધમાં કોઈ અનિયમિતતા હોવાના આધાર પર કોઈપણ ઉમેદવારના નામાંકનને નામંજૂર કરવા અધિકૃત હોવાનું ગણાશે નહિ.

(૪) ચૂંટણી અધિકારીએ, નિયમ ૧૭ હેઠળ આ અર્થે નક્કી કરેલી તારીખે ચકાસણી યોજવી જોઈશે અને આવી કાર્યવાહીઓ, તેમના કાબૂ બહારના કારણોસર રોકવામાં આવી હોય અથવા અટકાવવામાં આવી હોય તે સિવાય, કોઈપણ કાર્યવાહીઓને મોકૂફ રાખવાની પરવાનગી આપવી જોઈશે નહિ:

પરંતુ ચૂંટણી અધિકારીએ અથવા બીજી કોઇ વ્યકિતએ કોઇ વાંધો ઊભો કર્યો હોય તેવા કિસ્સામાં, સંબંધિત ઉમેદવારને, તે ખંડન કરવા માટે ઓછામાં ઓછા તરત પછીના દિવસ સુધીનો સમય આપી શકાશે અને ચૂંટણી અધિકારીએ, જે તારીખ ઉપર કાર્યવાહીઓ મુલતવી રાખવામાં આવી હોય તે તારીખે પોતાનો નિર્ણય નોંધવો જોઈશે.

(૫) ચૂંટણી અધિકારીએ, દરેક નામાંકન-પત્ર ઉપર, તેનો સ્વીકાર કરતા અથવા અસ્વીકાર કરતા પોતાના નિર્ણય અંગેનો શેરો કરવો જોઈશે અને નામાંકન-પત્રનો અસ્વીકાર કર્યો હોય, તો તેણે, આવો અસ્વીકાર કરવા માટેના પોતાના કારણોનું ટૂંકું નિવેદન લેખિતમાં નોંધવું જોઈશે.

(૬) આ નિયમના હેતુઓ માટે, સંબંધિત મતદાર વિભાગની મતદાર-યાદીમાં કરવામાં આવેલ કોઇ નોંધની પ્રમાણિત કરેલ નકલની રજૂઆત, તે નોંધમાં ઉલ્લેખ કરેલા કોઇ મતદારના ચૂંટણી લડવા માટેના અધિકારનો આખરી પુરાવો ગણાશે સિવાય કે એવું સાબિત થાય કે ઉમેદવાર ગેરલાયક છે.

૧૯. **માન્ય નામાંકનોની યાદી પ્રસિદ્ધ કરવા બાબત.**- તમામ નામાંકન-પત્રોની ચકાસણી કરવામાં આવે અને તેનો સ્વીકાર અથવા અસ્વીકાર કર્યા અંગેનો નિર્ણય નોંધવામાં આવે તે પછી તરત જ, ચૂંટણી અધિકારીએ, જેમના નામાંકનો સ્વીકારવામાં આવ્યા હોય તેવા ઉમેદવારોની યાદી નમૂના ૩-માં તૈયાર કરવી જોઇશે અને તે યાદી તેમની કચેરીના નોટિસ બોર્ડ ઉપર ચોંટાડવી જોઇશે અને જે તારીખે અને જે સમયે તે યાદી એવી રીતે ચોંટાડવામાં આવી હોય તે તારીખ અને તે સમયની નોંધ કરવી જોઈશે.

૨૦. **અપીલ.**- (૧) તેનું પોતાનું નામાંકન/ ઉમેદવારીનો અસ્વીકાર કરતાં અથવા બીજા કોઇ ઉમેદવારના નામાંકનનો સ્વીકાર કરતાં ચૂંટણી અધિકારીના નિર્ણયથી નારાજ થયેલી કોઇપણ વ્યકિત, નિયમ ૧૯ હેઠળ ચૂંટણી અધિકારીએ સ્વીકારેલા ઉમેદવારોના નામોનો સમાવેશ કરતી નોટિસ, નોટિસ બોર્ડ ઉપર જે તારીખે ચોંટાડવામાં આવી હોય તે તારીખથી ત્રણ દિવસની અંદર ચૂંટણી અધિકારીના હુકમ વિરુદ્ધ ચૂંટણી સત્તાધિકારીને અપીલ કરી શકશે; અને તેણે સામાન્ય રીતે તેના નામાંકન પત્ર સિવાય જેમના નામાંકન પત્રો સ્વીકારવામાં આવ્યા હોય તેટલા ઉમેદવારોની સંખ્યા જેટલી અરજીની નકલો સાથે અરજદારની અપીલની નકલ ચૂંટણી અધિકારીને તે જ દિવસે પૂરી પાડવી જોઈશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ કરેલી અપીલ ઉપરનો ચૂંટણી સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

૨૧. **ઉમેદવારી પાછી ખેંચવા બાબત.**- (૧) કોઇપણ ઉમેદવાર, નમૂના-૪-માં સહી કરેલી લેખિત નોટિસ, પોતે, ચૂંટણી અધિકારીને,-

(ક) નિયમ ૨૦ હેઠળ કોઇ અપીલ રજૂ કરવામાં આવી ન હોય, ત્યારે નિયમ ૧૨ના પેટા-નિયમ (૨)માં ઉલ્લેખેલી મુદત પૂરી થયા પછી તરત પછીના દિવસે; અથવા

(ખ) આવી અપીલ કરવામાં આવી હોય, ત્યારે જે દિવસે ચૂંટણી અધિકારીનો નિર્ણય આપવામાં આવ્યો હોય તે દિવસની તરત પછીના દિવસે,

સોંપીને પોતાની ઉમેદવારી પાછી ખેંચી શકશે.

(૨) ઉમેદવારી પાછી ખેંચવા માટે નિયમ ૧૨ હેઠળ નક્કી કરેલી છેલ્લી તારીખે બપોરના ૩:૦૦ વાગ્યા પહેલાં, ચૂંટણી અધિકારીને નોટિસ આપવી જોઇશે.

(૩) નોટિસ, ઉમેદવારે રૂબરૂમાં અથવા તેના પ્રસ્તાવકર્તા દ્વારા આપી શકાશે.

(૪) પેટા-નિયમ (૧) હેઠળ પોતાની ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ આપેલી હોય તેવી કોઇપણ વ્યકિતને, નોટિસ રદ કરવાની પરવાનગી આપવી જોઇશે નહિ.

(૫) ચૂંટણી અધિકારી, પેટા-નિયમ (૨) હેઠળ (ઉમેદવારી) પાછી ખેંચવાની નોટિસની યથાર્થતા અને તે આપનાર વ્યકિતની ઓળખ અંગે ખાતરી થયેથી, પોતાની કચેરીના નોટિસ બોર્ડ ઉપર નોટિસ ચોંટાડાવશે.

૨૨. **ચૂંટણી લડતા ઉમેદવારોની યાદી તૈયાર કરવા બાબત.-** (૧) ઉમેદવારી પાછી ખેંચવા માટે નિયમ ૧૨ હેઠળ નક્કી કરેલી છેલ્લી તારીખની તરત પછીના દિવસે, ચૂંટણી અધિકારી, જેમના નામાંકન પત્રો આખરે સ્વીકારવામાં આવ્યા હોય અને નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર તેમની ઉમેદવારી પાછી ખેંચવામાં આવી ન હોય તેવા ચૂંટણી લડતા ઉમેદવારોની યાદી, નમૂના ૫- માં તૈયાર કરીને પ્રસિદ્ધ કરવી જોઇશે.

(૨) પેટા-નિયમ (૩)ની જોગવાઇને અધીન રહીને, સદરહુ યાદીમાં, નામાંકન પત્રોમાં આપ્યા પ્રમાણેના વર્ણાનુક્રમમાં ચૂંટણી લડતા ઉમેદવારોના નામો અને તેમના સરનામાનો સમાવેશ ગુજરાતીમાં કરવો જોઇશે.

(૩) પેટા-નિયમ (૨)માં ઉલ્લેખેલ વર્ણાનુક્રમ, ઉમેદવારોની અટકો અને અન્ય ઉમેદવારોના યોગ્ય નામોના સંદર્ભમાં નિર્ધારિત કરવો જોઇશે.

૨૩. **ચૂંટણી લડતા ઉમેદવારોની યાદીની પ્રસિદ્ધિ બાબત.-** ચૂંટણી લડતા ઉમેદવારોની યાદી તૈયાર થાય કે તરત જ, ચૂંટણી અધિકારી તેને તરત જ પ્રસિદ્ધ કરાવશે અને પોતાની કચેરીના નોટિસ બોર્ડ ઉપર ચોંટાડાવશે અને તેની નકલ ચૂંટણી લડતા ઉમેદવારો પૈકીના દરેક ઉમેદવારને અને માંગણી કર્યે, તેના ચૂંટણી એજન્ટને પણ પૂરી પાડશે.

૨૪. **મતદાન પહેલાં ઉમેદવારનું મૃત્યુ થયેથી મતદાન રદ કરવા બાબત.-** ચૂંટણી લડતો ઉમેદવાર મૃત્યુ પામે અને મતદાન શરૂ થતાં પહેલાં ચૂંટણી અધિકારીને તેના મૃત્યુની જાણ થાય, તો ચૂંટણી અધિકારી, ઉમેદવારના મૃત્યુની ઘટના અંગે ખાતરી થયેથી મતદાન રદ કરવું જોઇશે અને ચૂંટણીના સંદર્ભમાંની તમામ કાર્યવાહીઓ, નવી ચૂંટણી માટેની તમામ બાબતોમાં નવેસરથી શરૂ કરવી જોઇશે :

પરંતુ-

(ક) જે વ્યકિત, મતદાન રદ થવાના સમયે ચૂંટણી લડતો ઉમેદવાર હતો તેવી વ્યકિતના કિસ્સામાં કોઇ વધુ નામાંકનની જરૂર રહેશે નહિ ; અને

(ખ) મતદાન રદ કરતાં પહેલાં, નિયમ ૨૧ હેઠળ પોતાની ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ આપવામાં આવેલી હોય તેવી કોઇપણ વ્યકિત, આવી ચૂંટણી રદ કર્યા પછી ચૂંટણી માટે ઉમેદવાર તરીકે નામનિયુકત થવા માટે અયોગ્ય ગણાશે.

૨૫. **બિન-હરીફ ચૂંટણીઓ-** જે મુદતની અંદર, નિયમ ૨૧ હેઠળ ઉમેદવારી પાછી ખેંચી શકાય તે મુદત પૂરી થયા પછી, જેમના નામાંકનો સ્વીકારવામાં આવ્યા હોય તેવા ઉમેદવારોની સંખ્યા, ભરવાની બેઠકોની સંખ્યા જેટલી અથવા તેના કરતાં ઓછી હોય, તો ચૂંટણી અધિકારી, બેઠક અથવા યથાપ્રસંગ, બેઠકોની સંબંધિત સંખ્યા ભરવા માટે તેવા ઉમેદવાર અથવા તેવા તમામ ઉમેદવારોને યોગ્ય રીતે ચૂંટાયેલા હોવાનું તરત જ જાહેર કરી શકશે અને નમૂના ૬માં એકરાર કરીને તેને પ્રમાણિત કરશે.

૨૬. **ચૂંટણીના સંચાલન અંગેની કાર્યરીતિ.-** મત-ગણતરી સહિત, જિલ્લા પંચાયતના સભ્યો અને નગરપાલિકાઓના કાઉન્સિલરોની ચૂંટણીના સંચાલનના હેતુ માટે ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ અને ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪માં ઠરાવેલી કાર્યરીતિ, ઉચિત ફેરફારો સાથે જિલ્લા આયોજન સમિતિના સભ્યોની ચૂંટણીના સંબંધમાં લાગુ પડશે.

૨૭. **પરિણામની જાહેરાત.-** મત-ગણતરી પૂરી થાય, ત્યારે ચૂંટણી અધિકારી, ચૂંટાયેલા હોય તેવા ઉમેદવારોનું પરિણામ નમૂના- ૭માં જાહેર કરશે અને તરત જ તેની સહી કરેલી નકલો ચૂંટણી સત્તાધિકારીને મોકલશે.

૨૮. **સમિતિના ચૂંટાયેલા સભ્યોના નામોની પ્રસિદ્ધિ બાબત-** (૧) ચૂંટણી સત્તાધિકારી, તેમની કચેરીના નોટિસ બોર્ડ ઉપર અથવા તરત નજરે ચડે તેવા કોઇ સ્થળે જિલ્લા આયોજન સમિતિના તમામ ચૂંટાયેલા સભ્યોના નામો તેમના કાયમી સરનામા અને જયાંથી તેઓ ચૂંટાયેલા હોય તેવા મતદાર વિભાગોના નામો સહિત ચોંટાડાવીને તેવા નામોની યાદી પ્રસિદ્ધ કરાવશે.

(૨) ચૂંટણી સત્તાધિકારી, ચૂંટાયેલા સભ્યોની સમગ્ર યાદી રાજય સરકારને મોકલશે.

૨૯. **હંગામી ખાલી બેઠકો ભરવા બાબત.-** મૃત્યુ, રાજીનામું, ગેરલાયકાતને કારણે અથવા અન્ય કોઇ કારણસર કોઇ બેઠક ખાલી પડવાના પ્રસંગે, સમિતિનો સેક્રેટરી, જિલ્લા વિસ્તારના ચૂંટણી સત્તાધિકારીને બેઠક ખાલી પડવા અંગે તરત જ જાણ કરશે અને આવી ખાલી બેઠક, સમાન રીતે પેટા-ચૂંટણી યોજીને ભરવી જોઇશે.

૩૦. **સમિતિની બેઠકો અને અનુસરવાની કાર્યરીતિ.–** (૧) સમિતિ તેના કામકાજના સંચાલન માટે, જરૂરી જણાય તેટલી વાર, પણ વર્ષમાં ઓછામાં ઓછી બે વખત મળશે.

(૨) અધ્યક્ષ, સમિતિની તમામ બેઠકોનું અધ્યક્ષસ્થાન લેશે.

(૩) અધ્યક્ષ અથવા તેમની ગેરહાજરીમાં, અધ્યક્ષે અધિકૃત કરેલા સૌથી સિનિયર સભ્ય–એ બેઠકનો દિવસ, સમય અને સ્થળ નક્કી કરવા જોઈશે અને બેઠક માટેની કાર્યસૂચિ (એજન્ડા)ની બાબતો મંજૂર કરવી જોઈશે.

(૪) સમિતિના સેક્રેટરીએ, બેઠકની તારીખ પહેલાં કાર્યસૂચિ સાથે બેઠક બોલાવવા માટે ઓછામાં ઓછા દસ દિવસની સ્પષ્ટ નોટિસ આપવી જોઇશે. નોટિસ રૂબરૂ આપવી જોઇશે અને તેની (તે મળ્યાની) પહોંચ મેળવવી જોઇશે અથવા સંદેશાવ્યવહારના જે તે સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદા હેઠળ માન્ય રાખવામાં આવે તેવી કોઇ સલામત અને વિશ્વસનીય પદ્ધતિથી મોકલવી જોઇશે.

(૫) સમિતિની બેઠકની કાર્યસૂચિમાં સમાવેશ કરેલી ન હોય તેવી બાબતને, અધ્યક્ષ અથવા તેમની ગેરહાજરીમાં અધ્યક્ષસ્થાન લેનાર સભ્યની પરવાનગીથી વિચારણા માટે લઇ શકાશે.

૩૧. **બેઠકનું સ્થળ.–** (૧) સમિતિની તમામ બેઠકો સમિતિના મુખ્ય મથક ખાતે અથવા અધ્યક્ષ દ્વારા નક્કી કરવામાં આવે તેવા બીજા કોઇ સ્થળે યોજવી જોઇશે.

(૨) નવી રચાયેલી સમિતિની પહેલી બેઠક, સમિતિની રચનાની તારીખથી ત્રીસ દિવસની અંદર યોજવી જોઇશે. તેની છેલ્લી બેઠક અને ત્યાર પછીની બેઠક વચ્ચે નેવું દિવસનો સમયગાળો હોવો જોઇશે નહિ.

૩૨. **બેઠક અને કામકાજના સંચાલન માટેનું કોરમ.–** (૧) સમિતિની દરેક બેઠક ખાતે કામકાજના સંચાલન માટે કુલ સભ્યોમાંથી એક તૃતીયાંશ સભ્યોનું કોરમ બનશે.

(૨) સમિતિની બેઠક માટે નિયત કરાયેલા સમય પછીના અડધો કલાકની અંદર કોરમ ન બને, તો બેઠક તે જ દિવસે અને તે જ સ્થળે અડધા કલાક માટે મુલતવી રાખવી જોઇશે અને ત્યાર પછી, સદરહુ બેઠકની કાર્યસૂચિ (એજન્ડા) અંગેનું કામકાજ, કોરમ છે કે નહિ તે બાબતને લક્ષમાં લીધા વિના, ચલાવવું જોઇશે.

(૩) સમિતિની બેઠકની તમામ કાર્યસૂચિ (એજન્ડા)ની બાબતો ઉપર બેઠક જે દિવસે બેઠક યોજવામાં આવી હોય તે નિયત દિવસે કામકાજ થઇ શકે તેમ ન હોય, તો સમિતિના અધ્યક્ષ ત્યાર પછીના દિવસે બેઠક બોલાવી શકશે.

૩૩. **અવેજીથી બેઠકમાં હાજર રહેવા ઉપર પ્રતિબંધો બાબત.–** કોઇ અવેજી અથવા મુખત્યારનામું અથવા મુખત્યારપત્ર ધરાવનાર વ્યકિત, સમિતિના કોઇ સભ્યના બદલે સમિતિની બેઠકમાં હાજર રહેવાને પાત્ર ગણાશે નહિ.

INDEX

૩૪. **સમિતિના નિર્ણયો.–** સમિતિની બેઠક ખાતે લેવાયેલા તમામ નિર્ણયો, શક્ય હોય ત્યાં સુધી સર્વાનુમતે લેવા જોઇશે. તેમ છતાં, સભ્યો વચ્ચે અસંમતિના કિસ્સામાં, બેઠક ખાતે હાજર હોય તેવા સભ્યોની સાદી બહુમતીથી કોઇ બાબત અંગે નિર્ણય લેવો જોઇશે. દરેક સભ્ય એક મત આપી શકશે અને હાથ ઊંચા કરીને મત આપવાનો રહેશે. સમાન મત પડવાના કિસ્સામાં, અધ્યક્ષ પાસે બીજો અથવા નિર્ણાયક મત રહેશે અને તેઓ બીજો અથવા નિર્ણાયક મત વાપરી શકશે.

૩૫. **બેઠકની કાર્યનોંધ.–** (૧) સમિતિના સેક્રેટરીએ, બને તેટલા વહેલા, પણ ત્રણ દિવસથી મોડા નહિ તેમ સમિતિની દરેક બેઠકના અંતે બેઠકની કાર્યવાહીની કાર્યનોંધ લખવી જોઇશે અને ત્યાર પછી, અધ્યક્ષની અથવા યથાપ્રસંગ, તેમની ગેરહાજરીમાં બેઠકનું અધ્યક્ષસ્થાન લેતાં સભ્યની મંજૂરી મેળવ્યા પછી, આ હેતુ માટે રાખેલી પુસ્તિકામાં કાર્યનોંધ લખવી જોઇશે.

(૨) દરેક બેઠકની કાર્યનોંધમાં બેઠક ખાતે લેવામાં આવેલા નિર્ણયોની સાચી નોંધનો સંક્ષિપ્તમાં સમાવેશ કરવો જોઇશે.

(૩) કાર્યનોંધમાં,-

(૧) બેઠક ખાતે હાજર હોય તેવા સભ્યોના નામ,

(૨) બેઠક ખાતે લેવાયેલા દરેક નિર્ણયના કિસ્સામાં, નિર્ણય સાથે અસંમત હોય અથવા સહમત ન હોય, તેવા જો કોઇ સભ્યો હોય, તો તે સભ્યોના નામનો પણ સમાવેશ કરવો જોઇશે.

(૪) સમિતિની બેઠકની કાર્યનોંધ, તેમાં નોંધવામાં આવેલ (બેઠકની) કાર્યવાહીનો પુરાવો ગણાશે.

(૫) સમિતિના સેક્રેટરીએ, બેઠકની કાર્યનોંધને અધ્યક્ષ દ્વારા અથવા યથાપ્રસંગ, બેઠકનું અધ્યક્ષસ્થાન લેનાર સભ્ય દ્વારા મંજૂરી મળ્યા પછી, કાર્યનોંધવહીમાં લખવામાં આવેલ કાર્યનોંધની નકલ, સમિતિના દરેક સભ્યને તેમના રેકર્ડ અને માહિતી માટે મોકલવી જોઇશે.

(૬) સમિતિના સેક્રેટરીએ, અધ્યક્ષની અથવા બેઠકનું અધ્યક્ષસ્થાન લેનાર સભ્યની મંજૂરી સાથે સમિતિ અથવા તેની કોઈ પેટા–સમિતિની બેઠક ખાતે લેવાયેલા નિર્ણયોના સંબંધિત નિષ્કર્ષની જાણ, જરૂરી અનુવર્તી કાર્યવાહી કરવા માટે અને યોગ્ય રિપોર્ટિંગ સિસ્ટમ (હેવાલ રજૂ કરવાની પદ્ધતિ) વિકસાવીને તેના પાલન ઉપર દેખરેખ રાખવા માટે તમામ સંબંધિત સભ્યોને કરવી જોઇશે.

૩૬. **સમિતિના રેકર્ડના કબજા બાબત.–** સમિતિના તમામ રેકર્ડ સમિતિના સેક્રેટરીના કબજામાં રહેશે.

૩૭. **સમિતિની બેઠક ખાતે વ્યવસ્થા જાળવવા બાબત.–** અધ્યક્ષે બેઠક ખાતે વ્યવસ્થા જાળવી રખાવવી જોઇશે. અધ્યક્ષ, તેમના નિર્ણયનો અનાદર કરનાર કોઇપણ સભ્યને અથવા જેની વર્તણૂક તેમના મતે તદ્દન અવ્યવસ્થિત હોય, તેને બેઠકમાંથી તાત્કાલિક દૂર કરવા અંગે આદેશ આપી શકશે અને આ રીતે આદેશ કરવામાં આવ્યો હોય, તેવા કોઇ સભ્યએ બેઠકમાંથી પોતે તાત્કાલિક દૂર થઇ જવું જોઇશે અને બાકીની દૈનિક બેઠકની મુદત (સમયગાળા) દરમિયાન પોતે ગેરહાજર રહેવું જોઇશે.

૩૮. **પેટા–સમિતિઓની રચના.–** રાજ્ય સરકાર, જિલ્લા આયોજન સમિતિના સ્ભ્યોની બનેલી પેટા–સમિતિઓની રચના કરી શકશે અને તે જિલ્લાની વિકાસલક્ષી જરૂરિયાતો બાબતે અભ્યાસ કર્યા પછી અહેવાલ રજૂ કરવા માટે તેમાં (પેટા–સમિતિઓમાં) સંબંધિત ક્ષેત્રમાંથી નામનિયુક્ત કરવામાં આવેલા નિષ્ણાતોનો સમાવેશ કરી શકશે.

૩૯. **વિકાસ યોજનાનો મુસદ્દો મોકલી આપવા બાબત.–** સમિતિ, જિલ્લા માટે વિકાસ યોજનાનો મુસદ્દો સ્વીકારે તેની તારીખથી એક મહિનાની મુદતની અંદર વહેલી તકે અથવા રાજ્ય સરકાર, હુકમથી નિર્દિષ્ટ કરે તેવી તારીખની અંદર, અધ્યક્ષે, આવી વિકાસ યોજના રાજ્ય સરકારને મોકલી આપવી જોઇશે.

નમૂનો ૧

(જુઓ નિયમ ૭ (૪))

મતદારોની યાદી

..................................જિલ્લા આયોજન સમિતિ

.... મતદાર વિભાગ

અનુક્રમાંક	ઉમેદવારનું નામ	જાતિ	વય	મુદત*	ઓળખકાર્ડ ક્રમાંક
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)

૧

૨

૩

૪

....................તારીખે પ્રસિદ્ધ થયેલી મતદાર યાદી

સ્થળ:

તારીખ:

જિલ્લા કલેક્ટર

....

* સ્થાનિક સત્તામંડળમાં મુદત.

નમૂનો ૧ (ક)

(જુઓ નિયમ ૧૪)

ચૂંટણીની નોટિસ

આથી નોટિસ આપવામાં આવે છે કે:

(૧) જિલ્લામાં *(જિલ્લા પંચાયત/ નગરપાલિકાઓ)ના ચૂંટાયેલા સભ્યોમાંથી અને તેમના દ્વારા, (જિલ્લાનું નામ) ....ની જિલ્લા આયોજન સમિતિના સભ્યોમાંથી (આંકડા અને શબ્દોમાં સંખ્યા).......................................સભ્યોની ચૂંટણી યોજાશે.

(૨) નામાંકન પત્રો ઉમેદવારે અથવા તેના પ્રસ્તાવકર્તાએ ચૂંટણી અધિકારીને અથવા .... મદદનીશ ચૂંટણી અધિકારીને, ... ખાતે (જાહેર રજા સિવાયના) કોઇપણ દિવસે સવારે ૧૧ વાગ્યાથી બપોરે ૩ વાગ્યાની વચ્ચે મોકલી આપવા જોઇશે, પણ તેથી મોડું કરવું જોઇશે નહિ.

(3) નામાંકન પત્રના નમૂના ઉપર જણાવેલા સ્થળે અને સમયે મળી શકશે.

(૪) નામાંકન પત્રો ચકાસણી માટે ....(સ્થળ) ખાતે ....(તારીખ)ના રોજ .... કલાકે લેવામાં આવશે.

(૫) ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટિસ, ... ના રોજ, બપોરે ૩ વાગ્યા પહેલાં પોતાની કચેરી ખાતે ઉપરના પરિચ્છેદ (૨)માં નિર્દિષ્ટ કરેલા અધિકારીઓ પૈકીના કોઇ એક અધિકારીને, ઉમેદવાર અથવા ઉમેદવારે (નોટિસ) પહોંચાડવા માટે લેખિતમાં અધિકૃત કર્યા હોય તેવા તેના પ્રસ્તાવકર્તા દ્વારા પહોંચાડી શકાશે.

(૬) ચૂંટણી કરાવવામાં આવી રહી હોય તેવા પ્રસંગમાં(કિસ્સામાં), મતદાન ....ના રોજ, ... અને .... કલાકોની વચ્ચે યોજવામાં આવશે.

સ્થળ....................

તારીખ...................

ચૂંટણી સત્તાધિકારી અને જિલ્લા
કલેક્ટર

નમૂનો ૨

[જુઓ નિયમ ૧૫]

નામાંકન પત્ર

............................(જિલ્લા) માટેની જિલ્લા આયોજન સમિતિની ચૂંટણીમાં હું ....(જિલ્લાનું નામ)ની આયોજન સમિતિની ચૂંટણી માટેના ઉમેદવાર તરીકે ....ને નામનિયુક્ત કરું છું.

ઉમેદવારનું નામ ....

પિતા/પતિનું નામ ....

જે મતદાર વિભાગમાંથી ચૂંટાયેલા હોય તેનું નામ ....

*જિલ્લા પંચાયત/ નગરપાલિકા ....

તેમનું ટપાલનું સરનામું ....

જિલ્લામાં *જિલ્લા પંચાયત / નગરપાલિકાઓના ચૂંટાયેલા સભ્યોને સમાવેશ કરેલા હોય તેવી મતદારોની યાદીમાં તેમનું નામ ....અનુક્રમાંક ઉપર નોંધવામાં આવેલ છે.

મારું નામ .... છે અને તે જિલ્લામાં, *જિલ્લા પંચાયત / નગરપાલિકાઓના ચૂંટાયેલા સભ્યોનો સમાવેશ કરેલો હોય તેવી મતદારોની યાદીમાં નોંધવામાં આવેલ છે.

તારીખ .... (પ્રસ્તાવકર્તાની સહી)

....

હું .... ઉપર જણાવેલ ઉમેદવાર, મારી નામનિયુક્તિ સાથે સંમત છું અને આથી જાહેર કરું છે કે-

(ક) હું જિલ્લા પંચાયત / નગરપાલિકાનો (ગમે તે નામે ઓળખાતો) ચૂંટાયેલ સભ્ય છું.

(ખ) મારું નામ અને મારા * પિતાનું / પતિનું નામ ઉપર ખરી જોડણી સાથે (ભાષાનું નામ) ....માં લખવામાં આવેલ છે.

(ગ) મારી જાણ અને માન્યતા મુજબ, હું ....(જિલ્લા) આયોજન સમિતિમાં બેઠક ભરવા અંગે પસંદગી મેળવવા માટે લાયક છું.

સ્થળ ....

તારીખ .... (ઉમેદવારની સહી)

INDEX

નમૂનો ૨-ક
[જુઓ નિયમ ૧૭]
(ચૂંટણી અધિકારીએ ભરવું)

નામાંકન પત્રનો અનુક્રમાંક ....

ઉમેદવાર / પ્રસ્તાવકર્તાએ મને આ નામાંકન........................(તારીખ)ના રોજ ....(કલાકે) મારી કચેરીમાં આપ્યું હતું.

સ્થળ : ....

તારીખ : .... ચૂંટણી અધિકારી

નામાંકન પત્રનો સ્વીકાર કરતા/ અસ્વીકાર કરતા ચૂંટણી અધિકારીનો નિર્ણય

મેં, ગુજરાત જિલ્લા આયોજન સમિતિ નિયમો, ૨૦૧૬ના નિયમ .... અનુસાર આ નામાંકન પત્ર ચકાસેલ છે અને નીચે મુજબનો નિર્ણય કરું છું.

સ્થળ : ....

તારીખ : .... (ચૂંટણી અધિકારી)

--પર્ફોરેશન--

નામાંકન પત્ર અંગેની પહોંચ અને ચકાસણીની નોટિસ
(નામાંકન પત્ર રજૂ કરતી વ્યકિતને સુપરત કરવી)

નામાંકન પત્રનો અનુક્રમાંક ....

ઉમેદવાર/ પ્રસ્તાવકર્તાએ, મને .... આયોજન સમિતિ માટેની ચૂંટણીના .... ઉમેદવારનું નામાંકન પત્ર ....(તારીખ)ના રોજ ....(કલાકે) મારી કચેરીમાં આપ્યું હતું. તમામ નામાંકન પત્રોની ચકાસણી, ...(સ્થળે) ....(તારીખ)ના રોજ ....(કલાકે) હાથ ધરવામાં આવશે.

સ્થળ : ....

તારીખ : .... ચૂંટણી અધિકારી

INDEX

નમૂનો ૩
(જુઓ નિયમ ૧૯)
માન્ય નામાંકનોની યાદી

જિલ્લામાંની *જિલ્લા પંચાયત/ નગરપાલિકાઓના ચૂંટાયેલા સભ્યો દ્વારા ....(જિલ્લાનું નામ) આયોજન સમિતિની ચૂંટણી.

અનુક્રમાંક	ઉમેદવારનું નામ	ઉમેદવારના પિતા/ માતા/ પતિનું નામ	ઉમેદવારનું સરનામું
(૧)	(૨)	(૩)	(૪)
૧			
૨			
૩			
૪			

સ્થળ : ....

તારીખ : .... ચૂંટણી અધિકારી

....

INDEX

નમૂનો ૪

[જુઓ નિયમ ૨૧ (૧)]

ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ

....................જિલ્લા આયોજન સમિતિની ચૂંટણી

પ્રતિ,

ચૂંટણી અધિકારી,

હું, ...જિલ્લા આયોજન સમિતિની ચૂંટણી માટે ઉપરની ચૂંટણીમાં કાયદેસર રીતે નામાંકિત થયેલો .... ઉમેદવાર, આથી, નોટિસ આપું છું કે હું સદરહુ ચૂંટણીમાંથી મારી ઉમેદવારી પાછી ખેંચું છું.

સ્થળ : ....

તારીખ : .... ઉમેદવારની સહી

(ઉમેદવારી) પાછી ખેંચવાની નોટિસ અંગેની પહોંચ

(નોટિસ આપતી વ્યક્તિને સુપરત કરવી)

.... જિલ્લા આયોજન સમિતિની ચૂંટણીમાં માન્ય રીતે નામાંકિત થયેલા ઉમેદવાર ....-ની ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ, ...-એ, મને...................(તારીખ)ના રોજ .... કલાકે મારી કચેરીમાં આપી હતી.

સ્થળ : ....

તારીખ : .... ચૂંટણી અધિકારી

-----------------------------------(પર્ફોરેશન)-----------------------------------

ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ અંગેની પહોંચ

(નોટિસ આપતી વ્યક્તિને સુપરત કરવી)

................................જિલ્લા આયોજન સમિતિની ચૂંટણીમાં માન્ય રીતે નામાંકિત થયેલા ઉમેદવાર ....-ની ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ, ...-એ મને ....(તારીખ)ના રોજ .... (કલાકે) મારી કચેરીમાં આપી હતી.

ચૂંટણી અધિકારી

INDEX

નમૂનો ૫

[જુઓ નિયમ ૨૨(૧)]

ચૂંટણી લડતાં ઉમેદવારોની યાદી

...............................મતદાર વિભાગની ....જિલ્લા આયોજન સમિતિની ચૂંટણી

અનુક્રમાંક	ઉમેદવારોના નામો	ઉમેદવારોના સરનામા
૧		
૨		
૩		
૪		

સ્થળ : ....

તારીખ : .... ચૂંટણી અધિકારી

નમૂનો ૬

[જુઓ નિયમ ૨૫]

બેઠક બિન-હરીફ થઈ હોય ત્યારે ચૂંટણીની જાહેરાત

જિલ્લા આયોજન સમિતિ નિયમો, ૨૦૧૬ના નિયમ ૨૫-માં સમાવિષ્ટ કરેલી જોગવાઈઓ અનુસાર, હું, આથી, ... જિલ્લા આયોજન સમિતિ માટે ચૂંટવાના નીચેના ઉમેદવારો જાહેર કરું છું.

અનુક્રમાંક.	ચૂંટાયેલા ઉમેદવાર/ ઉમેદવારોના નામ
૧	
૨	
૩	

સ્થળ : ....

તારીખ : ....

ચૂંટણી અધિકારીની સીલ સાથે

સહી

નમૂનો ૭

[જુઓ નિયમ ૨૭]

આખરી પરિણામ

.... જિલ્લા આયોજન સમિતિ

મતદારોની કુલ સંખ્યા.........................

અનુક્રમાંક (૧)	ઉમેદવારનું નામ (૨)	જાતિ (૩)	મેળવેલા મતો (૪)
૧ ૨ ૩ ૪			

માન્ય મતોની સંખ્યા ....

રદ થયેલ મતોની સંખ્યા ....

સુપરત મતોની સંખ્યા ....

મતોની કુલ સંખ્યા ....

.... જિલ્લા આયોજન સમિતિની ચૂંટણી માટેનો હું ...., ચૂંટણી અધિકારી, આથી, નીચેના ઉમેદવારોને ચૂંટાયેલા જાહેર કરું છું.

અનુક્રમાંક	ચૂંટાયેલા ઉમેદવારોના નામો
૧ ૨ ૩	

સ્થળ : ....

તારીખ : ....

ચૂંટણી અધિકારી.

....

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

પી. વી. પટેલ,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 278

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, SEPTEMBER 7, 2016/BHADRA 16, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

તારીખ ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૬-ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૬ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૫નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

GUJARAT ACT NO. 15 OF 2016.

THE GUJARAT PROVISION FOR DISQUALIFICATION OF MEMBERS OF LOCAL AUTHORITIES FOR DEFECTION (AMENDMENT) ACT, 2016.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે **સન ૨૦૧૬ના સપ્ટેમ્બર** મહિનાની **૭મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સી. જે.ગોઠી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 15 OF 2016.

AN ACT

further to amend the Gujarat Provision for Disqualification of Members of Local Authorities for Defection Act, 1986.

સન ૨૦૧૬નો ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૧૫.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૬ના સપ્ટેમ્બર મહિનાની ૭મી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાતનો પક્ષાન્તર બદલ સ્થાનિક સત્તા મંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવા માટે જોગવાઈ કરતો અધિનિયમ, ૧૯૮૬ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણ રાજયના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧.(૧) આ અધિનિયમ ગુજરાતનો પક્ષાન્તર બદલ સ્થાનિક સત્તા મંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવા માટે જોગવાઈ કરતો (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૧૯૮૬નો ગુજરાતનો ૨૩મો. ૨. ગુજરાતનો પક્ષાન્તર બદલ સ્થાનિક સત્તા મંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવા માટે જોગવાઈ કરતો અધિનિયમ, ૧૯૮૬ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ''તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૬ માં, ''આ અર્થે નામોદિષ્ટ કરે તે અધિકારીને''એ શબ્દો પછી, ''અથવા એવા નિવૃત્ત અધિકારી, જે તેમની નિવૃત્તિના **સન ૧૯૮૬ના ગુજરાતના ૨૩મા અધિનિયમની કલમ ૬નો સુધારો.**

INDEX

સમયે સરકારના સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા ધરાવતા હોય, તેવા રાજ્ય સરકાર, આ અર્થે નીમે તેવા અધિકારીને'' એ શબ્દો દાખલ કરવા.

સન ૧૯૮૬ના ગુજરાતના ૨૩મા અધિનિયમની કલમ ૭ નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૭ માં,-

(૧) ''આ અર્થે નામોદિષ્ટ કરે તે અધિકારી'' એ શબ્દો પછી, ''અથવા એવા નિવૃત્ત અધિકારી, જે તેમની નિવૃત્તિના સમયે સરકારના સચિવના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા ધરાવતા હોય તેવા અધિકારી'' એ શબ્દો દાખલ કરવા;

(૨) ''મુખ્ય સચિવે અથવા નામોદિષ્ટ અધિકારીએ'' એ શબ્દોને બદલે, ''મુખ્ય સચિવે, નામોદિષ્ટ અધિકારીએ અથવા નિવૃત્ત અધિકારીએ'' એ શબ્દો મૂકવા.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 279

વાર્ષિક લવાજમનો દરરૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, SEPTEMBER 9, 2016/BHADRA 18, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૪થી ફેબ્રુઆરી, ૨૦૧૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૦૬/પીએસટી/૧૦૨૦૧૩/૧૦૮૧/વી.નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Government Notification, Home Department, No. GG/24/PST/102013/1081/V dated the 27th January, 2014.

ગૃહ વિભાગનું તારીખ:૨૭મી જાન્યુઆરી, ૨૦૧૪નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીજી/૨૪/પીએસટી/૧૦૨૦૧૩/૧૦૮૧/વી. સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૪થી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક: જીજી /૦૬/પીએસટી/ ૧૦૨૦૧૩/૧૦૮૧/વી:- ગુજરાત રાજ્યને લાગુ પડતા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા)ની કલમ ૨ના ખંડ (ફ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ:૨૭મી જાન્યુઆરી, ૨૦૧૪નું સરકારી જાહેરનામું ક્રમાંક:જીજી/૨૪/પીએસટી /૧૦૨૦૧૩/૧૦૮૧/વી. નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં, અનુક્રમાંક ૪ ઉપરની વિદ્યમાન નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી:-

અનુ-ક્રમાંક	ડિવિઝન/સબ-ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી(ઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
"૪.	લુણાવાડા	સંતરામપુર	સંતરામપુર	-	-	સંતરામપુર
						આંબા
						ડોળી
						ગડિયા
						કેણપુર
						લીમડી
						મોટી રેલ (પશ્ચિમ)
						અડોર પાદેડી
						નાની રેલ
						સરસવા (પશ્ચિમ)
						શીર(સિર)
						સિંગલગઢ
						ઉબેર
						ઝાલદડા
						કાલિયા નરસીંગપુર
						ખોડદ્રા
						કોસંબા
						કોટવડ

અનુ-ક્રમાંક	ડિવિઝન/સબ-ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી(ઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
''૪.	લુણાવાડા	સંતરામપુર	સંતરામપુર	-	-	ટીંભરવા
						વડબાર
						બુગડ
						બુગડના મુવાડા
						બારીકોટા
						ભંડારા
						બોરવાડા પીથાપુર
						ચીતવા
						ગડા
						ગરાડીયા
						જુના તળાવ
						કણજરા
						કંથારીયા
						કસલપુર
						લલકપુર
						માલણપુર
						મહેતાના મુવાડા
						મોટી ખરસોલી
						નાના નટવા
						પાંચ મુવાડી
						રાણીજીની પાદેડી (પાદરડી)
						રીંછડી
						સગવાડીયા
						સાંગાવાડા
						વાડીયા
						વાંજીયાખૂંટ
						વાવીયાના મુવાડા
						ટીંબા
					સરસણ	મોટી સરસણ
						નાની સરસણ
						લીમડા મુવાડી
						હાડાની સરસણ
						ઈન્દ્રસિંહના મુવાડા
						ગોઠીબડા
						ગોધર(પશ્ચિમ)

અનુ-ક્રમાંક	ડિવિઝન/સબ-ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી(ઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
"૪.	લુણાવાડા	સંતરામપુર	સંતરામપુર	-	સરસણ	ધામોતના મોહિલા
						આંજણવા
						ચરાડા
						ફળવા
						વેણા
						વાંકડી
						વાંદરિયા
						રાણાની સરસણ
						ભોટવા
						છાયણ
						પઢારિયા
						કણબીના મુવાડા
						પગીના મુવાડા
						કોઠીના મુવાડા
						પાંચમુવા
						વાઘફળ
						ગામડી
						ગલા તલાવડી
						ચેલાપગીના મુવાડા
						ઝાલા પાદેડી
						આસીવાડા
						વાંટા
					બારેલા	બારેલા
						નસીકપુર
						આમલિયાત
						રાફઈ
						મોહિલાપુર (મોથલાયડ)
						હરીગરના મુવાડા
						ચુંથાના મુવાડા
						વાઘણ
						નાનસલાઈ
						ઓરા
						રામભેમના મુવાડા
						સાતકુંડા
						જોટંગીયા

અનુ-ક્રમાંક	ડિવિઝન/સબ-ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી(ઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
"૪.	લુણાવાડા	સંતરામપુર	સંતરામપુર	-	બારેલા	માંચોડ
						કાલીબેલ
						કાલીબેલ નવાઘરા
						સવગઢ
						બોયડીયા
						સાલિયા
						ગુવાલીયા
						મોવાસા
						મંકોડીયા
						થાંભા
						સાંઢપાલીયા
						ગલાલિયા
						બેડીયા
					ગોઠીબ	બબરાઈ
						બાબરી
						બાબરોલ
						ભવાનપુરા
						ભોટવા (પશ્ચિમ)
						ગલા ખેડી
						ખેરવા
						ગોઠીબ
						હઠીપુરા
						હીરાપુર
						જાનવડ
						કડુચી
						કાલિયા આંબા
						મોરલનાકા
						મોટા અંબેલા
						નાના અંબેલા
						નાની ભુગેડી
						નેશ
						પરથમપુર
						રણેલા
						રતનપુર
						સણબાર
						રાયણીયા

અનુ-ક્રમાંક	ડિવિઝન/સબ-ડિવિઝન	તાલુકો	પોલીસ મથક	પોલીસ ચોકી(ઓ)	આઉટ-પોસ્ટ	સ્થાનિક વિસ્તારો/ગામો
૧	૨	૩	૪	૫	૬	૭
"૪.	લુણાવાડા	સંતરામપુર	સંતરામપુર	-	ગોઠીબ	સુકા ટીંબા
						મોટા સરણૈયા
						વાલાખેડી
						બેણદા
						સાગણ ફળીયા
						મોટી ભુંગેડી
						ચીચાણી
					ખેડાપા	બટકવાડા
						ભમરી
						ભાણાસીમલ
						દલીયાતી
						દોટાવાડા
						ખેડાપા
						કોતરા
						કુંડા
						મોટી કયાર
						નળાઇ
						નાની કયાર
						પાણિયાર
						સરાડ
						સીમલિયા
						સુરપુર
						ઉખરેલી
						વ્યાર
						મોલારા
						ભંડારા
						કણજારા.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એ. પટેલ,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 280

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, SEPTEMBER 12, 2016/BHADRA 21, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **ઉદ્યોગ અને ખાણ વિભાગ**-ના સરકારી **જાહેરનામા (૧) ક્રમાંક : જીયુ/૨૦૧૫/૨૧/ બીઆરટી/૧૦૨૦૦૯/૬૨૯/ડી-૩, તારીખ:૨૧/૦૫/૨૦૧૫,**

(૨) ક્રમાંક : જીયુ/૨૦૧૬/૫૮/બીઆરટી/૧૦૨૦૦૯/૬૩૪/ડી-૩, તારીખ:૦૭/૦૬/૨૦૧૬,

(૩) ક્રમાંક : જીયુ-૨૦૧૬-૫૬-બીઆરટી-૧૦૨૦૦૮-૨૪૭-ડી-૩, તારીખ:૦૬/૦૬/૨૦૧૬-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Geologist, Class I, in the Gujarat Mining Service Recruitment Rules, 2015.

ગુજરાત ખાણકામ સેવામાં, ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૫ સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર ૨૧મી મે, ૨૦૧૫.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીયુ/૨૦૧૫/૨૧/બીઆરટી/૧૦૨૦૦૯/૬૨૯/ડી-૩ઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત ખાણકામ સેવામાં, ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ ૧-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત ખાણકામ સેવામાં, ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. ગુજરાત ખાણકામ સેવામાં, ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ ૧-ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે ગુજરાત ખાણકામ સેવામાં, મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ ૨-ના સંવર્ગમાં ઓછામાં ઓછા આઠ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ ૧-ની જગા પર બઢતી માટેની ઠરાવેલી ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય;

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. બઢતીથી અને સીધી પસંદગીથી કરવાની નિમણૂકો ૧:૧ના પ્રમાણમાં કરવામાં આવશે.

૪. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

INDEX

(ક) ૩૯ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી ભૂસ્તરવિજ્ઞાન અથવા પ્રયોજિત ભૂસ્તરવિજ્ઞાનમાં ઓછામાં ઓછા ૫૫% ગુણ સાથે મેળવેલી અનુસ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે;

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

(ગ) (૧) ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરીની તાબાની સેવામાં, રોયલ્ટી ઈન્સ્પેક્ટર, વર્ગ ૩-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો આશરે સાત વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા

(૨) ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરીની તાબાની સેવામાં, રોયલ્ટી ઈન્સ્પેક્ટર, વર્ગ ૩-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તે જગાને સમકક્ષ જગા ગણી શકાય તેવી જગા પરનો, સરકાર અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશન અથવા ભારતમાં કાયદાથી સ્થાપિત લિમિટેડ કંપની અથવા ખાણકામ સંસ્થામાં ખાણકામ અથવા ખનિજ વહીવટના ક્ષેત્રમાંનો અથવા ખનિજવિષયક કાયદા ઘડવાનો અથવા ખનિજ સંશોધનનો આશરે સાત વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી ખાતાકીય પરીક્ષા પાસ કરવી પડશે.

૧૦. બઢતીથી અથવા સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૧. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એસ. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

Notification

Regarding

The Assistant Geologist, Class II, in the Commissionerate of Geology and Mining, Recruitment Rules, 2016.

ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરીમાં, મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૦૭-૦૬-૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીયુ/૨૦૧૬/૫૮/બીઆરટી/૧૦૨૦૦૯/૬૩૪/ડી-૩:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ખાણકામ સેવામાં, મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ ૨ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરીમાં, મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ખાણકામ સેવામાં, મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ ૨ની જગા ઉપરની નિમણૂક, જેણે,-

(ક)(૧) ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, રોયલ્ટી ઈન્સ્પેક્ટર, વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા સાત વર્ષ સુધી કામ કર્યું હોય;

(૨) મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ ૨ની જગા ઉપર બઢતી માટે ઠરાવેલ ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય;

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. બઢતીથી અને સીધી પસંદગીથી કરવાની નિમણૂકો ૧:૧ના પ્રમાણમાં કરવી જોઇશે.

૪. નિયમ ૨-માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(ક) ૪૦ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઇપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વયમર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી ઓછામાં ઓછા ૫૫ % ગુણ સાથે ભૂસ્તરશાસ્ત્ર (જિઓલોજી) અથવા પ્રયોજિત ભૂસ્તરશાસ્ત્ર (એપ્લાઇડ જિઓલોજી) અથવા ભૂસ્તરવિજ્ઞાન (જિઓલોજિકલ સાયન્સ) અથવા ભૂસ્તર સંશોધન (જિઓ એક્સપ્લોરેશન) અથવા ખનિજ સંશોધન (મિનરલ એક્સપ્લોરેશન) અથવા એન્જિનિયરીંગ જિઓલોજી અથવા મરિન જિઓલોજી અથવા અર્થ સાયન્સ એન્ડ રિસોર્સ મેનેજમેન્ટ અથવા પેટ્રોલિયમ જિઓસાયન્સ અથવા પેટ્રોલિયમ એક્સપ્લોરેશન અથવા જિઓકેમિસ્ટ્રી અથવા જિઓલોજિકલ ટેકનોલોજી અથવા જિઓફિઝિકલ ટેકનોલોજીમાં મેળવેલ અનુસ્નાતક પદવી ધરાવતો હોવો જોઇશે;

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેની પૂરતી જાણકારી ધરાવતો હોવો જોઇશે.

(ગ) (૧) ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, માઇન્સ સુપરવાઇઝર, વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતાં દરજ્જાની ન હોય તેવી જગા ઉપર આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(૨) ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, માઇન્સ સુપરવાઇઝર, વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતાં દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા ઉપર, સરકારમાં અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશન અથવા ભારતમાં કાયદાથી સ્થપાયેલ લિમિટેડ કંપની અથવા ખનિજ સંસ્થામાં ખાણકામ અથવા ખનિજ વહીવટ અથવા ખાણકામ વિષયક કાયદા ઘડવાનો અથવા ખનિજ સંશોધનના ક્ષેત્રમાં આશરે ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવી પડશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવી પડશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા અને હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. બઢતીથી અથવા સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એસ.પ્રજાપતિ,

સરકારના સંયુક્ત સચિવ.

Notification

Regarding

The Chemist, Class I, in the Gujarat Mining Service, Recruitment Rules, 2016.

ગુજરાત ખાણકામ સેવામાં, રસાયણશાસ્ત્રી (કેમિસ્ટ), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૦૬-૦૬-૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જીયુ-૨૦૧૬- ૫૬- બીઆરટી- ૧૦૨૦૦૮- ૨૪૭ -ડી-૩ :-ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ખાણકામ સેવામાં, રસાયણશાસ્ત્રી (કેમિસ્ટ), વર્ગ ૧, ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત ખાણકામ સેવામાં, રસાયણશાસ્ત્રી (કેમિસ્ટ) , વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ખાણકામ સેવામાં, રસાયણશાસ્ત્રી (કેમિસ્ટ), વર્ગ ૧ ની જગા ઉપરની નિમણૂક,-

(ક) (૧) ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની ગુજરાત ખાણકામ સેવામાં, પૃથ્થકરણ રસાયણશાસ્ત્રી (એનાલિટિકલ કેમિસ્ટ), વર્ગ ૨- ના સંવર્ગમાં ઓછામાં ઓછા ૮ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય; અને

(૩) સીધી પસંદગી માટે નિયમ ૩ના ખંડ (ખ)માં ઠરાવ્યા પ્રમાણે શૈક્ષણિક લાયકાત ધરાવતી હોય;

તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા- ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યકિત બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપીને જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર-

(ક) ૪૨ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઇપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ;

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી (અકાર્બનિક (ઇનઓર્ગેનિક) અથવા પૃથક્કરણાત્મક (એનાલિટિકલ) અથવા ભૌતિક (ફિઝિકલ) રસાયણશાસ્ત્રમાં અનુસ્નાતક પદવી ધરાવતો હોવો જોઇશે અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે; અને

(ગ) (૧) ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સિનિયર રસાયણ મદદનીશ (કેમિકલ આસિસ્ટન્ટ), વર્ગ ૩-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(૨) ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સિનિયર રસાયણ મદદનીશ (કેમિકલ આસિસ્ટન્ટ), વર્ગ ૩-ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો સરકારમાં અથવા સ્થાનિક સત્તામંડળ અથવા સરકાર હસ્તક બોર્ડ અથવા કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપની અથવા યુનિવર્સિટી અથવા જાહેર અથવા ખાનગી ક્ષેત્રની પ્રયોગશાળામાં ખડકો, ખનિજો અથવા કાચી ધાતુઓનો કન્વેન્શનલ એન્ડ એનાલિટિકલ (પરંપરાગત અને પૃથ્થકરણાત્મક) ઇન્સ્ટ્રુમેન્ટેશન ટેકનિક્સ (તકનિકો) દ્વારા રાસાયણિક પૃથક્કરણ (કેમિકલ એનાલિસિસ)નો આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઇશે;

INDEX

(ઘ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ચ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું જોઇશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ–સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ–સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી અથવા બઢતી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. પસંદગી પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એસ.પ્રજાપતિ,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 281

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, SEPTEMBER 14, 2016/BHADRA 23, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૦૬-૦૮-૨૦૧૬ ના ગુજરાત સરકારના **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ** - ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીપી/૪૪/આરઆરએસ-એમકેએમ-૧૦૨૦૦૯-૧૯૦૩-છ - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Administrative Officer, Class-I, Gujarat Ayurved Service, Recruitment Rules, 2016

વહીવટી અધિકારી, વર્ગ-૧, ગુજરાત આયુર્વેદ સેવા, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી ઓગસ્ટ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીપી-૪૪/આરઆરએસ-એમકેએમ-૧૦૨૦૦૯-૧૯૦૩-છ:— ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નિયામક, ભારતીય તબીબી અને હોમિયોપથી પદ્ધતિની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની, ગુજરાત આયુર્વેદ સેવામાં, વહીવટી અધિકારી, વર્ગ ૧ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો વહીવટી અધિકારી, વર્ગ ૧, ગુજરાત આયુર્વેદ સેવા, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. નિયામક, ભારતીય તબીબી અને હોમિયોપથી પદ્ધતિની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની, ગુજરાત આયુર્વેદ સેવામાં, વહીવટી અધિકારી, વર્ગ ૧ની જગા ઉપરની નિમણૂક,-

(ક) (૧) જેણે, ગુજરાત આયુર્વેદ સેવામાં, નિયામક, ભારતીય તબીબી અને હોમિયોપથી પદ્ધતિની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળના વહીવટી અધિકારી વર્ગ ૨ના સંવર્ગમાં ઓછામાં ઓછા આઠ વર્ષ સુધી કામ કર્યું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય;

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર-

(ક) ૪૦ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માં સમાવિષ્ટ કોઇપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય-મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ.

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી કોઈપણ વિદ્યાશાખાની દ્વિતીય વર્ગ સાથે સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે; અને

(૨) સરકારમાં, કચેરી અધિક્ષક, વર્ગ ૩ અથવા મુખ્ય કારકુન, વર્ગ ૩ના ઉતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરનો આશરે પાંચ વર્ષનો વહીવટી અનુભવ ધરાવતો હોવો જોઇશે; અથવા

(૩) કચેરી અધિક્ષક, વર્ગ ૩ અથવા મુખ્ય કારકુન, વર્ગ ૩ની જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા પરનો સરકારમાં, સ્થાનિક મંડળોમાં, સરકાર હસ્તક બોર્ડ, કોર્પોરેશનમાં અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાંનો આશરે પાંચ વર્ષનો વહીવટી અનુભવ ધરાવતો હોવો જોઇશે.

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટર ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા અને હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

આઈ.એમ.કુરેશી

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 282

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, SEPTEMBER 14, 2016/BHADRA 23, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા.૩૧મી માર્ચ, ૨૦૧૬ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૨૦૧૬ નો ૧૧૬-એમકેએમ-૧૧૨૦૧૧-૭૧૫૩-આર. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Municipal Sanitary Inspector, Class III, Recruitment Rules, 2016.

નગરપાલિકા સેનિટરી ઇન્સ્પેક્ટર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી માર્ચ, ૨૦૧૬.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંકઃ કેવી-૨૦૧૬નો ૧૧૬-એમકેએમ-૧૧૨૦૧૧-૭૧૫૩-આરઃ- ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૪૭ ક-ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત રાજ્ય નગરપાલિકા સેનિટરી ઇન્સ્પેક્ટર (સ્વચ્છતા નિરીક્ષક)ની સેવામાં, નગરપાલિકા સેનિટરી ઇન્સ્પેક્ટર, વર્ગ ૩ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો, નગરપાલિકા સેનિટરી ઇન્સ્પેક્ટર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત રાજ્ય નગરપાલિકા સેનિટરી ઇન્સ્પેક્ટરની સેવામાં, નગરપાલિકા સેનિટરી ઇન્સ્પેક્ટર, વર્ગ ૩ની જગા ઉપરની નિમણૂક, સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૩ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે,

(ખ) (૧) માધ્યમિક અને / અથવા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરેલી હોવી જોઇશે અથવા સરકારે તે તરીકે માન્ય કરેલ સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે, અને

(૨) સરકારે તે તરીકે માન્ય કરેલ કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલો ઓછામાં ઓછો એક વર્ષનો સેનિટરી ઇન્સ્પેક્ટરના અભ્યાસક્રમનો ડિપ્લોમા ધરાવતો હોવો જોઇશે અથવા;

(૩) ઉદ્યોગ તાલીમ સંસ્થા (આઇ.ટી.આઇ.) અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી કોઇ બીજી સંસ્થામાંથી મેળવેલું ઓછામાં ઓછા એક વર્ષનું આરોગ્ય સેનિટરી ઇન્સ્પેક્ટરનું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઇશે; અને

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક-ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

૭. નીચેના નિયમો ઉચિત ફેરફારો સાથે નગરપાલિકા સેનિટરી ઇન્સ્પેક્ટર, વર્ગ ૩ને લાગુ પડશે:-

(૧) ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨.

(૨) ગુજરાત મુલકી સેવા (પગાર સંબંધિત ભથ્થાં) નિયમો, ૨૦૦૨.

(૩) ગુજરાત મુલકી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨.

(૪) ગુજરાત મુલકી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨.

(૫) ગુજરાત મુલકી સેવા (સરકારી રહેણાકના મકાનોમાં વસવાટ) નિયમો, ૨૦૦૨.

(૬) ગુજરાત મુલકી સેવા (ફરજ પર જોડાવાના સમય, રાજ્યેતર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકૂફી, બરતરફી અને રૂખસદ) નિયમો, ૨૦૦૨.

(૭) ગુજરાત મુલકી સેવા (રજા) નિયમો, ૨૦૦૨.

(૮) ગુજરાત મુલકી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨.

(૯) ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧

(૧૦) ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧

(૧૧) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭.

(૧૨) વર્ધિત ભવિષ્ય નિધિ નિયમો અને (ગુજરાત) સામાન્ય ભવિષ્ય નિધિ નિયમો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. વી. શાહ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 283

વાર્ષિક લાવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, SEPTEMBER 15, 2016/BHADRA 24, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાન્ય વહીવટ** વિભાગ ના તારીખ : ૫મી માર્ચ, ૨૦૧૬ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએસ/૨૦૧૬/૧૩/બીઆરટી/૧૦/૧૦૨૦૧૫/૬૧૨૪૦૮/૧૨/કે નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Senior Clerk, Class III, in the Non-Secretariat Departments and Offices (Competitive Examination) Rules, 2016.

બિન-સચિવાલય વિભાગો અને કચેરીઓમાં, સિનિયર કારકુન, વર્ગ ૩ (સ્પર્ધાત્મક પરીક્ષા)

નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

સામાન્ય વહીવટ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૫મી માર્ચ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીએસ/૨૦૧૬/૧૩/બીઆરટી/૧૦/૧૦૨૦૧૫/૬૧૨૪૦૮/૧૨/કઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને સિનિયર કારકુન, વર્ગ ૩-ની જગા પર ભરતી માટેની પરીક્ષાની પદ્ધતિનું નિયમન કરતા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત રાજ્યના બિન-સચિવાલય વિભાગો અને કચેરીઓની તાબાની સેવામાં, સિનિયર કારકુન, વર્ગ ૩-ની જગા પર ભરતી માટેની પરીક્ષાની પદ્ધતિની જોગવાઈ કરવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. **<u>ટૂંકી સંજ્ઞા, આરંભ અને લાગુ પડવા બાબત</u>.-**

(૧) આ નિયમો બિન-સચિવાલય વિભાગો અને કચેરીઓમાં, સિનિયર કારકુન, વર્ગ ૩ (સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

(૩) તે, પરિશિષ્ટ ''ખ''માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના વિભાગો અને કચેરીઓ સિવાયના, પરિશિષ્ટ ''ક''માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના ગુજરાત રાજ્યના બિન-સચિવાલય વિભાગો અને કચેરીઓમાંની, સીધી ભરતીથી ભરવાની, સિનિયર કારકુન, વર્ગ ૩ની જગાઓને લાગુ પડશે.

૨. <u>વ્યાખ્યા</u>.- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''પરિશિષ્ટ'' એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) ''મંડળ'' એટલે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર;

(ગ) ''પરીક્ષા'' એટલે પરિશિષ્ટ ''ક''માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની જગા પર સીધી ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા અને તેમાં લેખિત કસોટી અને કોમ્પ્યુટર નિપુણતા કસોટીનો સમાવેશ થાય છે;

(ઘ) ''સરકાર'' એટલે ગુજરાત સરકાર;

(ચ) ''વિભાગો અથવા કચેરીઓના વડા'' એટલે પરિશિષ્ટ ''ખ''માં જણાવેલા વિભાગો અથવા કચેરીઓ સિવાયના, રાજ્ય સરકારના વિભાગો અથવા કચેરીઓના વડા;

(છ) ''સંબંધિત ભરતી નિયમો'' એટલે ગુજરાત રાજ્યના બિન-સચિવાલય વિભાગો અને કચેરીઓની તાબાની સેવામાં, સિનિયર કારકુન, વર્ગ ૩ ભરતી નિયમો, ૨૦૧૫.

૩. **શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા.-**

સંબંધિત ભરતી નિયમોના નિયમ ૫ હેઠળ ઠરાવેલી, પરિશિષ્ટ ''ક''માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની જગા પર નિમણૂક માટેની જરૂરી શૈક્ષણિક લાયકાતો, બીજી લાયકાતો અને આવશ્યકતાઓ ધરાવતો હોય તેવો ઉમેદવાર પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર ગણાશે.

૪. **માંગણી પત્રક તૈયાર કરવા માટેની કાર્યરીતિ.-**

(૧) દર વર્ષે, પરિશિષ્ટ-''ખ''માં જણાવેલી હોય તે સિવાયની તમામ કચેરીઓએ, આ નિયમોના પરિશિષ્ટ-''ગ''માં નિર્દિષ્ટ કર્યા મુજબના પત્રકમાં રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી નિર્દિષ્ટ કરે તે રીતે, જાન્યુઆરી મહિનાથી શરૂ થતા આગામી વર્ષ માટે, પરિશિષ્ટ ''ક''માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની સિનિયર કારકુનની જગા પરની નિમણૂક માટેની પોતાની જરૂરિયાતો દર્શાવતું માંગણી પત્રક, વર્ષમાં મોડામાં મોડું માર્ચ મહિનાની ૧લી તારીખ સુધીમાં, સચિવાલયના તેમના સંબંધિત વિભાગોને મોકલવું જોઈશે.

(૨) સચિવાલયના સંબંધિત વિભાગોએ, ત્યાર પછી, વર્ષમાં મોડામાં મોડું એપ્રિલ મહિનાની ૧લી તારીખ સુધીમાં, પરિશિષ્ટ-''ઘ''માં નિર્દિષ્ટ કર્યા મુજબના પત્રકમાં અથવા રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી નિર્દિષ્ટ કરે તે રીતે, જાન્યુઆરી મહિનાથી શરૂ થતા આગામી વર્ષ માટે, તેમના વહીવટી નિયંત્રણ હેઠળની તમામ કચેરીઓ માટેનું પરિશિષ્ટ ''ક''માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનું સિનિયર કારકુનની જગા પરની નિમણૂક માટેની તેમની કુલ જરૂરિયાત દર્શાવતું, એકત્રિત માંગણી પત્રક મંડળને મોકલવું જોઈશે.

(૩) પસંદગી પામેલ ઉમેદવારોની (જગાની સંખ્યાની) અપેક્ષિત જરૂરિયાતોનો અંદાજ, કોઈ ચોક્કસ તારીખે વિદ્યમાન હોય તેવી ખાલી જગાઓની ખરેખરી સંખ્યા અથવા ઊભી થવાનો સંભવ હોય તેવી જગાઓ પર આધારિત રહેશે નહિ, પણ આ નિયમો લાગુ પડતા હોય તેવી કચેરીઓએ, રાજીનામાં અને અન્ય કારણોસર ખાલી થનાર સંભવિત જગાઓ તથા અપેક્ષિત વિકાસ વગેરેને કારણે ઊભી થનાર નવી જગાઓના આધારે ભૂતકાળના અનુભવ પરથી, તેમની સંભવિત ભરતીનો અંદાજ તૈયાર કરવો જોઈશે. આમ, આ અંદાજ પેટા-નિયમો (૨) અને (૩)માં દર્શાવ્યા પ્રમાણેના ચોક્કસ સમયગાળા દરમિયાન ખાલી થનાર જગાઓની ચોક્કસ ઉપલભ્ય સંખ્યાનો અંદાજ જ ગણાશે નહિ, પણ તે સમયગાળા દરમિયાનની જગાઓની અપેક્ષિત જરૂરયાતોનો સંપૂર્ણ આંકડાકીય (સંખ્યાત્મક) અંદાજ ગણાશે. આ વિગતો, પરિશિષ્ટ ''ચ''માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના પત્રકમાં મોકલી શકાશે. આ અંદાજ, વર્ષના જાન્યુઆરી મહિનાથી વર્ષના ડિસેમ્બર મહિના સુધીના એક વર્ષની ખરેખરી જરૂરિયાત અથવા ભરતી વર્ષમાં આપવામાં આવેલી મંજૂરી કરતાં વધુ ન હોય તેની અત્યંત કાળજી લેવી જોઈશે.

૫. **પરીક્ષા યોજવા બાબત.-**

(૧) મંડળે, સચિવાલયના વિભાગો પાસેથી માંગણી પત્રક મળ્યેથી, દર વર્ષે જૂન અથવા જુલાઈ મહિનાના પ્રથમ સ ાહમાં, રાજ્યમાં બહોળી પ્રસિદ્ધિ ધરાવતા અગ્રગણ્ય સમાચારપત્રમાં જાહેરખબર પ્રસિદ્ધ કરીને, આ જગા પરની નિમણૂક માટેના પાત્ર ઉમેદવારો પાસેથી ઠરાવેલા નમૂનામાં અરજીઓ મંગાવવી જોઈશે.

(૨) દરેક વિભાગો અથવા કચેરીઓમાં ભરવાની હોય તેવી ખાલી જગાઓની સંખ્યા અંગે જાહેરખબરમાં નિર્દેશ કરવો જોઈશે અને ઉમેદવારોએ આ જાહેરખબરના સંદર્ભમાં મંડળને પોતાની અરજીઓ મોકલવાની રહેશે.

(૩) અરજીઓ મંગાવવાની અને અરજીઓની ચકાસણી કરવા માટેની કાર્યરીતિ મંડળ નક્કી કરે તેવી રહેશે.

(૪) મંડળ-એ, સિનિયર કારકુન, વર્ગ ૩-ની જગા પર સીધી ભરતીથી ઉમેદવારોની પસંદગી કરવા માટેની પરીક્ષા, સામાન્ય રીતે વર્ષમાં એક વખત સપ્ટેમ્બર અથવા ઓક્ટોબર મહિનામાં યોજવી જોઈશે.

(૫) કઈ તારીખે, કયા સમયે અને સ્થળોએ પરીક્ષા યોજવામાં આવશે તે બાબત મંડળ દ્વારા નક્કી કરવામાં આવશે.

(૬) ઉમેદવારે, મંડળ જાહેર કરે તેવી તારીખોએ, સમયે અને સ્થળોએ, સ્વ-ખર્ચે, પરીક્ષાના તમામ તબક્કે ઉપસ્થિત રહેવું પડશે.

૬. **પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની અરજી.-**

(૧) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માંગતા ઉમેદવારે, મંડળ દ્વારા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેટલી સમયમર્યાદાની અંદર, સરકાર દ્વારા નક્કી કરવામાં આવે તેટલી ફી સાથે અરજી કરવાની રહેશે.

(૨) મંડળે જાહેરખબરમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની રીતે ફી ભરવાની રહશે. એક વખત ભરવામાં આવેલી ફી પરત કરવામાં આવશે નહિ અથવા આગામી પરીક્ષા માટે રાખી મૂકવામાં (મુલતવી રાખવામાં) આવશે નહિ.

(૩) અરજી પાછી ખેંચવા અંગેની અને ફી પરત આપવા અંગેની ઉમેદવારની વિનંતી કોઈ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ.

૭. **મંડળનો નિર્ણય આખરી ગણાશે.-**

(૧) (ક) ઉમેદવાર, આ જગા માટેના સંબંધિત ભરતી નિયમો હેઠળની જરૂરી લાયકાત ધરાવે છે;

(ખ) તેણે અરજી સાથે જરૂરી ફી ભરેલી છે; અને

(ગ) ઉમેદવાર તમામ બાબતોમાં યોગ્યતા (પાત્રતા) ધરાવે છે અને તેણે પરીક્ષામાં ઉપસ્થિત થવા માટેની તમામ જરૂરિયાતોનું પાલન કરેલ છે,

તે બાબતોની મંડળને ખાતરી થાય તે સિવાય, કોઈ પણ ઉમેદવારને પરીક્ષામાં ઉપસ્થિત રહેવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

(૨) પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવારની પાત્રતાના સંદર્ભમાં મંડળનો નિર્ણય આખરી ગણાશે.

(૩) પાછળથી, કોઈ પણ સમયે, ઉમેદવાર પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે અપાત્ર જણાય, તો તેની ઉમેદવારી રદ થયેલી ગણાશે અને તેની પસંદગી થઈ ગયેલ હોય અને નિમણૂક થઈ ગયેલ હોય, તો તેની નિમણૂક શરૂઆતથી જ રદબાતલ ગણાશે અને તેની સેવા તરત જ સમા કરવામાં આવશેઃ

પરંતુ ઉમેદવારને સુનાવણીની તક આપવામાં આવી હોય તે સિવાય, આવી કોઈ નિમણૂક સમા કરવામાં આવશે નહિ.

૮. **પરીક્ષાના સંચાલન અને નિયમન બાબત.-** મંડળે, પોતે અપનાવેલી કાર્યરીતિ અનુસાર અને તે અર્થે કરવામાં આવેલા નિયમો અને રાજ્ય સરકારના આદેશો અનુસાર, પરીક્ષક, સુપરવાઈઝરની નિમણૂક, તેમને ચૂકવવાપાત્ર મહેનતાણાં અને પરીક્ષાના સંચાલનને લગતી તમામ બાબતોનું નિયમન કરવું જોઈશે.

૯. **પરીક્ષા પદ્ધતિ.-**

(૧) મંડળે, ઉમેદવારો પાસેથી અરજી મળ્યા બાદ, આ નિયમો અનુસાર ઉમેદવારોની યોગ્યતાના સંદર્ભમાં અરજીઓની ચકાસણી કરવી જોઈશે અને યોગ્યતા ધરાવતા ઉમેદવારોને (પાત્ર ઉમેદવારોને) લેખિત કસોટી માટે બોલાવવા જોઈશે.

(૨) મંડળે, લેખિત કસોટીમાં સફળ થયેલા ઉમેદવારો(ના નામ)ની યાદી જાહેર કરવી જોઈશે.

(૩) લેખિત કસોટીમાં, મંડળ દ્વારા નક્કી કરવામાં આવે તેટલા લઘુતમ લાયકી ગુણ મેળવેલ હોય તેવા ઉમેદવારોને જ મંડળ દ્વારા યોજવામાં આવનાર કોમ્પ્યુટર નિપુણતા કસોટી માટે બોલાવવામાં આવશે.

(૪) કોમ્પ્યુટર નિપુણતા કસોટી માટે બોલાવવામાં આવેલા ઉમેદવારોની સંખ્યા, સામાન્ય રીતે માંગણી પત્રકમાં જણાવવામાં આવેલી ખાલી જગાની સંખ્યા કરતાં ત્રણ ગણી હોવી જોઈશે.

(૫) લેખિત કસોટીના પોતાના ગુણની પુનઃચકાસણી કરાવવા ઈચ્છતા ઉમેદવાર, લેખિત કસોટીનું પરિણામ જાહેર થયાની તારીખથી પંદર (૧૫) દિવસની મુદતની અંદર, મંડળ નકકી કરે તેટલી ફી સાથે, મંડળને અરજી કરી શકશે.

૧૦. પરીક્ષાનો અભ્યાસક્રમ.-

લેખિત કસોટી અને કોમ્પ્યુટર નિપુણતા કસોટી માટેનો અભ્યાસક્રમ પરિશિષ્ટ ''છ''માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે.

૧૧. પરીક્ષાનું માધ્યમ.- જેના માટે લેખિત કસોટીમાં પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી હોય તેવા અંગ્રેજી ભાષાના પ્રશ્નોના ભાગ સિવાય, પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે. ઉમેદવારે કોમ્પ્યુટર નિપુણતા કસોટી અંગ્રેજી અને ગુજરાતી બંને ભાષામાં આપવાની રહેશે.

૧૨. લાયકી ધોરણ અને ગુણ બાબત.-

મંડળે, બિન-અનામત કક્ષાના ઉમેદવારો અને અનામત કક્ષાના ઉમેદવારો માટે લેખિત કસોટી અને કોમ્પ્યુટર નિપુણતા કસોટી માટેનું અલગ લાયકી ધોરણ નક્કી કરવું જોઈશે. તેમ છતાં, મંડળ દ્વારા નક્કી કરવામાં આવે તેવું લઘુતમ લાયકી ધોરણ, કોઈ પણ સંજોગોમાં, દરેક કસોટી માટે ૪૦ ગુણ કરતાં ઓછું હોવું જોઈશે નહિ. મંડળે નક્કી કરેલા લાયકી ધોરણ અનુસાર લેખિત કસોટીમાં લાયક ઠરેલ ઉમેદવારને જ કોમ્પ્યુટર નિપુણતા કસોટી માટે બોલાવવામાં આવશે.

૧૩. પરીક્ષા ફી.-

(૧) દરેક ઉમેદવારે, પેટા-નિયમ (૨) હેઠળ મુક્તિ આપવામાં આવેલ હોય તે સિવાય, નિયમ ૬ના પેટા-નિયમ (૧) હેઠળ પોતે કરેલી અરજીની સાથે, મંડળ ઠરાવે તેવી રીતે, સો રૂપિયાની પરીક્ષા ફી મંડળને ચૂકવવી જોઈશે અને આવી અરજીની સાથે આવી રીતે ચૂકવેલી ફીનો પુરાવો આપતો દસ્તાવેજ જોડવો જોઈશે.

(૨) (સરકારના હુકમો મુજબ) અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અથવા વિચરતી અને વિમુક્ત આદિજાતિઓના સભ્ય હોય અથવા અશક્ત વ્યક્તિ હોય તેવા ઉમેદવારને, પેટા-નિયમ (૧) હેઠળ ચૂકવવાની ફીમાંથી મુક્તિ આપવામાં આવશે.

૧૪. પરીક્ષા ખંડમાં અમુક સાધનોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ (મનાઈ).-

(૧) ઉમેદવારે પરીક્ષાના તમામ પ્રશ્નપત્રોના જવાબ સ્વ-હસ્તાક્ષરમાં આપવાના રહેશે.

(૨) ઉમેદવારને લેપટોપ, ટેબ્લેટ, સેલ્યુલર ફોન, કેલ્ક્યુલેટર, પેજર અથવા સંદેશા-વ્યવહારના બીજા કોઈ પણ ઈલેક્ટ્રોનિક સાધનો પોતાની સાથે લઈ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૫. શિસ્તવિષયક કાર્યવાહી.-

કોઈ પણ ઉમેદવાર,-

(ક) પોતાની ઉમેદવારી માટે કોઇપણ રીતે ટેકો મેળવવા માટે; અથવા

(ખ) બીજાનું નામ ધારણ કરવા માટે; અથવા

(ગ) બીજી કોઈ વ્યક્તિ પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે; અથવા

(ઘ) બનાવટી દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા માટે; અથવા

(ચ) ભૂલવાળા અથવા ખોટા હોય તેવા અથવા મહત્ત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે; અથવા

(છ) પરીક્ષા માટે પોતાની ઉમેદવારીના સંબંધમાં બીજા કોઇ નિયમ વિરુદ્ધના અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે; અથવા

(જ) પરીક્ષા દરમિયાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે; અથવા

(ઝ) લખાણોમાં અર્થહીન (બેહૂદી) ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અસંગત (અપ્રસ્તુત) બાબત લખવા માટે; અથવા

(ટ) પરીક્ષા ખંડમાં બીજી કોઈ રીતે ગેરવર્તણૂક કરવા માટે; અથવા

(ઠ) પરીક્ષાના સંચાલન માટે મંડળે કામે રાખેલ કર્મચારીવર્ગને હેરાન કરવા અથવા શારીરિક રીતે નુક્સાન કરવા માટે; અથવા

(ડ) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા તે પૈકીના કોઇપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથાપ્રસંગ, મદદગારી કરવા માટે; અથવા

(ઢ) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશ પ્રમાણપત્રમાં ઠરાવવામાં આવેલી અને નિર્દિષ્ટ કરવામાં આવેલી કોઇપણ શરતોનો ભંગ કરવા માટે,

દોષિત ઠર્યો હોય અથવા મંડળે તેને દોષિત જાહેર કરેલ હોય, તે, તેની સામે ફોજદારી કાર્યવાહી કરવાને પાત્ર થશે, તે ઉપરાંત

(૧) તે, જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી મંડળ દ્વારા તેને ગેરલાયક ઠરાવવાને; અથવા

(૨) (ક) મંડળ દ્વારા કોઈપણ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે અથવા સંબંધિત જગા પરની તેની ઉમેદવારી માટે; અથવા

(ખ) સરકાર દ્વારા તેના પોતાના હેઠળના કોઇપણ રોજગારમાંથી

તે, કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત રહેવાને પાત્ર થશે:

પરંતુ તે/ તેણી તે અર્થે કરવા માંગતા હોય તેવી લેખિત રજૂઆત કરવાની તેને તક આપ્યા સિવાય અને સામાન્ય વહીવટ વિભાગના સચિવ (કર્મચારીગણ)ની પૂર્વ-મંજૂરી લીધા સિવાય, પેટા-ખંડ (ક) અથવા (ખ) હેઠળની કોઈ શિક્ષા કરી શકાશે નહિ; અથવા

(૩) તે સરકારી સેવામાં હોય, તો સંબંધિત નિયમો હેઠળ શિસ્તવિષયક કાર્યવાહીને પાત્ર થશે.

૧૬. કોમ્પ્યુટર નિપુણતા કસોટીમાં ઉપસ્થિત રહેવામાં ચૂક થયે અપાત્રતા.–

લેખિત કસોટીમાં લાયક ઠરેલ હોય અને કોમ્પ્યુટર નિપુણતા કસોટી માટે બોલાવવામાં આવ્યો હોય, પણ નિર્દિષ્ટ તારીખે અને સમયે કોમ્પ્યુટર નિપુણતા કસોટીમાં ઉપસ્થિત રહેવામાં ચૂક કરે તેવો ઉમેદવાર પસંદગીને પાત્ર ગણાશે નહિ.

૧૭. પસંદગી યાદી તૈયાર કરવાની રીત.–

(૧) કોમ્પ્યુટર નિપુણતા કસોટીમાં હાજર રહેલા તમામ ઉમેદવારોનું પરિણામ, મંડળ દ્વારા, લેખિત કસોટી અને કોમ્પ્યુટર નિપુણતા કસોટીના અંતે દરેક ઉમેદવારે મેળવેલા એકંદર (કુલ) ગુણના આધારે ગુણવત્તા ક્રમમાં તૈયાર કરવામાં (ગોઠવવામાં) આવશે, જેમાં ઉમેદવારોના નામ, બેઠક ક્રમાંક અને તેમણે મેળવેલા કુલ ગુણ નિર્દિષ્ટ કરવામાં આવશે અને તે પરિણામ નોટિસ બોર્ડ અને વેબ-સાઈટ પર પ્રસિદ્ધ કરાવવામાં આવશે.

(૨) મંડળે, મંડળ દ્વારા નક્કી કરવામાં આવે તે રીતે, ઉમેદવારોની ગુણવત્તા મુજબ, તેમને વ્યકિતગત રીતે બોલાવવા જોઈશે.

(૩) મંડળે, વિભાગ અથવા જિલ્લા માટેના અથવા તે બન્ને માટેના ઉમેદવારના વિકલ્પ અથવા તેમની પસંદગી અંગે તેમને પૂછવું જોઈશે અને ઉમેદવારની પસંદગી પ્રમાણે, મંડળે, માંગણી પત્રક મુજબની ખાલી જગાની સંખ્યાના પ્રમાણમાં, વિભાગ અથવા જિલ્લા પ્રમાણે ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવી જોઈશે.

(૪) અનામત કક્ષાનો ઉમેદવાર તેની પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે, પણ ગુણવત્તા ક્રમ અનુસાર પોતાની પસંદગી પ્રમાણેના વિભાગ અથવા જિલ્લામાં તેને જગા મળતી ન હોય અને અનામત કક્ષાના ઉમેદવાર તરીકે આવા ઉમેદવારની પસંદગી પ્રમાણે સંબંધિત અનામત કક્ષાની જગા, વિભાગ અથવા જિલ્લામાં ઉપલભ્ય હોય, તો આવા ઉમેદવારની આવી અનામત જગા ઉપર, તે જગા, વિભાગ અથવા યથાપ્રસંગ, જિલ્લામાં ફાળવણી કરવી જોઈશે. આવી અનામત જગા, આવી કક્ષાના અનામત ક્વોટા સામે ભરાયેલી જગા તરીકે ગણવામાં આવશે.

(૫) મંડળે, માંગણીપત્રક મુજબની ખાલી જગાની સંખ્યાના પ્રમાણમાં, સૌ પ્રથમ સંબંધિત વિભાગ અથવા યથાપ્રસંગ, સંબંધિત જિલ્લા માટેની, સામાન્ય કક્ષાની જગાઓ માટેની યાદી તૈયાર કરવી જોઈશે અને ત્યારબાદ, સંબંધિત

વિભાગ અથવા યથાપ્રસંગ, સંબંધિત જિલ્લા માટેની, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની અનામત કક્ષાની જગાઓ માટેની યાદી તૈયાર કરવી જોઇશે.

૧૮. પસંદગી યાદી તૈયાર કરવા બાબત.–

(૧) મંડળે, નિયમ ૧૭ અનુસાર, વિભાગ પ્રમાણેની અથવા યથાપ્રસંગ, જિલ્લા પ્રમાણેની સફળ ઉમેદવારોની પસંદગી યાદી, માંગણીપત્રક મુજબની ખાલી જગાની સંખ્યાના પ્રમાણમાં, લેખિત કસોટી અને કોમ્પ્યુટર નિપુણતા કસોટીના અંતે દરેક ઉમેદવારે મેળવેલા એકંદર (કુલ) ગુણના આધારે ગુણવત્તા ક્રમમાં તૈયાર કરાવડાવવી જોઇશે.

(૨) મંડળે, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈZ િણ ક રીતે પછાત વર્ગ, મહિલાઓ, અશકત T યકિતઓ (સરકારના હુકમ મુજબ)અને ભૂતપૂર્વ સૈનિકોના સફળ ઉમેદવારોના નામોની આવા વર્ગ માટે અનામત રાખેલી ખાલી જગાની સંખ્યાના પ્રમાણમાં અને માંગણીપત્રક મુજબ વિભાગ પ્રમાણેની અથવા યથાપ્રસંગ, જિલ્લા પ્રમાણેની પસંદગી યાદી પણ તૈયાર કરવી જોઇશે.

૧૯. પરીક્ષાનું પરિણામ.–

મંડળે, પરીક્ષાનું પરિણામ નીચે મુજબના ત્રણ ભાગમાં જાહેર કરવું જોઇશે:-

ભાગ ૧: (ક) મંડળે, સફળ ઉમેદવારોનું પરિણામ તેમના નામો, બેઠક ક્રમાંક અને ઉમેદવારે મેળવેલા કુલ ગુણ દર્શાવીને ગુણવત્તાક્રમમાં ગોઠવવું જોઇશે અને વિભાગ અથવા જિલ્લાની અને તે અંગેની ફાળવણી, નોટિસ બોર્ડ અને સત્તાવાર વેબસાઇટ પર મૂકવી જોઇશે અને આ રીતે પ્રસિદ્ધ કરેલા પરિણામની નકલ સરકારના સામાન્ય વહીવટ વિભાગને તે જ દિવસે મોકલવી જોઇશે. મંડળે, પરિણામ રાજપત્રમાં પ્રસિદ્ધ કરાવવું જોઇશે અને આ રીતે રાજપત્રમાં પ્રસિદ્ધ કરેલા પરિણામની નકલ, સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગને અને સંબંધિત ખાતાને મોકલવી જોઇશે .

(ખ) મંડળે,સફળ ઉમેદવારોને,પરિણામની જાણ મંડળ નક્કી કરે તેવી રીતે વ્યક્તિગતપણે કરવી જોઇશે. મંડળે, પરિણામની જાણ કર્યા પછી, સફળ ઉમેદવારો સાથે તે પછીનો કોઇપણ પત્રવ્યવહાર કરવો નહિ.

ભાગ ૨: મંડળે, અસફળ ઉમેદવારો કે જેમનો સમાવેશ ભાગ ૧-માં કરવામાં આવેલ નથી, તેમની યાદી, તેમના નામો, બેઠક ક્રમાંક અને તેમણે મેળવેલા કુલ ગુણ દર્શાવીને તૈયાર કરવી જોઇશે અને તેને મંડળના નોટિસ બોર્ડ અને મંડળની સત્તાવાર વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવી જોઇશે.

૨૦. ગુણની ફેરચકાસણી .– લેખિત પરીક્ષાના પોતાના ગુણની ફેરચકાસણી કરાવવા ઇચ્છતો ઉમેદવાર, મંડળ નક્કી કરે તેટલી ફી સાથે, લેખિત પરીક્ષાનું પરિણામ જાહેર થયાની તારીખથી પંદર/ત્રીસ દિવસની મુદતની અંદર, મંડળને અરજી કરી શકશે.

૨૧. ભલામણ અને ફાળવણી.–મંડળે, મંડળને મોકલવામાં આવેલ તેમની માંગણીપત્રમાં જણાવેલી તેમની જરૂરિયાતો અનુસાર, સચિવાલયના સંબંધિત વિભાગોમાં નિમણૂકને પાત્ર હોય તેવા ઉમેદવારોની ભલામણ કરવી જોઇશે. સચિવાલયના સંબંધિત વિભાગે, ત્યાર પછી, માંગણીપત્રકમાં જણાવેલી તેમની જરૂરિયાતો અનુસાર તેના વહીવટી નિયંત્રણ હેઠળની સંબંધિત કચેરીઓમાં ઉમેદવારોની ફાળવણી કરવી જોઇશે. ત્યારબાદ સંબંધિત નિમણૂક કરનાર સત્તામંડળોએ, આ રીતે ફાળવેલા ઉમેદવારોની નિમણૂકોના હુકમો કરવા જોઇશે અને આવા હુકમો સંબંધિત ઉમેદવારોને, રજિસ્ટર્ડ રસીદી ટપાલ (R P A D) દ્વારા મોકલવા જોઇશે.

૨૨. નિમણૂક.–પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂક, મંડળે તૈયાર કરેલ ગુણવત્તા યાદીમાંના તેમના ક્રમ મુજબ ચુસ્ત રીતે કરવાની રહેશે.

૨૩. નિમણૂક અંગેનો કોઈ હક મળશે નહિ.– સામાન્ય રીતે,મંડળ દ્વારા નક્કી કરવામાં આવેલા ગુણવત્તા ક્રમમાં, સફળ ઉમેદવારોની જગા પર નિમણૂક માટે ભરવાની જગાઓની સંખ્યા પ્રમાણે વિચારણા કરવી જોઇશે.

પરીક્ષામાં માત્ર સફળ થવાથી જ ઉમેદવારને નિમણૂક અંગેનો કોઈ હક મળશે નહિ અને નિમણૂક કરનાર સત્તાધિકારીને જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી એવી ખાતરી થાય કે ઉમેદવાર જગા પરની અને જાહેર સેવા માટેની નિમણૂક માટે બધી રીતે યોગ્ય છે, ત્યાં સુધી કોઇ ઉમેદવારની નિમણૂક કરવામાં આવશે નહિ.

૨૪. તબીબી કસોટી.– નિમણૂક માટે ભલામણ કરવામાં આવેલ હોય તેવા ઉમેદવારે, ગુજરાત મુલકી સેવાઓ (સેવાની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨-ની જોગવાઇઓ અનુસાર તબીબી તપાસ કરાવવાની રહેશે.

૨૫. જગા પર હાજર થવા બાબત.– નિયમ ૨૧ હેઠળ નિમણૂક પામેલા પસંદ થયેલા ઉમેદવારે, નિમણૂકનો હુકમ મળ્યાની તારીખથી (30) ત્રીસ દિવસની મુદતની અંદર તેમના નિમણૂકના સ્થળ પર હાજર થવાનું રહેશે. ઉમેદવાર, ઉપર જણાવેલા (30) ત્રીસ દિવસની મુદતની અંદર તેમના નિમણૂકના સ્થળ પર/ ફરજ પર હાજર થવામાં ચૂક કરે, તો તેની નિમણૂક રદ થશે. તેમ છતાં, એવું સાબિત કરવામાં આવે કે ઉમેદવાર તેના કાબૂ બહારના કારણોને લીધે ઉપર જણાવેલ મુદતની અંદર નિમણૂકના સ્થળ પર/ ફરજ

પર હાજર થઇ શક્યો ન હતો, તો, નિમણૂક આપનાર અધિકારી, કારણોની લેખિતમાં નોંધ કરીને, (૩૦) ત્રીસ દિવસો પૂરા થઇ ગયા પછી પણ આવા ઉમેદવારને નિમણૂકના સ્થળ પર/ ફરજ પર હાજર થવાની છૂટ આપી શકશે. તેમ છતાં, આવા ઉમેદવારની પ્રવરતા, સરકારે તે અર્થે ઠરાવેલા નિયમો અનુસાર નિર્ધારિત કરવી જોઇશે.

૨૬. **પૂર્વ-સેવા તાલીમ.**-(૧) પસંદ થયેલા ઉમેદવારે, તેની નિયમિત નિમણૂક થાય તે પહેલાં, પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને સરકાર ઠરાવે તેવા પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષાનું નિયમન કરતાં નિયમો અનુસાર, નિર્દિષ્ટ મુદત અને નિર્દિષ્ટ તકોમાં તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૨) સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (SPIPA), અમદાવાદ-ના કમિશનર, આ નિયમોમાં ઉલ્લેખેલ જગાઓ પર નિમણૂક આપવા માટે પસંદ કરવામાં આવેલા ઉમેદવારો માટે પૂર્વ-સેવા તાલીમ આપવાની અને તાલીમાંત પરીક્ષા લેવાની ગોઠવણ કરશે. જેમાં ઉમેદવારોની નિમણૂક કરવામાં આવી હોય તેવી સંબંધિત કચેરીઓએ, આવા ઉમેદવારોને સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા હેઠળના તાલીમ કેન્દ્રોમાં તાલીમ માટે મોકલવાના રહેશે.

૨૭. **ખાતાકીય પરીક્ષા.**-

(૧) પસંદ કરવામાં આવેલા ઉમેદવારે, તેની નિમણૂક પછી, ખાતાકીય પરીક્ષા,કોઇ હોય તો તે, સરકારે તે અર્થે કરેલા ખાતાકીય પરીક્ષાનું નિયમન કરતાં નિયમો અનુસાર, નિર્દિષ્ટ કરેલી મુદતમાં અને નિર્દિષ્ટ કરેલી તકોમાં પાસ કરવાની રહેશે.

(૨) પસંદ થયેલા ઉમેદવારે, તેની નિમણૂક પછી, સરકારે તે અર્થે કરેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતીની પરીક્ષા પાસ કરવાની રહેશે.

૨૮. **નિયમોનું અર્થઘટન.**-આ નિયમો પૈકીના કોઇ નિયમના અર્થઘટન બાબતમાં કોઇ પણ પ્રશ્ન ઊભો થાય તો, તે પ્રશ્ન નિર્ણય અર્થે સરકારને મોકલવો જોઇશે અને તે બાબતમાં સરકારનો નિર્ણય આખરી રહેશે.

પરિશિષ્ટ "ક"

(જુઓ નિયમ ૧(૩))

અનુક્રમાંક	જગાનું નામ
૧.	પરિશિષ્ટ "ખ"-માં જણાવેલી કચેરીઓ અને ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ અથવા સમિતિઓના કાર્યક્ષેત્રમાં આવેલી હોય તેવી કચેરીઓ સિવાયની રાજ્ય સરકારની તમામ કચેરીઓમાં,સિનિયર કારકુન, વર્ગ ૩.

પરિશિષ્ટ "ખ"

(જુઓ નિયમ ૧(૩))

(૧) સચિવાલયના તમામ વિભાગો.

(૨) ગુજરાત જાહેર સેવા આયોગની કચેરી.

(૩) ગુજરાત તકેદારી આયોગની કચેરી.

(૪) ગુજરાત વિધાનસભા સચિવાલયની કચેરી.

(૫) ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની કચેરી.

(૬) ગુજરાત રાજ્યની ન્યાયિક અદાલતો.

(૭) ગુજરાતના રાજ્યપાલશ્રીના સચિવની કચેરી.

(૮) ગુજરાતના રાજ્યપાલશ્રીના ગૃહનિયામકની કચેરી.

(૯) ગુજરાત રાજ્ય સૈનિક, નાવિક અને વિમાની બોર્ડના સચિવની કચેરી, અમદાવાદ.

(૧૦) જિલ્લા સૈનિક, નાવિક અને વિમાની બોર્ડના સચિવની કચેરી, અમદાવાદ, વડોદરા અને સુરત.

(૧૧) નિવાસી આયુક્તની કચેરી, નવી દિલ્હી.

(૧૨) સંપર્ક અધિકારીની કચેરી, મુંબઇ.

પરિશિષ્ટ-ગ

(જુઓ નિયમ ૪ (૧))

.........................કચેરીમાં..........................થી..........................સુધી આગામી ભરતી વર્ષમાં ભરવાની થતી ...., વર્ગ-૩ની ખાલી જગાઓની સંખ્યા દર્શાવતું પત્રક.

અનુ. ક્રમાંક	જગાનું નામ અને પગાર ધોરણ	અપેક્ષિત ખાલી જગાઓ			સીધી ભરતી માટે અપેક્ષિત ખાલી જગાઓની કુલ સંખ્યા	ખાલી જગાઓ (કોલમ ૬)ની કુલ સંખ્યાનું સામાન્ય અને અનામત કક્ષાની જગાઓમાં વિભાજન.				ખાલી જગાઓની કુલ સંખ્યા (કોલમ ૬)માંથી નિયમો મુજબ (નીચેના વર્ગો) માટે અનામત રાખવાની ખાલી જગાઓની સંખ્યા					
		ખરેખર ખાલી જગાઓ	ભરતી વર્ષ દરમિયાન ઉભી થવાની શક્યતા હોય એવી નવી જગાઓ	નિવૃત્તિ, બઢતી, રાજીનામું વગેરેને કારણે ખાલી પડનાર જગાઓ		સામાન્ય	અનુસૂચિત જાતિ (એસ.સી.)	અનુસૂચિત આદિજાતિ (એસ.ટી.)	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઇ.બી.સી.)	સ્ત્રીઓ				શારીરિક ખોડ-ખાંપણવાળી(વ્યક્તિ)	ભૂતપૂર્વ સૈનિકો
										સામાન્ય	અનુસૂચિત જાતિ (એસ.સી.)	અનુસૂચિત આદિજાતિ (એસ.ટી.)	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઇ.બી.સી.)		
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
૧	(.....૩)														

પરિશિષ્ટ-ઘ

(જુઓ નિયમ ૪(૨))

સચિવાલયના ....વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળની કચેરીઓમાં આગામી ભરતી વર્ષમાં ભરવાની થતી સિનિયર કારકુન, વર્ગ-૩ની જગા માટે ખાલી જગાઓની સંખ્યા દર્શાવતું પત્રક.

અનુક્રમાંક	વિભાગના વડાની કચેરીનું નામ	જગાનું નામ અને પગાર ધોરણ	અપેક્ષિત ખાલી જગાઓ			સીધી ભરતી માટે અપેક્ષિત ખાલી જગાઓની કુલ સંખ્યા	ખાલી જગાઓ (કોલમ ૭)ની કુલ સંખ્યાનું સામાન્ય અને અનામત કક્ષાની જગાઓમાં વિભાજન.				ખાલી જગાઓની કુલ સંખ્યા (કોલમ ૭)માંથી નિયમો મુજબ (નીચેના વર્ગો) માટે અનામત રાખવાની ખાલી જગાઓની સંખ્યા					
							સામાન્ય	અનુસૂચિત જાતિ (એસ.સી.)	અનુસૂચિત આદિજાતિ (એસ.ટી.)	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઇ.બી.સી.)	સ્ત્રીઓ				શારીરિક ખોડ-ખાંપણ વાળી (વ્યક્તિઓ)	ભૂતપૂર્વ સૈનિકો
			ખરેખર ખાલી જગાઓ	ભરતી વર્ષ દરમિયાન ઉભી થવાની શકયતા હોય એવી નવી જગાઓ	નિવૃત્તિ, બઢતી, રાજીનામું વગેરેને કારણે ખાલી પડનાર જગાઓ						સામાન્ય	અનુસૂચિત જાતિ (એસ.સી.)	અનુસૂચિત આદિજાતિ(એસ.ટી.)	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ(એસ.ઇ.બી.સી.)		
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭
૧		(૩.....)														

પરિશિષ્ટ-ચ

(જુઓ નિયમ ૪(૩))

........ની કચેરીમાં આગામી ભરતી વર્ષ દરમિયાન ભરવાની થતી સિનિયર કારકુન, વર્ગ-૩ની જગા માટે ખાલી જગાઓની સંખ્યા દર્શાવતું પત્રક.

અનુ ક્રમાંક	સચિવાલય-ના વિભાગનું નામ	જગ્યાનું નામ અને પગાર ધોરણ.	અપેક્ષિત ખાલી જગાઓ			સીધી ભરતી માટે અપેક્ષિત ખાલી જગાઓની કુલ સંખ્યા	ખાલી જગાઓ (કોલમ ૭)ની કુલ સંખ્યાનું સામાન્ય અને અનામત કક્ષાની જગાઓમાં વિભાજન.				ખાલી જગાઓની કુલ સંખ્યા (કોલમ ૭)માંથી નિયમો મુજબ (નીચેના વર્ગો) માટે અનામત રાખવાની ખાલી જગાઓની સંખ્યા					
			ખરેખર ખાલી જગાઓ	ભરતી વર્ષ દરમિયાન ઉભી થવાની શકયતા હોય એવી નવી જગાઓ	નિવૃત્તિ, બઢતી, રાજીનામું વગેરેને કારણે ખાલી પડનાર જગાઓ		સામાન્ય	અનુસૂચિત જાતિ (એસ.સી.)	અનુસૂચિત આદિજાતિ (એસ.ટી.)	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઇ.બી.સી.)	સ્ત્રીઓ				શારીરિક ખોડ-ખાંપણવાળી (વ્યકિતઓ)	ભૂતપૂર્વ સૈનિકો
											સામાન્ય	અનુસૂચિત જાતિ (એસ.સી.)	અનુસૂચિત આદિજાતિ (એસ.ટી.)	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઇ.બી.સી.)		
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭

પરિશિષ્ટ – "છ"

(જુઓ નિયમ ૧૦)

ભાગ ૧:

લેખિત કસોટી માટેનો અભ્યાસક્રમ

અનુક્રમાંક	પ્રશ્નપત્રમાં આવરી લીધેલા વિષયો	ગુણ	સમયગાળો
૧.	સામાન્ય જ્ઞાન: ગુજરાતનો ઇતિહાસ, ગુજરાતની ભૂગોળ, કલા અને સંસ્કૃતિ, ભારતનું સંવિધાન, સામાન્ય વિજ્ઞાન, ભારત અને ગુજરાતની વર્તમાન ઘટનાઓ, કોમ્પ્યુટરની પાયાની જાણકારી, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને આપત્તિ વ્યવસ્થાપન.	૮૦ ગુણ	સમયગાળો: ૧૨૦ મિનિટ
૨.	ગુજરાતી વ્યાકરણ અને સાહિત્ય	૫૦ ગુણ	
૩.	અંગ્રેજી વ્યાકરણ	૪૦ ગુણ	
૪.	જથ્થાત્મક અભિરુચિ (કવોન્ટીટેટીવ એપ્ટીટયુડ) અને તર્કશકિત કસોટી	૩૦ ગુણ	
	સરવાળો	૨૦૦ ગુણ	

નોંધ:

૧ હેતુલક્ષી (વૈકલ્પિક) પ્રકારની લેખિત કસોટીમાં, મલ્ટીપલ ચોઇસ કવેશ્ચન (MCQ) અને ઓ.એમ.આર. (ઓપ્ટિકલ માર્ક રીડર) પદ્ધતિનો સમાવેશ થશે.

૨ દરેક પ્રશ્ન ૧ ગુણનો રહેશે.

૩ ઉમેદવારે તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

૪ ખોટા જવાબ સાથે (પ્રશ્નનો) જવાબ આપવાનો પ્રયાસ કરેલો હોય તેવા દરેક પ્રશ્નના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

૫ દરેક પ્રશ્નમાં, ''પ્રયાસ નહિ કરેલ (નોન એટેમ્પ્ટેડ)''નો એક વિકલ્પ રહેશે. ઉમેદવાર જવાબ આપવા માગતો ન હોય, તો તે/તેણી આ વિકલ્પ પસંદ કરી શકશે. ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે, તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહિ.

૬ ઉમેદવારે પ્રશ્નમાં આપેલા વિકલ્પો પૈકીનો કોઇ વિકલ્પ પસંદ કર્યો ન હોય, તો પછી, તેના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

ભાગ ૨

કોમ્પ્યુટર ક્ષમતા કસોટી માટેનો અભ્યાસક્રમ

અનુક્રમાંક	કસોટીની વિગતો	ગુણ	સમયગાળો
૧.	ગુજરાતી ટાઇપિંગ કસોટી	૩૦ ગુણ	**૧ કલાક અને ૩૦ મિનિટ**
૨.	અંગ્રેજી ટાઇપિંગ કસોટી	૨૦ ગુણ	
૩.	પરિશિષ્ટ-જ-માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારીને લગતી કમ્પ્યુટરની પ્રાયોગિક કસોટી	૫૦ ગુણ	
	કુલ	**૧૦૦ ગુણ**	

નોંધ: ટાઇપિંગની ઝડપ, એક કલાકમાં ચોક્સાઇપૂર્વક ઓછામાં ઓછા ૫૦૦૦ કી ડિપ્રેશન કરવાની હોવી જોઇશે.

પરિશિષ્ટ–જ

(જુઓ પરિશિષ્ટ–છ, ભાગ ૨)

પ્રયોગાત્મક કસોટી (પ્રેક્ટિકલ ટેસ્ટ)

અનુક્રમાંક	વિગતો	ગુણ
૧.	વર્ડ ફાઇલમાં નોંધ તૈયાર કરવી	૧૦ ગુણ
૨.	પૂરી પાડેલ માહિતી (ડેટા) ઉપરથી પ્રેઝન્ટેશન માટે પાવર પોઇન્ટ સ્લાઇડ તૈયાર કરવી	૧૫ ગુણ
૩.	એક્સેલ સ્પ્રેડશીટ તૈયાર કરવી અને ગાણિતિક કૂટ પ્રશ્નના જવાબ આપવા	૧૫ ગુણ
૪.	ઇ-મેઇલ્સ (જોડાણો સાથે)	૧૦ ગુણ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દેવી પંડ્યા,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 284

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, SEPTEMBER 15, 2016/BHADRA 23, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગ ના તારીખ : ૨જી ઓગસ્ટ, ૨૦૧૬ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૮૯/૨૦૧૬/એમએસકે/૧૦૨૦૧૦/૧૧૪૪/એફ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Head Clerk and the Post of Accountant, Class III, in the Directorate of the Sainik Welfare and Resettlement, Recruitment Rules, 2016.

સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ નિયામકની કચેરીમાં, મુખ્ય કારકુન અને હિસાબનીસની જગા, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨જી ઓગસ્ટ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીજી/૮૯/૨૦૧૬/એમએસકે/૧૦૨૦૧૦/૧૧૪૪/એફઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, મુખ્ય કારકુન અને હિસાબનીસ, વર્ગ ૩-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ નિયામકની કચેરીમાં, મુખ્ય કારકુન અને હિસાબનીસની જગા, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, મુખ્ય કારકુન અને હિસાબનીસ, વર્ગ ૩-ની જગા પરની નિમણૂક,-

(ક) (૧) જેણે સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, સિનિયર કારકુન, વર્ગ ૩-ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) ભૂતપૂર્વ સૈનિકોમાંથી સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૫૦ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ.

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી પદવી ધરાવતો હોવો જોઈશે;

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

(ગ) ભારતીય ભૂમિ સેનામાં જુનિયર કમિશન્ડ ઓફિસરના સંવર્ગ અથવા ભારતીય વાયુ સેના અથવા ભારતીય નૌ સેનામાં તેની સમકક્ષ જગાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા પર ઓછામાં ઓછા પંદર વર્ષ સેવા આપી હોય, તેવી નિવૃત્ત વ્યક્તિ હોવી જોઈશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક-ની જોગવાઈ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વિજય બધેકા,

સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 285

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVIII] FRIDAY, SEPTEMBER 16, 2016/BHADRA 15, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૬ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૬ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૬નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

GUJARAT ACT NO.16 OF 2016.

THE REGISTRATION (GUJARAT AMENDMENT) ACT, 2016.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાષ્ટ્રપતિએ **સન ૨૦૧૬ના સપ્ટેમ્બર** મહિનાની **૫મી** તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ સિદ્ધ કરવામાં આવે છે.

સી. જે.ગોઠી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 16 OF 2016.

AN ACT

further to amend the Registration Act, 1908 in its application to the State of Gujarat.

સન ૨૦૧૬નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૬.

(રાષ્ટ્રપતિની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૬ના સપ્ટેમ્બર મહિનાની ૧૬મી તારીખે "ગુજરાત સરકારી રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલા પૂરતો રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના સડસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

૧. (૧) આ અધિનિયમ રજિસ્ટ્રેશન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૧૬ કહેવાશે. **ટૂંકીસંજ્ઞા અને આરંભ.**

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૧૯૦૮નો ૧૬મો. **૨.** ગુજરાત રાજયને લાગુ પડતો હોય તેટલા પૂરતો રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮માં, કલમ ૧૭માં, પેટા-કલમ (૧)માં, ખંડ (જ) પછી, નીચેના ખંડો ઉમેરવા :- **સન૧૯૦૮ના ૧૬મા અધિનિયમની કલમ૧૭નો સુધારો.**

INDEX

"(ઝ) કોઈ સ્થાવર મિલકતના બાંધકામ અથવા તેના વિકાસ અથવા તેની તબદીલી કરવા અથવા નામ ફેર કરવા માટે પ્રવર્તક (પ્રમોટર) અથવા વિકાસકારને અધિકૃત કરતો ગમે તે નામે ઓળખાતો હોય તેવો કોઈ લેખ;

(ટ) કોઈ ભાગીદાર અથવા ભાગીદારો, સ્થાવર મિલકતના સ્વરૂપમાં તેનો અથવા તેમનો હિસ્સો લાવે, ત્યારે ભાગીદારીની રચના કરવાને લગતો કરાર;

(ઠ) જે ભાગીદાર, ભાગીદારીમાં પોતાના હિસ્સા તરીકે તે મિલકત લાવ્યો હોય તેવા ભાગીદાર સિવાયના અન્ય કોઈ ભાગીદારો દ્વારા ભાગીદારીનું વિસર્જન થયે, જે લેખથી કોઈ સ્થાવર મિલકત પોતાના હિસ્સા તરીકે લઈ લેવામાં આવે તેવો કોઈ લેખ.".

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 286

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, SEPTEMBER 16, 2016/BHADRA 25, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ** - ના સરકારી જાહેરનામા

(૧) ક્રમાંક : કેપી/૨૦૧૫નો ૧૧/ઈએલસી/૧૦૨૦૧૦/૧૪૩(૧)/જી, તારીખ: ૦૫-૦૨-૨૦૧૫

(૨) ક્રમાંક : કેપી/૨૦૧૫નો ૧૨/ઈએલસી/૧૦૨૦૧૦/૧૪૩(૨)/જી, તારીખ: ૦૫-૦૨-૨૦૧૫

(૩) ક્રમાંક : કેપી/૨૦૧૫નો ૧૩/ઈએલસી/૧૦૨૦૧૦/૧૪૩(૩)/જી, તારીખ: ૦૫-૦૨-૨૦૧૫

(૪) ક્રમાંક : કેપી/૨૦૧૫નો ૧૪/ઈએલસી/૧૦૨૦૧૦/૧૪૩(૪)/જી, તારીખ: ૦૫-૦૨-૨૦૧૫

(૫) ક્રમાંક : કેપી/૨૦૧૫નો ૧૫/ઈઆઈસી/૧૦૨૦૧૦/૧૪૩(૫)/જી, તારીખ: ૦૫-૦૨-૨૦૧૫

(૬) ક્રમાંક : કેપી/૨૦૧૫નો ૩૧/ઈએલસી/૧૦૨૦૧૫/૧૬૯૫/જી, તારીખ: ૦૩-૦૮-૨૦૧૫

(૭) ક્રમાંક : કેપી/૨૦૧૫નો ૩૨/ઈએલસી/૧૦૨૦૧૦/૧૪૩(૪)/જી, તારીખ: ૦૫-૦૮-૨૦૧૫ - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Gujarat Panchayats Election of President of Taluka Panchayat (Manner of Allotment of Reserved Offices of President by Rotation) Rules, 1994.

ગુજરાત પંચાયત, તાલુકા પંચાયતના પ્રમુખની ચૂંટણી (પ્રમુખના અનામત હોદ્દાની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી જાહેરનામું.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંકઃ કેપી / ૨૦૧૫નો ૧૧ / ઈએલસી / ૧૦૨૦૧૦ / ૧૪૩(૧) / જીઃ- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૭૪ની પેટા-કલમ (૫)થી ફરમાવ્યા પ્રમાણે, ગુજરાત પંચાયત, તાલુકા પંચાયતના પ્રમુખની ચૂંટણી (પ્રમુખના અનામત હોદ્દાની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ સુધારતા અમુક નિયમોનો મુસદ્દો, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખઃ ૩જી ડિસેમ્બર, ૨૦૧૪ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેપી / ૨૦૧૪નો ૫૧ / ઈએલસી / ૧૦૨૦૧૦ / ૧૪૩(૧) / જી. હેઠળ તારીખઃ ૩જી ડિસેમ્બર, ૨૦૧૪ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૧-એ, સેન્ટ્રલ સેકશનમાં, પાના ૭૮-૧ થી ૭૮-૨માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો અને સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી વાંધો અથવા સૂચન મંગાવવામાં આવ્યા હતા;

૨. અને સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં સરકારને કોઈ વાંધો અથવા સૂચન મળેલ નથી;

૩. તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૬૩ની પેટા-કલમ (૩) સાથે વાંચતા, કલમ ૨૭૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત પંચાયત, તાલુકા પંચાયતના પ્રમુખની ચૂંટણી (પ્રમુખના અનામત હોદ્દાની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત પંચાયત, તાલુકા પંચાયતના પ્રમુખની ચૂંટણી (પ્રમુખના અનામત હોદ્દાની વારાફરતી ફાળવણીની રીત) (સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. ગુજરાત પંચાયત, તાલુકા પંચાયતના પ્રમુખની ચૂંટણી (પ્રમુખના અનામત હોદ્દાની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૫માં, પેટા-નિયમ (૩)માં, ''એક તૃતીયાંશ'' એ શબ્દોને બદલે, ''લગભગ અડધા'' એ શબ્દો મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૬માં, પેટા-નિયમ (૩)માં, ''એક તૃતીયાંશ'' એ શબ્દોને બદલે, ''લગભગ અડધા'' એ શબ્દો મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૭માં, ''એક તૃતીયાંશ'' એ શબ્દોને બદલે, ''લગભગ અડધા'' એ શબ્દો મૂકવા.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૯માં, પેટા-નિયમો (૧) અને (૨)માં, ''ત્રણ'' એ શબ્દને બદલે, ''બે'' એ શબ્દ મૂકવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઈ. એમ. શેખ,

સરકારના સંયુક્ત સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Village Panchayats Election (Manner of Allotment of Reserved Seats by Rotation) Rules, 1994.

ગુજરાત ગ્રામ પંચાયતની ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી જાહેરનામું.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંકઃ કેપી / ૨૦૧૫નો ૧૨ / ઈએલસી / ૧૦૨૦૧૦ / ૧૪૩(૨) / જીઃ- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૭૪ની પેટા-કલમ (૫)થી ફરમાવ્યા પ્રમાણે, ગુજરાત ગ્રામ પંચાયતની ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ સુધારતા અમુક નિયમોનો મુસદો, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખઃ ૩જી ડિસેમ્બર, ૨૦૧૪ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેપી / ૨૦૧૪નો ૫૨ / ઈએલસી / ૧૦૨૦૧૦ / ૧૪૩(૨) / જી. હેઠળ તારીખઃ ૩જી ડિસેમ્બર, ૨૦૧૪ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૧-એ, સેન્ટ્રલ સેકશનમાં, પાના ૭૮-૨ -માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો અને સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

૨. અને સદરહુ જાહેરનામાના મુસદાના સંબંધમાં સરકારને કોઈ વાંધો અથવા સૂચન મળેલ નથી;

૩. તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૯ની પેટા-કલમ (૫) સાથે વાંચતા, કલમ ૨૭૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત ગ્રામ પંચાયતની ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત ગ્રામ પંચાયતની ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) (સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. ગુજરાત ગ્રામ પંચાયતની ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૪માં, પેટા-નિયમ (૩)માં, ''એક તૃતીયાંશ'' એ શબ્દોને બદલે, ''લગભગ અડધી'' એ શબ્દો મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૫માં, પેટા-નિયમ (૩)માં, ''એક તૃતીયાંશ'' એ શબ્દોને બદલે, ''લગભગ અડધી'' એ શબ્દો મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૭માં, ''એક તૃતીયાંશ'' એ શબ્દોને બદલે, ''લગભગ અડધી'' એ શબ્દો મૂકવા.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૯માં, પેટા-નિયમો (૧) અને (૨)માં, ''ત્રણ'' એ શબ્દને બદલે, ''બે'' એ શબ્દ મૂકવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઈ. એમ. શેખ,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Village Panchayats Election of Sarpanch (Manner of Allotment of Reserved Offices of Sarpanch by Rotation) Rules, 1994.

ગુજરાત ગામ પંચાયતના સરપંચની ચૂંટણી (સરપંચના અનામત હોદ્દાની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી જાહેરનામું.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંકઃ કેપી / ૨૦૧૫નો ૧૩ / ઈએલસી / ૧૦૨૦૧૦ / ૧૪૩(૩) / જીઃ- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૭૪ની પેટા-કલમ (૫)થી ફરમાવ્યા પ્રમાણે, ગુજરાત ગામ પંચાયતના સરપંચની ચૂંટણી (સરપંચના અનામત હોદ્દાની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ સુધારતા અમુક નિયમોનો મુસદ્દો, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખઃ ૩જી ડિસેમ્બર, ૨૦૧૪ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેપી / ૨૦૧૪નો ૫૩ / ઈએલસી / ૧૦૨૦૧૦ / ૧૪૩(૩) / જી. હેઠળ તારીખઃ ૩જી ડિસેમ્બર, ૨૦૧૪ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૧-એ, સેન્ટ્રલ સેકશનમાં, પાના ૭૮-૩માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો અને સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

૨. અને સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં સરકારને કોઈ વાંધો અથવા સૂચન મળેલ નથી;

૩. તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૫૧ની પેટા-કલમ (૩) સાથે વાંચતા, કલમ ૨૭૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત ગામ પંચાયતના સરપંચની ચૂંટણી (સરપંચના અનામત હોદ્દાની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત ગામ પંચાયતના સરપંચની ચૂંટણી (સરપંચના અનામત હોદ્દાની વારાફરતી ફાળવણીની રીત) (સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. ગુજરાત ગામ પંચાયતના સરપંચની ચૂંટણી (સરપંચના અનામત હોદ્દાની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૫માં, પેટા-નિયમ (૩)માં, ''એક તૃતીયાંશ'' એ શબ્દોને બદલે, ''લગભગ અડધા'' એ શબ્દો મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૬માં, પેટા-નિયમ (૩)માં, ''એક તૃતીયાંશ'' એ શબ્દોને બદલે, ''લગભગ અડધા'' એ શબ્દો મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૭માં, પેટા-નિયમ (૩)માં, ''એક તૃતીયાંશ'' એ શબ્દોને બદલે, ''લગભગ અડધા'' એ શબ્દો મૂકવા.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૯માં, પેટા-નિયમો (૧) અને (૨)માં, ''ત્રણ'' એ શબ્દને બદલે, ''બે'' એ શબ્દ મૂકવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઈ. એમ. શેખ,

સરકારના સંયુક્ત સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Taluka and District Panchayats Election (Manner of Allotment of Reserved Seats by Rotation) Rules, 1994.

ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી જાહેરનામું.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંકઃ કેપી / ૨૦૧૫નો ૧૪ / ઈએલસી / ૧૦૨૦૧૦ / ૧૪૩(૪) / જીઃ- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૭૪ની પેટા-કલમ (૫)થી ફરમાવ્યા પ્રમાણે, ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ સુધારતા અમુક નિયમોનો મુસદો, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખઃ ૩જી ડિસેમ્બર, ૨૦૧૪ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેપી / ૨૦૧૪નો ૫૪ / ઈએલસી / ૧૦૨૦૧૦ / ૧૪૩(૪) / જી. હેઠળ તારીખઃ ૩જી ડિસેમ્બર, ૨૦૧૪ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૧-એ, સેન્ટ્રલ સેકશનમાં, પાના ૭૮-૩ થી ૭૮-૪-માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો અને સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

૨. અને સદરહુ જાહેરનામાના મુસદાના સંબંધમાં સરકારને કોઇ વાંધો અથવા સૂચન મળેલ નથી;

૩. તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૧૦ની પેટા-કલમ (૫) અને કલમ ૧૧ની પેટા-કલમ (૫) સાથે વાંચતા, કલમ ૨૭૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) (સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૪માં, ''એક તૃતીયાંશ'' એ શબ્દોને બદલે, ''લગભગ અડધી'' એ શબ્દો મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૫માં, ''એક તૃતીયાંશ'' એ શબ્દોને બદલે, ''લગભગ અડધા'' એ શબ્દો મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૬માં, ''એક તૃતીયાંશ'' એ શબ્દોને બદલે, ''લગભગ અડધી'' એ શબ્દો મૂકવા.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૯માં, પેટા-નિયમો (૧) અને (૨)માં, ''ત્રણ'' એ શબ્દને બદલે, ''બે'' એ શબ્દ મૂકવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઈ. એમ. શેખ,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Panchayats Election of President of District Panchayat (Manner of Allotment of Reserved Offices of President by Rotation) Rules, 1994.

ગુજરાત પંચાયત, જિલ્લા પંચાયતના પ્રમુખની ચૂંટણી (પ્રમુખના અનામત હોદ્દાની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી જાહેરનામું.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક:કેપી/૨૦૧૫નો ૧૫/ ઇઆઇસી / ૧૦૨૦૧૦/ ૧૪૩(૫)/ જી:– ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૭૪ની પેટા-કલમ (૫)થી ફરમાવ્યા પ્રમાણે, ગુજરાત પંચાયત, જિલ્લા પંચાયતના પ્રમુખની ચૂંટણી (પ્રમુખના અનામત હોદ્દાની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ સુધારતા અમુક નિયમોનો મુસદ્દો પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખ: ૩જી ડિસેમ્બર, ૨૦૧૪ના સરકારી જાહેરનામા ક્રમાંક. કેપી /૨૦૧૪નો ૫૫ /ઇએલસી /૧૦૨૦૧૦/ ૧૪૩(૫)/જી. હેઠળ તારીખ: ૩જી ડિસેમ્બર, ૨૦૧૪ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ ૧-એ, સેન્ટ્રલ સેક્શનમાં, પાના નંબર ૭૮-૪માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો અને સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

૨. અને સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં સરકારને કોઇપણ વાંધો અથવા સૂચન મળેલ નથી;

૩. તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭૭ની પેટા-કલમ (૩)સાથે વાંચતા, કલમ ૨૭૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત પંચાયત, જિલ્લા પંચાયતના પ્રમુખની ચૂંટણી (પ્રમુખના અનામત હોદ્દાની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત પંચાયત, જિલ્લા પંચાયતના પ્રમુખની ચૂંટણી (પ્રમુખના અનામત હોદ્દાની વારાફરતી ફાળવણીની રીત) (સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. ગુજરાત પંચાયત, જિલ્લા પંચાયતના પ્રમુખની ચૂંટણી (પ્રમુખના અનામત હોદ્દાની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૫-માં, પેટા-નિયમ (૩)માં, "એક તૃતીયાંશ" એ શબ્દોને બદલે, " લગભગ અડધા " એ શબ્દો મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૬માં, પેટા-નિયમ (૩)માં, "એક તૃતીયાંશ" એ શબ્દોને બદલે, " લગભગ અડધા " એ શબ્દો મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૭માં, "એક તૃતીયાંશ" એ શબ્દોને બદલે, " લગભગ અડધા " એ શબ્દો મૂકવા.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૯માં, પેટા-નિયમો (૧) અને (૨)માં, "ત્રણ" એ શબ્દને બદલે, " બે" એ શબ્દ મૂકવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઇ. એમ. શેખ,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Panchayats Elections Rules, 1994.

ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી જાહેરનામું.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર,૩જી ઓગસ્ટ, ૨૦૧૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંકઃ કેપી/૨૦૧૫નો ૩૧/ઇએલસી/૧૦૨૦૧૫/૧૬૯૫/જી.– ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૭૪ની પેટા-કલમ (૫)ના પ્રથમ પરંતુક હેઠળ નિયમો કરવા અને તેની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલાં લેવાનું તેના માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૭૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ને વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો, ગુજરાત પંચાયત ચૂંટણી (સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨૪માં, પેટા-નિયમ (૨)માં, અંતે નીચેનો મજકૂર ઉમેરવો:-

"ઉમેદવારોના નામો મતપત્ર ઉપર ગોઠવ્યા પછી, તેની નીચે "ઉપરના પૈકી કોઇ નહિ (નોટા-NOTA)"નું કોલમ હોવું જોઇશે અને તેની સામે ⁝ નું પ્રતીક મુકરર કરવું જોઇશે.".

3. સદરહુ નિયમોમાં, નિયમ ૪૦ પછી, નીચેનો નિયમ દાખલ કરવો:-

"૪૦ક. મતદાર યાદીની નિશાની કરેલી વધારાની નકલો.–

(૧) આ નિયમોના નિયમ ૪૦ અને નિયમ ૫૪ ટ-માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, ચૂંટણી અધિકારીએ, પ્રમુખ અધિકારીને મતદાર યાદીની નિશાની કરેલી વધારાની નકલો પૂરી પાડવી જોઇશે અને મતદારને મત આપવાની પરવાનગી આપવામાં આવે તે પહેલાં, તેની સહી અથવા તેના અંગૂઠાની છાપ આવી મતદાર યાદીની નિશાની કરેલી વધારાની નકલ પર લેવી જોઇશે.

(૨) પેટા-નિયમ (૧)માં ઉલ્લેખ કર્યા પ્રમાણે આવી વધારાની મતદાર યાદીની નિશાની કરેલી નકલો, મતદાન પૂરું થઇ ગયા પછી, પ્રમુખ અધિકારીએ "મતદાન કરવાની જવાબદારી (OBLIGATION TO VOTE)" એ શબ્દો વાળા અલગ પરબીડિયાં (કવર)માં મૂકી તેની ઉપર સહી કરીને ચૂંટણી અધિકારીને મોકલવી જોઇશે, જેઓ, તે જ રીતે, મતદાર, ચૂંટણી વખતે મત આપવા નિષ્ફળ રહ્યો છે કે નહિ તે સુનિશ્ચિત કરવાના હેતુથી રાજ્ય ચૂંટણી પંચે નીમેલા મુકરર અધિકારીને તે નકલ મોકલશે.".

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૪૧માં, પેટા-નિયમ (૩)ના ખંડ (ખ)માં, નીચેનો પરંતુક દાખલ કરવો:-

"પરંતુ તે મતદાર એવા કોઇ ઉમેદવારની તરફેણમાં મત આપવા ઇચ્છતો ન હોય તેવા કિસ્સામાં તેને, જેમના નામો મતપત્ર ઉપર દર્શાવવામાં આવ્યા હોય તેવા ઉમેદવારો પૈકી કોઇપણ ઉમેદવારની તરફેણમાં મત નહિ આપવાની સ્વતંત્રતા રહેશે અને તે એવું કરવા ઇચ્છતો હોય, તો તે, "નોટા (NOTA)" કોલમની સામે દર્શાવેલા પ્રતીક પર અથવા તેની નજીક નિશાની કરવા હકદાર રહેશે.".

INDEX

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૫૪ખ માં, પેટા-નિયમ (૨)માં, નીચેનો મજકૂર અંતે ઉમેરવો:-

"ઉમેદવારોના નામો મતદાન એકમ (બેલટિંગ યુનિટ) ઉપર ગોઠવ્યા પછી, તેની નીચે "ઉપરના પૈકી કોઇ નહિ (નોટા-NOTA)"નું કોલમ હોવું જોઇશે અને તેની સામે નું પ્રતીક મુકરર કરવું જોઇશે.".

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૫૪ ઠ માં, પેટા-નિયમ (૪)માં, ખંડ (ખ)ના બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(ખ) તે જેને મત આપવા ઇચ્છતો હોય તે ઉમેદવારના નામ અને પ્રતીક સામે મતદાન એકમ (બેલટિંગ યુનિટ) ઉપર બટન દબાવીને પોતાનો મત નોંધવો:

પરંતુ તે મતદાર એવા કોઇ ઉમેદવાર અથવા યથાપ્રસંગ, ઉમેદવારોની તરફેણમાં મત આપવા ઇચ્છતો ન હોય તેવા કિસ્સામાં તેને, જેમના નામો મતદાન એકમ (બેલટિંગ યુનિટ) ઉપર દર્શાવવામાં આવ્યા હોય તેવા ઉમેદવારો પૈકી કોઇપણ ઉમેદવારની તરફેણમાં મત નહિ આપવાની સ્વતંત્રતા રહેશે અને તે એવું કરવા ઇચ્છતો હોય, તો તે, "નોટા (NOTA)" કોલમની સામે દર્શાવેલા પ્રતીક પર અથવા તેની નજીક નિશાની કરવા હકદાર રહેશે.".

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૬૦માં, પેટા-નિયમ (૭)માં, "દરેક ઉમેદવારને મળેલા મતોની સંખ્યા" એ શબ્દો પછી, "અને નોટા (NOTA)ની તરફેણમાં પડેલા મતોની કુલ સંખ્યા" એ શબ્દો દાખલ કરવા.

૮. સદરહુ નિયમોમાં, નિયમ ૬૪ખ-ને બદલે, નીચેનો મજકૂર મૂકવો;-

"**૬૪ખ. મતોની ગણતરી.**– (૧) મતદાન યંત્ર (મશીન) સાથે હકીકતમાં ચેડા કરવામાં આવ્યા નથી એવી ચૂંટણી અધિકારીને ખાતરી થયા પછી, તે, કન્ટ્રોલ યુનિટમાં આપેલું "પરિણામ (રિઝલ્ટ)"ની નિશાની કરેલું યોગ્ય બટન દબાવીને ગણતરી કરેલ તેમાં નોંધાયેલા મતોનો હિસાબ મેળવી શકશે, જેનાથી, મળેલા કુલ મતો અને દરેક ઉમેદવારે મેળવેલા કુલ મતો અને નોટા (NOTA)ની તરફેણમાં પડેલા કુલ મતો, તે યુનિટમાં તે હેતુ માટે પૂરી પાડેલ ડિસ્પ્લે પેનલ પર આવશે.

(૨) દરેક ઉમેદવારે મેળવેલા મતો અને નોટા (NOTA)ની તરફેણમાં પડેલા મતો, કન્ટ્રોલ યુનિટ પર પ્રદર્શિત થતા હોવાથી, ચૂંટણી અધિકારીએ-

(૧) એવા મતોની સંખ્યા દરેક ઉમેદવારના સંબંધમાં અને નોટા (NOTA)ના સંબંધમાં, નમૂના ૨૩ખ-ના, ભાગ ૨-માં અલગ રીતે નોંધ કરવી જોઇશે;

(૨) મતગણતરી કરનાર સુપરવાઇઝર દ્વારા તેમજ તે ઉમેદવારો અથવા હાજર રહેલા તેમના ચૂંટણી એજન્ટો અથવા તેમના મતગણતરી કરનાર એજન્ટો દ્વારા પણ સહી કરાયેલું અને અન્ય બાબતો સહિત નમૂના ૨૩ખ-નો, ભાગ ૨ સંપૂર્ણ ભરવો જોઇશે; અને

(૩) નમૂના ૨૭ક અથવા રાજ્ય ચૂંટણી પંચે ઠરાવેલા નમૂનામાં પરિણામ પત્ર (શીટ)માં તત્સંબંધી નોંધો કરવી જોઇશે અને પરિણામ પત્રમાં એવી રીતે નોંધેલી વિગતો જાહેર કરવી જોઇશે."

૯. સદરહુ નિયમોમાં, નિયમ ૬૪ગ માં, પેટા-નિયમ (૧)માં, "ઉમેદવાર દીઠ" એ શબ્દો પછી, "અને નોટા (NOTA) નું પણ" એ શબ્દો દાખલ કરવા.

૧૦. સદરહુ નિયમોમાં, નમૂનો ૧૯માં, પરિચ્છેદ ૧ના પેટા-પરિચ્છેદ (ક) પછી, નીચેનો પેટા-પરિચ્છેદ દાખલ કરવો:-

"(કક) જેમના નામો મતપત્ર અથવા યથાપ્રસંગ, મતદાન એકમ (બેલટિંગ યુનિટ) ઉપર દર્શાવવામાં આવ્યા હોય તેવા ઉમેદવારો પૈકી કોઇપણ ઉમેદવારની તરફેણમાં મત નહિ આપવા તમે સ્વતંત્ર રહેશો અને કોઇપણ ઉમેદવારની તરફેણમાં મત આપવા ઇચ્છતા ન હોવ તેવા કિસ્સામાં, તમને "નોટા (NOTA)"ની તરફેણમાં મત આપવાનો અધિકાર રહેશે.".

INDEX

૧૧. સદરહુ નિયમોમાં, નમૂનો ૨૩ખ-માં, ભાગ ૨-માં,

(૧) કોષ્ટકમાં, કોલમ ૨-માં, "ઉમેદવારનું નામ" એ શબ્દોને બદલે, "ઉમેદવારનું નામ/નોટા (NOTA)" એ શબ્દો મૂકવા;

(૨) કોષ્ટકમાં, પહેલી કોલમમાં, "૫" એ આંકડા પછી "૬" એ આંકડો ઉમેરવો;

(૩) કોષ્ટકમાં, બીજી કોલમમાં, કોલમ (૧)માં દર્શાવ્યા પ્રમાણે "૬" એ આંકડાની સામે "ઉપરના પૈકી કોઇ નહિ (નોટા-NOTA)" એ શબ્દો, કૌંસ અને અક્ષરો ઉમેરવા.

૧૨. સદરહુ નિયમોમાં, નમૂનો ૨૭માં, ભાગ ૨-માં,

(૧) શીર્ષકમાં, "દરેક ઉમેદવાર" એ શબ્દો પછી, "અને નોટા (NOTA)ની તરફેણમાં પડેલા" એ શબ્દો ઉમેરવા;

(૨) કોષ્ટકમાં, પહેલી કોલમમાં, "ઉમેદવારનો ક્રમાંક" એ શબ્દોને બદલે, "અનુક્રમાંક" એ શબ્દો મૂકવા;

(૩) કોષ્ટકમાં, કોલમ ૨-માં, "ઉમેદવારનું નામ" એ શબ્દોને બદલે, "ઉમેદવારનું નામ/ (નોટા-NOTA)" એ શબ્દો મૂકવા;

(૪) કોષ્ટકમાં, કોલમ ૧માં, "૧" એ આંકડાની નીચે "૨" એ આંકડો ઉમેરવો અને બીજી કોલમમાં એવા આંકડા "૨"ની સામે, "ઉપરના પૈકી કોઇ નહિ (નોટા-NOTA)" એ શબ્દો, કૌંસ અને અક્ષરો ઉમેરવા;

(૫) કોષ્ટકમાં, જ્યાં "દરેક ઉમેદવાર માટે" એ શબ્દો આવતા હોય, ત્યાં તેને બદલે, "દરેક ઉમેદવાર/(નોટા-NOTA) માટે" એ શબ્દો મૂકવા.

૧૩. સદરહુ નિયમોમાં, નમૂનો ૨૭ક-માં,

(૧) કોષ્ટકમાં, કોલમ ૧માં, "વગેરે" એ શબ્દ કમી કરવો;

(૨) કોષ્ટકમાં, કોલમ ૧માં, "(૨)" એ કૌંસ અને આંકડાની નીચે, "(૩)" એ કૌંસ અને આંકડો ઉમેરવો;

(૩) કોષ્ટકમાં, કોલમ ૨-માં, "(ઉમેદવારોના નામ)" એ શબ્દોને બદલે, "(ઉમેદવારોના નામ/નોટા-NOTA)" એ શબ્દો મૂકવા;

(૪) કોષ્ટકમાં, કોલમ ૨-માં, કોલમ ૧ માં એવી રીતે દાખલ કરેલા આવા અનુક્રમાંક "(૩)"ની સામે, "નોટા-NOTA" એ શબ્દો દાખલ કરવા.

૧૪. સદરહુ નિયમોમાં, ભાગ-૭ક પછી, નીચેનો નવો ભાગ દાખલ કરવો:-

"ભાગ-૭ખ

મત આપવાની જવાબદારી

૬૪ચ. મતદારોની ફરજ.- આ ભાગમાં સમાવિષ્ટ નિયમોની જોગવાઇઓને અધીન રહીને, ચૂંટણીમાં મત આપવાની દરેક મતદારની ફરજ રહેશે.

૬૪છ. નોટિસ આપવા બાબત.- (૧) રાજ્ય ચૂંટણી પંચ દ્વારા મુકરર કર્યા પ્રમાણેના ચૂંટણી અધિકારી, ચૂંટણી વખતે મત આપવા નિષ્ફળ રહ્યો હોય તેવા મતદારને નમૂના ૩૨-માં નોટિસ આપશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ આવી નોટિસ મળ્યા પછી, ચૂંટણી વખતે મત આપવા નિષ્ફળ રહ્યો હોય તેવા મતદારે, આવી નોટિસ મળ્યાની તારીખથી એક મહિનાની મુદતની અંદર, તે માટેની જરૂરી સાબિતીઓ

સાથે જે કારણોસર તેને આવી ચૂંટણી વખતે મતદાન કરવાથી અટકયો હોય તે કારણ દર્શાવતો પોતાનો જવાબ લેખિતમાં મોકલવો જોઇશે:

પરંતુ તેવા મતદારને નિયમ ૬૪ઝ-ના ખંડો પૈકીના કોઇ ખંડ હેઠળ આવી ચૂંટણી વખતે મત આપવામાંથી મુક્તિ આપવામાં આવી હોય, તો તેણે તે માટેની જરૂરી સાબિતીઓ સાથે તદનુરૂપ પોતાનો જવાબ લેખિતમાં મોકલવો જોઇશે.

(૩) ચૂંટણી અધિકારી, પેટા-નિયમ (૨) હેઠળ મતદાર પાસેથી જવાબ મળ્યેથી, વાજબી સમયની અંદર, આવા જવાબમાં જણાવેલ કારણ અથવા કારણોની વિચારણા કરશે અને તેમના અભિપ્રાય પ્રમાણે મતદાર, કોઇપણ માન્ય અથવા પૂરતા કારણ અથવા કારણો નહિ હોવા છતાં આવી ચૂંટણી વખતે મત આપવાથી અળગો રહયો હતો, તો તે, આવા મતદારને લેખિત હુકમમાં તે માટેના કારણો નિર્દિષ્ટ કરીને કસૂરદાર મતદાર તરીકે જાહેર કરશે:

પરંતુ પેટા-નિયમ (૧) હેઠળ નોટિસ આપવામાં આવી હોય તેવો મતદાર આવી નોટિસ મળ્યાની તારીખથી એક મહિનાની મુદતની અંદર તેનો જવાબ આપવામાં ચૂક કરે, તો ચૂંટણી અધિકારી તેને કસૂરદાર મતદાર તરીકે જાહેર કરશે.

(૪) જેણે ચૂંટણી વખતે મત આપ્યો ન હોય તેવા મતદારને, પેટા-નિયમ (૧) હેઠળ આપેલી નોટિસનો આવા મતદારે લેખિતમાં આપેલ જવાબની વિચારણા કર્યેથી, તેમને એવી ખાતરી થાય કે આવા મતદારને નિયમ ૬૪ઝ હેઠળ મત આપવામાંથી મુક્તિ આપવામાં આવે, તો ચૂંટણી અધિકારીએ કસૂરદાર મતદાર તરીકે જાહેર કરવો જોઇશે નહિ.

(૫) પેટા-નિયમ (૩) હેઠળ કસૂરદાર મતદાર તરીકે જાહેર કર્યો હોવાને પરિણામે મતદાર, પેટા-નિયમ (૩) હેઠળ કરેલો હુકમ મળ્યાની તારીખથી પંદર દિવસની મુદતની અંદર ચૂંટણી અધિકારીની કચેરીમાં એક સો રૂપિયાની રોકડ રકમ ભરવા જવાબદાર રહેશે. જેના માટે ચૂંટણી અધિકારીની કચેરીએ તેને જરૂરી પહોંચ આપવી જોઇશે.

૬૪જ. અપીલ.– (૧) નિયમ ૬૪છ-ના પેટા-નિયમ (૩) હેઠળ ચૂંટણી અધિકારીના હુકમથી નારાજ થયેલો કોઇપણ મતદાર, આવો હુકમ મળ્યાની તારીખથી એક મહિનાની મુદતની અંદર રાજ્ય ચૂંટણી પંચે મુકરર કરેલ અપીલ અધિકારીને નમૂના ૩૩માં અપીલ કરી શકશે.

(૨) અપીલ અધિકારી, પેટા-નિયમ (૧) હેઠળ તેમની સમક્ષ કરાયેલ અપીલમાં વાજબી સમયની અંદર યોગ્ય હુકમ આપશે. તેમ છતાં, અપીલ કરનારને સુનાવણી તક આપ્યા સિવાય, અપીલ અધિકારીએ આવો કોઇપણ હુકમ કરવો જોઇશે નહિ. અપીલ અધિકારીનો હુકમ આખરી ગણાશે.

૬૪ઝ. મતદાન કરવાથી મુક્તિ.– કોઇપણ મતદાર,-

(ક) મત આપવા માટે માંદગીને કારણે શારીરિક રીતે અસમર્થ હોય અથવા આવીને તેની જવાબદારી અદા કરવા બીજી કોઇ શારીરિક રીતે અશક્ત હોય તો, અથવા

(ખ) ચૂંટણીની તારીખે દેશ અથવા ગુજરાત રાજ્યમાં ગેરહાજર હોય, અથવા

(ગ) માંદગીને કારણે અંદરના દર્દી (ઇન્ડોર પેશન્ટ) તરીકે હોસ્પિટલમાં દાખલ થયેલો હોય, અથવા

(ઘ) પંચોતેર ટકા અથવા તે કરતાં વધારે શારીરિક અશક્તતા ધરાવતો હોય, અથવા

(ચ) ચૂંટણીની તારીખે કોઇપણ શૈક્ષણિક, પ્રવેશ અથવા રોજગાર સંબંધી પરીક્ષામાં સાથે રોકાયેલ હોય, અથવા

(છ) ચૂંટણીની તારીખે નોકરીના ઇન્ટરવ્યુ માટે પોતે હાજર રહેવાનું હોય, અથવા

(જ) ચૂંટણીની તારીખે એવી કોઇપણ સામાજિક વિધિ, જેમ કે જે તેની સંબંધી હોય તેવી કોઇ વ્યક્તિના લગ્ન, મૃત્યુ, તબીબી આકસ્મિકતા વગેરે.માં હાજર રહેવાનું જરૂરી હોય

સ્પષ્ટીકરણ.- આ ખંડના હેતુઓ માટે, "તેની સંબંધી હોય તેવી કોઇ વ્યક્તિ" એ શબ્દમાં, આવી વ્યક્તિના માતા-પિતા, દાદા-દાદી, ભાઇ, બહેન, સસરા, સાસુ, પતિ, પત્ની, પુત્ર, પુત્રી, જમાઇ, પુત્રવધૂ અને પૌત્રોનો સમાવેશ થાય છે, અથવા

(ઝ) પંચોતેર વર્ષની ઉંમરે પહોચ્યો હોય, અથવા

(ટ) વ્યવસાય અથવા શિક્ષણના હેતુઓ માટે ચૂંટણીની તારીખથી છ મહિના પહેલાં, જે મતદાર વિભાગમાં તેણે મત આપવો જરૂરી હોય તેવા પ્રાદેશિક મતદાર વિભાગમાંથી અન્ય સ્થળે સ્થળાંતર કરેલું હોય, અથવા

(ઠ) કેન્દ્ર સરકાર અથવા યથાપ્રસંગ, રાજ્ય સરકારનો અથવા એવી કોઇપણ સરકારની માલિકીના અથવા તેના દ્વારા નિયંત્રિત કોઇપણ બોર્ડ, કોર્પોરેશન અથવા કંપનીનો અથવા કોઇપણ પંચાયતનો કર્મચારી હોય અથવા ખાનગી ક્ષેત્રમાંનો કર્મચારી હોય અને ચૂંટણીની તારીખ પહેલાં જે મતદાર વિભાગમાં તેણે મત આપવો જરૂરી હોય તેવા પ્રાદેશિક મતદાર વિભાગમાંથી અન્ય સ્થળે બદલી થયેલ હોય,

તો તેને ચૂંટણી વખતે મતદાન કરવામાંથી મુક્તિ આપવી જોઇશે.

૧૫. સદરહુ નિયમોમાં, નમૂનો ૩૧ પછી, નીચે મુજબના નમૂનો ૩૨ અને નમૂનો ૩૩ ઉમેરવા:-

"નમૂનો ૩૨

(જુઓ નિયમ ૬૪છ (૧))

ક્રમાંક:..

કચેરીનું નામ અને સરનામું:.............

તારીખ:......................................

પ્રતિ

વિષય: -----------------ના રોજ યોજાયેલ જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયતની ચૂંટણી વખતે મત આપવામાં ચૂક અંગેની નોટિસ

સાહેબ,

ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ના નિયમ ૬૪ચ-ની જોગવાઇઓ સાથે વાંચતા, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૩૪ક-ની જોગવાઇઓને ધ્યાનમાં લેતાં, તમે ચૂંટણી ડિવિઝન નં........../વોર્ડ નં.........ના લાયક મતદાર હોવાથી, ...ના રોજ યોજાયેલ જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયતની ચૂંટણી વખતે મત આપવાનું તમારા પક્ષે ફરજિયાત હતું.

તેમ છતાં, એવું જણાય છે કે તમે સદરહુ ચૂંટણી વખતે મત આપવામાં ચૂક કરેલ છે અને તે દ્વારા તમે ઉપર્યુક્ત અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓનો ભંગ કર્યો છે. એ પ્રમાણે આ નોટિસ તમને ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ના નિયમ ૬૪છ–ની જોગવાઇઓ હેઠળ આપવામાં આવી છે અને આ નોટિસ અનુસાર, તમને આથી સદરહુ ચૂંટણી વખતે મતદાન નહિ કરવા માટેનું કારણ અથવા કારણો સાથે તે માટેના જરૂરી પુરાવાઓ રજૂ કરવા માટે આ નોટિસ મળ્યાની તારીખથી એક મહિનાની મુદતની અંદર નીચે સહી કરનારને લેખિતમાં તમારો જવાબ મોકલવાનો હુકમ કરવામાં આવે છે અને સદરહુ નિયમોના નિયમ ૬૪જ-ના ખંડો પૈકીના

INDEX

કોઇપણ ખંડ હેઠળ સદરહુ ચૂંટણી વખતે મતદાન કરવામાંથી મુક્તિ આપવામાં આવી છે કે કેમ અને આવી મુક્તિ માટેના જરૂરી પુરાવાઓ સાથે તમારા જવાબમાં જણાવવાનું પણ ફરમાવવામાં આવે છે.

તમને આથી જણાવવામાં આવે છે કે ઉપર નિયત કરેલ સદરહુ એક મહિનાની સમય મર્યાદાની અંદર મોકલેલા તમારા જવાબની, તમને કસૂરદાર મતદાર તરીકે જાહેર કરવા જોઇએ અથવા જાહેર ન કરવા જોઇએ કે કેમ તે અંગેનો નિર્ણય કરવા માટે નિયમ ૬૪છ-ના પેટા-નિયમો (૩) અને (૪)માં જોગવાઇ કર્યા પ્રમાણે વિચારણા કરવામાં આવશે. કોઇ પણ લેખિત જવાબ, તમને આ નોટિસ મળ્યાની તારીખથી એક મહિનાની અંદર તમારી પાસેથી મળશે નહિ તે કિસ્સામાં, તમને કસૂરદાર મતદાર તરીકે જાહેર કરવામાં આવશે, જેની નોંધ લેવા વિનંતી.

ચૂંટણી અધિકારી
સહી/સ્ટેમ્પ

નમૂનો ૩૩

(જુઓ નિયમ ૬૪જ (૧))

પ્રતિ,
અપીલ અધિકારી,
----

(૧) હું, શ્રી/શ્રીમતી/કુ. .... ઉંમર આશરે ..... વર્ષ, ...ખાતે રહેનાર, આથી, ... ના રોજ યોજાયેલ જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયતની ચૂંટણી વખતે મતદાન નહિ કરવા માટે મને કસૂરદાર મતદાર તરીકે જાહેર કરવામાં આવ્યો હોવાથી ચૂંટણી અધિકારી દ્વારા તારીખ .... ના રોજ કાઢેલા હુકમ ક્રમાંક ....થી નારાજ થયેલો હોઇ ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ના નિયમ ૬૪જ-ના પેટા-નિયમ (૧)ની જોગવાઇઓ હેઠળ આપની સમક્ષ અપીલ દાખલ કરું છું.

(૨) ચૂંટણી અધિકારી, સદરહુ નિયમોના નિયમ ૬૪છ-ની જોગવાઇઓ હેઠળ ચૂંટણી અધિકારીએ મને બજાવેલ નોટિસના પ્રત્યુત્તરમાં તારીખ .... ના રોજ રજૂ કરેલા મારા લેખિત જવાબની યોગ્ય વિચારણા કરવા નિષ્ફળ ગયા છે, જેમાં મેં, સદરહુ ચૂંટણી વખતે જેણે મને મતદાન કરવાથી અટકાવેલો તેવા કારણ/કારણો દર્શાવેલા છે. મેં દર્શાવેલ કારણ/કારણો માન્ય અને વાજબી છે અને ચૂંટણી અધિકારીએ સદરહુ કારણ/કારણોને માન્ય અને વાજબી તરીકે ગણવા જોઇએ અને મને કસૂરદાર મતદાર તરીકે જાહેર કરવો જોઇએ નહિ.

(૩) ચૂંટણી અધિકારીએ કરેલો હુકમ ન્યાયી, ઉચિત નથી અને કાયદા અન્વયે અમાન્ય છે.

(૪) તારીખ .... ના રોજ ચૂંટણી અધિકારીએ કરેલા હુકમની નકલ આ સાથે બીડેલ છે.

(૫) આ અપીલ ઠરાવેલ સમય-મર્યાદાની અંદર કરવામાં આવી છે અને તે સમય-મર્યાદા બહારની નથી.

તેથી, હું સદરહુ ચૂંટણી વખતે મતદાન નહિ કર્યું હોવા માટેના કારણ/કારણોને માન્ય અને વાજબી તરીકે ગણવા અને મને કસૂરદાર મતદાર તરીકે જાહેર કરતો ચૂંટણી અધિકારીનો તારીખ .... ના રોજનો હુકમને રદ કરી બાજુએ મૂકવા આપને વિનંતી કરૂ છું.

સ્થળ; અપીલ કરનારનું નામ અને સહી
તારીખ: અપીલ કરનારનો ફોન નં. ".

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

આઇ.એમ.શેખ,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Taluka and District Panchayats Election (Manner of Allotment of Reserved Seats by Rotation) Rules, 1994.

ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી જાહેરનામું.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૫મી ઓગસ્ટ, ૨૦૧૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક:કેપી/૨૦૧૫નો ૩૨/ ઇએલસી / ૧૦૨૦૧૦/ ૧૪૩(૪)/ જી:- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૭૪ની પેટા-કલમ (૫)ના પ્રથમ પરંતુક હેઠળ નિયમો કરવા અને તેની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલાં લેવાનું તેને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૭૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) (સુધારા) નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. ગુજરાત તાલુકા અને જિલ્લા પંચાયત ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૪માં, પેટા-નિયમ (૩) પછી, નીચેનો પરંતુક ઉમેરવો:-

"પરંતુ જિલ્લા પંચાયત માટે અનામત બેઠકોની વારાફરતી ફાળવણીના કિસ્સામાં, એક કરતાં વધુ બેઠક ફાળવવાની હોય તેવા તાલુકામાં બેઠકોની ફાળવણી કરતી વખતે રાજ્ય ચૂંટણી કમિશને, અનુસૂચિત જાતિઓની સ્ત્રી માટે એટલે કે ૧લી, ૩જી અને તેના જેવી એકી સંખ્યામાં બેઠકોની ફાળવણી કરવી જોઇશે અને એ બાબત સુનિશ્ચિત કરવી જોઇશે કે આવી ફાળવણી, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૧૧ની જોગવાઇઓ મુજબ નક્કી કરેલી અનામત બેઠકોની કુલ બેઠકો કરતાં વધી ન જાય.".

3. સદરહુ નિયમોમાં, નિયમ ૫-માં, પેટા-નિયમ (૩) પછી, નીચેનો પરંતુક ઉમેરવો:-

" પરંતુ જિલ્લા પંચાયત માટે અનામત બેઠકોની વારાફરતી ફાળવણીના કિસ્સામાં, એક કરતાં વધુ બેઠક ફાળવવાની હોય તેવા તાલુકામાં બેઠકોની ફાળવણી કરતી વખતે રાજ્ય ચૂંટણી કમિશને, અનુસૂચિત આદિજાતિઓની સ્ત્રી માટે એટલે કે ૧લી, ૩જી અને તેના જેવી એકી સંખ્યામાં બેઠકોની ફાળવણી કરવી જોઇશે અને એ બાબત સુનિશ્ચિત કરવી જોઇશે કે આવી ફાળવણી, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૧૧ની જોગવાઇઓ મુજબ નક્કી કરેલી અનામત બેઠકોની કુલ બેઠકો કરતાં વધી ન જાય.".

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૬ પછી, નીચેનો પરંતુક ઉમેરવો:-

" પરંતુ જિલ્લા પંચાયત માટે અનામત બેઠકોની વારાફરતી ફાળવણીના કિસ્સામાં, એક કરતાં વધુ બેઠક ફાળવવાની હોય તેવા તાલુકામાં બેઠકોની ફાળવણી કરતી વખતે રાજ્ય ચૂંટણી કમિશને, નિયમો ૪ અને ૫ હેઠળ અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખેલી બેઠકોની ફાળવણી કર્યા પછી, સામાન્ય અનુક્રમાંક મુજબ તાલુકામાં આવતા જે મતદાર વિભાગો માટે, અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓની અનામત રાખેલી બેઠકોની, નિયમ ૪ અને ૫ હેઠળ ફાળવણી ન કરવામાં આવી

INDEX

હોય, તેવા મતદાર વિભાગોમાંથી, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની સ્ત્રી માટે એટલે કે ૧લી, ૩જી અને તેના જેવી એકી સંખ્યામાં બેઠકોની ફાળવણી કરવી જોઇશે અને એ બાબત સુનિશ્ચિત કરવી જોઇશે કે આવી ફાળવણી, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૧૧ની જોગવાઇઓ મુજબ નક્કી કરેલી અનામત બેઠકોની કુલ સંખ્યા કરતાં વધી ન જાય.".

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૭ પછી, નીચેનો પરંતુક દાખલ કરવો:-

" પરંતુ જિલ્લા પંચાયત માટે અન્યને બેઠકોની ફાળવણીના કિસ્સામાં, એક કરતાં વધુ બેઠક ફાળવવાની હોય તેવા તાલુકામાં બેઠકોની ફાળવણી કરતી વખતે રાજ્ય ચૂંટણી કમિશને, નિયમો ૪, ૫ અને ૬ હેઠળ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગો માટે અનામત રાખેલી બેઠકોની ફાળવણી કર્યા પછી, સામાન્ય અનુક્રમાંક મુજબ તાલુકામાં આવતા જે મતદાર વિભાગો માટે, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગોની અનામત રાખેલી બેઠકોની, નિયમ ૪, ૫ અને ૬ હેઠળ ફાળવણી કરવામાં ન આવી હોય, તેવા મતદાર વિભાગોમાંથી, સ્ત્રી માટે એટલે કે ૧લી, ૩જી અને તેના જેવી એકી સંખ્યામાં બાકીની બેઠકોની ફાળવણી કરવી જોઇશે અને એ બાબત સુનિશ્ચિત કરવી જોઇશે કે દરેક તાલુકામાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની સ્ત્રીઓની બેઠકો સહિતની બેઠકોની કુલ સંખ્યાની લગભગ અડધી બેઠકો પર સ્ત્રીઓનું પ્રતિનિધિત્વ રહે તેમજ આવી ફાળવણી, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૧૧ની જોગવાઇઓ મુજબ નક્કી કરેલી કુલ બેઠકોની સંખ્યા કરતાં વધી ન જાય.".

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૭ પછી, નીચેનો નિયમ દાખલ કરવો:-

"**૭ક**. નિયમ ૪, ૫, ૬ અને ૭ના હેતુઓ માટે, જિલ્લા પંચાયતના કોઇપણ મતદાર વિભાગ કે જેમાં એક કરતાં વધારે તાલુકા પંચાયતના મતદાર વિભાગનો સમાવેશ થયો હોય, ત્યારે આવો મતદાર વિભાગ, જે તાલુકા પંચાયતના મતદાર વિભાગની વસ્તીની સંખ્યા સૌથી વધારે હોય તે તાલુકામાં આવતો હોવાનું ગણાશે."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઇ. એમ. શેખ,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 287

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, SEPTEMBER 19, 2016/BHADRA 28, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : **૨૦મી જુલાઈ, ૨૦૧૬**ના ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : કેવી-૨૦૧૬નો ૧૪૬/એએમએન-૨૦૨૦૦૦/૭૧૨૨-પી.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

The Gujarat Provincial Municipal Corporations Act,1949.

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ– ૨૦/૦૭/૨૦૧૬.

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક. કેવી–૨૦૧૬નો ૧૪૬/એએમએન–૨૦૨૦૦૦/૭૧૨૨–પીઃ– મ્યુનિસિપલ કમિશનર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન–એ જણાવ્યું છે કે અમદાવાદ શહેરની અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સેવા અને મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ચલાવાતી શેઠ વી.એસ. જનરલ હોસ્પિટલ, તબીબી કોલેજ અને હોસ્પિટલ હડતાલનો આશરો લે તેવી સંભાવના છે;

અને ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ,૧૯૪૯ (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની અનુસૂચિ–કના પ્રકરણ જમાં વર્ગ ૧, ૨ અને ૩માં જણાવેલી અને સદરહુ અધિનિયમની કલમ ૬૨–માં જણાવેલી આવશ્યક સેવાઓમાંની કોઈપણ સેવા બજાવવામાં રૂકાવટ થવાથી અથવા તેના બંધ થવાથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શહેરમાં સમુદાયના જીવનની સલામતી અથવા તેમના આરોગ્ય અથવા તેમના માટે જરૂરી એવી આવશ્યક સેવાઓની જાળવણીને પ્રતિકૂળ રીતે અસર થશે.

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૬૨થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી જાહેર કરે છે કે અમદાવાદ શહેરમાં કટોકટી પ્રવર્તે છે અને તેના પરિણામે, સદરહુ અધિનિયમની અનુસૂચિ–ક.ના પ્રકરણ જમાં, વર્ગ ૧, ૨ અને ૩ માં જણાવેલી આવશ્યક સેવામાંના કોઈપણ સભ્યે, તત્સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદા અથવા કોઈપણ કરારમાં ગમે તે મજકૂર હોય તે છતાં, તારીખ **૨૪.૦૭.૨૦૧૬**ના રોજ અને તે તારીખથી શરૂ થતી ૧૮૦ દિવસની મુદત માટે;

(ક) પોતાની ફરજો બજાવવામાં તેને અશકત બનાવે તેવી માંદગી અથવા અકસ્માતના કિસ્સામાં હોય તે સિવાય, પોતાની ફરજો છોડીને ચાલ્યા જવું નહિ અથવા તેવી ફરજો ઉપર ગેરહાજર રહેવું નહિ અથવા,

(ખ) પોતાની ફરજો બજાવવામાં બેદરકારી રાખવી નહિ અથવા તે બજાવવાની ના પાડવી નહિ અથવા જાણીબૂઝીને તે ફરજો, અમદાવાદ શહેરના મ્યુનિસિપલ કમિશનરના અને અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સેવાના ટ્રાન્સપોર્ટ મેનેજરના અભિપ્રાય પ્રમાણે બિનકાર્યક્ષમ હોય તેવી રીતે બજાવવી નહિ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આનંદ ઝીંઝાલા,

સરકારના સંયુક્ત સચિવ,

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 288

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

સત્યમેવ જયતે

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, SEPTEMBER 19, 2016/BHADRA 28, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : **૨૯મી જુલાઈ, ૨૦૧૬**ના ગુજરાત સરકારના **નાણા** વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએન-૪૬) વીવીકે/૧૨૦૯/૫૭૯/ઠ૩.નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Gujarat Accounts Services, Class-II and the Gujarat Commercial Tax Services, Class-II, Combined Competitive Examination Rules, 2013.

ગુજરાત હિસાબી સેવા, વર્ગ–૨ અને ગુજરાત વાણિજ્યિક વેરા સેવા, વર્ગ–૨ સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૩ સુધારવા સંબંધી

જાહેરનામું.

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૯મી જુલાઈ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક.(જીએન–૪૬) વીવીકે/૧૨૦૯/૫૭૯/–ઠ૩:– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત હિસાબી સેવા, વર્ગ–૨ અને ગુજરાત વાણિજ્યિકવેરા સેવા, વર્ગ–૨ સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૩ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો ગુજરાત હિસાબી સેવા, વર્ગ–૨ અને ગુજરાત વાણિજ્યિક વેરા સેવા, વર્ગ–૨ સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા (તૃતીય સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત હિસાબી સેવા, વર્ગ–૨ અને ગુજરાત વાણિજ્યિકવેરા સેવા, વર્ગ–૨ સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૩માં, અનુસૂચિ ૨માં,–

(૧) વિભાગ–૨માં, અનુક્રમાંક.૪ પરની નોંધને બદલે, નીચેનો મજકૂર મૂકવો :–

"૪. અંધ ઉમેદવારને, કલાક દીઠ વીસ મિનિટનો વળતર યોગ્ય (કૉમ્પેન્સેટરિ)સમય આપી શકાશે."

"(૨) વિભાગ–૩માં, અનુક્રમાંક.૭ પરની નોંધને બદલે, નીચેનો મજકૂર મૂકવો :–

"૭. અંધ ઉમેદવારને, કલાક દીઠ વીસ મિનિટનો વળતર યોગ્ય (કૉમ્પેન્સેટરિ) સમય આપી શકાશે."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. વૈષ્ણવ,
સરકારના ઉપસચિવ.

Extra No. 289 વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, SEPTEMBER 20, 2016/BHADRA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા (૧) તારીખ : ૧૭/૦૩/૨૦૧૬ના ક્રમાંક : જીકે/૦૫/ ૨૦૧૬/ એમએચકે/ ૧૧૮૯/ ૯૨૮૨/એફ.૧ (ભાગ-૩) અને (૨) તારીખ : ૨૮/૦૩/૨૦૧૬ના ક્રમાંક : જીકે/૦૭/૧૬/એમએચકે/૧૧૮૯/૯૨૮૨/એફ.૧ (ભાગ-૨)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Section Officer, Class II, on Legal side of the Legal Department and Legislative and Parliamentary Affairs Department (in the Secretariat Services), Recruitment Rules, 1996.

(સચિવાલય સેવામાં) કાયદા વિભાગ અને વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગની કાયદાકીય બાજુએ સેકશન અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૧૯૯૬ સુધારવા સંબંધી

જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી માર્ચ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક:જીકે/૦૫/૨૦૧૬/એમએચકે/૧૧૮૯/૯૨૮૨/એફ.૧ (ભાગ–૩):– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજયપાલ, આથી, (સચિવાલય સેવામાં) કાયદા વિભાગ અને વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગની કાયદાકીય બાજુએ સેકશન અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૧૯૯૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ–

૧. આ નિયમો (સચિવાલય સેવામાં) કાયદા વિભાગ અને વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગની કાયદાકીય બાજુએ સેકશન અધિકારી, વર્ગ ૨, ભરતી (સુધારા)નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. (સચિવાલ સેવામાં) કાયદા વિભાગ અને વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગની કાયદાકીય બાજુએ સેકશન અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૧૯૯૬માં, નિયમ ૪માં, ખંડ (ક)ને બદલે, નીચેનો ખંડ મૂકવોઃ–

“(ક) ૩૭ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ;”

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

વિદ્યુત પંડ્યા,

સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Section Officer (Legal) Class II, on the legal side of the Legal Department and the Legislative and Parliamentary Affairs Department Competitive Examination Rules, 2016.

કાયદા વિભાગ અને વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગની કાયદાકીય બાજુએ, સેકશન અધિકારી (કાયદા) વર્ગ ૨, સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી માર્ચ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃજીકે / ૦૭/ ૧૬/એમએચકે/ ૧૧૮૯ / ૯૨૮૨/ એફ.૧ (ભાગ– ૨):– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજયપાલ, આથી, સચિવાલય સેવામાં, કાયદા વિભાગ અને વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગની કાયદાકીય બાજુએ, સેક્શન અધિકારી (કાયદા), વર્ગ ૨–ની જગા પરની ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાની પદ્ધતિનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા માટે નીચેના નિયમો કરે છેઃ–

૧. **ટૂંકી સંજ્ઞા.-**

આ નિયમો કાયદા વિભાગ અને વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગની કાયદાકીય બાજુએ સેકશન અધિકારી (કાયદા), વર્ગ ૨, સ્પર્ધાત્મક પરીક્ષા નિયમો, ૨૦૧૬ કહેવાશે.

INDEX

૨. **વ્યાખ્યા.–**

આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો–

(ક) ‘‘આયોગ" એટલે ગુજરાત જાહેર સેવા આયોગ;

(ખ) ‘‘પરીક્ષા" એટલે નિયમો ૩ અને જમાં ઠરાવેલી સ્પર્ધાત્મક પરીક્ષા;

(ગ) ‘‘સરકાર" એટલે ગુજરાત સરકાર;

(ઘ) ‘‘અનુસૂચિ" એટલે આ નિયમો સાથે જોડેલી અનુસૂચિ.

૩. **પરીક્ષા યોજવા બાબત.–**

(૧) આયોગે, કાયદા વિભાગ પાસેથી માગણી પત્ર મળ્યેથી, કાયદા વિભાગ અને વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગની કાયદાકીય બાજુએ સેક્શન અધિકારી (કાયદા), વર્ગ ૨–ની જગા (જેનો આમાં હવે પછી “સદરહુ જગા” તરીકે ઉલ્લેખ કર્યો છે તે) પર ભરતી માટે ઉમેદવારોની પસંદગી કરવા માટેની સ્પર્ધાત્મક પરીક્ષા યોજવી જોઈશે.

(૨) આયોગે, પરીક્ષા યોજવા માટેની તારીખ અને સ્થળ નક્કી કરવા જોઈશે.

૪. **પરીક્ષાના તબક્કા.–**

(૧) પરીક્ષા, નીચે જણાવ્યા પ્રમાણે બે ક્રમિક તબક્કામાં યોજવામાં આવશે:–

(૧) મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારોની પસંદગી કરવા માટેની પ્રારંભિક પરીક્ષા (વૈકલ્પિક પ્રકારની (હેતુલક્ષી પ્રકારની)); અને

(૨) સદરહુ જગા માટે ઉમેદવારોની આખરી પસંદગી કરવા માટેની મુખ્ય પરીક્ષા (લેખિત અને રૂબરૂ મુલાકાત કસોટી).

(૨) પ્રારંભિક પરીક્ષા અને મુખ્ય પરીક્ષા, અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની રીતે યોજવી જોઈશે.

૫. **અભ્યાસક્રમ.–**

આયોગ, દરેક વિષયના અભ્યાસક્રમની વિગતો નક્કી કરશે અને આવો અભ્યાસક્રમ ઉમેદવારોને પૂરો પાડવો જોઈશે.

૬. **પરીક્ષાનું માધ્યમ.–**

(૧) પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે;

(૨) અનુસૂચિના ભાગ ૨–માં નિર્દિષ્ટ કર્યા મુજબ,અંગ્રેજી ભાષાના પ્રશ્નપત્રના જવાબો અંગ્રેજી ભાષામાં આપવાના રહેશે.

૭. **પરીક્ષાનું સ્થળ.–**

(૧) સામાન્ય રીતે, પરીક્ષા અમદાવાદ ખાતે યોજવી જોઈશે.

(૨) રૂબરૂ મુલાકાત, ફક્ત અમદાવાદ ખાતે યોજવામાં આવશે.

(૩) ઉમેદવારોએ, પરીક્ષામાં અને રૂબરૂ મુલાકાત કસોટીમાં સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

૮. **પરીક્ષામાં ઉપસ્થિત રહેવા બાબત.–**

(૧) પ્રારંભિક પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઈચ્છતા ઉમેદવારોએ, આયોગ દ્વારા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, સરકાર દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવે તેટલી ફી સાથે અરજી રજૂ કરવી જોઈશે.

(૨) આયોગ દ્વારા મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે લાયક ઉમેદવારો તરીકે જાહેર કરવામાં આવે તેવા ઉમેદવારોએ, આયોગ દ્વારા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, સરકાર દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવે તેટલી ફી સાથે ફરીથી અરજી કરવાની રહેશે.

(૩) આયોગ દ્વારા ઠરાવવામાં આવે તેવી રીતે ફી ભરવી જોઈશે અને કોઈપણ સંજોગોમાં એક વખત ભરી દીધેલી ફીનું રિફંડ આપવામાં આવશે નહિ અથવા તે ફી આગામી પરીક્ષા માટે રાખી શકાશે નહિ.

(૪) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા અંગેની અરજી પાછી ખેંચવા માટે ઉમેદવારે કરેલી વિનંતી કોઈપણ સંજોગોમાં વિચારણામાં લેવામાં આવશે નહિ.

૯. **યોગ્યતા.–**

(૧) ઉમેદવાર પરીક્ષામાં પ્રવેશ મેળવવા માટે લાયક ગણાશે નહિ સિવાય કે તે,-

(ક) ભારતનો નાગરિક; અથવા

(ખ) નેપાળનો પ્રજાજન; અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન; અથવા

(ઘ) ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી સન ૧૯૬૨ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખ પહેલાં ભારતમાં આવેલો તિબેટી નિર્વાસિત; અથવા

(ચ) પાકિસ્તાન, મ્યાનમાર, શ્રીલંકા, કેન્યાના પૂર્વ આફ્રિકાના પ્રદેશો, યુગાન્ડા, "ટાન્ઝાનિયા" "ઝામ્બિયા"– ના સંયુકત પ્રજાસત્તાક, મલાવી, ઝૈર, ઈથીઓપીયા અને વિયેટનામમાંથી ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી સ્થળાંતર કર્યું હોય તેવી ભારતીય મૂળની વ્યકિત હોયઃ

પરંતુ (ખ),(ગ), (ઘ) અને (ચ)માં નિર્દિષ્ટ કક્ષાના ઉમેદવારોએ, રાજ્ય સરકારે કાઢી આપેલું યોગ્યતા પ્રમાણપત્ર રજૂ કરવું પડશે.

(૨) જેણે, યોગ્યતા પ્રમાણપત્ર રજૂ કરવું જરૂરી હોય તેવા ઉમેદવારને આયોગ દ્વારા લેવાતી પરીક્ષામાં અથવા રૂબરૂ મુલાકાત કસોટીમાં કામચલાઉ રીતે બેસવાની છૂટ આપી શકાશે, પણ તેને યોગ્યતા પ્રમાણપત્ર રજૂ કરે ત્યાર પછી જ નિમણૂક આપી શકાશે.

૧૦. **એકાધિક લગ્નના કારણે નિમણૂક માટેની ગેરલાયકાત.–**

(૧) (ક) જે વ્યકિતના પતિ/પત્ની હયાત હોય તેવી વ્યકિત સાથે જેણે લગ્ન કર્યા હોય અથવા લગ્નનો કરાર કર્યો હોય તેવી કોઈ વ્યકિત; અથવા

(ખ) જે વ્યકિતના પતિ/પત્ની હયાત હોય તેવી કોઈ વ્યકિતએ, અન્ય વ્યકિત સાથે લગ્ન કર્યા હોય અથવા લગ્નનો કરાર કર્યો હોય તો તેવી કોઈ વ્યકિત;

સેક્શન અધિકારી (કાયદા), વર્ગ ૨–ની સદરહુ જગા પર નિમણૂકને પાત્ર થશે નહિઃ

પરંતુ સરકારને ખાતરી થાય કે આવી વ્યકિત અને લગ્નના બીજા પક્ષકારને લાગુ પડતા અંગત કાયદા હેઠળ આવા લગ્ન પરવાનગીપાત્ર છે અને તેમ કરવા માટેના બીજા ખાસ કારણો છે, તો તે, કોઈપણ વ્યકિતને આ નિયમના અમલમાંથી મુકિત આપી શકશે.

(૨) ઉમેદવારે, તે અથવા યથાપ્રસંગ, તેણી પરિણીત છે કે કેમ અને પુરુષ ઉમેદવારના કિસ્સામાં, તેને એક કરતા વધુ પત્ની હયાત છે કે કેમ અને સ્ત્રી ઉમેદવારના કિસ્સામાં, જેની અગાઉની બીજી પત્ની હયાત હોય તેવા પુરુષ સાથે તેણીએ લગ્ન કરેલ છે કે કેમ તે અરજીપત્રકમાં જાહેર કરવું પડશે.

૧૧. વયમર્યાદા.–

પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવાર, આયોગે જાહેરાતમાં જણાવેલી તારીખે ૩૭ વર્ષ કરતાં વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ.

૧૨. શૈક્ષણિક લાયકાત.–

(૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી કાયદાની પદવી ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલ તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;

(૨) (ક) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(ખ) મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે આયોગે લાયક જાહેર કરેલા હોય તેવા તમામ ઉમેદવારોએ, મુખ્ય પરીક્ષા માટેની તેમની અરજી સહિત, ઠરાવેલ શૈક્ષણિક લાયકાત પાસ કર્યાનો પુરાવો રજૂ કરવો જરૂરી રહેશે; અને

(ગ) કોઈ ઉમેદવાર, ઉપર જણાવ્યા પ્રમાણેની જરૂરી શૈક્ષણિક લાયકાત પાસ કર્યાનો પુરાવો રજૂ કરવામાં નિષ્ફળ જાય, તો તે મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર રહેશે નહિ.

૧૩. આયોગનો નિર્ણય આખરી ગણાશે.–

(ક) આયોગને ખાતરી થાય કે ઉમેદવાર તમામ બાબતોમાં યોગ્યતા ધરાવે છે અને તેણે જરૂરી ફીની ચુકવણી સહિત તમામ જરૂરિયાતોનું પાલન કરેલ છે તે સિવાય ઉમેદવારને મુખ્ય પરીક્ષામાં બેસવા માટેની પરવાનગી આપવામાં આવશે નહિ.

(ખ) મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટેની ઉમેદવારની યોગ્યતાની બાબતમાં આયોગનો નિર્ણય આખરી ગણાશે અને આયોગે જે ઉમેદવારને પ્રારંભિક પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે પરવાનગી આપી ન હોય, તેને, મુખ્ય પરીક્ષામાં બેસવા માટેની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૪. પરીક્ષા ખંડમાં અમુક સાધનોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ (મનાઈ).–

(૧) ઉમેદવારે તમામ પ્રશ્નપત્રોના જવાબ સ્વ–હસ્તાક્ષરમાં આપવાના રહેશે. તેમ છતાં, અંધ ઉમેદવારોને, આયોગ દ્વારા તે અર્થે વખતોવખત આપવામાં આવે તેવી સૂચનાને અધીન રહીને, લહિયા (સ્ક્રાઈબ)ની મદદ લઈને પરીક્ષામાં લખવાની છૂટ આપવામાં આવશે.

(૨) ઉમેદવારને સેલ્યુલર ફોન, કેલ્ક્યુલેટર, પેજર અથવા સંદેશા–વ્યવહારના બીજા કોઈ પણ ઈલેક્ટ્રોનિક સાધનો પોતાની સાથે લઈ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૫. મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત રહેવા બાબત.–

(ક) આયોગ નક્કી કરે તેટલા લઘુત્તમ લાયકી ગુણ પ્રારંભિક પરીક્ષામાં મેળવ્યા હોય તેવા ઉમેદવારોને, એ શરતે કે તે મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે અન્યથા યોગ્ય છે, મુખ્ય પરીક્ષામાં બેસવાની છૂટ આપવામાં આવશે.

(ખ) મુખ્ય પરીક્ષા (લેખિત)માં આયોગ નક્કી કરે તેટલા લઘુતમ લાયકી ગુણ મેળવ્યા હોય તેવા ઉમેદવારોને ઈન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત કસોટી) માટે બોલાવવામાં આવશે:

પરંતુ આયોગનો એવો અભિપ્રાય હોય કે અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓ અથવા (વિચરતી આદિજાતિ અને વિમુક્ત આદિજાતિ સહિત) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારો, મુખ્ય પરીક્ષા (લેખિત) અથવા યથાપ્રસંગ, ઈન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત કસોટી) માટે પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ થઇ શકે તેમ નથી, તો તે, સામાન્ય કક્ષા માટેના લાયકી ધોરણના આધારે, આવી કક્ષાઓ માટેની અનામત જગાઓ ભરવા માટે, અનામત કક્ષાના ઉમેદવારોને, પ્રારંભિક પરીક્ષા અથવા યથાપ્રસંગ, મુખ્ય પરીક્ષા (લેખિત)નું ધોરણ હળવું કરીને, મુખ્ય પરીક્ષા (લેખિત કસોટી)માં ઉપસ્થિત રહેવાની છૂટ આપી શકશે અથવા યથાપ્રસંગ, ઈન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત કસોટી) માટે બોલાવી શકશે.

૧૬. ઈન્ટરવ્યુ (રૂબરૂ મુલાકાત)માં ઉપસ્થિત ન રહેવાના કારણે અયોગ્યતા.– જે ઉમેદવારો ઈન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત કસોટી) માટે લાયક ઠરેલ હોય, પણ નિયત તારીખે અને સમયે ઈન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત કસોટી)માં ઉપસ્થિત ન રહે, તો તેઓ સદરહુ જગા માટે પસંદગી માટે પાત્ર ગણાશે નહિ.

૧૭. ગુણવત્તા ક્રમની યાદી.–

આયોગે, મુખ્ય પરીક્ષા (લેખિત) અને ઈન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત કસોટી)માં દરેક ઉમેદવારને આખરે આપેલા એકંદર ગુણોના આધારે, ગુણવત્તા ક્રમમાં ઉમેદવારોના નામો ગોઠવવા જોઇશે અને તે ક્રમમાં, ભરવાની ખાલી જગ્યાઓની સંખ્યાના પ્રમાણમાં, નિમણૂક માટે લાયકાત ધરાવતા ઉમેદવારોની ભલામણ કરવી જોઇશે:

પરંતુ (વિચરતી આદિજાતિઓ અને વિમુકત આદિજાતિઓ સહિત) અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે અનામત રાખેલી ખાલી જગ્યાઓ, સામાન્ય કક્ષા માટે નક્કી કરેલા એકંદર લાયકી ગુણના આધારે ભરી ન શકાય ત્યારે આયોગ, અનામત જગાઓમાં પડેલી ઘટ પૂરવા માટે, એકંદર ગુણનું સામાન્ય લાયકી ધોરણ હળવું કરી શકશે.

૧૮. ફક્ત જાહેર કરેલ ખાલી જગ્યાઓ માટે ભરતી કરવી જોઇશે.–

કોઇ પ્રતીક્ષાયાદી રહેશે નહિ. કોઇ કારણોસર, ઉમેદવારો હાજર ન થવાને લીધે, સદરહુ પદોની બાકી ખાલી જગાઓ, કોઇ હોય તો, તેને ત્યારપછીની ભરતી માટે આગળ લઇ જવામાં આવશે.

૧૯. પરીક્ષાનું પરિણામ.–

(૧) (ક) આયોગે, સદરહુ જગાઓ પર નિમણૂક માટે જેના નામોની સરકારને ભલામણ કરવાની હોય તેવા ઉમેદવારોનું પરિણામ, દરેક ઉમેદવારના બેઠક ક્રમાંક અને તેમણે મેળવેલા કુલ ગુણ સહિત, ઉમેદવારોના ગુણવત્તા ક્રમ અનુસાર ગોઠવવું જોઈશે અને તેને પ્રસિદ્ધ કરવું જોઇશે.

(ખ) આયોગે, દરેક ઉમેદવારના બેઠક ક્રમાંક અને તેણે મેળવેલા કુલ ગુણ નિર્દિષ્ટ કરીને અસફળ ઉમેદવારોની યાદી, પોતાના નોટિસ બોર્ડ પર પ્રદર્શિત કરવી જોઈશે.

(૨) આયોગે, પરિણામની નકલ રાજપત્રમાં પ્રસિદ્ધ કરાવવા માટે સરકારને મોકલવી જોઈશે.

૨૦. મુખ્ય પરીક્ષા (લેખિત)ના ગુણની ફેરચકાસણી.–

(૧) મુખ્ય પરીક્ષાના પોતાના ગુણની ફેરચકાસણી કરાવવા ઈચ્છતો ઉમેદવાર, દરેક પ્રશ્નપત્ર માટે આયોગ નક્કી કરે તેવા નમૂના (ફોર્મ) અને તેટલી ફી સાથે, પરીક્ષાનું આખરી પરિણામ જાહેર થયાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, આયોગને અરજી કરી શકશે.

(૨) મુખ્ય પરીક્ષાનું પોતાનું ગુણપત્રક મેળવવા ઈચ્છતા ઉમેદવારે, આયોગ નક્કી કરે તેટલી ફી સાથે આખરી પરિણામ જાહેર થયાની તારીખથી પંદર દિવસની મુદતની અંદર આયોગને અરજી કરવી જોઈશે.

(૩) નિયત તારીખ પછી મળેલ હોય અથવા કોઈપણ રીતે અપૂર્ણ હોય અથવા જરૂરી ફી વગરની અરજીની વિચારણા કરવામાં આવશે નહિ અને ફી જપ્ત કરવામાં આવશે.

(૪) પ્રારંભિક પરીક્ષા માટે ફેર ચકાસણીની મંજૂરી આપવામાં આવશે નહિ.

૨૧. સરકારને પરિણામ મોકલવા બાબત.–

આયોગે, પરિણામ જાહેર થયેથી, સરકારને જેમની નિમણૂક માટે ભલામણ કરવામાં આવી હોય તેવા ઉમેદવારોની જરૂરી વિગતો જેવી કે ઉમેદવાર, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અથવા વિચરતી આદિજાતિઓ અને વિમુકત આદિજાતિઓ સહિતની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિઓમાંથી છે કે કેમ અને તેની જન્મ તારીખ, લાયકાતો અને બીજી વિગતો સહિતની યાદી મોકલવી જોઇશે.

૨૨. નિમણૂક અંગેનો કોઈ હક મળશે નહિ.–

(ક) પસંદગી યાદીમાં માત્ર ઉમેદવારોના નામોનો સમાવેશ થવાથી જ નિમણૂક અંગેનો કોઈ હક મળશે નહિ અને સરકારને જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, એવી ખાતરી થાય કે સેવા પર નિમણૂક માટે ઉમેદવાર તમામ રીતે યોગ્ય છે તે સિવાય, કોઈપણ ઉમેદવારની સદરહુ જગા પર નિમણૂક કરી શકાશે નહિ.

(ખ) ઉમેદવાર, સદરહુ જગા પર નિમણૂકની દરખાસ્ત સ્વીકારવાનો ઈનકાર કરે, તો તેની/તેણીની નિમણૂક રદ કરવામાં આવશે અને તેનું/તેણીનું નામ પસંદગી યાદીમાંથી દૂર કરવામાં આવશે.

૨૩. તબીબી તપાસ .–

સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર આ અર્થે કરેલા નિયમો અનુસાર તબીબી તપાસ, પાસ કરવાની રહેશે.

૨૪. અજમાયશની મુદત .–

સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે. સરકારે આ અર્થે કરેલા નિયમો અનુસાર અજમાયશની મુદત લંબાવી શકાશે.

૨૫. તાલીમ અને પરીક્ષા.–

સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર વખતોવખત ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૨૬. શિસ્તવિષયક પગલાં.–

આયોગ, જે ઉમેદવાર,–

(૧) કોઈપણ સાધનો દ્વારા પ્રારંભિક પરીક્ષા, મુખ્ય પરીક્ષા અથવા રૂબરૂ મુલાકાત (ઈન્ટર્વ્યુ) કસોટીમાં તેની ઉમેદવારી માટે ટેકો મેળવે; અથવા

(૨) ખોટું વ્યકિતત્વ ધારણ કરે; અથવા

INDEX

(૩) કોઈ વ્યક્તિને ખોટું વ્યક્તિત્વ ધારણ કરાવે; અથવા

(૪) બનાવટી દસ્તાવેજો અથવા ચેડાં કરેલા દસ્તાવેજો રજૂ કરે; અથવા

(૫) ભૂલવાળા અથવા ખોટાં અથવા કોઈ મહત્વની માહિતી છૂપાવતા નિવેદનો કરે; અથવા

(૬) પરીક્ષા માટેની તેની ઉમેદવારીના સંબંધમાં, બીજા કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લે; અથવા

(૭) પરીક્ષા દરમિયાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરે; અથવા

(૮) લખાણમાં વાહિયાત ભાષા અથવા બિભત્સ બાબત સહિત અસંગત બાબત લખે; અથવા

(૯) પરીક્ષા ખંડમાં કોઈ બીજી રીતે ગેરવર્તણૂક કરે; અથવા

(૧૦) પરીક્ષાના સંચાલન માટે આયોગે રોકેલા સ્ટાફને હેરાન–પરેશાન કરે અથવા ધમકી આપે અથવા શારીરિક રીતે ઈજા પહોંચાડે; અથવા

(૧૧) કોઈપણ મોબાઈલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર અથવા કોઈપણ વીજાણુ વિષયક સાધન સામગ્રી અથવા સાધન (ડિવાઈસ)નો અથવા પરીક્ષા દરમિયાન સંદેશા–વ્યવહારના સાધન તરીકે વાપરવા સક્ષમ કોઈ અન્ય સાધન સામગ્રીનો કબજો ધરાવતા હોય અથવા ઉપયોગ કરે; અથવા

(૧૨) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા તે પૈકીનું કોઈ કાર્ય કરવાનો પ્રયત્ન કરે અથવા યથાપ્રસંગ, તેમાં મદદગીરી કરે; અથવા

(૧૩) પરીક્ષા આપવાની તેને પરવાનગી આપતા તેના પ્રવેશ પ્રમાણપત્રોની સાથે, ઉમેદવારોને આપેલી સૂચનાઓ પૈકીની કોઈનો ભંગ કરે,

તેને દોષિત હોવાનું જાહેર કરે અથવા કર્યો હોય તે ઉમેદવાર, પોતે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત–

(ક) તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તેમાંથી આયોગ દ્વારા ગેરલાયક ઠરાવવાને પાત્ર થશે; અને અથવા

(ખ) કાયમી ધોરણે અથવા નિર્દિષ્ટ મુદત માટે તેને;

(૧) આયોગ, તેમના દ્વારા યોજાનારી કોઈપણ પરીક્ષા અથવા સીધી પસંદગીમાં ઉપસ્થિત થવામાંથી; અથવા

(૨) રાજય સરકાર દ્વારા તેના હેઠળના કોઈ રોજગારમાંથી, બાકાત રાખવાને પાત્ર થશે;

(ગ) તે અગાઉથી સરકારી સેવામાં હોય, તો યોગ્ય નિયમો હેઠળ શિસ્ત વિષયક પગલાંને પાત્ર થશે:

પરંતુ આ નિયમો હેઠળ કોઈપણ શિક્ષા,

(૧) ઉમેદવાર તે અર્થે લેખિત રજૂઆત કરવા ઈચ્છતો હોય તો તેને તેવી તક આપ્યા સિવાય; અને

(૨) ઉમેદવારે નિર્દિષ્ટ મુદતની અંદર રજૂ કરેલ રજૂઆત, કોઈ હોય તો તેને વિચારણામાં લીધા સિવાય, કરી શકાશે નહિ.

અનુસૂચિ

(જુઓ નિયમ ૪)

<u>સેકશન અધિકારી (કાયદા) વર્ગ-૨ ની જગા માટેની પરીક્ષા યોજના</u>

૧. સ્પર્ધાત્મક પરીક્ષા, નીચે વિગતવાર જણાવ્યા પ્રમાણે બે ક્રમિક તબકકાની રહેશે:

(૧) મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારોની પસંદગી કરવા માટે પ્રારંભિક પરીક્ષા (હેતુલક્ષી પ્રકારની); અને

(૨) સદરહુ જગાઓ પર ઉમેદવારોની પસંદગી કરવા માટે મુખ્ય પરીક્ષા (લેખિત અને ઇન્ટરવ્યુ ટેસ્ટ (રુબરુ મુલાકાત કસોટી)).

ક. પ્રારંભિક પરીક્ષાઃ–

પ્રારંભિક પરીક્ષામાં હેતુલક્ષી પ્રકારના (બહુવિધ વિકલ્પવાળા પ્રશ્નો) બે પ્રશ્નપત્રો રહેશે અને આ અનુસૂચિના ભાગ ૨ માંદર્શાવ્યા પ્રમાણે તે કુલ મહત્તમ ૩૫૦ ગુણના રહેશે. આ પરીક્ષા માત્ર તપાસ કસોટી પ્રકારની છે. મુખ્ય પરીક્ષામાં બેસવા માટે લાયક જાહેર કરવામાં આવે તેવા ઉમેદવારોએ પ્રારંભિક પરીક્ષામાં મેળવેલા ગુણોને, તેમનો આખરી ગુણવત્તા ક્રમ નકકી કરવા માટે ગણતરીમાં લેવામાં આવશે નહિ. મુખ્ય પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવામાં આવે તેવા ઉમેદવારોની સંખ્યા, આ રીતે જાહેર ખબરમાં આપવામાં આવેલી ખાલી જગાઓની કુલ સંખ્યાથી આશરે છ ગણી હોવી જોઇશે. આયોગ દ્વારા પ્રારંભિક પરીક્ષામાં લાયક જાહેર કરવામાં આવેલ ઉમેદવાર જ, તે/તેણી અન્યથા મુખ્ય પરીક્ષામાં બેસવા માટે લાયક છે તે શરતને અધીન રહીને, મુખ્ય પરીક્ષામાં બેસવા માટે લાયક ગણાશે.

ખ. મુખ્ય પરીક્ષાઃ–

મુખ્ય પરીક્ષા, લેખિત પરીક્ષા અને ઇન્ટરવ્યુ ટેસ્ટ (રુબરુ મુલાકાત કસોટી)ની રહેશે. લેખિત પરીક્ષા ૨૦૦ ગુણના દરેક એવા વર્ણનાત્મક પ્રકારના પાંચ પ્રશ્નપત્રોની રહેશે.

મુખ્ય પરીક્ષાના લેખિત ભાગમાં આયોગ નક્કી કરે તેવા લઘુત્તમ લાયકી ગુણ મેળવે તેવા ઉમેદવારોને, ઇન્ટરવ્યુ ટેસ્ટ (રુબરુ મુલાકાત કસોટી) માટે બોલાવવામાં આવશે. સામાન્ય રીતે ઇન્ટરવ્યુ ટેસ્ટ (રુબરુ મુલાકાત કસોટી) માટે બોલાવેલા ઉમેદવારોની સંખ્યા, આ રીતે જાહેરખબરમાં આપવામાં આવેલી ખાલી જગાઓની સંખ્યાથી આશરે ત્રણ ગણી હોવી જોઇશે. ઇન્ટરવ્યુ ટેસ્ટ (રુબરુ મુલાકાત કસોટી), કોઇ લઘુત્તમ લાયકી ગુણ સિવાય ૧૦૦ ગુણનો રહેશે.

મુખ્ય પરીક્ષા અને ઇન્ટરવ્યુ ટેસ્ટ (રુબરુ મુલાકાત કસોટી)માં ઉમેદવારોએ મેળવેલા ગુણ પરથી આખરી (ગુણવત્તા) ક્રમ નકકી કરવામાં આવશે.

ભાગ ૧

પ્રારંભિક પરીક્ષા

પ્રારંભિક પરીક્ષા, નીચે વિગતવાર જણાવ્યા પ્રમાણે બે પ્રશ્નપત્રોની રહેશે–

કુલ: ૩૫૦ ગુણ

૧.	**પ્રશ્નપત્ર–૧**	સામાન્ય અભ્યાસ	૧૫૦ ગુણ	૨ કલાક
૨.	**પ્રશ્નપત્ર–૨**	કાયદો અને ભારતનું સંવિધાન	૨૦૦ ગુણ	૨ કલાક

નોંધ:

૧. સામાન્ય અભ્યાસ તેમજ કાયદો અને ભારતના સંવિધાનના પ્રશ્નપત્રો માટેના પ્રશ્નોનું ધોરણ પદવી કક્ષાનું રહેશે.

૨. દરેક પ્રશ્નપત્ર માટેનો અભ્યાસક્રમ, આયોગ ઠરાવીને અને જાહેર કરે તેવા પ્રકારનો રહેશે.

૩. પ્રશ્નપત્ર હેતુલક્ષી પ્રકારના (બહુવિધ વિકલ્પવાળા પ્રશ્નો) રહેશે.

૪. અંધ ઉમેદવારોને દરેક પ્રશ્નપત્ર માટે વીસ મિનિટનો વધારાનો સમય આપી શકાશે.

ભાગ ૨

મુખ્ય પરીક્ષા

મુખ્ય પરીક્ષા, નીચે પ્રમાણે દરેક ૨૦૦ ગુણના એવા ૫ (પાંચ) પ્રશ્નપત્રો અને ૧૦૦ ગુણના ઈન્ટરવ્યુ ટેસ્ટ (રુબરુ મુલાકાત કસોટી)ની રહેશે:–

૧.	**પ્રશ્નપત્ર ૧**	ગુજરાતી	૨૦૦ ગુણ	૩ કલાક
૨.	**પ્રશ્નપત્ર ૨**	અંગ્રેજી	૨૦૦ ગુણ	૩ કલાક
૩.	**પ્રશ્નપત્ર ૩**	સામાન્ય અભ્યાસ	૨૦૦ ગુણ	૩ કલાક
૪.	**પ્રશ્નપત્ર ૪**	કાયદા	૨૦૦ ગુણ	૩ કલાક

૧. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩

૨. ભારતનો ફોજદારી અધિનિયમ, ૧૮૬૦.

૩. દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮

૪. મિલકત તબદીલી અધિનિયમ, ૧૮૮૨

૫. કાયદાશાસ્ત્ર

INDEX

૬. મજૂર કાયદો

૭. કાયદાકીય મુસદ્દા–લેખન.

૫. **પ્રશ્નપત્ર ૫** ભારતનું સંવિધાન ૨૦૦ ગુણ ૩ કલાક

નોંધઃ

૧. ગુજરાતી પ્રશ્નપત્રનું ધોરણ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના, બારમા ધોરણના ગુજરાતી વિષય (ઉચ્ચતર સ્તર)ને સમકક્ષ રહેશે.

૨. અંગ્રેજી પ્રશ્નપત્રનું ધોરણ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના, બારમા ધોરણના અંગ્રેજી વિષય (નિમ્ન સ્તર)ને સમકક્ષ રહેશે.

૩. સામાન્ય અભ્યાસ પ્રશ્નપત્ર અને અન્ય વિષયોનું ધોરણ પદવી કક્ષાનું રહેશે.

૪. અંધ ઉમેદવારોને દરેક પ્રશ્નપત્ર માટે ત્રીસ મિનિટનો વધારાનો સમય આપી શકાશે.

૫. પરીક્ષાના પ્રશ્નપત્રો વર્ણનાત્મક પ્રકારના રહેશે.

૬. પ્રશ્નપત્ર ૧, ૨ અને ૩નો અભ્યાસક્રમ, આયોગ ઠરાવે અને જાહેર કરે તેવો રહેશે.

૬. **ઈન્ટરવ્યુ ટેસ્ટ (રુબરુ મુલાકાત કસોટી)** ૧૦૦ ગુણ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વિદ્યુત પંડ્યા,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 290

©

वार्षिक लवाजमनो दर रु. ३५००/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, SEPTEMBER 21, 2016/BHADRA 30, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૨જી જુલાઈ, ૨૦૧૬ના ગુજરાત સરકારના **આદિજાતિ વિકાસ વિભાગના** સરકારી જાહેરનામા **ક્રમાંક : એમકેએમ-૨૦૧૪-૧૦૮૨-ખ.નો** ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

The Deputy Commissioner, Class I, in the Commissionerate of Tribal Development, Recruitment Rules, 2016.

આદિજાતિ વિકાસ કમિશનરની કચેરીમાં, નાયબ કમિશનર, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

આદિજાતિ વિકાસ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨જી જુલાઈ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ એમકેએમ-૨૦૧૪-૧૦૮૨-ખ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, આદિજાતિ વિકાસ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ કમિશનર, વર્ગ ૧ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો, આદિજાતિ વિકાસ કમિશનરની કચેરીમાં, નાયબ કમિશનર, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. આદિજાતિ વિકાસ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, નાયબ કમિશનર,વર્ગ ૧ની જગા પરની નિમણૂક, જેણે,-

(ક) (૧) આદિજાતિ વિકાસ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ કમિશનર, વર્ગ ૧ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં નિયત કર્યા પ્રમાણે, વિચારણાના ક્ષેત્રમાં બઢતી માટે યોગ્ય જણાતી ‘‘ખૂબ સારા"-નો આધારચિહ્ન ધરાવતી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) ગુજરાત રાજ્યની સામાન્ય રાજ્ય સેવાના વર્ગ, ૧ના સંવર્ગની સમકક્ષ જગા ઉપર કામ કરતી વ્યક્તિઓમાંથી પ્રતિનિયુક્તિના ધોરણે હંગામી બદલીથી કરવી જોઈશે..

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વિદ્યુત પંડ્યા,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 291

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, SEPTEMBER 22, 2016/BHADRA 31, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શ્રમ અને રોજગાર વિભાગ-ના તારીખ : ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૬ના** સરકારી **જાહેરનામા ક્રમાંક : જીએચઆર/૨૦૧૬/૧૫૮/એલબીએલ/૧૯૨૦૧૬/૮૨૩૫૮(૬)** /એમ-૩. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Contract Labour (Regulation and Abolition) Act, 1970.

કોન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ હેઠળ

જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૬.

કોન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦.

ક્રમાંક : જીએચઆર/૨૦૧૬/૧૫૮/એલબીએલ/૧૯૨૦૧૬/૮૨૩૫૮(૬)/એમ-૩ :- ગુજરાત રાજ્યને લાગુ પડતા કોન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ (સન ૧૯૭૦ના ૩૭મા)ની કલમ ૨૫ ક-થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નિર્દિષ્ટ કરે છે કે સદરહુ અધિનિયમની કલમ ૨૨ની પેટા-કલમ (૧) અને (૨) અને કલમ ૨૪ હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુનાની, ફોજદારી કાર્યવાહી શરૂ થતાં પહેલાં અથવા તે પછી, ગુનેગાર (અપરાધી) દ્વારા અરજી કર્યેથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૫)માં નિર્દિષ્ટ કરેલા અધિકારી દ્વારા, પોતાના હકૂમતના વિસ્તારો માટે, સદરહુ અનુસૂચિના કોલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ઉપર્યુક્ત કલમો હેઠળ શિક્ષાપાત્ર ગુનાના સંબંધમાં, સદરહુ અનુસૂચિના કોલમ (૩)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે સંસ્થામાં કામે રાખેલા કર્મચારીઓની સંખ્યાના પ્રમાણમાં, કોલમ (૪)માં નિર્દિષ્ટ કરેલી રકમ સુધીની માંડવાળ કરી શકશે.

અનુસૂચિ

અનુ-ક્રમાંક	કલમ	સંસ્થામાં કામે રાખેલા કર્મચારીઓની સંખ્યા	વધુમાં વધુ રકમ રૂા.	ગુનાની માંડવાળ કરવા માટેના અધિકારીઓ / સત્તાધિકારીઓ	મર્યાદાનો વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬
૧.	૨૨(૧), ૨૨(૨) અને ૨૪	૧ થી ૫૦	૭,૦૦૦/-	મદદનીશ મજૂર કમિશનર	તેમની સંબંધિત હકૂમતની અંદર
		૫૧ થી ૧૦૦	૧૦,૦૦૦/-	ઉપર મુજબ	ઉપર મુજબ
		૧૦૧ થી ૫૦૦	૧૫,૦૦૦/-	નાયબ મજૂર કમિશનર, અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ.	ઉપર મુજબ
		૫૦૦ થી વધુ	૨૦,૦૦૦/-	ઉપર મુજબ	ઉપર મુજબ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એચ. વસાવા,
સરકારના નાયબ સચિવ.

INDEX

એનેક્ષર-ક

કોન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ હેઠળ ગુનાની માંડવાળ કરવા માટેનું અરજીપત્ર

પ્રતિ,

વિષય - કોન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ હેઠળ ગુનાની માંડવાળ કરવા બાબત

શ્રીમાન,

કોન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ની કલમ ૨૫કની પેટા-કલમ (૧) હેઠળ ઠરાવ્યા પ્રમાણે

૧. હું / અમે, આથી, નીચેની કલમો હેઠળના શિક્ષાપાત્ર ગુનાની માંડવાળ કરવા માટે અરજી કરું / કરીએ છીએ. (સંબંધિત કલમ સામે (✓) કરો)

( ) કલમ ૨૨(૧)
( ) કલમ ૨૨(૨)
( ) કલમ ૨૪

૨. સદરહુ ગુના માટે, નિરીક્ષણ સત્તાધિકારી .... (નામ), ... (હોદ્દો), ... (જિલ્લો)-એ, તારીખ:.............................ના રોજ કાનૂની નોટિસ કાઢેલ છે અને કહેવાતા ગુના અંગેની પૂર્તતા કરવા માટેની ૨૧ દિવસની નિયત મુદત પૂરી થઈ ગયેલ છે.

નીચેના (ક) અથવા (ખ)માંથી લાગુ પડતું હોય તેની સામે (✓) કરો.

(ક) હું / અમે, નિયત મુદતની અંદર કહેવાતા ગુના અંગેની પૂર્તતા કરી શકેલ ન હોવાથી, હું / અમે, આથી, ગુનાની માંડવાળ કરવા માટે અરજી કરું / કરીએ છીએ.

(ખ) હું / અમે, કહેવાતા ગુના અંગેની પૂર્તતા કરી શકેલ ન હોવાથી અને અમારી સામે ફોજદારી કાર્યવાહી દાખલ કરી હોવાથી અને તે હાલમાં ફર્સ્ટ ક્લાસ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ અનિર્ણિત હોવાથી, હું / અમે, આથી, ગુનાની માંડવાળ કરવા માટે અરજી કરું / કરીએ છીએ.

૩. હું / અમે, આથી, ગુનાની માંડવાળ કરવા અંગેના હુકમની તારીખથી ૨૧ દિવસની અંદર, કોન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ની કલમ ૨૫-કમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની નિયત રકમ ભરવાની બાંયધરી આપું છું / આપીએ છીએ.

૪. હું / અમે, આથી, જાહેર કરું છું / કરીએ છીએ કે અમારી સંસ્થા / અન્ડરટેકિંગ-એ, કોન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ હેઠળ ગુનાની માંડવાળ કરવા માટે અરજી કરેલ છે. તમામ સંબંધિત વિગતો, આ સાથે જોડેલા ઠરાવેલા એનેક્ષરમાં આપેલ છે. તેથી, કોન્ટ્રાક્ટ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ, ૧૯૭૦ની કલમ ૨૫-ક હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે ગુનાની માંડવાળ કરવા માટેની પરવાનગી આપવા વિનંતી.

તારીખ: આપનો વિશ્વાસુ,

સ્થળ: અરજદારની સહી અને તેનો હોદ્દો

....

(ત્રણ નકલમાં રજૂ કરવું)

૧. સંસ્થા / અન્ડરટેકિંગનું નામ:

ઈમેઈલ સહિત સરનામું:

લેન્ડલાઈન ટેલિફોન અને મોબાઈલ નંબર:

૨. અરજદારનું નામ અને તેનો હોદો:

૩. કામે રાખેલા કામદારોની કુલ સંખ્યા:

૪. (૧) ગુનાનો પ્રકાર અને અધિનિયમની જે કલમ હેઠળ સદરહુ ગુનો શિક્ષાપાત્ર હોય તે કલમ:

(૨) ગુનાથી અસર પામેલ કામદારો, હોય તો, તેની સંખ્યા, નામ અને સરનામાં.

(જરૂર હોય, તો અલગ યાદી જોડો)

૫. (૧) સંસ્થા દ્વારા ગુનાની માંડવાળ કરવા માટેની અરજી પ્રથમ વખત કરવામાં આવી છે કે કેમ?

(૨) પ્રથમ વખત કરવામાં ન આવી હોય, તો અધિનિયમ હેઠળ ગુનાની માંડવાળ કરવા માટેના અગાઉના હુકમની વિગતો.

૬. અન્ડરટેકિંગના કામનો પ્રકાર.

૭. ઈન્સ્ટોલ્ડ કેપેસિટિ, લાઈસન્સ્ડ કેપેસિટિ અને યુટિલાઈઝ્ડ કેપેસિટિને લગતી વિગતો.

૮. ગુનો કર્યાની તારીખ:

(૧) વારંવાર કરવામાં આવેલ ગુનો છે કે કેમ?

(૨) ફોજદારી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે કેમ?

(૩) જો એમ હોય, તો ફોજદારી કાર્યવાહીની વિગતો, કોર્ટનું નામ, કોર્ટ કેસ નંબર અને (કેસ) દાખલ કર્યાની તારીખ.

(૪) માલિક દ્વારા ગુના અંગેની પૂર્તતા કરવામાં આવેલ છે કે કેમ?

(૫) પૂર્તતા અંગેની વિગતો.

૯. તેની વિગતો અંગેનું કોઈ સંબંધિત કારણ (પરિબળ) હોય તો તે જણાવો.

તારીખ: આપનો વિશ્વાસુ,

સ્થળ: અરજદારની સહી અને તેનો હોદો

....

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 292

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, SEPTEMBER 22, 2016/BHADRA 31, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **તારીખ : ૧૧મી જુલાઈ, ૨૦૧૬**ના ગુજરાત સરકારના **કાયદા વિભાગ**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીકે-૩૧-૨૦૧૬-સીસીએ-૧૦૨૦૧૪-૧૧૬૧-ડી.**નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૧૧મી જુલાઇ, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ, અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક.જીકે/૩૧/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી:- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમ ૪ની પેટા-કલમ (૧), કલમ ૫ની પેટા-કલમ (૧) અને કલમ ૭ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ અને જિલ્લા કોર્ટ, સાબરકાંઠા-ને સંબંધિત હોય તેટલે સુધી, આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના જુલાઇ મહિનાની ૧૭મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, આ જોડેલી અનુસૂચિના કોલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, જિલ્લા કોર્ટોની સ્થાપના કરે છે અને તે દરેકની સામે કોલમ (૩)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, તેમના સદર મથક નક્કી કરે છે અને સદરહુ અનુસૂચિના કોલમ (૪)માં, દરેક જિલ્લા કોર્ટની તાબાની દીવાની કોર્ટો નીચે પ્રમાણે નિર્દિષ્ટ કરે છે:-

અનુસૂચિ

અનુ-ક્રમાંક	જિલ્લા કોર્ટનું નામ	સદર મથક	તાબાની કોર્ટ	
(૧)	(૨)	(૩)	(૪)	
૧.	હિંમતનગર, ઇડર, ખેડબ્રહ્મા, વડાલી, વિજયનગર, પ્રાંતિજ, તલોદ અને પોશીના તાલુકા ધરાવતા સાબરકાંઠાના મહેસૂલી જિલ્લાની બનેલી જિલ્લા જજની કોર્ટ, સાબરકાંઠા.	હિંમતનગર	(૧)	મુખ્ય સિનિયર દીવાની જજની કોર્ટ, હિંમતનગર.
			(૨)	મુખ્ય સિનિયર દીવાની જજની કોર્ટ, ઇડર.
			(૩)	મુખ્ય દીવાની જજની કોર્ટ, ખેડબ્રહ્મા.
			(૪)	મુખ્ય દીવાની જજની કોર્ટ, વડાલી.
			(૫)	મુખ્ય દીવાની જજની કોર્ટ, વિજયનગર.
			(૬)	મુખ્ય દીવાની જજની કોર્ટ, પ્રાંતિજ.
			(૭)	મુખ્ય દીવાની જજની કોર્ટ, તલોદ.
			(૮)	મુખ્ય દીવાની જજની કોર્ટ, પોશીના.
૨.	મોડાસા, ભીલોડા, મેઘરજ, માલપુર, ધનસુરા અને બાયડ તાલુકા ધરાવતા અરવલ્લીના મહેસૂલી જિલ્લાની બનેલી જિલ્લા જજની કોર્ટ, અરવલ્લી.	મોડાસા	(૧)	મુખ્ય સિનિયર દીવાની જજની કોર્ટ, મોડાસા.
			(૨)	મુખ્ય સિનિયર દીવાની જજની કોર્ટ, ભીલોડા.
			(૩)	મુખ્ય દીવાની જજની કોર્ટ, મેઘરજ.
			(૪)	મુખ્ય દીવાની જજની કોર્ટ, માલપુર.
			(૫)	મુખ્ય દીવાની જજની કોર્ટ, ધનસુરા.
			(૬)	મુખ્ય દીવાની જજની કોર્ટ, બાયડ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી. શાહ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 293

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, SEPTEMBER 23, 2016/ASVINA 1, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ **વિભાગના** તારીખ : **૧૫મી ફેબ્રુઆરી,** ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : **જીજી/૧૭/એસબી-૧/કેએવી/૧૦૨૦૧૫/૧૪૬૧૨-** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Gujarat Private Security Agencies Rules, 2007.

ગુજરાત ખાનગી સલામતી એજન્સી નિયમો, ૨૦૦૭ સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬.

ખાનગી સલામતી એજન્સી (નિયમન) અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંકઃ જીજી/૧૭/એસબી-૧/કેએવી/૧૦૨૦૧૫/૧૪૬૧૨ઃ- ખાનગી સલામતી એજન્સી (નિયમન) અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ૨૯મા)ની કલમ ૧૧ સાથે વાંચતા, કલમ ૨૫ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત ખાનગી સલામતી એજન્સી નિયમો, ૨૦૦૭ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત ખાનગી સલામતી એજન્સી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત ખાનગી સલામતી એજન્સી નિયમો, ૨૦૦૭માં, વિદ્યમાન નમૂના ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ને બદલે, અનુક્રમે નીચેના નમૂના મૂકવાઃ-

નમૂનો-૧

(જુઓ નિયમ ૩(૧))

અરજદારના પૂર્વ-ઈતિહાસની ખરાઈ કરવા માટેનું પત્રક

રાજપત્રિત અધિકારીએ પ્રમાણિત કરેલો પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટોગ્રાફ.

અરજદારના અંગૂઠાની છાપ.....................................

અરજદારની સહી...

ફક્ત કચેરીના ઉપયોગ માટે		
નમૂના ક્રમાંક.	પોલીસ ખરાઈ માટે જેને મોકલવામાં આવેલ હોય તે પોલીસ સ્ટેશનનું નામ.	તારીખ.

ફીની રકમ રૂા............................... ડી.ડી./બેંકનો ચેક નંબર.......................................

બેંકનું નામ................................. સ્થળ..

કાઢી આપ્યા તારીખ......................

INDEX

નમૂનો ભરતા પહેલાં સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી જવા વિનંતી. માહિતી બ્લોક લેટર્સમાં ભરવી. (ચેતવણીઃ કૃપા કરી ખરી માહિતી આપો. પત્રકમાં ખોટી માહિતી આપવી અથવા હકીકતલક્ષી કોઇ જાણકારી છુપાવવી એ ઉમેદવારને લાઇસન્સ આપવા માટે ગેરલાયક ઠરાવશે)

૧. અરજદારનું નામ (માત્ર આદ્યાક્ષર માન્ય નથી)
અટક.......................... નામ..

૨. તમે કયારેય તમારું નામ બદલ્યું હોય, તો અગાઉનું નામ/નામો પૂરેપૂરા દર્શાવો.
....

૩. જાતિ (પૂરુષ/ સ્ત્રી)...................................

૪. જન્મતારીખ...

૫. જન્મસ્થળ: ગામ/નગર...
જિલ્લો...............................રાજ્ય અને દેશ...

૬. પિતાનું પૂરું નામ / કાયદેસરના વાલીનું પૂરું નામ (અટક, હોય તો, તેની સાથે):(માત્ર આદ્યાક્ષર માન્ય નથી)
....

૭. માતાનું પૂરું નામ (અટક, હોય તો, તેની સાથે): (માત્ર આદ્યાક્ષર માન્ય નથી)
....

૮. લગ્ન કરેલા હોય, તો જીવનસાથીનું પૂરું નામ (અટક, હોય તો, તેની સાથે) : (માત્ર આદ્યાક્ષર માન્ય નથી)
....

૯. શેરી નંબર / પોલીસ સ્ટેશન, ગામ અને જિલ્લા સહિત હાલના રહેઠાણનું સરનામું (પીનકોડ સાથે):
....
....

(૧) ટેલિફોન નંબર .... (૨) મોબાઇલ નંબર ....

(૩) ઈમેઈલ .... (૪) વેબસાઈટ ....

(૫) આધાર કાર્ડ નંબર .... (૬) પાન કાર્ડ નંબર ....

INDEX

૧૦. ઉપર્યુક્ત સરનામે ક્યારથી રહો છો તે તારીખ જણાવો.
સરનામું જણાવો : તારીખ/મહિનો/વર્ષ

....

૧૧. શેરી નંબર / પોલીસ સ્ટેશન, ગામ અને જિલ્લા સહિત કાયમી સરનામું (પીનકોડ સાથે):

....

૧૨. તમે કોલમ (૯)માં આપેલા સરનામે છેલ્લા પાંચ વર્ષથી વસવાટ કર્યો ન હોય, તો વસવાટના સમયગાળા સહિત બીજું સરનામું (સરનામાં) પૂરા પાડવા. તમારે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન વસવાટની દરેક વધારાની જગા માટે આ નમૂનાની વધારાની ફોટો નકલો પૂરી પાડવી જોઈશે. નમૂનાની ફોટો નકલો હોઈ શકે છે, પણ દરેક નમૂના પર ફોટોગ્રાફ અને મૂળ સહી જરુરી છે.
......................થી ....સુધી ....થી ....સુધી

....

....

૧૩. વિદેશમાં વસવાટના કિસ્સામાં, એકવીસ વર્ષની ઉંમર થયા બાદ એક વર્ષથી વધુ સમય માટે તમે જ્યાં વસવાટ કર્યો હોય તે તમામ સ્થળોની વિગતો:

....

....

....

૧૪. બીજી વિગતો :

(ક) શૈક્ષણિક લાયકાત : ....

(ખ) કામે રાખનારના નામ અને સરનામા સાથે અગાઉ કોઈ હોદ્દા ધરાવ્યા હોય, તો

તે : ....

....

(ગ) છેલ્લી નોકરી છોડવા માટેનું કારણ: ....

(ઘ) દેખાઈ આવે તેવું ઓળખ-ચિહ્ન : ....

૧૫. તમે અગાઉ કોઈ ખાનગી સલામતી એજન્સીનું સંચાલન કર્યુ હતું અથવા તેના ભાગીદાર, મુખ્ય શેરહોલ્ડર અથવા નિયામક હતા? જો હા, તો એજન્સીનું નામ, સરનામું અને તેના લાઈસન્સની વિગતો જણાવો:

....

....

૧૬. તમે જન્મ / કુળ (વંશ) / નોંધણી / નાગરિકીકરણથી ભારતના નાગરિક છો?
જો તમે બીજી કોઇ નાગરિકતા ધરાવી હોય, તો અગાઉની નાગરિકતા જણાવવી.

....

૧૭. તમને કોઇ ફોજદારી ગુના માટે ભારતની કોર્ટમાં કોઇપણ સમયે દોષિત ઠરાવવામાં આવ્યા છે અને કેદની સજા કરવામાં આવી છે? જો તેમ હોય, તો કોર્ટનું નામ, કેસ નંબર અને ગુનો જણાવો. (ચુકાદાની નકલ જોડવી)

....

૧૮. ભારતની કોર્ટ સમક્ષ તમારી સામે કોઇપણ ફોજદારી કાર્યવાહી અનિર્ણિત છે? જો તેમ હોય તો કોર્ટનું નામ, કેસ નંબર અને ગુનો જણાવો :

....

....

૧૯. સ્વયં એકરારઃ
આ નમૂનામાં મેં આપેલી વિગતો અને બિડાણ સાચાં અને ખરાં છે અને હું તેની ચોકસાઇ માટે સંપૂર્ણપણે જવાબદાર છું.

(અરજદારની સહી / અંગૂઠાની છાપ)

તારીખઃ ....
સ્થળઃ.............................

૨૦. બિડાણઃ

....

....

....

(અરજદારની સહી / અંગૂઠાની છાપ)

(પુરુષ હોય તો ડાબા હાથના અંગૂઠાની છાપ અને સ્ત્રી હોય તો જમણા હાથના અંગૂઠાની છાપ)

ફક્ત કચેરીના ઉપયોગ માટે

ફાઇલ નંબરઃ.....................................

ચારિત્ર્ય અને પૂર્વ-ઈતિહાસનો રિપોર્ટ કાઢી આપ્યાની તારીખ ....

(પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવતા અધિકારીની સહી)

પોલીસ સ્ટેશનનું નામ...
જિલ્લાનું નામ...

* નોંધઃ લાગુ ન પડતું હોય તે છેકી નાંખવું.

INDEX

નમૂનો ૨

(જુઓ નિયમ ૪)

સલામતી રક્ષક અને નિરીક્ષકના ચારિત્ર્ય અને પૂર્વ-ઈતિહાસની ખરાઈ કરવા માટેનું પત્રક

રાજપત્રિત અધિકારીએ પ્રમાણિત કરેલો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ

અરજદારના અંગૂઠાની છાપ.......................................

અરજદારની સહી...

ફક્ત કચેરીના ઉપયોગ માટે		
નમૂના ક્રમાંક.	પોલીસ ખરાઈ માટે જેને મોકલવામાં આવેલ હોય તે પોલીસ સ્ટેશનનું નામ.	તારીખ.

ફીની રકમ રૂા............................... ડી.ડી./બેંક ચેક નંબર ....

બેંકનું નામ.................................... સ્થળ ....

કાઢી આપ્યા તારીખ......................

નમૂનો ભરતા પહેલાં સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી જવા વિનંતી. માહિતી બ્લોક લેટર્સમાં ભરવી: (ચેતવણી: કૃપા કરી ખરી માહિતી આપો. પત્રકમાં ખોટી માહિતી આપવી અથવા હકીકતલક્ષી કોઈ જાણકારી છુપાવવી એ ઉમેદવારને ખાનગી સલામતી એજન્સીમાં કામે રાખવા/જોડાવા માટે ગેરલાયક ઠરાવશે.)

૧. ફોટો-ઓળખપત્રમાં દર્શાવવાનું હોય તે પ્રમાણે અરજદારનું નામ (માત્ર આદ્યાક્ષર માન્ય નથી)
અટક.......................... નામ..

૨. તમે કયારેય તમારું નામ બદલ્યું હોય, તો અગાઉના પૂરેપૂરા નામ (નામો) દર્શાવો.
....

૩. જાતિ (પુરુષ/ સ્ત્રી) ....

૪. જન્મતારીખ ....

૫. જન્મસ્થળ: ગામ / નગર ....
જિલ્લો................................ રાજ્ય અને દેશ ....

INDEX

૬. પિતાનું પૂરું નામ/ કાયદેસરના વાલીનું પૂરું નામ (અટક, હોય તો, તેની સાથે) : (માત્ર આદ્યાક્ષર માન્ય નથી)

....

૭. માતાનું પૂરું નામ (અટક, હોય તો, તેની સાથે) : (માત્ર આદ્યાક્ષર માન્ય નથી)

....

૮. લગ્ન કરેલા હોય, તો જીવનસાથીનું પૂરું નામ (અટક, હોય તો, તેની સાથે) : (માત્ર આદ્યાક્ષર માન્ય નથી)

....

૯. શેરી નંબર / પોલીસ સ્ટેશન, ગામ અને જિલ્લા સહિત હાલના રહેઠાણનું સરનામું (પીનકોડ સાથે):

....

....

(ક) ટેલિફોન નંબર .... (ખ) મોબાઈલ નંબર ....
(ગ) ઈમેઈલ આઈડી ....

૧૦. ઉપર્યુકત સરનામે કયારથી રહો છો તે તારીખ જણાવો.
સરનામું જણાવો: તારીખ/મહિનો/વર્ષ

....

૧૧. શેરી નંબર / પોલીસ સ્ટેશન, ગામ અને જિલ્લા સહિત કાયમી સરનામું (પીનકોડ સાથે):

....

૧૨. તમે કોલમ (૯)માં આપેલા સરનામે છેલ્લા પાંચ વર્ષથી વસવાટ કર્યો ન હોય, તો વસવાટના સમયગાળા સહિત બીજું સરનામું (સરનામાં) પૂરા પાડવા. તમારે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન વસવાટની દરેક વધારાની જગા માટે આ નમૂનાની વધારાની ફોટો નકલો પૂરી પાડવી જોઈશે. નમૂનાની ફોટો નકલો હોઈ શકે છે, પણ દરેક નમૂના પર ફોટોગ્રાફ અને મૂળ સહી જરુરી છે.

.......................થી ....સુધી ....થી ....સુધી

....

....

૧૩. વિદેશમાં વસવાટના કિસ્સામાં, એકવીસ વર્ષની ઉંમર થયા બાદ એક વર્ષથી વધુ સમય માટે તમે જ્યાં વસવાટ કર્યો હોય તે તમામ સ્થળોની વિગતો:

....

....

....

૧૪. બીજી વિગતો :

(ક) શૈક્ષણિક લાયકાત : ....

(ખ) કામે રાખનારના નામ અને સરનામા સાથે અગાઉ કોઇ હોદ્દા ધરાવ્યા હોય, તો

તે : ....

....

(ગ) છેલ્લી નોકરી છોડવા માટેનું કારણ: ....

(ઘ) દેખાઇ આવે તેવું ઓળખ-ચિહ્ન : ....

૧૫. તમે કેન્દ્ર સરકાર / રાજ્ય સરકાર / જાહેર ક્ષેત્રના અંડરટેકિંગ / વૈધાનિક મંડળમાં કામ કરી રહયા છો? હા/ના

....

....

૧૬. તમે જન્મ / કુળ (વંશ) / નોંધણી / નાગરિકીકરણથી ભારતના નાગરિક છો?
જો તમે બીજી કોઇ નાગરિકતા ધરાવી હોય, તો અગાઉની નાગરિકતા જણાવવી.

....

૧૭. તમને કોઇ ફોજદારી ગુના માટે ભારતની કોર્ટમાં કોઇપણ સમયે દોષિત ઠરાવવામાં આવ્યા છે અને કેદની સજા કરવામાં આવી છે? જો તેમ હોય, તો કોર્ટનું નામ, કેસ નંબર અને ગુનો જણાવો. (ચુકાદાની નકલ જોડવી)

....

૧૮. તમારી સામે ભારતની કોર્ટમાં કોઇ ફોજદારી કાર્યવાહી અનિર્ણિત છે? જો તેમ હોય, તો કોર્ટનું નામ/ કેસ નંબર અને ગુનો જણાવો:

....

૧૯. કોઇ કોર્ટે હાજર થવા માટે વોરંટ અથવા સમન્સ અથવા ધરપકડ માટે વોરંટ અથવા ભારતમાંથી તમારા પ્રસ્થાનની મનાઇ કરતો હુકમ આપ્યો છે? જો તેમ હોય, તો કોર્ટનું નામ, કેસ નંબર અને ગુનો જણાવો:

....

....

૨૦. સ્વયં એકરારઃ

આ નમૂનામાં મેં આપેલી વિગતો અને બિડાણ સાચાં અને ખરાં છે અને હું તેની ચોકસાઈ માટે સંપૂર્ણપણે જવાબદાર છું.

(અરજદારની સહી / અંગૂઠાની છાપ)

(પુરુષ હોય તો ડાબા હાથના અંગૂઠાની છાપ અને સ્ત્રી હોય તો જમણા હાથના અંગૂઠાની છાપ)

તારીખઃ ....

સ્થળઃ ....

૨૧. મૃત્યુ અથવા અકસ્માતના કિસ્સામાં જે વ્યકિતને જાણ કરવાની હોય તેની વિગતોઃ

નામઃ..

સરનામુંઃ..

(ક) મોબાઈલ .... (ખ) ટેલિફોન નંબર ....

૨૨. બિડાણોઃ

....

....

....

(અરજદારની સહી / અંગૂઠાનું નિશાન)

<u>માત્ર કચેરીના ઉપયોગ માટે</u>

ફાઈલ નંઃ...

ચારિત્ર્ય અને પૂર્વ-ઈતિહાસનો રિપોર્ટ કાઢી આપ્યાની તારીખ ....

(પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવતા અધિકારીની સહી)

પોલીસ સ્ટેશનનું નામ......................................

જિલ્લાનું નામ..

* નોંધઃ લાગુ પડતી ન હોય તેવી નોંધો રદ કરવી.

INDEX

નમૂનો-૩

(જુઓ નિયમ ૪(૧૦))

ચારિત્ર્ય અને પૂર્વ-ઈતિહાસનું પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રીમાન/સુશ્રી ...., ... ના પુત્ર / પુત્રી જેની વિગતો નીચે આપવામાં આવી છે તે સારું નૈતિક ચારિત્ર્ય અને પ્રતિષ્ઠા ધરાવે છે અને અરજદાર છેલ્લા એક વર્ષથી સળંગ નીચેના સરનામે વસવાટ કરી રહ્યો છે.

જન્મતારીખ:

જન્મસ્થળ:

શૈક્ષણિક લાયકાત:

વ્યવસાય:

હાલનું સરનામું:

કાયમી સરનામું:

મોબાઈલ નંબર:

ઈમેઈલ:

(પ્રમાણપત્ર) કાઢી આપનાર
સત્તાધિકારીની સહી
નામ:
હોદ્દો:
સરનામું
ટેલિફોન નંબર:
મોબાઈલ નંબર:

સ્થળ:

તારીખ:

નમૂનો-૪
(જુઓ નિયમ ૫(૩))
તાલીમ પ્રમાણપત્ર.

અનુક્રમાંક

તાલીમ એજન્સીનું નામ

તાલીમ એજન્સીનું સરનામું

લાઈસન્સ નંબર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રીમાન/કુમારી/શ્રીમતી .... ના પુત્ર / પુત્રી .... ના રહેવાસીએ ....થી ....સુધી ખાનગી સલામતી રક્ષક તરીકે કામ કરવા અથવા નોકરી માટની ઠરાવેલી તાલીમ પૂર્ણ કરી છે.

તેની સહી નીચે પ્રમાણિત કરેલી છે.

પ્રમાણપત્ર ધરાવનારની સહી

(પ્રમાણપત્ર) કાઢી આપનાર

સત્તાધિકારીની સહી

હોદો

સ્થળ:

તારીખ:

નમૂનો-૫

(જુઓ નિયમ ૮(૧))

ખાનગી સલામતી એજન્સીનું કામકાજ કરવા માટેના નવા લાઈસન્સ માટેની / લાઈસન્સ તાજું કરવા માટેની અરજી

પ્રતિ

નિયંત્રક સત્તાધિકારી,

____

____

નીચે સહી કરનાર, આથી, ખાનગી સલામતી એજન્સીના ક્ષેત્રમાં સેવાઓ આપવાનું કામકાજ કરવા માટેનું લાઈસન્સ મેળવવા માટે અરજી કરે છે.

૧. અરજદારનું પૂરું નામ:

૨. કોના પુત્ર/પત્ની/પુત્રી છે?

૩. અરજદારની રાષ્ટ્રીયતા:

૪. રહેઠાણનું સરનામું:

૫. અરજદાર જ્યાં પોતાની એજન્સી ચાલુ કરવા ઈચ્છતા હોય તેનું સરનામું:

....

ઈમેઈલ .... વેબ એડ્રેસ ....

૬. ખાનગી સલામતી એજન્સીનું નામ:

૭. એજન્સીના માલિક, ભાગીદાર, અધિકાંશ શેરહોલ્ડર, ડિરેક્ટર અને ચેરમેનના નામ અને સરનામા:

ઈમેઈલ .... મોબાઈલ નંબર ....

૮. ઉપલબ્ધ સવલતોનું નામ અને પ્રમાણ:

....

૯. પ્રશિક્ષણ (તાલીમ) આપવા માટે રોકાયેલા સ્ટાફની લાયકાત:

નામ ______________

ઉંમર ______________

હોદ્દો ______________

INDEX

૧૦. સલામતી સેવાઓ માટે જેનો ઉપયોગ કરવામાં આવશે તે સાધનસામગ્રી

(ક) ડોર ફ્રેમ્ડ મેટલ ડિટેક્ટર (ડીએફએમડી)

(ખ) હેન્ડ હેલ્ડ મેટલ ડિટેક્ટર (એચએચએમડી)

(ગ) માઈન ડિટેક્ટર

(ઘ) અન્ય ડિટેક્ટર્સ

(૧) વાયરલેસ (બિન-તારી) ટેલિફોન

(૨) એલાર્મ ડિવાઈસીસ (ભય-સંકેતના સાધનો)

(૩) આર્મર્ડ (કવચયુક્ત) વાહનો

(૪) શસ્ત્રો

(ચ) સીસી ટીવી કેમેરા

૧૧. અરજદાર એજન્સીના ખાનગી સલામતી રક્ષકો અને નિરીક્ષકો (સુપરવાઈઝર) માટે કોઈ ગણવેશ વાપરવાનો ઈરાદો રાખતા હોય તેવા કિસ્સામાં રંગ સહિત ગણવેશની વિગતોઃ

૧૨. અરજદાર એકથી વધારે જિલ્લામાં કામગીરી બજાવવાનો ઈરાદો રાખે છે? જો એમ હોય, તો જિલ્લાઓના નામઃ

૧. __________ ૨. ___________ ૩. ___________ ૪. ___________

૧૩. અરજદાર સમગ્ર રાજ્યમાં કામગીરી બજાવવાનો ઈરાદો રાખે છે?

૧૪. અરજદાર તેની પોતાની તાલીમ સવલતો ધરાવે છે કે તે બહારના સ્રોત પાસેથી મેળવશે? તાલીમ સવલતોના નામ અને સરનામાં પૂરા પાડવા.

સહી.

અરજદારનું નામ.

અરજદારનું સરનામું.

....

....

અરજદારનો ટેલિફોન નંબર (ક) મોબાઈલ .... (ખ) ટેલિફોન નંબર ....

અરજીની તારીખઃ ....

બિડાણઃ

૧. ચાલુ આવકવેરા ચૂકતે પ્રમાણપત્રની નકલ.

૨. અધિનિયમની કલમ ૭ની પેટા-કલમ (૨)માં ઠરાવ્યા પ્રમાણેનું સોગંદનામું.

૩. અન્ય બિડાણો.

નમૂનો-૬

(જુઓ નિયમ ૯(૧))

કચેરીનું નામ

ખાનગી સલામતી એજન્સીનું કામકાજ કરવા માટેનું લાઈસન્સ

અનુક્રમાંક ____________

તારીખ ____________

શ્રી ________________ (અરજદારનું નામ), ________________ના પુત્ર, ________________ (પૂરું સરનામું) ના રહેવાસી-ને ________________ રાજ્યના ____________ જિલ્લા (જિલ્લાઓ) (લાગુ ન પડતા શબ્દો છેકી નાખો)માં ખાનગી સલામતી એજન્સીનું કામકાજ કરવા માટે ____________ રાજ્યના નિયંત્રક અધિકારી દ્વારા લાઈસન્સ આપવામાં આવેલ છે, જેની (તે એજન્સીની) કચેરી ____________ (કચેરીનું સરનામું) ખાતે રહેશે.

લાઈસન્સ કાઢી આપ્યાનું સ્થળ ____________

લાઈસન્સ કાઢી આપ્યા તારીખ ____________

આ લાઈસન્સ ____________ સુધી માન્ય ગણાશે.

સહી

લાઈસન્સ આપનાર સત્તાધિકારીનું નામ

હોદ્દો

કચેરીનું સરનામું

INDEX

નમૂનો-૭

(જુઓ નિયમ ૧૩(૧))

અપીલનો નમૂનો

ખાનગી સલામતી એજન્સી (નિયમન) અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ૨૯મા)ની
કલમ ૧૪ હેઠળની અપીલ

અપીલ કરનાર ______________

______________ના પુત્ર, ______________ના રહેવાસી

વિરુદ્ધ

નિયંત્રક સત્તાધિકારી / ______________

પ્રતિ
ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ / અંગત સચિવ / સચિવ,
ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

__________________ ખાનગી સલામતી એજન્સી ચલાવવાનું લાઈસન્સ આપવાનો ઈનકાર કરતા તારીખઃ ______________ના નિયંત્રક સત્તાધિકારીના હુકમની સામે આથી, અપીલ કરવામાં આવે છે અને ______________ ના હુકમ સામેના વાંધાના નીચેનાં કારણો દર્શાવે છે.

૧. ______________

૨. ______________

૩. ______________

૪. ______________

દસ્તાવેજોની યાદી આ સાથે બીડેલ છે.

સહી
અપીલ કરનારનું નામ અને હોદ્દો

તારીખઃ
સ્થળઃ

INDEX

નમૂનો-૮

(જુઓ નિયમ ૧૪)

વિગતોનું રજિસ્ટર

(ભાગ-૧ સંચાલક મંડળની વિગતો)

અનુક્રમાંક.	સંચાલન કરતી વ્યક્તિનું નામ (વ્યક્તિઓના નામ).	પિતાનું નામ.	હાલનું સરનામું અને ફોન નંબર.	કાયમી સરનામું.	રાષ્ટ્રીયતા.	એજન્સીમાં જોડાયાની/ એજન્સી છોડ્યાની તારીખ.

(ભાગ-૨ ખાનગી સલામતી રક્ષકો અને નિરીક્ષકો)

અનુ-ક્રમાંક.	નિરીક્ષકનું નામ.	પિતાનું નામ.	હાલનું સરનામું અને ફોન નંબર.	એજન્સીમાં જોડાયાની/ એજન્સી છોડ્યાની તારીખ.	કાયમી સરનામું.	ફોટોગ્રાફ.	બૅજ (બિલ્લા) નંબર.	મળતો પગાર.

(ભાગ-૩ ગ્રાહકો)

અનુ-ક્રમાંક.	ગ્રાહકનું નામ અને ફોન નંબર.	સલામતી પૂરી પાડવામાં આવી હોય તે સ્થળનું સરનામું.	પૂરા પાડવામાં આવેલા સલામતી રક્ષકોની સંખ્યા અને તેમના દરજ્જા.	સેવાઓના આરંભની તારીખ.	સેવાઓ બંધ કર્યાની તારીખ.

(ભાગ-૪ ફરજ રજિસ્ટર)

અનુ-ક્રમાંક.	ખાનગી સલામતી રક્ષક/નિરીક્ષકનું નામ.	ફરજના સ્થળનું સરનામું.	કોઈ શસ્ત્રો / દારૂગોળો / માહિતી પૂરી પાડવામાં આવેલ છે કે કેમ?	ફરજ શરૂ કર્યાની તારીખ અને સમય.	ફરજ પૂર્ણ કર્યાની તારીખ અને સમય.

નમૂનો ૯

(જુઓ નિયમ ૧૫(૧))

ખાનગી સલામતી રક્ષક / સુપરવાઈઝર (નિરીક્ષક) માટેનું ફોટો ઓળખપત્ર

(ખાનગી સલામતી એજન્સીનું નામ)

ઓળખપત્ર કાઢી આપનાર સત્તાધિકારીએ યોગ્ય રીતે પ્રમાણિત કરેલો ઓળખપત્ર ધરાવનારનો ફોટોગ્રાફ.

નામ: ____________________

સત્તાવાર હોદ્દો: ____________________

ઓળખ ક્રમાંક: ____________________

મોબાઈલ નંબર ____________________

ઈમેઈલ ____________________

ઓળખપત્ર કાઢી આપ્યાની તારીખ: ____________________

____________________ સુધી માન્ય ગણાશે

ઓળખપત્ર ધરાવનારની સહી: ____________________

ઓળખપત્ર કાઢી આપનાર
સત્તાધિકારીની સહી
સરકારી સીલ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વિજય બધેકા,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 294

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

સત્યમેવ જયતે

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, SEPTEMBER 27, 2016/ASVINA 5, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **સામાન્ય વહીવટ વિભાગ-ના તારીખ : ૧૮મી એપ્રિલ, ૨૦૧૬**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએસ/૩૦/૨૦૧૬/કભય/૧૦૨૦૧૪/૮૭/જી-૪**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Gujarat Non-Secretariat Clerks, Class III, (Training and Examination) Rules, 2016.

ગુજરાત બિન-સચિવાલય કારકુન, વર્ગ ૩, (તાલીમ અને પરીક્ષા) નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

સામાન્ય વહીવટ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીએસ / ૩૦ /૨૦૧૬ /કભય/ ૧૦૨૦૧૪/૮૭/જી - ૪:-ભારતના સંવિધાનનાઅનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને ગુજરાત બિન-સચિવાલય કારકુન (તાલીમ અને પરીક્ષા) નિયમો, ૨૦૦૧ અને આ અર્થે કરેલા બીજા કોઈપણ નિયમોરદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત બિન-સચિવાલય કારકુન, વર્ગ ૩ની જગા પર સીધી ભરતીથી નિમાયેલી વ્યક્તિઓની તાલીમ અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાને સંબંધિત હોય તેટલે સુધી, તેમની સેવાની શરતોનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. **ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.-**

(૧) આ નિયમો ગુજરાત બિન-સચિવાલય કારકુન, વર્ગ ૩, (તાલીમ અને પરીક્ષા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

(૩) તે, ગુજરાત બિન-સચિવાલય કારકુન, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૪ના નિયમ ૨માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની, રાજ્ય સરકારની કચેરીઓમાં, કારકુન, વર્ગ ૩ની જગા પર નિમણૂક માટે પસંદ થયેલી વ્યક્તિઓને લાગુ પડશે:

પરંતુ નિયત તારીખ પહેલાં સંબંધિત તાલીમાંત પરીક્ષા પાસ કરી હોય અથવા સંબંધિત તાલીમાંત પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ મેળવી હોય તેવા કોઈ ઉમેદવારે આ નિયમો હેઠળ ઠરાવેલી પરીક્ષા પાસ કરવાની રહેશે નહિ:

વધુમાં, ઉમેદવારે, નિયત તારીખ પહેલાં, પરીક્ષા પાસ કરવા માટે જૂના (અગાઉના) નિયમો હેઠળ ઠરાવેલી તમામ તકનો ઉપયોગ કરી લીધેલ હોય અને તાલીમાંત પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળ રહેલ હોય, ત્યારે આ નિયમોમાંના કોઈપણ મજકૂરથી, તેમાં સ્પષ્ટ રીતે જોગવાઈ કરી હોય તે સિવાય, તે (વ્યક્તિ) આ નિયમોમાં જોગવાઇ કર્યા પ્રમાણે પરીક્ષામાં બેસવા માટે હકદાર થશે નહિ.

૨. **વ્યાખ્યા.-**

આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''પરિશિષ્ટ'' એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) ''નિયત તારીખ'' એટલે જે તારીખે આ નિયમો અમલમાં આવશે તે તારીખ;

(ગ) ''મંડળ'' એટલે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર;

(ઘ) ''ઉમેદવાર'' એટલે નિયમ ૧ના પેટા-નિયમ (૩)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, કારકુન, વર્ગ ૩ તરીકે નિમણૂક માટે પસંદ થયેલી વ્યક્તિ;

(ચ) ''મહાનિયામક'' એટલે સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ (SPIPA)ના મહાનિયામક;

(છ) ''પરીક્ષા'' એટલે કારકુન, વર્ગ ૩ તરીકે પસંદ થયેલા ઉમેદવારની તાલીમ પૂરી થયા પછી યોજવામાં આવેલી તાલીમાંત પરીક્ષા અને તેમાં જૂના (અગાઉના) નિયમો હેઠળ કારકુન, વર્ગ ૩ તરીકે પસંદ થયેલા ઉમેદવારો માટેની તાલીમાંત પરીક્ષાનો સમાવેશ થાય છે;

(જ) ''સંસ્થા'' એટલે સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ;

(ઝ) ''જૂના (અગાઉના) નિયમો'' એટલે નિયત તારીખની તરત પહેલાં અમલમાં હોય તેવા કારકુન, વર્ગ ૩ માટેના પૂર્વ-સેવા તાલીમ અને/અથવા તાલીમાંત પરીક્ષા નિયમો;

(ટ) ''નિર્દિષ્ટ તક'' એટલે જેટલી તકની અંદર કોઈ વ્યક્તિએ પરીક્ષા પાસ કરવાની રહેશે તેટલી આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી તકની સંખ્યા.

૩. **પૂર્વ-સેવા તાલીમ.-**

(૧) કારકુન, વર્ગ ૩ની જગા પર નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારે, સંસ્થામાં અથવા વડોદરા, રાજકોટ, સુરત, મહેસાણા, ગાંધીનગર ખાતેના તેના કેન્દ્રમાં અથવા મહાનિયામક નક્કી કરે તેવા બીજા સ્થળે, બે મહિનાની મુદત માટે, પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે. તાલીમમાં, દોઢ મહિના માટેની સૈદ્ધાંતિક તાલીમ અને બાકીના પંદર દિવસ માટેની પ્રત્યક્ષકામ (પ્રાયોગિક) તાલીમનો સમાવેશ થશે.

(૨) ઉમેદવાર, સંસ્થાગત તાલીમમાં હાજર રહેવા માટે અને પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે તેણે કરેલી મુસાફરી માટે કોઈ પ્રવાસ ભથ્થું મેળવવાને હકદાર રહેશે નહિ.

૪. **પરીક્ષા પાસ કરવા માટેની તકો.-**

(૧) નિયમ ૩માં ઠરાવેલી તાલીમ પૂરી થયેથી, ઉમેદવારે, સંસ્થા દ્વારા યોજવામાં આવનાર પરીક્ષામાં ઉપસ્થિત થવાનું રહેશે. ઉમેદવારે વધુમાં વધુ ત્રણ તક (અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના ઉમેદવારના કિસ્સામાં ચાર તક)ની અંદર પરીક્ષા પાસ કરવાની રહેશેઃ

પરંતુ જૂના (અગાઉના) નિયમો હેઠળ અગાઉ લાભ લઈ લીધો હોય તેવી તકોની ગણતરી, આ નિયમો હેઠળ લાભ લીધો છે તે તરીકે કરવામાં આવશે.

(૨) રાજ્ય સરકારને ખાતરી થાય કે ઉમેદવાર તેના કાબૂ બહારના કારણસર છેલ્લી તકની અંદર પરીક્ષા પાસ કરી શકેલ નથી અથવા ગુણના ખૂબ નજીવા તફાવતથી આવી પરીક્ષા પાસ કરી શકેલ નથી, ત્યારે રાજ્ય સરકાર, કારણોની લેખિતમાં નોંધ કરીને, સરકાર વખતોવખત ઠરાવે તેવી પરીક્ષા ફી ભર્યેથી, આવી પરીક્ષા પાસ કરવા માટેની વધુમાં વધુ બે વધારાની તક આપી શકશે. વધારાની તક આપવાથી, તે

(ઉમેદવાર), વચગાળાની (કામચલાઉ) વ્યવસ્થા તરીકે પણ સેવામાં ચાલુ રહેવા હકદાર થશે નહિ અને નિયમ ૬ના પેટા-નિયમ (૨)ની જોગવાઈઓ અનુસાર તેની સેવા સમાપ્ત *કરવામાં આવશે:*

પરંતુ ઉમેદવારને, ખાલી જગા ઊભી થાય ત્યારે અને તે પ્રમાણે, આ પેટા-નિયમ હેઠળ આપવામાં આવે તેવી વધારાની તકની અંદર તે પરીક્ષા પાસ કરે તે પછી, ફરી નિમણૂક આપવી જોઈશે. આવા ઉમેદવારની સિનિયોરિટીનું નિયમ ૭ના પેટા-નિયમ (૨) હેઠળ નિયમન કરવું જોઈશે.

(૩) ઉમેદવાર, તેની પહેલી અથવા બીજી અથવા યથાપ્રસંગ, ત્રીજી (અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના ઉમેદવારના કિસ્સામાં ચોથી) તકની અંદર પરીક્ષા પાસ ન કરે, ત્યારે તેમણે, જે પરીક્ષામાં તેઓ નિષ્ફળ રહેલ હોય તે પરીક્ષાનું પરિણામ જાહેર થયાની તારીખથી ૩૦ દિવસ પૂરા થયા પછી યોજાયેલી ત્યાર પછીની પરીક્ષામાં ઉપસ્થિત થવાનું રહેશે.

૫. કારકુન તરીકે નિયમિત નિમણૂક બાબત.-

તાલીમ લીધી હોય અને પરીક્ષા પાસ કરી હોય તેવા ઉમેદવારની, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક અનુસાર, કારકુન, વર્ગ ૩ તરીકે નિમણૂક કરવી જોઈશે.

૬. નિયમિત નિમણૂક માટેની અપાત્રતા.-

(૧) કોઈપણ વ્યક્તિએ, સંસ્થાગત તાલીમ કાર્યક્રમમાં ભાગ લીધેલ હોય અથવા આ નિયમો હેઠળ ફરમાવ્યા પ્રમાણેની પરીક્ષા પાસ કરી હોય તે સિવાય, તે નિયમ ૫ હેઠળ, કારકુન, વર્ગ ૩ તરીકે નિયમિત નિમણૂક મેળવવા માટે પાત્ર ગણાશે નહિ.

(૨) સંસ્થાગત તાલીમ લેવા અને નિર્દિષ્ટ મુદત અને નિર્દિષ્ટ તકની અંદર પરીક્ષા પાસ કરવાની શરતોને અધીન રહીને, કારકુન, વર્ગ ૩ તરીકે નિમણૂક પામેલી વ્યક્તિ, તાલીમ ન લે અથવા પરીક્ષા પાસ ન કરે, તો તેની સેવા તરત જ સમાપ્ત *કરવી જોઈશે.*

૭. સિનિયોરિટી.-

(૧) ત્રણ તક (અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના કિસ્સામાં ચાર તક)ની અંદર પરીક્ષા પાસ કરી હોય અને ઠરાવેલી સમયમર્યાદાની અંદર સેવામાં જોડાયેલ હોય તેવા ઉમેદવાર, સેવામાં જોડાયાની તારીખથી સિનિયોરિટી મેળવશે અને આવા ઉમેદવારની અંદરોઅંદરની (પારસ્પરિક) સિનિયોરિટી, મંડળ દ્વારા યોજવામાં આવેલી સ્પર્ધાત્મક પરીક્ષામાંના તેમના (પરીક્ષામાં તેમણે મેળવેલા) ક્રમ અનુસાર નક્કી કરવી જોઈશે.

(૨) ત્રણ તક (અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના ઉમેદવારોના કિસ્સામાં ચાર તક)ની અંદર પરીક્ષા પાસ ન કરી હોય અને ત્યાર પછી વધારાની તકની અંદર પરીક્ષા પાસ કરે તેવા ઉમેદવારની સિનિયોરિટી, પરીક્ષાનું પરિણામ જાહેર થયાની તારીખથી નક્કી કરવી જોઈશે.

(૩) તાલીમ લેવા અને પરીક્ષા પાસ કરવાને અધીન રહીને, કારકુન, વર્ગ ૩ તરીકે નિમણૂક પામેલી વ્યક્તિ, પાછળથી આવી તાલીમ પૂરી કરે અને ત્રણ તક (અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિના ઉમેદવારોના કિસ્સામાં ચાર તક)ની અંદર પરીક્ષા પાસ કરે અને ઠરાવેલી સમયમર્યાદાની અંદર સેવામાં

જોડાય, તો તેની સિનિયોરિટી, સેવામાં જોડાયાની તારીખથી અને મંડળ દ્વારા યોજવામાં આવેલી સ્પર્ધાત્મક પરીક્ષામાંના તેના ગુણવત્તા ક્રમ અનુસાર નક્કી કરવી જોઈશે.

૮. પરીક્ષા પદ્ધતિ અને અભ્યાસક્રમ.-

(૧) તાલીમ અભ્યાસક્રમ પૂરો થયા પછી તરત જ સંસ્થા દ્વારા પરીક્ષા યોજવામાં આવશે.

(૨) તાલીમ અને પરીક્ષાનો અભ્યાસક્રમ પરિશિષ્ટ 'ક'માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે.

૯. પરીક્ષા પાસ કરવા માટેનું લાયકી ધોરણ.-

(૧) (ક) પરીક્ષા પાસ કરવા માટેનું લાયકી ધોરણ, દરેક પ્રશ્નપત્રને ફાળવેલા કુલ ગુણના પચાસ ટકા (૫૦%) રહેશે.

(ખ) ઉમેદવારને, (પ્રશ્નપત્ર ૩ અને ૪ સિવાયના) વિષયોના પ્રશ્નપત્રોના ઉત્તરો, કોઇપણ વિવરણ અને પૂર્વ-ચૂકાદા કાયદાઓ (કેસ લૉ) સિવાયના મૂળ અધિનિયમો, નિયમો અને ટેક્સ્ટ (મૂળ પાઠ) ધરાવતા વિષયના પુસ્તકો અને નિયમસંગ્રહની મદદથી આપવાની છૂટ આપવામાં આવશે.

(૨) પરીક્ષામાં પાસ ન થયેલ હોય પણ એક અથવા વધુ પ્રશ્નપત્રોમાં સાઠ ટકા અથવા તેથી વધુ ગુણ મેળવેલ હોય તેવા ઉમેદવાર, જો એમ ઈચ્છે, તો તેમને, ત્યાર પછીની પરીક્ષામાં તે પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત થવામાંથી મુક્તિ આપવામાં આવશેઃ

પરંતુ જૂના (અગાઉના) નિયમો હેઠળ કોઈપણ ઉમેદવારે કોઈપણ પ્રશ્નપત્રમાં મેળવેલ કોઈ મુક્તિ, આ નિયમો હેઠળ નિર્દિષ્ટ કરેલા તત્સમાન પ્રશ્નપત્રમાં મેળવેલી હોવાનું ગણાશે.

૧૦. તાલીમની મુદત દરમિયાન રજા લેવા બાબત.-

તાલીમની મુદત દરમિયાન, ઉમેદવારને કોઇપણ પ્રકારની રજા અથવા ત્રણ દિવસ કરતાં વધુ દિવસની રજા અથવા ગેરહાજરીની છૂટ આપવામાં આવશે નહિ. ઉમેદવાર ત્રણ દિવસ કરતાં વધુ દિવસ માટે ગેરહાજર રહે અને મહાનિયામકને ખાતરી થાય કે તેની ગેરહાજરી તેના કાબૂ બહારના કોઈ અનિવાર્ય સંજોગોને કારણે નહોતી, તો તેઓ, ઉમેદવારની ગેરહાજરીના દિવસોના તેના પગારની કપાત કરવાનો આદેશ કરી શકશે.

૧૧. પરીક્ષામાં ઉપસ્થિત થવા માટેની યોગ્યતા.-

ઉમેદવાર, સંસ્થાગત તાલીમ અભ્યાસક્રમમાં આપવામાં આવેલા કુલ વ્યાખ્યાનોના ૭૫ ટકાથી ઓછા વ્યાખ્યાનોમાં હાજર રહે અથવા તાલીમના દિવસોના ૭૫ ટકાથી ઓછા દિવસો માટે પ્રત્યક્ષકામ (પ્રાયોગિક) તાલીમ મેળવે, તો તેઓને, પરીક્ષામાં ઉપસ્થિત થવાની છૂટ આપવામાં આવશે નહિ અને તેને તાલીમના વર્ગમાંથી છૂટા કરવામાં આવશેઃ

પરંતુ મહાનિયામકને એવી ખાતરી થાય કે ઉમેદવાર પોતાના કાબૂ બહારના કારણસર તાલીમ સંતોષકારક રીતે મેળવી શકેલ નથી, તો આવા ઉમેદવારે ફરીથી તાલીમ લેવાની રહેશે. આવા ઉમેદવાર ફરીથી સંતોષકારક રીતે તાલીમ ન મેળવી શકે, તો તેને તાલીમમાંથી છૂટા કરવામાં આવશે. તે ઉમેદવાર, સંતોષકારક રીતે તાલીમ મેળવવાને લગતી બાબતની ઉપેક્ષા કરવા બદલ, આ નિયમો હેઠળ ઠરાવેલી શિક્ષાને પણ પાત્ર થશે.

૧૨. પરિણામની પ્રસિદ્ધિ.-

મહાનિયામક, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (SPIPA)-એ દરેક તાલીમાંત પરીક્ષાનું પરિણામ પ્રસિદ્ધ કરવું જોઈશે અને તેની નકલ સામાન્ય વહીવટ વિભાગ અને સચિવાલયના સંબંધિત વિભાગો અથવા વિભાગના વડાને મોકલવી જોઈશે.

૧૩. ગુણપત્રક અને ગુણની પુનઃ ચકાસણી.-

પરીક્ષાના પોતાના ગુણની પુનઃ ચકાસણી કરાવવા ઈચ્છતો ઉમેદવાર, પરીક્ષાના આખરી પરિણામની જાહેરાતની તારીખથી પંદર દિવસની મુદતની અંદર, દરેક પ્રશ્નપત્ર માટે સંસ્થા નક્કી કરે તેટલી ફી સાથે, સંસ્થાને અરજી કરી શકશે.

૧૪. જામીન-ખત અને જામીનગીરી ખત.-

સંસ્થાગત તાલીમમાં હાજર થતાં પહેલાં, ઉમેદવારે, સ્ટાઈપેન્ડ અથવા યથાપ્રસંગ, રજા-પગાર અથવા નિયત પગારની સંપૂર્ણ રકમ માટે બે જામીન આપવા સહિત, ઠરાવેલી તાલીમ લેવા, પરીક્ષામાં ઉપસ્થિત થવા, પરીક્ષા પાસ કર્યા પછી સેવામાં જોડાવા અને તેની નિમણૂકની તારીખથી ઓછામાં ઓછા બે વર્ષ માટે સરકારમાં સેવા આપવાની બાંયધરી આપતા, પરિશિષ્ટ 'ઘ'માં નિર્દિષ્ટ કરેલા નમૂનામાં, જામીન-ખત અને જામીનગીરી ખત પણ આપવાના રહેશે. અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના ઉમેદવાર, ઉપર્યુક્ત રકમ માટે બે જામીન રજૂ કરી શકે તેમ ન હોય, તો તેમણે અને તેમના માતાપિતા અથવા વાલીએ, સદરહુ રકમ માટે અંગત બોન્ડ કરી આપવાનું રહેશે અને આવા કિસ્સામાં જામીનની જરૂરિયાત સિવાય ચલાવી લેવામાં આવશે.

૧૫. પરીક્ષા ખંડમાં અમુક સાધનોનો ઉપયોગ કરવા પર મનાઈ.- ઉમેદવારને, પેજર, સેલ્યુલર ફોન, લેપ-ટોપ, આઈ-પેડ, કેલ્ક્યુલેટર, ટેબ્લેટ વગેરે જેવા સંદેશા-વ્યવહારના કોઈપણ ઈલેક્ટ્રોનિક સાધનો, પરીક્ષા ખંડમાં પોતાની સાથે લઈ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૬. અપવાદ.-

આ નિયમોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, નિયત તારીખ પહેલાં, ગુજરાત બિન-સચિવાલય કારકુન અને કારકુન-કમ-ટાઈપિસ્ટ (તાલીમ અને પરીક્ષા) નિયમો, ૨૦૦૧ હેઠળ શરૂ કરેલું કોઈ કૃત્ય, તે પૂરું ન થાય ત્યાં સુધી, તે જ નિયમો હેઠળ ચાલુ રહેશે અને તેનાથી જ તેનું નિયમન થશે.

પરિશિષ્ટ 'ક'

(જુઓ નિયમ ૮(૨))

બિન-સચિવાલય કારકુન, વર્ગ ૩ માટેની તાલીમ અને પરીક્ષાનો અભ્યાસક્રમ

પ્રશ્નપત્ર ૧
૧૦૦ ગુણ
સમય - ૩ કલાક

કચેરી કાર્યપદ્ધતિ

(૧) વિભાગના વડાની કચેરીઓ અને વહીવટી નિયંત્રણ હેઠળની કચેરીઓમાંની કચેરી કાર્યપદ્ધતિ.

(૨) વિભાગના વડાની કચેરીઓ અને (પંચાયત સહિત) વહીવટી નિયંત્રણ હેઠળની કચેરીઓમાં વહીવટી માળખા અંગેની સામાન્ય માહિતી.

(૩) માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ અને તે હેઠળ કરેલા નિયમો.

(૪) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭.

પ્રશ્નપત્ર ૨
૧૦૦ ગુણ
સમય - ૩ કલાક

સેવાવિષયક બાબતો

(૧) ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧.
(૨) ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.
(૩) ગુજરાત મુલકી સેવા નિયમો, ૨૦૦૨ (વોલ્યુમ ૧ થી ૮).
(૪) ગુજરાત બજેટ મેન્યુઅલ.
(૫) ગુજરાત નાણાકીય નિયમો, ૧૯૭૧.
(૬) મુંબઈ આકસ્મિક ખર્ચ નિયમો, ૧૯૫૯.
(૭) ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦.

} વિસ્તૃત અને મૂળભૂત જોગવાઈઓ.

પ્રશ્નપત્ર ૩
૧૦૦ ગુણ
સમય - ૩ કલાક
(પુસ્તકો સિવાય)

વહીવટી બાબતો

(૧) ખાનગી અહેવાલ / PAR અંગેની માર્ગદર્શિકા.

(૨) રોસ્ટર નિયમસંગ્રહ.

(૩) પ્રવરતા યાદી, પસંદગી યાદી, બઢતીની કાર્યરીતિ તૈયાર કરવા બાબત.

(૪) વિદ્યમાન ઉચ્ચતર પગાર-ધોરણની પદ્ધતિ.

(૫) ગુજરાતી / અંગ્રેજી ભાષા અને નોંધ - મુસદ્દા લેખન-

૧. સરકારી પત્રવ્યવહારમાં સાદી અને સરળ ગુજરાતી / અંગ્રેજી, નોંધ અને મુસદ્દાના ચોક્કસ સંદર્ભમાં પરિચ્છેદ ફરી લખવો.

} વિસ્તૃત અને મૂળભૂત જોગવાઈઓ.

૨. જાહેર જનતા અને બીજી એજન્સીઓ સાથે ગુજરાતી / અંગ્રેજીમાં પત્રવ્યવહાર.

INDEX

પ્રશ્નપત્ર ૪ **કોમ્પ્યુટર** **૪૫ મિનિટ**

૧૫૦ ગુણ

સમય - ૨ કલાક અને ૧૫ મિનિટ (પુસ્તકો સિવાય)

ભાગ ૧ - લેખિત કસોટી માટેનો અભ્યાસક્રમ **૫૦ ગુણ**

પરિશિષ્ટ 'ખ'માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટરના સિદ્ધાંતો

પરીક્ષા ઓ.એમ.આર. (Optical Mark Reader) પદ્ધતિથી યોજવામાં આવશે. દરેક પ્રશ્ન ૧ (એક) ગુણનો રહેશે. ખોટો જવાબ આપેલા દરેક પ્રશ્નના ૦.૨૫ નેગેટિવ ગુણ રહેશે.

ભાગ ૨ - કોમ્પ્યુટર નિપુણતા કસોટી માટેનો અભ્યાસક્રમ

૧ ૧/૨ કલાક

૧.	ગુજરાતી ટાઈપિંગ કસોટી	૨૦ ગુણ
૨.	અંગ્રેજી ટાઈપિંગ કસોટી	૨૦ ગુણ
૩.	પરિશિષ્ટ 'ગ'માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટરની પ્રાયોગિક કસોટી	૬૦ ગુણ
	કુલ	૧૦૦ ગુણ

પરિશિષ્ટ-'ખ'

❖ **ઓપરેટિંગ સિસ્ટમ અને ઓફિસ પ્રોડક્ટિવિટી ટૂલ્સ.**

- ✓ માઇક્રોસોફ્ટ વિન્ડોઝ એક્સપી/ ૨૦૦૩
- ✓ અદ્યતન લાક્ષણિકતાઓ સહિત એમએસ વર્ડ ૨૦૦૩
- ✓ એમએસ(માઇક્રોસોફ્ટ) આઉટલુક ૨૦૦૩
- ✓ ફાઇલ અને ફોલ્ડર મેનેજમેન્ટ .
- ✓ ઇન્ટરનેટની જાણકારી, ઉપયોગિતા અને ઇ-મેઇલ.
- ✓ વાઇડ એરિયા નેટવર્ક,વાયરલેસ LAN(લોકલ એરિયા નેટવર્ક) અને LAN(લોકલ એરિયા નેટવર્ક)-ની WAN(વાઇડ એરિયા નેટવર્ક) સાથે જોડાણ કરવા અંગેની સમજ.
- ✓ ઇન્ટરનેટ એક્સ્પ્લોરરની ઉપયોગિતા અને જુદા જુદા વિકલ્પો (options)/ ઉપલબ્ધ સેટિંગ્સ (settings) હોય તો તેની માહિતી.
- ✓ પીડીએફ ફાઇલ (Protected Document File)ની સંક્ષિપ્તમાં માહિતી (ઓવરવ્યુ) અને ઉપયોગિતા.
- ✓ માઇક્રોસોફ્ટ ઓફિસ

❖ **માઇક્રોસોફ્ટ ઓફિસ ઇન્ડિક ૨૦૦૩ (ગુજરાતી)**

- ✓ એમએસ(માઇક્રોસોફ્ટ) ૨૦૦૩ ઓફિસ ઇન્ડિક વિષેની પ્રસ્તાવના.
- ✓ ડેસ્કટૉપ, માઉસ, કી-બોર્ડ વગેરે વિષેનો પરિચય.
- ✓ વર્ડ (Word Application)કેવી રીતે ચાલુ કરવી? વર્ડ ૨૦૦૩ (Word Application) ચાલુ કરવાની પદ્ધતિઓ.
- ✓ અંગ્રેજીમાંથી ગુજરાતી ભાષામાં કેવી રીતે બદલવું.
- ✓ ગુજરાતી કી-બોર્ડ વિષેનો પરિચય.
- ✓ ગુજરાતી આઇએમઇ (IME) વિષેનો પરિચય. રેમિંગટન અને ટ્રાન્સલિટરેશન(લિપ્યાંતર) કી-બોર્ડ વચ્ચેનો તફાવત.
- ✓ કી-બોર્ડનો ઉપયોગ કઇ રીતે કરવો. ટ્રાન્સલિટરેશન(લિપ્યાંતર) કી-બોર્ડ શું છે?
- ✓ ટ્રાન્સલિટરેશન(લિપ્યાંતર) કી-બોર્ડથી વિવિધ અક્ષરો અને શબ્દો કઇ રીતે ટાઇપ કરવા.
- ✓ આઇએમઇ (Input Method Editor) હેલ્પ(સહાય)નો ઉપયોગ કઇ રીતે કરવો? ગુજરાતીમાં જોડણી(સ્પેલિંગ)- વ્યાકરણ ચકાસણીનો ઉપયોગ કઇ રીતે કરવો?
- ✓ સ્માર્ટ ટેગ એટલે શું? થિસોરસ એટલે શું?
- ✓ મેન્યૂ(Menu) અંગ્રેજીમાંથી ગુજરાતીમાં કઇ રીતે બદલવું?
- ✓ ટીબીઆઇએલ (Transliterator Between Indian Languages) converter-થી ASCII ફોન્ટને Unicode ફોન્ટમાં કન્વર્ટ કરવા (બદલવા).

INDEX

❖ **ટ્રબલશૂટિંગ,ઇન્સ્ટોલેશન અને તેનો શ્રેષ્ઠ ઉપયોગ**

- ✓ સ્ટોરેજ ડિવાઇસની સમજ.
- ✓ ડીવીડી (DVD)/સીડી (CD) /રોમ (ROM) નો ઉપયોગ કેવી રીતે કરવો.
- ✓ ડીવીડી (DVD)/સીડી (CD)-ને બર્ન(બર્ન) કરવી.
- ✓ ફ્લેશ ડ્રાઇવ, પેન ડ્રાઇવમાં અને તેમાંથી ડેટા લેવો.
- ✓ લોકલ એરિયા નેટવર્કમાંથી ડેટા અને રિસોર્સિસનો ઉપયોગ કરવો.
- ✓ ઇન્ટરનેટ પરથી ડેટા અપલોડિંગ અને ડાઉનલોડિંગ માટે એફટીપી(FTP)નો ઉપયોગ કરવો.
- ✓ સ્કેનર પરની માહિતી અને સ્કેનર સોફ્ટવેરનો ઉપયોગ / કોન્ફિગરેશન.

❖ **ઇન્સ્ટોલેશન્સ :**

- ✓ એમએસ(માઇક્રોસોફ્ટ)ઓફિસ વગેરે જેવા બેઝિક(મૂળ)સોફ્ટવેર ઇન્સ્ટોલ કરવા.
- ✓ સીડી(CD) બર્નિંગ સોફ્ટવેર (નીરો(Nero) વગેરે)
- ✓ પ્રિન્ટર્સ ઇન્સ્ટોલ કરવા અથવા ઉમેરવા (જોડવા).
- ✓ ફોન્ટ ઇન્સ્ટોલ કરવા અથવા ઉમેરવા.
- ✓ સાઉન્ડ ડ્રાઇવર્સ ઇન્સ્ટોલ કરવા.
- ✓ કોઇપણ નવા હાર્ડવેર માટે ડ્રાઇવર્સ ઇન્સ્ટોલ કરવા.
- ✓ નવું સોફ્ટવેર ઇન્સ્ટોલ કરવું અને કન્ટ્રોલ પેનલનો ઉપયોગ કરી તેને રીમૂવ કરવું.

❖ **બેસ્ટ પ્રેક્ટિસિસ.**

- ✓ જનરલ સિક્યોરિટી કન્સેપ્ટ્સ (સલામતીની સામાન્ય સમજ) (પાસવર્ડ પ્રોટેક્શનને લગતી સમસ્યાઓને આવરી લેવી, નવો પાસવર્ડ બનાવવાની માર્ગદર્શક સૂચનાઓ (ગાઇડલાઇન્સ), આપવામાં આવેલા એકાઉન્ટના પ્રોટેક્શન (સલામતી) ને લગતી માર્ગદર્શક સૂચનાઓ (ગાઇડલાઇન્સ)).
- ✓ ડિસ્ક ક્લિનઅપ .
- ✓ એન્ટિ વાયરસ સોફ્ટવેરનું નિયમિત અપડેટિંગ .
- ✓ સ્કેન્ડડિસ્ક (Scandisk).
- ✓ નીચેની બાબતોને સમાવિષ્ટ કરીને વિગતવાર રીતે બેકઅપ (Backup)
  - o એપ્લીકેશન દ્વારા બેકઅપ (Backup).
  - o યુટિલિટિઝ એન્ડ ટૂલ્સ (ઉપયોગિતા અને સાધનો) દ્વારા બેકઅપ (Backup).
  - o રેકોર્ડ રિટેન્શન .

❖ **ટ્રબલશૂટિંગ (Troubleshooting):**

- ✓ ટ્રબલશૂટિંગ ટૂલ્સ.
- ✓ ટ્રબલશૂટિંગ વાયરસિઝ(Viruses).

INDEX

- ✓ ટ્રબલશૂટિંગની પદ્ધતિઓ(રીતો). (ફંડામેન્ટલ્સ)
- ✓ કોમ્પ્યુટર ચાલુ કરવામાં આવતી સમસ્યાઓ.
- ✓ ઓએસ (Operating System), નેટવર્ક –નું ટ્રબલશૂટિંગ.
- ✓ કોપ્યુટર Boots થયા પછીની સમસ્યાઓ.

પરિશિષ્ટ-'ગ'

પ્રયોગાત્મક કસોટી (પ્રેક્ટિકલ ટેસ્ટ)

(૧)	વર્ડ ફાઇલમાં ટેન્ડર નોટિસ તૈયાર કરવી	૩૦ ગુણ
(૨)	પૂરી પાડેલ માહિતી (ડેટા) ઉપરથી પ્રેઝન્ટેશન માટે સ્લાઇડ તૈયાર કરવી	૧૦ ગુણ
(૩)	એક્સેલ સ્પ્રેડશીટ તૈયાર કરવી અને ગાણિતિક ફૂટ પ્રશ્નના જવાબ આપવા	૧૦ ગુણ
(૪)	વર્ડ ડોક્યુમેન્ટ (દસ્તાવેજ)માં આપેલ ભૂલ તપાસ અને સ્પેલિંગ સુધાર તેમજ અન્ય કાર્યો. -કોમેન્ટ દૂર કરવી -સ્પેલિંગ ચકાસણી -બોલ્ડ-દૂર કરવા (પરિચ્છેદ ફરી લખવો) વગેરે.	૧૦ ગુણ

INDEX

પરિશિષ્ટ ‘ઘ’

[જુઓ નિયમ ૧૪]

જામીન-ખત

આ ખતથી સર્વે લોકોને જાણ થાય કે હું ...., સામાન્ય વહીવટ વિભાગના તારીખઃ ૧૨/૨/૨૦૧૪ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ ક્રમાંકઃ જીએસ / ૫ / ૨૦૧૪ / કભય / ૧૦૨૦૧૪ / ૮૭ / જી - ૪.માં જણાવેલા નિયમો અનુસાર (જેનો આમાં હવે પછી, ‘‘નિયમો’’ તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અને બોલીઓ અને શરતોને અધીન રહીને રાજ્ય સરકારની કચેરી અથવા વિભાગમાં, કારકુન, વર્ગ ૩ની જગા પર નિમણૂક માટે પસંદ થયેલો ઉમેદવાર, ગુજરાત રાજ્યની સરકારની વહીવટી સત્તાનો ઉપયોગ કરતા ગુજરાતના રાજ્યપાલ (જેનો આમાં હવે પછી, ‘‘સરકાર’’ તરીકે ઉલ્લેખ કર્યો છે, જે શબ્દપ્રયોગમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો એમના પદના ઉત્તરાધિકારીઓ અને નામફેર કરનારાઓનો સમાવેશ થાય છે) સાથે, મારી તાલીમની મુદત દરમિયાન સરકારે મને ચૂકવેલ સ્ટાઈપેન્ડ અથવા યથાપ્રસંગ, રજા-પગાર અથવા નિયત પગારની રકમ ઉપરાંત સરકારે મને આપેલી તાલીમના ખર્ચ પેટે સરકારે કરેલ ખર્ચની રકમ જેટલી રકમ સરકારને ચૂકવવા માટે જવાબદાર બનું છું તથા દ્રઢતાપૂર્વક બંધાઉ છું અને આ બંને રકમની ચૂકવણી બરાબર અને સાચી રીતે કરવામાં આવે તે માટે આ ખતથી હું પોતે, મારા વારસો, એક્ઝિયુક્યુટરો, વહીવટદારો અને કાયદેસરના પ્રતિનિધિઓ બંધાઈએ છીએ.

મારો ઠરાવેલો તાલીમ અભ્યાસક્રમ પૂરો કરવામાં નિષ્ફળતા અથવા પરીક્ષામાં ઉપસ્થિત રહેવામાં નિષ્ફળતા અથવા સદરહુ નિયમોમાં ઠરાવ્યા પ્રમાણે તાલીમ લીધા અને પરીક્ષા પાસ કર્યા પછી સેવામાં જોડાવામાં નિષ્ફળતાના પ્રસંગે અથવા મારી નિયમિત નિમણૂકની તારીખથી બે વર્ષની મુદત પૂરી થતાં પહેલાં નોકરી છોડવાના પ્રસંગે, મારે તાલીમ દરમિયાન સરકારે મને ચૂકવેલા સ્ટાઈપેન્ડ અથવા યથાપ્રસંગ, રજા-પગાર અથવા નિયત પગાર જેટલી રકમ સરકારને પરત કરવા અંગેનું જામીન-ખત, નિયમો હેઠળ કરી આપવાનું રહે છે.

આની સાક્ષી રૂપે મેં આજે સન ૨૦..........ના ....મહિનાની ....તારીખના રોજ આ ખત ઉપર સહી કરી છે.

(ઉમેદવારની સહી)

ઉપરનું નામ ધરાવનારે નીચેનાની હાજરીમાં સહી કરી અને સોંપ્યુંઃ-

૧.

(સહી અને પૂરેપૂરું સરનામું)

૨.

(સહી અને પૂરેપૂરું સરનામું)

INDEX

જામીનગીરી

અમે, શ્રી .... અને ...., રહેવાસી .... તાલુકો .... જિલ્લો ...., તે ઉપરના નામવાળા શ્રી ....ના (જેનો આમાં હવે પછી, ''ઉમેદવાર'' તરીકે ઉલ્લેખ કર્યો છે તેમના) જામીનો તરીકે અમારી જાતને જાહેર કરી બાંયધરી આપીએ છીએ કે ઉમેદવારે જે કરવા અને બજાવવાની બાંયધરી આપી છે તે તમામ તે કરશે અને બજાવશે અને કારકુન તરીકેની તેની નિમણૂકની તારીખથી બે વર્ષની મુદત પૂરી થતાં પહેલાં નોકરી છોડવાના પ્રસંગે, સ્ટાઈપેન્ડ અથવા યથાપ્રસંગ, રજા-પગાર અથવા નિયત પગારની જે રકમ માટે ઉમેદવાર જાતે ભરપાઈ કરવા બંધાયેલો હોય, તે રકમ, ગુજરાત રાજ્યની સરકારની વહીવટી સત્તાનો ઉપયોગ કરતાં ગુજરાતના રાજ્યપાલને (જેનો આમાં હવે પછી, ''સરકાર'' તરીકે ઉલ્લેખ કર્યો છે, જે શબ્દપ્રયોગમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો એમના પદના ઉત્તરાધિકારીઓ અને નામફેર કરનારાઓનો સમાવેશ થાય છે તેમને) ખાતે જ *થવા દેવા અમે*, આથી, સંયુક્ત અને વ્યક્તિગત રીતે બંધાઈએ છીએ અને અમે કબૂલ થઈએ છીએ કે સરકાર, પોતાને પ્રાપ્ય અન્ય ઉપાયોને બાધ આવ્યા સિવાય સદરહુ રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે અમારી પાસેથી વસૂલ કરી શકશે અને અમે એ પણ કબૂલ થઈએ છીએ કે સદરહુ નિયમોમાં નિર્દિષ્ટ કરેલ બોલીઓ અને શરતોમાં કોઈ ફેરફાર થયે, સદરહુ રકમ ચૂકવવાની અમારી જવાબદારીઓમાંથી અમે મુક્ત થઈશું નહિ અને આ ખત હેઠળની અમારી જવાબદારીના અમલના હેતુ માટે અમારી જવાબદારી ઉમેદવારની જવાબદારી સાથે સંયુક્ત અને વ્યક્તિગત રહેશે.

સદરહુએ સન ૨૦........ના .... મહિનાની ....તારીખે સહી કરી અને સોંપ્યું.

સ્થળ: જામીનની સહી
તારીખ: પૂરેપૂરું સરનામું અને ધંધો

સ્થળ: જામીનની સહી
તારીખ: પૂરેપૂરું સરનામું અને ધંધો

નીચેનાની હાજરીમાં સહી કરી:

સાક્ષીની સહી,
પૂરેપુરં સરનામું અને ધંધો:

સાક્ષીની સહી,
પૂરેપુરં સરનામું અને ધંધો:

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એમ.અધ્વર્યુ,
સરકારના અધિક સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 295

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, SEPTEMBER 28, 2016/ASVINA 6, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ** ના **તારીખ: ૧લી ઓગસ્ટ, ૨૦૧૬** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : કેવી/૨૦૧૬ નો ૧૪૯-એનપીએમ-૧૨૨૦૦૯-૩૬૩૭-આર** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Municipal Accounts Officer, Class II, Recruitment Rules, 2012

મ્યુનિસિપલ હિસાબી અધિકારી, વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૨ સુધારવા સંબંધી જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓગસ્ટ, ૨૦૧૬

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંકઃ કેવી/૨૦૧૬ નો ૧૪૯-એનપીએમ-૧૨૨૦૦૯-૩૬૩૭-આર.– ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ ના ગુજરાતના ૩૪ મા) ની કલમ ૪૭-ક ની પેટા-કલમ(૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મ્યુનિસિપલ હિસાબી અધિકારી, વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૨ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો મ્યુનિસિપલ હિસાબી અધિકારી, વર્ગ-૨, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. મ્યુનિસિપલ હિસાબી અધિકારી, વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૨માં, નિયમ ૪માં-

(૧) ખંડ (ક)ને બદલે, નીચેનો ખંડ મૂકવો :-

"(ક) ૩૭ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિઃ

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશેઃ

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે નબળા વર્ગ અને સ્ત્રી ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશેઃ

વળી, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ ૮ના પેટા-નિયમ(૯) ના ખંડ (ખ) માંનો કોઇપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય-મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ":

(૨) ખંડ (ગ) પછીનો વિદ્યમાન પરંતુક કમી કરવો;

(૩) ખંડ (ગ) પછી, નીચેનો ખંડ ઉમેરવોઃ-

"(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. વી. શાહ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 296

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, SEPTEMBER 30, 2016/ASVINA 8, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ના તારીખ : ૧૮મી જુલાઈ, ૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંક : કેવી/૨૦૧૬ નો ૧૪૨/ઈએસટી/૧૦૧૪/૩૦૫૧/આર - નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Chief Officer, Class II, in the Gujarat State Municipal Chief Officers' Service (Competitive Examination) Rules, 2016.

ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવામાં, મુખ્ય અધિકારી, વર્ગ-૨ (સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૮મી જુલાઈ, ૨૦૧૬.

ક્રમાંકઃ કેવી / ૨૦૧૬નો ૧૪૨ / ઈએસટી / ૧૦૧૪ / ૩૦૫૧ / આરઃ– ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૪૭ ક-ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુખ્ય અધિકારી, વર્ગ ૨-ની જગા પરની ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાની પદ્ધતિનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. ***ટૂંકી સંજ્ઞા.-*** આ નિયમો ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવામાં, મુખ્ય અધિકારી, વર્ગ ૨ (સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ***વ્યાખ્યા.-*** આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''આયોગ'' એટલે ગુજરાત જાહેર સેવા આયોગ;

(ખ) ''સરકાર'' એટલે ગુજરાત સરકાર;

(ગ) ''પરીક્ષા'' એટલે મુખ્ય અધિકારી, વર્ગ ૨-ની જગા પરની ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા, જેમાં નિયમ ૪માં ઉલ્લેખેલી પ્રારંભિક પરીક્ષા, મુખ્ય પરીક્ષા અને રૂબરૂ મુલાકાતનો સમાવેશ થાય છે;

(ઘ) ''ઠરાવેલું'' એટલે આયોગે કરેલા વિનિયમોથી ઠરાવેલું;

(ચ) ''અનુસૂચિ'' એટલે આ નિયમો સાથે જોડેલી અનુસૂચિ.

૩. **પરીક્ષા યોજવા બાબત.-** (૧) આયોગ-એ, સરકાર તરફથી માંગ-પત્ર (માગણી) મળ્યેથી, મુખ્ય અધિકારી, વર્ગ ૨-ની જગા પર ભરતી માટે ઉમેદવારોની પસંદગી કરવા માટેની સ્પર્ધાત્મક પરીક્ષા યોજવી જોઈશે.

(૨) જે તારીખે અને જે સમયે અને સ્થળોએ પરીક્ષા યોજી શકાશે તે તારીખ, સમય અને સ્થળો આયોગ દ્વારા નક્કી કરવામાં આવશે.

(૩) ઉમેદવારે, આયોગ જાહેર કરે તેવી તારીખ, સમય અને સ્થળોએ તેમના પોતાના ખર્ચે પરીક્ષામાં ઉપસ્થિત થવાનું રહેશે.

૪. **પરીક્ષા પદ્ધતિ.-**

(૧) પરીક્ષા નીચે જણાવ્યા પ્રમાણે બે ક્રમિક તબક્કામાં યોજવામાં આવશેઃ-

(૧) મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવારોની પસંદગી કરવા માટેની પ્રારંભિક પરીક્ષા (વૈકલ્પિક પ્રકારની (હેતુલક્ષી પ્રકારની)); અને

(૨) મુખ્ય અધિકારી, વર્ગ ૨ની જગા માટે ઉમેદવારોની આખરી પસંદગી કરવા માટેની મુખ્ય પરીક્ષા (લેખિત અને રૂબરૂ કસોટી).

(૨) પ્રારંભિક પરીક્ષા અને મુખ્ય પરીક્ષા અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની રીતે યોજવી જોઈશે.

INDEX

૫. **અભ્યાસક્રમ.-**

આયોગ, અનુસૂચિમાં દર્શાવેલા દરેક વિષયના અભ્યાસક્રમની વિગતો નક્કી કરશે અને આવો અભ્યાસક્રમ, આયોગની વેબ-સાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે.

૬. **પરીક્ષાનું માધ્યમ.-**

(૧) અંગ્રેજી ભાષાના પ્રશ્નપત્રના જવાબો અંગ્રેજી ભાષામાં આપવાના રહેશે.

(૨) ગુજરાતી ભાષા અને સામાન્ય અભ્યાસના પ્રશ્નપત્રોના જવાબો ગુજરાતી ભાષામાં આપવાના રહેશે.

૭. **પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની અરજી.-**

(૧) પ્રારંભિક પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઈચ્છતા ઉમેદવારે, આયોગ દ્વારા નક્કી કરવામાં આવે તેટલી ફી સાથે, આયોગ દ્વારા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેટલી સમયમર્યાદાની અંદર અરજી રજૂ કરવી જોઈશે.

(૨) આયોગ દ્વારા મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે લાયક ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવે તેવા ઉમેદવારે, આયોગ દ્વારા નક્કી કરવામાં આવે તેટલી ફી સાથે, આયોગ દ્વારા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેટલી સમયમર્યાદાની અંદર ફરી અરજી કરવી જોઈશે.

(૩) આયોગ દ્વારા ઠરાવવામાં આવે તેવી રીતે ફી ભરવી જોઈશે. એક વખત ભરી દીધેલી ફીનું રિફંડ આપવામાં આવશે નહિ અથવા તે ફી આગામી પરીક્ષા માટે રાખી શકાશે નહિ.

(૪) અરજીપત્ર પાછું ખેંચવા માટે અને ફીનું રિફંડ આપવા માટે ઉમેદવારે (અરજદારે) કરેલી વિનંતી કોઈપણ સંજોગોમાં વિચારણામાં લેવામાં આવશે નહિ.

૮. **યોગ્યતા માટેની શરત.-**

ઉમેદવાર, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર, ભારતની નાગરિકતા અંગેની શરતો પરિપૂર્ણ કરતો હોય તે સિવાય, પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર ગણાશે નહિ.

૯. **એકાધિક લગ્નના કારણે નિમણૂક માટેની ગેરલાયકાત.-**

(૧) (ક) જે વ્યક્તિના પતિ/પત્ની હયાત હોય તેવી વ્યક્તિ સાથે જેણે લગ્ન કર્યા હોય અથવા લગ્નનો કરાર કર્યો હોય તેવી કોઈ વ્યક્તિ; અથવા

(ખ) જે વ્યક્તિના પતિ/પત્ની હયાત હોય તેવી કોઈ વ્યક્તિએ, અન્ય વ્યક્તિ સાથે લગ્ન કર્યા હોય અથવા લગ્નનો કરાર કર્યો હોય તો તેવી કોઈ વ્યક્તિ;

મુખ્ય અધિકારી, વર્ગ ૨-ની જગા પર નિમણૂકને પાત્ર થશે નહિ:

પરંતુ તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદાની જોગવાઈઓને અધીન રહીને, રાજ્ય સરકારને ખાતરી થાય કે તેમ કરવા માટેના ખાસ કારણો છે, તો તે, કોઈ પણ વ્યક્તિને આ પેટા-નિયમના અમલમાંથી મુક્તિ આપી શકશે.

(૨) ઉમેદવારે, તે અથવા યથાપ્રસંગ, તેણી પરિણીત છે કે કેમ અને પુરુષ હોય તેવા ઉમેદવારના કિસ્સામાં, તેને એક કરતા વધુ પત્ની હયાત છે કે કેમ અને સ્ત્રી ઉમેદવાર હોય તેવા કિસ્સામાં, જેની અગાઉની બીજી પત્ની હયાત હોય તેવા પુરુષ સાથે તેણીએ લગ્ન કરેલ છે કે કેમ તે અરજીપત્રમાં જાહેર કરવું પડશે.

૧૦. **શૈક્ષણિક લાયકાત અને વય-મર્યાદા.-**

(૧) સંબંધિત ભરતી નિયમો હેઠળ ઠરાવેલી, મુખ્ય અધિકારી, વર્ગ ૨-ની જગા પર નિમણૂક માટેની જરૂરી શૈક્ષણિક લાયકાત, બીજી લાયકાતો અને આવશ્યકતા ધરાવતો હોય તેવો ઉમેદવાર, પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર ગણાશે:

પરંતુ ઉમેદવાર જે પદવી પરીક્ષા પાસ કરવાથી ઉપર જણાવેલી પરીક્ષા માટે શૈક્ષણિક રીતે પાત્ર બનતો હોય, તે પરીક્ષામાં ઉપસ્થિત રહેલ હોય, પણ તેનું પરિણામ જાહેર થયેલ ન હોય, તો પણ તે (ઉમેદવાર) પ્રાંરભિક પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર ગણાશે.

(૨) આયોગ દ્વારા મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે પાત્ર ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવ્યા હોય તેવા તમામ ઉમેદવારોએ, મુખ્ય પરીક્ષા માટેની તેમની અરજીની સાથે, પદવી પરીક્ષા પાસ કર્યાનો પુરાવો રજૂ કરવાનો રહેશે. પદવી પરીક્ષા પાસ કર્યાનો પુરાવો રજૂ ન કરે તેવો ઉમેદવાર, મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર ગણાશે નહિ.

૧૧. આયોગનો નિર્ણય આખરી ગણાશે.-

(૧) (ક) ઉમેદવાર, મુખ્ય અધિકારી, વર્ગ ૨-ની જગા માટેના ભરતી નિયમો હેઠળ ઠરાવેલી જરૂરી લાયકાત ધરાવે છે;

(ખ) તેણે અરજી સાથે જરૂરી ફી ભરેલી છે; અને

(ગ) તે તમામ બાબતોમાં યોગ્યતા (પાત્રતા) ધરાવે છે અને તેણે તમામ જરૂરિયાતોનું પાલન કર્યું છે, તે બાબતોની આયોગને ખાતરી થાય તે સિવાય, કોઈ પણ ઉમેદવારને પરીક્ષામાં ઉપસ્થિત રહેવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

(૨) પરીક્ષામાં પ્રવેશ માટે ઉમેદવારની પાત્રતા અંગે આયોગનો નિર્ણય આખરી ગણાશે.

(૩) પાછળથી કોઈ પણ સમયે, ઉમેદવાર પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે અપાત્ર જણાય, તો તેની/તેણીની ઉમેદવારી રદ થયેલી ગણાશે અને તેની પસંદગી થઈ ગયેલ હોય અને નિમણૂક થઈ ગયેલ હોય, તો તેની/તેણીની નિમણૂક શરૂઆતથી જ રદબાતલ ગણાશે અને તેની/તેણીની સેવા તરત જ સમાપ્ત કરવામાં આવશેઃ

પરંતુ આવા ઉમેદવારને તેની/તેણીની સેવા સમાપ્ત કરતાં પહેલાં સુનાવણીની તક આપવી જોઈશે.

૧૨. પરીક્ષા ખંડમાં અમુક સાધનોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ (મનાઈ).-

(ક) ઉમેદવારે પરીક્ષાના તમામ પ્રશ્નપત્રોના જવાબ સ્વ-હસ્તાક્ષરમાં આપવાના રહેશે.

(ખ) ઉમેદવારને સેલ્યુલર ફોન, કેલ્ક્યુલેટર, પેજર અથવા સંદેશા-વ્યવહારના બીજા કોઈ પણ ઈલેક્ટ્રોનિક સાધનો પોતાની સાથે લઈ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

(ગ) ઉમેદવારને પ્રારંભિક પરીક્ષામાં કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવશે નહિઃ

પરંતુ ઉમેદવારને પરીક્ષામાં આયોગ નિર્દિષ્ટ કરે તેવા પરીક્ષાના રૂઢિગત પ્રકારના પ્રશ્નપત્રમાં સિમ્પલ બેટરી ઓપરેટેડ નોન-પ્રોગ્રામેબલ પોકેટ કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરવાની છૂટ આપી શકાશેઃ

વધુમાં, પરીક્ષા દરમિયાન ઉમેદવારો વચ્ચે તેમના કેલ્ક્યુલેટરની અદલાબદલી અથવા આપ-લે કરવાની છૂટ આપવામાં આવશે નહિ.

૧૩. મુખ્ય પરીક્ષામાં બેસવા બાબત.-

(૧) પ્રારંભિક પરીક્ષામાં આયોગ નક્કી કરે તેટલા લઘુતમ લાયકી ગુણ મેળવ્યા હોય તે ઉમેદવારોને મુખ્ય પરીક્ષામાં બેસવાની છૂટ આપવામાં આવશે.

(૨) મુખ્ય પરીક્ષા (લેખિત)માં આયોગ નક્કી કરેલા તેટલા લઘુતમ લાયકી ગુણ મેળવ્યા હોય તે ઉમેદવારોને ઈન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત કસોટી) માટે બોલાવવામાં આવશેઃ

પરંતુ આયોગનો એવો અભિપ્રાય હોય કે અનામત કક્ષાનો ઉમેદવાર મુખ્ય પરીક્ષા (લેખિત) અથવા યથાપ્રસંગ, ઈન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત કસોટી) માટે ઉપલબ્ધ થવા સંભવ નથી, તો તે, સામાન્ય

INDEX

કક્ષા માટેના લાયકી ધોરણના આધારે, આવી કક્ષા માટે અનામત જગાઓ ભરવા માટે, અનામત કક્ષાના ઉમેદવારોને, પ્રારંભિક પરીક્ષા અથવા યથાપ્રસંગ, મુખ્ય પરીક્ષા (લેખિત)નું ધોરણ હળવું કરીને, મુખ્ય પરીક્ષા (લેખિત કસોટી)માં ઉપસ્થિત રહેવાની છૂટ આપી શકશે અથવા યથાપ્રસંગ, ઈન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત કસોટી) માટે બોલાવી શકશે.

૧૪. **ઈન્ટરવ્યુ (રૂબરૂ મુલાકાત)માં ઉપસ્થિત ન રહેવાના કારણે અયોગ્યતા.-** મુખ્ય પરીક્ષા (લેખિત)માં લાયક ઠરેલ હોય અને ઈન્ટરવ્યુ (રૂબરૂ મુલાકાત) માટે બોલાવવામાં આવેલ હોય તેવો ઉમેદવાર, (નિર્દિષ્ટ) નિયત તારીખે અને સમયે ઈન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત)માં ઉપસ્થિત ન રહે, તો તે પસંદગી માટે પાત્ર ગણાશે નહિ.

૧૫. **ગુણવત્તા યાદી.-**

(૧) આયોગે, મુખ્ય પરીક્ષા અને ઈન્ટરવ્યુ ટેસ્ટ (રૂબરૂ મુલાકાત કસોટી)ને અંતે દરેક ઉમેદવારને આપેલા કુલ (એકંદર) ગુણને આધારે ગુણવત્તા ક્રમમાં ઉમેદવારોના નામ ગોઠવવા જોઈશે. ત્યાર પછી, આયોગે, બિનઅનામત કક્ષાની ખાલી જગાઓ માટે ઉમેદવારોના નામની ભલામણ કરવાના હેતુ માટે, મુખ્ય પરીક્ષાના આધારે ભરવાની બિન-અનામત કક્ષાની ખાલી જગાઓની સંખ્યાના સંદર્ભમાં, લાયકી ગુણ (જેનો આમાં હવે પછી, ''સામાન્ય લાયકી ધોરણ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) નક્કી કરવા જોઈશે. અનામત કક્ષાની ખાલી જગાઓ માટે (વિચરતી આદિજાતિઓ અને વિમુક્ત આદિજાતિઓ સહિત) અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અને બિન-અનામત કક્ષાના આર્થિક રીતે પછાત વર્ગોના અનામત કક્ષાના ઉમેદવારોના નામની ભલામણ કરવાના હેતુ માટે, આયોગ, મુખ્ય પરીક્ષાના આધારે, આ દરેક કક્ષામાં ભરવાની અનામત કક્ષાની ખાલી જગાઓની સંખ્યાના સંદર્ભમાં, સામાન્ય લાયકી ધોરણમાં છૂટછાટ આપી શકશેઃ

પરંતુ પરીક્ષાના કોઈ પણ તબક્કે, યોગ્યતા અથવા પસંદગીના માપદંડોમાં કોઈપણ પ્રકારની છૂટછાટ અથવા મુક્તિ મેળવેલ ન હોય અને સામાન્ય લાયકી ધોરણને લક્ષમાં લેતાં જેઓના નામ આયોગને ભલામણ કરવા માટે યોગ્ય જણાયા હોય, તેવા (વિચરતી આદિજાતિઓ અને વિમુક્ત આદિજાતિઓ સહિત) અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અને બિનઅનામત કક્ષાના આર્થિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોની, (વિચરતી આદિજાતિઓ અને વિમુક્ત આદિજાતિઓ સહિત) અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અને આર્થિક રીતે પછાત વર્ગો માટે અનામત રાખેલી ખાલી જગાઓ માટે ભલામણ કરવી જોઈશે નહિ.

૧૬. **પ્રતીક્ષા યાદી.-**

આયોગે, દરેક કક્ષા માટે, જાહેરાતમાં જણાવેલી ખાલી જગાની કુલ સંખ્યાના લગભગ ૨૦ ટકા જેટલી જગાની સંખ્યામાં લાયક ઉમેદવારોની પ્રતીક્ષા યાદી તૈયાર કરવી જોઈશે. પ્રતીક્ષા યાદી, સરકારે તે અર્થે બહાર પાડેલી સૂચનાઓ પ્રમાણે અમલમાં રહેશે.

૧૭. **પરીક્ષાનું પરિણામ .-**

(૧) આયોગે, પરીક્ષાનું પરિણામ, પોતાના નોટિસ બોર્ડ અને/ અથવા પોતાની વેબ-સાઈટ પર પ્રસિદ્ધ કરવું જોઈશે.

(૨) (ક) મુખ્ય અધિકારી, વર્ગ ૨-ની જગા પર નિમણૂક માટે જેના નામોની સરકારને ભલામણ કરવાની હોય તેવા ઉમેદવારોનું પરિણામ, દરેક ઉમેદવારના બેઠક ક્રમાંક અને તેમણે મેળવેલા કુલ ગુણ સહિત, ઉમેદવારોના ગુણવત્તા ક્રમ અનુસાર ગોઠવવું જોઈશે.

(ખ) આયોગે, અસફળ ઉમેદવારોનું પરિણામ પણ દરેક ઉમેદવારના બેઠક ક્રમાંક અને તેણે મેળવેલા કુલ ગુણ દર્શાવીને, પોતાના નોટિસ બોર્ડ અને/ અથવા પોતાની વેબ-સાઈટ પર પ્રદર્શિત કરવું જોઈશે.

(ગ) આયોગે, પ્રતીક્ષા યાદીમાં રાખવાના ઉમેદવારોના નામ પ્રદર્શિત કરવા જોઇશે.

(૩) આયોગે, પરિણામ રાજપત્રમાં પ્રસિદ્ધ કરવું જોઈશે.

૧૮. મુખ્ય પરીક્ષાના ગુણની ફેરચકાસણી.-

(૧) પ્રારંભિક પરીક્ષાના પોતાના ગુણની ફેરચકાસણી કરાવવા ઈચ્છતો ઉમેદવાર, દરેક પ્રશ્નપત્ર માટે આયોગ નક્કી કરે તેટલી ફી સાથે, પ્રારંભિક પરીક્ષાનું પરિણામ જાહેર થયાની તારીખથી પંદર દિવસની મુદતની અંદર, આયોગને અરજી કરી શકશે.

(૨) મુખ્ય પરીક્ષાના પોતાના ગુણની ફેરચકાસણી કરાવવા ઈચ્છતો ઉમેદવાર, આયોગ નક્કી કરે તેટલી ફી સાથે મુખ્ય પરીક્ષાનું આખરી પરિણામ જાહેર થયાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર આયોગને અરજી કરી શકશે.

(૩) મુખ્ય પરીક્ષાનું ગુણપત્રક મેળવવા ઈચ્છતો ઉમેદવાર, આયોગ નકકી કરે તેટલી ફી સાથે આખરી પરિણામ જાહેર થયાની તારીખથી પંદર દિવસની મુદતની અંદર આયોગને અરજી કરી શકશે.

૧૯. સરકારને પરિણામ મોકલવા બાબત.-

આયોગે, પરિણામ જાહેર થયેથી, સરકારને જેમની નિમણૂક માટે ભલામણ કરવામાં આવી હોય તેવા ઉમેદવારોની જરૂરી વિગતો જેવી કે ઉમેદવાર - એ સામાન્ય વર્ગ, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, (વિચરતી આદિજાતિઓ અને વિમુકત આદિજાતિઓ સહિતની) સામાજિક અને આર્થિક રીતે પછાત જાતિઓ અથવા આર્થિક નબળા વર્ગોમાંથી છે કે કેમ અને તેની જન્મ તારીખ, લાયકાતો અને રાજય સરકાર આદેશ કરે તેવી બીજી જરૂરી વિગતો સહિતની યાદી સરકારને મોકલવી જોઈશે.

૨૦. નિમણૂક અંગેનો કોઈ હક મળશે નહિ.-

પરીક્ષામાં પાત્ર થવાથી જ ઉમેદવારને નિમણૂક અંગેનો કોઈ હક મળશે નહિ અને નિમણૂક કરનાર સત્તાધિકારીને જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, એવી ખાતરી થાય કે જગા અને જાહેર સેવામાં નિમણૂક માટે ઉમેદવાર તમામ રીતે યોગ્ય છે તે સિવાય, કોઈપણ ઉમેદવારની જગા પર નિમણૂક કરી શકાશે નહિ.

૨૧. તબીબી કસોટી.-

નિમણૂક માટે ભલામણ કરવામાં આવી હોય તેવા ઉમેદવારે, ગુજરાત મુલકી સેવાઓ (સેવાની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨ની જોગવાઈઓ અનુસાર તબીબી તપાસ કરાવવાની રહેશે.

૨૨. નિમણૂક.-

પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂક, આયોગે તૈયાર કરેલી ગુણવત્તા યાદીમાંના તેમના ક્રમ મુજબ ચુસ્ત રીતે કરવાની રહેશે.

૨૩. અજમાયશની મુદત.-

સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામને આધારે નિમણૂક કરવામાં આવી હોય, તેવા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અજમાયશની મુદત લંબાવી શકાશે.

૨૪. પૂર્વ-સેવા તાલીમ.-

મુખ્ય અધિકારી, વર્ગ ૨-ની જગા માટેની સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને સરકારે ઠરાવેલા પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો અનુસાર નિર્દિષ્ટ કરેલી મુદત અને પ્રયત્નોમાં તાલીમાંત પરીક્ષા પાસ કરવી પડશે.

૨૫. તાલીમ અને પરીક્ષા.-

મુખ્ય અધિકારી, વર્ગ ૨-ની જગા માટેની સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર વખતોવખત ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૨૬. શિસ્તવિષયક પગલાં.-

આયોગ જે ઉમેદવાર,

(ક) કોઈપણ સાધનો દ્વારા તેની ઉમેદવારી માટે ટેકો મેળવે ;

(ખ) ખોટું વ્યક્તિત્વ ધારણ કરે;

(ગ) કોઈ વ્યક્તિને ખોટું વ્યક્તિત્વ ધારણ કરાવે;

(ઘ) બનાવટી દસ્તાવેજો અથવા ચેડા કરેલા દસ્તાવેજો રજૂ કરે;

(ચ) ભૂલવાળા અથવા ખોટાં અથવા કોઈ મહત્વની માહિતી છૂપાવતા નિવેદન કરે;

(છ) પરીક્ષા માટેની તેની ઉમેદવારીના સંબંધમાં, બીજા કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લે;

(જ) પરીક્ષા દરમિયાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરે;

(ઝ) લખાણમાં વાહિયાત ભાષા અથવા બિભત્સ બાબત સહિત અસંગત બાબત લખે;

(ટ) પરીક્ષા ખંડમાં કોઈ બીજી રીતે ગેરવર્તણૂક કરે; અથવા

(ઠ) પરીક્ષાના સંચાલન માટે, આયોગે રોકેલા સ્ટાફને હેરાન-પરેશાન કરે અથવા શારીરિક રીતે ઈજા પહોંચાડે;

(ડ) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા તે પૈકીના કોઈ કાર્યો કરવાનો પ્રયત્ન કરે અથવા યથાપ્રસંગ, તેમાં મદદગીરી કરે; અથવા

(ઢ) પરીક્ષામાં ઉપસ્થિત થવાની તેને પરવાનગી આપતા તેના પ્રવેશ પ્રમાણપત્રમાં ઠરાવવામાં અને નિર્દિષ્ટ કરવામાં આવેલી શરતો પૈકીની કોઇ શરતનો ભંગ કરે,

તેને દોષિત જાહેર કરે અથવા કર્યો હોય તે ઉમેદવાર, પોતે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત,

(૧) તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તેમાંથી આયોગ દ્વારા ગેરલાયક ઠરાવવાને પાત્ર થશે; અથવા

(૨) કાયમી ધોરણે અથવા નિર્દિષ્ટ મુદત માટે તેને;

(ક) આયોગ તેમના દ્વારા યોજાનારી સીધી પસંદગી માટેની કોઈપણ પરીક્ષા અથવા કોઇપણ ઈન્ટરવ્યુ (રૂબરૂ મુલાકાત)માં ઉપસ્થિત થવામાંથી; અથવા

(ખ) સરકાર દ્વારા તેના હેઠળના કોઈ રોજગારમાંથી,

બાકાત રાખવાને પાત્ર થશે:

પરંતુ ઉમેદવાર તે અર્થે કરવા ઈચ્છતો હોય તેવી લેખિત રજૂઆત કરવાની તેને તક આપ્યા સિવાય, પેટા-ખંડ (ક) અથવા ખંડ (ખ) હેઠળ કોઇ દંડ નાંખવો જોઇશે નહિ; અથવા

(૩) તે અગાઉથી સરકારી સેવામાં હોય, તો ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ અથવા સંબંધિત ઉચિત નિયમોની જોગવાઈઓ અનુસાર, શિસ્તવિષયક પગલાંને પાત્ર થશે.

INDEX

અનુસૂચિ

(જુઓ નિયમ-૪)

વિભાગ-૧

પરીક્ષાની પદ્ધતિ

સ્પર્ધાત્મક પરીક્ષા બે ક્રમિક તબકકામાં લેવામાં આવશે-.

(ક) મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારોની પસંદગી કરવા માટે પ્રારંભિક પરીક્ષા (હેતુલક્ષી પ્રકારની); અને

(ખ) મુખ્ય અધિકારી, વર્ગ-૨ ની જગા માટે ઉમેદવારોની પસંદગી માટે મુખ્ય પરીક્ષા (લેખિતપરીક્ષા) અને ઇન્ટરવ્યુટેસ્ટ .(રૂબરૂ મુલાકાત કસોટી)

૧. **પ્રારંભિક પરીક્ષા-**

પ્રારંભિક પરીક્ષામાં આ **અનુસૂચિના વિભાગ-૨માં** દર્શાવ્યા પ્રમાણે હેતુલક્ષી પ્રકારનું (બહુવિધ વિકલ્પવાળા પ્રશ્નોવાળું) એક પ્રશ્નપત્ર રહેશે અને તે કુલ મહત્તમ ૧૫૦ ગુણનું રહેશે. આ પરીક્ષા માત્ર ચકાસણી કસોટી પ્રકારની રહેશે. મુખ્ય પરીક્ષામાં બેસવા માટે લાયક જાહેર કરવામાં આવે તેવા ઉમેદવારોએ પ્રારંભિક પરીક્ષામાં મેળવેલા ગુણની ગણતરી, તેમનો આખરી ગુણવત્તા ક્રમ નકકી કરવા માટે ગણતરીમાં લેવામાં આવશે નહિ. મુખ્ય પરીક્ષામાં બેસવાની પરવાનગી આપવામાં આવે તેવા ઉમેદવારોની સંખ્યા, આવી રીતે જાહેરખબરમાં આપવામાં આવેલી કુલ ખાલી જગાઓની સંખ્યાથી આશરે નવ ગણી રહેશે. આયોગ દ્વારા પ્રારંભિક પરીક્ષામાં લાયક જાહેર કરવામાં આવેલ ઉમેદવાર જ તે અન્યથા મુખ્ય પરીક્ષામાં બેસવા માટે લાયક છે તે શરતને અધીન રહીને, મુખ્ય પરીક્ષામાં બેસવા માટે લાયક ગણાશે.

૨. **મુખ્ય પરીક્ષા-**

(૧) મુખ્ય પરીક્ષા, લેખિત પરીક્ષા અને ઇન્ટરવ્યુ ટેસ્ટ (રુબરુ મુલાકાત કસોટી)ની રહેશે. લેખિત પરીક્ષા **અનુસૂચિના વિભાગ-૩માં** દર્શાવ્યા પ્રમાણેના ચાર પ્રશ્નપત્રોની રહેશે.

(૨) મુખ્ય પરીક્ષાના લેખિત ભાગમાં આયોગ નક્કી કરે તેવા લઘુત્તમ પાત્રતા ગુણ મેળવે તેવા ઉમેદવારોને, ઇન્ટરવ્યુ ટેસ્ટ (રુબરુ મુલાકાત કસોટી) માટે બોલાવવામાં આવશે. ઇન્ટરવ્યુ ટેસ્ટ (રુબરુ મુલાકાત કસોટી) માટે બોલાવવામાં આવે તેવા ઉમેદવારોની સંખ્યા આવી રીતે જાહેરખબરમાં આપવામાં આવેલી ખાલી જગાઓની સંખ્યાથી આશરે ત્રણ ગણી હોવી જોઇશે. ઇન્ટરવ્યુ ટેસ્ટ (રુબરુ મુલાકાત કસોટી) કોઇ લઘુત્તમ પાત્રતા ગુણ સિવાય ૮૦ ગુણનો રહેશે.

મુખ્ય પરીક્ષા અને ઇન્ટરવ્યુ ટેસ્ટ(રુબરુ મુલાકાત કસોટી)માં ઉમેદવારોએ મેળવેલા ગુણ પરથી તેમનો આખરી (ગુણવત્તા) ક્રમ નકકી કરવામાં આવશે.

વિભાગ ૨

પ્રારંભિક પરીક્ષાની પદ્ધતિ અને તેના વિષયો

પ્રારંભિક પરીક્ષામાં નીચે પ્રમાણેનું એક પ્રશ્નપત્ર કુલ-૧૫૦ ગુણનું રહેશેઃ-

પ્રશ્નપત્ર નં.	વિષય	ગુણ	સમયગાળો
૧	સામાન્ય અભ્યાસ	૧૫૦	૯૦ મિનિટ
	કુલ	**૧૫૦ ગુણ**	

નોંધઃ-

૧. પ્રારંભિક પરીક્ષાના વિષયનો અભ્યાસક્રમ આયોગ ઠરાવે અને જાહેર કરે તેવો રહેશે .

INDEX

૨ સામાન્ય અભ્યાસના પ્રશ્નપત્રો માટેના અભ્યાસક્રમનું ધોરણ અને તેની વિષયવસ્તુ સ્નાતક(ની પદવી) કક્ષાના રહેશે.

૩. પ્રશ્નપત્ર હેતુલક્ષી પ્રકારનું (બહુવિધ વિકલ્પવાળા પ્રશ્નોવાળું) રહેશે.

વિભાગ-૩

મુખ્ય પરીક્ષાની પદ્ધતિ અને તેના વિષયો

મુખ્ય પરીક્ષાની પદ્ધતિ અને તેના વિષયોમાં, નીચેના પ્રશ્નપત્રોનો સમાવેશ થશેઃ-

પ્રશ્નપત્ર નં.	વિષય	ગુણ	સમયગાળો
૧	ગુજરાતી (વર્ણનાત્મક)	૨૦૦	૩ કલાક
૨	અંગ્રેજી (વર્ણનાત્મક)	૧૦૦	૩ કલાક
૩	સામાન્ય અભ્યાસ-૧ (વર્ણનાત્મક) (૧) ગુજરાતનો ઈતિહાસ અને સંસ્કૃતિ (૨) સામાન્ય અર્થશાસ્ત્ર, જાહેર વહીવટ અને સરકારી કામકાજ	૨૦૦	૩ કલાક
૪	સામાન્ય અભ્યાસ-૨ (વર્ણનાત્મક) (૧) નીતિશાસ્ત્ર અને અભિરૂચિ (૨) વર્તમાન ઘટનાઓ (૩) ભૂગોળ, વિજ્ઞાન અને ટેકનોલોજી	૨૦૦	૩ કલાક
	કુલ	૭૦૦ ગુણ	

નોંધઃ-

૧. ગુજરાતી પ્રશ્નપત્રનું ધોરણ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના બારમા ધોરણના ગુજરાતી વિષય (ઉચ્ચતર સ્તર) ને સમકક્ષ રહેશે.

૨. અંગ્રેજી પ્રશ્નપત્રનું ધોરણ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના બારમા ધોરણના અંગ્રેજી વિષય (નિમ્ન સ્તર) ને સમકક્ષ રહેશે.

૩. સામાન્ય અભ્યાસના પ્રશ્નપત્ર માટેના અભ્યાસક્રમનું ધોરણ અને તેની વિષયવસ્તુ સ્નાતક(ની પદવી) કક્ષાના રહેશે.

૪. દરેક પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ, આયોગ ઠરાવે અને જાહેર કરે તેવો રહેશે.

વિભાગ-૪

ઈન્ટરવ્યુ ટેસ્ટ (રુબરુ મુલાકાત કસોટી) – ૮૦ ગુણ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

યોગેશ રાવલ,

સરકારના નાયબ સચિવ.

Extra No. 297

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, SEPTEMBER 30, 2016/ASVINA 8, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ : ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેએચઆર/૨૦૧૬/૧૭૫/એલવીડી/ ૧૦/૨૦૧૧/ જીઓઆઈ.૦૪/ એમ(૨)-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ

જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંકઃ કેએચઆર/૨૦૧૬/૧૭૫/એલવીડી/૧૦/૨૦૧૧/જીઓઆઈ.૦૪/એમ(૨):- ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા)ની કલમ ૫ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)થી ફરમાવ્યા પ્રમાણે, શ્રમ અને રોજગાર વિભાગના તારીખઃ ૨૮મી માર્ચ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ કેએચઆર/૨૦૧૬/૫૦/એલવીડી/૧૦/૨૦૧૧/ જીઓઆઈ.૦૪/ એમ(૨)-થી જાહેરનામાનો મુસદ્દો, તારીખઃ ૨૮મી માર્ચ, ૨૦૧૬ના, ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ ૧-એલ-ના પાના ૩/૧ થી ૩/૩માં પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી, *રાજપત્ર*માં તેની પ્રસિદ્ધિની તારીખથી બે મહિનાની મુદત અંદર વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં સરકારને કોઈ વાંધા અથવા સૂચનો મળેલ નથી;

તેથી, હવે, ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા)ની કલમ ૩ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ) સાથે વાંચતા, કલમ ૫ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ અને શ્રમ અને રોજગાર વિભાગનું તારીખઃ ૧૨મી ઓગસ્ટ, ૨૦૧૪નું સરકારી જાહેરનામું ક્રમાંકઃ કેએચઆર / ૨૦૧૪ / ૧૪૦ / એલવીડી / ૧૦ / ૨૦૧૧ / જીઓઆઈ.૦૪ / એમ(૨) રદ કરીને, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ નંબર (૧)માં જણાવેલા કામદારોના વર્ગના સંબંધમાં, સદરહુ અનુસૂચિના કોલમ નંબર (૨) અને (૩)માં જણાવેલા વેતનના ન્યૂનતમ દરો સુધારે છેઃ-

અનુસૂચિ

કામદારોનો વર્ગ.	છૂટક મજૂરને ચૂકવવાપાત્ર દૈનિક દર.	કાયમી મજૂરને ચૂકવવાપાત્ર વાર્ષિક દર.
(૧)	(૨)	(૩)
કૃષિવિષયક રોજગારમાંના કામદારો.	₹.૧૭૮-૦૦	₹.૬૪,૯૭૦-૦૦

<u>સ્પષ્ટીકરણઃ</u>

આ જાહેરનામાના હેતુ માટે-

(૧) સમગ્ર રાજ્ય એક ઝોન તરીકે ગણાશે.

(૨) ન્યૂનતમ વેતનની ચુકવણીમાં પુરુષ અને સ્ત્રી કામદારો વચ્ચે કોઈપણ ભેદભાવ રાખવો જોઈશે નહિ.

(૩) વર્ષના કોઈ ભાગ માટે કામે રાખેલા કાયમી કામદારના કિસ્સામાં, તેને દર વર્ષે ચૂકવવાપાત્ર વેતનના ન્યૂનતમ દરો પ્રમાણસર રીતે ઘટાડવા જોઈશે.

(૪) ''છૂટક મજૂર'' એટલે કૃષિવિષયક રોજગાર સાથે સંકળાયેલું કોઈપણ કામ કરવા માટે ભાડેથી અથવા બદલાથી કામે રખાયેલી હોય અને કામકાજના દિવસના આધારે જેને અનુલાભો સાથે કે તેના વિના વેતન ચૂકવવામાં આવતું હોય, તેવી કોઈપણ વ્યક્તિ.

INDEX

(૫) ''કાયમી મજૂર'' એટલે કૃષિવિષયક રોજગાર સાથે સંકળાયેલું કોઈપણ કામ કરવા માટે ભાડેથી અથવા બદલાથી કામે રખાયેલી હોય અને એક મહિનાથી બાર મહિના સુધીની કામકાજની નિર્દિષ્ટ મુદતના આધારે જેને અનુલાભો સાથે કે તેના વિના વેતન ચૂકવવામાં આવતું હોય તેવી કોઈપણ વ્યક્તિ અને તેમાં ''ચાકર'', ''ભાગિયા'', ''હાથી'' અથવા ''સાથી'' તરીકે ઓળખાતા કામદારોનો સમાવેશ થાય છે.

(૬) છૂટક દરના ધોરણે કામે રાખેલા કોઈ કામદારના કિસ્સામાં, વેતનના ન્યૂનતમ દરો એવી રીતે નક્કી કરવા જોઈશે કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને ચૂકવવાપાત્ર વેતનની રકમ, સમય દરના ધોરણે કોઈ કામદારને ચૂકવવાપાત્ર દૈનિક વેતન કરતાં ઓછી થાય નહિ.

(૭) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદાર, જો ચાર કલાક સુધી કામ કરે, તો તેને વેતનના ન્યૂનતમ દરોના પચાસ ટકા અને જો ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો તેને વેતનના પૂરેપૂરા ન્યૂનતમ દરો ચૂકવવા જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. જી. રાજ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 298

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII]　　TUESDAY, OCTOBER 4, 2016/ASVINA 12, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓક્ટોબર, ૨૦૧૬

તારીખ : ૪થી ઓક્ટોબર, ૨૦૧૬ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૬ના ગુજરાત વટહુકમ ક્રમાંક ૩ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૪થી ઓકટોબર, ૨૦૧૬.

GUJARAT ORDINANCE NO. 3 OF 2016.

AN ORDINANCE

further to amend the Gujarat Town Planning and Urban Development Act, 1976.

સન ૨૦૧૬નો ગુજરાત વટહુકમ ક્રમાંક : ૩ .

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ વધુ સુધારવા બાબત વટહુકમ.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી;

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઇ છે કે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ સુધારવા માટે તાત્કાલિક પગલું લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે; સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મો.

તેથી, હવે, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૩ના ખંડ (૧)થી તેમને મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને પ્રસિદ્ધ કરે છે:-

૧. ***ટૂંકી સંજ્ઞા અને આરંભ.***- (૧) આ વટહુકમ ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (સુધારા) વટહુકમ, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

૨. **સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ હંગામી રીતે સુધારવા બાબત.**- આ વટહુકમના અમલની મુદત દરમિયાન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬, કલમ ૩માં નિર્દિષ્ટ કરેલા સુધારાને અધીન રહીને અમલમાં રહેશે. સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મો.

૩. **સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૫૧નો સુધારો.**- ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬માં, કલમ ૫૧માં,- સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મો.

(૧) પ્રથમ પરંતુકમાં, "પરંતુ છ મહિના કરતાં વધુ નહિ તેટલી" એ શબ્દો કમી કરવા;

(૨) બીજો પરંતુક કમી કરવો.

નિવેદન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૫૧ની વિદ્યમાન જોગવાઈઓથી, બીજી બાબતોની સાથોસાથ, એવી જોગવાઈ કરી છે કે નગર રચના અધિકારી, પોતાની નિમણૂકથી (તારીખથી) બાર મહિનાની મુદતની અંદર, ઠરાવેલી કાર્યરીતિ અનુસર્યા પછી, નગર રચના યોજના, પ્રારંભિક યોજના અને આખરી યોજનામાં પેટા-વિભાજિત કરશે. રાજ્ય સરકારને, સદરહુ સમયમર્યાદા છ મહિનાથી વધુ ન હોય તેટલી મુદત સુધી લંબાવવાની સત્તા આપવામાં આવેલ છે. તેમ છતાં, એવું અનુભવાયું છે કે નગર રચના અધિકારી, વિવિધ કારણોસર, સદરહુ અધિનિયમની કલમ ૫૧ની જોગવાઈઓ હેઠળ ઉપલબ્ધ વધુમાં વધુ અઢાર મહિનાની મુદતની અંદર, નગર રચના યોજનાને, પ્રારંભિક અને આખરી યોજનામાં પેટા-વિભાજિત કરી શકતા નથી અને તેથી, આ હેતુ માટેની ઠરાવેલી સમયમર્યાદાનું પાલન કરવું મુશ્કેલ બને છે, જેના કારણે ક્યારેક આ સંબંધી વૈધાનિક જોગવાઈઓનો ભંગ થઈ શકે છે. તેથી, જે જોગવાઈઓથી, બાર મહિનાની મુદત, છ મહિનાથી વધુ નહિ તેટલી મુદત માટે લંબાવવાની રાજ્ય સરકારને સત્તા મળે છે તે જોગવાઈઓ નાબૂદ કરવાનું જરૂરી જણાયું છે. તેથી, આ હેતુ સિદ્ધ કરવા માટે, સદરહુ અધિનિયમની સદરહુ કલમ ૫૧માં જરૂરી સુધારા યોગ્ય રીતે કરવામાં આવ્યા છે.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, સદરહુ અધિનિયમ સુધારવા આ વટહુકમ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ઓ. પી. કોહલી,
ગુજરાતના રાજ્યપાલ.

તારીખ: ૩જી ઓક્ટોબર, ૨૦૧૬.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પૂનમચંદ પરમાર,
સરકારના અધિક મુખ્ય સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 299

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, OCTOBER 4, 2016/ASVINA 12, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓક્ટોબર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૩જી ઓગસ્ટ, ૨૦૧૬ના ગુજરાત સરકારના **માર્ગ અને મકાન વિભાગના** સરકારી જાહેરનામા ક્રમાંક : જીજે/૬/૨૦૧૬/ઈએસટી/૧૧૨૦૧૫/૧૮/૧/જી. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Wireman, Class III, in the subordinate service of the Roads and Buildings Department, Recruitment Rules, 2016.

માર્ગ અને મકાન વિભાગની તાબાની સેવામાં, વાયરમેન, વર્ગ ૩ ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી જાહેરનામું.

માર્ગ અને મકાન વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૩જી ઓગસ્ટ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીજે/૬/૨૦૧૬/ઇએસટી/૧૧૨૦૧૫/૧૮/૧/જીઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, વાયરમેન, વર્ગ ૩ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો, માર્ગ અને મકાન વિભાગની તાબાની સેવામાં, વાયરમેન, વર્ગ ૩ ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, વાયરમેન, વર્ગ ૩ની જગા ઉપરની નિમણૂક, સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ ૨-માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(ક) ૩૩ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર, અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

(ખ) (૧) સરકારે સ્થાપેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ પૈકીની કોઇમાંથી મેળવેલ વાયરમેન અથવા ઇલેક્ટ્રિશિયનના અભ્યાસક્રમનું ઓછામાં ઓછું બે વર્ષનું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઇશે;

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

INDEX

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલો ઉમેદવાર, ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના સેક્રેટરી લાઇસન્સીંગ બોર્ડમાં રજિસ્ટર થયેલ ન હોય, તો નિમણૂકના સમયે તેણે પોતે (પોતાનું નામ) એવી રીતે રજિસ્ટર કરાવવું પડશે.

૫. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક-ની જોગવાઇઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

રમેશ પટેલ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 300

©

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, OCTOBER 5, 2016/ASVINA 13, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ઓક્ટોબર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **કાયદા વિભાગના** તારીખ : **૨૩મી સપ્ટેમ્બર,** ૨૦૧૬ના સરકારી જાહેરનામા (૧) **ક્રમાંક : જીકે/૬૧/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી,** (ભાગ-૪) અને (૨) **ક્રમાંક : જીકે/૬૨/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી,** (ભાગ-૪)-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંકઃ જીકે / ૬૧ / ૨૦૧૬ / સીસીએ / ૧૦૨૦૧૪ / ૧૧૬૧ / ડી, (ભાગ ૪):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમ ૪ની પેટા-કલમ (૩) અને કલમો ૭ અને ૧૧થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચાર વિનિમય કરીને, સન ૨૦૧૬ના ઓક્ટોબર મહિનાની ૨ જી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન અધિક જિલ્લા જજની કોર્ટની સ્થાપના કરે છે:-

૧. જિલ્લા કોર્ટ, રાજકોટના તાબા હેઠળની અધિક જિલ્લા જજની કોર્ટ, મોરબી, હવે જિલ્લા કોર્ટ, મોરબીના તાબા હેઠળ રહેશે;

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન અધિક જિલ્લા જજ લેશે, જેઓ તેમની કોર્ટ મોરબી ખાતે ભરશે;

૩. અધિક જિલ્લા જજ, મોરબી-ની કોર્ટની હકૂમતની સ્થાનિક હદો, મોરબી જિલ્લાના મોરબી, માળીયા, વાંકાનેર, ટંકારા અને હળવદ તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,

સરકારના ઉપસચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંકઃ જીકે / ૬૨ / ૨૦૧૬ / સીસીએ / ૧૦૨૦૧૪ / ૧૧૬૧ / ડી, (ભાગ ૪):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૫, ૭, ૧૧ અને ૧૩થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચાર વિનિમય કરીને, સન ૨૦૧૬ના ઓક્ટોબર મહિનાની ૨ જી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન સિનિયર દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છે:-

INDEX

૧. જિલ્લા કોર્ટ, રાજકોટના તાબા હેઠળની સિનિયર દીવાની જજની કોર્ટ, મોરબી, હવે જિલ્લા કોર્ટ, મોરબીના તાબા હેઠળ રહેશે;

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન મુખ્ય સિનિયર દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ મોરબી ખાતે ભરશે;

૩. સિનિયર દીવાની જજ, મોરબી-ની કોર્ટની હકૂમતની સ્થાનિક હદો, મોરબી જિલ્લાના મોરબી, માળીયા, વાંકાનેર, ટંકારા અને હળવદ તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 301

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, OCTOBER 7, 2016/ASVINA 15, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ઓક્ટોબર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ - ના તારીખ : ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૬ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીપી-૫૦-એમકેએમ-૧૦૨૦૦૯-૧૬-છ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Lecturer, (Selection Scale) (Professor), Class I, in Gujarat Ayurved Service, in the Government Ayurvedic Colleges, Recruitment Rules, 2016.

ગુજરાત આયુર્વેદ સેવામાં, સરકારી આયુર્વેદિક કોલેજોમાં, વ્યાખ્યાતા (પસંદગી પગારધોરણ) (પ્રાધ્યાપક), વર્ગ–૧, ભરતી નિયમો, ૨૦૧૬ સુધારવા સંબંધી જાહેરનામું

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીપી–૫૦–એમકેએમ–૧૦૨૦૦૯–૧૬–છઃ– ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત આયુર્વેદ સેવામાં, સરકારી આયુર્વેદિક કોલેજોમાં, વ્યાખ્યાતા (પસંદગી પગારધોરણ) (પ્રાધ્યાપક), વર્ગ–૧, ભરતી નિયમો, ૨૦૧૬ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છેઃ–

૧. આ નિયમો, ગુજરાત આયુર્વેદ સેવામાં સરકારી આયુર્વેદિક કોલેજોમાં, વ્યાખ્યાતા (પસંદગી પગારધોરણ) (પ્રાધ્યાપક), વર્ગ–૧, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત આયુર્વેદ સેવામાં, સરકારી આયુર્વેદિક કોલેજોમાં, વ્યાખ્યાતા (પસંદગી પગારધોરણ) (પ્રાધ્યાપક), વર્ગ–૧, ભરતી નિયમો, ૨૦૧૬ (જેનો આમાં હવે પછી ''સદરહુ નિયમો તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં નિયમ ૫–માં, –

(૧) ખંડ (ક) માં, ''૪૫ વર્ષથી''– એ આંકડા અને શબ્દને બદલે, ''૪૭ વર્ષથી'' એ આંકડા અને શબ્દ મુકવા;

(૨) ખંડ (ખ) માં, ગુજરાતી ભાષાંતરમાં સુધારાની જરૂર નથી.

(૩) ખંડ (ખ) ના બીજા પરંતુક પછી, ગુજરાતી ભાષાંતરમાં સુધારાની જરૂર નથી.

૩. સદરહુ નિયમોમાં, એનેક્ષર ૧માં, અનુક્રમાંક ૯ થી ૧૩ ના કોલમ (૪)માં ગુજરાતી ભાષાંતરમાં સુધારાની જરૂર નથી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એલ. ખાંટ,

સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 302

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, OCTOBER 14, 2016/ASVINA 22, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ઓક્ટોબર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **ઉદ્યોગ અને ખાણ વિભાગ** - ના તારીખ : ૨૨મી ઓગસ્ટ, ૨૦૧૬ ના સરકારી જાહેરનામા **ક્રમાંક** : જીયુ/૨૦૧૬/૭૭/બીઆરટી/૧૦૨૦૦૮/૨૪૫/ડી-૩ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Senior Chemist, Class I, in the Commissionerate of Geology and Mining, Gujarat State, Recruitment Rules, 2016.

ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યમાં, સિનિયર રસાયણશાસ્ત્રી (કેમિસ્ટ), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ઓગસ્ટ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીયુ/ ૨૦૧૬/ ૭૭/ બીઆરટી/ ૧૦૨૦૦૮/ ૨૪૫/ ડી-૩:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, કમિશનર, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યમાં, સિનિયર રસાયણશાસ્ત્રી (કેમિસ્ટ), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો, ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, સિનિયર રસાયણશાસ્ત્રી (કેમિસ્ટ), વર્ગ ૧, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યમાં, સિનિયર રસાયણશાસ્ત્રી (કેમિસ્ટ), વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬માં, નિયમ ૩માં, ખંડ (ખ)માં,-

(૧) "થી મેળવેલ હોદ્દો" એ શબ્દો કમી કરવા;

(૨) "રસાયણશાસ્ત્રમાં" એ શબ્દો પછી, "મેળવેલી" એ શબ્દ દાખલ કરવો".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. જી. ચૌધરી,
સરકારના નાયબ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 303

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, OCTOBER 17, 2016/ASVINA 25, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ઓક્ટોબર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **કાયદા વિભાગ** ના તારીખ : ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૬ ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીકે/૫૫/૨૦૧૬/એસસીટી/૧૦૨૦૧૬/૨૫૯૯/ડી,** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Scheduled Castes and Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯.

ક્રમાંક:જીકે/૫૫/૨૦૧૬/એસસીટી/૧૦૨૦૧૬/૨૫૯૯/ડી:— અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯(જેનો આમાં હવે પછી, 'સદરહુ અધિનિયમ' તરીકે ઉલ્લેખ કર્યો હોય તે)ની કલમ ૧૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિ સાથે, સન ૨૦૧૬ના ઓક્ટોબર મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૨-માં દર્શાવેલા જિલ્લા માટે, સદરહુ અધિનિયમ હેઠળના કેસો ઝડપથી ચલાવવા માટે વિશિષ્ટ વિશેષ કોર્ટની સ્થાપના કરે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	**જિલ્લા/કોર્ટનું નામ**
૧.	અમદાવાદ (ગ્રામ્ય)
૨.	આણંદ
૩.	પાલનપુર ખાતે બનાસકાંઠા
૪.	ભરૂચ
૫.	ભાવનગર
૬.	ગાંધીનગર
૭.	જામનગર
૮.	જૂનાગઢ
૯.	ભૂજ ખાતે કચ્છ
૧૦.	મહેસાણા
૧૧.	પાટણ
૧૨.	રાજકોટ
૧૩.	સુરત
૧૪.	સુરેન્દ્રનગર
૧૫.	વડોદરા
૧૬.	શહેર દીવાની (સિટી સિવિલ)કોર્ટ, અમદાવાદ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ.એચ વર્મા,

સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 304

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, OCTOBER 18, 2016/ASVINA 26, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ઓક્ટોબર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૧૨મી જુલાઈ, ૨૦૧૬ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૪૪/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Government Notification, Legal Department No.GK/31/2016/CCA/102014/1161/D, Dt.11/07/2016.

કાયદા વિભાગનું તારીખ : ૧૧/૦૭/૨૦૧૬નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીકે/૩૧/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી. સુધારવા સંબંધી જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૨/૦૭/૨૦૧૬.

ગુજરાત દિવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક.જીકે/૪૪/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી:- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમ ૪ની પેટા-કલમ (૧), કલમ ૫ની પેટા-કલમ (૧) અને કલમ ૭ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, કાયદા વિભાગનું તા.૧૧/૦૭/૨૦૧૬નું સરકારી જાહેરનામું ક્રમાંક.જીકે/૩૧/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી. નીચે પ્રમાણે સુધારે છે :-

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં, અનુક્રમાંક ૨ ઉપરના કોલમ નંબર ૪(૨)માં જણાવેલ "મુખ્ય સિનિયર દીવાની જજની કોર્ટ, ભીલોડા" એ શબ્દોને "મુખ્ય દીવાની જજની કોર્ટ, ભીલોડા" એ શબ્દો તરીકે વાંચવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિવ્યેશ વી. શાહ,

ગુજરાત સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 305

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, OCTOBER 18, 2016/ASVINA 26, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ઓક્ટોબર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના કાયદા વિભાગના તારીખ : ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૬ના સરકારી જાહેરનામા (૧) ક્રમાંક : જીકે/૬૪/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૪) અને (૨) ક્રમાંક : જીકે/૬૫/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૪)-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દિવાની કોર્ટ, અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંકઃ જીકે/૬૪/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૪):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૬, ૭, અને ૧૧થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના ઓક્ટોબર મહિનાની ૨-જી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણ કાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છેઃ-

૧. જિલ્લા કોર્ટ, રાજકોટના તાબા હેઠળની દીવાની જજની કોર્ટ, માળિયા-મીયાણા હવે જિલ્લા કોર્ટ, મોરબીના તાબા હેઠળ રહેશે.

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષ સ્થાન મુખ્ય દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ માળિયા ખાતે ભરશે.

૩. દીવાની જજની કોર્ટ, માળિયાની હકૂમતની સ્થાનિક હદો, મોરબી જિલ્લાના માળિયા તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,
સરકારના ઉપસચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દિવાની કોર્ટ, અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંકઃ જીકે/૬૫/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૪):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૬, ૭, અને ૧૧થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના ઓક્ટોબર મહિનાની ૨-જી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છેઃ-

૧. જિલ્લા કોર્ટ, રાજકોટના તાબા હેઠળની દીવાની જજની કોર્ટ, વાંકાનેર હવે જિલ્લા કોર્ટ, મોરબીના તાબા હેઠળ રહેશે.

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષ સ્થાન મુખ્ય દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ વાંકાનેર ખાતે ભરશે.

૩. દીવાની જજની કોર્ટ, વાંકાનેરની હકૂમતની સ્થાનિક હદો, મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 306

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, OCTOBER 20, 2016/ASVINA 28, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૨૦મી ઓક્ટોબર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ-ના તારીખ : ૨જી જુલાઈ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ/૨૦૧૬/૭૦/બીઆરટી/૧૦૨૦૦૭/૧૫૮૪/ડી.૨-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Standard Overseer/ Senior Estimator, Class III, in the Directorate of Government Printing and Stationery, Recruitment Rules, 2016.

સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરીમાં, માનક સર્વેક્ષક(સ્ટાન્ડર્ડ ઓવરસિયર) / સિનિયર આકારણીકાર (એસ્ટિમેટર),વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨જી જુલાઇ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીયુ/૨૦૧૬/૭૦/બીઆરટી/૧૦૨૦૦૭/૧૫૮૪/ડી.૨:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, માંનક સર્વેક્ષક (સ્ટાન્ડર્ડ ઓવરસિયર)/ સિનિયર આકારણીકાર (એસ્ટિમેટર), વર્ગ ૩-ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરીમાં, માનક સર્વેક્ષક (સ્ટાન્ડર્ડ ઓવરસિયર) / સિનિયર આકારણીકાર (એસ્ટિમેટર), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, માનક સર્વેક્ષક (સ્ટાન્ડર્ડ ઓવરસિયર) / સિનિયર આકારણીકાર (એસ્ટિમેટર), વર્ગ ૩ની જગા ઉપરની નિમણૂક જેણે,-

(ક) (૧) સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સિનિયર મદદનીશ (માનક શાખા/ સ્ટાન્ડર્ડ બ્રાન્ચ), વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) ઠરાવેલી ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યકિતઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતની બઢતીથી કરવી જોઇશેઃ

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા- ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યકિત બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપીને જગા ભરવાનું જાહેરહિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા- ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બેતૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યકિતને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. સીધી પસંદગીથી અને બઢતીથી કરવાની નિમણૂક ૧:૨ના પ્રમાણમાં કરવી જોઇશે.

૪. નિયમ૨-માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(ક) ૩૮ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

INDEX

(ખ) (૧)ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી ઓછામાં ઓછા દ્વિતીય વર્ગ સાથેની વાણિજ્યમાં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે; અને

(૨) યુનિવર્સિટી અથવા સરકારે માન્ય કરેલી સંસ્થા દ્વારા એનાયત કરવામાં આવેલ મુદ્રણ પ્રૌદ્યોગિકી (પ્રિન્ટિંગ ટેકનોલોજી)માં ડિપ્લોમા ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક–ની જોગવાઈઓ લાગુ પડશે.

૬. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
અશોક આઈ. શાહ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 307

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, OCTOBER 21, 2016/ASVINA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૨૧મી ઓક્ટોબર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **વન અને પર્યાવરણ વિભાગ-ના તારીખ : ૬ઠ્ઠી જૂન, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક** : જીવીએન/૨૦૧૬/૧૭/ઈએક્ષએમ/૧૦૨૦૧૬/૫૫૯/ડી-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Office Superintendent, Class II (Departmental Examination) Rules, 2016.

કચેરી અધીક્ષક, વર્ગ ૨ (ખાતાકીય પરીક્ષા) નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું

વન અને પર્યાવરણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જૂન, ૨૦૧૬.

ભારતનું સવિધાન.

ક્રમાંકઃ- જીવીએન/૨૦૧૬/૧૭/ઈએક્ષએમ/૧૦૨૦૧૬/૫૫૯/ડીઃ- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજયપાલ, આથી, ખાતાકીય પરીક્ષા પાસ કરવાને લગતી હોય તેટલા પૂરતી, વન અને પર્યાવરણ વિભાગમાં, કચેરી અધીક્ષક, વર્ગ ૨, સામાન્ય રાજય સેવાના સંવર્ગમાં સેવાની શરતોનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. **ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.-**

(૧) આ નિયમો કચેરી અધીક્ષક, વર્ગ ૨ (ખાતાકીય પરીક્ષા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

(૩) તે, વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજય હેઠળની તાબાની સેવામાં બઢતીથી અથવા અન્યથા મુખ્ય કારકુન, વર્ગ ૩ની જગાઓ પર નીમાયેલી વ્યકિતઓને લાગુ પડશે.

૨. **વ્યાખ્યા.-** આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) "પરિશિષ્ટ" એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) "નિયત તારીખ" એટલે આ નિયમો અમલમાં આવવાની તારીખ;

(ગ) ''મંડળ'' એટલે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગુજરાત;

(ઘ) ''પરીક્ષા'' એટલે આ નિયમો હેઠળ નિર્દિષ્ટ કરેલી ખાતાકીય પરીક્ષા;

(ચ) ''સરકાર'' એટલે ગુજરાત સરકાર;

(છ) ''કચેરી અધીક્ષક'' એટલે બઢતીથી કચેરી અધીક્ષક તરીકે નીમાયેલી વ્યકિત ;

(જ) "નિર્દિષ્ટ કરેલી તકો" એટલે આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી જેટલી તકોમાં કોઇ વ્યકિતએ જરૂરી પરીક્ષા પાસ કરવી જોઇશે તેટલી તકો;

(ઝ) "નિર્દિષ્ટ કરેલી મુદત" એટલે આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી જેટલી મુદતમાં કોઇ વ્યકિતએ સુસંગત પરીક્ષા પાસ કરવાની જરૂરી રહેશે તે મુદત;

૩. **પરીક્ષામાં ઉપસ્થિત થવા માટેની પાત્રતા અને તકોની ઉપલભ્યતા.-**

કચેરી અધીક્ષક, વર્ગ ૨-ની જગા પર બઢતીને પાત્ર થવા માટે, વ્યકિતએ, વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજય હેઠળની તાબાની સેવામાં, મુખ્ય કારકુન, વર્ગ ૩ની જગા પર તેની નિયમિત નિમણૂકની તારીખથી ત્રણ વર્ષની મુદતની અંદર અને ત્રણ તકોમાં પરીક્ષા પાસ કરવાની રહેશે :

પરંતુ, જેની પાસે છેલ્લી તક હોય તેવી વ્યકિતના કિસ્સામાં, આ નિયમોમાં જોગવાઈ કર્યા પ્રમાણેની પરીક્ષા પાસ કરવાની મુદત, ત્યારપછીની પરીક્ષા યોજવાની તારીખ પહેલાં પૂરી થઇ જાય, તો સદરહુ મુદત, પરીક્ષાના પરિણામની જાહેરાતની તારીખ સુધી લંબાવવામાં આવી હોવાનું ગણાશેઃ

વધુમાં, અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત આદિજાતિઓની વ્યકિતઓને એક વધુ તક આપી શકાશે, જેનો ઉપયોગ આ નિયમોમાં જણાવેલી મુદત પૂરી થયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર કરવાનો રહેશેઃ

વળી, નિર્દિષ્ટ તકોની અંદર કોઇ વ્યક્તિ તેવી પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળ થાય, તો તે, સરકારે નક્કી કરેલી પરીક્ષા ફી ભર્યેથી, એ રીતે નિષ્ફળ જવા છતાં પણ આવી પરીક્ષામાં કોઇપણ સમયે ઉપસ્થિત થવા માટે લાયક ગણાશે અને તે સદરહુ પરીક્ષા પાસ કરે, તો તે પહેલાં જેણે પરીક્ષા પાસ કરેલી હોય અને ઉપલી જગા પર બઢતી અપાયેલી હોય તેવી વ્યકિતઓ પર સિનિયોરિટીનો દાવો કરવાને હકદાર થશે નહિ તે શરતને અધીન રહીને બઢતી માટે લાયક ગણાશેઃ

૪. પરીક્ષા યોજવા બાબત.-

(૧) મંડળે વર્ષમાં બે વખત, સામાન્ય રીતે જૂન અને ડિસેમ્બર મહિનામાં પરીક્ષા યોજવી જોઇશે.

(૨) મંડળે, પરીક્ષા યોજવા માટેના સ્થળ, તારીખ અને સમયની જાણ સચિવ, વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત સરકારની જાણ હેઠળ અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વન દળના વડા, ગુજરાત રાજય, ગાંધીનગર-ને કરવી જોઇશે અને અગ્ર મુખ્ય વન સંરક્ષકે, મંડળની જાણ હેઠળ સીધી ઉમેદવારોને જાણ કરવી જોઇશે.

૫. પરીક્ષા માટેનો અભ્યાસક્રમ.-

(૧) પરીક્ષા માટેનો અભ્યાસક્રમ, પરિશિષ્ટ ‘ક’માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે રહેશે. પ્રશ્નપત્ર ૪ વર્ણનાત્મક પ્રકારનું રહેશે, તે સિવાયની પરીક્ષા બહુવિકલ્પ પ્રશ્નો (MCQs)ની રહેશે.

(૨) પરીક્ષાનું માધ્યમ, પ્રશ્નપત્રમાં આપેલી સૂચના પ્રમાણે ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે.

૬. પરીક્ષામાં ઉપસ્થિત રહેવા બાબત.-

(૧) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઈચ્છતા મુખ્ય કારકુન, વર્ગ ૩-એ, પરીક્ષાના આરંભની તારીખથી ઓછામાં ઓછા સાઠ દિવસ પહેલાં એવી પરીક્ષામાં ઉમેદવાર તરીકે તેના નામની નોંધણી કરાવવા માટે, પોતાની અરજી પરિશિષ્ટ ‘ખ’ માં ઠરાવ્યા પ્રમાણેના નમૂનામાં, અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વન દળના વડા, ગુજરાત રાજય મારફત રજૂ કરવી જોઈશે.

(૨) અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વન દળના વડા, ગુજરાત રાજય, ગાંધીનગર-એ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની તેની પાત્રતાના સંબંધમાં અરજીની ચકાસણી કરવી જોઇશે અને પરિશિષ્ટ ‘ગ’ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના યોગ્યતા પ્રમાણપત્ર સહિત તે મંડળને મોકલી આપવી જોઇશે.

(૩) અરજદાર, પછીથી પરીક્ષામાં ઉપસ્થિત ન થવાનો નિર્ણય કરે, તો તેણે, પરીક્ષાના આરંભની તારીખથી ઓછામાં ઓછા ત્રીસ દિવસ પહેલાં તેની જાણ લેખિતમાં, અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વન દળના વડા, ગુજરાત રાજય, ગાંધીનગર-મારફત મંડળને કરવી જોઇશે.

(૪) પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે ઉમેદવાર તરીકે પોતાના નામની નોંધણી કરાવ્યા પછી, પરીક્ષામાં ઉપસ્થિત થવા કોઈ વ્યકિત ચૂક કરે તેવા પ્રસંગે, ઉપર પેટા-નિયમ (૩)માં ઉલ્લેખ્યા પ્રમાણે તે કોઇ જાણ ન કરે તો, તેણે પરીક્ષા પાસ કરવાની એક તક ગુમાવી હોવાનું ગણાશે.

(૫) મંડળ, ઉમેદવાર એવી પરીક્ષામાં ઉપસ્થિત થવાને પાત્ર હોય તો, અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વન દળના વડા, ગુજરાત રાજય, ગાંધીનગર-એ કાઢી આપેલા યોગ્યતા પ્રમાણપત્રના આધારે ઉમેદવારને સુસંગત પરીક્ષામાં બેસવા દેશે :

પરંતુ અગ્ર મુખ્ય વન સંરક્ષક અને વન દળના વડા, ગુજરાત રાજય, ગાંધીનગર-ને એવી ખાતરી થાય કે વ્યકિતએ પોતાના કાબૂ બહારના કારણોસર સમયમર્યાદાની અંદર જાણ કરવામાં ચૂક કરી હતી તો તે, પેટા-નિયમ (૩)માં ઉલ્લેખ્યા પ્રમાણેની જાણ કરવા માટે વ્યકિતના પક્ષે થયેલી ચૂક અને તેનાથી ઉદ્‌ભવતા પરિણામોને માફ કરી શકશે.

૭. **પરીક્ષા પાસ કરવા માટે લાયકી ધોરણ.-**

(૧) પરીક્ષા પાસ કરવા માટેનું ધોરણ, દરેક પ્રશ્નપત્રમાં મેળવેલ કુલ ગુણના પચાસ ટકા (૫૦ %) રહેશે.

(૨) વિષયોના પ્રશ્નપત્રોના જવાબ, પુસ્તકોની મદદથી આપી શકાશે.

સ્પષ્ટીકરણ.- પુસ્તકો સાથે એટલે મૂળ કાયદા અને/અથવા નિયમો ધરાવતા કોઇ ટીપ્પણી અથવા કેસને લગતા કાયદા સિવાયના પુસ્તકો સાથે અને તેમાં ગુજરાત સરકારે પ્રસિદ્ધ કરેલા અધિનિયમ હેઠળ બહાર પાડેલા નિયમસંગ્રહનો સમાવેશ થાય છે.

(૩) નાપાસ થયેલ જે કોઇ ઉમેદવારે કોઇ એક અથવા વધુ પ્રશ્નપત્રોમાં સાઇઠ ટકા અથવા તેથી વધારે ગુણ મેળવ્યા હોય તેને ત્યારપછીની પરીક્ષામાં તેટલા પ્રશ્નપત્રોમાં તેને ઉપસ્થિત થવામાંથી મુકિત આપવામાં આવશે.

૮. **પરિણામની પ્રસિદ્ધિ.-** મંડળ, પરીક્ષાનું પરિણામ સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કરશે અને તે અંગે સચિવ, વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત રાજય-ને પણ જાણ કરશે.

૯. **પરીક્ષા ખંડમાં અમુક સાધનો (ડિવાઇસ)ના ઉપયોગ પર પ્રતિબંધ (મનાઇ).-** ઉમેદવારને સેલ્યુલર ફોન, કેલ્કયુલેટર, પેજર, લેપટોપ અથવા તેના જેવા બીજા ઇલેકટ્રોનિક સંદેશાવ્યવહારના બીજા કોઇપણ સાધનો (ડિવાઇસ) પોતાની સાથે લઇ જવા દેવા પરવાનગી આપવી જોઇશે નહિ.

૧૦. **શિસ્તવિષયક કાર્યવાહી.-**

કોઈપણ ઉમેદવાર,-

(ક) પોતાની ઉમેદવારી માટે કોઇપણ રીતે ટેકો મેળવવા માટે; અથવા

(ખ) બીજાનું નામ ધારણ કરવા માટે; અથવા

(ગ) બીજી કોઈ વ્યક્તિ પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે; અથવા

(ઘ) બનાવટી દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા માટે; અથવા

(ચ) ભૂલવાળા અથવા ખોટા હોય તેવા અથવા મહત્ત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદન કરવા માટે; અથવા

(છ) પરીક્ષા માટે પોતાની ઉમેદવારીના સંબંધમાં બીજા કોઇ નિયમ વિરુદ્ધના અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે; અથવા

(જ) પરીક્ષા દરમિયાન ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે; અથવા

(ઝ) લખાણોમાં અર્થહીન (બેહૂદી) ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અસંગત (અપ્રસ્તુત) બાબત લખવા માટે; અથવા

(ટ) પરીક્ષા ખંડમાં બીજી કોઈ રીતે ગેરવર્તણૂક કરવા માટે; અથવા

(ઠ) પરીક્ષાના સંચાલન માટે મંડળે કામે રાખેલા કર્મચારીવર્ગને હેરાન કરવા અથવા શારીરિક રીતે નુક્સાન કરવા માટે; અથવા

(ડ) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા તે પૈકીના કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથાપ્રસંગ, મદદગારી કરવા માટે; અથવા

(ઢ) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશ પ્રમાણપત્રમાં ઠરાવ્યા અને નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની શરતો પૈકીની કોઈપણ શરતનો ભંગ કરવા માટે,

દોષિત ઠર્યો હોય અથવા મંડળે તેને દોષિત જાહેર કરેલો હોય, તે, તેની સામે ફોજદારી કાર્યવાહી કરવાને પાત્ર થશે, તે ઉપરાંત

(૧) તે, જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી મંડળ દ્વારા તેને ગેરલાયક ઠરાવવાને; અથવા

(૨) (ક) મંડળ દ્વારા કોઈપણ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે અથવા સંબંધિત જગા પરની તેની ઉમેદવારી માટે; અથવા

(ખ) સરકાર દ્વારા તેના પોતાના હેઠળના કોઈપણ રોજગારમાંથી તે, કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત રહેવાને પાત્ર થશે:

પરંતુ ઉમેદવાર તે અર્થે કરવા માંગતા હોય તેવી લેખિત રજૂઆત કરવાની તેને/ તેણીને તક આપ્યા સિવાય અને સામાન્ય વહીવટ વિભાગના સચિવ (કર્મચારીગણ)ની પૂર્વ-મંજૂરી લીધા સિવાય, ખંડ (૧)ના પેટા-ખંડ (૧) અથવા (૨) હેઠળની કોઈ શિક્ષા કરી શકાશે નહિ; અથવા

(૩) તે સરકારી સેવામાં હોય, તો સંબંધિત નિયમો હેઠળ શિસ્તવિષયક કાર્યવાહીને પાત્ર થશે.

પરિશિષ્ટ ક
(જુઓ નિયમ ૫)
(કચેરી અધીક્ષક, વર્ગ ૨ની ખાતાકીય પરીક્ષા)

પ્રશ્નપત્ર ૧ ભારતનું સંવિધાન અને સેવાને લગતી બાબતો. ગુણ :૧૦૦, સમયગાળો : ૨ કલાક. (પુસ્તકો સાથે) (તમામ પ્રશ્નોના સમાન ગુણ રહેશે.)

૧. ભારતનું સંવિધાનના નીચેના સંદર્ભમાં,-
(૧) અનુચ્છેદ ૩૦૯;
(૨) સુધારા ૭૩ અને ૭૪ને ધ્યાને રાખીને પંચાયત અને નગરપાલિકાની જોગવાઈ;
(૩) ચૂંટણી આયોગ (કમિશન);
(૪) નાણા આયોગ;
(૫) સમવર્તી યાદી અને રાજય યાદી; અને
(૬) સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટ (ઉચ્ચ ન્યાયાલયો) .

૨. ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ અને ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧.

૩. ગુજરાત વિધાનસભા નિયમો.

૪. ખાસ ગુજરાત રાજયના સંદર્ભમાં હાલની પંચવર્ષીય યોજના.

૫. ગુજરાતમાં પંચાયત રાજનું માળખું, તેની સત્તા અને મર્યાદા.

પ્રશ્નપત્ર ૨ નાણાકીય બાબતો. ગુણ :૧૦૦ , સમયગાળો : ૨ કલાક. (પુસ્તકો સાથે)

૧.	ગુજરાત મુલકી સેવા નિયમો (જી.સી.એસ.આર.) ૨૦૦૨, વોલ્યુમ ૧ થી ૮	૨૦ ગુણ
૨.	ગુજરાત બજેટ મેન્યુઅલ (અંદાજપત્ર નિયમસંગ્રહ), ભાગ ૧ અને ભાગ ૨.	૨૦ ગુણ
૩.	ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦.	૧૫ ગુણ
૪.	નાણાકીય સત્તાની સોંપણી.	૧૫ ગુણ
૫.	ગુજરાત સરકારની ખરીદ નીતિ.	૧૫ ગુણ
૬.	વિદ્યમાન ઉચ્ચતર પગાર ધોરણ યોજના.	૧૫ ગુણ

પ્રશ્નપત્ર ૩ કચેરી કાર્યપદ્ધતિ. ગુણ :૧૦૦, સમયગાળો : ૨ કલાક. (પુસ્તકો સાથે)

૧.	વેપારના નિયમો અને તે હેઠળ બહાર પાડેલી સૂચનાઓ.	૨૦ ગુણ
૨.	કચેરી કાર્યપદ્ધતિનું મેન્યુઅલ (નિયમસંગ્રહ)	૨૦ ગુણ
૩.	ગુજરાતના વહીવટીતંત્રનું સંગઠન અને માળખું	૨૦ ગુણ
૪.	કામગીરી મૂલ્યાંકન અહેવાલ	૧૦ ગુણ
૫.	રોસ્ટર મેન્યુઅલ (નિયમસંગ્રહ)ની સૂચનાઓ (કેવી રીતે તૈયાર કરવી, રોસ્ટર રજિસ્ટરની જાળવણી અને રોસ્ટરના મુદ્દાની ફાળવણી.)	૧૦ ગુણ
૬.	ગુજરાત મુલકી સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૭૨.	૧૦ ગુણ
૭.	માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫. (તમામ સુધારા સાથે.)	૧૦ ગુણ

પ્રશ્નપત્ર ૪ ગુજરાતી અને અંગ્રેજી ભાષા તથા સામાન્ય વિષય.
ગુણ : ૧૦૦, સમયગાળો : ૩ કલાક. (પુસ્તકો સિવાય)

૧.	અંગ્રેજી અને ગુજરાતીમાં નિબંધ.	૧૫ ગુણ
૨.	સેક્રેટરિએટ એન્ડ ફિલ્ડ રિલેશનશીપ (દફતરી અને ક્ષેત્રવિષયક સંબંધ).	૧૦ ગુણ
૩.	હાઈકોર્ટની બાબતો- પરિચ્છેદ પ્રમાણે વિશેષ નોંધની તૈયારી અને 'વિગતદર્શક હુકમો'નું મુસદ્દા લેખન.	૧૦ ગુણ
૪.	સરકારી પત્રવ્યવહાર- વિવિધ પ્રકારના સંદેશાવ્યવહાર, તેનું મુસદ્દા લેખન અને તેમની વચ્ચેનો તફાવત.	૨૫ ગુણ
૫.	વ્યાકરણ- અંગ્રેજી.	૧૫ ગુણ
	વ્યાકરણ- ગુજરાતી.	૧૫ગુણ
૬.	વહીવટી શબ્દભંડોળ - ગુજરાતી અને અંગ્રેજી તથા તેનો ઉપયોગ.	૧૦ ગુણ

પ્રશ્નપત્ર ૫ આ પ્રશ્નપત્રમાં અધિનિયમો, સંબંધિત વિભાગના નિયમોને લગતા એક અથવા વધારે ભાગો અને આવા વિભાગને લગતી અન્ય પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવશે.

ગુણ : ૧૦૦, સમયગાળો : ૨ કલાક. (પુસ્તકો સાથે)

૧.	ગુજરાત વન નિયમસંગ્રહ (મેન્યુઅલ) ભાગ : ૧, ૨, ૩.	૨૫ ગુણ
૨.	ભારત વન અધિનિયમ, ૧૯૨૭.	૨૫ ગુણ
૩.	વન (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૦.	૧૦ ગુણ
૪.	ભારત વન્ય પ્રાણી (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ (સુધારા સહિત).	૨૦ ગુણ
૫.	સૌરાષ્ટ્રનો વૃક્ષો કાપી નાખવા (શિક્ષા કરવા) બાબતનો અધિનિયમ, ૧૯૫૧.	૧૦ ગુણ
૬.	વન અધિકાર અધિનિયમ, ૨૦૦૬.	૧૦ ગુણ

પરિશિષ્ટ ખ

[જુઓ નિયમ ૬(૧)]

મંડળ દ્વારા યોજવાની નીચલા સ્તર/ ઉપલા સ્તરની ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેનું અરજીપત્ર

૧.	અરજદારનું પૂરું નામ (અટક પહેલાં લખવી) (અંગ્રેજી અને ગુજરાતી બન્નેમાં) :	
૨.	હોદ્દો (અંગ્રેજીમાં અને ગુજરાતીમાં):	
૩.	હાલમાં જે કચેરીમાં કામ કરતા હોય તે કચેરીનું નામ:	
૪.	જન્મ તારીખ અને આ પરીક્ષાના સમયે ઉંમર :	
૫.	નિમણૂકની તારીખ અને સેવા (નોકરી)ના કુલ વર્ષો :	
૬.	અરજદાર અગાઉ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યો છે કે કેમ? જો તેમ હોય, તો-	
	(ક) જે પરીક્ષામાં ઉપસ્થિત રહ્યો હોય તે પરીક્ષાનો મહિનો અને તેનું વર્ષ :	
	(ખ) કોઈ મુક્તિ આપવામાં આવી છે કે કેમ? જો તેમ હોય, તો ગુણ, પરીક્ષાના વર્ષ અને વિષયની માહિતી આપવી જોઈશે :	
	(ગ) અરજદાર, મેળવેલી મુક્તિનો લાભ મેળવવા ઈચ્છા ધરાવે છે ? 'હા' અથવા 'ના' જણાવવું (પસંદગી આખરી ગણવામાં આવશે અને તેમાં કોઈપણ ફેરફાર માન્ય રાખવામાં આવશે નહિ) :	
૭.	અરજદાર, જે નિયમની સત્તા હેઠળ પરીક્ષામાં ઉપસ્થિત રહેવાનો ઈરાદો ધરાવે છે તે :	
૮.	અરજદારે, જેટલી તકોની અંદર અને જે સમયમર્યાદાની અંદર પરીક્ષા પાસ કરવાની હોય તે તકોની સંખ્યા અને સમયમર્યાદા (પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની પાત્રતાની તારીખ અને તેની મુદતની સમાપ્તિની તારીખ જણાવવી) :	
૯.	કરેલા પ્રયત્નોની સંખ્યા:	
૧૦.	વધારાની (ખાસ તક) આપવામાં આવેલી છે કે કેમ? જો તેમ હોય, તો જે હુકમો હેઠળ, અરજદારને વધારાની તક આપવામાં આવેલી હોય તે હુકમોના ક્રમાંક નિર્દિષ્ટ કરવા અને તારીખની વિગતો આપવી અને તેની નકલ મોકલવી :	
૧૧.	પરીક્ષા પાસ કરવા માટેનો હેતુ (દા.ત. સરકારી સેવામાં કાયમી થવા, સરકારી સેવામાં ચાલુ રહેવા, બઢતી માટે વગેરે):	
૧૨.	અરજદાર, ખાતાકીય પરીક્ષાના નિયમો અનુસાર પરીક્ષામાં ઉપસ્થિત થવા માટે પાત્ર છે કે કેમ? :	
૧૩.	સક્ષમ સત્તાધિકારી તરફથી ઉંમર અને સેવા-મર્યાદામાં છૂટછાટ આપતા હુકમોના પત્રના ક્રમાંક અને તારીખ (હુકમોની નકલો જોડવી):	
૧૪.	વિશેષ નોંધ, જો હોય તો:	

સ્થળ: અરજદારની સહી

તારીખ:

INDEX

પરિશિષ્ટ ગ
યોગ્યતા પ્રમાણપત્ર
[જુઓ નિયમ ૬(૨)]

આથી, પ્રમાણિત કરવામાં આવે છે કે,-

(૧) અરજીપત્રમાં જણાવેલી વિગતો તપાસેલી છે અને તે સાચી જણાયેલી છે. શ્રી/ શ્રીમતી/ કુમારી .... ની જગાની બઢતી માટે, વર્ષ ૨૦...........ના .... મહિનાની .... તારીખે યોજાનાર ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે પાત્ર છે.

(૨) * જરૂરી ફી ચૂકવેલી છે, ચલણની નકલ આ સાથે જોડેલી છે.

(૩) * ઉમેદવારને વધારાની તક આપવામાં આવે છે, હુકમની નકલ આ સાથે જોડેલી છે.

સ્થળ:
તારીખ:
* જે કંઇ લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

(વિભાગ/ કચેરીના વડાની સહી અને તેમનો હોદો)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ગૌરવ દાહિયા
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 308

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, OCTOBER 24, 2016/KARTIKA 2, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than Those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૨૪મી ઓક્ટોબર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ** વિભાગ-ના તારીખ : ૩જી ઓગસ્ટ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી/૨૦૧૬નો ૧૫૭/એનપીએલ/૪૫૨૦૧૬/૩૩૦૪/એમ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Provision for Disqualification of Members of Local Authorities for Defection Act, 1986.

ગુજરાત પક્ષાંતર બદલ સ્થાનિક સત્તામંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવાની જોગવાઈ કરતા અધિનિયમ, ૧૯૮૬ હેઠળ

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખ : ૩જી ઓગસ્ટ, ૨૦૧૬.

ગુજરાત પક્ષાંતર બદલ સ્થાનિક સત્તા મંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવાની જોગવાઈ કરતો અધિનિયમ, ૧૯૮૬.

ક્રમાંક : કેવી/ ૨૦૧૬નો ૧૫૭/ એનપીએલ/ ૪૫૨૦૧૬/ ૩૩૦૪/એમ:–ગુજરાત પક્ષાંતર બદલ સ્થાનિક સત્તામંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવાની જોગવાઈ કરતા અધિનિયમ, ૧૯૮૬ (સન ૧૯૮૬ના ગુજરાતના ૨૩મા)ની કલમ ૬થી મળેલી સત્તાની રૂએ અને પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખ: ૧૧મી માર્ચ, ૨૦૧૫ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેપી/ ૨૦૧૫નો ૧૯/ ઇએલસી/ ૧૦૯૭/ ૮૦૮ (પાર્ટ –૧)/ જી–ના અનુસંધાનમાં,ગુજરાત સરકાર, આથી, શ્રી વી. પી. પટેલ, સચિવ, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર–ને, કમિશનર, જમીન સુધારણા અને હોદ્દાની રૂએ સચિવ, મહેસૂલ વિભાગ, ગુજરાત રાજ્ય–ની જગા પરથી ઉપર જણાવેલી સદરહુ જગા ઉપર તેમની બદલી થતાં,શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને સંબંધિત કેસો માટે મુકરર અધિકારી તરીકે ચાલુ રાખે છે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

યોગેશ રાવલ,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 309

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, OCTOBER 25, 2016/KARTIKA 3, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than Those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૨૫મી ઓકટોબર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **કાયદા વિભાગ-ના તારીખ : ૭મી જૂન, ૨૦૧૬ના** સરકારી જાહેરનામા **ક્રમાંક : જીકે/૧૩/૨૦૧૬/પીઆરસીએચ/ ૧૦૯૨/૫૧૭/ડી(ભાગ-૧)-નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification
Under
The Terrorist and Disruptive Activities (Prevention) Act, 1987.

આતંકવાદી અને વિનાશક પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ૧૯૮૭ હેઠળ
જાહેરનામું.

કાયદા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર. તારીખ: ૭મી જૂન, ૨૦૧૬.

આતંકવાદી અને વિનાશક પ્રવૃત્તિઓ(નિવારણ)અધિનિયમ,૧૯૮૭.

ક્રમાંક: જીકે / ૧૩ / ૨૦૧૬ / પીઆરસીએચ/ ૧૦૯૨/ ૫૧૭/ ડી (ભાગ-૧):- આતંકવાદી અને વિનાશક પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ૧૯૮૭ (સન ૧૯૮૭ના ૨૮મા)ની કલમ ૧ની પેટા-કલમ (૪)ના ખંડ (ખ) સાથે વાંચતા, કલમ ૯ની પેટા-કલમ (૧), (૪) અને (૫)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, અનિર્ણિત ખાસ (સ્પેશ્યલ) કેસ નંબરો (આતંકવાદી અને વિનાશક પ્રવૃત્તિઓ-TADA) ૦૨/૨૦૦૬ થી ૦૫/૨૦૦૬-ની અદાલતી કાર્યવાહી કરવા માટે આણંદ ખાતે મુકરર કોર્ટની રચના કરે છે અને ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિથી, સદરહુ મુકરર કોર્ટનું અધ્યક્ષસ્થાન લેવા માટે મુખ્ય જિલ્લા ન્યાયાધીશ, આણંદ-ની નિમણૂક કરે છે અને ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિથી, સદરહુ મુકરર કોર્ટમાં હકૂમત વાપરવા માટે પણ અધિક સેશન્સ જજ, આણંદ-ની નિમણૂક કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
દિવ્યેશ વી. શાહ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 310

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, OCTOBER 28, 2016/KARTIKA 6, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી ઓક્ટોબર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **ગૃહ વિભાગ** ના **તારીખઃ ૩જી ઓક્ટોબર, ૨૦૧૬** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીજી/૧૦૭/ટીસીસી/૧૦૨૦૦૯/૧૩૫૬/વી** - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Government Notification, Home Department

No.GG/84/TTC/102009/1356/V, dated the 30th November, 2010

ગૃહ વિભાગનું તારીખ: ૩૦મી નવેમ્બર, ૨૦૧૦ નું સરકારી જાહેરનામું

ક્રમાંક: જીજી/૮૪/ટીટીસી/૧૦૨૦૦૯/૧૩૫૬/વી, સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી ઓક્ટોબર, ૨૦૧૬

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક: જીજી/૧૦૭/ટીટીસી/૧૦૨૦૦૯/૧૩૫૬/વી.– ગુજરાત રાજ્યને લાગુ પડતા હોય તેટલા પૂરતા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ ના ૨-જા) ની કલમ ૨-ના ખંડ(ફ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ ૩૦મી નવેમ્બર, ૨૦૧૦ નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીજી/૮૪/ટીટીસી/૧૦૨૦૦૯/ ૧૩૫૬/વ. નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામામાં અનુસૂચિમાં, અનુક્રમાંક ૩૦ ઉપરની નોંધ પછી, નીચેની નોંધો ઉમેરવી:-

અનુક્રમાંક	સ્થળોનું વર્ણન	મુખ્ય મથક	હકૂમતના વિસ્તારો
૧	૨	૩	૪
"૩૧	પોલીસ ઈન્સ્પેક્ટરની કચેરી, મહિલા પોલીસ સ્ટેશન, મોડાસા, અરવલ્લી જિલ્લો	મોડાસા	રેલવે પોલીસ સ્ટેશનના વિસ્તારો સહિત અરવલ્લી જિલ્લાનો સમગ્ર વિસ્તાર.
૩૨	પોલીસ ઈન્સ્પેક્ટરની કચેરી, મહિલા પોલીસ સ્ટેશન, છોટા ઉદેપુર જિલ્લો	છોટાઉદેપુર	રેલવે પોલીસ સ્ટેશનના વિસ્તારો સહિત છોટા ઉદેપુર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.
૩૩	પોલીસ ઈન્સ્પેક્ટરની કચેરી, મહિલા પોલીસ સ્ટેશન, લુણાવાડા, મહીસાગર જિલ્લો	લુણાવાડા	રેલવે પોલીસ સ્ટેશનના વિસ્તારો સહિત મહીસાગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર.
૩૪	પોલીસ ઈન્સ્પેક્ટરની કચેરી, મહિલા પોલીસ સ્ટેશન, બોટાદ જિલ્લો	બોટાદ	રેલવે પોલીસ સ્ટેશનના વિસ્તારો સહિત બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.
૩૫	પોલીસ ઈન્સ્પેક્ટરની કચેરી, મહિલા પોલીસ સ્ટેશન, મોરબી જિલ્લો	મોરબી	રેલવે પોલીસ સ્ટેશનના વિસ્તારો સહિત મોરબી જિલ્લાનો સમગ્ર વિસ્તાર.
૩૬	પોલીસ ઈન્સ્પેક્ટરની કચેરી, મહિલા પોલીસ સ્ટેશન, વેરાવળ, ગીર-સોમનાથ જિલ્લો	વેરાવળ	રેલવે પોલીસ સ્ટેશનના વિસ્તારો સહિત ગીર-સોમનાથ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.
૩૭	પોલીસ ઈન્સ્પેક્ટરની કચેરી, મહિલા પોલીસ સ્ટેશન, જામખંભાળિયા, દેવભૂમિ દ્વારકા જિલ્લો	જામખંભાળિયા	રેલવે પોલીસ સ્ટેશનના વિસ્તારો સહિત અરવલ્લી જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. આર. ભમ્મર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 311

©

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, NOVEMBER 4, 2016/KARTIKA 13, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી નવેમ્બર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના બંદરો અને વાહનવ્યવહાર વિભાગ-ના તારીખ : ૧૪મી ઓકટોબર, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : પીટી/૨૦૧૬/૪૯/એમવીડી/૧૦૨૦૧૬/૨૧૧૭/ખ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Government Notification, Ports, Transport and Fisheries Department No. G/B/89/119/MVR/1589/2424(II)-T dated the 28th June, 1989.

તારીખ : ૨૮મી જૂન, ૧૯૮૯નું બંદરો, વાહનવ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંક: જી/બી/૮૯/૧૧૯/એમવીઆર/૧૫૮૯/૨૪૨૪(૨)-ટ. સુધારવા સંબંધી જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ઓક્ટોબર, ૨૦૧૬.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : પીટી/૨૦૧૬/૪૯/એમવીડી/૧૦૨૦૧૬/૨૧૧૭-ખ :- ભારત સરકાર, સડક પરિવહન મંત્રાલય (પરિવહન પાંખ)-ના તારીખ : ૧૨મી જૂન, ૧૯૮૯ના જાહેરનામા ક્રમાંક : એસ.ઓ.૪૪૪(ઈ) સાથે વાંચતા, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૪૧ની પેટા-કલમ (૬)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તારીખ : ૨૮મી જૂન, ૧૯૮૯નું બંદરો, વાહનવ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંક : જી/બી/૮૯/૧૧૯/એમવીઆર/૧૫૮૯/૨૪૨૪(૨)-ટ. નીચે પ્રમાણે સુધારે છે :-

સદરહુ જાહેરનામા સાથે જોડેલા કોષ્ટકમાં, અંતે, નીચેની નોંધ ઉમેરવી :-

"અમદાવાદ (ગ્રામીણ) બાવળા	૩૮"
"અંજાર (પૂર્વ કચ્છ)	૩૯".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પ્રકાશ મજમુદાર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 312

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, NOVEMBER 4, 2016/KARTIKA 13, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી નવેમ્બર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના બંદરો અને વાહનવ્યવહાર વિભાગ-ના તારીખ : ૫મી ઓક્ટોબર, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : પીટી/૨૦૧૬/૪૮/એમવીડી/૧૦૨૦૧૬/૧૬૧૮/ખ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Government Notification, Home Department No. G/G/96/204/MVR/1095/G.O.I.-39/KH dated the 24th December, 1996.

ગૃહ વિભાગનું તારીખ ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૬નું સરકારી જાહેરનામું ક્રમાંક. જી/જી/૯૬/૨૦૪/એમવીઆર/૧૦૯૫/જી.ઓ.આઇ.-૩૯/ખ. સુધારવા સંબંધી જાહેરનામું.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ:-૫મી ઓકટોબર, ૨૦૧૬.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક: પીટી/૨૦૧૬/૪૮/એમવીડી/૧૦૨૦૧૬/૧૬૧૮/ખ:- કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૯ની જોગવાઇઓ અનુસાર, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૬નું સરકારી જાહેરનામું ક્રમાંક. જી/જી/૯૬/૨૦૪/એમવીઆર/૧૦૯૫/જી.ઓ.આઇ.-૩૯/ખ. નીચે પ્રમાણે સુધારે છે:

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં, અનુક્રમાંક. ૨૫ ઉપરની નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી:-

"૨૬.	મેસર્સ. સ્વામી સેવા એસોસિયેટ્સ	૪૦૧, સાંઇ મંત્ર ટાવર, ૪- ઢેબર કોલોની, પોલો ગ્રાઉન્ડ સામે, વડોદરા-૩૯૦૦૦૧.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ.આર.સોની,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 313

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, NOVEMBER 7, 2016/KARTIKA 16, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી નવેમ્બર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **શ્રમ અને રોજગાર વિભાગ-ના તારીખ : ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર/૨૦૧૬/૧૬૦/એલબીએલ/૧૯૨૦૧૬/૮૨૩૫૮(૮)/એમ-૩.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

The Equal Remuneration Act, 1976.

સમાન વેતન અધિનિયમ, ૧૯૭૬ હેઠળ

જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૬.

ક્રમાંકઃ જીએચઆર / ૨૦૧૬ / ૧૬૦ / એલબીએલ / ૧૯૨૦૧૬ / ૮૨૩૫૮(૮) / એમ-૩ઃ- ગુજરાત રાજ્યને લાગુ પડતા સમાન વેતન અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના ૨૫મા)ની કલમ ૧૧ ક-થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નિર્દિષ્ટ કરે છે કે સદરહુ અધિનિયમની કલમ ૧૦ હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુનાની, ફોજદારી કાર્યવાહી શરૂ થતાં પહેલાં અથવા તે પછી, ગુનેગાર (અપરાધી) દ્વારા અરજી કર્યેથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૭)માં નિર્દિષ્ટ કરેલા અધિકારી દ્વારા, પોતાના હકૂમતના વિસ્તારો માટે, સદરહુ અનુસૂચિના કોલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ઉપર્યુક્ત કલમ હેઠળ શિક્ષાપાત્ર ગુનાના સંબંધમાં, સદરહુ અનુસૂચિના કોલમ (૩)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે સંસ્થા અથવા રોજગારમાં કામે રાખેલા કર્મચારીઓની તેવી સંખ્યાના પ્રમાણમાં, કોલમ (૪) થી (૬)માં નિર્દિષ્ટ કરેલી રકમ સુધીની માંડવાળ કરી શકશે.

અનુસૂચિ

અનુ-ક્રમાંક	કલમ	સંસ્થા અથવા રોજગારમાં કામે રાખેલા કર્મચારીઓની સંખ્યા	પહેલા ગુના માટે રૂા.	બીજા ગુના માટે રૂા.	ત્રીજા ગુના માટે રૂા.	ગુનાની માંડવાળ કરવા માટેના અધિકારીઓ / સત્તાધિકારીઓ	મર્યાદાનો વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧.	૧૦(૧) અને ૧૦ (૩)	૧ થી ૫૦	૧,૫૦૦/-	૩,૦૦૦/-	૬,૦૦૦/-	મદદનીશ મજૂર કમિશનર	તેમની સંબંધિત હકૂમતની અંદર
		૫૧ થી ૧૦૦	૩,૦૦૦/-	૬,૦૦૦/-	૧૦,૦૦૦/-	ઉપર મુજબ	ઉપર મુજબ
		૧૦૧ થી ૫૦૦	૪,૦૦૦/-	૮,૦૦૦/-	૧૫,૦૦૦/-	નાયબ મજૂર કમિશનર, અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ.	ઉપર મુજબ
		૫૦૦ થી વધુ	૫,૦૦૦/-	૧૦,૦૦૦/-	૨૦,૦૦૦/-	ઉપર મુજબ	ઉપર મુજબ
૨.	૧૦ (૨)	દરેક કામદારની સેવાના દરેક પૂર્ણ થયેલા વર્ષ માટે ચૂકવેલા મહેનતાણામાંનો અને ૯૦ દિવસો માટે ખરેખર ચૂકવવાપાત્ર મહેનતાણામાંનો તફાવત.					

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એચ. વસાવા,
સરકારના નાયબ સચિવ.

INDEX

એનેક્ષર-ક

સમાન વેતન અધિનિયમ, ૧૯૭૬ હેઠળ ગુનાની માંડવાળ કરવા માટેનું અરજીપત્ર

પ્રતિ,

વિષય - સમાન વેતન અધિનિયમ, ૧૯૭૬ હેઠળ ગુનાની માંડવાળ કરવા બાબત

શ્રીમાન,

સમાન વેતન અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૧ કની પેટા-કલમ (૧) હેઠળ ઠરાવ્યા પ્રમાણે

૧. હું / અમે, આથી, સમાન વેતન અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૦ હેઠળના શિક્ષાપાત્ર ગુનાની માંડવાળ કરવા માટે અરજી કરું છું/ કરીએ છીએ.

૨. સદરહુ ગુના માટે, નિરીક્ષણ સત્તાધિકારી .... (નામ), ... (હોદ્દો), ... (જિલ્લો)-એ, તારીખઃ..............................ના રોજ કાનૂની નોટિસ કાઢેલ છે અને કહેવાતા ગુના અંગેની પૂર્તતા કરવા માટેની ૨૧ દિવસની નિયત મુદત પૂરી થઈ ગયેલ છે.

નીચેના (ક) અથવા (ખ)માંથી લાગુ પડતું હોય તેની સામે (✓) કરો.

(ક) હું / અમે, નિયત મુદતની અંદર કહેવાતા ગુના અંગેની પૂર્તતા કરી શકેલ ન હોવાથી, હું / અમે, આ સાથે, ગુનાની માંડવાળ કરવા માટે અરજી કરું છું/ કરીએ છીએ.

(ખ) હું / અમે, કહેવાતા ગુના અંગેની પૂર્તતા કરી શકેલ ન હોવાથી અને અમારી સામે ફોજદારી કાર્યવાહી દાખલ કરી હોવાથી અને તે હાલમાં ફર્સ્ટ ક્લાસ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ અનિર્ણિત હોવાથી, હું / અમે, આ સાથે, ગુનાની માંડવાળ કરવા માટે અરજી કરું છું/ કરીએ છીએ.

૩. હું / અમે, આથી, ગુનાની માંડવાળ કરવા અંગેના હુકમની તારીખથી ૨૧ દિવસની અંદર, સમાન વેતન અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૧ ક માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની નિયત રકમ ભરવાની બાંયધરી આપું છું / આપીએ છીએ.

૪. હું / અમે, આથી, જાહેર કરું છું / કરીએ છીએ કે અમારી સંસ્થા / અન્ડરટેકિંગ-એ, સમાન વેતન અધિનિયમ, ૧૯૭૬ હેઠળ ગુનાની માંડવાળ કરવા માટે અરજી કરેલ છે, પ્રથમ/ દ્વિતીય/ તૃતીય (સુસંગત હોય તેની સામે (✓)ની નિશાની કરો). તમામ સુસંગત વિગતો, આ સાથે જોડેલા ઠરાવેલા એનેક્ષરમાં આપેલ છે. તેથી, સમાન વેતન અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૧ ક હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે ગુનાની માંડવાળ કરવા માટેની પરવાનગી આપવા વિનંતી.

તારીખઃ   આપનો વિશ્વાસુ,

સ્થળઃ   અરજદારોની સહી અને તેમનો હોદ્દો

....

(ત્રણ નકલમાં રજૂ કરવું)

૧. સંસ્થા / અન્ડરટેકિંગનું નામ:

ઈમેઈલ સહિતના સરનામા:

લેન્ડલાઈન ટેલિફોન અને મોબાઈલ નંબર:

૨. અરજદારનું નામ અને તેનો હોદ્દો:

૩. કામે રાખેલા કામદારોની કુલ સંખ્યા:

૪. (૧) ગુનાનો પ્રકાર અને અધિનિયમની જે કલમ હેઠળ સદરહુ ગુનો શિક્ષાપાત્ર હોય તે કલમ:

(૨) ગુનાથી અસર પામેલ કામદારો, હોય તો, તેની સંખ્યા, નામ અને સરનામાં.

(જરૂર હોય, તો અલગ યાદી જોડો)

૫. (૧) સંસ્થા દ્વારા ગુનાની માંડવાળ કરવા માટેની અરજી પ્રથમ વખત કરવામાં આવી છે કે કેમ?

(૨) પ્રથમ વખત કરવામાં ન આવી હોય, તો અધિનિયમ હેઠળ ગુનાની માંડવાળ કરવા માટેના અગાઉના હુકમની વિગતો.

૬. અન્ડરટેકિંગના કામનો પ્રકાર.

૭. ઈન્સ્ટોલ્ડ કેપેસિટિ, લાઈસન્સ્ડ કેપેસિટિ અને યુટિલાઈઝડ કેપેસિટિને લગતી વિગતો.

૮. ગુનો કર્યાની તારીખ:

(૧) ગુનો વારંવાર કરવામાં આવેલ છે કે કેમ?

(૨) ફોજદારી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે કેમ?

(૩) જો એમ હોય, તો ફોજદારી કાર્યવાહીની વિગતો, કોર્ટનું નામ, કોર્ટ કેસ નંબર અને (કેસ) દાખલ કર્યાની તારીખ.

(૪) માલિક દ્વારા ગુના અંગેની પૂર્તતા કરવામાં આવેલ છે કે કેમ?

(૫) પૂર્તતા અંગેની વિગતો.

૯. તેની વિગતો અંગેનું કોઈ સંબંધિત કારણ (પરિબળ) હોય તો તે જણાવો.

તારીખ: આપનો વિશ્વાસુ,

સ્થળ: અરજદારોની સહી અને તેમનો હોદ્દો

....

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 314

વાર્ષિક લાવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, NOVEMBER 8, 2016/KARTIKA 17, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી નવેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ: ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૬ ના ગુજરાત સરકારના ગૃહ વિભાગ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૧૦૫/પીએસટી/૧૦૨૦૦૨/૧૩૧૩ (પાર્ટ-૨)/વી નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Government Notification, Home Department, No. GG/42/TTC/10-2002/1313/V, dated the 30th April, 2005.

ગૃહ વિભાગનું તારીખઃ ૩૦મી એપ્રિલ, ૨૦૦૫નું સરકારી જાહેરનામું ક્રમાંકઃ જીજી/૪૨/ટીટીસી/૧૦-૨૦૦૨/૧૩૧૩/વી સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંકઃ જીજી/૧૦૫/પીએસટી/૧૦૨૦૦૨/૧૩૧૩ (પાર્ટ-૨)/વીઃ– ગુજરાત રાજ્યને લાગુ પડતા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા)ની કલમ ૨ના ખંડ (ફ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખઃ ૩૦મી એપ્રિલ, ૨૦૦૫નું સરકારી જાહેરનામું ક્રમાંકઃ જીજી/૪૨/ટીટીસી/૧૦-૨૦૦૨/૧૩૧૩/વી. નીચે પ્રમાણે સુધારે છેઃ-

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં,-

(૧) ''ડિવિઝન/પેટા-ડિવિઝન'' એ શીર્ષક હેઠળની કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલી ''રાધનપુર''ને લગતી અનુક્રમાંક ૭ પરની નોંધમાં, ''પોલીસ મથક'' એ શીર્ષક હેઠળની કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી ''હારીજ''ને લગતી નોંધમાં, ''આઉટ-પોસ્ટ'' એ શીર્ષક હેઠળની કોલમ ૬માં નિર્દિષ્ટ કરેલી ''બીટ નં. ૧''ને લગતી નોંધમાં, નોંધ ૧૫ પછી, ''સ્થાનિક વિસ્તાર / ગામો'' એ શીર્ષક હેઠળ કોલમ ૭માં, ''ગામો''ને લગતી નીચેની નોંધો દાખલ કરવીઃ-

''૧૫(ક) અરીઠા

૧૫(ખ) બુડા

૧૫(ગ) કુકરાણા

૧૫(ઘ) વાઘેલ

૧૫(ચ) રસુલપુરા

૧૫(છ) વાગોસણ'';

(૨) ''ડિવિઝન/પેટા-ડિવિઝન'' એ શીર્ષક હેઠળની કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલી ''રાધનપુર''ને લગતી અનુક્રમાંક ૮ પરની નોંધમાં, ''પોલીસ મથક'' એ શીર્ષક હેઠળની કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી ''સમી''ને લગતી નોંધમાં,-

(૧) ''આઉટ-પોસ્ટ'' એ શીર્ષક હેઠળની કોલમ ૬માં નિર્દિષ્ટ કરેલી ''બીટ નં. ૧''ને લગતી નોંધમાં, ''સ્થાનિક વિસ્તાર / ગામો'' એ શીર્ષક હેઠળ કોલમ ૭માં નિર્દિષ્ટ કરેલી ''ગામો''ને લગતી નીચેની નોંધો કમી કરવીઃ-

''(૧૫) અરીઠા

(૧૬) બુડા'';

(૨) ''આઉટ-પોસ્ટ'' એ શીર્ષક હેઠળની કોલમ ૬માં નિર્દિષ્ટ કરેલી ''બીટ નં. ૩''ને લગતી નોંધમાં,-

(ક) ''સ્થાનિક વિસ્તાર / ગામો'' એ શીર્ષક હેઠળ કોલમ ૭માં નિર્દિષ્ટ કરેલી ''ગામો''ને લગતી નીચેની નોંધો કમી કરવીઃ-

''(૧૫) વાઘેલ

(૧૬) કુકરાણા'';

(ખ) ''સ્થાનિક વિસ્તાર / ગામો'' એ શીર્ષક હેઠળ કોલમ ૭માં નિર્દિષ્ટ કરેલી ''ગામો''ને લગતી નીચેની નોંધો અંતે ઉમેરવીઃ-

''(૧૭) પાલીપુર'';

(૩) ''આઉટ-પોસ્ટ'' એ શીર્ષક હેઠળની કોલમ ૬માં નિર્દિષ્ટ કરેલી ''વેડ આઉટ પોસ્ટ''ને લગતી નોંધમાં, કોલમ ૭માં નિર્દિષ્ટ કરેલી ''ગામો''ને લગતી નીચેની નોંધો અંતે ઉમેરવીઃ-

''(૨૦) અમરાપુરા

(૨૧) ચડીયાણા'';

(૩) ''ડિવિઝન/પેટા-ડિવિઝન'' એ શીર્ષક હેઠળની કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલી ''રાધનપુર''ને લગતી અનુક્રમાંક ૮ક પરની નોંધમાં, ''પોલીસ મથક'' એ શીર્ષક હેઠળની કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી ''શંખેશ્વર''ને લગતી નોંધમાં, ''આઉટ-પોસ્ટ'' એ શીર્ષક હેઠળની કોલમ ૬માં નિર્દિષ્ટ કરેલી ''મુંજપુર આઉટ-પોસ્ટ''ને લગતી નોંધમાં, ''સ્થાનિક વિસ્તાર / ગામો'' એ શીર્ષક હેઠળ કોલમ ૭માં નિર્દિષ્ટ કરેલી, ''ગામો''ને લગતી નીચેની નોંધો કમી કરવીઃ-

''(૧૧) પાલીપુર

(૧૪) રસુલપુરા

(૧૫) વાગોસણ'';

(૪) ''ડિવિઝન/પેટા-ડિવિઝન'' એ શીર્ષક હેઠળની કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલી ''રાધનપુર''ને લગતી અનુક્રમાંક ૯ પરની નોંધમાં, ''પોલીસ મથક'' એ શીર્ષક હેઠળની કોલમ ૪માં નિર્દિષ્ટ કરેલી ''વારાહી''ને લગતી નોંધમાં, ''આઉટ-પોસ્ટ'' એ શીર્ષક હેઠળની કોલમ ૬માં નિર્દિષ્ટ કરેલી ''બીટ નં. ૧''ને લગતી નોંધમાં, ''સ્થાનિક વિસ્તાર / ગામો'' એ શીર્ષક હેઠળ કોલમ ૭માં નિર્દિષ્ટ કરેલી, ''ગામો''ને લગતી નીચેની નોંધો કમી કરવીઃ-

''(૧૨) ચડીયાણા

(૧૩) અમરાપુરા''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. આર. ભમ્મર,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 315

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, NOVEMBER 8, 2016/KARTIKA 17, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી નવેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૦૭મી ઓક્ટોબર, ૨૦૧૬ના ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ-ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીપી-૫૪-કેઆરવી-૧૦૨૦૧૨-૧૫૦૬-ચ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Ayurved Store Keeper Class III, Recruitment Rules, 2014.

આયુર્વેદ સ્ટોર કીપર, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૪ સુધારવા સંબંધી

જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૭મી ઓક્ટોબર, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીપી/૫૪/કેઆરવી/૧૦૨૦૧૨/૧૫૦૬/ચ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, આયુર્વેદ સ્ટોર કીપર, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૪ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો આયુર્વેદ સ્ટોર કીપર, વર્ગ-૩, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. આયુર્વેદ સ્ટોર કીપર, વર્ગ-૩, ભરતી નિયમો, ૨૦૧૪, (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩ના ખંડ (ક)માં ''૩૦ વર્ષથી'' એ આંકડા અને શબ્દને બદલે, ''૩૫ વર્ષથી'' એ આંકડા અને શબ્દ મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ-૪ને બદલે, નીચેનો નિયમ મૂકવો :-

''૪ સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં, ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક-ની જોગવાઈઓ લાગુ પડશે.''

૪. સદરહુ નિયમોમાં, ૫ અને ૬ કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. ટી. ક્રિશ્ચિયન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 316

©

वार्षिक लवाजमनो दर रू. ३५००/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, NOVEMBER 9, 2016/KARTIKA 18, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી નવેમ્બર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના કાયદા વિભાગના તારીખ : ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૬ના સરકારી જાહેરનામા (૧) ક્રમાંક : જીકે/૫૯/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૪)-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Code of Criminal Procedure, 1973

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંકઃ જીકે/૫૯/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ ૪):- ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા)ની કલમ ૯ સાથે વાંચતા, કલમ ૭થી મળેલી સત્તાની રૂએ અને સેશન્સ કોર્ટ, રાજકોટ અને સુરેન્દ્રનગરના સેશન્સ વિભાગને લાગુ પડતા હોય તેટલે સુધી આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચાર વિનિમય કરીને, નિર્દિષ્ટ કરે છે કે મહેસૂલ વિભાગના તારીખ : ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચએમ/૨૦૧૩/૭૪/એમ/પીઆર/૧૦૨૦૧૩/૧૩૯/એલ-૧થી, રાજકોટ જિલ્લાનું, જામનગર જિલ્લાનું અને સુરેન્દ્રનગર જિલ્લાનું, રાજકોટ જિલ્લામાં, જામનગર જિલ્લામાં, સુરેન્દ્રનગર જિલ્લામાં અને મોરબી જિલ્લામાં દ્વિભાજન કરવાને પરિણામે, સેશનન્સ કોર્ટ, રાજકોટ અને સુરેન્દ્રનગરનો સેશન્સ વિભાગ, સન ૨૦૧૬ના ઓક્ટોબર મહિનાની ૨જી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાનો બનેલો રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,

સરકારના ઉપસચિવ.

INDEX

Extra No. 317

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, NOVEMBER 10, 2016/KARTIKA 19, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી નવેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૬ ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર/૨૦૧૬/૧૫૯/એલબીએલ/૧૯૨૦૧૬/૮૨૩૫૮(૭)/એમ-૩ - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Payment of Gratuity Act, 1972

ગ્રેચ્યુઈટી ચુકવણી અધિનિયમ, ૧૯૭૨ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૬

ગ્રેચ્યુઈટી ચુકવણી અધિનિયમ, ૧૯૭૨.

ક્રમાંક : જીએચઆર/૨૦૧૬/૧૫૯/એલબીએલ/૧૯૨૦૧૬/૮૨૩૫૮(૭)/એમ-૩.– ગુજરાત રાજ્યને તે લાગુ પડતા ગ્રેચ્યુઈટી ચુકવણી અધિનિયમ, ૧૯૭૨ (સન ૧૯૭૨ ના ૩૯ મા)ની કલમ ૧૦ક-થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી નિર્દિષ્ટ કરે છે કે, સદરહુ અધિનિયમની કલમ ૯ ની પેટા-કલમ(૨) હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુનાની, ફોજદારી કાર્યવાહી શરૂ થતાં પહેલાં અથવા તે પછી, ગુનેગાર (અપરાધી) દ્વારા અરજી કર્યેથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૮) માં નિર્દિષ્ટ કરેલા અધિકારી દ્વારા, પોતાના હકૂમતના વિસ્તારો માટે, સદરહુ અનુસૂચિના કોલમ (૨)-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ઉપર્યુક્ત કલમ હેઠળ શિક્ષાપાત્ર ગુનાના સંબંધમાં, સદરહુ અનુસૂચિના કોલમ (૩) માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે સંસ્થામાં કામે રાખેલા કર્મચારીઓની તેવી સંખ્યાના પ્રમાણમાં, કોલમ (૪) થી (૭) માં નિર્દિષ્ટ કરેલી રકમ સુધીની માંડવાળ કરી શકશે.

અનુસૂચિ

અનુક્રમાંક	કલમ	સંસ્થામાં કામે રાખેલા કર્મચારીઓની સંખ્યા	નિયમ-૩ નીચેનાથી વધુ ન હોય તેટલી રકમ રૂ.	નિયમ ૬(૧) નીચેનાથી વધુ ન હોય તેટલી રકમ રૂ.	નિયમ-૮ નીચેનાથી વધુ ન હોય તેટલી રકમ રૂ.	નિયમ ૧૦ક(૭) નીચેનાથી વધુ ન હોય તેટલી રકમ રૂ.	ગુનાની માંડવાળ કરવા માટેના અધિકારીઓ/ સત્તાધિકારીઓ	મર્યાદાના વિસ્તારો
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧.	૯(૨)	૧ થી ૫૦	૫,૦૦૦/-	૧૦,૦૦૦/-	૨,૦૦૦/-	૩,૦૦૦/-	મદદનીશ શ્રમ આયુક્ત	તેમના સંબંધિત હકૂમતની અંદર
		૫૧ થી ૧૦૦	૫,૦૦૦/-	૧૫,૦૦૦/-	૨,૦૦૦/-	૩,૦૦૦/-	ઉપર પ્રમાણે	ઉપર પ્રમાણે
		૧૦૧ થી ૫૦૦	૫,૦૦૦/-	૨૦,૦૦૦/-	૨,૦૦૦/-	૩,૦૦૦/-	નાયબ શ્રમ કમિશનર, અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ	ઉપર પ્રમાણે
		૫૦૦ થી વધુ	૫,૦૦૦/-	૨૫,૦૦૦/-	૨,૦૦૦/-	૩,૦૦૦/-	ઉપર પ્રમાણે	ઉપર પ્રમાણે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. એચ. વસાવા,
સરકારના નાયબ સચિવ.

INDEX

એનેક્ષર - ક

ગ્રેચ્યુઇટી ચુકવણી અધિનિયમ, ૧૯૭૨ હેઠળ ગુનાની માંડવાળ કરવા માટેનું અરજીપત્ર

પ્રતિ,

વિષય: ગ્રેચ્યુઇટી ચુકવણી અધિનિયમ, ૧૯૭૨ હેઠલ ગુનાની માંડવાળ કરવા બાબત.

શ્રીમાન,

ગ્રેચ્યુઇટી ચુકવણી અધિનિયમ, ૧૯૭૨ની કલમ ૧૦ ક-ની પેટા-કલમ (૧) હેઠળ ઠરાવ્યા પ્રમાણે.

૧. હું/અમે, આથી, નીચેની કલમો હેઠળના શિક્ષાપાત્ર ગુનાની માંડવાળ કરવા માટે અરજી કરું છું/કરીએ છીએ. (સંબંધિત કલમ સામે (✓) કરો.)

( ) નિયમ ૩

( ) નિયમ ૬(૧)

( ) નિયમ ૮

( ) નિયમ ૧૦ક (૭)

૨. સદરહુ ગુના માટે, તપાસણી ઇન્સ્પેક્ટર ....

(નામ) .... (હોદ્દો) ....

જિલ્લો-એ .... તારીખ .... ના રોજ કાનૂની નોટિસ કાઢેલ છે

અને કહેવાતા ગુના અંગેની પૂર્તતા કરવા માટેની ૨૧ દિવસની નિયત મુદત પૂરી થઇ ગયેલ છે.

નીચેના (ક) અથવા (ખ) માંથી લાગુ પડતું હોય તેની સામે (✓) કરો.

(ક) હું/અમે, નિયત મુદતની અંદર કહેવાતા ગુના અંગેની પૂર્તતા કરી શકેલ ન હોવાથી, હું/અમે, આથી ગુનાની માંડવાળ કરવા માટે અરજી કરું છું/કરીએ છીએ.

(ખ) હું/અમે, કહેવાતા ગુના અંગેની પૂર્તતા કરી શકેલ ન હોવાથી અને અમારી સામે ફોજદારી કાર્યવાહી દાખલ કરી હોવાથી અને તે હાલમાં ફર્સ્ટ ક્લાસ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ અનિર્ણિત હોવાથી, હું/અમે, આથી, ગુનાની માંડવાળ કરવા માટે અરજી કરું છું/કરીએ છીએ.

૩. હું/અમે, આથી, ગુનાની માંડવાળ કરવા અંગેના હુકમથી તારીખથી ૨૧ દિવસની અંદર, ગ્રેચ્યુઇટી ચુકવણી અધિનિયમ, ૧૯૭૨ ની કલમ ૧૦ક-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની નિયત રકમ, ભરવાની બાંયધરી આપું છું/આપીએ છીએ.

૪. હું/અમે, આથી, જાહેર કરું છું/જાહેર કરીએ છીએ કે અમારી સંસ્થા/અન્ડરટેકિંગ-એ ગ્રેચ્યુઇટી ચુકવણી અધિનિયમ, ૧૯૭૨ હેઠળ, ગુનાની માંડવાળ કરવા માટે અરજી કરેલ છે. તમામ સંબંધિત વિગતો, આ સાથે જોડેલા એનેક્ષરમાં આપેલ છે. તેથી, ગ્રેચ્યુઇટી ચુકવણી અધિનિયમ, ૧૯૭૨ ની કલમ ૧૦ક હેઠળ જોગવાઇ કર્યા પ્રમાણે ગુનાની માંડવાળ કરવા માટેની પરવાનગી આપવા વિનંતી.

તારીખ: આપનો વિશ્વાસુ,

સ્થળ : અરજદારની સહી અને હોદ્દો.

INDEX

(ત્રણ નકલમાં રજૂ કરવું)

૧. સંસ્થા/અન્ડરટેકિંગનું નામ :

ઈ-મેલ સહિતના સરનામા :

લેન્ડલાઈન ટેલિફોન અને મોબાઈલ નં. :

૨. અરજદારનું નામ અને હોદ્દો :

૩. કામે રાખેલ કામદારોની કુલ સંખ્યા :

૪. (૧) ગુનાનો પ્રકાર અને સદરહુ અધિનિયમની જે કલમ હેઠળ સદરહુ ગુનો શિક્ષાપાત્ર હોય તે કલમ :

(૨) ગુનાથી અસર પામેલ કામદારો, હોય તો, તેની સંખ્યા, નામ અને સરનામાં :

(જરૂર હોય, તો અલગ યાદી જોડો)

૫. (૧) સંસ્થા દ્વારા ગુનાની માંડવાળ માટેની અરજી પ્રથમ વખત કરવામાં આવેલ છે કે કેમ ?

(૨) પ્રથમ વખત કરવામાં ન આવી હોય, તો અધિનિયમ હેઠળ ગુનાની માંડવાળ કરવા માટેના અગાઉના હુકમની વિગતો.

૬. અન્ડરટેકિંગના કામનો પ્રકાર

૭. ઈન્સ્ટોલ્ડ કેપેસિટિ (સ્થાપિત ક્ષમતા), લાઈસન્સ્ડ કેપેસિટિ (લાઈસન્સ આપેલ ક્ષમતા) અને યુટિલાઈઝ્ડ કેપેસિટિ (ઉપયોગ ક્ષમતા) ને સંબંધિત વિગતો.

૮. ગુનો કર્યાની તારીખ

(૧) ગુનો વારંવાર કરવામાં આવેલ છે કે કેમ ?

(૨) ફોજદારી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે કે કેમ ?

(૩) જો એમ હોય તો, ફોજદારી કાર્યવાહીની વિગતો, કોર્ટનું નામ, કોર્ટ કેસ નં. અને (કેસ) દાખલ કર્યાની તારીખ.

(૪) માલિક દ્વારા ગુના અંગેની પૂર્તતા કરવામાં આવેલ છે કે કેમ ?

(૫) પૂર્તતા અંગેની વિગતો.

૯. તેની વિગતો અંગેનું સંબંધિત કારણ (પરિબળ) હોય તો તે જણાવો.

તારીખ: આપનો વિશ્વાસુ,

સ્થળ : અરજદારની સહી અને હોદ્દો.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 318

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, NOVEMBER 15, 2016/KARTIKA 24, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી નવેમ્બર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૪થી ઓગસ્ટ, ૨૦૧૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૯૧/ટીટીસી/૧૦(૨૦૦૨)/૧૩૧૭/ભાગ-૨/વી. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Government Notification

Home Department No. GG/95/TTC/10(2002)/1317/V, dated the 11th November, 2005.

ગૃહ વિભાગનું તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૫નું સરકારી જાહેરનામું
ક્રમાંક : જીજી/૯૫/ટીટીસી/૧૦(૨૦૦૨)/૧૩૧૭/વી. સુધારવા સંબંધી

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓગષ્ટ, ૨૦૧૬.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક : જીજી/૯૧/ટીટીસી/૧૦(૨૦૦૨)/૧૩૧૭/ભાગ-૨/વી.– ગુજરાત રાજ્યને લાગુ પડતા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા)ની કલમ ૨ના ખંડ (ફ)થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ ૧૧મી નવેમ્બર, ૨૦૦૫નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીજી/૯૫/ટીટીસી/ ૧૦(૨૦૦૨)/ ૧૩૧૭/વી. નીચે પ્રમાણે સુધારે છે.

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં,

(૧) ''પોલીસ સ્ટેશન'' એ શીર્ષક હેઠળ કોલમ (૪)માં નિર્દિષ્ટ કરેલા ''ખેરાલુ પોલીસ સ્ટેશન''ને લગતી નોંધમાં, ''ડિવિઝન/સબ ડિવિઝન'' એ શીર્ષક હેઠળ કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા ''વિસનગર''ને લગતી અનુક્રમાંક ૧૧ પરની નોંધમાં, ''સ્થાનિક વિસ્તારો/ગામો'' એ શીર્ષક હેઠળ કોલમ (૭)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે તે હેઠળ આવતા નીચેના ગામોને લગતી નોંધો કમી કરવી;

''મઢાસણા

ઉણાદ'';

(૨) ''પોલીસ સ્ટેશન'' એ શીર્ષક હેઠળ કોલમ (૪)માં નિર્દિષ્ટ કરેલા ''વડનગર પોલીસ સ્ટેશન''ને લગતી નોંધમાં, ''ડિવિઝન/સબ ડિવિઝન'' એ શીર્ષક હેઠળ કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા ''વિસનગર''ને લગતી અનુક્રમાંક ૧૨ પરની નોંધમાં, નીચેના ગામોને લગતી નોંધો કોલમ (૭)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ''સ્થાનિક વિસ્તારો/ગામો'' એ શીર્ષક હેઠળ અંતે ઉમેરવી;

''મઢાસણા

ઉણાદ'';

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. આર. ભમ્મર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 319

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, NOVEMBER 21, 2016/KARTIKA 30, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી નવેમ્બર, ૨૦૧૬

તારીખઃ ૨૧મી નવેમ્બર, ૨૦૧૬ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૬ ના ગુજરાત વટહુકમ ક્રમાંક : ૪ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ૨૧મી નવેમ્બર, ૨૦૧૬.

GUJARAT ORDINANCE NO. 4 OF 2016.

AN ORDINANCE

further to amend the Gujarat Panchayats Act, 1993.

સન ૨૦૧૬નો ગુજરાત વટહુકમ ક્રમાંક : ૪ .

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત વટહુકમ.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી;

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઈ છે કે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ સુધારવા માટે તાત્કાલિક પગલું લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે; સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મં

તેથી, હવે, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૩ના ખંડ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને પ્રસિદ્ધ કરે છે:-

૧. ***ટૂંકી સંજ્ઞા અને આરંભ.***- (૧) આ વટહુકમ ગુજરાત પંચાયત (સુધારા) વટહુકમ, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

૨. **સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો અધિનિયમ હંગામી રીતે સુધારવા બાબત.**- આ વટહુકમના અમલની મુદત દરમિયાન, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કલમો ૩ અને ૪માં નિર્દિષ્ટ કરેલા સુધારાને અધીન રહીને અમલમાં રહેશે. સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મં

૩. **સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮માની કલમ ૨૬૨ સુધારવા બાબત.**- મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૬૨માં, પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી :-

"(૨) સદરહુ તારીખની ચાર મહિનાની અંદર, આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર એકત્રિત ગામની પંચાયત રચવી જોઈશે અને આવી રચાયેલી પંચાયત, આ અધિનિયમ હેઠળ તેનું વહેલું વિર્સજન કરવામાં આવ્યું હોય તે સિવાય, તેની પહેલી બેઠક માટે નક્કી કરેલી તારીખથી પાંચ વર્ષ સુધી ચાલુ રહેશે અને તેથી વધુ ચાલુ રહેશે નહિ.".

૪. **સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮માની કલમ ૨૬૩ સુધારવા બાબત.**- મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૬૩માં, પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી :-

"(૨) સદરહુ તારીખની ચાર મહિનાની અંદર, આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર સંબંધિત નવા ગામ માટે પંચાયતની રચના કરવી જોઈશે અને આવી રચાયેલી પંચાયત, આ અધિનિયમ હેઠળ તેનું વહેલું વિર્સજન કરવામાં આવ્યું હોય તે સિવાય, તેની પહેલી બેઠક માટે નક્કી કરેલી તારીખથી પાંચ વર્ષ સુધી ચાલુ રહેશે અને તેથી વધુ ચાલુ રહેશે નહિ.".

નિવેદન

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમો ૨૬૨ અને ૨૬૩થી, અનુક્રમે ગામોના જોડાણના અમલની અને ગામોના વિભાજનના અમલ માટેની જોગવાઇ કરી છે.

સદરહુ અધિનિયમની કલમ ૨૬૨ની પેટા-કલમ (૨)થી જોગવાઇ કરી છે કે સદરહુ તારીખથી ચાર મહિનાની મુદતની અંદર એકત્રિત ગામ માટે પંચાયતની રચના કરવી જોઇશે અને તેની મુદત, રાજ્ય સરકાર, જે જિલ્લામાં એકત્રિત ગામ આવ્યું હોય, તે જિલ્લામાંની ગ્રામ પંચાયતો માટેની બાકીની મુદતને ધ્યાનમાં લઇને, રાજપત્રમાં, જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેટલી મુદત માટે રહેશે.

સદરહુ અધિનિયમની કલમ ૨૬૩ની પેટા-કલમ (૧)ની બીજી બાબતોની સાથોસાથ એવી જોગવાઇ કરી છે કે કોઇ ગામને બે અથવા વધુ ગામોમાં વિભાજિત કરવામાં આવ્યું હોય, ત્યારે જે તારીખથી તે ગામને એવી રીતે વિભાજિત કરવામાં આવ્યું હોય, તે તારીખથી, એવા સ્થાનિક વિસ્તારના સંબંધમાં રચાયેલી પંચાયત વિસર્જિત થયેલી ગણાશે. સદરહુ કલમ ૨૬૩ની પેટા-કલમ (૨)થી જોગવાઇ કરી છે કે નવા ગામ માટેની પંચાયત, સદરહુ તારીખથી ચાર મહિનાની મુદતની અંદર રચવી જોઇશે અને તેની મુદત રાજ્ય સરકાર, સંબંધિત નવા ગામો જે જિલ્લામાં આવ્યા હોય, તે જિલ્લાની ગ્રામ પંચાયતો માટેની બાકીની મુદતને ધ્યાનમાં લઇને, રાજપત્રમાં, જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેટલી મુદત માટે રહેશે.

આ રીતે, ઉપર્યુક્ત સદરહુ જોગવાઇઓથી એ જણાય છે કે નવા ગામના કિસ્સામાં અથવા એકત્રિત ગામના કિસ્સામાં, આવી પંચાયતની મુદત, સંબંધિત જિલ્લામાં આવેલી બીજી ગ્રામ પંચાયતોની બાકીના મુદતને વિચારણામાં લઇને, રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવે તેટલી રહેશે. તેમ છતાં, નગરપાલિકાના કિસ્સામાં તેમ નથી, નગરપાલિકાને બે અથવા વધુ નગરપાલિકાઓમાં વિભાજિત કરવામાં આવે, ત્યારે આવી પુનઃરચના કરવામાં આવેલી નગરપાલિકાની મુદત, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૨૬૬માં જોગવાઇ કર્યા પ્રમાણે પાંચ વર્ષની છે. સરકારનો એવો મત છે કે અનુક્રમે કલમો ૨૬૨ અને ૨૬૩ હેઠળ એકત્રિત ગામ અથવા નવા ગામની રચના કરવામાં આવે, ત્યારે તેની મુદત પણ, પંચાયતની રચના કરવાના હેતુ માટે યોજવામાં આવેલી ચૂંટણીના પરિણામરૂપે રચવામાં આવી હોય તેવી પંચાયતોની હકીકતને લક્ષમાં રાખીને, પાંચ વર્ષની હોવી જોઇએ. સરકારનો એવો પણ મત છે કે આવી પંચાયતોની મુદત, વિભાજિત કરેલી નગરપાલિકાઓના કિસ્સામાં જે રીતે હોય તે રીતે હોવી જોઇએ.

એકત્રિત ગામ અથવા નવા ગામની રચના કરવામાં આવે, ત્યારે તેની મુદત પાંચ વર્ષની હોવી જોઇશે તે માટે, કલમ ૨૬૨ની પેટા-કલમ (૨) અને કલમ ૨૬૩ની પેટા-કલમ્ ૨-ને આથી, યોગ્ય રીતે સુધારવામાં આવેલી છે.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, સદરહુ અધિનિયમ સુધારવા આ વટહુકમ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ઓ. પી. કોહલી,

તારીખ: ૧૮મી નવેમ્બર, ૨૦૧૬. ગુજરાતના રાજ્યપાલ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

રાજ ગોપાલ,

સરકારના અગ્ર સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 320

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, NOVEMBER 21, 2016/KARTIKA 30, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી નવેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા **તારીખ : ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૬** ના ગુજરાત સરકારના **શ્રમ અને રોજગાર વિભાગ** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચઆર/૨૦૧૬/૧૫૪/એલબીએલ/૧૯૨૦૧૬/૮૨૩૫૮(૨)/એમ-૩.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE MINIMUM WAGES, ACT, 1948.

ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ

જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૬

ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : જીએચઆર/૨૦૧૬/૧૫૪/એલબીએલ/૧૯૨૦૧૬/૮૨૩૫૮(૨)/ એમ-૩.– ગુજરાત રાજ્યને લાગુ પડતા ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન (૧૯૪૮ ના ૧૧ મા) ની કલમ ૨૨ ગગ-થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નિર્દિષ્ટ કરે છે કે સદરહુ અધિનિયમની કલમ ૨૨-ક હેઠળ શિક્ષાપાત્ર કોઇ ગુનાની, ફોજદારી કાર્યવાહી શરૂ થતાં પહેલાં અથવા તે પછી, ગુનેગાર (અપરાધી) દ્વારા અરજી કર્યેથી, આ સાથે જોડેલી અનુસૂચિની કોલમ(૭)માં નિર્દિષ્ટ કરેલા અધિકારી દ્વારા, પોતાના હકૂમતના વિસ્તારો માટે, સદરહુ અનુસૂચિની કોલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ઉપર્યુક્ત કલમ હેઠળ શિક્ષાપાત્ર ગુનાના સંબંધમાં, સદરહુ અનુસૂચિની કોલમ (૩)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે સંસ્થામાં કામે રાખેલા કર્મચારીઓની સંખ્યાના સંબંધમાં અને કોલમો (૪) થી (૬) માં નિર્દિષ્ટ કરેલી રકમ સુધીની માંડવાળ કરી શકાશે.

અનુસૂચિ

અનુ-ક્રમાંક	કલમ	સંસ્થામાં કામે રાખેલા કર્મચારીઓની સંખ્યા	પ્રથમ ગુના માટે રૂા.	દ્વિતીય ગુના માટે રૂા.	તૃતીય ગુના માટે રૂા.	ગુનાની માંડવાળ કરવા માટેના અધિકારીઓ / સત્તાધિકારીઓ	મર્યાદાનો વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧.	૨૨ ક	૧ થી ૫૦	૧,૫૦૦/-	૩,૦૦૦/-	૬,૦૦૦/-	મદદનીશ શ્રમ આયુક્ત	તેમની સંબંધિત હકૂમતની અંદર
		૫૧ થી ૧૦૦	૩,૦૦૦/-	૬,૦૦૦/-	૧૦,૦૦૦/-	ઉપર મુજબ	ઉપર મુજબ
		૧૦૧ થી ૫૦૦	૪,૦૦૦/-	૮,૦૦૦/-	૧૫,૦૦૦/-	નાયબ શ્રમ આયુક્ત, અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ.	ઉપર મુજબ
		૫૦૦ થી વધુ	૫,૦૦૦/-	૧૦,૦૦૦/-	૨૦,૦૦૦/-	ઉપર મુજબ	ઉપર મુજબ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એચ. વસાવા,
સરકારના નાયબ સચિવ.

INDEX

એનેક્ષર-ક

ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ ગુનાઓની માંડવાળ કરવા માટેનું અરજીપત્ર

પ્રતિ,

વિષય - ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ ગુનાની માંડવાળ કરવા બાબત

શ્રીમાન,

ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ ની કલમ ૨૨ ગગ-ની પેટા-કલમ (૧) હેઠળ ઠરાવ્યા પ્રમાણે.

૧. હું / અમે, આથી, ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૨૨-ક હેઠળ શિક્ષાપાત્ર ગુનાઓની માંડવાળ કરવા માટે અરજી કરું છું/ કરીએ છીએ.

૨. સદરહુ ગુના માટે, નિરીક્ષણ સત્તાધિકારી .... (નામ), ... (હોદો), ... (જિલ્લો)-એ, તારીખઃ ....ના રોજ કાનૂની નોટિસ કાઢેલ છે અને કહેવાતા ગુના અંગે પૂર્તતા કરવા માટેની ૨૧ દિવસની નિયત મુદત પૂરી થઈ ગયેલ છે.

નીચેના (ક) અથવા (ખ)માંથી જે લાગુ પડતું હોય તેની સામે (✓) ની નિશાની કરો.

(ક) હું / અમે, નિયત મુદતની અંદર કહેવાતા ગુના અંગેની પૂર્તતા કરવામાં ચૂક કરેલ હોવાથી, હું / અમે, આથી, ગુનાની માંડવાળ કરવા માટે અરજી કરું છું/ કરીએ છીએ.

(ખ) હું / અમે, કહેવાતા ગુના અંગેની પૂર્તતા કરવામાં ચૂક કરેલ હોવાથી અને અમારી સામે ફોજદારી કાર્યવાહી દાખલ કરી છે. જે, હાલ ફર્સ્ટ ક્લાસ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ અનિર્ણિત હોવાથી, હું / અમે, ગુનાની માંડવાળ કરવા માટે આ સાથે અરજી કરું છું/ કરીએ છીએ.

૩. હું / અમે, આથી, ગુનાની માંડવાળ કરવાના હુકમની તારીખથી ૨૧ દિવસની અંદર, ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ ની કલમ ૨૨-ગગ માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની નિયત રકમ ભરવાની બાંયધરી આપું છું / આપીએ છીએ.

૪. હું / અમે, આથી, જાહેર કરું છું / કરીએ છીએ કે અમારી સંસ્થા / અન્ડરટેકિંગ-એ, ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ પ્રથમ/ દ્વિતીય/ તૃતીય (સંબંધિત હોય તેને નિશાની કરવી) ગુનાની માંડવાળ કરવા માટે અરજી કરેલ છે. તમામ સુસંગત વિગતો, આ સાથે જોડેલા ઠરાવેલ એનેક્ષરમાં આપવામાં આવી છે. તેથી, ન્યૂનતમ વેતન અધિનિયમ-૧૯૪૮ ની કલમ ૨૨ ગગ હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે ગુનાની માંડવાળ કરવા માટેની પરવાનગી આપવા વિનંતી છે.

તારીખઃ આપનો વિશ્વાસુ,

સ્થળઃ અરજદારોની સહી અને હોદો.

(ત્રણ નકલમાં રજૂ કરવું)

૧. સંસ્થા / અન્ડરટેકિંગનું નામ:

ઈમેઈલ સહિતના સરનામા:

લેન્ડલાઈન ટેલિફોન અને મોબાઈલ નંબર:

૨. અરજદારનું નામ અને તેનો હોદ્દો:

૩. કામે રાખેલા કામદારોની કુલ સંખ્યા:

૪. (૧) ગુનાનો પ્રકાર અને અધિનિયમની જે કલમ હેઠળ સદરહુ ગુનો શિક્ષાપાત્ર હોય તે કલમ:

(૨) ગુનાથી અસર પામેલ કામદારો, કોઈ હોય તો, તેની સંખ્યા, નામ અને સરનામું.

(જરૂરી હોય, તો અલગ યાદી જોડવી)

૫. (૧) સંસ્થા દ્વારા ગુનાની માંડવાળ કરવા માટેની અરજી પ્રથમ વખત કરવામાં આવી છે કે કેમ?

(૨) પ્રથમ વખત કરવામાં આવી ન હોય, તો અધિનિયમ હેઠળ ગુનાની માંડવાળ કરવા માટેના અગાઉના હુકમની વિગતો.

૬. અન્ડરટેકિંગના કામનો પ્રકાર.

૭. ઈન્સ્ટોલ્ડ કેપેસિટિ, લાઈસન્સ્ડ કેપેસિટિ અને યુટિલાઈઝ્ડ કેપેસિટિને લગતી વિગતો.

૮. ગુનો કર્યા તારીખ:

(૧) વારંવાર કરવામાં આવેલ ગુનો છે કે કેમ ?

(૨) ફોજદારી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે કેમ ?

(૩) જો હા, તો ફોજદારી કાર્યવાહી, કોર્ટનું નામ, કોર્ટ કેસ નંબર અને (કેસ) દાખલ કર્યાની તારીખની વિગતો.

(૪) માલિક દ્વારા ગુના અંગેની પૂર્તતા કરવામાં આવી છે કે કેમ ?

(૫) પૂર્તતા અંગેની વિગતો.

૯. કોઈ સુસંગત કારણ (પરિબળ) હોય તો તેની વિગતો સાથે તે જણાવો.

તારીખ: આપનો વિશ્વાસુ,

સ્થળ: અરજદારોની સહી અને હોદ્દો.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 321

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, NOVEMBER 21, 2016/KARTIKA 30, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી નવેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખઃ ૨૧મી એપ્રિલ, ૨૦૧૬ ના ગુજરાત સરકારના **નર્મદા, જળસંપત્તિ, પ** **ાણી પુરવઠા અને કલ્પસર વિભાગ** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએન-૨૦/૨૦૧૬/આરઆરએમ/૧૦૨૦૧૪/૮૯૪૦૪૯/ઈ-૩** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Chief Engineer (Mechanical), Class I, in the Gujarat Engineering Service, under the Narmada, Water Resources, Water Supply and Kalpasar Department Recruitment Rules, 2016.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની ગુજરાત ઇજનેરી સેવામાં,

મુખ્ય ઇજનેર (યાંત્રિક), વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૩૧મી ઓગસ્ટ, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીએન-૨૦/૨૦૧૬/આરઆરએમ/૧૦૨૦૧૪/૮૯૪૦૪૯/ઈ-૩:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની ગુજરાત ઈજનેરી સેવામાં, મુખ્ય ઇજનેર (યાંત્રિક), વર્ગ-૧-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની ગુજરાત ઇજનેરી સેવામાં, મુખ્ય ઇજનેર (યાંત્રિક), વર્ગ-૧, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની ગુજરાત ઇજનેરી સેવામાં, મુખ્ય ઇજનેર (યાંત્રિક), વર્ગ-૧ની જગા ઉપરની નિમણૂક,-

(૧) જેણે નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની ગુજરાત ઇજનેરી સેવામાં, અધીક્ષક ઇજનેર (યાંત્રિક), વર્ગ-૧ ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ કામ કરેલું હોય;

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય;

તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર, સિનિયોરિટિ (પ્રવરતા)ને લક્ષમાં લીધા સિવાય, વિચારણા વિસ્તારની અંદરની વ્યક્તિની પસંદગીના સિદ્ધાંતને આધારે બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે,

કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપી શકશે.

(૩) ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મિકેનિકલ એન્જિનિયરીંગ માં મેળવેલી પદવી ધરાવતો હોવો જોઈશે.

3 ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

હેમેશ મારડિયા,
સરાકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 322

વાર્ષિક લાવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, NOVEMBER 21, 2016/KARTIKA 30, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી નવેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ** ના **તારીખ : ૧૯મી ઓઓગસ્ટ, ૨૦૧૪** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચ/વી/૨૦૧૪ નો ૧૫૭/** પીઆરસીએચ-૧૦૨૦૧૩-૩૮૨-એલ (ભાગ-૨) - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Gujarat Fire Prevention and Life Safety Measures Rules, 2014.

ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક નિયમો, ૨૦૧૪ સંબંધી

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૧૯મી ઓગસ્ટ, ૨૦૧૪.

ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩.

ક્રમાંક: જીએચ / વી / ૨૦૧૪નો ૧૫૭ / પીઆરસીએચ - ૧૦૨૦૧૩ - ૩૮૨ - એલ (ભાગ-૨):– ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૨૦/૦૧/૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક: જીએચ - વી - ૨૦૧૪નો ૧૧ - પીઆરસીએચ - ૧૦૨૦૧૩ - ૩૮૨ - એલ (ભાગ-૨).થી, ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક નિયમો, ૨૦૧૪નો મુસદ્દો તારીખ: ૨૦/૦૧/૨૦૧૪ના ગુજરાત સરકારી અસાધારણ રાજપત્ર, ભાગ ૪-બી-માં પ્રસિદ્ધ કર્યો હતો અને સદરહુ જાહેરનામું જે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું હોય તે રાજપત્રની નકલો જાહેર જનતાને ઉપલભ્ય કરવામાં આવી હોય તે તારીખથી સાઠ દિવસની મુદત પૂરી થતાં પહેલાં, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી વાંધો અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને તારીખ: ૨૦/૦૧/૨૦૧૪ના રોજ સદરહુ રાજપત્રની નકલો ઉપલભ્ય કરવામાં આવી હતી;

અને સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં સદરહુ મુદતની અંદર જાહેર જનતા પાસેથી મળેલા વાંધા અને સૂચનો અંગે ગુજરાત સરકારે યોગ્ય રીતે વિચારણા કરેલ છે;

તેથી, હવે, ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા)ની કલમ ૫૭થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

પ્રકરણ ૧

પ્રારંભિક

૧. *ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.*- (૧) આ નિયમો ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક નિયમો, ૨૦૧૪ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. *વ્યાખ્યા.*- (૧) આ નિયમોમાં, સદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ''અધિનિયમ'' એટલે ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩નો ગુજરાતનો અધિનિયમ ક્રમાંક: ૧૧મો);

(ખ) ''અગ્નિ-નિવારણ શાખા'' એટલે નિયમ ૩૮ હેઠળ રચાયેલી અગ્નિ-નિવારણ શાખા;

(ગ) ''અગ્નિ સુરક્ષા પ્રમાણપત્ર'' એટલે નિયમ ૨૩ના પેટા-નિયમ (૧) હેઠળ કાઢી આપેલું અગ્નિ સુરક્ષા પ્રમાણપત્ર;

(ઘ) ''નમૂનો'' એટલે આ નિયમો સાથે જોડેલો નમૂનો;

INDEX

(ચ) ''ગુજરાત રાજ્ય અગ્નિ સુરક્ષા તાલીમ સંસ્થા'' એટલે અધિનિયમની કલમ ૧૭ની પેટા-કલમ (૧) હેઠળ સ્થપાયેલી ગુજરાત રાજ્ય અગ્નિ સુરક્ષા તાલીમ સંસ્થા (GSIFST);

(છ) ''અનુસૂચિ'' એટલે આ નિયમો સાથે જોડેલી અનુસૂચિ.

(૨) આ નિયમોમાં વ્યાખ્યા ન કરેલા પણ અધિનિયમ અથવા સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમ (જીડીસીઆર) અથવા ભારતના રાષ્ટ્રીય બાંધકામ અધિનિયમ અથવા ભારતીય ધારાધોરણ કાર્યાલય દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા સંબંધિત ભારતીય ધારાધોરણ અથવા વિશિષ્ટ વર્ણનમાં વ્યાખ્યાયિત કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો, અધિનિયમ અથવા બાંધકામ પેટા-કાયદા અથવા ભારતના રાષ્ટ્રીય બાંધકામ અધિનિયમ, ૨૦૦૫ અથવા બાંધકામ અને મકાનો અથવા કોઈ જગ્યા અને પંડાલમાં અગ્નિ સુરક્ષા માટેના ભારતીય ધારાધોરણ કાર્યાલય દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા સંબંધિત ભારતીય ધારાધોરણ અથવા વિશિષ્ટ વર્ણન-માં તેમનો જે અર્થ કરવામાં આવ્યો હોય તે જ અર્થ થશે.

પ્રકરણ ૨

રચના, સંસ્થાપન અને વહીવટ

૩. ***નામનિયુક્ત અધિકારીની લાયકાત.***- અધિનિયમની કલમ ૨ની પેટા-કલમ (૧)ના ખંડ (ભ) હેઠળ નામનિયુક્ત અધિકારીની નિમણૂક માટે, વ્યક્તિ પ્રથમ અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની લાયકાત ધરાવતી હોવી જોઈશે.

૪. ***અગ્નિશમન સેવા માટેની સાધનસામગ્રી અને ઉપકરણો.***- (૧) નિયામકે, સુરક્ષાને લગતાં અસરકારક પગલાં અને કટોકટીના સમયમાં અસરકારક પ્રતિસાદ મેળવવા માટે, સંબંધિત વિસ્તારમાં આગના સંભવિત જોખમને વિચારણામાં લઈને, તેટલી સંખ્યામાં અને તેવા વિશિષ્ટ વર્ણનો પ્રમાણેના, બચાવ, અગ્નિ શમન, અંગત રક્ષણ માટેની સાધનસામગ્રી અને ઉપકરણો માટેની જરૂરિયાત નક્કી કરવી જોઈશે.

(૨) નિયામકે, સરકારની પૂર્વ-મંજૂરી લઈને, દરેક અગ્નિશમન વિભાગ (ફાયર ડિવિઝન) અગ્નિશમન સેવા અને અગ્નિ સુરક્ષા અંગેના પગલાંની જરૂરિયાતને પહોંચી વળવા માટે પૂરતી રીતે સજ્જ થાય તે રીતે, પેટા-નિયમ (૧) હેઠળ નક્કી કરેલી સાધનસામગ્રી અને ઉપકરણો મેળવવા જોઈશે અને જ્યારે અને જે પ્રમાણે જરૂરિયાત ઊભી થાય ત્યારે અને તે પ્રમાણે અગ્નિ-નિવારણ અને અગ્નિ સુરક્ષા સેવા પૂરી પાડવા માટે તેમની ઉપલભ્યતા સુનિ ત કરવા માટે તેની જાળવણી અને તેના નિભાવ માટેની તમામ જરૂરી ગોઠવણો કરવી જોઈશે.

(૩) સાધનસામગ્રી અને ઉપકરણોનું આયુષ્ય (તે કેટલા સમય સુધી રાખવા એ અવધિ), ગૃહ મંત્રાલય, ભારત સરકારની સ્થાયી અગ્નિશમન સલાહકાર પરિષદ અથવા સરકાર આ હેતુ માટે અધિકૃત કરે તેવા બીજા કોઈ સત્તામંડળની ભલામણ અનુસારનું રહેશે.

૫. ***ફાયર સ્ટેશન (બંબાખાના) માટેના સ્થળો બાંધવા અથવા ભાડે રાખવા બાબત.***- (૧) નિયામકે, અગ્નિ-નિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાય પૂરા પાડવા માટે, જે વિસ્તારોમાં ફાયર સ્ટેશન સ્થાપવા લાભદાયી હોય તે વિસ્તારો ઓળખી કાઢવા જોઈશે.

(૨) નિયામકે, રાજ્ય સરકારની પૂર્વ-મંજૂરી લઈને, રાજ્ય સરકાર નક્કી કરે તેટલું પ્રીમિયમ ભર્યેથી, જમીન પૂરી પાડવા માટે, સ્થાનિક સત્તામંડળને ફરમાવવું જોઈશે.

(૩) સ્થાનિક સત્તામંડળ દ્વારા કોઈ જમીન ઉપલબ્ધ કરવામાં ન આવે, ત્યારે રાજ્ય સરકાર, બંને પક્ષકારો નક્કી કરે તેટલા ભાડાની ચુકવણી કર્યેથી અને તેવી બોલીઓ અને શરતોએ, કોઈ મકાન અથવા કોઈ જગ્યા ભાડે રાખી શકશે.

(૪) પ્રવર્તમાન સંજોગો અને જે-તે વિસ્તારમાં આગના સંભવિત જોખમને આધારે, નિયામક, કર્મચારીઓને નિયુક્ત કરવાની પદ્ધતિ અને ફાયર સ્ટેશને પૂરી પાડવાની સુવિધાઓ સહિત ફાયર સ્ટેશનની રચના અંગે નિર્ણય કરી શકશે.

૬. ***જુદા જુદા દરજ્જાના અગ્નિશમન અધિકારીની નિમણૂક માટેની લાયકાત અને સેવાની બીજી બોલીઓ અને શરતો.***- જુદા જુદા દરજ્જાના અગ્નિશમન અધિકારીની નિમણૂક માટેની લાયકાત અને સેવાની બીજી શરતો, રાજ્ય સરકાર, તે અર્થેના કોઈ સામાન્ય અથવા ખાસ હુકમથી, નિર્દિષ્ટ કરે તે મુજબની રહેશે.

૭. ***એસોસિએશન વગેરેની રચના કરવાના અધિકારની બાબતમાં પ્રતિબંધ.***- અગ્નિશમન સેવાના કોઈપણ સભ્યએ, કોઈ વ્યક્તિ અથવા વ્યક્તિઓએ રાજકીય હેતુઓ માટે અથવા ઠરાવવામાં આવે તેવા બીજા હેતુઓ માટે યોજેલી કોઈ બેઠકમાં ભાગ લેવો જોઈશે નહિ અથવા તેમાં સંબોધન કરવું જોઈશે નહિ અથવા તેવા કોઈ પ્રદર્શનમાં ભાગ લેવો જોઈશે નહિ.

૮. ***અગ્નિશમન સેવામાં (જુદા જુદા) દરજ્જાઓના બિલ્લા (badges) બાબત.***- કોઈપણ અગ્નિશમન સેવામાં જુદા જુદા દરજ્જાઓમાં સેવા આપતા કર્મચારીઓએ, બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના વિવિધ દરજ્જાઓના બિલ્લા ધારણ કરવાના રહેશે.

પ્રકરણ ૩

લાઈસન્સ ધરાવતી એજન્સી

૯. ***લાઈસન્સ ધરાવતી એજન્સી માટેની યોગ્યતા બાબત.***- કોઈ પણ વ્યક્તિ-

(ક) નીચે જણાવેલી લાયકાતો પૈકીની ઓછામાં ઓછી કોઈ પણ લાયકાત ધરાવતી હોય તે સિવાય,

(૧) રાષ્ટ્રીય અગ્નિશમન સેવા કોલેજ, ગૃહ મંત્રાલય, ભારત સરકાર દ્વારા આપવામાં અથવા એનાયત કરવામાં આવેલ ફાયર એન્જિનિયરીંગમાં એડ્વાન્સ્ડ ડિપ્લોમા અથવા ડિપ્લોમાની પદવી; અથવા

(૨) ફાયર એન્જિનિયરીંગ (યુ.કે.)ની સંસ્થાની ફાયર એન્જિનિયરીંગની અધ્યેતા (fellow) અથવા એમ. આઈ. ફાયર (યુ.કે.) અથવા એ.આઈ.વી.આઈ.આઈ.ઈ. ફાયર ઈન્ડિયા, ફાયર એન્જિનિયરીંગ (યુ.કે.)ની સંસ્થા અથવા ફાયર એન્જિનિયરીંગ (ભારત)ની સંસ્થાની સ્નાતકની પરીક્ષા; અને

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી સ્થપાયેલી અથવા સંસ્થાપિત કોઈપણ યુનિવર્સિટીમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ (સન ૧૯૫૬ના ૩જા)ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી મિકેનિકલ અથવા ઈલેક્ટ્રિકલ અથવા ઈલેક્ટ્રોનિક્સ અથવા કેમિકલ અથવા સિવિલ એન્જિનિયરીંગની પદવી અથવા ડિપ્લોમા ધરાવતી હોય; અને

(ગ) રાજ્ય સરકારની પૂર્વ-મંજૂરી લઈને, નિયામક નિર્દિષ્ટ કરે તેટલી રકમનું સદ્ધરતા અંગેનું પ્રમાણપત્ર (solvency certificate) ધરાવતી હોય; અને

(ઘ) અરજી કર્યાના વર્ષની તરત પહેલાંના ત્રણ વર્ષનો અનુભવ ધરાવતી હોય, અગ્નિ-નિવારણ અને અગ્નિ રક્ષણ પદ્ધતિને લગતા ક્ષેત્રમાં કામ કરેલું હોય અથવા સરકારે સ્થાપેલી ગુજરાત રાજ્ય અગ્નિ સુરક્ષા તાલીમ સંસ્થા (GSIFST) દ્વારા એનાયત કરવામાં આવેલું અગ્નિ રક્ષણ વિશેષજ્ઞનું પ્રમાણપત્ર ધરાવતી હોય; અને

(ચ) કોઈ સરકારી વિભાગ અથવા રાજ્ય વિધાનમંડળના કાયદાથી સ્થપાયેલા સત્તામંડળ અથવા રાજ્ય સરકાર અથવા બીજા કોઈ રાજ્ય સરકારની માલિકીના અથવા તેમના દ્વારા નિયંત્રિત કોઈ મંડળ અથવા કોર્પોરેશન અથવા સંગઠન દ્વારા બ્લેક-લિસ્ટ કરવામાં ન આવી હોય,

તે સિવાય, લાઈસન્સ ધરાવતી એજન્સી તરીકે કાર્ય કરવા માટેનું લાઈસન્સ મેળવવા માટેની અરજી કરવાને પાત્ર ગણાશે નહિ.

૧૦. ***લાઈસન્સ ધરાવતી એજન્સી તરીકે કાર્ય કરવા માટેની અરજી.***- (૧) કલમ ૨૮ની પેટા-કલમ (૨) હેઠળ નિર્દિષ્ટ કર્યા પ્રમાણે લાઈસન્સ ધરાવતી એજન્સી તરીકે કાર્ય કરવા માંગતી કોઈપણ વ્યક્તિએ, લાઈસન્સ મેળવવા માટે, "નમૂના ક૧"માં અરજી કરવી જોઈશે. આવી અરજી રૂબરૂ કરવી જોઈશે અથવા રસીદી રજિસ્ટર ટપાલથી અથવા કુરિયર એજન્સી મારફત અથવા ઓનલાઈન મોકલવી જોઈશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ કરેલી અરજીની સાથે નીચેના કોષ્ટકમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની ફી હોવી જોઈશે અને તે (અરજી) તેવી બીજી જરૂરિયાતો પરિપૂર્ણ કરતી હોવી જોઈશે:

કોષ્ટક

સ્થાનિક સત્તામંડળનો વર્ગ	ન્યૂનતમ કેટલી રકમ માટેનું સદ્ધરતા અંગેનું પ્રમાણપત્ર (રૂપિયા લાખમાં)	અંદાજિત ખર્ચ પ્રમાણે કાર્ય કરવા માટેની ઠરાવેલી મુદત (રૂપિયા લાખમાં)	છેલ્લા ત્રણ વર્ષમાં કરવામાં આવેલા ઓછામાં ઓછા વાર્ષિક કાર્યનો ખર્ચ (રૂપિયા લાખમાં)			રજિસ્ટ્રેશન ફી (રૂપિયા લાખમાં)
			હાઈડ્રન્ટ્સ સ્પ્રિંકલર્સ પમ્પિંગ વગેરે જેવા ફાયર ફાયટિંગ (અગ્નિશમનને લગતા) ઈન્સ્ટોલેશન્સ	ફાયર સેપરેશન સિસ્ટમનું ડિક્ટેશન	નીચે જણાવ્યા પ્રમાણેનું વ્યાજરહિત રક્ષણ (passive protection)	
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)
મ્યુનિસિપલ કોર્પોરેશન / ખાસ મૂડીરોકાણ પ્રદેશ / ઔદ્યોગિક અસ્ક્યામત	૨૫.૦	અમર્યાદિત	૧૫૦૦	૬૦૦	૬૦૦	૫૦૦૦૦
ક	૧૫.૦	અમર્યાદિત	૫૦૦	૨૦૦	૨૦૦	૨૫૦૦૦
ખ	૧૦.૦	૧૦૦૦	૩૦૦	૧૦૦	૧૦૦	૧૫૦૦૦
ગ	૫.૦	૬૦૦	૨૦૦	૫૦	૫૦	૫૦૦૦
ઘ બાકી રહેલા ગ્રામ પંચાયતના વિસ્તારો	૨.૫	૩૦૦	૧૦૦	૨૫	૨૫	૨૫૦૦

(૩) અરજદારે નીચેના દસ્તાવેજો જોડવા જોઈશે:-

(૧) ઉપર દર્શાવેલા કોષ્ટકના કોલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની યોગ્ય રકમ માટેનું સદ્ધરતા અંગેનું પ્રમાણપત્ર;

(૨) કોઈ વ્યક્તિ પેઢીની સંપૂર્ણ માલિક હોય તેવા કિસ્સામાં, ભાગીદારી-ખત અને મુખત્યારનામા અથવા કંપનીના ધારાધોરણો (આર્ટિકલ ઓફ એસોસિએશન) અને કંપનીના ઉદ્દેશ-પત્ર (મેમોરેન્ડમ ઓફ એસોસિએશન) અથવા સ્ટેમ્પ પેપર પર સોગંદનામા (એફિડેવિટ)ની પ્રમાણિત નકલ;

(૩) સંબંધિત વિભાગે કાઢી આપેલું, છેલ્લા ત્રણ વર્ષમાં સંતોષકારક રીતે પૂરા કરેલા કામ અંગેનું પ્રમાણપત્ર;

(૪) ચાલુ વર્ષમાં હાથ પર રહેલા કામનો હુકમો (તે વર્ગ માટેની ઠરાવેલી રકમ સુધી);

(૫) ખાનગી કામના કિસ્સામાં, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા રજિસ્ટર થયેલા આવકવેરા વકીલ પાસેથી ઠરાવેલા નમૂનામાં મેળવેલું પ્રમાણપત્ર;

(૬) કોઈ ચોક્કસ વર્ગ માટે પ્રથમ વખત રજિસ્ટ્રેશન માટેની અરજી કરવામાં આવી હોય, તો અરજદારે, જે વર્ગ માટે અરજી કરી હોય તેવા ચોક્કસ વર્ગની નીચેના વર્ગમાં આવતું, તે વર્ગની મહત્તમ રકમ સુધીનું ઓછામાં ઓછું એક કામ કરેલું હોવું જોઈશે;

(૭) પેટા-નિયમ (૧)ના ખંડ (ખ)માં નિર્દિષ્ટ કરેલી લાયકાત પૈકીની કોઈપણ લાયકાત ધરાવતા ઓછામાં ઓછા એક અધિકારીની નિમણૂકને લગતું પ્રમાણપત્ર;

(૮) ભાગીદારો અથવા નિયામકો અથવા વ્યક્તિગત માલિકોના અને અરજીમાં ઉલ્લેખેલા અધિકારી અથવા અધિકારીઓના પણ પ્રમાણિત કરેલા પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ;

(૯) તેની / તેણીની પેઢી રાજ્ય સરકારના કોઈ વિભાગ, રાજ્ય સરકાર અથવા બીજા કોઈ રાજ્ય સરકારની માલિકીના અથવા તેમના દ્વારા નિયંત્રિત સ્થાનિક સત્તામંડળ અથવા કોઈ મંડળ અથવા કોર્પોરેશન અથવા સંગઠન દ્વારા બ્લેક-લિસ્ટ કરવામાં આવી નથી તેમ દર્શાવતું યોગ્ય સ્ટેમ્પ પેપર પર કરેલું સોગંદનામું;

(૧૦) ટેકનિકલ સ્ટાફની તેમની લાયકાત સહિતની યાદી; અને

(૧૧) નિયામક ફરમાવે તેવી બીજી માહિતી અને / અથવા દસ્તાવેજો.

૧૧. *લાઈસન્સ ધરાવતી એજન્સી તરીકે કાર્ય કરવા માટેના લાઈસન્સ બાબત.*- નિયામકે, નિયમ ૧૦ હેઠળ કરવામાં આવેલી અરજીની નિયમાનુસાર ચકાસણી કરવી જોઈશે અને અરજદાર લાઈસન્સ ધરાવતી એજન્સી તરીકે કામ કરવા માટેનું લાઈસન્સ મેળવવા માટેના તમામ માપદંડો પરિપૂર્ણ કરે છે તે અંગેની ખાતરી થયેથી, તેમણે, નીચેની બોલીઓ અને શરતોએ, લાઈસન્સ ધરાવતી એજન્સી તરીકે કાર્ય કરવા માટે ''નમૂના-ક-૨''માં લાઈસન્સ આપવું જોઈશેઃ-

(૧) લાઈસન્સ-

(ક) બિન-તબદીલીપાત્ર રહેશે,

(ખ) સમય પહેલાં સ્થગિત અથવા રદ કરવામાં આવ્યું હોય તે સિવાય, કાઢી આપ્યાની તારીખથી બે વર્ષ સુધી કાયદેસર ગણાશે,

(ગ) જો એમ ઈચ્છનીય હોય, તો, લાઈસન્સની મુદત પૂરી થાય તે પહેલાં, બે વર્ષની વધુ મુદત માટે તાજું કરવું જોઈશે.

(૨) (ક) ભાગીદારો, નિયામકો અને / અથવા સભ્યો,

(ખ) લાઈસન્સ ધરાવતી એજન્સીની કચેરીના સરનામા

-ના સંબંધમાં ફેરફાર, હોય તો, લાઈસન્સ કાઢી આપનાર સત્તામંડળને તે અંગે તરત જ જાણ કરવી જોઈશે.

(૩) લાઈસન્સ ધરાવતી એજન્સીએ, પોતે કરેલું અથવા તેમના દ્વારા કરવામાં આવી રહેલું કામ, ડિરેક્ટર, મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા નિયામક અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીએ અધિકૃત કરેલા કોઈ અગ્નિશમન અધિકારીને જોવા માટે હંમેશા ખુલ્લું રાખવું જોઈશે.

૧૨. ***લાઈસન્સ તાજું કરવા બાબત.*-** નિયમ ૧૧ હેઠળ આપવામાં આવેલા લાઈસન્સને તાજું કરવા માટેની અરજી ''નમૂના-ક૧''માં કરવાની રહેશે, જેની સાથે નિયમ ૧૦ના પેટા-નિયમ (૨) હેઠળ નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની ફી અને નિયમ ૧૦ના પેટા-નિયમ (૩)માં જણાવ્યા પ્રમાણેના દસ્તાવેજો પણ જોડવા જોઈશે.

૧૩. *લાઈસન્સ શા માટે સ્થગિત અથવા રદ ન કરવું તે અંગેના કારણો દર્શાવવા માટેની નોટિસ.*- જેને લાઈસન્સ આપવામાં આવ્યું હોય તેવી કોઈ વ્યક્તિ, અધિનિયમ અથવા નિયમોની કોઈપણ જોગવાઈઓનું ઉલ્લંઘન કરે અથવા લાઈસન્સની શરતોનું પાલન ન કરે અથવા અક્ષમતા, ગેરવર્તણૂક અથવા બીજા કોઈ ગંભીર કારણસર અયોગ્ય બને, ત્યારે લાઈસન્સ ધરાવતી એજન્સી તરીકે કાર્ય કરવા માટે તેને આપેલું લાઈસન્સ શા માટે સ્થગિત અથવા રદ ન કરવું તે અંગેના કારણો દર્શાવવા માટે, એવી વ્યક્તિને, ''નમૂના-ક૩''માં નોટિસ આપવી જોઈશે.

પ્રકરણ ૪

અગ્નિ-નિવારણ અને જીવન સુરક્ષા ઉપાયને લગતી જોગવાઈઓ

૧૪. *લાઈસન્સ ધરાવતી એજન્સીએ કાઢી આપવાના પ્રમાણપત્રો બાબત.*- (૧) આ અધિનિયમની જોગવાઈઓથી અથવા તે હેઠળ ફરમાવ્યા પ્રમાણે, મકાન અથવા તેના ભાગમાં અગ્નિ-નિવારણ અને જીવન સુરક્ષા ઉપાયનું પાલન કરવાને લગતું પ્રમાણપત્ર, લાઈસન્સ ધરાવતી એજન્સીએ ''નમૂના-ખ૧''માં કાઢી આપવું જોઈશે.

(૨) લાઈસન્સ ધરાવતી એજન્સીએ, અધિનિયમની કલમ ૨૯ની પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, કોઈ મકાન અથવા તેની જગ્યા, સારી સ્થિતિ અથવા કાર્યક્ષમ હાલતમાં હોવા અંગેનું, તેમાં અગ્નિ-નિવારણ અને જીવન સુરક્ષા ઉપાયના નિભાવને લગતું પ્રમાણપત્ર, દર વર્ષે જાન્યુઆરી અને જુલાઈ મહિનામાં, ''નમૂના-ખ૨''માં કાઢી આપવું જોઈશે.

૧૫. *આગનું જોખમ ઊભું થવાની સંભાવના હોય તેવા પદાર્થ અથવા માલ દૂર કરવા અંગેની નોટિસ.*- (૧) આગનું જોખમ ઊભું થવાની સંભાવના હોય તેવા પદાર્થ અથવા માલ દૂર કરવાના હેતુ માટે, આ અર્થે અધિકૃત કરેલા અધિકારીએ, મકાન અથવા કોઈ જગ્યાના માલિક અથવા કબજેદારને, ''નમૂના-ખ૩''માં નોટિસ કાઢી આપવી જોઈશે અને આગનું

INDEX

જોખમ ઊભું થવાની સંભાવના હોય તેવા પદાર્થ અથવા માલ, નોટિસમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની મુદતની અંદર, સુરક્ષિત સ્થળે ખસેડવા માટે, તેમને આદેશ આપવો જોઈશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ આપવામાં આવેલા આદેશોનું પાલન ન થયેથી, પદાર્થ અથવા માલ શા માટે જ ન કરવા, અટકાયતમાં ન રાખવા અથવા દૂર ન કરવા તે અંગેનો તેમનો જવાબ રજૂ કરવા માટે, કલમ ૨૨ની પેટા-કલમ (૨) હેઠળ, ''નમૂના ખ૪''માં બીજી નોટિસ આપવી જોઈશે.

૧૬. ***જપ્તી વગેરેનું આવેદન (મેમોરેન્ડમ) અને પંચનામા બાબત.***- આગનું જોખમ રહેલું હોય તેવા કોઈ પદાર્થ અથવા માલ, કલમ ૨૨ની પેટા-કલમ (૨) હેઠળ જ કરવા, અટકાયતમાં રાખવા અથવા દૂર કરવા જરૂરી હોય, ત્યારે જ ી વગેરેનું આવેદન ''નમૂના ખ૫''માં તૈયાર કરવું જોઈશે અને ''નમૂના ખ૬''માં પંચનામું તૈયાર કરવું જોઈશે.

૧૭. ***પ્રવેશ અને નિરીક્ષણ માટેની નોટિસ.***- (૧) કોઈ સ્થળ અથવા મકાન અથવા તેના ભાગમાં અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાયની પર્યા તા અથવા તેના ઉલ્લંઘન અંગે ખાતરી કરવા માટે, અધિનિયમની કલમ ૨૪ની પેટા-કલમ (૧) હેઠળ તેમાં પ્રવેશ કરવા અને તેના નિરીક્ષણ માટે આપવાની નોટિસ, ''નમૂના ખ૭''માં હોવી જોઈશે.

(૨) રૂઢિ અનુસાર જાહેરમાં ઉપસ્થિત ન થઈ શકે તેવી મહિલાને, અધિનિયમની કલમ ૨૪ની પેટા-કલમ (૧) હેઠળની નોટિસ, ''નમૂના ખ૮''માં આપવી જોઈશે.

૧૮. ***નિરીક્ષણનો અહેવાલ.***- નામનિયુક્ત અધિકારીનો, અધિનિયમની કલમ ૨૪ની પેટા-કલમ (૫) હેઠળ તેમણે કરેલા નિરીક્ષણને લગતો અહેવાલ, ''નમૂના ખ૯''માં આપવો જોઈશે.

૧૯. ***મકાન અથવા તેના ભાગના માલિક અથવા કબજેદારને અમુક પગલાં લેવા માટેની નોટિસ.***- (૧) કોઈ સ્થળ અથવા મકાન અથવા તેના ભાગનું નિરીક્ષણ પૂરું કર્યેથી, અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાયને લગતી આવશ્યકતાઓ પરિપૂર્ણ ન થયેલ હોવાનું અથવા તેનું ઉલ્લંઘન થયેલ હોવાનું અથવા મકાનની ઊંચાઈ અથવા આવા સ્થળ અથવા મકાન અથવા તેના ભાગમાં કરવામાં આવતી પ્રવૃત્તિઓના સંદર્ભમાં જોગવાઈ કરેલા અથવા જોગવાઈ કરવાની હોય તેવાં પગલાં અપૂરતી સંખ્યામાં લેવામાં આવ્યા હોવાનું અથવા તેનું પાલન ન થયેલ હોવાનું ધ્યાન પર આવે, તો આવા સ્થળ અથવા મકાન અથવા તેના ભાગના માલિક અથવા કબજેદારને, આ અર્થે અધિકૃત કરવામાં આવેલા અધિકારી દ્વારા, અધિનિયમની કલમ ૨૪ હેઠળ, ''નમૂના-ખ૧૦''માં નોટિસ આપવી જોઈશે અને સાત દિવસની અંદર જરૂરી પગલાં લેવા માટે તેમને આદેશ આપવો જોઈશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ માલિક અથવા કબજેદારને આપવામાં આવેલી નોટિસમાં નિર્દિષ્ટ કરવાનો સમય, હાથ ધરવાના (લેવાના) પગલાંના પ્રકારને લક્ષમાં લઈને નિર્દિષ્ટ કરવો જોઈશે પણ આવો કોઈપણ સમય કોઈપણ સંજોગોમાં ૧૨૦ દિવસ કરતાં વધુ હોવો જોઈશે નહિ.

૨૦. ***કોઈ સ્થળ અથવા મકાન અથવા તેના ભાગને સીલ કરવા માટેની કાર્યરીતિ.***- અધિનિયમની કલમ ૨૬ની પેટા-કલમ (૩) હેઠળ ફરમાવ્યા પ્રમાણે, કોઈ સ્થળ અથવા મકાન અથવા તેના ભાગને સીલ કરવાના સંબંધમાં, નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીએ અનુસરવાની કાર્યરીતિ નીચે મુજબની રહેશેઃ-

(ક) સીલ કરવાના સ્થળ અથવા મકાન અથવા તેના ભાગનો કબજો અથવા ભોગવટો ધરાવતી વ્યક્તિઓને, તરત જ તે સ્થળેથી દૂર થવા ફરમાવવું જોઈશે;

(ખ) સદરહુ હુકમનું પાલન ન થવાના કિસ્સામાં, તેઓએ, તે વિસ્તારમાં હકૂમત ધરાવતા કોઈ પોલીસ અધિકારીને, આવી વ્યક્તિઓને, આવા સ્થળ અથવા મકાન અથવા તેના ભાગમાંથી દૂર કરવાનો આદેશ કરવો જોઈશે;

(ગ) કબજો અથવા ભોગવટો ધરાવતી વ્યક્તિઓને આવા સ્થળ અથવા મકાન અથવા તેના ભાગમાંથી દૂર કર્યા પછી, તેમણે, પોતાને યોગ્ય લાગે તેવી રીતે પોતાને યોગ્ય લાગે તેવા પોલીસ અધિકારી દ્વારા તરત જ આવા સ્થળ અથવા મકાન અથવા તેના ભાગને સીલ કરાવવું જોઈશે.

(ઘ) ઉપર જણાવ્યા પ્રમાણે સીલ કરવા માટે વપરાયેલું સીલ, નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા યથાપ્રસંગ, મુખ્ય અગ્નિશમન અધિકારીની કસ્ટડીમાં રહેશે;

(૧) નામનિયુક્ત અધિકારીનો અહેવાલ મળ્યેથી, સીલ કરવાનું ફરમાવ્યું હોય તેવા કોઈ સ્થળ અથવા મકાન અથવા તેના ભાગને તાળું મારેલું હોવાનું અથવા તેમાં પ્રવેશ થઈ શકે એમ ન હોવાનું જણાય, તો તેઓ, પોલીસ અધિકારીની સહાય લઈને તે ખોલવા માટે તેને તોડી શકશે અને તે જગ્યામાં પ્રવેશ કરી શકશે અને અધિનિયમ હેઠળ અથવા આ નિયમો હેઠળ લેવાનું ફરમાવ્યું હોય તેવા તમામ જરૂરી પગલાં લીધા પછી, તેને ફરી તાળું મારી શકશે અને ઉપર જણાવ્યા પ્રમાણે સીલ કરાવી શકશે;

(૨) કોઈ સ્થળ અથવા મકાન અથવા તેના ભાગને પેટા-ખંડ (૧) હેઠળ સીલ કરવામાં આવ્યું હોય, ત્યારે આવા સ્થળ અથવા મકાન અથવા તેના ભાગમાંથી મળેલ સાધનસામગ્રીની યાદી બે સ્વતંત્ર સાક્ષીઓની હાજરીમાં તૈયાર કરવી જોઈશે અને માલિક અથવા ભોગવટો કરનાર, જો સ્થળ પર હાજર હોય, તો તેમને તેની એક નકલ આપવી જોઈશે. અહેવાલ તૈયાર કરવા માટે, અનુક્રમે યાદી તૈયાર કરવા ''નમૂના ખ-૫'' અને પંચનામા માટે ''નમૂના ખ૬''નો ઉપયોગ કરવો જોઈશે;

(૩) કોઈ સ્થળ અથવા મકાન તેના ભાગમાં આ રીતે લગાડેલું સીલ તોડી નાખેલ હોવાનું અથવા તેની સાથે ચેડાં કર્યા હોવાનું જણાય, તો તેઓએ, સંબંધિત પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરને લેખિતમાં રિપોર્ટ કરવો જોઈશે.

૨૧. ***અગ્નિ સલામતી અધિકારીની નિમણૂક.***- (૧) અસરકારક અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાયના હેતુ માટે, દરેક માલિક અથવા કબજેદારે અથવા દરેક કારખાનાએ, અધિનિયમના આરંભથી છ મહિનાની મુદતની અંદર, ઠરાવેલી લાયકાત ધરાવતા અગ્નિ સલામતી અધિકારીની નિમણૂક કરવી જોઈશે અને ત્યાર પછી, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીને, ''નમૂના ખ૧૧'' માં તે મતલબનો પૂર્તતા અહેવાલ મોકલવો જોઈશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ કરેલો પૂર્તતા અહેવાલ મળ્યેથી, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીએ, યોગ્ય ખરાઈ કર્યા પછી, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા બીજા કોઈ સત્તાધિકારીના સીલ અને તેમની સહીથી, અગ્નિ સલામતી અધિકારીની નિમણૂકની નોંધણી કર્યા અંગેનું પ્રમાણપત્ર ''નમૂના ખ૧૨''માં કાઢી આપવું જોઈશે.

(૩) પેટા-નિયમ (૧) હેઠળ નિર્દિષ્ટ કર્યા પ્રમાણે અગ્નિ સલામતી અધિકારીની નિમણૂક ન થઈ શકે તેવા કિસ્સામાં, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીએ, સુનાવણીની તક આપ્યા પછી, તેમ કરવું યોગ્ય જણાય, તો મકાન અથવા તે જગ્યા અથવા યથાપ્રસંગ, ફેક્ટરીનો ઉપયોગ અટકાવવા અથવા તેને બંધ કરવા માટેના યોગ્ય પગલાં લેવા માટે, સંબંધિત સત્તાધિકારીને અથવા શ્રમ આયુક્તને જણાવવું જોઈશે.

(૪) મકાન અથવા કોઈ જગ્યાઓનું વર્ગીકરણ અને અગ્નિ સલામતી અધિકારીની લાયકાતો ત્રીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના રહેશે.

૨૨. ***મકાનો અથવા કોઈ જગ્યા માટેના અગ્નિનિવારણ અને અગ્નિ સલામતી માટેના ન્યૂનતમ ધોરણો.***- (૧) મકાનોની ઊંચાઈ અને ભોગવટાના પ્રકારના સંબંધમાં, બાંધકામને લગતા પેટા-કાયદા અથવા ભારતના રાષ્ટ્રીય બાંધકામ અધિનિયમમાં જોગવાઈ કર્યા પ્રમાણેના, અધિનિયમની કલમ ૧૮ની પેટા-કલમ (૨)માં ફરમાવ્યા પ્રમાણેના, મકાનો અથવા કોઈ જગ્યામાં અગ્નિનિવારણ અને અગ્નિ સલામતી માટેના ન્યૂનતમ ધોરણો, ઉચિત ફેરફાર સાથે, નીચેની બાબતોના સંબંધમાં લાગુ પડશે:-

(ક) મકાનમાં પ્રવેશ,

(ખ) બહિર્દ્વાર (બહાર જવાના માર્ગ)ની સંખ્યા, પહોળાઈ, પ્રકાર અને ગોઠવણ,

(ગ) ફાયર ચેક ડોર (ડોર્સ) અને / અથવા પ્રેશરાઈઝેશન દ્વારા બહિર્દ્વારનું રક્ષણ

(ઘ) કમ્પાર્ટમેન્ટેશન (અલગ અલગ ભાગ પાડવા),

(ચ) સ્મોક મેનેજમેન્ટ સિસ્ટમ,

(છ) અગ્નિશામક (ફાયર એક્સ્ટિંગ્વિસર),

INDEX

(જ) ફર્સ્ટ એઈડ હોઝ રીલ,

(ઝ) ઓટોમેટિક ફાયર ડિટેકશન અને એલાર્મિંગ સિસ્ટમ,

(ટ) પબ્લિક એડ્રેસ સિસ્ટમ,

(ઠ) ઓટોમેટિક સ્પ્રિંકલર સિસ્ટમ (સ્વયંચાલિત છંટકાવ પદ્ધતિ),

(ડ) ઈન્ટર્નલ હાઈડ્રન્ટ અને યાર્ડ હાઈડ્રન્ટ,

(ઢ) પમ્પિંગની ગોઠવણો,

(ત) અગ્નિશમન માટેના કેપ્ટિવ વોટર સ્ટોરેજ,

(થ) એક્ઝિટ સાઈનેજ,

(દ) લિફ્ટની જોગવાઈ,

(ધ) સ્ટેન્ડબાય પાવર સપ્લાય,

(ન) રેફ્યુજ એરિયા (આશ્રયસ્થાન),

(પ) અગ્નિ નિયંત્રણ ખંડ (ફાયર કન્ટ્રોલ રૂમ),

(ફ) ખાસ પ્રકારના જોખમો સામેના રક્ષણ માટે ખાસ અગ્નિ રક્ષણ પદ્ધતિઃ

પરંતુ જેના માટે બાંધકામને લગતા પેટા-કાયદા અથવા ભારતના રાષ્ટ્રીય બાંધકામ અધિનિયમમાં અગ્નિનિવારણ અને અગ્નિ સલામતી માટેનાં પગલાં (ઉપાય)ની જોગવાઈ ન કરી હોય તેવા ભોગવટા અથવા મકાનો અથવા કોઈ જગ્યાના વર્ગોના કિસ્સામાં, નિયામક, અગ્નિનિવારણ શાખા દ્વારા જોગવાઈ કરવામાં આવે તેવા આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર અગ્નિનિવારણ અને અગ્નિ સલામતી માટેનાં પગલાં (ઉપાય)ની જોગવાઈ કરવા માટે, તેવા ભોગવટા અથવા મકાનો અથવા કોઈ જગ્યાના માલિક અથવા ભોગવટો કરનારને ફરમાવી શકશેઃ

વધુમાં, સરકારનો એવો અભિપ્રાય હોય કે તેમ કરવું જરૂરી અથવા ઈષ્ટ છે, ત્યારે તેઓ, હુકમથી, લેખિતમાં કારણોની નોંધ કરીને, ખાસ વિસ્તારોમાંના કોઈ મકાન અથવા કોઈ જગ્યામાંના કોઈ ભોગવટાના વર્ગના સંબંધમાં અથવા કોઈ વિસ્તારમાંના બાંધકામ કરવામાં આવેલા કોઈ મકાન અથવા આ નિયમોના આરંભની તારીખ પહેલાં બાંધકામ ચાલુ હોય તેવા કોઈ મકાનના સંબંધમાં, આ નિયમો હેઠળના અગ્નિનિવારણ અને અગ્નિ સલામતી માટેનાં પગલાં (ઉપાય)ને સંબંધિત કોઈ આવશ્યકતાઓમાં છૂટછાટ આપી શકશે અથવા તેમાં સુધારો કરી શકશે અથવા તે રદ કરી શકશે.

(૨) પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીનો એવો અભિપ્રાય હોય કે તેમ કરવું જરૂરી અથવા ઈષ્ટ છે, ત્યારે તેઓ, કારણોની લેખિતમાં નોંધ કરીને, અગ્નિનિવારણ અને અગ્નિ સલામતી માટેના વધારાના પગલાંની જોગવાઈ કરવા માટે, મકાન અથવા કોઈ જગ્યાના માલિક અથવા ભોગવટો કરનારને ફરમાવી શકશે.

૨૩. ***અગ્નિ સલામતી માટેનું પ્રમાણપત્ર કાઢી આપવા બાબત.***- (૧) પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા તેમના દ્વારા આ અર્થે અધિકૃત કરેલા બીજા કોઈ અધિકારી (અધિકારીઓ)એ, સામાન્ય અથવા ખાસ હુકમથી, મકાન અથવા કોઈ જગ્યાના માલિક અથવા ભોગવટો કરનારને, ''નમૂના ખ૧૩''માં, અગ્નિ સલામતી માટેનું પ્રમાણપત્ર કાઢી આપવું જોઈશે અને તેમાં આ નિયમો હેઠળ નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના અગ્નિનિવારણ અને અગ્નિ સલામતી માટેનાં પગલાં (ઉપાય)નું પાલન કરવા માટેની, અગ્નિ સલામતી માટેનાં પ્રમાણપત્રમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતો જણાવવી જોઈશે.

(૨) અગ્નિ સલામતી માટેનું પ્રમાણપત્ર મેળવવા માટેની અરજી, ''નમૂના ખ૧૪''માં, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીને કરવી જોઈશે અને નિયમ ૨૨ હેઠળ ફરમાવ્યા પ્રમાણેના અગ્નિનિવારણ અને અગ્નિ સલામતી માટેનાં તમામ પગલાંનો મકાન અથવા કોઈ જગ્યામાં સમાવેશ કરેલો છે તે મતલબનું આર્કિટેક્ટ અને માલિક અથવા ભોગવટો કરનારનું પ્રમાણપત્ર તેની સાથે જોડવું જોઈશે.

(૩) પેટા-નિયમ (૨) હેઠળ કરેલી અરજી મળ્યેથી, અગ્નિશમન અધિકારીઓ દ્વારા, અગ્નિનિવારણ અને અગ્નિ સલામતી માટેનાં પગલાં (ઉપાય)ની ઉપલબ્ધતા અને કાર્યશીલતાની ખાતરી કરવા માટે, મકાન અથવા કોઈ જગ્યાનું નિરીક્ષણ કરવું જોઈશે અને તેઓએ અગ્નિ સલામતી માટેનું પ્રમાણપત્ર આપવા અથવા તેનો ઈન્કાર કરવા માટેની ભલામણ સાથેનો પોતાનો રિપોર્ટ પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીને મોકલવો જોઈશે.

(૪) પેટા-નિયમ (૩) હેઠળની ભલામણો મળ્યેથી, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીએ, ઠરાવેલા સંબંધિત નમૂનામાં અગ્નિ સલામતી માટેનું પ્રમાણપત્ર આપવું જોઈશે અથવા કારણોની લેખિતમાં નોંધ કરીને તેનો અસ્વીકાર કરવો જોઈશે અને માલિક અથવા યથાપ્રસંગ, ભોગવટો કરનારને તેની જાણ કરવી જોઈશે.

(૫) પેટા-નિયમ (૪) હેઠળ અગ્નિ સલામતી માટેના પ્રમાણપત્ર આપવા માટેની અરજીનો અસ્વીકાર કરવાના કિસ્સામાં, માલિકે અથવા ભોગવટો કરનારે, પેટા-નિયમ (૪) હેઠળ જણાવ્યા મુજબની આવશ્યકતાઓની યોગ્ય રીતે પૂર્તતા કરીને, પેટા-નિયમ (૨) હેઠળ નવી અરજી કરવી જોઈશે.

(૬) મકાન અથવા કોઈ જગ્યાના ભોગવટા માટે અગાઉ 'ના-વાંધા પ્રમાણપત્ર' આપવામાં આવેલ હોય તેવા મકાન અથવા કોઈ જગ્યાને, અગ્નિનિવારણ અને અગ્નિ સલામતી માટેના જે પગલાંને આધારે છેલ્લી વખત 'ના-વાંધા પ્રમાણપત્ર' આપવામાં આવ્યું હોય તેને ખરાઈ કરવાને અધીન રહીને, નિયમ ૨૩ હેઠળ 'અગ્નિ સલામતી માટેનું પ્રમાણપત્ર' આપવામાં આવ્યું હોવાનું ગણાશે.

૨૪. ***અગ્નિ સલામતી માટેના પ્રમાણપત્રની મુદત.***- નિયમ ૨૩ હેઠળ કાઢી આપેલું અગ્નિ સલામતી માટેનું પ્રમાણપત્ર તરત જ રદ કરવામાં આવ્યું હોય તે સિવાય, (હોટેલ સિવાયના) રહેણાકના મકાનો માટે તે કાઢી આપ્યાની તારીખથી ૫ (પાંચ) વર્ષની મુદત માટે અને હોટેલ સહિતના બિન-રહેણાકના મકાનો માટે તે કાઢી આપ્યાની તારીખથી ૩ વર્ષની મુદત માટે કાયદેસર ગણાશે :

પરંતુ પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી તે માટેના (મુદત ઘટાડવા માટેના) કારણોની નોંધ કરીને, તેની મુદત ઘટાડી શકશે.

૨૫. ***અગ્નિ સલામતી માટેનું પ્રમાણપત્ર તાજું કરવા બાબત.***- (૧) નિયમ ૨૩ હેઠળ આપવામાં આવેલા અગ્નિ સલામતી માટેના પ્રમાણપત્રને તાજું કરવા માટેની અરજી, અગ્નિ સલામતી માટેના પ્રમાણપત્રની મુદત પૂરું થયાની તારીખથી એક મહિના પહેલાં, અગ્નિ સલામતી માટેના પ્રમાણપત્રની એક નકલ સાથે, 'નમૂના ખ૧૪'માં, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીને કરવી જોઈશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ કરેલી અરજી મળ્યેથી, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા તેમણે અધિકૃત કરેલા બીજા કોઈ અધિકારીએ, નિયમોનું પાલન થયેલ છે કે કેમ તેની ખરાઈ કરવા માટે, મકાન અથવા કોઈ જગ્યાનું નિરીક્ષણ કરવું જોઈશે અને પાલન થયા અંગેનો અથવા અન્યથા રિપોર્ટ નિયામકને મોકલવો જોઈશે.

(૩) પેટા-નિયમ (૨) હેઠળનો રિપોર્ટ મળ્યેથી, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા તેમણે આ અર્થે અધિકૃત કરેલા બીજા કોઈ અધિકારીએ, સામાન્ય અથવા ખાસ હુકમથી, નિયમ ૨૪ હેઠળ નિર્દિષ્ટ કરેલી મુદત માટે, અગ્નિ સલામતી માટેનું પ્રમાણપત્ર તાજું કરવું જોઈશે અથવા તેનો અસ્વીકાર કરવા માટેના કારણોની યોગ્ય રીતે નોંધ કરીને તેનો અસ્વીકાર કરવો જોઈશે.

૨૬. ***અગ્નિ સલામતી માટેનાં પગલાં (ઉપાય) નિભાવવા માટેની જવાબદારી.***- (૧) મકાન અથવા યથાપ્રસંગ, કોઈ જગ્યાનો ભોગવટો કરનારે, આગ લાગવાના પ્રસંગે, ભોગવટો કરનાર અથવા અગ્નિશમન સેવાના સભ્યો અથવા તે બંનેના ઉપયોગ માટે, મકાન અથવા કોઈ જગ્યામાં પૂરા પાડવામાં આવેલા અગ્નિનિવારણ અને અગ્નિ સલામતી માટેનાં પગલાં (ઉપાય)ને હંમેશા સારી સ્થિતિમાં નિભાવવા જોઈશે.

(૨) મકાન અથવા કોઈ જગ્યાનો ભોગવટો કરનાર અથવા યથાપ્રસંગ, અધિનિયમની કલમ ૧૨ હેઠળ નિમાયેલા અગ્નિ સલામતી અધિકારીએ, દર વર્ષે, 'નમૂના ખ ૧૫'માં, મકાન અથવા કોઈ જગ્યામાં પૂરા પાડવામાં આવેલા અગ્નિનિવારણ અને અગ્નિ સલામતી માટેનાં પગલાં (ઉપાય) જાહેર કરવા જોઈશે.

INDEX

(૩) પેટા-નિયમ (૨) હેઠળ કરેલી જાહેરાતની પ્રમાણભૂતતાની ખરાઈ કરવાના હેતુથી અને ખામી, કોઈ હોય, તો નિર્દિષ્ટ સમયની અંદર તેને દૂર કરવા માટેના આદેશો સાથે તેનો નિર્દેશ કરવા માટે, મકાન અથવા યથાપ્રસંગ, કોઈ જગ્યામાં પ્રવેશ કરવાનું અને તેનું નિરીક્ષણ કરવાનું પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી માટે કાયદેસર ગણાશે. નિરીક્ષણ કરનાર અધિકારીના આદેશોનું આ રીતે આપેલી સમય-મર્યાદાની અંદર પાલન કરવામાં ન આવે, તો નિરીક્ષણ કરનાર અધિકારીએ, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીની અગાઉથી મંજૂરી લઈને, અગ્નિ સલામતીના દૃષ્ટિકોણથી, મકાન અથવા તે જગ્યાને અયોગ્ય જાહેર કરવા જોઈશે અને મકાન અથવા યથાપ્રસંગ, કોઈ જગ્યાના વિદ્યુત અને પાણી પુરવઠાના જોડાણો કાપી નાંખવા માટે, સ્થાનિક મંડળ / સત્તાધિકારી અથવા બીજા કોઈ સંબંધિત સત્તાધિકારીને આદેશ આપવા જોઈશે અને સ્થાનિક મંડળ / સત્તાધિકારી અથવા બીજા કોઈ સત્તાધિકારીએ, નિરીક્ષણ કરનાર અધિકારીના આદેશોનું પાલન કરવું જોઈશે.

(૪) પેટા-નિયમ (૨) હેઠળ કરેલી જોગવાઈનું ઉલ્લંઘન કરીને, ખોટી જાહેરાત કરે તેવા મકાન અથવા કોઈ જગ્યાના માલિક અથવા ભોગવટો કરનાર અથવા અગ્નિ સલામતી અધિકારી, કસૂરવાર હોવાનું ગણાશે અને તે શિક્ષાને પાત્ર થશે.

પ્રકરણ ૫

હંગામી માળખા અંગેની જોગવાઈઓ

૨૭. ***હંગામી માળખા વગેરે માટે અગ્નિનિવારણ અંગેના ન્યૂનતમ ધોરણો.***- (૧) કલમ ૨૭ની પેટા-કલમ (૨)ના હેતુઓ માટે, મંડપ, શામિયાણા અથવા તંબૂ અથવા પંડાલ વગેરે જેવા હંગામી માળખા માટે, અગ્નિ નિવારણ અને અગ્નિ સલામતી માટેના ન્યૂનતમ ધોરણો, નીચે જણાવેલી બાબતોના સંબંધમાં, ભારતીય ધારાધોરણ કાર્યાલય, નવી દિલ્હી અને ભારતના રાષ્ટ્રીય બાંધકામ અધિનિયમથી પ્રસિદ્ધ કરેલા આઈએસ:૮૭૫૮:૧૯૯૩ અનુસારના રહેશે.

(ક) હંગામી માળખામાં પ્રવેશ વગેરે;

(ખ) હંગામી માળખા વગેરેની આસપાસની ખુલ્લી જગ્યા;

(ગ) મધ્યમ અને ઊંચા વોલ્ટેજના વિદ્યુતના વાયર અને જોખમી ઈન્સ્ટોલેશનથી અંતર;

(ઘ) બહિર્દ્વાર (બહાર જવાના માર્ગ) માટેના સાધનો;

(ચ) બાંધકામ સામગ્રી;

(છ) અગ્નિશમન માટેની પ્રાથમિક ગોઠવણ;

(જ) અગ્નિશમન માટેનો પાણીનો પુરવઠો;

(ઝ) ઈલેક્ટ્રિકલ વાયરિંગ;

(ટ) અગ્નિશમન માટેના તાલીમબદ્ધ સ્ટાફની ઉપલભ્યતા.

(૨) પ્રવર્તક (પ્રમોટર), આયોજક (ઓર્ગેનાઈઝર) અથવા માલિક અથવા ભોગવટો કરનારે, પેટા-નિયમ (૧)માં નિર્દિષ્ટ કરેલા પગલાં (ઉપાય) પૂરા પાડવા જોઈશે અને તેને નિભાવવા જોઈશે.

૨૮. ***જાહેરાતનો નમૂનો.***- મંડપ, શામિયાણા અથવા તંબૂ અથવા પંડાલ વગેરે જેવા હંગામી માળખાનું બાંધકામ કરનારે, અધિનિયમની કલમ ૨૭ની પેટા-કલમ (૨)નું યોગ્ય રીતે પાલન કરવાના હેતુઓ માટે, નિયમ ૨૭માં જોગવાઈ કર્યા પ્રમાણેના અગ્નિ સલામતી અંગેના પૂરતાં પગલાં (ઉપાય) લીધા છે, તે મતલબની જાહેરાત 'નમૂના ગ૧'માં કરવી જોઈશે.

૨૯. ***આગનું જોખમ ઊભું થવાની અથવા અગ્નિશમનની કાર્યવાહીમાં કોઈ અવરોધ ઊભો થવાની સંભાવના હોય તેવા દબાણો અથવા પદાર્થો અથવા માલ દૂર કરવા બાબત.***- (૧) હકૂમત ધરાવતા સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અધિનિયમની કલમ ૨૭ની પેટા-કલમ (૭)થી જોગવાઈ કર્યા પ્રમાણે સુનાવણીની વાજબી તક આપ્યા પછી, આગનું જોખમ ઊભું થવાની અથવા અગ્નિશમનની કાર્યવાહીમાં કોઈ અવરોધ ઊભો થવાની સંભાવના હોય તેવા દબાણો અથવા પદાર્થો અખવા માલ જ કરવાનો, અટકાયતમાં રાખવાનો અથવા દૂર કરવાનો આદેશ કરી શકશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળનો હુકમ ''નમૂના 'ગ૨''માં કરવો જોઈશે અને પંચનામું ''નમૂના 'ગ૩''માં કરવું જોઈશે.

(૩) અધિનિયમની કલમ ૨૭ની પેટા-કલમ (૮) હેઠળ ફરમાવ્યા પ્રમાણે પદાર્થ અથવા માલની યાદીનો કબજો ધરાવતી વ્યક્તિને ''નમૂના 'ગ૪'''માં નોટિસ આપવી જોઈશે.

૩૦. રાજ્ય અગ્નિશમન સેવા દ્વારા આપવામાં આવેલી સેવા માટેનો ચાર્જ ચૂકવવા માટેની નોટિસ.- રાજ્ય સરકારે અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય માટેની સેવા પૂરી પાડી હોય, ત્યારે નિયામક, મકાન અથવા કોઈ જગ્યાના માલિક અથવા કબજેદારને, ઉપર્યુક્ત સેવા પૂરી પાડવા માટે કરવામાં આવેલા ખર્ચની રકમ ચૂકવવા ફરમાવતી નોટિસ ''નમૂના ગ-૫''માં આપી શકશે.

૩૧. હંગામી માળખામાં અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા માટે લેવાના ઉપાયો બાબત.- (૧) અધિનિયમની કલમ ૨૭ની પેટા-કલમ (૧) હેઠળ જાહેર કરેલી કોઈ જગ્યાના પ્રવર્તક (પ્રમોટર) અથવા આયોજક (ઓર્ગેનાઈઝર) અથવા માલિક અથવા કબજેદારે લેવાના જરૂરી ઉપાયો, નિયમ ૨૭ના પેટા-નિયમ (૧)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના રહેશે.

(૨) અધિનિયમની કલમ ૨૭ની પેટા-કલમ (૬) હેઠળ સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટે કાઢવાની કારણદર્શક નોટિસ, ''નમૂના ગ૬''માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની રહેશે.

(૩) કોઈ જગ્યાના પ્રવર્તક (પ્રમોટર) અથવા આયોજક (ઓર્ગેનાઈઝર) અથવા માલિક અથવા કબજેદાર દ્વારા ''નમૂના ગ૭''માં કરવામાં આવેલી જાહેરાત મળ્યેથી, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી, શામિયાણા અથવા તંબૂ અથવા મંડપ જેવા હંગામી માળખાના ઉપયોગ માટે, તેમાં (પરવાનગીમાં) નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની શરતોને અધીન રહીને, ''નમૂના ગ૮''માં, પરવાનગી આપી શકશે અને તેમણે લેવાના ઉપાયો નિયમ ૨૭ના પેટા-નિયમ (૧)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના રહેશે.

(૪) નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા નામનિયુક્ત અધિકારી, અધિનિયમની કલમ ૨૭ની પેટા-કલમ (૪) હેઠળ, ''નમૂના ગ૭''માં કરવામાં આવેલી જાહેરાતની પ્રમાણભૂતતા (સાચાપણા)ને સુનિશ્ચિત કરવા માટે અથવા અન્યથા કોઈ જગ્યાનું નિરીક્ષણ કરી શકશે અને કોઈ અપર્યાપ્તતાના કિસ્સામાં, પ્રવર્તક (પ્રમોટર) અથવા આયોજક (ઓર્ગેનાઈઝર) અથવા માલિક અથવા ભોગવટો કરનારને, નિર્દિષ્ટ સમયની અંદર તેનું પાલન કરવા માટે જરૂરી આદેશો આપી શકશે.

(૫) પેટા-નિયમ (૪) હેઠળ સદરહુ અધિકારીએ આપેલા કોઈ આદેશોનું પાલન ન થવાના કિસ્સામાં, શામિયાણા અથવા તંબૂ અથવા મંડપ જેવા હંગામી માળખાને સીલ કરી શકાશે અથવા તોડી પાડી શકાશે અને તેમાં થયેલા ખર્ચ, પ્રવર્તક (પ્રમોટર) અથવા આયોજક (ઓર્ગેનાઈઝર) અથવા માલિક અથવા ભોગવટો કરનાર પાસેથી વસૂલ કરી શકાશે.

(૬) પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા આ અર્થે અધિકૃત કરેલ કોઈ અધિકારીને એમ જણાય કે આગ લાગી શકે અથવા આગ લાગવાનું જોખમ ઊભું થઈ શકે અથવા અગ્નિશમન સેવાની કામગીરીમાં અવરોધ ઊભો થઈ શકે તેવા કોઈ દબાણ અથવા પદાર્થ અથવા માલ અસ્તિત્વમાં છે, તો તેઓ, નિર્દિષ્ટ સમયની અંદર, આવા દબાણ અથવા પદાર્થ અથવા માલ દૂર કરવાનો આદેશ કરી શકશે.

(૭) પ્રવર્તક (પ્રમોટર) અથવા આયોજક (ઓર્ગેનાઈઝર) અથવા માલિક અથવા ભોગવટો કરનાર પેટા-નિયમ (૬) હેઠળ આપવામાં આવેલા આદેશોનું પાલન ન કરે, તો સદરહુ અધિકારીએ, અધિનિયમની કલમ ૨૭ની પેટા-કલમ (૬) મુજબ જરૂરી પગલાં લેવાં જોઈશે.

(૮) આગ લાગી શકે અથવા આગ લાગવાનું જોખમ ઊભું થઈ શકે અથવા અગ્નિશમન સેવાની કામગીરીમાં અવરોધ ઊભો થઈ શકે તેવા કોઈ દબાણ અથવા પદાર્થ અથવા માલને લગતો પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારીએ આપેલો રિપોર્ટ મળ્યેથી, તેને જ કરવા, અટકાયતમાં રાખવા અથવા દૂર કરવા માટે ''નમૂના ગ ૨''-માં હુકમ કરી શકાશે.

(૯) પેટા-નિયમ (૮) હેઠળ અધિકૃત કરેલી વ્યક્તિએ, કબજો ધરાવતી કોઈ વ્યક્તિને ''નમૂના ગ ૪''માં નોટિસ આપવી જોઈશે કે જ કરેલા, અટકાયતમાં રાખેલા અથવા દૂર કરેલા માલ અને પદાર્થ અંગે નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવેલા સમયની અંદર દાવો કરવામાં ન આવે, તો તે વેચી દેવા જોઈશે.

(૧૦) પેટા-નિયમ (૭) હેઠળ કરેલા હુકમથી અથવા પેટા-નિયમ (૮) હેઠળ આપેલી નોટિસથી નારાજ થયેલી કોઈ વ્યક્તિ, ''નમૂના ગ ૯''માં અપીલ કરી શકશે અને જેની સામે અપીલ કરવામાં આવી હોય તેવા હુકમ અથવા નોટિસની નકલ અને નિયામક, ગુજરાત રાજ્ય અગ્નિશમન સેવાની તરફેણમાં ગાંધીનગર ખાતે ચૂકવવાપાત્ર બેંક ડ્રાફ્ટ મારફત રૂ.૫૦૦૦/- (ફક્ત પાંચ હજાર રૂપિયા)ની ફી તેની સાથે જોડવી જોઈશે.

(૧૧) અપીલ અધિકારીએ, કેસના તમામ સંજોગોને વિચારણામાં લેવા જોઈશે અને પોતાને યોગ્ય લાગે તેવી જરૂરી તપાસ કર્યા પછી, પોતાને ન્યાયી અને યોગ્ય લાગે તેવો હુકમો કરવા જોઈશે અને તેમનો હુકમ આખરી ગણાશે.

(૧૨) જેના પર અપીલ કરવામાં આવી હોય તેવો હુકમ કરનાર અથવા નોટિસ કાઢનાર સત્તાધિકારીએ, અપીલ અધિકારીએ કરેલા હુકમનો અમલ કરવો જોઈશે.

પ્રકરણ ૬

અગ્નિશમન કર્મચારીઓને તાલીમ

૩૨. ***તાલીમ ખર્ચ.***- તાલીમાર્થીએ, પ્રવેશના સમયે, આચાર્ય, ગુજરાત રાજ્ય અગ્નિ સુરક્ષા તાલીમ સંસ્થા (GSIFST)ને ચૂકવવાપાત્ર ડિમાન્ડ ડ્રાફ્ટથી, ચોથી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો તાલીમ ખર્ચ ચૂકવવો જોઈશે:

પરંતુ રાજ્ય અગ્નિશમન સેવાના પત્રક પર જેમના નામ હોય તેવા તાલીમાર્થીઓ, તાલીમ ખર્ચ ચૂકવવા માટે જવાબદાર થશે નહિ.

૩૩. ***તાલીમ ખર્ચ મોકલવાની રીત બાબત.***- (૧) આચાર્ય, ગુજરાત રાજ્ય અગ્નિ સુરક્ષા તાલીમ સંસ્થા (GSIFST)એ, દરેક કોર્સના અંતે, ટ્યૂશન ફી, પ્રયોગશાળા ખર્ચ, ફાયર ગ્રાઉન્ડ ઓપરેશન ખર્ચ અને નિવાસ-વ્યવસ્થા ખર્ચના સદર હેઠળ મળેલા તાલીમ ખર્ચની કુલ રકમ, નિયામક, રાજ્ય અગ્નિશમન સેવા-ને મોકલવી જોઈશે અથવા મોકલાવવી જોઈશે.

(૨) નિયામકે, મળેલા તાલીમ ખર્ચને મોકલવા માટેનું અલગ સદર નિભાવવું જોઈશે અને તાલીમાર્થીઓને રમત-ગમતની સુવિધાઓ (ઈન્ડોર અને આઉટડોર) અને ઈન્ડોર મનોરંજન જેવી સુવિધાઓ પૂરી પાડવા માટે તેનો ઉપયોગ કરવો જોઈશે.

૩૪. ***તાલીમ ખર્ચ બિન-રિફંડપાત્ર ગણાશે.***- કોઈ તાલીમાર્થી, કોઈપણ કારણસર, તાલીમનો સમય પૂરો થવાની તારીખ પહેલાં કોર્સ સમાપ્ત કરી દેવાનું નક્કી કરે અથવા આચાર્ય, ગુજરાત રાજ્ય અગ્નિ સુરક્ષા તાલીમ સંસ્થા (GSIFST) દ્વારા ગમે તે કારણસર તેને કાઢી મૂકવામાં આવે, તો તેઓ, નિયમ ૩૨ હેઠળ તેણે ભરેલ સંપૂર્ણ તાલીમ ખર્ચ અથવા તેના ભાગનું રિફંડ મેળવવા હકદાર થશે નહિ.

૩૫. ***જામીનગીરી અનામત.***- (૧) કોઈ તાલીમાર્થીને કોર્સમાં પ્રવેશ મળ્યેથી, તેને નિવાસ-વ્યવસ્થા ફાળવવામાં આવી હોય, તો તેણે, જામીનગીરી અનામત તરીકે, બેંક ડ્રાફ્ટથી, રૂપિયા એક હજારની રકમ, આચાર્ય, ગુજરાત રાજ્ય અગ્નિ સુરક્ષા તાલીમ સંસ્થા (GSIFST)-ને જમા કરાવવાની રહેશે :

પરંતુ રાજ્ય અગ્નિશમન સેવાના પત્રક પર જેમના નામ હોય તેવા તાલીમાર્થીઓ, જામીનગીરી અનામતની રકમ ચૂકવવા માટે જવાબદાર થશે નહિ.

(૨) તેને (તાલીમાર્થીને) ઉપલબ્ધ કરવામાં આવેલી તમામ વસ્તુઓ સારી સ્થિતિમાં છે અને તાલીમના સમયગાળા દરમિયાન તેની વર્તણૂકથી સરકારી તિજોરીને કોઈ નુક્સાન થયેલ નથી તે બાબતની ખાતરી કર્યા પછી, કોર્સના અંતે, જામીનગીરી અનામતની રકમ રિફંડ કરવી જોઈશે.

INDEX

પ્રકરણ ૮

અપીલ

૩૬. અપીલ.- (૧) અધિનિયમની કલમ ૩૩ હેઠળ અપીલ અધિકારીને કરવાની અપીલ "નમૂના ગ ૯"માં કરવી જોઈશે અને જેની સામે અપીલ કરવામાં આવી હોય તેવા હુકમ અથવા નોટિસની નકલ અને અપીલ અધિકારીની તરફેણમાં ચૂકવવાપાત્ર બેંક ડ્રાફ્ટ મારફત રૂ.૫૦૦૦/- (ફક્ત પાંચ હજાર રૂપિયા)ની ફી તેની સાથે જોડવી જોઈશે.

(૨) અપીલ અધિકારીએ, કેસના તમામ સંજોગોને વિચારણામાં લેવા જોઈશે અને પોતાને યોગ્ય લાગે તેવી જરૂરી તપાસ કર્યા પછી, પોતાને ન્યાયી અને યોગ્ય લાગે તેવો હુકમ કરવો જોઈશે અને તેમનો હુકમ આખરી ગણાશે.

(૩) જેના પર અપીલ કરવામાં આવી હોય તેવો હુકમ કરનાર અથવા નોટિસ કાઢનાર સત્તાધિકારીએ, અપીલ અધિકારીએ કરેલા હુકમનો અમલ કરવો જોઈશે.

૩૭. ગુનાની માંડવાળ કરવા બાબત.- નીચેના કોષ્ટકના કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા અધિનિયમ હેઠળના શિક્ષાપાત્ર ગુનાની, કોલમ (૧)માં નિર્દિષ્ટ કરેલા અધિકારી દ્વારા મુકદમો શરૂ કરવામાં આવે તે પહેલાં અથવા ત્યાર પછી, કોલમ (૩)માં નિર્દિષ્ટ કરેલી રકમ સુધી માંડવાળ કરી શકાશે:-

કોષ્ટક

અધિકારી	*અધિનિયમ હેઠળના ગુના અને શિક્ષા*	*દંડ રૂપિયામાં*
(૧)	*(૨)*	*(૩)*
પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી	કલમ ૧૮ની પેટા-કલમ (૧)	૧૦૦૦૦
	કલમ ૧૯ની પેટા-કલમ (૧)	૧૦૦૦૦
	કલમ ૨૧ની પેટા-કલમ (૪)	૧૦૦૦૦
	કલમ ૨૨ની પેટા-કલમ (૨)	૧૦૦૦૦
	કલમ ૨૪ની પેટા-કલમ (૩)	૧૦૦૦૦
	કલમ ૨૭ની પેટા-કલમ (૪)	૧૦૦૦૦
	કલમ ૨૯ની પેટા-કલમ (૧)	૧૦૦૦૦
	કલમ ૨૯ની પેટા-કલમ (૩)	૧૦૦૦૦

પ્રકરણ ૯

અગ્નિનિવારણ માટેના સામાન્ય ઉપાય

૩૮. અગ્નિનિવારણ શાખા.- રાજ્ય અગ્નિશમન સેવા માટે અથવા નિયામક અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી હેઠળના સ્થાનિક સત્તામંડળ માટે, રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી જાહેર કરે તેવા અથવા યથાપ્રસંગ, સ્થાનિક સત્તામંડળ હુકમથી જાહેર કરે તેવા બીજા અગ્નિશમન અધિકારીઓ અને બીજા કર્મચારીઓની બનેલી 'અગ્નિનિવારણ શાખા'ની રચના કરવામાં આવશે.

૩૯. અગ્નિનિવારણ શાખાની સત્તા અને તેના કાર્યો.- (૧) અગ્નિનિવારણ શાખા અથવા તેણે અધિકૃત કરેલા કોઈ અધિકારીએ, અધિનિયમની કલમ ૧૮ની પેટા-કલમ (૨) હેઠળ કરેલા વિનિયમો હેઠળ માલિક અથવા ભોગવટો કરનાર દ્વારા પાલન કરવા માટે, સ્થાનિક સત્તામંડળ અથવા બીજા કોઈ વૈધાનિક સત્તામંડળે અગ્નિશમન સેવાને મોકલેલા મકાનના નકશાની ચકાસણી કરવી જોઈશે.

(૨) અગ્નિનિવારણ શાખાને, પેટા-નિયમ (૧) ઉપરાંત નીચેની સત્તા રહેશે અને તે નીચેના કાર્યો કરશે:-

(ક) જે-તે વિસ્તારમાં થતા આગના અકસ્માતોના કારણોનો અભ્યાસ કરવો અને અગ્નિનિવારણ અને અગ્નિ સલામતી માટેની તેની સાથે સંકળાયેલી બાબતો અને તેને આનુષંગિક તેવી જ બીજી બાબતો, અગ્નિશમન સેવા માટેની સાધનસામગ્રી અને ઉપકરણોની આવશ્યકતા અને તેની ગોઠવણ, નવા ફાયર સ્ટેશન માટેની યોજના અને અગ્નિશમન સેવા માટેની તાલીમની આવશ્યકતાઓ અંગેની નીતિ ઘડવામાં સહાય કરવી;

(ખ) તત્સમયે અમલમાં હોય તેવા બીજા અધિનિયમો, સ્ટેચ્યૂટ, નિયમો અને વિનિયમોમાં સમાવેશ કર્યા પ્રમાણેની અગ્નિનિવારણ અને અગ્નિ સલામતીને લગતી જોગવાઈઓનો અભ્યાસ કરવો;

(ગ) સરકારી વકીલ સાથે વિચારવિનિમય કરીને, કાયદાની વિવિધ કોર્ટોમાં કેસનો બચાવ કરવો;

(ઘ) અગ્નિનિવારણ અને અગ્નિ સલામતી અંગેના લોકજાગૃતિ અંગેના કાર્યક્રમોનું આયોજન કરવું અને જાહેર જનતાને વિનામૂલ્યે વહેંચણી કરવા માટે, પત્રિકા અને જાહેરાતની બીજી સામગ્રી ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં તૈયાર કરવી.

૪૦. તાકીદની પરિસ્થિતિમાં આપવાનો અગ્નિશમન સેવાને લગતો પ્રતિસાદ.- આગ લાગવાના કારણે ઊભી થતી તાકીદની પરિસ્થિતિ અથવા અગ્નિશમન સેવાની દરમિયાનગીરીની આવશ્યકતા હોય તેવી બીજી કોઈ તાકીદની પરિસ્થિતિમાં આપવાનો અગ્નિશમન સેવાને લગતો પ્રતિસાદ, પ્રાદેશિક અગ્નિશમન અધિકારીએ આપેલા આદેશો અનુસાર રહેશે.

૪૧. આગને લગતો અહેવાલ આપવા બાબત.- (૧) આગ લાગવાની દરેક ઘટના માટે અને અગ્નિશમન સેવા દ્વારા આપવામાં આવેલી ખાસ સેવા માટે, આગ લાગ્યાની તારીખથી ૭૨ કલાકની અંદર, આગ લાગ્યા અંગેનો અહેવાલ નિયામકને ઓનલાઈન અથવા અન્યથા મોકલવો જોઈશે. આગ લાગવાને કારણે અથવા અન્ય કોઈ સ્વરૂપે માલિક અથવા ભોગવટો કરનારની મિલકતને અસર થઈ હોય, તો નિયામક તરફથી અહેવાલની નકલ મેળવી શકાશે.

(૨) માલિક અથવા ભોગવટો કરનારને, આગને લગતા અહેવાલમાં નોંધેલી હકીકતોમાં કોઈ ફેરફાર કરવો જરૂરી જણાય તેવા કિસ્સામાં, તેણે અથવા તેણીએ, ''નમૂના ઘ૧''માં નિયામકને અરજી કરવી જોઈશે, જેઓ પોતે ખાતરી કર્યા પછી, માંગણી કરવામાં આવેલા ફેરફાર કરવાની પરવાનગી આપી શકશે અને આગને લગતા અહેવાલમાં તે અંગેની નોંધ કરશે.

૪૨. અગ્નિશમન માટે પાણીનો પૂરતો પુરવઠો.- (૧) તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ અધિનિયમ અથવા નિયમોની જોગવાઈઓથી વિરુદ્ધનો કોઈ મજકૂર હોય તેમ છતાં, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા યથાપ્રસંગ, મુખ્ય અગ્નિશમન અધિકારી, હકૂમત ધરાવતા સત્તાધિકારીને, આવા સત્તાધિકારી દ્વારા માંગવામાં આવે તેટલા ચાર્જની ચુકવણી કર્યેથી, મહત્ત્વના સ્થળોએ, જાહેર પાઈપ (public mains) અથવા ખાનગી પાઈપ (private mains)માં ઓછામાં ઓછા ૧૫૦ મિ.મી. ડાયમીટર (Diameter)ના નળ (hydrants) મૂકવા ફરમાવી શકશે.

(૨) નળ (hydrants) પરનું રેસિડ્યુઅલ પ્રેશર (residual pressure) ૧.૫ બાર (દરેક ચોરસ ઈંચ દીઠ ૨૦ એલબીએસ.)થી ઓછું હોવું જોઈશે નહિ.

(૩) પેટા-નિયમ (૧) હેઠળ પૂરા પાડેલા દરેક નળ (hydrants)ની નજીક નળ (hydrants)નો નંબર અને પાઈપ (mains)ની સાઈઝ દર્શાવતી ઓળખ તક્તી મૂકવી જોઈશે અને જે સત્તાધિકારીએ આ નળ (hydrants) પૂરા પાડ્યા હોય તે સત્તાધિકારીએ આવા દરેક નળ (hydrants)ને નિભાવવા જોઈશે.

૪૩. (આગનું) જોખમ રહેલું હોય તેવા સ્થળ અથવા મકાન અથવા તેના ભાગમાં વિદ્યુત અથવા પાણી પૂરું પાડવા અથવા તેમાંથી વ્યક્તિઓને ખસેડવાને લગતા અગ્નિશમન અધિકારીના આદેશો.- (૧) નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી, અધિનિયમની કલમ ૨૬ હેઠળ-

(ક) કોઈ વ્યક્તિ અથવા મિલકત માટે જોખમરૂપ હોય તેવા સ્થળ અથવા મકાન અથવા તેના ભાગમાં પાણી અથવા વિદ્યુત પુરવઠો પૂરો પાડવા અથવા યથાપ્રસંગ, તેનું જોડાણ કાપી નાંખવા માટે, જવાબદાર સત્તાધિકારીને આદેશ આપતો હુકમ ''નમૂના ઘ ૨''માં કરી શકશે અને

(ખ) કોઈ વ્યક્તિ અથવા મિલકત માટે જોખમરૂપ હોય તેવા સ્થળ અથવા મકાન અથવા તેના ભાગમાંથી કોઈ વ્યક્તિઓને ખસેડવા માટે, તે વિસ્તારમાં હકૂમત ધરાવતા પોલીસ અધિકારીને ''નમૂના ઘ ૩''માં હુકમ કરી શકશે, અને

સદરહુ સત્તાધિકારી અથવા યથાપ્રસંગ, પોલીસ અધિકારીએ, આવા આદેશોનું પાલન કરવું જોઈશે અને તેઓ આવા કરેલા હુકમોનું પાલન કરવા માટે જવાબદાર રહેશે.

૪૪. ***અગ્નિશમન અધિકારીઓ અને સ્ટાફની ફરજો અને જવાબદારીઓ.***- આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓને અધીન રહીને, નિયામકે, રાજ્ય સરકારની મંજૂરી લઈને, સામાન્ય અથવા ખાસ હુકમથી, અગ્નિશમન સેવાના કર્મચારીઓએ બજાવવાની ફરજો અને તેમની જવાબદારીઓ ઠરાવવી જોઈશે.

૪૫. ***અગ્નિશમનને લગતી સાધનસામગ્રીઓનું માંગ-પત્ર.***- અધિનિયમની કલમ ૧૩ની પેટા-કલમ (૧)ના હેતુ માટે, નિયામક અથવા કોઈ અગ્નિશમન અધિકારી, ''નમૂના ઘ ૪''માં હુકમ કરીને, આગ લાગવાના પ્રસંગે, કોઈ સત્તામંડળ અથવા કોઈ સંસ્થા અથવા કોઈ વ્યક્તિની અગ્નિશમનને લગતી કોઈ સાધનસામગ્રી અથવા મિલકત મેળવવાનો આદેશ કરી શકશે.

૪૬. ***અગ્નિશમનને લગતી કામગીરી દરમિયાન કોઈ સ્થળને થયેલા નુકસાનનો અહેવાલ અને વળતરની આકારણી અને ચુકવણી.***- (૧) નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા સ્થળ ઉપર અગ્નિશમનની કામગીરીનો હવાલો ધરાવતા બીજા કોઈ અગ્નિશમન અધિકારીએ, કલમ ૧૪ની પેટા-કલમ (૧)માં ઉલ્લેખ્યા પ્રમાણે અગ્નિશમનની અને બચાવ કામગીરી દરમિયાન અગ્નિશમન અધિકારી અથવા અગ્નિશમન કર્મચારીઓ દ્વારા કોઈ સ્થળને થયેલા નુક્સાન, કોઈ હોય, તો તેને લગતો અહેવાલ ''નમૂના ઘ ૫''માં સંબંધિત સ્થાનિક સત્તામંડળને કરવો જોઈશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ કરેલો અહેવાલ મળ્યેથી, તે અર્થે નામનિયુક્ત કરવામાં આવે તેવા સંબંધિત સ્થાનિક સત્તામંડળના અધિકારીએ તેની આકારણી કરવી જોઈશે અને આવા નામનિયુક્ત થયેલા અધિકારીએ, સંબંધિત માલિક અથવા ભોગવટો કરનારને સુનાવણીની તક આપ્યા પછી, નુક્સાનની આકારણી કરવી જોઈશે અને તે અર્થેની પોતાની ભલામણો સત્તામંડળને તેની વિચારણા અર્થે રજૂ કરવી જોઈશે.

(૩) પેટા-નિયમ (૨) હેઠળ નામનિયુક્ત અધિકારીએ કરેલી ભલામણો લક્ષમાં લઈને અને જેને નુક્સાન પહોંચેલ હોય તેવા મકાન અથવા મિલકતનો વીમો ઉતરાવેલ હોય, ત્યારે વીમા કંપનીએ, માલિક અથવા ભોગવટો કરનારને ચૂકવવાનું વળતર નક્કી કરીને મંજૂર કરતી વખતે, અગ્નિશમનની અને બચાવ કામગીરી દરમિયાન અગ્નિશમન અધિકારીઓ અથવા અગ્નિશમન કર્મચારીઓ દ્વારા કોઈ સ્થળને અથવા બીજી કોઈ મિલકતને થયેલા નુક્સાનને લક્ષમાં લેવું જોઈશે.

૪૭. ***અગ્નિશમનની કામગીરી દરમિયાન અગ્નિશમન અધિકારી અથવા અગ્નિશમન કર્મચારીને થયેલા અકસ્માતનો અહેવાલ અને વળતરની ચુકવણી.***- અગ્નિશમન કામગીરીનો હવાલો ધરાવતા અગ્નિશમન અધિકારીએ, કુદરતી આફતના અથવા અન્ય કિસ્સામાં, આવી અગ્નિશમનની અથવા બચાવ કામગીરી દરમિયાન થયેલા કોઈ અકસ્માતનો અહેવાલ, નિયામક, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીને રજૂ કરવો જોઈશે અને આવા અકસ્માતના કિસ્સામાં, કોઈ અગ્નિશમન અધિકારી અથવા અગ્નિશમન કર્મચારીને અથવા મૃત્યુ અથવા કાયમી અસમર્થતાના કિસ્સામાં તેના આશ્રિતોને ચૂકવવાનું વળતર, નિયામક, રાજ્ય સરકાર અથવા યથાપ્રસંગ, સ્થાનિક સત્તામંડળની મંજૂરીથી નક્કી કરે તેટલું રહેશે.

૪૮. ***અગ્નિશમન અધિકારી અથવા અગ્નિશમન કર્મચારીને, તેની ફરજોના કાર્યક્ષેત્રની અંદર અથવા તેની બહાર, અગ્નિશમનની કામગીરી સિવાયના હેતુઓ માટે કામે રાખવા બાબત.***- અગ્નિશમન અધિકારીઓ અથવા અગ્નિશમન કર્મચારીઓને, કુદરતી આફત અને જીવનરક્ષાને લગતા તમામ કૉલના કિસ્સામાં, નિયામક અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા નિયામક અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીએ અધિકૃત કરેલા કોઈ તાબાના અધિકારીની મુનસફી અનુસાર, અગ્નિશમન સિવાયના કોઈ હેતુઓ માટે કામે રાખી શકાશે.

૪૯. ***અગ્નિશમનની કામગીરીના પ્રસંગે જરૂરી પાણી પુરવઠાના દર.***- અગ્નિશમનની કામગીરીના હવાલો ધરાવતા અધિકારી, આવી કામગીરી માટે પોતાને જરૂરી જણાય તેવા જે-તે વિસ્તારના કોઈ સ્રોતમાંથી પાણી મેળવે, ત્યારે પાણીના આવા સ્રોત ઉપર નિયંત્રણ ધરાવતા સત્તામંડળ અથના માલિક અથવા ભોગવટો કરનારને, આવી રીતે ઉપયોગમાં લીધેલા પાણી માટે નીચે જણાવ્યા પ્રમાણેના પાણીના દર ચૂકવવા જોઈશે,-

(ક) કોઈ સત્તામંડળ પાસેથી પાણી મેળવવામાં આવ્યું હોય, તો ત્યારે, આવા સત્તામંડળ દ્વારા આવા વિસ્તારમાંના પાણીના વપરાશકારો પાસેથી સામાન્ય રીતે લેવામાં આવતા હોય તેવા પાણીના પુરવઠા માટેના ઓછામાં ઓછા દર;

(ખ) કોઈ માલિક અથવા ભોગવટો કરનાર પાસેથી પાણી મેળવવામાં આવ્યું હોય, તો ત્યારે, ખંડ (ક)માં ઉલ્લેખેલા ઓછામાં ઓછા દરથી વધુ ન હોય તેટલા દર અને આવા દર ઉપલબ્ધ ન હોય, ત્યારે વાટાઘાટથી નક્કી કરવામાં આવે તેવા દર, તેમ છતાં તે શરતને અધીન રહીને કે આવા દરના સંબંધમાં કોઈ વિવાદ ઉપસ્થિત થાય, ત્યારે સત્તામંડળના કિસ્સામાં, સક્ષમ સત્તામંડળનો અને માલિક અથવા ભોગવટો કરનારના કિસ્સામાં, નિયામકનો નિર્ણય આખરી ગણાશે.

૫૦. *અગ્નિશમનના હેતુઓ માટે, કર્મચારીઓ અથવા સાધનસામગ્રી અથવા તે બંનેને સુરક્ષિત કરવા માટેની બોલીઓ.*- નિયામક અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા કોઈ સત્તામંડળે અધિકૃત કરેલા બીજા કોઈ અગ્નિશમન અધિકારી, જે બોલીઓને અધીન રહીને, કરારથી, અગ્નિશમનની કામગીરીના હેતુઓ માટે, કર્મચારીઓને કામે રાખતી હોય અથવા તેની સાધનસામગ્રીને નિભાવતી હોય અથવા તે બંને કાર્ય કરતી હોય તેવી વ્યક્તિથી, અગ્નિશમનની સાધનસામગ્રીને અથવા કર્મચારીઓને સુરક્ષિત રાખી શકશે, તે બોલીઓ નીચે મુજબની રહેશેઃ-

(૧) અગ્નિશમનની કામગીરી પૂરી થાય તે પછી તરત જ, નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા યથાપ્રસંગ, અગ્નિશમનની કામગીરીનો હવાલો ધરાવતા બીજા કોઈ અગ્નિશમન અધિકારીએ, આવી રીતે સુરક્ષિત કરેલા કર્મચારીઓ અથવા સાધનસામગ્રીને મુક્ત કરવા જોઈશે અને જેની પાસેથી આવા કર્મચારીઓ અને આવી સાધનસામગ્રીનો કબજો મેળવેલ હોય તેવા સ્થાનિક સત્તામંડળ, પેઢી અને સંસ્થા અથવા વ્યક્તિને તે પરત સોંપવા જોઈશે.

(૨) આવા કર્મચારીઓના માલિક અથવા આવી સાધનસામગ્રીના માલિકને વળતર ચૂકવવું જોઈશે, જેની રકમ અહીં નીચે જણાવેલા સિદ્ધાંતો અનુસાર નક્કી કરવી જોઈશેઃ-

(ક) વળતરની રકમ કરાર હેઠળ નક્કી કરવામાં આવી હોય, ત્યારે વળતર આવા કરાર અનુસાર ચૂકવવું જોઈશે;

(ખ) આવું વળતર કરારમાં નક્કી કરવામાં ન આવ્યું હોય, ત્યારે અથવા વળતરના સંબંધમાં આવો કોઈ કરાર કરી શકાયો ન હોય, ત્યારે તે બાબત રાજ્ય સરકાર અથવા યથાપ્રસંગ, સ્થાનિક સત્તામંડળને પૂછાણ અર્થે મોકલવી જોઈશે અને રાજ્ય સરકાર અથવા યથાપ્રસંગ, સ્થાનિક સત્તામંડળનો નિર્ણય આખરી ગણાશે;

(ગ) કર્મચારીને કોઈ ઈજા થયેલ હોય અથવા કોઈ સાધનસામગ્રીને કોઈ નુક્સાન થયેલ હોય અને કર્મચારી અથવા યથાપ્રસંગ, સાધનસામગ્રીના માલિક તેના સંબંધમાં અલગથી કોઈ વળતરની માંગણી કરે અને કોઈ સમજૂતી થઈ શકેલ ન હોય, તો તે બાબત તે જ રીતે રાજ્ય સરકાર અથવા યથાપ્રસંગ, સ્થાનિક સત્તામંડળને નિર્ણયાર્થે મોકલવી જોઈશે અને રાજ્ય સરકાર અથવા યથાપ્રસંગ, સ્થાનિક સત્તામંડળનો નિર્ણય આખરી ગણાશે.

૫૧. *પુરસ્કાર.*- (૧) નિયામક અથવા યથાપ્રસંગ, સ્થાનિક સત્તામંડળ, પ્રશંસાપાત્ર ફરજ બજાવવા માટે, અગ્નિશમન સેવાના કર્મચારીઓને, નીચેના કોષ્ટકમાં નિર્દિષ્ટ કરેલા પ્રમાણમાં, પ્રમાણપત્ર અથવા રોકડ ઈનામ અથવા તે બંને સ્વરૂપે પુરસ્કાર આપી શકશેઃ-

કોષ્ટક

અનુ-ક્રમાંક	મંજૂર કરનાર સત્તાધિકારી	પ્રશંસાનો પ્રકાર	રોકડ પુરસ્કાર
(૧)	(૨)	(૩)	(૪)
૧	નિયામક	પ્રશંસા યાદી	ઉત્તમ ગુણવત્તાની કામગીરી માટે દરેક કિસ્સામાં રૂ.૫૦૦૦/- સુધી
૨	પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી	પ્રશંસા પ્રમાણપત્ર વર્ગ ૧	વિશેષ ગુણવત્તાયુક્ત કામગીરી માટે દરેક કિસ્સામાં રૂ.૩૦૦૦/- સુધી

અનુ-ક્રમાંક	મંજૂર કરનાર સત્તાધિકારી	પ્રશંસાનો પ્રકાર	રોકડ પુરસ્કાર
(૧)	(૨)	(૩)	(૪)
૩	નાયબ મુખ્ય અગ્નિશમન અધિકારી	પ્રશંસા પ્રમાણપત્ર વર્ગ ૨	દૃષ્ટાંતરૂપ કામગીરીના ચોક્કસ પ્રસંગે અથવા આગ અને / અથવા બચાવના પ્રસંગે અગ્નિશમન સેવાને સહાયરૂપ બનવા માટે સન્માન રૂપે દરેક કિસ્સામાં રૂ.૧૦૦૦/- સુધી:

પરંતુ રાજ્ય સરકાર અથવા સ્થાનિક સત્તામંડળ, મંજૂર કરનાર સત્તાધિકારીની ભલામણ ઉપરથી, દરેક કિસ્સામાં, દૃષ્ટાંતરૂપ કામગીરીના ચોક્કસ પ્રસંગે અથવા આગ અને / અથવા બચાવના પ્રસંગે કોઈ સભ્યો દ્વારા કોઈ અગ્નિશમન સેવાને સહાયરૂપ બનવા માટે સન્માન રૂપે દરેક કિસ્સામાં રૂ.૧૦,૦૦૦/- (રૂપિયા દસ હજાર પૂરા) સુધીનો પુરસ્કાર આપી શકશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળના અગ્નિશમન સેવાના સભ્યોને આપવામાં આવતા પુરસ્કારની, આવો પુરસ્કાર આપતા સત્તાધિકારીએ, લીલી શાહીથી સેવાપોથીમાં નોંધ કરવી જોઈશે.

૫૨. *આદેશો આપવાની નિયામકની સત્તા.*- (૧) નિયામક, સરકારની પૂર્વ-મંજૂરી લઈને, અગ્નિશમન સેવાના અસરકારક વહીવટ માટે જરૂરી હોય તેવા આદેશો આપી શકશે, જેમાં બીજી બાબતોની સાથોસાથ નીચેની બાબતોનો સમાવેશ થશે:-

(૧) અગ્નિશમન સેવાના સભ્યોને તાલીમ;

(૨) અગ્નિશમન સેવાના સભ્યોના શિસ્ત અને સારી વર્તણૂક;

(૩) આગની કોઈપણ ચેતવણીના પ્રસંગે, જરૂરી સાધનસામગ્રી અને ઉપકરણો સાથે, અગ્નિશમન સેવાના સભ્યોની ઝડપી હાજરી;

(૪) અગ્નિશમન સેવાના સભ્યોની સેવાની શરતો;

(૫) તમામ દરજ્જા અને ગ્રેડના અગ્નિશમન અધિકારીઓને ફરજ સોંપવી અને જે રીતે અને જે શરતોને અધીન રહીને, તેમણે તેમની સંબંધિત સત્તા વાપરવી જોઈશે અને ફરજો બજાવવી જોઈશે તે રીત અને શરતો ઠરાવવી;

(૬) નીતિવિષયક વહીવટ સાથે સંકળાયેલા કોઈપણ હેતુ માટે, કોઈ અગ્નિશમન સેવા ફંડ સ્થાપવો, તેનું સંચાલન અને નિયમન કરવું;

(૭) અગ્નિશમન સેવાની સાધનસામગ્રી અને ઉપકરણોને યોગ્ય કાર્યક્ષમ સ્થિતિમાં રાખવા માટે તેની જાળવણી કરવી; અને

(૮) સામાન્ય રીતે કાર્યક્ષમ રીતે અગ્નિશમન સેવા પૂરી પાડવાના હેતુ માટે, તેમની ફરજોનો દુરૂપયોગ અથવા ફરજમાં બેદરકારી ટાળવા.

૫૩. *પોલીસ અધિકારીની સહાય મેળવવા માટેની નિયામકની સત્તા.*- નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા બીજા કોઈ અગ્નિશમન અધિકારી, અગ્નિશમનની કામગીરીમાં પોતાની ફરજ બજાવતી વખતે અથવા આગનું જોખમ રહેલું હોય તેવા કોઈ માલને જપ્ત કરવા, અટકાયતમાં રાખવા અથવા તેને દૂર કરવાને લગતી બીજી ફરજો બજાવતી વખતે, આવી ફરજો બજાવવામાં સહાય તરીકે, પોલીસ અધિકારી અથવા પોલીસ દળના સભ્યોની મદદ માંગી શકશે અને નિયામકને અથવા આવા અગ્નિશમન અધિકારીને આ અધિનિયમ હેઠળની તેમની ફરજો બજાવવામાં સહાય કરવી એ તમામ દરજ્જાના પોલીસ અધિકારી અથવા આવા સભ્યોની ફરજ રહેશે.

INDEX

પ્રથમ અનુસૂચિ

(જુઓ નિયમ ૩)

નામનિયુક્ત અધિકારીની નિમણૂક માટેની લાયકાત

અનુક્રમાંક	નગરપાલિકા	લાયકાત
(૧)	(૨)	(૩)
(૧)	મ્યુનિસિપલ કોર્પોરેશન	રાજ્ય સરકારે, વખતોવખત, હુકમથી લાયકાત નક્કી કરવી જોઈશે.
(૨)	નગરપાલિકાઓ અથવા જાહેર વિસ્તાર (નોટિફાઇડ એરિયા) અથવા ઔદ્યોગિક નગર વસાહત/વસાહત (એસ્ટેટ)	રાજ્ય સરકારે, વખતોવખત, હુકમથી લાયકાત નક્કી કરવી જોઈશે.
(૩)	ખાસ મૂડીરોકાણ પ્રદેશ અને ખાસ આર્થિક ઝોન (SEZs), ખાનગી નગર વસાહત	રાજ્ય સરકારે, વખતોવખત, હુકમથી લાયકાત નક્કી કરવી જોઈશે.

બીજી અનુસૂચિ

અગ્નિશમન સેવામાં દરજ્જા પ્રમાણેના બિલ્લા (Badges)

(જુઓ નિયમ ૮)

૧. *જુદાજુદા દરજ્જા પ્રમાણેના બિલ્લા, પીક કેપ (ટોપીની કોરનો આગળ પડતો ભાગ), કોલર પેચીસ (કોલર પરની પટ્ટી) અને હેલમેટ પરની નિશાની.*- અગ્નિશમન સેવામાં વિવિધ જગાઓ માટેના દરજ્જા પ્રમાણેના બિલ્લા, પીક કેપ (ટોપીની કોરનો આગળ પડતો ભાગ), કોલર પેચીસ (કોલર પરની પટ્ટી) અને હેલમેટ પરની નિશાની નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણેના રહેશે:-

અનુ-ક્રમાંક	જગાનું નામ	દરજ્જા પ્રમાણેનો બિલ્લો	કોલર પેચીસ	પીક કેપ	હેલમેટ
૧	નિયામક	ક્રોસ સ્વોર્ડ (એકબીજા પરથી પસાર થતી તલવાર) અને ૩/૪'' ડાયામીટરવાળા એક નાના ઈમ્પેલરવાળી લાકડી + ખભા પર "GSFS"નું ટાઈટલ.	ડ્રોઈંગમાં દર્શાવ્યા પ્રમાણે ઓકના પાંદડાની બે હાર (row)વાળો વાદળી - કાળો કોલર પેચ	ટોપીની કોરના આગળ પડતા ભાગ પર સિલ્વર રંગના ઓકના પાંદડાની બે હાર (row), એમ્બ્રોઈડરિ કરેલો બિલ્લો અને માથાના ભાગની આસપાસ રાખેલી કાળી પટ્ટી.	૩૮ મિમીની એક કાળી પટ્ટી વાળી સફેદ (હેલમેટ).
૨	મુખ્ય અગ્નિશમન અધિકારી	૩/૪'' ડાયામીટરવાળા ત્રણ નાના ઈમ્પેલરવાળું અશોક ચિહ્ન (મુદ્રા) + ખભા પર "GSFS"નું ટાઈટલ.	વાદળી બ્લેઝર કપડાં ઉપર ૭ સેમી લાંબી એક સિલ્વર લાઈન.	ટોપીની કોરના આગળ પડતા ભાગ પર સિલ્વર રંગના ઓકના પાંદડાની બે હાર (row), એમ્બ્રોઈડરિ કરેલો બિલ્લો અને માથાના ભાગની આસપાસ રાખેલી કાળી પટ્ટી	૧૨.૫ મિ.મી. સેપરેશન સહિત ૧૯ મિમીની બે કાળી પટ્ટી વાળી સફેદ (હેલમેટ).

અનુ-ક્રમાંક	જગાનું નામ	દરજ્જા પ્રમાણેનો બિલ્લો	કોલર પેચીસ	પીક કેપ	હેલમેટ
૩	નાયબ મુખ્ય અગ્નિશમન અધિકારી	૩/૪" ડાયામીટરવાળા એક નાના ઈમ્પેલરવાળું અશોક ચિહ્ન (મુદ્રા) + ખભા પર "GSFS"નું ટાઈટલ.	વાદળી બ્લેઝર ઉપર ૪ સેમી લાંબી એક સિલ્વર લાઈન.	ટોપીની કોરના આગળ પડતા ભાગ પર સિલ્વર રંગના ઓકના પાંદડાની બે હાર (row), એમ્બ્રોઈડરિ કરેલો બિલ્લો અને માથાના ભાગની આસપાસ રાખેલી કાળી પટ્ટી.	૧૨.૫ મિ.મી. સેપરેશન સહિત ૧૨.૫ મિમીની ત્રણ કાળી પટ્ટી વાળી સફેદ (હેલમેટ).
૪	વિભાગીય અધિકારી (અગ્નિશમન)	અશોક ચિહ્ન (મુદ્રા) + ખભા પર "GSFS"નું ટાઈટલ.	લાગુ પડતું નથી.	એમ્બ્રોઈડરિ કરેલા બિલ્લાવાળી પ્લેઈન (સાદી) પીક.	૧૨.૫ મિ.મી. સેપરેશન સહિત ૧૨.૫ મિમીની બે કાળી પટ્ટી વાળી સફેદ (હેલમેટ).
૫.	મદદનીશ વિભાગીય અધિકારી	૩/૪" ડાર્યમીટરવાળા ત્રણ નાના ઈમ્પેલર + ખભા પર "GSFS"નું ટાઈટલ.	લાગુ પડતું નથી.	એમ્બ્રોઈડરિ કરેલા બિલ્લાવાળી પ્લેઈન (સાદી) પીક.	૧૨.૫ મિમીની એક કાળી પટ્ટી વાળી સફેદ (હેલમેટ).
૬.	સ્ટેશન અધિકારી	૩/૪" ડાયામીટરવાળા બે નાના ઈમ્પેલર + ખભા પર "GSFS"નું ટાઈટલ.	લાગુ પડતું નથી.	ધાતુના બિલ્લાવાળી પ્લેઈન (સાદી) પીક.	૧૨.૫ મિમીની એક કાળી પટ્ટી વાળી પીળી (હેલમેટ).
૭.	પેટા-અધિકારી	વાદળી પટ્ટીવાળા ૩/૪" ડાયામીટરવાળા બે નાના ઈમ્પેલર + ખભા પર "GSFS"નું ટાઈટલ.	લાગુ પડતું નથી.	ધાતુના બિલ્લાવાળી પ્લેઈન (સાદી) પીક.	પીળી (હેલમેટ).
૮.	મુખ્ય ફાયરમેન	સફેદ ધાતુની બનેલી નીચેના ભાગે સપાટ સપાટી અને ઉપરના ભાગે ગોળાકાર સપાટીવાળી સેમી-સરક્યુલર ક્રોસ સેકશનવાળી ૧/૨" પહોળી અને ૧/૨" લાંબી એક પટ્ટી + ખભા પર "GSFS"નું ટાઈટલ.	લાગુ પડતું નથી.	ધાતુના બિલ્લાવાળી ખાખી ટોપી (ગોળ ચપટી ઊની ટોપી).	કાળી (હેલમેટ).

અનુ-ક્રમાંક	જગાનું નામ	દરજ્જા પ્રમાણેનો બિલ્લો	કોલર પેચીસ	પીક કેપ	હેલમેટ
૯.	ડ્રાઈવર	વાદળી-કાળી સપાટી પર સફેદ કલરમાં એમ્બ્રોઈડરિ કરેલા ૨'' ડાયામીટરવાળા, ૩ સ્પુક્ડ સ્ટિયરીંગ વ્હીલ + ખભા પર ''DFS''નું ટાઈટલ.	લાગુ પડતું નથી.	ધાતુના બિલ્લાવાળી ખાખી ટોપી.	કાળી (હેલમેટ).
૧૦.	અગ્નિશમન ઓપરેટર / ફાયરમેન / ફાયરમેન ડ્રાઈવર	ખભા પર ''GSFS''નું ટાઈટલ.	લાગુ પડતું નથી.	ધાતુના બિલ્લાવાળી ખાખી ટોપી.	કાળી (હેલમેટ).

૨. *કાર ઉપરના ધ્વજ અને સ્ટારવાળી તક્તી બાબત.-* (૧) નિયામક દ્વારા વાપરવામાં આવતી સ્ટાફ કારમાં, બોનેટ ઉપર વાદળી - કાળા બ્લેઝરના કપડાથી બનાવેલો ધ્વજ હોવો જોઈશે અને સ્ટાફ કારના આગળના અને પાછળના ભાગના બમ્પર ઉપર ડ્રોઈંગમાં દર્શાવ્યા પ્રમાણેની સ્ટારવાળી તક્તી હોવી જોઈશે.

(૨) મુખ્ય અગ્નિશમન અધિકારી દ્વારા વાપરવામાં આવતી સ્ટાફ કારમાં, બોનેટ ઉપર વાદળી - કાળા બ્લેઝરના કપડાથી બનાવેલો ધ્વજ હોવો જોઈશે અને સ્ટાફ કારના આગળના અને પાછળના ભાગના બમ્પર ઉપર ડ્રોઈંગમાં દર્શાવ્યા પ્રમાણેની સ્ટારવાળી તક્તી હોવી જોઈશે.

ત્રીજી અનુસૂચિ

(જુઓ નિયમ ૨૧નો પેટા-નિયમ (૪))

અગ્નિ સલામતી અધિકારીની નિમણૂક માટે મકાનોનું વર્ગીકરણ

૧. જુદા જુદા દરજ્જાના અગ્નિ સલામતી અધિકારીની નીચે જણાવ્યા પ્રમાણેના જુદા જુદા વર્ગના મકાનો માટે નિમણૂક કરવી જોઈશે.-

મકાનનો વર્ગ	મકાનો	અગ્નિ સલામતી અધિકારીનો દરજ્જો
૧	૧. ૧૦૦૦ વ્યક્તિઓથી વધુની બેઠક ક્ષમતાવાળા અને ૧૦૦૦૦ ચોરસ મીટરથી વધુના બિલ્ટ-અપ વિસ્તારવાળા વાણિજ્ય સંકુલ ધરાવતા સિનેમા ગૃહો અને વાણિજ્ય સંકુલ હોય અથવા ન હોય તેવા એક સાથે ૧૦૦૦ અથવા તેથી વધુ વ્યક્તિઓની બેઠક ક્ષમતાવાળા બહુવિધ સિનેમાવાળા મકાનો; ૨. ૨૫૦૦૦ ચોરસ મીટરથી વધુના બિલ્ટ-અપ વિસ્તારવાળા ભોંયતળિયા સહિત ભૂગર્ભ શોપિંગ સંકુલો, જિલ્લા કેન્દ્રો, સબ-સેન્ટ્રલ વેપારી જિલ્લા; ૩. રિફાઈનરીઝ, એલપીજી બોટલિંગ પ્લાન્ટ જેવા મોટા ઓઈલ અને નેચરલ ગેસ ઈન્સ્ટોલેશન અને તેના જેવી બીજી સુવિધાઓ; ૪. ૫૦,૦૦૦ વ્યક્તિઓથી વધુની બેઠક ક્ષમતાવાળા ખુલ્લા મેદાન (stadia) અને ૨૫,૦૦૦ વ્યક્તિઓથી વધુની બેઠક ક્ષમતાવાળા ઈન્ડોર મેદાન (stadia);	નાયબ મુખ્ય અગ્નિશમન અધિકારી

મકાનનો વર્ગ	મકાનો	અગ્નિ સલામતી અધિકારીનો દરજ્જો
	૫. મોટા વિસ્તારવાળા અને પેટા-વિસ્તારવાળા રેલવે સ્ટેશન, આંતર-રાજ્ય બસ ટર્મિનસ, વિમાનમથક, મનોરંજન ઉદ્યાન અને તેના જેવા બીજા મકાનો જેવા સાર્વજનિક અને અર્ધ-સાર્વજનિક મકાનો:	
૨	૧. ૧૦૦ અને તેથી વધુ ઓરડાવાળી હોટેલ; ૨. ૫૦ મીટરથી વધુ ઊંચાઈવાળા બિન-રહેણાક બહુમાળી મકાનો; ૩. ૫૦૦થી વધુ પથારીવાળી હોસ્પિટલ અને નર્સિંગ હોમ.	વિભાગીય અધિકારી (અગ્નિશમન)

૨. ***આગનું જોખમ ઊભું થવાની સંભાવના હોય તેવા ભોગવટાના પ્રકાર.***- અધિનિયમની કલમ ૨૫ની પેટા-કલમ (૧)ના હેતુઓ માટે, ભોગવટાના નીચેના વર્ગોને, આગનું જોખમ ઊભું થવાની સંભાવના હોય તેવા વર્ગો તરીકે ગણવામાં આવશે:-

(ક) ૫૦ વ્યક્તિઓથી વધુની બેઠક ક્ષમતા ધરાવતા પંડાલ અથવા ૫૦ ચોરસ મીટરથી વધુના બંધ વિસ્તાર.

(ખ) ૧૫ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા અથવા ભોંયતળિયા ઉપરાંત મેઝનીન ફ્લોર (વચ્ચેના માળ) સહિત ઉપરના ચાર માળ ધરાવતા (હોટેલ અને અતિથિગૃહ સિવાયના) રહેણાકના મકાનો.

(ગ) ૧૨ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા અને ભોંયતળિયા ઉપરાંત મેઝનીન ફ્લોર (વચ્ચેના માળ) સહિત ઉપરના ત્રણ માળ ધરાવતા હોટેલ અને અતિથિગૃહ.

(ઘ) ૯ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા અથવા ભોંયતળિયા ઉપરાંત મેઝનીન ફ્લોર (વચ્ચેના માળ) સહિત ઉપરના બે માળ ધરાવતા શૈક્ષણિક મકાનો.

(ચ) ૯ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા અથવા ભોંયતળિયા ઉપરાંત મેઝનીન ફ્લોર (વચ્ચેના માળ) સહિત ઉપરના બે માળ ધરાવતા સંસ્થાકીય મકાનો.

(છ) વિધાનસભાના તમામ મકાનો.

(જ) ૧૫ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા અથવા ભોંયતળિયા ઉપરાંત મેઝનીન ફ્લોર (વચ્ચેના માળ) સહિત ઉપરના ચાર માળ ધરાવતા વ્યાપાર-મકાનો.

(ઝ) ૯ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા અથવા ભોંયતળિયા ઉપરાંત મેઝનીન ફ્લોર (વચ્ચેના માળ) સહિત ઉપરના બે માળ ધરાવતા વાણિજ્યિક મકાનો.

(ટ) તમામ માળ ઉપર ૨૫૦ ચોરસ મીટરથી વધુ બંધ વિસ્તાર ધરાવતા ઔદ્યોગિક મકાનો.

(ઠ) તમામ માળ ઉપર ૨૫૦ ચોરસ મીટરથી વધુ બંધ વિસ્તાર ધરાવતા સંગ્રહ-મકાનો.

(ડ) તમામ માળ ઉપર ૧૦૦ ચોરસ મીટરથી વધુ બંધ વિસ્તાર ધરાવતા તમામ જોખમી મકાનો.

(ઢ) ભૂગર્ભ માળખાઓ.

૩. ***મકાનની ઊંચાઈ.***- અધિનિયમની કલમ ૩૩ની પેટ-કલમ (૧) અને કલમ ૩૫ની પેટા-કલમ (૧)ના હેતુઓ માટે, મકાનોની ઓછામાં ઓછી ઊંચાઈ નિયમ ૨૭માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની રહેશે.

ચોથી અનુસૂચિ

અભ્યાસક્રમમાં પ્રવેશ અંગેના તાલીમના ખર્ચ

(જુઓ નિયમ ૩૨)

૧. **તાલીમ ખર્ચ.**– ગુજરાત રાજ્ય અગ્નિ સુરક્ષા તાલીમ સંસ્થા (GSIFST) ખાતે અથવા નિયામક દ્વારા નક્કી કરવામાં આવે તેવા અન્ય કોઇપણ સ્થળે ચલાવવામાં આવતા કોઇપણ અભ્યાસક્રમમાં પ્રવેશ લેતી

INDEX

વખતે, બહારના દરેક તાલીમાર્થીએ ચૂકવવાના તાલીમના ખર્ચ, નીચેના કોષ્ટક અનુસાર, અભ્યાસક્રમના સમયગાળાને આધારે નક્કી કરવો જોઇશે:

અભ્યાસક્રમનો સમયગાળો (અઠવાડિયા)	તાલીમના ખર્ચ (રૂપિયામાં)							રહેવાના ખર્ચ (ચાર્જ) સિવાયનો કુલ સરવાળો (રૂપિયા)
	ટ્યૂશન ફી	પ્રયોગ-શાળા ખર્ચ (ચાર્જ)	ફાયર ગ્રાઉન્ડ ઓપરેશન-ના ખર્ચ (ચાર્જ)	રહેવાના ખર્ચ (ચાર્જ) (અઠવાડિયા દીઠ રૂપિયા)			તાલીમાર્થી-ઓનું સુખ-સુવિધા અંગેનું ફંડ	
				બેરક (સૈનિક નિવાસ)	સિંગલ	ડબલ		
૧	૫૦૦	-	૫૦૦	૨૫૦	૧૦૦૦	૫૦૦	૧૦૦	૧૧૦૦
૨	૧૦૦૦	-	૧૦૦૦	૨૫૦	૧૦૦૦	૫૦૦	૨૦૦	૨૨૦૦
૩	૧૦૦૦	૫૦૦	૧૦૦૦	૨૫૦	૧૦૦૦	૫૦૦	૩૦૦	૨૮૦૦
૪	૧૫૦૦	૫૦૦	૧૫૦૦	૨૫૦	૧૦૦૦	૫૦૦	૪૦૦	૩૯૦૦
૬	૨૦૦૦	૧૦૦૦	૩૦૦૦	૨૫૦	૧૦૦૦	૫૦૦	૬૦૦	૬૬૦૦
૧૨	૪૦૦૦	૨૦૦૦	૪૦૦૦	૨૫૦	૧૦૦૦	૫૦૦	૧૨૦૦	૧૧૨૦૦
૨૪	૮૦૦૦	૨૦૦૦	૫૦૦૦	૨૫૦	૧૦૦૦	૫૦૦	૨૪૦૦	૧૭૪૦૦

૨. **તાલીમાર્થીઓને સુખસગવડ અંગેનું ફંડ અગ્નિશમન સેવાના સભ્યોએ ચૂકવવા બાબત.-** ગુજરાત રાજ્ય અગ્નિ સુરક્ષા તાલીમ સંસ્થા (GSIFST) ખાતે અભ્યાસક્રમ હાથ ધરતા હોય તેવા અગ્નિશમન સેવાના તમામ સભ્યોને, પ્રવેશ વખતે, ખંડ (૧) હેઠળ તાલીમાર્થીઓનું સુખ-સુવિધા અંગેનું ફંડ ચૂકવવું જોઇશે.

તાલીમ ખર્ચ (ચાર્જ)ની સુધારણા બાબત.- તાલીમ ખર્ચ (ચાર્જ)માં, સરકાર નક્કી કરે તેટલા દરે, દર ત્રણ વર્ષે સુધારણા કરવી જોઇશે.

નમૂનો ક૧

(જુઓ નિયમ ૧૦ અને પેટા-નિયમ (૧))

લાઇસન્સ ધરાવતી એજન્સી તરીકે કામ કરવા માટેના લાઇસન્સ અંગેની અરજી

પ્રતિ,
નિયામક

વિષય:- લાઇસન્સ ધરાવતી એજન્સી તરીકે કામ કરવા માટેના લાઇસન્સ અંગેની અરજી.

આથી, અહીં નીચે સહી કરનાર, કોઇપણ સ્થળે, મકાનમાં અથવા તેના કોઇ ભાગમાં સાધનો પૂરા પાડવાની અને અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક પગલાં નિભાવ અંગેનું કામ હાથ ધરવા અને તેનો અમલ કરવા માટે લાઇસન્સ ધરાવતી એજન્સી તરીકે કામ કરવા માટેની મંજૂરી માટે અથવા તેને તાજું કરી આપવા માટે અરજી કરું છું.એજન્સી સંબંધી વિગતો નીચે પ્રમાણે આપવામાં આવેલ છે.

૧.	અરજદારનું પૂરું નામ (મૂળાક્ષરોમાં)	
૨.	લાઇસન્સ ધરાવતી એજન્સી, માલિકીની પેઢી (સંસ્થા) રહેશે અથવા કોઇ પેઢી અથવા કંપની વગેરે જેવું વ્યક્તિઓનું એસોસિએશન (મંડળ) રહેશે.	
૩.	પેઢી અથવા કંપનીનો રજિસ્ટ્રેશન નંબર (રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર, મંડળીના ધારાધોરણો (આર્ટિકલ ઓફ એસોસિએશન) અથવા સાથે જોડેલા બીજા સંબંધિત દસ્તાવેજોની નકલો).	
૪.	સરનામું	
૫.	જો લાઇસન્સ ધરાવતી એજન્સી: ક. માલિકીની પેઢી (સંસ્થા) હોય, તો તેનું સંચાલન કરતી વ્યક્તિનું નામ, લાયકાત અને સરનામું: ખ. પેઢી અથવા કંપની હોય, તો ભાગીદારો પૈકીના દરેક ભાગીદાર અથવા યથાપ્રસંગ, નિયામકોના નામ, લાયકાત અને સરનામા.	

INDEX

૬.	એજન્સી જે સ્થળેથી લાઇસન્સ ધરાવતી એજન્સી તરીકે કામ કરશે તે કચેરીનું સરનામું-	
૭.	લાઇસન્સના જે વર્ગ માટે અરજી કરી હોય, તે વર્ગ-	
૮.	એજન્સીનો કર્મચારીવર્ગ – ક. દેખરેખ રાખનાર સ્ટાફ, દરેકના નામ, લાયકાત અને સરનામા. ખ. બીજા કર્મચારીઓ- દરેકના નામ, લાયકાત અને સરનામા.	
૯.	અગાઉ અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક પગલાંના સંબંધમાં, જો કંઇ, કામ હાથ ધર્યુ હોય અને તેનો અમલ કર્યો હોય, તો તેને સંબંધિત કામની વિગતો: ક. કામનું નામ અથવા પ્રકાર ખ. કામનો અંદાજી ખર્ચ ગ. કામનો અમલ કરવામાં આવ્યો છે અથવા હજી ચાલુ છે અને અમલ કરવાનું બાકી છે કે કેમ. (નોધ.- કામ જે અધિકારીઓ હેઠળ કરવામાં આવ્યા હોય, તે અધિકારીઓ દ્વારા આપવામાં આવેલ ઉપરની વિગતોની ખરાઇ અંગેના પ્રમાણપત્રની મૂળ અથવા પ્રમાણિત નકલો જોડવામાં આવેલી છે.)	
૧૦.	નિયામકના પુરસ્કર્તા અથવા ભાગીદારો અને સંબંધિત તકનિકી અધિકારીઓ અથવા અરજદારના અથવા તેની સાથે કામ કરતા કર્મચારીઓની તકનિકી લાયકાત અને અનુભવ.	
૧૧.	અરજદારની માલિકીના વર્કશોપની યંત્રસામગ્રી, સાધનો અને પ્લાન્ટ (વર્કશોપનું સ્થાન અને સ્થળ તથા તેની સંપૂર્ણ વિગતો આપવી).	
૧૨.	બીજા કોઇ રાજ્યના અન્ય કોઇ વિભાગ અથવા સંગઠન/ સંસ્થામાં નામ દાખલ કર્યુ હોય, તો તે કયા વર્ગમાં છે તે જણાવવું: ક. અરજદાર અથવા તેના કોઇ ભાગીદારો અથવા નિયામકો (ડિરેક્ટર્સ)-ને ભૂતકાળમાં કોઇ સરકારી વિભાગ/ સંગઠન (સંસ્થા)/ બીજા રાજ્યમાં બ્લેક લિસ્ટ કરવામાં આવ્યા છે કે કેમ? ખ. અરજદારે તેના નામે અથવા તેના ભાગીદાર, નિયામક (ડિરેક્ટર) અથવા તેની પેઢી અથવા કંપનીના નામે રજિસ્ટ્રેશન માટે અરજી કરેલ છે? જો તેમ હોય, તો અરજીનો અસ્વીકાર થયેલ છે કે કેમ? વિગતો આપવી.	
૧૩.	અરજદારે તાજેતરનું આવકવેરાનું પ્રમાણપત્ર રજૂ કર્યુ છે કે કેમ.	
૧૪.	અરજદાર ધરાવતો હોય અથવા તેણે રજૂ કર્યુ હોય, તે સદ્ધરતા અંગેના પ્રમાણપત્રની રકમ	
૧૫.	.... બેંકના, તારીખ .... ના, ... ડિમાન્ડ ડ્રાફ્ટ નંબર ....થી, રૂા. ....ની ફી આ સાથે મોકલવામાં આવી છે.	
૧૬.	અરજી, વિદ્યમાન લાઇસન્સને તાજું કરાવવા માટે કરવામાં આવી હોય, તો લાઇસન્સ અને તેની કાયદેસરતાની મુદત અંગેની વિગતો. (લાઇસન્સની નકલ જોડેલ છે).	
૧૭.	લાઇસન્સ ધરાવતી એજન્સી તરીકે કામ કરવા માટે અગાઉ ક્યારે પણ મંજૂર કરવામાં આવેલ લાઇસન્સ મોકૂફ રાખવામાં આવ્યું હોય અથવા રદ કરવામાં આવ્યું હોય અને જો તેમ કરવામાં આવ્યું હોય, તો તેના માટેના કારણો દર્શાવવા :-	

હું/ અમે પ્રમાણિત કરીએ છે કે હું/ અમે એક કરતાં વધારે નામ હેઠળ વિભાગમાં કોન્ટ્રાક્ટર તરીકે મને પોતાને અથવા અમને પોતાને, રજિસ્ટર કરાવેલ નથી અને કરાવીશું નહિ.

આપનો/આપના આભારી,

આપનો વિશ્વાસુ

નમૂનો ક-૨

અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક પગલાં માટે લાઇસન્સ ધરાવતી એજન્સી તરીકે કામ કરવા અંગેના લાઇસન્સ બાબત

(જુઓ નિયમ ૧૧)

લાઇસન્સ નંબર તારીખ:-

ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાત અધિનિયમ ક્રમાંક. ૧૧)ની કલમ ૨૮ની પેટા-કલમ (૧)ની જોગવાઇઓ હેઠળ, આથી, ...ને જેમની રજિસ્ટર થયેલી કચેરી ....ખાતે છે, તેમને, ... સ્થાનિક સત્તામંડળના .... વર્ગમાં, ...ના સંબંધમાં અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક પગલાં લેવાના સદરહુ અધિનિયમના હેતુઓ માટે, લાઇસન્સ ધરાવતી એજન્સી તરીકે કામ કરવા માટે લાઇસન્સ આપવામાં આવે છે અથવા તાજું કરી આપવામાં આવે છે.

સદરહુ અધિનિયમની કલમ ૨૮ની પેટા-કલમ (૨)ની અને ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક નિયમો, ૨૦૧૪ની જોગવાઇઓને અધીન રહીને, લાઇસન્સ .... થી ....ની મુદત માટે કાયદેસર ગણાશે.

કચેરીનું સીલ

( )

નિયામક

ગુજરાત ....

સ્થળ : તારીખ:

નમૂનો ક-૩

(જુઓ નિયમ ૧૩)

લાઇસન્સ મોકૂફ રાખવા અથવા રદ કરવા માટેની લાઇસન્સ ધરાવતી એજન્સીને નોટિસ

પ્રતિ,

....

....

ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાત અધિનિયમ ક્રમાંક. ૧૧)ના હેતુઓ માટે, લાઇસન્સ ધરાવતી એજન્સી તરીકે કામ કરવા માટે, તારીખ........................ નું, ... નંબરનું લાઇસન્સ, ...ના નામે મંજૂર કરવામાં અથવા તાજું કરી આપવામાં આવ્યું છે અને આ રીતે આપવામાં અથવા તાજું કરી આપવામાં આવેલ લાઇસન્સ, સદરહુ અધિનિયમની કલમ ૨૮ની જોગવાઇઓ અને ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક નિયમો, ૨૦૧૪ના નિયમ ૨૧માં નિર્દિષ્ટ કરેલી લાઇસન્સની શરતોને અધીન રહીને, આપવામાં અથવા તાજું કરી આપવામાં આવ્યું હતું ;

એવી બાબત ધ્યાને આવી છે કે નીચેના કૃત્યો અંગે આપ દોષિત (ગુનેગાર) છો :-

(૧) ....

(૨) ....

(૩) ....

આ કૃત્યોને કારણે ....

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૨૮ની પેટા-કલમ (૧)થી, (સદરહુ અધિનિયમની કલમ ૨૮ની પેટા-કલમ (૪) સાથે વાંચતા), મને મળેલી સત્તાની રૂએ, હું, આથી, આપને આ રીતે આપવામાં અથવા તાજું કરી આપવામાં આવેલ લાઇસન્સ શા માટે મોકૂફ રાખવું અથવા રદ ન કરવું જોઇએ- તે માટેનું કારણ લેખિતમાં, આ નોટિસ મળ્યાના દિવસથી 30 દિવસની મુદતની અંદર દર્શાવવા માટે ફરમાવું છું.

કચેરીનું સીલ ( )

નિયામક

સ્થળ :

તારીખ:

નમૂનો ખ૧

(જુઓ નિયમ ૧૪નો પેટા-નિયમ(૧))

અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક પગલાંનું પાલન કરવા માટે લાઇસન્સ ધરાવતી એજન્સી દ્વારા પ્રમાણપત્ર.

પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે મેં/ અમે, ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા)ની જોગવાઇઓ હેઠળ ફરમાવ્યા પ્રમાણે, નીચે જણાવેલા મકાનો અથવા જગ્યા (સ્થળો)માં, તજવીજ કરવાના અને અમલ કરવાના અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક પગલાંના અને અમલમાં મૂકવાના જરૂરી હોય તેવી અન્ય સંબંધિત પ્રવૃત્તિઓના સંબંધમાં પાલનને લગતા કામ કર્યા છે.

મકાન અથવા જગ્યાનું વર્ણન અને સ્થળ

....

મેં અથવા અમે અમલમાં મૂકેલ અથવા કરેલ કામ અથવા તેને સંબંધિત પ્રવૃત્તિઓની વિગતો આ સાથે જોડેલી યાદીમાં જણાવેલ છે.

સ્થળ: લાઇસન્સ ધરાવતી એજન્સીની સહી અને સરનામું

તારીખ: લાઇસન્સ નંબર

મુખ્ય અગ્નિશમન અધિકારી/ પ્રાદેશિક અગ્નિશમન અધિકારી/ નામનિયુક્ત

અધિકારી

....

[*નોંધ.- દરેક મકાન માટે અલગથી પ્રમાણપત્ર જરૂરી છે].

INDEX

નમૂનો ખ-૨

(જુઓ નિયમ ૧૪નો પેટા-નિયમ (૨))

અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક પગલાં લેવા અંગેનું પાલન કરવા માટે માલિકે અથવા ભોગવટો કરનાર દ્વારા આપવાના છ માસિક પ્રમાણપત્રો.

પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે મેં/ અમે, નીચે જણાવેલા મકાન અથવા જગ્યામાં સ્થાપિત (ઇન્સ્ટોલ) કરેલા ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક પગલાં અંગે નિરીક્ષણ કર્યું છે*:-

....

....

હું/અમે વધુમાં એ પ્રમાણિત કરીએ છે કે ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા)ની જોગવાઇઓ હેઠળ, ઉપર જણાવેલા મકાનોમાંના આ ઇન્સ્ટોલેશન (સ્થાપન),............................ મુદત (સમયગાળા) દરમિયાન નિભાવવામાં આવ્યા, તેની સારી રીતે મરામત કરી છે અને તે કાર્યક્ષમ સ્થિતિમાં છે.

સ્થળ: લાઇસન્સ ધરાવતી એજન્સીની સહી અને સરનામું.

તારીખ: લાઇસન્સ નંબર:

મુખ્ય અગ્નિશમન અધિકારી/ પ્રાદેશિક અગ્નિશમન
અધિકારી/ નામનિયુક્ત
અધિકારી

....

[*નોંધ.- સ્થળ અને ટપાલના વિગતવાર સરનામા અહીં આપવાના રહેશે].

નમૂનો ખ-૩

(જુઓ નિયમ ૧૫નો પેટા-નિયમ (૧))

આગ લાગવાની સંભાવના હોય, તેવા જોખમી પદાર્થો અથવા માલ દૂર કરવા બાબતની નોટિસ

પ્રતિ,

શ્રી

....

....

સરકારે, ... વિભાગના, તારીખ................................ ના, જાહેરનામા ક્રમાંક...............................-ને, તારીખ.................................... ના, ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કરીને, જાહેરનામાથી ફરમાવ્યું છે કે માલિકો અથવા ભોગવટો કરનારા નીચેના વિસ્તારમાં જે જગ્યાનો અથવા જગ્યાના કોઇ વર્ગને ઉપયોગમાં લેતા હોય, તે, સરકારના અભિપ્રાય મુજબ આગ લાગવાની સંભાવના હોય, તેવા જોખમી હોય, તો સદરહુ જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલા અને અહીં નીચે ફરી રજૂ કર્યા છે, તેવા સાવચેતીના પગલાં લેવા-

....

અને સદરહુ સરકારી જાહેરનામામાં જણાવેલા વિસ્તારમાં આવતી, નીચેની જગ્યાના તમે માલિક અથવા ભોગવટો કરનાર છો, તો-

....

અને ઉપર જણાવેલ જગ્યાનું નિરીક્ષણ કર્યેથી, તે બાબત ધ્યાને આવી છે કે આ સાથે જોડેલી યાદીમાં જણાવેલ પદાર્થો અથવા માલ, આગ લાગવાની સંભાવના હોય તેવા જોખમી છે અને તે સલામત સ્થળે ખસેડવા જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના અધિનિયમ ક્રમાંક.૧૧)ની કલમ ૨૨ની પેટા-કલમ (૨) હેઠળ મને મળેલી સત્તાની રૂએ, આથી તમને એ નોટિસ આપવામાં આવે છે કે તમારે સદરહુ પદાર્થો અથવા માલ તરત જ સલામત સ્થળે ખસેડવો અને તમે એવું કર્યું છે તેને લગતો રિપોર્ટ (અહેવાલ) નીચે સહી કરનારને, ... દિવસ*ની અંદર રજૂ કરવો.

સ્થળ:

તારીખ:

સહી/-

નોટિસ આપવા સક્ષમ હોય તેવા અધિકારીનું

નામ અને હોદ્દો

(*પદાર્થો અને માલ દૂર કરવા અંગેની તાત્કાલિક આવશ્યકતાને વિચારણામાં લઇને, મુદત નિર્દિષ્ટ કરવી.)

નમૂનો ખ-૪

(જુઓ નિયમ ૧૫નો પેટા-નિયમ (૨))

માલિક અથવા ભોગવટો કરનારને પાલન કરવા બાબતની નોટિસ

પ્રતિ,

....

....

તમને .... દ્વારા પહોંચાડવામાં આવેલી, તમારા દ્વારા .... ના રોજ સ્વીકારવામાં આવેલી તારીખ ....ની, ... ક્રમાંકવાળી, નોટિસથી, સદરહુ નોટિસ સાથે જોડેલી યાદીમાં નિર્દિષ્ટ કરેલા પદાર્થો અથવા માલ તરત જ સલામત સ્થળે ખસેડવા માટે અને તમે તેમ કર્યું છે તેને લગતો રિપોર્ટ (અહેવાલ) નીચે સહી કરનારને રજૂ કરવા ફરમાવવામાં આવ્યું હતું;

અને તેમ જણાયું છે કે તમે સદરહુ નોટિસનું પાલન કર્યું નથી અને સદરહુ પદાર્થો અને માલને તરત જ સલામત સ્થળે ખસેડ્યો નથી અને તે જ્યાં હતા ત્યાં જ રાખ્યો છે અને જે આગ લાગવાની સંભાવના હોય, તેવા જોખમી છે;

તેથી, હવે , ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાત અધિનિયમ ૧૧મા)ની કલમ ૨૨ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, હું ...., આથી, તેને અટકાયતમાં રાખવો સદરહુ પદાર્થો અથવા માલને પોલીસ અધિકારીની સહાય લઇને, શા માટે જપ્ત કરવો અથવા અથવા તેને દૂર કરવો (ખસેડી લેવા) જોઇએ નહિ તે

માટેની તમારી રજૂઆત, કંઈ હોય, તો તે નીચે સહી કરનારને ઉલ્લેખીને, ...ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા પહેલાં પહોંચતી કરવા તમને ફરમાવું છું.

સ્થળ: અધિકારીની સહી અને હોદ્દો.

તારીખ:

નમૂનો ખ-૫

(જુઓ નિયમ ૧૬)

જપ્તી અથવા અટકાયત અથવા દૂર કરવા અંગેની યાદી

પ્રતિ,

શ્રી અથવા મેસર્સ, તારીખ અને સમય ...., પદાર્થો અથવા માલની જપ્તી અથવા તેની અટકાયત અથવા તે .... સ્થળેથી દૂર કરવા બાબત.

નોટિસ (નોટિસો)નો ક્રમાંક

પંચનું નામ અને સરનામું

(૧)

(૨)

જે કોઇ હાજર હોય, તે પોલીસ અધિકારીનું નામ.

ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા)ની કલમ ૪ની પેટા-કલમ (૨) હેઠળ, નીચે જણાવેલા કારણોસર, નીચેની મિલકત અથવા પદાર્થો અથવા માલને જપ્ત કરવામાં આવ્યો છે અથવા અટકાયતમાં રાખવામાં આવ્યો છે અથવા તેને દૂર કરવામાં આવ્યો છે:-

અનુક્રમાંક	જ્યાંથી જપ્ત કરવામાં આવ્યો હોય તે સ્થળ	જપ્ત કરેલી મિલકતની વિગતો	જથ્થો	જપ્તી અથવા અટકાયત અથવા દૂર કરવા અંગેના કારણો
(૧)	(૨)	(૩)	(૪)	(૫)

જેની પાસેથી જપ્ત કરવામાં આવ્યો હોય, તે વ્યક્તિની સહી

પંચની સહી

(૧)

(૨)

જે કોઇ હાજર હોય, તે પોલીસ અધિકારીની સહી.

સહી/-

નોટિસ આપવા સક્ષમ હોય તેવા અધિકારીનું

નામ અને હોદ્દો

સ્થળ:

તારીખ:

નમૂનો ખ–૬

(જુઓ નિયમ ૧૬)

પંચનામા

નોટિસ (નોટિસો)નો ક્રમાંક ....

તારી અને સમય ....

મકાન અથવા જગ્યાનું નામ અને સરનામું ....

હવાલો ધરાવતી અને સ્થળ ઉપર હાજર વ્યક્તિનું નામ અને સરનામું ....

પંચનું નામ અને સરનામું-

(૧) શ્રી/ શ્રીમતી ...., ...ના પુત્ર/પુત્રી/પત્ની, ...ના રહેવાસી, વય .... વર્ષ. ધંધો ....

(૨) શ્રી/ શ્રીમતી ...., ...ના પુત્ર/પુત્રી/પત્ની, ...ના રહેવાસી, વય .... વર્ષ. ધંધો ....

અમે ઉપરોક્ત પંચ , આ .... દિવસે, શ્રી ...., હોદ્દો ...., સ્થળ ....-ને, ઉપર જણાવેલા મકાન અથવા જગ્યામાં ધરાવતી હતી અને રાખવામાં આવી હતી, તેવી અમુક મિલકત અથવા પદાર્થો અથવા માલની, ... સ્થળેથી, તેને જપ્ત કરવાના અથવા તેને અટકાયતમાં રાખવાના અથવા તે દૂર કરવાના કાર્યના સાક્ષી તરીકે હાજર રહેવા બોલાવવામાં આવ્યા હતા. અમારી હાજરીમાં, ... નામના સદરહુ અધિકારીએ, નીચે જણાવેલી જપ્ત કરેલી મિલકત, જે સાચી છે તેવી અમે ખાતરી આપીએ છીએ.

અનુક્રમાંક	જ્યાંથી જપ્ત કરવામાં આવેલ હોય તે સ્થળ	જપ્ત કરેલી મિલકત અથવા પદાર્થો અથવા માલની વિગતો	જથ્થો	જપ્તી અથવા અટકાયત અથવા દૂર કરવા અંગેના કારણો
(૧)	(૨)	(૩)	(૪)	(૫)

પંચનામા અમારી સમક્ષ વાંચીને સમજાવવામાં આવ્યા છે અને જે બાબત અમે જોઇ હતી, તેનો તે સાચો અહેવાલ છે.

સહી/-

અધિકારીનું નામ અને હોદ્દો

પંચની સહી

(૧)

(૨)

પંચનામાની નકલ મળેલ છે.

મકાન અથવા જગ્યાનો હવાલો ધરાવનાર વ્યક્તિની સહી.

નમૂનો ખ-૭

(જુઓ નિયમ ૧૭નો પેટા-નિયમ (૧))

પ્રવેશ કરવા અને નિરીક્ષણ કરવા બાબતની નોટિસ

પ્રતિ,

....

....

ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા)ની કલમ ૨૪ની પેટા-કલમ (૧) અને ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક નિયમો, ૨૦૧૪ના નિયમ ૨૫ના પેટા-નિયમ (૧)થી મળેલી સત્તાની રૂએ, હું ...., આથી, તમને નોટિસ આપું છું કે આ નોટિસની બજવણી તમને થાય તેના ઓછામાં ઓછા ત્રણ કલાકની મુદત પૂરી થયેથી, હું, ... દિવસે, ... સમયે, સદરહુ અધિનિયમની જોગવાઇઓથી અથવા તે હેઠળ જોગવાઇ કરવી જરૂરી હોય, તેવા અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક પગલાંની પર્યાપ્તતા અને તેના ઉલ્લંઘન અંગે ખાતરી કરવાના હેતુ માટે, ...ખાતે આવેલા, ...નંબર ધરાવતા તમારા મકાન અથવા જગ્યામાં હું પ્રવેશ કરીશ અને તેનું નિરીક્ષણ કરીશ.

સહી/-

અધિકારીનું નામ અને હોદ્દો.

સ્થળ:

તારીખ:

નમૂનો ખ-૮

(જુઓ નિયમ ૧૭નો પેટા-નિયમ (૨))

મકાન અથવા જગ્યામાં રહેતી મહિલાને મકાન અથવા જગ્યા છોડીને જતા રહેવા બાબતની નોટિસ

પ્રતિ,

....

....

ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા)ની કલમ ૨૪ની પેટા-કલમ (૧) અને ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક નિયમો, ૨૦૧૪ના નિયમ ૨૫ના પેટા-નિયમ (૧)થી મળેલી સત્તાની રૂએ, મેં, ...- એ, ...ખાતે આવેલા, ... નંબર ધરાવતા મકાન અથવા જગ્યાના માલિક અથવા ભોગવટો કરનારને નોટિસ આપી છે કે નોટિસની બજવણી તેમને થાય તેના ઓછામાં ઓછા ત્રણ કલાકની મુદત પૂરી થયેથી, હું, ... દિવસે, ... સમયે, સદરહુ અધિનિયમની જોગવાઇઓથી અથવા તે હેઠળ જોગવાઇ કરવી જરૂરી હોય, તેવા અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક પગલાંની પર્યાપ્તતા અને તેના ઉલ્લંઘન અંગે ખાતરી કરવાના હેતુથી, હું સદરહુ મકાન અથવા જગ્યામાં પ્રવેશ કરીશ અને તેનું નિરીક્ષણ કરીશ. તમે આ મકાન અથવા જગ્યામાં રહેતા હોવાથી, હું આથી, તમને નોટિસ આપું છું કે ઉપર જણાવેલા પ્રવેશ અને નિરીક્ષણ પહેલાં તમે મકાન અથવા જગ્યા છોડીને જતા રહેવા માટે સ્વતંત્ર છો અને મને અત્યારે મકાન અથવા જગ્યા છોડીને જવાની ઇચ્છા હોય તો તમે એવું કરી શકો છો.

સહી/-

અધિકારીનું નામ અને હોદ્દો.

સ્થળ:

તારીખ:

નમૂનો ખ-૯

(જુઓ નિયમ ૧૮)

નિરીક્ષણ અહેવાલ

૧. ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા)ની કલમ ૫-ની પેટા-કલમ (૧) હેઠળ, ...ના માલિક અથવા ભોગવટો કરનારને ત્રણ કલાકની નોટિસ આપ્યા પછી, મેં, ... દિવસે, ... સમયે, સદરહુ અધિનિયમની જોગવાઇઓથી અથવા તે હેઠળ સદરહુ મકાન અથવા જગ્યામાં જોગવાઇ કરવી જરૂરી હોય, તેવા અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક પગલાંની પર્યાપ્તતા અથવા તેના ઉલ્લંઘન અંગે ખાતરી કરવાના હેતુથી, મેં સદરહુ મકાન અથવા જગ્યામાં પ્રવેશ કર્યો હતો અને તેનું નિરીક્ષણ કર્યું હતું.

૨. સદરહુ મકાન અથવા જગ્યામાં ભોગવટાનો પ્રકાર★ નીચે મુજબ છે,-

(ક) રહેણાંક

(ખ) શૈક્ષણિક

(ગ) સંસ્થાકીય

(ઘ) સભા

(ચ) ધંધો

(છ) વાણિજ્યિક

(જ) ઔદ્યોગિક

(ઝ) સંગ્રહ

(ટ) જોખમી

3. મકાન અથવા જગ્યાનો પ્રકાર★,-

(ક) બાંધકામને લગતી સામાન્ય લાક્ષણિકતા

આગ લાગવાનું ઓછું જોખમ – સિમેન્ટ કોંક્રિટ અથવા ઇંટની દિવાલ, અથવા

આગ લાગવાનું મધ્યમ જોખમ- ઇંટ-કામ અને ઇમારતી લાકડું (ટિમ્બર), અથવા

આગ લાગવાનું સૌથી વધુ જોખમ- ખાસ કરીને ઇમારતી લાકડાની ફ્રેમથી બનેલ જેમ કે ઇમારતી લાકડાનું ભોંયતળિયું (ટિમ્બર ફ્લોર્સ), ઇમારતી લાકડાનું છાપરું, ઇમારતી લાકડાના દાદરા, વગેરે.

(ખ) મકાન/જગ્યાની વિગતો,-

(૧) માળ અને ભોંયરા, કંઇ હોય, તો તેની સંખ્યા

(૨) બહાર જવાના માર્ગની સંખ્યા

(૩) છતની સંખ્યા

(૪) સીડીની સંખ્યા અને તે બંધ છે કે ખુલ્લી

(૫) વરંડા અથવા ઝરૂખા (બાલ્કનિ)

(૬) માળિયા (એટિક), પહેલા માળ અને ભોંયતળિયા વચ્ચેના માળ (મેઝનીન), છાપરા નીચેના માળિયા (લોફ્ટ), વગેરે.

(૭) બચાવ માર્ગના સાધનોના સંબંધમાં ઠરાવવામાં આવેલ અંતર રાખવામાં આવ્યું છે કે નહિ.

(ગ) મકાનની આજુબાજુ ૨૦ મીટરની અંદર આવેલા બીજા બાંધકામ અને અને ખુલ્લી જગ્યા અથવા આગશમન વાહન માટેના પ્રવેશ-માર્ગોની વિગતો.

બાંધકામ / ખુલ્લી જગ્યા

(૧) ઉત્તર
(૨) દક્ષિણ
(૩) પૂર્વ
(૪) પશ્ચિમ

(ઘ) લગોલગ આવેલા રસ્તા અથવા શેરીની પહોળાઇ.

(ચ) ભોગવટો કરનારા, કર્મચારીઓ, મુલાકાતીઓની મહત્તમ સંખ્યા.

(છ) મકાન અથવા જગ્યામાં નિરીક્ષણ દરમિયાન ધ્યાને આવેલી અપર્યાપ્તતા અથવા ઉલ્લંઘન

(૧)
(૨)
(૩)

સ્થળ :
તારીખ:

સહી/-
નિરીક્ષણ અધિકારીનું
નામ અને હોદ્દો.

(*આમાંથી કંઇપણ સંબંધિત હોય, તો તે જણાવવું.)

નમૂનો ખ–૧૦

(જુઓ નિયમ ૧૯નો પેટા-નિયમ (૧))

અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક પગલાં સંબંધિત નિરીક્ષણ દરમિયાન ધ્યાને આવેલી અપર્યાપ્તતા અથવા ઉલ્લંઘન બાબતની નોટિસ

પ્રતિ,

....

....

ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા)ની કલમ ૫-ની પેટા-કલમ (૧) હેઠળ, તમને તારીખ .... ની, ક્રમાંક................................ ની નોટિસ આપ્યા પછી, નીચેના મકાન અથવા જગ્યાનું, નામનિયુક્ત અધિકારીએ અથવા મેં નિરીક્ષણ કર્યું હતું:-

....

અને અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક પગલાં સંબંધની આવશ્યકતાઓમાં નીચેના ફેરફારો અથવા તેના ઉલ્લંઘન અથવા મકાનની ઊંચાઇના અથવા આવા મકાન અથવા જગ્યામાં અથવા તેના કોઇ ભાગમાં ચલાવવામાં આવતી પ્રવૃત્તિઓના પ્રકારના સંબંધમાં, જોગવાઇ કરવામાં આવેલા અથવા જોગવાઇ કરવાના પગલાંની અપર્યાપ્તતા અથવા તેના અપાલન અંગેનો અહેવાલ નામનિયુક્ત અધિકારીએ આપ્યો છે અથવા તે મારા ધ્યાન ઉપર આવ્યો છે,-

INDEX

(૧)
(૨)
(૩)

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૬થી મળેલી સત્તાની રૂએ, હું, તમને નીચેના પગલાં, તમને આ નોટિસ મળ્યેથી, ... દિવસમાં હાથ ધરવા માટે તમને આદેશ કરું છું,-

(૧)
(૨)
(૩)

હું, આથી, આ સંબંધમાં પાલન કર્યા અંગેનો અહેવાલ નીચે સહી કરનારને તાત્કાલિક આપવા વધુમાં આદેશ કરું છું.

સહી/-
અધિકારીનું નામ અને હોદ્દો.

સ્થળ:
તારીખ:

નમૂનો ખ-૧૧

(જુઓ નિયમ ૨૧નો પેટા-નિયમ (૧))

અધિનિયમની કલમ ૧૨ હેઠળ અગ્નિ સલામતી અધિકારીની નિમણૂક કરવા માટેની નોટિસ

નંબર. તારીખ:

.... સ્થળે આવેલ, ... નંબરનું મકાન/જગ્યા ....નું બનેલું છે અને તે નિયમોની પહેલી અનુસૂચિ હેઠળ આવરી લેવામાં આવેલ છે;

અને અધિનિયમની કલમ ૧૨ હેઠળ, માલિક / ભોગવટો કરનાર/ આવા માલિકો અને ભોગવટો કરનારાનું મંડળ (એસોસિએશન)ને, અગ્નિ સલામતી અધિકારીની નિમણૂક કરવા ફરમાવવામાં આવ્યું હતું;

તેથી, હવે, હું ...., અધિનિયમ હેઠળ નિમાયેલા નિયામક/ નામનિયુક્ત અધિકારી, તમને .... દિવસની અંદર, અગ્નિ સલામતી અધિકારીની નિમણૂક કરવા ફરમાવું છું, તેમ કરવામાં નિષ્ફળ થયેથી માલિક અથવા ભોગવટો કરનાર અથવા આવા માલિકો અને ભોગવટો કરનારાનું મંડળ (એસોસિએશન), સંયુક્ત અથવા વ્યક્તિગત રીતે કસૂરદાર ગણાશે અને અધિનિયમની કલમ ૧૨ની પેટા-કલમ (૧) હેઠળ, વધુ કોઇ નોટિસ અથવા તક આપ્યા વગર શિક્ષાત્મક કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

( )
પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા
મુખ્ય અગ્નિશમન અધિકારી

સ્થળ:
તારીખ:
પ્રતિ

.... માલિક / ભોગવટો કરનાર/ આવા માલિકો અને ભોગવટો કરનારાનું મંડળ (એસોસિએશન).

INDEX

નમૂનો ખ-૧૨

(જુઓ નિયમ ૨૧નો પેટા-નિયમ (૨))

અગ્નિ સલામતી અધિકારીની નિમણૂક અંગેનું પ્રમાણપત્ર

નંબર. તારીખ:

પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીએ સભ્યનો પ્રમાણિત કરેલ પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે

શ્રી ....

શ્રી.......................................ના પુત્ર

....ના રહેવાસી

જેમનો ફોટોગ્રાફ, પ્રમાણપત્રના જમણી બાજુના ખૂણે દેખાય છે, તેમની અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાત અધિનિયમ ક્રમાંક.૧૧)ની કલમ ૧૨ હેઠળ નિમણૂક કરવામાં આવી છે અને .... થી અમલમાં આવે, તે રીતે અગ્નિશમન સેવાના સભ્ય તરીકેની સત્તા, વિશેષાધિકાર તેમનામાં નિહિત થશે અને અમુક જવાબદારીમાંથી મુકિત આપવામાં આવશે.

લેખિતમાં કરવામાં આવેલી કોઇપણ ફરિયાદ અથવા બીજા કોઇ કારણોસર, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા યથાપ્રસંગ, મુખ્ય અગ્નિશમન અધિકારી, નિમણૂક રદ કરી શકશે અને નિયમો અને અધિનિયમ હેઠળ પગલાં લઇ શકશે.

સહી/-

તારીખ:

સ્થળ: સભ્યનું નામ અને હોદ્દો

.......................દ્વારા પ્રમાણીકરણ

નમૂનો ખ-૧૩

(જુઓ નિયમ ૨૩નો પેટા-નિયમ (૧))

અગ્નિ સલામતી અંગેનું પ્રમાણપત્ર

નંબર. તારીખ:

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે .... (સરનામું) ખાતે આવેલ, ... (મકાન અથવા જગ્યાનું નામ), જેનું ભોંયરું (જેના ભોંયરા) ....ના બનેલ છે અને (ઉપરના માળ) ....ના બનેલ છે, તેની માલિકી/ભોગવટો .... (કંપનીનું નામ/ માલિકનું નામ/ ભોગવટો કરનારનું નામ) ધરાવે છે, તેણે કલમ ૧૮ અનુસાર, અગ્નિનિવારણ અને અગ્નિ સલામતીની જરૂરિયાતોનું પાલન કર્યું છે અને અગ્નિશમન સેવાના સંબંધિત અધિકારીઓએ, ... તારીખે (નિરીક્ષણની તારીખ), ... ની હાજરીમાં (માલિક અથવા તેના પ્રતિનિધિનું નામ અને સરનામું) ખરાઇ કરી છે અને નિયમો અનુસાર અને

INDEX

પ્રમાણપત્ર કાઢી આપનાર અધિકારીએ ઠરાવેલી બીજી કોઇ ચોક્કસ બાબતોના પાલનને અધીન રહીને, ... થી અમલમાં આવે તે રીતે, ... વર્ષોની મુદત માટે તે મકાન / જગ્યા ભોગવટા માટે યોગ્ય છે.

.... તારીખે કાઢી આપવામાં આવ્યું છે.

સહી/-

(અધિકૃત સહી કરનારનું નામ અને હોદ્દો)

સ્થળ:

કોમ્પ્યુટર આઇડી (ID) ....

*જે લાગુ પડતું ન હોય, તે છેકી નાખવું.

શેરો

અગ્નિશમન સેવા દ્વારા આપવામાં આવેલા ના-વાંધા પ્રમાણપત્ર, ...ને કારણે (કારણોની નોંધ કરવી) રદ અને રદબાતલ કરવામાં આવ્યું છે.

.... (અધિકૃત સહી કરનારનું નામ અને હોદ્દો)

નમૂનો ખ-૧૪

(જુઓ નિયમ ૨૩નો પેટા-નિયમ (૨))

અગ્નિ સલામતી પ્રમાણપત્ર માટેની અરજી

પ્રતિ,

પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી

વિષય: .... (મકાન/ જગ્યાનું સરનામું) ખાતેના, ... ના સંબંધમાં અગ્નિ સલામતી પ્રમાણપત્ર માટેની અરજી.

શ્રીમાન,

આ અંગે તમને જાણ કરવામાં આવે છે કે .... (મકાનનું સરનામું) સ્થળે આવેલા, ... ના બનેલા અને .... તરીકે ભોગવટો ધરાવતા હોય, તેવા ....ના (મકાનનું નામ) સંબંધમાં અગ્નિ સલામતી પ્રમાણપત્ર કાઢી આપવું જરૂરી જણાય છે.

આ સંબંધમાં એ બાબત રજૂ કરવામાં આવી છે કે તમારા દ્વારા તારીખ .... ના, પત્ર ક્રમાંક ....થી, ભલામણ કર્યા પ્રમાણેના અગ્નિનિવારણ અને અગ્નિ સલામતી ઉપાય વિષયક પગલાંની મકાન/જગ્યામાં જોગવાઇ કરવામાં આવી છે અને પરિચ્છેદ પ્રમાણેનો પૂર્તતા અહેવાલ બીડવામાં આવ્યો છે.

મકાન/જગ્યાના ભોગવટા માટેનું અગ્નિ સલામતી પ્રમાણપત્ર આપવા માટે જરૂરી હોય, તેવા પગલાં લેવા આપને વિનંતી કરવામાં આવે છે.

સ્થળ: સહી/-

તારીખ: (અરજદારનું નામ)

સંપર્ક માટેની વિગતો:

પૂરું નામ ....

ટેલિફોન નંબર ....

મોબાઇલ નંબર ....

નમૂનો ખ-૧૫

(જુઓ નિયમ ૨૬નો પેટા-નિયમ (૨))

અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક પગલાંના પાલન અંગેનું પ્રમાણપત્ર.

આથી, પ્રમાણિત કરવામાં આવે છે કે મેં અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક લેવાના પગલાંના સંબંધમાં પાલન કરવા અંગેનું કામ કર્યું છે અને ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા)ની જોગવાઇઓ હેઠળ ફરમાવ્યા પ્રમાણે, તજવીજ કરવાની અને અમલમાં મૂકવાની જરૂરી હોય તેવી બીજી પ્રવૃત્તિઓ (કામગીરી) નીચેના મકાન અથવા જગ્યામાં કરી છે.

મકાન અથવા જગ્યાનું વર્ણન અને સ્થાન

....

મેં અથવા અમે કરેલા અથવા અમલમાં મૂકેલા કાર્યો અને સંબંધિત પ્રવૃત્તિઓની કામગીરીની વિગતો,આ સાથે જોડેલી યાદીમાં જણાવેલ છે.

સ્થળ: અગ્નિ સલામતી અધિકારીની સહી અને સરનામું

તારીખ: લાઇસન્સ નંબર

ભોગવટો કરનાર અને માલિકની સહી

....

[★નોંધ.-દરેક મકાન માટે અલગથી પ્રમાણપત્ર લેવું જરૂરી છે].

નમૂનો ગ-૧

(જુઓ નિયમ ૨૮)

પંડાલ બાંધનાર દ્વારા એકરારનો નમૂનો.

અધિનિયમની કલમ ૨૭ હેઠળ પંડાલ બાંધનાર દ્વારા એકરાર

હું .... (પંડાલ બાંધનારનું નામ) .... ખાતે રજિસ્ટર થયેલી કચેરી ધરાવનાર, આથી, એકરાર કરું છું કે .... ખાતે બાંધેલ, ...મીટર માપવાળો, ... દ્વારા માપ લેવામાં આવેલ પડાલ, ...થી અમલમાં આવે, તે રીતે .... મુદત સુધી તે સ્થળે રહેશે અને ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક નિયમો, ૨૦૧૩ના નિયમ ૪૦ હેઠળ ફરમાવ્યા પ્રમાણેના અગ્નિનિવારણ અને અગ્નિ સલામતી વિષયક પગલાંની તેમાં તજવીજ કરવામાં આવી છે અને વધુમાં, પંડાલનું સંપૂર્ણ બાંધકામ અને વિદ્યુત સેવા, ધોરણોને સુસંગત છે.

અને તે પણ જાહેર કરવામાં આવ્યું છે કે પંડાલમાં જવલનશીલ પ્રવાહી અથવા ગેસનો કોઇપણ સંગ્રહ/ઉપયોગ કરવામાં આવ્યો નથી અને ઇલેક્ટ્રિકલ વાયરિંગ, ભારત વીજળી નિયમોને સુસંગત રહીને, અધિકૃત વ્યક્તિઓ દ્વારા કરવામાં આવ્યું છે.

હું એ પણ જાહેર કરું છું કે પંડાલના ભોગવટા દરમિયાન નીચેના તાલીમી અગ્નિશમન સ્ટાફ-એ ફરજ ઉપર હાજર રહેવું જોઇશે:-

૧ ....

૨ ....

૩ ....

(પંડાલ બાંધનારની સહી)

તારીખ: ....

સ્થળ: ....

નમૂનો ગ-૨

(જુઓ નિયમ ૨૯નો પેટા-નિયમ (૨) અને નિયમ ૩૧નો પેટા-નિયમ (૮))

જપ્તી હુકમ

તારીખ અને સમય ....

કેસ નંબર. ....

અધિકૃત અગ્નિશમન અધિકારીને, તારીખ ....ના રોજ, તમારા દ્વારા બાંધવામાં આવેલા અથવા તમારી માલિકી અથવા ભોગવટો હોય, તેવી જગ્યા અથવા મકાન અથવા કામચલાઉ બાંધકામ, શમિયાણા અથવા તંબૂ (ટેન્ટ) અથવા મંડપ અથવા પંડાલમાં આગના જોખમનું નિકટવર્તી કારણ બને તેમ હોય/અગ્નિશમન (આગ ઓલવવા)માં અડચણરૂપ બની રહે તેમ હોય, તેવા અમુક ચોક્કસ માલ/ પદાર્થો અંગેનો અહેવાલ અધિકૃત અગ્નિશમન અધિકારી દ્વારા મળ્યો છે

ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના અધિનિયમ ક્રમાંક.૧૧)ની કલમ ૨૭ની પેટા-કલમ (૧) હેઠળ, તમે અધિકૃત અધિકારીના હુકમોનું પાલન કરવામાં ચૂક કરેલ છે.

અને ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના અધિનિયમ ક્રમાંક.૧૧)ની કલમ ૨૭ની પેટા-કલમ (૨) હેઠળ, તમે રજૂઆત કરવામાં નિષ્ફળ રહ્યા છો અથવા તારીખ ....ના પત્રથી તમે રજૂ કરેલા કારણો સંતોષકારક જણાયા નથી.

તેથી હવે, હું .... (સત્તાધિકારીનું નામ), ... (હોદ્દો) ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના અધિનિયમ ક્રમાંક.૧૧)ની કલમ ૨૭ની પેટા-કલમ (૩) હેઠળ મળેલી સત્તાની રૂએ, આથી, દરેકની સામે જણાવેલા કારણોસર, નીચેના માલ/પદાર્થોના અતિક્રમણ (દબાણ)ને જપ્ત કરવાનો, તેની અટકાયત કરવાનો અથવા તેને દૂર કરવા અંગેનો હુકમ કરું છું.

અનુક્રમાંક	જે સ્થળેથી જપ્ત કરવાનું હોય, તે સ્થળ	જપ્ત કરવાના હોય તે પદાર્થો અથવા માલની વિગતો	જથ્થો	જપ્તી અને અટકાયત માટેના કારણો

(સત્તાધિકારીની સહી)

નામ અને હોદ્દો

પ્રતિ

૧. .... (મકાન અથવા જગ્યા અથવા પંડાલના માલિક/ ભોગવટો કરનારનું નામ અને સરનામું)

૨. ....

૩. ....

INDEX

નમૂનો ગ-૩

(જુઓ નિયમ ૨૯નો પેટા-નિયમ (૨))

પંચનામું

કેસ નં. ....

સ્થળ ....

તારીખ ....

સમય ....

૧. માલિક/ ભોગવટેદારનું નામ અને સરનામું ....

૨. હાજર વ્યક્તિનું નામ અને સરનામું ....

૩. પંચોનું નામ અને સરનામું :

ક. ક) શ્રી/ શ્રીમતી ....

ખ) ....નો પુત્ર/ પુત્રી/ પત્ની.

ગ) .... ના રહીશ.

ઘ) ઉંમર .... (વર્ષ)

ચ) વ્યવસાય ....

ખ. ક) શ્રી/ શ્રીમતી ....

છ) .... નો પુત્ર/ પુત્રી/ પત્ની.

જ) ....ના રહીશ.

ઝ) ઉંમર........................ (વર્ષ)

ટ) વ્યવસાય ....

અમો, ઉપર જણાવેલ પંચોને, અમુક વસ્તુઓ અથવા માલ, જે માલિક/ ભોગવટેદારના મકાન/ જગ્યા / પંડાલમાં તેમના કબજામાં હતી અને જે ખુલ્લામાં પડયા હતા, તેવી મકાન/ જગ્યા/ પંડાલના ....સરનામેથી તેની જપ્તી કરવાની કામગીરીમાં શ્રી/ શ્રીમતી .... હોદ્દો .... સ્થળ ....- દ્વારા .... ની આ તારીખે સાક્ષી તરીકે હાજર રહેવા બોલાવવામાં આવ્યા છે. અમારી હાજરીમાં, સદરહુ ....(અધિકારીનું નામ અને હોદ્દો)-એ નીચે જણાવેલ વસ્તુઓ/ માલ જ કર્યો છે. જે સાચુ હોવા અંગેની અમે સાક્ષી આપીએ છીએ.

અનુક્રમાંક	જયાંથી જપ્ત કરેલ હોય તે સ્થળ	જપ્ત કરેલ વસ્તુઓ અથવા માલની વિગતો	જથ્થો	જપ્તી અને અટકાયત માટેના કારણો

અમને પંચનામુ વાંચી સંભળાવીને સમજાવેલ છે અને અમે જોયું, ત્યારે તેમાં દર્શાવાયેલ ગણતરી સાચી જણાયેલ છે.

પંચોની સહી : (માલ જ) કરનાર સત્તાધિકારીની સહી)

(૧).................................

(૨).................................

પંચનામાની નકલ મળેલ છે. માલિક/ ભોગવટેદારની સહી.

નમૂનો ગ ૪

(જુઓ નિયમ ૨૯નો પેટા-નિયમ (૩) અને નિયમ ૩૧નો પેટા-નિયમ (૯))

જપ્ત કરેલ માલનો દાવો કરવા અંગેની નોટિસ

અમુક વસ્તુઓ/ માલ, અધિનિયમની કલમ ૨૭ હેઠળ તારીખ ....ના પંચનામા નં. .... થી તારીખ ....ના કેસ નં. .... માં .... (જગ્યાનું સરનામુ) ખાતે આવેલા જગ્યામાંથી .... (તારીખ)ના રોજ જ કરવામાં આવ્યો હતો.

સદરહુ વસ્તુઓ/ માલ, અત્યારે .... (જગ્યાનું સરનામું) ખાતે પડી રહયો છે.

તેથી, હવે,............................ ખાતે કચેરી ધરાવનાર હું, ... (નામ) .... (હોદ્દો), આથી, તમને, તમારા જોખમે અને ખર્ચે .... દિવસોની અંદર કામકાજના કોઇપણ દિવસે .... કલાકથી .... કલાકની વચ્ચે સદરહુ વસ્તુઓ/ માલ ખસેડી લેવા જણાવું છું, એમ કરવામાં ચૂક થયેથી એવું માની લેવામાં આવશે કે કે તમો સદરહુ વસ્તુઓ/ માલનો દાવો કરવાનો ઈરાદો ધરાવતા નથી અને કોઇ વધુ નોટિસ આપ્યા સિવાય ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાત અધિનિયમ ૧૧મા)ની કલમ ૨૭ની પેટા-કલમ (૮)ની જોગવાઇ હેઠળ તેનો જાહેર હરાજી કરીને નિકાલ કરવામાં આવશે.

(સહી)

નામ ....

હોદ્દો ....

તારીખ : ....

સ્થળ : ....

નમૂનો ગ-૫

(જુઓ નિયમ ૩૦)

ક્રમાંક . તારીખ :

નોટિસ

ગુજરાત રાજય અગ્નિશમન સેવાની સેવાઓની, ...(જગ્યાનું સરનામું) ખાતે આગ ફાટી નીકળવાના સમય દરમિયાન અગ્નિશમન સેવામાં અને/ અથવા બચાવ કામગીરીમાં સહાય કરવા માટે ....ના રોજ .... કલાકે માંગણી કરવામાં આવી હતી.

તા. .... ના રોજ .... કલાકે .... (ફાયર સ્ટેશન (બંબાખાના)ના નામ)માંથી અગ્નિશમન સેવાના સભ્યો સહિત .... (ઉપકરણોની સંખ્યા) પૂરા પાડયા હતા અને તા .... ના રોજ .... કલાકે તેમના સંબંધિત ફાયર સ્ટેશનો (બંબાખાના) ખાતે પરત પહોંચ્યા હતા.

તમારે, અગ્નિશમન સેવાના ઉપયોગના સંબંધમાં .... રૂા.ની રકમ, ચૂકવવાપાત્ર થાય છે.

INDEX

તેથી, હવે, હું .... (નામ) .... (હોદ્દો), નિયામકશ્રી, ગુજરાત રાજ્ય અગ્નિશમન સેવા-ને, ગાંધીનગર ખાતે ચુકવવાપાત્ર બેન્ક ડ્રાફ્ટ મારફત .... દિવસોની અંદર સદરહુ રકમ ચૂકવવા જણાવું છું.

સહી/-

( )

નિયામક,

ગુજરાત રાજ્ય અગ્નિશમન સેવા.

પ્રતિ,

....

....

....

નમૂનો ગ-૬

(જુઓ નિયમ ૩૧નો પેટા-નિયમ (૨))

નોટિસ

સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરી

ક્રમાંક. તારીખ :

અધિનિયમની કલમ ૨૭ની પેટા-કલમ (૬) હેઠળ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય અગ્નિશમન સેવા પાસેથી .... (જગ્યાનું સરનામું) ખાતે આગનું જોખમ ઊભું કરતાં હોય અને અગ્નિશમન સેવામાં અવરોધરૂપ હોય તેવા દબાણ અથવા વસ્તુઓ અથવા માલને દૂર કરવા સંબંધી અહેવાલ, મળેલ છે.

તેથી, હવે, હું .... (નામ) .... (હોદ્દો), તમને, કલમ ૨૭ની પેટા-કલમ (૬) હેઠળ આ નોટિસ મળ્યાથી .... (દિવસો)ની અંદર અધિનિયમની જોગવાઈઓ હેઠળ જરૂરી હોય તેવા પગલાં શા માટે ન લેવા જોઈએ તે અંગેના, કારણ દર્શાવવા જણાવું છું.

સહી/-

સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ.

પ્રતિ,

....

....

....

નમૂનો ગ-૭

(જુઓ નિયમ ૩૧નો પેટા-નિયમ (૩))

મકાનો (જગ્યા)ના પ્રવર્તક (પ્રમોટર) અથવા આયોજક અથવા માલિક અથવા ભોગવટેદાર દ્વારા એકરાર

ક્રમાંક . તારીખ :

મકાનોના નીચે સહી કરનાર પ્રવર્તક (પ્રમોટર) અથવા આયોજક અથવા માલિક અથવા ભોગવટેદાર :-

....

....

-નું ટપાલ સરનામું ધરાવતા મ.સ.ક્ર. (આર.એસ.નં.)/ સી.એસ.નં./ મિલકત નં. .... વાળા મકાનોનો ઉપયોગ કરવા ઇચ્છે છે.

INDEX

સદરહુ મકાનોમાં, અમે તેનો નીચેના હેતુ માટે ઉપયોગ કરવા ઇચ્છીએ છીએ (હેતુ દર્શાવવો)

....

....

તેથી, ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા)ની કલમ ૨૭ની પેટા-કલમ (૨) હેઠળ ફરમાવ્યા પ્રમાણે, અમે, કલમ ૨૭ની પેટા-કલમ (૧)માં ઠરાવ્યા પ્રમાણે પગલાં લીધા હોવાનું જાહેર કરીએ છીએ.

ઉપર્યુકત મકાનો, લીધેલ પગલાંના ખરાપણા અને પૂર્તતાની ચકાસણી માટે, અધિકૃત અધિકારીને તપાસ કરવા માટે ખુલ્લા રહેશે.

તેથી, અમે મકાનોના ઉપયોગ માટે જરૂરી પરવાનગી આપવા માટે વિનંતી કરીએ છીએ.

સહી/-
મકાનોના પ્રવર્તક (પ્રમોટર) અથવા આયોજક અથવા
માલિક અથવા ભોગવટેદાર.

પ્રતિ

....

....

....

નમૂનો ગ-૮

(જુઓ નિયમ ૩૧નો પેટા-નિયમ (૩))

કામચલાઉ માળખાનો ઉપયોગ કરવા દેવા અંગેની પરવાનગી

ક્રમાંક. તારીખ :

.... ખાતે આવેલા .... નં. વાળી મકાનો/ ઇમારત (જગ્યા)નો નીચેના હેતુ માટે ઉપયોગ કરવાનો છે

....

....

....

મકાનોના પ્રવર્તક (પ્રમોટર) અથવા આયોજક અથવા માલિક અથવા ભોગવટેદારે, નિયમ ૩૧ના પેટા-નિયમ (૩) હેઠળ તા .... ના રોજ નમૂના 'ગ'માં, એકરાર રજૂ કરેલ છે.

ઉપર્યુકત મકાનોની તપાસ અધિકૃત અધિકારી દ્વારા તા.................. ના રોજ હાથ ધરવામાં આવી છે.

નીચેની શરતોએ તા. .... થી તા. .... સુધી ઉપર્યુકત હેતુ માટે મકાનોનો ઉપયોગ કરવાની પરવાગની આપવામાં આવે છે.

....

....

....

....

સહી/-

અધિકૃત અધિકારી

પ્રતિ,

....

....

....

નમૂનો ગ-૯

(જુઓ નિયમ ૩૧નો પેટા-નિયમ (૧૦) અને નિયમ ૩૬નો પેટા-નિયમ (૧))

અપીલ સત્તાધિકારીને અપીલ કરવા અંગેનો નમૂનો.

સન ૨૦ ....નો અપીલ નં.............

અપીલ કરનાર :

શ્રી .... ના પુત્ર શ્રી .... , ...ના રહીશ.

વિરૂધ્ધ

મ્યુનિસિપલ કમિશનર/ નામનિયુકત સત્તાધિકારી/ નિયામક/ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ- પ્રતિવાદી

શ્રી .... નામનિયુકત સત્તાધિકારી/ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ/ નિયામકના તા..................... ના રોજની નોટિસ/ હુકમ વિરૂધ્ધ ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૩૩ હેઠળ અપીલ.

સાહેબ,

અપીલ કરનાર સવિનય નીચે મુજબ જણાવે છે :-

૧. હકીકતોનું નિવેદન.

૨. અપીલ કરવાનું કારણ.

૩. રૂ.૫૦૦૦/-ની ફી, તા................ ની પહોંચ નં................ થી ચૂકવેલ છે.

૪. અપીલ, સમય મર્યાદાની અંદર કરી છે.

૫. કોઇ બીજી અપીલ અથવા આ અપીલની વિષય-વસ્તુ સંબંધી કોઇપણ બાબત, કાયદાની કોઇ કોર્ટમાં અનિર્ણીત નથી.

૬. માંગણી કરેલ દાદ.

અધિકૃત પ્રતિનિધિ કોઇ હોય
તો, તેની સહી. અપીલ કરનારની સહી

<u>ખરાઇ</u>

હું .... અપીલ કરનાર, આથી, જાહેર કરું છું કે ઉપર જે કાંઇ (માહિતી) જણાવેલ છે તે મારી વ્યકિતગત શ્રેષ્ઠ જાણકારી અને માન્યતા મુજબ સાચી છે અને મેં કોઇ મહત્વની હકીકતો છુપાવેલ નથી.

સન ૨૦...........ના .... મહિનાની .... તારીખે, આજે ખરાઇ કરેલ છે.

સ્થળ	અધિકૃત પ્રતિનિધિ, કોઇ હોય, તો તેની સહી.
તારીખ	અપીલ કરનારની સહી

INDEX

નમૂનો ઘ ૧

(જુઓ નિયમ ૪૧નો પેટા-નિયમ (૨))

અગ્નિ અહેવાલનો નમૂનો.

૧. આજની તારીખ.

૨. અગ્નિ શમન અહેવાલ ક્રમાંક.

૩. ફાયર સ્ટેશન (બંબાખાના)ના કાર્યક્ષેત્રની હકૂમત.

૪. જેની પાસેથી માહિતી મળેલ હોય તે.

૫. બોલાવનાર (કોલ કરનાર)નું નામ.

૬. બોલાવનાર (કોલ કરનાર)નો ફોન નંબર.

૭. ઘટના સ્થળનું પૂરૂં સરનામું.

૮. (ફોન) કોલ મળ્યા તારીખ.

૯. (ફોન) કોલ મળ્યાનો સમય.

૧૦. ફાયર સ્ટેશનથી રવાના થયાનો સમય.

૧૧. ફાયર સ્ટેશનથી અંદાજિત અંતર.

૧૨. આગના ઘટના સ્થળે પહોંચ્યાનો સમય.

૧૩. (ફોન) કોલનું સ્વરૂપ.

૧૪. આગનું ઘટના સ્થળ છોડયાની તારીખ.

૧૫. આગનું ઘટના સ્થળ છોડયાનો સમય.

૧૬. ભોગવટાનો પ્રકાર.

૧૭. અન્ય કિસ્સામાં ભોગવટાની વિગતો.

૧૮. આગની કક્ષા/ પ્રકાર.

૧૯. મકાનનો પ્રકાર.

૨૦. અન્ય કિસ્સામાં મકાનની વિગતો.

૨૧. અસરગ્રસ્ત વિસ્તારની વિગતો.

૨૨. ઈજા થઇ હોય, તો તેની વિગતો.

૨૩. મરણ (મરણો)ની વિગતો.

ડિવિઝનલ (વિભાગીય) અગ્નિશમન અધિકારી

ડિસ્કેલઈમર (ઈન્કાર) ;

આ કમ્પ્યુટરથી તૈયાર કરેલ અહેવાલ છે. વિભાગ કે તેની સંલગ્ન કચેરીઓ, માહિતી આપનારાઓ અથવા વિષયવસ્તુ પૂરી પાડનારાઓ, સમય, ઘટના-ક્રમની ચોકસાઈને સમર્થિત કરતા નથી અથવા બાંયધરી આપતા નથી.

નમૂનો ઘ ૨

(જુઓ નિયમ ૪૩નો પેટા-નિયમ (૧))

વિદ્યુત પુરવઠા/ પાણી પુરવઠાનું જોડાણ કાપી નાંખવાનો હુકમ

પ્રતિ,

ઈન-ચાર્જ-અધિકારી,

....

....

વિષય.- .... ખાતે આવેલ નં. .... વાળું * સ્થળ/ મકાન/ તેનો ભાગ.

સાહેબ,

હું જણાવું છું કે ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા)ની કલમ ૨૬ની પેટા-કલમ (૧) હેઠળ બહાર પાડેલા તારીખ .... ના હુકમ ક્રમાંક .... થી, નીચે સહી કરનાર અધિકારીએ, અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષાના ઉપાયોની અપર્યા તાને કારણે, તેવા સ્થળ અથવા મકાન અથવા તેના ભાગની સ્થિતિ, તેમાંની વ્યકિતઓ અથવા મિલકતને જોખમરૂપ હોવાને કારણે આવા * સ્થળ અથવા મકાન અથવા તેના ભાગમાંથી ઉપરના સદરહુ સ્થળ અથવા મકાન અથવા તેના ભાગનો કબજો અથવા ભોગવટો ધરાવતી હોય તેવી વ્યકિતઓને તાત્કાલિક જતાં રહેવાનું (છોડી જવાનું) ફરમાવતો હુકમ કર્યો હતો. તેમ છતાં, આ રીતે કરેલા હુકમનું પાલન કરીને તેવા * સ્થળ અથવા મકાન અથવા તેના ભાગમાંથી આ વ્યકિતઓ, જાતે જતાં રહયાં નથી અને તેઓએ હજુપણ તેનો કબજો અથવા ભોગવટો ધરાવવાનું ચાલુ રાખ્યું છે.

સદરહુ કલમ ૨૬ની પેટા-કલમ (૧) હેઠળ આ રીતે કરેલા હુકમનું અપાલન કરવાના કિસ્સામાં, નીચે સહી કરનાર અધિકારીને, વિદ્યુત પુરવઠો અથવા યથાપ્રસંગ, પાણી પુરવઠો પૂરો પાડવા માટે જવાબદાર હોય તેવા સત્તાધિકારીને, તેવા *સ્થળ અથવા મકાન અથવા તેના ભાગના વિદ્યુત પુરવઠાનું જોડાણ કાપી નાંખવાનો હુકમ કરવાની અથવા પાણી પુરવઠાનું જોડાણ કાપી નાંખવાનો હુકમ કરવાની સદરહુ કલમ ૨૬ની પેટા-કલમ (૨) હેઠળ સત્તા આપવામાં આવી છે અને તેવા સત્તાધિકારીએ આવા હુકમનું પાલન કરવું જોઇશે.

ઉપર ઉલ્લેખેલા * સ્થળ અથવા મકાન અથવા તેના ભાગનો કબજો અથવા ભોગવટો ધરાવનાર વ્યકિતઓ, સદરહુ હુકમથી આદેશ કર્યા પ્રમાણે જાતે જતાં રહયાં ન હોવાથી, તેનું અપાલન કર્યું છે અને તેથી, હું, સદરહુ * સ્થળ અથવા મકાન અથવા તેના ભાગનો વિદ્યુત અથવા પાણી પુરવઠાનું જોડાણ તરત જ કાપી નાંખવાનો અમલ કરનાર સત્તાધિકારીઓને હુકમ કરું છું. આ અર્થેના પાલનની જાણ મને તરત જ કરવી.

સ્થળ : સહી/-

તારીખ : અધિકારીનું નામ અને હોદ્દો.

(*આ બાબતો પૈકી જે સંબંધિત હોય તેવી બાબતનો ઉલ્લેખ કરવો)

નમૂનો ઘ ૩

(જુઓ, નિયમ ૪૩નો પેટા-નિયમ (૧))

જોખમરૂપ (ભયજનક) સ્થળ/ મકાનમાંથી વ્યકિતઓને દૂર કરવા માટે હવાલો ધરાવનાર (ઈન-ચાર્જ) પોલીસ અધિકારીને હુકમ.

પ્રતિ,

હવાલો ધરાવનાર (ઈન-ચાર્જ) અધિકારી,

....

....

વિષય.- .... ખાતે આવેલ નં. .... વાળું * સ્થળ/ મકાન/ તેનો ભાગ.

સાહેબ,

હું જણાવું છું કે ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાતના ૧૧મા)ની કલમ ૨૬ની પેટા-કલમ (૧) હેઠળ બહાર પાડેલા તારીખ .... ના હુકમ ક્રમાંક .... થી, મેં, નીચે સહી કરનાર અધિકારીએ, અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષાના ઉપાયોના અપર્યા તાને કારણે, આવા * સ્થળ અથવા મકાન-અથવા તેના ભાગની સ્થિતિ, તેમાંની વ્યકિતઓ અથવા મિલકત માટે જોખમરૂપ હોવાને કારણે આવા સ્થળ અથવા મકાન અથવા તેના ભાગમાંથી ઉપરના સદરહુ સ્થળ અથવા મકાન અથવા તેના ભાગનો કબજો અથવા ભોગવટો ધરાવતી હોય તેવી વ્યકિતઓને તાત્કાલિક જતાં રહેવાનું (છોડી જવાનું) ફરમાવતો હુકમ કર્યો હતો. તેમ છતાં, કરેલા હુકમનું પાલન કરીને તેવા * સ્થળ અથવા મકાન અથવા તેના ભાગમાંથી આ વ્યકિતઓ, જાતે જતાં રહયાં નથી અને તેઓએ હજુપણ તેનો કબજો અથવા ભોગવટો ધરાવવાનું ચાલુ રાખ્યું છે.

સદરહુ કલમ ૨૬ની પેટા-કલમ (૧) હેઠળ આ રીતે કરેલ હુકમનું અપાલન કરવાના કિસ્સામાં, નીચે સહી કરનાર અધિકારીને, તેવા * સ્થળ અથવા મકાન અથવા તેના ભાગમાંથી એવી વ્યકિતઓને દૂર કરવા માટે વિસ્તારમાં હકૂમત ધરાવનાર કોઇ પોલીસ અધિકારીને હુકમ કરવાની સદરહુ કલમ ૨૬ની પેટા-કલમ (૨) હેઠળ સત્તા આપવામાં આવી છે અને તેવા સત્તાધિકારીએ આવા હુકમનું પાલન કરવું જોઇશે.

ઉપર ઉલ્લેખેલ * સ્થળ, મકાન અને તેનો ભાગ, તમારી હકૂમતના વિસ્તારની અંદર આવેલો છે.

ઉપર ઉલ્લેખેલ * સ્થળ અથવા મકાન અથવા તેના ભાગનો કબજો અથવા ભોગવટો ધરાવનાર વ્યકિતઓ, સદરહુ હુકમથી આદેશ કર્યા પ્રમાણે જાતે જતાં રહયાં ન હોવાથી, તેનું અપાલન કરવામાં આવ્યું છે અને તેથી, હું, તેવા * સ્થળ અથવા મકાન અથવા તેના ભાગમાંથી આવી વ્યકિતઓને દૂર કરવાનો અને સદરહુ અધિનિયમની કલમ ૨૬ની પેટા-કલમ (૩) હેઠળ ફરમાવ્યા પ્રમાણે * સ્થળ અથવા મકાન અથવા તેના ભાગને સીલ કરવાનો તમને હુકમ કરું છું. આ અર્થના પાલનની જાણ મને તરત જ કરવી.

સ્થળ : સહી/-

તારીખ : અધિકારીનું નામ અને હોદ્દો.

(*સંબંધિત હોય તેવી આ બાબતો પૈકીની કોઇપણ બાબતનો ઉલ્લેખ કરવો)

INDEX

નમૂનો ઘ ૪

(જુઓ નિયમ ૪૫)

અગ્નિશમન સાધનસામગ્રી અથવા મિલકતની સોંપણી અથવા કબજો મેળવવાનો હુકમ

ક્રમાંક. તારીખ :

ક્રમાંક................................ નીચેના બાંધકામ અથવા મકાનો ખાતે અગ્નિશમન કામગીરીઓના હેતુઓ માટે અથવા યથાપ્રસંગ, ચાલુ અગ્નિશમન કામગીરીઓ દરમિયાન :-

ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક નિયમો, ૨૦૧૩ના નિયમ ૫૯ સાથે વાંચતા, ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ (સન ૨૦૧૩ના ગુજરાત ૧૧મા)ની કલમ ૧૩ની પેટા-કલમ (૧) હેઠળ મળેલી સત્તાની રૂએ, હું, નીચે સહી કરનાર, ..., આથી, તેમને, આ હુકમ મળ્યેથી, તાત્કાલિક રીતે નીચેની અગ્નિશમન સાધનસામગ્રી અથવા મિલકતનો કબજો નીચે સહી કરનારને સોંપવા ફરમાવું છું અને સદરહુ સાધન-સામગ્રી અથવા મિલકત માંગપત્રમાંથી મુકત કરવામાં આવશે અને અગ્નિશમન કામગીરીઓ પૂરી થાય પછી તરત જ તમને પાછી સોંપવામાં આવશે.

૧.

૨.

૩.

સ્થળ : નિયામક/

મુખ્યઅગ્નિશમન અધિકારી/ અગ્નિશમન અધિકારી.

પ્રતિ,

....

....

નમૂનો ઘ ૫

(જુઓ નિયમ ૪૬)

અગ્નિશમન અને બચાવ કામગીરીઓ દરમિયાન અગ્નિશમન અધિકારીએ મકાનો અથવા મિલકતને થયેલ નુકસાનનો અહેવાલ.

ફાયર સ્ટેશનનું નામ :

....

....

(૧) કોલ મળ્યાની તારીખ અને સમય-

(૨) અગ્નિશમન અહેવાલ ક્રમાંક અને તારીખ-

(૩) આગ ફાટી નિકળી હોય તેવી જગ્યાનું નામ અને સરનામું-

(૪) સંકળાયેલી મિલકતનું વર્ણન-

(૫) જયાં નુકસાન થયેલું હોય તેવી જગ્યાનું નામ અને સરનામું-

(૬) જેને નુકસાન થયું હોય તે મિલકતનું સ્વરૂપ અને વિસ્તાર-

(૭) અગ્નિશમન અને બચાવ કામગીરીઓ દરમિયાન જગ્યાઓ અથવા મિલકતને થયેલા નુકસાનનું વર્ણન અને તેની વિગતો-

(૮) માળખું તોડવા અથવા પાડી નાંખવા માટેના કારણો, કોઇ હોય તો, તે-

(૯) પક્ષકારે કરેલ દાવાની રકમ, કોઇ હોય તો, તે-

(૧૦) નિયમ ૨૪ના પેટા-નિયમ (૨) હેઠળ મુકરર કરેલ સત્તામંડળના અધિકારીનું નામ અને હોદ્દો-

(૧૧) વિશેષ નોંધો-

(૧૨)

--------------------------- મારફત રજૂ કરેલ

સહી/-

બચાવ કામગીરીનો હવાલો ધરાવનાર (ઇન-ચાર્જ)

અધિકારીનું નામ અને હોદ્દો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

નીલા મુન્શી,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી

અને હોદ્દાની રૂએ નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 323

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, NOVEMBER 22, 2016/AGRAHAYANA 1, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી નવેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના કાયદા વિભાગ ના તારીખ : ૫મી નવેમ્બર, ૨૦૧૬ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૭૪/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૫) ના ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Code of Criminal Procedure, 1973.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૫મી નવેમ્બર, ૨૦૧૬.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક: જીકે / ૭૪ / ૨૦૧૬ / સીસીએ / ૧૦૨૦૧૪ / ૧૧૬૧ / ડી (ભાગ-૫):- ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા)ની કલમ ૯ સાથે વાંચતા, કલમ ૭થી મળેલી સત્તાની રૂએ અને સેશન્સ કોર્ટ, જામનગરના સેશન્સ વિભાગને લાગુ પડતા હોય તેટલે સુધી આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામાં રદ કરીને, ગુજરાત સરકાર, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, આથી, સન ૨૦૧૬ના નવેમ્બર મહિનાની ૧૩મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, દેવભૂમિ દ્વારકા જિલ્લા માટે સેશન્સ કોર્ટની સ્થાપના કરે છે અને નિર્દિષ્ટ કરે છે કે સેશન્સ કોર્ટ, દેવભૂમિ દ્વારકાનો સેશન્સ વિભાગ, મહેસૂલ વિભાગના તારીખ: ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૩ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચએમ / ૨૦૧૩ / ૭૫ / એમ / પીઈઆર / ૧૦૨૦૧૩ / ૧૩૯ / એલ-૧.થી, રચના કર્યા પ્રમાણેના દેવભૂમિ દ્વારકા જિલ્લાનો બનેલો રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,

સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 324

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, NOVEMBER 23, 2016/KARTIKA 2, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી નવેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **કાયદા વિભાગ** ના **તારીખ : ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૬** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીકે/૬૦/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૪)** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Code of Criminal Procedure, 1973.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૬

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંકઃ જીકે /૬૦ /૨૦૧૬ /સીસીએ /૧૦૨૦૧૪ /૧૧૬૧ / ડી, (ભાગ-૪):- ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા)ની કલમ ૯ સાથે વાંચતા, કલમ ૭થી મળેલી સત્તાની રૂએ અને સેશન્સ કોર્ટ, રાજકોટ જિલ્લો, જામનગર જિલ્લો અને સુરેન્દ્રનગર જિલ્લાના સેશન્સ વિભાગને લાગુ પડતા હોય તેટલે સુધી આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, આથી, સન ૨૦૧૬ના ઓક્ટોબર મહિનાની ૨જી તારીખથી અમલમાં આવે તેમ, મોરબી જિલ્લા માટે સેશન્સ કોર્ટની સ્થાપના કરે છે અને નિર્દિષ્ટ કરે છે કે સેશન્સ કોર્ટ, મોરબીનો સેશન્સ વિભાગ(ડિવિઝન), મહેસૂલ વિભાગના તારીખઃ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૩ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચએમ /૨૦૧૩ / ૭૪ / એમ /પીઈઆર /૧૦૨૦૧૩ /એલ-૧.થી, રચના કર્યા પ્રમાણેના મોરબી જિલ્લાનો બનેલો રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ.એચ.વર્મા
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 325

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, NOVEMBER 23, 2016/KARTIKA 2, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી નવેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ** ના **તારીખ : ૧૮મી ઓક્ટોબર, ૨૦૧૬** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચ/વી/૨૦૧૬ નો ૧૮૮/યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬(૨)-એલ** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Town Planning and Urban Development Act, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૮/૧૦/૨૦૧૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંકઃ જીએચ / વી / ૨૦૧૬નો ૧૮૮ / યુડીએ - ૧૦૨૦૧૪ - ૫૦૨૬(૨) - એલઃ- ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંકઃ ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૨૨ની પેટા-કલમ (૧), (૨), (૨-ક), કલમ ૨૨ની પેટા-કલમ (૫), કલમ ૨૩ની પેટા-કલમ (૩) અને કલમ ૧૦૮-થી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૦૯/૧૨/૨૦૧૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચ/વી/૨૦૧૫નો ૩૨૯/યુડીએ-૧૦૨૦૧૪-૫૦૨૬(૨)-એલ. હેઠળ, શહેરી વિકાસ વિસ્તારને, બારડોલી વિસ્તાર વિકાસ સત્તામંડળમાં (જેનો આમાં હવે પછી, "સદરહુ સત્તામંડળ" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમાં) અને આસપાસના ગામડામાં જોડવામાં આવ્યો હોવાનું જાહેર કરે છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪ની પેટા-કલમ (૨)ના ખંડ (ક) સાથે વાંચતા, કલમ ૨૨ની પેટા-કલમ (૨ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે અનુસૂચિમાં જણાવેલ વિસ્તારને, બારડોલી શહેરી વિકાસ સત્તામંડળમાંથી બાકાત રાખવો અને સદરહુ અધિનિયમની સંબંધિત જોગવાઈ સદરહુ વિસ્તારને લાગુ પડતી બંધ થશે.

અનુસૂચિ

જિલ્લાનું નામ	તાલુકો	ગામ / નગરનું નામ
૧	૨	૩
સુરત	પલસાણા	જતપોર (રેલવે લાઈનનો ઉત્તર ભાગ), પીસાદ, ધામડોદ એના, ગોટિયા, વણેસા, અમલસાડી, કારેલી (રેલવે લાઈનનો ઉત્તર ભાગ), ગાંગપોર (રેલવે લાઈનનો ઉત્તર ભાગ).
	બારડોલી	બાબેન (સીટી), ઉમરાખ, અસ્તાન, ધામડોદ લુંભા, નિણત, સરભોણ, બાબલા, પથરડિયા, ગોજી, નિઝર.
	મહુવા	તરસાડી

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

નીલા મુન્શી,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને

હોદ્દાની રૂએ સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 326

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, NOVEMBER 24, 2016/AGRAHAYANA 3, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી નવેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **કાયદા વિભાગ** ના તારીખ : ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૬ ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીકે/૬૭/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૪)** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Code of Criminal Procedure, 1973

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ હેઠળ જાહેરનામું

ક્રમાંકઃ જીકે / ૭૩ / ૨૦૧૬ / સીસીએ / ૧૦૨૦૧૪ / ૧૧૬૧ / ડી, (ભાગ-૫) :- ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા)ની કલમ ૯ સાથે વાંચતા, કલમ ૭થી મળેલી સત્તાની રૂએ અને સેશન્સ કોર્ટ, જામનગરના સેશન્સ વિભાગને લાગુ પડતા હોય તેટલે સુધી આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, નિર્દિષ્ટ કરે છે કે મહેસૂલ વિભાગના તારીખઃ ૧૩મી ઓગસ્ટ, ૨૦૧૩ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએચએમ / ૨૦૧૩ / ૭૫ / એમ / પીઈઆર / ૧૦૨૦૧૩ / એલ-૧.થી, જામનગર જિલ્લાનું, જામનગર જિલ્લામાં અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં દ્વિભાજન કરવાને પરિણામે, સેશન્સ કોર્ટ, જામનગરનો સેશન્સ વિભાગ, સન ૨૦૧૬ના નવેમ્બર મહિનાની ૧૩મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, જામનગર જિલ્લાનો બનેલો રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,

સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 327

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, NOVEMBER 25, 2016/AGRAHAYANA 4, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી નવેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા **તારીખ : ૧૫મી ઓક્ટોબર, ૨૦૧૬** ના ગુજરાત સરકારના **નાણા વિભાગ** - ના **સરકારી જાહેરનામા ક્રમાંક :** (જીએચએન-૫૯)/વીએઆર-૨૦૧૬ (૪૦)/ઠ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to The Gujarat Value Added Tax Rules, 2006.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ સુધારવા સંબંધી જાહેરનામું.

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૧૫મી ઓક્ટોબર, ૨૦૧૬.

ગુજરાત મૂલ્યવર્ધિતવેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંક : (જીએચએન-૫૯) વીએઆર-૨૦૧૬(૪૦)/૬ :– ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૯૮ની પેટા-કલમ (૪)ના પરંતુક હેઠળ નિયમો કરવા અને તેની પૂર્વ પ્રસિદ્ધિ વિના ચલાવી લેવા તાત્કાલિક પગલાં લેવાનું તેને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૯૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (ચોથા સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત મૂલ્યવર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૫૧માં,

(૧) પેટા-નિયમ (૧),-માં

(૧) ખંડ (ખ)માં પ્રથમ પરંતુક પછી, નીચેના પરંતુકો દાખલ કરવા :-

''વધુમાં વેબ આધારિત સોફ્ટવેર એપ્લીકેશન, અને કોમ્યુનિકેશન ડિવાઈસ દ્વારા, અથવા ટેલિશોપીંગ પ્લેટફોર્મના માધ્યમ દ્વારા અગાઉ રાજ્યની અંદર લાવવામાં આવ્યો હોય તેવો માલ, રાજ્ય બહારના વેપારીને પરત કરેલા માલના કિસ્સામાં, તેની સાથે નમૂનો ૪૦૨ક જોડેલો હોવો જોઈશે:

''વળી કોર્ટ ફી સ્ટેમ્પના સ્વરૂપમાં રૂપિયા દસની ફીની ચૂકવણી, પાછળથી રદ કરવામાં આવી હોય તેવા, ઓનલાઈન મેળવેલા નમૂના ૪૦૨ મુજબ કરવી જોઈશે.''

(૨) ખંડ (ક) અને (ખ)માં, ''નમૂનો ૪૦૨'' એ શબ્દ અને આંકડા જ્યાં-જ્યાં આવે છે ત્યાં તેને બદલે, ''અથવા નમૂનો ૪૦૨ક'' એ શબ્દો અને આંકડા દાખલ કરવા.

(૨) પેટા-નિયમ (૪)માં, ખંડ (ક) (ખ) અને (ઘ)માં ''નમૂનો ૪૦૨'' એ શબ્દ અને આંકડા જ્યાં-જ્યાં આવે છે ત્યાં તેને બદલે, ''અથવા નમૂનો ૪૦૨ક'' એ શબ્દો અને આંકડા દાખલ કરવા.

(૩) પેટા-નિયમ (૫)માં,''નમૂનો ૪૦૩'' એ શબ્દ અને આંકડાને બદલે, ''અથવા નમૂનો ૪૦૩ક'' એ શબ્દો અને આંકડા ઉમેરવા.

INDEX

(૪) પેટા-નિયમ (૬)માં,-

(૧) ખંડ (ખ)માં, નીચેનો પરંતુક ઉમેરવો:-

''પરંતુ વેબ આધારિત સોફ્ટવેર એપ્લીકેશન, અને કોમ્યુનિકેશન ડિવાઈસ દ્વારા, અથવા ટેલિશોપીંગ પ્લેટફોર્મના માધ્યમ દ્વારા રાજ્યની અંદર લાવવામાં આવેલા માલના કિસ્સામાં કેરિયરે, નમૂનો ૪૦૩ક ત્રણ પ્રતમાં સાથે રાખવો જોઈશે.''

(૨) ખંડો (ખ),(ગ),(ઘ) અને (ચ)માં,''નમૂનો ૪૦૩'' એ શબ્દ અને આંકડા જ્યાં-જ્યાં આવે છે ત્યાં તેને બદલે, ''અથવા નમૂનો ૪૦૩ક'' એ શબ્દો અને આંકડા દાખલ કરવા.

(૩) ખંડ (ચ)માં,નીચેનો પરંતુક ઉમેરવો:-

''વળી કોર્ટ ફી સ્ટેમ્પના સ્વરૂપમાં રૂપિયા દસની ફીની ચૂકવણી, પાછળથી રદ કરવામાં આવ્યા હોય તેવા, ઓનલાઈન મેળવેલા નમૂના ૪૦૩માં, અથવા યથાપ્રસંગ નમૂના ૪૦૩ક મુજબ કરવી જોઈશે.''

૩: સદરહુ નિયમોમાં, નિયમ ૫૨-માં, પેટા-નિયમ(૨)માં,નીચેનો પરંતુક ઉમેરવો:-

''વધુમાં કોર્ટ ફી સ્ટેમ્પના સ્વરૂપમાં રૂપિયા દસની ફીની ચૂકવણી, પાછળથી રદ કરવામાં આવ્યા હોય તેવા, ઓનલાઈન મેળવેલા નમૂના ૪૦૫ મુજબ કરવી જોઈશે.''

૪. સદરહુ નિયમોમાં, નમૂના ૪૦૨ પછી,નીચેનો નમૂનો દાખલ કરવો:-

INDEX

અસલ
બીજી પ્રત
ત્રીજી પ્રત

"નમૂનો ૪૦૨ક
(જુઓ નિયમ ૫૧નો પેટા-નિયમ (૧))

ગુજરાત મૂલ્ય વર્ધિતવેરા અધિનિયમ,૨૦૦૩ની કલમ ૬૮ હેઠળ એકરારનામું
(ઈલેક્ટ્રોનિક ઓપરેટર દ્વારા ફેસીલીટિશન મારફત અગાઉ ખરીદેલા રાજ્ય બહારના વેપારીને પરત કરેલા માલ માટે)
ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા નિયમોના નિયમ ૨ના ખંડ(ઘ) હેઠળ વ્યાખ્યાયિત કર્યા પ્રમાણે

પ્રતિ,
હવાલો ધરાવતા અધિકારી,
ચેક પોસ્ટ ___________________.
(૧) જ્યાંથી માલ મોકલવામાં આવે છે તે સ્થળ: ___________________ગુજરાત
(૨) જે સ્થળે માલ મોકલવામાં આવે છે તે સ્થળ: ___________________
(૩) માલની વિગતો:

		માલ મોકલનારની વિગતો:			માલ મંગાવનારની વિગતો:			માલની વિગતો								
અનુ-ક્રમાંક	ઈ-ઈલેક્ટ્રોનિક ઓપરેટરનું નામ	નામ	ટીન (ટી.આઈ.એન.), જો કોઈ હોય તો	સરનામું	નામ	રાજ્ય	સી.એસ.ટી. રજિસ્ટ્રેશન નંબર (જો કોઈ હોય તો)	એલ.આર. નંબર	ભરતિયાં ક્રમાંક	ભરતિયાં તારીખ	માલનું વર્ણન	ચીજવસ્તુ કોડ	એકમ જથ્થો	યુનિટનું માપ	વેરાનો દર ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા	ચીજવસ્તુ મૂલ્ય
૧.																
૨.																
૩																
૪.																
૫.																

INDEX

(૪) હેરફેર કરનારની વિગતો:

(ક) નામ:

(ખ) સરનામું:

(ગ) વાહન નંબર:

સીલ:

સ્થળ: ______________ તારીખ: ________________ હોદ્દો: ________________ સહી: ________________

વાણિજ્યિક વેરા વિભાગ/ ચેકપોસ્ટ માટે

આવક ક્રમાંક	તારીખ	સમય	અસામાન્ય રોકાણનું કારણ										
વાહન													
આગમન													
નિર્ગમન													

તારીખ: ________________ હોદ્દો: ________________ સહી: ________________

૫. સદરહુ નિયમોમાં, નમૂના ૪૦૩ પછી, નીચેનો નમૂનો દાખલ કરવો:-

અસલ
બીજી પ્રત
ત્રીજી પ્રત

નમૂનો ૪૦૩૬

(જુઓ નિયમ ૫૧નો પેટા-નિયમ (૫))

ગુજરાત મૂલ્ય વર્ધિતવેરા અધિનિયમ,૨૦૦૩ની કલમ ૬૮ હેઠળ એકરારનામું
(ઈલેક્ટ્રોનિક ઓપરેટર દ્વારા ફેસીલીટિશન મારફત ખરીદેલા બહારના રાજ્યમાંથી પ્રવેશતા માલ માટે)
ગુજરાત સ્થાનિક વિસ્તારોમાં નિર્દિષ્ટ માલના પ્રવેશ પર વેરા નિયમોના નિયમ ૨ના ખંડ(ઘ) હેઠળ વ્યાખ્યાયિત કર્યા પ્રમાણે

પ્રતિ,
હવાલો ધરાવતા અધિકારી,

ચેક પોસ્ટ ____________________.

(૧)જે સ્થળે માલ મોકલવામાં આવે છે તે સ્થળ:- ________________ગુજરાત

(૨)જ્યાંથી માલ મોકલવામાં આવે છે તે સ્થળ: ________________

(૩) માલની વિગતો:

		માલ મોકલનારની વિગતો:				માલ મંગાવનારની વિગતો:			માલની વિગતો								
અનુ-ક્રમાંક	ઈ-ઇલેક્ટ્રોનિક ઓપરેટરનું નામ	નામ	રાજ્ય	ટીન (ટી.આઈ.એન.)	સી.એસ.ટી. રજિસ્ટ્રેશન નંબર (જો કોઈ હોય તો)	નામ	ટીન (ટી.આઈ.એન.),જો કોઈ હોય તો	સરનામું	એલ.આર. નંબર	ભરતિયાં ક્રમાંક	ભરતિયાં તારીખ	માલનું વર્ણન	ચીજવસ્તુ કોડ	એકમ જથ્થો	એકમ નું માપ	વેરાનો દર. ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા	ચીજવસ્તુ મૂલ્ય
૧.																	
૨.																	
૩.																	
૪.																	
૫.																	

INDEX

(૪) હેરફેર કરનારની વિગતો:

(ક) નામ:

(ખ) સરનામું:

(ગ) વાહન નંબર:

સીલ:

સ્થળ: ____________ તારીખ: ______________ હોદ્દો: ______________ સહી: ______________

વાણિજ્યિક વેરા વિભાગ/ ચેકપોસ્ટ માટે

આવક ક્રમાંક	તારીખ	સમય	અસામાન્ય રોકાણનું કારણ	પરિણામ કોઈ હોય તો,									
વાહન													
આગમન													
નિર્ગમન													

તારીખ: ______________ હોદ્દો: ______________ સહી: ______________ ".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.મેકવાન,

સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 328

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, NOVEMBER 25, 2016/AGRAHAYANA 4, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી નવેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા **તારીખ : ૧૦મી નવેમ્બર, ૨૦૧૬** ના ગુજરાત સરકારના **નાણા વિભાગ** - ના સરકારી જાહેરનામા **ક્રમાંક** : (જીએચએન-૬૮)/વીએટી-૨૦૧૬ -એસ.૧૧(૬)(૬)/૪, નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

Amendment to the Government Notification, Finance Department No.(GHN-14) VAT-2010-S.11 (6) (2)-TH, dated the 29th June, 2010.

તારીખ: ૨૯મી જૂન, ૨૦૧૦નું નાણા વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૧૪) વીએટી-૨૦૧૦-એસ.૧૧ (૬)(૨)-ઠ. સુધારવા સંબંધી જાહેરનામું.

નાણા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૧૦મી નવેમ્બર, ૨૦૧૬.

ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંક. (જીએચએન-૬૮)વીએટી-૨૦૧૬-એસ.૧૧(૬)(૬)-ઠ:- ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી, હવે, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૧૧ની પેટા-કલમ (૬)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તારીખ: ૨૯મી જૂન, ૨૦૧૦નું નાણા વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૧૪) વીએટી-૨૦૧૦-એસ.૧૧(૬)(૨)-ઠ, નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક. ૩-ની નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી:-

નોંધ ક્રમાંક	માલનું વર્ણન	સમગ્ર અથવા આંશિક વેરા શાખને પાત્ર ન હોવા બાબત.	નિયંત્રણ અને શરતો, કોઇ હોય તો.
૧	૨	૩	૪
"૪	(૧)પાન-મસાલા (૨)વાયુમિશ્ર (એઅરેટેડ) અને કાર્બોનેટયુક્ત પીણાં (૩)મોબાઈલ ફોન (૪)વીસ ટકા અથવા વધુ વેરાનો કુલ દર (વધારાના કર સહિત) જેને લાગુ પડતો હોય તેવા, તમાકુમાંથી બનાવેલી સિગરેટ સિવાયના માલ.	જેના માટે વેરા શાખ મળવાપાત્ર હોય તેવી રાજ્યમાંની ખરીદીઓના વેરાપાત્ર ટર્નઓવર ઉપર વેરાની રકમ બે ટકા કરતાં વધુ હોય તેટલે સુધી.	આંતરરાજ્ય વેપાર અને વાણિજ્ય વ્યવહાર દરમિયાન માલ વેચવામાં/ ફરીથી વેચવામાં આવે, ત્યારે ઇનપુટ વેરા શાખ ઘટાડવામાં આવશે.
૫	(૧)પાન-મસાલા (૨)વાયુમિશ્ર (એઅરેટેડ) અને કાર્બોનેટયુક્ત પીણાં (૩)મોબાઈલ ફોન (૪)વીસ ટકા અથવા વધુ વેરાનો કુલ દર (વધારાના કર સહિત) જેને લાગુ પડતો હોય તેવા, તમાકુમાંથી બનાવેલી સિગરેટ સિવાયના માલ.	સમગ્ર વેરો	શાખા તબદીલી અથવા રાજ્ય બહારના એજન્ટને માલ મોકલવામાં અથવા રવાના કરવામાં આવે, ત્યારે ઇનપુટ વેરા શાખ ઘટાડવામાં આવશે."

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

સી. જે. મેકવાન,
સરકારના સંયુક્ત સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 329

वार्षिक लावाजमनो दर रू. ३५००/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, NOVEMBER 28, 2016/AGRAHAYANA 7, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી નવેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના કાયદા વિભાગ ના તારીખ : ૫મી નવેમ્બર, ૨૦૧૬ ના સરકારી જાહેરનામા

(૧) ક્રમાંક : જીકે/૭૬/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૫)

(૨) ક્રમાંક : જીકે/૭૭/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૫)

(૩) ક્રમાંક : જીકે/૭૮/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૫)

(૪) ક્રમાંક : જીકે/૭૯/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૫)

(૫) ક્રમાંક : જીકે/૮૦/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૫), અને

(૬) ક્રમાંક : જીકે/૮૧/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૫) - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૫મી નવેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંકઃ જીકે / ૭૬ / ૨૦૧૬ / સીસીએ / ૧૦૨૦૧૪ / ૧૧૬૧ / ડી, (ભાગ-૫):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૫, ૭, ૧૧ અને ૧૩થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના નવેમ્બર મહિનાની ૧૩મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન સિનિયર દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છેઃ-

૧. જિલ્લા કોર્ટ, જામનગરના તાબા હેઠળની સિનિયર દીવાની જજની કોર્ટ, ખંભાળિયા, હવે જિલ્લા કોર્ટ, દેવભૂમિ દ્વારકાના તાબા હેઠળ રહેશે;

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન મુખ્ય સિનિયર દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ ખંભાળિયા ખાતે ભરશે;

૩. સિનિયર દીવાની જજ, ખંભાળિયા-ની કોર્ટની હકૂમતની સ્થાનિક હદો, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા, ઓખામંડળ (દ્વારકા), ભાણવડ અને કલ્યાણપુર તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,
સરકારના ઉપ સચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી નવેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંકઃ જીકે / ૭૭ / ૨૦૧૬ / સીસીએ / ૧૦૨૦૧૪ / ૧૧૬૧ / ડી, (ભાગ-૫):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૬, ૭ અને ૧૧થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના નવેમ્બર મહિનાની ૧૩મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છેઃ-

૧. જિલ્લા કોર્ટ, જામનગરના તાબા હેઠળની દીવાની જજની કોર્ટ, ખંભાળિયા, હવે જિલ્લા કોર્ટ, દેવભૂમિ દ્વારકાના તાબા હેઠળ રહેશે;

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ ખંભાળિયા ખાતે ભરશે;

૩. દીવાની જજ, ખંભાળિયા-ની કોર્ટની હકૂમતની સ્થાનિક હદો, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,
સરકારના ઉપ સચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી નવેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંકઃ જીકે / ૭૮ / ૨૦૧૬ / સીસીએ / ૧૦૨૦૧૪ / ૧૧૬૧ / ડી, (ભાગ-૫):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૬, ૭ અને ૧૧થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના નવેમ્બર મહિનાની ૧૩મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છેઃ-

૧. જિલ્લા કોર્ટ, જામનગરના તાબા હેઠળની દીવાની જજની કોર્ટ, દ્વારકા, હવે જિલ્લા કોર્ટ, દેવભૂમિ દ્વારકાના તાબા હેઠળ રહેશે;

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન મુખ્ય દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ દ્વારકા ખાતે ભરશે;

૩. દીવાની જજ, દ્વારકા-ની કોર્ટની હકૂમતની સ્થાનિક હદો, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખામંડળ (દ્વારકા) તાલુકાના આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૨)માં દર્શાવેલા ગામોની બનશે.

અનુસૂચિ

અનુક્રમાંક	**ગામોના નામ**
(૧)	(૨)
૧	બાતીસા
૨	વસઈ
૩	વરવાળા
૪	શિવરાજપુર
૫	મકનપુર
૬	ધ્રાસણવેલ
૭	મુળવાસર
૮	અણિયાળી
૯	ટુંપણી
૧૦	નાના ભાવડા

અનુક્રમાંક	ગામોના નામ
(૧)	(૨)
૧૧	મોટા ભાવડા
૧૨	કોરાળા
૧૩	બરડિયા
૧૪	ધીણકી
૧૫	જૂની ધ્રેવડ
૧૬	નવી ધ્રેવડ
૧૭	મેરીપુર
૧૮	લોવરાલી
૧૯	ગોરીંજા
૨૦	ખતુંબા
૨૧	કલ્યાણપુર
૨૨	ટોબર
૨૩	મેવાસા
૨૪	વાચ્છુ
૨૫	ચરકલા
૨૬	કુરંગા
૨૭	ઓખામઢી
૨૮	દ્વારકા

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,
સરકારના ઉપ સચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી નવેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંકઃ જીકે / ૭૯ / ૨૦૧૬ / સીસીએ / ૧૦૨૦૧૪ / ૧૧૬૧ / ડી, (ભાગ-૫):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૬, ૭ અને ૧૧થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના નવેમ્બર મહિનાની ૧૩મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છેઃ-

૧. જિલ્લા કોર્ટ, જામનગરના તાબા હેઠળની દીવાની જજની કોર્ટ, ઓખામંડળ, હવે જિલ્લા કોર્ટ, દેવભૂમિ દ્વારકાના તાબા હેઠળ રહેશે;

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન મુખ્ય દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ ઓખામંડળ ખાતે ભરશે;

૩. દીવાની જજ, ઓખામંડળ-ની કોર્ટની હકૂમતની સ્થાનિક હદો, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખામંડળ (દ્વારકા) તાલુકાના આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૨)માં દર્શાવેલા ગામોના વિસ્તારોની બનશે.

અનુસૂચિ

અનુક્રમાંક	ગામોના નામ
(૧)	(૨)
૧	ઓખા શહેર
૨	બેટ દ્વારકા
૩	શામલાસર (ગોપી)
૪	મુળવેલ
૫	પોશીત્રા
૬	મીઠાપુર
૭	સૂરજકરાડી
૮	આરંભડા
૯	પાડલી
૧૦	હમુસર
૧૧	ગોરિયાળી
૧૨	રાજપુરા
૧૩	ગઢેચી
૧૪	નાગેશ્વર
૧૫	રાંગાસર
૧૬	લાશીંગપરા
૧૭	મોજપ
૧૮	ભીમરાણા

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,
સરકારના ઉપ સચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી નવેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંકઃ જીકે / ૮૦ / ૨૦૧૬ / સીસીએ / ૧૦૨૦૧૪ / ૧૧૬૧ / ડી, (ભાગ-૫):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૬, ૭ અને ૧૧થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે

INDEX

બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના નવેમ્બર મહિનાની ૧૩મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છેઃ-

૧. જિલ્લા કોર્ટ, જામનગરના તાબા હેઠળની દીવાની જજની કોર્ટ, ભાણવડ, હવે જિલ્લા કોર્ટ, દેવભૂમિ દ્વારકાના તાબા હેઠળ રહેશે;

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન મુખ્ય દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ ભાણવડ ખાતે ભરશે;

૩. દીવાની જજ, ભાણવડ-ની કોર્ટની હકૂમતની સ્થાનિક હદો, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,
સરકારના ઉપ સચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી નવેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંકઃ જીકે / ૮૧ / ૨૦૧૬ / સીસીએ / ૧૦૨૦૧૪ / ૧૧૬૧ / ડી, (ભાગ-૫):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૬, ૭ અને ૧૧થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના નવેમ્બર મહિનાની ૧૩મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છેઃ-

૧. જિલ્લા કોર્ટ, જામનગરના તાબા હેઠળની દીવાની જજની કોર્ટ, કલ્યાણપુર, હવે જિલ્લા કોર્ટ, દેવભૂમિ દ્વારકાના તાબા હેઠળ રહેશે;

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન મુખ્ય દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ કલ્યાણપુર ખાતે ભરશે;

૩. દીવાની જજ, કલ્યાણપુર-ની કોર્ટની હકૂમતની સ્થાનિક હદો, દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 330

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, DECEMBER 1, 2016/AGRAHAYANA 10, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી ડિસેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા **તારીખ : ૨૮મી ઓક્ટોબર, ૨૦૧૬** ના ગુજરાત સરકારના **ઉદ્યોગ અને ખાણ વિભાગ** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીયુ/૨૦૧૬/૮૯/બીઆરટી/૧૦૨૦૦૯/૬૩૨/ડીઉ**, નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Additional Director, Class I, in Gujarat Mining Services, Recruitment Rules, 2014.

ગુજરાત ખાણકામ સેવામાં, અધિક નિયામક, વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૪

સુધારવા સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૨૮/૧૦/૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંક: જીયુ/૨૦૧૬/૮૯/બીઆરટી/૧૦૨૦૦૯/૬૩૨/ડી૩:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત ખાણકામ સેવામાં, અધિક નિયામક વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત ખાણકામ સેવામાં, અધિક નિયામક વર્ગ ૧, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત ખાણકામ સેવામાં, અધિક નિયામક વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૪ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩માં ખંડ (ક)માં,

(૧) "૪૨ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૪૫ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

(૨) વિદ્યમાન પરંતુક પછી, નીચેનો મજકૂર ઉમેરવો:-

"વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો (સામાન્ય), ૧૯૬૭ના નિયમ ૮ ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણે ઉપલી વયમર્યાદા હળવી કરવાની બાબતના સંબંધમાં હોય તેટલે સુધી, લાગુ પડશે નહિ."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી.જી.ચૌધરી,

સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 331

વાર્ષિક લાવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, DECEMBER 1, 2016/AGRAHAYANA 10, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી ડિસેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **કાયદા વિભાગ ના તારીખ : ૫મી નવેમ્બર,** ૨૦૧૬ ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીકે/૭૩/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૫),** - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક.જીકે/૬૭/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૪):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૬, ૭ અને ૧૧ થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના ઓક્ટોબર મહિનાની ૨ જી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણેની પૂર્ણકાલીન દીવાની જજની કોર્ટની સ્થાપના કરે છે:-

૧. જિલ્લા કોર્ટ, સુરેન્દ્રનગરના તાબા હેઠળની દીવાની જજની કોર્ટ, હળવદ હવે જિલ્લા કોર્ટ, મોરબીના તાબા હેઠળ રહેશે.

૨. સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન મુખ્ય દીવાની જજ લેશે, જેઓ તેમની કોર્ટ હળવદ ખાતે ભરશે.

૩. દીવાની જજની કોર્ટ, હળવદની હકૂમતની સ્થાનિક હદો, મોરબી જિલ્લાના હળવદ તાલુકાના ગામોના વિસ્તારોની બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ.એચ.વર્મા,

સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 332

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, DECEMBER 1, 2016/AGRAHAYANA 10, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી ડિસેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા **તારીખ : ૨૮-૧૦-૨૦૧૬** ના ગુજરાત સરકારના **શ્રમ અને રોજગાર** વિભાગના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચઆર/૨૦૧૬/૧૮૮/જીએસઇ/૧૯/૨૦૧૫/૭૧૦૧/એમ-૩. - નો** ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Shops and Establishments Act, 1948.

ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૮/૧૦/૨૦૧૬.

ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮

ક્રમાંક: જીએચઆર/૨૦૧૬/૧૮૮/જીએસઈ/૧૯/૨૦૧૫/૬૭૧૦૧/એમ ૩:- ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના મુંબઇના ૭૯મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪ની પેટા- કલમ (૧)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામું બહાર પાડ્યાની તારીખથી બે વર્ષની મુદત સુધી **શાહ વિરચંદ ગોવનજી જ્વેલર્સ પ્રાઇવેટ લિમિટેડ, વલસાડ**-ની સંસ્થાઓને કલમ ૧૧ અને ૧૮ હેઠળની જોગવાઇઓમાંથી મુક્તિ આપવાના હેતુથી, સદરહુ અધિનિયમની અનુસૂચિ ૨ નીચે પ્રમાણે સુધારે છે:-

સદરહુ અધિનિયમની અનુસૂચિ-૨માં, અનુક્રમાંક ૧૯૯ની નોંધ પછી, નીચે પ્રમાણેની નોંધ ક્રમાંક. ૨૦૦ દાખલ કરવી:-

"અનુ-ક્રમાંક ૧	સંસ્થાઓ, કર્મચારીઓ અથવા બીજી વ્યક્તિઓ. ૨	અધિનિયમની જોગવાઇઓ. ૩
૨૦૦	નીચે દર્શાવ્યા પ્રમાણે **શાહ વિરચંદ ગોવનજી જ્વેલર્સ પ્રાઇવેટ લિમિટેડ, વલસાડ**-ની સંસ્થાઓ: વી.જી. હાઉસ, ભગિની સમાજ સામે, ડોક્ટર હાઉસ પાસે, હાલર રોડ, વલસાડ.	નીચેની શરતોને અધીન રહીને, કલમ ૧૧ અને ૧૮- (૧) આવી દુકાન અથવા વાણિજ્યક સંસ્થા કોઇપણ દિવસે રાત્રે ૧૧-૦૦ વાગ્યા પછી ખુલ્લી રહેશે નહિ. (૨) વેતનમાંથી કંઇ પણ કપાત કર્યા સિવાય, દરેક કર્મચારીને વારાફરતી અઠવાડિક રજા મળવી જોઇશે. (3) કરેલા ઓવર ટાઇમ કામ માટે, સદરહુ અધિનિયમની કલમ ૬૩ની પેટા-કલમ (૧)માં ઓવરટાઇમ કામ માટે ઠરાવેલા વેતનના દરે વેતન આપવું જોઇશે. (૪) સંચાલક મંડળે, નોટિસ બોર્ડ ઉપર ગુજરાત દુકાન અને સંસ્થા નિયમો, ૧૯૬૨ના નિયમ ૨૩ના પેટા-નિયમ (૨) હેઠળ ઠરાવેલી નોટિસ દર્શાવવી જોઇશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી.બી.પંડ્યા,

સરકારના ઉપ સચિવ,

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 333

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, DECEMBER 1, 2016/AGRAHAYANA 10, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી ડિસેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૬ ના ગુજરાત સરકારના **શ્રમ અને રોજગાર વિભાગ** ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીએચઆર/૨૦૧૬/૧૫૭/એલબીએલ/૧૯૨૦૧૬/૮૨૩૫૮(૫)/એમ-૩** -નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Beedi and Cigar Workers (Conditions of Employment) Act, 1966.

બીડી અને સિગાર કામદાર (રોજગારની શરતો) અધિનિયમ, ૧૯૬૬ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખઃ ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૬.

બીડી અને સિગાર કામદાર (રોજગારની શરતો) અધિનિયમ, ૧૯૬૬.

ક્રમાંકઃ જીએચઆર /૨૦૧૬ / ૧૫૭ / એલબીએલ / ૧૯૨૦૧૬ / ૮૨૩૫૮ (૫) /એમ-૩:
ગુજરાત રાજ્યને લાગુ પડતા બીડી અને સિગાર કામદાર (રોજગારની શરતો) અધિનિયમ, ૧૯૬૬ (સન ૧૯૬૬ના ૩૨મા)ની કલમ ૩૩ ક-થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નિર્દિષ્ટ કરે છે કે સદરહુ અધિનિયમની કલમ ૩૩ની પેટા-કલમ (૧) હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુનાની, ફોજદારી કાર્યવાહી શરૂ થતાં પહેલાં અથવા તે પછી, ગુનેગાર (અપરાધી) દ્વારા અરજી કર્યેથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૬)માં નિર્દિષ્ટ કરેલા અધિકારી દ્વારા, પોતાના હકૂમતના વિસ્તારો માટે, સદરહુ અનુસૂચિના કોલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ઉપર્યુક્ત કલમ હેઠળ શિક્ષાપાત્ર ગુનાના સંબંધમાં, સદરહુ અનુસૂચિના કોલમ (૩)થી (૫)માં નિર્દિષ્ટ કરેલી રકમ સુધીની માંડવાળ કરી શકશે.

અનુસૂચિ

અનુ – ક્રમાંક	કલમ	પહેલા ગુના માટે રૂા.	બીજા ગુના માટે રૂા.	ત્રીજા ગુના માટે રૂા.	ગુનાની માંડવાળ કરવા માટેના અધિકારી / સત્તાધિકારી	મર્યાદાનો વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	૩૩(૧)	૫,૦૦૦/-	૫,૦૦૦/-	૫,૦૦૦/-	મદદનીશ શ્રમ આયુક્ત	તેમની સંબંધિત હકૂમતની અંદર

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એચ. વસાવા,
સરકારના નાયબ સચિવ.

એનેક્ષર-ક

બીડી અને સિગાર કામદાર (રોજગારની શરતો) અધિનિયમ, ૧૯૬૬ હેઠળ ગુનાની માંડવાળ કરવા માટેની અરજી

પ્રતિ,

વિષય – બીડી અને સિગાર કામદાર (રોજગારની શરતો) અધિનિયમ, ૧૯૬૬ હેઠળ ગુનાની માંડવાળ કરવા બાબત

શ્રીમાન,

બીડી અને સિગાર કામદાર (રોજગારની શરતો) અધિનિયમ, ૧૯૬૬ની કલમ ૩૩ ક ની પેટા-કલમ (૧) હેઠળ ઠરાવ્યા પ્રમાણે

૧. હું / અમે, આથી, બીડી અને સિગાર કામદાર (રોજગારની શરતો) અધિનિયમ, ૧૯૬૬ની કલમ ૩૩(૧) હેઠળ શિક્ષાપાત્ર ગુનાની માંડવાળ કરવા માટે અરજી કરું છું / કરીએ છીએ.

૨. સદરહુ ગુના માટે, નિરીક્ષણ સત્તાધિકારી .... (નામ), ... (હોદ્દો), ... (જિલ્લો)-એ, તારીખ:..............................ના રોજ કાનૂની નોટિસ કાઢેલ છે અને કહેવાતા ગુના અંગેની પૂર્તતા કરવા માટેની ૨૧ દિવસની નિયત મુદત પૂરી થઈ ગયેલ છે.

નીચેના (ક) અથવા (ખ)માંથી લાગુ પડતું હોય તેની સામે (✓) કરો.

(ક) હું / અમે, નિયત મુદતની અંદર કહેવાતા ગુના અંગેની પૂર્તતા કરી શકેલ ન હોવાથી, હું / અમે, આથી, ગુનાની માંડવાળ કરવા માટે અરજી કરું છું / કરીએ છીએ.

(ખ) હું / અમે, કહેવાતા ગુના અંગેની પૂર્તતા કરી શકેલ ન હોવાથી અને અમારી સામે ફોજદારી કાર્યવાહી દાખલ કરી હોવાથી અને તે હાલમાં ફર્સ્ટ કલાસ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ અનિર્ણિત હોવાથી, હું / અમે, આથી, ગુનાની માંડવાળ કરવા માટે અરજી કરું છું / કરીએ છીએ.

૩. હું / અમે, આથી, ગુનાની માંડવાળ કરવા અંગેના હુકમની તારીખથી ૨૧ દિવસની અંદર, બીડી અને સિગાર કામદાર (રોજગારની શરતો) અધિનિયમ, ૧૯૬૬ની કલમ ૩૩ ક માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની નિયત રકમ ભરવાની બાંયધરી આપું છું / આપીએ છીએ.

૪. હું / અમે, આથી, જાહેર કરું છું / કરીએ છીએ કે અમારી સંસ્થા / અન્ડરટેકિંગ-એ, બીડી અને સિગાર કામદાર (રોજગારની શરતો) અધિનિયમ, ૧૯૬૬ હેઠળ પહેલા / બીજા / ત્રીજા (લાગું પડતું હોય તેની નિશાની કરવી) ગુનાની માંડવાળ કરવા માટે અરજી કરેલ છે. તમામ સંબંધિત વિગતો, આ સાથે જોડેલા ઠરાવેલા એનેક્ષરમાં આપેલ છે. તેથી, બીડી અને સિગાર કામદાર (રોજગારની શરતો) અધિનિયમ, ૧૯૬૬ની કલમ ૩૩ ક હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે ગુનાની માંડવાળ કરવા માટેની પરવાનગી આપવા વિનંતી.

તારીખ: આપનો વિશ્વાસુ,

સ્થળ: અરજદારોની સહી અને તેમનો હોદ્દો

(ત્રણ નકલમાં રજૂ કરવું)

૧. સંસ્થા / અન્ડરટેકિંગનું નામ:

ઈમેઈલ સહિતના સરનામા:

લેન્ડલાઈન ટેલિફોન અને મોબાઈલ (સેલ) નંબર:

૨. અરજદારનું નામ અને હોદ્દો:

૩. કામે રાખેલા કામદારોની કુલ સંખ્યા:

૪. (૧) ગુનાનો પ્રકાર અને અધિનિયમની જે કલમ હેઠળ સદરહુ ગુનો શિક્ષાપાત્ર હોય તે કલમ:

(૨) ગુનાથી અસર પામેલ કામદારો, હોય તો, તેની સંખ્યા, નામ અને સરનામાં.

(જરૂર હોય, તો અલગ યાદી જોડવી)

૫. (૧) સંસ્થા દ્વારા ગુનાની માંડવાળ કરવા માટેની અરજી પ્રથમ વખત કરવામાં આવી છે કે કેમ?

(૨) પ્રથમ વખત કરવામાં ન આવી હોય, તો અધિનિયમ હેઠળ ગુનાની માંડવાળ કરવા માટેના અગાઉના હુકમની વિગતો.

૬. અન્ડરટેકિંગના કામનો પ્રકાર.

૭. ઈન્સ્ટોલ્ડ કેપેસિટિ, લાઈસન્સ્ડ કેપેસિટિ અને યુટિલાઈઝ્ડ કેપેસિટિને લગતી વિગતો.

૮. ગુનો કર્યાની તારીખ:

(૧) ગુનો વારંવાર કરવામાં આવેલ છે કે કેમ?

(૨) ફોજદારી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે કેમ?

(૩) જો એમ હોય, તો ફોજદારી કાર્યવાહીની વિગતો, કોર્ટનું નામ, કોર્ટ કેસ નંબર અને (કેસ) દાખલ કર્યાની તારીખ.

(૪) માલિક દ્વારા ગુના અંગેની પૂર્તતા કરવામાં આવેલ છે કે કેમ?

(૫) પૂર્તતા અંગેની વિગતો.

૯. તેની વિગતો અંગેનું કોઈ સંબંધિત કારણ (પરિબળ) હોય તો તે જણાવો.

તારીખ:

આપનો વિશ્વાસુ,

સ્થળ:

અરજદારોની સહી અને તેમનો હોદ્દો

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 334

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, DECEMBER 3, 2016/AGRAHAYANA 12, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૩જી ડિસેમ્બર, ૨૦૧૬.

તારીખ : ૩જી ડિસેમ્બર, ૨૦૧૬ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૬ના ગુજરાત વટહુકમ ક્રમાંક : ૫નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૩જી ડિસેમ્બર, ૨૦૧૬.

GUJARAT ORDINANCE NO.5 OF 2016.

AN ORDINANCE

further to amend the Gujarat Provincial Municipal Corporations Act, 1949.

સન ૨૦૧૬નો ગુજરાત વટહુકમ ક્રમાંક : ૫ .

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વટહુકમ.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી;

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઇ છે કે ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ સુધારવા માટે તાત્કાલિક પગલું લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

સન ૧૯૪૯નો મુંબઇનો ૫૯મો.

તેથી, હવે, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૩ના ખંડ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને પ્રસિદ્ધ કરે છેઃ-

૧. ***ટૂંકી સંજ્ઞા અને આરંભ.***-(૧) આ વટહુકમ ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વટહુકમ, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯મો.

૨. **સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯મો અધિનિયમ હંગામી રીતે સુધારવા બાબત.**- આ વટહુકમના અમલની મુદત દરમિયાન, ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ કલમ ૩-માં નિર્દિષ્ટ કરેલા સુધારાને અધીન રહીને અમલમાં રહેશે.

૩. **સન ૧૯૪૯ના મુંબઈના ૫૯માની કલમ ૧૯ સુધારવા બાબત.**-ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯માં, કલમ ૧૯માં,- સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯મો.

(૧) પેટા-કલમ (૧કક)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:-

"(૧કક) કોર્પોરેશને, સામાન્ય ચૂંટણી પછીની તેની પ્રથમ બેઠકમાં અને ત્યાર પછીના અઢી વર્ષની મુદત પૂરી થયા પછીની તેની પ્રથમ બેઠકમાં, કાઉન્સિલરોમાંથી તેના એક સભ્યને નાયબ (ડેપ્યુટી) મેયર તરીકે ચૂંટવા જોઈશે.

પરંતુ ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વટહુકમ, ૨૦૧૬ના આરંભની તારીખે તે તરીકેનો હોદ્દો ધરાવતા હોય તેવા વિદ્યમાન નાયબ મેયરની મુદત અઢી વર્ષની અથવા કોર્પોરેશનની મુદતના બાકીના સમયગાળા સુધીની, બેમાંથી જે વહેલું હોય, ત્યાં સુધીની રહેશે: સન ૨૦૧૬નો ગુજરાતનો વટહુકમ ૫ મો.

વધુમાં, વિદ્યમાન નાયબ મેયરની મુદત પૂરી થયા પછી ચૂંટાયેલા હોય તેવા નાયબ મેયર, હોય તો, તેની મુદત, કોર્પોરેશનની મુદતના બાકીના સમયગાળા સુધીની રહેશે.";

(૨) પેટા-કલમ (૨)માં, "પેટા-કલમ (૧)" એ શબ્દો, કૌંસ અને આંકડા પછી, "અથવા યથાપ્રસંગ, પેટા-કલમ (૧કક)" એ શબ્દો, કૌંસ, આંકડા અને અક્ષરો દાખલ કરવા.

નિવેદન

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૧૯ની પેટા-કલમ (૧કક)ની વિદ્યમાન જોગવાઈઓ, કોર્પોરેશનના નાયબ મેયરની મુદત એક વર્ષ માટે જોગવાઇ કરે છે. મેયર, સ્થાયી સમિતિ (સ્ટેન્ડીંગ કમીટી)ના અધ્યક્ષ અને તેના સભ્યો, વાહન વ્યવહાર સમિતિ (ટ્રાન્સપોર્ટ કમીટી)ના ચેરમેન અને તેના સભ્યો અને કોર્પોરેશનની દરેક ખાસ સમિતિના સભ્યોની મુદત અઢી વર્ષની છે.

તેથી, નાયબ મેયરની મુદત અઢી વર્ષના સમયગાળા સુધી નક્કી કરવાનું જરૂરી જણાયું છે, જેથી કરીને નાયબ મેયરની મુદત, બીજા પદાધિકારીઓ સાથે સંબંધિત હોય તેટલે સુધી (તેમની મુદતમાં) સમાનતા લાવી શકાય. તદનુસાર સદરહુ અધિનિયમની કલમ ૧૯ની પેટા-કલમ (૧કક) યોગ્ય રીતે સુધારવામાં આવી છે. વિદ્યમાન નાયબ મેયર અઢી વર્ષની મુદત (સુધી હોદ્દો) ધરાવી શકે તે માટેની જોગવાઇ પણ કરેલી છે. અમુક પારિણામિક સુધારાઓ પણ અમલમાં મૂકવામાં આવ્યા છે.

ગુજરાત રાજયની વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, ઉપર્યુક્ત અધિનિયમ સુધારવા આ વટહુકમ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગાંધીનગર,
તારીખ : ૩જી ડિસેમ્બર, ૨૦૧૬.

ઓ. પી. કોહલી,
ગુજરાતના રાજ્યપાલ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પૂનમચંદ પરમાર,
સરકારના અધિક મુખ્ય સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 335

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, DECEMBER 3, 2016/AGRAHAYANA 12, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી ડિસેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના કાયદા વિભાગ ના તારીખ : ૦૫-૧૧-૨૦૧૬ ના સરકારી જાહેરનામા (૧) ક્રમાંક : જીકે/૭૨/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૫), અને (૨) ક્રમાંક : જીકે/૭૫/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૫) - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૫મી નવેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક.જીકે/૭૨/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૫):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમ ૪ની પેટા-કલમ (૧), કલમ ૫-ની પેટા-કલમ (૧) અને કલમ ૭ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ અને જિલ્લા કોર્ટ, જામનગર-ને સંબંધિત હોય તેટલે સુધી, આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના નવેમ્બર મહિનાની ૧૩મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, જિલ્લા કોર્ટોની સ્થાપના કરે છે અને તે દરેકની સામે કોલમ (૩)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, તેમના સદર મથક નક્કી કરે છે અને અનુસૂચિના કોલમ (૪)માં, દરેક જિલ્લા કોર્ટની તાબાની દીવાની કોર્ટો નીચે પ્રમાણે નિર્દિષ્ટ કરે છે:-

અનુસૂચિ

અનુ-ક્રમાંક	જિલ્લા કોર્ટનું નામ	સદર મથક	તાબાની કોર્ટ	
(૧)	(૨)	(૩)	(૪)	
૧.	જામનગર, ધ્રોળ, જામજોધપુર, કાલાવાડ, લાલપુર અને જોડીયા તાલુકા ધરાવતા જામનગરના મહેસૂલી જિલ્લાની બનેલી જિલ્લા જજની કોર્ટ, જામનગર.	જામનગર	(૧)	મુખ્ય સિનિયર દીવાની જજની કોર્ટ, જામનગર.
			(૨)	મુખ્ય દીવાની જજની કોર્ટ, ધ્રોળ.
			(૩)	મુખ્ય દીવાની જજની કોર્ટ, જામજોધપુર.
			(૪)	મુખ્ય દીવાની જજની કોર્ટ, કાલાવડ.
			(૫)	મુખ્ય દીવાની જજની કોર્ટ, લાલપુર.
			(૬)	મુખ્ય દીવાની જજની કોર્ટ, જોડીયા.
૨.	ખંભાળિયા, ઓખામંડળ (દ્વારકા), ભાણવડ અને કલ્યાણપુર તાલુકા ધરાવતા દેવભૂમિ દ્વારકાના મહેસૂલી જિલ્લાની બનેલી જિલ્લા જજની કોર્ટ, દેવભૂમિ દ્વારકા.	ખંભાળિયા	(૧)	મુખ્ય સિનિયર દીવાની જજની કોર્ટ, ખંભાળિયા.
			(૨)	મુખ્ય દીવાની જજની કોર્ટ, દ્વારકા.
			(૩)	મુખ્ય દીવાની જજની કોર્ટ, ઓખામંડળ.
			(૪)	મુખ્ય દીવાની જજની કોર્ટ, ભાણવડ.
			(૫)	મુખ્ય દીવાની જજની કોર્ટ, કલ્યાણપુર.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,

સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 336

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, DECEMBER 3, 2016/AGRAHAYANA 12, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી ડિસેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના કાયદા વિભાગ ના તારીખ : ૦૫-૧૧-૨૦૧૬ ના સરકારી જાહેરનામા (૧) ક્રમાંક : જીકે/૮૩/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૫), અને (૨) ક્રમાંક : જીકે/૮૨/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૫) - નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૫મી નવેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક.જીકે/૮૩/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૫):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૧૧ અને ૧૨-થી મળેલી સત્તાની રૂએ અને ખંભાળિયા ખાતે દેવભૂમિ દ્વારકા નામના અદાલતી જિલ્લાની સ્થાપના કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના નવેમ્બર મહિનાની ૧૩મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, આદેશ કરે છે કે:-

" જામનગર-ના મહેસૂલી જિલ્લાના જામજોધપુર તાલુકાની સ્થાનિક હદોનો, સિનિયર દીવાની જજની કોર્ટ, જામનગરની હકૂમતની સ્થાનિક હદોમાં સમાવેશ કરવામાં આવશે."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,
સરકારના ઉપ સચિવ.

Notification

Under

The Gujarat Civil Courts Act, 2005.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૫મી નવેમ્બર, ૨૦૧૬.

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક.જીકે/૮૨/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૪/૧૧૬૧/ડી, (ભાગ-૫):- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૧૧ અને ૧૨-થી મળેલી સત્તાની રૂએ અને ખંભાળિયા ખાતે દેવભૂમિ દ્વારકા નામના અદાલતી જિલ્લાની સ્થાપના કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, સન ૨૦૧૬ના નવેમ્બર મહિનાની ૧૩મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, આદેશ કરે છે કે:-

"જામનગર-ના મહેસૂલી જિલ્લાના જામજોધપુર તાલુકાની સ્થાનિક હદોનો, જિલ્લા જજની કોર્ટ, જામનગરની હકૂમતની સ્થાનિક હદોમાં સમાવેશ કરવામાં આવશે."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 337

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] SATURDAY, DECEMBER 3, 2016/AGRAHAYANA 12, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી ડિસેમ્બર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા **તારીખઃ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૬ના** ગુજરાત સરકારના **ઉદ્યોગ અને ખાણ વિભાગ-ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ/૨૦૧૬/૮૫/એમએલએસ/૧૧૨૦૧૬/૮૩૯/ડી.૨-નો** ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ

Notification

Regarding

The Graphic Designer, Class III, in the Directorate of Government Printing and Stationery, Recruitment Rules, 2016.

સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરીમાં, ગ્રાફિક ડિઝાઈનર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખઃ ૨૭/૦૯/૨૦૧૬.

ભારતનુ સંવિધાન

ક્રમાંકઃ જીયુ/૨૦૧૬/૮૫/એમએલએસ/૧૧૨૦૧૬/૮૩૯/ડી.૨:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, ગ્રાફિક ડિઝાઈનર, વર્ગ ૩ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો, સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરીમાં, ગ્રાફિક ડિઝાઈનર, વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, ગ્રાફિક ડિઝાઈનર, વર્ગ ૩ની જગા ઉપરની નિમણૂક, જેણે:-

(ક) (૧) સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય-ની તાબાની સેવામાં, ડેસ્ક ટોપ પબ્લિશીંગ ઓપરેટર, વર્ગ ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કરેલું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, લેખિતમાં કારણોની નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે-તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. નિયમ ૨-માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે

ઉમેદવાર,-

(ક) ૩૭ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઇપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય-મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી

બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ પ્રિન્ટીંગ ટેક્નોલોજીમાં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે; અને

(ક) સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય–ની તાબાની સેવામાં, ડેસ્ક ટોપ પબ્લિશીંગ ઓપરેટર, વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા ઉપરનો આશરે બે વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા

(ખ) સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય–ની તાબાની સેવામાં, ડેસ્ક ટોપ પબ્લિશીંગ ઓપરેટર, વર્ગ ૩ની જગાને સમકક્ષ ગણી શકાય તેવી, સરકારી અથવા ખાનગી જાહેરાત (એડવર્ટાઈઝીંગ) એજન્સી અથવા પ્રિન્ટ મીડિયા હાઉસ અથવા ડિઝાઈનીંગ એજન્સી અથવા ડિઝાઈન સ્ટુડિયોમાં ડિઝાઈનીંગના ક્ષેત્રમાં આશરે બે વર્ષનો ડિઝાઈનીંગનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા

(૨) ટેક્નિકલ પરીક્ષા બોર્ડ અથવા ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણ યુનિવર્સિટી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ પ્રિન્ટીંગ ટેક્નોલોજીમાં ડિપ્લોમા ધરાવતો હોવો જોઈશે; અને

(ક) સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય–ની તાબાની સેવામાં, ડેસ્ક ટોપ પબ્લિશીંગ ઓપરેટર, વર્ગ ૩ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગા ઉપરનો આશરે ચાર વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા

(ખ) સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય– હેઠળની તાબાની સેવામાં, ડેસ્ક ટોપ પબ્લિશીંગ ઓપરેટર, વર્ગ ૩ની જગાને સમકક્ષ ગણી શકાય તેવી, સરકારી અથવા ખાનગી જાહેરાત (એડવર્ટાઈઝીંગ) એજન્સી અથવા પ્રિન્ટ મીડિયા હાઉસ અથવા ડિઝાઈનીંગ એજન્સી અથવા ડિઝાઈન સ્ટુડિયોમાં ડિઝાઈનીંગના ક્ષેત્રમાં આશરે ચાર વર્ષનો ડિઝાઈનીંગનો અનુભવ ધરાવતો હોવો જોઈશે.

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેની પૂરતી જાણકારી ધરાવતો હોવો જોઈશે.

૪. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯– ક–ની જોગવાઈઓ, સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

મહેન્દ્ર આર. સોની,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 338

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII]   FRIDAY, DECEMBER 9, 2016/AGRAHAYANA 18, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી ડિસેમ્બર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **કાયદા વિભાગના** તારીખ : **૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૬**ના સરકારી **જાહેરનામા ક્રમાંક : જીકે/૫૪/૨૦૧૬/એસસીટી/૧૦૨૦૧૬/૨૫૯૯/ડી**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

The Scheduled Castes and Scheduled Tribes (Prevention of Atrocities) Act, 1989.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯.

ક્રમાંક:જીકે/૫૪/૨૦૧૬/એસસીટી/૧૦૨૦૧૬/૨૫૯૯/ડી:- અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯ (સન ૧૯૮૯ના ૩૩મા) (જેનો આમાં હવે પછી, 'સદરહુ અધિનિયમ' તરીકે ઉલ્લેખ કર્યો હોય તે)ની કલમ ૧૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની સંમતિ સાથે, સન ૨૦૧૬ના ઓક્ટોબર મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૨-માં દર્શાવેલા જિલ્લા માટે, સદરહુ અધિનિયમ હેઠળના ગુનાઓની કાર્યવાહી કરવા માટે સેશન્સ કોર્ટને, 'વિશેષ ન્યાયાલય' તરીકે નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	**સેશન્સ કોર્ટનું નામ**
૧.	દાહોદ જિલ્લો
૨.	નર્મદા જિલ્લો
૩.	નવસારી જિલ્લો
૪.	પોરબંદર જિલ્લો

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એચ. વર્મા,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 339

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, DECEMBER 13, 2016/AGRAHAYANA 22, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ડિસેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : **૦૪થી ઓક્ટોબર, ૨૦૧૬ના** ગુજરાત સરકારના **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**-ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીપી-૪૫-એમકેએમ-૧૦૨૦૦૯-૧૭૫૯-છ.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Homeopathy Medical Officer, Class-III, Directorate of Indian System of Medicine and Homeopathy Recruitment Rules, 2016

હોમિયોપથી તબીબી અધિકારી, વર્ગ ૩, ભારતીય તબીબી અને હોમિયોપથી પદ્ધતિ નિયામકની કચેરી, ભરતી નિયમો, ૨૦૧૬ સંબંધી

જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૪થી ઓક્ટોબર, ૨૦૧૬.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃ જીપી–૪૫–એમકેએમ–૧૦૨૦૦૯–૧૭૫૯–છ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ભારતીય તબીબી અને હોમિયોપથી પદ્ધતિ નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, હોમિયોપથી તબીબી અધિકારી, વર્ગ ૩ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ–

૧. આ નિયમો હોમિયોપથી તબીબી અધિકારી, વર્ગ ૩, ભારતીય તબીબી અને હોમિયોપથી પદ્ધતિ નિયામકની કચેરી, ભરતી નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ભારતીય તબીબી અને હોમિયોપથી પદ્ધતિ નિયામકની કચેરીની તાબાની સેવામાં, હોમિયોપથી તબીબી અધિકારી, વર્ગ ૩ની જગા ઉપરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર–

(ક) ૩૫ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ.

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી હોમિયોપથી મેડિસીન અને સર્જરી (બી.એચ.એમ.એસ.)ની સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે.

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે;

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ ક ની જોગવાઈઓ લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સીધી પસંદગી માટે પોતાની અરજી કરવાના સમયે, એવી રીતે નોંધાયેલા (રજિસ્ટર થયેલા) ન હોય, તો તેણે, ધ કાઉન્સીલ ઓફ ધ હોમિયોપથીક સીસ્ટમ ઓફ મેડીસીન, ગુજરાત રાજ્ય -માં પોતાની નોંધણી કરાવવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.એલ.ખાંટ,

સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 340

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII]THURSDAY, DECEMBER 15, 2016/AGRAHAYANA 24, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ : ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૬.

તારીખ : ૧૫મી ડીસેમ્બર, ૨૦૧૬ના ગુજરાત રાજપત્ર (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **સન ૨૦૧૬**ના ગુજરાત વટહુકમ **ક્રમાંક : ૬** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

મહેસૂલ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૬.

GUJARAT ORDINANCE NO. 6 OF 2016.

AN ORDINANCE

to provide for validation of occupancy and allotment of certain lands of excess vacant land vested in the State Government under sub-section (3) of section 10 of the Urban Land (Ceiling and Regulation) Act, 1976 and whose possession had been taken over by the State Government prior to the 30th March, 1999 and for the matters connected therewith or incidental thereto.

સન ૨૦૧૬નો ગુજરાત વટહુકમ ક્રમાંક : ૬ .

શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૦ની પેટા-કલમ (૩) હેઠળ રાજ્ય સરકારમાં નિહિત થયેલી અને સન ૧૯૯૯ના માર્ચ મહિનાની ૩૦મી તારીખ પહેલાં રાજ્ય સરકારે જેનો કબજો લીધેલ હોય તેવી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનોના ભોગવટાની માન્યતા (કાયદેસરતા) અને તેની ફાળવણી માટેની અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઈ કરવા બાબત વટહુકમ.

ભારત સરકારે, સમન્વિત શહેરી વિસ્તારોમાં ખાલી જમીન ઉપર ટોચમર્યાદા લાદવાની અને ટોચમર્યાદા કરતાં વધારાની જમીનનું સંપાદન કરવાની જોગવાઈ કરવા માટે, શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ અધિનિયમિત કર્યો હતો;

સન૧૯૭૬નો ૩૩મો.

અને શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) રદ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૯ની કલમ ૧ની પેટા-કલમ (૨)ને લક્ષમાં લેતાં, સદરહુ રદ કરવા બાબત અધિનિયમ, બીજા કોઈપણ રાજ્યનું વિધાનમંડળ જે તારીખથી ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૫૨-ના ખંડ (૨) હેઠળ આ અર્થે ઠરાવ કરીને આ અધિનિયમને અપનાવે તે તારીખથી બીજા કોઈપણ રાજ્યને લાગુ પડશે;

સન૧૯૯૯નો ૧૫મો.

અને ગુજરાત રાજ્યના વિધાનમંડળે, સન ૧૯૯૯ના માર્ચ મહિનાની ૩૦મી તારીખે ઠરાવ કરીને સદરહુ રદ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૯ અપનાવ્યો હતો અને આ રીતે તે

INDEX

(અધિનિયમ) સન ૧૯૯૯ના માર્ચ મહિનાની ૩૦મી તારીખથી ગુજરાત રાજ્યમાં અમલમાં આવેલ છે;

અને શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ સન ૧૯૯૯ના માર્ચ મહિનાની ૩૦મી તારીખથી અમલમાં આવે તે રીતે, શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) રદ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૯થી રદ કરવામાં આવેલ છે; સન૧૯૭૬નો ૩૩મો. સન ૧૯૯૯નો ૧૫મો.

અને સન ૧૯૭૬નો સદરહુ અધિનિયમ રદ થતાં પહેલાં, કેટલીક વધારાની ખાલી જમીન, રદ થયેલા સદરહુ અધિનિયમની જોગવાઈઓ હેઠળ, રાજ્ય સરકારમાં નિહિત થયેલ છે;

અને રાજ્ય સરકારે, રદ થયેલા સદરહુ અધિનિયમમાં જોગવાઈ કર્યા પ્રમાણેની રીતે, પોતાનામાં નિહિત થયેલી આવી ફાજલ વધારાની ખાલી જમીનની ફાળવણી કરવાની રહે છે;

અને સન ૧૯૯૯ના માર્ચ મહિનાની ૩૦મી તારીખ પહેલાં રાજ્ય સરકારે જેનો કબજો લીધો હતો તેવી વધારાની ખાલી જમીન ઉપર અગાઉથી જ રહેણાક માળખા ઊભા કરવામાં આવ્યાં હતા;

અને સમન્વિત શહેરી વિસ્તારોમાંના સમાજના નિમ્ન આર્થિક વર્ગની વ્યક્તિઓ આ રહેણાક માળખાનો ભોગવટો ધરાવે છે અને આ રીતે તેઓ આવી વધારાની ખાલી જમીનનો ભોગવટો ધરાવે છે;

અને રાજ્ય સરકાર એવો અભિપ્રાય ધરાવે છે કે આવા ભોગવટો કરનારાઓને આવા ભોગવટામાંથી દૂર કરવા માટેના પગલાં લેવામાં આવે, તો તેમના માટે મોટી મુશ્કેલી ઊભી થશે;

અને રાજ્ય સરકાર, સમાજના આર્થિક રીતે નબળા વર્ગોના લાભાર્થે, સમન્વિત શહેરી વિસ્તારોમાં જમીનની વાજબી વહેંચણીને પ્રોત્સાહન આપવા માટે કરવા પ્રતિબદ્ધ (વચનબદ્ધ) છે;

અને ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી;

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઈ છે કે આવો ભોગવટો કરનારે ધરાવેલા કબજાને માન્ય (કાયદેસર) ઠરાવવા માટે અને આવા ભોગવટો ધરાવનારાઓને રાજ્ય સરકારમાં નિહિત થયેલી કેટલીક વધારાની ખાલી જમીન ફાળવવા માટે તાત્કાલિક પગલું લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૩ના ખંડ (૧)થી તેમને મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને પ્રસિદ્ધ કરે છેઃ-

૧. *ટૂંકી સંજ્ઞા અને આરંભ.*-(૧) આ વટહુકમ ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજ્ય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા)અને તેની ફાળવણી કરવા બાબત વટહુકમ, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

૨. *વ્યાખ્યા.*- આ વટહુકમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯મો.

(ક) ''કોર્પોરેશન'' એટલે ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા)ની કલમ ૨ના ખંડ (૧૦)થી વ્યાખ્યા કર્યા પ્રમાણેનું મ્યુનિસિપલ કોર્પોરેશન;

(ખ) ''વધારાની ખાલી જમીન'' એટલે સન ૧૯૯૯ના માર્ચ મહિનાની ૩૦મી તારીખ પહેલાં, રદ થયેલા અધિનિયમ હેઠળ રાજ્ય સરકારે જેનો કબજો લીધેલ હોય તેવી રાજ્ય સરકારમાં નિહિત થયેલી જમીન;

(ગ) ''ભોગવટો ધરાવનાર'' એટલે વધારાની ખાલી જમીન ઉપર બાંધવામાં આવેલા રહેણાક માળખાનો, સન ૨૦૧૧ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખથી અથવા તે પહેલાથી આ વટહુકમ અમલમાં આવ્યાની તારીખ સુધી ભોગવટો ધરાવનાર વ્યક્તિ અને તેમાં આ વટહુકમ અમલમાં આવ્યાની તારીખે, ૧લી જાન્યુઆરી, ૨૦૧૧થી શરૂ થતી અને ૩૧મી મે, ૨૦૧૬ના રોજ પૂરી થતી મુદત દરમિયાન કરવામાં આવેલી લેવડદેવડ અથવા લેવડદેવડોને પરિણામે આવા માળખાનો ભોગવટો ધરાવતી હોય તેવી વ્યકિતનો સમાવેશ થાય છે;

(ઘ) ''ભોગવટા કિંમત'' એટલે ભોગવટાને કાયદેસર (માન્ય) ઠરાવવા માટે, રાજ્ય સરકારે જાહેર કર્યા પ્રમાણે નાણાની જેટલી રકમ ભોગવટો કરનારે ચૂકવવી જરૂરી હોય, તેટલી રકમ;

(ચ) ''ઠરાવેલું'' એટલે કલમ ૧૪ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(છ) ‘‘રદ થયેલો અધિનિયમ’’ એટલે શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬; સન ૧૯૭૬નો ૩૩મો.

(જ) ‘‘રહેઠાણનું મકાન (રહેણાક માળખું)’’ એટલે ખાનગી વસવાટના હેતુ માટે ભોગવટો કરનાર દ્વારા ઉપયોગમાં લેવામાં આવતું વધારાની ખાલી જમીન ઉપર આવેલું કોઇપણ પ્રકારનું નિવાસસ્થાન અને તેમાં સદરહુ મકાન (માળખા)ની અંદર કરવામાં આવતી કોઇ આનુષંગિક આજીવિકાને લગતી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે ;

(ઝ) ‘‘રાજ્ય સરકાર’’ એટલે ગુજરાત સરકાર.

૩. **ભોગવટાની માન્યતા અને વધારાની ખાલી જમીનની ફાળવણી.-** બીજા કોઇપણ કાયદા અથવા કોઇ સક્ષમ કોર્ટના કોઇ ચુકાદા, હુકમનામા અથવા હુકમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકાર, ભોગવટાને માન્ય (કાયદેસર) ઠરાવી શકશે અને તેમાં (રાજ્ય સરકારમાં) નિહિત થતી વધારાની ખાલી જમીનો પૈકીની અમુક જમીનો કે જેનો કબજો આમાં હવે પછી જોગવાઇ કર્યા પ્રમાણેની રીતે રદ થયેલા અધિનિયમ હેઠળ લેવામાં આવ્યો હોય, તે જમીનોની ફાળવણી કરી શકશે.

૪. **જમીનના ભોગવટાની માન્યતા અને તેની ફાળવણી માટેની અરજી.-** રહેઠાણના મકાન (રહેણાક માળખા)નો ભોગવટો કરનારે, તેના તે જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા અને તેની ફાળવણીના હેતુ માટે રાજ્ય સરકાર આ અર્થે નક્કી કરે તેટલી ભોગવટા કિંમત તરીકે ઠરાવવામાં આવે તેટલી ફી સાથે, ઠરાવેલા નમૂનામાં, મામલતદારને, આ વટહુકમ અમલમાં આવે તે તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર અથવા રાજ્ય સરકાર, હુકમથી, વખતોવખત લંબાવે તેટલી મુદત (સમય)ની અંદર અરજી કરવી જોઇશે.

૫. **અરજી સાથે રજૂ કરવાના દસ્તાવેજો.-** (૧) ભોગવટો કરનારે, તેની અરજી સાથે, ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની કલમો ૬૧ અને ૨૦૨ હેઠળ તેને આપવામાં આવેલી નોટિસ અને તે હેઠળ કરેલા હુકમો, કોઇ હોય, તો તેની એક નકલ રજૂ કરવી જોઇશે. સન ૧૮૭૯નો મુંબઇના ૫-મો.

(૨) ભોગવટો કરનારે, ભોગવટા અંગેનો દાવો કરવા માટે, તેની અરજી સાથે, શકય હોય તેટલી જૂનામાં જૂની નીચેના એક અથવા તેથી વધારે દસ્તાવેજોની નકલ રજૂ કરવી જોઇશે :-

(૧) રેશન કાર્ડ;

(૨) આધાર કાર્ડ;

(૩) પાસપોર્ટ;

(૪) ડ્રાઇવિંગ લાઇસન્સ;

(૫) મતદાર ઓળખપત્ર;

(૬) વીજળી બિલ;

(૭) મિલકત વેરા બિલ;

(૮) પાણી વેરા બિલ:

પરંતુ ભોગવટો કરનારે તેના ભોગવટાના દાવાના સમર્થનમાં, વેચાણ ખત અથવા વેચાણ માટેના કરાર અથવા કબજા માટેના લેખ, કોઇ હોય, તો તે પણ રજૂ કરી શકશે.

(૩) ભોગવટો કરનારને, તેની ઓળખના હેતુ માટે, તેની અરજી સાથે નીચેના દસ્તાવેજો પૈકી કોઇ એક અથવા તેથી વધુ દસ્તાવેજો રજૂ કરવા જોઇશે :-

(૧) પાન (PAN) કાર્ડ;

(૨) આધાર કાર્ડ;

(૩) પાસપોર્ટ;

(૪) ડ્રાઇવિંગ લાઇસન્સ;

(૫) મતદાર ઓળખપત્ર.

૬. **મામલતદાર દ્વારા વાંધા મંગાવવા માટેની નોટિસ.**- મામલતદાર, કલમ ૪ હેઠળની અરજી મળ્યા પછી, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં નોટિસ પ્રસિદ્ધ કરી શકશે અને તે (નોટિસ) દ્વારા ભોગવટો કરનારે કરેલા ભોગવટાના દાવાના સંબંધમાં, કોઇ વ્યક્તિ પાસેથી, આવી નોટિસની પ્રસિદ્ધિની તારીખથી એક મહિનાની મુદતની અંદર વાંધા મંગાવી શકશે.

૭. **મામલતદારનો નિર્ણય.**- (૧) કલમ ૬ હેઠળની નોટિસના સંબંધમાં વાંધા મળ્યા હોય તેવા કિસ્સામાં, મામલતદારે તે અંગે વિચારણા કરવી જોઇશે અને તમામ સંબંધિતોને સુનાવણીની તક આપ્યા પછી અને તેમના દ્વારા કરવામાં આવેલા દાવાને વિચારણામાં લીધા પછી, ભોગવટો કરનારની અરજી મંજૂર કરવી જોઇશે અથવા તે નામંજૂર કરવી જોઇશે.

(૨) ભોગવટો કરનારની અરજી, પેટા-કલમ (૧) હેઠળ નામંજૂર કરવામાં ન આવે તેવા કિસ્સામાં અને મામલતદારને સુસંગત દસ્તાવેજોને વિચારણામાં લીધા પછી, રહેઠાણના મકાન (રહેણાક માળખા)ના સંબંધમાં ભોગવટો કરનારના દાવાની યથાર્થતા (સત્યતા) અંગે ખાતરી થાય, તો તેમણે, ભોગવટો કરનારને, ભોગવટાની માન્યતા અને વધારાની ખાલી જમીનની

ફાળવણીના હેતુ માટે, ભોગવટાની કિંમતના સંબંધમાં બાકીની ચુકવણી કરવા માટે તે દ્વારા હુકમ કરતી નોટિસ આપવી જોઇશે:

પરંતુ ઉપર ઉલ્લેખ્યા પ્રમાણેની તેવી ખાતરી કરવા માટે મામલતદારે, કેન્દ્ર સરકાર અથવા યથાપ્રસંગ, રાજય સરકાર દ્વારા કરવામાં આવેલી ઘરવાર મોજણી (સરવે)ની કોઇ માહિતી, રેશન કાર્ડ અને મતદાર યાદીનો જૂના રેકર્ડ અથવા પોતે યોગ્ય ગણે તેવા, તેમની કચેરીમાં અથવા બીજી કોઇ જાહેર કચેરીમાં ઉપલભ્ય હોય તેવા બીજા કોઇ દસ્તાવેજ અથવા દસ્તાવેજો વિચારણામાં લેવા જોઇશે.

(૩) ભોગવટો કરનારે, પેટા-કલમ (૨) હેઠળ નોટિસ મળ્યેથી એક મહિનાની મુદતની અંદર, નોટિસમાં જણાવ્યા પ્રમાણેની જરૂરી ચુકવણી કરવી જોઇશે, તેમ કરવામાં ચૂક કર્યેથી, તેની અરજી નામંજૂર થયેલી હોવાનું ગણાશે.

(૪) પેટા-કલમ (૩) હેઠળ જોગવાઇ કર્યા પ્રમાણેની જરૂરી ચુકવણી થયા પછી, મામલતદારે, રાજય સરકાર ઠરાવે તેવી રીતે અને તેવી શરતને અધીન રહીને, ભોગવટાની માન્યતા અને વધારાની ખાલી જમીનની ફાળવણી અંગે, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં હુકમ કરવો જોઇશે.

૮. **ફાળવેલી જમીનની તબદીલીને બાધ.**- કલમ ૭ની પેટા-કલમ (૪) હેઠળ જમીનની ફાળવણી માટે જેની તરફેણમાં હુકમ કરવામાં આવ્યો હોય તેવો કોઇપણ ભોગવટો કરનાર અથવા તેના વારસદાર આવા હુકમની તારીખથી પંદર વર્ષની મુદત પૂરી થયા પહેલાં, આવી જમીન તબદીલ કરી શકશે નહિ.

૯. **અરજી કરવામાં ચૂક થવાના પ્રસંગે પરિણામો.**- કોઇ રહેણાક મકાનનો ભોગવટો કરનાર, ઠરાવેલ સમય મર્યાદાની અંદર કલમ ૪ હેઠળ જોગવાઇ કર્યા પ્રમાણે અરજી કરવામાં ચૂક કરે તેવા કિસ્સામાં, મામલતદારે, ભોગવટો કરનારને, આવા રહેણાક મકાનમાંથી દૂર કરવો જોઇશે અને ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ની જોગવાઇઓ હેઠળ નિયત કર્યા પ્રમાણેની રીતે રહેણાક મકાનને વધારાની ખાલી જમીન ઉપરના દબાણ તરીકે ગણીને તેનો કબજો લેવો જોઇશે. સન ૧૮૭૯નો મુંબઇનો ૫મો.

૧૦. **અપીલ.**- (૧) કલમ ૭ હેઠળના મામલતદારના હુકમથી નારાજ થયેલી ભોગવટો કરનાર સહિતની દાવો કરનાર કોઇપણ વ્યકિત, આવો હુકમ મળ્યાની તારીખથી સાઠ દિવસની મુદતની અંદર અપીલ અધિકારી સમક્ષ અપીલ કરી શકશે :

પરંતુ અપીલ અધિકારીને એવી ખાતરી થાય કે આવી વ્યકિત, પૂરતા કારણસર ઠરાવેલી સમય મર્યાદાની અંદર અપીલ કરી શકી ન હતી, તો તે, તેવી ઠરાવેલ સમય મર્યાદા પછી, પરંતુ છ મહિના કરતાં વધારે નહિ તેટલી સમયમર્યાદાની અંદર પણ અપીલ સ્વીકારી શકશે :

INDEX

વધુમાં, ભોગવટો કરનાર અથવા કોઈ વ્યકિત દ્વારા અપીલ કરવામાં આવે તેવા કિસ્સામાં, ભોગવટો કરનાર દ્વારા અરજી કરવામાં આવે, ત્યારે કલમ ૪ હેઠળ રાજય સરકારે નક્કી કર્યા પ્રમાણેની ચૂકવણી કરવામાં આવી હોય તે સિવાય, તે (અપીલ), સ્વીકારવી જોઈશે નહિ.

(૨) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, જુદાજુદા વિસ્તારો માટે અથવા કોઈ વિસ્તારના ભાગ માટે અપીલ અધિકારીઓ તરીકે તેટલા ડેપ્યુટી કલેકટરોને નીમી શકશે.

(૩) અપીલ અધિકારી, તેવી વ્યકિતને સુનાવણીની તક આપ્યા પછી, જેની વિરૂધ્ધ અપીલ કરવામાં આવી હોય તેવો હુકમ બહાલ રાખી શકશે, તેને સુધારી શકશે અથવા તેને રદ કરી શકશે.

૧૧. ફેરતપાસ.- (૧) કલમ ૧૦ હેઠળ અપીલ અધિકારીએ કરેલા કોઈ હુકમથી નારાજ થયેલી ભોગવટો કરનાર સહિતની કોઈપણ વ્યકિત, તેવો હુકમ કર્યાના સાઠ દિવસની મુદતની અંદર ખાસ સચિવ, મહેસૂલ વિભાગ (અપીલ) સમક્ષ ફેરતપાસ અરજી કરી શકશે અને તેમનો નિર્ણય આખરી ગણાશે :

પરંતુ કોઈપણ વ્યકિત અથવા ભોગવટો કરનાર દ્વારા ફેરતપાસ અરજી કરવામાં આવે તેવા કિસ્સામાં, તે (ફેરતપાસ અરજી), ભોગવટો કરનાર દ્વારા અરજી કરવામાં આવે, ત્યારે કલમ ૪ હેઠળ રાજય સરકારે નક્કી કર્યા પ્રમાણેની ચૂકવણી કરવામાં આવી હોય તે સિવાય, તે (ફેરતપાસ અરજી), સ્વીકારવી જોઈશે નહિ.

(૨) ખાસ સચિવ, મહેસૂલ વિભાગ (અપીલ), પેટા-કલમ (૧) હેઠળ કરેલી અરજીઓની તજવીજ કરવા માટે સુરત, વડોદરા અને રાજકોટ ખાતે ખાસ બેન્ચોની રચના કરી શકશે.

૧૨. દીવાની (સિવિલ) કોર્ટની હકૂમતને બાધ.- કોઈપણ દીવાની કોર્ટને, આ વટહુકમથી અથવા તે હેઠળ મામલતદાર, અપીલ અધિકારી અથવા ફેરતપાસ સત્તાધિકારીને જે પ્રશ્નની તજવીજ કરવા અથવા તેનો નિર્ણય કરવા માટે સત્તા આપેલ હોય તેવા કોઈ પ્રશ્નની તજવીજ કરવાની અથવા તેનો નિર્ણય કરવાની કોઈ હકૂમત રહેશે નહિ અને કોઈપણ દીવાની (સિવિલ)કોર્ટે, આ વટહુકમથી અથવા તે હેઠળની કોઈ સત્તા અનુસાર લીધેલાં અથવા લેવા ધારેલા કોઈ પગલાંના સંબંધમાં કોઈ મનાઈ હુકમ આપવો જોઈશે નહિ.

૧૩. કલમો ૪, ૧૦ અને ૧૧ હેઠળની ચૂકવણી રિફંડપાત્ર હોવા બાબત.-અરજી અથવા અપીલ અથવા ફેરતપાસ અરજી સ્વીકારવામાં આવી ન હોય અથવા યથાપ્રસંગ, કાઢી નાંખવામાં આવી હોય તેવા કિસ્સામાં, ભોગવટો કરનારે અરજીની સાથે કલમ ૪ હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે કરેલી કોઈપણ ચૂકવણી અથવા અપીલ કરવા માટે કલમ ૧૦ હેઠળ અથવા ફેરતપાસ અરજી કરવા માટે કલમ ૧૧ હેઠળ કરેલી કોઈપણ ચૂકવણી રિફંડપાત્ર રહેશે.

૧૪. ક્ષતિપૂર્તિ.- આ વટહુકમથી અથવા તે હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવાનું અભિપ્રેત હોય તેવા કોઇ કાર્યના સંબંધમાં, રાજ્ય સરકાર અથવા રાજ્ય સરકારના કોઇ અધિકારી સામે કોઇ દાવો અથવા બીજી કાનૂની કાર્યવાહી થઇ શકશે નહિ.

૧૫. નિયમો કરવાની સત્તા.-(૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આ વટહુકમના તમામ અથવા તે પૈકીના કોઇ હેતુ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇશે અને જે સત્રમાં તે નિયમો એવી રીતે મૂકવામાં આવે તે સત્રમાં અથવા તેની તરત પછીના સત્રમાં રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા રાજ્ય વિધાનમંડળ તેમાં જે કોઈ ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

(૩) રાજ્ય વિધાનમંડળ એવી રીતે જે કંઈ રદ કરે અથવા કંઈ ફેરફાર કરે, તે રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવશે અને તેમ થયે, તે અમલમાં આવશે.

૧૬. મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.- આ વટહુકમની જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય, તો રાજ્ય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલીઓ દૂર કરવા માટે જરૂરી જણાય તેવી, આ વટહુકમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશેઃ

પરંતુ આ વટહુકમના આરંભની તારીખથી બે વર્ષની મુદત પૂરી થયા પછી, એવો કોઇ હુકમ કરી શકાશે નહિ.

નિવેદન

ભારત સરકારે સમન્વિત શહેરી વિસ્તારોમાં ખાલી જમીન પર ટોચમર્યાદા લાદવા માટે જોગવાઇ કરવા અને ટોચમર્યાદાથી વધારાની આવી જમીનને સંપાદિત કરવા માટે, શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ (૧૯૭૬નો ૩૩મો) અધિનિયમિત કર્યો હતો. શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) રદ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૯ની કલમ ૧ની પેટા-કલમ (૨)ને લક્ષમાં લેતાં, સદરહુ રદ થયેલો અધિનિયમ, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૫૨-ના ખંડ (૨) હેઠળ તે અર્થે જે તે રાજયનું વિધાનમંડળ જે તારીખે ઠરાવ પસાર કરીને, અધિનિયમ અપનાવે તે તારીખથી એવા બીજા કોઇ રાજયને લાગુ પડશે. ગુજરાત રાજયના વિધાનમંડળે તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૯ના રોજ ઠરાવ પસાર કરીને, સદરહુ રદ થયેલો અધિનિયમ, ૧૯૯૯ અપનાવ્યો છે અને આ રીતે તે (આ અધિનિયમ) તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૯થી ગુજરાત રાજયમાં અમલમાં આવ્યો છે. તદનુસાર, શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૯થી અમલમાં આવે તેમ, શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) રદ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૯થી રદ કરવામાં આવ્યો છે.

સન ૧૯૭૬નો સદરહુ અધિનિયમ રદ કરતાં પહેલાં, રદ થયેલા સદરહુ અધિનિયમની જોગવાઇઓ હેઠળ અમુક વધારાની ખાલી જમીનો રાજય સરકારમાં નિહિત થઇ હતી, જેનો કબજો રાજય સરકાર દ્વારા લેવામાં આવ્યો હતો. સદરહુ રદ થયેલા અધિનિયમમાં જોગવાઇ કર્યા પ્રમાણેની રીતે રાજય સરકારે, તેનામાં નિહિત થયેલી આવી ફાજલ વધારાની જમીન ફાળવવાનું આવશ્યક છે. તેમ છતાં, અમુક કિસ્સામાં, રાજય સરકાર દ્વારા જેનો કબજો લઇ લેવામાં આવ્યો હતો તેવી વધારાની ખાલી જમીન પર તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૯ પહેલાં અગાઉથી જ રહેઠાણના મકાનો ઊભા કરવામાં આવ્યા હતા. સંબધિત વ્યકિત દ્વારા ભોગવટો કરેલી વધારાની જમીનનું સરેરાશ [જમીન-ખાતા (માલિકીની જમીન)] માપ પચ્ચીસ ચો.મીટરથી સિત્તેર ચો.મીટરની શ્રેણીમાં છે, જે સૂચવે છે કે રહેઠાણના મકાનોના ભોગવટો ધરાવતી હોય અને તે તરીકે આવી વધારાની ખાલી જમીનોનો ભોગવટો ધરાવે છે તેવી મોટાભાગની સદરહુ વ્યકિતઓ, સમન્વિત શહેરી વિસ્તારોમાંની સમાજની નબળા વર્ગની વ્યકિતઓ છે.

રાજય સરકાર, ખાસ કરીને, સમાજના આર્થિક રીતે નબળા વર્ગોને આવાસન (મકાનો) પૂરા પાડવાના અભિપ્રેત હેતુ માટે, વધારાની ખાલી જમીનની ફાળવણી કરી રહી છે. તેમ છતાં, કેટલીક વધારાની ખાલી જમીન પર બાંધકામ કરવામાં આવ્યું હતું અને આથી, આવી જમીનોનો કબજો બાંધકામ સાથે લેવામાં આવ્યો હતો, સદરહુ જમીનોમાં મુખ્યત્વે રહેણાંક અને કેટલાક કિસ્સામાં ઔદ્યોગિક અને વાણિજિયક પ્રકારના બાંધકામો થયા હોવાથી, આવી જમીનોને અભિપ્રેત હેતુ માટે ફાળવી શકાઇ ન હતી.

સદરહુ ભોગવટો કરનારા, ખાસ કરીને, રહેઠાણનો (રહેણાંકનો) ભોગવટો કરનારા આ જમીનો પર અધુરો માલિકી-હક ધરાવે છે અને આથી, તેમની આવાસનની જરૂરિયાતો માટે ધિરાણ, સુધારણા અને વિસ્તરણના હેતુ માટે, ઔપચારિક નાણાકીય વ્યવસ્થાનો ઉપયોગ કરી શકતા નથી. આથી, આ પ્રકારના રહેઠાણ (રહેણાક) આવાસન સમય જતાં ધીમે ધીમે જર્જરિત થઇ રહયાં છે અને તે જાહેર આરોગ્ય માટે ગંભીર જોખમ ઊભું કરી રહ્યાં છે. તદુપરાંત, ભોગવટો કરનારા તેમનો કબજો (ભોગવટો) જવાના ભય હેઠળ પણ જીવી રહ્યાં છે, જે આર્થિક નબળા વર્ગમાં નિર્બળ હોવાની મનોવૃત્તિને વધુ ઉત્તેજન આપે છે.

બીજી તરફ, સરકારે સમાજના નિમ્ન અને મધ્યમ વર્ગ માટે પરવડે તેવા સસ્તા ભાવે આવાસન (મકાનો) પૂરા પાડવાની નીતિ અપનાવેલી છે, જેથી કરીને તેમના જીવનધોરણમાં સર્વસમાવેશી સુધારણા કરી શકાય તથા શહેરી વિસ્તારોમાં ઝૂંપડપટ્ટી (ગંદા વસવાટ) અને નબળા આવાસન એકમોનું પુનર્વસન થઇ શકે. સરકારી અને ખાનગી જમીનો પર રહેઠાણના (રહેણાક) હેતુઓ માટે અતિક્રમણને ઝૂંપડપટ્ટી તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું હોવાથી તેને ઝૂંપડપટ્ટી પુનર્વસન નીતિનો લાભ મળે છે, વધારાની ખાલી જમીનો પરના રહેઠાણના (રહેણાક) મકાનોના રહેવાસીઓને, શહેરી ગરીબ અને નિમ્ન મધ્યમ વર્ગ માટે આવાસન (મકાનો)ની સુધારણા માટેની નીતિમાંથી લાભ મળી શકયા નથી. આથી, આવા રહેઠાણના મકાનોના રહેવાસીઓને તેમના ભોગવટાને માન્ય (કાયદેસર) ઠરાવવાની તક પૂરી પાડવી જરૂરી છે અને તદનુસાર તમામ લોકોને આવાસન પૂરા પાડવા માટેની સર્વસમાવેશી નીતિના ભાગરૂપે તેમને આવાસનનો લાભ લેવા માટે સમર્થ બનાવી શકાય છે.

રાજય સરકાર એવો મત ધરાવે છે કે આવા ભોગવટો કરનારાને આવા ભોગવટામાંથી દૂર કરવાના પગલાં લેવામાં આવે તો તેમને (ભોગવટો કરનારાને) અત્યંત મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.રાજય સરકાર, સમાજના આર્થિક રીતે નબળા વર્ગોના લાભ માટે, સમન્વિત શહેરી વિસ્તારોમાં જમીનની વાજબી ફાળવણીને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે.

રાજય સરકારે, આથી, ભોગવટો કરનારાને અન્યથા સામનો કરવો પડી શકે તેમ હોય તેવી ગંભીર મુશ્કેલીઓને હળવી બનાવવાના હેતુથી, ભોગવટાને માન્ય (કાયદેસર) ઠરાવવાનો અને આ વટહુકમ અમલમાં આવ્યાની તારીખે આવી વધારાની ખાલી જમીનો પૈકીની અમુક જમીનનો કબજો ધરાવતા હોય તેવા ભોગવટો કરનારા દ્વારા જેના પર રહેઠાણના (રહેણાક) મકાનોનું બાંધકામ કરવામાં આવ્યું હોય તેવી અમુક વધારાની ખાલી જમીનો પૈકીની અમુક જમીન ફાળવવાનો નિર્ણય કર્યો છે. કોઇ વ્યકિત વધારાની ખાલી જમીન પરના બાંધકામ કરવામાં આવેલા રહેઠાણના (રહેણાક) મકાનોનું તારીખ ૧-લી જાન્યુઆરી, ૨૦૧૧થી અથવા તેની પહેલાંથી, આ વટહુકમ અમલી બન્યાની તારીખ સુધી કબજો (ભોગવટો) ધરાવતો હોય અથવા તારીખ ૧-લી જાન્યુઆરી, ૨૦૧૧થી શરૂ થતાં અને તારીખ ૩૧મી મે, ૨૦૧૬ના રોજ પૂરા થતાં સમયગાળા દરમિયાન લેવડદેવડ અથવા લેવડદેવડોના કારણે આ વટહુકમ અમલી બન્યાની તારીખે આવા બાંધકામ પર કબજો

(ભોગવટો) ધરાવતો હોય તો તે કિસ્સામાં, આ ભોગવટો માન્ય (કાયદેસર) ગણાશે અને આ બાબતને ધ્યાનમાં લેતો, તારીખ ૧-લી જૂન, ૨૦૧૬ના રોજ અથવા તે પછી, કોઈ વ્યકિત, આવા રહેઠાણના (રહેણાક) બાંધકામ પર કબજો લીધો હોવાનો દાવો કરે તો તે કિસ્સામાં, આવો કોઈપણ ભોગવટો માન્ય (કાયદેસર) ગણાશે નહિ.

ગુજરાત રાજયની વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત વટહુકમ, ૨૦૧૬ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ઓ.પી.કોહલી,

તારીખ : ૧૩મી ડિસેમ્બર, ૨૦૧૬. ગુજરાતના રાજયપાલ.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

હારિત શુકલા,
સરકારના સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 341

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, DECEMBER 15, 2016/AGRAHAYANA 24, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ડિસેમ્બર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**-ના તારીખ : **૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૬**ના સરકારી જાહેરનામા **ક્રમાંક** : જીપી/૪૯/એમકેએમ/૧૦૨૦૦૯/૧૬/છ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to the Lecturer (Senior Scale) [Reader (Ayurved)], Class I, in the Government Ayurvedic Colleges, in Gujarat Ayurved Service, Recruitment Rules, 2016.

ગુજરાત આયુર્વેદ સેવામાં, સરકારી આયુર્વેદિક કોલેજોમાં, વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) [રીડર (આયુર્વેદ)] વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ સુધારવા સંબંધી જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંકઃ જીપી - ૪૯ - એમકેએમ - ૧૦૨૦૦૯ - ૧૬ - છ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત આયુર્વેદ સેવામાં, સરકારી આયુર્વેદિક કોલેજોમાં, વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) [રીડર (આયુર્વેદ)] વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો ગુજરાત આયુર્વેદ સેવામાં, સરકારી આયુર્વેદિક કોલેજોમાં, વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) [રીડર (આયુર્વેદ)] વર્ગ ૧, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. ગુજરાત આયુર્વેદ સેવામાં, સરકારી આયુર્વેદિક કોલેજોમાં, વ્યાખ્યાતા (સિનિયર પગારધોરણ) [રીડર (આયુર્વેદ)] વર્ગ ૧, ભરતી નિયમો, ૨૦૧૬માં, એનેક્ષર ૧માં, કોલમ (૪)માં,-

(૧) અનુક્રમાંકઃ ૨-માં, ''સંહિતામાં'' એ શબ્દને બદલે, ''રચના શરીરમાં'' એ શબ્દો મૂકવા;

(૨) અનુક્રમાંકઃ ૫, ૬, ૭, ૮ અને ૧૪માં, ''સંહિતામાં'' એ શબ્દ કમી કરવો;

(૩) અનુક્રમાંકઃ ૯, ૧૦, ૧૧, ૧૨ અને ૧૩માં, ''અથવા સંહિતામાં'' એ શબ્દો કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એલ. ખાંટ,
સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 342

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] THURSDAY, DECEMBER 15, 2016/AGRAHAYANA 24, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ડિસેમ્બર, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના કાયદા વિભાગ-ના તારીખ : **૩૦મી ઓગસ્ટ, ૨૦૧૬**ના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીકે/૫૩/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૦/૪૩૪૮/ડી-નો** ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification
Under
The Gujarat Civil Courts Act, 2005.
ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ,૨૦૦૫ હેઠળ

જાહેરનામું.

કાયદા વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૩૦/૦૮/૨૦૧૬

ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫.

ક્રમાંક:જીકે/૫૩/૨૦૧૬/સીસીએ/૧૦૨૦૧૦/૪૩૪૮/ડી:- ગુજરાત દીવાની કોર્ટ અધિનિયમ, ૨૦૦૫ (સન ૨૦૦૫ના ગુજરાતના ૨૧મા)ની કલમો ૫, ૭, ૯, ૧૧ અને ૧૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, આથી,-

(૧) સિનિયર દીવાની જજની કોર્ટ, લુણાવાડાની સામાન્ય હકૂમતની સ્થાનિક હદોમાંથી, 'શહેરા' તાલુકાના ગામોના વિસ્તારો બાકાત કરે છે અને તે હેતુ માટે કાયદા વિભાગનું તારીખ ૩૧ જાન્યુઆરી, ૨૦૧૩નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીકે/૭/૨૦૧૩/સીસીએ/૧૦૨૦૧૦/૪૩૪૮/ડી, નીચે પ્રમાણે સુધારે છે :-

સદરહુ જાહેરનામામાં, પરિચ્છેદો ૪ અને ૫માં, "શહેરા" એ શબ્દ કમી કરવો; અને

(૨) આદેશ કરે છે કે સિનિયર દીવાની જજની કોર્ટ, લુણાવાડાની સામાન્ય હકૂમતની સ્થાનિક હદોમાંથી એવી રીતે બાકાત કરેલા શહેરા તાલુકાના ગામોના વિસ્તારોને, મુખ્ય સિનિયર દીવાની જજની કોર્ટ, ગોધરા, જિલ્લો-પંચમહાલની સામાન્ય હકૂમતની સ્થાનિક હદોમાં સમાવિષ્ટ કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ.એચ.વર્મા,
ગુજરાત સરકારના ઉપ સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 343

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] MONDAY, DECEMBER 19, 2016/AGRAHAYANA 28, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ડિસેમ્બર, ૨૦૧૬.

તારીખ : **૧૯મી ડિસેમ્બર, ૨૦૧૬ના** ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **સન ૨૦૧૬ના** ગુજરાત **વટહુકમ ક્રમાંક : ૭** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

ગૃહ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૧૯મી ડિસેમ્બર, ૨૦૧૬.

GUJARAT ORDINANCE NO. 7 OF 2016.

AN ORDINANCE

further to amend the Gujarat Prohibition Act, 1949.

સન ૨૦૧૬નો ગુજરાત વટહુકમ ક્રમાંક : ૭ .

ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વટહુકમ.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી;

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઇ છે કે ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ સુધારવા માટે તાત્કાલિક પગલું લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે; સન ૧૯૪૯નો મુંબઈનો ૨૫મો.

તેથી, હવે, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૩ના ખંડ (૧)થી તેમને મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને પ્રસિદ્ધ કરે છે:-

૧. ***ટૂંકી સંજ્ઞા અને આરંભ.***-(૧) આ વટહુકમ ગુજરાત નશાબંધી (સુધારા) વટહુકમ, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

૨. **સન ૧૯૪૯નો મુંબઈનો ૨૫મો અધિનિયમ હંગામી રીતે સુધારવા બાબત.**- આ વટહુકમના અમલની મુદત દરમિયાન,ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯(જેનો આમાં હવે પછી, ‘‘મુખ્ય અધિનિયમ’’ તરીકે ઉલ્લેખ કર્યો છે તે), કલમો ૩ થી ૨૮માં નિર્દિષ્ટ કરેલા સુધારાને અધીન રહીને અમલમાં રહેશે. સન ૧૯૪૯નો મુંબઈનો ૨૫મો.

૩. *સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા અધિનિયમની કલમ ૨નો સુધારો.*-મુખ્ય અધિનિયમમાં, કલમ ૨માં, ખંડો (૨૯), (૩૩) અને (૫૨)માં, ‘‘ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮’’ એ શબ્દો અને આંકડાને બદલે, ‘‘ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩’’ એ શબ્દો અને આંકડા મૂકવા.

સન ૧૮૯૮નો ૫મો.
સન ૧૯૭૪નો ૨જો.

૪. *સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા અધિનિયમની કલમ ૬૫નો સુધારો.*-મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૫માં,-

(૧) ખંડ (ચ)માં, ‘‘વેચે અથવા ખરીદે’’ એ શબ્દોને બદલે, ‘‘પોતાના કબજામાં રાખે, તેની હેરફેર કરે, વેચે અથવા ખરીદે’’ એ શબ્દો મૂકવા;

(૨) ‘‘તે દોષિત ઠર્યે’’ એ શબ્દોથી શરૂ થતા અને ‘‘દંડની શિક્ષા પણ થશે’’ એ શબ્દોથી પૂરા થતા ભાગ અને તેની નીચેના પરંતુકને બદલે, નીચેનો ભાગ અને તેની નીચેનો પરંતુક મૂકવો:-

‘‘તે દોષિત ઠર્યે, આવા દરેક ગુના માટે, દસ વર્ષની મુદત સુધીની કેદની અને પાંચ લાખ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે:

પરંતુ કોર્ટના ફેંસલામાં જણાવવા જોઈએ તેવાં વિરુદ્ધના ખાસ અને પૂરતા કારણો ન હોય, તો-

(૧) પહેલા ગુના માટે, આવી કેદ બે વર્ષ કરતાં ઓછી ન હોવી જોઈએ અને દંડ એક લાખ રૂપિયા કરતાં ઓછો ન હોવો જોઈએ;

(૨) બીજા ગુના માટે, આવી કેદ ત્રણ વર્ષ કરતાં ઓછી ન હોવી જોઈએ અને દંડ બે લાખ રૂપિયા કરતાં ઓછો ન હોવો જોઈએ;

(૩) ત્રીજા અને ત્યાર પછીના ગુના માટે, આવી કેદ સાત વર્ષ કરતાં ઓછી ન હોવી જોઈએ અને આવો દંડ પાંચ લાખ રૂપિયા કરતાં ઓછો ન હોવો જોઈએ.’’.

INDEX

૫. ***સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા અધિનિયમમાં નવી કલમ ૬૫કક દાખલ કરવા બાબત.***- મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૫ પછી, નીચેની કલમ દાખલ કરવી:-

"૬૫કક. કલમો ૬૫ અથવા ૬૬માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, જે કોઈ વ્યક્તિ, રાજ્ય સરકારે રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના જથ્થાથી ઓછા જથ્થામાં કોઈ કેફી પદાર્થ વેચે, ખરીદે, પોતાના કબજામાં રાખે અથવા તેની હેરફેર કરે, તેને દોષિત ઠર્યે, આવા દરેક ગુના માટે, ત્રણ વર્ષની મુદત સુધીની કેદની અને દંડની શિક્ષા પણ થશે.". ઓછા જથ્થામાં કેફી પદાર્થ પોતાના કબજામાં રાખવા વગેરે માટેની શિક્ષા બાબત.

૬. ***સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૬૬નો સુધારો.***- મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૬માં, પેટા-કલમ (૧)માં,-

(૧) ખંડ (ખ)માં, "લે, તેનો ઉપયોગ કરે, તે કબજામાં રાખે અથવા તેની હેરફેર કરે"એ શબ્દોને બદલે, "લે અથવા તેનો ઉપયોગ કરે"એ શબ્દો મૂકવા;

(૨) પરિચ્છેદો (૨) અને (૩)ને બદલે, નીચેનો પરિચ્છેદ મૂકવો :-

"બીજા અથવા ત્યાર પછીના ગુના માટે, બે વર્ષ સુધીની, પરંતુ છ મહિનાથી ઓછી નહિ તેટલી મુદત સુધીની કેદની અને બે હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.".

૭. ***સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૬૭નો સુધારો.***- મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૭માં,-

(૧) પેટા-કલમ (૧)માં, "એક વર્ષ" અને "એક હજાર રૂપિયા" એ શબ્દોને બદલે, "ત્રણ વર્ષ" અને "એક લાખ રૂપિયા " એ શબ્દો અનુક્રમે મૂકવા;

(૨) પેટા-કલમ (૧)ના પરંતુકમાં, "ત્રણ મહિનાથી" અને "પાંચસો રૂપિયા" એ શબ્દોને બદલે, "એક વર્ષથી" અને "પચાસ હજાર રૂપિયા" એ શબ્દો અનુક્રમે મૂકવા.

૮. ***સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૬૭-૧કનો સુધારો.***-મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૭-૧ક માં,-

(૧) પેટા-કલમ (૧)માં, "એક વર્ષ" અને "એક હજાર રૂપિયા" એ શબ્દોને બદલે, "ત્રણ વર્ષ" અને "એક લાખ રૂપિયા " એ શબ્દો અનુક્રમે મૂકવા;

INDEX

(૨) પેટા-કલમ (૧)ના પરંતુકમાં, ‘‘ત્રણ મહિનાથી’’ અને ‘‘પાંચસો રૂપિયા’’ એ શબ્દોને બદલે, ‘‘એક વર્ષથી’’ અને ‘‘પચાસ હજાર રૂપિયા’’ એ શબ્દો અનુક્રમે મૂકવા.

૯. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૬૮નો સુધારો.-મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૮માં, ‘‘તેને, દોષિત ઠર્યેથી,’’ એ શબ્દોથી શરૂ થતાં અને ખંડ (૩)માં આપ્યા મુજબના ‘‘એક હજાર રૂપિયાથી ઓછો ન હોવો જોઈએ.’’ એ શબ્દોથી પૂરા થતાં ભાગને બદલે, નીચેનો ભાગ મૂકવો :-

‘‘તેને, દોષિત ઠર્યેથી, આવા દરેક ગુના માટે, દસ વર્ષ સુધીની, પરંતુ સાત વર્ષથી ઓછી નહિ તેટલી મુદત સુધીની અને એક લાખ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે.’’.

૧૦. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૮૫-નો સુધારો.-મુખ્ય અધિનિયમમાં, કલમ ૮૫માં, પેટા-કલમ (૧)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી :-

‘‘(૧) જે કોઈ વ્યક્તિ, જેમાં લોકોને આવ-જા કરવાની છૂટ હોય અથવા આવ-જા કરવા દેવામાં આવતી હોય તેવા કોઈ રસ્તા, રાહદારીના માર્ગ, સાર્વજનિક સ્થળમાં છાકટો બનેલો હોય અને ઉપદ્રવ ઊભો કરતો હોય, કોઈ વ્યક્તિ સાથે ઝઘડો કરતો હોય, અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉપયોગ કરતો હોય, બીજા સાથે મારામારી કરતો હોય, કોઈપણ સ્ત્રી સાથે ગેરવર્તણૂક કરતો હોય અથવા અશ્લીલ ચેનચાળા કરતો હોય, તેને, દોષિત ઠર્યેથી, ત્રણ વર્ષ સુધીની, પરંતુ એક વર્ષથી ઓછી નહિ તેટલી મુદત સુધીની કેદની અને દંડની શિક્ષા થશે.’’.

૧૧. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૯૧નો સુધારો.-મુખ્ય અધિનિયમમાં, કલમ ૯૧માં, પેટા-કલમ (૨)માં, ‘‘ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮’’ એ શબ્દો અને આંકડાને બદલે, ‘‘ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩’’ એ શબ્દો અને આંકડા મૂકવા.

સન ૧૮૯૮નો ૫-મો. સન ૧૯૭૪નો ૨-જો.

૧૨. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૯૨ કમી કરવા બાબત.-મુખ્ય અધિનિયમમાં, કલમ ૯૨ કમી કરવી.

૧૩. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૯૩નો સુધારો.-મુખ્ય અધિનિયમમાં, કલમ ૯૩માં, પેટા-કલમ (૨)માં, ‘‘ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮’’

સન ૧૮૯૮નો ૫-મો. સન ૧૯૭૪નો ૨-જો.

એ શબ્દો અને આંકડાને બદલે, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩'' એ શબ્દો અને આંકડા મૂકવા.

૧૪. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૯૭નો સુધારો.-મુખ્ય અધિનિયમમાં, કલમ ૯૭માં,-

(૧) ''એક વર્ષ'' અને ''એક હજાર રૂપિયા'' એ શબ્દોને બદલે, ''ત્રણ વર્ષ'' અને ''પચાસ હજાર રૂપિયા''એ શબ્દો અનુક્રમે મૂકવા;

(૨) નીચેનો પરંતુક ઉમેરવો :-

''પરંતુ કોઈ અધિકારી, કલમ ૬૫-ક હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરવામાં સહાય કરે, તો, તેને, દોષિત ઠર્યેથી, સાત વર્ષ સુધીની કેદની અને એક લાખ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે. ''.

૧૫. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૦૨- નો સુધારો.-મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦૨માં, પેટા-કલમ (૧)માં, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮'' એ શબ્દો અને આંકડાને બદલે, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩'' એ શબ્દો અને આંકડા મૂકવા. સન ૧૮૯૮નો ૫-મો. સન ૧૯૭૪નો ૨-જો.

૧૬. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૦૪નો સુધારો.- મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦૪માં, પેટા-કલમ (૧)ના પ્રથમ પરંતુકમાં, ''પાંચસો રૂપિયાથી વધારે હોવી જોઈએ નહિ'' એ શબ્દોને બદલે, ''રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેટલી હોવી જોઈએ'' એ શબ્દો મૂકવા.

૧૭. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૦૪ક-નો સુધારો.- મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦૪ક-માં, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮ની કલમ ૫૬૨'' એ શબ્દો અને આંકડાને બદલે, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૩૬૦''એ શબ્દો અને આંકડા મૂકવા. સન ૧૮૯૮નો ૫-મો. સન ૧૯૭૪નો ૨-જો.

૧૮. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૧૫ કમી કરવા બાબત.- મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૫ કમી કરવી.

INDEX

૧૯. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૧૫ક નો સુધારો.- મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૫કમાં, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮''એ શબ્દો અને આંકડાને બદલે ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩''એ શબ્દો અને આંકડા મૂકવા.

સન ૧૮૯૮નો ૫મો.
સન ૧૯૭૪નો ૨જો.

૨૦. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમો ૧૧૬ અને ૧૧૬ક કમી કરવા બાબત.- મુખ્ય અધિનિયમમાં, કલમો ૧૧૬ અને ૧૧૬ક કમી કરવી.

૨૧. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૧૭ નો સુધારો.- મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૭માં, ''આ અધિનિયમમાં બીજી રીતે'' એ શબ્દોથી શરૂ થતાં અને ''જોગવાઈઓ અનુસાર કરવી.''એ શબ્દોથી પૂરા થતાં ભાગને બદલે નીચેનો ભાગ મૂકવો.

સન ૧૮૯૮નો ૫મો.

''તમામ તપાસ, ધરપકડ, અટક અને ઝડતી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની જોગવાઈઓ અનુસાર કરવી.''

સન ૧૯૭૪નો ૨જો.

૨૨. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૧૮ કમી કરવા બાબત.- મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૮ કમી કરવી.

૨૩. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૨૦નો સુધારો.- મુખ્ય અધિનિયમમાં, વિદ્યમાન કલમ ૧૨૦ને, તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવો અને એવી રીતે ફરીથી નંબર આપેલ પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી જોઈશે :-

''(૨) આ અધિનિયમ હેઠળ કોઈ અધિકારી અથવા વ્યકિત ઉપર તેની ફરજો અદા કરતી વખતે અથવા તેની સત્તા વાપરતી વખતે, જે કોઈ વ્યકિત હુમલો કરે અથવા અવરોધ કરે તેને, દોષિત ઠર્યે પાંચ વર્ષની મુદત સુધીની કેદની અને પાંચ લાખ રૂપિયા કરતાં ઓછા નહિ તેટલા દંડની શિક્ષા થશે.''.

૨૪. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૨૮નો સુધારો.-મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨૮માં, પેટા-કલમ (૨)માં, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮''એ શબ્દો અને આંકડાને બદલે ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩''એ શબ્દો અને આંકડા મૂકવા.

સન ૧૮૯૮નો ૫મો.
સન ૧૯૭૪નો ૨જો.

૨૫. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૨૯નો સુધારો.-મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨૯માં, પેટા-કલમ (૨)માં, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮''એ શબ્દો અને આંકડાને બદલે, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩''એ શબ્દો અને આંકડા મૂકવા.

સન ૧૮૯૮નો ૫મો.
સન ૧૯૭૪નો ૨જો.

૨૬. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૩૧નો સુધારો.-મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૧માં, પેટા-કલમ (૧) અને પેટા-કલમ (૨)માં બે સ્થળોએ આવતા, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮''એ શબ્દો અને આંકડાને બદલે, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩''એ શબ્દો અને આંકડા મૂકવા.

સન ૧૮૯૮નો ૫મો.
સન ૧૯૭૪નો ૨જો.

૨૭. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૪૧નો સુધારો.-મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૪૧માં, પેટા-કલમ (૧)માં ''કલમો ૬૫,'' એ શબ્દ અને આંકડાને બદલે, ''કલમો ૬૫, ૬૫ક,'' એ શબ્દ, આંકડા અને અક્ષર મૂકવા.

૨૮. સન ૧૯૪૯ના મુંબઈના ૨૫-મા અધિનિયમની કલમ ૧૪૬કનો સુધારો.-મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૪૬કમાં, પેટા-કલમ (૨)માં, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮''એ શબ્દો અને આંકડાને બદલે, ''ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩''એ શબ્દો અને આંકડા મૂકવા.

સન ૧૮૯૮નો ૫મો.
સન ૧૯૭૪નો ૨જો.

નિવેદન

ગુજરાત રાજય સન ૧૯૬૦માં, તેની રચના થયેથી નશાબંધીવાળું રાજય રહ્યું છે અને ત્યાર પછીની તમામ સરકારોએ નશાબંધી નીતિનું પાલન કર્યું છે અને તે જ રીતે તેનો ચુસ્તપણે અમલ કર્યો છે. રાજય સરકાર પણ સદરહુ નીતિના સંબંધમાં સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે અને કોઈપણ રીતે તેની પ્રત્યે હળવું વલણ અપનાવવાનો તેનો ઈરાદો નથી. આ રાજય સરકાર, મહાત્મા ગાંધીના આદર્શો અને સિદ્ધાંતો માટે પણ પ્રતિબદ્ધ છે અને મદ્યપાનનું દૂષણ દ્રઢપણે નાબૂદ કરવા માંગે છે. આ રાજય સરકાર,ખાસ કરીને વંચિત વર્ગોમાં મદ્યપાનની ટેવથી થતી પ્રતિકૂળ અસરોથી સુવાકેફ છે.

રાજય સરકારના ધ્યાને એ બાબત આવી છે કે વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહાર સંબંધિત સુવિધાની વૃદ્ધિ સાથે, રાજયની અંદર એક જગ્યાએથી બીજી જગ્યાએ અને બીજા રાજયોમાંથી આ રાજયમાં દારૂની હેરફેર કરવાનું બૂટલેગર (ચોરીછૂપીથી દારૂ લાવનાર) અને ગુનેગારો માટે વધુ સરળ બન્યું છે. નશાબંધી અંગેની નીતિને વધુ કડકપણે અને વધુ અસરકારકપણે અમલ કરવાના હેતુથી, એ બાબત અનિવાર્ય છે કે દારૂની હેરફેરનું મહદ્‌અંશે નિયંત્રણ કરવામાં આવે. દારૂ સાથે સંકળાયેલી અન્ય પ્રવૃત્તિઓ જેવી કે તેનું ઉત્પાદન, બોટલિંગ, વેચાણ, તેની ખરીદી પણ શક્ય હોય ત્યાં સુધી નિયંત્રિત થાય તે પણ અનિવાર્ય છે.

ગુજરાત રાજયમાં લાગુ પડતો હાલનો નશાબંધી અધિનિયમ, સન ૧૯૪૯ના વર્ષમાં અધિનિયમિત કરવામાં આવ્યો હતો. આ અધિનિયમ હેઠળ, જુદા જુદા ગુના માટે જોગવાઇ કરેલી શિક્ષા, ગુનેગારોના મનમાં ભય ઉત્પન્ન કરવા માટે પૂરતી આકરી (પ્રતિબંધક) નથી અને તેના પરિણામે ગુનેગારો કોઈપણ ભય વિના આ અધિનિયમ હેઠળના ગુના આચરવાનું ચાલુ રાખે છે અને અધિનિયમ હેઠળના ગુનાનું પ્રમાણ એટલા પ્રમાણમાં વધી રહયું છે કે રાજય સરકાર તે બાબતે આંખ-મિચામણાં કરી શકે નહિ. આ દૂષણને ડામવા માટે, રાજય વહીવટીતંત્ર અને પોલીસ બળ તમામ જરૂરી પગલાં લઇ રહયા છે પરંતુ એ બાબત પણ સંપૂર્ણપણે જરૂરી જણાય છે કે અધિનિયમની જોગવાઇઓનું જે કોઇ ઉલ્લંઘન કરે તેને હાલની શિક્ષા કરતાં વધુ આકરી સજા ફટકારવામાં આવે.

તેથી, સદરહુ અધિનિયમ હેઠળ જોગવાઈ કરેલી શિક્ષાનું પ્રમાણ વધારવાનું જરૂરી જણાયું છે અને તે તરીકે ઉદ્દેશ સિદ્ધ કરવા માટે,આવી સંબંધિત કલમોને તદનુસાર સુધારવામાં આવી છે. અધિનિયમમાં, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૮૯૮ના અમુક સંદર્ભ, તેવા જ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ના સંદર્ભ પ્રમાણે સુધારવા અને અમુક કલમોની બિનઉપયોગિતાને ધ્યાને રાખીને, તેમને કમી કરવાની તક પણ લેવામાં આવી છે.

INDEX

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુક્ત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, ગુજરાત નશાબંધી (સુધારા) વટહુકમ, ૨૦૧૬ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ઓ. પી. કોહલી,
ગુજરાતના રાજ્યપાલ.

તારીખ : ૧૯મી ડિસેમ્બર, ૨૦૧૬.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એસ. ડાગુર,
સરકારના અધિક મુખ્ય સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Extra No. 344

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] TUESDAY, DECEMBER 20, 2016/AGRAHAYANA 29, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ડિસેમ્બર, ૨૦૧૬.

તારીખ : ૨૦મી ડિસેમ્બર, ૨૦૧૬ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૬ના ગુજરાત વટહુકમ ક્રમાંક : ૮ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ૨૦મી ડિસેમ્બર, ૨૦૧૬.

GUJARAT ORDINANCE NO. 8 OF 2016.

AN ORDINANCE

further to amend the laws relating to salaries and allowances of Members, Speaker and Deputy Speaker of the Gujarat Legislative Assembly and of Ministers and Leader of the Opposition.

સન ૨૦૧૬નો ગુજરાત વટહુકમ ક્રમાંક : ૮ .

ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા વધુ સુધારવા બાબત વટહુકમ.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી;

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઇ છે કે ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા વધુ સુધારવા માટે તાત્કાલિક પગલું લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૩ના ખંડ (૧)થી તેમને મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને પ્રસિદ્ધ કરે છે:-

૧. ***ટૂંકી સંજ્ઞા અને આરંભ.***- (૧) આ વટહુકમ ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) વટહુકમ, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૧૯૬૦નો ગુજરાતનો ૨જો. સન ૧૯૬૦નો ગુજરાતનો ૩જો. સન ૧૯૬૦નો ગુજરાતનો ૬ઠ્ઠો. સન ૧૯૭૯નો ગુજરાતનો ૧૬મો.

૨. **સન ૧૯૬૦નો ગુજરાતનો ૨જો અધિનિયમ, સન ૧૯૬૦નો ગુજરાતનો ૩જો અધિનિયમ, સન ૧૯૬૦નો ગુજરાતનો ૬ઠ્ઠો અધિનિયમ અને સન ૧૯૭૯નો ગુજરાતનો ૧૬મો અધિનિયમ હંગામી રીતે સુધારવા બાબત.-** આ વટહુકમના અમલની મુદત દરમિયાન, ગુજરાત વિધાનસભાના સભ્યો (સદસ્યો)ના પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ, ૧૯૬૦, ગુજરાત વિધાનસભા (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના) પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ, ૧૯૬૦, ગુજરાતના મંત્રીઓના પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ, ૧૯૬૦ અને ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯, કલમો ૩ થી ૭ માં નિર્દિષ્ટ કરેલા સુધારાને અધીન રહીને અમલમાં રહેશે.

સન ૧૯૬૦નો ગુજરાતનો ૨જો.

૩. **સન ૧૯૬૦ના ગુજરાતના ૨જા અધિનિયમની કલમ ૮નો સુધારો.-** ગુજરાત વિધાનસભાના સભ્યો (સદસ્યો)ના પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ, ૧૯૬૦માં, કલમ ૮માં,-

(૧) પેટા-કલમ (૫) કમી કરવી ;

(૨) *સ્પષ્ટીકરણ* (૨) કમી કરવું.

સન ૧૯૬૦નો ગુજરાતનો ૩જો.

૪. **સન ૧૯૬૦ના ગુજરાતના ૩જા અધિનિયમની કલમો ૭ અને ૧૨ચ કમી કરવા બાબત.-** ગુજરાત વિધાનસભાના (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના) પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ, ૧૯૬૦માં, કલમ ૭ અને કલમ ૧૨ચ કમી કરવી.

સન ૧૯૬૦નો ગુજરાતનો ૬ઠ્ઠો.

૫. **સન ૧૯૬૦ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૧૦ કમી કરવા બાબત.-** ગુજરાતના મંત્રીઓના પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ, ૧૯૬૦માં, કલમ ૧૦ કમી કરવી.

સન ૧૯૭૯નો ગુજરાતનો ૧૬મો.

૬. **સન ૧૯૭૯ના ગુજરાતના ૧૬મા અધિનિયમની કલમ ૭ કમી કરવા બાબત.-** ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯માં, કલમ ૭ કમી કરવી.

સન ૧૯૭૯નો ગુજરાતનો ૧૬મો.

૭. **સન ૧૯૭૯ના ગુજરાતના ૧૬મા અધિનિયમની કલમ ૧૨નો સુધારો.-** ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯માં, કલમ ૧૨માં, પેટા-કલમ (૨)માં, ખંડ (ગ) કમી કરવો.

નિવેદન

ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ, મંત્રીઓ અને વિરોધપક્ષના નેતા અને તેમના કુટુંબના સભ્યો, અનુક્રમે, ગુજરાત વિધાનસભાના સભ્યો (સદસ્યો)ના પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ, ૧૯૬૦, ગુજરાત વિધાનસભાના (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના) પગાર તથા ભથ્થાં બાબતનો અધિનિયમ, ૧૯૬૦, ગુજરાત મંત્રીઓના પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૬૦ અને ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર અને ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯માં જોગવાઈ કર્યા પ્રમાણેની તબીબી સુવિધાઓ મેળવવા હકદાર છે.

ઉપર્યુક્ત અધિનિયમોની સંબંધિત વિદ્યમાન જોગવાઈઓ પરથી જણાય છે કે ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ, મંત્રીઓ અને વિરોધપક્ષના નેતા અને તેમના કુટુંબના સભ્યોને, સરકાર દ્વારા નિભાવવામાં આવતી હોસ્પિટલોમાં તબીબી સુવિધા ઉપલબ્ધ થાય છે. વિધાનસભાના ભૂતપૂર્વ સભ્યોને તબીબી સુવિધા પૂરી પાડવા માટેનો કોઈ કાયદો અમલમાં નથી અને સદરહુ સભ્યોને રાજ્ય સરકારના કારોબારી હુકમથી તબીબી સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. રાજ્ય સરકાર, સદરહુ ઉચ્ચ પદાધિકારીઓ (વ્યકિત વિશેષ)ને અને વિધાનસભાના ભૂતપૂર્વ સભ્યોને પૂરી પાડવામાં (ઉપલબ્ધ કરવામાં) આવતી તબીબી સુવિધાઓ અંગેની સમગ્ર નીતિની સમીક્ષા કરવા વિચારી રહી છે. રાજ્ય સરકારનો એવો અભિપ્રાય છે કે તમામ (સભ્યો) માટે એકસરખી નીતિ અમલી બનાવવા માટે, સદરહુ ઉચ્ચ પદાધિકારીઓ (વ્યકિત વિશેષ)ને અને વિધાનસભાના ભૂતપૂર્વ સભ્યોને કારોબારી હુકમથી તબીબી સુવિધાઓ પૂરી પાડવી જોઈએ. આ બાબતને લક્ષમાં લેતાં, રાજ્ય સરકાર આ સંબંધમાં અલગ નીતિ ઘડી શકે તે માટે, સદરહુ ઉચ્ચ પદાધિકારીઓ (વ્યકિત વિશેષ)ને આપવામાં (ઉપલબ્ધ કરવામાં) આવતી તબીબી સુવિધાઓને લગતી સંબંધિત જોગવાઈઓ કમી કરવામાં અથવા સુધારવામાં આવી છે.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે, ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના તથા વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા સુધારવા આ વટહુકમ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ઓ. પી. કોહલી,
તારીખ: ૧૯મી ડિસેમ્બર, ૨૦૧૬. ગુજરાતના રાજ્યપાલ.

ગુજરાત રાજયપાલના હુકમથી અને તેમના નામે,

સી.જે.ગોઠી,
સરકારના સચિવ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 345

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] WEDNESDAY, DECEMBER 21, 2016/AGRAHAYANA 30, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ડિસેમ્બર, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તારીખ : ૧૬મી ડિસેમ્બર, ૨૦૧૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ/૨૦૧૫/(૫૪)/બીઆરટી/૧૦૨૦૦૭/૨૬૨૯/ડી-૧.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

The Industries Officer, Class-II in the Gujarat Industrial Service, Recruitment Rules, 2015.

ગુજરાત ઔદ્યોગિક સેવામાં, ઉદ્યોગ અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૫ સંબંધી

જાહેરનામું

ઉદ્યોગ અને ખાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૬મી ડિસેમ્બર, ૨૦૧૫.

ક્રમાંક: જીયુ/૨૦૧૫/(૫૪)/બીઆરટી/૧૦૨૦૦૭/૨૬૨૯/ડી-૧:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત ઔદ્યોગિક સેવામાં, ઉદ્યોગ અધિકારી, વર્ગ ૨ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ગુજરાત ઔદ્યોગિક સેવામાં, ઉદ્યોગ અધિકારી, વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. ગુજરાત ઔદ્યોગિક સેવામાં, ઉદ્યોગ અધિકારી, વર્ગ-૨ની જગા ઉપરની નિમણૂક, જેણે:-

(ક) (૧) ઉદ્યોગ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, અધીક્ષક, વર્ગ- ૩ના સંવર્ગમાં ઓછામાં ઓછા સાત વર્ષ સુધી કામ કરેલું હોય;

(૨) ઠરાવેલ ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારીની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઇશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઇશે.

૩. બઢતીથી અને સીધી પસંદગીથી કરવાની નિમણૂકો ૧:૧ના પ્રમાણમાં કરવી જોઇશે.

૪. નિયમ-૨માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૭ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા-નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઇપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વયમર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી, લાગુ પડશે નહિ;

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી બિઝનેસ એડમિનિસ્ટ્રેશન અથવા મેનેજમેન્ટ અથવા ઑન્ટ્રપ્રનરશિપમાં અનુસ્નાતક પદવી અથવા પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા અથવા ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ ટેકનિકલ એજ્યુકેશને માન્ય કરેલી અન્ય કોઈ સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે.

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટર ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

